કુસુમ-કળા.

[સામાજિક નવલકથા.]

કર્તા અને પ્રકાશક,

જેકીસનદાસ ભાઈલાલ પરીખ.

અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

ઈ. સ. ૧૯૧૫. સંવત ૧૯૬૧.

કિંમત રૂ ૧-૮-૦

ઘીચીરોડના પૂલ નીચે શ્રી જૈન વિદ્યાવિજય પ્રેસમાં
શા. ચુનીલાલ અમથાશાએ છાપી.
અમદાવાદ.

મંગળ પુષ્પાંજલિ.

—:o:—

પ્રભુ ચરણે.

શાર્દુલ વિક્રીડિત.

આ સૌ જગત કૃપાળ જેહ પ્રભુની, સત્તા વડે ચાલતું;
ને જેનું સ્મિત હાસ્ય ભક્તજનની, ઇચ્છા બધી પૂરતું;
જે પ્રત્યક્ષ પરોક્ષ સર્વ સ્થળમાં, ચૈતન્ય રૂપે રહ્યો;
તેવા દેવતણાજ પાદ યુગલે, આ પુષ્પનીધિ ધર્યો.

સ્વર્ગસ્થ માતા, પિતા, અને ભગિનીને.

વસંતતિલકા.

માતાપિતા વિણ કશું નવ હોય પ્યારૂં,
સ્ત્રી પુત્ર ભાઇ સરવે સુખ અન્ય ખારૂં;
માતાપિતા પરમ દૈવત એક મારૂં,
એથી વધુ અવનિમાં નથી કાંઇ સારૂં. ૧

આનંદ કંદ મુજનાં સ્વરગે સિધાવે,
બોલાવિ પુત્રિ મુજ બેન અતી ઉમંગે;
શોકે અસેલ ઝુરતો દિનરાત હું તો,
શાંતિ થવા વિનવતો પ્રભુ આપને તો.

સ્વર્ગસ્થ ગુરૂ અને મિત્રને.

દોહરા.

જેહ થકી વિદ્યા મળી, તથા મળી શુભ શીખ;
સીંચ્યુ જ્ઞાનામૃત મને, લગાડિ સ્નેહ અધીક. ૧

ગણ્યા ગુરૂ મેં પ્રીતથી, કર્યા મિત્ર અમૂલ્ય;
ભાગ્યશાળી ગણતો હતો, ચંપકમણીની તૂલ્ય. ૨

ઈશ્વર રૂઠયો તે સમે, દશા થઈ વિપરીત;
એવા મુજ ગુરૂ મિત્રના, મૃત્યુ થકી ખચીત. ૩

હતી પ્રીતી આ ગ્રંથમાં, કરતા ઘણો ઉલ્લાસ;
રાખું સ્મૃતિ હું તેમની, પુસ્તક સાથે ખાસ. ૪

જન્મ સફળ કર્યો અવનિએ, કીધો સ્વર્ગે વાસ;
ઇશ્વર શાંતિ આપજો, રાખી નિજ પદ પાસ. ૫

Preface.

Novels are a special feature of the day. Books on morality are not very agreeable to the taste of the rising generation, and yet, morality is the very thing we all want. It is, as it were, the foundation-stone of all happiness—earthly and divine. Now, novels fulfil this aim in a charming way. Instead of being dull and heavy, they are full of a lively and sustained interest, which creates a healthy impression on the mind of the reader.

Every human being—that has been given a brain by the almighty—knows and fully perceives—often to his own disadvantage-that the laws of morality are absolutely just and true, that they are equally binding on the whole creation, and that every single breach of them is met with by a horrible punishment. The aim of every true man, then, should be to point out the right path to success-the path of an *active* and *healthy* morality. He should also point out the dangers and difficulties which beset men walking on that path. Many are the pits and traps which but for the warning of a clever guide are sure to encompass the distruction of the unfortunate traveller. This is our view of true and

effiecient morality. However opinions might differ, and we can only say with भवभूति—

ये नाम केचिदिह नः प्रथयन्त्यवज्ञाम्
जानन्ति ते किमपि तान्प्रति नैष यत्नः।
उत्पत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा
कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी॥

"Ours is not an attempt for those who profess disregard towards us; Men holding the same views as ourselves will be born-or perhaps they are already born-for, Infinite is the time and broad the earth."

All attempts have been made to keep up to the ideal level of a novel. However, man is liable to err; and most so in a first attempt like the present one. Suffices to say that this work has all the charms arising from an intricate plot and sustained interest. The book is interspersed with beautiful sketches of Nature-landscape scenery by evening and moon-light etc; and yet the scene of the whole book is laid in the heart of the city of Manipur, with its exquisite palaces and splendid shops. The reader passes through an amazingly interesting array of events and scenes, his interest being naturally kept on the tiptoe throughout.

* * * * * * *

प्राहुःसाप्तपदं मैत्रं बुधास्तत्त्वार्थदर्शिनः

"The taking of seven steps together is a sufficient claim to friendship" so said Savitri [सावित्री] to

Yama [यम]. Well, then, might the reader-who has traversed with us over so much ground-claim a closer intimacy with us, and it is, therefore, our duty to give him some out-line of the principal characters appearing on the stage of this work. It can be said that they are all perfect studies of human life.

Kusum (कुसुम)-our heroine-an equisite pattern of God's workmanship-falls an innocent victim to the wiles of one Ajitrai alias Ajabkumar-an adept in the art of seducing young girls. After passing through a series of calamities, she turns lunatic, the mental oppression being too much for her weak mind.

Kala (कला)-the other heroine-the firm-minded sister to our poor Kusum-proves so many times the benefactress of her sister. Her strong moral principles secure her a complete mastery over her weak-minded lover Jayachandra, and bring him to the right path of strict morality. The same strength of will and determination of purpose baffle and triumph over the seductory arts of Ajab Kumar.

The above two characters together with that of Manjula (मंजुला) are all perfect psychological studies. Women have a kind heart in general. They forgive many things. But they never forgive one thing-and that one thing is the violation of their chastity. Manjula-once ready to sacrifice her life for her betrothed Anandrai-is now

prepared to commit a hundred-thousand crimes to take his life. Once softer than a flower, she has now become the Goddess of vengeance incarnate. Well has भर्तृहरि said—

विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः ॥

"ભ્રષ્ટ થયું જરી તેનો શતમુખ વિનિપાતજ નિર્મેલો."

(Goverdhanram).

The total lack of affection backed by strong determination and iron-will confounds her with the Lady Macbeth of Shakespeare. Revenge becomes the watchword of her existence, and it sounds continually in her ears like a terrible metallic ring. A fierce and wild torrent rushing down impetuously from the top of a high mountain, she is heedless of any obstacle in her way. She shares, at last, the fate of men of violent nature-viz:-death by suicide.

Krishna Kumari (किष्णा कुमारि), a once-beloved of Jayachandra is deserted by that unfaithful lover. Thus being placed in the same position as Manjula she readily accepts her advice, and determines, by way of revenge to harass Jayachandra in every possible way. Quite different, however, is the way in which she fulfils her aim. A rich-born-lady Manjula knows not what it is to be thwarted. The rich folks scorn patience and precaution, for, it is one of their first principles that the world exists for their own dear selves. Manjula is just such a one, and her head-strongness

of temper—which saw nothing except her own interest—results in the perpetration of so many demonish deeds, which might justly condemn her to a horrible death. Of quite a different mould of mind is the clever young girl Krishna-Kumari. It would be quite fair to say that the apex of intelligence is reached in her character. She is the most untractable, deep, subtle & underhand worker. Unlike Manjula, Krishna Kumari is placed in circumstances where her patience and courage are greatly developed. No doubt, she too, resorts to risky plans, but her wise and cool head forsees all difficulties, and keeps her out of the reach of danger. While Manjula's brain becomes too hot, Krishna Kumari keeps a cool head and a firm mind till the last moment. Her achievements are wonderful enough to deserve a special place in the Arabian Nights Entertainment Tales. The first bold step that she takes is the putting on of a male disguise to serve as a boy to the doomed victim of her ill-will, the unprincipled Jayachandra—who distroyed her chastity under the false promise of marriage. It is simply delightful to know how many are the pretty little wiles by which she brings about the separation of Jayachandra from his beloved Kala. Equally interesting is the way in which she brings about her own marriage with Jayachandra.

With Yashodabai (यशोदाबाई) we come to the real

wire-puller of the whole machinery. She it is who secures fresh girls for Ajab Kumar and other unprincipled youngsters. It is difficult to give, even a short sketch of her character and intrigues. She seems to all appearance a well-born lady-full of personal charms and graceful movements. As a woman she is a great and competent manœvring agent. She is the personification of that spirit of wiles and mischiefs which is inherent in the female sex. Her charms and valuable services have put her admirers and candidates fully into her hands. She is one of those gifted individuals who abuse their gifts. Her last career will remind the reader of the saying that one false step leads to a thousand dangerous deeds, and she precipitates herself into the deep pit that was dug by herself.

Among the male characters, the foremost is that of Ajab Kumar, being full of everything which is bad, deceitful & unprincipled. An another important figure appearing on the stage is Jayachandra-an independent, wealthy, gay and easy-going young man. He seeks to pass his life in gallantries. The reader will see a marked contrast between Ajab Kumar and Jayachandra. Though living in the same style, the former had so hard a heart that he did never repent-while the latter had many good qualities which required to be brought out. Our strong minded heroine Kala did

that work, and after some struggles she was successful in bringing round Jayachandra. Besides, Anandrai is not the less important character; and the present young folks of moneyed men might, if they want, and have a mind to do so, learn something from his high principles of morality, forbearance and philanthropy. The fate of Rasulkhan Foujdar is not to be neglected by those who are led away towards an artful woman by an attraction of her personal charms.

Such are the various figures in the drama, and they are presented to the reader in their true garb for his critical examination. Here, too, the reader will find that the right wins in the end. Yashodabai and her train of followers go to seek justice at the hands of the great Judge. Manjula and her husband die a deserved death. Horrible are the results of a breach of good moral principles. In the world there is a continual fighting going on between good and bad, and different religions give different anecdotes about them. We Hindus say that देव and दैत्य-holy men of heaven and the Demons, fought daily, and that God often sided with the former. The Parsis too talk of a like fight. Christ and Mahomed had so many enemies, and were able to conquer them. Thus everything in this world goes by wager of battle. We are to fight out our honest way to that shining hopeful

goal which beckons us all. The evil tendencies within us and evil men outside us are to be carefully guarded against.

We are to look upon life as a reality and not as a dream. It is something earnest. Only a sincere and serious interest in all our affairs can ensure success. Drive away all flippancies, evil intentions, tameness of spirit, and the road to success becomes as smooth as anything.

This book, while it was being writien, was read throughout by my master of my school-age & my true friend Mr. Jesingbhai Talakchand Matia, Retired Assistant Deputy Educational Inspector, Surat. He not only appriciated the work but expressed his wish to get it printed and published. But I regret very much to note that he did not live to see his wishes fulfilled, and left this troublesome world.

I thank the Gentlemen named in the list appended to the book as subscribers. Especially my heartfelt thanks are due to H. H. the Maharaja Saheb of Bhavnagar for H. H. 'S. noble patronage.

I should not forget to thank Mr. Chunilal Amthasha, Proprietor of the press for his valuable help in printing this book.

AHMEDABAD, J. B. P.

28th, May 1915.

પ્રસ્તાવના.

દિનપરદિન કેળવણીનો પ્રચાર વધતો જાય છે, અને તેની સાથે નવાં નવાં પુસ્તકોની સંખ્યા પણ વધતી જાય છે. તેમાં પણ નવલકથાનાં પુસ્તકો અગ્રપદ ધરાવે છે. સઘળી નવલકથાઓ કંઇ એકસરખી હોઇ શકતી નથી. ઘણા બાહોશ, વિચારશીળ, અને અનુભવી લેખકોથી ઉદ્દભવેલી કેટલીએક નવલકથાઓ હોય છે, તેજ સામાજિક ઉન્નતિમાં વિશેષ મદદ આપે છે. પણ તેથી કંઇ બીજા લેખકોને નાસીપાસ થવાનું કંઇ કારણ નથી. સૌએ પોતપોતાની શક્તિઅનુસાર જનસમાજના હિતને અર્થે કંઇ પણ કરવું જોઇએ. આ વિચારાનુસાર આજ સુધી જે કંઇ નોંધ લેવા લાયક મેં વાંચ્યું છે, જોયું છે, સાંભળ્યું છે, અને અનુભવ્યું છે, તેને આ પુસ્તકદ્વારા જનસમાજની આગળ રજુ કરૂં છું. હાલના ચાલતા સમયમાં કેટલીક વખત નીતિનાં મૂળતત્વોને ઉંચાં મૂકવામાં આવે છે, જેનાં પરિણામ દયાજનક આવે છે—મુખ્યત્વે કરીને હાલનો યુવકવર્ગ—શ્રીમંત યુવકવર્ગ—પોતાની જુવાની અને શ્રીમંતાઇના મદમાં નીતિ એ શું ચીજ છે, અને તેની મનુષ્ય પ્રાણીને કેટલી જરૂર છે, તેનો વિચાર કરવાની તસ્દી લેતો જણાતો નથી, અને તે ઉપર મહુંમ કવિ દલપતરામ ખરૂંજ કહી ગયા છે કે:—

ઇંદ્રવિજય છંદ.

જોબનનો મદ, ને ધનનો મદ, તેમ ત્રીજો અધિકાર તણો છે;
વિદ્વત્તા મદ તેથી વિશેષ, હમેશ ઘટે નહિ એમ ધણો છે.
અંધ થવાય એકેક મદે, મદ બે મળતાં બહ્લો બમણો છે;
દેખી શકે દલપત કહે કયમ, ચાર મળે મદ ચાર ગણો છે.

દોહરો.

મદથી મનુષ્યતા મટે, હોય બુદ્ધિની હાણ;
જે એવા મદ જીરવે, જવલ્લે જન જાણ.

આ પ્રમાણે વસ્તુ સ્થિતિ જોવામાં આવવાથી નીતિને સ્ત્તેથી આડું

ચાલવાથી કેવાં નાશકારક પરિણામો આવે છે, તે બતાવવાની મરજી થઇ આવી, અને તેને પરિણામે આ નવલકથાનો ઉદ્દભવ થયો છે. આ ઉપરથી વાંચનાર જોશે કે ગ્રંથકાર અથવા લેખકમાં ખપવાને માટે આ પ્રયાસ નથી–તેવો હું થઇ શકું તેમ પણ નથી–હું માત્ર અભ્યાસી છું, માટે આમાં કંઇ પણ ભૂલચૂક જણાય, અથવા વાંચનારને નહિ રૂચે એવું કંઇ લાગે તો તે પોતાના ઉદાર દિલથી દરગુજર કરશે.

નવલકથા, એ હાલના જમાનાનો એક ખાસ વિષય થઇ પડયો છે. જોકે હાલના યુવકોને નીતિના પુસ્તકો ઘણેભાગે મનપસંદ જણાતાં નથી, કારણ કે તે અરસિક અને લુખાં લાગે છે. આવું છતાં પણ આપણ સર્વને જેની આ દુનિઆમાં ખાસ જરૂર છે, તે નીતિજ છે. તેજ, આ લોક અને પરલોકમાં આપણા સુખનું સાધન છે. અને તે હેતુ નવલકથાઓ મનપસંદ રીતે પૂરો પાડે છે–જેવી રીતે કવીનાઇનની સાદી ગોળીઓ ઉપર ગળપણ મિશ્રિત ગોળીઓ સરસાઇ ભોગવી દરદી માણસને વધારે પસંદ પડી તેટલીજ ગુણકારક થઇ પડે છે, તેવી રીતે નીતિવિષયક નવલકથા રૂપે લખાએલા ગ્રંથો જનસમાજને વધારે ચિત્તાકર્ષક થઇ પડે છે. કારણ કે તેવા ગ્રંથો રસ વિનાના લુખા અને સુસ્ત વિષયોવાળા હોવાને બદલે મનને આનંદ ઉપજાવે તેવા, અને પરિણામ જાણવાને અતિશય અધીરતા રહે એવાં લખાણોથી ભરપૂર હોવાથી, વાંચનારના મન ઉપર અસરકારક છાપ પાડે છે.

દરેક મનુષ્ય પ્રાણી–જેને ઇશ્વરે સમજશક્તિ બક્ષેલી છે–તે સારી રીતે જાણે છે, અને જુએ છે કે નીતિશાસ્ત્રનાં સૂત્રો સંપૂર્ણ રીતે યોગ્ય અને ખરાં છે, પ્રાણી માત્રને સરખી રીતે બંધનકર્તા છે, અને તે જરાપણ તૂટવાથી, તે તોડનારને મહા ભયંકર સજા થાય છે. ત્યારે દરેક સાચા માણસની ફરજ છે કે તેણે ખરો રસ્તો–વ્યવહારોપયોગી અને અસરકારક નીતિનો રસ્તો, બતાવવો જોઇએ. આ દુનિઆમાં પ્રત્યેક મુસાફરના રસ્તામાં એવી ઘણી આડઓ અને જાળો છે, કે જે એક સારા અને ડાહ્યા ભોમીઆના અભાવે બેલા કમનસીબ મુસાફરનું સત્યાનાશ વાળે છે.

આ પુસ્તકમાં, બની શકે ત્યાં સુધી, એક ઉત્તમ નવલકથાની શ્રેષ્ટતા જાળવી રાખવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. છતાં માણસ માત્ર ભૂલને પાત્ર છે, અને આવા શરૂઆતના પ્રયાસમાં તો તેવો વધારે સંભવ છે. માત્ર એટલુંજ કહેવું બસ થશે કે એક ઉત્તમ નવલકથામાં, આગળ શું થશે એવું જાણવાની અતિશય ઇન્તેજારી રહે એવી, અને ગુંચવણ ભરેલી, રચનાને લીધે જે રસિકતા હોય છે, તેવી રસિકતા કેટલેક અંશે આ પુસ્તકમાં જોવામાં આવશે.

મણીપુર નામના શહેરમાં મોટા મોટા ભવ્ય મહેલો, અને ભભકાદાર દુકાનોના, અને કુદરતના અપાર સુંદરતાના દેખાવો આ પુસ્તકમાં બતાવવામાં આવ્યા છે. આખી વાર્તામાં વાંચનારની જીજ્ઞાસા સ્વાભાવિક રીતે સતેજ રહે, તેવા બનાવો અને દેખાવોની અદ્દભુત રચના જોવામાં આવશે.

જેણે સાવિત્રી આખ્યાન વાંચ્યું હશે, તેને યાદ હશે કે સાવિત્રીએ યમને કહ્યું છે કેઃ—

प्राहुः सात्पपदं मैत्रं बुधास्तत्वार्थदर्शिनः ।

"સાત પગલાં સાથે જવાથી મિત્રતા થાય છે." તે પ્રમાણે વાંચનાર—કે જે આ પુસ્તકરૂપી ભૂમીમાં મારી સાથે ફરવાની તસ્દી લે છે, તે મારી સાથે ઘણો નજીકનો સંબંધ ધરાવવાનો વાજબી રીતે હક રાખી શકે; અને તેથી મારી ફરજ છે કે આ નવલકથામાં આવતાં કેટલાંક મુખ્ય પાત્રોનું કંઇક ઓળખાણ આપવું જોઇએ. એમ કહેવાને હરકત નથી કે મનુષ્યની જુદી જુદી પ્રકૃતિનો સંપૂર્ણ અભ્યાસ આ પાત્રો બતાવી શકશે.

આપણી વાર્તાની નાયિકા કુસુમ—પ્રહ્લાની કારીગરીનો આબેહુબ નમુનો. એક અજીતરાય ઉર્ફે અજબકુમાર—કે જે જુવાન બાળાઓને ફસાવી, ફોસલાવી નીતિ ભ્રષ્ટ કરવાના નીચ હુનરમાં પૂરેપૂરો પ્રવિણ હતો, તેની પાથરેલી પ્રપંચી જાળમાં, ભોળપણમાં ફસાઈ પડી, તેનો ભોગ થઇ પડે છે. આખરે તે બીચારી પોતાના મગજ ઉપરનો ભારે બોજો સહન નહિ થવાથી ગાંડી થઇ જાય છે.

કુસુમની નાની બેન—આપણી વાર્તાની બીજી નાયિકા, અબા મજબૂત

મગજની છે. તે પોતાની ગરીબડી બેન કુસુમના દુઃખમાં ઘણી વખત મદદગાર અને દિલાસો આપનાર થઇ પડે છે. કળા પોતાની મજબૂત સમજશક્તિ, અને સદ્‌ગુણથી ભરેલા પાકા–ઠરેલપણાના વિચારોને લીધે, પોતાના થનાર પતિ–નબળા મગજના જયચંદ્રના ઉપર પૂરેપૂરો કાબુ મેળવી તેને નીતિને ખરે રસ્તે ચઢાવે છે; એટલુંજ નહિ પણ અજબકુમારની અનીતિની પ્રપંચી જાળોને છેદી–ભેદી નાખી તેના ઉપર જય મેળવે છે.

ઉપરનાં બે પાત્રો સાથે મંજુલાને લેતાં માનસ શાસ્ત્રનો સંપૂર્ણ અભ્યાસ થાય છે. એવું કહેવાય છે કે સ્ત્રી, જોકે અબળા કહેવાય છે, પણ ખરી રીતે કેટલેક દરજ્જે સબળા હોય છે.

स्त्रीणां द्विगुणमाहारो लज्जाचापि चतुर्गुणा ।
साहसं षड्गुणं चैव कामश्चाष्टगुणः स्मृतः ॥

"સ્ત્રીને પુરૂષના કરતાં બમણો આહાર છે, લજ્જા ચારગણી છે, સાહસ છ ગણો, અને કામ આઠગણો છે." કેટલાક બનાવોમાં આ સૂત્ર ખરૂં પડેલું જોવામાં આવે છે. છતાં એકંદર રીતે સ્ત્રીનું હૃદય હમેશાં કોમળ હોય છે. તે ઘણી ઘણી બાબતની માફી આપે છે. માત્ર એકજ બાબતની તે માફી આપતી નથી, અને તે તેના સતીત્વ ઉપરનો બળાત્કાર છે. મંજુલા, જ્યારે આણંદરાય સાથે લગ્ન કરવા જોડાયેલી હતી, ત્યારે તેને માટે પોતાનો જીવ આપવા તૈયાર હતી, પણ તેમાં તૂટ પડવાથી પાછળથી તેજ મંજુલા, તેજ આણંદરાયની જીંદગીનો અંત આણવાને માટે હજારો ગુના કરવા તૈયાર થઇ હતી. એક વખત જે મંજુલા ફૂલના કરતાં વધારે કોમળ હતી. તેજ મંજુલા પાછળથી સાક્ષાત્ મૂર્તિમતી વેરની દેવી જેવી બની જાય છે. પણ તેવા સ્વભાવના માણસોનું આખર પરિણામ જે આવે છે તેજ પરિણામને મંજુલા પ્રાપ્ત થાય છે. અને આપઘાતથી પોતાની જીંદગીનો અંત આણવાનો વખત માંગી લે છે.

વધારે આકર્ષક પાત્ર કિષ્ણાકુમારી છે–કે જે એક વખત જયચંદ સાથે પ્યારમાં પડેલી હતી, અને જેને જયચંદ પોતાનું આપેલું પાણવાનું

વચન તોડીને પાછળથી રખડાવી મુકે છે. આમ થવાથી ક્રિષ્ણાકુમારી, મંજુલાના જેવી સ્થિતિમાં આવી પડે છે—અને તેવા પ્રસંગમાં વેર લેવા વિષેની મંજુલાની સલાહ આવકારદાયક લેખી, જયચંદ્રને દરેક રીતે હેરાન કરવાને નક્કી કરે છે. છતાં ક્રિષ્ણાકુમારી પોતાનો વેર લેવાનો હેતુ, મંજુલાના કરતાં તદ્દન જુદી રીતે પૂરો પાડે છે. મંજુલા, એક ખાનદાન અને કુળવાન શ્રીમંતની છોકરી છે, છતાં નમ્રતા અને કોમળપણું સમજી શકતી નથી. સાધારણ નિયમજ જણાય છે કે શ્રીમંત લોકો ધૈર્યતા અને સાવધગીરીનો તિરસ્કાર કરે છે, કારણ કે તેમનો એવી જાતનો નિશ્ચય બંધાઇ ગયેલો હોય છે કે આ આખી દુનિઆ તેમને પોતાને માટેજ છે ! આવા પ્રકારની મંજુલા છે. પોતાના સખ્ત મગજ અને જુસ્સાવાળા સ્વભાવને લીધે પોતાના મુખ્ય સ્વાર્થ સિવાય કશું જોઇ શકતી નથી—કે જેને પરિણામે તેને સંખ્યાબંધ ઘોર કૃત્યો કરવાં પડે છે, અને આખરે પોતાના લાયક મૃત્યુને પામે છે. ક્રિષ્ણાકુમારી તદ્દન જુદાજ મગજની અને ડહાપણ ભરેલા વિચારવાળી છે. વાજબી રીતે કહી શકાય કે તેણીની વર્તણુક તેણીને, સમજશક્તિની ટોચ ઉપર મૂકે છે. ભેદ ભરેલી, ઉંડી, ખંધી, અને કોઇને ખબર ન પડે એવી રીતે ઠરેલપણે પોતાનું કામ કરવાવાળી ક્રિષ્ણાકુમારી, એવા સંજોગોમાં આવી પડે છે કે તેણીની ધીરજ અને હિંમત વધારે પરિપકવતાને પામે છે. બેશક, તે પણ ઘણાં જોખમકારક કૃત્યો માથે લે છે, પણ તેણીનું ઠંડુ મગજ, અને ડહાપણ ભરેલા વિચારો, સઘળી મુશ્કેલીઓ આગળથી જોઇ શકે છે, અને ધારતીમાંથી પોતાની જાતને દૂર ને દૂર રાખે છે. આ પ્રમાણે જ્યારે મંજુલા ઘણાજ ગરમ મગજની છે, ત્યારે ક્રિષ્ણાકુમારી આખર સુધી ઠંડા અને મજબૂત મગજથી કામ લેવા વાળી છે. તેણીનું હિંમત ભર્યું અને વખાણવા લાયક પહેલું પગલું તો એ હતું કે, જે જયચંદ્રના ઉપર વેર લેવાની હતી, તેજ જયચંદ્રની નોકરીમાં, મરદના વેશમાં છોકરા તરીકે રહે છે. ત્યાં રહીને કેવી કેવી નાજુક યુક્તિઓ અને પ્રપંચથી જયચંદ્રને તેની વહાલી કળાથી છૂટો પાડે છે, તે જોવાનું પણ રમુજી છે. વળી જયચંદ્રની સાથે પોતાનું લગ્ન કરવા જેવો

પ્રસંગ લાવી મૂકવાની તેણીની યુક્તિઓ ઓછી પ્રશંસાપાત્ર નથી—ટુંકામાં એટલુંજ કે આ વાર્તામાં આ પાત્ર વાંચનારનું ઘણું ધ્યાન ખેંચે એવું છે.

હવે આ નવલકથા રૂપી નાટકની સૂત્રધાર યશોદાબાઇનાં કાવત્રાં અને પ્રપંચોનો હેવાલ આપવાનું કામ મુશ્કેલ છે. ખાનદાન સ્ત્રીના જેવો દેખાવ આપનારી, શારીરિક સૌંદર્યવાળી, અને ખટપટી સ્ત્રી તરીકે સઘળી કુશળતા ધરાવનારી આ યશોદાબાઇ છે, અને તેથી પોતાના વખાણનારાઓ ઉપર પૂરતો કાબુ મેળવે છે. સારી મગજશક્તિની ઇશ્વરી બક્ષીસનો દુરૂપયોગ કરનારા માણસો પૈકીની એક આ યશોદાબાઇ છે. "એક ખોટું પગલું બીજાં હજાર ખોટાં પગલાં ભરાવે છે." આ કહેવત યશોદાબાઇને પાછલે ભાગે પૂરેપૂરી લાગુ પડે છે, અને પોતે ખોદેલા ખાડામાં પોતાની જાતને ધકેલી દે છે.

પુરૂષ પાત્રોમાં મુખ્ય અજબકુમાર છે—કે જે દરેક રીતે ખરાબ, દગાખોર અને દુરાચારી છે. જયચંદ્ર, સ્વતંત્ર, શ્રીમંત, આનંદી—લહેરી જુવાન હોઇ, પોતાની જીંદગી સ્ત્રીવિલાસ અને મોજમઝામાં ગાળવા ઇચ્છા રાખેછે. વાંચનારને જણાશે કે, જોકે અજબકુમાર અને જયચંદ્ર એકજ રસ્તે ચાલનારા છે, છતાં તે બે વચ્ચે ઘણું જુદાપણું છે—અજબકુમારના અંતઃકરણમાં પશ્ચાતાપ કે, સુવિચારનો કિંચિત માત્ર પણ અંશ નથી. પણ જયચંદ્રનામાં ઘણા સારા ગુણો છે—કે જેને ફક્ત ઓપનીજ જરૂર છે. મજબૂત મગજની કળા તે કામ કરે છે, અને કેટલીક મુશ્કેલીઓ પછી તેને નીતિને ખરે રસ્તે ચઢાવવામાં ફતેહ પામે છે. આણંદરાય પણ કંઇ ઓછું ધ્યાન આપવા જેવો નથી. અને હાલના શ્રીમંત—યુવકવર્ગને—જો તેમની મરજી હોય તો, નીતિના, સહનશીળતાના, અને પરોપકાર વૃત્તિના ઉત્તમ સદ્ગુણો વિષે તેનામાંથી કંઇક શીખવાનું મળશે. જેઓ કાવત્રાંબાજ સ્ત્રીઓના શરીર સૌંદર્યમાં મોહલુબ્ધ થઇ પોતાનું ભાન ખોઇ બેસે છે, તેમને માટે આ વાર્તામાંના રસુલખાં ફોજદારની સ્થિતિ ભૂલવા જેવી નથી.

આ મુખ્ય પાત્રોની ટુંકાણમાં ઓળખાણ કરાવી છે, અને તેમાંથી વાંચનાર એટલું તો જોશેજ કે આખરે સત્યનોજ જય થાય છે. યશોદાબાઇ વગેરે પોતાનાં કૃત્યોનો ઇનસાફ માગવા યમરાજાના દરબારમાં અકાળ મોતે

પહોંચી જાયછે. મંજુલા પોતાના ધણી સાથે તેવીજ દશાને પામે છે. આ ઉપરથી સમજાશે કે નીતિશાસ્ત્રનાં સૂત્રોનો ભંગ કરવાનું પરિણામ ઘણું ભયંકર આવે છે. અને નીતિને રસ્તેજ ચાલીને સાચા દીલથી અને દઢ સંકલ્પથી આપણે જે જે ઇચ્છીએ છીએ, તે આપણને મળે છે. ઉછૃંખળપણું, ખરાબ ધારણાઓ અને માનસિક નિર્બળતાને હાંકી કાઢો, અને ત્યારેજ ફતેહનો રસ્તો સરળ થશે.

આ પુસ્તક લખાયું, ત્યારે મારા બાળવયના ગુરૂ અને ત્યાર પછીના સાચા મિત્ર મી. જેશીંગભાઇ તલકચંદ મતીઆ, સુરત જીલ્લાના રીટાયર્ડ આસિસ્ટંટ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સપેકટર હયાત હતા—તેમણે સંપૂર્ણ રીતે વાંચ્યું હતું અને પોતાની પસંદગી બતાવી હતી, એટલુંજ નહિ, પણ તે છપાઇ બહાર પડશે તો જનસમાજને આનંદદાયક અને અસરકારક થઇ પડશે, એમ જણાવી છપાવવાને માટે પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી. તે ઇચ્છાનુસારજ આ પુસ્તક બહાર પડવા પામ્યું છે. પણ મારે ભારે દિલગીરી સાથે જણાવવું પડે છે કે પોતાની ઇચ્છા પૂર્ણ થયેલી જોવાને તેઓ રહ્યા નહિ, અને આ ફાની દુનિઆ છોડી પરલોકવાસી થયા.

આ પુસ્તકની છેવટે આપેલી યાદીમાં જણાવેલા ગૃહસ્થો આ પુસ્તક છપાઇ રહેતા અગાઉ ગ્રાહકો થયા છે, તેમનો હું મારા અંતઃકરણથી આભાર માનું છું. વિશેષે કરીને **નેકનામદાર ભાવનગરના મહારાજા સાહેબ બહાદુરે** પોતાનો ઉદાર આશ્રય આપવા બદલ હું તેઓશ્રીનો મારી ઉંડી લાગણીથી આભાર માનું છું.

છેવટે છાપખાનાના માલીક મી. ચુનીલાલ અમથાશાએ આ પુસ્તક છાપવા વગેરેના કામમાં સગવડતા તથા મદદ આપી છે તેને માટે તેમનો આભાર માનવાનું મારે ભૂલી જવું જોઇએ નહિ.

અમદાવાદ.

સંવત ૧૯૭૧ ના દ્વિતિય વૈશાખ શુદ પુર્ણિમા. તા. ૨૮ મે સને ૧૯૧૫. } કર્તા.

અનુક્રમણિકા.

ભાગ ૧ લો.

ભાગ ૨ જો.

ભાગ ૩ જો.

ભાગ ૪ થો.

આ પુસ્તક નીચેને ઠેકાણેથી મળી શકશે.

અમદાવાદ—કર્તા પાસેથી.

ઠે. ધનાસુતારની પોળમાં, અંબાજી માતાની સામે.

વડોદરા—રા. મણીલાલ પ્રાણજીવનદાસ પરીખ.

ઠે. ઉંચી પોળમાં, રાધાકૃષ્ણની પોળમાં.

સુરત—ચંદ્રપ્રકાશ ઓફીસ.

ઠે. ભાગા તળાવ.

મુંબાઇ—બુકસેલર વસનજી પરમાનંદ ચાહેવાળા.

ઠે કાલબાદેવીરોડ-ઝવેર બાગ નં. ૩૪૧

કુસુમ-કળા.

ભાગ ૧ પહેલો.

પ્રકરણ ૧ લું.

કુસુમોદ્યાન.

મણીપુર નગરના દક્ષિણ બાજુના ચાંપાનેરી દરવાજાની બહાર પાકા રસ્તાની બન્ને બાજુએ નાના નાના બગીચાઓ આવી રહ્યા હતા. આ બગીચાઓ લોકોને ફરવા તથા હવા ખાવાને માટે હોય એમ જણાતું નહોતું; કારણકે આગલી બાજુ વંઢીથી અથવા વાડથી બંધ કરી દરેક બગીચાને જુદા જુદા દરવાજા રાખેલા હતા. અંદરની બાજુ આપણે નજર કરીએ તો નાનાં મોટાં મકાનો દૂરથી બંગલાના આકારનાં જણાતાં હતાં. તે ઉપરથી એવું અનુમાન થઇ શકે કે શહેરની ગીચ વસ્તીમાંથી ખુલ્લી હવામાં અમુક વખતે અથવા હમેશને માટે પોતાને રહેવાને શહેરના શ્રીમંત લોકોએ આ મકાનો કરાવી, શોભા તથા હવાને માટે બગીચાઓ કરાવ્યા હતા. કેટલાએક ધનાઢ્ય લોકો મોજ-મઝાને ખાતર પો-

તાના મિત્રો સાથે આ બંગલાઓમાં સહેલ મારવા ઉતરી પડતા હતા. વળી જે કોઇ મકાન માલીકના વપરાશમાં આવતું ન હોય તો તે ભાડે આપવામાં આવતું; અને એકાંત સ્થળ પસંદ કરનારા તેનો ઉપયોગ કરતા. કેટલાએક બંગલાઓને આપેલાં અમુક નામો, બગીચાના દરવાજા ઉપર લટકાવેલાં પાટીઆં ઉપર ચિત્રેલા અક્ષરો વાંચવાથી જણાઇ આવતાં હતાં. શહેરના આ દરવાજાના નામ ઉપરથી આ રસ્તાને " ચાંપાનેરી રસ્તો " કહેતા હતા.

આ રસ્તે આગળ જતાં કેટલાએક બંગલાઓ અને બગીચાઓ મૂક્યા પછી, એક નાનો પણ શોભાયમાન બગીચો હતો. તેના દરવાજા ઉપરના પાટીઆ ઉપર " કુસુમોદ્યાન " એવા અક્ષરો કોતરેલા નજરે પડતા હતા. એ બગીચામાં છેક અંદરના ભાગમાં એક નાની બંગલી નજરે પડતી હતી. તેમાં એક મહોબતરાય નામનો ગૃહસ્થ રહેતો હતો. પ્રિય વાંચનાર, આપણે આ બગીચાનું, અને તેમાં આવેલી બંગલીનું કામ છે, માટે તે ઉપરજ લક્ષ આપીશું.

આ મકાનને આગળ ઓટલો હતો, અંદર પરસાળ, તેની પાછળ એક ઓરડો, અને તેની બન્ને બાજુએ બબ્બે ઓરડીઓ હતી. આગલો ભાગ પૂર્વ દિશા તરફ હતો. બહારની બાજુ ઉપર રસોડા વગેરેની બે ઓરડીઓ હતી. જોકે મકાન બહુ મોટું નહોતું, છતાં તેની અંદર એક નાના કુટુંબને રહેવા લાયક દરેક જાતની સગવડ અને સ્વચ્છતા જોવામાં આવતી હતી. અંદરનો સરસામાન થોડો અને સાદો પણ ઉપયોગી અને શોભાયમાન હતો. મકાનની પાછળ થોડે થોડે છેટે ફૂલઝાડના રોપા અને શાકભાજીના છોડ તથા વેલા હતા. આગલી બાજુનો બગીચો ઘણી સંભાળથી ઉછેરવામાં આવ્યો હોય એમ દેખાતું હતું.

આ મકાનમાં મહોબતરાયની સાથે તેની બે પુત્રીઓ રહેતી હતી. મહોબતરાયની ધણીઆણી ગુજરી જવાથી આ પુત્રીઓની સંભાળ તેને જાતે લેવી પડતી હતી. તેણે બીજીવાર લગ્ન નહિ કરતાં પોતાના સઘળા પ્યારનો

અને પોતાની સઘળી કાળજીનો ઉપયોગ આ બે બાળાઓને ઉછેરી ઉંચી જાતની કેળવણી આપવામાં કર્યો હતો.

આપણી વાર્તા શરૂ થાય છે, તેની અગાઉ દોઢ વરસ ઉપર મહોબ- તરાય પોતાની બે પુત્રીઓ સાથે આ મકાનમાં રહેવા આવ્યો હતો. પોતાની પુત્રીઓ તરફ અણુહદ પ્યારની નિશાની તરીકે મોટી પુત્રીના નામ ઉપરથી તેણે મકાનનું નામ "કુસુમોદ્યાન" રાખ્યું હતું. આ બાળાઓની માતાને ગુજરી જવાને લગભગ આઠેક વરસ થયાં હતાં, અને મહોબતરાયની ઉમર આ વખતે લગભગ પચાસેક વરસની હતી.

મોટી પુત્રીના નામ ઉપરથી મકાનનું નામ રાખ્યાનું આપણે ઉપર જોઇ ગયા, તે પ્રમાણે તે બાળાનું નામ કુસુમ હતું, અને નાની પુત્રીનું નામ કળા હતું. આ નામો તેમની મરનાર માતાએ તેમના શરીરની ભવ્ય- કાંતિ, અને સામા માણસને છક કરી નાખે એવા અપૂર્વ સૌંદર્યને લીધે પાડયાં હતાં, અને તે તેમને દરેક રીતે યોગ્ય હતાં.

બન્નેની ઉમરમાં માત્ર બે વરસનો ફેર હતો, કુસુમ હાલ ૧૯ વર- સની હતી, અને કળાને સત્તર વર્ષ પૂરાં થવાને માત્ર એકાદ મહિનો બાકી હતો. બન્ને શરીરે ઊંચી અને સુશોભિત ઘાટની હતી.

મહોબતરાય એક ઉંચા, ખાનદાન, અમીરી કુટુંબમાં જન્મેલો હતો; પણ પોતાની યુવાવસ્થામાં એક ગરીબ કુટુંબની ખૂબસુરત છોકરી ઉપર પ્યારમાં પડી, પોતાના કુટુંબની મરજી વિરૂદ્ધ લગ્ન કરવાથી તેને તેના કુટું- બીઓએ છોડી દીધો હતો—અથવા કહો કે તે પોતેજ અલગ થઇ ગયો હતો. આગળ જતાં તેની સ્થિતિ કઢંગી થવા લાગી. કારણકે પોતાના કુટું- બની વડીલ શાખાના એક પિત્રાઇ ધરણીધરરાયને વડીલ વારસ તરીકે કુટુંબી જાગીર અને બીજી મિલકત ઉતરી હતી, તેના તરફથી મહેરબાની તરીકે સાલીઆણાના મળતા પાંચસેં રૂપીઆમાં પોતાના કુટુંબનો નિર્વાહ ચલાવવો પડતો હતો.

મહોબતરાયની મરનાર સ્ત્રી મણીકુંવર ઉંચા વિચારની, ઉદાર લાગણીવાળી, અને ઉંડી સમજ શક્તિ ધરાવનારી હતી. તેણી પોતાના પતિનેજ સર્વસ્વ ગણતી હતી, અને તેની સ્થિતિ વિષે હમેશાં ઘણી મુંઝવણમાં રહેતી હતી. કારણ કે તેને તેના કુટુંબથી ગેરઆબરૂ થઇ જુદા પડવાના કારણરૂપ પોતાનેજ ગણી છાની રીતે હમેશાં શોક કરતી હતી. અને ધીમે ધીમે તેની અસર એટલી બધી વધી ગઇ કે આખરે તેણીનું શરીર ઘસાઇ જવાથી માંદગીનો ભોગ થઇ પડી, જેમાંથી તેણી કદી ઉઠવા પામી નહિ, અને આખરે મોતને શરણ થઇ. ત્યારેજ મહોબતરાયે જોયું કે આ દુનિઆમાં હવે તે એકલો પડયો હતો, અને બે નમાયાં બાળકો પોતાની એકલાનીજ સંભાળમાં રહ્યાં હતાં. હજુ પણ તેના કુટુંબે તેને બાતલજ રાખ્યો હતો. પણ તેણે હિંમત રાખી પોતાની પિતા તરીકેની ફરજ બજાવી એકાંત અને શાંત જગોએ રહી, પોતાની શક્તિ અનુસાર બન્ને છોકરીઓને ઉછેરી, વાંચવા લખવાની કેળવણી સાથે, ધર્મ તથા નીતિની યોગ્ય કેળવણી આપી. જેમ જેમ તેઓ મોટી થતી ગઇ, તેમ તેમ તેમની ખૂબસુરતીનું તેજ ખીલતું ગયું. આટલું છતાં એક માતાની સંભાળ ભરી દેખરેખ, કે જેની દરેક છોકરીને ખાસ જરૂર હોય છે, તે નહિ હોવાથી, અને તેમના બાપની ગરીબ સ્થિતિને લીધે, તથા એકાંત વાસ હોવાથી સ્ત્રીઓએ વર્તવાના ખાસ નિયમો, કે જે પોતાની માતાજ સમજાવી શકે, અને કુમળા મગજ ઉપર સજ્જડ છાપ બેસાડે, તે આ બાળાઓના મગજમાં પેસી શક્યા નહોતા. તેમજ તેઓ શહેર બહાર એકાંતમાં હોવાથી શહેરની સ્ત્રીઓના પરિચયને અભાવે તે રસ્તે મળતો લાભ પણ આ બાળાઓ મેળવી શકતી નહિ. આ બધાં કારણોથી દુનિઆની કસોટીમાંથી અને હજારો પ્રકારની લાલચોમાંથી સહી સલામત પાર ઉતરવાને માટે તેમના સદ્દગુણોને ટકાવી રાખવા જેવી પ્રસંગોપાત સાચી સલાહ મળવાનું સાધન નહોતું. તેમનો ધર્મ માત્ર ધર્મની ચોપડીઓ વાંચવામાં તથા તેમાંના નિયમો યાદ રાખી તે પ્રમાણે વર્તવામાં સમાયેલો હતો. પણ આ નિયમોનું રહસ્ય તેમને સમજાવવામાં આવ્યું નહોતું પોતાના ઘરમાં ઠાકોર સેવા (મૂર્તિ પૂજા)

હતી. તેની પોતાની માની હયાતીમાં જે પ્રમાણે સેવા થતી તે પ્રમાણે કરવાનું ચાલુ રાખ્યું હતું. પણ અફસોસ ! કે આવી ઈશ્વરી ભાવથી સેવા-પૂજા કરતી વખતે બીજા તમામ વિચારો કાઢી નાખી ઇશ્વર પ્રાર્થનામાંજ પોતાના વિચારો, મન, અને આત્માનું ઐક્ય કરવું, એવી સમજ આપનાર કોઇ પાસે હતું નહિ. આવી ભલા સ્વભાવની, માયાળુ અને આનંદી કુસુમ અને કળા બન્ને હતી. તેઓ ભોળી, ખૂલ્લા દીલની, અને ગરીબ સ્વભાવની હતી. દુનિઆદારીના રિવાજોથી અજાણી અને ફસાવાની જાળો, દગલબાજી, અને લુચ્ચાઇથી તદ્દન બિન અનુભવી હતી.

જે દિવસે આપણી વાર્તાનો પ્રસંગ શરૂ થાય છે, તે દિવસે મહોબતરાય ઘેર નહોતો. પોતાના મગરૂર કુટુંબીઓની સાથે સમાધાની કરવાની છેલ્લી તજવીજ કર્યાને ઘણાં વરસો થઇ ગયાં હતાં. હવે આખરે જ્યારે તેણે જોયું કે વધતી જતી મોંઘવારી અને જમાનાને અનુસરતા બીજા જરૂરીઆત ખરચોના પ્રમાણમાં તેને મળતી રકમ નજીવી જેવી હતી, ત્યારે પોતાના પિત્રાઇ ધરણીધરરાય કે જે પોતાની જાગીરના થોડે દૂરના ગામમાં રહેતો હતો ત્યાં જવાનું તેણે નક્કી કર્યું. વળી તેને હવે એમ પણ લાગ્યું કે હવે બન્ને છોકરીઓ લાયક ઉમરની, પોતાની ટુંક વખતની ગેરહાજરીમાં પોતાની સંભાળ પોતાની મેળે લઇ શકે તેવી થઇ છે; તેથી તે ધરણીધરરાયને ઘેર જવાને નીકળ્યો અને તેને આજ બે દિવસ થયા હતા.

હવે આપણી વાર્તા આગળ ચલાવતા પહેલાં બન્ને બેનો-કુસુમ-કળાને જરા જોઇ લઇએ.

ઉપર જણાવી ગયા પ્રમાણે તેઓ શરીરે ઉંચી અને ખૂબસુરત ઘાટની હતી. તેમના શરીરનું મોહક સૌંદર્ય એટલે સુધી પરિપકવતાને પામ્યું હતું કે તેમની ખરી ઉમરના કરતાં બે ત્રણ વર્ષ મોટી હોવાનું જોનારને લાગે. બન્નેની કાન્તિ ઘણું કરીને એકજ પ્રકારની હતી. માથાના વાળ લાંબા ભરાવદાર, સુંવાળા અને કાળા હતા. શરીરનો ઘાટ કંઇપણ ખોડ ખાંપણ વગરનો સ્વરૂપવાન હતો; અને સ્વચ્છ કમળ સાથે ગુલાબનો રંગ ભેળા-

વાથી જે સુંદર મનોહરતા લાગે તે મનોહરતા આ બેનોને જોનારને લાગે તો કંઇ નવાઇ જેવું નહોતું. તેમનાં કપાળ ઉંચાં, ભવ્ય અને ખૂલતાં હતાં. નાજુક મુખ, લાલાશ મારતા હોઠ, અને મોતીના દાણા જેવા હારબંધ સફેદ દાંત તે સાથે આંખો પણ વિશાળ, કાળી અને તેજદાર હતી. આ આંખોમાં કેટલીક વખત અનિચ્છાએ એવી કોમળતા જણાઇ આવતી કે આ મનોહર બાળાઓના ચહેરા ઉપર વિલાસિપણું છવાઇ રહેલું નજરે જોનારને લાગતું હતું.

આપણે ઉપર જોઇ ગયા તે પ્રમાણે બન્ને બેનો ઉંચી હતી તે એટલે સુધી કે સ્ત્રીની સાધારણ ઉંચાઇના કરતાં પણ વધારે ઉંચો દેખાવ લાગતો હતો. ખરેખરી રીતે જોતાં આ બન્ને બાળાઓ પુખ્ત ઉમરની દેખાતી હતી; અને માત્ર રૂપાળી હતી એટલુંજ નહિ. પણ અપૂર્વ ખૂબસુરતીનો ભંડાર હતી, તે એટલે સુધી કે સૌંદર્યમાં બેમાંથી કોને વધારે ગણવી એનું નિરાકરણ કરવાનું ઘણું મુસ્કેલ થઇ પડે. કારણ કે જ્યારે કળાની શરમાળ મોહિનીમાં વધારે અદબ ભરેલું વશીકરણ હતું, ત્યારે કુસુમની વધારે અસરકારક ખૂબસુરતી તરફ જોતાં નાજુક મનોવૃત્તિને ચંચળતા પકડતાં અટકાવવાનું કામ ઘણું અશક્ય દેખાતું.

કુસુમ જાણતી હતી કે પોતે ખુબસુરત છે. તેણીનું ચાલવું, અને તેણીનો દેખાવ જાણે દેખાડી આપે કે તેણી પ્રેમ પાત્ર છે. કળામાં પણ કંઇ તેવી ભભક ઓછી નહોતી, પણ તે તેટલે દરજ્જે દેખાતી નહિ—અથવા નાની ઉમરના શરમાળપણામાં દબાઇ જતી.

બન્ને બેનો એક બીજાને ઘણા પ્યારની લાગણીથી જોડાયેલી હતી, અને પોતાના પિતાને ખરા અંતઃકરણના ઉંડા પ્યારથી ચહાતી હતી. જો કે તે નિરાશ અને પાયમાલ થવાથી ના હિંમત બની ગયો હતો; તોપણ તે આ બાળાઓ તરફ માયાળુપણાથી વર્તતો હતો. તેણે તેમને આબરૂ ભરેલી રીતે ઉછેરવામાં જે ભોગ આપ્યો હતો, તેની કદર તેઓ પૂરતી રીતે પીછાનતી હતી. અને તેનો બદલો તેની ઇચ્છાઓ અને જરૂરીઆતો તરફ

પૂર્ણ આતુરતા ભરેલું ધ્યાન આપવામાં વાળી આપતી. કહેવું જોઇએ કે આ બાળાઓની વર્તણુંકમાં એક સારામાં સારો ગુણ એ હતો કે તેમણે પોતાનો શોખ પૂરો પાડવાને માટે કદી પણ લૂગડાં લત્તાં વગેરેમાં ઉડાઉપણું કરવા માગ્યું નહોતું. વળી તેમણે ઘરકામમાં એટલી બધી કાળજી બતાવી હતી અને એવી કરકસરથી ઘરખટલો ચલાવતી હતી કે ઘરના કામકાજને માટે કોઇપણ કાયમ નોકરની જરૂર પડતી નહોતી. માત્ર કોઇ ખાસ પ્રસંગે કોઇ હંગામી સ્ત્રી નોકર રાખીને તેમનો નાનો ઘરખટલો સારી રીતે સુખ સગવડમાં ચલાવવામાં આનંદ માનતી.

રાત્રિના લગભગ અગિઆર વાગવાનો વખત હતો; તે વખતે આ મકાનના આગલા દરવાજાનું બારણું થોડે દૂર રહેતા એક વેપારીએ ઠોક્યું. કુસુમે ઉઘાડ્યું. તે વેપારી પાસે જે ચીજો મંગાવી હતી, તે તેણે આપી, અને આટલો મોડી રાત્રે આવવા માટે માફી માગીને તે ગયો. ત્યારપછી સૂવાનો વખત થએલો હોવાથી આગલો દરવાજો સંભાળીને બંધ કરવાને માટે કુસુમ બગીચામાં થઇને દરવાજે ગઇ. તેજ વખતે એક માણસ કે જેણે પોતાનું શરીર મોટા ડગલાથી ઢાંકેલું હતું, અને જે હમણાજ તે મકાનની સામે રસ્તા ઉપર એક ભાડાની ગાડીમાંથી ઉતર્યો હતો, તે ઉતાવળો કુસુમની પાસે આવ્યો, અને બોલ્યો કે "થોડો વખત મને અંદર આવવાને અને જરા આરામ લેવાને બેસવાની રજા આપશો!"

તે માણસ દેખીતી આજીજીથી પણ એવી ઢબે બોલ્યો કે આ ઉદાર દીલની અને ભલા સ્વભાવની ભોળી બાળા તેની અરજ ઉપર વિચાર કરવાને એક પળવાર પણ થોભી હોત તો તેણીને તરતજ લાગ્યું હોત કે આવા રાત્રિના વખતે આવી અસાધારણ પ્રકારની તદ્દન અજાણ્યા માણસ તરફથી થતી માગણી એકદમ સ્વીકારી શકાય એમ નહોતું. પણ તેના બોલવાની વિચિત્રતા, અને અચાનકપણાથી તેણી ગભરાઇ ગઇ હતી—અથવા એટલી બધી ધાસ્તી ખાઇ ગઇ હતી કે તેણીના નાજુક હાથે દરવાજાનું બારણું ઉઘાડુંજ રહી ગયું; તેથી પેલો અજાણ્યો માણસ પોતાની માગણી

કુબુલ રાખ્યાની આ નિશાની માની લઇ અંદર દાખલ થઇ ગયો. જેવો તે કુસુમની પાછળ થઇને એ પ્રમાણે ઝડપબંધ અંદર સરી જતો હતો, તેજ વખતે પોતાની આ ગફલતનું તેણીને ભાન થવાથી અજાયબીમાં પડી તેની પાછળ દોડી.

કળા આગલી પરસાળમાં બેઠી હતી, તેમાં સંભાળપૂર્વક યોગ્ય રીતે સરસામાન ગોઠવી શોભાયમાન દેખાવ કર્યો હતો અને દીવાની રોશની સારી હતી. જ્યારે કોઈ માણસનાં ઉતાવળાં અને ભારે પગલાંનો અવાજ તેણીએ સાંભળ્યો, ત્યારે તેણી અજાયબી સાથે ગભરાઇ અને તેણીનાં મોઢામાંથી એક ધાસ્તીની બૂમ નીકળી પડી, અને તેજ વખતે એક કૂદકા સાથે ઉભી થઇ.

પેલો અજાણ્યો માણસ પરસાળમાં પેઠો, અને કળાની અપૂર્વ ખૂબસુરતીથી એકદમ એટલો તો આશ્ચર્યચકિત થઇ ગયો કે તેના એકાએક ઘરમાં પેસવા વિષે માફી માગવા ભાગ્યેજ તે થોડા ભાગ્યાતુટ્યા શબ્દો બોલી શક્યો; અને એટલામાં તો કુસુમ આવી પહોંચી.

આ અજાણ્યો માણસ, જ્યારે કળાની ખૂબસુરતીથી અજાયબ પામ્યો હતો, ત્યારે તેણીની મોટી બેનની, એક રાણીને છાજતી ઠણછબ અને આંજી નાખે એવી સુંદરતાથી તો તે છેકજ છક્ક થઇ ગયો; પણ તરતજ આ તરૂણ બાળાઓના સંબંધમાં તે કેવા સંજોગોમાં આવ્યો હતો, અને એવી રીતે તેના આવવાથી આ સુંદરીઓને તેણે કેટલાબધા ગભરાટમાં નાખી હતી, તેનો તેને વિચાર આવ્યો; અને તેમને ગભરાટમાંથી મુક્ત કરવાસારૂ એકદમ જરૂરી ખુલાસો આપવાનું તેણે યોગ્ય વિચાર્યું.

" ઓ મોહક બાળાઓ, હું સારી રીતે જાણું છું કે મારી આ ચાલ તમારી નજરે ઘણી જંગલી, એક ગૃહસ્થને નહિ છાજતી, અને તદ્દન અયોગ્ય દેખાવી જોઇએ; પણ મને ભરોસો છે કે થોડો વખત નિરાંતે બેસવાની તમે મને રજા આપશો, તો તેટલામાં હું તમને ખાત્રીપૂર્વક સંતોષ પમાડવાને શક્તિવાન થઇશ, કે તમને અઘટિત અપમાન આપવાને હું તદ્દન અશક્ત છું. " તે એવા શાન્ત અને સભ્યતા ભરેલા અવાજે બોલ્યો કે જાણે તેના

અવાજમાં કંઇ વશીકરણ હોય, તેમ બન્ને બેનોને તેના અચાનક આવવાથી થયેલો ગભરાટ ઓછો થવા લાગ્યો.

હવે કુંસુમ પોતાની જગોએ બેઠી, અને કળાએ તેણીનું અનુકરણ કર્યું. પેલો માણસ જ્યારે બોલતો હતો, ત્યારે બન્ને બેનોએ નેત્ર-પલ્લવીથી વાતચિત કરી નક્કી કર્યું હતું કે આવી રીતે સહેજ પરોણાગતની માગણીનો સ્વીકાર ન કરવો એ અસભ્યતા ભરેલું ગણાય.

પેલો અજાણ્યો માણસ, પોતાને મોઘમ રીતે પરવાનગી મળેલી ગણીને પોતાનો ડગલો ઉતારી એક ખુરશી ઉપર બેઠો. આમ કરવામાં તેને જે કંઇ થોડો વખત મળ્યો, તેટલામાં તેણે, પોતે આવી રીતે કેવા સંજોગોમાં આવી પડયો તેનું, આ બન્ને બેનોની સારી લાગણી પોતાની તરફ ખેંચાય એવું કંઇ બંધબેસતું કારણ શોધી કાઢવાનો લાગ સાધ્યો. કારણ કે, તેને પોતાની જીંદગીમાં નહિ જોયેલી એવી સ્વર્ગની પરીસમાન આ સ્વરૂપ સુંદરીઓની સાથે પોતાનું ઓળખાણ વધારવાની આતુરતા એકદમ થઇ આવી હતી.

હવે બીજી તરફ આ બેનોએ પણ જોયું કે તેમનો આ અજાણ્યો પરોણો ઘણો ખૂબસુરત દેખાવનો હતો એટલુંજ માત્ર નહિ, પણ તેની સાથે સુધરેલી ઢબછબનો અને વિવેક ભરેલી રીતભાતનો હતો; અને દુનિઆના તેમના ટુંકા અનુભવમાં જે કંઇ જોવામાં આવેલું તેના કરતાં ઘણો ઉંચા દરજ્જાની સભ્યતાવાળો હતો. ટુંકામાં માત્ર એટલુંજ કહેવું બસ થશે કે પેલા અજાણ્યા ગૃહસ્થે પોતાના વિષે અગાઉથીજ આ બન્ને બેનોના મગજ ઉપર સારી છાપ બેસાડી. તેથી પરિણામ એ થયું કે બેઉ બેનો જ્યારે તેણે વાતચિત શરૂ કરી ત્યારે તે પોતાની વર્ત્તણુંકને માટે જે વાજબી ખુલાસો આપે, તે કબુલ રાખવાને તેઓ—જો કે અજાણપણામાં—પણ પૂરતી રીતે તૈયાર થઈ રહી.

"બાળાઓ, તમને મારો સંપૂર્ણ ખુલાસો આપવો જોઇએ," તેણે પોતાની વાત શરૂ કરી. "એમ ધારીને મારે શરૂઆતમાં કહેવું જોઇએ કે હું અમુક મિલકત ધરાવનાર એક ગૃહસ્થ છું. મારૂં નામ અજીતરાય છે.

કદાચ એમ હોય કે હું મુર્ખાઇ ભરેલી ભલી પ્રકૃતિનો હતો, અથવા કદાચ એમ પણ હોય કે હું એક લુચ્ચા માણસથી ઠગાયો હતો. પણ એટલું તો ચોક્કસ છે કે એક માણસ કે જે મારા દોસ્તદાર તરીકે કહેવાતો હતો, તેની વતી એક મોટી રકમની જામીનગીરીથી હું બંધાયો. પાછળથી તે મારો કહેવાતો મિત્ર નાસી ગયો. હવે જો તમે મારા ઉપર તમારા વિષે જે સારા અભિપ્રાયની છાપ પાડી છે, તે આધારે તમારા બહારના અનુભવ વિષે અનુમાન બાંધવાને મને રજા આપશો, તો હું કહીશ કે તમારી ઉમરની યુવતીઓ કે જે એકાંતમાં શાંત સ્થળે રહે છે, તેઓ ભાગ્યેજ જાણે છે કે જેને કાયદો કહે છે તેનાં ધાસ્તી ભરેલાં કેવાં પરિણામ થાય છે. પણ કદાચ તમે સાંભળ્યું હશે, અથવા વાંચ્યું હશે કે મારા જેવી સ્થિતિમાંના માણસના છુટાપણાને, કાયદાના કહેવાતા સત્તાવાળા—કે જેને બેલીફો કહે છે—તેમના તરફથી મોટી ગેરઆબરૂ સાથે મળતી હેરાનગતિથી કેવી અસર થાય છે. હાલ હું આવી સ્થિતિમાં છું, અને તે કિન્નાખોર દુશ્મનોથી નાસીને જે પહેલું ઘર કે જેનું બારણું ખુલ્લું હતું, તેમાં આશરો લેવાની મારે ઉદ્ધતાઇ વાપરવી પડી—કારણ કે મારી તે વખતની વર્તણુંક તેવા રૂપમાંજ લેખી શકાય."

અજીતરાયે ઉપરની લંબાણ હકીકત કંઇક ગંભીરતાથી અને કંઇક હસતાં હસતાં કહી હતી; અને એવી બોલવાની ઢબથી બન્ને બેનોને તે વાત સાંભળવામાં રસ પડવા સાથે કેટલીક રમુજ ઉપજી.તેમણે અરસ-પરસ નેત્ર પલ્લવીથી પોતપોતાના મનમાં ધાર્યું કે, એક મિત્રને મદદ કરવામાં જે ગૃહસ્થને આટલુંબધું ખમવું પડયું, તેની બની શકે ત્યાં સુધી યોગ્ય આગતા-સ્વાગતા કરવી. તે પ્રમાણે, કુસુમે તેને આશ્રય આપવાની તક મળવા માટે પોતાની ખુશાલી જાહેર કરી; અને તે ભુખ્યો હોય તો પોતાને ત્યાં જે કંઇ સાદો ખોરાક હોય તે કબુલ કરવાને નમ્રપણે સૂચવ્યું.

અજીતરાયે એક દુનિઆદારીના માણસ તરીકે જોયું કે, આ માગણી સ્વીકારવાથી તે પોતે આ બન્ને સુશીલ બેનો સાથે સ્વાભાવિક રીતે વધારે

મિત્રાચારીના સંબંધમાં જોડાશે. તેને તેવું જોઇતુંજ હતું, તે ઉપરથી જો કે તે ભુખ્યો નહોતો તો પણ તેમના માનની ખાતર કુસુમની માગણી કબુલ રાખી. કુસુમ પાણી વગેરેની ગોઠવણ કરવા ઉઠી, અને કળા રસોડામાંથી કંઇ કોરેકોરં ખાવાનું લઇ આવી. અજીતરાયે તેમને આટલી બધી મહેનતમાં નાખવાને માટે, દીલ જીતી લે એવા શબ્દોમાં માફી માગી. કુસુમે સભ્યતાથી અને પોતાની ખેંચાણકારક નાજુકાઈ ભરેલી ઢબે ખુલાસો કરતાં જણાવ્યું કે તેમની સ્થિતિ નોકર રાખી શકે એવી નહિ હોવાથી તેમને ઘરકામ જાતે કરવાની ટેવ પડી ગયેલી છે; અને તેથી પોતાના પરોણાને માટે જરૂરી કામ જાતે કરવાને કંઇ વિશેષ લાગતું નથી. આવા વખાણવા લાયક સદ્‌ગુણોને માટે તેમનાં ભારે ભારે શબ્દોમાં વિવેકસર વખાણ કરવાનો અજીતરાયને આવકારદાયક પ્રસંગ મળ્યો; અને સાથે સાથે આ ચાલાક જુવાને વાતમાં ને વાતમાં તેમને જાણવા દીધું કે, તે પોતે કુંવારી સ્થિતિમાં હોવાથી મધુર સુંદરીઓના સહવાસના સુખથી અજાણ્યો હતો.

વાતચિત આગળ ચાલતાં અજીતરાયે ધીમે ધીમે જાણી લીધું કે હાલ આ ઘરમાં આ બે બેનો એકલીજ હતી; અને તેમનો પિતા તેના કોઇ ખાનદાન સગાને ત્યાં ગયો હતો. વળી આ ભોળી કુમારિકાઓએ પોતાના સરળ સ્વભાવને અનુસરીને પોતાના પિતાને એ પ્રમાણે જવાનું કારણ, અને તે ઉપર બાંધેલી આશાઓ વિષે પણ તેને જણાવ્યું. અજીતરાયે પોતાના ખરા અંતઃકરણની ઇચ્છા બતાવી કે તેમના પિતાની મુસાફરી ફળદાયક નીવડે. અજીતરાયે પોતાની સઘળી વાત ચિતમાં દેખાઇતું નીખાલસપણું બતાવવાને પૂરતી કાળજી રાખી હતી, અને તેની અસર આ ભોળી અને દુનિઆદારીના પ્રપંચોથી અજાણી બાળાઓના ઉપર તેના ધારવા પ્રમાણે થઇ—કે તેમણે આ અજાણ્યા ગૃહસ્થને માટે પ્રથમથીજ જે ઉંચો અભિપ્રાય બાંધ્યો હતો તેમાં વધારો થઈ તે અભિપ્રાય દૃઢ થતો ગયો.

આવી રીતે વાતચિતની મોજમાં ખરેખર એકાદ કલાક નીકળી ગયો, અને ઘડિઆળમાં મધરાતના ટકોરા સાંભળ્યા, ત્યાં સુધી આ યુવતિઓએ

કેટલો વખત ગયો તેનો વિચારજ કર્યો નહોતો, અને ત્યારેજ કેટલું મોડું થયુંછે તે જણાતાં, તેમણે એક બીજા તરફ બેચેનીથી જોયું. આ બેચેનીનું કારણ દુનિઆનો ખાધેલો અજીતરાય ચેતી ગયો. તરતજ તેણે ઉભા થઇને પોતાનો ડગલો લઇને પોતાની કરેલી આગતા સ્વાગતા માટે બન્ને બેનોનો આભાર માનવા કંઇક બોલવા જતો હતો, તેવામાં—તેજ વખતે—તે ઘરની સામે રસ્તા ઉપર કંઇક ભાગવાનો કડકડ અવાજ, તેની સાથે ઘોડાઓના ભડકવાનો અવાજ, સ્ત્રીઓની ચીસોની કીકીયારી, અને માણસોની બૂમોએ આ નાના પણ સુખી ઘરમાંના ત્રણે માણસોને એકદમ ભારે ગભરાટમાં નાખ્યાં.

પ્રકરણ ૨ જું.

સુવાવડ.

પાછલા પ્રકરણના છેવટ ભાગમાં જણાવેલી ચમત્કારિક અને ગભરાટ ભરેલી ગરબડ, બે ઘોડાની એક મુસાફરીની ગાડી કે જે તે રસ્તે ઝપાટાબંધ દોડતી જતી હતી. તેની ધરી એકાએક ભાગી પડવાને લીધે થઇ રહી હતી.

અજીતરાય, સ્ત્રીઓની ચીસો ગાડીમાંથી આવતી સાંભળીને તેમને મદદ કરવા એકદમ દોડયો; કુસુમ અને કળા પણ જરૂર પડે તો પોતાના તરફથી બનતી મદદ આપવા બાગના દરવાજા સુધી ગઇ.

રસ્તા ઉપરનો દેખાવ ઘણો ગુંચવાડા ભર્યો અને ધાસ્તીદાયક હતો. ગાડી હાંકનારાઓ, તેમના ઘોડાઓ કે જે ભયભરેલી રીતે કૂદતા અને લાતો ફેંકતા તોફાન કરી રહ્યા હતા—તેમને શાંત કરવામાં રોકાયા હતા. એક નોકર—કે જે ગાડીની બહારની બેઠક ઉપર બેઠો હતો, તે ત્યાંથી તૂટી પડી

નીચેના પથ્થરો સાથે માથું અફળાતાં ભાગેલી ગાડીથી થોડે દૂર બેભાન સ્થિતિમાં પડયો હતો. એક દાસી કે જે તેવીજ જોખમ ભરેલી જગાએ બેઠી હતી; તેણી બેઠક આગળના કઠેરાના સળીઆને બાઝી રહી હતી. જો કે તેણી પેલા નોકરના જેવા અકસ્માતથી બચવાને વખતસર પકડી લેવા પામી હતી. ગાડીની અંદરની બે સ્ત્રીઓ મદદને માટે મોટી મોટી ચીસો નાખતી હતી.

અજીતરાય પહેલા આવેશમાં ઘોડાના પગની પાસેની ધાસ્તી ભરેલી જગાએ પડેલા નોકરને દૂર ખેંચી કાઢવા ગયો; અને ચંદ્રની સાફ રોશનીથી ઉતાવળી નજરે તેને લાગ્યું કે તે માણસ મરી ગયો નહોતો, અને પાછો ભાનમાં આવતો હતો. અજીતરાયનું બીજું કામ પેલી દાસી કે જે ધાસ્તીથી અધમુઆ જેવી થઇ ગઈ હતી—તેણીને ગાડી ઉપરની જોખમ ભરેલી જગાએથી ઉતરવામાં મદદ કરવાનું હતું. તેણીને સહીસલામત ઉતાર્યા પછી અજીતરાયે ગાડીની અંદરની બાઇઓને બહાર નીકળવા સારૂ ગાડીનું બારણું ઉઘાડયું.

આ તમામ કામ કરવામાં ઉપરની હકીકત લખતાં જેટલો વખત લાગ્યો, તેના કરતાં ઘણો ઓછો વખત થયો હતો. પણ ગાડીનું ઉઘાડું બારણું હાથમાં પકડી રાખી અજીતરાય ઉભો હતો ત્યાંથી ગાડીની અંદર છેક ખૂણામાં બેઠેલી સ્ત્રીના ચહેરા તરફ તેની નજર જતાંજ તે એક અજાયબીની ચીસ નાખી ગાડીનું બારણું છોડી દઇ શહેર તર[illegible]ડી ગયો, અને તરતજ દેખાતો બંધ થઇ ગયો.

ગાડીમાંની સ્ત્રીઓ ધાસ્તીથી એટલી[illegible] ગભરાઇ ગઇ હતી કે જ્યારે અજીતરાયે બારણું ઉઘાડયું, [illegible]ા ચહેરો બરાબર જોઇ શકી નહોતી. તે બન્ને સ્ત્રીઓ એકદમ ગા[illegible]હાર કૂદી પડી પાસે આવતી કુસુમ અને કળાના હાથમાં જઇ પડી. કારણ કે આ ભલી બેનો, અજીતરાયને ઓચિંતો નાસી જતો જોઇને, જેમને તેણે છોડી દીધી હતી, તેમને મદદ કરવા દોડી આવી હતી.

તે બે સ્ત્રીઓ પૈકી એક ૧૮ કે ૧૯ વરસની દેખાતી હતી, અને બીજી તેણીના કરતાં દશ વરસ કરતાં કંઇક વધારે મોટી હોય એમ લાગતું હતું. જેનો ચહેરો જોવાથી અજીતરાયના ઉપર ભારે અચંબા ભરેલી અસર થઈ હતી તે પહેલી સ્ત્રી હતી.

બન્ને બેનો કુસુમ–કળા આ બે સ્ત્રીઓને પોતાના ઘરમાં લઇ ગઇ. ઘરમાં જતાની સાથે પેલી પહેલી તરૂણી એક ખાટલા ઉપર પડતું નાખીને, જાણે મહાભારત દુઃખ થતું હોય તેવી રીતે ધ્રૂજતી ધ્રૂજતી ડુસકાં ઉપર ડુસકાં લેવા લાગી; અને તે જોઇને બીજી સ્ત્રી એકાએક ગભરાટમાં પડી પણ તરતજ સાવધ થઇને કુસુમ અને કળા તરફ જોઇને દયાજનક સ્વરે બોલી. " ઓ યુવાન બાળાઓ, પરમેશ્વરને માટે આ મારી સહીપણીને સૂવાના ઓરડામાં લઇ જવામાં મદદ કરો, કારણ કે તેણીને પ્રસવકાળ પાસે આવ્યો છે. "

આ ખબર જો કે ગમે તેટલી ગભરાટ ભરેલી અને ગુંચવણમાં નાખે તેવી હતી, તો પણ આ ભલી બાળાઓના કોમળ અંતઃકરણમાં દયા ઉત્પન્ન કરવાને બસ હતી. અને તેમણે યોગ્ય ગોઠવણ કરવા માંડી. તે દરમિયાન પેલી બીજી સ્ત્રી ગાડીવાળા તથા નોકરોને અમુક સૂચના આપવા પાછી રસ્તા તરફ દોડી ગઇ.

આ વ[illegible] પેલો નોકર જે બેભાન જેવો થઇ ગયો હતો, તે હવે પૂરેપૂરો ભાનમાં આવ[illegible] અને પેલી દાસી, કે જે કોઇપણ જાતની ઇજા ખમ્યા કરતાં વધારે ધાસ્તી ખાઇ [illegible] હતી, તેણીના હાથનો ટેકો લઇને ધીમે પગલે આ ઘર તરફ આવતો હતો.

પેલી ઘરમાંથી આવતી સ્ત્રી[illegible] કહેવાનું હતું તે ઉતાવળથી અને હુકમની ઢબમાં કહ્યું.

" તારા " તેણીએ દાસીને કહ્યું. " તારી શેઠાણી, જે કે હાલ ભય ભરેલી સ્થિતિમાં છે તેણીની પાસે જલદી જા. " અને આ પ્રમાણે કહે-

વાની સાથે તેણીએ દાસીના તરફ ઉંડા અર્થ વાળી એક નજર ફેંકી કે તેનો હેતુ સાક્ષાત્ દાસી તુરત સમજી જઇને ઘરમાં દોડી ગઇ.

" અનવર, " હવે તેણીએ નોકરને કહેવા માંડયું. " એકદમ આ ગાડીવાળાઓને લઇ જા; અને અકસ્માતની દરેકેદરેક નિશાનીઓ જેમ બને તેમ જલદી કાઢી નાખ. એ માણસોને છૂટથી ઇનામ આપજે; અને આ બનાવ જેમ બને તેમ છૂપો રાખવા પાકો બંદોબસ્ત કરજે. આ પ્રમાણે બધું કર્યા પછી અહીં પડોશમાંજ તારે રહેવાની કંઇ સવડ કરજે, અને તે ઠેકાણું કાલે મને કાગળથી લખી જણાવજે, કે જેથી મારે કંઈ સૂચના આપવી હોય તો આપી શકાય. મારૂં શીરનામું-રાખ, મને વિચાર કરવા દે-કમળાના નામથી કરજે; અને આ ઘરનું ઠેકાણું લખજે. "

અનવરે આ બધી સૂચનાઓ નીચાવળી સલામ કરી માથે ચઢાવી, અને તે બાઇ, કે જેને હવે આપણે કમળા-કે જે નામ તેણીને પહેલાજ વિચારમાં આવી ગયું હતું-એ નામથી ઓળખીશું, તે હવે ઘરમાં પાછી ફરી.

સૂવાના જે ઓરડામાં તેણીની સોબતણને લઇ જવામાં આવી હતી, તે ઓરડામાં જતાંવાર તેણીએ પૂછયું, " મારી વહાલી સખી લીલાવતીને કેમ છે ? "

આ શબ્દો એવી ઉતાવળથી અને દાસી તરફ અર્થસૂચક નજર રાખી તેણી બોલી કે દાસી સમજી ગઇ કે "લીલાવતી" ના નામથી પોતાની શેઠાણીને ઓળખવાની હતી, અને કુસુમ તથા કળા આ નવા બનાવથી એટલી ગભરાઇ ગઇ હતી કે આવો સવાલ પૂછવામાં કંઇ પણ અસાધારણ જેવું તેમને દેખાયું નહિ.

તે આજારી સ્ત્રી-કે જેને હવે આપણે લીલાવતી તરીકે ઓળખીએ છીએ-તે જાતે પ્રસવકાળની શરૂઆતની વેદનાથી પીડાતી હતી; વળી કસુવાવડ જેવો પ્રસંગ હતો. તેથી મનની તથા શરીરની એટલી બધી નબળી સ્થિતિમાં ટળવળતી હતી કે પોતાની આસપાસ શું થાય છે, તે જાણવાને અશક્ત હતી. હવે કમળાએ કુસુમને કાશાવાલાની ઢબે કહ્યું કે, કોઇ હોશી-

આર દાયણ અથવા દાક્તરને બોલાવવો જોઇએ; તે ઉપરથી કુસુમ બહાર ગઈ. તેજ વખતે કળા પણ તે ઓરડામાંથી નીકળીને પરસાળમાં ગઇ, અને પોતાની બેનની રાહ જોતી બેઠી—જે થોડા વખતમાંજ પડોશમાંથી એક દાક્તરને લઇને આવી. દાક્તરને પેલી આજારી સ્ત્રીના ઓરડામાં મૂકીને કુસુમ પોતાની બેન પાસે પરસાળમાં આવી.

"ખરેખર, આ રાત્રિ અજાયબીના બનાવો જોવાની છે, કળા". કુસુમે કળાની પાસે બેસતાં કહ્યું.

"પણ, પહેલા બનાવ કરતાં હાલનો બનાવ ઘણો અસાધારણ અને વળી દિલગીરી ભરેલો છે." કળાએ જવાબ દીધો. "અરે પણ પેલા અજીતરાયનું એકાએક નાસી જવાનું તેં જોયું બેન?

"હું ધારૂં છું કે તેની વર્તણુક ઘણી જંગલી, અને એક ગૃહસ્થને તદ્દન નહિ છાજતી હતી." કુસુમે ઘણા ભાર સાથે જણાવ્યું. "આપણી આગતાસ્વાગતા મેળવ્યા પછી, અને વળી આવી સંશયયુક્ત હકીકતમાં, કંઇ નહિ તો—"

"જતી વખતે આપણી સાથે આભારના બે બોલનો તો વિવેક બતાવવો જોઇતો હતો?" પોતાની બેનનું અધુરૂં વાક્ય પૂરૂં કરતાં કળા બોલી. "પણ અજીતરાય વિષે હવે આપણે વધારે વિચાર કરવાનો નથી."

કુસુમના ઉપર જોકે તેની મધુરી વાતચિત, મોહક રીતભાત અને ખૂબસુરત દેખાવથી તેના વિષે ઉંડી અસર થવા પામી હતી, તેથી પોતે શું કહેવું તે પોતાનાજ મનમાં નક્કી કરી શકી નહિ.

"આપણે આપણી યાદદાસ્તમાંથીજ તેને કાઢી નાંખીશું." થોડીવારે કળા બોલી, "પણ, હવે તો ખરેખર પેલા ઓરડાવાળી બાઈ વિષે વિચાર કરવો જોઇએ, કે જે બિચારીને ગાડીના અકસ્માતથી કસુવાવડ થવાની તૈયારી છે."

"અને તેણી આવા બનાવ માટે બીલકુલ તૈયાર હશે નહિ" કુસુમે

પોતાનો અભિપ્રાય આપ્યો. " હું ધીમેથી તે ઓરડાની પાસે જઇને બારણેથી તપાસ કરીશ કે આપણે કંઇ મદદ કરી શકીએ એમ છે ? "

" હા, વહાલી બેન, તેમ કરવું જોઇએ. " કળાએ જવાબ દીધો. " કારણકે લીલાવતીનો ખૂબસુરત ચહેરો જોતાં જોકે દુઃખથી ગભરાઇ ગયેલો દેખાય છે, તો પણ તેણીને માટે આપણા મન ઉપર સારી છાપ પડી છે. વળી આ સ્ત્રીઓ ખૂલ્લી રીતે શ્રીમંત હોય એમ જણાય છે. તેમનો કીમતી પોશાક અને અમુલ્ય ઘરેણાં જોયાં ? "

" હા, બેન ખરૂં છે. તેઓ બન્નેનો પહેરવેશ ભભકાદાર અને કીમતી છે, અને તેમની રીતભાત પણ ઉંચા પ્રકારની છે. " કુસુમ બોલી. " વળી તેઓ બે ઘોડાની ઉંચા પ્રકારની ગાડીમાં મુસાફરી કરતાં હતાં, અને એક નોકર અને એક દાસી તેમની સાથે હતાં. છતાં એમ તો જણાય છે કે તેઓ ઘણે દૂર જવાનાં નહિ હોય, કારણ કે તેમની સાથે કંઇ સામાન જણાતો નહોતો. "

" હમણા મને પણ તેજ વિચાર આવ્યો હતો. " કળાએ કહ્યું. " મને લાગે છે કે તેઓ કોઇ મોટા આબરૂદાર કુટુંબનાં છે, અને છૂપા વેશથી મુસાફરીમાં નીકળ્યાં હશે. વહાલી બેન, તું જાણે છે કે કેટલીક વખતે આ પ્રમાણે બને છે. ગાડી ઉપરથી એમનો દરજ્જો ઓળખી શકાય એમ નહોતું. "

" વળી નોકર પણ પોતાના ખરા પહેરવેશમાં નહોતો. " કુસુમે વાત આગળ જારી રાખતાં કહ્યું " પણ જાણે કે ઘરમાં કશું અસાધારણ બન્યુંજ ન હોય તેમ જ્યારે આપણે આવા નકામાં ટાહેલામાં વખત ગુમાવીએ છીએ ત્યારે પેલી બિચારીને આપણી કંઇ મદદની જરૂર હશે તો. ?

ભાગ્યેજ આ શબ્દો પૂરા બોલાઇ રહ્યા હશે, તેટલામાં બારણું ઉઘડયું, અને કમળા દાખલ થઇ.

" મારી વહાલી સખીઓ, " તેણી બોલી. " મારી ખરેખરી બહેનની સખી, લીલાવતી તરફ તમે જે માયા બતાવી છે, તેને માટે તમારો આભાર માનવાને મારી પાસે પૂરતા શબ્દો નથી. તમારી ઉમદા વર્તણુકથી

મને ઘણી ઉંડી અસર થઇ છે; અને મને કહેવાને માફ કરશો—પણ ખાત્રી રાખજો કે—પૂરતો બદલો મળશે. "

" અરે, બાઇ, " કુસુમના ચહેરાનો રંગ બદલાઇ જતાં તે બોલી. " જો કે અમે ગરીબ છીએ, પણ અમે કોઇપણ જાતનો બદલો મેળવવા આવું કામ કરતાં નથી. "

" હું તે જાણું છું, મધુરી બાળા " કમળાએ માયાળુપણે અને મેળવી લેવાની ઢબે કહ્યું. " તોપણ કોઇના ઉપકારનો બદલો વાળવાને માટે વાસ્તવિક સાધનો ઘણાં છે, અને તે પણ સામા માણસને ખોટું ન લાગે તેવી રીતે. તોપણ હાલ આપણે તે વિષે કશું બોલીશું નહિ. કારણ કે મારે હજુ એક માગણી કરવાની છે. "

" બોલો, બાઈ, બોલો " કુસુમ બોલી ઉઠી " તમને અથવા તમારી બેનપણીને કોઇપણ રીતે અમે ઉપયોગી થઇ પડીશું, તો અમે ઘણાં ખુશી થઇશું. "

" મહેરબાની કરીને અમારી દાસી તારાને ડાકટરનું ઘર બતાવશો ? " કમળાએ કહ્યું " આ પ્રસંગે જોઇતી કેટલીક ચીજો મંગાવવા ડાકટરે ચિટ્ઠી લખી આપી છે, કારણ કે ડાકટર હાલ જઇ શકે તેમ નથી. પણ તારા અજાણી છે અને આટલી લાંબી રાત્રે કોઇને એકલા જવા દેવા અમે ખુશી નથી. "

" હું તૈયાર છું, બાઇ " ભલા સ્વભાવની કુસુમ બોલી ઉઠી.

તે ઉપરથી તારાને બોલાવી. તે અને કુસુમ બન્ને ડાકટરને ઘેર ગયાં અને ત્યાંથી થોડીવારમાં જન્મેલા બચ્ચાંને જોઇતાં કપડાં લઇ પાછાં આવ્યાં.

આ પ્રસંગે જાણવું જોઇએ કે આ ડાકટર પોતાને ઘેર અમુક સંજોગોમાં, સુવાવડ કરવાને માટે મોટા ઘરની સ્ત્રીઓને રાખતો અને તેથી તેવા વખતમાં જરૂર પડતાં કપડાં વગેરે ચીજો હમેશાં તૈયાર રાખવી પડતી. ડાકતરની સ્ત્રી પણ આવા કામમાં ઘણી કાળજી બતાવતી.

આ દાસી કે જેનું નામ આપણે તારા જાણીએ છીએ તે, ઘણી ડાહી ખબરદાર, અને એકમાર્ગી હતી. તેણીના ઉમર આશરે પચીસેક વરસની હતી.

તેણી સારા દેખાવની, ભણેલી અને તેણીના દરજ્જાને છાજતી વર્તણુંકની હતી.

દાકતરને ઘેર જતાં, અને ત્યાંથી પાછા આવતાં કુસુમ અને તારા વચ્ચે ઘણી થોડી વાર્તાચિત થઇ હતી; અને તે પણ ખાસ મહત્તાની નહોતી.

પ્રિય વાંચનાર ! હવે જે ઓરડામાં લીલાવતી પ્રસવકાળની વેદનામાં પીડાતી હતી અને જ્યાં તેણીની પથારીની એક બાજુએ દાકતર અને બીજી બાજુએ કમળા હતાં, તે તરફ આપણે જરા નજર કરીએ.

લીલાવતીની ઉમર, આગળ જણાવ્યા પ્રમાણે, ૧૮ કે ૧૯ વરસની હતી. તેણી શરીરે ઉંચા ઘાટની અને સારા બાંધાની હતી. ભરાવદાર છાતી એક વિલાસી માણસને મોહ પમાડે તેવી રીતે પૂર બહારમાં ખીલેલી હતી. ખૂબસુરત ચહેરો, મોટી અને કાળી તેજદાર આંખો, પરવાળાં જેવા હોઠ, સફેદ ચંદની જેવાં શીપનાં તેજદાર મોતીની એક સરખી હારની માફક દાંત, અણીદાર નાક, ઘાટદાર હડપચી, કાળા રેશમ જેવા સુંવાળા અને લાંબા ભરાવદાર વાળ કે જે અંબોડો છુટી જવાથી તેણીના ઉસીકા ઉપર અને મન તથા શરીરના દુઃખથી ધબક ધબક થતી છાતી ઉપર વીખરાઇ ગયા હતા. ટુંકામાં એટલુંજ કહેવું બસ થશે કે આ તરૂણી ખરેખર સ્વર્ગની પુતળી સમાન અપૂર્વ સૌંદર્યતાથી ભરપૂર હતી.

તેણીની સખી કમળા કે જે તેણીના કરતાં દશ વરસ કરતાં કંઇક વધારે મોટી હતી, તે પણ કંઇ ખૂબસુરતીમાં ઉતરે તેવી નહોતી, છતાં તેણી કંઇક નાજુક ઘાટની હતી.

થોડીવારમાંજ દાકતરની ચપળ આંખે જોઇ લીધું કે, કમળાની આંગળીએ લગ્નની વીંટી હતી, જ્યારે લીલાવતીની પાસે તેવી કંઇ નિશાની દેખાતી નહોતી. પણ આ અનુભવી અને વિચારશીળ દાકતરે પોતે કંઇપણ જોયું છે એમ કોઇને જાણવા દીધું નહિ. માત્ર પાસેની ખુરશી ઉપર પૈસાની કોથળી હતી, અને બન્ને યુવતીઓના શરીર ઉપર કીંમતી દાગીના હતા, તેથી પોતાની મહેનતના પૈસા પૂરતી રીતે મળશે, એટલું જાણવું તેજ આ દાકતરને માટે બસ હતું.

લગભગ અડધા કલાકની અંદર તારા જોઇતાં લુગડાં વગેરે લઇને પાછી આવી. અને તેણી ખરી અણીને વખતેજ આવી પહોંચી. કારણ કે પછી તરતજ લીલાવતીએ એક ખૂબસુરત છોકરાને જન્મ આપ્યો.

પ્રકરણ ૩ જું.

પુત્રનો ત્યાગ.

પ્રસવ થવા પછી લીલાવતીની તબિયત ઠીક ચાલવાથી મળસ્કે બે વાગે દાકતર પોતાને ઘેર ગયો. અને ત્યાર પછી તે નવા જન્મેલા બચ્ચાની જુવાન માતા અને તેણીની સખી કમળા વચ્ચે તે છોકરાનું શું કરવું, તે વિષે ઘણી ઇન્તેજારી ભરેલી, ગંભીરપણે વિચાર પૂર્વક વાતચિત ચાલી. આખરે તેમણે ભેગી સલાહથી ઠરાવ્યું કે તે બાબતમાં દાકતર સાથેજ અમુક પ્રકારની ગોઠવણ કરવી. તે પ્રમાણે સવારે આઠ વાગ્યા પછી જ્યારે દાકતર પાછા આવ્યા, ત્યારે કમળાએ તેની સાથે પાસેના બીજા ઓરડામાં ખાનગી મસલત કરવાની તક મેળવી.

"દાક્તર સાહેબ," કમળાએ શરૂ કરતાં કહ્યું. "એક ખાસ મહત્વની બાબત તમારા વિચાર સારૂ કહેવાને હું ઇચ્છું છું, પણ તે બાબતની હકીકત શી રીતે શરૂ કરવી, તેને માટે હું ગુંચવાઉં છું."

"બાઇ," દાક્તરે જવાબ દીધો. "જે વિષે તમે મને કહેવા માગો છો, તે વિષે કદાચ હું અનુમાન કરી શકીશ, એવી જો હું તમને ખાત્રી આપું તો તમારો ગભરાટ કંઇક ઓછો થશે."

"ખરેખર, દાકતર" તેની બારીક નજરથી ગુંચવાડામાં પડતાં કમળા બોલી "તમે અનુમાન કરી શકશો કે........"

"તે વાત આ બચ્ચા વિષે છે" દાકતરે પોતાની ઝીણી નજર તેણી-

ના તરફ ફેરવી રાખી તેણીનું વાક્ય પૂરૂં કર્યું; અને વળી બોલ્યો "હું એક આબરૂદાર ગૃહસ્થ છું. મારા ધંધાને લગતી મારી ઘરાકી ઘણા આબરૂદાર લોકોમાં છે, માટે તમારા વિચારો જણાવવાને બીશો નહિ, બાઇ."

"ત્યારે હવે આવી ઘણીજ નાજુક બાબત ઉપર તમને કહેવાને હું જરાપણ અચકાઇશ નહિ." દાકતરના શબ્દોથી હિંમત આવતાં કમળા બોલી "બેશક તમે જોયું હશે કે, મારી દુખીઆરી બેનપણીને હાથે લગ્નની વીંટી નથી; અને ભાગ્યેજ મારે કહેવાની જરૂર જણાશે કે, કાયદેસર લગ્ન થયા સિવાય તેણી એક બચ્ચાની માતા થવા પામી છે. અરે! દાક્તર સાહેબ, એક મોટા આબરૂદાર કુટુંબની આબરૂ નાશ થવાનો વખત આવ્યો છે."

"સ્ત્રીઓની આવી ભૂલો કોઇ જાણી શકે નહિ એવી રીતે ઢાંકવાના ઉપાયો અને રસ્તા છે" દાક્તરે દિલાસો આપતાં કહ્યું.

"અહા! હવે મને આગળ બોલવાને વધારે હિંમત આવે છે," કમળા બોલી ઉઠી. પછી થોડીવારે પાછી બોલી "એ કમનસીબ બાળકને તમે રાખશો સાહેબ? અને તમારી મહેનતનો બદલો તમે વધારેમાં વધારે જે આશા રાખી શકો તેના કરતાં પણ વધારે મળશે."

"હું રાખીશ બાઇ," દાક્તરે તરતજ વગર આનાકાનીએ જવાબ દીધો, "આવી મહત્ત્વની બાબતમાં વધારે ખુલાસાથી ડહાપણ ભરેલી ગોઠવણ થવી જોઇએ. જો હું તમને એમ પૂછું બાઇ, કે આ બાબતમાં જે શરતો આપણી વચ્ચે થાય તે પૂરી પાડવાને માટે તમારા તરફથી મને શો આધાર મળશે, તો તમે મને માફ કરશો?"

"દાક્તરસાહેબ, હવે હું કહું તે ઉપર લક્ષ આપો," કમળાએ જવાબ દીધો "અને તે ઉપર પુખ્ત વિચાર કરો. તે કમભાગ્ય બાળક, કે જેને તેની માતાની ભૂલ તજી દેવાની ફરજ પાડે છે, તેને તમારે ઘેર લઇ ગયા પછી તમારે તે છોકરૂં તમારા ઘરનું છે એમ ગણવું. જો તમને યોગ્ય લાગે તો તમારા પોતાના છોકરા તરીકે રાખો, અથવા તમને યોગ્ય લાગે તો તમારા દૂરના સગાના છોકરા તરીકે અથવા ગમે તે નામે રાખો, અને તમારી પાસે આવ્યા વિષે તમારાં સગાંવહાલાં તથા તમારા મિત્રોને તમે પ્રસંગને અનુસરતી

બંધબેસતી ગમે તેવી હકીકત કહો. મતલબ કે, આ બધું તમારી મરજી પ્રમાણે ગોઠવો; પણ એનાં માબાપ કોણ છે તે શોધી કાઢવાને કદી કોઇપણ પ્રસંગે કશીપણ તજવીજ નહિ કરવાને ખરા અંતઃકરણથી ધર્મપૂર્વક પ્રતિજ્ઞા કરો. આ શરતોએ દશ હજાર રૂપીઆ........"

"દશ હજાર રૂપીઆ!" આ મોટી ગંજાવર રકમનું નામ સાંભળીને એકદમ દાક્તરથી બોલી જવાયું, અને તેને એમ પણ લાગ્યું કે સાંભળવામાં તેના કાન રખેને છેતરાતા હોય.

"હા, દશ હજાર રૂપીઆ," કમળાએ ફરીથી તે રકમ કહી, "એ રકમ પૂરતી થશે?"

"તમે જે જે શરતો કરવા માગો છો, તે સાથે હું આ ગોઠવણ કબુલ કરૂં છું." દાક્તરે જવાબ દીધો. જોકે તે અંદરખાનેથી અતિશય ખુશખુશ થતો હતો પણ બહારથી ગંભીરતાનો દેખાવ રાખ્યો.

"ત્યારે તમે જે જોયું છે અને જાણ્યું છે," કમળા બોલી, "અથવા હવે પછી તે બાળકની માની ઓળખાણ વિષે તમને કંઇપણ શક આવે તો તે છૂપું રાખવાને કદી તૂટી ન શકે એવા સોગનથી તમે બંધાશો? મારા કહેવાનો ભાવાર્થ એવો છે કે, કોઇપણ જગોએ અને કોઇપણ સંજોગોમાં એ બાઇ તમારા જેવામાં આવે તો તેને ઓળખવાની તમારે કોશિશ કરવી નહિ."

"આ સઘળું હું કબુલ કરૂં છું" દાક્તરે જવાબ દીધો. "અને આ શરતો પાળવાને હું ધર્મપૂર્વક પ્રતિજ્ઞાથી બંધાઉં છું."

"વળી ઉપરની શરતોમાં જે છેલ્લી શરત છે," કમળાએ પાછું ચલાવ્યું. "તે મારી પોતાની બાબતમાં પણ લાગુ પાડવાની છે. એટલે કે જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે તમારે મને મળવાનો પ્રસંગ આવે ત્યારે આપણે એક બીજાથી તદ્દન અજાણ્યાં હોઇએ એમ વર્તવું."

"જે જે તમે કહો છો તે બધું હું કબુલ કરૂં છું." દાક્તરે જવાબ આપ્યો. "હવે બીજું કઇ કહેવાનું છે?"

"કંઇ નહિ." તેણીએ કહ્યું. "જે પૈસા મેં તમને આપવાનું કહ્યું

છે, તે આજ સાંજે તમને મળશે. અને મારો દુખીઆની બેનપણીને કોઈ પણ જોખમે આવતી કાલે મારે અહીંથી લઇ જવી પડશે."

"આવતી કાલેજ ?" દાક્તરે અજાયબી બતાવી "જરા વિચાર કરો, બાઇ, કે ઋતુ સારી નથી. શિયાળાની સખ્ત ટુંડી છે, અને પવન જોસબંધ ફુંકાય છે."

"ગમે તેમ હોય પણ આ કામ ઘણી તાકીદનું છે" એમ કહી કમળાએ તેને બોલતાં અટકાવ્યો, કારણ કે તેણી એવી ઢબમાં બોલી કે દાક્તરથી વધારે આગળ બોલી શકાયજ નહિ.

આ પ્રમાણે આ મસલતનો અંત આવ્યો, અને પછી જ્યારે તેઓ સુવાવડીના ઓરડામાં પાછાં ફર્યાં, ત્યારે લીલાવતીએ પોતાની સખીના ચહેરા ઉપરથી સમજી લીધું કે તેણીએ દાક્તર સાથે પુરતી ગોઠવણ કરી છે, પછી થોડીવારે દાક્તર ચાલ્યો ગયો.

ત્યારપછી જમી પરવારીને કમળાએ એક કાગળ લખ્યો, અને તે બંધ બંધ કરીને ટપાલમાં નાખવા જાતે ગઇ. ત્યાંથી ભાડાની ગાડીમાં શહેરમાં એક શાહુકારને ત્યાં જઇને એક મોટી રકમ ઉપાડી, અને પછી બજારમાંથી સ્ત્રીઓ-એ પહેરવાનાં હીરાનાં એરીંગની બે જોડ ખરીદ કરી, તથા બીજી કેટલીક શોભાયમાન ભેટ આપવા લાયક ચીજો પણ ખરીદ કરી, જેમાં આશરે બસેં રૂપીઆ ઉપરાંત ખર્ચ થયો હશે.

પછી કમળા કુસુમોદ્યાનમાં પાછી આવી; અને એરીંગ વગેરે ખરીદ કરી લાવેલી વસ્તુઓ કુસુમ તથા કળાને ભેટ તરીકે આપી. આ બન્ને બાળાઓ, જોકે આ બક્ષીસથી ઘણી રાજી થઇ કે જે પોતાને ગમતી અને શોભાયમાન હતી તોપણ પોતે જે કંઇ મદદ કરી , તેના બદલા તરીકે આવી કીમતી વસ્તુઓ લેવી એ યોગ્ય નહિ એમ કહી, તે લેવાને માટે ના પાડી. પણ કમળાએ આવી નજીવી બક્ષીસ બદલા તરીકે નહિ, પણ તેમની માયાળુ મિત્રતાની યાદગીરી તરીકે કબુલ રાખવાને બન્ને ભલી બે-નોને ફરજ પાડી.

આ પ્રમાણે ગોઠવણ કર્યા પછી, સાધારણ વાતચિતમાંજ કમળાએ આ બન્ને બેનોને બહુ સાદાઇ ભ'લી રીતે જણાવ્યું કે ગઇ રાતનો બનાવ જેમ બને તેમ છૂપો રાખવાનો છે, અને તેમ કરવાનું કારણ જણાવવાનું તેણી જરૂર ધારતી નથી. બન્ને બેનોએ તે પ્રમાણે વર્તવાને વચન આપ્યું: પણ તેની સાથે જણાવી દીધું કે તેમના પિતા જ્યારે ઘેર પાછા આવશે ત્યારે જે બન્યું છે તે તેમને તો જણાવ્યા સિવાય ચાલશે નહિ; છતાં તેમણે કમળાને ખાત્રી આપી કે તેમને પોતાના ઘરમાં આ પ્રમાણે આશ્રય આપવાને માટે તે ઠપકો આપશે નહિ, એટલુંજ નહિ પણ તે બીજે ઠેકાણે વાત પણ કરશે નહિ.

આ પ્રમાણે સાવચેતીના સઘળા જરૂરી ઇલાજો લીધા પછી, સંધ્યાકાળનો વખત થયા બાદ, કમળાએ દાક્તરને તેડાવ્યો. તે આવ્યા પછી તેને કમળાએ ઠરાવેલા દશહજાર રૂપીઆ, સોનાનાણામાં તથા ચલણી નોટમાં આપ્યા. હવે લીલાવતીને તેના બચ્ચાથી છૂટા પડવાનો વખત આવી પહોંચ્યો. દેખાવ ઘણો દુઃખદાયક અને કરૂણાજનક હતો; કારણકે જોકે તે બચ્ચું પોતાની માતાની ભૂલનો જીવતો પૂરાવો અને તેણીની ગેરઆબરૂની સાબીતિ હતું, છતાં તે નિરપરાધી બચ્ચા તરફ તેણીનો એક માતા તરીકે કુદરતી પ્યાર ઉભરાઇ આવે, એમાં કાંઇ નવાઇ જેવું નહોતું. પોતાના બાળકને શોક અને દયા મિશ્રિત મમતાળુ લાગણીથી નિહાળતાં, તેણીનો ચહેરો ઘણો ઉશ્કેરાયેલો દેખાયો, અને આંખોમાંથી ડબક ડબક આંસુ પડવા માંડયાં.

પણ અફસોસ! તે ભાગ્યહીન છોકરાને અજાણ્યા માણસને આપી દેવાની—તેનાથી હમેશને માટે જાદા પડવાની—તેના ઉપરનો એક માતા તરીકેનો હક્ક હમેશને માટે છોડી દેવાની, તેણીને—પોતાની—પોતાના કુટુંબની આબરૂ ખાતર ફરજ પડી હતી. આ બધો ભોગ આપવાથી તેણીના અંતઃકરણમાં સખ્ત વેદના થતી હતી, પણ બીજો કંઇ ઇલાજ નહોતો. અને આખરે જ્યારે તે બાળકને કમળાએ તેણીની પાસેથી લીધું, ત્યારે તે ક-

ગાળ, દુઃખી સ્ત્રી પોતાના સફેદ નાજુક હાથોથી પોતાનું મોઢું ઢાંકીને ડુસકે ડુસકે રડવા લાગી.

પણ હવે આ દેખાવ વધારે લંબાયો નહિ. કારણકે મનની આ બધી દુઃખી લાગણીઓનું બીન માહિતગાર જે કારણ હતું, તેને કપડામાં વીંટાળી દીધું; અને તારા તેને પોતાના હાથ ઉપર લઇને દાક્તરની સાથે તેને ઘેર ગઇ. ત્યાંથી પાછી આવ્યા પછી તેણીએ લીલાવતીને ખાત્રી આપી કે દાક્તરની સ્ત્રીએ તે બચ્ચાને માટે જરૂરી બધી સગવડ કરી હતી, અને તેને ધવડાવવા માટે એક ધાવ પણ રાખી હતી.

આ રાત્રિ તેમણે જેમ તેમ કરીને કુસુમોદ્યાનમાં ગાળી; પણ મળસ્કે જ્યારે હજુ તો પૂરૂ અજવાળુ પણ થયું નહોતું, તે વખતે એક ગાડી દરવાજા પાસે આવીને ઉભી રહી. અને લીલાવતીને ઠંડી ન લાગે તેવી રીતે ગરમ કપડાંથી શરીર ઢાંકી દઇ, ગાડીમાં લઇ જવામાં આવી. તેણીની પાછળ કમળા ગઇ, અને ગાડીમાં બેઠી. તારાએ પોતાની બેઠક નોકર અનવર કે જે ગાડી સાથે આવ્યો હતો, તેની સાથે ગાડીની બહાર લીધી. ગાડી પહેલે દિવસે જે તરફથી આવી હતી, તે તરફ એટલે શહેર તરફ ચાલી ગઇ.

ઇનસાફને ખાતર આ જગોએ એટલું જણાવવું જોઇએ કે તે બન્ને બાઇઓ જતી વખતે આ ઘરમાં જે સગવડ ભરેલો આશ્રય મળ્યો હતો, તેને માટે બન્ને બેનોનો આભાર માનવાનું ભૂલી ગઇ નહોતી, એટલુંજ નહિ પણ યોગ્ય પ્રસંગે જેમ બને તેમ જલદીથી તેમને મળવા આવવાને કમળાએ વચન આપ્યું હતું.

પ્રકરણ ૪ થું.

અજીતરાય મોહજાળ પાથરે છે.

તેજ દિવસે બપોર પછી ત્રણ-ચાર વાગે બન્ને બેનો વાતો કરતી બેઠી હતી. મુખ્યત્વે કરીને તેમની વાતચિતનો વિષય પેલા રાત્રે બની ગયેલા અસાધારણ બનાવોનો હતો. તે અરસામાં દરવાજા આગળ એક ભાડાની ગાડી આવીને ઉભી રહી. તે ગાડીમાંથી એક મધ્યમ ઉંમરનો સાધારણ પહેરવેશનો, કોઇ ગૃહસ્થના નોકર જેવો દેખાતો માણસ ઉતર્યો. તેણે શાંતિથી બાગમાં દાખલ થઇ મકાનના ઓટલા ઉપર જઇ બારણું ઠોક્યું; અને ગાડીવાળો ગાડીમાંથી બે ત્રણ નાની ટોપલીઓ તથા કંડીઆ લઇને તેની પાછળ આવ્યો. આ વખતે કામ કરનારી નોકરડી કામ કરવા આવી હતી, તેણે બારણું ઉઘાડ્યું, ત્યારે પેલા માણસે બે બેનાને મળવાની ઇચ્છા જણાવી; જે ઉપરથી તેને આગલી પરસાળની પાસેનો ઓરડો જે દીવાનખાના તરીકે વપરાતો હતો, અને જ્યાં બન્ને બેનો બેઠી હતી ત્યાં લઇ જવામાં આવ્યો. તેણે આ બેનોને નીચાવળી નમીને માનપુર્વક સલામ કરીને કહ્યું કેઃ—

"મને આપને જણાવવાને ખુશી ઉપજે છે કે હું અજીતરાયનો નોકર છું મારા શેઠે ગઈ પરમ દિવસની રાત્રે પોતાના અચાનક ચાલ્યા જવા વિષે તમારી માફી માગવા મને ફરમાવ્યું છે; પણ તેમ બનવાનુ કારણતો હવે પછી જ્યારે તે તમને જાતે મળશે ત્યારે સંતોષકારક રીતે જણાવશે. વળી તેમણે મારી સાથે કેટલીક ગમત ઉપજાવનારી ચીજો તથા કેટલાંક ફળ તથા મેવો મોકલ્યો છે; અને તે તમે સ્વીકારશો એવી તેમણે આશા રાખી છે. છેલ્લું તેમણે એવું કહેવડાવ્યું છે કે જો આજ સાંજે તમને પૂરતી ફુરસદ હશે તો એકાદ કલાકને માટે તમારી પાસે આવવાને તેઓ તક મેળવશે, કે જ્યારે ઉપર કહેલો ખુલાસો કરશે."

"તમે મહેરબાની કરીને, અજીતરાયને અમારી આભારની લાગણી

પહોંચાડશો." કુસુમે કહ્યું. તેણીને આ વખતે નહિ સમજાય એવી આંતરિક ખુશાલીથી છાતી ધબકારા લેતી હતી. "અને તેમને ખાત્રી આપજો કે જોકે માત્ર સભ્યતાની ખાતરજ અમે તેમની આ નમુનેદાર ભેટ કબુલ રાખીએ છીએ, છતાં પણ તેમણે આ ગરીબ ઘરમાં જે એકાદ કલાક આશ્રય લીધો તેનો બદલો વાળવાને તેમણે મહેનત લીધી તેને માટે અમે ઘણી દિલગીર છીએ. આજ સાંજે અમને બીજું કાંઇ રોકાણ થશે કે કેમ તે કહી શકાતું નથી, પણ મહેરબાની કરીને અજીતરાયને અમારા તરફથી જણાવશો કે તે રાત્રે તેમના ઓચિંતા ચાલ્યા જવા વિષેનો ખુલાસો આપવાને માટેજ ખાસ તેમને અહીં સુધી આવવાની તસ્દી લેવાની બીલકૂલ જરૂર નથી."

"તમારો સંદેશો બરોબર પહોંચાડીશ" તેણે નમ્રતાની ઢબે કહ્યું "પેલી બે બાઇઓ—કે જેમને તે રાત્રે ગાડીનો અકસ્માત નડયો હતો, તેમના વિષે પૂછવાનું મને મારા શેઠે ફરમાવ્યું છે તેઓ આશા રાખે છે કે————"

"કંઇ પણ ઇજા સિવાય તેઓ સારા નસીબે બચી જવા પામી છે" કુસુમે વચ્ચેથીજ જવાબ દીધો "અને હવે તેઓ આ ઘરમાં નથી"

"તમને આટલો બધો વખત રોકાણ કરી તસ્દી આપવાને માટે હું માફી માગું છું" એમ કહીને નીચાવળી સલામ કરી તે ચાલી નીકળ્યો."

ઉપરની વાતચિત દરમિયાન ગાડીવાળાએ પેલી ટોપલીઓ અને કંડીઆ પરસાળમાં લાવીને મુકયા હતા, જે તપાસવાને હવે બન્ને બેનો ઉઠી. તેમાં ઘણી ઉચી જાતનાં ફળ—જેવાં કે—દાઢમ, સફરજન, કેળાં, અને નારંગી, હતાં, તથા બદામ, સાકર, ચારોળી, પસ્તાં અને અખોડ એ વગેરે મેવો હતો. એક ટોપલીમાં સરસમાં સરસ મીઠાઇ—બરફી, પેંડા, કોપરાપાક વગેરે, હતી. તે સિવાય કાચનાં શોભાયમાન રમકડાં, ભીંતોએ ટાંગવાનાં તથા પાટીઆ ઉપર ગોઠવી શકાય એવાં હતાં.

અજીતરાયે બતાવેલા આવા નાજુકાઇ ભરેલા માનથી બન્ને બાળાઓને ઘણો સંતોષ પેદા થયો હતો; અને કુસુમને તેની પહેલી ઓળખા-

ણની રાત્રે તેના અચાનક ચાલ્યા જવા વિષે તેની વર્તણુંક ઉપર તેણીએ બતાવેલા તિરસ્કાર માટે પોતાના અંતઃકરણમાં પશ્ચાતાપ થયો એટલુંજ નહિ પણ, તેણે તે સાંજે મળવા આવવા માટે જે ખબર કહેવડાવેલી તેથી અંદર ખાનેથી તેણી ઘણી ખુશી થતી હતી, પણ તેણીએ પોતાની લાગણી પોતાની બેનને જાણવા દીધી નહિ.

સાંજે પાંચ વાગ્યા પછી કુસુમે સૂચના કરી કે જે ગૃહસ્થ મળવા આવવાનો છે, તે દેખાઇતી રીતે ખાનદાન અને સારા મંડળમાં ફરતો હોય એમ લાગે છે, તેથી તેના માનની ખાતર તેમના પોશાકમાં કંઇ સારો ફેરફાર કરવો જોઇએ. કળા, જો કે આવી બાબતમાં તેણીની બેનના કરતાં તદ્દન બેદરકાર હતી, છતાં તે સૂચના કબુલ કરી તે પ્રમાણે બન્ને બેનો પોતાની પાસેનો ઉંચો પોશાક સજવામાં તથા માથું હોળી ચોટલો વાળવામાં રોકાઇ ગઇ. કહેવાની જરૂર નથી કે કમળાએ બક્ષીસ તરીકે આપેલાં સુશોભિત એરીંગ કાને લટકાવી શોભામાં વધારો કરવા આ બાળાઓ ભૂલી ગઈ નહોતી.

કદીપણ નહિ દેખાયેલી એવી અપાર ખૂબસુરતીના બહારમાં આ વખતે કુસુમ-કળાનું સ્વરૂપ ખીલી રહ્યું હતું. કુસુમે નકશીદાર ગુલવાળા ચણીઆ ઉપર ગુલાબી રંગનો બુટ્ટાદાર સાળુ પહેરી, સુધરેલી ઢબનું ખભા ઉપર ફૂલો નીકળતુ નકશીદાર પોલકુ પહેરી લીધું હતું. કળાએ વાદળી રંગનો ઝીણા ફૂલવાળો સાળુ પહેર્યો હતો. તેણીએ પહેરેલું પોલકું પણ નવી ઢબનું હતું.

જો કોઇ બારીકાથી જુએ તો તેને જણાયા વગર રહે નહિ કે કળાના કરતાં કુસુમે પોતાનો પોશાક વધારે કાળજી અને ટાપટીપથી પહેર્યો હતો. કળાએ આરસીમાં જોતાં તેણીની ખાત્રી થઇ કે હમેશાં તે જ્યારે સારી રીતે પોતાનો પોશાક પહેરે છે, ત્યારે જેવી દેખાતી હતી, તેવીજ આ વખતે પણ દેખાય છે. પણ કુસુમે તો ખાસ આ પ્રસંગે ચઢીઆતાપણું કરવા ખૂબ લક્ષ આપ્યું હતું. માથું હોળવામાં, સેંથો પાડવામાં, અંબોડો વાળવામાં અને એવીજ બીજી દરેક જાતની ટાપટીપમાં ઘણી મહેનત લીધી હતી; અને

વારંવાર આરસીમાં જોતી હતી કે રખેને કંઇ ખામી રહી ગઇ હોય વળી હસવાથી પોતાનો ચહેરો કેવો દેખાય છે, તથા દાડમની કળી સરખા દાંતની સીધી હારો દેખાય છે કે નહિ; આવી આવી ઝીણામાં ઝીણી બાબતો વિષે પણ આરસામાં જોઇ ખાત્રી કરતી હતી. આમ કરવામાં કેટલોએક વખત નીકળી ગયો. આટલું છતાં, વાંચનારે ખાત્રી રાખવી કે, તેણી આટલો બધો ભભકો ખાસ ઇરાદા પૂર્વક કરે છે, એવું કુસુમે પોતાની નાની બેનના લક્ષમાં નહિ આવવા દેવા પૂરતી કાળજી રાખી હતી. તેણીને હવે ગર્વ પૂર્વક લાગ્યું કે તેણી સૌથી સરસ ભરપૂર ખૂબસુરતીની રમણી દેખાતી હતી.

પછી બન્ને બેનો આગલી પરસાળમાં બેઠી. અને પાસે એક મેજ ઉપર ફળ, મેવો અને મીઠાઈ વગેરે પદાર્થો એવી સરસ રીતે ગોઠવ્યા હતા કે તે વખતે કદાચ કોઇ રાજાનો કુંવર આવે તો તે પણ આવી અનુપમ સુંદરીઓ સાથે તેમના નાના અને સાદા ઘરમાં તેમની સાથે થોડો વખત ગાળવાને ખુશીથી કબુલ થાય.

કળા એક ધર્મનું પુસ્તક લઇ વાંચતી બેઠી હતી,જ્યારે કુસુમ તો પોતાના વિચારોમાંજ ગરકાવ થઇ ગઇ હતી. જો કે તે વિચારો કોઇપણ જાતની નાખુશીના તો હતાજ નહિ, કારણ કે તેણીની ઉમરના પ્રમાણમાં દુનિઆના અનુભવ વગરની હોવાથી પોતાના સુખનાં સોનેરી ચળકતાં કિરણો જોતી હવામાં કિલ્લા બાંધતી હતી.

જે અજીતરાયને આવવાની તેણી વાટ જોતી હતી, તેનું ખૂબસુરત અને ભરાઉ અંગ, તેના બોલવાની છટા, તેનો ઉમરાવ દેખાવ—તેનો કોમળ પણ મરદાનગી ભરેલો અવાજ—તેના હસવાની મધુરતા અને વાતચિત કરવાની તેની મનોહર રીતભાત, આ બધુ તેણીની નજર આગળ ખડું થયું. વળી તેની સાથે તેણીને યાદ આવ્યું કે તે કુંવારો હતો એમ તેણે કહ્યું હતું. આવાને આવા વિચારોમાં મશગુલ બની જતાં તેણીની છાતીમાં ધીમાધીમા ધબકારા થવા લાગ્યા, અને અંદર ખાનેથી શરમાતી હોય એમ લાગ્યું.

એવામાં એકાએક આગલું બારણું ખખડવાના અવાજથી કળા પોતાના વાંચનમાંથી અને કુસુમ પોતાની વિચારમાળામાંથી ચમકી ઉઠી; અને

અત્યાર સુધી હાલ આવનારનેજ પોતાના મગજમાં મુખ્યસ્થાન આપવાથી પોતાનું અંતઃકરણ ગુનેગાર છે એમ કુસુમને લાગ્યું. તેમ છતાં અજીતરાય અંદર દાખલ થયો તેટલામાં તો તેણીના ચહેરા ઉપર શરમાળપણાની છાયા પડી રહી.

અજીતરાય કળાને એક સ્નેહી તરીકે સભ્યતાથી મળ્યો. પણ કુસુમના શરમાળ ચહેરાથી, અને અપૂર્વ ખૂબસુરતીથી તે એટલો બધો મોહમાં પડી ગયો કે એકદમ તેણીનો હાથ લઈ તે ઉપર આતુરતા ભરેલું ચુંબન લીધું. આ બનાવ એવો અચાનક અને ઝપાટામાં બન્યો કે કુસુમની મરજી હોત તો પણ તેને અટકાવવાની તેણીને તક મળત નહિ, તેમ કળાના જોવામાં પણ આવ્યું નહિ. છતાં તેના પરિણામે કુસુમના અંતરમાં નવા વિકારોએ પ્રવેશ કર્યો, અને તેણીએ ધાર્યું કે નહિ ધારી શકાય એવી રીતે અને એકાએક તેણીના સુખનાં મધુર સ્વપ્નાં ખરાં પડયાં, અને તેથી ખરેખરા કાંલ્પનિક સુખમાં નિમગ્ન થઇ ગઇ.

અજીતરાય દુનિઆદારીનો અનુભવી માણસ હતો, અને સામા માણસના અંતઃકરણની કુંચીઓ જાણવાની હીકમત સારી રીતે જાણતો હતો. તેમાં પણ ખાસ કરીને સ્ત્રીઓના મનનો તો તે પૂરેપૂરો નાડીપરીક્ષક હતો, કે જેથી એક પળવારમાં તેમના ચેહેરા ઉપરથી તેમનાં મન પારખી શકતો. કુસુમના ચેહેરા ઉપર થતી અસર તેણે જોઈ લીધી હતી, અને તેનો ભાવાર્થ તે તરત સમજી શકયો હતો. તેણે એક ક્ષણમાં જોઈ લીધું કે તેણીના મનને તે પારકો નહોતો. તેણીએ પોતાનો હાથ ખેંચી લીધો નહિ. જ્યારે તેણે તે હાથ ઉપર ચુંબન લીધું ત્યારે તેણીએ જરાપણ અણગમણીનો અવાજ સરખો પણ કર્યો નહિ. તેનું તે કૃત્ય તેણીએ અટકાવવા કોઇપણ જાતની કોશિશ પણ કરી નહિ. તેણીના ગાલ ઉપર ચઢી આવતી રતાશ તેણીની ઉંડી ખુશાલીની નિશાની હતી—નહિકે ગુસ્સાના દેખાવની. તેણીની ચમકતી આંખોમાં રમી રહેલું કામવિલાસીપણું, ભરાવદાર છાતીનું ઉછળવું, અને તેના હાથમાં તેણીનો હાથ જે સહેજવાર રહ્યો, તેટલામાં તેણીની આંખોમાં

જોસબંધ વહેતો નાજુક લાગણીનો પ્રવાહ—આ બધું સામટી રીતે જોતાં તેની ખાત્રી થઇને કે કુસુમના પ્યારને માટે તેણે માત્ર માગણી કરવાનીજ બાકી રહી હતી.

પાસેના મેજ ઉપર ફળ વગેરેની ગોઠવણુ જોઇ અજીતરાયે હસતાં હસતાં કહ્યું કે "આમાં જો કોઇ પણ ચીજની ખામી હોય કે જેના ઉપર મારી પ્રીતિ અધિક છે તો તે એક પ્યાલા ચા નીજ છે." આવું સાંભળીને કળા વધારે ચાલાકીથી ચા તૈયાર કરવા મંડી પડી, કે જ્યારે તે માનવંત પરોણાને કુસુમની પાસે એકલા રહેવાની તક મળી. વાંચનારને કહેવાની જરૂર નથી કે આવી સોનેરી તક મેળવવા માટેજ તેણે ચાની માગણી કરી હતી.

"અજીતરાયજી," કુસુમ એકલી પડતાં ધબકારા લેતી છાતીથી અને થડકાતે સાદે બોલી. "તમે આજ જે નમુનેદાર ભેટ અમને મોકલી છે, તેને માટે અમે તમારો આભાર માનીએ છીએ."

"માત્ર નજીવી અને તે પણ તમારે લાયકની નહિ," તેણે રમુજી મજાકમાં જવાબ દીધો," પણ ઉતાવળમાં જે હું મેળવી શક્યો તે પ્રમાણે હું મોકલી શક્યો છું. તે માત્ર એવું બતાવવાને માટે કે તમારા વિષેનો વિચાર મારા અંતઃકરણમાથી ગયો નહોતો, અને તમે તો ખરેખર મારા મનમાંથી ખસવાનાંજ નથી" છેલ્લો શબ્દો તે કુસુમના સામે હસમુખે ચહેરે જોઇને ભાર દઇને ધીમેથી બોલ્યો, "પણ અમુક બાબત વિષે ખુલાસો આપવાનું મેં તમને વચન આપ્યું છે," તેણે તરતજ વાતની વલણ બદલી કારણ કે તેના છેલ્લા શબ્દોથી કુસુમ એવા ગુંચવાડામાં પડી હતી કે, કળાનું ધ્યાન તે તરફ ખેંચાય. "તોપણ એટલી તો હું આશા રાખુંછું કે, મારો નોકર—વિરમ—એવું કહેવાને ચૂક્યો નહિ હોય કે તે રાતની મારી જાણી નહિ શકાય એવી અચાનક કઢંગી વર્તણુક માટે તમારી માફી માગવાની હતી, તે હું જાણુતો હતો."

"તમારા નોકરે સઘળું કહ્યું હતું, અજીતરાયજી" કુસુમે તરત સામે જવાબ વાળ્યો. "પણ અમારે કંઇ ખુલાસો જોઇતો નથી; કારણ

કે અમે સારી પેઠે જાણીએ છીએ કે ઇરાદા પૂર્વક ઉદ્ધતાઇ ભરેલી વર્તણુક ચલાવો એવા તમે નથી.”

“મારા વિષે તમારા આવા સારા અભિપ્રાય માટે હું તમારો ઘણો આભારી છું, કુસુમસુંદરી–વહાલી કુસુમ–” આ પાછલા બે શબ્દો કળાનું ધ્યાન બીજી તરફ રોકાયેલું જોઇ અજીતરાયે ધીમેથી કુસુમના તરફ પ્યાર ભરેલી નજર નાખી કહ્યા–તેણીએ પોતાની નહિ મરજી છતાં અણજાણપણે તે પ્યાર ભરેલી નજરનો તેવીજ નજરથી મુગો જવાબ વાળ્યો, કારણકે આ વખતે તેણી પોતાનાં કૃત્ય અને મનની લાગણીની માલીક નહોતી. “તોપણ, મને પોતાને ઇનસાફ ખાતર તેમજ તમારા તરફની મારી માન ભરેલી લાગણીને માટે તે રાત્રે હું એકદમ ચાલ્યો ગયો, તે વિષેનું કારણ મારે સમજાવવું જોઇએ. પણ પ્રથમતો મને એટલું જણાવો કે તે બાઇઓ કોણ હતી, તે વિષે તમને કંઇ કહ્યું હતું ?”

“એકતો કોઇ લીલાવતી કરીને હતી, અને બીજી કમળા નામની હતી” કળાએ જવાબ દીધો “પણ મને અને કુસુમને શક હતો.” તેણીએ સંશય ભરેલી રીતે કહ્યું.

“ખરેખર ?” અજીતરાયે કળા તરફ આતુરતાવાળી નજર નાખી કહ્યું “અને કળાસુંદરી, તે તમારો કેવો શક હતો, વારૂ ?”

“અરે, અમે તો એમ ધાર્યું કે તે કોઇ મોટા ઘરની સ્ત્રીઓ છૂપા વેશે બહાર નીકળી પડી હશે.” તે રમુજી બાળાએ જવાબ દીધો, અને ચા કાઢવાના કામમાંથી અટકી.

“નહિ બની શકે તેવું નથી.” અજીતરાયે બેદરકારીની ઢબે જવાબ દીધો, પણ જો આ બાળાઓ વધારે અનુભવી હોત તો તેની બોલવાની ઢબથી તેને થતી અસર પામી જાત. થોડી વારે પાછો તે પોતાની આતુ શાંત ઢબે અને મંદાણુપણે બોલ્યો. “હું ધારૂં છું કે એ લીલાવતી તથા કમળાએ મારા વિષે કંઇ પુછ્યું નહિ હોય ?”

“ના, ના” કળાએ જવાબ આપ્યો. “પણ, શું તમે ત્યારે આ બાઇઓને ઓળખેલી ? એમ તો હું ભાગ્યેજ માની શકું. કારણકે જો

તેમ હોય તો તમે એ પ્રમાણે નાસી જાત નહિ.” રમતિયાળ ઢબમાં તે-ણીએ પુછ્યું.

“ અહો ! હવે મને યાદ આવેછે કે મારે તમને જે ખુલાસો કર-વાનો હતો, તે હજુ કર્યો નથી;” અજીતરાયે જવાબમાં કહ્યું. “ અને હવે તેમ કરવામાં ઢીલ નહિ કરૂં. હવે, ત્યારે ખરી હકીકત તો એ છે કે, જે ગાડીને અકસ્માત થયો હતો, તેમાંની બન્ને સ્ત્રીઓને–જે મારા મિત્રને લીધે હું થોડીવાર ગભરાટમાં પડયો હતો, તેની નજીકની સગીઓ તરીકે મેં ઓ-ળખી હતી; અને તે વખતે મારા મનમાં એવો ગુસ્સો ઉપજ્યો કે મેં તે વખતે શું કર્યું, તેનું મને ભાનજ રહ્યું નહોતું. તે વખતના જુસ્સાના આવેશમાં કંઇપણ વિચાર કર્યા વગર, તે બાઇઓ—કે જેમની સાથે એક પણ શબ્દ બોલવાથી મારી દુઃખભરેલી હાલતની યાદ તાજી થાય, તે દૂર કરવાને માટે હું ઝડપબંધ તે જગો છોડી ગયો.”

“ ત્યારે આ બે બાઇઓને તમે ઓળખતા હતા, કેમ ?” કુસુમે પુછ્યું. “ ત્યારે તો અમને કહો કે તેમણે પોતાનાં ખરાં નામ આપ્યાં હતાં કે પછી મારી બેનની સંશયયુકત વિચિત્ર ધારણા ખરી છે ?”

‘ હા, પ્રિય કુસુમ સુંદરી, તેમણે પોતાનાં નામ વિષે તમને છેતર્યાં નથી.” અજીતરાયે જવાબ દીધો; અને કળા એક નારંગીની ચીરી કરવા એક બાજુ એ ઉભી હતી, તે તકનો લાભ લઇને તેણે ધીમા અવાજે કુસુમને કહ્યું. “કારણ કે કોઇ પણ બાબતમાં તમારા જેવી સ્વરૂપસુંદર રમણીને કોણ છેતરે ?”

કળાએ ચાના પ્યાલા મૂકયા. તથા નારંગી અને સકરજનની ચીરી-ઓ અને દાડમના કળીઆ તથા થોડી થોડી મીઠાઇ એ બધું મૂકયું. સાએ પોતપોતાની રૂચી પ્રમાણે લીધું. અજીતરાયે પોતાની નહિ મરજી છતાં, સારૂં લગાડવાને માટે વખાણી વખાણીને ચાના બે પ્યાલા લીધા; અને નારંગી વગેરેનો થોડો થોડો ઉપયોગ કર્યો—તેણે પાકે પાયે ધાર્યું કે તેમની સાથે આવી રીતે છૂટથી ભેળાઇ જવાથી, આ સાદી-ભોળી-અને ભલા સ્વભાવની બાળાઓનો બહુ ઉંચો અભિપ્રાય તે પોતાને માટે મેળવી શકશે. અને

આ પ્રમાણે ચા વગેરેથી પરવાર્યા પછી તો જાણે કે કેટલી લાંબી મુદત-થી તે તેમના ધાડા ઓળખાણવાળો હોય, એવી રીતે બન્ને બેનોના સંબંધ-આવી ગયો.

આ પ્રમાણે થાય તેમાં કંઇ આશ્ચર્યકારક નથી. આપણે જોયું છે કે, આ કુમારિકાઓ બહારના લોકોના સંબંધમાં કવચિતજ આવતી, અને તેથી જનસ્વભાવથી બીલકુલ બીન અનુભવી હતી; ત્યારે આપણો આ ફાંકડો અજીતરાય ખુશમિજાજી, અને દરેક જાતના પ્રપંચમાં પુરો કેળવાયેલો હતો. તેની વાતચિત ખુશકારક હતી. અને વળી વારંવાર સંભાળ પુર્વક, ખેંચા-ણકારક નજર નાખતો હતો. કંઇપણ મહેનત વગર અને બીન આયકે દુનિ-આની સઘળી વાતોમાં પ્રવીણ હોય એમ બતાવવાને, વિદ્યા કળા વિષે, હા-લના જમાના વિષે, ધર્મ અને મોટા મોટા લોકોનાં ખેંચાણકારક ચરિત્રો વિષે એવી રસ ભરેલી વાતો કરતો કે તેના બહોળા જ્ઞાન અને વિશાળ બુદ્ધિ વિષે આ ભોળી બાળાઓને ઘણું માન ઉપજ્યું.

આ પ્રમાણે કેટલોક વખત જતો રહ્યો, પણ તે જણાયું નહિ; અને આખરે જ્યારે ઘડિઆળમાં નવના ટકોરા થયા, ત્યારે કળી રાતનું વાળુનું ખાવાનું લાવવાની ગોઠવણ કરવા ગઇ. કારણ કે અજીતરાય ઉઠયો નહિ તેથી એક ગૃહસ્થના ઘર તરીકે તેને વાળુ કરાવવું જોઇએ, એવો વિવેક આ બાળાઓ સમજતી હતી.

આ વખતે હવે કુસુમ, અજીતરાય સાથે એકલી પડવાથી તેણીના ચહેરા ઉપર ધાસ્તીની છાયા પથરાઇ ગઇ. જોકે તે કોઇપણ જાતના દુઃખ-ની નહોતી—તેમ ખુશાલીની પણ નહોતી; પણ તે બે વિકારોની વચ્ચે આશા અને ધાસ્તીથી તેણીના અંતઃકરણમાં હચુપચુ થતું હતું.

"અહા! આજ હું કેવું મજેનું સુખ ભોગવવા ભાગ્યશાળી થયો છું!" અજીતરાય, શરમાતી અને ધ્રૂજતી કુસુમ તરફ અપૂર્વ માયાળુ નજર નાખી બોલ્યો "મનોહર કુસુમસુંદરી, તમારી સાથે મેં જે થોડાક કલાક ગાળ્યા છે, તે મને એક સ્વર્ગ સુખ સમાન મધુર લાગ્યા છે; તે એટલે સુધી કે કોઇ માણસ એવો વખત ફરી ભોગવવાને પોતાના હાથ ઘસતી જીંદગી

અર્પણ કરે તો તે પણ ઓછું છે. મારી વહાલી રમણી, હું ખરૂં કહું છું," તે હવે વધારે વધારે આતુરતા અને આવેશપૂર્વક બોલવા લાગ્યો, "કે તે રાત્રે પહેલીજ તકે મેં તમને જોયાં, તેજ વખતથી તમારા ઉપર મારો પ્યાર ઉત્પન્ન થયો હતો; અને ત્યારપછી એક પણ પળ એવી નથી ગઇ કે મારા મનમાંથી તમે ખસી શક્યાં હો-તમારી મૂર્તિ મારા અંતરમાં જડાઇ ગઇ છે; અને તે હમેશાં તે પ્રમાણે રહેશે." એમ બોલતાંની સાથે એકદમ ખુશાલીના આવેશમાં તેણીનો હાથ લઇ તે ઉપર ચુંબન લીધું.

"અજીતરાય- હું તમને અરજ કરૂં છું-આજીજી કરૂં છું-હું તમને ફરી ફરીને કહુંછું કે, મારો હાથ છોડી દો." કુસુમ ખુશાલી અને ધારતીના મિશ્રિત ગભરાટથી ધબકતી છાતીએ શરમાતે ચહેરે બોલી ઉઠી.

"નહિ નહિ, મારી મનોહારિણી કુસુમ, આ ખૂબસુરત હાથ છોડવાને મને ફરજ પાડ નહિ." અજીતરાય એકદમ ઉભો થઇ તેણીના આગળ નીચો વળીને બોલ્યો—જોકે કુસુમનો હાથ હજુ તેના હાથમાંજ હતો અને તે છોડાવવાને કુસુમ મહેનત કરતી હતી, તેને પત કરતો નહોતો-અને તે હાથ ઉપર ફરી ચુંબન કરી આગળ બોલ્યો "મારા હોઠ આગળ આશા અને સુખનો જે પ્યાલો તમે ધર્યો છે તે ફેંકી ના દો. મારી પ્રેમની પૂતળી કુસુમ, હું તને ચાહું છું, હું એક દેવીની માફક તારી પૂજા કરૂં છું; કારણ કે મેં કદી નહિ જોયેલી એવી પ્યાર કરવા લાયક સુંદરમાં સુંદર, ભલી અને સદ્દગુણી, એવી સ્ત્રી મેં તનેજ જોઇ છે. અને મારી મીઠડી કુસુમ, મારા ઉપર વિશ્વાસ રાખ કે, હું ઇશ્વરને સાક્ષી રાખીને કહુંછું કે ખરો પ્યાર શું છે, તે અત્યાર સુધી હું જાણતો નહોતો, અને તેવા પ્યારના જુસ્સાથી કેવું સુખ મળે છે તેની ખરી ખૂબીનો અનુભવ તને મેં જોઇ ત્યાં સુધી મને થયો નહોતો. કુસુમ, મારા સામું જો, નજર આડી ફેરવી નાખ નહિ." તેણે ભુલથાપ ખવડાવનારી ઢબથી તેણીને જીતી લેવા સજ્જડ જાળ પાથરવા માંડી, "તારી સુંદર આંખો કે જેમાંથી વીજળીના ચમકારા મારા શરીરમાં દાખલ થાય છે-તે મારા તરફ ફેરવ, અને મારી ઉમેદનો જવાબ તારી તે ખૂબસુરત આંખોથી જાણવા દે."

ધાસ્તીમાં અને ખુશાલીમાં-વર્ણન ન થઇ શકે એવી રીતે ઝણઝણી છૂ-
ટતા પરમાનંદમાં કંઇક બીક મિશ્રિત લાગણીથી-કબજામાં રાખી ન શકાય
એવી કોઇ સત્તાને કેટલેક દરજ્જે તાબે થવામાં-અને કેટલેક દરજ્જે તેણીની
મીઠી ઇચ્છાના આવેશને તાબે થવામાં-તેણીએ પોતાનું માથું નીચે ઢોળી
પાડયું, તે એટલે સુધી કે, અજીતરાય, કે જે તેણીની સામે નીચો વળીને પડી
રહ્યો હતો, તેના ખભા ઉપર તેણીના માથાનો અંબોડો ઢીલો થઇ જવાથી
કેટલાક વાળ છૂટા પડી પથરાઇ રહ્યા, અને તેણીનું સુંદર પણ હાલના
આવેશથી ગરમ થઈ રહેલું કપાળ અજીતરાયની ભવ્ય અને આગળ પડતા
કપાળ સાથે લગોલગ આવી રહ્યું.

હવે અજીતરાયનો આવેશ તેના હાથમાં રહે તેમ હતું નહિ. તેણે એ-
કદમ ઉભા થઇને તાબે થતી કુમારિકાને બાથમાં લઇ છાતી સાથે ચાંપી,
અને આવેશમાં આવી જઇ અત્યંત ઉત્સુકતા ભરેલાં પ્યારનાં વચનો આ-
પતાં, તેણીના ધગધગતા તેજદાર કપાળ ઉપર સંખ્યાબંધ ઉપરા ઉપરી
ચુંબનો લીધાં.

આ ખરે તેની બાથમાંથી છૂટી પડી, ઉતાવળથી પોતાનો ચુંથાઇ ગ-
યેલો પોશાક અને વિખરાઇ ગયેલા વાળ ઠીકઠાક કરતાં, કુસુમે ઠપકા
ભરેલી પણ માયાળુ નજર અજીતરાય તરફ નાખી; તેજ વખતે તેણે તેણીનો
હાથ પાછો પોતાના હાથમાં જોરથી લઇ લીધો.

"મને છોડી દો-ઇશ્વરની ખાતર મને જવા દો." કુસુમ બબડી.
"હવે એક ક્ષણમાં મારી બેન આવશે."

"તો હું તેણીને કહીશ કે હું મોહક કુસુમને ચાહું છું." અજીતરાયે
જવાબમાં કહ્યું.

"નહિ નહિ, હાલ નહિ." કુસુમે પોતાનો હાથ તેના હાથમાં રહેવા
દઇ શરમાતે ચહેરે નીચું જોઇને કહ્યું. "અજીતરાય વિચાર કરો, કે,—"

"મારી વ્હાલી રમણી, મારૂં નામ એવું લાંબું નહિ બોલતાં માત્ર
'અજીત' કહીશ તેજ ઠીક પડશે." તે તેણીને વચ્ચેથી અટકાવીને બોલ્યો.
અને પોતાના હાથ તેણીની કમર પાછળ ફેરવી વાળી તેણીને પોતાની પાસે

એવી રીતે ખેંચી લીધી કે તેણીના માથાએ અને અંબોડાએ તેના ગાલનો આધાર લીધો.

"વારૂ, ત્યારે, વિચાર કરો, અજીત," તેણી ઘણાજ ધીમા પણ મધુર ઝીણા ઝીણા અવાજે અચકાતી અચકાતી બોલી. "કે આપણે એક બીજાને ઘણા ટુંકા વખતથી ઓળખતાં થયાં છીએ. વળી મારા પિતા ઘેર નથી"

"ઠીક ત્યારે, મારી હૃદયરમણી, હાલ આપણે આપણો પ્યાર છુપાવીશું" અજીતરાયે કહ્યું "પણ મને કહે, વ્હાલી કે તું મને ચાહે છે? અહા! મારૂં સુખી ભવિષ્ય માત્ર તારા જવાબ ઉપર લટકેલું છે."

"અને જો તેનો જવાબ હું હકારમાં આપું તો કદાચ તમે ધારશો કે—" ખુશાલીમાં આવી ગયેલી પણ ધ્રૂજતી બાળા બોલતાં અટકી ગઇ.

"ફક્ત એટલુંજ કે જેવી તું ખૂબસુરત છે, તેવીજ તું માયાળુ અને કોમળ છે." અજીતરાયે તેણીનું અધૂરૂં વાક્ય પૂરૂં કરવાની ઢબે કહ્યું.

"તમે મારી પાસે શું કહેવડાવવા માગો છો?" ગભરાઇ ગયેલી કુસુમે પુછયું.

"હું ફક્ત એટલુંજ કહેવડાવવા માગું છું કે તું મને ચાહે છે. હા. જેવો હું તને ચાહું છું, તેવીજ રીતે તું મને ચાહે છે." અજીતરાયે જવાબ દીધો "મારી મીઠડી, મને માત્ર એટલુંજ કહે, અને હમેશને માટે સુખી કર, કે જે સુખનું માપ નીકળી શકે એમ નથી."

"પણ—પણ—જો કદાચ તેવું હું કહું તો મને વધારે હિંમતવાળી-આગળ પડતી—ઉદ્ધત—અવિચારી ધારશો." તેણી બબડી.

"અરે! કદી નહિ, વહાલી કુસુમ; તારી વિરૂદ્ધ મને જરાપણ વિચાર કદી આવી શકેજ નહિ." અજીતરાય બોલ્યો, અને પછી તેને છૂટી બેસાડી પોતે જરા દૂર ખુરશી ઉપર બેસી બોલ્યો "મને કહે કે તું મને ચાહે છે—અથવા એટલુંજ કહે કે તું મને પારકો ગણતી નથી—મારી દેવી, ઉંચું જો—તારો સ્વર્ગીય ચહેરો મારી તરફ ફેરવ, અને તારા મધુરા હોઠમાંથી 'હું તને ચાહું છું' એવા મીઠડા શબ્દો નીકળતા મને જોવા દે."

" અહા ! તમારા દિલ જીતી લે એવા વાક્ચાતુર્યને કોણ અટકાવી શકે એવું છે ? " કુસુમ ઝીણે મૃદુ સ્વરે બોલી. પછી થોડીવાર ચૂપ રહીને વળી ઝીણું ઝીણું ગણગણી. " હા-વહાલા અજીત, હું તમને ચાહું છું. "

અહા ! આ છેલ્લા શબ્દોથી અજીતરાયના ઉપર કેવી જાદુઈ અસર થઇ !! તેણે એકદમ ખુશાલીમાં આવી જઇ તેણીને કોટી કરી તેણીના કપાળ ઉપર, ગાલ ઉપર, અને હોઠો ઉપર ઉપરા ઉપરી ચુંબનોનો વરસાદ વરસાવી તેણીને અકળાવી નાખી; પોતાની છાતી તેણીની છાતી સાથે ચાંપી દીધી અને તેણીની ઉછળતી છાતીનો સ્પર્શ પોતાની છાતી સાથે થવા દઇ આનંદ પામ્યો. કુસુમ તો જાણે કે આવા અપ્રતિમ સ્વર્ગીય સુખાનંદમાં-નવી દુનિઆમાં ઝોલાં ખાતી હોય એમ પોતાનેજ ભૂલી ગઇ. તેણીને લાગ્યું કે, જાણે તેણી પોતાના હમેશના જાણીતા દેશમાંથી-એકાંત આવાસમાંથી-એકાએક એવાતો ખુશનુમા દેશમાં ગઇ હોય કે જ્યાં સફેદ ચંદની માફક તેજ મારતા સ્વચ્છ ઝરાઓ, લીલીછમ વનસ્પતિ, ઘણાંજ ઉત્તમ પ્રકારનાં ફળફળાદિ, તથા અતિ સુવાસિક પુષ્પો અને ખુશબોદાર હવા છે; અને પાછલી જીંદગી ભૂલી જઇ, નવી જીંદગીને માટે બેદરકાર બની, હાલનાજ અનુપમ લાગતા સુખ સ્વપ્નમાંજ ગુલતાન બની ગઇ. તે સુંદર કુમારિકા જે લાગણીઓ અનુભવતી હતી તે ખરા સાચા પ્રેમની હતી; અને પ્રિયા-પ્રિયતમનાં જોડાંનું રસિક કવિઓએ કરેલું જે અલંકારિક દેખાવનું વર્ણન વાંચવામાં આવેલું, તેવો દેખાવ તેણીની આંખ આગળ નૃત્ય કરી રહ્યો હોય, એમ તેણીને લાગ્યું. આ સર્વ પ્રકારની લાગણી તેણીની તેજદાર આંખોમાં જણાઇ આવતી હતી.

આ પ્રમાણે જ્યારે કુસુમ અજીતરાયની છાતીમાં ચંપાઇ હતી, ત્યારે તેણીને પોતાની બેનનો કંઈપણ વિચાર આવ્યો નહિ.—તેવી સ્થિતિમાં કોઇ જોશે એવી બીકનો પણ કંઇ વિચાર આવ્યો નહિ-માત્ર તે વખતે પોતાના મનથી ધારેલા સ્વર્ગીય સુખનો અનુભવ લેતી હતી, તે સિવાય તેણીને કશું બીજું ભાન હતુંજ નહિ. તે એટલે સુધી કે જો તક મળી હોત-કળાના

આવી પહોંચવાની ધાસ્તી નહોત–તો અજીતરાયને તેજ વખતે–તેજ જગોએ–પોતાની છેવટની મુરાદ બર લાવવાને તેણીને જીતી લઇ પૂરેપૂરી વશ કરવાનું ઘણું સહેલું પડત. પણ જો કે તેનો કામાવેશ ગમે તેવો ભારે જુસ્સાવાળો હતો, છતાં તે સમય વિચારી જાય તેવો હતો. અને ધીમેથી પોતાની બાથમાંથી ભોળી–વિશ્વાસુ–અને ખરા પ્યારથી ચહાતી બાળાને છૂટી કરતાં તે બોલ્યો. "આ એક સ્વર્ગ સુખનું સ્વપ્નું છે, કે જેમાં દુનિઆદારીના સઘળા વિચારો સમાઇ જાય છે. પણ વહાલી, આપણે વધારે ડહાપણ વાપરવું જોઇએ, અને મારે કહેવું જોઇએ કે હવે કળાને પાછા આવવાનો વખત થયો છે. મારી મધુરી, મને કહે કે, આવતી કાલે સાંજે એકાદ બે કલાક બહાર જવાને માટે તું કંઇ બહાનું કાઢી શકીશ? ના, ના, ગભરાતી નહિ. મારે ઘણી હકીકત તને કહેવાની છે, વહાલી કુસુમ."

"અરે, મારી બેનની સાથે કપટ ભરેલી વર્ત્તણુક ચલાવવાનું મને કહો નહિ." તે બિચારી ભોળી બાળા ધીમે સ્વરે બોલી.

"કપટ! વહાલી?" અજીતરાયે દેખીતી અજાયબી બતાવી હસમુખે ચહેરે પૂછ્યું.

"અરે, હા–કપટ!" કુસુમ બોલી. "શું એ કપટ, દગલબાજી–છળભેદ—"

"ઓ, પ્રભુ! શું તું કે જે મારી વહાલામાંવહાલી મનમોહક પ્રિયતમા, તેને એવે રસ્તે જવાનું કહેવાના આરોપને હું લાયક થઇશ?" તે દુનિઆના ખાધેલા માણસે તેણીને બોલતાં વચ્ચે અટકાવીને અજાયબીના ચહેરાથી કહ્યું. "ના, ના, કદી નહિ. હું તને અતિશય ચાહું છું, વહાલી કુસુમ, મારૂં સાંભળ."

"બોલો તમે શું કહેવા માગો છો?" તે ધ્રૂજતી બાળાએ પુછ્યું.

"કળાથી આપણો પ્યાર છૂપો રાખવાની આજીજી કરનાર તુંજ હતી, મારી મીઠડી." અજીતરાય બોલ્યો. "પણ જો તને મારામાં વિશ્વાસ ન હોય–જો તને એક પળ પણ એવું લાગે કે તને અથવા તારી આબરૂને કોઇ પણ રીતે નુકસાન થાય, એવી હું તને સલાહ આપીશ," તેણે અ-

ભિમાની દેખાવ ધારણ કરી આગળ ચલાવ્યું. " તો હું તારા પ્યારને લાયક નથી. "

" અરે, જુઓ, હવે તમે મારા ઉપર ગુસ્સે થયા છો. " ભોળી બાળા આંખે આંસુ સારતાં બોલી.

" નહિ, નહિ, મારી વહાલી, હું તારી સાથે કદી ગુસ્સે થઇ શકુંજ નહિ. " અજીતરાયે તેણીના ગાલ ઉપર પડતાં આંસુનાં બિંદુ ચુંબનથી દૂર કરતાં કહ્યું. " ફક્ત એટલુંજ તું મને વચન આપ કે, આવતીકાલે સાંજે, તું મને મળીશ. "

" હું તે પ્રમાણે મળીશ " ભાગ્યેજ સાંભળી શકાય એવા ઝીણા અને ચડકાતા સ્વરથી કુસુમે જવાબ આપ્યો.

" તારો મોટો ઉપકાર, વહાલી. " અજીતરાય બોલ્યો. અને થોડીવાર કુસુમને જે પસ્તાના રૂપી ડંખ લાગ્યો હતો તે હવે ખુશીમાં આવી ગઇ. " ત્યારે આવતી કાલે સાંજે આપણે ફરીથી મળીશું, મારી મધુરી.આપણી મુલાકાતની જગો, શહેરમાં સ્ત્રીઓના સુશોભિત શણગાર વેચવાની પ્રખ્યાત યશોદાબાઇની દુકાન છે તે ઠરાવીશું. સાંજે ૭ વાગે સ્ત્રી જાતિમાં અતિ સુંદર અને વહાલામાં વહાલી, મનહર સુંદરીને મળવાને માટે હું ત્યાં આતુરતાથી રાહ જોઇશ. ત્યારે મારી વહાલી—પુષ્પની સુગંધીદાર કળી જેવી કુસુમ, મને હવે કહે કે હું તે વખતે નિરાશ થઇશ નહિ. "

ભોળી અને તદ્દન બીન અનુભવી અને હદ ઉપરાંત વિશ્વાસુ બાળાએ વચન આપ્યું; અને ઘણી મુશ્કેલાથી—પણ આટલી બધી જલદીથી પોતે મેળવેલી જીતની ખુશાલીના ઉભરાઇ જતા વિચારો દબાવી રાખી અજીતરાયે કુસુમને પોતાના પ્યાર વિષે કળાને શક આવે નહિ એવી રીતે શાંત ચહેરો રાખવાને સમજાવી. પરંતુ તેણીના કુમળા અંતઃકરણમાં પ્યારના સુખનો જે ઝરો વહેતો હતો, તેને દાબી રાખવાનું કામ સહેલું નહોતું. છતાં પ્યાર એ એક એવી ચીજ છે કે તેજ આપોઆપ અજાયબ રીતે છળભેદ કરતાં શીખવે છે; અને તે પ્રમાણેં પોતાના આવેશને કૃત્રિમ શાંતિમાં રોકી દેવામાં

તે ફતેહ પામી. અને તેથી જ્યારે કળા આવી ત્યારે તેણીને કોઇપણ જાતનો શક આવે એમ નહોતું.

રાત્રે વાળુ કરવામાં અજીતરાય છૂટથી ભેળાયો, અને વધુ ને વધુ રમુજી ટુચકાઓ અને ખેંચાણકારક વાતોથી બન્ને બેનોને રાજી રાજી કરી નાંખી. કુસુમ એટલી બધી મોહિત થઇ ગઇ હતી કે, અમુક પળે પોતાનું ઠરેલપણું છોડી દઇ એકદમ કૂદકો મારી તેને ગળે બાઝી પડી તેણી તેને ચાહે છે, એવું કળાને જણાવવા જતી હતી; પણ,જોકે ડહાપણની લોખંડી બેડીમાં પોતાની લાગણી દબાવી રાખવા જેવું મુશ્કેલ કામ હતું, છતાં તેણીએ પૂરતી રીતે, પોતાની લાગણીને કાબુમાં રાખી. કળા પણ આનંદી સ્વભાવની હોવાથી આવી ગમતમાં ખુશમિજાજી, હસમુખી અને ઘણી મોજથી ભાગ લેતી હતી; પણ જોકે તેણી અજીતરાયના અપૂર્વ બુદ્ધિ ચાતુર્યને વખાણતી હતી, અને આવું ઓળખાણ કરવાને પોતાને ભાગ્યશાળી માનતી હતી, છતાં સહેલાઇથી તાબે થનારી અને પોચા મનની પોતાની બેનના ઉપર તેના તરફના પ્યારે જે કાબુ મેળવ્યો હતો, તેવી કોઇ પણ જાતની નાજુક લાગણીની અસર આ દૃઢ મનની કળાને થવા પામી નહોતી.

લગભગ મધરાત થવા આવી, ત્યારે અજીતરાય ઉઠયો, અને કુસુમ બાગના દરવાજા સુધી તેને મૂકવા ગઇ.

"મધુરી કુસુમ, આવતી કાલને માટે આપેલું વચન તું ભૂલીશ નહિ?" અજીતરાયે તેણીનો હાથ પોતાના હોઠે લઇ જતાં ઉતાવળે કહ્યું.

"નહિ." તેણીએ ટુંકો જવાબ દીધો, અને બન્ને છૂટાં પડયાં. જે જીત મેળવવાની તજવીજમાં આટલે સુધી ફાવ્યો હતો, તે હવે સંપૂર્ણ ફતેહ મેળવવાની આશામાં ખુશી થતો અજીતરાય બહાર નીકળ્યો; અને કુસુમ પોતાના અંતઃકરણ ઉપર જેણે કાબુ મેળવ્યો હતો તેનાજ ખુશી ભરેલા વિચાર કરતી, દરવાજો બંધ કરી ઘરમાં પાછી ફરી.

પ્રકરણ ૫ મું.

મેળાપ.

પ્રિય વાંચનાર, હજુ સુધી અજીતરાયની પૂરેપૂરી ઓળખાણ આ-પણને મળી નથી; અને તેને માટે આપણી જીજ્ઞાસા સ્વાભાવિક રીતે વધે, પણ સજુર, એવા એક પાકા અને દુનિઆના ખા-ધેલા શખસને ઉતાવળમાં આપણે ઓળખી શકીએ તેમ નથી. કદાચ આ-ગળ ઉપર તેના ખરા સ્વરૂપમાં તેને ઓળખવાનો આપણને પ્રસંગ મળશે., માટે હાલતો આપણે ધીરજ રાખી, એ ભાઇશ્રી (!) શાં શાં પરાક્રમ કરે છે, અને પેલી બિચારી ભોળી ભામાને પોતાની મોહજાળમાં કેવી રીતે ફ-સાવે છે, તે તરફ આપણું લક્ષ રાખવું ઠીક પડશે.

યશોદાબાઇ, આ શહેરની નહોતી, પણ કોઇ બીજા દેશથી કેટલાએક વખતથી આવેલી હતી. તે લગભગ ચાળીસેક વરસની, શરીરના સારા બાંધાવાળી, અને ખૂબસુરત દેખાવની હતી. તેણી વિધવા હતી કે સધવા, તે તેણીના દેખાવ ઉપરથી અનુમાન કરવું મુશ્કેલ હતું. ગમે તેમ હોય પણ આવી આધેડ વયની હોવા છતાં, પોશાક વગેરેનો ઠઠેરો, અને વાતચિત કર-વાની રીતભાત એવી રાખતી કે ગમે તેવો પુરૂષ યા સ્ત્રી તેણીનાથી અંજાઇ ગયા વગર રહે નહિ. તેણી કેટલાએક વરસોથી અહીં આવી હતી, અને શહેરના ખાસ બજારમાં એક સુશોભિત, ભવ્ય મકાન રાખ્યું હતું, અને તેના આગલા ભાગમાં સ્ત્રીઉપયોગી તરેહ-તરેહવાર સુધરેલા જમાનાનાં લુ-ગડાં વગેરે શણગારની વસ્તુઓ વેચવાની દુકાન કાઢી હતી. અને મોટા તવંગર લોકોની સ્ત્રીઓની તેણીને ઘણી ભારે ઘરાકી હતી. તેણીએ શરૂ-આતમાં એવી સરસ છાપ પાડી હતી કે તેણીને માટે તેણીના ઘરાકોનો

ઘણો ઉંચો અભિપ્રાય બંધાયો હતો, અને તેથી ઘરાકી વધતી જતી હતી. દુકાનના ધંધા સિવાય બીજી કેટલી રીતે કેટલીકએક બાઇઓને તથા પુરૂષોને એટલી બધી તેણી ઉપયોગી થઇ પડતી કે દિન પર દિન તેણીનો પક્ષ ઘણો સબળ થતો ગયો.

પ્રિય વાંચનાર, આપણે આટલા ઉપરથી એવું ધારવાની ઉતાવળ નાહિ કરવી જોઇએ કે તેણીની ઘરાકી માત્ર દુકાનનેજ અંગે હતી. ખરી રીતે બોલીએ તો તેણીને વખાણનારમાં સ્ત્રીઓ કરતાં પુરૂષોની સંખ્યા કોઇ પ્રકારે ઓછી નહોતી, અને તેમની ઘરાકીમાં ઘણી મોટી ઉપજ થતી હતી. ત્યારે હવે એ ગુંચવાડો ઉભો થશે કે પુરૂષોની ઘરાકી શી રીતે અને કયા માલને માટે હશે ? કારણ કે દુકાનમાં તો માત્ર સ્ત્રી ઉપયોગી ચીજોજ હતી. ખરી વાત છે, દુકાનમાં એ પ્રમાણેજ હતું. પણ જો વાંચનાર એ મકાનના અંદરના ભાગની વ્યવસ્થા ધ્યાનમાં લેશે તો તેનું પૂરેપૂરૂં રહસ્ય સમજાઇ ગુંચવાડો નીકળી જશે. ચાલો ત્યારે, આપણે પહેલા તે દુકાનમાં જઇએ. આપણને કોઇ દેખી શકે એવું નથી તેથી ગભરાવાની જરૂર નથી. આપણે ઉપર જોઇ ગયા છીએ કે મકાનના આગલા ભાગમાં દુકાન કાઢી હતી, ત્યારે એવું અનુમાન નીકળે કે એનો બીજો પાછલો ભાગ હોવો જોઇએ. હા—તેમજ છે—જુઓ દુકાનની પાછળ તેને લગતા બે ત્રણ ઓરડાઓ છે, વચ્ચે ચાલ છે, અને તે ચાલમાં થઇને આગળ જતાં મોટો ચોક નજરે પડે છે આ ચોકની બે બાજુએ ઓરડીઓ છે, અને સામી બાજુએ મકાન હોય એમ લાગે છે, તે આજ મકાનનો પાછલો ભાગ છે. તે પ્રમાણે દુકાનના મેડા ઉપર યશોદાબાઇનું ખાનગી દીવાનખાનું, સૂવાનો ઓરડો તથા બીજા એક બે ઓરડા છે. સૂવાના ઓરડામાં એક બાજુ યશોદાબાઇને નાહવાની નાની ઓરડી છે. આ ઓરડાઓની પાછળ ચોકની આજુબાજુ અગાસીઓ છે, અને તેમાં થઇને પાછલા મકાનના મેડા ઉપર જઇ શકાય છે. તેનો આગલો ભાગ પાછળની ગલીમાં પડે છે. અસલ આ બન્ને મકાન જૂદાં હતાં, પણ યશોદાબાઇએ બન્ને પોતાના ઉપયોગ સારૂ રાખી લીધાં હતાં. પાછલું મકાન વિશાળ અને સુશોભિત સામાનથી શણ-

ગારેલું છે. દુકાનમાં થઇને નીચેથી તેમજ ઉપરથી આ મકાનમાં છૂપી રીતે જઇ શકાય એમ છે, અને ત્યાંથી પાછલી ગલીમાં નીકળી જવાય એવી ગોઠવણ છે. બન્ને મકાનોને ત્રણ માળ છે.

દુકાનવાળો આગલો ભાગ ઘણો વિશાળ હોવાથી વેચવાની તમામ ચીજોની તેમાંજ ગોઠવણ કરી હતી. તેથી ઘરાકોને અંદરના ભાગમાં કે ઉપર જવાની જરૂર પડતી નહિ. યશોદાબાઇએ પોતાને રહેવાનું ઉપરના ભાગમાં રાખ્યું હતું. અને સૂવાના ઓરડાની પાસેનો બીજો ઓરડો પોતાને ખાનગી બેસવા ઉઠવાને માટે રાખ્યો હતો, અને આ બન્ને ઓરડામાં પોતાની રજા સિવાય કોઇને જવાની પરવાનગી નહોતી. તે ઓરડાની બાજુ ઉપર નાની ગલી હતી તેમાંથી અગાશીમાં બારી પડતી હતી, અને તે રસ્તે થઇને પાછલા મકાનમાં જવાતું હતું.

દુકાનનું આગલું બારણું પૂર્વ દિશા તરફ હતું, અને પાછલા મકાનનું બારણું પશ્ચિમ તરફ હતું. ઉત્તર તરફ બીજાં મકાનો આવેલાં હતાં, અને દક્ષિણ તરફ મોટો રસ્તો હતો. તે બાજુ ઉપર પાછલા મકાનના નીચેના ભાગમાં એક પરચુરણ કાચ વગેરેના સામાનની દુકાન હતી, જેમાં સ્ત્રી ઉપયોગી તથા છોકરાંના ઉપયોગની ચીજો હતી. આ દુકાન યશોદાબાઇનો એક માણસ ચલાવતો હતો, અને તે દુકાનમાં થઇને યશોદાબાઇવાળા મકાનના પાછલા ભાગમાં જવાતું તથા અવાતું હતું; એટલુંજ નહિ પણ આ દુકાનના પૂર્વ બાજુના ખૂણામાં એક દાદર હતો. તે રસ્તે થઇને ઉપરની અગાસીમાં થઇ, યશોદાબાઇવાળા ખાનગી ઓરડામાં જવાતું હતું. પણ આ રસ્તાનો ઉપયોગ સઘળા માણસો કરી શકતા નહિ; માત્ર યશોદાબાઇના ખાસ પ્રેમી મિત્રો જ કે જે યશોદાબાઇની ખાસ મહેરબાની મેળવવાને લાયક થતા હતા તેઓજ કરી શકતા. તેવા ગૃહસ્થોને આ રસ્તો ઘણો ઉપયોગી હતો. કારણ કે આગલી દુકાનમાં સ્ત્રી ગ્રાહકોની અવરજવરને લીધે ત્યાં પુરૂષો દાખલ થવાથી યશોદાબાઇની આડંબરવાળી ઉજ્વળ કીર્તિને ડાઘ લાગે એવું કરવા યશોદાબાઇ બીલકુલ રાજી નહોતી.

આપણે જોઈ ગયા તે પ્રમાણે યશોદાબાઈ દેખાવડી હોવા ઉપરાંત,

પહેરવેશના ઠઠેરાથી તથા હસતે મુખે વાતચિત કરવાની અદાથી, સ્વાભાવિક રીતે વિકારી પુરૂષોની નજર ખેંચી શકતી હતી. તેથી કેટલાક પુરૂષો પોતાની કોઇ સગી કે ઓળખાણવાળી સ્ત્રીઓ સાથે, અથવા તેમને માટે અમુક ચીજો લેવા અથવા જોવાને બહાને આ દુકાનમાં આવી, યશોદાબાઇ સાથે હસીહસીને વાતચિત કરવાનો લાભ મેળવ્યા વગર ચૂકતા નહિ. વળી કેટલેક પ્રસંગે સ્ત્રીઓ સાથે તેમના ભાઇ બાપ કે ધણી વગેરે સગા તેમને ખરીદીમાં મદદ કરવા અથવા સંગાથ તરીકે આવતા. આ પ્રમાણે યશોદાબાઇનું ઓળખાણ પુરૂષ વર્ગમાં પણ સારૂં થતું હતું. યશોદાબાઇએ પોતાનો આડંબર જાળવી રાખવાને, અને લોકોમાં સારી છાપ પાડવાને, પુરૂષો સાથે સ્ત્રીઓના દેખતાં, બોલવા ચાલવાનું એવું વર્તન રાખ્યું હતું કે સાંભળનારાંઓની નજરમાં તેણી સાદી, અને નિખાલસ મનની જણાતી, અને તેણીની આબરૂ તથા નીતિ વિષે કોઇ જાતનો હલકો અભિપ્રાય આવવા પામતો નહિ.

સ્ત્રીઓનો પોશાક તૈયાર કરવાનું ઘણુંખરૂં કામ યશોદાબાઇ આ દુકાનમાંજ કરવતી હતી. અને તે કામ સારૂ, તથા દુકાનમાં સ્ત્રી ગ્રાહકો સાથે કામ પડે તેટલા સારૂ ગરીબ, અને મા બાપ વગરની, ફુગવાયેલી, અને શીવવાનું, ભરવાનું, અને ગુંથવાનું કામ જાણવાવાળી કેટલીક છોકરીઓને યશોદાબાઇ નોકરીએ રાખતી હતી. આવી રીતે જે છોકરીઓ ઉમેદવાર થઇને આવતી તેમાં સ્વરૂપવાન અને દેખાવડા ચહેરાવાળાંને પહેલી પસંદગી મળતી. આવી છોકરીઓ પૈકી જેને રહેવાનું અથવા સૂવાનું બીલકુલ ઠેકાણું ન હોય, તેને યશોદાબાઇને ત્યાંજ ખાવાનું અને સૂવાનું હતું. કેટલીક વખત તો એવું દેખાતું હતું કે જાણે આ મકાન ખૂબસુરતીઓનું સંગ્રહસ્થાન હોય !

પુરૂષોના ઓળખાણથી અને પોતાના તરફ ખેંચાણ કરી લેવાની અદ્ભૂત શક્તિથી, તેણીએ ઘણા ખાનદાન અને અમીર ઉમરાવોના કુટુંબના જુવાન પુરૂષો સાથે ગાઢી મિત્રતા બાંધી દીધી હતી. તેમાં જે ભાગ્યશાળી (!) પુરૂષ તેણીનો વધારે પ્રીતિપાત્ર થઇ પડતો તેને યશોદાબાઇ ગમે ત્યારે

પોતાની સાથે ચા પીવાનો, અને જમવા બેસાડવાનો લાભ આપી પોતાની મહેરબાની બતાવતી; અને તેમને પોતાની ખાનગી બેઠકમાં દાખલ થવાનો પરવાનો આપ્યો હતો. આવી રીતે ઘણા છટેલ જુવાનીઆઓને તેણીએ પોતાની મોહજાળમાં ફસાવ્યા હતા. અને આવા ચરિત્રમાં એટલે સુધી વધારો થવા પામ્યો હતો કે કોઇ કોઇ તેણીના સૂવાના ઓરડામાં જવાની તથા કેટલીક વખત ત્યાં ગાળવાની છૂટ ભોગવવા ચૂકતા નહિ. પ્રસંગોપાત પોતાને ત્યાંની છોકરીઓમાંથી કોઇ કોઇ તેવા રેલબટાઉ અને વિષયી જુવાનીઆઓનો ભોગ થઇ પડતી, અને તેમાં યશોદાબાઈ પૂરતી રીતે મદદ કરતી; એટલુંજ નહિ પણ, કોઇ સ્ત્રી યા પુરૂષને પોતાના કોઇ પ્રેમ પાત્રને મળવામાં એકાંતની જરૂર પડતી તો તેને માટે યશોદાબાઈનું પાછલું મકાન હંમેશ તૈયાર રહેતું. અને તેમાં જુદા જુદા ઓરડાઓ તમામ જાતના સરસામાન સાથે શણગારેલા હોવાથી કોઇ જાતની અડચણ પડે તેમ નહોતું.

આવી રીતે આ નામજાદી યશોદાબાઇએ સ્ત્રીઓ તેમજ પુરૂષોમાં ખ્યાતી મેળવી હતી, અને તેની સાથે પૈસો પણ પુષ્કળ મેળવ્યો હતો.

આટલું છતાં તેણી ધર્મનું ડોળ રાખી ફરતી હતી. વાર તહેવારે દેવમંદિરે દર્શન કરવા જતી હતી, અને ભાવિક ભકતાણીઓની માફક દોડાદોડ કરીને રખેને દર્શન બંધ થઇ જાય તો ભૂખ્યું રહેવું પડે, એવું દેખાડવા સઘળો દેખાવ બતાવતી હતી. પોતાને ઘેર પણ ધર્મના દિવસોએ બ્રહ્મ ભોજન કરાવતી હતી, અને કોઇ કોઇ વખતે દુકાનના ઓટલા ઉપર એક તરફ બ્રાહ્મણ પાસે કથા વંચાવતી હતી, કે જેથી રસ્તે જનાર આવનાર લોકોનું લક્ષ તે તરફ ખેંચાતાં યશોદાબાઇની ધાર્મીક વૃત્તિનાં વખાણ થતાં.

વાંચનારે. વિચાર કરી લેવો કે આવી પહોંચેલી, પૂરા આડંબરવાળી સ્ત્રી પોતાની આબરૂ આવા જમાનામાં કેમ જાળવી ન શકે ?

વાંચનારને યાદ હશે કે પેલા અજીતરાયે પોતાની વહાલી કુસુમને મળવા માટે આજ પ્રખ્યાત (!) મકાન બતાવ્યું હતું. અરે ! રે ! ભોળી બિચારી કુસુમ ! તેણીને ક્યાંથી આ પ્રખ્યાત મકાનના અને તેની માલિકણના ખરા ભેદની ખબર હોય !

બરાબર સાંજના ૭ વાગે કુસુમ, એક ભાડાની ગાડીમાંથી યશોદા-બાઇની દુકાનના બારણા આગળ ઉતરીને દુકાનમાં ગઇ. યશોદાબાઇને આ ગોઠવણની ખબર મળી ચૂકી હતી તેથી તેણી તરતજ કુસુમને મળી.

"બેન, આ રસ્તે આવો." દુકાનમાં યશોદાબાઇએ સામી આવી કુ-સુમને આવકાર આપતાં એવા હસમુખા ચહેરાથી અને શાંત ઢબથી કહ્યું કે, કુસુમને બજારમાંની આવી મોટી દુકાનમાં પેસતાં જે ગભરાટ થતો હતો તે જતો રહ્યો.

કુસુમ હવે તે માયાળુ (!) બાઇની પાછળ ચાલી, અને એક દાદરે થઇને ઉપર ગઇ. ત્યાંથી પાછલી અગાશીમાં થઇને પાછલા મકાનમાં એક સુશો-ભિત ઓરડામાં આવી, કે જ્યાં અજીતરાય તેણીની રાહ જોઇ બેઠો હતો. તે તેણીને લેવાને માટે સામો આવ્યો.

યશોદાબાઇ ધીમેથી તે ઓરડામાંથી બહાર નીકળી ને બારણું બંધ કરી, આગલા ભાગમાં ચાલી ગઇ; અને તે જુવાન બાળા હવે પોતાના પ્રિતમ સાથે એકલી પડી.

"તારૂં વચન પાળવામાં આવી તારી ઉત્સુકતા જોઇને હું કેટલો બધો રાજી થયો છું, મારી સુંદર પરી?" એક પલંગ તરફ કુસુમને લઈ જતાં અજીતરાય બોલ્યો. બન્ને જણુ સાથે સાથે બેઠાં. "ખરેખર, મને ધાસ્તી લાગતી હતી કે કદાચ તું મને નિરાશ કરીશ—હું ગભરાતો હતો કે રખેને તારે ઘેર કંઇ અડચણ આવી પડશે, અને તું આવતાં અટકી પડીશ."

"જો હું ડહાપણને રસ્તે વર્તી હોત, તો મારે આવવું જોઇતું ન હોતું." કુસુમે શરમાઇને નીચું જોતાં જવાબ આપ્યો "પણ—"

"પણ મનોવૃત્તિએ તને ઉત્તેજીત કરી, વહાલી" તેણીને ગભરાટમાં પડીને બોલતાં અટકી જતાં જોઇ અજીતરાયે તેણીને પટાવવા માંડી "ચાલ, મને ખરૂં કહીદે—કબુલ કર કે મને ફરીથી મળવાને તું નાખુશ નહોતી."

"તેવું હોત તો આ વખતે હું અહીં આવતજ નહિ" કુસુમ બોલી; અને વળી જાણે કે એકદમ કોઇ અમુક વિચાર આવતાં ચમકી હોય તેમ વહાલી બની જઇ ગોતરફ જોઇ, ધાસ્તી ભરેલે ચહેરે, પોતાના સોબતી

તરફ જોઇને બોલી. "પણ જે બાઇ મને અહીં લાવી હતી તે આપણને એકલાં મૂકી કેમ જતી રહી?"

"કારણકે તેણી પુખ્ત વિચારની છે, સુંદરી" અજીતરાય તેણીના તરફ વિકારી નજરથી જોતો બોલ્યો. "તેણી જાણે છે કે પ્યાર એ શું ચીજ છે, અને પ્રેમી જોડાંને એકલાં રહેવું કેવું ગમે છે. વળી તેણી જાણે છે કે આપણે અરસપરસ કેટલી વાતો કરવાની હશે. મારી વહાલી, તું ગભરાઇશ નહિ, તેમ ગુસ્સે પણ થઇશ નહિ. શું તું એમ ધારે છે કે તારા તરફ હું જે પ્યાર ધરાવું છું કે જે ગઇ રાત્રેજ મેં તને જાહેર કર્યો છે, તે પ્યાર મને જે રસ્તો બતાવે તે સિવાય બીજું કંઇ હું કરી શકું?"

"નહિ, વહાલા અજીત, તેમતો હું ધારતી નથી." તે બિચારી ભોળી બાળા તેની વિકારી જીભથી નીકળેલાં ભેદ ભરેલાં મધુર વચનો અને મધુર અવાજથી વશ થઇને બોલી. "મને તમારામાં દરેક જાતનો વિશ્વાસ છે."

"અને મારી જીંદગીનું કામ તારૂં સુખ જોવામાં છે, મારી પ્યારી." અજીતરાયે મોહપાશનું બોલવું જારી રાખતાં, પોતાના હાથ તેણીની કમર પાછળ ફેરવી તેણીને ધીમેથી પોતાની પાસે ખેંચી લીધી.

અજીતરાય અત્યારે ઘણા ભભકાબંધ પોશાકમાં હતો. હાથની છેલ્લી આંગળી ઉપર હીરાની વીંટી ચળકતી હતી, સોનાના ઘડીઆળનો સોનાનો અછોડો છાતી ઉપર લટકતો હતો. માથે સુગંધીદાર તેલ ઘાલી વાળ હોળી વાંકો અને ફાંકડો સેંથો પાડયો હતો. કુસુમની નજરમાં તે આ વખતે ઘણોજ ખૂબસુરત અને મનોહર લાગતો હતો. જોકે ગઇ રાતથીજ તેના ઉપર તેણી મોહ પામી ગઇ હતી, છતાં આ વખતે તેની લગોલગ એકલીજ હોવાથી તેણીને વિશેષ મોહક લાગ્યો; અને તેની બોલવા ચાલવાની ઉમદા છટાએ તેણીનું મન હરી લીધું.

આટલું છતાં પણ તેણી એક પાંજરામાં પૂરેલા નાના પક્ષીની માફક બીકથી ધ્રુજતી હતી, અને તેણીની છાતી ધબકતી હતી. પણ જ્યારે અજીતરાયે તેણીને પોતાની છાતી સાથે દબાવી, અને તેણીના હોઠ સાથે પો-

તાના હોઠ દબાવ્યા, અને તેણીની આંખોમાં માયાળુ અને મોહક નજર ફેંકી, ત્યારે તેણી જાણે સુખ—સાગરમાં ઝોલાં ખાતી હોય એવી ખુશાલીમાં આવી ગઇ; અને તેણીનાં પહેરેલાં કપડાં તથા માથાના વાળ વગેરે સાથે તેને આડીઅવળી રમત કરતાં અટકાવ કર્યો નહિ.

થોડીવારે તેણીએ સાવધ થઇ પોતાના માથાના વિખરાઇ ગયેલા વાળ સરખા કર્યા. અજીતરાય તેણીના માથા ઉપર, ગાલ ઉપર વગેરે ઠેકાણે પોતાના હાથ પસારી, મીઠું મીઠું બોલી તેણીને રીઝવવા લાગ્યો; અને તે વખતે આ ભોળી કુમારિકાને લાગ્યું કે, પ્યાર કરવો, અને પ્યાર જીતવો, એ કેવું મધુર લાગે છે.

"વહાલા અજીત, તમે મને કહેતા હતા કે તમારે મને ઘણું કહેવાનું છે." તેણીએ ધીમેથી મધુર અવાજે કહ્યું.

"હા, વહાલી" તેણે પણ ધીમેથી ભૂલથાપ ખવડાવનારા ખોટા મધુર અવાજે જવાબ દીધો. "તને એવું જણાવવાને હું ઇચ્છું છું કે, કેવા ખરા અંતઃકરણથી અને પવિત્ર પ્યારથી હું તને ચાહું છું. પણ હવે જ્યારે આપણે ભેગાં મળ્યાં છીએ, ત્યારે મારી લાગણી એવા જોરથી ઉભરાઇ આવી છે કે, મારી તે લાગણી જણાવવા મારી પાસે પૂરતા શબ્દો નથી. તારા ઉપરના અણહદ પ્યારના વિચારમાં હું એટલો બધો ભાન વગરનો થઇ ગયો છું કે જે પ્યારનું માપ એક ડાહ્યામાં ડાહ્યો અને અત્યંત વિચારશીલ તત્વજ્ઞાની પણ કાઢી શકે નહિ. કારણકે આખી દુનિઆ અને આખી જીંદગી પૂરી થાય તોપણ તારા પ્રત્યેના મારા પ્યારનું માપ નીકળી શકે એમ નથી. અને બીજી કઇ રીતે તેનું વર્ણન કરવું, તેની મને સમજ પડતી નથી. મારી વહાલી, મને કહે જોઇએ કે, તેં કદી મોડી રાત્રે આકાશના દૂરના ચળકતા તારાઓ તરફ નજર નાખી છે? વળી તારી કલ્પનામાં એવું આવ્યું હતું કે તે તારાઓ જે ઉંચે સત્ય લોકને જોઇ રહ્યા છે ત્યાં તારો આત્મા પહોંચી શકે છે? અને તેની આગળ જે છૂપા અને અદ્ભુત ભેદ રહેલા છે, તેનો તારી કલ્પના શક્તિથી પાર પામવાને તેં કદી મહેનત કરી

છે ? અને પછી ત્યાં પણ સંતોષ નહિ પામતાં, તારા નરમ થઈ જતા આવેશથી તારી કલ્પનાશક્તિને પાછી વાળી લેવાનો તેં અનુભવ લીધો છે? જો આવો અનુભવ તને થયો હોય, તો તને પૂરતો ખ્યાલ આવશે કે, મારા પ્યારનો હદ વગરનો ઝરો જે તારી તરફ વહે છે તેનું માપ કાઢવું કેવું ફોકટનું છે; અને તેના વિસ્તારની ગણના કરવી કેવી બીનજરૂરી છે, અને જ્યારે તેની કંઇ પણ કલ્પના થવાને મારા વિચારો જણાવી શકતો નથી ત્યારે મને કેવી નાસીપાસી થતી હશે !"

અજીતરાયના ઉપરના લાંબા ભાષણ દરમિયાન તેના મોંઢામાંથી જે જે શબ્દો પડયા તે એવા મધુર અને નાજુક લાગ્યા કે તેણી પરમાનંદમાં મગ્ન થવા લાગી, અને એવા સુખસ્વપ્નમાં પડી કે તેણીની સ્વરૂપવાન કાન્તિવાળા શરીરના અમુક ભાગો ઉપર અજીતરાય ચમકાટ મારતી આંખોએ નિહાળી રહ્યો હતો, તે ઉપર તેણીનું લક્ષ ગયું નહિ. પછી તે એટલો નીચો વળ્યો કે તેના ગાલ કુસુમના ગાલ સાથે અડકી રહ્યા, અને તેણીના હોઠ ઉપર તેણે ઉપરા ઉપરી ચુંબન કરી તેણીને વધારે ને વધારે પોતાની મોહજાળમાં ફસાવી.

ધીમેધીમે તે વધારે હિંમતવાન થતો ગયો, અને કુસુમ સ્વપ્નસુખમાંથી જાણે જાગી હોય તેમ તેની બાથમાંથી છૂટવાને પ્રયત્ન કરવા લાગી; પણ અજીતરાય કંઇ કાચો નહોતો. તેણે તેણીને પોતાની બાથમાં વધારે ને વધારે દબાવી, પોતાની છાતી ઉપર લીધી, અને વારંવાર ચુંબનો કરી, તથા પ્યારના મીઠા શબ્દો મધુર અવાજે બોલી બોલીને, તેણી તેને પોતાના કૃત્યથી અટકાવવા બોલવા જતી હતી, તે બોલવાની તક મળવા દીધી નહિ.

પણ એકાએક ધાસ્તીની લાગણી તેણીના મગજમાં જણાઈ, અને તેની સાથે એવો વિચાર થયો કે આ ખોટું થાય છે—ઘણુંજ ખોટું થાય છે, અને સ્ત્રી-જાતિના શિયળપણાના જે સદ્‌ગુણો તેણીનામાં હતા, તે જય મેળવવા મહેનત કરવા લાગ્યા. તરત તો પરિણામ એ આવ્યું કે તેણી એકદમ સાવધ થઇ ગઇ, અને પોતે જે મોહપાશની જાળમાં સપડાઇ હતી, તેને તરત તોડી

નાખી અજીતરાયની બાથમાંથી છૂટી પડી ગઇ, અને બોલી "વાહ! અજીતરાય આવો, તમારો મારા તરફ પ્યાર છે કે?"

"વહાલી રમણી," અજીતરાય બોલ્યો, અને વારાફરતી તેણીનો એક પછી એક હાથ લઇ ચુંબન કરતો ગયો. "શા ઉપરથી તું મને ઠપકો આપે છે? મારેજ તને પૂછવું જોઇએ કે તું મારે માટે જે પ્યાર ધરાવવાનું કહે છે, તે તારો પ્યારજ કયાં છે? ઓ! મને એવો પ્યાર આપ કે જે તેની પોતાનીજ વૃત્તિ સિવાય બીજું કશું દેખતોજ નથી. અંતઃકરણને તે જે શીખવે તે સિવાય બીજા કશા વિચારને તાબે ન થાય અને તેના પોતાનાજ વિશાળ ક્ષેત્રમાં સઘળા દુનિઆદારીના વિચારો, સઘળા સામાજીક ધારાઓ, રીતરિવાજો, અને ભારેખમપણાના નકામા ખાલી દેખાવો—આ સઘળું સમાઇ જાય. મારી વહાલી કુસુમ, આવો પ્યાર મને આપ, અને મારી જીંદગી તને અર્પણ કરીને, હું તેવા પ્યારને લાયક થઇશ, અને તારાજ પ્યારના સુખમાં મારી જીંદગીનું તમામ કર્તવ્ય સમાઇ જશે. અને તે પ્રમાણે સમજીને હું ઘણો ખુશી થઇશ."

અજીતરાયે ભોળી બાળાને છટકતી પાછી ઠેકાણે લાવવા જાળ પાથરતાં મધુરા પણ આવેશવાળા અવાજથી તેણીના કુમળા કાળજામાં ચોંટી જાય એવી ઢબથી કહ્યું. અને તેની સાથેજ તેણીના હાથ છોડી દઇ તેણીના તરફ પોતાના બન્ને હાથ પહોળા કરી લંબાવ્યા.

"અરે! વહાલા અજીત, તમે મારી પાસે શું કરાવવા માગો છો?" કુસુમે તેના હાથમાં પડતું નાખી, તેની છાતીમાં સમાઇ જતાં, અને તેના ચુંબનનું સુખ મેળવવા પોતાનો ચહેરો ઉંચો કરતાં પૂછ્યું.

"તું મારી પોતાની થા, એવું કરાવવા હું માગું છું" અજીતરાયે જણાવ્યું. "પૂરેપૂરી રીતે મારીજ થા. હું એવુ કરાવવા માગું છું કે મને તારા સ્વામી તરીકે હમણાંથી ગણ—હાલ—આ વખતેજ—કે જેથી મારી ખાત્રી થાય કે તારો પ્યાર મેં પૂરેપૂરો જીતી લીધો છે, અને પછી મને કોઈ હકીકતની ફિકર રહે નહિ. કારણ કે, વહાલી કુસુમ—હું અદેખો છું—અરે! જો!

મારામાં કોઈપણ જાતની ખામી હોય તો તે એજ છે કે હું અદેખો છું. અને જ્યાં સુધી તારા પિતા ઘેર આવ્યા નથી-આપણા લગ્નની સંમત્તિ મેળવી નથી-એટલુંજ નહિ પણ જ્યાં સુધી આપણા હાથ લગ્નની ગાંઠથી જોડાયા નથી ત્યાં સુધી એકક્ષણ પણ મારા મનની શાંતિ રહેશે નહિ. અને તેનું કારણ એ છે કે હું તને એટલોબધો ચાહુંછું, મારી કુસુમ-એક દેવી તુલ્ય તને એટલીબધી હદ વગરની આતુરતાથી પૂજુંછું-કે મને તારા વિષે અદેખાઇ થયા વગર રહેતી નથી-કે રખેને વચ્ચે કોઇ હરીફ પેદા થાય. અને હું તને આજીજી કરૂંછું કે, મારા તરફ દયાની નજરથી જો, અને એક સ્ત્રી પોતાના પ્યારા પ્રિતમને સંપૂર્ણ પ્યારની જે નિશાની આપી શકે છે, તેવા પ્યારની મને પૂરેપૂરી સાબીતિ આપ એટલુંજ ફક્ત હું માગું છું કે જેથી હું જ્યારે તારાથી દૂર હોઉં ત્યારે મારા મનમાં દિલાસો રહે કે મેં એક એવો અમૂલ્ય ખજાનો જીતી લીધો છે, કે જે મારા કોઇપણ હરીફથી મારી પાસેથી હવે પડાવી લેવાય તેમ નથી."

"ઓ ! પ્રભુ ! હવે હું શું કરૂં ?" કુસુમ ખુશાલી અને દુઃખની વચ્ચે ઝોકાં ખાતી રડતી રડતી બબડી. "અરે ! મારા પ્યારની એવી સાબીતિ શા માટે માગો છો, અજીત ? તમને શું મારા ઉપર વિશ્વાસ નથી ? હું તમને ચાહુંછું, તે તમે માનશો નહિ ?"

"મને માફ કર, વહાલી, કે હું મારા અદેખા સ્વભાવની વાત ફરી ફરીને કરૂં છું." તાબે થતી બાળાને પોતાની છાતી સાથે ચાંપીને અજીતરાય બોલ્યો "પણ આ એક એવી જાતની મારામાં નબળાઇ છે કે તેને હું જીતી શકતો નથી. મારા ઉપર દયા કર, અને મારા મગજમાં ઘર ઘાલી રહેલી ઇન્તેજારીમાં મને ટળવળાવ નહિ."

"તમે મારા ઉપર દયા લાવો, અજીત." કુસુમ તેની બાથમાંથી છૂટી થઇ જઇ, નીચી પડી તેને પગે લાગી કરગરવા લાગી, કે જે વખતે તેણીના માથાનો અંબોડો છૂટી જઇને વાળ તેણીના બરડા ઉપર વિખરાઇ પથરાઇ ગયા હતા. "ફરી ફરીને હું આજીજી કરૂં છું કે મારા ઉપર દયા

લાવો." એમ કહી તેણીએ પોતાના હાથ તેના તરફ લાંબા કર્યા.

પેલો વિષયલંપટ માણસ આ પળે નિરાશાથી તેણીના ઉપર ગુસ્સે થયો હતો, અને એક ખુરશીને ટેકો દઇ, વાંકો વળી ઉભો રહ્યો હતો, તેણે તેણીની તરફ ગુસ્સા ભરેલી નજર રાખી હતી, તે તરતજ પ્યારની લાગણીમાં ફેરવી નાખી; કારણ કે આ વખતે પગે પડતાં, વાંકી વળેલી કુસુમ તેને એટલીબધી આકર્ષક લાગી હતી કે તેનો અંતરાત્મા તેના કાબુમાં રહેતો નહોતો.

" કુસુમ, તું મને ચાહતી નથી-તું મને ગાંડો કરી નાખીશ, " પોતાના ખેદભરેલા શબ્દોથી વારંવાર તાબે થતી નરમ અને ભોળા સ્વભાવની કુસુમને જોઇને તે પોતાનો ભેદી ભાગ ભજવતો બોલ્યો, અને એકદમ ત્યાંથી ખસી ગયો, જાણે કે ત્યાંથી જતો રહેતો હોય.

" ઓ પ્રભુ ! શું તમે એમ કહો છો કે હું તમને ચાહતી નથી ? " કુસુમ એકદમ ગભરાટમાં બોલી ઉઠી, અને ઉછાળો મારી ઉભી થઇ ગઇ, જેને તરતજ અજીતરાયે પોતાની બાથમાં લઇ લીધી.

" શું ત્યારે તું મને ખરેખર ચાહે છે ? " નરમ પડવાની ઢબે અને જીત મેળવવાની આશામાં અજીતરાય બોલ્યો.

" હા-હા, હું તમને ચાહું છું, ઇશ્વર સાક્ષી છે કે હું તમને કેવા પ્યારથી ચાહું છું, " કુસુમે ખરા અંતઃકરણથી ઉદ્ગાર કાઢયા.

અફસોસ ! અરે ! હજારો વખત અફસોસ ! કે ઓ ! કુસુમ ! તારે માટે અમારો આત્મા અતિશય શોકાતુરતાથી બળે છે; કારણ કે તું નથી જાણતી કે, તું કેવા પાકા ફોસલાવનાર, વિષયલંપટ અને દગાખોર માણસની મોહજાળમાં સપડાઈ છે ? તારી વિશુદ્ધતાનાં પુષ્પનાં પાતરાં ખરી પડયાં છે અને તારા ભોળા અંતઃકરણમાં જરા પણ વિચાર થતો નથી કે તેં તારી પવિત્રતા કોને સ્વાધીન કરી છે ? અરેરે ! આ કહેવાતા સુધારાના અને છૂટના, પાશ્ચિમાત્ય પ્રજાના કરાતા અનુકરણના જમાનામાં આવાં કેટલાં કૃત્ય થતાં હશે ? ઓ ! કહેવાતા સુધારાના આડંબરમાં રહેનારાં માતા પિતાઓ ! તમારી સુકુમાર

પુત્રીઓને સુધારાના ઝુંડા તળે હદ ઉપરાંત છૂટ આપતાં અને તેમને સ્વતંત્ર રીતે પરપુરૂષો સાથે છૂટથી ભેળાવા દેતાં જરા વિચાર કરો ! કુમળું ઝાડ જેમ વાળીએ તેમ વળે છે, અને પરિપકવ થઇને સજ્જડ મૂળ ઘાલે છે. એ કહેવત પ્રમાણે બીન અનુભવી બાળાઓના મગજમાં જે રીતભાત અને વર્તણુકના શિક્ષણનાં જે બીજ રોપાશે તે પછી આગળ જતાં સજ્જડ મૂળ ઘાલીને તેનું પશ્ચાતાપરૂપી ફળ તેમને અને તમારે ભોગવવું પડશે, તેના જવાબદાર તમે છો. હાલના નવા સુધરેલા જમાનામાં ઘણી વાતો ચાલે છે કે અમુક છોકરીને નિશાળમાંથી અમુક શિક્ષક અથવા નિશાળીઆ સાથે પ્રીતિ બંધાઇ, અમુક છોકરી અમુક પુરૂષ સાથે સહવાસમાં આવતાં પોતાના સતીત્વથી ભ્રષ્ટ થઇ અને નાસી જઇ માબાપની આબરૂને કલંક લગાડયું. આવા ઘણા દાખલાઓ નજરે પડે છે, અને પછી તેમનાં માબાપ પસ્તાઇને માથાં કૂટે છે, છતાં ખોટા સુધારાનો અને નહિ છાજતી છૂટનો પવન મગજમાંથી જતો નથી, એ ઘણા અફસોસની વાત છે.

પ્રિય વાંચનાર, આપણી વાર્તાને રસ્તેથી આપણી લાગણી આપણને જરા આડે રસ્તે દોરી ગઇ; પણ એતો મનુષ્યજાતનો સ્વભાવજ છે કે ખરા અંતઃકરણની લાગણીનો આવેશ બહાર પડયા વગર રહેતો નથી. ચાલો ત્યારે હવે આપણી વાર્તાને રસ્તે ચાલીએ.

આટલું છતાં, જેવી રીતે અજીતરાય, ભોળી બાળાઓને ભરમાવી તેમના સતીત્વનો નાશ કરી, પોતાની પાપિષ્ઠ ધારણા પાર પાડવામાં કુશળ હતો, તેવીજ રીતે આવી ક્ષણિક વિષય સુખની મઝા ભોગવ્યા પછી, પશ્ચાતાવાથી અને ધાસ્તીના સંતાપ ભરેલા ટળવળાટથી ડંખેલા અંતઃકરણને ખોટી ખુશામતથી અને મીઠાં મીઠાં આશા આપનારાં વચનોથી શાંત પમાડવાની યુક્તિમાં તે કંઇ ઓછો અનુભવી નહોતો. તેને થોડીવાર પહેલાં પોતાનો પ્યાર જણાવવાના શબ્દો જડતા નહોતા, પણ હવે તેને પેલી સતીત્વની સીડી ઉપરથી ગબડી પડેલી, અને જેનું ભવિષ્ય હમેશને માટે નાશ પામ્યું છે તેવી ભોળી કુસુમના મનને શાંતિ આપવાને મોટી મોટી અતિ

ગ્રાઓ કરવાને, અને લલચાવનારાં વચનો આપવાને હજારો શબ્દો મળ્યા. અને આવી ભોળી બાળા તેની કપટી ભાષાથી શાંત કેમ ન થાય? પોતાના માની લીધેલા પ્રિયત્તમનાં વચનો સિવાય બીજા શા ઉપર તેણી આધાર રાખે? આશાનાં કિરણો ચળકતાં બંધ થતા પહેલાં તેણીએ કંઇ નિરાશામાં ડુબી મરવાનું હતું? નહિ, નહિ. અને કુસુમ—કે જેને પોતાની હાલની સ્થિતિએ પોતાનું શિયળવૃત લુટનારના ઉપર વિશ્વાસ મૂકવાની ફરજ જ પડી હતી, તેણીએ તે વિશ્વાસને તાબે થઇ, મળેલા આનંદથી મુખ મલકાવ્યું, અને તેને વળગી પડી. અને તેણીની દૃષ્ટિએથી, જે દુનિઆ તેણીએ છોડી દીધી હતી, તે દૂર રાખીને સ્વર્ગીય સુખમાં તેણી ધસડાઇ હતી, તેનીજ મોજમઝાના વિચારોમાં આનંદ ભોગવવા લાગી. ગરીબ બિચારી ભોળી કુસુમ !!!

રાતના દશ વાગી ગયા પછી તેણીએ યશોદાબાઇનું મકાન છોડયું—તેણી એકલીજ બહાર નીકળી; કારણ કે અજીતરાયે તેણીને જણાવ્યું હતું કે તેઓ બન્ને સાથે બહાર નીકળે, અને લોકોના જોવામાં આવે તો યશોદાબાઇની દુકાનની આબરૂને મોટો ધોકો પહોંચે. પણ તેણે છૂટા પડતા પહેલાં તેણીની પાસેથી એવું વચન મેળવ્યું હતું કે, જો આવતી કાલે તેણીના પિતા પાછા આવેલા ન હોય તો તેણીએ પાછું આવતી કાલે સાંજે એજ જગોએ મળવા આવવું તેણે પોતાનું ઠેકાણું એક ધર્મશાળાનું આપ્યું, અને એવું કારણ બતાવ્યું કે તે બહાર ગામનો રહેનાર હોવાથી હાલ આ શહેરમાં ટુંક વખતને માટે આવેલો હોવાથી ત્યાં ઉતરેલો હતો, અને ત્યાં તેણીએ કાગળ લખી તેને ખબર આપવી.

કુસુમે પોતાની બેનને પોતાની ચાર પાંચ કલાકની ગેરહાજરીને માટે શું કારણ બતાવ્યું તે હાલ આપણે જાણી શકીશું નહિ. પણ એટલું તો નક્કી હતું કે કળાને કશી વાતનો શક પડયો નહિ. અને તે અપરાધી બાળા—કુસુમ—ઘેર ગયા પછી થોડીવારમાંજ પોતાની બેન સાથે સૂવા ગઇ, જેથી તેણીના ચહેરા ઉપર વારંવાર શરમનું લોહી ચઢી આવતું હતું, તે સરળ મનની કળાના જોવામાં આવ્યું નહિ.

પ્રકરણ ૬ ઠું.

જયચંદ્ર.

પ્રિય વાંચનાર, જે વખતે યશોદાબાઇના મકાનના પાછલા ભાગના એક ઓરડામાં અજીતરાય તથા કુસુમની મુલાકાત વાળો, પાછલા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણેનો બનાવ બનતો હતો, તેજ વખતે યશોદાબાઇના ખાનગી ઓરડામાં બીજો એક બનાવ કેટલેક દરજ્જે મહત્વનો બનતો હતો.

તે યાદગાર રાત્રે નવ વાગવાનો વખત હતો. યશોદાબાઇની નોકરીમાં રહેલી કેટલીક જુવાન છોકરીઓ, દુકાન બંધ કરવાને માટે, દુકાનમાંની ચીજો જ્યાંની ત્યાં ગોઠવવામાં રોકાઇ હતી; અને તેમની લાયકી વાળી શેઠાણી તે ઉપર દેખરેખ રાખતી હતી, ત્યારે એક નોકરે અંદરથી આવીને તેણીના કાનમાં કંઇ કહ્યું.

"ઓહો ! જયચંદ્ર આવ્યા છે કે ?" યશોદાબાઇ ધીમેથી બોલી. અને તેણી તરજ મેડા ઉપર પોતાના ખાનગી ઓરડામાં ગઇ.

ત્યાં એક જુવાન અને ખુબસુરત દેખાવનો ગૃહસ્થ, બેદરકારી પણે, એક આરામ ખુરશી ઉપર લાંબો પડી, પોતાની સોનેરી મુઠની લાકડી ઠોકતો ઘડિઆળ તરફ જોતો હતો. આ ગૃહસ્થની આપણે ઓળખાણ કરવી પડશે.

આ જુવાનનું નામ જયચંદ્ર હતું. થોડા વખત ઉપરજ તેના મોટા ભાઇના મૃત્યુથી, અને તેને છોકરાં ન હોવાથી કુટુંબી જાગીરી મિલકતનો મોટો વારસો તેને મળ્યો હતો. જો કે હજુ તેના પોશાક ઉપરથી તે શોકમાં હોય એમ જણાતું હતું, છતાં તેનો પોશાક ભભકાદાર હતો. પણ તેનામાંજ

કુદરતી ખૂબસુરતી એવી હતી કે તેને વધારવાને બીજા ટાપટીપના સાધનની ઓછીજ જરૂર પડતી. ખરેખર, તે ઘણોજ સ્વરૂપવાન હતો, તે એટલે સુધી કે ખૂબસુરત સ્ત્રીના સૌંદર્યને પણ વખતે આંજી નાખે; તે ભાગ્યેજ એક-વીશ કે બાવીશ વરસની ઉમરનો હતો. તેની દાઢીને હજુ હજામના હ-થિયારે સ્પર્શ કર્યો નહોતો, અને તેથી સ્ત્રી જાતિને ગુલાબી ગાલની જે અપ્રતિમ ખૂબસુરતી હોય છે તેવી ખૂબસુરતીથી તે વિભૂષિત હતો. તેના શરીરની કાન્તિ અજાયબ જેવી, ઘાટદાર સ્વચ્છ અને કંઇપણ ખામી વગર ખીલી નીકળેલી હતી. તેનું નાક નાજુક અને સીધું અણીદાર હતું. તેના હોઠ લાલાશ પર અને ભરાવદાર હતા. દાંત સફેદ ચકચકિત એક સરખા હતા. ડોક લાંબી અને ઘાટદાર વળેલી હતી. માથાના વાળ કાળા રેશમ જેવા હતા, અને તેનાં જુલફાં તેના ખભા ઉપર ઉડતાં હતાં. કપાળ ખૂલ્લું અને ઉંચું હતું. આંખો મોટી અને કાળી હતી, અને તેમાં વિલાસ વૃત્તિના આવેશનો ચમકાટ મારી રહ્યો હતો. તેનો ચહેરો ખરેખર એક ખૂબસુરત રમણીના જેવો મોહક હતો, અને એકંદર રીતે તેની કાન્તિ ગમે તે સ્ત્રીને મોહ પમાડે તેવી હતી.

ઉંચાઇમાં જયચંદ્ર મરદના પ્રમાણમાં ટુંકો હતો, જો કે સાધારણ સ્ત્રીની ઉંચાઇ કરતાં કંઇક વધારે ઉંચો જણાતો હતો. તેનો અવાજ સ્વચ્છ અને મધુર હતો, અને તે મધુર સ્ત્રીના અવાજને મળતો આવે એવો હતો. તેની વાતચિત અમુક પસંદ કરેલા વિષયો ઉપરજ હતી, જો કે તે કામ-વિકારી હોવા છતાં વિષયલંપટ તો નહિજ કહેવાય. તે કદી પણ અપવિત્ર મશ્કરી કે ખોટા શબ્દોનો ઉચ્ચાર કરતો નહિ તે માત્ર પ્રેમની મઝા મેળ-વવા અને તે ભોગવવાના છંદમાં પડયો હતો. તે વ્યસની નહોતો, અને પુરૂષોની સંગત પસંદ ન પડવાથી ઘણોખરો વખત સ્ત્રીઓના સહવાસમાં ગાળતો. અસ્થિર મનનો હોવાથી કોઇપણ નવી સ્ત્રીનો સ્વરૂપવાન ચહેરો જોઇને જલદી ઉશ્કેરાઇ જતો, અને તેણીને ભોગવવાની ઇચ્છા કરતો. આવો આ જયચંદ્ર એક વિલાસી સ્ત્રીના જેવો લહેરી જુવાન હતો. આટલું છતાં,

એની આવી વર્તણુકે એના ઉમદા વિચારો અને ઉચ્ચ પ્રકારની લાગણીમાં બીલકુલ ખામી આણી નહોતી. જ્યારે લહેરમાં આવે ત્યારે હદ વગરનો દયાળુ અને દરિઆવ દિલનો થઇ જતો, અને જો કે પોતાના કુળવાન અને શ્રીમંત પણ દુરાચારી મિત્રોને કદી ઉછીના પૈસા પણ આપતો નહોતો, છતાં કોઇ ગરીબ માણસ તેની નજરે મદદને લાયકનો જણાતો, તો તેના હાથમાં પોતાના ગજવામાં સોનામહોર હોય તો તે પણ આપવાને ખંચાતો નહિ. આ તેના સ્વભાવની એક ખૂબી હતી.

તે કુંવારો હતો, અને ઘણું કરીને પરણવાની ઇચ્છા કરતો નહોતો, કારણ કે પરણીને એકજ સ્ત્રીની સાથે મજબૂત સાંકળથી જકડાઇ રહેવું, એ તેના વિચારને ઘણું ભયાનક લાગતું હતું.

માથે માબાપનો અભાવ, કોઇ ઠરેલ સગાં સારી સલાહ આપનારનો પણ અભાવ, તેની સાથે અઢળક દ્રવ્ય, આ બધાઓને લીધે તે પોતાનો સઘળો વખત, અને મનના વિચારો, પ્યારની મોજમઝા ભોગવવામાં વાપરતો હતો. અને જો કે બીજી કોઇપણ બાબતમાં ઉડાઉ નહોતો, છતાં, પોતાની ઇચ્છા પુરી પાડવાના કામમાં ગમે તેટલા પૈસા ઉડાવી દેવાને પાછી પાની કરતો નહિ. યશોદાબાઇ આવા ગૃહસ્થોનેજ ખાસ ઉપયોગી હતી અને તેણીની પેદાશનો મોટો ભાગ એમાંજ સમાયેલો હતો. તેણીએ પોતાની નોકરીમાં ચૌદથી વીસ વરસ સુધીની ઉમરની છોકરીઓ રાખી હતી, જેની સંખ્યા દશ કે બારથી ઓછી નહોતી. તેમાંની લગભગ અડધા ભાગ ઉપરાંત તો આ યુવાન લહેરી છબ્બડાની વખતે વખતની, અસ્થિર મગજની, તુરંગી ઇચ્છાઓ પુરી પાડવામાં કામ આવી ગઇ હતી. અને તે બધી યશોદા બાઇનીજ મહેરબાની હતી.

આવા પ્રકારના જયચંદ્રને આપણે આ વખતે યશોદાબાઇના ખાનગી ઓરડામાં બેઠેલો જોઇએ છીએ.

"કેમ, પ્રિયદોસ્ત," યશોદાબાઇ તે ઓરડામાં આવી ત્યારે જયચંદ્ર જરા ઉંચો થઇને પાછો પોતાની અસલ સ્થિતિમાં પડતાં બોલ્યો. "મારા

હમેશના દસ્તુર પ્રમાણે હું તમને પૂછવા આવ્યો છું. તમે જાણો છો કે તમારી પાસે એક એવો માણસ આવેલો છે કે જે પ્યારની મઝા ચાખવામાં જુદી જુદી અને નવી નવી ખૂબસુરતીઓ મેળવવામાં તમારી માયાળુ મદદ ઉપર આધાર રાખે છે. હું ખરૂં કહું છું કે ગયા દશ દિવસમાં રસ્તે ચાલતાં અથવા ગાડીમાં ફરતાં કોઈ પણ એવો નવો ચહેરો, કે જે મારી લાગણીને ઉશ્કેરે, તેવો મારા જોવામાં આવ્યો નથી."

"અરે, એતો ત્યારે આપને માટે ઘણું દયાજનક છે, મારા મહેરબાન" યશોદાબાઈએ હસીને જવાબ આપ્યો.

"દયાજનક!" તે બોલ્યો. "ખરેખર, તેમજ છે. પણ હું ખરૂં કહું છું, વહાલાં યશોદાબાઈ," તે બોલતાં બોલતાં યશોદાબાઈની ભરાવદાર છાતીનો કેટલોક ભાગ, સાડીનો છેડો ખસી જવાથી તસતસતી બારીક ચોળીમાંથી બહાર દેખાતો હતો તે તરફ ધારી ધારીને જોતો હતો "કે આ વખતે તમે ખરેખર મોહક દેખાઓ છો—કોઈ ભાગ્યેજ કહી શકે કે તમારી ઉમર પચીસથી સત્તાવીસ કરતાં વધારે હશે." જોકે જયચંદ્ર જાણતો હતો કે તેણીની ઉમર ચાળીસની અંદર તો નહોતીજ." કારણકે તમારા શરીરનો બાંધો અને દરેક અવયવોનો ઘાટ સંપૂર્ણ રીતે સુંદરતાથી ભરપૂર છે. દાંત દાડમની કળી જેવા એકસરખા ચકચકિત છે. આંખો પ્રકાશમાન તારાની માફક ચળકે છે, અને તમારા માથાના વાળ સુંવાળા રેશમ જેવા કાળા છે, અને શોભાયમાન અંબોડાથી ખુબસુરતીમાં ઓર વધારો થાય છે."

"શું, આ સંભવિત છે. પ્યારા જયચંદ્ર" યશોદાએ સ્મિત વદને જવાબમાં કહ્યું. "કે સૌંદર્યની બીજી નવી પરીની ગેરહાજરીમાં તમે મારી સાથે પ્યાર કરવા માગો છો!"

"ખરેખર, તેમ કરવાના ભારે ગંભીર વિચારમાં હું છું." તેણે પોતાની ખુરશી યશોદાબાઈની ખુરશી પાસે ખેંચી કહ્યું "અહા! તમારા પગ,

અને નિતંબનો ભાગ તો મેં હમણાંજ આવા ખરા બહારમાં જોયો; અને ખરૂં કહું તો તમે......"

"અરે, હું ગર્વિષ્ટ નથી—હું ફુલણજી નથી, જયચંદ્ર" તેણીએ તેને વચ્ચેથી બોલતો અટકાવીને કહ્યું. વાંચનારને કહેવાની જરૂર નથી કે જયચંદ્ર યશોદાબાઇ સાથે ઘાડા પરિચયમાં હતો, અને તેથી તેને ગમે તે પ્રકારની છૂટ લેવાને અથવા બોલવાને સદર પરવાનગી હતી,

"ગર્વિષ્ટ નહિ, તેમ ફુલણજી પણ નહિ. યશોબાઈ." જયચંદ્રે કહ્યું. "પણ તમે તમારા સૌંદર્યની બાબતમાં ભારેમાં ભારે વખાણને લાયકનાંછો, કારણકે મારૂં નામ જયચંદ્ર છે એ જેટલે દરજ્જે ચોક્કસ છે, તેટલેજ દરજ્જે તમારી ખૂબસુરતી વિષે તમારે મગરૂર થવું જોઇએ, એ પણ ચોક્કસ છે. તમારો ધણી ઘણો નસીબવાન હોવો જોઇએ, કે જે તમારો હાથ મેળવવાને ભાગ્યશાળી થયો હશે."

"મારા સાહેબ, તમે મારીજ મજાક કરવા ઉપર અત્યારે ચઢયાછો." યશોદાબાઇ એવી સખ્ત ઢબથી બોલી, અને તેણીના શરીરને એક એવો આંચકો લાગ્યો કે જયચંદ્ર તેણીના પગ તરફ જોઇ રહ્યો હતો, તેને અજાણપણીથી તેણીના ચહેરા સામે જોતાં લાગ્યું કે તેણીના અંતરમાં કંઇ ભારે વેદના થતી હોવી જોઇએ.

"અરે, મારા બોલવાથી તમને કંઇ માઠું લાગ્યું, યશોદાબાઇ?" તેણીનો હાથ પકડીને તે નમ્રપણે બોલ્યો. "તમે સારી પેઠે જાણો છો કે હું જાણીજોઇને તમારી લાગણીને દુઃખ થાય એવું કંઈ બોલું અથવા કરૂં એવો નથી."

"ના, ના તેમતો કંઇ નથી. અને તમારા બોલવા ઉપર મને ભરોસો છે" યશોદા બોલી. "મારા માથામાં કંઇ ઓચિંતો વેગ માર્યો હતો, અને તેના દુઃખથી......"

"ત્યારે તમારા મરહુમ ધણી વિષે મેં જે નાદાની ભરેલું બોલવાની અસાવધતા વાપરી. તેને માટે મને તમે માફી આપશો?" જયચંદ્રે તેણીએ

બતાવેલું બહાનું નહિ માનતાં કહ્યું. "હશે ગમે તેમ હશે, પણ આપણે હવે વાત બદલીશું" યશોદાએ કંઇક વિચિત્ર અને છળભેદવાળી નજરથી જયચંદ્ર તરફ જોયું, કે જેથી તેને જરા બેચેની થઇ. "હવે મારા અત્યારે અહીં આવવાના મુદ્દા ઉપર પાછા જઇએ. હું તમને એમ કહેતો હતો, યશોદાબાઇ, કે ગયા દશ પંદર દિવસથી મારા મનની લાગણીને ઉશ્કેરે એવો કોઇ નવીન ચહેરો મારા જોવામાં આવ્યો નથી; અને મને લાગ્યું કે તમે મને તેવું કંઇ મેળવી આપવામાં મદદ કરી શકશો."

"હું ધારૂં છું કે તમને માફક આવે એવો એક નવા સાહસનો રસ્તો હું બતાવી શકીશ." યશોદાબાઇએ પોતાની હસમુખી પ્રકૃતિમાં આવીને કહ્યું.

"શું, ખરેખર?" જયચંદ્ર બોલ્યો "બોલો, બોલો—તમે શું કહેવા માગો છો, તે સાંભળવાને હું ઘણો ઇન્તેજાર છું."

"જરા ધીરજ રાખો," યશોદાએ ફરીથી મધુર મધુર હસતાં કહ્યું. "અને વખત આવે તમે બધું જાણશો. મારા ઓળખાણના એક અમુક મોજીલા ગૃહસ્થે, એક અમુક એકાંત વાસમાં બે એવી પરીઓ શોધી કાઢી છે કે જેની જોડી આ દુનિઆમાં હોય એમ લાગતું નથી."

"બેશક, ત્યારે તો બે બેનો હશે?" જયચંદ્રે પૂછ્યું.

"હા, અને સ્વરૂપમાં દરેક રીતે એવી સુંદર છે કે દરેક જોનાર માણસની આંખને આંજી નાંખે." યશોદાબાઇ બોલી. "આ બે દીલખુશ પરીઓ પૈકી એક ને તો મેં જોઇ છે—અને ખરૂં કહું તો આ વખતે તેણી મારા આ મકાનમાંજ છે."

"ત્યારે મને લાગે છે કે આજ રાત્રેજ તમે મારી પાસેથી સો બસેંની ધાપ મેળવવા નક્કી કરી રાખ્યું છે." જયચંદ્ર બોલ્યો. તેના ગાલ ઉપર કામાવેશની સુરખી ચઢી આવી, અને આંખો આતુરતાથી ચળકી રહી.

"ના. તેમાંની મોટી બેન બીજા ગૃહસ્થના કબજામાં જઇ ચૂકી છે." યશોદાબાઇ બોલી. "હાલ હમણાજ આપણે જ્યારે વાત કરીએ છીએ,

ત્યારે તેણી કામદેવ અને તેની પત્ની રતીના દેવાલયમાં પોતાનો શરૂઆતનો પાઠ લે છે. પણ નાની બેન તમને મળે ખરી."

"એ નાની બેન કે જે તમે મને મેળવી આપવાની ખાત્રી આપોછો તે પેલી મોટી બેનના જેવીજ સુંદર અને મોહક છે?" તે કામવિલાસી યુવાને આતુરતાથી પૂછ્યું.

"મેં તેણીને હજુ જોઇ નથી," યશોદાએ જવાબ દીધો, "પણ મારી ખાત્રી છે કે તેણી પોતાની મોટી બેનના જેવીજ સુંદર હશે. અને જો તેમજ હશે તો મને લાગે છે કે આપ સાહેબને આખરે એવી એક મન-મોહક સુંદરી મળશે કે જેના ઉપર તમારો પ્યાર કેટલીક લાંબી મુદત સુધી કદાચ ટકી રહેશે."

"તમે તો મને ખરેખર મોહમાં નાખો છો." જયચંદ્ર બોલ્યો. "ક્યાં, અને ક્યારે, આ ખૂબસુરત પરીને હું જોઇશ.?"

"મહેરબાની કરીને મને આ વિષે એક ટુંક અને જરૂરી વિવેચન કરવા દેશો." યશોદાએ કહ્યું. "આ બન્ને બેનો એક ગરીબ સ્થિતિના પણ આબરૂદાર અને મોટા ખાનદાન કુટુંબ સાથે સંબંધ ધરાવતા ગૃહસ્થની પુત્રીઓ છે. તેમનો પિતા હાલ બીજે ગામ ગયેલો છે. મોટી–કુસુમ એક સારા હાથમાં પડી છે. નાની–કળા તમે મેળવી શકશો. અલબત્ત, કુસુમ તો ધારે છે કે તેણીના પ્રિયત્તમનો ઇરાદો તેણીની સાથે લગ્ન કરવાનો છે. પણ મારે ભાગ્યેજ તમને જણાવવાની જરૂર પડશે કે તેનો તેવો કોઇ જાતનો લેશ માત્ર પણ ઇરાદો નથી. ગઇ રાત્રે, તેણે પોતાનો પ્યાર તેણીને જાહેર કર્યો અને આજ રાત્રે તેણી આ મકાનમાં તેને મળવા આવી છે. આ ઉપરથી તમે અનુમાન બાંધી શકશો કે તેણીના હૃદયમાં કામી આવેશનો ઝરો પુષ્કળ જોરથી વહે છે. અને તેથી એમ ધારી શકાય કે કળાને પણ તેવીજ સહેલાઇથી જીતી શકાશે. અને તેણીને સંપાદન કરવા તમારા સિવાય બીજો કોઇ વધારે લાયક નથી."

" ત્યારે હું તેણીને મેળવવાનું મોટા ઉત્સાહથી માથે લઇશ. " જય-ચંદ્ર ભારે આવેશમાં આવી જઇ બોલ્યો.

" ના, એમ નહિ. મને એક એવી યુક્તિ સુઝે છે કે જેથી કિલ્લામાં એકદમ અજાયબીથી દાખલ થઇ સહેલાઇથી જીત મેળવી શકાય. " યશો-દાબાઇ વિચાર કરીને બોલી " વળી જે સાહસ કરવાનું હું સૂચવું છું, તે એવી અદ્ભુત યુક્તિવાળું છે કે તે કોઇ વખત સાંભળ્યું પણ નહિ હોય, અને મને અગાઉથી જ ચોક્કસ ખાત્રી છે કે, તમે ઘણી ખુશીથી તે ઉ-પાડી લેશો. "

" હવે તો મારી અજાયબી હદ ઉપરાંત ઉશ્કેરાય છે " તે વિષથી જુવાન બોલ્યો.

" તમને નથી લાગતું કે સ્ત્રીના પહેરવેશમાં તમે સારા દીપી નીક-ળશો ? " યશોદાબાઇ તેના તરફ જોતી ખુશ મિજાજે બોલી.

" હા, હા, હવે હું તમારૂં કહેવું સમજ્યો છું, પ્રિય યશોદાબાઇ. " જયચંદ્ર બોલ્યો. " એ ઘણું મઝાનું થશે. એક જુવાનબાળા—લોકોના ટોળા-માંથી તેણીની માતાથી છૂટી પડી ગયેલી—પોતાનો રસ્તો ભૂલેલી—મોડી રાત્રે—ભય ભરેલી બી ગયેલી, તે રાતને માટે આશ્રય મેળવવાને આજીજી કરેછે—"

" ઘણુંજ ઉત્તમ " યશોદાબાઇ બોલી ઉઠી. " આપ સાહેબ મારા કહેવાનો ભાવાર્થ પૂરેપૂરો સમજ્યા છો. અને હવે જ્યારે આટલે સુધી ત-મારી ઇન્તેજારી મેં પૂરી પાડી, વહાલા જયચંદ્ર, ત્યારે આ ખૂબસુરત બેનો વિષે, હું જે થોડી જરૂરની સુચના કરૂં, તે તમે ધીરજથી સાંભળશો. હું તમને જણાવી ચૂકી છું કે એક અમુક લહેરી જુવાન—કે જે આપની માફક મારા ઉપર પૂરો વિશ્વાસ અને મહેરબાની રાખે છે—તેણે મોટી બેન—કુસુ-મ—નો પ્યાર જીતી લીધો છે: પણ તેણીનો પિતા ઘેર પાછો આવે ત્યારે, તેણીને ઘેર તેણીને મળવા જતાં કેટલાંક મજબૂત કારણોથી અટકાવ થશે, અને તેથી સ્વાભાવિક રીતે, તે ગૃહસ્થની એવી પ્રબળ ઇચ્છા છે કે તેણીને મળવાની તેને જ્યારે જ્યારે મરજી થાય, ત્યારે ત્યારે તેણીએ અહીં આવ-

વાને કબુલ થવું જોઇએ. હવે પોતાની બેન કળાને, કોઇ સોબતી સિવાય, એકલી મૂકીને વારંવાર ઘણો લાંબો વખત ઘેરથી ગેરહાજર રહેવાને કુસુમને માટે ઘણું મુશ્કેલ છે. તેથી મેં છેવટ ધાર્યું કે કુસુમના પ્યારનાં કારસ્તાન તરફ કળા આંખઆડા કાન કરે, તેટલા સારૂ કળાને તેવાજ પ્યારમાં નાખવી જોઇએ, અને ત્યારેજ બન્ને બેનો એકબીજાનો વિશ્વાસ કરશે, અને ત્યારેજ એકબીજાની સલાહથી, એક રાગ થઇ વર્તવાથી, તેમના બાપની ગમે તેટલી ચોકશી હશે, તોપણ તેને હઠાવી શકશે."

"ઘણીજ વખાણવા લાયક ગોઠવણ." જયચંદ્ર બોલ્યો. "દરેક બેનને પોતપોતાનો પ્રેમપાત્ર હોવાથી તેઓ એકબીજાની ઇર્ષ્યા કરશે નહિ; તેમજ કોઈ કોઇને ઠપકો આપશે નહિ, પણ પરસ્પર એકબીજાને મદદગાર થઈ પડશે. હું ધારૂં છું કે કુસુમના આશકે કળાને માટે તેવો કોઇ શોધી કાઢવા તમને ભલામણ કરી હશે; અને તેનો પહેલો લાભ આપવાનું તમે મને માન આપ્યું છે."

"તે જુવાને, કુસુમના આવતા અગાઉજ આ બાબત વિષે મારી સાથે વાત કરી હતી." યશોદાબાઇ બોલી. "અને કુસુમ સાથેનો તેનો સંબંધ છૂપો રાખવા, તથા તેની ધારણામાં કંઇ ખલેલ ન પહોંચે તેવી જોઇતી ગોઠવણ કરવા તેણે મારી મુનસફી ઉપર રાખ્યું છે."

"ત્યારે તો મને લાગે છે કે તે કોઈ મોટા કુટુંબનો માણસ હોવો જોઇએ, અને તેને ઈર્ષ્યાળુ વૈરી હશે." જયચંદ્રે પોતાનું અનુમાન કાઢ્યું.

"તે એક મોટા આબરૂદાર કુટુંબનું ફરજંદ છે. અને થોડા વખતમાં પરણવાનો છે." યશોદાબાઇએ જવાબ દીધો. "પણ તમે જાણોછો કે મારા ઓળખાણવાળા ગૃહસ્થોની કોઇની વાત એકબીજાને કહેવાનો મારો રિવાજ નથી. 'પ્રતિષ્ઠા અને ચૂપકીદી' એ મારો મુદ્રાલેખ છે. જયચંદ્ર."

'હું સારી રીતે જાણું છું કે, આવી બાબતમાં તમે કેવાં ઠરેલ અને ચોકસ વિચારનાં છો." તેણે જણાવ્યું. "અને વળી તમારે મને પણ ખાત્રી આપવી જોઇએ કે, બીજાની વાતો જાણવાની આકાંક્ષાથી હું તદ્દન

દૂર રહું છું. જ્યાં સુધી હું સ્વરૂપસુંદરી કળાના પ્યારમાં છું, ત્યાં સુધી કુસુમનો પ્રેમપાત્ર કોણ અને કેવો છે, તે જાણવાની મને લેશ માત્ર પણ દરકાર નથી. પણ મારે જે ખુશનુમા ગમત ભરેલો સાહસ ખેડવાનો છે—કે જે મારી કલ્પનામાં મને ઘણો બંધ બેસતો થઇ પડે છે, તે મારે ક્યારે શરૂ કરવાનો છે, તે તમે મને હજુ કહ્યું નથી."

"ઘણું કરીને આવતી કાલે સાંજે." યશોદાબાઇએ જવાબ દીધો. "છતાં તે બાબત તમારી ઇન્તેજારી દૂર કરવા હું તમને કાલે સવારે લખી જણાવીશ."

"મોટી મહેરબાની" જયચંદ્ર બોલ્યો. "જેની સાથે તમે તમારો સંદેશો મોકલો, તેને મારે ત્યાં થોડીવાર થોભવા કહેજો, કારણકે તેને મારે ઘેરથી ખાલી હાથે જવા દઇશ નહિ."

"આપની હમેશની ઉદારતા વિષે મારી સંપૂર્ણ ખાત્રી છે, પ્રિય જયચંદ્ર." યશોદાબાઇ મુખ મલકાવતાં બોલી. "કેમ થોડા ઉંચા પ્રકારનો દારૂ લેશો?"

"ના. હું કદાચિતજ કોફી અથવા ચાથી વધારે સખ્ત પીવાનો પદાર્થ લઉં છું." ઉઠતાં ઉઠતાં તે બોલ્યો. પછી એક મોટી આરસીમાં પોતાનો ચહેરો ધ્યાનપૂર્વક જોઇને બોલી ઉઠયો. "ખરેખર, મને લાગે છે, અને હું માનું છું કે, જ્યારે હું સ્ત્રીનો શણગાર સજીશ, ત્યારે મને તે ઘણો સારો ખીલી નીકળશે. અરે, એ બધું તો ખરૂં, પણ મને સ્ત્રીનો પોશાક પહેરાવશે કોણ? મારા માથાનાં જુલફાં બરાબર હોળીને અંબોડા માફક કોણ ગોઠવશે?" જેવો આ વિચાર તેના મગજમાં આવ્યો તેવોજ યશોદાબાઇ તરફ ફરીને તેણે પૂછ્યું.

"મને ધારતી છે કે એ બધું કરવા તમારી દાસી તરીકેનો ભાગ મારેજ ભજવવો પડશે." હસતાં હસતાં યશોદાબાઇએ જવાબ દીધો.

"અહા! ત્યારે એથી વધારે સરસ રીતે પોશાક પહેરાવનાર બીજાને મેળવવા હું પણ ખુશી નથી." એમ બોલતાં જયચંદ્રે ધીમેથી પોતાના

હાથ તેણીના ગુલાબી ગાલ ઉપર ફેરવ્યા—કે જે છુટને માટે આ પરોપકારી (!) યશોદાબાઇએ બીલકુલ વાંધો બતાવ્યો નહિ.

પછી જયચંદ્ર વિદાય થયો, અને તેને નીચે સુધી વળાવવા યશોદાબાઇ ગઇ.

પ્રકરણ ૭ મું.

કળા.

સાંજનો સાત વાગવાનો વખત હતો. કળા આગલી પરસાળમાં બેઠી હતી. તેણી તે ઓરડામાં એકલી હતી એટલું જ નહિ, પણ આખા ઘરમાંજ આ વખતે એકલી હતી; કારણ કે નોકર સ્ત્રી તો બપોરનું કામ પરવારીને કયારની ચાલી ગઇ હતી, અને લગભગ પાંચેક વાગતાથી કુસુમ પણ બહાર ગઇ હતી.

લાગલાગટ બે દિવસથી, સાંજ પછી રાત્રે મોડા વખત સુધી, કુસુમે બહાર રહેવા માટે પોતાની બેનને શું કારણ બતાવ્યું, તે જાણવાનો આપણે ફીકર રાખતા નથી; છતાં એટલું તો ચોક્કસ જણાય છે કે કુસુમે પોતાની ગેરહાજરીના બતાવેલા કારણથી કળા પુરતી રીતે સંતોષ પામી હતી, અને તેના ખરા કારણથી તદન અજ્ઞાત હતી.

કળા, હાલ એકલી પડતાં, ઘરમાં પહેરવાનાં જૂનાં લુગડાં ને સાંધવા તથા થીગડાં દેવા બેઠી હતી. આવી નજીવી હકીકતોને માટે કદાચ વાંચકોના અંતઃકરણમાં હાસ્યમિશ્રિત કંટાળો ઉદ્દભવ પામશે. પણ આ ઉપરથી એટલું જોવાનું છે કે કળા પોતાના પિતાની ટુંકી આવકમાં કેવી નાણુકાઇ રીતે કરકસરથી ઘરખટલો ચલાવવાની કોશિશ કરતી હતી, જે આ મનમોહન રમણીના સદ્દગુણો વિષે આપણા ઉંચા અભિપ્રાયમાં વધારો કરે

છે. તેણી જે ભભકાદાર પોશાકમાં સજ થઇ એક શણગારેલા દીવાનખાનામાં સુશોભિત બેઠક ઉપર નકામી પડી રહી હોય, તે વખતે જેવી ખૂબસુરત દેખાય તેના કરતાં હાલના સાદા પોશાકમાં, પોતાની ઉંચી ડોક નીચી નમાવી હાથની ચાલાકીથી જે કામ કરતી હતી, તેવા દેખાવમાં ઓર વધારે ખૂબસુરત દેખાતી હતી. કારણ તેણીના શરીરનો બાંધો અને દેખાવ જ એવો હતો કે કંઇ પણ ઘરેણાં અથવા ઉંચી જાતનાં રેશમી કપડાં તેણીને ખૂબસુરત દેખાડવાને જરૂરનાં નહોતાં.

આવી મોહ ઉપજાવે એવી અને નિષ્કપટી, પવિત્ર બાળા, આ કળા હતી, કે જેની સુખશાંતિને ખલેલ પહોંચાડવાની ધિઃક્કારવા લાયક યુક્તિ ઘડાઇ રહી હતી, અને તે આજ રાત્રેજ અમલમાં મૂકાવાની હતી. અરે ! રે ! મનોહર કળા ! તારે માટે આ વખતે ખરેખર દિલગીરી ઉપજે છે.

આગળ કહી ગયા પ્રમાણે સાંજના સાત થવા આવ્યા હતા, અને કળા લુગડાં સાંધવાના કામમાંથી પરવારવા આવી હતી, તેવામાં આગલો દરવાજો જોરથી ખખડવાનો અવાજ આવ્યો. કળા એકદમ લૂગડાં ઉંચાં મૂકી, દરવાજા આગળ દોડી, કારણ કે તેણીના પિતા આવ્યા હશે એવી આશામાં ખુશી થતી હતી.

તેણી તે ધારણામાં નિરાશ થઇ, કારણકે દરવાજો ઉઘાડતાની સાથે એક તરૂણ બાળા શરીરે ધ્રૂજતી અંદર દાખલ થઇ ગઇ. તેણી ઉતાવળે ગભરાતે અવાજે બોલી. “ બેન, આજીજી કરૂં છું, કે કેટલાક લુચ્ચા અને બદમાશો મને અપમાન પહોંચાડે છે, તેમનાથી બચવાને થોડો વખત તમારા ઘરમાં મને ભરાઇ બેસવા દો. ”

કહેવાની જરૂર નથી કે દયાળુ કળાએ તરતજ પેલી તરૂણ બાળાને ઘરમાં લેવા કબુલ કર્યું; અને તેણીને લઇને ઘરમાં ગઇ.

આ તરૂણ બાળા આ વખતે ક્યાંથી આવી હતી, તે વિષે વાંચનારે અનુમાન ન કર્યું હોય તો, જણાવવું જોઇએ કે તે બીજું કોઇજ નહિ, પણ આપણો લહેરી જુવાન, જયચંદ હતો. સાબાશ છે, યશોદાબાઇની

બુદ્ધિ અને કળાને કે, તેને સ્ત્રીના વેશમાં એવી રીતે તૈયાર કરવામાં આવ્યો હતો કે તે ગમે ત્યાં બેધડક સ્ત્રી તરીકે ગણાવવાને હિંમત કરી શકે એમ હતું. તેના માથાના વાળનાં લાંબાં જુલફાંને હોળીને અંબોડાની માફક બાંધ્યાં હતાં, કોણીની ઉપર ફૂલેલી બાંયનું રેશમી પોલકું પહેરાવી દીધું હતું, અને રેશમી ફૂલની ચીનાઇ સફેદ સાડી બહુ કાળજીપૂર્વક પહેરાવી હતી. એકંદર રીતે એવો આબેહૂબ દેખાવ આપ્યો હતો કે એક સારા ઘરની, સારી રીતે ઉછરેલી બાળા તરીકે ઓળખી શકાય.

કળાએ તેણીને પોતાની પાસે બેસાડી, અને જો તેણી કંઇ ખુલાસો કરે તો તે સાંભળવાને માટે ઉત્સુક બની રહી.

જયચંદ્ર જાણે પોતે ઘણો ગભરાટમાં હોય, તેવો ઢોંગ કર્યો; કળાએ તેને શાંત થવા સમજાવ્યો, એટલુંજ નહિ, પણ પોતાને હાથે તેના માથા-ના વાળ બરોબર કરવા લાગી, તથા પહેરેલાં લૂગડાં ટીકટાક કરવા લાગી. આ પ્રમાણે જ્યારે કળા તેને પોતાના જેવી સ્ત્રીજાતિ જાણી કરતી હતી; ત્યારે તેણીના કોમળ હાથની આંગળીઓ તેના ગાલ અને શરિરના બીજા ભાગો સાથે અડકવાથી તેની નસેનસે કામાવેશ વ્યાપી ગયો; અને જ્યારે બન્નેનાં મોં એકબીજાની નજીક આવી ગયાં ત્યારે શ્વાસોશ્વાસ ભળી જતાં તેના મનમાં શું શું થઇ જતું હતું તેતો તેનું મનજ જાણે. છતાં આટલા બધા વિકારોની સાથે, કદી નહિ અનુભવેલી એવી નાજુક, માયાળુ, અને પવિત્રતાની લાગણી તેને થઇ આવી.

જ્યારે તેના માથાના વાળ બરોબર કરીને, લૂગડાં ઠીકઠાક કરીને, કળા તેની પાસે બેસીને તેના સામું જોવા લાગી ત્યારે તેણીને જણાયું કે, તેનો ચહેરો સૌદર્યથી અતિ વિભૂષિત હતો. એટલુંજ નહિ, પણ જયચંદ્ર-ના ચહેરામાં એવું કંઇક આકર્ષણ હતું કે, જેથી કરીને કળાની મમતા તેણે ખેંચી લીધી. અને જ્યારે તેણીએ તેના શરીર ઉપર એક નજરે જોઇ લીધું, ત્યારે તેણીને લાગ્યું કે તેનામાં સ્નેહ કરવા લાયક ઘણા સદ્-ગુણો હશે.

"મારે તમારો કેવી રીતે આભાર માનવો તે મારા ખ્યાલમાંજ આવતું નથી." જયચંદ્ર પોતાનો મધુર અવાજ સ્ત્રીના કોમળ અવાજને વધારે મળતો કરી ધીમેથી બોલ્યો. "અરે, પણ, મારી વહાલી માતાનું શું થયું હશે. ?" એકાએક દુઃખી નિશ્વાસ નાખી બોલ્યો. "પેલા ઉદ્ધત તોફાની છોકરાઓએ તેણીને દુઃખી નહિ કરી હશે?"

"વહાલી બાળા, તમે શાંત થાઓ." કળા ઉભી થતાં બોલી. "હું ખુશીથી બહાર જઇને તમારી માતાની તપાસ કરીશ."

"મારી મધુરી સખી, આખી દુનિઆના સુખને માટે પણ મારા કારણથી હું તમને આવે વખતે બહાર નીકળવા દઇશ નહિ." જયચંદ્ર તેણીને અટકાવીને બોલ્યો. "ત્યાં ઘણા ઉદ્ધત જુવાનીઆઓ ભેગા થયા છે. તેઓ પીધેલા હોય એમ જણાય છે, અને તોફાને ચઢી રસ્તા ઉપર ફરતા રહ્યા છે. તેમણે મારો અને મારી માતાનો કેટલે દૂર સુધી કેડો લીધો. આખરે તે લુચ્ચાઓ અમારી સાથે તોફાન કરવા આવ્યા, અને દોડાદોડમાં હું તથા મારી માતા છૂટાં પડી ગયાં. હું ધારતીમાં ને ધારતીમાં એવી દોડી, કે ક્યાં જાઉંછું તેનું પણ મને ભાન રહ્યું નહિ. અને હું એવી ગભરાઇ અને ગુંચવાઇ ગઇ કે હું એકલી છું એવું પણ કેટલીકવાર સુધી તો મેં જાણ્યું નહિ. તમે વિચારી શકશો કે જ્યારે મેં જોયું કે મારી માતાથી હું છૂટી પડી ગઈ છું, ત્યારે હું કેટલીબધી ગભરાઈ ગઇ હોઇશ. પણ તેજ વખતે વેગળેથી ઉતાવળાં પગલાંનો અવાજ સાંભળીને મને વધારે બીક લાગી કે રખેને પેલા તોફાની લોકો પાછા મને હેરાન કરશે: અને તેથી તમારા ઘરમાં—કે જ્યાં બારીમાંથી દીવાનું અજવાળું જણાતું હતું—ત્યાં આશ્રય લેવા આવવાની મેં હિંમત કરી; અને તમે ભલા દિલથી મને આશ્રય આપ્યો. હવે મારી માયાળુ આશ્રયદાતાનું નામ જાણવાની મને જીજ્ઞાસા છે કે હું હમેશાં તે નામ ઉપકારની લાગણી સાથે યાદ કરૂં."

"મારૂં નામ કળા છે." જવાબ મળ્યો. "હું દિલગીર છું કે મારા પિતા બહાર ગામ ગયા છે; કારણ કે મારી ખાત્રી છે કે તેઓ અત્યારે

અહીં હોત તો એ બદમાશોને પોલિસને સ્વાધીન કરી ઇનસાફની દેવડી-એ ચઢાવત."

"મારી વહાલી કળા બેન! તમારી સખી થવાનું મને માન આપ-વાની હું માગણી કરૂં છું. મારૂં નામ જયા છે." જયચંદ્ર બોલ્યો, જેણે હવે ખાત્રીપૂર્વક જાણ્યું કે તેણીનો પિતા ઘેર નહોતો.

"અહા! શું મધુરૂં નામ?" કળા બોલી "જયાગૌરી" તેણી ફરીથી મન સાથે બબડી.

"હા, જયાગૌરી, પણ તમે મને જયાના સાદા નામથીજ બોલાવશો તો હું વધારે રાજી થઇશ," જયચંદ્રે સૂચવ્યું, "મારા નામથી તમે રાજી થયાં એ જોઇ હું ઘણી ખુશી થઇ છું. તમારૂં નામ કળા પણ કંઇ ઓછું મધુરતા વાળું નથી."

"મને માફ કરો, જયાબેન," કળા બોલી "કારણકે તમારી હાલની ગભરામણમાં મારે કેવી રીતે મદદ કરવી જોઇએ, તેનો વિચાર કરવાને બદલે અવિચારીપણે એક નામની નજીવી બાબતની વાતમાં હું પડી. તમારી માતા-ની તપાસ કરવા મને બહાર નહિ જવાદો, વારૂ? જોકે એ વાત ખરી છે કે તેમને હું ઓળખતી નથી, તોપણ કદાચ તમારી શોધમાં આટલામાંજ હશે, અને કદાચ તમારે વિષે મને કંઇ પૂછે પણ ખરાં....."

"ફરીથી હું કહૂંછું, કળાસુંદરી," જયચંદ્રે તેણીને બોલતાં અટકાવીને કહ્યું "કે જે આવી રાતની વખતે જેવા અપમાનમાંથી છૂટવા હું નાસી આવી છું, તેવા અપમામનો કદાચ તમે ભોગ થઇ પડો, એવું જાણવા છતાં હું તમને જવા દઉં તો મને પોતાને હું કદી માફ કરૂં નહિ. નહિ, નહિ, તમને તો કદી નહિ જવા દઉં. તમે અહીંજ રહો, અને મને થોડી વાર તમારી પાસે રહેવા દો."

"ઘણી ખુશીની સાથે, જયાબેન." માયાળુ કળાએ કહ્યું, "અરે પણ તમારી માતા તમારે માટે ફિકર નહિ કરે?"

"હું ઘેર ગઇ હોઇશ, એમ ધારી તેણી ઘેરજ જશે," ભ્રીવેશવાળા

પુરૂષે જવાબ દીધો " પણ તે ઘણે દૂર છે, બજાર તરફ છે, તેથી આવે રસ્તે અને આવા વખતે મને એકલાં જવાને હવે ધાસ્તી લાગે છે. અરેરે! ભાડાની ગાડીવાળાઓ પણ ચોર અને બદમાશોને મળેલા હોય છે." જયચંદ્રે ત્યાંજ રાત ગાળવાનાં બહાનાં શોધવા માંડયાં.

" તમે બિલકૂલ ગભરાશો નહિ, જયાબેન " ઘણી લાગણી ભરેલા અવાજે કળા બોલી, કારણ કે કપટ કુશળ જયચંદ્ર એવા દુઃખી અવાજથી ઉપરનું છેલ્લું વાક્ય બોલ્યો હતો કે તેની નવી થયેલી સખીને દેખીતા ગભરાટમાં પડેલી જોઇ ઉદાર દિલની અને માયાળુ કળાને ઘણું લાગી આવ્યું હતું.

" તમારી આટલી બધી માયા માટે હું મારા ખરા અંતઃકરણથી તમારો આભાર માનુંછું." જયચંદ્ર બોલ્યો " પણ હવે મારે કરવું શું?" વધારે વધારે જાળ પાથરતો જરાવાર વિચારમાં પડવાનો ઢોંગ કરી વળી બોલ્યો, " આટલામાં કોઇ ઠેકાણે આજની રાત રહી શકાય, એવું કોઇ આબરૂદાર ઠેકાણું મારા જાણવામાં હોત... ..." એટલું બોલતાં જાણે ઉંડી દિલગીરીમાં પડ્યો હોય તેમ અટકી ગયો.

"ઓરે! એટલુંજ છે કે?" કળા બોલી ઉઠી, "ત્યારે તો હવે તમારી મુસ્કેલીનો છેડો આવ્યો છે. મારા પિતા ઘેર નહિ હોવાથી એક બિછાનું અહીંજ વધારાનું છે, તે તમારા ઉપયોગમાં આવશે; અને મારી બેન કે જે અગિઆરેક વાગે આવી પહોંચશે, તે પણ તમને જોઇને ઘણી ખુશી થશે."

" ઓ મારી વહાલી કળાસુંદરી, તમારી એટલી બધી મમતા છે કે તમારો આભાર કેવા શબ્દોમાં મારે માનવો તે પણ મારા ખ્યાલમાં આવતું નથી." દરેક પગલે તેના પ્રપંચને મળતી જતી ફતેહ વિષે આ ઠગારો જયચંદ્ર અંદરખાનેથી ખુશી થતો બોલ્યો. પણ જ્યારે તેની આંખો તેની સામે બેઠેલી મનોહારિણી બાળા ઉપર ચોંટી, અને તેણીનું ભોળું અંતઃકરણ અને નિર્દોષ ચહેરો જોતાં, તથા તેણીનો મધુરો અને સુકોમળ અવાજ તેના કાનમાં પડતાં, અને તેથી તેણીના નિર્દોષ અને હસમુખા ચહેરા તરફ વારે-

વાર નજર કરતાં, તેણીની પવિત્રતાની અપૂર્વ સત્તાએ તેના ઉપર અમલ ચલાવવા માંડયો. અને તેની સાથેજ તેની હાલની કાળી, કપટ ભરેલી, ઘાતકી વર્તણુંકનો વિચાર આવતાં એકાએક તેના મગજમાં ઝાટકો માર્યો.

પણ અફસોસ ! તેના પોતાના મનથી લાગતા આવા નાખુશી ભરેલા વિચારોને ત્વરાથી દૂર ફેંકી દઈ, તે વિષયલંપટ યુવાન તેણીની સાથે પ્રપંચ ભરેલી રમુજી ઢબે વાતચિતમાં પરોવાયો.

પોતાનો વેશ પૂરતી સાવધતાથી ભજવતાં દરેક અક્ષર વજનસર બોલતો-તેણીના તરફ ઘણાં સંભાળથી દૃષ્ટિપાત કરતો-અને પોતે જે ભાગ ભજવતો હતો તે પૂરેપૂરો ભજવાય એવી રીતે દરેક પળે ખાસ વિચારપૂર્વક પોતાના દેખાવનો ડોળ રાખ્યો હતો, તે એટલે સુધી કે જેટલો વખત તે, કળાની સાથે ત્યાં આગળ બેઠો હતો, તેટલા વખત દરમિયાન કળાને લેશ માત્ર પણ શક ગયો નહિ, કે તેણીની આ લાયક અને રવરૂપવાન સાથી જેવા જાતિ-ની પોતાને બતાવે છે, તેવી જાતિની નથી.

આ પ્રેમમગ્ન અવસ્થામાં લગભગ બે ત્રણ કલાક વાતચિતમાં નીકળી ગયા, છતાં જાણે એક કલાક પણ ના થયો હોય એમ લાગતું હતું.

વાતમાં ને વાતમાં દશ વાગવાનો વખત થવા આવ્યો, પણ કળાને ખાવાનું પણ ભાન રહ્યું નહોતું. હવે તેમણે બન્નેએ વાળું કર્યું. આખરે અગિઆર વાગવાનો વખત થયો, ત્યારે પોતાની બેન હજુ નહિ આવવાથી કળા બેચેન થઇ. પણ જયચંદ્રની તો ખાત્રી હતી કે કુસુમ તો સવાર સુધી ઘેર પાછી આવવાનીજ નહોતી. તેથી તેણે ઊંઘ આવવાનો હવે ડોળ કર્યો, એવી મતલબથી કે તેથી કળા જલદી સૂવાની તૈયારી કરે. કળાએ તેને ખાલી પડેલા બિછાના વાળા ઓરડામાં સુવા જવા કહ્યું, અને જણાવ્યું કે તેણી પોતે તો પોતાની બેનની રાહ જોવા બેસવાની છે. જયચંદ્રે પોતાને ઉંઘનાં ઝોકાં આવવા બદલ માફી માગી, અને તેણે પણ હવે તેણીની સાથે તેણીની બેનની રાહ જોવા બેસવાની પોતાની ઇચ્છા બતાવી. આ પ્રમાણે વળી એકાદ કલાક ગયો.

મધરાત થઇ, પણ કુસુમ હજુ આવી નહિ.

" તમારી બેનને માટે તમે બેચેન જણાઓ છો, કળા સુંદરી ?" જયચંદ્રે પૂછ્યું.

" તેણીએ મોડામાં મોડું અગિઆર વાગે તો પાછા આવવાનું કહ્યું હતું. " કળાએ જવાબમાં કહ્યું.

" કદાચ કંઇ જરૂરી રોકાણ આવી પડયું હોય. " જયચંદ્રે સૂચવ્યું, કારણ કે કુસુમે બહાર જવાનું શું કારણ બતાવ્યું છે, તે જાણવાનું વખતે બની આવે.

" કદાચ તેમ પણ હોય. " કળા પોતાના મન સાથે, જયચંદ્ર સાંભળી શકે તેમ બોલી. " ગઇ કાલે સાંજે તેણી બજારમાં કંઇ ખરીદી કરવા ગઇ હતી. બજારમાંથી પાછી ફરતી વખતે, રસ્તામાં એક કોઇ ડોસી ગાડી તળે આવી ગઇ. તેણીને મદદ કરવા મારી બેન સૌથી પહેલી દોડી ગઈ. તે ડોસી ત્યાં નજીકમાંજ રહેતી હતી. કુસુમે તેણીને પોતાને ઘેર જવામાં મદદ કરી. તે ડોસીએ કુસુમને થોડો વખત પોતાની પાસે બેસાડી. પછી જ્યારે મારી બેન ઘેર પાછી આવી ત્યારે રાત્રે અગિઆર વાગી ગયા હતા. આજે સાંજે મારી બેનને લાગ્યું કે સભ્યતાની ખાતર તે બાઇની તબિયત વિષે ખબર કાઢવી જોઇએ, કારણ કે ઘરમાં તે ડોસી એકલીજ રહેતી હતી. તેથી કુસુમને લાગ્યું કે તેણીને થોડો વખત તેણીના પાસે બેસવાની જરૂર પણ પડે. છતાં મોડામાં મોડું અગિઆર વાગતા સુધીમાં તો તેણીએ પાછી આવવાનું કહ્યું હતું, જ્યારે હમણા સવાબાર થવા આવ્યા છે. " ઘડિઆળ તરફ જોતાં બોલી.

" વહાલી કળા સુંદરી, " જયચંદ્ર આ બધો ખુલાસો સાંભળીને બોલ્યો. " તમારી બેનને મોડું થયું તે વિષે આટલું બધું બેચેન થવા જેવું કશું કારણ નથી. સાંભળો–તમે કહો છો કે તે વૃદ્ધ સ્ત્રી એકલી રહે છે, અને તેણી કદાચ વધારે માંદી હોય. તમારી બેન–કે જે મારી ખાત્રી છે કે તમારા જેવીજ દયાળુ દિલની હશે–તેણી તે ડોસીને તેવી હાલતમાં છોડી

શકે નહિ. અને સ્વાભાવિક રીતે તમારી બેન ધારે કે તેણીના રોકાણનું કારણ તમે સહેજ કળી શકશો.”

“અહા! તમારા આવા ખુલાસાથી મારી બેચેની ઉડી જાય છે.” કળી ખુશાલીથી પ્રકાશી નીકળતા ચહેરાથી બોલી. “બરોબર છે. તમે કહો છો તેમજ હશે. ગમે તેમ હોય, પણ હવે મારે માટે તમને વધારે વખત બેસી રહેવાની ફરજ નહિ પાડું.”

“અને તમારી બેન અહીં નથી,” જયચંદ્ર ધબકતી છાતીએ બોલ્યો. “તો સૂતી વખતે પણ આપણે જૂદા પડવાની જરૂર નથી.”

“કુસુમની જગોએ મારી સાથે તમને સૂવાની હરકત ન હોય,” નિર્દોષ કળાએ ખુશ ચહેરે કહ્યું. “તો સૂવામાં પણ તમારી સોબતથી હું ઘણી ખુશી થઇશ.”

આ પ્રમાણે બોલીને આગલાં બારણાં બંધ કરીને પોતાના સૂવાના ઓરડામાં આ ભોળી બાળા, કપટી વેશ ધારી જયાને લઇને ગઇ.

પ્રકરણ ૮ મું.

ભોળી કુમારિકા–અને વિષયી પુરૂષ.

જે વખતે જયચંદ્ર, ખૂબસુરત કળાની સાથે સૂવાના ઓરડામાં જતો હતો. તે વખતે તેને પ્રથમના જેવો પોતાની વર્તણુંકને માટે, પસ્તાવાનો ઝણઝણાટ થયો હતો, અને અંતઃકરણ ડંખતું હતું. વાંચનાર ને યાદ હશે કે આપણે આ જુવાનનું જે વર્ણન કર્યું છે, તે પ્રમાણે સ્વાભાવિક રીતે તે ઘણા ઉંચા વિચારો ધરાવવામાં ખામી વાળો નહોતો; અને હવે જ્યારે તેણે પાથરેલી પ્રપંચી જાળમાં ફસાયેલી સુકુમાર

ભોળી બાળાની નિર્દોષતાને ચોળી નાખવાનો પ્રસંગ પાસે આવતો હતો, ત્યારે તેના જે ઉમદા વિચારો તેના કામાવેશ તળે દબાઇ રહ્યા હતા, તે ઉછળી આવ્યા, અને તે એકાએક અલૌકિક વિલક્ષણ સત્તાના પાશમાં આવી ગયો. પણ હજુ તેને વધારે તો ક્યારે લાગ્યું કે જ્યારે તે કુમારિકાના પવિત્ર શયન મંદીરમાં પેઠો, અને તેનું બારણું બંધ થયું—ત્યારેજ તેણે કોઈ વખતે નહિ અનુભવેલો પરતાવો અને ગભરાટ તેના આખા શરીરે છૂટયો.

તે એક ખુરશીમાં પડતું નાખીને, પોતાના મગજમાં ગુંચવાતા વિચારોને સ્થિર કરવા, પોતાના બન્ને હાથ માથે દાબીને બેઠો. કળા બિચારી તેના દુઃખી આવેશનું ખરૂં કારણ નહિ જાણતાં, તેને ઉદાશી જોઈ જેમ અંતરનું વહાલું માણસ, અપૂર્વ માયા મમતાથી, કોઇને શાંત કરવા તેના સરીર ઉપર હાથ ફેરવે, તે પ્રમાણે તેના માથા ઉપર હાથ ફેરતાં બોલી. "મારી ગરીબડી જયા બેન, તમને એક અજાણ્યા ઘરમાં રાત વાસો રહેવાના વિચારે ઉદાશીમાં નાખ્યાં હોય એમ જણાય છે."

કળાનો અત્યંત મધુરતા ભરેલો અવાજ તે જુવાનના કાનમાં પેસતાં, અને તે સાથે તેના કપાળ ઉપર તેણીના કોમળ હસ્તનો સ્પર્શ થતાં એકાએક વીજળીના જેવો ઝણઝણાટ તેની નસેનસમાં ફરી વળ્યો; અને કુમારિકાનો પવિત્ર હાથ આ કપટી માણસે લઇને પોતાના હોઠ ઉપર પૂર્ણ કામાવેશમાં દાબ્યો; જો કે બિચારી ભોળી કળા, પોતાનો આ વેશધારી સખીની ઉપકારની લાગણી અને ખરા પ્રેમનો આવેશ સમજી.

"નહિ, નહિ, મારી વહાલી કળા," તે બોલ્યો. "મારે ઘેરથી આટલો વખત ગેરહાજર રહેવાના કારણથી હું દિલગીર નથી. ખરૂં જોતાં તો, જો કે જે આકસ્મિત સંજોગોમાં હું અહીં આવી ચઢી છું તે એક નાખુશ બનાવ હતો, છતાં તારી સાથે ઓળખાણ થવાથી હું ઘણી રાજી થઇ છું. આવી રીતે એક સગી બેનની માફક તને બોલાવવાની છૂટ આપવાની મારા ઉપર મહેરબાની કર. જો કે આપણે ફક્ત પાંચ છ કલાકથી મળ્યાં છીએ,

છતાં હું તને એક સગી બેન અથવા વહાલામાં વહાલી લાંબા વખતની સખીની માફક ચાહું છું. ”

“ ત્યારે આપણે હમેશને માટે સખીઓ થઈ રહીશું, વહાલી જયા બેન. ” ભોળી કળાએ જવાબ દીધો. “ ઘણા વખતથી હું એક ખરા અંતઃકરણની અને પ્યારવાળી સખી મેળવવાને માટે આતુર હતી—કે જે મારીજ ઉમરની હોય—અને જેને પહેલી તકે જોતાંજ તેની સાથે મારૂં મન મળી જાય. કારણ કે મારા અને મારી બેનના વિચારો અને લાગણીઓમાં એટલું બધું મળતાપણું છે કે અમારે બન્નેને એક બીજાને કહેવા જેવું હવે કશું રહ્યું નથી. કોઇપણ છૂપી વાત પણ એક બીજાને કહેવા જેવી રહી નથી. તેમજ કોઇ કોઇની સલાહ લેવા જેવું પણ કશું નથી. ”

“ તારૂં બોલવું હું સમજી છું, વહાલી કળા. ” કળાની વાતચિતે જે રૂપ લીધું તે ઉપર ખુશી થતો જયચંદ્ર બોલી ઉઠયો. “ અને હું તને ખાંત્રી આપું છું કે જેવું તને લાગે છે, તેવું મને પણ ઘણીવાર લાગ્યું હતું. હા, હું પણ ઘણા વખતથી મારી ઉમરનીજ સખી શોધતી હતી. ”

“ તારી કેટલી ઉમર છે, જયા ? ” કળાએ પૂછયું.

“ ચાલ, તું અનુમાન કર જોઇએ. ” તેણે મધુર હસમુખે ચહેરે જવાબ દીધો.

“ હું ધારૂં છું કે તારી ઉમર લગભગ એકવીશ વરસની હશે. ” કળાએ કહ્યું.

“નહિ, મારી ઉમર ફક્ત સત્તર વરસની છે. ” પોતાની ઉમર, જેમ બને તેમ પોતાની સહીપણીની ઉમરના જેટલીજ ઠરાવવાના હેતુથી તેણે જવાબ દીધો.

“ અહા, ત્યારે મારી પણ તેટલીજ ઉમર છે. ” કળા એવા તો ખુશાલી ભરેલા ચહેરાથી, તાળી પાડતાં બોલી ઉઠી કે જે ખરેખર છોકરવાદીમ ગણાય. “ હા—હા. આપણે સખીઓ થઇશું. ખરા અંતરની સહીપણીઓ—કેમ ખરૂં કે નહિ. ?

"જીવતાં સુધીને માટે." જયચંદ્રે જવાબ દીધો." અને હવે એક પ્રેમ ચુંબનથી આપણી મિત્રતાને જડી લેવા દે."

જયચંદ્ર ખુરશી ઉપર બેસી રહ્યો હતો. કળા—નિર્દોષ કળા—સહીના ચહેરા તરફ વાંકા વળી—ચુંબન દીધું—ચુંબન લીધું........વિનિમયન પરિણામે જયાના શરીરમાં વીજળીનો ઝાટકો માર્યો. હૃદય રમણીને હસ્ત પિંજરમાં દઢ કેદ કરવા—હૃદયે હૃદય મેળવવા—અતિ પ્રબળ ઉત્કંઠા થઇ આવી. પરંતુ સમય સૂચકતાએ જેમ તેમ કરી એ પ્રેમાવેશને દબાવ્યો, ને હાલ તરતને માટે તે દબાયો.

"હવે આપણે સૂવાનો વિચાર કરીએ." કળા બોલી. "અને ઉઘવાનીજ વાત કરીશું." તેણીએ મોજમાં ઉમેર્યું.

આ પ્રમાણે બોલીને તેણીએ પોતાના સાળુનો છેડો ખસેડી ચોળી કાઢવા માંડી; અને જયારે જયચંદ્રે તેણીને અર્ધા ખુલ્લા શરીરે જોઇ ત્યારે તેના ઘાટ અને સુંદરતાથી એટલો બધો મોહિત થઇ ગયો કે હવે તો તેનો કામાવેશ તેના કાબુમાં રહે એ અશક્ય થઇ પડયું. તેણીને ભોગવવાની ઝગઝગી રહેલી તીવ્ર ઇચ્છા, અને હાલ તરત ડહાપણ વાપરવાની પૂરતી જરૂરીઆત, આ બે વિચારોએ તેના આવેશી મગજમાં જબરો ઝગડો મચાવ્યો. જરા પણ ઉતાવળા કૃત્યથી પોતાનો ખોટો વેશ ઉઘાડો પડતાં, પોતાની તમામ મહેનત નિષ્ફળ જાય, એવું જાણવા છતાં, બેહદ આતુરતાએ, તેનું મગજ ઘુમાવી નાંખ્યું. તેણીને પગે પડી, પોતાનો પ્યાર જાહેર કરી, પોતાના ઉપર દયા કરવા તેણીને વિનવવા તેને અપૂર્વ ઇચ્છા થઇ આવી. છતાં હાલ તે ઇચ્છાને બહાર નહિ પાડવાની ખાસ અગત્ય તે સમજતો હતો. આવા ને આવા જુસ્સા બંધ વિચારો જયચંદ્રના મગજમાં દોડાદોડી કરી રહ્યા હતા.

જયચંદ્ર તરફ પીઠ રાખી, આયના સામે ઉભી રહીને કળા પોતાના માથાના વાળ ઠીકઠાક કરી બાંધતી હતી. ચોટલો છુટી જવાથી તેના ખૂલ્લા સફેદ દૂધ જેવા ખભા ઉપર વિખરાઇ ગયેલી સરોથી તેણી વધારેને વધારે

ખૂબસુરત દેખાઇ, તેની અપાર મોહિનીએ જયચંદ્રના ઉશ્કેરાયેલા મગજને વધુને વધુ ઉત્તેજન મળ્યું.

"મારી મીઠડી કળા," વાતચિત ચલાવી એવા રૂપ ઉપર લાવવા તે અધીરો બની રહ્યો હતો, કે જેથી ધીમે ધીમે પોતાના પ્રપંચને ખૂલ્લો પાડવા જેવું તેણીનું મગજ તૈયાર થઇ રહે, એવા હેતુથી તેણે બોલવા માંડ્યું. "ખરેખર, શું આ અજાયબી નથી કે આપણે બન્ને પૂરેપૂરૂં સુખ મેળવવાને માટે, ખરા અંતઃકરણની અને માયાળુ સહીપણી મેળવવાની જરૂરીઆત વિષે આપણ બન્નેને એકજ જાતના વિચારો ઉત્પન્ન થાય. ?"

"તથી સાબીત થાય છે કે આપણ બન્નેનો સ્વભાવ મળતો છે; અને આપણા વચ્ચે મમતાનું બીજ મજબૂત રોપાયું છે, જયા." કળાએ જવાબ દીધો.

"અને હજુ કદાચ કોઇ દૈવી સંજોગોથી આપણે બેમાંથી એકના વિચારો વધારે સ્પષ્ટ દેખાય છે." જયચંદ્રે કહ્યું.

"તારૂં કહેવું હું સમજી શકી નથી, વહાલી જયા." કળા બોલી, કે જે હજુ પોતાના વાળ બાંધવાના કામમાંજ આયના સામે ઉભેલી હતી.

"હું મારે પોતાને વિષે કહું છું." જયચંદ્ર એક કૃત્રિમ નિસાસો નાખતાં બોલ્યો.

"અરે, જયા, તું દુઃખી જણાય છે." કળા બોલી. "અને હવે મને યાદ આવે છે કે આપણે પ્રથમ ઉપર આવ્યાં ત્યારે તું કંઇક દિલગીર હતી. તારા મગજ ઉપર શું કોઇ વાતનો બોજો છે? જો તેમ હોય તો મારાથી છૂપું રાખવું ઠીક નથી, કારણ કે આપણે અરસપરસ મિત્રાચારીની ગાંઠથી બંધાયાં છીએ."

"તું મારા પૂરેપૂરા વિશ્વાસનું પાત્ર થઇશ, વહાલી કળા." તે પ્રપંચી વેશધારી બોલ્યો. "તને કહેવાની પહેલી તો છૂપી વાત એ છે કે હું પ્યારમાં છું."

"અને તેથી તું દિલગીર છે, વારૂ ?" માયાળુ લાગણીથી કળાએ પૂછયું. "પણ કદાચ સામી બાજુ તરફથી તને સામો પ્યાર મળ્યો નહિ હોય. ?"

"તેની મને ખબર નથી." પોતાના અવાજમાં ભારે શોકાતુરનાનો દેખાવ રાખી જયચંદ્રે જવાબ દીધો. "મને આશા તો છે, છતાં બીક રહે છે."

"બેશક, તારો પ્યાર જેના ઉપર ચોંટયો હશે તે ઘણો ખૂબસુરત હશે." કળા બોલી.

"ખૂબસુરત એટલુંજ નહીં, પણ નાજુક સુંદર સ્ત્રીના જેવો સુકોમળ અને અથાગ સ્વરૂપનો ભંડાર અને પૂજવા લાયક. પણ મારી પ્રિય સખી, મને કહે કે પ્યાર એ શું ચીજ છે તે તું જાણે છે ?"

"બિલકુલ નહિ." કળાએ નિર્દોષપણે ખરો જવાબ આપ્યો.

"ત્યારેજ, એવા પ્યારની પવિત્રતાની, વર્ણન થઇ શકે નહિ, એવી ખૂબીથી તું અજાણી છે." તે બોલ્યો. "અથવા મારે કહેવું જોઇએ કે એના માત્ર વિચારોનીજ ખૂબી, અને આવેશવાળી લાગણીથી ભરેલું, એ સ્વર્ગ તુલ્ય સુખજ કંઇ ઓર છે."

"ત્યારે તું દિલગીર કેમ છે, જયા ?" ભોળી બાળાએ પૂછયું.

"અરે, પ્યાર, એ એક ખુશાલીનું દરદ છે, અથવા કહો કે દુઃખકારક ખુશાલી છે. શું કહેવું તેજ મને સમજાતું નથી." જયચંદ્ર બોલ્યો "તેમાં એવું કંઇક છે કે જે સ્વર્ગીય સુખની આશા આપે છે, છતાં તેમાં વારંવાર ધાસ્તીનાં વાદળાં છવાઇ રહે છે. પણ ખરી રીતે આ ધાસ્તી એવી નથી કે જે શોકાતુરપણાની ધાસ્તી કહેવાય. તે એક ઉછાળો મારતો જુસ્સો છે, તે ભાગ્યેજ ઉદાસીનતામાં સમાઇ જાય છે—કદી તેમ થતુંજ નથી. આથી જ્યારે હું તને એમ કહું છું કે મને બીક છે, તેથી હું સુખી નથી, ત્યારે મારે એમ પણ કબુલ કરવું જોઇએ કે મને આશા છે, અને તેથી હું સુખી છું. આવી વિચિત્ર અને અવર્ણનીય લાગણી, તે પ્યાર છે, અને તેના

આવેશમાં આવા ઉલટ સુલટ વિચારો અને લાગણીઓ આપણા મનને એકી વખતેજ થઈ આવે છે. ”

“ ખરેખર, આતો મોટી અજાયબી છે. ” કળા બબડી, “ છતાં હું ધારૂં છું કે, પ્યાર શું છે તે હવે હું સમજી શકીછું. ”

“ મિત્રતા પણ પ્યારમાં ઘણી વખત ફૂટી નીકળે છે ” જયચંદ્ર એકેકું પગલું આગળ વધતો જતાં બોલ્યો.

“ઘણી વખત, એમ તો તું ભાગ્યેજ કહી શકે, વહાલી જયા.” કળા બોલી. “કારણ કે એવું ભાગ્યેજ બને છે કે એક જુવાન રમણી, અને એક જુવાન પુરૂષ—કે જે એક બીજાનાં સગાં નથી, તેમની વચ્ચે મિત્રતા હોય છે?”

“ એમ છે ખરૂં, પણ મારા સંબંધમાં તો એજ પ્રમાણે બન્યું છે.” જયચંદ્ર બોલ્યો. “ખરા અંતઃકરણની મિત્રતા મારી અને મારા પ્યારની ચીજ વચ્ચે ગંઠાઇ છે. ”

“ ત્યારે, તારી તરફથી તે મિત્રતા પ્યારમાં ફૂટી નીકળી છે ? ” કળાએ પૂછ્યું.

“ હા.” જયચંદ્રે વધારે ને વધારે માર્મિક ભાષામાં બોલવા માંડયું. “અને જો એ ખરૂં હોય કે—પ્યાર, પ્યારને ઉત્પન્ન કરે છે—તો હજી હું ધારૂં છું કે મારી આશા ફળીભૂત થશે, અને મારી બીક દૂર થશે.”

“ પ્રભુ કરેને તેમ થાય, વહાલી જયા. ” ખરા અંતઃકરણના આવેશથી વેશધારી જયાના માર્મિક શબ્દોનો ગુઢાર્થ ન સમજતાં કળા બોલી. “જો કદાચ હું પુરૂષ હોત, તો તને ખરેખર ઉંડા પ્યારથી અને માયાથી ચાહત; અને વળી જયારે એવું જાણત કે તું પણ મને ચાહે છે, ત્યારે તો વધારે. ”

“ આવો અભિપ્રાય બાંધવાનું તને શું કારણ મળ્યું છે કે જેથી તું આ પ્રમાણે મારાં વખાણ કરે છે ? ” જયચંદ્રે ખુશાલીમાં આવી જઇ પૂછ્યું.

“ કારણ કે તું, વહાલી જયા, ઘણીજ રૂપાળી અને મનોહર છે ” કળા તેના તરફ ફરીને બોલી; “ અને વળી તું માયાળુ, ભલી અને રમુજી

છે. મારી વહાલી જયા! શું તું એમ ધારે છે કે, મેં તને જણાવ્યું તેવી તું નહિ હોત તો તારા પ્રત્યે એકાએક આવી લાગણી થાત? મને ખાત્રી છે કે તેં જે પ્યાર કર્યો છે તેમાં તું સુખી થઇશ, કારણ કે તને જોવી, તેજ પ્યાર કરવા બરોબર છે."

"વહાલી કળા," જયચંદ્ર ધ્રુજતે સાદે બોલ્યો "હું તારાજ બોલ ફરીથી બોલીને તનેજ લાગુ પાડીશ કે તને જોવી, એ તને ચાહવા બરોબર છે."

"આપણે એક બીજાને અંતઃકરણની સખી પ્રમાણે ચાહીશું," કળા બોલી, અને તે વખતે તેના પહેરેલા લૂગડાનો ઉપરનો છેડો ખસી પડવાથી કમ્મર ઉપરનો તમામ ભાગ ઉઘાડો થઇ ગયો, અને સ્વર્ગથી તેજ વખતે ઉતરી આવેલી અપ્સરાના રૂપમાં કળાનો દેખાવ જોઇને જયચંદ્ર એવો તો મોહાંધ થઇ ગયો કે, તેનું મગજ ભમવા લાગ્યું અને પુતળાની માફક જ્યાં બેઠો હતો ત્યાં સજ્જડ ચોંટી જઇ ફાટી આંખે એકી ટશે જોઇ રહ્યો.

"વાહ, આપણે એક બીજાને ખરા અંતઃકરણની સખી તરીકે ચાહીશું." ગભરાટમાં બીજું કંઇ બોલવાનું નહિ સૂઝવાથી તેણીનાજ બોલ જયચંદ્ર બોલ્યો, અને તે એવી લાગણીથી બોલ્યો કે કંઇપણ સંશય વગરની સુંદર બાળાના અંતરમાં તેનો નાજુક અને મધુરો અવાજ દાખલ થયો, અને એક દમ ઉમળકો આવવાથી કળાએ તેવીજ અર્ધનગ્ન હાલતમાં તે વેશધારી જયા—અપંચી જયચંદ્ર—ના ગળામાં હાથ નાખી તેના કપાળ ઉપર વહાલનું ચુંબન લીધું.

અરે! પણ આવે કટાકટીને પ્રસંગે—એકાંત જગોમાં—જયચંદ્ર જેવો વિષયલંપટ માણસ, આવી સ્થિતિમાં, અર્ધનગ્ન બાળાને, તેણીની ખૂબસુરતીના પૂર બહારમાં પોતાને ગળે વળગેલી જોઇ તેણીના નાજુક છાતીના રૂપા ખીલતા અવયવો તેના શરીરની સાથે સ્પર્શ કરતાં, પોતાનો આવેશ શી રીતે કાબુમાં રાખી શક્યો હશે? તેનો જુસ્સો જે એક ગાંડા માણસની માફક તેના મગજને ઘુમાવી રહ્યો હતો, તે જરાપણ પોતાનું મગજ શી રીતે ઠેકાણે રાખી શક્યો હશે? તે બાળાએ તેને ગળે વળગી ચુંબન કરવાથી તેનો પોતાનો ચહેરો તે કુમારિકાની અખંડિત છાતી સાથે સ્પર્શમાં

આવી રહ્યો, અને તેણીના નાજુક ગોરા હાથ તેના ગળાની આસપાસ વીંટાઇ ગયા હતા. આ વખતની જયચંદ્રના મગજની સ્થિતિનું વર્ણન થઇ શકે એટલી આ કલમમાં શક્તિ નથી. વાંચનારેજ તેનો વિચાર કરી લેવો.

"ઓ કળા-વહાલી કળા-" તે બોલ્યો. "તું નથી જાણતી કે હું તને કેટલી બધી ચાહું છું"?

"આવી ખાત્રી મળવાથી મને અપાર હર્ષ થાય છે." તે મોહક બાળા બોલી, અને તેના ગળામાંથી હાથ કાઢી લઇ પાછી આયના તરફ ફરી.

"પણ તું ધારી શકશે કે શા ઉપરથી હું તને આટલી બધી ચાહું છું? તું અનુમાન બાંધી શકશે કે શા ઉપરથી હું તને પગે પડવા અને તારી પૂજા કરવા આતુર છું?" જુસ્સા ભરેલા અવાજે જયચંદ્ર બોલ્યો, અને તેણીના જવાબની રાહ જોયા સિવાય આગળ ચલાવ્યું "તું આટલી બધી સ્વરૂપવાન અને સદ્દગુણી છે તેથીજ માત્ર નહિ-પણ જેને હું ચાહું છું તેનો તું આબેહુબ નમુનો છે. અરે! જો આપણે બન્ને એક બીજાને આવી રીતે અંતઃકરણ પૂર્વક ચાહીએ, તો એક રમુજી બનાવ ન થાય, કે કદાચ કોઇ દૈવી શક્તિ એકાએક આકાશમાંથી અથવા જમીનમાંથી નીકળી આવીને આપણે બેમાંથી એકને પુરૂષ બનાવી દે?"

"અરે, જયા, જયા, આ શું વિચિત્ર વિચાર?" એકાએક કળાના દિલમાં કંઇક અગમ્ય બેચેનીની લાગણી થઇ આવતાં તેના તરફ ફરીને બોલી.

"નહિ, નહિ, મારી સ્વર્ગની પરી સમાન સખી, મને ઠપકો આપ નહિ." જયચંદ્ર બોલ્યો. "તું જોઇ શકીશ કે મારા તુરંગો ઘણા વિલક્ષણ પ્રકારના છે, અને મારી કલ્પના શક્તિ ઘણી વિચિત્ર છે. અને વળી કેટલીક વખત મને તેવાં સ્વપ્નાં પણ આવે છે. પણ આ બાબતોમાં તું મને મળતી થઇશ કળા, અને તેટલાજ કારણથી તું તારી સખીને ઠપકો આપીશ નહિ. જે સુખી અને રમુજી દેખાવ મારી આંખ આગળ મારી કલ્પનાશક્તિએ લાવી મુક્યો છે, તેની મને મોજ મેળવવા દે. જ્યારે તેં મને અટકાવી ત્યારે મારી કલ્પનાશક્તિથી હું એક સ્વર્ગીય દેખાવ ચિત્રી કહતી હતી. મારા તુરંગ એવા ચાલતા હતા કે, આપણે જે ભુત, ડાકણ, દેવલોક, દેવીઓ વગેરેની

અદ્ભુત વાતો વાંચી છે, તે જો ખરી હોય, તો એ કેવો ખુશકારક બનાવ બને કે, જાણે તેવી કોઇ સમર્થ દેવી એકાએક આપણી આગળ ઉભી રહે, અને પોતાની દૈવી લાકડી લગાડીને કહે કે, 'તું કળાને ચાહે છે, તો તું પુરૂષ થઇ જા, તેણીને પગે પડ, અને તેણીને તારી પત્ની થવાની માગણી કર, ..."

"જયા, હું તને આજીજી કરૂંછું કે, આવું આવું તું બોલ નહી." કળા તેનો આવેશી ચહેરો જોઇને બોલી. "તું મને ધાસ્તી ઉપજાવે છે, કે જેનું કારણ હું જાણતી નથી; છતાં કળી નહિ શકાય એવી મને બીક લાગે છે."

"આવી નકામી ધાસ્તી નહિ રાખ, મારી સુંદર સખી." જયચંદ્ર બોલ્યો, જેની નજર કળાની ખુલ્લી સફેદ બરફ જેવી ખીલતી છાતી, કે જેને પોતાના પ્રપંચનો ભોગ કરવાને લાગ શોધતો હતો, તે તરફજ ટકી રહી હતી. "ત્યારે શું તું એમ ધારે છે કે મારો કાલ્પનિક વિચાર અને દેખાવ ખરો પડશે? અને જો કદાચ એમ થાય તોપણ, શું કળા તું દિલગીર થઇશ? શું તું ગુસ્સે થઇશ? હમણાંજ તેં મને કહ્યું હતું કે પ્યાર એ શું ચીજ છે તે તું જાણતી નહોતી, અને તેના જવાબમાં મેં કહ્યું હતું કે, જે તું જાણતી નહોતી, તે પ્યારમાં દુનીઆનું ખરૂં સુખ સમાયેલું છે; પણ તેં મારા તરફ ભલી લાગણી બતાવી છે, અને મેં તારી ખાત્રી કરી છે કે મિત્રતામાંથી પ્યાર ફૂટી નીકળે છે. હવે એક પળવાર ધાર કે, મેં કહ્યું તેવી કોઇ સમર્થ દેવી નીકળી આવે, અને મને પોતાની જાદુઈ લાકડી લગાડે, મારી જાતિ ફેરવી નાખે, અને મને એક મગરૂબ કુટુંબનું નામ અને અથાગ દોલત આપે: આ બધું ધાર, વહાલી કળા, અને પાછી વળી ધાર, કે તારે પગે પડેલી તું મને જુએ, મારો અપૂર્વ પ્યાર સાંભળે, હું તને મારી ધર્મપત્ની થવા આજીજી કરૂં, કે જેથી મારા મોટા નામ તથા દોલતની તું ભાગીયણ થાય; તો મારી મધુર કળા, કહે કે, તું મને શું જવાબ આપે?"

ધીમે ધીમે આ પ્રપંચી વેશધારી જયચંદ્રે પોતાની કલ્પનાને આ પ્રમાણે એવું વિશાળ રૂપ આપ્યું કે જે કંઇક થોડેઘણે દરજ્જે પોતાનો ભેદ ઉઘાડો કરવા જેવું હતું. અને શરૂઆતમાં કંઇક સંશયની છાયા પડતી હતી, તે હવે

જેમ દૂરથી ભણકારાનો ઘંટ પોતાના કાનમાં વાગતો હોય તેમ કળાના મગજ-માં વધારે શક પેઠો. અને આ પ્રમાણે તેણીના મગજમાં જે સંશયયુક્ત વિચારે ઘર ઘાલ્યું હતું, તેમાં જયચંદ્રના છેલ્લા શબ્દોથી ટેકો મળ્યો. તેણી-નો ચહેરો ધાસ્તી અને ગભરાટથી ધ્રુજવા લાગ્યો. તેણીના મોઢામાંથી એક ઝીણી ચીસ નંખાઇ ગઇ, બારી તરફ થોડાં પગલાં ઘસડાતી ગઇ. તેણીનો ઇરાદો બારી ઉઘાડીને મદદને માટે બૂમ પાડવાનો હતો; પણ તેણીના પગ ઢીંચણમાંથી ભાગી ગયા હોય તેવા થઇ ગયા, અને એકદમ ગભરાટમાં એક ખુરશીમાં બેભાન જેવી થઇ પડી.

જયચંદ્ર એકદમ ઉભો થયો. તેણીના આગળ પગે પડયો, તેણીનો હાથ લેવા મહેનત કરી, પણ કુમારિકાની ગંભીર મર્યાદાની પ્રેરણાબુદ્ધિએ તેણીના અંતરના ઉંડા ભાગમાં ગેબી સૂચના કરવાથી કળાએ પોતાની છાતી, પોતાના બન્ને હાથોથી ઢાંકી દીધી; અને શોકાતુર ચહેરે તે વિષયલંપટ પુરૂષના તરફ ઠપકા ભરેલી નજર ફેંકીને બોલી. "તમે જે દેખાઓ છો તે નથી, માટે મને ખરૂં કહી દો કે તમે કોણ છો ? અને અહીં આવવાનું શું કારણ છે ?"

" દેવી સમાન પૂજવા લાયક કળા ! " જયચંદ્ર બોલ્યો, " પેલી મારી કલ્પનાશક્તિવાળી સમર્થ દેવીએ પોતાનું કાર્ય પૂરૂં કર્યું છે, અને હાલ તારા આગળ પગે પડે છે તે તને ખરી લાગણીથી ચાહનાર છે. "

કળા એકદમ ખુરશીમાંથી ઉછળીને ઉભી થઈ ગઇ. ધાસ્તીની લાગણી-થી તેણીનામાં હવે હિંમત આવી, અને પહેરેલું લૂગડું આખા શરીરે ઓઢી લઈ પોતાની ઊંચાઇમાં સીધી ઉભી રહી. હવે તેણીના ચહેરાએ ધાસ્તીનો દેખાવ દૂર કરી, એક દબદબા ભરેલી હુકમ કરનાર રાણીના જેવો, સામા માણસને આંજી નાખે તેવો દેખાવ ધારણ કર્યો. આંખોમાંથી ગુસ્સાનો અગ્નિ ઝરવા લાગ્યો, આંખોનાં ભવાં ચઢી ગયાં, કપાળ ઉપર કરચલીઓ વળી આવી, અને ગુસ્સાના આવેશમાં બોલી.

" તમે ગમે તે હો, પણ હું તમને ફરમાવું છું કે આજ ઘડીએ, તમે અહીંથી એકદમ ચાલ્યા જાઓ. "

"આવી રીતે તમે મારા ઉપર બેહદ ગુસ્સે થયા પછી તમને છોડીને જતો રહું તેના કરતાં તમારા પગ આગળ આપઘાત કરીને મરૂં તેજ સારૂં છે."

જયચંદ્ર ઉભો થઇને વળી બોલ્યો. "ઓ! પ્રભુ! મારા ઉપર દયા કરો! હું તને ચાહું છું, તને દેવીની માફક આરાધું છું, ઓ! કળા! અને જો તારો રોશ નરમ નહિ પડે તો મારે નિરાશામાં આપઘાત કરવો પડશે."

"આ મુલાકાત હવે વધારે વખત લંબાય એ તદ્દન અસંભવિત છે." કળા પોતાના અવાજની કઠોરતા કંઇક નરમ કરીને બોલી "આવા ધિક્કારવા લાયક કપટથી હિચકારી રીતે જુલમ કરવા બદલ જો તમે કદી પણ મારી તરફથી માફી મેળવવાની આશા રાખતા હો તો, તેની શરત તરીકે હું તમને ફરીથી કહુંછું કે તમે એકદમ અહીંથી ચાલ્યા જાઓ."

"તારા શબ્દો અતિશય તીવ્ર છે, કળા." જયચંદ્ર ધ્રૂજતા હોઠે બોલ્યો. પણ તેટલામાં તેનો ઉમદા ખવાસ તેની મદદે આવવાથી તે આગળ બોલ્યો. "પણ તમે મને જે કહો, તેને હું પાત્ર છું, હા—તે સઘળા ઠપકાને હું લાયક છું. મારી વર્તણુંક ખરેખર ધિક્કારવા લાયક—મેં કરેલું અપમાન ખરેખર એક હિચકારા ભરેલું કૃત્ય છે—હા, હા. તમે ખરાં છો, સુંદર કુમારિકા, અને હું એક લુચ્ચો—ઠગારો દેખાયો છું."

"ગમે તેમ હોય પણ એકદમ મને છોડી જઇને તમારો પસ્તાવો સાબિત કરો." કળા બોલી, પણ તેણીના કુમળા હૃદયમાં આ ખૂબસુરત જુવાન કે જેને તેણી તેના સ્ત્રીના વેશમાં પોતાની સહીપણી ગણી, થોડીવાર સુધી ચાહતાં શીખી હતી, તેના તરફ દયાની લાગણી થઇ.

"ઓ, મારા પ્રભુ! મને માફ કરવા તમે કશાથી વળી શકશો નહિ." જયચંદ્ર બોલ્યો, જેનો ગભરાટ અને આવેશ આ વખતે ઢોંગનો નહિ પણ ખરા દિલનો હતો; કારણ કે તે તરૂણ બાળાના દબદબા ભરેલા દેખાવે, અને ઉમદા સ્વભાવે, તેણીને માટે તેને ઘણું માન ઉત્પન્ન કર્યું હતું. અને જ્યારે કોઇ, સ્વાભાવિક રીતે ઉમદા ખવાસના, માણસના મનમાં એવી છાપ પડે છે, ત્યારે આપણે જેવા સંજોગોમાં હાલ તેને જોઇએ છીએ, તેવા સં-

જોગોમાં તેને પસ્તાવો અને દિલગીરી થાય, એમાં કંઇ નવાઇ નથી. "કળા, દેવીતુલ્ય કળા," તે પોતાના હાથ જોડીને બોલ્યો. "મારૂં થોડીવાર સાંભળ—તારા સ્વરૂપની ખ્યાતિ મેં સાંભળી—કેવી રીતે, તે કહેવાની જરૂર નથી. અને મેં તને જોઇ તે પહેલાં હું તારા ઉપર પ્યારમાં પડી ચૂકયો હતો. તારી સાથે ઓળખાણ કરવાનો મેં નિશ્ચય કર્યો, અને તેટલા પૂરતો મારો હેતુ સિદ્ધ થયો. મેં તારી પવિત્રતા ઉપર જુલમ ગુજાર્યો છે—અને તે મારી ખરાબ વર્તણુંકને તેં વાજબી રીતે ધિઃક્કારી કાઢી છે. હવે હું આજીજી કરીને માગી લઉં છું કે, છૂટાં પડતી વખતે મારા ઉપરનો ગુસ્સો કાઢી નાંખ. વળી, વહાલી કળા, હું પગે પડીને માગી લઉં છું કે, જે નાલાયક શખ્સ તારા વાજબી ગુસ્સાને પાત્ર થઇ પડયો છે, તેના તરફ દયા કરીને આશાનો માત્ર એક શબ્દ બોલ. પણ રાખ, મને એક શબ્દ વધારે કહેવા દે." એકદમ તે ઉભો થઇને બોલ્યો. "હું કોણ છું તે તું જાણતી નથી—પણ હું ધર્મપૂર્વક પ્રતિજ્ઞા લઇ માન ભરેલી રીતે તારા હાથની લગનમાં માગણી કરૂં છું. કારણ કે આજસુધીમાં તુંજ એક પહેલી સ્ત્રી મને મળી, કે જેણે કદી પણ નહિ ભૂસાય એવી છાપ મારા અંતઃકરણમાં પાડી છે, કે જે છાપ ક્ષણભંગુર અને તુરંગી આવેશો કરતાં તદ્દન જુદીજ છે. ત્યારે કહે, મારી વહાલી કળા, કે મારા ખાનદાન નામ, અને મારી દોલતની તું ભાગીદાર થઇશ? તું તારૂં મધુર નામ મોહોબતરાયની છોકરી તરીકે છે તે ફેરવીને લીલાપુરના જાગીદારની પત્ની તરીકે ધારણ કરીશ?"

"તમે કોણ છો?" તેના છેલ્લા શબ્દોથી ગુંચવાડામાં પડતાં કળાએ પૂછ્યું, "બોલો, પણ મને છેતરતા નહિ."

"હું લીલાપુરનો જાગીરદાર છું. પણ તારી પાસે તો સાદો જયચંદ્ર છું." તે જુવાન જાગીરદારે જવાબ આપ્યો.

તેજ વખતે એક ગાડી આગલે દરવાજે ઉભી રહેવાનો અવાજ સંભળાયો, અને કળાએ બારી ઉઘાડીને રસ્તા તરફ જોયું, અને જોતાંની સાથે બોલી કે:—

"ઓ, ભગવાન—અરે! પ્રભુ! આતો મારા પિતાજી છે." તેણી જયચંદ્ર તરફ ફરતાં નિરાશાથી બોલી. "અરે! રે! કુસુમ ઘેર નથી, અને હું......"

"હિંમત રાખ—ગભરાઈશ નહિ." તરત જયચંદ્ર તેણીને બોલતાં અટકાવીને બોલ્યો. "ઇશ્વરની હાજરીથી હું તને આજીજી કરૂંછું કે તું શાંત થા, અને બધું ઠીક થશે."

"અરે! પણ શી રીતે! આપણે શું કરીશું?" કળા બોલી. હવે તેણીએ પોતાની ભારે અજાયબી વચ્ચે જોયું કે પોતાના પિતાને જરાપણ શક ન જાય એવી રીતે પોતાની આબરૂના રક્ષણ સારૂ તેણીનો પૂરેપૂરો આધાર આ જુવાન જાગીરદારના ઉપર રહેલો હતો. "હું પૂછુંછું કે હવે આપણે શું કરીશું?" તેણીએ ગભરાટમાં ફરી ફરીને પૂછ્યું. કારણકે હવે દરવાજો ઠોકાતો હતો.

"ફરીથી કહું છું કે તું શાંત થા." તેણે ઉતાવળમાં, પણ ઠરેલ વિચારથી કહ્યું. "હું કહું તે ધ્યાન દઇને સાંભળ."

"બોલો, મારૂં ધ્યાન છે" ધ્રૂજતાં ધ્રૂજતાં કળા બોલી.

"તારે બે બાબતો સંભાળવાની છે" જયચંદ્ર બોલ્યો. "એકતો, કોઇપણ જાતનો શક તારા ઉપર ન આવે તેમ કરવું—અને બીજું, તારી બેનને પણ તેવીજ રીતે કોઇપણ જાતના શકમાંથી બચાવવી."

"ઓ! પ્રભુ! તમે શું કહેવા માગો છો?" ગભરાટ ભરેલી નજરથી કળાએ પૂછ્યું.

"હું કહું છું કે તારી બેન ઘરની બહાર રાત્રે રહે છે, તે જાણવાથી તારા પિતા ગુસ્સે થશે." જયચંદ્રે કહ્યું. "તારે શું કરવું જોઇએ તે એટલુંજ કે—કુસુમ અહીંજ છે.એવું તે માને, અને અહીં આવે નહિ. હવે જા."

આ વખતે દરવાજો વધારે ઠોકાતો હતો, અને કળા ઉતાવળી નીચે ઉતરી આગલો દરવાજો ઉઘાડવા દોડી.

પ્રકરણ ૯ મું.

કુસુમોદ્યાનમાં એક રાત.

મહોબતરાય લગભગ ૫૦ વરસની ઉમરનો હતો; શરીરે ઉંચો તથા પાતળો અને ઉમરાવ દેખાવનો હતો. તેનો ચહેરો દેખાવમાં સખ્ત અને મગરૂર હતો; છતાં તેના ભવ્ય કપાળ ઉપર શોકની છાયા સજ્જડ ચોંટી ગયેલી જણાતી હતી. તેની ઝીણી આંખોનો દેખાવ ઠરેલપણું બતાવતો હતો, અને જ્યારે બીજા માણસના સામું જુએ, ત્યારે તેના અંતર સુધી તેની નજર ઉંડે ઘૂસી જતી. હમેશાં ભારે વિચારમાં અને ગરાગિર્નામાં રહેતો હોય એવો તેનો એકંદર દેખાવ હતો; છતાં તેનું શરીર મજબૂત બાંધાનું હોવાથી આટલી ઉમર છતાં જુવાન જેવો દેખાતો હતો.

આગળના એક પ્રકરણમાં આપણા જાણવામાં આવ્યું છે કે તેની મા વગરની પુત્રીઓ તરફ એક સારા પિતા તરીકે મહોબતરાયે પોતાની સઘળી ફરજ બજાવી હતી, તેમને તે ઘણી મમતાથી ચાહતો હતો. જો કે એટલું તો ખરૂં છે કે, પૈસા ટકાની તાણના સંકટથી તેનો સ્વભાવ કંઈક ચીડિયો થયો હતો, જેથી તેને ગુસ્સે થતાં વાર લાગતી નહોતી, છતાં પોતાની વહાલી પુત્રીઓ તરફ ભાગ્યેજ તીક્ષ્ણ શબ્દ ઉચ્ચારતો; અને કદી તેમ કરવું પડતું, તો પછીથી પોતાના ઉંડી લાગણીના પ્યારથી તેનો બદલો વાળી આપતો. સ્વાભાવિક રીતે ઓછું બોલવાવાળો, અને બહુ મળતાવડા સ્વભાવનો નહિ હોવાથી હમેશાં પોતાના ખાનગી ઓરડામાં કલાકોના કલાકો એકાંતમાં ગાળવાની તેને ટેવ પડી ગઇ હતી; અને તેથી તેની યુવાન પુત્રીઓ ઘણે ભાગે એકલીજ રહેતી, અને પોતપોતામાંજ વિનોદથી કાળ નિર્ગમન કરતી હતી. ટુંકામાં એટલુંજ કે તેઓ સ્વતંત્ર હતી, તે એટલે સુધી કે બહાર ફરવા જવામાં પણ મહોબતરાય

ક્વચિતજ સાથે થતો હતો. તેમના સદ્દગુણોનો તેને પૂરો વિશ્વાસ હતો, અને તેમનું નિર્દોષપણું અને દુનિઆનો બીન અનુભવ એજ તેના વિચારમાં પુરતી સાબીતિ હતી કે તેમના ડહાપણ ઉપર આધાર રાખવામાં તે ભૂલ કરતો નહોતો.

મહોબતરાય વિષે આટલી થોડી હકીકત જાણવી. હવે આપણી વાર્તામાં આગળ ચાલીએ.

કળા પોતાની સાથે દીવો લઇ ગઇ હતી, જેથી જયચંદ્ર તેણીના સુવાના ઓરડામાં અંધારામાં એકલો રહ્યો હતો.

તેણીએ ઉતાવળે નીચે ઉતરી આગલું બારણું ઉઘાડયું અને બીજીજ પળે તેણીના વહાલા પિતાને વળગી પડી, જે તેણીને પોતાની છાતી સાથે ચાંપીને બોલ્યો, “વહાલી કળા, મારે તને સારી ખબર કહેવાની છે. પણ મને આટલોબધો વહેલો અને આવી કવખતે પાછો આવવાનું તેં ધાર્યું નહિ હોય.”

“અરે, તમે સહીસલામત પાછા આવ્યા તેથી હું ઘણી રાજી થઇ છું, વહાલા પિતાજી.” તે માયાળુ બાળાએ જવાબ આપ્યો, તેણી તે વખતે એક તરફથી પોતાની બેન વિષે અને બીજી તરફથી જયચંદ્ર વિષે કેવા કફોડા સંજોગોના ગભરાટમાં પડી હતી તે આ ખુશકારક મુલાકાતમાં ભૂલી ગઇ હતી.

વાતો કરતાં કરતાં પિતાપુત્રી ઘરમાં આવ્યાં. ગાડીવાળો પેટી અંદર લાવ્યો, તેને ભાડું ચૂકવી આપીને વીદાય કર્યો.

“તમે કંઇ ખાશો, પિતાજી?” પ્રથમના કરતાં હાલ તેને ખુશ મિજાજમાં જોયા છતાં, મુસાફરીથી થાકેલા જાણીને કળાએ પૂછયું.

“ના, ના, મારે અત્યારે કંઇ ખાવું નથી. માત્ર કંટાળાભરેલી લાંબી મુસાફરીથી થાકી ગયો છું.” તે બોલ્યો. “કારણ કે રસ્તો ઘણો ખરાબ હતો, અને તેથીજ આટલીબધી રાત ગઇ. પણ વહાલી કુસુમ કેમ છે?”

“કુસુમ બેન સારી પેરે છે, પિતાજી.” તેણીએ ટુંકો જવાબ દીધો, પણ તેણીને લાગ્યું કે એ પ્રમાણે બોલતાં પોતાનો ચહેરો લેવાઇ જતો

હતો, કારણ તેણીનું અંતઃકરણ તેણીને કહેતું હતું કે તેણી જૂઠું બોલી પોતાના બાપને છેતરતી હતી.

"તેણી ઉંઘતી હશે, નહિ વારૂ? અત્યારે હવે તેણીની ઉંઘમાં ખલેલ કરી તેણીને જગાડવાની જરૂર નથી." મહોબતરાય પોતાનાં મુસાફરીનાં કપડાં ઉતારતાં બોલ્યો, જેથી તે કળાના ચહેરાનો ગભરાટ જોઇ શક્યો નહિ. "પણ તારા સૂવાના ઓરડામાં દીવાનું અજવાળું જોઇ હું અજાયબીથી ખુશી થયો હતો. કારણ કે મને લાગ્યું કે તું સૂઇ ગઇ નહિ હોય અને તેથી તને જગાડવાની મારે મહેનત નહિ કરવી પડે. પણ હું ધારૂં છું કે મારી ગેરહાજરીમાં આખી રાત તારા ઓરડામાં તું દીવો રાખતી હશે?"

"પણ તેમ છતાં અમે કંઇ ઘણાં બીકણ નથી, તે તમે જાણો છો પિતાજી." સવાલનો જવાબ ઉડાવતાં કળા બોલી. પણ તેણી જે છેતરપીંડીનો ભાગ ભજવતી હતી તેથી તેણીને અંદરથી ઘણી શરમ લાગતી હતી. વાત ફેરવવાની મતલબથી તેણી આગળ બોલી "પણ તમે મને કંઇ સારી ખબર કહેવાના હતાને?"

"હા, આખરે ધરણીધરરાય ઠેકાણે આવ્યા છે." તેણે જવાબ દીધો. "પણ બધી વાત હું તમને બન્નેને સવારે કહીશ. હું થાકેલો છું, અને તને પણ હવે ઉંઘવામાં વધારે ખલેલ કરીશ નહિ."

પછી કળાને ફરીથી વહાલથી ભેટીને તેણીની પાસેથી દીવો લઇને મહોબતરાય પોતાના સૂવાના ઓરડામાં ગયો કે, જ્યાં તેનું બિછાનું તૈયાર હતું.

કળાએ બીજો દીવો કર્યો, અને ભાગેલા પગે તથા ધબકતી છાતીએ પોતાના ઓરડામાં ગઇ, કે જ્યાંથી તેણી માત્ર થોડીવારજ ગેરહાજર રહી હતી.

પણ તેટલા ટુંકા વખતમાં તો જયચંદ્રના વિચારોમાં ઘણો મોટો ફેરફાર થઇ ગયો હતો. જે થોડાજ વખત પહેલાં એક સભ્ય ગૃહસ્થની માફક વર્ત્યો હતો, તે એક વિષયી પુરૂષનો ભાગ ભજવવા તૈયાર થઇ ગયો. બિચારી ભોળી કુમારિકાએ તેને સ્ત્રીજાતિ જાણીને પોતાનું કેટલીક રીતે

ખુલ્લું અંગ બતાવ્યું હતું, તેથી તેણીના મોહક અવયવોથી મોહાંધપણામાં તેણીની સુંદરતાને ભોગવવાની અંતિમ ઇચ્છાથી જયચંદ્ર વિષયાંધ બની ગયો હતો. તેણીની નિર્દોષતા અને પવિત્રતાના વખાણથી તેણે જે થોડી વાર પહેલાં એકદમ નીતિવાન વિચારોથી તેણીને લગ્નની માગણી કરી હતી, તે ઉપર હવે તે મનમાં ને મનમાં હસવા લાગ્યો; અને તેણીના દરેક અવયવોની સુંદરતાનાં મનમાં ને મનમાં વખાણ કરી તેણીને ફસાવવાનો ઇરાદો કરવા લલચાયો. આખરે એવા ઠરાવ ઉપર આવ્યો કે ગમે તે હરકતો નડે તેણીની પવિત્રતા ગમે તેટલી આડે આવે-તોપણ-તેણીને ભોગવવાના આવેશરૂપી પિશાચે તેનામાં પ્રવેશ કરેલો હોવાથી ભોળી બાળાની આબરૂ લૂટવા સઘળા પ્રયત્નો કરી તેણીને પોતાના પંજામાંથી છટકવા દેવી નહિ. અને તેવા ઠરાવથી પ્રથમના સારા વિચારોને હાંકી કાઢી, એકદમ તેણીની પવિત્રતા ઉપર હુમલો કરવાના જુસ્સામાં ગાંડા જેવો થઇ ગયો.

કળા જ્યારે તે ઓરડામાં પાછી આવી ત્યારે જયચંદ્રના મનની આવી સ્થિતિ હતી. અને જો કે હાલ તો તેણીનું અંગ લૂગડાંથી ઢંકાયેલું હતું, છતાં તેણીના ખૂલ્લા શરીરે દેખાયલા અવયવો-ડોક-ખભા-બરડો-છાતી-વગેરેના સુંદર અને મોહક દેખાવે તેના મગજ ઉપર જે આબેહુબ છાપ પાડી હતી, તે દેખાવ તેની વિકારી આંખ આગળ તરી આવ્યો.

વિશ્વાસુ કુમારિકા દીવો મૂકીને પોતાનું પહેરેલું લૂગડું ઠીકઠાક કરીને એક ખુરશી ઉપર બેઠી, અને જયચંદ્રના સામી એવી એક આજીજી ભરેલી નજર ફેંકી કે તેજ પળે તેના મગજમાં પસ્તાવાએ પાછો આંચકો નાખ્યો.

"મારા મહેરબાન," થોડી વારે કળા ઘણા નમ્ર અવાજે બોલી. "તમે એક ગૃહસ્થ તરીકે એમ તો સમજતાજ હશો કે તમે એક પ્રમાણિક ગૃહસ્થના ઘરમાં બેઠા છો; તેની કુંવારી જુવાન પુત્રીનું માન જાળવવાની તમારી દરેક ફરજ છે. કારણકે હાલના સંજોગોમાં તેણી કેવળ તમારીજ દયા અને આબરૂ ઉપર આધાર રાખે છે."

ઉપરના શબ્દો કળા બોલતી હતી, ત્યારે જયચંદ્ર તેણીના ખૂબસુરત ચહેરા સામે વિકારી આંખોથી જોઇ રહ્યો હતો, પણ હવે તેણીના આજી-

વતા ભરેલા શબ્દોનો શું જવાબ આપવો, તેને માટે ગુંચવણમાં પડવાથી કંઈપણ બોલી શક્યો નહિ.

"અડધો કલાક પણ હજુ થયો નથી," કળા તેની વિકારી આંખોથી કંઈક ધારતી ખાઇ પોતાની નજર નીચી નાખી દઇ બોલી. "કે જે વખતે તમારી કપટ ભરેલી પ્રપંચી વર્ત્તણુકને માટે મારી માફી માગીને આપ સાહેબે આબરૂ ભરેલી રીતે લગ્નની માગણી કરી હતી. પણ તે માગણીનો જવાબ આપવાને હાલ મને આપ ફરજ પાડશો નહિ. વળી કદાચ તે ઉપર આપને પણ નિશ્ચિંતે વિચાર કરવાનો હશે." તેણી ધ્રૂજતે સાદે બોલી. "અને તેથી........"

"નહિ, મારી વહાલી કળા," જયચંદ્ર, કે જેણે પોતે જાહેર કરેલા આબરૂ ભરેલા ઇરાદાના અંતરપટમાં જલદીથી ફતેહ મળી શકે એવી પૂરી ધારણા રાખી હતી, તે તેણીને બોલતાં અટકાવીને બોલી ઉઠયો. "તે બાબત ઉપર વિચાર કરવાને મારે વખતની જરૂર નથી. હું તને ચાહું છું, હું તને મારા અંતઃકરણની દેવી તરીકે પૂજું છું."

"હાલના સંજોગોમાં આવી ભાષા હું સાંભળી શકીશ નહિ." કહેવાતી અબળા પણ મનની સબળા–તે પવિત્ર મૂર્ત્તિ મગરૂરીથી દૃઢ અવાજે બોલી. "થોડીજવાર પહેલાં આપે આપના ઉમદા વિચાર જણાવી મને આપનામાં વિશ્વાસ મૂકવાને આપે જે ઉત્તેજન આપ્યું છે, તેનો હવે નાશ કરો નહિ. કારણકે તેજ વિશ્વાસને આધારે મારા પિતાને છેતરીને–કે જેમ કરતાં મારાથી તેમના સામું પણ જોઇ શકાયું નહિ. ગયા થોડા કલાકમાં જે નાખુશ બનાવો બન્યા છે, તે તેમનાથી છુપાવવાને હું કબુલ થઇ હતી. અને હવે, અરે ! રે ! હું શરમાઉં છું–અને જે છળભેદ કરવાને માટે હું ગુન્હેગાર થઇ છું, તેને માટે મને મારા પોતાના તરફ ઘણો તિરસ્કાર આવે છે–કે જ્યારે તેમણે કુસુમને માટે પૂછ્યું ત્યારે તેણી અહીં છે એવું મેં તેમને માનવા દીધું. જો કોઇપણ વખતે મેં મારા પિતાને છેતર્યા હોય તો તે આ પહેલોજ વખત છે." તેણીએ શોકાતુર ભરેલા સાદે જણાવ્યું. "અને તે છેલ્લોજ વખત થશે."

"કળા, યાદ રાખો" જયચંદ્રે જવાબ દીધો. "કે તમારા પિતા કુસુમની ગેરહાજરીને માટે દૂર નહિ કરી શકાય એવી રીતે સંશયયુક્ત થયા હોત તેમાંથી તમે કુસુમને બચાવી છે."

"પણ શા માટે તે પોતાનાજ બચ્ચાને માટે બૂરૂં ધારી શકે?" કળાએ અધીરાઇથી પૂછ્યું, અને તે ઘણાજ ધીમા સાદે, કારણકે જોડેનાજ ઓરડામાં તેણીના બાપ સુતેલા હતા. "સવારે કુસુમ પોતાની ગેરહાજરીનો ખુલાસો કરી શકત."

"નહિ, મારી વહાલી કળા." જયચંદ્ર એકદમ બોલી ઉઠયો, કારણકે તેણીના કુંવારા અને બિન અનુભવી મગજમાં વિષયી વાતોનો ખ્યાલ આપીને તેણીની પવિત્રતા ઉપર જીત મેળવવાને માટે તેને નવી યુક્તિ સૂઝી આવી હતી. "કુસુમ પોતાને ઘેરથી લાંબો વખત ગેરહાજર રહેવા વિષે સંતોષકારક ખુલાસો આપવાને શક્તિવાન થશે નહિ."

"ઓ! પ્રભુ! આ તમે શું કહેવા માગો છો, સાહેબ?" કળા એકદમ ધાસ્કામાં પડી બોલી, કારણ કે તેના છેલ્લા શબ્દોએ તેણીને ધાસ્તોમાં નાખી દીધી હતી. પણ તરતજ પાછી સાવધ થઇ જઇને ગુસ્સાથી મગરૂબી સાથે બોલી. "મારી બેનની આબરૂ ઉપર કલંક ચઢાવવાની તમે હિંમત કરી શકશો નહિ."

"જે હકીકત ખૂલ્લી રીતે ખરી છે, તેની સામે આપણી આંખો બંધ કરવા, અથવા આપણા વિચારો ઢાંકી દેવા જેવો આ વખત છે કે? અને આ જગો છે કે? અથવા તેવા સંજોગો છે કે?" જયચંદ્રે કહ્યું. "હું પ્રતિજ્ઞા ઉપર કહું છું, કળા, કે જાણીજોઇને હું તમારી લાગણી દુખવીશ નહિ. પણ હું તમારો મિત્ર—તમારો ભાઇ—અથવા તમારો પતિ હોઉં—તે પ્રમાણે મારે તમને ખરેખરૂં કહેવું જોઇએ. માટે મારૂં ધ્યાનપૂર્વક સાંભળો, અને તમારી લાગણીને કાબુમાં રાખવા તૈયાર થાઓ."

"બોલો, બોલો." જે નાજુક બાબત ઉપર તે આવા ભારપૂર્વક અને પૂરા વિશ્વાસથી બોલતો હતો, તેથી ગભરાઇ જઇને ગરીબડી કળા કળકળતી બોલી."

"તમારી બેન પ્યારમાં પડેલી છે." જયચંદ્ર ભેદ ઉઘાડો પાડતાં બોલ્યો, અને તેજ વખતે પોતાની આંગળી નાકે ધરી, આ અણધારી હકીકત સાંભળવાથી તેણીને જે સખ્ત લાગણી થઇ આવે તેના આવેશમાં બૂમ પાડી ઉઠે નહિ તેથી ચૂપકીદી રાખવા સૂચના આપી.

"પ્યારમાં ?" તેણી બોલી. "અસંભવિત."

"અરે, મારી મધુર ભોળી કળા !" જયચંદ્ર હસમુખે ચહેરે બોલ્યો, "શું કુસુમ પ્યારમાં પડી છે, તે એટલુંબધું અજાયબ જેવું છે ? કારણ કે તુંજ તે પ્રમાણે પ્યારમાં નથી ? અને તે પણ વળી મારી સાથે ?"

"સાહેબ, આ મજાક ઘણી નિર્દયતા ભરેલી છે." કળા અધીરાઇ, ગુસ્સો અને અજાયબીનો દેખાવ ધારણ કરી બોલી.

"ઇશ્વરને હાજર જાણી કહું છું, કળા, કે મારી ઉમરમાં આવી ગંભીરાઇથી હું કદી બોલ્યો નથી." જયચંદ્રે જવાબ દીધો. "છતાં તારી બેન વિષે બોલતાં હું કહું છું કે તેણી પ્યારમાં છે, અને તેણીએ પોતાની ગેરહાજરી વિષે ખોટાં બહાનાંથી તને છેતરી છે."

"ઓ, પ્રભુ ! આ ખરૂં હોય એવું મેં ધાર્યું હોત !" કળા રડતી રડતી બોલી. "પણ ના, ના," તેણી પોતાના સુંદર ગાલ ઉપરનાં આંસુ લૂછતાં પાછી બોલી. "કુસુમ મને પોતાનો વિશ્વાસ આપ્યા વગર રહે નહિ—તેમ કદી છેતરે પણ નહિ."

"હવે એક શબ્દ મને બોલવા દે, કળા." જયચંદ્ર બોલ્યો, અને તે આ વખતે કપટ મિશ્રિત માયાળુ નજરથી કળા સામું એવી રીતે જોતો હતો કે જેથી તેનો ચહેરો તે વખતે ઘણો ખૂબસુરત દેખાયો. આથી કળાનું મગજ વિચારોથી ભરાયેલું છતાં તેણીનું અંતઃકરણ અટકાવી ન શકાય એવી રીતે તેના તરફ આકર્ષાતું હતું "અને હું પુછું તેનો મને ખરો જવાબ આપ જ્યારે કુસુમ સવારે ઘેર પાછી આવશે, ત્યારે તેણીની ગેરહાજરીમાં અત્યારે અહીં જે આપણા વચ્ચેનો બનાવ બન્યો છે તે, કંઇપણ છૂપાવ્યા વગર ખૂલ્લી રીતે તેણીને તું કહી શકીશ ?"

આવો સવાલ સાંભળીને, તેનું રહસ્ય સમજીને તે ભલી અને સાદી

કુમારિકાના ચોકખા અને અકલંકિત કપાળ ઉપર શરમની કરચલી વળી, અને તેજ વખતે તેણીએ પોતાની નજર નીચી નાખી દીધી. અને પછી થોડીવારે બીતી બીતી ઉચું જોઇ ધ્રૂજતે સાદે બોલી. "હવે હું સમજી શકું છું કે નિર્દોષ અને બિનગુનેગાર અંતઃકરણને પણ અમુક બાબત છૂપાવવી પડે છે."

"ત્યારે આખરે હવે તું માને છે કે તારી બેન પ્યારમાં પડી છે, અને હજુ તેણીએ પોતાની આવેશ ભરી લાગણી તારી પાસે કબુલ કરી નથી." જયચંદ્ર બોલ્યો. "હા, વહાલી કળા, કુસુમ ખરેખર પ્યારમાં પડી છે." તેણે શોકાતુર રીતે, મનને અસર કરે એવી ઢબથી એક નજર નાખી ઉમેર્યું. "પણ અત્યારે, તારી પાસે જેવી મારી હલકી વલે થઇ હું નાસીપાસ થયો છું, તેવી રીતે તેણીની પાસે તેણીનો પ્રેમપાત્ર નિષ્ફળ થયો નથી."

"તમારા શબ્દો જે શક ઉત્પન્ન કરે છે, તેવો શક ધરાવવા હું હિંમત કરી શકતી નથી." કળા બોલી, અને જાણે કોઇ નાખુશ ચીજને પોતાની નજરથી દૂર રાખવા માગતી હોય, તેમ બન્ને હાથે પોતાનો ચહેરો ઢાંકી દીધો.

"દુનીઆદારીના તદ્દન બિન અનુભવમાંથી નવો અનુભવ શીખવા જેવી સ્થિતિમાં તું હમણાજ આવે છે." જયચંદ્રે પોતાનું વાકચાતુર્ય ચલાવ્યું. "અને તું સુખી થશે, કળા, ઘણી સુખી થશે—કે જ્યારે તારે શીખવાનું કંઇ પણ બાકી નહિ રહે. આ જીંદગીને ખરા બહારમાં ભોગવવવાની જે હદ છે, તે હદ કુસુમ ક્યારની ઓળંગી ગઇ છે, અને ખરા પ્યારનું સુખ અને સ્વર્ગીય આનંદ તેણી પોતાના પ્રેમપાત્રની સોડમાં મેળવેછે."

"વધારે બોલો નહિ." વિચિત્ર ધાસ્તીથી કળા આખા શરીરે ધ્રૂજતી બોલી ઉઠી.

"ચૂપ." જયચંદ્ર ધીમેથી બોલ્યો. "યાદ રાખ કે તારા પિતા જોડેના ઓરડામાં છે."

"મારા પિતા!" ધ્રૂજારાના એક સખ્ત આચકાથી દુઃખી કળા બોલી. "અરે, તે શું કહેશે! અરે! રે! મારી દુખીઆરી બેન જો કદી તે પાછી

આવશે, ત્યારે તેમને કેવી લાગણી થશે?"

"ગભરાતી નહિ. તેણી પાછી તો આવશેજ." જયચંદ્રે તેણીને શાંત પાડતાં કહ્યું.

"ત્યારે તમે મને કહ્યું, તેના કરતાં તમે વધારે જાણો છો?" દરેક પળે ઉશ્કેરાતા જુસ્સાથી કળાએ પુછ્યું. "અરે! મારી બેન વિષે તમે ઘણું જાણોછો—એટલે સુધી કે તેણી આજે રાત્રે ઘેર પાછી આવવાની નથી તે વિષે અગાઉથી તમારી ખાત્રી થઇ હશે." જયચંદ્રે કુસુમની લાંબી ગેરહાજરી વિષે કળાને શાંત રાખવા જે બહાનાં બતાવ્યાં હતાં તે હવે યાદ આવવાથી તેણીએ વધારે પૂછ્યું.

"તારાથી તે છૂપાવવાનો હું યત્ન કરીશ નહિ, પ્યારી......" જયચંદ્ર બોલ્યો.

"એકવાર ફરીથી હું તમને કહું છું કે જે સંબોધનો સાંભળવાં મને ગમતાં નથી, તે સંબોધનો મારા સંબંધમાં વાપરતા નહિ." ફરીથી પોતાની કુંવારી સ્થિતિનો ભગરૂબી ભરેલો જુસ્સો ધારણ કરી કળા બોલી.

"ત્યારે તું મને ચાહતી નથી." જયચંદ્ર શોકાતુર દેખાવ ધારણ કરી બોલ્યો.

"અરે! હું તમને ચાહી શકું—હું તમારે પગે પડીને તમે કહો તે કરી શકું—હું તમારી ગુલામ તરીકે થઇ શકું—" કળા જુદાજ આવેશથી શોકમાં ડૂબતી બોલી. "હા—અને સ્વર્ગના દેવની માફક હું તમારા તરફ પૂજ્યભાવથી જોઇ શકું." તેણીએ અસરકારક રીતે નમ્ર અવાજે ઉમેર્યું. "જો, તમે મારી બેનને મારા પિતાના સંશયમાંથી—તેમના ગુસ્સામાંથી બચાવી શકો તો."

પ્રિય વાંચનાર, બેન પ્રત્યેના અસિમ સ્નેહની લાગણી આથી વધારે કઈ રીતે ઉચ્ચતર હોઇ શકે?

"મારી પાસે તું શું કરાવવા માગે છે?" જયચંદ્રે પૂછ્યું. આ વખતે ગભરાટમાં કળાએ હાથ આડા અવળા નાખવાથી, તેણીની છાતી ઉપરનો છેડો ખસી જવાથી, તે તરફ જયચંદની નજર પડતાં, તે પાછો તે-

ણીના સૌંદર્યમાં મોહિત થઇ તેણીના ઉપર અઘટિત લાભ લેવાની ઇચ્છાથી અતિ આતુર બની ગયો.

"તમારી પાસે શું કરાવવા માગું છું?" કળા તેના બોલેલા શબ્દો બોલી, પણ અચાનક પોતાનાં કપડાંની સ્થિતિનું ભાન આવવાથી છેડો બ-રોબર ઢાંકી દઇ પોતાના શરીરનું અલૌકિક સૌંદર્ય છૂપાવવા યત્ન કરતાં બોલી, "જો તમે મને ખરેખર ચાહતા હો, તો હું તમારી પાસે એવું ક-રાવવા માગું છું કે જેથી મારી બેનની ભૂલ મારા પિતાથી છૂપી રહે. તેણી હાલ ક્યાં છે, તે તમે જાણો છો--મારી ખાત્રી છે કે તમે તે વાતથી અ-જાણ્યા નથી. ના, ના, તેણીના વિષે તમે મને જે જે કહ્યું, તેથી મારી ખાત્રી થાય છે કે મારી એ ધારણામાં હું ભૂલતી નથી. ત્યારે એટલું તમેજ કરો સાહેબ."

"મને જયચંદ્રના નામથીજ બોલાવ." તેણે ધીમેથી વહાલ બતા-વતાં સૂચવ્યું, કારણ કે તેણે ધાર્યું કે હવે તે બાળા ઉતાવળે પોતાના કાબુમાં આવતી જાય છે. જો કે કળાને માટે આવું ધારવામાં તેની મોટી ભૂલ હતી.

"વારુ, હું તમને જયચંદ્ર કહીશ. મારા પ્રિય મિત્ર જયચંદ્ર" કળાએ ભાર સહ કહ્યું, કારણ કે પોતાની બેનની ગેરહાજરી છૂપાવવાને તેણી ગમે તે કરવા તૈયાર હતી. "અને હું તમારો આભાર ભૂલીશ નહિ—જો તમે મને આ વખતે સહાય થશો તો. હું કહું છું કે તમારે એટલું કરવાનું છે કે—જેમ બને તેમ છૂપી રીતે જલદીથી તમે આ ઘર છોડી જાઓ, અને જે જગોએ મારી બેન છે તે જગોએ જઇને કોઇપણ રીતે તેણીને મળો, અને કહો કે તેણીના પિતા અણધાર્યા એકાએક ઘેર પાછા આવ્યા છે. અને સ-વારે તે પોતાના સુવાના ઓરડામાથી નીચે ઉતરે તે અગાઉ તેણીને ઘેર આવવાની ફરજ પાડો. વળી તમારે તેણીને ખાત્રી આપવી કે તેણીનો છૂપો ભેદ કોઇ જાણી શકે નહિ એવા પડદાથી ઢાંકી દેવા મારા તરફથી હું સ-ઘળો પ્રયત્ન કરીશ. હવે, પ્રિય જયચંદ્ર, આ સઘળું તમે મારે માટે કરશો!"

"અને તેના બદલામાં મારૂં ઇનામ, કળા? મને ઇનામમાં શું મળશે!" જયચંદ્ર પોતાના હાથ તેણીના તરફ લંબાવીને બોલ્યો.

પણ તે જુવાન બાળામાં એકદમ ચમત્કારિક ફેરફાર થઇ ગયો. તેણીની સઘળી ધ્રૂજારી-તેણીનો સઘળો જુસ્સો-એ તમામ એક પળમાં જતું રહ્યું, અને નિરૂત્સાહી અજાયબીમાં પડી-અથવા બીજા શબ્દોમાં બોલીએ તો, જયચંદ્રના ઉપર તેણીએ જે માનભર્યો વિશ્વાસ મૂકયો હતો, તેને એવો અચાનક ધક્કો લાગ્યો કે તેણી તેના તરફ ધિઃક્કારની નજરથી જોઇ રહી, અને વળી તેના ખૂલ્લા વિષયી સ્વાર્થીપણા ઉપર ભારે અજાયબી વચ્ચે શકમંદ થઇ.

" ત્યારે આપ મને ચાહતા નથી, સાહેબ." આખરે તેણી નિરાશા ભરેલા અવાજે બોલી. " એટલુંજ નહિ, પણ મિત્રતાનો એક અંશ માત્ર પણ તમે મારા તરફ ધરાવતા નથી."

" દયાહીન કળા ! શા ઉપરથી તું આવું બોલીને મારી છાતીમાં ખંજર ઘોંચે છે. ?" જયચંદ્ર સવાલની ઢબમાં બોલ્યો. વાંચનારે યાદ રાખવું કે આ વિષયલંપટ જુવાનીઓ હજુ પોતાની નાપાક દાનત છોડતો નથી; અને કોઇ પણ પ્રકારે પવિત્ર કળાના સતીત્વ ઉપર તરાપ મારવા આતુર થઇ રહ્યો છે

" હું તમારામાં છેતરાઇ છું-ઘણી નિર્દયતા ભરેલી રીતે છેતરાઇ છું." તે બાળા જયચંદ્રનો પાપી ઇરાદો પામી જઇ બોલી, અને પોતાની ખુરશી તેનાથી થોડી આઘી ખસેડી, તેને પોતાની પાસે આવતાં અટકાવવા એક અપૂર્વ સત્તાધિકારીની માફક હાથ હલાવ્યો, અને પોતાનું લુગડું વધારે સંકોચી ઠીકઠાક કરીને પોતાનું બોલવું ચલાવ્યું. " તમે આજે રાત્રે જે દુષ્ટ પ્રપંચ મારી સામે રચ્યો હતો, તે હું ભૂલી ગઇ હતી-કારણ કે તે પ્રપંચ ઉઘાડો પડતાની સાથે તમે તમારો દેખીતો ગૃહસ્થાઇ ભરેલો ઉમદા દેખાવ ધારણ કર્યો હતો. હા, તમે જે હિચકારાપણાથી કાળી શાહી જેવો છળભેદ, અને નાલાશી ભરેલી વર્તણુંક, આપણી કેટલાક કલાકોની આ મુલાકાત દરમિયાન મારા પ્રત્યે ચલાવી હતી; તે સઘળું માફ કરવા હું ખુશી હતી-તે ભૂલી જવા હું રાજી હતી-કારણ કે તમે તમારી વર્તણુંકનો પસ્તાવો બતાવ્યો હતો. અને અરે, રે ! હવે હું ખરેખર જોઉં છું," તેણી ગભરાઇ

દુઃખી અવાજે બોલી "કે હું જે દુનિઆના પ્રપંચી અનુભવની અણમાહિતગાર હતી, તે હવે માહિતગાર થવા માંડુ છું. હું ખાત્રીથી કહું છું કે આ નવા પાઠનું પહેલું ફળ મને ઘણું કડવું મળ્યું છે. એક મિત્રની માફક તમારા ઉપર વિશ્વાસ મૂકવા મેં ધાર્યું-તમારામાં વિશ્વાસ મૂકવા મેં તમને એક—" આગળ બોલતાં તેણીનો શ્વાસ રૂંધાઇ ગયો, તેથી ઉચ્ચાર બહાર નીકળી શકયો નહિ.

"પ્રેમ પાત્રની માફક—એક ધણીની માફક—" જયચંદ્ર અધુરૂં વાક્ય પૂરૂં કરતાં બોલ્યો. "ઓ! મારી વહાલી, મારામાંથી સઘળો વિશ્વાસ ઉઠાવી ના લે." આ વખતે જયચંદ્રને ખરેખર ઉંડો પસ્તાવો થતો હતો, કારણ કે કળાના માર્મિક શબ્દોરૂપી સખ્ત ઠપકામાં કંઇક એવું હતું કે જેથી આ લહેરી જુવાનીઓ લેવાઇ ગયો, અને પોતાની સ્વાર્થી વિષયલંપટતા ઉપર સખ્ત ધિઃક્કારથી જોવાની તેને ફરજ પડી.

"મને તમારી સાથે નિખાલસપણે બોલીને મારૂં દિલ ખાલી કરવા દો, સાહેબ, કે જેથી તમારી ગેરસમજુતી દૂર થાય." કળાએ કહ્યું. તેણીને પણ ગયા થોડા કલાકમાં જુદી જુદી જાતના તરેહવાર વિચારો અને લાગણીઓમાંથી પસાર થવું પડયું હતું, અને તે ઉપરથી તેણીએ પણ દુનિઆદારીના પ્રપંચી અનુભવની નિશાળમાં ઘણી ઉતાવળથી ઘણા પાઠ લીધા હતા; અને તે આધારે પોતાના ઉમરાવ સાથીના સ્વભાવ અને ખરી વર્ત્તણુકમાં ઉંડી રીતે પેસી તેનું ખરૂં સ્વરૂપ વાંચવાનો યત્ન કરતી હતી. "મારી આંખો ઉપરથી પડદો દૂર થયોછે—મારા અંતરમાં પ્રકાશ પડયોછે—અને જે ચીજો જે પ્રકાશમાં જોવાની મને અત્યારસુધી ટેવ પડી ગઇ હતી, તે ચીજો જુદા પ્રકાશમાં હવે હું જોઇ શકું છું. એમ પણ હવે હું સમજવા પામી છું કે પ્યાર કેવી ભલભરેલી રીતે નાશકારક જાળ તરફ દોરે છે. અને મારી બેનને ઠપકો આપવા કરતાં તેણીની મને દયા ઉપજે છે. અરે, હા, મને હવે લાગે છે કે સ્ત્રી કેવા નબળા મનની છે, અને તેણીએ અટકાવવી જોઇતી લાલચો કેવી મજબૂત છે. ખરેખર આજ રાતના મારા અનુભવથી મેં એવા વિચારોનો અનુભવ લીધો છે કે જેથી હું મને પોતાને પણ પોચા

અને નબળા મનની માનું છું, અને અમુક પળો એવી હતી કે જ્યારે ઉંડી ખોના કડડ ભૂસ થઇ જાય એવા ઉંચા કરાડા ઉપર હું ઉભેલી હતી. પણ તેજ નબળાઇના વિચારે, ઓ ! જયચંદ્ર જાગીરદાર સાહેબ, હવે હું મજબૂત મનની બનીશ–જે તોફાનો મારા રસ્તામાં આવશે તેની પૂરેપૂરી અને ખરી સમજ, મારામાં જે જે સદ્‌ગુણોના સિદ્ધાંતોમાં ખામી હશે, તેને લાગુ પાડવામાં પૂરા ડહાપણથી અને મજબૂતીથી વળગી રહીશ. તો હવે સાંભળો કે આપ સાહેબે થોડી વાર અગાઉ જે માન ભરેલી પ્રમાણિક માગણી કરી હતી, તેવી માગણી ફરીથી ખરા દિલથી કરવા આપ માંગતા હો તો, મને લાગે છે કે હું આપને ચાહી શકીશ–એટલુંજ નહિ પણ પૂરા પ્યારથી, પણ જો મને અપમાન લાગે એવો એક પણ શબ્દ બોલશો, કે એવા કંઇ ચાળા કરશો, તો તેજ પળે હું મારા પિતાનો આશ્રય લઇશ–તેમને પગે પડીશ–જે જે બન્યું છે તે સઘળું કબુલ કરીશ–અને તમને તમારી વર્તણુંક બદલ ઘટતી સજા કરવાનું તેમના હાથમાં મૂકીશ. ”

આવા લાંબા, અસરકારક, અને સત્તાધીશ જેવા ભાષણની અસર જયચંદ્ર ઉપર કેવી થઇ તેનો પૂરતો ખ્યાલ આણવાને આપણે ભાગ્યેજ શક્તિવાન થઇશું. આ એક સુંદર અને કાચી ઉમરની કુમારિકા છે. જે પોતાની નબળાઇ કબુલ કરે છે. એટલુંજ નહિ પણ સ્ત્રીત્વના જે સદ્‌ગુણો માત્ર એક માતાજ શીખવી શકે, તેની ખામી હોવાનું કબુલ કરે છે. અને પોતાનો પ્રેમપાત્ર–કે જેનો ધિક્કારવા લાયક પ્રપંચ તેણી જાણી ગઇ હતી–તેને હિંમતપૂર્વક ખાત્રીથી કહે છે કે પોતે નીતિને રસ્તેથી પડવાની જોખમદારીનોજ વિચાર, તેણીના બચાવના કિલ્લાના સાધન તરીકે, પોતાના મનને મજબૂત બનાવશે.

જયચંદ્રના મનમાં વિચારોની દોડાદોડી થઇ રહી–નીતિવાન વિચારો અને મોહાંધ વિકારો વચ્ચે તુમુલ યુદ્ધ ચાલ્યું. ઘડીમાં અંતઃકરણમાં પસ્તાવાના ડંખ લાગે–વળી ઘડીમાં વિષયી વિચારો તરી આવે–અને પછી તરતજ તે પ્રકાશમાન અને ખૂબસુરત બાળા–કે જેની અદ્‌ભુત વર્તણુંકે તેના ઉમદા અંતઃકરણને જીતી લીધું હતું, તેણીના સંબંધમાં આબરૂ ભરેલા વિ-

ચારેએ તેના મગજનો કબજો લીધો.

"કળા, મારી વહાલી કળા," તે પસ્તાવા ભરેલા અવાજે બોલ્યો. "અહા! તેં મારામાં અજાયબ જેવો અને કદી નહિ અનુભવેલો એવો ભારે ફેરફાર કરી દીધો છે. આજ રાત્રે મેં તારી સાથે જે જે ધિઃકાર ભરેલી વર્ત્તણુક ચલાવી છે, તેને માટે હું પગે પડીને ખરા અંતઃકરણથી તારી માફી માગું છું."

એમ કહીને તે વાંકો વળી કળાની સામે પગે પડયો.

તે માયાળુ અંતઃકરણની પણ મજબૂત મગજની બહાદુર બાળાએ પોતાનો હાથ તેના તરફ લાંબો કર્યો, જે તેણે પોતાના બન્ને હાથમાં લીધો અને ઘણી માન ભરેલી રીતે પોતાના હોઠે દાબ્યો. તેણીએ પોતાનો હાથ પાછો લઇ લીધો નહિ. કારણકે તેજ અનુભવ-અથવા કહો કે શરૂઆતનું જ્ઞાન-કે જેથી સ્ત્રીજાતિના અપૂર્વ સદ્દગુણોની મહત્તા-અને તેની આજુ-બાજુ રહેલી ધાસ્તીઓથી તેણી એકાએક વિચિક્ષણ બની ગઇ હતી-અને તેજ જ્ઞાનથી દેખાઉતા અને ખોટા, દાંભિક ભારેખમપણાના વિચારને તાબે થતાં અટકી હતી.

"મને પગે પડો નહિ, સાહેબ." તેણી ઉત્તેજીક અને માયાળુપણે બોલી. "યાદ કરો કે હું એક નાદાન બાળા છું, અને આપ મોટા જાગી-રદાર-ઉમરાવ છો."

"અને તને મોટી ઉમરાવ સ્ત્રી બનાવી મારી જાગીરીની ભાગીયણ કરવાને હું મગરૂબ થઇશ, વહાલી કળા." જયચંદ્ર ઉઠીને પોતાની ખુરશી ઉપર બેસતાં બોલ્યો. "અને હવે મને કહે કે મારે શું કરવાનું છે, અ-થવા જે કરવાનું હોય તેની મને સૂચના આપી દે, અને તે સુચનાને હું તાબે થઇશ."

"અહા! મારા તરફ તમે હમેશાં આવી વર્ત્તણુક રાખો તો પછી ત-મારી પુરૂષજાતિ વિષે મને કેવો ઉચો વિચાર રહે!" કળા બોલી. "હવે તમને હું સંપૂર્ણ માયાળુ, ઉમદા અને ભલા કે જે સદ્દગુણો-બરોબર બો-લીએ તો દરેક સારા માણસમાં હોય છે-તેવા જોઉં છું."

"જો મારામાં એવો ફેરફાર થયો હોય, કળા" ખરા દિલથી જયચંદ્ર બોલ્યો. "તો એ સઘળો તારી ચળકતી નીતિનો પ્રતાપ છે કે જેથી મારા ઉપર કદી નહિ ભૂસાય એવી છાપવાળી ઉંડી અસર થઇ છે.

"પ્યારા જયચંદ્ર, તમે નથી જાણતા કે આવી રીતે નિખાલસપણાથી અને સત્યતાથી તમને બોલતા જોઇને મને કેટલી બધી ખુશાલી થાય છે, જ્યારે તમારામાં છળભેદ અને પાપવાસના હતી, તે વખતે તમે જેવા દેખાતા હતા, તેના કરતાં હાલ આવા ખૂલ્લા દિલમાં અને નિખાલસપણામાં ઘણા વધારે ખૂબસુરત લાગો છો."

"ત્યારે તને લાગેછે કે તું મને ચાહી શકીશ, મધુરી કળા!" જયચંદ્ર પોતાના અંતઃકરણમાં સ્વર્ગતુલ્ય આનંદ અનુભવતો બોલ્યો.

"ઘણીજ ખૂલ્લી રીતે હું કહું છું કે-જેમ હું એવું જણાવું છું કે મારા તરફ તમારી હાલની વર્ત્તણુક પાછી બદલાઇ જાય તો તમને પૂરતી રીતે ધિઃક્કારીશ—તેવીજ રીતે હું એમ પણ કબુલ કરૂં છું કે, જો જેવી રીતે હાલ હું જોઉં છું તેવી રીતે તમારી હવે પછીની વર્તણુકથી સાબીત કરી આપશો તો મારા ખરા અંતઃકરણથી હું તમને ચાહીશ—તે એટલે સુધી કે તમારે માટે મારી જીંદગીની પણ હું દરકાર કરીશ નહિ."

એક પવિત્ર કુમારિકાના ઉત્તમ સદ્‌ગુણોની મજબૂતાઇની સત્યતાની સાબીતિ તરીકે જેવો કળાએ જવાબ શરૂ કર્યો હતો, તેવોજ પવિત્ર અને પ્રમાણિક પ્યારથી તેણીના કોમળ અંતઃકરણમાં કેવી માયાળુ લાગણી હતી તે બતાવતાં જવાબ પૂરો થયો.

"વહાલી કળા," જયચંદ્ર બોલ્યો. "હવે કદી પણ મને ઠપકો આપવા સરખું તને કારણ મળશે નહિ. અને હવે તારી શું સૂચના છે તે જણાવ, કે તે બજાવવાને મારી તૈયારી અને ખરા અંતઃકરણની લાગણીની સાબીતિ હું બતાવું."

"પવિત્રતાની ટોચથી ગબડી પડેલી, અને સતીત્વ ભ્રષ્ટ, મારી ગરીબડી બેનના સંબંધમાં મેં જે જે કહ્યું છે તે તમે કરો." તે બાળા મુજલે સાદે બોલી.

"તારી આ ઇચ્છા પાર પાડવાને હું પ્રતિજ્ઞા લઉં છું." જયચંદ્રે જવાબ દીધો.

"પાછલી રાતના બે વાગવાનો હવે વખત થયો છે." કળાએ ઘડિઆળ જોઇને કહ્યું. "બેશક, મારા પિતા ઉંઘે છે—એક કલાક અગાઉ તે થાકેલા સૂવા ગયા છે. અને તેથી તમે એવી સંભાળથી ઉતરો કે તેઓ જાગે નહિ. ગમે તેમ થાય તોપણ પ્રયત્ન કરજો, અને જોખમ ઉપાડવું જોઇએ."

પછી કંઈ પણ ખોટા ભારેખમપણાનો દેખાવ બતાવ્યા સિવાય—પણ ખુશ ચહેરે—કે જેથી તેણીએ બતાવ્યું કે ફક્ત પોતાનાજ સદ્ગુણો ઉપર નહિ, પણ પોતાના પ્રેમીજનના ફેરવાયલા સુવિચારો ઉપર તેણીએ કેટલો બધો ભરોસો મૂક્યો હતો—કળાએ જયચંદ્રનાં સ્ત્રીવેશનાં કપડાં બરોબર ઠીકઠાક કરાવી માથાના વાળ બરોબર કર્યા; અને જયારે આ કામ કરી રહી, ત્યારે ખૂશ મિજાજથી મજાકમાં બોલી "હવે જયારે બીજી વખત મને તમારી મુલાકાતનો લાભ આપો ત્યારે, મારા વહાલા જયચંદ્ર, તમારી પુરૂષજાતિને લાયકના પોશાકમાં આવવાની મહેરબાની કરજો."

"બીજીવાર તારી મુલાકાતનો જલદીથી લાભ લેવાની મને પરવાનગી મળશે?" જયચંદ્રે આસ્તાથી પૂછયું.

"ઘણી ખુશીથી." ખૂલ્લા દિલથી ભલી બાળાએ જવાબ આપ્યો. "પણ કેવા બહાનાથી તમે અહીં આવશો? કારણ કે યાદ રાખજો કે હવે તમે જયારે આવો ત્યારે, મારા પિતાની હાજરીમાં આપણે પહેલીજ વખત મળીએ છીએ, અને આગળનું ઓળખાણ નથી, એવી રીતે દેખાવ રાખવો પડશે."

"હું ધારૂં છું કે ધરણીધરરાય તમારા પિતાના સગા છે." જયચંદ્ર બોલ્યો. પછી થોડીવાર વિચાર કરી વળી બોલ્યો. "તે ગૃહસ્થ મારા મિત્ર છે, અને તેમના તરફથી મહોબતરાય ઉપર ઓળખાણની ચિઠ્ઠી મેળવી શકીશ. પણ તારી બેનને હું શી રીતે ખુલાસો આપી શકીશ?"

"તેણીને હું જે કહેવાની છું તેજ પ્રમાણે તમારે પણ ખુલાસો

આપવો પડશે." કળાએ થોડીવાર વિચાર કરીને જવાબ દીધો. "હું તેણીને કહીશ કે તમે અહીં સ્ત્રીના પોશાકમાં મારા તરફ કપટી વિચારથી આવ્યા હતા. મેં તમારો છળભેદ પકડી કાઢ્યો, અને તમારી વર્તણુંક વિષે તમારી સાથે વિચારપૂર્વક તકરારમાં ઉતરી, તમને તરતજ ચાલ્યા જવાને તમારી ઉદારતા અને એક ગૃહસ્થ તરીકેની આબરૂ તરફ મેં આજીજી કરી, અને તેથી તમે તમારો ખરા દિલનો પરતાવો બતાવ્યો. પછી તમે મને મારી બેન ભૂલથાપમાં પડ્યા વિષે કોઇ આકસ્મિત રીતે તમારા જાણુવામાં આવ્યું હતું એમ જણાવ્યું; અને જે નાશકારક સ્થિતિમાં તેણી સપડાઇ હતી તેમાંથી બચાવવાની મેં તમને અરજ કરી. આટલું છતાં પણ આ ઓરડામાં બે કલાક સુધી તમે મારી પાસે રહ્યા તે તમારે કહેવું નહિ." કળાએ ખુલ્લેખુલ્લું કહી દીધું, છતાં તે વખતે તેણીના ગાલ ઉપર શરમના શેરડા પડી ગયા. "કારણ કે જેવી રીતે કુસુમ લાલચમાં ફસાઇ ગઇ છે, તેવી રીતે કદાચ મારા વિષે તેણીને શક ઉપજવામાંથી છટકવું મુશ્કેલ થઇ પડે."

"એટલું છતાં પણ, જ્યારે તમારા પિતા મોડી રાત્રે ઘેર આવ્યાનું હું તેણીને કહીશ," જયચંદ્રે ગુંચવાડો બતાવ્યો. "ત્યારે એટલોબધો વખત હું કયાં છૂપાઈ રહ્યો હોઇશ, તે વિષે તેણી અચંબામાં પડશે."

"હા, ખરી વાત છે." કળા વધારે ગભરાઇને બોલી. "તો પણ, મારા પિતાને મળતા પહેલાં કુસુમે પૂરતી રીતે તૈયાર થવું જોઇએ." તેણી પોતાના મન સાથેજ મોટેથી બબડી. "અરેરે! છળભેદથી વર્તવું એ મારી લાગણીથી તદન વિરૂદ્ધ છે, છતાં મારી પોતાની બેન મારે માટે સંશયયુક્ત થાય એવો વિચાર પણ હું સહન કરી શકું નહિ."

"હું એક સૂચના કરૂં છું." જયચંદ્ર બોલ્યો, કારણ કે તેણે જોયું કે, પોતાને તે કુમારિકાના સૂવાના ઓરડામાં રાત્રિને વખતે દાખલ કર્યો હતો, તે વાતની મુશ્કેલી દૂર કરવાનો આ ગુંચવાડો હતો. "હું તારી બેનને કહીશ કે મારી અને તારી મુલાકાત નીચેની પરસાળની પાસેના ઓરડામાં થઇ હતી, અને તારા પિતા પરસાળમાં થઇને ઉપર ચાલ્યા ગયા હતા."

"વહાલા જયચંદ્ર, આવી નાજુકાઇ ભરેલી ગોઠવણ અને ઉદારતા માટે હું તમારો ઘણો આભાર માનું છું." કળા પોતાના મોટા ગુંચવાડામાંથી એકદમ છૂટી થઇ જતાં ખુશીમાં આવી જઇ, તેનો હાથ લઇ એકાદ પળ માયાળુપણે દાબી રાખીને બોલી. "હવે આપણે એક બીજાને કશું વધારે કહેવાનું નથી. જો કંઈ પણ હોય તો તે મારા તરફથી તમને ફરી ફરીને એટલુંજ કહેવાનું કે, ગમે તે ઇલાજથી મારી બેન કુસુમ સવાર પહેલાં ઘેર પાછી આવે એમ કરજો, નહિતો સઘળું નાશ પામશે."

"તું મારા ઉપર ભરોસો રાખ, મારી વહાલી કળા." જયચંદ્રે જવાબમાં શાંતિદાયક ઉચ્ચાર કર્યો.

તે બાળાએ પછી ધીમેથી બારણું ઉઘાડયું, અને બન્ને જણ કંઇપણ અવાજ ન થાય એવી રીતે નીચે ઉતર્યાં. પછી જરાવાર સાંભળવા ઉભાં, પણ બધે શાંત હતું, અને ચોક્કસ ખાત્રી થઈ કે મહોબતરાય ઉંઘે છે. પછી બહાર નીકળી કળાએ બાગનો આગલો દરવાજો ઉઘાડયો.

"હું જાઉં છું, મારી વહાલી–મધુરી કળા," જયચંદ્ર બહાર નીકળી ધીમા અવાજે બોલ્યો.

"પધારો." તેવાજ ધીમા અવાજે કળાએ જવાબ દીધો.

એકાદ પળ બન્નેના હોઠ મળ્યા, રાતની શાંત અને ગંભીર ચૂપકીદી એક ચુંબનના નાજુક અવાજે તોડી.—અને બીજેજ પળે જયચંદ્રે ચાલવા માંડયું, અને દરવાજો બંધ થયો.

પોતાના પિતાની ઉંઘને ખલેલ પહોંચાડયા સિવાય કળા પાછી પોતાના સુવાના ઓરડામાં પહોંચી ગઇ અને રાત્રિનો બાકી રહેલો થોડો વખત ઉંઘવા સૂતી, પણ ઉંઘમાં તેણી ઘણી બેચેન હતી. સ્વપ્નમાં તેણીની બેન આખી રાત ગેરહાજર રહેવાની વાત તેણીના પિતાને માલમ પડી આવશે એવા વિચારો તેણીને હેરાન કરતા હતા. આટલું છતાં શું તે મોહક બાળાના સ્વપ્નમાં તેના વહાલાની ખૂબસુરત મૂર્ત્તિ આવી નહિ હશે? હા, તે ઓછને ઉંઘમાં પણ તેણીના હોઠ ઉપર સ્મિત સ્ફુરી આવતું.

પ્રકરણ ૧૦ મું.

ક્રિષ્ણાકુમારી.

ગયા પ્રકરણમાં કળા અને જયચંદ્ર વચ્ચે થયેલી વાતચિતથી એવું અનુમાન કાઢી શકાય કે કુસુમ રાત્રે ઘેર પાછી આવવાની નહોતી, તે કોઇપણ પ્રકારે જયચંદ્રે ચોક્કસ ખાત્રી મેળવેલી હોવી જોઇએ. ખરી વાત એ છે કે, યશોદાબાઇ જ્યારે જયચંદ્રને સ્ત્રીનો પોશાક સજાવતી હતી, ત્યારે તેણીએ તેને જણાવ્યું હતું કે, " જયચંદ્ર, હવે તમને આજની આખી રાત મોજ મળશે; કારણકે થોડીવાર અગાઉજ કુસુમના પ્રેમપાત્રે મને પોતાની ઇચ્છા બતાવી હતી કે કુસુમે આજે રાત્રે અહીંજ સુઇ રહેવું જોઇએ. કદાચ કુસુમ પોતાના બીકણપણાને લીધે તેમ કરવા કબુલ ન થાય તોપણ તેણીને તેની ઇચ્છા પ્રમાણે કરવાની ફરજ પાડવા જોઇતા ઉપાયો લેવામાં આવશે. સુભાગ્યે આજેજ તે ગૃહસ્થને આવો તુરંગ થઇ આવ્યો, કે જેથી તમને સુંદર કળાની સાથે રમુજી પ્યારની વાતોથી ગમત કરવાને કોઇ પણ જાતની અડચણ આવશે નહિ. " યશોદાબાઇના આ પ્રમાણે બોલવાથી જયચંદ્રને ઉપર કહ્યા પ્રમાણે ખાત્રી થઇ હતી.

યશોદાબાઇને ઘેરથી જયચંદ્ર વિદાય થયા પછી યશોદાબાઇએ પોતાની દાસીને બોલાવી. તે લગભગ વીશેક વરસની અને શરીરે દેખાવડી હતી.

" યમુના, " યશોદાબાઇએ દાસીને કહ્યું. " મારે તને અમુક જાતની ખાસ સૂચના આપવાની છે. પહેલું તો એ કે, અજીતરાય આજે રાત્રે કુસુમની સાથે અહીં રહેવાના છે, અને બરોબર દશ વાગે ખાવાનું તૈયાર રાખવાની વરદી આપી છે. અલબત્ત, તું સમજે છે કે ઉંચા પ્રકારની રસોઇ તૈયાર કરાવવાની છે, અને પીરસવાના કામ ઉપર તું તારી જાતે રહેજે. બરોબર સમજી ?"

"પૂરી રીતે, બાઇ સાહેબ" દાસીએ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો.

"હવે આ કુંચી લે." યશોદાબાઇએ એક કુંચી તેણીને આપતાં કહ્યું. "જે ઓરડામાં હાલ અજીતરાય અને કુસુમ છે, તે ઓરડામાં જે એક ભંડારીઉ છે તેની આ કુંચી છે. અને તેમાં જે એક નાનું પડીકું છે, તે જમતી વખતે અજીતરાયની જમણી બાજુએ મૂકજે. કેમ, તારા સમજવામાં આવ્યું ?"

"ચોક્કસ રીતે, બાઇ સાહેબ." જવાબ મળ્યો. "હવે મને બીજી કંઇ સૂચના આપવાની છે ?"

"ના." યશોદાબાઇ બોલી. "માત્ર એટલુંજ કે ક્રિષ્ણાકુમારીને કહે કે હવે હું તેણીની સાથે જવાને તૈયાર છું." ઘડિઆળમાં જોતાં છ વાગી ગયેલા જોઇને વળી તેણીએ ઉમેર્યું. "અને એક ભાડાની ગાડી લેવા કોઇને મોકલ."

"દુકાનવાળે બારણે, બાઇ સાહેબ ?" યમુનાએ પૂછ્યું.

"હાસ્તો." યશોદાબાઇએ જવાબ દીધો "પાછલા મકાનને બારણે થઇને જવાની મને કદી ટેવ છે ?" કંઇક ગુસ્સાથી તેણીએ પૂછ્યું.

"હું માફી માગું છું, બાઇ સાહેબ. પણ હું જાણતી નહોતી કે કોને માટે ગાડી જોઇએ છીએ." આ પ્રમાણે કહીને દાસી ત્યાંથી પોતાને કામે ચાલી ગઇ.

થોડીવારે સોળેક વરસની સૌંદર્યવતી એક નાજુક બાળા આવી. તેણી શરીરે ઘઉંવર્ણી હતી, પણ આંખો સુંદર તેજસ્વી, સફેદ અને સરખા દાંત, લાલ પરવાળાં જેવા હોઠ, લાંબું અણીદાર નાક, કંઇક રતાશ પડતા ગાલ, અને સુંવાળા રેશમ જેવા કાળા અને લાંબા વાળ હતા. કમ્મરનો ભાગ અને નીચેના શરીરનો ભાગ ઘાટદાર હતો. કંઇક નીચી છતાં મોહક અને આકર્ષક હતી. પણ અફસોસ ! કે આ વખતે આ છોકરીના ચહેરા ઉપર શોકની છાયા પથરાઇ રહી હતી.

આ બાળાનું નામ ક્રિષ્ણાકુમારી હતું. આપણી વાર્તા સાથે તેણી થોડો યા વધુ અગત્યનો સંબંધ ધરાવે છે, તેથી હવેથી તેણીની દરેક હીલ-

ચાલ તરફ આપણે બની શકે તેટલી નજર રાખવી પડશે.

"તારે જે ચીજોની જરૂર પડે તે સઘળી તેં લીધી છે, બેટા?" યશોદાબાઇએ માયાળુ દેખાવ ધારણ કરી પૂછ્યું.

"હા બધું લીધું છે, બાઇસાહેબ," તે બાળાએ જવાબ દીધો, પણ તેજ વખતે તેણીની આંખોમાંથી પડતાં આંસુ છૂપાવવા પોતાની નજર ફેરવી નાખી; કારણકે યશોદાબાઇને ઘેર રહેતી છોકરીઓને ઘણેભાગે પોતાનાં સગાં-વહાલાં કે રહેવાનું ઘર હતું નહિ-તે પ્રમાણે આ બિચારી બાળા બે વરસથી અહીં આવી ત્યારથી આજ પોતાનું ઘર સમજતી હતી, તેથી તે છોડવાના વિચારથી, અને તે પણ વળી હાલના સંજોગોમાં-તેણીનું હૈયું ભરાઇ આવ્યું હતું.

"ચાલ ક્રિષ્ણા, આંસુ લૂછી નાખ." યશોદાબાઇ તેણીનો વાંસો થાબડી વહાલ બતાવતી બોલી. "જ્યાં તું જાય છે, ત્યાં તારી પૂરી રીતે સંભાળ લેવામાં આવશે, અને તને દરેક જાતની સગવડ મળશે, વળી મને જેમ વખત મળશે તેમ વારંવાર હું તને મળવા આવતી રહીશ. વળી તારી હાથખર્ચીને માટે હું તને પૂરતા પૈસા આપીશ."

"અરે, મારાં વહાલાં બાઇ," હવે વધારે ડુમો ભરાઇ આવવાથી એકદમ રડી પડતાં ક્રિષ્ણાકુમારી બોલી. "કોઇ અમુક ચીજ એવી હોય છે કે જે ગમેતેટલા પૈસા ખરચતાં પણ મળે તેમ નથી."

"આ દુનિઆમાં સુખનાં દરેક સાધન પૈસાથી મેળવી શકાય છે, ક્રિષ્ણાકુમારી." તેણીને શાંત પાડતાં યશોદાબાઇ બોલી. "અને આ પ્રમાણે દિલગીર થવામાં તું વાજબી નથી."

"અફસોસ! પૈસાથી મનની શાંતતા ખરીદી શકાતી નથી, તેમજ ભ્રષ્ટ થયેલી પવિત્રતા પણ પાછી મેળવી શકાતી નથી, બાઇસાહેબ." ડુસકાં લેતી ક્રિષ્ણાએ ઉદ્ગાર કાઢ્યા. "એટલુંજ નહિ પણ પાછલા ગુન્હાની માફી પણ મેળવી શકાતી નથી."

"આ તારી છોકરવાદીના વિચારો છે, ક્રિષ્ણા." યશોદાબાઇએ કહ્યું. "યાદ રાખ કે હું હમેશાં તારી ભલી મિત્ર થઇ રહીશ."

"મારા અંતરનો શોક બહાર દેખાડવાની મારી ભૂલને માટે માફ કરો, બાઇસાહેબ." તે નિરાધાર બાળા બોલી; કારણકે ખરેખર તેણી માબાપ વગરની હતી. "હું જાણું છું કે તમેજ મારાં ભલાં મિત્ર છો, જુઓ હવે," તેણીએ આંસુ લોહી નાખી યશોદાબાઈ તરફ જોઇને બોલી. "હું શાંત થઇ છું, અને હવે હું રડીશ નહિ."

"હવે ડાહી થઇ." યશોદાબાઇ બોલી. "જો તું ગમે તેટલું રડે તો પણ જે વાત બની ગઇ છે તે સુધરવાની નથી. ગંગાબાઇ બહુ ઉમદા સ્વભાવની અને માયાળુ બાઇ છે, એમ તું જોઈશ. ચાલ, હવે મને તારો ચહેરો હસતો જોવા દે, અને પછી આપણે જોઇએ."

"તમે મારી આવી ખાત્રી કરી, તેથી હવે મને સારૂં લાગે છે, બાઇ." ક્રિષ્ણાકુમારી બોલી, પણ તેજ વખતે તેના અંતરમાંથી ઉંડો નિસાસો નીકળ્યો.

યશોદાબાઇએ તેણીને આગ્રહ કરીને પોતાની સાથે ચા પીવા બેસાડી, કે જેની અસરથી તેણીનો ચહેરો આનંદી જેવો દેખાયો, છતાં તેણીની છાતી તો અંદરથી ધબકતી હતી.

તેઓ બન્ને હવે દુકાનને બારણે આવ્યાં. દુકાનમાં બીજી જુવાન છોકરીઓ કામ કરતી હતી, તેમની સાથે ક્રિષ્ણાકુમારીએ વાતચિત કરી રજા માગી. તે વખતે પાછાં તેણીની આંખમાં આંસુ ઉભરાઇ આવ્યાં. તે છોકરીઓ તેણીને બીજે ઠેકાણે જવાનું કારણ જાણતી હતી, તેથી તેણીને રડતી જોઇ અચંબો પામી. કારણકે તેમના ધારવા પ્રમાણે તેણી થોડો વખત પૂરતી સગવડથી કંઈ પણ કામ કર્યા વગર સુખમાં રહેવાની હતી, તેથી તેણી ખુશી થવી જોઇતી હતી. પણ ગરીબ બિચારી ક્રિષ્ણાકુમારીના વિચારો જુદાજ હતા.

આખરે ક્રિષ્ણાકુમારી અને યશોદાબાઇ બહાર નીકળ્યાં, અને ભાડાની ગાડી તૈયાર ઉભેલી હતી, તેમાં બેઠાં. ગાડી ચાલતી થઇ, ક્યાં જવાનું હતું તે ગાડીવાળાને યશોદાબાઇએ ધીમેથી કહ્યું હતું.

ગાડીમાં વળી ક્રિષ્ણાકુમારી દિલગીરીમાં પડી, અને નિસાસા નાખી

રડવા જેવી થઇ ગઈ. યશોદાબાઇએ તે જોયું.

"તું દિલગીર થઇશ નહિ, ક્રિષ્ણા" તેણી બોલી. "ફરીથી હું તને ખાત્રી આપું છું કે ગંગાબાઇ તારી ઘણી સારી સારવાર કરશે, અને હું હમેશાં તારી મિત્ર થઇ રહીશ. પણ શું એ સંભવિત છે કે તું તેને ચાહે છે?"

"અરે, તમે તેનું નામ લેશો નહિ, બાઇ." એકદમ આવેશમાં આવી જઈ તેણી બોલી. "હું ગાંડી થઇ જઇશ, હું નથી જાણતી કે હું તેને ચાહું છું—કે ધિક્કારૂં છું—અથવા હું તેને મારી નાખું, કે તેના ગળામાં હાથ નાખી તેને ઉપરાઉપરી વહાલથી ચુંબનો કરૂં. ઓ! મારા પ્રભુ! તેના અંત્યે મારી કેવી લાગણી છે, તે હું પોતેજ સમજી શકતી નથી."

"તારે તેને ભૂલી જવો જોઇએ, ક્રિષ્ણા." યશોદાબાઇ ગંભીર દેખાવ ધારણ કરી બોલી.

"તે ઘણું અશક્ય છે." તેણી એવા જુસ્સાથી બોલી કે જે તેના જેવી નાદાન છોકરી કે જે થોડા વખત અગાઉ ગરીબ ગાય જેવી એકમાર્ગી હતી, તેને માટે ઘણું અજાયબી ભરેલું હતું.

"અશક્ય?" યશોદાબાઇ અજાયબ થતી બોલી. "શા માટે અશક્ય, મારી વહાલી?"

"કારણકે તેની મૂર્ત્તિ હું મારા અંતરમાં રાખી મૂકીશ, મારી હમેશની પ્યારની મૂર્ત્તિ તરીકે—અથવા તેના ઉપર વેર લેવાને માટે." તેણી દિલગીર થતી, પણ દૃઢ અવાજે બોલી.

"તું મને અચંબો પમાડે છે, ધાસ્તીમાં નાખે છે." યશોદાબાઇએ કહ્યું. "આવી ઉશ્કેરાયેલી રીતે મેં તને કદી બોલતાં સાંભળી નથી. ઇશ્વરને માટે, હું તને કહું છું કે, હવે તું શાંત થા, ક્રિષ્ણા. એવા વિચિત્ર ખ્યાલ કર નહિ."

"જો મેં તમને કંઇ ખોટું લાગવા જેવું કહ્યું હોય તો મને માફ કરો, બાઇ સાહેબ." તેણીએ જવાબ દીધો, અને વળી પાછો અંતરમાં શોક ઉભરાઇ આવવાથી રડી પડી.

યશોદાબાઇએ આ વખતે તેણીને શાંત કરવા પ્રયત્ન કર્યો નહિ; કા-

રણુક તેણીને લાગ્યું કે પુષ્કળ રડવાથી તેણીનો આવેશ નરમ પડશે.

હવે ગાડી એક એકાંતવાળી સાંકડી અંધારી ગલીમાં આવી પહોંચી. ત્યાં ઘરો સારા દેખાવનાં નહોતાં. તેમજ તે મહોલ્લો બહુ આબરૂદાર વસ્તીનો હોય એમ લાગતું નહોતું. આ ગલીમાં છેક આઘે એક મોટું જૂનું ઘર હતું, જેનો પાછલો ભાગ નદી ઉપર પડતો હતો, અને તેની ઘણીખરી બારીઓ બંધ રહેતી હતી.

આ ઘર આગળ ગાડી અટકી, અને બન્ને જણ ઉતર્યાં.

જ્યારે ક્રિષ્ણાકુમારીએ તે ઘરનો તથા આજુબાજુનો દેખાવ જોયો, ત્યારે તેણી ગભરાટમાં પડી ધ્રૂજવા લાગી, અને આંખે અંધારાં આવવા લાગ્યાં. જ્યારે તે ઘરનું બારણું ઉઘડ્યું અને એક વયોવૃદ્ધ સ્ત્રી હાથમાં દીવો લઇ ઉમરા ઉપર ઉભી, અને યશોદાબાઇએ ક્રિષ્ણાકુમારીનો હાથ પકડ્યો ત્યારેજ તેણી શુદ્ધિમાં આવી.

"ચાલ, વહાલી ક્રિષ્ણાકુમારી." યશોદાબાઇ તેણીનો હાથ પકડીને બોલી. "આ ગંગાબાઇ તને લેવા સામાં આવ્યાં છે, તેમની સાથે ઓળખાણ કર."

તે બાળાએ ઉંચું જોયું તો ખડબચડા અને બેડોળ દેખાવની એક બુઢ્ઢી સ્ત્રીને દીઠી કે જેણે પોતાના ડાકયણ જેવા ચેહેરા ઉપર સ્મિત દેખાડવાનો આભાસ કર્યો હતો, છતાં તે સામા માણસને આંખે જોવી ગમે તેવી નહોતી.

"ચાલ, વહાલી ચાલ." ક્રિષ્ણાકુમારીએ પોતાનો હાથ યશોદાબાઇના હાથમાંથી છૂટો કર્યો હતો, તેથી તેણીએ ફરીથી ક્રિષ્ણાકુમારીનો હાથ ઝાલી આજીજી ભરેલી રીતે કહ્યું.

બન્ને જણ ઘરમાં દાખલ થયાં, એટલે બુઢ્ઢી ગંગાબાઇએ બારણું બંધ કર્યું; અને પછી એક લાંબી ચાલમાં થઇને એક નાના ઓરડામાં બન્નેને લઇ ગઇ.

બારીઓને લોખંડી સળીઆનાં બારણાં અંદરથી હતાં તે બંધ કરી તાળા પણ નાંખી દીધેલા હતા, કે જેથી બહારના માણસો અંદર જોઇ

શકે નહિ. સરસામાન પણ જુનો અને મેલો હતો. એકંદર દેખાવ ક્રિષ્ણા-કુમારી જેવી બાળાને બીક લાગે તેવો હતો.

બન્ને જણને બેસાડી ગંગાબાઇ એક ખુરશીમાં પડી, અને ક્રિષ્ણાકુમારીના સામું ધારી ધારીને જોવા લાગી.

ક્રિષ્ણાકુમારીને આ બધો પ્રકાર નાખુશ અને ભયભરેલો લાગ્યો, તેમજ ગંગાબાઇની નજર પણ તેને સારી નહિ દેખાયાથી નીચું જોઇ રહી.

"આ બહુ ભલી છોકરી છે, યશોદાબાઇ." ગંગાબાઈ બહુ સાવધતાથી ધીમે ધીમે બોલી.

"હા, ક્રિષ્ણાકુમારી ઘણી ભલી છોકરી છે." તેણીએ જવાબ આપ્યો. "મેં તેણીને ખાત્રી આપી છે કે તમે તેણીને દરેક પ્રકારની સુખ સગવડતા આપશો, અને તેણીની સાથે માયાથી વર્તશો."

"ધીમેથી બાઇ, ધીમેથી બોલો." ગંગાબાઇ હોઠે આંગળી લગાડી બોલી. "એટલું બધું મોટેથી નહિ. ભીંતને પણ કાન હોય છે."

"હું માફી માગું છું, ગંગાબાઇ, હું ભૂલી ગઇ," તેણીએ ધીમેથી જવાબ આપ્યો. "ક્રિષ્ણાકુમારી બહુ ભલી, ગરીબ અને માયાળુ છે, અને મારી ખાત્રી છે કે તમારી સાથે સારી રીતે હળી જશે.

"તે વિષે મને કંઇ શક નથી." ગંગાબાઇ બોલી. "તમે મારી સાથે કંઇ ખાવાનું કે પીવાનું લેશો?"

"ના, ના, મારે હવે જલ્દી પાછા જવું જોઇએ." યશોદાબાઇએ ઉત્તર આપ્યો, અને પછી ક્રિષ્ણાકુમારી તરફ ફરીને કહ્યું. "વહાલી ક્રિષ્ણા તું તારાં લુગડાં બદલીને નિરાંતે બેસ."

તેણીએ તે પ્રમાણે કર્યું.

"બેસ બેટા. હવે બે–ત્રણ મહિના સુધી તારે આ ઘર તારૂંજ સમજવાનું છે." યશોદાબાઇએ પટાવતાં કહ્યું. પછી ગંગાબાઇ તરફ ફરીને બોલી. "હાલ કેટલાં આવાં ભાડુત તમારા ઘરમાં છે?"

"ચાર કે પાંચ" જવાબ મળ્યો. "જગા બીલકુલ ખાલી રહેતી નથી."

"ત્યારે તો ક્રિષ્ણાકુમારીને સોબત મળશે." યશોદાબાઇએ સવાલની ઢબે પૂછ્યું.

"એક સિવાય બધાંની સોબત થશે." ગંગાબાઇએ બહુજ ધીમા અવાજે કહ્યું. "મારા મકાનમાં આબરૂદાર કુટુંબની એક સ્ત્રી હાલમાં છે, જે પોતાના ઓરડામાંથી બિલકુલ બહાર નીકળતી નથી. તેણીની હકીકત બહુ દયાજનક છે. અહા! હા! શું તેણી રૂપ–રૂપનો ભંડાર છે! તેણી બહુ છૂપી રીતે રહે છે, તેથી તેણીની સોબત ક્રિષ્ણાકુમારીને થશે નહિ.

"ગમે તેમ હોય તોપણ તું સોબત વગર એકલી પડવાની નથી, ક્રિષ્ણા." યશોદાબાઈ ઉઠતાં ઉઠતાં બોલી, "અને હવે હું જઇશ. કારણકે તું જાણે છે કે મારે આ વખતે ઘણું કામ હોય છે."

"પણ તમે ફરીથી જલદી અહીં મને મળશો?" તે ગરીબડી બાળા યશોદાબાઇને વળગી પડીને રડતી રડતી બોલી. કારણકે આખી દુનીઆમાં તેણીજ પોતાના સગા કે મિત્ર તરીકે હતી.

"હા, હું તને વારંવાર આવીને મળીશ, બેન." યશોદાબાઇ તેણીને બહાર દેખાતા વહાલથી પંપાળતી બોલી.

આખરે યશોદાબાઇ ત્યાંથી ચાલી નીકળી; અને ક્રિષ્ણાકુમારી તે ઉદાશ ઘરમાં તે બુઢ્ઢી ડાયણની સાથે એકલી પડી.

પ્રકરણ ૧૧ મું.

જયચંદ્ર યશોદાબાઇને ઘેર.

ગંગાબાઇને ઘેરથી યશોદાબાઇ પોતાને ઘેર પાછી આવ્યા પછી કેટલીક વારે પોતાના હમેશના રિવાજ મુજબ વાળુ કરી દશ વાગતા સુધી દુકાનમાંની છોકરીઓ સાથે વાતો કરતી બેઠી; અને ત્યાર પછી દુકાન બંધ કરાવી બધાંને સૂવા જવાનું કહી પોતે પોતાના સૂ-

વાના ઓરડામાં જઇ સુઇ ગઇ. પણ તેણીના નસીબમાં તે રાત્રે ઉંઘવાનું નહોતું. ઘણી જાતના વિચારોએ તેણીના મગજમાં પ્રવેશ કરવાથી તેણીની ઉંઘ ઉડી ગઇ. વાંચનારને કહેવાની જરૂર નથી કે યશોદાબાઇના જેવી પ્રકૃતિ અને વ્યવસાયવાળાં, સર્વદા પ્રપંચમાં મચી રહેલાં માણસોને સ્વસ્થ નિદ્રા ભાગ્યેજ આવે છે. તેણીએ ફસાવેલી અનેક બાળિકાઓ, કુંવારિકાઓ તથા યુવતિઓની તાદૃશ્ય મૂર્તિઓ વારંવાર તેણીની આંખ આગળ તરી આવતી હતી. અને જાણે તેણીના સામું ધિક્કાર નાખતી નજરથી જોતી હોય એમ લાગતું હતું. કારણ કે તેણીના મકાનમાં જે અત્યાચાર થતો હતો, અને વિષયપિપાસુ નરપશુઓના પંજામાં જે જે અબળાઓ સપડાતી હતી, તે સઘળીજ કંઇ પોતાની ખુશીથી તાબે થતી નહોતી. જો કે કેટલીક અજ્ઞાનતાથી—અથવા લાલચથી—અથવા ખરાબ સોબતથી પડેલી ટેવને લીધે એવા કામમાં નાખુશી બતાવતી નહિ. પણ ઘણે ભાગે તો અત્યાચાર અને બળાત્કારજ વાપરવામાં આવતો, અને તેમાં આ સર્વ કળા સંપૂર્ણ, અને દાંભિકતાના આડંબરથી ભરેલી યશોદાબાઇનો મુખ્ય ભાગ હતો. તો પછી કુદરતી નિયમને અનુસરીને તેણીને પોતાનાં દુષ્કૃત્યો રાત્રિના શાંત વખતે કેમ ડંખે નહિ ? અલબત્ત, આવું ઘણીવાર બનતું, પણ દુષ્ટતામાં પચી રહેલાં નફ્ટ માણસોની માફક થોડીવારે વિચારો ફેરવી નાખી સવાર પડી કે સર્વ સ્વપ્નવત્ થઇ જતું. ખેર ! ગમે તેમ હોય પણ આજની રાત તો તેણીને ઘણે ભારે થઇ પડી. કોણ જાણે કે નિરાધાર ક્ષિપ્રાકુમારીની શોકપ્રદ મૂર્તિથી હોય—કે જયચંદને ઉશ્કેરી પવિત્ર અને સત્ય શીળ કળાને ફસાવવા મોકલ્યો હતો તે કારણ હોય—કે, પછી પોતાનાજ મકાનમાં અજ્ઞાન અને વિશ્વાસુ બાળા કુસુમને ફસાવવામાં તેણી થોડે ઘણે અંશે સાધનભૂત થઇ હતી તે કારણ હોય—આમાંનું અથવા તેવુંજ બીજું ગમે તે કારણ હોય તે ચોક્કસ જાણવાનો આપણે દાવો કરી શકીશું નહિ. માત્ર આપણી એટલીજ ખાત્રી થાય છે કે આખી રાત આ સુખવાસીની અને મોટા મોટા અમીર ઉમરાવોના છેલછબીલા શાહજાદાઓની લાડકી અને છેલછબીલી યશોદાબાઇએ ઉંઘને માટે પથારીમાં તરફડીઆં મારવામાં કાઢી.

મળસ્કે જે વખતે તેણીને કંઇક ઉંઘ આવવા માંડી તેજ વખતે નોકરે તેણીના સૂવાના ઓરડાનું બારણું ઠોકયું, અને જયચંદ્ર આવ્યાની ખબર આપી.

આ તરૂણ ગૃહસ્થ કુસુમોદ્યાનમાંથી નીકળીને એક ભાડાની ગાડીમાં પ્રથમ તો પોતાને ઘેર ગયો હતો. અને સ્ત્રીવેશ કાઢી નાખીને પોતાના પુરૂષ વેશમાં સજ થઇને તરતજ યશોદાબાઇને ઘેર આવ્યો હતો

નોકર ખબર આપીને ગયો કે તરતજ જયચંદ્ર દાખલ થયો તેને જોઇને યશોદાબાઇએ સ્મિત વદને ટીકા કરી કે તે સ્ત્રીવેશમાં સારો દીપી નીકળે છે કે પુરૂષ વેશમાં એજ નક્કી કરવું મુશ્કેલ હતું.

"હવે મને તમારી ફતેહ વિષે કહો, પ્રિય જયચંદ્ર." તેણીએ હસતાં હસતાં પૂછયું. "તમારો ચહેરો ફીકો અને દિલગીર જણાય છે."

"પહેલું મને જણાવો કે હજુ કુસુમ અહીંથી ગઇ કે નહિ?" જયચંદ્ર વચ્ચેજ બોલી ઉઠયો.

"ના, ના." તેણીએ જવાબ દીધો. "તેણીના પ્રીતમે તેણીને ઘેનની દવા આપી હતી, તેની અસરમાંથી તેણી ભાગ્યેજ મુક્ત થઇ હશે. કારણ કે તેણીએ દવાવાળું દૂધ પીધું ત્યારે મારી યમુના હાજર હતી."

"ત્યારે તેણી સહીસલામત છે?" વિચિત્ર પ્રકારના ભારસહ જયચંદ્રે પૂછયું.

"તમે શું કહેવા માગો છો?" યશોદાબાઇએ ઘણી અજાયબીથી સામો સવાલ કર્યો.

"પ્રિય યશોદાબાઇ, આ વખતે કોઇપણ જાતનો ખુલાસો પૂછવાનો કે કહેવાનો અવકાશ નથી." તેણે જવાબ દીધો. "વખત જતાં સઘળું તમને ખબર પડશે. હું થોડી વારે પાછો આવીશ, અને તે વખતે તમારી સાથે ખુલાસે વાત કરીશ. નહિ, નહિ, તમે ગુસ્સે ન થાઓ." તેણીના ગાલ પસવારતાં તેણે કહ્યું.

"હું તમારી સાથે ગુસ્સે થઇ શકુંજ નહિ, વહાલા જયચંદ્ર" યશોદાબાઇએ તરતજ ખુશમિજાજમાં આવી જતાં કહ્યું. "પણ શું કંઇ ખાસ

બનાવ બન્યો છે ?"

"ના, ના, એવું કંઇ ખાસ નથી. માત્ર એટલુંજ કે કળાની સાથે હું ફતેહમંદ થયો નથી, છતાં મારી યુક્તિમાં નિષ્ફળ થયા છતાં હું તેથી દિલગીર નથી." જયચંદ્રે ભેદમાં ખુલાસો કર્યો.

"તમે ભેદમાં બોલો છો ?" યશોદાબાઇ બોલી

"ધીમે ધીમે તમને બધું કહીશ." જયચંદ્રે જવાબ દીધો. પણ તે દરમિયાન મેં કળાને પ્રતિજ્ઞા ઉપર વચન આપ્યું છે, તે પૂર્ણ કરવું જોઇએ. અને તે એ છે કે કુસુમ વગર ઢીલે પોતાને ઘેર પાછા જવું જોઇએ, કારણ કે તેણીના બાપ ઘેર આવ્યા છે."

"શું મહોબતરાય ઘેર આવ્યા ?" યશોદાબાઇએ ગભરાટમાં પૂછયું. "ત્યારે તો બધું જાહેર પડી જશે."

"મારા કહેવા પ્રમાણે કરવા તમે કબુલ થશો તો કશી વાત જાહેર પડવાની નથી." જયચંદ્રે સમજુતી કરી.

આ વખતે યમુના તે ઓરડામાં આવી, અને યશોદાબાઇના કાનમાં કંઇ કહ્યું.

"તમે કુસુમને મળવા માગો છો ?" યમુનાનું કહેવું સાંભળ્યા પછી યશોદાબાઇએ જયચંદ્રને પૂછયું.

"હા-વગર ઢીલે-" તેણે ભારપૂર્વક જણાવ્યું.

યશોદાબાઇએ યમુનાને ઇશારત કરી, કે જેથી તરતજ તેણી બહાર ચાલી ગઇ.

"કંઇ નવું બન્યું છે ?" જયચંદ્રે બેચેનીથી પૂછયું.

"ના, એવું કંઇ ખાસ નથી. કુસુમનો પ્રેમપાત્ર ગયો, અને તેણે તેણીને શાંત થવા ઘણું સમજાવી છે, તોપણ હવે તેણી ઘેર પાછી જતાં ડરે છે." યશોદાબાઇએ ખુલાસો કર્યો.

"તેણીને પૂરતી રીતે સ્વસ્થ કરવાનું હું માથે લઇશ." જયચંદ્ર બોલ્યો. "મહેરબાની કરીને એક ભાડાની ગાડી મંગાવો."

યશોદાબાઇએ એક નોકરને તે પ્રમાણે સૂચના આપી. પછી તરતજ

યમુના, કુસુમને લઇને આવી. યમુના પાછી ગઇ, અને તેજ વખતે યશોદાબાઇ એકલી નહોતી એમ જોઇને કુસુમ પાછી ફરવા જતી હતી, તેટલામાં તો યશોદાબાઇ બોલી ઉઠી. "કુસુમબેન, બીશો નહિ. આ ગૃહસ્થ એક મિત્ર છે. ખરેખર, જયચંદ્ર જાગીરદાર સાહેબ ઉપર તમે પૂરતો ભરોસો મૂકી શકશો." એમ કહી જયચંદ્રનું ઓળખાણ કરાવ્યું.

કુસુમ કે જેણીનો ચહેરો ફીકો પડી ગયો હતો, અને ખરેખર રડતી હતી, તેણીએ અજાયબી અને શરમ મિશ્રિત લાગણીથી તે તરૂણ ગૃહસ્થ તરફ જોયું. અજાયબી એટલા માટે કે તેના સંબંધમાં 'મિત્ર' શબ્દ યશોદાબાઇએ ભારપૂર્વક વાપર્યો હતો-અને શરમ એટલા માટે કે તેણીને લાગ્યું કે તેણીએ નીતિને પગથીએથી નીચે ઉંડાણમાં ગબડી પડવા જેવી કરેલી ભૂલથી તે અજાણ્યો નહિ હોય.

• પણ કુદરતી રીતે સામા માણસને મેળવી લેવાની સ્નેહાળ રીતભાતથી અને વિશ્વાસ ઉપજે એવા સ્ત્રીના કંઠ સમાન કોમળ અને મધુર અવાજથી જયચંદ્ર કુસુમની પાસે જઇ, તેણીનો હાથ પોતાના હાથમાં લઇ ખાત્રી કરવાની ઢબે બોલ્યો. "ખરેખર હું એક મિત્ર છું, કુસુમ સુંદરી, અને તેવીજ રીતે તમે મને ગણો, એમ હું ઇચ્છું છું. પણ નકામી વાતચિતમાં એક ક્ષણ પણ આપણે ગુમાવવાની નથી. તમારે એકદમ ઘેર જવું જોઇએ. તમારી બેન કે જે એક ખરેખર પવિત્રતાની દેવી છે, તેણી તમને ખૂલા હાથે ભેટશે, અને તેજ પ્રમાણે તમારા પિતાને પણ તમે ભેટી શકશો."

"મારા પિતા!" એકદમ ગભરાટમાં ચમકીને કુસુમ બોલી.

"બીશો નહિ. હું ખાત્રી આપું છું કે તમારી ગેરહાજરી વિષે તમારા પિતાને બિલકુલ શક નથી અને તેમને જણાવવાની જરૂર પણ નથી." જયચંદ્રે ઉતાવળે કહ્યું. "તમારો ભેદ ફકત કળાજ જાણે છે—અને તેણી તે ખૂલ્લો પાડવા કરતાં પહેલું જાતેજ મરવાનું પસંદ કરશે."

"કળા સઘળું જાણે છે—મારા પિતા ઘેર આવ્યા છે.!" તે કમનસીબ બાળા શ્વાસભેર બોલી એક ખુરશીમાં પડી—અને પુષ્કળ રડી. "ઇશ્વરને ખાતર હું કહું છું કે તમે સ્વસ્થ થાઓ, કુસુમ સુંદરી." યશોદા

બાઇએ અતિ મમતાના દેખાવથી તેણીને પંપાળતાં કહ્યું. "આ ભલા સાહેબે શું કહ્યું તે તમે સમજ્યાં નહિ? તમારી બેન તમારો છૂપો ભેદ જાણે છે, અને તમને મદદ કરવા તેણીનાથી બનતું સઘળું કરશે."

"એજ મને લાગે છે તો કે જેથી મારા અંતઃકરણમાં ઉંડા ચીરાડા પડે છે." કુસુમે શોકપૂર્ણ ઉદ્ગાર કાઢયો. "કારણ કે મારી પવિત્ર અને સદ્ગુણી બેનને હું મારૂં મોં શી રીતે બતાવી શકીશ એ મને સૂઝતું નથી."

"તેણી તમને ચાહે છે—ઘણીજ મમતાથી—કુસુમસુંદરી." જયચંદ્ર શાંત્વના કરતાં બોલ્યો. "પણ હવે ફરીથી કહું છું કે, ઇશ્વરને લેખે હવે ઉતાવળથી ચાલો, સવાર થવા આવી છે, અને તમારા પિતા ઉઠે તે પહેલાં તમારે ઘેર પહોંચી જવું જોઇએ."

કુસુમે એકદમ ઉઠી—આંસું લોહી નાખ્યાં—અને પોતાના પિતાના ગુસ્સાની ધાસ્તી દૂર થવાથી તેણીનામાં એકદમ સ્ફુરતા આવી ગઇ, અને પોતે જવાને તૈયાર છે એમ જણાવ્યું.

પણ હવે પાછો એ વાંધો પડયો કે સવારના પહોરમાં આટલા જલદી પુરૂષ અને સ્ત્રી સાથેજ એ આબરૂદાર (!) મકાનમાંથી નીકળતાં જોવામાં આવે તો યશોદાબાઇના ઘરની આબરૂને બટ્ટો લાગે! તેથી આખરે એવું ઠરાવ્યું કે યશોદાબાઇએ કુસુમની સાથે ગાડીમાં થોડે સુધી જવું, અને પછી યશોદાબાઇ ગાડીમાંથી ઉતરી પડે, અને જયચંદ્રે ગાડીમાં કુસુમની સાથે જવું. જયચંદ્રે ઘરમાંથી થોડી વાર પાછળથી બીજે રસ્તે નીકળીને ઠરાવેલે ઠેકાણે જઇ પહોંચવું.

આ ઠરાવ અમલમાં મુકાયો. યશોદાબાઇ તથા કુસુમને લઇને ગાડી કેટલેક દૂર જઈ ઉભી રહી. થોડીવારે જયચંદ્ર આવ્યો. યશોદાબાઈ ગાડીમાંથી ઉતરી પોતાને ઘેર પાછી આવી. અને જયચંદ્ર ગાડીમાં બેઠો. ગાડી કુસુમોદ્યાન તરફ ચાલી.

હવે જયચંદ્રે બનતી સભ્યતાથી કુસુમને જરૂરી ખુલાસો આપવા માંડયો. તેણીની બેનના અપ્રતિમ સૌંદર્યની કીર્તિ સાંભળવાથી મોહ પામી તેણીને વશ કરવા પોતે કરેલો નિશ્ચય—સ્ત્રીના વેશમાં રાત્રે કુસુમોદ્યાનમાં તેનું જવું—

તેના અસાવધપણે અમુક શબ્દો બોલવાથી તેના કપટી પ્રપંચનું કળાએ શોધી કાઢવું–તેણે કળાની પાસે પોતાના કૃત્ય બદલ માગેલી માફી–અને છેવટે તેનામાં પ્રથમ જે દુષ્ટ વિકાર ઉત્પન્ન થયો હતો, તેને ઠેકાણે નીતિવાન વિચારોએ લીધેલી જગા–એ સર્વ ટુંકાણમાં જણાવ્યું.

પછી તેણે કહ્યું કે જ્યારે પરસાળની પાસેના ઓરડામાં તે તથા કળા બેઠાં હતાં, ત્યારે અણધાર્યા તેણીના પિતા આવી પહોંચ્યા. કુસુમ ઘણીવારની સૂઈ ગઇ છે એવું તેણીના પિતાને મનાવવામાં કળા ફતેહ પામી, અને તેણે (જયચંદ્રે) કળાને એવું જણાવી શાંત કરી કે કુસુમ કયાંછે તે પોતે જાણે છે, અને સવારમાં જલદી તેણીને ઘેર લાવી શકશે. વળી તેણે વધારે જણાવ્યું કે તે પોતે યશોદાબાઇના વિશ્વાસમાં હોવાથી કુસુમના પ્યાર વિષે તેને ખબર પડી હતી. પણ તેની સાથે ખાત્રી આપી કે કુસુમનો પ્રેમપાત્ર કોણ છે તે, તે પોતે જાણતો નથી, તેમ તે જાણવાની તેણે તજવીજ પણ કરી નથી.

કુસુમનું મગજ વિચારવમળમાં ઘુમતું હતું, તેથી આ બધી જુદી જુદી વાતો ભાગ્યેજ તેણી સમજી શકી; તોપણ આટલું તો સમજી કે તેણીના બાપ આગળ ઉઘાડી પડવામાંથી કળા તેણીને બચાવશે અને હાલ તો તેણીને માટે તેટલુંજ બસ હતું, કારણ કે તે વિષે તેણી ઘણી ફિકર રાખતી હતી.

જયચંદ્રનો ખુલાસો ભાગ્યેજ પૂરો થવા આવ્યો કે તેજ વખતે ગાડીમાંથી કુસુમનું ઘર દેખાયું. ગાડી ઉભી રખાવી. કુસુમ ઉતરી પડી. અને તેણીના ઉમરાવ મિત્રને ઉપકારના થોડા શબ્દો કહીને ઘર તરફ ઉતાવળે ચાલવા માંડયું.

કળાને બાગને દરવાજે પોતાની બેનને લેવા આવેલી જોઇ ત્યાં સુધી જયચંદ્ર ગાડીમાંથી બહાર જોઇ રહ્યો, તેને કળાએ ઉતાવળમાં ઇશારતથી જણાવી દીધું કે કુસુમ પોતાના પિતા ઉઠે તે પહેલાં ઘેર આવી પહોંચી છે. પછી જયચંદ્રે ગાડીને પોતાના ઘર તરફ હંકારી જવા ગાડીવાળાને કહ્યું.

પ્રકરણ ૧૨ મું.

પિતા અને પુત્રીઓ.

જયચંદ્રની સાથે એ શબ્દ ઉપકારના બોલી કુસુમ ઘર તરફ ચાલી,—અને લાંબી નજરે જોતાં કળાને બાગના દરવાજા આગળ ઉભેલી તેણીએ જોઇ. જે વખતે બન્ને બેનો મળી તે વખતે કુસુમના ગાલ ઉપર શરમના શેરડા પડયા, અને ચહેરો ફીકાફચ થઇ ગયો. કળાની સાથે કંઇક બોલવા પ્રયત્ન કર્યો, પણ ગળું રૂંધાઇ જવાથી તેણીના શબ્દો ગળામાંજ અટકી રહ્યા.

"કુસુમ, મારી વહાલી કુસુમ, તારી લાગણીને કાબુમાં રાખ." કળાએ ધીમા અવાજે પણ ઉતાવળથી કહ્યું. "હજુ સુધી બધું ઠીકઠીક છે, આપણા પિતા તારી ગેરહાજરી જાણતા નથી."

"ઓ ! કળા ! તું તારી બેનને ધિઃક્કારતી નથી ?" કુસુમે હવે જેમ તેમ કરીને બોલવા જીભ ઉપાડી.

"ઇશ્વરને લેખે આ પ્રમાણે બોલ નહિ." કળા કુસુમને ઘરમાં લઇ જતાં બોલી.

બન્ને બેનો પોતાના સૂવાના ઓરડામાં ગઇ, જ્યાં કુસુમ, બહારનાં કપડાં બદલીને, એકદમ કળાના હાથમાં પડીને, ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી.

"જે કંઇ બન્યું છે તે વિષે એક શબ્દ પણ બોલીશ નહિ." કળાએ કુસુમને પોતાની છાતી સાથે પ્યારથી ચાંપી ધીમેથી કહ્યું.

"અરે, પણ મારે માટે તું શું ધારીશ, કળા ? મારે માટે તું કેવો અભિપ્રાય બાંધીશ, કે જે—ઓ ! મારા પ્રભુ !" કુસુમ બોલતાં અચકાઇ ગઇ, પણ વળી પાછી શોકનો ઉભરો કાઢવા લાગી. "ગુલાબના છોડ જેવા પ્યારના સુંદર રસ્તા ઉપર શા માટે કાંટા પથરાયલા હશે ?"

" હું આજીજી કરૂં છું, વહાલી બેન, કે આવી રીતે નિરાશા ભરેલું બોલીશ નહિ. " કળાને પણ રડવું આવ્યું, તે મુસ્કેલીથી અટકાવતાં બોલી. " તું શું નથી જાણતી કે હું તને ચાહું છું ? જો તું દુઃખી છે, તો જે મનની વેદના તેં કયારની અનુભવી છે, તેમાં હું શું વધારો કરીશ ? ઓ, પરમેશ્વર ! ના, ના, મારાથી બને તેમ તને ઢાંકવા મેં સઘળું કર્યું છે. અને તને શાંતિ અને સગવડ આપવા મારાથી બનતું સઘળું કરીશ "

" ઓ, મારી વહાલી કળા ! " ફરી ફરીને પોતાની માયાળુ બેનને આલિંગન આપતાં કુસુમ બોલી. થોડીવારે કંઇક સ્વસ્થ થઇને પાછું ચલાવ્યું. " મારા ગાલ ઉપર ખેંચાઇ આવતી શરમ છૂપાવીને પિતાજીને મળવા મારે તૈયાર રે'વું પડશે. "

" કુસુમ, જે જે શબ્દો તું બોલે છે, તે દરેક જે વાત બની ગઈ છે, તેને માટે દિલગીરીના જણાય છે. " કળાએ પોતાની બેન તરફ મમતાથી જોઇને કહ્યું. " શું એ સંભવિત છે કે જેને તું ચાહતાં શીખી છે તે તારે લાયક નથી, અને તેનું નામ લેતાં તને શરમ ઉપજાવે એવું છે ? "

" નહિ, નહિ. " કુસુમ અધીરાઇથી બોલી ઉઠી. " જેને હું ચાહું છું તે ઘણોજ ઉમદા ખવાસનો-ઘણોજ માયાળુ—અને સારામાં સારો માણસ છે. અને થોડા દિવસમાં તે પિતાજીને મળશે, અને ત્યારે તે વારંવાર આપણે ઘેર આવતો થશે. અને અમુક વખત ગયા પછી લગ્નને માટે મારા હાથની તે માગણી કરશે. "

" ત્યારે આટલું બધું શોકાતુર થવાનું શું કારણ છે ? " કળાએ પૂછ્યું, કે જે આવા ખાત્રી ભરેલા શબ્દોથી ખુશી થઇ હતી.

" મારો પ્યાર અજીતરાયને આપવા માટે હું શોક કરતી નથી. " કુસુમે જવાબ આપ્યો. તેણી ધારતી હતી કે અજીતરાયનો પ્યાર તેણી મેળવી ચૂકી છે, તેથી સ્ત્રી જાતિના સ્વાભાવિક અભિમાનની ઉર્મિ ઉભરાઇ આવી.

" અજીતરાય ! " કળાએ અજાયબીસહ પૂછ્યું.

" હા, તે તેજ છે કે જે મારો પતિ થવાનો છે. " કુસુમે જવાબ દીધો.

" આ ખુલાસાથી મને વધારે આનંદ થાય છે. " કળાએ ખુશાલી

ભરેલે ચહેરે જણાવ્યું. " કારણ કે મારી ખાત્રી છે કે તે એક પ્રમાણિક ગૃહસ્થ છે. તેનો દેખાવ-તેની વાતચિત-તેની નાજુક લાગણી--તેનું ખૂલ્લું દિલ-તેની ઉમદા નજર—એ સઘળું તેના ઉમદા ખવાસની કુદરતી નિશાનીઓ છે." ભોળી બાળા પોતાના ઉદાર દિલથી પોતે ધારેલા પ્રમાણિક અભિપ્રાયનો જુસ્સો બતાવતાં બોલી.

"અને તેથી વહાલી કળા," કુસુમ વિશ્વાસ અને આનંદથી ઉત્તેજીત થતાં બોલી." મારો પ્યાર તેને આપવા માટે હું દિલગીર નથી. પણ હું દુઃખી હતી-મારા અંતઃકરણ ઉપર ભાર હતો—મારો આવેશ નરમ પડી ગયો હતો-કારણ કે મને બીક હતી કે રખેને મારી વહાલી બેન-કે જે મારા તરફ આટલી બધી માયાળુ છે, તેના ધિઃક્કારને પાત્ર થાઉં."

"નહિ, નહિ, કદી નહિ." કળા પોતાની બેનને કોટી કરતાં બોલી. "શું આ એક વિચિત્ર પ્રસંગ નથી કે એકજ વખતે આપણે બન્ને એનો પ્યારની લાગણીનો અનુભવ કરીએ છીએ? કારણ કે, વહાલી કુસુમ, હું પણ ચાહતાં શીખી છું." કળા શરમથી નીચું જોઇ બોલી. "હા—જે ખૂબસુરત અને તરૂણ ગૃહસ્થ તને ઘેર મૂકી ગયા તેને ચાહતાં અચાનક હું શીખી છું."

"તમારી બેની વિચિત્ર મુલાકાત વિષે તેણે મને કંઇક કહ્યું ખરૂં, પણ તેના બોલવાનો ભાવાર્થ હું ગભરાટમાં હોવાથી સમજી શકી નહોતી." કુસુમ બોલી. "છતાં એટલું તો હું સમજી શકી કે પ્રથમ તો તે ખરાબ હેતુથી તારી પાસે આવ્યો હતો, અને તારા સદ્દગુણો અને તારી પવિત્રતાએ તેને જીતી લીધો; અને તેના અંતઃકરણમાં પ્રમાણિક વિચારો ઉત્પન્ન થયા."

"તેમજ હતું." કળાએ જવાબ દીધો. "આપણે બન્ને જ્યારે નિરાંતે બેસીશું, ત્યારે હું તને વધારે ખુલાસેથી બધી હકીકત કહીશ." પોતાની હકીકત આવતાં તે હાલ ઉડાવવાના ઇરાદાથી કળાએ જણાવ્યું; કારણ કે ગઇ રાત્રે બનેલા બનાવની યાદદાસ્ત તાજી થતાં તેણીના નિર્દોષ ગાલ ઉપર શરમની રતાસ ચડી આવી હતી. હવે આપણે નીચે જવું જોઇએ, કારણ કે પિતાજી હવે ઉતરશે. અને યાદ રાખજે, કુસુમ, કે ગઇ રાત્રે પિ-

તાજી મોડી રાત્રે ઘેર આવ્યા ત્યારે આપણે બન્ને ક્યારનાં સૂવા ગયાં હતાં; કારણ કે જ્યારે તેમણે બારણું ઠોક્યું ત્યારે નીચે હું જયચંદ્ર સાથે બેઠી હતી, ત્યાંથી એકદમ ઉપર દોડી આવી દીવો કર્યો હતો. અને ઉતાવળમાં મારૂં લુગડું જેમ તેમ પહેરેલા જેવો દેખાવ કરી હું બારણું ઉઘાડવા દોડી હતી, કે જેથી હું સૂતેલી ઉઠી હોઉં એમ તેમને દેખાય. ”

આ પ્રમાણે કરવામાં, જયચંદ્ર તેણીની સાથે સૂવાના ઓરડામાં હતો, તે હકીકત છૂપાવને નીચેના ઓરડામાં હોવાનું પોતાની બેનને જૂઠું કહેવું પડયું, તેથી કળાની પ્રમાણિક લાગણીને ઘણું લાગતું હતું; છતાં સૂવાના ઓરડામાં જયચંદ્ર સાથે ઘણીવાર સુધી એકાંતમાં રહેવાનું પોતાની બેનના આગળ કબુલ કરવામાં પોતાની નીતિ વિષે તેણીને જે શક ઉત્પન્ન થાય તેના કરતાં આટલી હકીકત ફેરવીને કહેવાનું કળાને વધારે સલામતી ભરેલું લાગ્યું.

કુસુમ હવે પૂરેપૂરી સ્વસ્થ થઇ હતી, તેથી પોતાની બેનની સાથે નીચે ઉતરી, જ્યાં તેમને તેમનો પિતા મહોબતરાય જલદી આવી મળ્યો: અને પોતાની બન્ને વ્હાલી પુત્રીઓને ભેટયો—તે પોતે ઘેર પાછો આવી તેમને મળ્યો—તેના માત્ર ઉમળકાથીજ નહિ, પણ પોતાનાં વહાલાં બચ્ચાંને જે ખુશીના સમાચાર તે જણાવવાનો હતો તેની ખુશાલીના ઉમળકાના જુસ્સાથી—કુસુમ પોતાના પિતાના મમતાળુ આલિંગનમાં ઘણી શરમાતી હોય એમ તેણીને ઘણીવાર લાગ્યું; કારણ કે તેણી જાણતી હતી કે જ્યારે પોતાના પિતા બહારગામ ગયા ત્યારે તેણી જેવી પવિત્ર અને નિર્દોષ બાળા હતી તેવી આ વખતે રહી નહાતી.

આવા વિકારો મહોબતરાયના જોવામાં આવ્યા નહિ, અને રાત્રે મોડો આવ્યો હતો તે વખતની કંઇપણ વાત કાઢયા વગર એકદમ પોતાની મુસાફરીનો હેવાલ કહેવો શરૂ કર્યો, જેથી કુસુમને સ્વસ્થતા અને વિશ્વાસ પાછાં પ્રાપ્ત થયાં.

તેની વાતચિતથી એવું માલુમ પડયું કે, પોતાના પિત્રાઇની જાગીરી મિલકતમાં જ્યારે મહોબતરાય ગયો, ત્યારે તે પિત્રાઇએ તેને ઘણો મમતાળુ અને દિલોજાનીભર્યો આવકાર આપ્યો હતો, જેથી તેને પોતાને ઘણો.

અર્ચ્યો લાગ્યો હતો.

ધરણીધરરાયની બાબતમાં આવો અણધાર્યો અને વિસ્મયકારક ફેરફાર થયો, તે વિષે તેણે તરતજ ખુલાસો કર્યો.

આ મગરૂબ જાગીરદારની પત્ની ગુજરી ગઈ હતી. અને આણંદરાય નામનો એકજ પુત્ર હતો, જે લગભગ બાવીસ કે ત્રેવીસ વરસની ઉમરનો હતો. જે વખતની આપણે વાત કરીએ છીએ તેના પહેલાંના થોડા મહિનાઓ સુધી તો આણંદરાયની તબિયત એવી સારી રહેતી હતી કે, માંદગી—એ શું ચીજ છે—તેનો કોઇપણ દિવસ તેને પોતાને અનુભવ થયો નહોતો. પણ થોડા મહિનાથી એકાએક તેના શરીરમાં ફેરફાર થઇ ગયો. તે, કંઇક વખતની ક્ષીણતા ધીમે ધીમે આવતી હોય તેમ નહિ, પણ એકદમ જાણે કે અંતઃકરણમાં એવો કંઇ ધક્કો લાગ્યો હોય, કે જેથી જીંદગી કોઇ અમુક ભાગ સાથેજ તૂટી પડે એવી હાલતમાં અટકી રહી હોય એવું થઇ ગયું હતું. તેના ગાલ ઉપરનું લોહી ઉડી ગયું હતું. તેનો બાંધો જોકે કદાવર તો નહોતો, પણ અત્યાર પહેલાં જે મજબૂત હતો તે એકદમ ઢીલોઢચ થઇ જવા લાગ્યો. તેની ભૂખ જતી રહી, તે એટલે સુધી કે તેનું શરીર ટકાવી રાખવા જેટલો પણ ખોરાક તેનાથી લેવાઈ શકતો નહિ. મોટામાં મોટા નામાંકિત વૈદો, હકીમો તથા દાક્તરોની સલાહ લેવામાં આવી હતી, પણ સઘળાનો એકજ અભિપ્રાય હતો કે તેનું દુઃખ અસાધારણ હતું. કેટલાક મહિનાઓ સુધી તો આણંદરાયની આવી સ્થિતિ તેમના સગા તથા મિત્રોથી છુપાવી રાખી હતી, એવી ધારણાથી કે થોડા વખતમાં સારૂં થઇ જશે, અને શરીર પાછું ઠેકાણે આવી જશે, તેથી બીજાઓને નકામા ગભરાવી મારવાનું ઠીક લાગ્યું નહોતું, પણ દહાડે દહાડે તેનો રોગ એટલો ઝડપબંધ વધતો ગયો કે ધરણીધરરાયે આખરે પોતાના વહાલા અને એકના એક દીકરાની આશા છોડી, કારણ કે રાક્ષસી પગલે મોત નજીક આવતું જણાયું.

ધરણીધરરાય મોટી ઉમરે પરણ્યો હતો, તેથી તેની ખરેખરી વૃદ્ધાવસ્થામાં પોતાના એકના એક જુવાન પુત્રને પોતાની નજર આગળ મરતો જોવાનું દુઃખ ખમવાને તે સરજાયેલો હતો. આવું તેને લાગવાથી હવે તેને

વિચાર થયો કે જો આણંદરાય દુષ્ટ કાળના પંજામાં સપડાઇ જાય તો કુટુંબ-ની મોટી મિલકત અને જાગીરીનો વારસ, ઘણા લાંબા વખતથી વિસારી મુકેલો—વારસામાંથી બાતલ કરાયેલો—મહોબ્બતરાય થાય. આ કારણને લીધે જ્યારે મહોબ્બતરાય ત્યાં ગયો, ત્યારે જોકે પોતે શોકાતુર હતો, તોપણ ધરણી-ધરરાયે ખરો દિલોજાનની ભરેલો આવકાર હવે પછી પોતાના થનાર વારસને આપ્યો; અને ત્યારેજ આણંદરાયની અસાધ્ય માંદગીના સમાચાર પહેલાજ તેણે સાંભળ્યાં. ધરણીધરરાયે પાછલી કંઇપણ વાત સંભારી નહિ; પણ હવે પછીને માટે તેણે ઘણી ઉદારતા વાપરવા માંડી. પરિણામ એ આવ્યું કે જ્યારે કુસુમ—કળાનો બાપ પોતાને ઘેર પાછો આવ્યો, ત્યારે એવી ખાત્રી-થી આવ્યો હતો કે, વરસ દહાડે તેને જે ફક્ત પાંચસેં રૂપીઆ મળતા હતા, તેને બદલે હવેથી ત્રણ હજાર રૂપીઆ મળવાના હતા, અને આગળ ઉપર બધી જાગીર અને મિલકતનો તે વારસ થવાનો હતો.

મહોબ્બતરાયે આ બધી હકીકત પોતાની પુત્રીઓને કહી, ત્યારે તેમને ખુશાલી અને દિલગીરીનો ભેગો અનુભવ થયો. ખુશાલી એટલા માટે કે હવે તેમની સ્થિતિ ઘણી સુધરશે—દિલગીરી એટલા માટે કે તેમનો પિત્રાઇ આવી ભરયુવાન વયે આવા અસાધ્ય રોગનો ભોગ થઇ પડયો હતો. આવી લાગણી આ બન્ને યુવતિઓને ઘણી સાબાશી આપનારી ગણાય, કારણ કે ધરણીધરરાય અથવા આણંદરાય કોઇને તેમણે હજુ સુધી કોઇપણ વખતે જોયા નહોતા, એટલુંજ નહિ પણ તેજ કુટુંબે તેમના પિતાને આજ સુધી આટલી બધી વિટંબણામાં નાખ્યા હતા.

ત્યારપછી મહોબ્બતરાયે હવે પછીને માટે પોતે શું શું વિચાર કર્યો છે, તે વિષે પોતાની પુત્રીઓને જણાવવા માંડયું. તેણે પોતાનો એવો ઇ-રાદો જણાવ્યો કે હવે શહેરમાં કોઇ સારા આબરૂદાર વસ્તિવાળા ભાગમાં સારૂં મકાન લેવું, કે જેથી પોતાની બદલાયેલી સ્થિતિમાં સારા મંડળમાં પોતે તેમજ પોતાની પુત્રીઓ ભળી શકે. આ સાંભળી કુસુમ તથા કળાને ઘણી ખુશાલી થઇ, કારણ કે તેમને લાગ્યું કે તેમની આવી બદલાયેલી સ્થિતિથી તેમના પ્રિતમોને પરણવાને તેઓ વધારે લાયકની થઇ પડશે.

સવારનો ઘણોખરો વખત આવી વાતચિતમાં પૂરો થયો. અને જ્યારે તે વાતચિત પૂરી થઇ ત્યારે કુસુમ તથા કળાએ, લીલાવતી. અને કમળાના સંબંધમાં જે બનાવ બન્યો હતો તે પોતાના પિતાને જણાવ્યો–પોતાના ઘરની બહાર રસ્તામાં ગાડીનું ભાગી પડવું–તેમાંની બે સ્ત્રીઓને પોતાના ઘરમાં આશ્રય આપવો–રાત્રે લીલાવતીને પ્રસુતિ થવી–જન્મેલા બચ્ચાને ભેદભરેલી રીતે દાક્તરને આપવું—અને છેવટ કમળાએ તે બન્ને બેનોને એરીંગ વગેરે ઉમદા બક્ષીસ લેવાની ફરજ પાડવી–એ સઘળું ટુંકાણમાં કહી બતાવ્યું.

મહોબતરાયે ધ્યાનપૂર્વક સઘળી વાત સાંભળી, અને પછી બન્ને સ્ત્રીઓને આશ્રય આપવાને માટે પોતાની પુત્રીઓને સાબાશી આપી. પણ તેજ વખતે તેમણે તેમની પાસેથી બક્ષીસ સ્વીકારી, તેથી પોતાની દિલગીરી બતાવી. તોપણ એ બાબતમાં તે કંઇ વધારે બોલ્યો નહિ, કારણ કે નવા ફેરફારની આશામાં તેનું અંતઃકરણ ઘણું પ્રફુલ્લિત થઇ ગયું હતું, તેથી આવી બાબતો ઉપર તેણે વધારે મન લગાડયું નહિ. સાંભળેલી હકીકત ઉપરથી તો તે વિષે કુસુમ અને કળાની માફક મહોબતરાયનો પણ એવોજ અભિપ્રાય થયો કે તે સ્ત્રીઓ કોઇ મોટા આબરૂદાર ઘરની હોવી જોઇએ, અને લીલાવતી તથા કમળાએ પોતાનાં ખરાં નામ નહિ આપ્યાં હોય. પણ દાક્તર સાથે થયેલી ગોઠવણ તથા તેને દશ હજાર રૂપીઆ જેવી મોટી રકમ આપ્યાની વાત મહોબતરાયના જાણવામાં આવી નહિ, કારણ કે કુસુમ–કળા પણ તે વાત જાણતાં નહોતા.

અજીતરાયની બાબતમાં એક પણ શબ્દ નીકળ્યો નહોતો, અને ભાગ્યેજ કહેવાની જરૂર પડશે કે તેજ પ્રમાણે જયચંદ્રની વાત પણ અંધારામાંજ રાખી હતી. કારણ કે એ બન્ને બાબતો એવી નાજુક અને છૂપી રાખવા જેવી હતી કે આ બન્ને બાળાઓને તે બાબતો નહિ જણાવવાને મજબુત કારણો હતાં; અને તે વાંચનાર સહેજ સમજી શકે એમ છે.

પ્રકરણ ૧૩ મું.

યશોદાબાઇ અને અજીતરાય.

સાંજનો વખત હતો. યશોદાબાઇની દુકાનમાંની કેટલીએક છોકરીઓ જેનાં સગાં વહાલાં કે મિત્રો હતાં તેમને મળવા ગઇ હતી, તથા કેટલાક બહાર ફરવા ગઇ હતી. એ ચાર રહી હતી, તે દુકાનના એક ભાગમાં બેસીને વાતો કરતી હતી, અથવા વાર્તાની ચોપડીઓ વાંચતી હતી.

યશોદાબાઇ પોતાનો હમેશનો મોહક શણગાર સજીને પોતાના ખાનગી દીવાનખાનામાં બેઠી હતી. પાસેના ટેબલ ઉપરની ઘડિઆળમાં છ ના ટકોરા થયા. તે વખતે તેણીની વિશ્વાસુ દાસી યમુનાએ આવીને અજીતરાય આવ્યાની ખબર આપી.

યશોદાબાઇ એકદમ ઉઠીને મુલાકાતે આવનારને માનપૂર્વક લેવા સામી ગઇ, અને મળતી વખતે હસતી હસતી પોતાની સફેદ દાંતની એક સરખી હાર બતાવતી બોલી. "આપ સરકારની મને ચિઠ્ઠી મળી—"

"ચૂપ. શું આ ઘરમાં હું હમેશાં સાદો અજીતરાય નથી?" અજીતરાયે યશોદાબાઇનો હાથ દબાવતાં તેણીને બોલતી અટકાવી કહ્યું. "જ્યારે જ્યારે મારા ધારણ કરેલા નામ કરતાં બીજી રીતે તમે મને બોલાવશો, ત્યારે ત્યારે હું તમને આવી સજા કરીશ." એમ કહી તેણીની કમ્મર ઉપર હાથ નાખી તેણીને પોતાની પાસે ખેંચી તેણીના હોઠ ઉપર જોરથી ચુંબન લીધું.

"મને ધાસ્તી લાગે છે, અજીતરાયજી," સસ્મિત વદને તેણી બોલી. "કે જો તમે મને આ પ્રમાણે સજા કરશો તો વારંવાર એવી ભૂલને હું પાત્ર થઇશ."

"યશોદા, શું આટલાં બધાં વરસો પછી હજુ તું મારે માટે દય

પણ દરકાર કરે એ સંભવિત છે ?" અજીતરાયે તેણીને એક ખુરશી ઉપર બેસાડી પોતે પાસેની બીજી ખુરશી ઉપર બેસતાં બોલ્યો.

"એક વખત તમારી સાથે પ્યાર થયો તે પ્યાર કદી જતો નથી, વહાલા અજીતરાય !" તેણીએ મોં મલકાવી જવાબ વાળ્યો,

"અને એવું છતાં હું હમેશાં ખૂબસુરત પરીઓ મેળવવાનાં કાવત્રાં રચું છું એવું તું જાણે છે; એટલુંજ નહિ, પણ તેમાં તું મને સારી રીતે મદદ કરે છે." અજીતરાયે કહ્યું.

"ખચીત, તમને સુખી કરવામાં હું આનંદ માનુંછું." તેણીએ જવાબ દીધો.

"એ તારૂં ડહાપણ છે." તેણે કહ્યું, "વળી તું પણ કેટલીક વખત પ્યારનો જુદો જુદો સ્વાદ ચાખે છે. ચાલ, યશોદા ! હવે ખરેખરૂં કબુલ કરી દે. તું જાણે છે કે, આપણે બે પંદર સોળ વરસના જુના મિત્રોમાં એક બીજાને વિશ્વાસ આપતાં શરમાવાની જરૂર નથી."

"પ્યારા અજીતરાય, તમે જાણો છો કે હું કંઇ પવિત્ર સતી નથી." યશોદાએ પોતાની નજર નીચી નાખતાં જવાબ આપ્યો.

"જો તેવી હોવાનું તું કહે તો મને મોટી અજાયબીજ ઉપજે." અજીતરાયે કહ્યું. "કારણ કે જ્યારે પહેલીજ વખત મેં તને જોઇ ત્યારે તું જેવી ખૂબસુરત દેખાતી હતી, તેવીજ હજુ પણ દેખાય છે. શરીર કંઇક ફુલ્યું છે, એ વાત ખરી-પણ એક સુકલડી સ્ત્રીના કરતાં જરા ભરાવદાર શરીરનો મને વધારે મોહ છે." તેણે તેણીના મોહક અવયવો ઉપર વિકારી નજર ફેંકતાં કહ્યું.

"અને જો હું પાતળી હોત, તો મારી નાજુકાઈનાં પણ તમે વખાણ કરત." યશોદાએ મંદ મંદ હસતાં કહ્યું. "ખરેખર આ શહેરના લોકો તમારી ખૂબસુરતીનાં વખાણ કરે છે, તે ખરૂંજ છે."

"નહિ, નહિ, શું કોઇ મારે માટે એવું કહે છે !" અજીતરાયે ગર્વથી ખુશી થતાં પૂછ્યું.

"ખચીત, ઘણું કરીને સઘળીજ," તેણીએ જવાબ દીધો. અજીત-

રાગે એકદમ ખુશાલીમાં આવી જઇ ફરીથી તેણીને ચુંબન લીધું.

"મારા ઉપર તમે જે જે પ્રીતિનાં ચિન્હ બતાવો છો, તે પેલી બિચારી સુંદર કુસુમ—કે જેને તમે હમણાં મળવાના છો, તેણીની સાથે બેવફાદારીનાં કૃત્યો છે." યશોદાબાઇએ મજાકમાં કહ્યું.

"નહિ. આવી નિર્દોષ ગમત, મોહક કુસુમને ભેટવાને માટે મને વધારે ઉત્સુક બનાવે છે." તેણે જવાબ દીધો. "તેણીનો કાગળ મને મળ્યો છે. તેણી બરોબર સાત વાગે અહીં આવશે. પણ હું ૭ વાગે આવીશ એમ મેં તમને ખબર આપી હતી, કારણ કે હાલ થોડા વખતથી તમે મારા તરફ એટલી મમતા બતાવો છો, કે મારે તમને થોડો વખત ગમત આપવી જોઇએ એમ મેં ધાર્યું. ખરેખર, હું ખસુસ કરીને તમારી સાથે ખુશનુમા મઝા કરવાને ખાતરજ એક કલાક વહેલો આવ્યો; કારણ કે મેં જાણ્યું કે હમણા તમે કામમાં રોકાયેલાં નહિ હશો."

"એ ખરેખર તમારો વિવેક છે." યશોદાબાઇ બોલી. "પણ તમે તે તરૂણી સાથે પત્રવ્યવહાર શી રીતે ચલાવો છો? કારણ કે મારી માર્ફતે કાગળો જતા આવતા નથી."

"લાલબજારવાળી ધર્મશાળામાં અજીતરાયના નામના કાગળો લેવાનો મેં બંદોબસ્ત કર્યો છે." અજીતરાયે ખુલાસો કર્યો. "હું બહારગામ રહું છું, પણ હાલ આ શહેરમાં આ પ્રખ્યાત ધર્મશાળામાં મેં મુકામ રાખ્યો છે, એમ મેં કુસુમને સમજાવ્યું છે."

"હું ધારૂં છું કે છેલ્લાં તે રાત્રે તમે બન્ને અહીં રહેલાં, ત્યાર પછી તમે તેણીને જોઇ નહિ હોય." યશોદાએ પૂછ્યું.

"નહિ. પણ જે બન્યું હતું, તે બધું તમે મને કહ્યું હતું. તેના બાપનું ઘેર આવવું, અને જયચંદ્રનું તેણીને ઘેર પહોંચાડી આવવું વગેરે હકીકત જણાવી હતી. તેણીએ પોતે પણ ગઇ કાલે પોતાના કાગળમાં સઘળી હકીકત જણાવી છે. એવું જણાય છે કે મહોબતરાયની સ્થિતિમાં એકાએક ફેરફાર ગઇ ગયો છે. તેની આવક ઘણી વધી છે. અને તે પોતાની બન્ને પુત્રીઓ સાથે શહેરના સારા ભાગમાં રહેવા આવનાર છે. હવે કુસુમને

વારંવાર ઘેરથી અહીં આવવું સહેલું થઇ પડશે; કારણ કે શહેરમાં પોતાના સગાંવહાલાં તથા મિત્રો વગેરેને મળવા જવાનાં ઘણાં બહાનાં મળશે. વળી તમે મને ખાત્રી આપી છે કે તેણીની બેન કળા પણ પ્યારમાં સપડાઇ છે. ”

“ નહિ–ખરેખર રીતે પ્યારના પંજામાં સપડાઇ નથી, ” યશોદાબાઇએ સ્પષ્ટીકરણ કરવા માંડયું “ કારણકે તાત્કાળિક લાલચમાં ફસાતાં તેણીએ પોતાને બચાવી લીધી છે, અને તેણીના ઉપર મોહાંધ થયેલા જયચંદ્રને એવો તો નરમઘેંસ અને પ્રમાણિક તથા વિચારશીલ બનાવી દીધો છે કે તેનામાં એવો ફેરફાર જોવાને હું કદી પણ ભાગ્યહીન (!) થઇ નહોતી.”

“ ત્યારે હજુ તે તેવી સ્થિતિમાંથી પાછો અસલ રૂપમાં આવ્યો નથી, શું ?” અજીતરાયે પૂછ્યું.

“ તેનાથી ઉલટું; મને તે ગઇ કાલે મળ્યો હતો, અને તે મહોળતરાયના કુટુંબમાં પ્રમાણિકપણે દાખલ થવા હજારો યુક્તિઓ ઘડતો હતો, કે જેથી ત્યાં તે વારંવાર જઇ શકે, અને પ્રસંગ આવે ત્યારે કળાના હાથની માગણી કરી શકે. ”

“ અરે એ પ્રમાણે તો ન થવું જોઇએ, યશોદા. ” અજીતરાય બોલ્યો. “ કારણકે જો જયચંદ્ર કળાનો પરણેલો પતિ થાય, તો તેના પ્રમાણિક અને નીતિવાન વિચારો કુસુમને આ જાળમાંથી છોડાવવા તેને ઉશ્કેરે: અને તેવી રીત મને બીલકુલ ફાવતી આવશે નહિ. આ છોકરી સાથે હું ઘણોજ મોહલુબ્ધ થઇ ગયેોછું, અને કેટલાક વખત સુધી તેણીને હું છોડી શકીશ નહિ. શું જયચંદ્ર તેના આવા બાયલા વિચારોમાંથી ફરી શકે તેમ નથી?”

“ તેમ કરવાને ઘણું મુશ્કેલ થઇ પડશે. ” યશોદાએ જવાબ દીધો. “ તેણે પોતે દુરાચારી જીંદગી તદ્દન છોડી દેવાની પ્રતિજ્ઞા લીધી છે. એટલુંજ નહિ પણ એવી જાતના કોઇ પણ પ્યારમાં નહિ પડવાના સોગન લીધા છે. ટુંકામાં, તેણે દઢ નિશ્ચય કર્યો છે કે, નિર્દોષ, માયાળુ, અને સદ્ગુણી કળાને મેળવવા જેવી લાયકી તેણે મેળવવી. આ તેના પોતાના શબ્દો છે.”

"આ બધું તો બેહદ કંટાળા ભરેલું છે." અજીતરાય તિરસ્કાર પૂર્વક બોલ્યો, કારણકે કળાએ જે નીતિના પવિત્ર વિચારોનો જયચંદ્રને સંસ્કારી બનાવ્યો હતો, તેવા વિચારો અને વર્તણૂકનું અસ્તિત્વજ અજીતરાય સમજી શકતો નહોતો. "એ તરુણને હું ઓળખતો નથી. જો તેમ હોતતો આવા બાયલા વિચારોને તાબે થવાની મૂર્ખાઇ તેને બતાવી હું ઠેકાણે લાવત. પણ તું, વહાલી યશોદા, મને હવે ખરા દિલથી કહે," તે યશોદા તરફ એકી નજરે જોઇ બોલ્યો. "કે તારી અને જયચંદ્રની વચ્ચે માત્ર સાદી મિત્રાચારી સિવાય બીજો કોઇ સંબંધ કદી થયો છે?"

"પ્રતિજ્ઞા ઉપર કહું છું કે કદી નહિ." યશોદાએ ભારપૂર્વક જણાવ્યું.

"ત્યારે એ તારૂં કામ છે કે જયચંદ્રને તારા પંજામાં સપડાવી ઠેકાણે લાવવો." અજીતરાયે કહ્યું. "મારા કહેવાનો ભાવાર્થ તું સમજે છે? હા-તારા ગાત્ર ઉપર શરમની રતાશ ચડી આવે છે, તેથી મારી ખાત્રી થાય છે કે તું માત્ર સમજે છે—એટલુંજ નહિ, પણ આવી સૂચનાથી તને આનંદ થાય છે. માટે હવે તારાથી બની શકે તેટલું આ કામમાં કરવાને મને વચન આપ, કારણકે કુસુમ સાથેના મારા પ્યારમાં એ ઘણું અગત્યનું છે કે તેણીને મારાથી છૂટી પાડવાને તેણીની સાથે બનેવી જેવી સગાઇ ધરાવતો કોઇ સહાયક હોવો નહિ જોઇએ."

"તમે જે જે સૂચના કરી છે, તે પ્રમાણે મારાથી બનતું કરીશ." યશોદાબાઇએ જવાબ આપ્યો.

આ પ્રમાણે વાતચિત ચાલતી હતી, તેટલામાં યમુનાએ આવીને ખબર આપી કે કુસુમ આવી પહોંચી છે, અને તેમની મુલાકાતના ઓરડામાં અજીતરાયની વાટ જોતી બેઠી છે.

પ્રકરણ ૧૪ મું.

બીજી મુલાકાત.

જ્યારે કુસુમને યમુના તેણીના પ્રથમના ઓરડામાં લઇ ગઇ, કે જ્યાંથી સૂવાના ઓરડામાં જવાતું હતું, ત્યારે કુસુમના અંતઃકરણમાં દુઃખની લાગણી થઇ આવી. કારણ કે તેણીએ ભારે દુઃખી લાગણીથી ધાર્યું કે, તે ઘરની માલિકણ બાઈ તથા તેણીની દાસી, તેણીને અજીતરાયની ભવિષ્યની પત્ની તરીકે નહિ, પણ તેની રખાત તરીકે ધારતાં હશે. છતાં યમુનાને તે સંબંધી કંઇ પણ કહેવાની તેણીની હિંમત ચાલી નહિ, કારણકે શરૂથી તેણીના હોઠ બંધાઇ ગયા હતા. પણ જ્યારે તે દાસી તેણીને મૂકીને ગઈ ત્યારે કુસુમની આંખો આંસુથી ભરાઇ ગઇ.

થોડીવાર સુધી તેણી શોકાતુર રહી, કારણકે હાલની મુલાકાતનો પ્રસંગ પોતે જાતેજ આણવાને માટે પસ્તાતી હતી. પણ જ્યારે તેણીને યાદ આવ્યું કે પોતાના પ્રિતમને ફરીથી મળવાને તેણી કેટલી આતુર હતી, અને હવે તેણીની તે આતુરતા ફળીભૂત થવાની અણી ઉપર હતી, ત્યારે તેણીએ આંસુ લોહી નાખ્યાં, અને ચહેરા ઉપર સ્મિત સ્ફુરી આવ્યું

ભાગ્યેજ તેણી આ પ્રમાણે સ્વસ્થ થઇ કે તરતજ બારણું ઉઘડયું, અને બીજીજ પળે પોતાના પ્રિતમની બાથમાં તેની છાતી સાથે ચંપાઇ ગઇ.

"ઓ! મારી મધુરી કુસુમ" અજીતરાય તેણીને વધારે ને વધારે પોતાની છાતી સાથે વહાલથી દબાવતાં બોલ્યો "ખરેખર, આ કેવો સ્વર્ગીય સુખનો આનંદ છે, કે જે તેં મને પ્રાપ્ત કરાવ્યો છે; છેલ્લાં જ્યારે આપણે છૂટાં પડયાં, ત્યારથી એક પળ પણ તારી મનોહર મૂર્તિ મારી આંખથી દૂર થઇ નથી; અને હવે જ્યારે તારો સુંદર ચહેરો જોઉં છું, ત્યારે મારા અંતઃકરણમાં આનંદ સમાતો નથી."

"પ્યારા અજીત, હું પણ હમેશાં તને યાદ કરતી હતી." કુસુમ તેનાં મીઠાં વાકયોથી મોહિત થતાં બોલી.

"હા, મારી પરી," તે પક્કો ઠગારો તેણીને એક પલંગ ઉપર બેસાડતાં બોલ્યો "એક પળ પણ તારી મધુરી મૂર્તિને હું વિસરી ગયો નથી. દિવસે હમેશાં તારી પ્રતિમાનું ધ્યાન ધરતો, અને રાત્રે સ્વપ્નામાં પણ તારી પ્રતિમાજ જોતો. તોપણ જ્યારે તું મારાથી દૂર હોય છે, ત્યારે જાણે કે હું એક જીવવગરનું પુતળું હોઉં એમ મને લાગે છે."

"આવાં ખાત્રી ભરેલાં વચનો મારા અંતઃકરણમાં ઘણો આનંદ ઉત્પન્ન કરે છે" તે મોહાંધ બાળા બોલી, અને અજીતરાયને વગર આનાકાનીએ પોતાનાં લુગડાં આઘાંપાછાં કરવા દીધાં.

"તારા કાગળથી મને કેટલો આનંદ થયો હશે, તેનો તને વિચાર પણ આવી શકશે નહિ," અજીતરાય બોલ્યો "પ્રખ્યાત કવિઓ પ્રિયા અને પ્રિયતમના પ્યારના સુખનું જે વર્ણન કરે છે, તે વખતે તેમના અંતરમાં કેવું સ્વર્ગ તુલ્ય સુખ અનુભવાતું હશે, અને કેવી રમણિય મૂર્તિઓ તેમની કલ્પના શકિત આગળ ખડી થતી હશે, તેનો વિચાર કરવોજ મુશ્કેલ છે. ખરેખર, પ્યાર એ દુનિયામાં એક એવી અજબ ચીજ છે કે તેના અનુભવનું સુખ તો સ્વર્ગમાં પણ મળે નહિ. અને જે માણસ એવા પ્યારમાં સીકડાઇ ગયો છે, તે સ્વર્ગની કદી પણ ઇચ્છા કરે નહિ. વહાલી કુસુમ, હું આવા પ્રકારના સુખસાગરમાં મને પોતાને જોઉં છું, ત્યારે કેવો અવર્ણનિય આનંદ થતો હશે તેનો બીજાને કિંચિત માત્ર પણ ખ્યાલ આવી શકે નહિ."

"હાલ મારા અંતઃકરણમાં જે આનંદના વિચારોએ વાસ કર્યો છે, તેવાજ વિચારો હમેશાં તમે કાયમ રાખશો ?" કુસુમ બોલી. આ વખતે તેણીના આગળ જો કોઈ દેવ સ્વર્ગમાંથી ઉતરીને તેણીને કહ્યું હોત કે તેણીએ માની લીધેલો તેણીનો કહેવાતો પ્રિતમ કે જે ખરા પ્યારની મોટી મોટી વાતો કરે છે તેમાંનું એક બુંદ પણ તેના અંતઃકરણમાં નથી; તો તેણી તે દેવનું કહેલું પણ ખરૂં માનત નહિ; ઠગારા અજીતરાયના વાક્ચાતુર્યરૂપી મોહપાશમાં કુસુમ પૂરી ફસાઇ હતી.

"હું કદીપણ તને ચાહતો અટકીશ નહિ, મારી પરી" તેણીને પંપાળતો અજીતરાય બોલ્યો.

"તમે જાણો છો કે મારા પિતા હવે ઘેર આવ્યા છે, તો તમે હવે જલદીથી તેમનું ઓળખાણ કરવાની તક લેશો ?" કુસુમે આ પ્રમાણે બોલીને આગળ તેણે જે જે વચનો આપેલાં અને પ્રતિજ્ઞાઓ લીધેલી તેની યાદ અણાવી.

"જ્યારે તે પોતાના નવા ઘરમાં ઠરીઠામ પડશે, મારી વહાલી," તેણે તરત જવાબ દીધો. "ત્યારે હું તેને મળીશ. હવે ધરણીધરરાયની મિલકતનો તે જલદી વારસ થશે એવી દરેક આશા રહે છે."

"જો, આણંદરાય, કે જેની તબિયત મેં તમને લખેલા મારા કાગળમાં જણાવ્યા પ્રમાણે દિન પર દિન તદ્દન બેહાલ થતી જાય છે, તેમાં સારો ફેરફાર ન થાય તો. કોઇ અજબ જાતનો વ્યાધિ તેને વળગ્યો છે." કુસુમ ઊંડી દયાની લાગણીથી બોલી.

"ત્યારે શું આવા વિચિત્ર વ્યાધિનું કંઇ કારણ જણાતું નથી ?" અજીતે પોતાના ખોળામાં કુસુમનું માથું લઇ તેના વાળ સાથે રમતાં રમતાં પૂછ્યું.

"મારા પિતા આજ સવારે ફરીથી એ વિષે વાત કરતા હતા," કુસુમે જવાબ દીધો. "તેથી એમ માલુમ પડે છે કે કેટલાક વખત ઉપર આણંદરાય એક સારા કુટુંબની બાળા સાથે ઉંડા પ્યારમાં પડયો હતો; પણ કોઇપણ દેખીતાં કારણો વગર એકાએક તેણે તેણીને મળવાનું છોડી દીધું. તે બાળાનાં માબાપ ગુજરી ગયેલાં હોવાથી તેણી પોતાના મામાની સંભાળમાં હતી. તે તેણીને તેણીના વતનના ગામથી પોતાને ઘેર લાવ્યા. અને ત્યારથી આણંદરાયને આ ગુપ્ત વ્યાધિ લાગુ પડયો છે છતાં મારા પિતા ખાત્રીપૂર્વક કહે છે કે આ મનનો વ્યાધિ નથી, પણ શારીરિક છે. તેના પ્યારમાં નિરાશ થવાનો આ વ્યાધિ નથી પણ કોણ જાણે કેવા વ્યાધિથી ધીમેધીમે શરીર ઘસાઇ નિસ્તેજ થતું જાય છે, અને જીંદગીના તંતુઓ તૂટતા જાય છે."

"એ ખરેખર ઘણું અજાયબ જેવું છે," અજીતરાય બોલ્યો "પણ

જ્યારે હવે આપણે વાતો ઉપર ચડ્યાં છીએ, ત્યારે હવે મને યાદ આવે છે કે જે દિવસે પ્રથમજ તારો મનમોહન ચહેરો જોવાને હું ભાગ્યશાળી થયો, તે દિવસે જે ગાડી રસ્તા ઉપર ભાગી ગઇ હતી, તેમાંની બે સ્ત્રીઓ વિષે તેં મને કેટલીક વાત કહી હતી, પણ તે વિષે હું કંઇક વધારે પૂછવાનો હતો, પણ આજસુધી તારી સાથેના પ્યારનીજ વાતમાં મને બીજું કંઇ યાદજ આવતું નહોતું."

"તમને યાદ નથી કે મેં તથા મારી બહેને તમોને જણાવ્યું હતું કે, એ સ્ત્રીઓ કોઇ લીલાવતી અને કમળા કરીને હતી, અને અમે ધાર્યું હતું કે તેઓએ ખોટાં નામ બતાવ્યાં હતાં?" કુસુમે કહ્યું, "પણ તમે જાતેજ ખાત્રી આપી હતી કે તેમનાં નામ સંબંધી તેમણે અમને છેતર્યાં નહોતાં; છતાં મારો તથા કળાનો જેવો અભિપ્રાય હતો તેવોજ અભિપ્રાય મારા પિતાનો પણ છે."

"ઓ! ત્યારે તારા પિતા એ વાત જાણે છે કે શું?" અજીતરાયે અજાયબીસહ પૂછ્યું.

"હા, તેમનાથી આવી હકીકત અમે શી રીતે છૂપી રાખીએ?" કુસુમે જણાવ્યું, "વળી કમળાએ જ્યારે એ બનાવ છૂપો રાખવાનું કહ્યું હતું, ત્યારે મારા પિતાને જણાવવાની હરકત બતાવી નહોતી."

"બીજું શું છૂપું રાખવાનું હતું કુસુમ?" અજીતરાયે વળી વધારે આશ્ચર્ય પામતાં પૂછ્યું.

"ઓ! પ્રભુ! હું શું કહું?" તે બિચારી પોતાનાથી ભૂલમાં કંઇક વધતું ઓછું બોલાઇ ગયું હશે એમ જાણીને ગભરાઇ.

"શું, મારાથી પણ કંઇ છૂપું રાખવા જેવું છે?" અજીતરાય કંઇક ઠપકાનો દેખાવ રાખી બોલ્યો, "યાદ રાખ કે ઇશ્વરની નજર આગળ તું મારી પત્ની થઇ ચુકી છે, અને તેથી કંઇપણ કૃત્ય કે કંઇપણ વિચાર મારાથી તારે છૂપાવવો નહિ જોઇએ. હું પણ તારી સાથે એજ પ્રમાણે વર્તું એમ નથી શું, કુસુમ?"

"અરે! મારા ઉપર ગુસ્સે ના થાઓ, પ્યારા અજીત!" તેણીએ

અજીતરાયના કપટ ચાતુર્યથી ભોળવાઇને તેને ગળે વળગીને રડતાં રડતાં કહ્યું "તે કંઇ મારી છૂપી વાત નથી, પણ તેમાં તે બે સ્ત્રીઓમાંથી એકની આબરૂ સમાયેલી છે"

"એવી છૂપી હકીકત હું સારી રીતે સાચવી રાખીશ. મારી મધુરી" અજીત ઘણોજ અધીરાઇથી બોલ્યો.

"હું તમને સઘળું કહીશ" તાબે થતી કુસુમ બોલી. "પણ અત્યાર સુધી એ બાબત તમારાથી છૂપી રાખી તે વિષે મને માફ કરવાની ખાત્રી આપો."

"માફ" અજીતરાય પટાવતાં બોલ્યો. "અરે, એક ક્ષણવાર પણ હું તારી સાથે શી રીતે ગુસ્સે થઇ શકું?"

"પ્યારા અજીત, તમે કેવા માયાળુ છો!" ભોળી બાળા ભરમાઇ ગઈ.

"ચાલ, ત્યારે વહાલી" તે બોલ્યો. "તેં કહ્યું કે તે બેમાંથી એક સ્ત્રીના આબરૂને લગતી તે છૂપી હકીકત હતી."

"હા જો તે પરણેલી ન હોય તો." ભોળી કુસુમ બોલી ઉઠી, "પણ જો લીલાવતી ખરેખરી પરણેલીજ હોય તો કંઇપણ જોખમ નથી; છતાં બચ્ચા સંબંધી જે ભેદ છે......"

"હેં! બચ્ચું!" અજીતરાય પોતાની ઉશ્કેરાતી લાગણીને ઘણી મહેનતે કાબુમાં રાખતાં બોલ્યો "પણ વહાલી કુસુમ, તું એવી રીતે બોલે છે કે જાણે હું બધી વાત જાણતો હોઉં; જ્યારે હું તો આમાંનું કશું જાણતો નથી."

"વાત કરવાના ગાફેલપણાને માટે મને માફ કરો, વહાલા અજીત." કુસુમ બોલી "મારે કહેવું જોઇતું હતું કે અમારા ઘરમાં દાખલ થયા પછી તરતજ લીલાવતી બચ્ચાની મા થવા પામી હતી."

"બચ્ચાની મા!" અજીતરાય શ્વાસ ઉંચો રાખીને બોલ્યો, કારણ કે આ વખતે તેને ધારતાં ભરેલી લાગણી દબાવી રાખવી પડી હતી. "અને તે બચ્ચાનું શું થયું?"

"તેને અમારી પડોશના એક દાકતરની સંભાળમાં રાખ્યો છે." કુસુમે જવાબ આપ્યો.

"શું ત્યારે તે છોકરો હતો?" અજીતરાયે પૂછ્યું. "હુ ધારૂં છું કે તે દાક્તર લીલાવતીના પ્રસૂતિકાળને પ્રસંગે હાજર હશે?"

"હા, પણ આ બધી હકીકત કહેવામાં હું ખોટું તો કરતી નથી, વહાલા અજીત?" કુસુમે કંઇક સંશયયુક્ત થતાં પૂછ્યું, કારણકે અજીતરાયના ચહેરામાં વિચિત્ર ફેરફાર થતો તેણીએ જોયો. "તમે મને કહો છો કે લીલાવતીને તમે ઓળખો છો. અને તેમ હોય તો તમે ઘણી વખત તેણીને મળશો, માટે તેવો પ્રસંગ આવે તો મેં તમને જે છૂપી વાત કહી છે, તેમાં તેણીની આબરૂને જોખમ જેવું હોય તો તમે તેણીને ઓળખીને તેણીને શરમાવા જેવું કરશો નહિ."

"મને એવો હલકો તું ધારીશ નહિ, વહાલી કુસુમ." અજીતરાય બોલ્યો. "આતો એક સાધારણ વાત છે. કદાચ જાણવાની મારી કંઇક ઇન્તેજારી પણ હોય. પણ મારા ઉપર વિશ્વાસ રાખ—અને હું ખાત્રી આપું છું કે, લીલાવતીના નામને બટ્ટો લાગે એવું આમાં કશું નથી. તેણીના કુટુંબની કેટલીક તકરારને લીધે તેણીને આ પ્રસૂતિનો પ્રસંગ છૂપો રાખવાની જરૂર પડી છે. તે વિષે મારૂં અનુમાન એવું છે કે તેણીનાં માબાપની મરજી વિરૂદ્ધ લગ્ન કરવાનું આ પરિણામ છે."

"અહો! હવે હું સમજી." કુસુમ અજીતરાયના બનાવટી પણ હાજર જવાબી બોલવા ઉપર સંપૂર્ણ ભરોસો રાખી બોલી. "ગરીબ બિચારી! તેણીનાં માબાપની નિર્દયતાથી તેણી ખરેખર દયાને પાત્ર છે. અહા! કેવી ખુબસુરત! કેવી માયાળુ, કેવી વિવેકી!"

"પણ તેણીને બહાર ફરતાં તું જુએ તો તારી બેનપણીઓને તેણીને બતાવીને કંઇ જાતનું ઓળખાણ આપીશ નહિ." અજીતરાયે સમજાવી.

"ખચીત નહિ." કુસુમે કહ્યું. "વળી મારા સઘળા વિચારો તમારી સાથેના પ્યારમાં એટલા બધા ગુંચવાઇ ગયા છે કે બીજાની વાતમાં મન ઘાલવાને મને વખતજ નથી. પણ વહાલા અજીત, તમે ખુશીમાં દેખાતા નથી. તમારા શરીરને સારૂં નથી, કે પછી તમારા મનમાં કોઇ જાતનો વિચાર ઘોળાય છે?" તેણીએ અજીતરાયને વિચારમાં પડેલો જોઇ પૂછ્યું.

"નહિ, નહિ, તારી સાથે તો હું હમેશાં ઘણો સુખી રહું છું, મારી વહાલી કુસુમ." અજીતરાય બોલ્યો. "પણ મને કહે કે અત્યારે કેટલો વખત તું રહી શકીશ?"

"મારે દશ વાગતા પહેલાં ઘેર પાછું જવુંજ જોઇએ." તેણીએ જવાબ દીધો. "માટે મને વધારે રોકતા નહિ, પ્યારા અજીત, કારણકે લાંબી ગેરહાજરીને માટે હું મારા પિતાજીને કંઇ બહાનું બતાવી શકીશ નહિ."

"એવી ગુંચવણમાં હું કદી તને નાખીશ નહિ." તેણે જવાબ દીધો. પછી તેણીને પોતાની પાસે ખેંચી તેણીના પ્યારમાં ગુલતાન થઇ ગયો, અને એના મોહાંધપણામાં ભોળી કુસુમ પણ ભરમાઈ ગઇ!!

પ્રકરણ ૧૫ મું.

આણંદરાય.

હવે આપણે જરા આ શહેરમાં વજીરાબાદના જાગીરદાર કરણરાયના મહેલ તરફ નજર ફેરવીશું. કરણરાય ઘણો પૈસાદાર કહેવાતો. તે અને તેની પત્ની પ્રમિલાદેવી આ મહેલમાં રહેતાં હતાં. પ્રમિલાદેવીને કંઇ છોકરાં થયાં નહોતાં. સ્વરૂપમાં તેણી એક ઇંદ્રની અપ્સરાજ હતી. લગભગ છવીસ-સત્તાવીસ વરસની ભરયુવાનીમાં ખૂબસુરતીના પૂર બહારમાં આવેલી આ સુંદરી હતી. કરણરાય લગભગ પાંત્રીસથી સાડત્રીસ વરસની ઉમરનો મજબૂત બાંધાનો અને સારા દેખાવનો હતો. બન્ને પતિ પત્ની વચ્ચે સારી પ્રીતિ હોય એમ બહાર દેખાતું હતું. પણ ઘરના નોકરવર્ગમાં અંદર અંદર ગુસગુસ વાતો થતી હતી, તેનો સાર એટલોજ હતો કે આ બન્ને ધણી-ધણીઆણી આવા મોટા સુશોભિત મહેલમાં એકસાંજ હોવા છતાં સુવાના જુદા ઓરડા વાપરતાં હતાં. તેનું કારણ કોઇથી કળી શકાતું નહિ.

ગયા પ્રકરણમાં બનેલા બનાવને બીજે દિવસે બપોર પછી બે વાગ-
તાના અરસામાં પ્રમિલાદેવી પોતાના ખાનગી દીવાનખાનામાં સાદો પણ
સુશોભિત અને મોહક શણગાર સજી વિચારમાં ગરક થઇ બેઠેલી જણાતી
હતી. તેવામાં બારણું ઉઘડયું, અને ધીમે પગલે કરણરાય દાખલ થયો.
થોડી ઘણી પરચુરણ વાતચિત થયા પછી કરણરાયે કહ્યું. "વહાલી પ્રમિલા,
હું ખાસ કરીને તો આ વખતે મારી દુખીઆરી ભાણેજ મંજુલા વિષે વાત
કરવા તારી પાસે આવ્યો હતો."

"શું તેણીના તરફથી કંઇ નાખુશ સમાચારતો તમે સાંભળ્યા નથી?"
પ્રમિલાએ પૂછ્યું, તેણીના ચહેરાથી તથા બોલવાની ઢબથી એવું જણાતું
હતું કે મંજુલાના હિતમાં તેણી ખરા અંતઃકરણથી ભાગ લેતી હતી.

"નહિ, તે બાબત તો તું નચિંત રહેજે." કરણરાયે જવાબ દીધો.
"અને તેણીને માટે તું મમતા બતાવે છે તેથી હું તારો ઘણો આભારીછું."

"તમે તેણીને પોતાની પુત્રી માફક ચાહતા હતા." પ્રમિલા બોલી.
"અને જ્યારથી હું તમારી પત્ની થઇ, ત્યારથી મેં પણ તેણીને તેજ પ્ર-
માણે ગણી છે."

"જો તેણી તારી સલાહ અને તારા દાખલાથી ચાલી હોત, તો તે-
ણીની આબરૂ ઉપર બટ્ટો લાગ્યો ન હોત." કરણરાય ભાર મૂકીને બોલ્યો.
"અરેરે! જ્યારે આવી નાદાનવયની ઉધરતી બાળાઓને, આપણે હાલના
કહેવાતા સુધારામાં ફસાઇ પડી, મનમાનતી છુટ આપીએ છીએ, અને તે-
મના સહવાસ તથા ફરવા હરવા ઉપર પૂરતી દેખરેખ રાખતા નથી, ત્યારે
તેનાં જે ભયાનક પરિણામો આવે છે, તેનો જ્યારે હું વિચાર કરૂં છું ત્યારે
મને કમકમાટ વછૂટી હાલના કહેવાતા સુધારા (!) ઉપર અતિશય તિરસ્કાર
આવે છે. હશે! પણ હાલ હું તને જે ખબર કહેવાનો છું, વહાલી પ્રમિલા,
તેથી કંઇક ખુશી થવા જેવું છે."

"ત્યારે એવા ખુશકારક સમાચાર કહેવાને ઢીલ કરો નહિ, વહાલા."
પ્રમિલાએ આતુરતાથી પૂછ્યું.

"આજે સવારે મને આણંદરાય તરફથી પત્ર મળ્યો છે." કરણરાયે

ખુલાસો કરતાં કહ્યું "તેથી જણાય છે કે તે તેના પિતાની સાથે ગઇ સાંજે પોતાની જાગીરીના ગામેથી શહેરમાં પોતાના મહેલમાં આવ્યો છે, અને આજ સાંજે મને મળવા આવવાની પોતાની ઇચ્છા બતાવી છે, મેં તેમ કરવા કબુલ કર્યું છે; અને અડધા કલાકમાં તે આવી પહોંચશે."

"પણ હવે શા કારણથી એ ઢંગ વગરનો જુવાનીઓ આ પ્રમાણે મળવા માગે છે?" પ્રમિલાએ ગુંચવાડામાં પડતાં પૂછ્યું.

"આ કાગળમાં તેણે ટુંકાણમાં પોતાનો હેતુ જણાવ્યો છે." કરણરાયે વધારે ખુલાસો કર્યો. "તેને કંઇ ભયાનક વ્યાધિ લાગુ પડયો છે, અને તેથી તેની જીંદગી એટલી બધી જોખમમાં છે કે તે ભાગ્યેજ થોડા દિવસ જીવી શકશે. તેવી સ્થિતિમાં પોતાના કૃત્યના પસ્તાવાથી પોતે જે નિર્દોષ બાળાને ફસાવેલી તેણીને ઇનસાફ આપવા તેની મરજી જણાય છે, કે જેથી તેના વચનભંગના પાપનું પ્રાયશ્ચિત થઇ, મંજુલાને પોતાના મંડળમાં શરમાવાનું કારણ રહેશે નહિ."

"આ હકીકત તો ખરેખર ખુશી થવા જેવી ગણાય," પ્રમિલા સહર્ષ બોલી "જો મારી ખાત્રી હોય કે મંજુલાનો સ્વભાવ આ પ્રમાણે નીકાલ લાવવાનું કબુલ કરે એવો હોત તો. કારણકે મારે તમને ભાગ્યેજ કહેવું પડશે કે તેણીનો સ્વભાવ એવા પ્રકારનો છે કે તેણી કદી પણ વચલો રસ્તો પકડશે નહિ. તેણીનો જુસ્સો અને તેણીના વિચારો હદબહાર આડા ગયેલા છે. એક વખત એવો પણ હતો કે તેણી આણંદરાયને એક ગાંડાની માફક અપૂર્વ પ્યારથી ચાહતી હતી, જ્યારે હવે એવો વખત છે કે તેણી તેને જીવલેણ દુશ્મનની માફક ધિઃકારે છે. થોડા મહિના અગાઉ જો તેના જીવને જરાપણ દુઃખ થાય તો મંજુલા પોતાનો જીવ આપવા તૈયાર હતી; પણ હવે જ્યારે તેણીએ જાણ્યું કે એક વિષયી પુરૂષે તેણીને સતીત્વથી ભ્રષ્ટ કરી હતી ત્યારથી તેણીએ તેના ઉપર જીવલેણ વેર લેવાની પ્રતિજ્ઞા કરી છે."

"ગમે તેમ હોય, પણ એને સમજાવીને ઠેકાણે લાવવાનું કામ તારૂં છે, પ્રમિલા." કરણરાય બોલ્યો. "હવે થોડીવારમાં આણંદરાય અહીં

આવશે, અને સાંજે જો બની શકે તો તું ઘણી છૂપી રીતે મારી દુખીઆરી બાણેજને મળવા જજે."

"તેમાં મને બીલકુલ હરકત નથી." પ્રમિલાએ જવાબ દીધો.

આ પ્રમાણે વાતચિત ચાલે છે, તેવામાં નોકરે બારણું ઉઘાડી આણંદરાયને દાખલ કર્યો.

ધરણીધરરાયનો એકનો એક પુત્ર આણંદરાય, પ્રથમ જણાવ્યું છે તે પ્રમાણે બાવીસ કે ત્રેવીસ વરસની ઉમરનો હતો. તે ઉંચો પણ નાજુક બાંધાનો હોવાથી હાલતો એટલો પાતળો થઇ ગયો હતો કે માત્ર હાડકાંના માળા જેવોજ લાગતો હતો તેના ચહેરા ઉપર ફીકાશ છવાઇ ગઇ હતી, અને શરીર એવું હાલમડોલમ્ થઇ ગયું હતું કે તે તરૂણ થોડા વખતને માટેજ આ દુનિઆનો પરોણો હોય એમ લાગ્યા સિવાય રહે નહિ.

કરણરાય તથા પ્રમિલાદેવીએ તેને યોગ્ય આવકાર આપ્યો; પણ તે દેખાદા સિવાય ઠંડો આવકાર હતો, કારણકે, જો કે તેણે મંજુલાને ગંભીર પ્રકારનું નુકશાન કર્યું હતું, છતાં તેના શરીરમાં થયેલો ફેરફાર જોઇ તેમને દયાની લાગણી થયા વગર રહી નહિ.

આણંદરાય એક ખુરશીમાં પડતું નાખી બેસી પડયો, કારણકે તેને દાદર ચઢતાં ઘણો થાક લાગ્યો હતો.

"આપની મુલાકાત લેવાની મને તક આપવાની આપે જે મહેરબાની બતાવી છે તે બદલ આપનો આભાર માનવાને પૂરતા શબ્દો મને જડતા નથી." બહુજ ધીમા અને નમ્ર અવાજે આણંદરાય બોલ્યો. "અને વળી પૂજ્ય શ્રી પ્રમિલાદેવીની આ વખતે હાજરી હોવાથી મને વધારે ઉત્તેજન મળે છે. પણ મારી ગરીબડી અને દુખીઆરી મંજુલાની મને ખબર કહો." છેલ્લા શબ્દો તે કંઇક આવેશથી બોલ્યો.

"આ બાબત ઘણી દુઃખદાયક છે, આણંદરાય" કરણરાયે જવાબ દીધો. "છતાં જે હેતુથી તમે આવ્યા છો તે ઉપર વિચાર કરતાં પૂરી વિગતમાં ઉતરવું જરૂરનું છે. કેટલાક વખતથી મંજુલા ઘણો એકાંત વાસ ભોગવે છે. છેલ્લા ત્રણ દિવસમાં તેણીએ એક મુવેલા બચ્ચાને જન્મ આપ્યો,

અને તેથી તેણીની ગેરઆબરૂનો પૂરાવો હયાતીમાં નથી.”

“આવા પરિણામ વિષે મારા તરફથી કંઇ પણ દિલગીરી હું બતાવું તો તે મારી લાગણીનો અર્થ ઉલટો લેવામાં આવશે.” આણંદરાય બોલ્યો. “પણ આપ સાહેબ અથવા પ્રમિલાદેવી મને જણાવવાની મહેરબાની કરશો કે હવે હું જે નજીવો બદલો વાળવા માગું છું તે મંજુલા કબુલ કરશે કે કેમ?”

“મને ધાસ્તી લાગે છે કે તમારો હાથ લગ્નમાં કબુલ કરવાને તેણીને સમજાવવાનું કામ કંઇ સહેલું નથી.” પ્રમિલાએ જવાબ દીધો “અને તમે જ્યારે મારીજ સલાહ પૂછો છો, ત્યારે તમારો વિચાર પારપાડવામાં કેટલી કેટલી મુશ્કેલીઓ છે તે જો હું ન જણાવું તો તે ખોટું અને મૂર્ખાઇ ભરેલું ગણાય; તમારે માટે મંજુલાનો પ્યાર ખરા અંતઃકરણનો અને ઉંડો હતો, અને તેણીની પવિત્રતા ઉપર તમે જે સત્તા મેળવી હતી, તે ઉપરથી તેણી કેટલા અપૂર્વ પ્યારથી તમને ચાહતી હશે તે સમજવું તમને મુશ્કેલ પડશે નહિ—છતાં તે પ્યાર હવે નથી.”

“ત્યારે કહો કે હવે તેણી મને ધિઃકારે છે—પૂરા જોસથી ધિઃકારે છે.” આણંદરાય શોકાતુર ચહેરે બોલ્યો. “ખરી વાત છે કે આપે કંઈ પણ ખરી હકીકત મારાથી છૂપાવવી નહિ જોઇએ. કારણ કે મંજુલાના સ્વભાવનો મને પૂરો અનુભવ છે. તેણીનું વર્તન હું સારી રીતે સમજી શકુંછું. તેણી જેવા આવેશથી મને ચાહતી હતી, તેના કરતાં વધારે ગુસ્સાથી મને ધિઃકારે છે. જેવી રીતે તેણીના પ્યારની સાબીતિમાં પોતાનો જીવ આપવા તૈયાર થાય—તેવીજ રીતે વેર લેવામાં તેણી ગમે તેવો ભોગ આપે. હવે તમે જુઓ છો કે હું તેણીને સારી પેઠે ઓળખુંછું, અને હું જાણુંછું કે મેં તેણીને દુઃખી કરી છે—નિર્દયતા ભરેલી રીતે દુઃખી કરી છે. પણ મારો સાક્ષી ઇશ્વર છે કે શરૂઆતમાં જેવો તેણીનો મારા ઉપર પ્યાર હતો, તેવાજ પ્યારથી હું તેણીને ચાહતો હતો. અને તેણીને કંઇપણ પ્રકારના ઇરાદાપુર્વક સતીત્વમાંથી ભ્રષ્ટ કરવામાં આવી નથી. મારો ગુનો ઇરાદાપૂર્વક નહોતો. એક એવા આવેશી વખતમાં અને અપૂર્વ પ્યારની લાગણીમાં હું

વધારે હિંમતવાન થયો, અને તેણીએ પોતાની નબળાઇ બતાવી, જેનું પરિણામ તેણીની નીતિ ભ્રષ્ટતામાં આવ્યું. આ પ્રમાણે તેણીની સાથે લગ્ન કર્યા સિવાય મેં તેણીની સાથે લગ્નનો હક ભોગવ્યો તેજ કારણથી નહિ-તેમ એમ પણ નહિ કે મારી પ્રતિજ્ઞાઓ અને વચનોને માટે મને પસ્તાવો થયો હતો-પણ કારણ એવું હતું કે તેણીનો ક્રોધી અને સ્વચ્છંદી મિજાજ બિલકુલ કાબુમાં રહેતો નહિ, અને તેણીના બદલાતા જતા મગજના કાંટામાં તેણી પોતાના સ્વચ્છંદી તુરંગતા મને ભોગ કરતી, અને તે સાથે તેણીની મારા તરફ શક ભરેલી નજર, અને ઇર્ષા હદ વગરનાં હતાં."

આટલું બોલી આણંદરાય બોલતાં થાકી જવાથી શ્વાસ લેવા અટક્યો.

"હું ખુલ્લા દિલથી અને પ્રમાણિકપણાથી કબુલ કરીશ કે," તેણે થોડી વારે કહેવા માંડયું. "જો હું હજુ મારી પૂરી તનદુરસ્તીમાં હોત, તો કદાચ મંજુલાને મેં જે દુઃખ આપ્યું છે, તેનો બદલો વાળી આપવાનો વિચાર કરત નહિ. હું નથી ધારતો કે અમે એક બીજાને લાયક થઇ પડીએ એવું જોઉં છીએ. જેમ જેમ અમારા એક બીજાના વિચારો, લાગણીઓ, ટેવો અને જુસ્સાઓ એક બીજાના અનુભવમાં અને જાણવામાં આવ્યા, તેમ તેમ અમારા એક બીજામાં ભારે જુદાપણું માલમ પડયું. અને અમે એક બીજા સાથે જોડાવાને તદ્દન નાલાયક માલમ પડયાં. પણ હવે," તે ઉંડી ઉદાસીની લાગણીથી બોલ્યો. "જ્યારે મારી જીંદગીનો ઝરો ઝપાટાબંધ સૂકાતો જાય છે, અને તેની સાથે મારી જુવાનીનો જુસ્સો, મારી મમતા, મારી આશાઓ, મારી ઉમેદો-એ સઘળાના ચૂરેચૂરા થવા લાગ્યા છે-ટુંકામાં, મને મારાં પોતાનાં પગલાં ઝડપબંધ ભયંકર યમદ્વાર તરફ ખેંચી જાય છે-ત્યારે તેવા વખતમાં મંજુલાને માટે જે કંઇ ભોગ હું આપું, તે ભાગ્યેજ મને માન આપનાર થઇ પડશે. જ્યારે બીજી બાજુ જોતાં તેણી જો આબરૂ ભરેલી રીતે મારી સાથે લગ્ન સંબંધથી જોડાવાનું ના કબુલ કરે તો તેણીની ખરેખરી મૂર્ખાઇ ગણાશે-ગાંડાઇ કહેવાય. અફસોસ! તેણીએ જલદીથી વિધવા થવાને માટેજ મને પરણવાનું છે-છતાં તેણી કંઇપણ શરમાવાનું કારણ હોયા સિવાય બેધડક રીતે પછીથી પોતાનો પ્યાર બીજા લાયક

ગૃહસ્થને આપી તેના સાથે પુનર્લગ્ન કરી વધારે સુખી થશે."

"અર્થાત, અમારી એવી ઇચ્છા નથી, આણંદરાય, કે પાછલી બની ગયેલી વાતને માટે તમને હવે ઠપકો આપવો." કરણરાય, કે જેને તેના બોલવાથી ઘણું લાગી આવ્યું હતું, તે બોલ્યો, જ્યારે અમિલાદેવી તો ખરેખર રડતી હતી, એવી આણંદરાયની લંબાણ હકીકત શોકજનક હતી. "અને હાલની તમારી વર્તણુક વખાણને પાત્ર છે, એટલુંજ નહિ પણ તમારા શુભ હેતુને માટે અમે તમારાં આભારી છીએ. માટે મારા ઉપર ભરોસો રાખો કે હું અથવા દેવી, મંજુલાને હવે તેણીની ફરજ વિષે સમજાવવાને કોઇપણ ઉપાય બાકી રાખીશું નહિં."

"અને જો કદાચ સમજાવટથી તેણી ઠેકાણે આવે એમ લાગતું હોય," આણંદરાય બોલ્યો "તો આપ ધારો છો કે, જ્યાં મંજુલા એકાંતવાસમાં છે, ત્યાં જો હું તેણીની પાસે જાઉં, મારો મરવાની અણી ઉપર આવેલો દેખાવ તેણીને બતાવું, અને તેણીને પગે પડી માફી માગું, કે જે એક મરણ પથારીએ પડેલો માણસ પોતાના કટ્ટામાંકટ્ટા દુશ્મન પાસે માગે તો તે પણ ના પાડી શકે નહિ—આ બધું હું કરૂં, તો આપ ધારો છો કે મંજુલા મારી સાથે લગ્ન કરવાને ના પાડશે?"

અમિલાએ પોતાના પતિ તરફ આંખની કંઇ ઇશારત કરી, અને તેનો તેવીજ ઇશારતથી જવાબ મળતાં, બન્નેનો એકજ વિચાર હોવાની ખાત્રી થતાં અમિલા બોલી. "આજ રાત્રે આઠ વાગે, જ્યાં મંજુલા છે, ત્યાં તમે મારી સાથે આવો. પણ તે મુલાકાત ઘણી છૂપી રાખવાની છે. અને મારે તમારી સાથે આવવું, અથવા તમે મારી સાથે ગાડીમાં આવો, એ હલકા વર્ગના નોકરોની નજરમાં ઠીક દેખાય નહિ. માટે હું સાંજે સાત વાગે મારા પતિ સાથે ફરવા જઇશ. તમે બાગ આગળ આવજો, ત્યાં ભાડાની ગાડી તૈયાર રાખજો, અને પછી ત્યાંથી આપણે સાથે મંજુલાને મળવા જઇશું."

કરણરાયે આ ગોઠવણ તરફ પોતાની પસંદગી બતાવી. આણંદરાય ત્યાંથી પછી રજા લઇ ચાલી નીકળ્યો.

પ્રકરણ ૧૬ મું.

પ્રમિલાદેવી, અને અજબકુમાર.

આણંદરાયના ગયા પછી થોડી વારે કરણરાય પણ બહાર ગયો; અને પ્રમિલાદેવી એકલી પોતાના દીવાનખાનામાં, તે દિવસે બનેલા બનાવ ઉપર વિચાર કરતી બેઠી હતી. અડધા એક કલાક પછી બારણું ઉઘડયું, અને નોકરે આવીને અજબકુમાર આવવાની ખબર આપી.

પ્રમિલાદેવી એકદમ સ્વસ્થ થઇ ગઇ, અને અજબકુમારને આવકાર આપવાને સામી ગઇ. તેને યોગ્ય આદરસત્કારથી એક ખુરશી ઉપર બેસવા કહ્યું, અને તેણી જરા દૂરથી બેઠી.

" હું ધારૂંછું કે આપણી વાતચિતમાં કરણરાયજી આવીને ભંગાણ પાડશે નહિં." અજબકુમારે પૂછયું; પણ પછી તરતજ પ્રમિલાદેવીના ચહેરા ઉપર આશ્ચર્યનાં ચિન્હ જોઇ તેણે વધાર્યું. " કારણ કે એક ઘણી મહત્વની બાબત ઉપર હું તમારી સાથે વાત કરવા ઇચ્છું છું."

" મારા પતિ બહાર ગયા છે, અને તે ૭ વાગતા સુધી ઘેર પાછા આવે એમ નથી." પ્રમિલાદેવીએ જવાબ આપ્યો. " અને હાલ સાડાચાર થયા છે." તેણીએ ઘડીઆળ તરફ નજર કરતાં કહ્યું.

" જે મહત્વની બાબત વિષે વાત કરવા મારે હાલ અહીં આવવું પડયું છે, તેથી તમે બેશક આશ્ચર્ય થયાં હશો." અજબકુમારે પોતાની વાત શરૂ કરતાં કહ્યું, જો કે તેના મનમાં જે વાત ઘોળાતી હતી, તેની શી રીતે શરૂઆત કરવી, તે ભાગ્યેજ તેના ખ્યાલમાં આવી શકતું હતું. " પણ મને ખાત્રી છે—મને પૂરો ભરોસો છે—કે હું જે પૂછું તેનો તમે ખૂલ્લા દિલથી અને પ્રમાણિકપણે મને ખરો ઉત્તર આપશો."

પ્રમિલાદેવી, અજબકુમારના કહેવાથી તેના મહત્વ વિષે એક એવા ચોક્કસ બનાવનું અનુમાન કરી શકી હતી, કે તે જો તેણી જાણતી ન હોત તો ખચીત તેણીને એમજ લાગત કે તેણીની સાથે પ્યારની અને વિષય-લંપટપણાની વાત કરવાનો હશે; કારણ કે અજબકુમારની વર્તણુકથી તે જાણીતી હતી પણ તેનો અવાજ ગંભીર હતો, અને તેનો ચહેરો કંઇક ગભરાટ ભરેલો દેખાતો હતો, જેથી તેણીના મનમાં પોતાની એક ખાનદાન ઘરની બેનપણી કે જેણીને માટે પોતે ઉંડી લાગણી ધરાવતી હતી, તેણીના વિષે ધાસ્તી લાગવા માંડી.

"મારો કુદરતી સ્વભાવ છે, અને વળી મારી ફરજ છે કે જેથી આપની સાથે હું ખૂલ્લા દિલથી વર્તીશ." થોડી પળ વિચાર કરી તેણીએ જવાબ દીધો.

"મારી મુલાકાતનો હેતુ તમે સમજી ગયાં હશો." અજબકુમાર બોલ્યો. થોડી વાર આજુબાજુ નજર ફેરવી ધીમેથી કહ્યું. "આપણી વાત ચિત કોઇ સાંભળી શકે એમ છે?"

"તે વિષે બિલકુલ ધાસ્તી રાખશો નહિ." પ્રમિલાએ જવાબ દીધો.

"અમારા કુટુંબના એક અમુક માણસનો એક ભય ભરેલો ગુપ્ત ભેદ તમારી પાસે છૂપાયેલો છે." અજબકુમારે હવે ધીમેધીમે વધવા માંડયું.

"શું આપ એમ નથી ધારતા કે ડહાપણથી જે ગુપ્ત ભેદ જ્યાં છૂપાઈ રહેલો છે, તે ત્યાંજ રહેવા દેવો એ વધારે સલામત ભરેલું છે?" તેણીએ ધીમા અને ગભરાતા સાદે કહ્યું, કારણ કે તેણી સમજી ગઇ કે જે હકીકત વિષે તે પૂછે છે તે વિષે હવે ઇનકાર કરવાનું નકામું છે.

"શું તમે એમ ધારો છો કે મારા પોતાના કુટુંબની ગેરઆબરૂ હું બહાર પાડીશ?" તેણે સામો સવાલ કર્યો, "ના ના, મારો તેવો ઇરાદો નથી, પણ આ દુઃખદાયક બનાવની સઘળી વિગત હું જાણવા ઇચ્છું છું."

"તે બનાવને ઘણી સંભાળપૂર્વક ઢાંકી દેવામાં આવ્યો છે, તેથી હવે તેને ઉઘાડીને ચોળીને ચીકણું કરવામાં કાંઇ ફળ નથી," પ્રમિલાએ જવાબ દીધો.

"છતાં તમે જુઓછો કે ગમે તેટલી સંભાળ લીધા છતાં તે વિષેની અફવા મારે કાને આવી છે." અજબકુમારે પૂરી વિગત કહાવવાનો દઢ નિશ્ચય કરી કહ્યું. "હું ખાત્રીથી કહુંછું કે, તમે ધારોછો તેના કરતાં એ બનાવની હકીકત હું વધારે જાણુંછું. સાંભળોઃ–શહેરની બહારના એક રસ્તા ઉપર, એક દિવસ, મોડી રાત્રે, એક ગાડી અકસ્માત ભાગી પડે છે–તેમાં મુસાફરી કરનાર શારદાકુંવરી અને પ્રમિલાદેવી એક પાસેના ઘરમાં આશ્રય મેળવે છે–શારદાકુંવરી પોતાનું નામ લીલાવતી ધારણ કરે છે, જ્યારે પ્રમિલા દેવી પોતાનું નામ કમળા રાખે છે."

"શું તે જુવાન બાળાઓએ અમને ઓળખી કાઢયાં હશે?" પ્રમિલાનો શક કુસુમ–કળાના ઉપર જતાં તેણી બોલી. "શું તે છોકરીઓ આવી અફવા ઉડાવવા જેવી નઠારી અને હલકી ચાલની હશે? જો તેમ હોય તો માણસના ચહેરા ઉપરથી તેના સ્વભાવ વિષે બિલકુલ અનુમાન હવે કરી શકાશે નહિ; કારણ કે પ્રમાણિકપણું, સ્વચ્છ અંતઃકરણ, અને નિર્દોષતા તે બન્ને છોકરીઓના ચહેરા ઉપર ખૂલ્લાં દેખાઇ આવતાં હતાં."

"તે કોઇ બાપડી ગરીબ બાળાઓને નાહક ઠપકો આપો નહિ–તેમને આટલો બધો ગેરઇન્સાફ કરો નહિ." અજબ કુમાર બોલ્યો. "તેમનાં નામ સિવાય તેમનાથી બીજી બાબતમાં હું તદન અજાણ્યો હોવાથી તેમના તરફથી આ વિષે મેં કંઇપણ સાંભળ્યું નથી, એટલુંજ નહિ પણ એમ પણ હું ખાત્રીથી કહુંછું કે, સારે ઠેકાણેથી મને ખબર મળી છે કે એ અકસ્માત-વાળો બનાવ એ બાળાઓએ ધર્મપૂર્વક ગુપ્ત રાખ્યો છે."

"ત્યારે દાકતરે એ વાત બહાર પાડી હશે." પ્રમિલા બબડી.

"ના, દાકતર પણ તમારા ઠપકાને પાત્ર નથી," અજબ કુમારે કહ્યું "મારી ખાત્રી થઇ છે કે, દાકતર અથવા એ બન્ને છોકરીઓ પૈકી કોઇને પણ લીલાવતી તથા કમળા ખરી રીતે કોણ છે તે વિષે બિલકુલ ખબર નથી. પણ આ વાત મેં ક્યાંથી જાણી, તે હું તમને કહીશ નહિ; માત્ર એટલુંજ કહેવું બસ થશે કે મને ખબર આપનાર તમારા જેવોજ વિશ્વાસને પાત્ર છે."

" મને હવે કંઇક શક જાય છે. " એકાએક કંઇ વિચાર આવતાં ઊર્મિલા બોલી ઉઠી. "જ્યારે અમારી ગાડી ભાગી પડી–ત્યારે એક માણસ–કદાચ તે કોઈ ગૃહસ્થ હશે–તેણે દાસીને નીચે ઉતરવામાં મદદ કરી, અને અમને બહાર નીકળવાને માટે ગાડીનું બારણું ઉઘાડયું, પણ એકાએક તે માણસ નાસી ગયો, અને તે વખતના ગભરાટમાં આ માણસની હાજરી વિષે અમે તદ્દન ભૂલી ગયાં. ત્યારે તમને ખબર આપનાર આ માણસજ હોવો જોઇએ." તેણીએ જરા ભાર મૂકીને કહ્યું.

" જ્યારે તમે ખરા અનુમાન ઉપર આવ્યાં છો, ત્યારે તે વિષે હું ના કહી શકતો નથી, " અજબકુમાર બોલ્યો, " પણ તે માણસ એ હકીકત બિલકુલ બહાર પાડે તેવો નથી. "

" તોપણ તે માણસ તમને સઘળી વાત કહી શક્યો નહિ હોય. " ઊર્મિલાએ પોતાનું અનુમાન જણાવ્યું. " કારણકે જોકે તેણે અમને ગાડીમાં જોઇને ઓળખ્યાં હોય, તોપણ મારી વહાલી સખી કેવા સંજોગોમાં હતી તે, તે જાણી શક્યો નહિ હોય. "

" તેણે તે રાત્રે પાસેજ આજુબાજુ રહીને આખી રાત તપાસ રાખી હતી. " અજબકુમારે કુસુમના ઉપરથી તદ્દન શક ઉડાવી નાખવાના નિશ્ચયથી કહ્યું, " તેણે દાકતરને લાવતાં જોયો. રાત્રે બચ્ચાનો જન્મ થયો તે તેણે જાણ્યું; અને તેની ખાત્રી હતી કે જન્મ છૂપાવવાનું તમારે કંઇજ કારણ હોય નહિ; તેથી તે કમનસીબ શારદાકુંવરીએજ બચ્ચાને જન્મ આપ્યો હશે, એમ સ્વાભાવિક રીતે તેણે ધાર્યું. "

" બસ કરો. " ઊર્મિલાએ જોરથી કહ્યું. " હું ફરીથી કહું છું કે, આ દુઃખદાયક બનાવને તાજો કરવામાં હું કંઇ ફળ જોતી નથી. તમે ખાત્રી આપો છો કે તે છૂપો ભેદ કોઇપણ ઠેકાણેથી બહાર પડવાનો નથી, તો હું આજીજી કરૂંછું કે તેને તેમજ દબાઇ રહેવા દો. મને ખાત્રી છે કે એ કામમાં મેં જે મદદ કરી છે તેને માટે તમે મને ઠપકો આપવા આવ્યા નહિ હશો. "

" ઇશ્વર મને માફ કરે. " અજબકુમારે જણાવ્યું " પણ ઉલટો હું

તમારો ઘણો આભારી છું."

"એમ છે તો મારી, તમારી પાસે એક માગણી છે" પ્રમિલા બોલી.

"બોલો." અજબકુમારે જાણવા માગ્યું.

"મારી અરજ એટલીજ છે કે, તમે આ વાત જાણોછો તે કદી પણ શારદાકુંવરીને કાને જવા દેશો નહિ; કારણ કે તેમ થશે તો શરમથી તેણી મરી જશે." પ્રમિલાએ પોતાની ધાસ્તી બતાવી.

"તેમ કરવા હું વચનથી બંધાઉં છું, પણ હવે એક વાતનો મને ખુલાસો આપો." અજબકુમાર બોલ્યો,

"તે શું છે?" પ્રમિલાદેવીએ પૂછ્યું.

"શારદાકુંવરી પોતાના સતીત્વનું ભાન કોના પ્યારમાં ભૂલી ગઇ, તેનું નામ મને કહો." અજબકુમારે મુદ્દાની વાત જાણવા માગી.

"તે કદી નહિ બને. શું તમે મને એવી હલકી ધારો છો કે મારી પ્રાણપ્રિય સખીએ મારા ઉપર જે વિશ્વાસ મૂકેલો છે તેનો હું ભંગ કરીશ?" પ્રમિલાદેવી એકદમ આવેશમાં આવી જતાં બોલી.

"મને માફ કરો, પ્રમિલાદેવી, મને તમારે માટે ઘણો ઉંચો અભિપ્રાય છે." એમ કહી અજબકુમારે ઉઠીને ચાલવા માંડયું.

પ્રકરણ ૧૭ મું.

ક્રિષ્ણાકુમારી અને તેની સહીપણી.

ક્રિષ્ણાકુમારીને યશોદાબાઇ, ગંગાબાઇને ઘેર મૂકી ગઇ. ત્યાર પછી આપણે તે તરફ જોયું નથી, માટે હવે આપણે ત્યાં જવું જોઇએ.

એક દિવસ સાંજે ક્રિષ્ણાકુમારી, તે ઘરમાં તેણીની માફક રહેવા આવેલી બીજી સ્ત્રીઓની સાથે વાતો કરતી બેઠી હતી, તે વખતે એક દાસીએ આવીને તેણીને ગંગાબાઇની પાસે જવાનું કહ્યું.

"બારણું બંધ કર, વહાલી દીકરી." ક્રિષ્ણાકુમારી ગંગાબાઈવાળા ઓરડામાં દાખલ થતાંજ ગંગાબાઈએ તેણીને ધીમા સાદે કહ્યું. "ધીમેથી બંધ કરજે. હવે મારી પાસે બેસ. મારે તને કંઈ ખાસ વાત કહેવાની છે."

ક્રિષ્ણાકુમારી એક ખુરશી ઉપર બેઠી, અને ડોસી શું કહે છે તે આતુરતાથી સાંભળવા લાગી.

"મારી વહાલી ક્રિષ્ણા," બુઢ્ઢી ગંગાબાઈએ પોતાની આંખો તેણીના ઉપર ઠેરવી બોલવા માંડયું. "આ બધી સ્ત્રીઓમાંથી એક ખાસ કામને માટે મેં તનેજ પસંદ કરી છે, કે જેથી તને કંઈક ફેરફાર સાથે ગમ્મત મળશે. તને ખબર તો હશે, કે તારી જોડેના ઓરડામાં રહેતી બાઈએ થોડા દિવસમાંજ એક બચ્ચાને જન્મ આપ્યો હતો. તેણીના સુભાગ્યે, બચ્ચું મુવેલું જન્મ્યું હતું. તે બાઈ સારા ખાનદાન ઘરની છે. તેણી પોતાનું નામ તથા ઓળખાણ છૂપું રાખવા ઇચ્છે છે—છતાં તેણીને સોબત જોઇએ છીએ. તેણી કોણ છે તે જાણવા બિલકુલ યત્ન કરવો નહિ. અને ભવિષ્યમાં કોઇ ઠેકાણે મળવું થાય તો એક બીજાને ઓળખાણ છે એમ પણ જણાવવું નહિ. ગરીબ બિચારી—તેણીને હવે એકાંતવાસ કઠણ લાગે છે, અને શોકાતુર રહે છે. મારાથી તેણીની પાસે વારંવાર જઇને વધારે વખત રહી શકાય એમ નથી, તેમ કોઇ દાસી પણ તેણીની પાસે રહેવા લાયક નથી. તેથી તને નાજુક, માયાળુ અને ઠરેલ જાણીને તેણીની પાસે મોકલવા મેં પસંદ કરી છે."

"તો તેણીનો વખત સારી રીતે પસાર થાય એવી રીતે વર્તવાને હું ઘણી ખુશીથી માથે લઇશ." ક્રિષ્ણાકુમારીએ પોતાનાં વખાણથી ખુશી થતાં જવાબ દીધો.

"ત્યારે તું હમણાંજ તેણીની પાસે જા." ગંગાબાઈએ કહ્યું. "પણ સંભાળજે કે બીજા કોઇને એ વાત કરીશ નહિ, કારણ કે બીજીઓ અદેખાઇ કરશે. તેમને એવું માનવા દે જે કે તું એકાંત વાસ વધારે પસંદ કરે છે, અને તેથી તેઓ તારી પાસે આવતી અટકશે. અને તેમ કરવાથી તું થોડો વખત આ સ્ત્રીની પાસે રહી શકશે. કેમ, બરાબર સમજી?"

"હા, હું સારી રીત સમજી છું, બાઇ." ક્રિષ્ણાકુમારીએ જવાબ દીધો. પછી ત્યાંથી નીકળીને ગંગાબાઇએ કહેલી સ્ત્રીના ઓરડામાં ગઈ. ત્યાં ઘણી સારી જાતની સગવડ કરેલી તેણીએ જોઇ.

તે તરૂણી અઢાર વરસની હતી. તેણીની કાળી આંખો ચકચકતી હતી. ગૌરવર્ણી અને શરીરે તથા બાંધાએ અનુપમ મોહક સુંદરી દેખાતી હતી. ક્રિષ્ણાકુમારી તો આ સૌંદર્યની પ્રતિમાને જોઇને દિઙ્મૂઢ જેવી તેણીનું સ્વરૂપ જોતી ઉભીજ રહી.

"મારી પાસે આવો, અને મને તમારો હાથ આપો." તે સુંદરી આકર્ષક ઢબે બોલી, જેથી ક્રિષ્ણાકુમારી ભાનમાં આવી, આગળ વધી, તેણીના બિછાના પાસે જઇને તેણીએ લાંબો કરેલો હાથ સભ્યતા પૂર્વક લઇને માનથી દાબ્યો; અને બતાવ્યું કે બન્ને સારી સલાહથી રહીશું. તેના જવાબમાં પેલી સ્વરૂપસુંદરી બોલી. "હા, આપણે સખીપણે રહીશું. તમારૂં નામ ક્રિષ્ણાકુમારી છે, એમ મને ગંગાબાઇએ જણાવી મારી સોબતમાં રહેવા તમને પસંદ કરવાને માટે કહ્યું હતું. હું કોણ છું તે જાણવાની હાલ તો તમારે ઇન્તેજારી રાખવી નહિ; પણ જે રીતે હાલ પહેલા દેખાવથી હું તમને ચાહું છું, તેવીજ લાગણી કાયમ રહેશે તો હું તમને આગળ ઉપર મારા વિશ્વાસમાં લઇશ, અને તમારાથી કંઇપણ છાનું રાખીશ નહિ."

તેણીના બોલવાની નરમાશ, માયાળુપણું, અને સભ્યતા ભરેલી વર્તણુક જોઇને ક્રિષ્ણાકુમારીને ઘણી લાગણી થઈ આવી, અને આંખમાં આંસુ આવી ગયાં.

"મારી પાસે બેસ, વહાલી સખી–હવેથી હું તને એ પ્રમાણે ગણીશ." તેણીએ થોડીવારે ક્રિષ્ણાકુમારીને કહ્યું. "આપણે એક બીજાને અન્યોન્ય દિલાસો આપવાનો છે. જેવી રીતે મારી બાબતમાં બન્યું છે, તેવી રીતે તને પણ કોઇ લુચ્ચા ઠગારાએ છેતરીને ભ્રષ્ટ કરી હશે. જેવી રીતે હું પ્યારમાં હતી, તેવી રીતે તારા સંબંધમાં પણ હશે."

"અરે રે! મારો પ્યાર ઘણો ઉંડો હતો." ક્રિષ્ણાકુમારી બોલી. "અને હવે મારે માટે કશું રહ્યું નથી, માત્ર—"

"નિરાશ થવું અથવા વેર લેવું." પેલી સ્ત્રીએ બદલાયેલા અવાજે વાક્ય પૂરૂં કર્યું.

"હા, નિરાશ થવું અથવા વેર લેવું." ક્રિષ્ણા કુમારી શોકાતુર ચહેરે બોલી. "પણ પહેલું નહિ-પણ પાછલું." આ છેલ્લા શબ્દો બોલ્યા પછી તરત તેણીને લાગ્યું કે તેણી કંઇ વધારે બોલી ગઇછે. તેથી ખુલાસા રૂપે બોલી. "પણ આવી લાગણી બતાવવી એ મારી ભૂલ છે, કારણ કે તમે મને ધિઃક્કારશો."

"તને ધિઃક્કારૂં ?" તેણી એકદમ પથારીમાં ઉછળીને બેઠી થતાં ચળકતી આંખો કરી બોલી. "જો જે માણસે તને છેતરીને ભ્રષ્ટ કરી, તે તું શાંતરીતે સહન કરે, તો હું તને વધારે ધિઃક્કારૂં. પ્યાર એ અંતઃકરણનો ધર્મછે, ક્રિષ્ણા કુમારી. તે જેના અંતરમાંછે તે ગમે તો તેને પવિત્રતા અને સાધુપણું બક્ષે છે—અથવા તો પછી વેર અને પસ્તાવાના ઝરતા અંગારામાં તે બાળે છે. આપણે સતીત્વથી ભ્રષ્ટ થયાં છીએ—તો જેણે આપણને ભ્રષ્ટ કરી શરમની ઉંડી ખોમાં નાખ્યાં છે તેના સામે આપણે રાક્ષસની માફક યુદ્ધ કરવું જોઇએ."

આ પ્રમાણે આવેશમાં બોલતાં તેણીનો ચહેરો એવો ઉસ્કેરાઇ ગયો કે ક્રિષ્ણા કુમારી ધાસ્તી ભરેલી અજાયબીમાં પડી કે—થોડા પળ પહેલાં જે સ્ત્રી એવી નાજુક, નમ્ર, અને માયાળુ દેખાતી હતી તેજ આ સ્ત્રી—કે જે આવો રાક્ષસી જુસ્સો બતાવી શકેછે !

"ક્રિષ્ણા કુમારી—વહાલી ક્રિષ્ણા." વળી પાછી તે સ્ત્રી એવા તીણા અવાજે ક્રોધપૂર્ણ મુદ્રાથી બોલી કે જાણે તેણીનામાં કોઇ ડાકણ પેશીને બોલતી હોય એમ લાગ્યું. "મારા અંતઃકરણમાં કેટલીક વખત એવો રાક્ષસી જુસ્સો થઇ આવેછે કે તે વખતે હું ગાંડા જેવી થઇ જાઉંછું. હા વેર, વેર—ને વેર—જેણે મને નીતિ અને પવિત્રતાની ઉંચી ટોચ ઉપરથી નિર્દયતાથી શરમની ઉંડી ખાઇમાં ધકેલી પાડીછે, તેના ઉપર જીવલેણ વેર લેવાના વિચારમાં મારૂં મગજ ચકડોળે ચડેછે."

તે સ્ત્રી હવે થાકી જવાથી પાછી પથારીમાં પડી. ક્રિષ્ણાકુમારી તે:

તેણીની કડક ભાષા, જુસ્સો, અને મહાકાળી જેવો ભક્ષક મૂર્તિમય ચહેરો જોઇ સજ્જડજ થઇ ગઇ. તેણીનાથી ના હલાય, કે ના બોલાય. ધાસ્તીમાં તેણીના ચહેરા ઉપર પરસેવાનાં બુંદ છૂટયાં. પેલી સ્ત્રીએ થોડીવારે શાંતથઇ ક્રિષ્ણાકુમારી ઉપર થયેલી અસર જોઇ તેણીને શાંત પાડવા જરૂર વિચારી. તે બોલી

" મેં તને ધાસ્તી ઉપજાવી છે, ક્રિષ્ણાબેન. પણ મને માફ કર: કારણકે જ્યારે મારો આવેશ ઉછળી આવે છે ત્યારે મારો દેખાવ ભયંકર થઇ જાય છે. હું મારા મગજનું સમતોલપણું જાળવી શકતી નથી. મારો સ્વભાવ વિચિત્ર છે—જ્યારે મારો પ્યાર એટલો બધો અણુદ્દ છે કે તે પ્યારના આવેશમાં મારો પ્યાર મેળવનારના માથાના એક વાળને ઇજા થતી હોય તો હું મારો જીવ આપવા તૈયાર થાઉં—ત્યારે મારા વેરની લાગણી એવી છે કે તે લેવામાં ગમે તેવા ભયંકર નર્કમાં પડવા જેવું દુષ્ટ કૃત્ય હોય તોપણ તે કરવામાં હું ડરૂં નહિ."

"તમે મને એક એવો પાઠ શીખવ્યો છે, બાઇ, કે જે મારે પોતેજ શીખવો જોઇતો હતો." ક્રિષ્ણાકુમારી કે જેને ધીમે ધીમે વીજળીક બળની માફક તે બાઇના આવેશની અસર થઇ હતી તે બોલી. "મને પણ વેર લેવાનાં સ્વપ્નાં આવે છે. મને પણ નિર્દય રીતે ભ્રષ્ટ કરવામાં આવી છે. પણ આવી રીતે જીવલેણ વેર લેવાનો મને કદી વિચાર આવ્યો નહોતો, અરે! હા, હવે હું ખુશી થાઉં છું કે મને તમારી સાથે રહેવાનો પ્રસંગ મળ્યો. જોકે તમારા કરતાં હું ઘણી હલકી ગરીબ સ્થિતિમાં છું, તો પણ મારો સ્વભાવ કેટલેક અંશે તમારા સ્વભાવને મળતો આવે છે. એક તરફથી હું ઘણીજ નરમ, ઘણીજ ગરીબ સ્વભાવની, ઘણીજ સહનશીળ, અને ઘણીજ હેતાળ છું. જ્યારે બીજી તરફથી મારા અંતરમાં ઝરતા વેરના અગ્નિનો મોટો ભડકો કરી તેમાં દુસ્મનને બાળી મૂકવાને હું દરેક રીતે ઉત્સુક બનું છું."

"તારી નમ્રતા, નબળાઇ અને સહનશીળતા એ બધું ઉંડી ખાઇમાં નાખી દે." પેલી સ્ત્રી બોલી. " એવા વિચારોથી પાછલા પ્યારના વિચારો

તાજા કરવા એ કેવળ મૂર્ખાઈજ નહિ, પણ ગાંડપણ છે. સાંભળ ક્રિષ્ણાકુમારી ” તેણી શોકાતુર ચહેરે ગંભીરતાથી બોલી. “કોઇ પણ સ્ત્રીએ અગાઉ કદી પણ પ્યાર કર્યો નહિ હોય તેવો મારો પ્યાર હતો. જે જમીન ઉપર તેનાં પગલાં પડતાં, તે જમીનને પણ હું પૂજતી—જે તેનો શ્વાસ તેજ મારો શ્વાસ—અને મારા તરફ તેની પ્યાર ભરેલી ચળકતી આંખો જોઇને હું અવર્ણનીય આનંદ પામતી. મેં મારૂં અંતઃકરણ કદી પણ કોઇને આપ્યું નહોતું, તે મેં તેને અર્પણ કર્યું; અને તે પણ કદી કોઇએ નહિ અનુભવેલા એવા પ્યારથી ભરેલું—આટલું છતાં તેનો બદલો મને તેણે કેવો આપ્યો ?”

“ મારો પણ તેવોજ બનાવ બન્યો છે. અને જે બદલો તમને મળ્યો છે, તેવોજ મને પણ મળ્યો છે. ” ક્રિષ્ણાકુમારીએ પોતાનું દુઃખ રડવા માંડયું. “ અરે, મને વેર લેવાનો રસ્તો બતાવો, અને જે પ્રસંગે આપણને ભેગાં કર્યાં છે, તે પ્રસંગને હમેશાં હું આશિર્વાદ આપીશ. ”

“ મારૂં વેર શરૂ થઇ ચૂક્યું છે: અને તે ઘણું ભયંકર છે. ” તે સ્ત્રી ઘણાજ ધીમા અવાજે બોલી. “ મારૂં વેર, તેને ધીમે ધીમે, ગુપ્તપણે પણ સખ્ત રીતે સપડાવે છે. તેનો તેને બિલકુલ મારા ઉપર શક નથી. પણ જ્યારે હું તારા સ્વભાવથી સારી રીતે જાણીતી થઇશ, ત્યારે મારો છૂપો ભેદ તને બતાવીશ. અને જે ઉપાય મેં કામે લગાડયો છે, તેજ ઉપાય તારૂં વેર લેવામાં કામે લગાડવા તને બતાવીશ. છતાં પ્રથમ તો મારે ખાત્રી કરવી જોઇએ કે તારો સ્વભાવ મારા સ્વભાવને મળતો છે, અને હાલ તેં જે ગુસ્સો બતાવ્યો છે તે તાત્કાળિક નથી, પણ તારા કુદરતી સ્વભાવને લીધે છે ”

“ મારા ઉપર વિશ્વાસ રાખો, વહાલાં બાઇ, તમારો વિશ્વાસ મેળવવા હું પ્રયત્ન કરીશ. ” ક્રિષ્ણાકુમારી બોલી. “ પણ સાંભળો, દાદરે ચઢવાનો કોઇનાં પગલાંનો અવાજ સંભળાય છે. ઘણું કરીને ગંગાબાઇ આવતાં હશે.”

પેલી સ્ત્રી પાછી પથારીમાં સૂઇ ગઈ, અને સ્વસ્થપણાનો દેખાવ ધારણ કર્યો. ક્રિષ્ણાકુમારી પણ શાંત ચહેરો રાખીને બેઠી. ગંગાબાઇ આવી. તેણીને આ બે નવી થયેલી બેનપણીઓની વાતનો કોઇપણ જાતનો શક

ગયો નહિ.

"ક્રિષ્ણા," ગંગાબાઇ બોલી. "હવે તું તારી બીજી સખીઓ પાસે જા. જો તારી સોબત આ બાઇને પસંદ પડતી હોય તો પાછી કાલે અહીં આવજે."

"હા, હા." તે સ્ત્રી બોલી. "આ બહુ ભલી છોકરી છે, અને મને તેના ઉપર પ્રીતિ આવે છે. જેમ જેમ તેણી મારી પાસે વધારે રહેશે, તેમ તેમ હું વધારે ખુશીમાં રહીશ. ક્રિષ્ણાબેન, આવતી કાલે પછી આવજે." એમ કહી વહાલથી તેણીનો હાથ દાબ્યો, અને તેજ વખતે તેમની વચ્ચે થયેલી વાતચિત ગુપ્ત રાખવા તેણીને ઇશારતથી સૂચવ્યું.

જ્યારે ક્રિષ્ણાકુમારી ત્યાંથી ચાલી ગઇ, ત્યારપછી થોડી વાર ચૂપ રહી, પછી ગંગાબાઇ પથારી પાસે આવી, અને ધીમેથી પેલી બાઇને કહ્યું. "પ્રમિલાદેવી નીચે આવ્યાં છે, અને તમને મળવા માગે છે. કંઇ જરૂરી બાબત વિષે તે તમને કંઇ કહેવાનાં છે."

"તેમને અહીં મોકલો, બાઈ." તેણીએ જવાબ દીધો. "પણ મારે તમને બીજું કહેવાનું છે." ગંગાબાઇએ આજીજની નજરથી કહ્યું. "હું તમને અજીજી કરી કહુંછું કે તમે શાંત રહેજો."

"બોલો, હું શાંત છું. અને તેવીજ રહીશ." તેણીએ જવાબ આપ્યો.

"એક તરૂણ ગૃહસ્થ તે બાઇ સાહેબની સાથે છે." ગંગાબાઇએ કહ્યું.

"અહા !!" પેલી સ્ત્રીએ ઉદ્‌ગાર કાઢયો.

"હવે, ઇશ્વરને માટે હું કહુ છું કે તમે શાંત થાઓ તો ઠીક." ગંગાબાઇ નમ્રપણે બોલી. "પ્રમિલાદેવીએ તેણીની સાથે કોઇ હોવાનું તમને કહેવાની મને સખ્ત મના કરી હતી, પણ મારાથી તે મનાઇને તાબે થઇ શકાયું નહિ. કારણ કે પહેલી નજરેજ મેં તે ગૃહસ્થને ઓળખ્યો કે તે—"

"હા, હા, હું તમારૂં કહેવું સમજી છું." ગંગાબાઇને વાકય પૂરૂં નહિ કરવા દેતાં પેલી સ્ત્રી ઉતાવળે બોલી ઉઠી. "પણ મને કહો, વહાલાંબાઇ, કે જે રીતે આપણને જણાવવામાં આવ્યું છે, તે રીતે તે ઘણી ખરાબ હાલતમાં છે ? મારૂં વેર—"

"ચૂપ, મહેરબાની કરીને ચૂપ રહો." ગંગાબાઇ ધાસ્તી ખાઈ વચ્ચેજ બોલી. પણ ઘણું ધીમેથી. "ભીંતને પણ કાન હોય છે. જ્યાંસુધી અમિલાદેવી, તેના અહીં આવ્યાનું તમને કહે, ત્યાંસુધી તે બાબત તમે જાણો છો એમ બિલકુલ બોલશો નહિ. કારણ કે ખૂલ્લું જણાય છે કે તમારી મામીની મારફતે તે તમને મળવા માગે છે. અને હવે, જો તેનું દુઃખ, તેનો પસ્તાવો, તેના અંતઃકરણનો બળાપો, તમને દયા ઉપજાવે, તોપણ આ ભયંકર ગુપ્ત ભેદ તેને જણાવશો નહિ."

"શું તમે મને નબળા મનની, અથવા તદ્દન ગાંડી ધારો છો?" તેણી બોલી.

"ધીમેથી. મને તમારા વિષે ઉંચો અભિપ્રાય છે." ગંગાબાઇએ કહ્યું. "પણ હું માત્ર એટલુંજ કહું છું કે જો તેને જરાપણ શક ગયો તો આપણા બન્નેની જીંદગી જોખમમાં છે." તેણીએ પોતાની ધાસ્તી પ્રકટ કરી

"તમે બિલકુલ ધાસ્તી રાખશો નહિ." તેણીએ દૃઢતાથી જવાબ આપ્યો. "તમે જાણો છો કે હું અચળ નિશ્ચયવાળી છું. મારૂં અંતઃકરણ પાષાણનું છે."

"જો તેમ નહોત તો હું તમને મદદ કરતજ નહિ." ગંગાબાઇએ જણાવ્યું. "અને હવે સ્વસ્થ થાઓ; કારણ કે હવે થોડી વારમાંજ અમિલાદેવી તમારી પાસે આવશે."

"તમારેજ સ્વસ્થતા જાળવવાની છે, ભલાં બાઈ." તેણીએ સ્મિતથી જવાબ આપ્યો. "કારણ કે તમારો ચહેરો ધાસ્તી ખાઇ ગયા જેવો દેખાય છે."

"હવે મારી ખાત્રી થઇ કે તમે ડહાપણથી વર્તશો." ગંગાબાઇ બોલી. "હું દૃઢ અને શાંત રહીશ. પણ યાદ રાખજો કે છોકરૂં મુવેલું જન્મ્યું હતું, અને તેને દાટવામાં આવ્યું હતું."

"હું સમજું છું, અને હવે તમે જાઓ, કારણકે તમે વધારે વખત અહીં રોકાશો, તો તેઓ વહેમાશે."

ગંગાબાઇ ત્યાંથી ગઇ, અને થોડીવારે અમિલાદેવી દાખલ થઇ.

પ્રકરણ ૧૮ મું.

ગુપ્ત ભેદ.

મંજુલા અને આણંદરાય.

પ્રમિલાદેવી જ્યારે મંજુલા પાસે આણંદરાયની મુલાકાત કરાવવા તેણીને તૈયાર કરવા ગઇ, ત્યારે આણંદરાય નીચે ગંગાબાઇના ઓરડામાં તેણીની સાથે વાતો કરતો બેઠો હતો.

હવે વાંચનારના જાણવામાં આવ્યું હશે કે ગંગાબાઇને ત્યાં, ગયા પ્રકરણમાં ક્રિષ્ણાકુમારીની જે નવી સખી થઇ હતી, અને જે પોતાનું નામ તથા ઓળખાણ આપવા ના પાડતી હતી, તેજ કરણરાયની ભાણેજ મંજુલા હતી—અને તેજ મંજુલા આણંદરાયની સાથે પ્રથમ પ્યારમાં પડી હતી, અને પાછળથી બન્ને વચ્ચે ફૂટ પડી હતી.

આણંદરાય ગંગાબાઇનો ચહેરો તથા ઘરનો એકંદર દેખાવ જોઇ બહુ આશ્ચર્ય પામ્યો, કે આવું ઠેકાણું કરણરાયે પોતાની ભાણેજને માટે શા માટે પસંદ કર્યું હશે?

"છોકરૂં મુવેલું જન્મ્યું હતું, નહિ વારૂ, ગંગાબાઇ?" કંઇ પણ વાત કરવાના વિચારથી આણંદરાયે પૂછ્યું.

"હા, સાહેબ—અને સઘળા સંજોગો જોતાં તેમાં કોઇને દિલગીર થવા જેવું નથી." તેણીએ ટુંડે પેટે જવાબ દીધો.

"તેણીને ઘણું દુઃખ ભોગવવું પડ્યું હશે?" આણંદરાયે પૂછ્યું.

"હા, તેણીને ઘણું દુઃખ થયું. જ્યારે એ બનાવ બન્યો ત્યારે રાતનો વખત હતો, અને સખત પવન હતો, તેથી તેણીની ચીસો હવામાં મળી ગઈ." તેણીએ જવાબ દીધો.

આણંદરાયને આ હકીકત સાંભળીને ધ્રૂજારી છૂટી, જેનું કારણ તે સમજી શક્યો નહિ.

"કરણરાયને તમારા મકાનની શી રીતે ખબર પડી ?" આણંદરાયે પૂછ્યું, કારણકે એવે ઠેકાણે સ્મશાનવત્ ચૂપ બેસી રહેવાથી તેને વધારે બે-ચેની થવા લાગી.

"એવી બાબત હું ઉઘાડી પાડી શકતી નથી." તેણીએ જવાબ આપ્યો. "મારી ચૂપકીદી ઉપર જે બેધડકપણે વિશ્વાસ મૂકી શકાય છે, તેને લીધેજ મારાં ઘણાં ઘરાકો થાય છે."

"ત્યારે આવો અવિવેકી સવાલ પૂછવા માટે હું માફ માગું છું. મારેજ તે સમજવું જોઇતું હતું." આણંદરાય બોલ્યો.

"એમાં કંઇ માફ કરવા જેવું નથી પણ હું બીજી સ્ત્રીઓની માફક વાતો કરવાની ટેવવાળી નથી, તેથી તમે વધારે ખુશી થશો." ગંગાબાઇએ પોતાની મહત્વતા દર્શાવી.

પાછું ચૂપાચૂપ થઇ ગયું. થોડીવારે એક નોકરે આવીને ગંગાબાઇના કાનમાં કહ્યું કે એક તરૂણી એકાએક માંદી પડી ગઇછે. ગંગાબાઇ આણંદરાયને એકલો મૂકીને જવા માટે તેની માફી માગીને ત્યાંથી ગઈ.

હવે આણંદરાય એકલો પડયો. પ્રમિલાદેવીને મંજુલા પાસે જવાને ઘણી વાર થવાથી તેને બેચેની થવા લાગી; અને તે ઓરડામાં ચારે બાજુ અંધારી અને ઉદાસીનતાવાળી જગોએ તેને બહુ નિરાશા ઉપજાવનારા વિચારો આવવા લાગ્યા.

આખરે તે પોતાની બેઠક ઉપરથી ઉઠયો, અને તે ઓરડામાં ચારે બાજુ ફરવા લાગ્યો. ફરતાં ફરતાં એક ખૂણા તરફ એક નાનું ભંડારીઉં હતું, અને તેનું બારણું ઉઘાડું રહી ગયેલું હોવાથી તેમાં તેની નજર પડી. તે તે તપાસતાં જણાયું કે તેમાં કેટલાંક પુસ્તકો હતાં.

આણંદરાયે વખત ગાળવાને માટે તે પુસ્તકો જોવા માંડયાં. પહેલું પુસ્તક લઇને જેવું તે ઉઘાડવા જાય છે કે તેમાંથી એક કાગળની કાપલી સરી પડી. આણંદરાયે તે ઉચકી લીધી. તે જોતાં તેને મથાળે "જીંદગીનો બેમાલુમ નાશ." એવા શબ્દો લખેલા વાંચવામાં આવ્યા. તેની ઇન્તેજારી ઉશ્કેરાવાથી અજવાળે જઇ તેણે તે કાગળમાંનું લખાણ વાંચી જોતાં તેને

જણાયું કે તેમાં અમુક જાતની દવાની મેળવણી લખેલી છે. પણ તે શું છે? તે તેના સમજવામાં નહિ આવવાથી પાછી તે કાપલી તે પુસ્તકમાં પાછી મૂકવા જતો હતો તેવામાં વળી તેવીજ બીજી કાગળની કાપલી તેની નજરે પડી. તે તપાસી જોતાં "જીંદગીના બેમાલુમ નાશનો ઉતાર." એ શબ્દો લખેલા જણાયા.

આણુંદરાયના ચહેરા ઉપર અજાયબ જેવો ફેરફાર થઇ ગયો. પહેલી કાપલી ફરીથી જોતાં જે દવાઓનાં નામ તેમાં જણાવ્યાં હતાં, તેમાં અમુક જાતનું ઝેર હતું. પછી બીજી કાપલી જોતાં તેને અચાનક લાગી આવ્યું કે પેલા ઝેરનો આ ઉતાર હોવો જોઇએ. તેને વિચાર આવ્યો કે શું આવી ઘરડી ડોશી સુવાવડખાનાના ધંધા સિવાય બીજાં મહાભારત ભયંકર અને દુષ્ટ કૃત્યો કરતી હશે?

પછી આણંદરાયને કોણ જાણે શું વિચાર થઇ આવ્યો કે તેણે એકદમ મેજ પાસે જઇ સીસાપેન લઇ એક કાગળ ઉપર પેલી બન્ને કાપલીઓની નકલ ઉતારી લીધી, અને તે પોતાના ગજવામાં સંતાડીને મૂકી. પછી પેલી કાપલીઓ પેલા પુસ્તકમાં મૂકી તે પાછું ભંડારીઆમાં મૂકી આવી પોતાની જગોએ બેઠો.

તરતજ ગંગાબાઇ આવી પહોંચી; અને એકાએક ભંડારીઆના ઉઘાડા બારણા તરફ તેણીની નજર જતાંજ ચમકી, અને ગભરાયેલી નજરે આણંદરાયના તરફ શકની નજરથી જોવા લાગી. ગુનેગાર હમેશાં બીહે છે, એ સિદ્ધાંત પ્રમાણે તેણીને ઘણી ધાસ્તી લાગી.

પણ આણંદરાય ઘણો સ્વસ્થ અને શાંત જણાતો હતો; તેથી ગંગાબાઇનો શક દૂર થયો, અને ખાત્રી થઇ કે ભંડારીઆ તરફ તે ગયો નહોતો. છતાં ગંગાબાઇના ચહેરામાં થયેલો ફેરફાર જોઇ આણંદરાય કળી ગયો કે, આમાં કંઇપણ ગુપ્ત અને ભયંકર ભેદ સમાયેલો છે, અને તે આ કાગળની કાપલીઓમાંજ છે.

ગંગાબાઇ પાછી આવી, ત્યારપછી થોડી વારમાંજ પ્રમિલાદેવી પણ આવી. તેમને બન્નેને વાતચિત કરવા દેવા માટે ગંગાબાઇ તે ઓરડામાંથી

બહાર ગઇ.

"મંજુલા તમને મળશે" ગંગાબાઇના ગયા પછી પ્રમિલાદેવીએ આણંદરાયને કહ્યું, "પણ આગળથી તમને કહી રાખુંછું કે તમે તેણીને માટે જે કરવા માગો છો, તે કબુલ કરવાનું તેણીને સમજાવવું ઘણું મુશ્કેલ છે. હું તેણીની પાસે આખો એક કલાક રહી. મેં ઘણા દાખલા તથા દલીલોથી તેણીને સમજાવી, અને ઘણી હરકતો બતાવી હતી.

"શું મારે એકલાએજ તેણીની પાસે જવાનું છે?" આણંદરાયે શોકાતુર ચહેરે પૂછ્યું.

"અલબત, તમારે એકલાએજ જવું પડશે" પ્રમિલાદેવીએ જવાબ દીધો, "ચાલો હું તમને મંજુલાના ઓરડા પાસે મૂકી જઇશ."

તેઓ બન્ને મેડા ઉપર ચઢ્યાં, અને થોડી પળમાં આણંદરાય પોતાનો ભોગ થયેલી મંજુલાની સન્મુખ ઉભો રહ્યો. કહેવાની જરૂર નથી કે ઓરડાની બહારથીજ પ્રમિલાદેવી પાછી ગઇ હતી.

મંજુલા પોતાની પથારીમાંજ તકીઆને અઢેલીને બેઠી હતી. એક શાલ શરીર ઉપર ઓઢી લીધી હતી. તેણીની આંખોમાંથી જાણે અગ્નિ ઝરતો હોય તેમ ચળકતી હતી, અને જુસ્સામાં તેણીનો ફીકો ચહેરો વિચિત્ર લાગણીવાળો દેખાતો હતો.

આણંદરાય, કે જે તેણીને પૂરી રીતે જાણતો હતો, તેણે જોયું કે તેણી શાન્ત નહોતી, પણ ઉશ્કેરાયેલી હતી, અને તેમાંથી સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતી હતી. આણંદરાય પોતાના વ્યાધિથી અશક્ત થઇ ગયો હતો, અને તેવી સ્થિતિમાં આવો દેખાવ જોવાથી તેનાં હાડ ધ્રૂજવા લાગ્યાં. અને પાસેની ખુરશીમાં બેશી પડયો.

"આખરે આપણે ફરી મળીએ છીએ, મંજુલા." થોડીવારે આણંદરાય રૂંધાતા શ્વાસે બોલ્યો.

"હા, આખરે આપણે મળીએ છીએ." મંજુલા ધ્રુજતા સાદે તેજ શબ્દો બોલી. "પણ કેવી રીતે અને કેવી જગોએ આપણે મળીએ છીએ, આણંદરાય? આ ઓરડાની અને આ ઘરની આજુબાજુ જુઓ, અને

મને કહો કે જેવં ઠેકાણે મને રહેવાની ટેવ છે તેવું આ ઠેકાણું છે કે ? આ ઘર ક્યાં આવ્યું છે તે પણ જુઓ—એકાંત વાસમાં—એક અંધારી—ગંધાતી ગલીમાં—નીચ લોકોના પડોશમાં. વળી આ ઘર કે જે લુચ્ચા અને નિમક-હરામ, વિષય લંપટ માણસોની દુષ્ટતાથી ફસી પડેલી અબળાઓનું, પોતાની શરમ ઢાંકવાનું આશ્રમ—વળી જે સ્ત્રી આ ઘરની માલિકણ છે, તેને પણ તમે જોઇ હશે. તેણી ખરેખરી જીવતી ડાકણ જેવી નથી શું ? ત્યારે કહો કે આવી જગોએ, અને આવી ડોકરીની સંભાળમાં મને રહેવાની ફરજ પાડનાર કોણ છે ? "

આ બધા સવાલોનો આણંદરાય કંઇપણ જવાબ દઇ શક્યો નહિ, પણ તેણીના બોલવાના જુસ્સાથી ગભરાઇ ગયો.

" શું ? તમે જવાબ દઇ શકતા નથી કે ? " મંજુલા સક્રોધ અવાજે બૂરકતી બોલી. " અરે ! પણ ત્યારે તમે અહીં આવ્યા શું કરવા ? શું મારી અભાગિણિ સ્થિતિમાં મારી હાંસી કરવા આવ્યા છો ? કે શું મારૂં દુઃખ જોઇ સંતોષ પામવા આવ્યા છો ? અથવા શું જ્યારે તમે મને ચાહતા હતા, ત્યારે મેં તમને કંઇ સખ્ત શબ્દો કહ્યા હશે, તેનું વેર લેવા આવ્યા છો ? જો એવાજ કોઇ વિચારથી આવ્યા હશો, તો તેમાં તમે સંપૂર્ણ ફળીભૂત થયા છો : કારણ કે એક વખત જે તમારી વહાલામાં વહાલી મંજુલા હતી, તેજ મંજુલા હમણાં આ ધિઃક્કારવા લાયક મકાનમાં છે. "

" ઓ ! પ્રભુ ! તું મને ગાંડો કરી દઇશ. " આણંદરાય આખરે ધ્રૂજતો ધ્રૂજતો બોલ્યો. " શું તને મારા ઉપર બિલકુલ દયા નથી આવતી ? મારા સામું જો—મંજુલા—ધ્યાન પૂર્વક જો—હું મરવાની અણી ઉપર છું; એક વરસ તો શું પણ છ મહિના પણ હવે હું કાઢી શકું તેમ નથી. અને મારા હાથમાં જે છે તે કંઇ બદલો આપવા તને વિનવવા આવ્યો છું. પ્રમિલા-દેવીએ પણ તને કહ્યું તો હશે. "

" હા, તેણીએ મને કહ્યું કે તમે હવે મારી સાથે લગ્ન કરવા માગો છો, અને તે માગણી કબુલ કરવા તેણીએ મને સમજાવી. " મંજુલાએ જવાબ દીધો. " પ્રમિલાદેવીએ પોતાથી બની શકતી તમામ મહેનત મને

૧૧

સમજાવવામાં લાંબી પણ મારૂં અંતઃકરણ ઘણું સખત છે, હું પાષાણુ હૃદયની છું—છતાં મારે તમને મળવું એવી તેણએ છેવટ આજીજી કરી. પ્રથમ તો મેં તેણીની તે માગણી પણ નાકબુલ કરી. પણ પછી મને લાગ્યું કે તમારી તબિયત વિષે જે સમાચાર મને મળ્યા છે, તે ખરા છે કે કેમ, તેની ખાત્રી કરવા તમારા બદલાઈ ગયેલા શરીર તરફ જોવાની મને મરજી થવાથી મેં હા કહી."

"ત્યારે શું, મારા ઉપર જે ગુપ્ત વ્યાધિએ હુમલો કર્યો છે, અને હોશીઆરમાં હોશીઆર વૈદ કે દાકતરનો ઉપાય ચાલતા નથી, તે વિષે તું ખુશી થાય છે?" આણંદરાય ગભરાયેલે ચહેરે બોલ્યો.

"ત્યારે શું તમારે ખરૂં જાણવું છે?" મંજુલાએ એક એવી તીક્ષ્ણ નજર ફેંકી પૂછ્યું, કે તે જોઇને આણંદરાયનાં રૂવાડે રૂવાંડાં ઉભાં થઇ ગયાં.

"ના, ના." તે એકદમ ઉભો થતાં બોલ્યો. "હું તારી પાસેથી ચાલ્યો જઇશ. મારે અહીં આવવુંજ જોઇતું નહોતું. તું મને ધિક્કારે છે, અને તારી નજરથી હું બીઉં છું. હું જાઉં છું, મંજુલા!"

એમ કહી જેવા તે બારણા તરફ જતો હતો, તેવીજ મંજુલા એક ત્રાડ પાડી બોલી. "ઉભા રહો."

તે અટકયો—પુતળાની માફક ચોંટી ગયો. અને લથડતે પગે પાછો ફરી ખુરશીમાં પડયો.

"મને આવી રીતે તમારે છોડી જવી જોઇતી નથી." મંજુલાએ પોતાનું બોલવું આગળ ચલાવ્યું. "મારી લાગણી વિષે તમને જ્યાં સુધી કંઇપણ શક રહે, ત્યાં સુધી હું તમને જવા દઇશ નહિ. કારણ કે હજુ તો માત્ર હું તમને ધિક્કારૂં છું એટલોજ તમને શક છે, તેથી તમારે પૂરેપૂરી ખાત્રી કરવી એ જરૂરનું છે. મારૂં સાંભળો—આણંદરાય—મને બોલતાં અટકાવો નહિ—મારૂં અંતઃકરણ લોખંડી થઇ ગયું છે—તેમાંનો પ્યારનો ઝરો નાશ પામ્યો છે. તો પણ એટલું તો હું સમજુંછું કે એક વખત એજ અંતઃકરણમાં કેટલો પ્યાર ઉછળતો હતો. અને તે સઘળો પ્યાર મેં માત્ર તમનેજ અર્પણ કર્યો હતો, અને તે તમે કબુલ રાખ્યો હતો. તેના

બદલામાં તમે વળતા પ્યારની પ્રતિજ્ઞા કરી હતી, કે જેથી હું સુખસાગરમાં નાહતી હતી. ત્યારે મારી નબળાઇનો તમે લાભ લીધો, અને મારી આબરૂ, મારૂં સતીત્વ, મારો નીતિનો કિલ્લો—એ તમામ મેં તમારા તાબામાં સોંપી દીધું. એમાં કદાચ મારી નબળાઇ પણ હશે; પણ એક જુવાન સ્ત્રી ગમે તેવા પ્રીતિના ઉમળકાવાળી હોય તોપણ એક જુવાન પુરૂષને કદી ફસાવતી નથી. જ્યારે મારી આબરૂ તમારા કબજામાં આવી ત્યારે—અને ત્યારેજ—તમે મારામાં ખામીઓ શોધવા માંડી. અને સ્વચ્છંદીપણાનો મારા ઉપર આરોપ મૂક્યો. તેનું કારણ માત્ર એટલું હતું કે તમે જુલમીપણું બતાવી મને તાબામાં રાખવા માગી, જ્યારે મેં મારૂં સ્ત્રીજાતિનું છૂટાપણું ભોગવવા માગ્યું. જ્યારે મને લાગ્યું કે મારી તેમ કરવામાં ભૂલ હતી, અને તમારી સાથે હું નહિ છાજતી રીતે વર્તતી હતી, ત્યારે મેં તમારી માફી માગી. અને હું ઇશ્વરને સાક્ષી રાખી ખાત્રીથી કહૂંછું કે જે વખતે હું સ્વચ્છંદી દેખાતી, તેજ વખતે હું તમને અપૂર્વ પ્યારથી ચાહતી હતી. એક સ્ત્રી—કે જે ખરા દિલથી ચાહે છે—તેણીનું મન કેવું ઉમદા હોય છે—તેનો તમને ખ્યાલ નહિ આવે. જે વખતે મારી કોઇ લહેરમાં હું તમને કંઇ નજીવું દુઃખ આપતી લાગતી, તેજ વખતે જો કોઇ તમારા વિષે કંઇપણ અપમાન ભરેલું બોલે તો તેની જીભના હું ટુકડે ટુકડા કરી નાખું, એવી મારી તમારા તરફ લાગણી હતી. શું આવું અંતઃકરણ તમારા પગ તળે કચરીને છુંદી નાખવા જેવું હતું? બોલો કે આ દુનિયામાં કોણ સંપૂર્ણ છે? છતાં એક ગરીબ ગાય જેવી અબળાને માટે કંઇપણ છૂટછાટ મૂકવામાં આવતી નથી તમે મારી નીતિનું પુષ્પ તોડીને છૂંદી નાખ્યું—તમે મારૂં સતીત્વ ભ્રષ્ટ કર્યું—તમે મને હમેશને માટે શરમના ખાડામાં ધકેલી દીધી—અને જ્યારે ઇશ્વરની નજરે હું તમારી પત્ની થઈ ચૂકી હતી—ત્યારે તમે શોધી કાઢયું કે હું સ્વચ્છંદી હતી; અને ત્યારેજ તમે મારી ભૂલો અને ખામીઓ કાઢવા માંડી પણ પુરૂષો સમજે છે કે તેઓ પોતાની મરજી પ્રમાણે સ્ત્રીઓના નિર્દોષ અને પવિત્ર અંતઃકરણ સાથે વર્તે, તેઓ તેણીઓને શરમના ખાડામાં ધકેલી મૂકે—અને તેઓ પોતાની ધાર્મિક પ્રતિજ્ઞાઓ તોડવાને માટે હજારો બહાનાં કાઢી ગરીબ બિ-

ચારી અબળાઓને છેતરે. આવું બધું કરે તોપણ તેમના કઠોર હૃદયમાં દયાની લાગણી થતી નથી હા-તમારો પુરૂષ જાત આવાજ વિચારો ધરાવે છે, અને સ્ત્રીઓ તમારી દુષ્ટતાને ઉત્તેજન આપે છે, કારણ કે ભાગ્યેજ કોઇ પોતાની ગેરઆબરૂનું વેર વાળે છે-માત્ર છૂપી રીતે રડે છે.-પસ્તાવો કરે છે-પણ સજા કરતી નથી-આવું મારા સંબંધમાં બનશે નહિ. અને હું અન્યાય સહન કરીશ નહિ." મંજુલા શ્વાસ ખાતી પથારીમાં પડી, કારણ કે જે ગુસ્સાથી અને ક્રોધથી તેણી બોલતી હતી, તે ઘણો ભયંકર હતો. આણંદરાય તો બેભાન જેવો ખુરશીમાં ચોંટીજ ગયો હતો તેણી જે જે બોલી તેનો એક પણ શબ્દ તેણે સાંભળ્યા સિવાય જવા દીધો નહોતો. પણ તેણીના શબ્દોમાં સમાયેલો ઠપકો, ધિક્કાર અને ધમકીથી તેની ભયંકર સ્થિતિ થઇ પડી હતી. પણ હવે તેણે જોયું કે તેમાં કેટલું સત્ય હતું, અને અત્યાર સુધી તે જે એમજ માનતો હતો કે સઘળી ભૂલ તેણીનીજ હતી, ત્યારે હવે તેને પોતાના અંતરમાં કબુલ કરવાની ફરજ પડી કે તેની પોતાની પણ ગંભીર ભૂલ હતી.

"ત્યારે હવે, તમે મને કંઇ જવાબ આપશો?" મંજુલા પાછી એકદમ બેઠી થઇને બોલી. "હું બોલી તે તમે સમજયા છો? હું શા માટે તમને ધિક્કારૂં છું તેનો તમને ખ્યાલ આવ્યો? તમે જાણો છો કે હું શા માટે વેર લેવા ઇચ્છું છું? અથવા ઇશ્વરજ તેનો તમને બદલો આપે છે તેથી હું કેમ ખુશી થાઉં છું?" તેણીએ છેલ્લું વાકય ફેરવ્યું, કારણ કે તેણીને એકાએક લાગ્યું કે તેણી ગુસ્સામાં વધારે બોલી ગઇ છે, અને તેથી કદાચ તેનો શક પોતાના તરફ ઉશ્કેરાય. "તમે જરા પણ ધારતા નહિ કે તમે મને જે દુઃખ આપ્યું છે, તે ભૂલી જઇને હવે હું તમને મારો હાથ આપું! વળી એમ પણ નહિ ધારતા કે જે હું હક તરીકે તમારી પાસે માગતી હતી, તે હવે એક મહેરબાની તરીકે તમે આપો તે હું સ્વીકારૂં! ના, ના, હજારો વખત ના. અને જો, જ્યારે તમારો અવસાન કાળ પાસે આવશે-અને તે વખત હવે વધારે દૂર નથી-ત્યારે તમે દુઃખી કરેલી આ મંજુલા વિષે તમારા મનમાં કંઇપણ વિચાર આવે-કંઇપણ પસ્તાવો

થાય—તો હું ઘણી ખુશી થઇશ—ઘણીજ રાજી થઇશ. કારણ કે હું તમને મારા જીવ લેણુ દુશ્મન તરીકે જોઉં છું. અને જ્યારે તમે આ દુનિઆ છોડી જશો, ત્યારે આ દુનિઆની હવા મને વધારે આવકારદાયક લાગશે. હવે જાઓ—મને છોડી જાઓ—આણંદરાય—એકદમ ચાલ્યા જાઓ, ”

પણ તેણી ગમે તેટલું બોલે પણ સાંભળે છે કોણ ? તે જુવાન ગૃહસ્થ ખુરશીમાં બે ભાન થઇને પડયો હતો.

મંજુલાએ ધાર્યું કે તે મરી ગયો હશે; અને તેથી ધાસ્તી ખાઇ જઈ ગંગાબાઇને બોલાવવા જોરથી ઘંટ વગાડયો.

ગંગાબાઇ પાસેજ હતી, તેથી એકદમ દોડી આવી, અને પહેલી નજરેજ તેણીને શું કામ બોલાવી હતી, તે કળી ગઇ. પણ તેણીની અનુભવી આંખોએ જોઇ લીધું કે, આણંદરાય મરી ગયો નહોતો, પણ બેભાન થઇ પડયો હતો, અને તેવી મંજુલાને ખાત્રી આપી.

ઉતાવળથી તેના કોટનાં તથા ખમીસનાં બટન કાઢી તેની છાતી ખુલ્લી કરી, તથા ચહેરા ઉપર ગંગાબાઇએ પાણી છાંટયું, પણ આણંદરાય શુદ્ધિમાં આવ્યો નહિ.

“ તેની આવી નબળી હાલતમાં કદાચ મૃત્યુ પણ થાય. ” ગંગાબાઇએ ધીમેથી મંજુલાના કાનમાં કહ્યું,

“ ના, ના, હજુ તેને મરવાને વાર છે. ” મંજુલા તિરસ્કારથી બોલી. “ હજુ મારૂં વેર અડધું પણ વળ્યું નથી. ”

“ ત્યારે તો ઝેરના ‘ઉતાર’ વાળી દવાનાં થોડાં ટીપાં આપ્યા સિવાય એ બચશે નહિ. ” ગંગાબાઇએ કહ્યું. “ અને તેનો નોકર આવતી કાલે પાછી ઝેરવાળી દવા આપવાનું ચાલુ કરશે. ”

“ ઠીક, હું સમજી—તેમ કરો ત્યારે. ” મંજુલાએ પોતાની અનુમતિ દર્શાવતાં કહ્યું. “ જ્યારે હું અહીં કેદમાં પડીછું, ત્યાંથી તેની પડતી સ્થિતિ જોવાને બહાર ફરતી થાઉં નહિ, ત્યાં સુધી તેણે મરવાનું નથી. માટે ‘ઉતાર’વાળી દવા આપો. ”

મંજુલા બોલતાં બોલતાં ઉશ્કેરાઇ જઇ જુસ્સાભેર બોલી હતી, તેથી

આણંદરાય કંઇક અંશે જાગૃત થવા આવ્યો હતો, છતાં શરીરે જાગૃત થતા પહેલાં તેની સમજ શક્તિ જલદી પાછી આવી હતી. તેથી તે જેવો ભાનમાં આવતો હતો, તેવો 'ઉતાર' શબ્દ તેના કાનમાં પડયો.

પાછો તે શબ્દની અસરથી બેભાન થઇ ગયો. આ સ્થિતિ ગંગાબાઇ અને મંજુલા બન્નેએ જોઇ; અને મંજુલાએ ફરીથી 'ઉતાર' આપવાનું કહ્યું.

આ વખતે આણંદરાય પાછો પોતાની સમજ શક્તિમાં આવતો જતો હતો, જો કે શરીરે તદ્દન અશક્ત થવાથી પડી રહ્યો હતો. અને ફરીથી 'ઉતાર' શબ્દ તેને કાને પડયો, ત્યારે તેની ખાત્રી થઇ કે, પ્રથમ તેણે જે સાંભળ્યું તે કંઇ ભ્રાંતિ નહોતી, પણ મંજુલાને બોલતાં સાંભળેલી તે ખરૂં હતું.

ગંગાબાઇ તે ઓરડામાંથી બહાર ગઇ. આણંદરાય પોતાના મગજની પૂરેપૂરી શુદ્ધિમાં આવી ગયો હતો; તેમ તેનું શરીર પણ હાલવા જેવા ચૈતન્યમાં આવ્યું હતું. છતાં તેણે તેમજ પડી રહેવાનું વાજબી ધાર્યું.

“ જ્યારે 'ઉતાર' આપવામાં આવે છે, ત્યારે જરૂર પ્રથમ ઝેર આપવામાં આવેલું હોવું જોઇએ, અને તેથી મને 'ઉતાર'વાળી દવા કંઇ નુકસાન કરશે નહિ. વળી તે દવા મને શુદ્ધિમાં લાવવા માટે આપવામાં આવે છે. ”

આવો વિચાર આણંદરાયના મગજમાં થવાથી તે જેમનો તેમ પડી રહ્યો થોડીજ વારમાં ગંગાબાઇ એક નાની સીસી લઇને પાછી આવી. બારણું બંધ કર્યું આણંદરાયની ખુરશી પાસે ગઇ. આણંદરાયની આંખો બંધ હતી. તરતજ તેના હોઠે પેલી સીસી લગાડી, અને સ્વાદ વગરની કંઇ પ્રવાહી ચીજ તેના ગળામાં ઉતરી.

થોડીવારે આણંદરાય શુદ્ધિમાં આવતો હોય, એવો તેણે દેખાવ આપ્યો, અને તે ભાગ તેણે એવી સરસ રીતે ભજવ્યો કે તેણે કંઇ પણ ઠગાઇ કરી હોય, એવો કોઇને શક ગયો નહિ. ગંગાબાઇએ તેને પાણી આપ્યું, જે તેણે પીધું; અને થોડી વારમાં તે પૂરેપૂરો હોશીઆર થઇ ગયેલો દેખાયો.

પછી ખુરશી ઉપરથી ઉઠીને આણંદરાયે મંજુલા તરફ એક ઠપકા ભરેલી નજર નાખી, જેનો તેણીએ ધિક્કાર અને તિરસ્કાર ભરેલા નજરથી જવાબ વાળ્યો. પછી તે ઓરડામાંથી બહાર નીકળી નીચે ચાલ્યો ગયો.

પ્રમિલાદેવી તેની વાટ જોતી બેઠી હતી, તેણીને મળ્યો, અને મંજુલાને સમજાવવામાં તે કેવા રીતે નિષ્ફળ થયો હતો, તે ટુંકામાં સમજાવ્યું. પણ તે બેભાન થઈ ગયો હતો, અને ભયંકર વાર્તાચિત સાંભળી હતી, તે વિષે કશું બોલ્યો નહિ.

પ્રમિલાદેવીનો વિચાર ફરીથી એક વખત મંજુલા પાસે જઇ તેણીને વધારે સમજાવવાનો હતો પણ આણંદરાયે ખાત્રીથી કહ્યું કે હવે અત્યારે તેણીને કંઇપણ કહેવું એ નિરર્થક હતું, એટલુંજ નહિ, પણ તેણીના જુસ્સાને વધારે ઉશ્કેરણી મળે તેવું હતું તેથી પ્રમિલાદેવીએ તે વિચાર છોડી દીધો. પછી બન્નેજણ ત્યાંથી નીકળીને, ભાડાની ગાડી જે બહાર ઉભેલીજ હતી, તેમાં બેસી ચાલ્યાં ગયાં.

પ્રકરણ ૧૯ મું.

ઝેર અને તેનો ઉતાર.

જ્યારે આણંદરાય પોતાને ઘેર પહોંચ્યો, ત્યારે પોતાના ખાનગી ઓરડામાં જઇને, એક પલંગ ઉપર પડયો, અને ભારે વિચારમાં ગરક થઇ ગયો.

આ વિચારો ઘણા જુદા પ્રકારના અને ગુંચવાડા ભરેલા હતા; કારણકે તે સાંજે તેણે અનુભવેલી બાબતોમાં બહુજ વિચિત્રતા સાથે ઉંડો—ગુપ્ત ભેદ સમાયેલો હતો.

"ઝેરનો ઉતાર" શા માટે તેને દવા તરીકે આપવામાં આવ્યો હશે? શું ત્યારે તેની નસોમાં ઝેર વહેતું હશે? અને જો તેમ હોય તો પણ તે

ગંગાબાઇ અને મંજુલાના જાણવામાં શી રીતે હોય, સિવાય કે તેઓજ ઝેર આપનાર હોય! આ નાશકારક વ્યાધિનું કારણ કે જે મોટા મોટા વૈદ-દાક્તરો જાણી શકયા નહિ, તે ઇશ્વરી પ્રેરણાથી તેના પોતાના જાણવામાં આવ્યું હશે? જો તેમ હોય તો તે ઝેર કે જે તેની જીંદગીને જલદી તોડી નાખવું હતું, તેનો 'ઉતાર' તેની પાસે હતો.

મંજુલાએ જે ભાષામાં અને જે ઉશ્કેરાયેલી સ્થિતિમાં વાતચિત કરી હતી, તે ઉપરથી તેની ખાત્રી થઇ હતી કે તેણી તેના ઉપર જીવલેણ વેર લે તેવી હતી, એમાં કંઇ શક નથી. અને જો તેનો આ વ્યાધિ કોઈ મનુષ્ય કૃતિથી થયો હોય તો તે કરનાર મંજુલાજ હોવી જોઇએ, એમ તેણીના પોતાનાજ અમુક શબ્દોથી જણાતું હતું. તેણીની અતિશય ઘાતકી ઇચ્છા ખૂલ્લી દેખાઇ આવતી હતી. તેણીનો કિન્નાખોર ઇરાદો તેણીએ કબુલ કર્યો હતો. ત્યારે શું, તેણીએ કોઇ નીચ અને દુષ્ટ માણસને ભારે રકમની લાલચ આપીને પોતાનો સાગ્રીત બનાવ્યો હશે, કે જેની માર્ફતે પોતાનું વેર લેવાની દુષ્ટ યુક્તિ ક્યારની અમલમાં મૂકી હશે?

જો આ બધાં અનુમાનો ખરાં હોય તો તે નીચ માણસ-તેણીનો સહાયકારી કોણ હોવો જોઇએ? આણંદરાયનો શક કુદરતી રીતે પોતાના ખાનગી નોકર મોતી ઉપર ગયો. પણ આ માણસ તો કેટલાંક વરસથી આ કુટુંબમાં નોકરી કરતો હતો, અને તેની વર્ત્તણુક દોષરહિત કહેવાતી હતી. વળી શું આ મોતી પોતાના જુવાન શેઠ ઉપર માયાળુ લાગણી બતાવતો નહોતો? જ્યારે જ્યારે આણંદરાય તેની રૂબરૂ, મૃત્યુને નજીક લાવતા, પોતાને લાગેલા જીવલેણ વ્યાધિ વિષે વાત કરતો, ત્યારે શું તે મમતાળુ લાગણી બતાવી રડતો નહોતો? હા-એ બધું ખરૂં છે, પણ અફસોસ! કે મનુષ્ય સ્વભાવ આવા ઘણા નીચ ઢોંગ કરવાને પાત્ર છે.

આ પ્રકારના આણંદરાયના આ વખતના વિચારો હતા, અને તે ખરેખર ઘણા ભયાનક હતા તેણે ઘણાં પુસ્તકોમાં નીચ માણસોનાં વૃત્તાંતો વાંચ્યાં હતાં. અને તેઓ અમુક જાતના એવા ઝેરનો ઉપયોગ કરતા, કે જેને તે આપવામાં આવ્યું હોય, તેને તેની અસરથી આવો વ્યાધિ લાગુ પડતો હતો.

શું ત્યારે ખરેખર એવાં ઘાતકી કામ હાલના વખતમાં થતાં હશે? અને તેવી ચીજો બુઢ્ઢી ગંગાબાઇની પાસે હશે?

આ બન્ને સવાલોના જવાબમાં તેની ખાત્રી થઇ કે એ અનુમાનો ખરાં હોવાં જોઇએ.

છતાં, કદાચ તેના કાને સાંભળતાં ભૂલ તો નહિ કરી હોય? તેના બે-ભાનપણામાં 'ઉતાર' શબ્દ સાંભળ્યાની ખોટી ભ્રમણા તો નહિ હોય? શું એ સંભવિત નથી કે 'ઝેર' અને તેના 'ઉતાર' ની મિશ્રણ કરવાની રીતની નોંધ તેણે જોઇ, અને તે વિચાર તેના મગજમાં તાજા હતો, તેથી તે શુદ્ધિમાં આવ્યો, ત્યારે તેની ભ્રમણામાં તેને એ શબ્દ સાંભળવાનું લાગ્યું હોય? અને જો કદાચ તે શબ્દ ખરેખર બોલાયો હોય, તોપણ એના ખરા અર્થથી એ બુઢ્ઢી ડોકરી અજાણી હોય, અને પોતાનીજ કોઇ દવાને તે નામ આપ્યું હોય એમ બનવું સંભવિત નથી?

આ પાછલી વિચાર માળામાંથી તેને હવે યાદ આવ્યું કે આ શબ્દ મંજુલા બોલી હતી. તેથી ધીમે ધીમે આણંદરાયની ખાત્રી થવા લાગી કે અકસ્માત રીતે આ ગુપ્ત વ્યાધિનો ભેદ તેના જાણવાં આવ્યો છે.

ગમે તેમ હોય, તોપણ તે દવાઓની નોંધની કાપલીઓની નકલો તેની પાસે હતી, અને કોઇ હોંશીઆર દવાવાળો તે દરેકની ખરી અસર અને ગુણ સમજાવી શકશે.

આમને આમ વિચારમાં રાતના અગિઆર વાગવાનો વખત થવા આવ્યો. તેણે પોતાના નોકર મોતીને બોલાવ્યો. મોતી હાજર થયો.

હમેશના કરતાં વધારે ધ્યાનપૂર્વક તેના તરફ જોવાનો દેખાવ બતાવ્યા સિવાય, આણંદરાયે ગુપ્ત રીતે બારીકીથી મોતીનો ચહેરો તપાસ્યો. પણ શક લાવવા જેવું કંઇપણ ચિન્હ જણાયું નહિ. મધ્યમ ઉમરનો, ઘઊંવર્ણો, સારા બાંધાનો, અને આબરૂદાર દેખાવનો આ મોતી—આવું અપ્રમાણિક—અને વળી તે આવું અતિ દુષ્ટ અને ઘાતકી કામ કરી શકે એમ તેને લાગ્યું નહિ.

આણંદરાય વળી પાછો વિચારમાં પડયો, અને ગભરાયો પણ

તેણે તે ગુપ્ત ભેદનો પત્તો લાગતાં સુધી કોઇપણ જાતના છેવટ નિશ્ચય ઉપર નહિ આવવાનુ યોગ્ય વિચાર્યું.

પોતાનાં કપડાં ઉતારીને આણંદરાય સુવા ગયો. અને હમેશના રિવાજ મુજબ પલંગની પાસેના ટેબલ ઉપર, મોતીએ જરૂરી ચીજો ગોઠવીને મૂકી. એક દીવો, દીવાસળીની પેટી, એક વાંચવાનુ પુસ્તક, અને પાણીનું વાસણ તથા પવાલું-આ બધી ચીજો હમેશાં તે સૂતાં સૂતાં લઇ શકે, એમ ગોઠવવામાં આવતી હતી. જ્યારે તેને ઉંઘ આવવાના વખત થતો ત્યારે તેનાથી દીવાનું અજવાળું ખમી શકાતું નહિ. પણ કેટલીક વખત જ્યારે તેને ઉંઘ નહિં આવતી, ત્યારે દીવો કરીને પોતાનો વખત વાંચવામાં ગાળવાની તેને ટેવ હતી. તેને તરસ ઘણી લાગતી, અને તેથી પાણીનું વાસણ એક રાતમાં આખું ખાલી થવાનો પ્રસંગ અસાધારણ નહોતો. એક મોટું પવાલું ભરીને તો તે પીતોજ.

મોતી પોતાનું હમેશનું કામ કરીને ચાલ્યો ગયો,

આણંદરાયને તરત તો ઉંઘ આવીજ નહિ, અને સાંજે બનેલા બનાવો ઉપર પાછો વિચારમાં પડયો. તેવામાં તેને યાદ આવ્યું કે ગંગાબાઇએ "ઝેરના ઉતાર" ગણી જે પાણી તેને પાયું હતું, તે બિલકુલ સ્વાદ રહિત હતું. પછી એક પછી એક પોતાની વિચારમાળાની કડીઓ ગોઠવતાં તેને વિચાર થયો કે આવું પાણી-જો કે-તેણે તે સીસી જોઇ નહોતી-તો પણ સફેદ હોવાનું અનુમાન થઇ શકે, અને તે સાદા પાણીમાં સહેલથી ભેળવી શકાય. ત્યારે એવો વિચાર આવ્યો કે જો મોતીજ એવી નીચ વૃત્તિનો દુષ્ટ હોય, અને તેની માર્ફતે તેને ઝેર આપવામાં આવતું હોય, તો રાત્રે જે પીવાના પાણીનું વાસણ હમેશાં તે પલંગ પાસે મૂકે છે, તેમાંજ તે ઝેરી દવા મિશ્ર કરતો હોવો જોઇએ.

પણ આ બાબત ઉપર, અને દવાની નોંધો વિષે, કોઇ સારો દવા વાળોજ ખુલાસો કરી શકે.

આખરે તેના ઉપર નિદ્રાદેવીએ મહેરબાની કરી. સવારે હમેશના કરતાં કંઇક વહેલો ઉઠયો, ત્યારે તેને લાગ્યું કે તેને ગઇ સાંજના કરતાં કંઇક

ઠીક લાગતું હતું. વાંચનારે ખાત્રી રાખવી કે તેણે પોતાની પાત્રના વાસણ-માંથી તે રાત્રે બિલકુલ પાણી પીધું નહોતું; પણ હવે તેણે ઉઠીને એક સીસામાં પેલું પાણી ભરી લીધું. અને તે એક ભંડારીઆમાં સંતાડયો. તો પણ, પ્યાલામાં થોડું પાણી નાખ્યું, કે જેથી રાત્રે પાણી પીધું હતું એમ દેખાય.

પછી પાછો પલંગમાં જઈને સૂતો, અને થોડીવારે મોતીને બોલાવ્યો. જ્યારે તે આવ્યો, ત્યારે તે જાણે નહિ તેમ, આણંદરાયે તેના તરફ નજર રાખી, તો તેને લાગ્યું કે મોતીએ પાણીના વાસણ તરફ ઉતાવળી નજરે જોયું હતું. છતાં કદાચ આ તેનો ખોટો વહેમ પણ હોય. સાધારણ રીતે જ તેની નજર તે તરફ ગઇ હોય. ગમેતેમ હોય, પણ હજુ મોતીને દોષિત ઠરાવવા જેવો વખત આવ્યો નહોતો, અને તેથી તેની સાથે હમેશની માફક માયાળુપણેજ તે વર્ત્યો.

પછી ઉઠીને દાતણપાણી કરીને, પોતાનાં કપડાં પહેરીને, આણંદરાયે તેના પિતા ધરણીધરરાયને મોતી સાથે ખબર આપી કે તે કોઇ મિત્રની સાથે બહાર જવાનો છે, તેથી તેમની સાથે સવારમાં ચા પીવા આવી શકશે નહિ. એમ કરવાનું ખરૂં કારણ તો એ હતું કે તે પોતાની ઇન્તેજારી હવે વધારે વખત અટકાવી શક્યો નહિ. તેણે ધાર્યું કે દવાવાળાની સલાહ મેળવીને ખાત્રી કર્યા સિવાય પાણીનો ઘુંટડો પણ તેને ગળે ઉતરી શકશે નહિ; કારણ કે તેને સંપૂર્ણ ખાત્રી અને આશા હતી કે જે બાબતની તે તપાસ કરે છે, તે બાબત તેની પોતાની જીંદગી અથવા મોતને માટે ઘણી મહત્વની હતી.

પેલી દવાની નોંધની નકલો તથા પાણીનો સીસો પોતાના ડગલામાં છૂપાવીને તે ઘરની બહાર નીકળ્યો; અને પ્રખ્યાત દવાવાળાની દુકાન તરફ ગયો. જે દુકાનદાર પોતાના કુટુંબમાં હમેશાં દવા પૂરી પાડતો હતો, અને વિશ્વાસુ હતો તેની દુકાનમાં પેઠો.

દુકાનદાર, આણંદરાય આટલોબધો વહેલો પોતાની દુકાને આવેલો જોઇ આશ્ચર્ય પામ્યો, કારણ કે તેના બાપથી તે જાણીતો હતો. વળી

હજુ વધારે અજાયબ તો ત્યારે થયો કે જ્યારે આણંદરાયે પૂર્ણ ગંભીરતાથી અને ભેદ ભરેલા દેખાવથી તેની સાથે ખાનગી વાતચિત કરવા જણાવ્યું.

દુકાનદાર અંદરની ઓરડીમાં આણંદરાયને લઇ ગયો, અને તે ઓરડીનાં બારણાં બંધ કર્યાં.

"હું તમને ઘણી આજીજીથી અને ભાર મૂકીને કહું છું," આણંદરાયે પોતાની હકીકત કહેવા માંડી. "કે મારી પાસે અમુક જાતની દવાની મેળવણીની નોંધો છે, અને તે વિષે હું તમારી સલાહ લેવા માગું છું, પણ તે નોંધો મારી પાસે કેવી રીતે આવી તે વિષે તમારે મને કંઇ પણ પૂછવું નહિં."

'કોઇ પણ જાતની અવિવેકી ઇન્તેજારી બતાવવાની મારી ટેવ નથી, આણંદરાયજી." દુકાનદારે કંઇક ખોટું લાગવા જેવા દેખાવથી જવાબ દીધો.

"તમને ખોટું લગાડવાનો મારો હેતુ નહોતો. સાહેબ." આણંદરાયે ખુલ્લા દિલથી તેના મનનું સમાધાન કરવા કહ્યું, કે જેથી દુકાનદારને પોતાના કુદરતી માયાળુ સ્વભાવને લીધે સંતોષ થયો. "પણ જો આ નોંધો, જેવી જાતનો હું શક રાખું છું તેની જાતની નીકળશે, તો તમને લાગશે કે કે તે મારા હાથમાં શી રીતે આવી, તે મારે છૂપું રાખવા જેવું છે."

"હું એક પ્રમાણિક ધંધાદારીની રીતે આ બાબતમાં વર્તીશ." તેણે જવાબ દીધો "અને તમે તમારી મરજીથી જે હકીકત જણાવશો તે કરતાં વધારે જાણવાની હું ખાયેશ રાખીશ નહિ."

"આવી ખાત્રી આપવા માટે હું તમારો આભારી છું." આણંદરાય બોલ્યો, પછી પોતાની પાસેની નોંધોની નકલવાળો કાગળ તેને આપીને કહ્યું. "આ બે નોંધોમાં જે મિશ્રણ બતાવ્યું છે, તે વિષે તમારો અભિપ્રાય મહેરબાની કરીને આપશો?"

દુકાનદારે આંખોએ ચશ્માં ચડાવી તે કાગળ લઇને ધ્યાનપૂર્વક વાંચ્યો. બે ત્રણ વખત વાંચી ગંભીરતાપૂર્વક વિચાર કરી આખરે તેણે ઉંચું જોઇને, આણંદરાય ઉપર મુબારકબાદી અને અજાયબી વાળી નજર ફેરવીને તે બોલ્યો. "જો, હવે તમને જે વ્યાધિ લાગુ પડયો છે, તેનું કારણ, અને

તેનો ઉપાય, તમારા કબજામાં અત્યારે ન હોય, તો હું ઘણી મોટી ભૂલ કરૂં છું એમ ગણાય."

"ઓ ! સર્વ શક્તિમાન ઈશ્વર ! હું તારાં શું વખાણ કરૂં ?" તે જુવાન એકદમ ખુશાલીના આવેશમાં બે હાથ જોડી ઈશ્વરની પ્રાર્થના કરતો બોલ્યો. "અરે ! જો આ ખરૂંજ હોય ! પણ નહિ, નહિ, એ નહિ આશા રાખી શકાય એવું ખુશાલી ભરેલું સુખનું સ્વપ્નું મારા નસીબમાં ક્યાંથી હોય ?"

એમ બોલતાં તેની આંખો આંસુથી ભરાઇ ગઇ, કારણ કે એકજ ક્ષણમાં, તેની જીંદગીની તૂટતી દોરી, પાછી એકાએક સંધાઇ જઇ તેની જીંદગી, વસંતઋતુના પૂર બહારની માફક ખીલવામાં ફેરવાઇ જતી જોવાનું સ્વપ્નવત્ લાગ્યું. તેનું નાશ થતું શરીર, પાછું એકાએક પૂર જુવાનીમાં આવતું જણાયું. આશા-ચળકતી આશાનાં પ્રકાશિત કિરણો તેના ચહેરા ઉપર ખીલી રહ્યાં. અને તેને લાગ્યું કે તે જે ભાગેલા પગે મૃત્યુની નજીક જતો હતો, તે હવે જોરદાર પગલાંથી પૂર યુવાવસ્થાને પ્રાપ્ત થતો જણાતો હતો.

"હા, મેં કહ્યું તે ખરૂં છે." દુકાનદાર ખુશાલીના આવેશમાં બોલ્યો. "આમાંની એક દવા ધીમે ધીમે જીવ લે એવું ઝેર છે, જ્યારે બીજી દવા તે ઝેરનો ઉતાર છે."

"એનો રંગ કેવો થતો હશે ? અને સ્વાદ કેવો હશે ?" આણંદરાયે આવી ખુશ ખબરથી આવેશમાં આવી જઇ 'ઉતાર' વાળી દવા લેવાની ભારે આશામાં તેને સંબંધ પડતા સવાલો પૂછવા માંડયા, કારણ કે હવે તેની જીજ્ઞાસા તે રોકી શકે એમ નહોતું.

"રંગ સફેદ થાય, અથવા રંગરહિત થાય." દુકાનદારે જવાબ દીધો. "અને સ્વાદ પણ કોઇ જાતનો હોય નહિ, એટલે એ દવા રંગ અને સ્વાદ રહિત થાય."

"ત્યારે આ અભિપ્રાય ઝેર અને તેના ઉતાર વાળી દવા બન્નેને લાગુ પડે છે ?" આણંદરાયે પૂછ્યું.

"હા, તેમજ છે. પણ ખરેખર, આમાં ઈશ્વરી સંકેત છે, કે જેથી

આ રીતે ભેદ તમારા હાથમાં આવી ગયો." દુકાનદારે આણંદરાયનો હાથ પૂર મમતાથી દાબીને કહ્યું.

"મારા વહાલા દોસ્ત, તમારી ભલી લાગણી માટે હું તમારો ઘણો આભાર માનું છું." આણંદરાય હર્ષનાં આંસુથી છલકાતી આંખે બોલ્યો "ખરેખર આમાં ઈશ્વરનોજ હાથ છે. અને કદી પણ તે મહાન, સર્વ શક્તિમાન્ પ્રભુને યાદ કર્યા વગર હું નહિ રહું, જો તે પરમાત્મા પ્રભુ મને સાજો કરે અને બચાવે તો."

"તેમ થશેજ." દુકાનદારે ભાર મૂકીને જણાવ્યું. "તમારા લોહીમાં ઝેર ભળેલું છે, અને હવે તેનો ઉતાર તમારા હાથમાં છે."

"તો જ્યારે તે મહા દયાળુ જગત્કર્તા પ્રભુએ મને મૃત્યુમાંથી બચાવ્યો છે, ત્યારે હવેથી હું મારી જીંદગી, સદ્ગુણી, અને પ્રમાણિકપણાથી ભલાં કામ કરવામાંજ ગુજારીશ." ઘણી ઉંડી લાગણીથી આણંદરાય બોલ્યો.

"જો કે હું વહેમી નથી." દુકાનદાર બોલ્યો. "પણ જ્યારે, તમે કેવી સ્થિતિમાં હતા—હજુ છો—અને એકાએક કુદરતે એવું સાધન તમને આપ્યું કે જેથી તમારા વ્યાધિનું કારણ તમે જાણી શક્યા, એટલુંજ નહિ પણ તેનો ઉતાર પણ તમારી પાસે છે, તેનો હું વિચાર કરૂં છું, ત્યારે એમ મારે કહેવુંજ પડે છે કે આ કંઇ ઇશ્વરી સત્તાનુંજ પરિણામ છે."

"મારો પણ હમેશાં તેવોજ વિચાર રહેશે." આણંદરાયે કહ્યું. "પણ હવે આ સીસો તમે તપાસો, અને કહો કે એમાંનું પાણી કોઇ પીએ તો તેને નુકસાન કર્તા છે?"

દુકાનદારે તે સીસામાંનું પાણી એક કાચના મોટા પ્યાલામાં ખાલી કરી તેનું પૃથક્કરણ કરી તપાસ્યું. લગભગ અડધા કલાક સુધી આમ તપાસણી કર્યા પછી તે બોલ્યો. "આ પાણીમાં ઝેરી દવા મેળવેલી છે."

"ત્યારે તો માણસના ચહેરા ઉપરથી તેના ગુણ તથા મન વિષે અનુમાન કરવાને છેલ્લી સલામ કરવાનો વખત આવ્યો." આણંદરાયને પોતાના ખાનગી અને વિશ્વાસુ નોકર મોતીનો વિચાર આવતાં તે બોલ્યો. "પણ નહિ, આ પ્રમાણે ઉદ્ગાર કાઢવામાં હું ખોટો છું." તેણે ઉતાવળથી વાક્ય

સુધાર્યું. "દરેક બાબતમાં બાતલ્તા હોય છે અને મારે માનવું જોઇએ, કે જે ઇશ્વરે પોતાની પ્રતિમાને આધારે મનુષ્ય પ્રાણીઓને બનાવ્યાં, તેજ ઇશ્વરે તેમનાં મન અને બુદ્ધિ પણ બનાવ્યાં છે. આ કુદરતી કાયદો છે, જ્યારે તેમાં પછી બીજી બાતલતા હોય છે. સાહેબ, આપે આજ ઘણી મહેનત લીધી, તેને માટે હું આપનો ઘણો આભારી છું. અને હવે મહેરબાની કરીને 'ઉતાર' વાળા દવા મને બનાવી આપશો કે જેથી મારૂં શરીર અસલ સ્થિતિમાં આવે."

"એ દવા મેળવતાં અને તૈયાર કરતાં મને બે કલાક થશે." દુકાદારે જવાબ દીધો. "આપને ઘેર હું મોકલી આપું તો કેમ?"

"ના, તેમ કરવાની જરૂર નથી. બપોર પછી હું જાતેજ આવીશ. મારે ઘેર કોઇને પણ હું કશું જણાવવા માગતો નથી, કે મારામાં જે ફેરફાર થશે તે કોઇ દવાને લીધે છે. હું મારા પિતા વગેરેને એવું મનાવવા માંગું છું કે મને જેવી રીતે કુદરતે વ્યાધિગ્રસ્ત કર્યો હતો, તેવીજ રીતે કુદરતે મને વ્યાધિ મુક્ત કર્યો છે."

પછી તે ત્યાંથી ચાલી નીકળ્યો. તેણે તે વખતે દુકાનદારને તેની મહેનત બદલ કંઇ પૈસા આપ્યા નહિ. પણ પાધરોજ તે સોના રૂપાના દાગીના વાળાની દુકાને ગયો. તેજ દિવસે તે દવા વાળા દુકાનદારને સોનાનું હીરા જડિત ઘડિઆળ, સોનાની સાંકળી સાથેનું મળ્યું, કે જેની કિંમત પાંચસેં રૂપીઆ કરતાં ઓછી નહોતી.

પ્રકરણ ૨૦ મું.

જાફત.

ઉપરના બનાવ બન્યાને લગભગ વીસેક દિવસ થયા હશે; અને એક દિવસ રાત્રે આઠેક વાગે ધરણીધરરાયના મહેલ આગળ એક પછી એક ગાડીઓ આવવા માંડી, અને તેમાંથી મોટા મોટા અમીર

ઉમરાવો શ્રી ઠાકરસિંહ ઉતરીને તે મ્હેલમાં જતાં હતાં. આ મોટા ભવ્ય મહેલની બારીઓએ સુશોભિત બારીક પડદા નાખી દીધા હતા, છતાં તેમાંની અપૂર્વ રોશનીના ઝગઝગાટ બહાર રસ્તા ઉપરથી દૃશ્યમાન થતો હતો.

ધરણીધરરાયે પોતાના એકના એક વહાલા પુત્ર આણંદરાયની તબિયતમાં એકાએક અજાયબ જેવો સુધારો થતો હતો, તે જોઇ ખુશાલીમાં આવી જઈ તે દિવસે રાત્રે પોતાનાં સગાં–વહાલાં તથા મિત્રોને નોતરી ગાયન વગેરેની ગમતનો મેળાવડો કરી, ખાસ આપવાનું ઠરાવ્યું હતું. અને તેને માટે મહેલમાંનું વિશાળ દીવાનખાનું પૂરભભકાથી શણગાર્યું હતું.

જોકે ઠંડીના દહાડા હતા, અને બહાર પૂરજોસમાં કડકડતી ટાઢ પડતી હતી છતાં, પણ આ દીવાનખાનામાં અપાર રોશની તથા ભરચક માણસોની ઠઠથી એટલી ગરમી થઇ ગઇ હતી કે, ઠંડી જેવું કંઇ જણાતું નહોતું. મોટા મોટા જાગીરદારો, અમીર, ઉમરાવો અને શહેરમાંના બીજા આબરૂદાર ગૃહસ્થો પોતાનાં સ્ત્રી–છોકરાં સાથે ધરણીધરરાયના આમંત્રણને માન આપીને આ ભવ્ય મેળાવડામાં હાજર થયા હતા. મોટા દીવાનખાનામાં પુરૂષવર્ગની બેઠક રાખી હતી, જ્યારે પાસેના બીજા તેવાજ દીવાનખાનામાં સ્ત્રીવર્ગની બેઠક રાખી હતી. આ બન્ને ઓરડાઓની વચ્ચે ત્રણચાર મોટાં બારણાં હતાં, ત્યાં ચક નાખી દઇ સ્ત્રીઓની મર્યાદા જળવાય એમ ગોઠવણ કરી હતી. વળી બાજુ ઉપરના બીજા બે ઓરડાઓ નાની ઉમરનાં તથા મોટી ઉમરનાં છોકરાંઓને છૂટથી વાતચિત કરવા તથા રમવાને માટે તૈયાર કર્યા હતા. અને દરેક ઓરડામાં દરેકજણને માટે સુખ સગવડનાં દરેક જાતના સાધનો તૈયાર રાખવામાં ઘણી કાળજી રાખી હતી. નમ્રસ્વભાવ, નાજુકાઇ ભરેલું બોલવું, અને સર્વમાં હળીમળીને ચાલવાની વર્ત્તણુકને લીધે આણંદરાય સર્વ સગાં–વહાલાં તથા મિત્ર–મંડળમાં ઘણો વહાલો થઇ પડયો હતો, અને તેના ગુપ્ત વ્યાધિથી સર્વ કોઇ ચિંતાતુર રહેતાં હતાં, તેથી તેની તનદુરસ્તીમાં અજાયબ જેવો સારો ફેરફાર થવાથી, તે ખબર જાણી, સર્વ મંડળ ઘણી આતુરતા અને ખુશીથી આ મેળાવડામાં ભાગ લેવા આવ્યું હતું. માત્ર શહેરનાજ નહિ, પણ બહારગામના પણ કેટલાએક પરોણાઓને નો-

તર્યાં હતા, અને તે સર્વેએ ઘણા મનથી નોતરાનો સ્વીકાર કર્યો હતો. આ સઘળાં કારણોથી આ મેળાવડો ઘણો ભવ્ય હોવા સાથે ભભકાદાર ઘરેણાં તથા પોશાકના ઝગઝગાટથી અને દીવાનખાનાની અદ્ભુત રોશનાથી પૂરબહારમાં ખીલી રહ્યો હતો. જુદી જુદી જાતનાં ગાવનનાં સાધનો–સિતાર, દિલરૂબા, હાર્મોનિયમ વગેરે તૈયાર હતાં, અને વગાડનાર તથા ગાનારા પણ હાજર હતા.

ધરણીધરરાય વૃદ્ધ હતો, પણ તેનો ચહેરો કડક અને મગરૂબ દેખાતો હતો; છતાં આ પ્રસંગે તેના હોઠ ઉપર વારંવાર સ્મિત સ્ફૂરી આવતું જોઇને તેના હમેશના પરિચય વાળાઓને ઘણી અજાયબી લાગતી.

આણંદરાયનું શરીર ખરેખર ઘણું સુધરી ગયું હતું,–જોકે હજુ તે પાતળો, ફીક્કો, અને કમજોર હતો; છતાં થોડા દિવસો પહેલાં અદિનાના મહિનાઓ સુધી તે જેવો દેખાતો હતો, તેના કરતાં ઘણો સારો ફેરફાર લાગતો હતો. તે ઘણો ખુશમિજાજમાં હતો. તેનાં પગલાં હવે દૃઢ પડતાં હતાં; અને આવનાર પરોણાઓને આવકાર આપતાં ઘણી રમુજથી વાતચિત કરતો જેથી સર્વને આનંદ થતો.

“ મહોબતરાયજી હજુ દેખાતા નથી. ” આણંદરાયે દીવાનખાનામાં દાખલ થતાં પોતાના પિતાને પુછ્યું “ આપને ખાત્રી છે કે તેમને આમંત્રણ પત્રિકા બરોબર શિરનામાથી મોકલાવી હતી ? કારણકે આપ જાણો છો કે હવે તે કુસુમોદ્યાનમાંથી શહેરમાં રહેવા આવ્યા છે. ”

“ તેમને આમંત્રણ પહોંચી ચૂક્યા વિષે મારી ખાત્રી છે એટલુંજ નહિ, ” ધરણીધરરાયે જવાબ દીધો. “ પણ તે પોતાની પુત્રીઓ સાથે હમણાં અહીં આવી પહોંચશે કારણકે ગયા કેટલાક દિવસોથી તેમને મળવા વિષે તારી ઘણી ઇન્તેજારી જોઇ ગઇ સાંજે હુ મારીજાતે તેમને ઘેર ગયો હતો.”

“ ત્યારે તેમણે પોતાની હાજરીથી આપણને માન આપવાનું કબુલ કર્યું છે ?” આણંદરાયે ઇન્તેજારીથી પૂછ્યું.

“ હા. પણ તેમને મળવાને માટે તું આટલી બધી કેમ આકાંક્ષા રાખે

છે, વહાલા દીકરા?" ધરણીધરરાયે પૂછ્યું, અને પછી ધીમેથી બોલ્યો. "હવે જ્યારે તારી તબિયતમાં આવો અસાધારણ સુધારો થયો છે, અને મારો ભાવિષ્યનો વારસ તું થવાની મને આશા મળી છે, ત્યારે મહોબતરાયને વધારે મદદ આપવાને માટે મને પસ્તાવો થાય છે."

"વહાલા પિતાજી," આણંદરાય ચાલતાં અટકીને પોતાના બાપના સામું એકીટશે જોઇ રહી બોલ્યો, "આપ જાણતા નથી કે જ્યારે આપ આ પ્રમાણે આપણા કુટુંબીઓના સંબંધમાં તોછડાઇથી બોલો છો ત્યારે મને કેટલું દુઃખ થાય છે; કારણ કે મહોબતરાય અને તેમની દીકરીઓને છેલ્લાં ત્રણ–ચાર અઠવાડિયાં પહેલાં કેટલાં બધાં વરસથી આપણે બેદરકારી અને નિર્દયતાથી તજી દીધાં હતાં, અને તેથી મારી સત્તામાં હશે ત્યાસુધી તેમને દરેક જાતનો બદલો વાળી આપવાનો મેં નિશ્ચય કર્યો છે. માટે હું તેમને ઘણા વહાલથી મળીશ, અને આપને જો મારી તબિયતની અને મારા સુખની દરકાર હોય તો," તે ધીમેથી પણ ભાર મૂકીને બોલ્યો. "મને તેમ કરવામાં આપ મદદ કરશો. તેમને સાધારણ પરોણા તરીકે નહિ, પણ અંતરના સગા તરીકે માન આપવા હું ચાહુંછું."

"વહાલા આણંદરાય, તું જાણે છે કે તારા ચહેરા ઉપર ખુશાલીનું સ્મિત પાછું લાવવાને ગમે તે કરવાને હું તૈયાર છું." પુત્રવત્સલ વૃદ્ધ જાગીરદારે પુત્રના અભિપ્રાયને મળતી પોતાની વલણ બદલીને જવાબ આપ્યો, "તને રાજી રાખવાને માટેજ હું ગઇ કાલે તેમને ઘેર ગયો હતો, અને આજે અહીં આવવાને મેં આગ્રહ કર્યો હતો. તેમણે આમંત્રણ સ્વીકાર્યું છે. પણ લે, જો, એતો બધાં આ આવ્યાં; ચાલો તેમને આવકાર આપીએ."

ધરણીધરરાય ઉપરના છેલ્લા શબ્દો બોલ્યો, તેજ વખતે મહોબતરાય પોતાની બન્ને પુત્રીઓ કુસુમ–કળાની સાથે દીવાનખાનામાં દાખલ થયો. અત્યારે આ બન્ને બેનોની ખૂબસુરતી, પરીઓની માફક પૂર બહારમાં ખીલી હતી. તેમનો પહેરવેશ, તેમની ચાલ, તેમનો સ્મિત ભરેલો ગંભિર ચહેરો–એ બધો દેખાવ એવો ખેંચાણકારક હતો કે, જોકે આવા દબદબા ભરેલા મંડળમાં અને મેળાવડામાં દાખલ થવાનો આ તેમનો પહેલોજ પ્રસંગ

હતો, છતાં જાણે હમેશની અનુભવી હોય એવું લાગતું હતું.

જ્યાં જ્યાં થઇને તેઓ જતાં હતા ત્યાં ત્યાં દરેક માણસની—પુરૂષ યા સ્ત્રી—મોટું યા નાનું—નજર આ મોહક બાળાઓ તરફ આકર્ષાઇ. સ્ત્રીઓ પણ તેમની ખૂબસુરતીનાં વખાણ કર્યા વગર રહી નહિ.

તેજ વખતે ધરણીધરરાય અને આણંદરાય તેમને મળ્યા. ધરણીધરરાયે આણંદરાયને ઓળખાવ્યો. આણંદરાયને આ બન્ને બાળાઓએ કદી દીઠો નહોતો, તેથી તે મગરૂર અને મિજાજી હશે એમ તેઓ ધારતી હતી, પણ અહીં તે તરૂણે તેમને જે ખુશમિજાજથી આવકાર આપ્યો તેથી આ બેનો ખુશખુશ થઈ ગઈ.

તેમને દિલોજાની ભર્યો આવકાર આપ્યા પછી આણંદરાયે તે બન્ને બેનોને કહ્યું. " મારી વહાલી બેનો, હું તમને મળવા ન આવ્યો, તેથી તમે મને લાગણી વગરનો ધારતાં હશો. તમે એમ પણ કદાચ ધારતાં હશો કે તમારૂ ઓળખાણ કરવાને પણ મારી મરજી નહિ હોય. પણ જો મારા વિષે તમે એવું અનુમાન બાંધો તો મારે કહેવું જોઇએ કે તમે મને ઘણો ગેરઇનસાફ આપો છો. ખરી હકીકત—કે જે કદાચ તમારા પિતાજીએ તમને જણાવી હશે, તે એ છે કે મારા લાંબા વખતના ખરાબ વ્યાધિમાંથી હું હમણાંજ બહાર નીકળવા પામું છું. અને છેલ્લા પંદર દિવસથી તો ખરાબ રૂતુને લીધે મારે ઘરમાં ભરાઇ રહેવું પડયું હતું. વળી મને ખબર પડી હતી કે તમારૂં ઘર બદલવાના કામમાં તમે રોકાઇ ગયાં હશો. અને હું સારી રીતે જાણું છું કે સ્ત્રીઓ જ્યારે એવા કામમાં રોકાયેલી હોય છે, ત્યારે તેમને કોઇ પ્રકારની વચ્ચે અડચણ થાય તે પસંદ આવતું નથી. પણ હવે જ્યારે મારી તબિયતમાં સારો સુધારો થતો જાય છે; અને તમે પણ તમારા નવા ઘરમાં ગોઠવાઇ ગયાં હશો, ત્યારે હું વચન આપું છું કે તમારા નવા ઘરમાં હું વારંવાર તમારી મુલાકાતે આવવાને ખુશી થઇશ. પણ હવે ચાલો. તમારા પિતાજી ને મારા પિતાજી સાથે વાત કરવા મૂકીને હું તમને તમારી જગોએ લઈ જાઊં."

આવી રીતે ઘણી મમતાથી કુસુમ અને કલાની સાથે વાત કરીને,

સાધારણ પરોણા કરતાં એક નજીકના સગા પ્રમાણે તેમને સાથે લઇને આગળ ચાલ્યો.

"હું ધારૂં છું કે હું તમને મળવા ન આવ્યો તેને માટે મેં તમારૂં સમાધાન કર્યું છે, વહાલી બેનો." આણુંદરાય બોલ્યો ખરી વાત તો એ હતી કે તે જાણી જોઇને તેમને મળવા ગયા નહોતો, કારણ કે આ વખતેજ બધા પરોણાઓની વચ્ચે માયા ભરલી રીતે તેમને માન આપવાની તેની ખાસ મરજી હતી. છતાં તે તેમને નહિ જણાવતાં આગળ બોલ્યો. "અને તે મારી ભૂલ માટેનાં કારણો બતાવી માફી માગી છે. પણ હવે હું તમને કહી રાખું છું કે, હવેથી હું તમારે ત્યાં વારંવાર મુલાકાતે આવીને તમને કંટાળો આપીશ. કારણ કે ઠંડા આવકાર અને માનપાન મને પસંદ નથી. એવી રીતભાત સગાઇ સંબંધમાં હોય નહિ. તેથી જ્યારે જ્યારે મારી મરજી થશે, ત્યારે ત્યારે હું તમારી પાસે આવીશ. અને તમે ભરવા કે ગુંથવાનું કામ કરતાં હશો, તો હું તમને પુસ્તકો વાંચી સંભળાવાશ. હવે બોલો કે મારૂં આવવું તમને પસંદ પડશે કે નહિ ?"

"અમે બન્ને બેનો તમને જોઇને હમેશાં ઘણાં ખુશી થઇશું, આણુંદરાયજી" કુસુમે જવાબ દીધો. ખરેખર રીતે આ બન્ને બેનો તેણે બતાવેલી મમતાથી ઘણી રાજી થઇ હતી.

"નહિ, એમ નહિ ચાલે." આણુંદરાય બોલ્યો "જો તમે મને એવા મારે નામથી બોલાવશો તો હું એમ સમજી શકું તમે મને સાધારણ ઓળખાણવાળા તરીકે ગણો છો. આપણે પિત્રાઇ ભાઇ–બેન છીએ. અને હું કહી ચૂક્યો છું કે આપણા વચ્ચે કોઇપણ જાતના માન અકરામની જરૂર નથી. તમે જાણતાં નથી કે મેં તમારે માટે કેટલી તજવીજ કરી છે. જુઓ, હું જાણું છું કે તમારાં નામ કુસુમ અને કળા છે. તું કુસુમ મોટી છે, અને આ કળા નાની છે. હવે હું તમને એજ પ્રમાણે બોલાવીશ. અને તમે પણ મને માત્ર 'આણુંદ' કહીને બોલાવજો, તેમ નહિ કરો તો મારે તમારી સાથે તકરાર થશે."

'ગમે તેમ હોય તોપણ તમારી આટલી બધી માયાળુ લાગણી માટે

તમારો આભાર તો અમને માનવા દેવો પડશે, ભાઇ આણંદરાય" કળા બોલી.

"ના, તેમ પણ હું નહિ કરવા દઉં." તેણે જવાબ દીધો. "એટલે એવું જણાય કે જે આ હું બોલું છું, તે મનની લાગણીથી નહિ, પણ ઉપરના દેખાવથી. પણ ના–ના. તેમ નથી. ચાલો, હવે ગાયન શરૂ થાય છે, માટે સ્ત્રી વર્ગમાં તમે બેસી જાઓ."

બન્ને બેનોને સ્ત્રી વર્ગમાં લઇ જઇ કેટલીક સ્ત્રીઓ સાથે ઓળખાણ કરાવી ત્યાં બેસાડીને આણંદરાય પાછો ફર્યો તેજ વખતે જયચંદ્ર દાખલ થયો. આણંદરાય તેને વહાલા દોસ્ત તરીકે મળ્યો–ભેટયો–અને વાતોએ વળગ્યો. કળાએ દૂરથી જયચંદ્રને જોયો, અને તેણીની છાતી ખુશીના ઉમળકાથી ઉછળવા લાગી; કારણ કે પેલી યાદગાર રાત્રે મળ્યા પછી આ પહેલીજ વખત તેને જોયો હતો. આણંદરાયની સાથે હાથમાં હાથ ભેરવી વાતો કરતાં આમતેમ ફરતાં જયચંદ્રની નજર કળા ઉપર પડી. તે પણ એકાએક ખુશાલીમાં આવી ગયો. આણંદરાય અને જયચંદ્ર બાલ્યાવસ્થામાંથી ગાઢી દોસ્તી ધરાવતા હતા, અને એક બીજાને ભાઇ તરીકે ગણતા હતા. તેથી આણંદરાય, જયચંદ્રને આગળ લઈ જઇ પોતાની પિત્રાઇ બેનો, કુસુમ તથા કળા સાથે ઓળખાણ કરાવ્યું. જેવી કુસુમની નજર જયચંદ્ર ઉપર પડી તેવીજ તેણીના પેટમાં ફાળ પડી, અને ગભરાવા લાગી; પણ થોડીવારે તેણીની ખાત્રી થઇ કે જયચંદ્ર એક આબરૂદાર ગૃહસ્થ હતો, અને તેણીનો છૂપો ભેદ બહાર પાડે તેવો નહોતો, ત્યારે પાછી તેણીને શાંતિ વળી.

થોડીવારે કંઇક બહાનું કાઢી કળા તથા જયચંદ્રે એકાંત સ્થળે મળવાનો પ્રસંગ મેળવ્યો, ત્યારે જયચંદ્રે કહ્યું. "આખરે આપણે ફરી મળ્યાં, વહાલી કળા. હું તારા પિતા પાસે આવવાની તક શોધતો હતો, પણ આણંદરાય શરીરે ઘણો નરમ હતો, અને ધરણીધરરાયજી પોતાના પુત્રની માંદગીના સબબે ઘણા ઉદાસ રહેતા હતા, તેથી મને તેવી તક મળી નહિ."

"શું તેમને ખબર હતી કે તમે અમને ખાસ મળવા માગો છો?" કળાએ શરમાતાં પૂછ્યું.

"નહિ." જવાબ મળ્યો. "તેમણે સાધારણ ધાર્યું હશે કે તમારે ઘેર

મળવા આવવાનો મારો ઇરાદો છે ચાલો, હવે આજે આપણે અહીં મળ્યાં છીએ, અને આણંદરાયે ઓળખાણ કરાવ્યું છે; તે બહુ ઉપયોગી થઇ પડશે. પણ વહાલી કળા, મને કહે કે આ પ્રમાણે બન્યું, તેથી તું ખુશી થઇ કે નહિ?"

"જ્યારે તમે આણંદરાય સાથે આવ્યા ત્યારે મને ખોટું લાગ્યું હોય એવું તમે જોયું હતું?" કળાએ સ્મિત કરી કટાક્ષમાં પૂછ્યું. "પણ હું તમને પૂછું છું કે તમે મને છોડી ગયા, તે વખતે જેવા હતા તેવાજ હજુ રહ્યા છો કે તમારામાં પાછો કંઇ ફેરફાર થયો છે?"

"તે યાદગાર રાત્રે—કે જે કેટલાંક કારણથી યાદ કરતાં મારે શરમાવું પડે છે—છતાં તેને હું ઘણી ખુશીથી યાદ કરૂં છું, કારણ કે તેથી મને તારૂં ઓળખાણ થયું એટલુંજ માત્ર નહિ, પણ વરસોના વરસો સુધી જે સુવિચારો મારા મગજમાં ઠસે નહિ, તે થોડા કલાકમાં તારા સદ્‌ગુણો અને તારી ઉંડી પવિત્રતાએ ઠસાવ્યા છે. તે રાત્રે આપણે છૂટા પડતી વખતે મેં તને ખાત્રી નહોતી આપી કે મારામાં કદી ન થઇ શકે તેવો તેં સુધારો કર્યો છે? અને વળી મેં તને નહોતું કહ્યું કે હું જે પ્યારને કદી પણ જાણતો નહોતો તેવો પ્યાર તારા તરફ કરતાં શીખ્યો છું?"

"હા." તે બાળા બોલી. "પણ ત્યાર પછી આજ સુધીમાં તે વચનને માટે તમને કદી પસ્તાવો થયો નથી?"

"હું પ્રતિજ્ઞા ઉપર કહું છું કે કદી નહિ." તે બોલ્યો. "શું તું મારૂં નહિ માને? કદાચ તે સાંભળ્યું હશે કે હું મનમોજી અને લહેરી છું. પણ શું, માણસની જીંદગીમાં એક એવો પણ વખત નથી આવતો કે જે તેને ઠરેલ અને સુધરી ગયેલો બનાવી દે છે?"

"હા, હું માનું છું." કળા બોલી. "જો તેમ ન હોત તો આ વખતે આપણે આ પ્રમાણે વાત કરતાં હોત નહિ."

પછી કુસુમ તેમની સાથે થઇ, છતાં જયચંદ્રે તે રાતની વાત બિલકુલ યાદ કરી નહિ.

પછી જમવાની વખત થઇ. સ્ત્રી પુરૂષો જુદા જુદા ભાગમાં યોગ્ય

સ્થળોએ કરેલી ગોઠવણ પ્રમાણે ગોઠવાઇ ગયાં. અને ઉત્તમ પ્રકારનાં પકવાન વગેરે મિજાનવાળી રસોઈની તરેહતરેહવારની વાનીઓ એક પછી એક પીરસાઇ. હસતાં રમતાં બધાં જમી ઉઠયાં. પછી પાનસોપારી વગેરે મુખવાસ લઇ થોડી વાર આડીઅવળી ખુશનુમા વાતો કરી એક પછી એક પરોણાઓ ધરણીધરરાય તથા આણંદરાયની રજા લઇ વીદાય થવા લાગ્યા આખરે મહોબતરાય અને કુસુમ-કળાએ પણ તેમની માયાભરી રજા લીધી.

ધરણીધરરાયના મહેલમાં ઘણા લાંબા વખતે આજની રાતનો આટલો વખત આવી મોજમઝામાં ગયો હતો, અને તેથી તે બુઢ્ઢા ઘણી લહેરમાં હતા.

કુસુમ અને કળાનો, આવા મેળાવડામાં ભેળાવાનો આ પહેલોજ દિવસ હતો, અને તે બન્ને બાળાઓ ઘણી ખુશી થયેલી જણાતી હતી.

જયચંદ્ર પણ કળાને મળવાથી, અને હવે પછી તેણીને વારંવાર મળવાની આશાથી ઘણી મોજમાં આવી ગયો હતો.

પ્રકરણ ૨૧ મું.

યશોદાબાઇ, જયચંદ્રને ફસાવે છે.

ગયા પ્રકરણમાં જણાવેલા બનાવને કેટલાક દિવસો થઇ ગયા છે.

એક દિવસ સવારમાં યશોદાબાઇ પોતાના સૂવાના ઓરડામાં પથારીમાંથી ઉઠીને, માથુ હોળી, દાતણ-પાણી કરી, પાછી પથારીમાં આળોટતી પડી છે, તેવામાં તેણીની દાસી યમુના આવી. તેણી પોતાની શેઠાણીને હજુ પથારીમાં પડેલી જોઇ તાજુબ થઇ.

" મારૂં શરીર અત્યારે કંઈક ઠીક નથી. " યશોદાબાઇએ અત્યાર સુધી સૂઇ રહેવાના સબબમાં જણાવ્યું. " અને તેથી મારે માટે ચા અહીંજ લાવજે. ઘણું કરીને જયચંદ્ર જામીરદાર નવેક વાગે અહીં આવવાના છે. તે આવે એટલે તેમને આ ઓરડામાંજ મોકલજે; કારણકે તે કંઇ જરૂરી

કામમાં મારી સાથે વાત કરવા આવવાના છે ”

“ બહુ સારૂ, બાઈ સાહેબ. ” દાસી જવાબ દઇ ચાલી ગઇ. થોડી-વારે ચા લઇને પાછી આવી, અને મૂકીને ચાલી ગઇ.

યશોદાબાઇ પથારીમાં તકીઆને અઢેલીને આડી પડી પડી ઘુંટડે ઘુંટડે ચમચાથી ચા પીતી હતી, તે દરમિયાન જયચંદ્ર જાગીરદારે પોતાની હાજરી આપી.

“ પ્રિય યશોદાબાઇ, તમારી નાદુરસ્ત તબિયતની વાત સાંભળી હું દિલગીર થયો છું. ” જયચંદ્રે પથારીની પાસે એક ખુરશી ઉપર બેસતાં વિવેક બતાવ્યો. “ તમને શું થયું છે ? ક્યારે તમારી તબિયત બગડી ? ”

“ હું સવારમાં ઉઠી ત્યારે માથું સખ્ત દુખતું હતું, પણ હવે સારૂં થવા આવ્યું છે. ” યશોદાબાઈ જાણે ખરેખર માંદી હોય તેવો ઢોંગ કરતાં બોલી. ‘ મારા સૂવાના ઓરડામાં આપને મળવાને માટે મને માફ કરશો; વહાલા જયચંદ્ર !”

“ આ પવિત્ર (!) જગોમાં આવવાનો આ મારો પહેલોજ પ્રસંગ નથી. ” ભેદ ભરેલા સ્મિતથી જયચંદ્રે જણાવ્યું.

“ ખરૂ છે. ” યશોદાબાઇએ કહ્યુ ‘ કળાની પાસે જવાને, તે દિવસે રાત્રે આજ ઓરડામાં તમે સ્ત્રીવેશ ધારણ કર્યો હતો. ”

“તમે ભૂલો છો, યશોદાબાઇ.” જયચંદ્ર હસતાં હસતાં બોલ્યો. “ મેં તે પોશાક મારી જાતે પહેર્યો નહોતો, પણ તમેજ તે પ્રસંગને માટે મારી દાસી તરીકે તે કામ કર્યું હતું. ”

“ હા, અને વળી મને યાદ આવે છે કે તે વખતે તમે એટલી બધી ખંધાઇ વાપરી હતી કે મને તમને સાડીનો છેડો ખોસતાં, અને પોલકું પહેરાવતાં ઘણીજ હરકત પડી હતી. ” તેણીએ તેવીજ રીતે હસતાં હસતાં જવાબ આપ્યો.

“મારે કબુલ કરવું જોઇએ કે તે વખતે મેં તમને એકાદ બે ચુંબન લીધાં હશે. પણ વખતે હું બહુ ખરાબ હતો. હવે તો તમે જાણો છો કે મારામાં ઘણો ફેરફાર થઇ ગયો છે. અને ખરેખર, હવે તો હું કોઇ પણ

ઓના સૂવાના ઓરડામાં મારા મગજ ઉપરના પૂરતા કાબુ ઉપર વિશ્વાસ રાખી જઇ શકું."

"ત્યારે શું હજુ પણ તમે તેવાજ ફેરફાર થયેલા વિચાર ધરાવો છો, સાહેબ?" તેણીએ મંદવાડનો ડોળ ઘાલ્યા છતાં ખુશમિજાજમાં ટકોર કરી. "ફક્ત ગયાં થોડાં અઠવાડિયાંથી તમારામાં ઘણો ફેરફાર થયોછે."

"પણ કળા એવી ખૂબસુરત છે! એવી સુંદર અને મોહક છે!" તે તરૂણ ખરા દિલની લાગણીથી બોલ્યો "વળી તેની સાથે કેવી માયાળુ, કેવી ભલી, કેવી નમ્ર, અને કેવી સદ્દગુણી!"

"તે વિષે મને જરા પણ શક નથી." યશોદાબાઇએ કહ્યું. "પણ તમે હમેશાં તેણીની સાથે વફાદાર રહેશો? તમે ધારો છો કે તેણીને પરણ્યા પછી તમે આડે રસ્તે નહિ જાઓ?"

"હું દુનિઆદારીના માણસ તરીકે કહી શકું છું કે પુરૂષજાતિને માટે એ પ્રમાણે હમેશને માટે રહેવું ખાત્રીપૂર્વક કહી શકાય નહિ." જયચંદ્રે ગંભીરતાથી જવાબ આપ્યો. "પણ એટલું તો હું કહી શકું, અને માની શકું, કે કળાની સાથે બેવફા થવાનું મને લલચાવવાને ઘણાં વરસ જોઇએ. ગમે તેમ કરીને હું તેણીનો સારો અભિપ્રાય મેળવવાનો યત્ન કરીશ. અને મારાં વહાલાં યશોદાબાઇ, તમે ખત્રી રાખો કે તમારી સાથે મારે લાંબા વખતનું ઓળખાણ નહોત તો તમારા સૂવાના ઓરડામાં આવવાને આ વખતે હું હિંમત કરી શક્યો હોત નહિ."

"ત્યારે મને તમે કંઇજ ગણતા નથી." યશોદાબાઇએ પોતાના શબ્દો અને ચહેરામાં એવી મોહિની ભરીને મોંઢુ મરડીને બોલી કે આવા સુધરેલા જયચંદ્રને તેણી અત્યુત્તમ સુંદર જણાઇ.

"તમે મારૂં કહેવું બિલકુલ સમજ્યાં નથી." તે બોલ્યો. "હું તમને ઘણુંજ ભયાનક પ્રાણી જાણું છું, કારણકે તમારા શરીરની સુંદરતા અને તમારો મોહક ચહેરો ગમે તેવાની પણ શુદ્ધબુદ્ધ ભુલાવી નાખે તેવાં છે." તેણે હસતાં હસતાં કહ્યું.

"એતો ઠીક છે. હું ખુશી થાઉં છું કે તમે મારાં વખાણ કરોછો,—

જોકે કળાના નીતિવાન વિચારોએ તમને બાંધી લીધા છે." યશોદાબાઇએ પણ હસતાં હસતાં જવાબ દીધો.

"અહા! બીજી રમણીઓનો મારા ચાહ ઉપર હક છે તે વિષે હું બેદરકાર નથી." જયચંદ્ર બોલ્યો "છતાં લાલચોમાં લપેટાતાં બચવાને મેં પૂરતું મનોબળ પ્રાપ્ત કર્યું છે. હું પ્રથમ એમ કહેતો હતો કે તમારી સાથે મારે સારી દોસ્તી હોવાથીજ, તે હકને લીધે, આ વખતે તમારા સૂવાના ઓરડામાં આવવાને હું અચકાયો નહિ. જો તેમ નહિ હોત તો હું આ જગોએ આવ્યો હોત નહિ. આટલું છતાં હું જોઉં છું કે તમારી નાદુરસ્ત તબિયતમાં પણ તમે ઘણાં સુંદર દેખાઓ છો."

કદાચ મને કંઇક તાવની અસર હશે. "તેણી બોલી"

"ના, તેથી ઉલટું, તમે તદન શાંત છો." જયચંદ્ર બોલ્યો, અને પછી યશોદાબાઇનો હાથ પોતાના હાથમાં લીધો "પણ મને કહો કે શું મહત્વનું કામ હતું કે તમે મને તેડાવ્યો?"

"હું તેનો ખુલાસો કરૂં છું." યશોદાબાઇએ જવાબ દીધો. અને જાણે થાકી ગઇ હોય તેમ તકીઆ ઉપર માથું નાખી દીધું, અને હાથ એવી રીતે નાખ્યા કે છાતી ઉપરના લુગડાનો ભાગ ખસી જવાથી છાતીનો કેટલોક ઉઘાડો ભાગ જયચંદ્ર જોઇ શકે. છતાં એવી રીતે બતાવ્યું કે જાણે તેણી કશું જાણતી નથી. "ગઇ કાલે સાંજે એક જુવાન બાળા, શોકનો પોશાક પહેરી અહીં આવી હતી. એવું જણાય છે કે તેણીનાં માબાપ હાલમાં ગુજરી ગયાં છે—કેવી રીતે ગુજરી ગયાં તે તેણીએ મને કંઇ કહ્યું નહિ—અને તે વિષે બોલતાં દુઃખમાં એટલી ગિરફતાર થઇ ગઇ કે તેણીને કંઇ પણ સવાલ હું પૂછી શકી નહિ. પણ ત્યારથી તેણી હવે પોતાના ગુજરાનને માટે ભારે વિચારમાં પડી છે. તે ગરીબ બિચારી બાળા પાસે થોડા રૂપીઆ છે, પણ તેણી આળસુ પડી રહેવા ઇચ્છતી નથી. તેણીને ગુંથવાનું, ભરવાનું તથા શીવવાનું કામ સારૂં આવડતું હોવાથી, તે ધંધો કરી પોતાનું ગુજરાન ચલાવવા ધારે છે. અને તેથી મારી પાસે આવી હતી. મેં તેણીને અહીં રાખવા ગોઠવણ કરી. તેણીએ કબુલ કર્યું, અને આજ સાંજથી અહીં

રહેવા આવશે.

"અહા ! યશોદાબાઇ, તમે મને શા માટે બોલાવ્યો છે, તે હવે હું સમજ્યો." ઠપકા ભરેલી નજર નાખી જયચંદ્ર બોલ્યો, "પણ હવે હું તેવી હિંમત કરી શકીશ નહિ, હવે હું લાલચમાં ફસાઇશ નહિ."

"આવું છતાં પણ મારા વહાલા જયચંદ્ર, તમને એ હકીકત કહેવા-ને મેં ઢીલ કરી નથી," યશોદાબાઇએ પોતાનું ભાષણ પાછું ચલાવ્યું, "તે તરૂણ બાળા ગઈ કે તરતજ મેં તમને ચિઠ્ઠી લખી મોકલી."

"આપણો પાછલો સંબંધ અને તેનો પ્રકાર, એ સઘળું ધ્યાનમાં લેતાં તમે મને પ્રથમ પસંદ કર્યો, તે માટે હું તમારો આભાર માનુંછું." તે સુધરેલા લહેરી જુવાને જણાવ્યું. "પણ ફરીથી હું કહુંછું કે એવા કામ-માં હવે મારી હિંમત ચાલશે નહિ. હું કળાને ફરીથી જાહેર રીતે મળ્યો છું. અમારા એક મિત્રને ઘેર અમે કેટલાક કલાક સાથે રહ્યાં હતાં. મેં તેણીને અપૂર્વ ખૂબસૂરતીના બહારમાં જોઈ, અને તેણીની પવિત્રતાએ તેણીનાથી બેવફા નહિ થવા મારૂં મન દૃઢ કરાવ્યું. ખરેખર હું કળાને પવિત્ર પ્યાર-થી ચાહું છું, અને મેં મારા અંતઃકરણમાં તેણીને વફાદાર રહેવાના જે સોગનો અને પ્રતિજ્ઞાઓ લીધી છે તે જો હું ભૂલી જાઉં તો હું પુરેપૂરો ધિઃકારને પાત્ર છું."

"તમારી પ્રતિજ્ઞાઓ તોડવાને લલચાવવાનું મારૂં કામ નથી." યશોદા બાઇ બોલી, અને જરા પાસું આમતેમ ફેરવતાં શરીરના બીજા અવયવો અણજાણતી ઢબમાં ખૂલ્લા પાડયા. "પણ મારે તમને કહેવું જોઇએ કે જે તરૂણી આજ રાતથી આ ઘરમાં રહેવા આવવાની છે, તેના જેવી સૌંદર્ય-વાન અને મનમોહન સુંદરી તમે કદી જોઇ નહિ હોય. તેણી સોળ વરસ કરતાં વધારે ઉમરની નથી, કે જે ઉમર તમને ઘણી પસંદ છે. તેણીની આંખો, ચહેરો, હાથ, કમ્મર, પગ વગેરે શરીરના તમામ અવયવો સુંદરતાથી ભરપૂર છે. તમે જાણો છો કે સ્ત્રી જાતિની સુંદરતાની હું સૌથી સરસ પરીક્ષક છું. અને હું તમને ખાત્રીથી કહું છું કે આ સ્વર્ગની પરી સમાન અનુપમ સુંદરી તમે આ જીવનમાં તો કદી જોઇ નથી."

"હવે મને આ બાબતમાં વારે કહેશો નહિ." જયચંદ્ર બોલ્યો. તેનો કામાવેશ ઘણો ઉછળી આવ્યો હતો. તે, યશોદાબાઈએ પેલી બાળાના સ્વરૂપનું વર્ણન કર્યું તેથીજ માત્ર નહિ, પણ યશોદાબાઈના પોતાના સુશોભિત અને ભરાવદાર શરીરના પરિપકવતાને પામેલા ખૂલ્લા અવયવો-તેમાં મુખ્યત્વે, બરફના ડુંગર જેવા છાતીનો ભાગ જોવાથી-તે પોતાની નજર ત્યાંથી દૂર કરી શકયોજ નહિ.

"હજુ મારૂં થોડું સાંભળો જયચંદ્ર-" યશોદાબાઈ પાસું ફેરવી તેના તરફ વશીકરણ ભરેલી નજર નાખતાં બોલી, "તમે કળાને ચાહો છો-તમે તેણીને વફાદાર રહેવા પ્રતિજ્ઞા કરી છે. પણ શું તેવી પ્રતિજ્ઞા તમે ઉતાવળથી કરી નથી? અને તેવી પ્રતિજ્ઞા પાળવાનું શું મુશ્કેલ નથી? વિચાર કરો કે તેણીની સાથે લગ્ન સંબંધથી જોડાતાં હજુ કેટલાક મહિના લાગશે. મર્યાદાની ખાતર મહિનો, બે મહિના તો તેણીનું માગું કરતાં થશે. તેણીના પિતા પાસે કબુલ કરાવવું પડશે. અલબત, તેતો કબુલ કરશેજ, છતાં તુરતાતુરત લગ્ન કરવાનું યોગ્ય જણાશે નહિ. તેથી મેં હમણાં કહ્યું તેમ હજુ કળાની સાથે પરણતાં કેટલાક મહિના જોઇશે. ત્યારે શું ત્યાં સુધી તમે સાધુ જેવા રહી શકશો? ના, હું તેમ માની શકતી નથી. અને હું એમ પણ ધારતી નથી કે એટલાબધા સખ્ત રીતે તમને બાંધી લેવાને કળાને હક છે? જ્યારે તમે તેણીની સાથે પરણો, અને તેણીના ધણી થાઓ, ત્યારે તેવો હક તેણી ભોગવી શકે. પણ ત્યાં સુધી તો તમે તમારી મરજી પ્રમાણે ચાલવાને મુખત્યાર છો-છૂટા છો."

"તમારા કહેવાનું તાત્પર્ય હું સમજું છું, છતાં હું તેની સાથે મળતો થતો નથી." જયચંદ્રે કહ્યું. "ઓ! મારી વહાલી દોસ્ત!" તે એકદમ ઉભો થઇને બોલ્યો." "મને લાલચમાં નાખ નહિ. મારા સારા ઠરાવમાંથી મને ચળિત કર નહિ. મારી કળાને મારી દઢતા સાચવવાનો હક છે. જે ખાસ સંજોગોમાં આપણી ઓળખાણ થઇ હતી-"

"તે સંજોગો, તમારી દઢતા, અને વફાદારી બદલ તમારા ઉપર ભરૂસો રાખવાને તેણીને અટકાવશે." યશોદાબાઇ વચ્ચે બોલી ઉઠી, અને

વાક્ય પૂરૂં કર્યું.

"આ પ્રમાણે તમને બોલતાં સાંભળવાને અહીં રહેવાની મને હિંમત નથી." જયચંદ્ર તેણીનો હાથ દાબી મમતાથી બોલ્યો. "તમને ઠપકો આપવા મારૂં અંતઃકરણ માન્તું નથી—જો કે તમે ઠપકાને પાત્ર છો. પણ આપણી વચ્ચે ગાઢી દોસ્તી છે, તેથી તમને મદદ કરવાને તમે કહો તે હું કરૂં; અને તે તમે જાણો છો. તો તેના બદલામાં કંઇ આભાર બતાવો, અને મને લલચાવો નહિ."

"મારા પ્યારા જયચંદ્ર," તેણીએ જોરથી તેનો હાથ દાબીને કહ્યું. "મારે માટે તમારી માયાળુ લાગણી હું જાણું છું, અને તેને માટે અંતઃકરણથી હું તમારો આભાર માનુ છું. કારણ કે પહેલવહેલાં જ્યારે આપણે મળ્યાં, ત્યારથી મને તમારા ઉપર અપ્રતિમ ચાહ છે, અને ખરૂં કહું તો—પણ—નહિ—મારે માટે હલકો વિચાર ઉત્પન્ન થવા જેવું થશે.—"

આટલેથી વાક્ય અધુરૂં મૂકી યશોદાબાઇએ આંસુથી આંખો ભરી દીધી, અને ડુસકાં લેવા લાગી.

"મારી વહાલી યશોદાબાઇ," જયચંદ્ર તેણીના ગળામાં હાથ નાખી બોલ્યો "ઇશ્વરને લેખે મને કહો કે તમને શું થાય છે? તમને ખોટું લાગે એવું મેં કંઇ કહ્યું છે? જો તેમ હોય તો હું પ્રતિજ્ઞા ઉપર કહુંછું કે તેવું કંઇ ઇરાદાપૂર્વક મેં કર્યું નથી, બોલો—રડવું બંધ કરો..."

"અરે! રે! તમે મને ધિક્કારશો—તમે મને હસશો—જયચંદ્ર." લુચ્ચી યશોદાબાઇ સ્ત્રી ચરિત્ર લડાવતી તેને પોતાની પાસે ખેંચીને એવી રીતે લીધો કે તેના ગાલે તેણીના ગાલનો ટેકો લીધો.

"એક દોસ્તને મશ્કરીમાં હસું એવો હું નથી." તે બોલ્યો. "પણ મને કહો. મારે શું સમજવું?"

"કે હું તમને ચાહું છું, મારા ચંદ્ર!" યશોદાબાઇ લાગણી ભરેલી મમતા બતાવતી નજર નાખતાં બોલી.

"અફસોસ! ઘણુંજ કમ નસીબ!" જયચંદ્ર દયાળુ લાગણીથી બોલ્યો. "કારણ કે તમે જાણો છો કે હું મારૂં અંતઃકરણ કળાને આપી

ચૂકયો છું. ”

“ એવું ધારતા નહિ, સાહેબ, ” યશોદાબાઇ જયચંદની ભૂલ ભાગતાં બોલી. “ કે હું એવી અકકલ વગરની અને ગાંડી હોઇશકે હું-કે જે તમારા કરતાં કેટલાં એક વરસે મોટી છું, તેને તમે ચાહો એવું હું ધારી શકું. પણ કેટલીક વખત તમે મારી સાથે અટકચાળાં કર્યાં છે. મારા શરીર સૌંદર્યનાં વખાણ કર્યાં છે. મારા ઉપર પ્રીતિ બતાવી છે. તો તમે કે જે ઘણાજ ખૂબસુરત છો, તેને માટે હું ઇચ્છા કેમ ન રાખું ? એવી કોઇપણ ચીજ નથી કે જે તમે મારી પાસે માગો, અને તેને માટે હું તમને કદીપણ ના પાડું. ”

આમ કહી તેણીએ પોતાના હાથ જયચંદ્રના ગળામાં નાખી પોતાના હોઠ તેના હોઠની સાથે જોરથી દાબ્યા.

હવે શું ? થઇ ચૂકયું ! ગમે તેટલા તેના સારા વિચારો હતા-કળાને વફાદાર રહેવા ગમે તેટલા તેના ખરા અંતઃકરણથી ઇરાદા હતો-પણ જયચંદ્ર એવા સંજોગોમાં ફસાઇ પડયો હતો કે જે તક તેને મળી તેને તે ભાગ્યેજ ગુમાવી શકે ! અને પ્યારા વાંચનાર, આવા પ્રસંગનો ચિતાર તારી નજર આગળ ખડો કર, અને પછી પૂરો વિચાર કરી, જો કદાચ જયચંદ્રની દઢતા ચળે, તો તેને માટે બહુ બૂરો વિચાર કરીશ નહિ ! કારણકે એક લંપટ સ્ત્રી-કે જે જોકે મધ્યમ ઉમરની છતાં ખરેખર ખૂબસુરત અને જુવાન દેખાવની હતી-તેણીના મોહક ખૂલા અવયવો-તેણીનું મોહક આલિંગન-એકાંત જગો-વિષયી વાતચિત-આ બધાથી બિચારો જયચંદ્ર શી રીતે બચી શકે ?

અફસોસ ! આપણે કબુલ કરવું જોઇએ કે જયચંદ્ર પોતાના કામાવેશને તાબે થઇ તેણીની મોહજાળમાં ફસાવાની અણી ઉપર હતો-તે લુચ્ચી વિષયલંપટ સ્ત્રીનાથી નીતિભ્રષ્ટ થવાની તૈયારીમાં હતો-જાણે કે તે જાતે જુવાન સ્ત્રી હોય, અને પેલી ઉમરલાયક પુખ્ત વયનો પુરૂષ હોય-હા-તે સંજોગ-જગો અને ફસાવનારી લાલચને તાબે થવાની તૈયારીમાં હતો-જ્યારે તેની સારી બુદ્ધ અને દઢતા સુયોગે તેની મદદે આવી-અથવા તો શું !

નિર્દોષ અને પવિત્ર કળા ! તારી પવિત્રતા આડે આવી હોય, અને તેણે પોતાની અદશ્ય અપૂર્વ સત્તા ચલાવી હોય—ગમે તેમ હોય પણ—ચમત્કારિક શક્તિએ, તારી મધુરી મૂર્ત્તિ આગળ થએલી પ્રતિજ્ઞા તૂટવાની અણી ઉપર, તેને મોટો ગુનો કરતાં આ વખતે તો બચાવ્યો.

કઇ શક્તિ મદદે આવી હશે તે તો આપણે જાણી શકીએ નહિ, કારણકે અદશ્ય શક્તિને કોઇ કળી શકતું નથી. પણ એટલું તો ખરૂં કે જે ક્ષણે યશોદાબાઇ, જયચંદ્રને નર્કના ખાડામાં નાખી, પોતે અજીતરાયને આપેલા વચનને ફળીભૂત કરવાની તૈયારીમાં હતી, તેજ ક્ષણે તેણીના ઓરડાનું બારણું ખખડયાનું સંભળાયું.

જુવાન જયચંદ્ર તેણીના હાથમાંથી એકદમ છૂટો થઇ ગયો, અને યશોદાબાઇ પાછી સુઇ ગઇ, અને પોતાના શરીર ઉપર લુગડું ઢાંકી દીધું. અને પછી બની શકે તે પ્રમાણે સ્વસ્થ બનીને બહાર જે હોય તેને અંદર આવવા કહ્યું.

તેણીની ખાનગી દાસી યમુના એક ચિઠ્ઠી લઇ અંદર આવી.

“ હું હવે રજા લઇશ. ” ઇશ્વરી સત્તાએ, આવી અણધારી અડચણે પોતે ફસાતાં બચ્યો, તેથી અંદરથી ખુશી થતો જયચંદ્ર બોલ્યો. કારણ કે હવે, તરતજ તેના સુવિચારો તાજા થયા. “ મને લાગે છે કે તમારે કંઇ કામ આવ્યું છે. ” એમ કહી તેણીનો હાથ દાબી, પોતાની લાકડી લઇ ઉતાવળો ત્યાંથી નીકળી ગયો. યશોદાએ તેને રહેવાને માટે આર્જવતા ભરેલી નજર ફેંકી, પણ તે જેવાની તેણે દરકાર કરી નહિ.

પ્રકરણ ૨૨ મું.

ગંગાબાઇને ઘેર.

જ્યારે ગયા પ્રકરણમાં જણાવેલો બનાવ યશોદાબાઇને ઘેર બનતો હતો ત્યારે, આણંદરાય તે દિવસે સવારે વહેલો ઉઠીને પગે ચાલતો ગંગાબાઇના ઘર તરફ જતો હતો.

તે તરૂણ ગૃહસ્થની તબિયત હવે એવી સુધરી હતી, અને એટલું કૌવત આવ્યું હતું કે કેટલેક સુધી તે ચાલીને જઇ શકતો. અને ખૂલી હવાથી તેને સારો ફાયદો થતો–ના ફીકા ચહેરા ઉપર લાલાશ આવી હતી.

ગંગાબાઇનું ઘર શોધી કાઢતાં તેને મહેનત પડી નહિ. ઘર આગળ જઇને તેણે બારણું ઠોક્યુ, અને ગંગાબાઇએ જાતે ઉઘાડયું. આણંદરાયને જોતાંજ તે ડોકરી ગભરાટથી ચમકી, પણ તરતજ સાવધ થઈ ગઇ; કારણકે તેણી જમાનાનાં ખાધેલી કઠણ હૃદયની હતી. તેણી તેને આવકાર આપીને પોતાના અંધારા ઓરડામાં લઇ ગઇ.

આણંદરાયને બેસવા એક ખુરશી આપી, તેણી બીજી ખુરશી ઉપર બેઠી.

"હું મંજુલા સાથે કંઇ વાત કરવા ઇચ્છું છું." આણંદરાયે તે સ્મશાનવત્ ભયંકર ઓરડામાં બીક લાગતી ચૂપકીદી તોડતાં કહ્યું.

"મંજુલાબાઇ તો અહીંથી ગઇકાલનાં ચાલ્યાં ગયાં છે, સાહેબ." તેણીએ જવાબ દીધો.

"ગઇકાલની ચાલી ગઇ?" ગુંચવાડામાં પડી આણંદરાયે પૂછ્યું. "કાલે કેટલે વાગે ગઇ?"

"સાંજે પાંચ વાગે." જવાબ મળ્યો.

"પણ તેણીના મામા અને મામી તે બનાવથી જાણતાં નથી." તેણે કહ્યું. "કારણકે ગઇ રાત્રે આઠ–નવ વાગે હું તેમની પાસે હતો અને હજુ એક પખવાડીઆ પહેલાં મંજુલા અહીંથી જાય એમ તેમનું ધારવું નહોતું."

" છતાં મેં તમને કહ્યું તેમ બન્યું છે " ગંગાબાઇ બોલી.

"તે ઘણું વિચિત્ર છે" આણંદરાય બબડયો. "તેણી કયાં ગઇ વારૂ ?"

" તે વિષે જેવા તમે અજાણ્યા છો તેવીજ હું અજાણી છું." જવાબ મળ્યો.

"અરે, બુઢ્ઢી ! તું મને છેતરે છે" આણંદરાય જરા કડકપણે બોલ્યો.

" જો તમારી મરજી હોય તો મારૂં આખું ઘર તપાસો." ગંગાબાઇ એવા ભરોસાથી બોલી કે તેણીના ખરાપણા વિષે તેને કંઇ શક રહ્યો નહિ.

" પણ ત્યારે તેણીનું આ પ્રમાણે જવું અચાનક હશે !" તેણે પૂછયું.

" કંઇક એવું ખરૂં." તેણીએ જવાબ આપ્યો. " આ જગોનો એકાંતવાસ તેણીને અસહ્ય થઇ પડયો, અને તેણીનામાં કંઇક કૌવત આવેલું હોવાથી તેણી ચાલી ગઇ."

" જો કે તેણીને સુવાવડના ખાટલામાં ત્રણ અઠવાડીયાં પણ હજુ થયાં નથી." આણંદરાય બોલ્યો. " તેણીએ જે પગલું ભર્યું છે તે ખોટું અને ગુપ્ત ભેદવાળું જણાય છે. વળી તેણી પોતાના માયાળુ મામા અને હેતાળ મામીને ઘેર પણ ગઇ નહિ. તેનું કારણ હું સમજી શકતો નથી. તેમને ગઇ રાત્રેજ, હું આજે મંજુલાને મળવા આવવાનો હતો, તે મેં કહ્યું હતું–તેમજ મારો તેમ કરવાનો હેતુ પણ તેમને જણાવ્યો હતો."

" અને તે હેતુ ?" ગંગાબાઇએ ઇન્તેજારીથી પૂછયું.

" તેની સાથે તમારે કંઇ સંબંધ નથી, બાઈ." તેણે તીક્ષ્ણ જવાબ વાળ્યો, કારણ કે તેણીનું પૂછવું તેને અયોગ્ય લાગ્યું હતું. " પણ અહીં અત્યારે આવવાના મારા બે હેતુ હતા. મારો મુખ્ય હેતુ મંજુલાને મળવાનો હતો. અને બીજો હેતુ તમારી સાથે ઘણી ગંભીર વાતચિત કરવાનો હતો."

" મારી સાથે ?" ગંગાબાઇએ પૂછયું, પણ એકાએક ગભરાટથી તેણીને ધ્રૂજારી છુટી. કારણ કે તેણીના ગુનેગાર અંતઃકરણે તેણીના મગજમાં હજારો ભય ભરેલા શક ઉત્પન્ન કર્યા.

" હા, ડોસી, તમારીજ સાથે." આણંદરાયે ભાર મૂકીને કહ્યું, અને તેજ વખતે ધિક્કાર, ઇર્ષા, અને ઠપકા ભરેલી તીક્ષ્ણ નજર તેણીના તરફ ફેંકી.

"ધીમેથી. બહુ મોટેથી ના બોલો. રસ્તે જતા લોકો સાંભળશે." તેણી થડકાતે સ્વરે ધીમેથી બોલી.

"મને ઉશ્કેરાવાની અથવા મિજાજ ખોઇને વાત કરવાની ટેવ નથી." આણંદરાયે કહ્યું. "તેમ તમારે મારાથી બીવાનું પણ કંઇ કારણ નથી. અફસોસ ! કે તમારા ગુના વિષેની મારી માહિતી ઘણી ભયંકર છે. હું ઇનસાફ કરવા અહીં આવ્યો નથી. પણ તમને તમારા કૃત્યનો પસ્તાવો કરાવવા અહીં આવ્યો છું. નહિ, ફક્ત પેલા જુવાન પણ ગુનેગાર સ્ત્રી કે જેને મેંજ ભૂલ ભરેલે રસ્તે જવાનું કારણ આપ્યું હતું, તેણીને ખાતરજ હું તમને બચાવીશ. તેથી તમે ઉઘાડાં પડશો એવી પણ ધારતી મારા તરફની રાખશો નહિ. પણ હું તમને આગળથી ચેતાવું છું, ગંગાબાઇ, કે મારા તરફની આ સહનશક્તિ, અને માફીનો આધાર, હું તમને જે સવાલો પૂછું, તેના પ્રમાણિકપણે અને સાચા જવાબો મળવા ઉપર રહેશે."

"આપ શું કહેવા માગો છો, સાહેબ ?" તેણીએ પૂછ્યું. તેણીનો ચહેરો ફીક્કો ફચ પડી ગયો, અને આખે શરીરે ધ્રૂજારી છૂટી. "આપ કંઇ ગુના વિષે બોલ્યા ? કે મારા કાને સાંભળવામાં કંઇ ભૂલ કરી ?"

"નહિ, તમે ખરૂંજ સાંભળ્યું છે, અને હું તેજ શબ્દ બોલ્યો હતો." આણંદરાય ગંભીરતાથી બોલ્યો.

"ગુના ?" ડોસી બબડી, અને જાણે બેભાનપણામાં હોય, તેમ ફાટેલી આંખે તેના તરફ જોઇ રહી.

"હું કહું તે સાંભળવાને અને સમજવાને સ્વસ્થ થાઓ." આણંદરાય ભારપૂર્વક બોલ્યો. "હું જ્યારે એક પખવાડીઆ ઉપર અહીં આવ્યો હતો, ત્યારે પેલા ખુણાના ભંડારીઆમાંથી બે કાગળની કાપલીઓ મને જડી હતી. એકમાં ધીમે ધીને અસર કરતી ઝેરી દવા મિશ્ર કરવાની વિગત લખી હતી, જ્યારે બીજીમાં તે ઝેરના ઉતારની વિગત જણાવી હતી. કેટલાક મહિનાથી મારી નસોમાં ઝેર વહેતું હતું-હવે તેનો 'ઉતાર' મને જલદીથી તનદુરસ્તી અને જીંદગી પાછી આપે છે."

"ઓ, પ્રભુ! તમે મને ફાંસીને લાકડે ચઢાવશો?" બુઢ્ઢી ડોકરી ડુસકાં લેતી બોલી, અને આણંદરાયના પગે પડી.

"ના, મેં તમને કહ્યું છે તે શરતે તમને માફી મળશે." આણંદરાયે તેણીને પોતાની જગોએ બસવા ફરજ પાડતાં કહ્યું.

"અરે, રે! ઓ, પરમેશ્વર! મારૂં શું થશે?" તેણીનો મુડદાલ જેવો થઈ ગયેલો ચહેરો પોતાને હાથે ઢાંકી ધ્રૂજતી ધ્રૂજતી બોલી. આ વખતે તેણીના મનમાં શું શું થતું હશે, તે લખવા કરતાં વિચારવું સહેલું થઇ પડશે.

"હું તમને ફરીથી કહું છું કે, જો મારા સવાલોના જવાબો, પ્રમાણિકપણે ખરેખરા આપશો તો તમારા ગુનેગાર અંતઃકરણમાં તમને પશ્ચાતાપનો ડંખ લાગે, તે સિવાય મારા તરફથી તમારે કોઇ રીતે બીવાનું નથી." આણંદરાયે તેણીને ધીરજ આપતાં કહ્યું.

"ઓ! સાહેબ! આપ કેવા દયાળુ છો?" તે દુષ્ટા બોલી, અને બની શકે તેમ શાંત થવા યત્ન કર્યો. "ત્યારે, હવે મને જે પૂછવું હોય તે બેલાશક પૂછો; અને તેના જવાબો પ્રમાણિકપણે સાચેસાચા આપવાને હું પ્રતિજ્ઞા લઉં છું"

"પહેલું તો એકે મારા ખાનગી, વિશ્વાસુ નોકર મોતીને, તેના શેઠને આ ધીમી અસર કરતું જીવલેણ ઝેર આપવાને, કેવી રીતે હાથમાં લીધો હતો, તેનો મને ખરેખરો ખુલાસો આપો." આણંદરાયે પૂછયું.

"એ મોતી મારો દૂરનો સગો છે." ધારતીની મારી સાચું બોલવાની ફરજ પડતાં તેણી બોલી. "જ્યારે મંજુલાબાઇને પહેલવહેલું લાગ્યું કે, તમે તેણીની સાથે લગ્ન કરીને તમારૂં વચન પાળવાનો ઇરાદો રાખતા નથી, ત્યારે તેણીએ તમારા ઉપર વેર લેવાનો નિશ્ચય કર્યો. આ હકીકત તમે તમારા જાગીરીના ગામ ઉપર હતા, અને તેણી પોતાના મામાના ગામ ઉપર હતી, ત્યારે બની હતી. તેણીના પહેલા આવેશમાં તમને ઝેરથી એકદમ મારી નાખવાના વિચારમાં તેણી હતી. અને મારે લાલચ આપીને, મોતીને તે કામ પૂરૂં પાડવા સાધ્યો. પણ મોતીએ તેણીને મારી સલાહ

લેવા સુચવ્યું તેવામાં તેણીના મામા તથા મામીને, તેણીને ગર્ભ હોવા વિષે કબુલ કરવાની ફરજ પડી. તેમણે 'એક આબરૂદાર સ્ત્રીને માટે એકાંત વાસ જોઇએ છીએ.' એવી જાહેર ખબર વર્તમાનપત્રમાં છપાવી. તે અરસા-માં મે.તીએ એક પત્રદ્વારા મને મંજુલાબાઇની હકીકતની ખબર આપી. મેં જાહેર ખબરને આધારે તેણીના મામાને જવાબ લખ્યો છેવટે, મંજુ-લાબાઇએ મારે ઘેર આવી રહેવું એવી ગોઠવણ થઇ કરુણરાય અને પ્રમિ-લાદેવી (મંજુલાના મામા તથા મામી) ને, આ ગોઠવણમાં આગળની કંઇ અમારી સંતલશ હોય એમ જણાયું નહિ. પછી મંજુલાબાઇ આ ઘરમાં રહેવા આવ્યાં."

"તમારી વાત આગળ ચલાવો." તે ડોસી શ્વાસ ખાવા અટકી, ત્યારે આણંદરાયે તેણીને આગળ બોલવા હિંમત આપતાં કહ્યું. " આમાં સચ્ચાઇ જણાય છે. અને તમારે માટે એ લાભનું છે કે આવો સાચો ખુલાસો પ્રમાણિકપણે આપો છો."

"જ્યારે મંજુલાબાઇ અહીં રહેવા આવ્યાં," તે ડોસીએ, આણંદ-રાયના બોલવાથી ઉત્તેજીત થઇને આગળ ચલાવ્યું. "ત્યાર પછી તો તેણીને તમારા ઉપર વેર લેવાને કેટલું સહેલું થઇ પડયું તે તમેજ વિચારી શકશો. નાણાંની મોટી રકમો તેણીએ મને આપી—એવું જણાય છે કે તેણીની પાસે પુષ્કળ દોલત હોવી જોઇએ—કે જેથી હું લલચાઇને એક શ્રાપત વખતે તેણીનો કિન્નો પૂરો કરવામાં તેણીને મદદ કરવા કબુલ થઇ. પછી જે નોંધમાં ધીમા અસર કરનારા ઝેરની મિશ્રણ દવા લખેલી છે, તેની ગુપ્ત અસર મેં તેણીને સમજાવી. પછી તમારા નોકર મોતીને એક કાગળ લખી અહીં તેડાવ્યો. તે થોડા દિવસની રજા લઇને અહીં આવ્યો."

"હા, તે બનાવ મને બરોબર યાદ છે." આણંદરાય બોલ્યો. "ચલાવો."

"મોતીને ઝેરી દવા આપી ને તેનો ઉપયોગ કેવી રીતે કરવો, તે સમજાવ્યું. તે પાછો પોતાની નોકરી ઉપર ગયો. અને ત્યાર પછી તરતજ તમારો ગુપ્ત વ્યાધિ શરૂ થયો." ગંગાબાઇએ પોતાની દુષ્ટતાની કથા પૂરી કરી.

" હા, એ-જ છે. " આવી નિર્દયતાની વાત સાંભળી માથાથી પગ સુધી ધ્રૂજી ઉઠ્યાં આણંદરાય બબડયો.

" તમારી ખાત્રી થઇ હશે કે હવે હું તમને છેતરતી નથી. " ગંગાબાઇએ ઇન્તેજારીથી પૂછ્યું

" હા, બાઇ, મારી પૂરેપૂરી ખાત્રી થઇ છે કે તમે ખરૂં કહ્યું છે " આણંદરાય બોલ્યો.

" અને આપ મને બચાવશો ?–મારી કબુલતનો, મારી વિરૂદ્ધ ઉપયોગ નહિ કરશો ? " બુઢ્ઢીએ ગભરાતાં પૂછ્યું.

" નહિ, નહિ, તે બાબત હું આગળથી વચન આપી ચૂકયો છું. અને હવે, ઓ નિર્દય બુઢ્ઢી, મને કહે કે આ દુષ્ટ ઝેર મારા સિવાય બીજી કોઇ જગોએ અસર કરે છે ? બીજા કોઈ તમારા પંજામાં સપડાયા છે ?" આણંદરાયે કમકમી ખાતાં પૂછ્યું.

" હું ઇશ્વરના સોગન લઇ પ્રતિજ્ઞા ઉપર કહું છું કે કોઇ મનુષ્ય પ્રાણી–મારા જાણવા પ્રમાણે–હાલ આ ઝેરા અસરથી પીડાતું નથી. " ગંગાબાઇએ ભારપૂર્વક જવાબ આપ્યો.

" એટલું ઠીક છે ત્યારે. " આણંદરાયે કહ્યું. " અને હવે પેલી બંને નોંધની કાપલીઓ મને આપી દો. "

ગંગાબાઇ ઉઠી–ભંડારીઉ ઉઘાડ્યું– મોટું પુસ્તક કાઢયું–અને બે કાગળની કાપલીઓ, જે આણંદરાયે માગી હતી, તે કાઢી તેના હાથમાં આપી.

" મને ધારતી છે કે, આ નોંધોમાં લખેલી વિગત તમને સારી રીતે યાદ હશે. ભલે ગમે તેમ હોય, છતાં આ નોંધોની તો આવી સ્થિતિ કરવી એ ડહાપણ ભરેલું છે. "

એમ કહેતાની સાથે, પાસે દેવતાની સઘડી હતી, તેમાં આણંદરાયે પેલી બન્ને કાપલીઓ કાઢીને નાખી દીધી; અને તરત તે બળીને રાખ થઇ ગઇ.

" ઇશ્વર પાસે માગું છું કે મેં કદી એ નોંધો જોઇજ ન હોત–મારી પાસેજ આવી ન હોત." તેણી બોલી. "અરે, સાહેબ ! આવી સહનશીલતા

અને મારા તરફ દયાળુ લાગણી માટે હું આપનો કેવી રીતે આભાર માનું?"

"ખાત્રી રાખજો કે, હવેથી હું તમારા ઉપર સખ્ત દેખરેખ રાખીશ, ગંગાબાઇ." આણંદરાયે કહ્યું. "અને જો ફરીથી કંઇપણ ગુનાનું પાપી કામ કરશો, તો તમને ઇનસાફની દેવડીએ ચઢાવતાં હું કશાથી અટકીશ નહિ. પણ હજુ મારે એક ખુલાસો તમારી પાસેથી લેવાનો છે–કારણ કે મારે જાણવું જોઇએ કે ક્યાંથી અને કેવી રીતે એ નોંધો તમે મેળવી હતી?"

"એક દીલેરખાન નામનો ઘરડો હકીમ હતો, તેની પાસેથી મેં મેળવી હતી." તેણીએ જવાબ દીધો. "થોડા દિવસ ઉપર મેં સાંભળ્યું છે કે તે મરી ગયો છે."

"ત્યારે હવે આપણી મુલાકાત પૂરી થાય છે." આણંદરાય ઉભો થતાં બોલ્યો. "પણ મારા જતા પહેલાં, હવે પછી તમારી વર્તણુકમાં વધારે સાવધ રહેવાની મારે તમને ચેતવણી આપવી જોઇએ. હું તમારી સાથે બહુ દયાથી વર્ત્યો છું. અને જો કોઇપણ કારણથી તમને પશ્ચાતાપ થશે, તો મારી સંપૂર્ણ ખાત્રી થશે કે જે ફાંસીને લાકડે તમારૂં ડોકું લટકવાનું હતું, તેમાંથી મેં તે દૂર કર્યું છે, તે યોગ્ય હતું. છતાં હું ધારૂં છું કે તમે તમારાં પાપી કૃત્યોનો બોજો લઇ જલદીથી આ દુનિઆ છોડી જાઓ, તે કરતાં તેનો ખરા અંતઃકરણથી પશ્ચાતાપ કરવા તમે હજુ વધારે જીવો તો સારૂં. મારી સાથે તમે એક જંગલી ઘાતકી પશુની માફક વર્ત્યા છો–તમારાં કાળાં કૃત્યોએ મને છેક મૃત્યુની નજીક લાવી મૂક્યો હતો. અને એક ગુનેગાર સ્ત્રી કે જેને સારી સલાહ આપી સારે રસ્તે ચઢાવવાની હતી, તેને બદલે તેણીના રાક્ષસી અને કિન્નાખોર જુસ્સાને તમે મદદ આપી. મારા જેવી સ્થિતિમાં આવી પડેલા સોએ નવાણું માણસો દયારહિતપણે તમને ઇનસાફની દેવડીએ ચઢાવત–એટલુંજ નહિં પણ–તમને ફાંસીને લાકડે લટકતાં જોઇ ખુશી થાત. પણ મેં તમને બચાવ્યાં છે, અને તમારો ગુપ્ત ભેદ મારી પાસેજ છૂપો રહેશે. તમને નુકશાન કરે એવો એક પણ શબ્દ હું બોલીશ નહિ. તમારૂં ગુજરાન ચલાવવાનું સાધન જતું રહે એવું હું કરીશ નહિ–કારણ કે તેમ કરવાથી, તમને હાલ તમારાં પાછલાં પાપી

કૃત્યોનો પસ્તાવો થાય છે, છતાં પાછાં ગુજરાનને માટે ગુના ભરેલાં કાળાં કૃત્યો કરવાની તેમને ફરજ પડે. માટે મારી આટલી બધી દયાને તમે પાત્ર છો એવી સાબીતિ આપો, અને જે થોડાં વરસ તમે જીવવા પામો, તેટલામાં એવી વર્તણૂક રાખો કે, જે કરેલું છે તે નહિ કરેલું થવાનું નથી, એવાં કરેલાં પાપી કૃત્યોનો કંઇક પશ્ચાતાપ થાય. આ શીખામણ જો કે ભયંકર છે તો પણ, તમને ભારે અસરકારક થાય એમ ઇચ્છીને હવે હું જઇશ."

"ઇશ્વર જાણનાર છે કે તમારી ભલાઇ હું કદી ભૂલીશ નહિ. તેમ હાલ તમે જે બોલ્યા છો, તેનો વિચાર પણ મારા મગજમાંથી કદી જશે નહિ." તે બુઢ્ઢી રૂંધાયલા સાદે બોલી.

"ઇશ્વર કરે ને આવી લાગણી કાયમ રહે." એમ કહીને આણંદરાયે ઉતાવળે તે ઘર છોડયું, કે જ્યાંની હવા તેને ઘણી દુઃખકારક લાગતી હતી.

આણંદરાયના ગયા પછી, ગંગાબાઇ એક ખુરશીમાં વિચારવમળમાં પડી. એટલીબધી ધાસ્તી તેણીને પેસી ગઇ હતી કે જ્યારે તે તરૂણ ગૃહસ્થ તેણીની પાસે હતો, ત્યારે અને તેના ગયા પછી કેટલીક વાર સુધી તેણીને પોતાનાં પાપી કૃત્યને માટે અને તે જુવાનની ઉદારતા માટે ભારે લાગણી થઇ હતી. પણ ધીમે ધીમે તે ધાસ્તીની અસર ઓછી થઇ, અને તેણી વધારે શાંત થઇ.

લગભગ એક કલાક થઇ ગયો. તેણીએ થોડો જલદ દારૂ લીધો, અને પૂરેપૂરી તાજી થઇ પછી પોતાના ખાનગી ઓરડામાં જઇ ખજાનાની પેટી ઉઘાડી, અને તેમાં તેણીએ જે સોનાની મહોરો ભેગી કરી હતી તે બહાર કાઢીને ગણી જોઇ. અહાહા ! ! પૈસો એ કેવી ચીજ છે ? મનુષ્ય પ્રાણીના ગમે તેવા સારા વિચારો હોય, પણ તે પૈસાના દબાણમાં કચરાઇ—ચૂરાઇ જાય છે. પસ્તાતું અંતઃકરણ પણ ખરાબ રીતે મેળવેલો પૈસો જોતાં કેવું ફેરવાઇ જાય છે ? તેવુંજ આ દુષ્ટાના સંબંધમાં બન્યું. હજુ એક બે કલાકથી વધારે વખત તો ગયો નથી, તેટલામાં તો તેણીના દુષ્ટ કૃત્યોથી મેળવેલી દોલત જોઇ રાજી રાજી થઈ ગઇ. એટલુંજ નહિ, પણ થોડીવાર પહેલાં સંપડાતાં બચી ગઇ હતી, તે ઉપર પણ કંઇ થોડી ખુશી થઇ નહિ.

તે દિવસે સાંજ પડયા પછી, કંઇક અંધારૂં થવા આવ્યું, ત્યારે ગંગાબાઇના ઘરનું આગલું બારણું કોઇએ ઠોકયું.

ગંગાબાઇએ તરત બારણું ઉઘાડયું, અને બુરખાથી જેનો ચહેરો ઢંકાયેલો હતો એવી એક સ્ત્રી ઘરમાં આવી. ગંગાબાઇ કંઇ બોલી નહિ, કારણ કે તે સ્ત્રીને તેણીએ ઓળખી હતી. બારણું બંધ કરી બન્ને પેલા અંધારા ઓરડામાં ગયાં.

તે સ્ત્રીએ પોતાનો બુરખો કાઢી નાખ્યો, અને મંજુલાબાઇનો ફીક્કો પણ ઝનુની ચહેરો ખૂલ્લો થયો.

"તમે મને આટલી બધી જલદી પાછી આવવાનું ધાર્યું નહિ હોય, ગંગાબાઇ?" મંજુલાએ પૂછ્યું.

"ના. પણ મેં બારણું ઉઘાડયું કે તરત જાણ્યું કે તમેજ છો." તેણીએ જવાબ દીધો. "અત્યારે કેમ આવવું પડયું?"

"તે તમે હમણાંજ જાણશો." તે સ્વરૂપવાન પણ રાક્ષસી હૃદયની મંજુલા બોલી. "એક શબ્દમાંજ કહું છું કે, મેં આણંદરાયને જોયો છે, અને મારી ખાત્રી થઇ કે મોતી આપણી સાથે દગો રમે છે."

"તોપણ તેણેજ આપણને ગઇ કાલે સવારે જણાવ્યું હતું કે આણંદરાય જલદી સારો થતો જાય છે." ગંગાબાઇ બોલી. "ત્યારે તે આપણને છેતરે છે એમ તમે શી રીતે કહી શકશો?"

"હું કહું તે ધ્યાન પૂર્વક સાંભળો." મંજુલાએ કહ્યું. "ગઇ કાલે સવારે મોતીનો તમારા ઉપર કાગળ આવ્યો, તેમાં એવું લખ્યું હતું કે તેના જુવાન શેઠને દરરોજ રાત્રે તેના પલંગ પાસે મૂકેલા પાણીમાં ઝેર નાખીને, તે આપવામાં આવે છે, છતાં તે ઝેરની અસરમાંથી ન કળી શકાય તેવી રીતે તે મુક્ત થતો જાય છે. ત્યારે મેં તમને પૂછ્યું કે અમુક વખતે અસર જતી રહે એવા પ્રકારનું આ ઝેર હતું કે કેમ? તમે તેનો જવાબ આપ્યો કે તેમ થાય નહિ. આ રીતે મેં ખાત્રી કર્યા પછી, આણંદરાયના બહારના દેખાવમાં જે સુધારો જણાય છે, તેનાં ત્રણ કારણો મારા અનુમાનમાં આવ્યાં. એક તો એ કે, મૃત્યુ જ્યારે પાસે આવે છે ત્યારે તે માણસના ચાલ

અને ચહેરા ઉપર તેજી સ્ફૂરી આવે છે, અને તેને મોતી, તેના શેઠ સારો થતો જાય છે એમ ગેર સમજથી ધારતો હોય. બીજું એ કે, આણંદરાયે તેના વ્યાધિનું કારણ જાણ્યું હોય, અને તે ઝેરનો 'ઉતાર' લેતો હોય. અને ત્રીજું અને છેલ્લું અનુમાન એ કે, મોતી હવે તેના શેઠને ઝેરી દવા આપતો બંધ થયો હોય."

"આ બધી બાબતોનો મેં પણ વિચાર કર્યો." ગંગાબાઇ બોલી. "અને છેલ્લું અનુમાન તદ્દન નકામું લાગ્યું, અને પહેલા અને બીજા અનુમાન વચ્ચે મારૂં મગજ ગુંચવાડામાં પડયું."

"મેં ત્રણે અનુમાનોની તુલના કરી જોઇ." મંજુલાએ પોતાનું ચલાવ્યું. "વારૂ, આવી અચોક્કસ અને શક પડતી સ્થિતિમાં મારૂં વેર નહિ છોડી દેવાના નિશ્ચયથી, અને તે તેમાંથી બચી જશે એવા ધારતાથી તમારૂં ઘર છોડીને આણંદરાયના ઘરની નજીક એક ભાડે ઘર રાખીને ત્યાં રહી, આણંદરાયના દેખાવમાં થતો ફેરફાર નજરે જોવાનો મેં વિચાર કર્યો. વળી મોતીને મળવાને માટે હું ઘણી ઇન્તેજાર હતી. તેને તેના દગા ફટકા માટે ઠપકો આપીને જે જવાબ આપે, તે ઉપરથી મારો શક કેટલે દરજ્જે ખરો હતો તેનું તોલ કરવાનું મેં ધાર્યું. તે પ્રમાણે આણંદરાયના મહેલની નજીકમાં એક ઘર મેં ભાડે રાખ્યું. અને ગઇ રાત્રે તેજ ઘરમાં હું સુતી હતી. આજ સવારે કપડાં પહેરી મોંઢા ઉપર બુરખો નાખી, મહોલ્લામાં બપોર સુધી ફરી, અને મારી આબરૂના નાશ કરનારને મેં જોયો. તે ધીમે પગલે ચાલતો હતો, અને ઘણા ઉંડા વિચારમાં દેખાતો હતો. મેં તેનો ચહેરો પૂરી રીતે જોયો, પણ તેણે મને દીઠી નથી. જો કદાચ તેણે મને દીઠી હોત, તોપણ તે મને ઓળખી શકત નહિ. ખરેખર તેના દેખાવમાં ફેરફાર થયો છે." તેણી ગુસ્સાના ઝનુની આવેશમાં બોલી. "અને તેના ચહેરા ઉપર પાસે આવતા મોતની તેજી નથી. તેની આંખો અકુદરતી રીતે ચળકતી નથી. તેનાં ગાલાં દઢ હતાં. દરેક નિશાનીથી જણાયું કે તેની તબિયત સુધરતી જાય છે. હું મારા મકાન ઉપર પાછી આવી, અને ભારે વિચારમાં પડી. મારૂં પહેલું અનુમાન ખોટું પડયું. ત્યારે બીજા અનુમાન ઉપર આવી. શું

તેણે વ્યાધિનું કારણ શોધી કાઢી તેનો 'ઉતાર' લેવા માંડયો હશે ? ના-જો તેમ હોત તો તેનો શક મારી ઉપર આવત, અને હું કયારની તુરંગમાં પડી હોત. ત્યારે હવે મારે શું સમજવું ? માત્ર એજ કે મોતીને પોતાના કૃત્યનો પસ્તાવો થયો હોય, અને તેથી તેણે ઝેર આપવું બંધ કર્યું હોય."

"મેં તમારૂં કહેવું ઘણી ધીરજથી સાંભળ્યું છે." ગંગાબાઇ બોલી. "હવે મને કહેવા દો. આણંદરાય આજે સવારે અહીં આવ્યા હતા."

"હેં ! ! શા માટે ?" મંજુલાએ અજાયબીમાં પડી પૂછયું.

"તેણે સઘળું શોધી કાઢયું છે, અને સઘળાની માફી આપી છે." ગંગાબાઈ ધીમેથી પણ ભાર મૂકીને બોલી. "ઝેર અને તેનો 'ઉતાર' બન્ને તેની જાણમાં આવી ગયાં છે, અને મોતીએ તમને છેતર્યાં નથી."

"તમે મને અચંબામાં નાખો છો !" મંજુલા ભારે આવેશમાં બોલી ઉઠી.

"હા, તેણે સઘળું શોધી કાઢયું છે. તે તમને કંઇ મહત્વની બાબતને માટે મળવા આવ્યો હતો. પણ તેણે તેનો હેતુ મને જણાવ્યો નહિ." ગંગાબાઇએ પોતાનું બોલવાનું જારી રાખ્યું. 'અને તમે અહીંથી ચાલી ગયાં છો, એવું જાણ્યું, ત્યારે તેણે ઘણી અજાયબી બતાવી. ગઇ કાલે રાત્રે તે તમારા મામા તથા મામી પાસે ગયા હતા."

"મને તેમની દરકાર નથી. બીજા બધા વિચારો અને લાગણીઓને બાજુ ઉપર રાખીને હાલ તો મારૂં વેર લેવાના વિચારોથી મારૂં મગજ ભરાઇ ગયું છે" મંજુલા આવેશથી હાથ પગ પછાડતાં બોલી. "તેના વ્યાધિનું કારણ એ શી રીતે જાણી શકે ? તેના 'ઉતાર' ની દવાની હકીકત તેના જાણવામાં શી રીતે આવે ?"

"જે રાત્રે તે પ્રમિલાદેવી સાથે અહીં આવ્યા હતા, ત્યારે ભંડારીઆમાંથી તે નોંધો જોઇ હતી." ગંગાબાઇએ જવાબ આપ્યો. "અને પછી બેશક, તેમણે કોઇ દવાવાળાની સલાહ લીધી હશે. તેણે કહ્યું કે ખાસ તમારી જ ખાતર મને તે બચાવશે. અને તમારા વિષે તે ઘણી માયાળુ લાગણીથી બોલતા હતા."

' જહાનમમા ગઇ તેની માયાળુ લાગણી ! હું તેની માયાળુ લાગણીને ધિઃક્કારૂં છું ! એની ખામોશીને પણ હું ધિઃક્કારૂં છું !" ગુસ્સાથી રાતી પીળી થઇ જતાં મંજુલા પગ ઠોકીને બોલી. " શું તમે એમ ધારો છો કે મારૂં વેર અહીંથી જ અટકશે ? શું તમે એક પળ પણ એવું અનુમાન કરો છો કે તેની માફીથી હું પીગળીશ ? અથવા એની ખામોશીથી હું નરમ પડીશ ? ના, ના. એમ નહિ થાય, કે આ પ્રમાણે આ મંજુલા પોતાનું વેર દાબી દેશે !"

એટલું કહી તેણી જવાને માટે ઉઠી.

"તમે હવે શું કરવા માગો છો, મંજુલાબાઇ ?" ગંગાબાઇ આજીજીની ઢબે બોલી. " જરા વિચાર કરો—ખામોશ રાખો—હું તમને ખોળા પાથરી કહું છું કે આણંદરાયની જીંદગી ઉપર કંઇપણ બળાત્કાર તમે કરશો, તો તેનું ભયંકર પરિણામ આપણે ભોગવવું પડશે. અરે ! હું માગી લઉં છું કે કંઈપણ કામ ઉદ્ધતપણે કે ઉતાવળથી કરશો નહિ. એની દયાળુ લાગણી પાછી વેર લેવામાં બદલાઇ જશે. એટલુંજ નહિ, પણ પોતાની જીંદગીની સલામતીને ખાતર તેને કાયદાની મદદ લેવાની જરૂર પડશે; અને ત્યારે તમારા પોતાના નાશની સાથે મને પણ ખેંચશો."

" તમે કંઇ બીશો નહિ, ભલાં બાઇ !" મંજુલા દઢ અવાજે બોલી. " હવે હું જે કરીશ તે સારી રીતે અસરકારક નીવડશે. મારી ખાત્રી થાય છે કે મારી સાથે મોતી અપ્રમાણિકપણે વર્ત્યો છે, અને હવે એની મદદથી એક પળમાં હું મારૂં વેર લઇશ લ્યો, આ નાણું લઇ તેના બદલામાં તાત્કાળિક મૃત્યુ થાય એવું ઝેર આપો." એમ કહી તેણીએ રૂપીઆની ભરેલી એક નાની થેલી મેજ ઉપર નાખી.

"ઓ, પ્રભુ ! તમે મારો નાશ કરાવશો, મંજુલાબાઇ—મારા ઉપર દયા કરો." ગંગાબાઈ ગભરાટમાં પડીને બોલી.

" વાહ, ઠીક—આ રકમના દશમા ભાગથી પણ હું કોઈ દવાવાળા પાસેથી મારે જે જોઇએ છીએ તે મેળવી શકીશ." મંજુલા થેલી પાછી લેતાં ઠંડે પેટે બોલી.

"ઉભાં રહો, હું આપું છું" ગંગાબાઈ લોભને વશ થઇ બીતાં બીતાં બોલી.

"ઉતાવળ કરો ત્યારે, મારે જલદી જવું છે." તેણીએ જવાબ દીધો.

ગંગાબાઇ બીજા ઓરડામાં ગઇ, અને જલદીથી એક નાની સીસી લઇને આવી—ને તેણીએ મંજુલાને આપી, અને રૂપીઆની કોથળી લાધી.

"આ ઝેર ઉપર આધાર રાખી શકાશે ?" મંજુલાએ માર્મિક ઉદ્દેશથી પૂછયું.

"એક ઉંઘતા માણસના હોઠ વચ્ચે માત્ર ત્રણ ટીપાં મૂકવામાં આવે તો તરતજ મૃત્યુ નીપજે." બહુજ ધીમેથી બુઢ્ઢી બોલી.

"તમે મને છેતરતાં તો નથી, ગંગાબાઈ ?" મંજુલાએ તેણીના તરફ શકની નજરથી જોતાં પુછ્યું.

"પ્રતિજ્ઞા ઉપર કહું છું કે તેવો મને વિચાર પણ આવ્યો નથી." તેણીએ જવાબ દીધો.

"ઠીક છે, આપણે જોઇશું." મંજુલા ઠંડે પેટે બોલી; અને ગંગાબાઇનું વહાલું નાનું કૂતરૂં હતું, તેને એકદમ પકડીને મંજુલાએ ઉંચકી લીધું.

"એ, જુવાનબાઇ, હું તમને મના કરૂં છું કે આ બાપડા નિરપરાધી પશુને તમે હેરાન કરો નહિ." ગંગાબાઇ આવેશમાં આવી તેના રિવાજ કરતાં મોટેથી બોલી. "હુ કહું છું કે એને છોડી દો." એમ કહી તેણીના હાથમાંથી તે ગરીબડા પશુને છોડાવવા વળગી.

"ચૂપ રહો." મંજુલા બોલી "નહિ તો ગરબડથી લોકો જાણશે."

"ખરૂં છે. ઓ પ્રભુ !" ગંગાબાઇએ ખુરશીમાં પડતું નાખતાં શોકોદ્ગાર કાઢયો.

"તેજ વખતે તે નિર્દય અને ઘાતકી જુવાન સ્ત્રીએ તે સીસીમાંથી થોડાં ટીપાં, તે કૂતરાના મોંઢામાં જોરથી પાડ્યાં; અને પછી ખુરશી ઉપરથી ઉઠીને, તે કૂતરાને જમીન ઉપર પડવા દીધું, જ્યાં તે બેભાન થઇને પડયું, અને આખા ઓરડામાં ખરાબ હવા ફેલાઇ.

"હવે તમારી ખાત્રી થઇ ?" ગંગાબાઇએ શોકાતુર પણ ગુસ્સા ભ-

રેથી હમે પૂછ્યું." આ ગરીબ બિચારા પશુને એક પળમાં મારી નાખ્યું."

"હું દિલગીર છું કે, તમારૂં વહાલું પ્રાણી મારાં આવી રીતે નાશ પામ્યું ગંગાબાઇ." થયેલા પરિણામથી ખુશી થતાં મંજુલા બોલી "પણ હવે હું તમને ખત્રીથી કહું છું કે, હવે મારી મરજીમાં આવે ત્યારે મારૂં જીવલેણ વેર હું વાળી શકીશ, એવી મારી ચોક્કસ ખાત્રી થઇ છે. અને તેથી હું ઘણી રાજી થઇ છું. ગંગાબાઇ હવે હું જાઉં છું. તમારે કશું બીવાનું નથી."

"તમે જતા પહેલાં તમારી બેનપણી ક્રિષ્ણાકુમારીને મળશો નહિ? ગંગાબાઇએ પૂછ્યું.

"અત્યારે નહિ—આ વખતે નહિ." મંજુલાએ અધીરાઇથી જવાબ દીધો. "તમારા સગા મોતીને મળવાની ઘણી ઉતાવળછે. એમ કહી મંજુલાં ચાલી ગઇ.

જેવી તે ગઇ કે તરતજ ગંગાબાઇએ ગરીબ બિચારા કૂતરાને જમીન ઉપરથી ઉંચક્યું, અને નિસાસો નાખ્યો. કારણકે આ દુષ્ટ બુદ્ધી—કે જેને મનુષ્યની જીંદગીની કશી લાગણી નહોતી—જીવતાં અવતરેલાં બચ્ચાંને દયાનગર પાછળની નદીમાં નાખી દેતાં જેને જરાએ આચકો લાગતો નહિ—તેની આ રાક્ષસી અંતઃકરણની દુષ્ટાને તેણીના વહાલા કૂતરાના મોતથી દયા છૂટી. એટલુંજ નહિ પણ ઘરના વાડામાં જઇને એક ખાડો ખોદીને તેને દાટ્યું. જે વખતે તેણીની આંખમાં આંસુ આવ્યાં—કારણકે તે ગરીબડું પ્રાણી તેણીને કેટલું બધું ચહાતું હતું, તે તેણીને યાદ આવ્યું. અહા! હા! આટલું છતાં તરતના જન્મેલા ખૂબસુરત બચ્ચાને મારી નાખતાં તેણીને જરા પણ દયા આવતી નહિ, એ પણ મનુષ્ય જાતની જુદી જુદી પ્રકૃતિઓ પૈકીની એક છે.

કૂતરાના શબને આ પ્રમાણે ઠેકાણે પાડયા પછી તેણી પોતાના ઓરડામાં આવીને ઉંડા વિચારમાં પડી. શું મંજુલા જે પગલું લેવા ધારે છે તેમાં તેણીને કંઇ ધાસ્તી છે? શું તેણીને આણંદરાય વિષે કંઇ લાગણી છે? શું તેણીએ તેને આપેલી પ્રતિજ્ઞા યાદ આવતાં પોતાના કૃત્યને માટે

કંઇ કંપારી છુટે છે ? ગમે તેમ હોય, પણ આખરે તેણુા બીકથી ધ્રુજી ઉઠી, અને આણંદરાયને, તે જે ભયમાં આવી પડવાનો છે, તેની તાત્કાળિક ચેતવણી આપવાનો કંઇપણ રસ્તો લેવા તેણીએ નિશ્ચય કર્યો.

હવે તેણીએ કયે રસ્તે કામ લેવું તેનો વિચાર કર્યો. તેણીએ ધરણીધરરાયને મહેલ જવું, અને આણંદરાયની ખાનગી મુલાકાત લેવી. પણ ત્યારે, તેણીના સગો-મોતી-તેણીને મળી જાય તો ? અને મંજુલાના પૈસાથી લલચાઇને તેજ મોતી તે જુવાન દુષ્ટ સ્ત્રીને ખબર આપે તો ? હા-આ મોટી અડચણ હતી. પણ તે દૂર નહિ થઇ શકે તેવી નહોતી-પછી તેણીએ નીચે પ્રમાણે એક ચિઠ્ઠી લખી કાઢી-

" એક ભાડાની ગાડી—કે જે પાસેજ ઉભીછે- તેમાંથી આ લખુંછું. જો તમારી જીંદગીની કંઇપણ કિંમત તમને હોયતો એકદમ આવો, અને મને મળો. એક મહત્વની વાત તમને કહેવાનીછે. પણ મોતીને જાણવા દેશો નહિ કે હું પાસેજ છું.

ગંગાબાઇ. "

આ ચિઠ્ઠી એક કવરમાં બીડી ફેરફાર અક્ષરોથી આણંદરાયના નામનું શિરનામું કરી એક બાજુ ઉપર " ખાનગી " એમ લખ્યું. પછી બુરખો નાખી બહાર નીકળી. અને ભાડાની ગાડી કરી ધરણીધરરાયના મહેલ તરફ ગઇ.

થોડા વખતમાં ત્યાં નજીક પહોંચી ગઇ. થોડે દૂર ગાડી ઉભી રખાવી. ગાડીવાળા સાથે તે ચિઠ્ઠી મોકલાવી, તેણે દરવાજે ઉભેલા એક નોકરને આપી. થોડીવાર સુધી ગંગાબાઇને ગાડીમાં બેસી રહેવું પડ્યું, અને ઉપરા ઉપરી શક આવવા લાગ્યોકે કદાચ આણંદરાય ઘેર નહિ હોય તો ? કદાચ ઘણા મોડા સુધી તે ઘેર પાછો નહિ આવવાનો હોય તો ? જો તેમ હોય તો તેણીએ શું કરવું ? કદાચ રાતમાંજ ખુન થઇ જાય, અને કાયદાની બારીક તપાસને પરિણામે ગુનામાં તેણીની સામેલગીરી પકડાઇ આવે તો ?

પણ તેણીને વધારે વાર આ પ્રમાણે સંશયયુક્ત રહેવું પડ્યું નહિ. કારણકે થોડીવારમાંજ આણંદરાય ત્યાં આવ્યો. ગંગાબાઇ ગાડીની બહાર માથું કાઢી પોતાનું મોંઢુ છેક આણંદરાયના કાન સુધી લઇ જઇ ધણુંજ

ધીમેથી બોલી. " મંજુલા મારે ઘેર આવી હતી અને તમારૂં મોત આણવા તેણીએ નિશ્ચય કર્યોછે. અમુક જાતનું ઝેર કે જે એક વીજળીના ચમકારાની માફક, જેને તે આપવામાં આવ્યું હોય, તેનો જીવ લેછે, તે તેણીના કબજામાંછે. અને તેનો ઉપયોગ કરવાને તેણી કંઇ પણ આઘુંપાછું જોશે નહિ."

"હું તમારો ખરા અંતઃકરણથી આભાર માનુંછું.-ખરેખર આ હકીકત માટે ઘણોજ આભારી થયોછું." આણંદરાવ ધીમેથી બોલ્યો. " તમારી ભલી લાગણીની હવે તમે સાબીતિ આપોછો. અને તમારી ફેરવાયેલી વર્તણુકને માટે તમારે પસ્તાવું નહિ પડે. હવે જાઓ."

આમ કહીને તે તરત મહેલમાં પાછો ગયો. અને ગંગાબાઇએ ગાડી પોતાના ઘર તરફ લેવા ગાડીવાળાને કહ્યું.



કુસુમ-કળા.

ભાગ ૨ જો.

પ્રકરણ ૨૩ મું.

ખુનીઓ-ઝેર દેવાની કોશિસ.

મધરાતનો વખત થયો હતો. શહેરનાં ઘડિઆળોમાં બ.રના ટકોરા થતા હતા. ધરણીધરરાયના મહેલમાં સર્વત્ર શાંતી ફેલાઇ ગઇ હતી.

પણ, સાંભળો-ઉપરના મેડા ઉપરની એક બારીનું બારણું ધીમે રહીને ઉઘડે છે-એક માણસ-કે જે સુતોજ ન હોય, તેમ દીવસનાં પહેરેલાં તમામ કપડાં સાથે બહાર આવે છે-તેના એક હાથમાં ફાનસ છે,-અને તેનું અજવાળું તેના ચહેરા ઉપર પડતાં તે આણંદરાયનો નોકર મોતી ઓળખાઇ આવે છે.

તેના હમેશના તેજદાર ગાલ ઉપર અસાધારણ ફીકાશ છવાઇ રહી છે. તેની હમેશની નમ્રતા ભરેલી આંખોનો દેખાવ ફેરવાઇ જઇ તેમાં કપટ-

ભાવ તરી આવે: છે—તેના એકંદર દેખાવ ગુંચવાયલા મગજના માણસ જેવા લાગે છે.

બ્હારની ચાલમાં ભીંત પાસે રહીને જતાં તેનો પોતાનો પડછાયો જોઇ તે ચમકે છે—ઘડીમાં તે અટકે છે, અને આગળ જવું કે નહિ, તેને માટે ગુંચવાય છે—તેના મનમાં થતી ધાસ્તી સાથે તેને મળવાના પૈસાના લોભની સરખામણી કરે છે—અને તેનું મગજ એવું હાલકડોલક થઇ ગયું છે કે ત્રાજવાના હાલકડોલક થતા પલ્લામાં એક ઘાસના તણખલાથી જેમ ફેરફાર થઇ જાય, તેની સ્થિતિમાં હતું.

અરે! આવે પ્રસંગે માણસના અંતઃકરણમાં સારા વિચારો જીત મેળવે, એવું ક્વચિતજ બને છે—આણંદરાયનો વિશ્વાસુ નોકર મોતી, મંજુલાના દબદબાથી, પોતાના શેઠની જીંદગીની, અને તેનો અંત આણવામાં મંજુલાને મદદ કરવાની પોતાની જોખમદારીની—એ બધાની સરખામણી કરે છે—પણ પાછો આગળ વધતો જાય છે.

દાદર ઉપર આવીને—ધીમે ધીમે પગથીઆં ઉતરે છે—પગથીઆં ઉપર તેનાં પોતાનાંજ પગલાંનો અવાજ થાય છે, તે સાંભળીને ચમકીને ઉભો રહે છે—સાંભળે છે—વળી પોતાના પડછાયાથી ચમકે છે—અને જાણે કોઇ તેની હીલચાલ તપાસતું હોય એમ તેને લાગે છે.

આખરે તે નીચે ઉતરે છે. હાથમાંનું ફાનસ એક ગોખલામાં મુકીને, સંભાળપૂર્વક, કંઇપણ અવાજ કર્યા વગર, આગલું બારણું ઉઘાડે છે.

એક સ્ત્રી, કે જેનો ચહેરો એક કાળા—જાડા બુરખાથી ઢંકાયેલો હતો. તે તરતજ મહેલમાં દાખલ થઇ, મોતીએ બારણું બંધ કર્યું.

"તમને કોઇએ જોયાં, બાઇ?" મોતીએ પેલી સ્ત્રીના કાનમાં ધીમેથી પૂછ્યું. તેનો અવાજ બીજું કોઇ સાંભળી શકે તેવો નહોતો, તોપણ ઘણીજ ઇન્તેજારી અને ધાસ્તી ભરેલો હતો.

"બહારના ચોકમાં કોઇપણ માણસ નહોતું." જવાબ મળ્યો. વાંચનારને જાણવામાં મુશ્કેલી પડી નહિ હોય કે આ બુરખાવાળી સ્ત્રી બીજી

કેઇજ નહિ, પણ મંજુલા હતી. "તારે કંઇ બીવા જેવું નથી, છતાં તું એક ઝાડના પાંદડાની માફક કેમ ધ્રુજે છે?"

"કેમ બાઇ! જો હું તમને ખરેખરૂં કહું તો જ્યારે હું ઘણો નાનો હતો ત્યારે મારા બાપ કે જે ઘણા ભલા માણસ હતા, તે મને કહેતા હતા કે પરમેશ્વર સઘળું જૂએ છે. એ વાત યાદ આવતાં હાલ મને એવું લાગે છે કે મારા ઉપર ઇશ્વરની આંખો ઠરેલી છે."

મોતી, ઉપરના શબ્દો બહુજ ધીમેથી પણ ગંભીરપણે ભાર મૂકીને બોલ્યો હતો; અને તેની અસરથી એકાદ પળ તો મંજુલાએ પણ બીકથી લથડીઉં ખાધું. પણ આ રાક્ષસી અંતઃકરણની સ્ત્રીએ તરત પાછી સાવધ થઇને રૂપીઆથી ભરેલી એક કોથળી મોતીના હાથમાં મૂકતાં કહ્યુ "મેં કબુલ કરેલું તે કરતાં આ વધારે રકમ છે, અને તેના કરતાં બેવડી રકમ જો માત્ર અત્યારે મારા કામમાં ફતેહ મળે એમ કરીશ, તો તને કાલે મળશે."

પૈસાથી આંધળો બની ગયેલો મોતી, કોથળી પોતાનાં પહેરલાં કપડાંમાં સંતાડી, ફાનસ લઇને એક પણ શબ્દ બોલ્યા વગર દાદરનાં પગથીઆં ચઢવા લાગ્યો, તેની પાછળ મંજુલા કંઇપણ અવાજ કર્યા વગર ચઢી.

મોતીએ પૈસાને માટે પોતાનો આત્મા વેચ્યા હતો, અને તે તેના ઇશ્વરને વેચવા બરોબર હતું. કારણ કે તે જાણતો હતો કે તેના ઉપર પરમેશ્વરની આંખ છે. જો તે નાસ્તિક હોત, તો તેનો ગુનો કંઇક ઓછો ગણાત—કારણ કે ત્યારે તો તેના માનવામાંજ ન આવત કે તેના જન્મ આપનારની સામે પાપ કર્મ કરીને ઇશ્વરી કાયદાનો તે ભંગ કરે છે; પણ તેતો ખરેખરો આસ્તિક હતો, એટલુંજ નહિ, પણ સ્વર્ગ અને નર્કને તે માનતો હતો. આવું છતાં તેણે ખુનના કામમાં મદદ કરવાની હિંમત ચલાવી હતી.

જે પાપ જાણી બુઝીને કરવામાં આવે છે તેનો અપરાધ, એક અજાણ્યો, હલકો અને અભણ માણસ—કે જે પાપ, પુન્ય કે ધર્મ વા અધર્મ કશું સમજતો નથી, તેના તેવાજ કામ બદલના અપરાધ કરતાં હજારો દરજ્જે વધારે ગણાય છે. અને તેથી પૈસાદાર અને કેળવણી પામેલા લોકો, પોતાની લાખો અને કરોડોની દોલતમાં વધારો કરવાના આંધળા લોભથી એક અ-

ભણુ અને ભૂખે મરતો માણસ જે કામમાં કાળાં અને દુષ્ટમાં દુષ્ટ પાપી કૃત્યો કરવાને કમકમે, તેવાં હજારો કૃત્યો પોતાની જીંદગીમાં કર છે, તે ખચીત ઇશ્વરી કાયદાને અનુસરીને ધર્મ રાજાના દરબારમાં રૌરવ નર્કની સજા માગી લે છે, એમાં કંઇ શક નથી; છતાં પૈસાનાજ પૂજારીને પોતાના પૈસાના જોરમાં કંઈ સુઝતું નથી, તો પછી તેમનાં કાળાં અંતઃકરણમાં સુવિચાર નો અંશ માત્ર પણ કયાંથી હોય? જે લોકો ગાડી—ઘોડા અને મોટરો દોડાવતા, બાગ બગીચે ફરતા, અમનચમન કરતા, પૈસાની છોળો ઉછાળતા, જે દેખીતી રીતે ઉજળા દૂધ જેવા ફરે છે, તે લોકોના ઉંડામાં ઉંડા અંતઃકરણમાં અને વિચારોમાં અલૌકિક શક્તિથી ઉતરીને જોયું હોય તો એક હલકામાં હલકા ભિખારી કરતાં ઘણા પાપી અને કાળાં કૃત્યમાંજ પચી રહેલા માલમ પડશે. પૈસા મેળવવા—વેપાર ચલાવવો—મોજશોખ ભોગવવો—ગમે તેનો છળભેદ—કપટ—પ્રપંચ કરવો—ગરીબોનાં ગળાં રહેંસવાં—ખોટા દસ્તાવેજો કરી ગરીબોની મિલકત પચાવી પાડવી—પારકે પૈસે તાગડધિન્ના કરવા—ગરીબ માણસોને તુચ્છ તણુખલાં બરોબર ગણવાં—એજ તેમનો હમેશનો વ્યવસાય હોય છે. વળી મોટા ઘરની—સુધારાનો ડોળ ઘાલતી—પૈસાના મદથી છાકી ગયેલી સ્ત્રીઓ પણ ધર્મ—નીતિનું ખરૂં જ્ઞાન ધરાવતી નથી, એટલુંજ નહિ, પણ સ્ત્રીઓના છૂટાપણાના—સ્વતંત્રતાના—હકને બહાને પતિધર્મ—પતિસેવા શું છે તેનો તેમને ખ્યાલજ હોતો નથી; પણ પોતાના મોજશોખમાં—પર પુરૂષો સાથે હરવાફરવામાં—હસી હસીને વાત કરવામાં—મેળાવડાઓ—સભાઓમાં—છૂટથી ફરવામાં—પતિએ અથવા બીજા સ્નેહીએ લખી આપેલાં ભાષણો કરવામાં—અને મોટી મોટી વાતો ફેંકવામાં પોતાને કૃતકૃત્ય સમજે છે—પછી તેવી સ્વતંત્રતા—છૂટમાં ધર્મ—નીતિનું ભાન ભૂલે તો તેમાં નવાઇજેવું શું છે? હા—એ વાત તો ખરી છે કે આવા કેટલાક પુરૂષો અને સ્ત્રીઓ ધર્મનો ડોળ ઘાલી દેવમંદિરે જાય છે—તે પણ વળી ગાડીમાં—મંદિરના દરવાજા આગળજ ગાડી ઉભી રાખીને—બીજા હજારો લોકોના જવા આવવાના રસ્તાને હરકત થતી હોય, તેના લેશ માત્ર પણ વિચાર સિવાય—જાણે કે દેવના દરબારમાં પણ શ્રીમંતાઇ—શેઠાઇ—બતાવવાની હોય—તેમ ઠાઠમાં ને ઠાઠમાં દેવનાં દર્શન કરે છે—ઇશ્વર

જાણનાર છે કે ત વખતે પણ તેમનાં અંતઃકરણ શુદ્ધ હોય છે કે કેમ? મંદિરામાં ભેટ મૂકે-બ્રાહ્મણો જમાડે છે-અથવા એવં કહેવાતાં ધર્મનાં કામો કરે છે. ત્યારે શું આવા લોકો એમ સમજતા હશે કે જેવી રીતે દાંભિક ડોળથી જનસમાજ છેતરાય છે, તેવી રીતે ઇશ્વર પણ છેતરાશે? અને તેમના પાપનો બોજો હલકો થશે? ના, ના. તેમ છેજ નહિ મ ણુસો પણ પોતાની સાધારણ બુદ્ધિથી ખરી આસ્થા, સાધુત્વ-અને દાંભિકતા-ઉપર ઉપરનો ડોળઢમાક-એ ભેદ સમજે છે, તો સર્વ પ્રકાશમાન ઇશ્વર તેમના થી છેતરાય, એ તદ્દન ભૂલ ભરેલું છે. માત્ર તેમની શી વલે થશે તેજ સમજવું મુશ્કેલ છે વળી તેથી જનસમાજ ઉપર શી અસર થશે?

ક્યાં છે પહેલાંની સતીઓ, કે જે પોતાના પતિ સિવાય પરપુરૂષનું મોંઢુ જોવામાં પણ પાતક સમજતી હતી? ક્યાં છે તે પતિવ્રતાઓ કે જે પતિ સેવામાંજ પોતાને કૃતકૃત્ય માનતી હતી? ક્યાં છે તે પવિત્ર દેવીઓ કે જે પતિસેવાના પ્રભાવેજ ઇશ્વરને પણ પોતાને આધીન રાખતી હતી? અફસોસ! હજારો અફસોસ! આમાંનું હાલ કશું જોવામાં આવતું નથી. પણ તેથી ઉલટી રીતે હાલતો પરપુરૂષ સાથે હરવા ફરવામાં, પતિથી સ્વતંત્રતા મેળવવામાં, બહાર બીજાની આંખે પોતે કેવી રીતે વધારે ખૂબસુરત અને ભભકાદાર દેખાશે, તેની સરસા સરસી કરવામાં, અને પુરૂષ-પતિ સાથે પોતાનો સરખો હક સ્થાપિત કરવામાંજ પોતાનું કર્તવ્ય સમજી, ઉપરના આડંબરમાજ પોતાને કૃતકૃત્ય માને છે!! એ પણ એક આ નવીન-સુધરેલા-જમાનાની બલિહારીજ છે!!

પ્યારા વાંચનાર આપણે દેશબંધુઓની લાગણીના આવેશમાં જરા આડે રસ્તે ઉતરી ગયા, માટે હવે સત્વર આપણી વાર્તાને રસ્તે ચાલીએ.

એટલામાં તો મોતી અને મંજુલા, મેડા ઉપરની ચાલમાં-કે જ્યાંથી આણંદરાયના સુવાના ઓરડામાં જવાતું હતું-ત્યાં દાખલ થઇ ગયાં.

બહુજ ધીમે પગલે-આસ્તે આસ્તે-કંઇપણ અવાજ કર્યા વગર-હમલબાજ અને બેવફા નોકરે પોતાના માયાળુ અને વિશ્વાસુ શેઠના સુવાના

ઓરડાના બારણાંમાંની કળ ફેરવી બારણું ઉઘાડયું, અને તરત મંજુલા તેની પાછળ તે ઓરડામાં દાખલ થઇ.

આણંદરાય પોતાની પથારીમાં સૂતેલો હતો આંખો મીચેલી હતી. ભરઉંઘમાં હોય એમ દેખાતો હતો, કારણ કે નસકોરાં બોલતાં હતાં. પાસેના મેજ ઉપર દીવો બળતો હતો, અને એક ઉઘાડું પુસ્તક પડેલું હતું, તેથી જણાતું હતું કે, તે વાંચતાં ઉંઘી ગયો હશે. સઘળે શાંતિ—ગંભીર શાંત—પથરાઇ રહી હતી. માત્ર પલંગમાં સૂતેલા માણસના શ્વાસોશ્વાસ ચાલવાનો અવાજ તે શાંતમાં ભંગ પાડતા હતા. કારણ કે મોતી અને મંજુલા બન્ને પોતાના લેવા ધારેલા ભોગને જાગી જવાના બીકથી ઉંચો શ્વાસ રાખી તેને જોતાં ઉભાં હતાં.

પોતાના બદનના ગજવામાંથી એક નાની સીસી બહાર કાઢીને, મંજુલાએ પોતાના મોં ઉપરથી બુરખો ઉંચો કર્યો, અને પલંગ તરફ ચાલી, તે એવાં ઉંચાં પગલાંથી કે જાણે જમીનને તેણીના પગ અડકીને જરાપણ અવાજ કરે નહિ.

પણ જેવી મંજુલા પોતાના ભોગને હમેશને માટે ઉંઘમાં નાખવાની ભર ઉમેદમાં—પોતાના અંતરમાં ઝગઝળતા વેરાગ્નિને તૃપ્ત કરવાની પૂર્ણ આશામાં—પલંગના પાયા પાસે પહોંચી કે તરતજ આણંદરાય ફડાક દઇને બેઠો થઇ ગયો, અને બન્ને ખુનીઓના ચહેરાઓમાં એકાએક મરી ગયેલા માણસના જેવો થએલો ફેરફાર જોવાની દરકાર કર્યા સિવાય બોલી ઉઠયો. "મંજુલા—મોતી!—હવે નાસી જવાની કોશિસ કરશો નહિ. જો તેમ કરશો તો હું બૂમ પાડીને ઘરનાં માણસોને જગાડીશ, અને તમને બન્નેને પોલિસને સ્વાધીન કરીશ."

મોતીએ એકદમ પલંગ તરફ કૂદકો માર્યો, અને પલંગની બાજુએ પોતાના શેઠને પગે પડયો. તેનો ચહેરો ત્રાસથી અને પશ્ચાતાપથી સફેદ પુણી જેવો થઇ ગયો હતો, અને મંજુલા પણ ગભરાટમાં જડ જેવી થઇ ગઇ હતી, અને જ્યાં ઉભી હતી, ત્યાંજ તેણીના પગ જમીન સાથે જાણે ચોંટી ગયા હતા. તેણીની આંખો આણંદરાયના ચહેરા ઉપર ઠરી રહી હતી—

જાણે કે તેણી ભાગ્યેજ માનતી હોય કે આણંદરાય જાગતો હતો, અને તેણીની મહા પાતકી યુક્તિમાં તેણી નિષ્ફળ થઇ હોય !

"ઉઠ, ઉભો થા. અને હું કહું તે ધ્યાનપૂર્વક સાંભળ–" તે તરૂણે પોતાના નોકરને જરા કડકપણે હુકમ કર્યો." અને–મંજુલા, તું આવી સ્થિતિમાં તારાથી બની શકે તેમ સ્વસ્થ થા–કારણ કે આપણી આ મુલાકાત જો કે કવખતની છે–તો પણ–કદાચ લંબાશે."

"અને જો કદાપિ હું અહીં એક પળ પણ ઉભી રહેવાને ના પાડું તો ?" મંજુલાએ પોતાની નિરાશા અને ગુસ્સો પોતાની મગરૂબીમાં દાબીને કહ્યું.

"હું વગર વિલંબે આ ઘંટ વગાડીશ." આણંદરાયે તરત જવાબ આપ્યો. "પગથીઆં ઉપરજ તને અટકાવનાર મળશે. અને ત્યારે મારે તને તારા પ્રારબ્ધ ઉપર છોડવી પડશે."

"અને જો હું ઉભી રહું તો તમારા તરફથી મારે શાની આશા રાખવાની છે ?" તેણીએ પૂછ્યું.

"દયા, ક્ષમા, માફી" તેણે નમ્ર પણ દઢ અવાજે જવાબ આપ્યો.

"તમારે જે કહેવું હશે તે સાંભળવા હું ઉભી રહીશ." મંજુલા બોલી. "પણ તમારી દયા–તમારી ક્ષમા–તમારી માફીને હું ધિઃક્કારથી પાછી વાળું છું."

"બેસ, અને જરા ધીરજથી સાંભળ." આણંદરાયે શાંતિથી જવાબ દીધો. પછી તેનો નોકર મોતી–જે પલંગ પાસે ઉભો હતો–તેને સંબોધીને કહ્યું. "અને તું પણ, મોતી, ધ્યાન પૂર્વક સાંભળ."

મંજુલા એક ખુરશી ઉપર બેઠી, કારણ કે પાછલા થોડાજ વખતના આવેશથી, ગભરાટથી, અને થાકથી નબળી થઇ ગઇ હતી.

"બેશક, હવે તમે બન્નેએ જાણ્યું તો હશેજ કે, તમારો સઘળો ગુનો મારા જાણવામાં આવી ગયો છે." આણંદરાયે શરૂ કર્યું. "ઝેરની તથા તેના 'ઉતાર'ની બન્ને નોંધો અકસ્માત રીતે મારા હાથમાં આવી ગઇ. એક દવા વાળાએ મને તેની અસર સમજાવી. તેજ વખતે મારા ગુપ્ત વ્યા-

ધિનું કારણ મને માલમ પડયું તેનો ઉપાય તે વખતે મારા હાથમાં હતો. તે વાતને સોળ દિવસ થયા છે. અને ઇશ્વર કૃપાથી મોતના પંજામાંથી હું બચવા પામ્યો છું. પણ, મોતી, દરેક રાત્રે તારા હાથ, મારા પીવાના પાણીમાં ઝેર ભેળવવાથી ઝેરી થતા હતા. અને દરરોજ સવારે તે પાણીનું વાસણ તું ખાલી જોતો. છતાં તું એવું તો નહિજ ધારતો કે તે પાણી હું પીતો હતો. ના—પણ તેને બદલે ઝેરના 'ઉતાર' વાળી દવાનું પાણી હું પીતો હતો. હવે તમને બન્નેને અચંબો લાગશે કે આ પ્રમાણે ધીરજથી, ચૂપકીદીથી, અને શાંતપણે આ સોળ દિવસ સુધી હું કેમ બેસી રહ્યો હોઇશ? વળી તમને વધારે અચંબો થશે કે જેમણે આ બધું મને સ્મશાનમાં ભસ્મીભૂત કરવા કર્યું હતું, તેમને કાયદેસર સજા કરાવતાં હું કેમ અટકયો હોઇશ? સાંભળો, આ મારી સહન શક્તિનું કારણ હું તમને ખૂલ્લી રીતે જણાવું છું. આ સ્ત્રીએ, મારા ઉપર વેર લેવાના ઇરાદાથી જે કાળાં કૃત્યો આરંભ્યાં હતાં—કે જેમાંથી માત્ર ઇશ્વર કૃપાએજ હું બચવા પામ્યો છું—તેણીની સાથે તું તો માત્ર તેણીની ફસામણીથી મદદમાં ભેળાયો હતો. તેથી મુખ્ય જવાબદાર તું નહોતો. અફસોસ! હું જાણું છું કે મેં તેણીને ગેરઇન્સાફ આપ્યો છે—ભારે ગેરઇન્સાફ આપ્યો છે—અને મારા તે ગુનાને હું હલકું રૂપ આપવાને કંઇ કારણ બતાવી શકતો નથી; પણ હું કબુલ કરીશ કે હું દગાખોર અને ગુનેગાર થયો હતો. અને તેથી માત્ર તેણીનેજ ખાતર—મારા વ્યાધિ, અને તેના કુદરતે બતાવેલા ઉપાયનો ગુપ્ત ભેદ હું મારી છાતીમાં છૂપાવી શકયો છું. જો મોતી, મેં તને પોલિસને સ્વાધીન કર્યો હોત—જો તારી સગી—પેલી બુઢ્ઢી ગંગાબાઇને મેં તુરંગમાં મોકલાવી હોત—તો ઇનસાફની રૂઇએ મંજુલાને હું બચાવી શકયો હોત નહિ. જો કદાચ મેં તેણીને બચાવી હોત, તો તેણીના મદદગારોના પકડાવાથી તેણીનો ગુનો બહાર આવત. તેથી માત્ર તેણીનેજ ખાતર મેં શાંતિ પકડી—માત્ર તેણીનેજ ખાતર હજુ હું ચૂપ રહીશ. મારા માયાળુ પિતાજી પણ હજુ આમાંનું કશું જાણતા નથી. ના—મંજુલા, તારા મામા અને મામીને પણ કોઇ વાતનો શક નથી." તેણે મંજુલા તરફ વળીને કહ્યું.

તે સુવર્તિએ ગળું હલાવી ઈશારતથી બતાવ્યું કે તેણીએ બધું સાંભળ્યું છે અને સમજી છે—પણ એક પણ શબ્દ તેણીના મોંઢામાંથી નીકળ્યો નહિ.

"અને હવે, મોતી," થોડીવાર શ્વાસ ખાઇ આણંદરાયે પોતાનું બોલવું ચલાવ્યું. "તને એ પણ અચંબો લાગતો હશે કે તારૂં કૃત્ય મારા જાણવામાં આવ્યા પછી સોળ દિવસ થયા છતાં હજુ મેં તને મારી નોકરીમાં કેમ રાખ્યો હશે ? આ પ્રમાણે કરવામાં ખાસ બે હેતુ હતા. એકતો એકે તારો જુવાન શેઠ મરણની અણી ઉપર આવ્યા પછી અને તેની નસેનસમાં જે જીવલેણ ઝેર તેં વહેતું કર્યું હતું તેની અસર છતાં તે પાછો તનદુરસ્તીમાં અને પોતના કૌવતમાં આવતો જાય છે, તે દેખાવ જોઇને તારૂં અંતઃકરણ પીગળે—તને પશ્ચાતાપ થાય—અને તારામાં પાછા સારા વિચારો ઉદય પામે આવું બને છે કે કેમ, તેની મારે ખાત્રી કરવી હતી. આ પ્રમાણે જો થયું હોત, તો મારો અભિપ્રાય તારા લાભમાં વળત, અને મને એવી આશા રહેત કે તું હજુ નહિજ સુધરે એવો થઇ ગયો નથી અને મેં એમ પણ ધાર્યું હોત કે તને પાછો સુધારા ઉપર લાવવાની મહેનત કંઇક ફળદાયક થશે. અને પછી અમુક વખતે મેં તને મારી પાસે બોલાવીને કહ્યું હોત કે—'મોતી, હું સઘળું જાણું છું. પણ તને પશ્ચાતાપ થાય છે, અને જે કંઈ બની ગયું છે, તે જાણે કદી બન્યું નથી, તે પ્રમાણે તારી પાછલી વર્તણુકને માટે તને હું માફી આપું છું.' પણ, અફસોસ ! કે હવે આ પ્રમાણે તને કહી શકાય એમ નથી. દરેક રાત્રે મારા પલંગ પાસે પીવાના પાણીમાં તું ઝેર ભેળવતો, અને દરરોજ સવારે તે પાણી હું દવાવાળાને ત્યાં લઇ જતો, ત્યારે તે તપાસીને કહે તો કે 'પાણી હજુ ઝેરી દવાવાળું છે.' અને હવે જાણે, તમારો ભયંકર ગુનો પૂરો કરવાને, તમે બન્ને મારા સૂવાના—ખાનગી ઓરડામાં—મધરાત્રે—આવો છો. શા હેતુથી ? તે તું—કે જે નીચમાં નીચ માણસ નીવડયો છે—તેને કહેવાની જરૂર નથી."

"દયા—દયા—મારા મુરબ્બી—મારા માયાળુ શેઠ આણંદરાયજી ! ઓ, પ્રભુ ! મને બચાવો." ફરીથી મોતી તેને પગે પડી, બે હાથ જોડી, ડુસકાં લેતાં આજીજી કરતો બોલ્યો—અને તેના અંતઃકરણમાં અત્યારે જે પ્ર-

કારની લાગણી થતી હતી, તે તેના ચહેરા ઉપર જણાઇ આવતી હતી.

" હું તને કહી ચૂકયો છું કે મારો ઈરાદો કાયદાની ચુંગાલમાંથી તને બચાવવાનો છે. " આણંદરાય બોલ્યો, પણ તેના ઉપરના વિશ્વાસમાં તે સજ્જડ છેતરાયો હતો, તેથી તેના તરફ ધિક્કાર અને તિરસ્કારની નજર ફેંકયા વગર તેનાથી રહેવાયું નહિ. " ઉઠ, ઉભો થા-અને હજુ હું કહું તે સાંભળ. "

મોતી ઉભો થયો. પણ તેની આંખો નીચી નાખી દીધી હતી. કારણ કે તેનો જુવાન શેઠ કે, જે આટલો બધો દયાળુ હતો, તેના તરફ તે એક કટ્ટા દુશ્મનની માફક વર્ત્યો હતો, તેથી હવે તેના સામું તે જોઇ શકતો નહોતો.

ત્યારે આ સઘળો વખત મંજુલા શું કરતી હતી ? તેણી એક પુતળાની માફક હાલ્યા ચાલ્યા વગર-ખુરશીમાં ચોંટી ગઇ હતી-ચહેરો ફીકો સફેદ પુણી જેવો થઇ ગયો હતો. પણ ઈશ્વર જાણનાર છે કે તેની છાતીમાં આ વખતે પણ કેવા ભયંકર વિચારો દોડદોડી કરી રહ્યા હતા.

" જે દિવસ તારો ગુનો જણાયો, ત્યાર પછી મેં તને મારી નોકરીમાં ચાલુ રાખવાનો મારો પહેલો હેતુ મેં જણાવ્યો. " આણંદરાય શાંતિ અને ધીરજથી પાછો મોતીને કહેવા લાગ્યો. " મારો બીજો હેતુ મંજુલાને લગતો હતો. અને હવે તમે બે વચ્ચે કંઇ છાનું નથી તેથી ખુલ્લી રીતે હું જણાવીશ. તો મંજુલા હવે સાંભળ કે, આજ સવારે હું ગંગાબાઇને ઘેર ગયો હતો. શા માટે ? તારી સાથે મુલાકાત કરવા, અને તારી સાથે લગ્ન કરવાની માગણી કરવા. "

આ વિચિત્ર વાણી સાંભળી તે સ્ત્રી ચમકી-પણ તરતજ સાવધ થઇ બેદરકારીપણે બોલી, " તમારે માટે એ સારૂં છે કે હવે ઉદારતાના વિચારો બતાવી તમે ભલાઇ લેવા માગો છો. હવે તમે ખરી રીતે એવી માગણી કર્યા સિવાય સહેલાઇથી ખોટી બડાઇ મારી શકશો. "

" હું ઇશ્વરને હાજર જાણીને કહું છું કે, મેં જે કહ્યું તે ખરેખરૂં પ્રતિજ્ઞાપૂર્વક સાચુંજ કહ્યું છે " આણંદરાય ભાર મૂકીને બોલ્યો " જો

તેની સાબીતિનો બીજો પુરાવો તારે જોઇતો હોય તો તારા મામા કરણુરાય અને તારી મામી ઊર્મિલાદેવીને પૂછી જો કે ગઇ રાત્રે મેં તેમને શું શું કહ્યું હતું. ”

“ બેશક, તમે તેમને કહ્યુંજ હશે કે તમને ઝેર આપનાર હું હતી, પણ તમે મને માફ કરવા માગો છો. ” મંજુલા ગુસ્સામાં ધિઃક્કારપૂર્વક નજર નાખી બોલી.

“ ના, મંજુલા ” આણંદરાયે કહ્યું “ જો તારા નજીકના સગાઓ આગળ મારે તને ખૂલ્લી પાડવી હોત તો તને પોલિસને સ્વાધીન કરવામાં હું આનાકાની કરત નહિ. પણ મારા અંતઃકરણમાં મેં વિચાર કર્યો કે મેં તારી સાથે અત્યારચાર કર્યો હતો—તેં જેવું ભયાનક વેર લેવા ધાર્યું હતું, તેવું મેં તને કારણ આપ્યું હતું—અને હવે મારે તે મારા અપકૃત્યનો બદલો વાળી આપવો એ મારૂં કામ હતું. તેથી આજ સવારે હું ગંગાબાઇને ત્યાં ગયો. અને જો તું મને ત્યાં મળી હોત તો મેં તને કહ્યું હોત કે ‘મંજુલા, ઇશ્વરે મારી તનદુરસ્તી મને પાછી બક્ષી છે. અને થોડા દિવસમાં હું તદ્દન સારો થઇશ. ફરીથી મારો હાથ તને આપવાની હું માગણી કરૂં છું. અને હવે તું એવું કારણ બતાવી શકીશ નહિ કે જ્યારે હું મરણની નજીક ગયો, ત્યારે પરતાવાથી બદલો વાળવાની ઇન્તેજારીમાં હું આવ્યો છું. ઉદાર વૃત્તિ ધારણ કર મંજુલા. હું પણ હવે ઇનસાફ આપવા માગું છું. આપણે બન્ને પાછલું ભૂલી જઇએ, અને સુખી ભવિષ્યની આશામાં સાથે રહીએ.’ આ પ્રમાણે મેં તને કહ્યું હોત : અને છતાં પણ, જે બદલો આપવાનો મારા હાથમાં હતો, તે લેવાની તેં ના પાડી હોત, તો પણ મારા મગજ ઉપરથી બોજો ઓછો થાત. મારા વ્યાધિનું કારણ તું હતી, અને મેં તે કારણ શોધી કાઢયું, એવું પણ હું તને કહેવાનો નહોતો—ના, એ ગુપ્ત ભેદ તો હમેશને માટે મારી છાતીમાંજ રહેત. અને જો તું મને ભલી ભાર્યા નીવડી હોત, તો મારા વચનથી અથવા નજરથી તને કદી પણ શક પડવા દેત નહિ કે તારા પાછલા ગુનાની સંપૂર્ણ રીતે મને ખબર છે. તારા પોતાના જ અંતઃકરણના પશ્ચાતાપથી હું સંતોષ થાત : અને મેં ધાર્યું હોત કે જે

નાશકારક પગલું ભરવાને મારી પ્રથમની વર્તણુકથી તને કારણ મળ્યું હતું, તેના નાશકારક પરિણામમાંથી મેં તારા આત્માને બચાવ્યો છે. માટે હવે મોતી," આણંદરાયે મોતી તરફ ફરીને કહ્યું. "તને બચાવવાનો મારો બીજો હેતુ હવે તું સમજ્યો હોઇશ. કારણ કે મારા ગુપ્ત વ્યાધિના કારણની મારી માહિતી જેમ મંજુલાથી છાની રાખવાનો મારો ઇરાદો હતો, તેજ પ્રમાણે તારાથી પણ મેં તે છૂપું રાખ્યું હોત."

"ઓ ! મારા ભલા અને માયાળુ શેઠ, હું કેવો નીચ માણસ નીવડ્યો છું !" મોતી પોતાના હાથ કપાળ સાથે ઠોકતાં આંખમાં આંસુ સાથે બોલ્યો.

"ચૂપ, બુદ્ધિહીન, બેવકુફ !" મંજુલાએ મોતીને ધમકાવી કાઢ્યો.

"નહિ, નહિ, આ પ્રમાણે બોલ નહિ." આણંદરાયે મંજુલા તરફ ઠપકા ભરેલી નજરથી કડક અવાજે કહ્યું. "ઇશ્વર કરેને તારા મોઢામાંથી આવા પશ્ચાતાપના શબ્દો નીકળે."

"કદી નહિ. ખુરશી ઉપરથી ઉઠતાં મંજુલા બોલી." હું જોઉં છું કે તમે સાધુ થયા છો, આણંદરાય—કદાપિ ઠગબાજી પણ માંડી હોય—અને અત્યાર સુધી તમારા ઉપર મને જે ધિઃક્કાર છે તેના કરતાં હવે બેવડી રીતે હું તમને ધિઃક્કારૂં છું."

આ પ્રમાણે બોલીને આ લોખંડી અંતઃકરણની અબળા— કે સબળા—જે ધારો તે—બારણા તરફ ચાલવા લાગી. આણંદરાયે તેણીને અટકવા કહ્યું નહિ. તેણી ત્યાંથી ચાલી ગઇ.

પછી તે ઓરડામાં લાંબી ચૂપકીદી ફેલાઇ. આણંદરાય પોતાની પથારીમાં ઉશીકે માથું નાખી વિચારમાં પડી રહ્યો.—કે જે વિચારો મંજુલાની બાબતમાં ઘણા દુઃખકારક હતા—કારણ કે તેણે જોયું કે હવે તેણી સુધરી શકે એવી લેશ માત્ર પણ આશા નહોતી. મોતી, શરમ અને પશ્ચાતાપથી દયા ઉપજાવે એવો દેખાવ રાખી પલંગ પાસે ઉભો રહ્યો હતો.

"મોતી," આખરે તેનો ઉદ્ધાર દીલનો શેઠ બોલ્યો. "શું મારે

એમ માનવું કે જે કાળાં કૃત્યોમાં તું મદદગાર થયો હતો, તને માટે તને ખરા અંતઃકરણથી પશ્ચાતાપ થાય છે?"

"સોગન ઉપર હું કહું છું, મારા વહાલા શેઠ, કે હું ઇચ્છું છું કે, જે થયું છે તે ન થયું થાય—અને આ વિનાશકારક લાલચમાં હું સપડાયો તે પહેલાં જેવો હું નિર્દોષ હતો, તેવો હું નિર્દોષ થાઉં." તરત તેણે જવાબ આપ્યો. 'આજ રાતના ધારી રાખેલા ગુનાને માટે મને આગળથી જે નાણું મળ્યું હતું તે આ રહ્યું." એમ કહી તેણે રૂપીઆની ભરેલી કોથળી, જે મંજુલાએ તને આપી હતી, તે મેજ ઉપર નાખી. 'અને પ્રથમ જુદી જુદી વખતે મંજુલાબાઇ તરફથી મળેલા પૈસા મેં બેંકમાં જમા કરાવેલા તેની આ રસીદો" એમ કહી પોતાના ગજવામાંથી એક નાની ચોપડીમાંથી રસીદો કાઢીને મેજ ઉપર મૂકી.

'હવે મારી ખાત્રી થાય છે કે તારો પશ્ચાતાપ ખરા અંતઃકરણનો છે." આણંદરાય બોલ્યો. "હાલ તરતને માટે તો તને તારા ગુના બદલ જે પૈસા મળ્યા છે, તે હું મારી પાસે રાખીશ. તેનો શું ઉપયોગ કરવો તે હું તને સવારે કહીશ. હવે તું જા, સુઇ જા. અને બીતો નહિ કે હું તારી સાથે સખ્તાઇથી વર્તીશ. તને સુધારી સારો કરવો, અને એવી દરેક જાતની તને તક આપવી એવો મારો હેતુ છે."

તે માણસ ફરીથી પોતાના ભલા શેઠને પગે પડયો, અને તેના આગળ દયાજનક રીતે રડયો, અને તેનો આભાર અને પોતાનો પશ્ચાતાપ બતાવવાની કોશિસ કરી—પણ ડુસકાંથી તેની છાતી ભરાઇ આવવાથી તે બોલી શકયો નહિ. તેને ઘણી ઉંડી અસર થઇ હતી. આણંદરાયે તેને માયાળુ વચનો કહી શાંતિ આપી.

આખરે મોતી પોતાની સુવાની જગોએ ગયો, પણ સુઈ જતા પહેલાં તેણે લાંબો વખત ખરા દિલથી ઇશ્વરની પ્રાર્થના કરી.

પ્રકરણ ૨૪ મું.

યશોદાબાઇની, જયચંદ્રને ફસાવવાની બીજી યુક્તિ.

એક દિવસ સવારે અગિઆરેક વાગે યશોદાબાઇ એક ભાડાની ગાડીમાં પોતાના ઘરાકો પૈકી એક શ્રીમંતને ઘેર કામને માટે ગઇ હતી. તેના સાથે તેની દુકાનમાં કામ કરતી છોકરીઓ પૈકીની એક છોકરી હતી. તે છોકરી થોડા વખતથી નવીજ આવેલી હતી. તેણી ઘણી ખૂબસુરત હતી. પણ તેણીનાં માબાપ તેણીને નિરાધાર મૂકીને મરી ગયાં હતા પાછાં ફરતી વખતે જયચંદ્રનું મકાન રસ્તામાં આવે તે રસ્તે ગાડી લીધી.

રસ્તે ગાડીમાં બન્નેજણાં આડીઅવળી વાતો કરતાં હતાં. યશોદાબાઇ તે છોકરીના ઉપર પોતાનો પ્યાર બતાવતી હતી, અને તે નિર્દોષ બાળા પોતાનો આભાર જણાવતી હતી કારણ કે તેણી ધારતી હતી કે યશોદાબાઇ સિવાય આ દુનિઆમાં તેણીનું કોઇ હતું નહિ.

આગળથી ગાડીવાળાને સૂચના આપ્યા પ્રમાણે જયચંદ્રના મહેલ આગળ ગાડી ઉભી રહી. એટલે યશોદાબાઇએ પોતાના ગજવામાંથી એક ચિઠ્ઠી—જેને એક કવરમાં બીડેલી હતી—તે કાઢીને પોતાની સાથેની બાળાને કહ્યું: “ આ ચિઠ્ઠી જયચંદ્ર જાગીરદારને પહોંચાડવાની ખાસ જરૂર છે—પણ તે તેના પોતાનાજ હાથમાં જવી જોઇએ. કોઈ નોકરની સાથે મોકલવાની નથી. તેમ મારી જાતે આપવા જવાની મારી ઇચ્છા નથી. વહાલી સુશીલા, ખરી વાત તો એ છે, કે આ કંઈ પૈસાટકાની બાબત છે. એમની એક સગીની પાસે મારૂં લહેણું છે અને મને લાગે છે કે, પ્રથમ મેં કેટલીક ચિઠ્ઠીઓ લખેલી, તે તેમને નહિ પહોંચતાં વચ્ચેથીજ ગુમ થઇ છે. પોતાની

સગીનું ઉડાઉપણાનું દેવું તેમણે ચુકવવું જોઇએ, અને તે પ્રમાણે તેઓ કરશે–માત્ર આ ચિઠ્ઠી તેમને મળવી જોઇએ."

"હું તમારૂં કહેવું સમજી છું, બાઇ સાહેબ." તે બિચારી નિર્દોષ અને દુરાચારીના પ્રપંચથી અજ્ઞાન બાળા બોલી. તેણે યશોદા બાઇનું કહેવું સાચુ માન્યું હતું, ખરી રીતે તો તેણીનો એક પણ શબ્દ ખરો નહોતો. "તમે એવી ઇચ્છા રાખો છો કે, મારે જાતે તેઓ સાહેબને મળીને આ ચિઠ્ઠી તેમના હાથમાં આપવી."

"હા, એવીજ મારી ઇચ્છા છે, વહાલી." યશોદાબાઇએ વહાલ ભરેલી ઢબથી કહ્યું.

તે સૌંદર્યવતી બાળા પોતાની શેઠાણી–કે જેણીએ તેણીની માને ઠેકાણે રહેવા વચન આપ્યું હતું–તેણીને ઉપકાર કરવાની ઇન્તેજારીમાં તે ચિઠ્ઠી લઇ ગાડીમાંથી ઉતરી. અને જયચંદ્રના મહેલને દરવાજે ઉભેલા નોકરને જયચંદ્ર ઘરમાં છે કે કેમ તે પૂછ્યું. નોકરે હા કહેવાથી તેની સાથે તેણી અંદર ગઇ. જયચંદ્ર પોતાના દીવાનખાનામાં એક આરામ ખુરશી ઉપર પડીને પુસ્તક વાંચતો હતો, ત્યાં નોકર તેણીને લઇ ગયો.

જેવી સુશીલા ત્યાં ઉભી, અને જયચંદ્રે તેણીના સામું જોયું કે તેણીના સ્વરૂપથી અને મોહક દેખાવથી તે આશ્ચર્યમાં દંગ થઇ ગયો. શરમાતી–ગભરાતી–તે બાળા આગળ વધી, અને તેને ચિઠ્ઠી આપતાં તેણી રૂપેરી ઘંટડી જેવા ધીમા અવાજે બોલી. "સાહેબ, યશોદાબાઇએ પોતાની નમ્રતાપૂર્વક સલામ સાથે ચિઠ્ઠી મોકલાવી છે."

તે બાળાના શોકના પોશાકથી જયચંદ્ર તરતજ સમજ્યો કે, જે સવારે તે યશોદાબાઇને તેણીના સૂવાના ઓરડામાં મળ્યો હતો–કે જ્યારે તે તેણીના ફાંદામાં ફસાતાં અકસ્માત બચી ગયો હતો–ત્યારે જે બાળાને માટે તેણીએ કહ્યું હતું, તેજ આ છોકરી હશે. સુશીલા તરફ એક લાગણીવાળી નજર નાખી, ચિઠ્ઠી ઉપરનું કવર ઉઘાડી ચિઠ્ઠી કાઢીને નીચે પ્રમાણે મનમાં વાંચી ગયો.

"વહાલા દોસ્ત, આ ચિઠ્ઠી લાવનાર વિષે તમે શું ધારો છો?

મને મળવા નહિ આવવાની તમે લુચ્ચાઈ કરી છે. ઘણા દિવસની ગેર-હાજરીનો મહેરબાની કરીને ખુલાસો આપો-કાગળથી નહિ-પણ જાતે આવીને-જ્યારે તમને અનુકુળ આવે ત્યારે-એક સાંજે મારી સાથે વાળુ કરવા રહેવાનું નક્કી કરીને આવજો. અને જો તમારી ખુશી હશે તો આ ચિઠ્ઠી લાવનાર સુશીલા, તે વખતે આપણી સાથે હાજર રહેશે. હાલ તમારે એને માત્ર એટલુંજ કહેવાનું કે ચિઠ્ઠીમાં લખ્યા પ્રમાણે તમે કરશો."

પહેલી પળે તો જયચંદ્રે ધાર્યું કે, તેણે તેની વહાલી કળાને વફાદાર રહેવાને જે સોગન લીધા છે તે તોડાવી તેને ફસાવવાની લાલચ આપવાનો યશોદાબાઇએ નિશ્ચય કર્યો છે. પણ બીજી પળે તેની નજર પાસે ઉભેલી અપૂર્વ સૌંદર્યથી ભરપુર સ્વર્ગથી તાજી ઉતરી આવેલી પરી જેવી સુશીલાના ઉપર પડતાંજ, ચિઠ્ઠીની વિરૂદ્ધ ઉત્તર આપવાની તેની હિંમત ચાલી નહિ. તેણે કહ્યું. "તમારી ભલી શેઠાણીને કહેજો કે તમારી ચિઠ્ઠી ઉપર હું મારૂં ધ્યાન જલદી પહોંચાડીશ."

સુશીલાએ તેનો આભાર માન્યો, અને ત્યાંથી પાછી વળી-તેણીની પાછળ તેણી દેખાઇ ત્યાં સુધી જયચંદ્ર પોતાની આંખોથી ગયો. અહા! મનુષ્યની વૃત્તિ કેવી ચળિત છે? દૃઢ વિચારનો બનવા તેણે ગમે તેટલો યત્ન કર્યો છતાં, તેનું મન ચળિત થઇ ગયું.

હવે જે વખતે સુશીલા તે મકાનના આગલા દરવાજાની બહાર પગથીઆં ઉતરતી હતી, તેજ પળે બે નવ યૌવન બાળાઓ-ભભકાદાર પોશાકમાં સજ થએલી-ખૂબસુરતીથી ભરપુર-બન્ને બેનો-તે રસ્તે થઇને જતી હતી. તેઓ ત્યાં અટકી, અને તેમાંની એક બીજીને કહેવા લાગી. "આ જયચંદ્રનો મહેલ છે." એમ કહેતાં તેણીએ સુશીલાને પગથીઆં ઉતરતાં જોઇ-તેણીના તરફ પેલી લલનાએ એક તીક્ષ્ણ નજર ફેંકી.

સુશીલા, પોતે કંઇપણ ખોટું કર્યું છે એવું નહિ જાણતી છતાં, પોતાના ઉપર આવી તીક્ષ્ણ નજર નાખેલી જોઇ શરમાઇ-સંકોચાઇ-ગભરાઇ ગઇ-તેવામાં ઉપરનું વાક્ય બોલનાર તરૂણીએ કડક અવાજે સુશિલાને પૂછ્યું. "હું ધારૂં છું, બાળા, કે તમે જયચંદ્રને મળવા ગયાં હતાં."

સુશીલા એટલા ગભરાટમાં પડી ગઇ હતી કે તેણી કંઇપણ જવાબ દઇ શકી નહિ. અને તેણીના ચહેરા ઉપર શરમના શેરડા પડી રહ્યા.

"ઓ! હું બધું સમજી ચૂકી છું" પેલી તરૂણી પાછી બોલી—અને ગુસ્સામાં પોતાની બેન તરફ વળીને, તેણીને કહ્યું "ચાલો, કૂસુમ, આપણે આગળ ચાલો."

અને જેવી તે બન્ને યુવતિઓ આગળ ચાલી કે સુશીલા ઉતાવળી ગાડી પાસે દોડી જઇ, ગાડીમાં પેસી ગઇ. યશોદાબાઇએ ગાડીમાંથી ઉપરનો બનાવ જોયો હતો.

ગાડીએ ચાલવા માંડયું. સુશીલાએ જયચંદ્રનો સંદેશો કહી સંભળાવ્યો, જેથી યશોદાબાઇ અંદરથી ખુશી થઇ. પછી તેણીએ સુશીલાને કહ્યુ "પેલી બે છોકરીઓ તારી સાથે બહુ ઉદ્ધતપણે વર્તી, વહાલી, પણ એમાં તેમની કંઇ ગેરસમજુત હશે."

"મને ધાસ્તી છે કે જાગીરદાર સાહેબ પાસે એકલી જવામાં મેં ખોટું કર્યું છે." સુશીલા રડતાં રડતાં બોલી; કારણ કે પેલી તરૂણ બાળાના ભેદભરેલા બોલવાથી તેણી ઘણી શકમંદ થઇ ગભરાઇ ગઇ હતી "તેમના કહેવાનો શું ભાવાર્થ હશે? મારા તરફ એકી નજરે કેમ જોઇ રહી હશે? મને તેમણે કેવી ધારી હશે?"

"ગભરાઇશ નહિ, દીકરી, શાંત થા." યશોદાબાઇએ તેણીને પટાવતાં કહ્યું કારણ કે તેણી પોતે તો કશાથી ડરતી નહોતી, અને સુશીલા અત્યારથી ગભરાઇ જાય, તે તેણીને ઠીક લાગ્યું નહિ. "હું તેનો ખુલાસો કરૂં છું. એ બે તરૂણીઓ જયચંદ્રની સગીઓ છે—અને તેમાંની—નાની—કે જેણે તારૂં અપમાન કર્યું—તેણીની પાસે મારૂં લહેણું છે મને તેણીએ ગાડીમાં માં જોઇ, અને તેથી તું જયચંદ્રની પાસે ગઇ, તેનો શક લઇ જતાં તારી સાથે તણીએ અપમાનકારક વર્તણુક ચલાવવી."

આ ખુલાસાથી સુશીલાના મનનું સમાધાન થયું, અને તેણી શાંત થઇ જો કે યશોદાબાઇનો બોલેબોલ જુઠાણાથી ભરપૂર હતો. વાંચનારે અનુમાન કર્યુ હશે કે તે તરૂણીઓ બીજી કોઇજ નહિ, પણ આપણી વાર્તાની

નાયિકાઓ—કુસુમ—કળા—બે બેના હતી. યશોદાબાઇએ તેમને પૂરી રીતે ઓળખી હતી; અને કુસુમ તેણીને જુએ નહિ, તેની તેણીએ સંભાળ રાખી પોતે ગાડીમાં છૂપાઇ ગઇ હતી.

ગાડી યશોદાબાઇને મકાને પહોંચી. યશોદાબાઇ તથા સુશીલા બન્ને ગાડીમાંથી ઉતરીને દુકાનમાં દાખલ થયાં.

યશોદાબાઇ અંદરખાનેથી કુસુમ—કળાની સુશીલા સાથેની મુલાકાતથી ખુશી થતી હતી. કારણ કે એક કાંકરે બે પક્ષી પાડવા જેવું તેણીને લાગ્યું. અજીતરાયની સૂચનાથી કોઇ પણ પ્રકારે જયચંદ્ર ને કળાની સાથેનો પ્રમાણિક સંબંધ તોડાવવા યશોદાબાઇનો પ્રયત્ન હતો. સુશીલાને તેજ કારણથી તેની પાસે મોકલી હતી. અને તેજ વખતે કળાએ સુશીલાને જયચંદ્રના ઘરમાંથી નીકળતી જોવાથી કળા જયચંદ્રને બેવફા જાણી પોતાનો સંબંધ તોડશે, એટલે જયચંદ્ર પાછો અસલની રીત પ્રમાણે પોતાનો ગ્રાહક રહેશે, અને અજીતરાયની સૂચનાનો અમલ પણ થશે. આવું આ કુલટા સ્ત્રીનું ધારવું હોય તો તેમાં કંઇ નવાઈ નથી.

પ્રકરણ ૨૫ મું.

છબી—સ્વપ્નું.

એક દિવસ સાંજના સાતેક વાગે, અજીતરાય, યશોદાબાઈના દીવાનખાનામાં, તેણીની સાથે વાતો કરતો બેઠો હતો. વાતનો મુખ્ય હેતુ અજીતરાયને માટે નવો શિકાર મેળવી આપવાનો હતો. તે વખતે યમુનાએ ખબર આપી કે કુસુમબાઇ, તમના હમેશના ઓરડામાં આવીને બેઠાં છે.

અજીતરાય એકદમ ઉઠીને જે ઓરડામાં કુસુમ હતી ત્યાં ગયો. કુસુમ તેની બાથમાં ભરાઇ ગઇ. તેણીને હર્ષનાં આંસુ આવ્યાં. અજીતરાયે લાંબા આલિંગનથી તેણીને શાંત પાડી. બન્ને જણ એક પલંગ ઉપર બેઠાં.

"જાણે કેટલાં બધાં વરસથી આપણે મળ્યાં નથી, એવું મને લાગે છે, વહાલી કુસુમ." અજીતરાય તેણીને પટાવતો બોલ્યો.

"મને પણ તેમજ લાગે છે, વહાલા અજીત." કુસુમે જવાબ આપ્યો.

"અહા! અત્યારે કેવી તું સુંદર દેખાય છે? તું કદી આવી ખૂબસુરત દેખાઇ નથી." અજીતે ચલાવ્યું.

"અને તમે પણ, વહાલા, હમેશના કરતાં અત્યારે ઘણા વધારે ખૂબસુરત લાગો છો." કુસુમે શરમાને વદને જવાબ દીધો. પછી બોલી. "તમે તમારા ગામ ઉપર ગયા હતા, તે દરમિયાનની થોડા દિવસની તમારી ગેરહાજરી મને ઘણાં વરસા જેટલી લાગતી હતી, તોપણ મારા મનને શાંત પાડવા મેં કંઇક મેળવ્યું હતું."

"હેં! ખરેખર!" અજીતરાય તેણીને પોતાની પાસે ખેંચી છાતી સાથે દબાવતા બોલ્યો.

"હા, પ્યારા, તમારી છબી." તેણીએ કહ્યું.

"મારી છબી?" અજીતરાયે પૂછ્યું.

"હા—હા. તમારી છબી" કુસુમે જવાબ દીધો." થોડા દિવસ ઉપર હું તથા મારી બેન એક ચિતારાના દુકાન ચિત્રો ખરીદવા ગયાં હતાં, અને ત્યાં અજબકુમારનું ચિત્ર અમે જોયું."

"હેં! હેં!" અજીતરાય અચંબામાં કે પછી ગભરાટમાં પોતાની આંખો તેણીના સામી રાખી બોલ્યો. તેણીના ચહેરા ઉપરથી તેણે એવું જાણવાનો પ્રયત્ન કર્યો કે પોતાનું ખરૂં ઓળખાણ તેણીને પડયું છે કે કેમ?

"હા." કુસુમ બોલી. "અજબકુમારની છબીએ મારૂં ધ્યાન ખેંચ્યું. તે છબી તમારી સાથે આબેહુબ મળતી આવવાથી મને મોટો અચંબો થયો. કળા પણ અજાયબીમાં પડી. અમે તે છબી ખરીદ કરી. ઓ! વહાલા અજીત! તેજ ક્ષણથી હમેશાં કલાકોના કલાકો સુધી તે કાગળ ઉપરનો ખુશનુમા ચહેરો જોઇને હું બેસી રહું છું. જેમ જેમ હું વધારે ને વધારે જોતી ગઇ, તેમ તેમ અજબથી જેવું મળતાપણું જણાતું ગયું. તેજ

ઉચું અને ભવ્ય કપાળ—તેવાજ વાળ—તેવોજ સુંદર ચહેરો—તેવીજ ચળકતી આંખો—અને તેવોજ શરીરનો બાંધો."

" મને અજબકુમારની સાથે સરખાવીને મારાં તું વખાણ કરે છે, વહાલી." અજીતરાય એક ચુંબનથી તેણીને બોલતાં અટકાવીને બોલ્યો.

" ના, તેમ નથી." કુસુમે તેના ગળાની આસપાસ હાથ વીંટાળીને કહ્યું, અને તેના ચહેરા સામું જોતાં બોલી. "ત્યારે શું એ આશ્ચર્યકારક નથી કે સંપૂર્ણ રીતે આવું મળતાપણું હોય ?"

"એવા મળતાપણાના તો દુનિઆમાં ઘણાએ દાખલાઓ હોય છે, વહાલી " અજીતરાયે ટુંકામાં પતાવવા જવાબ આપ્યો.

"હા, તે ખરૂં છે—પણ આટલું બધું મળતાપણું તો ભાગ્યેજ હોય." તેણીએ પોતાનો અભિપ્રાય વધારે દૃઢ કરતાં કહ્યું. "પણ હવે વહાલા અજીત, મને કહો કે, તમે મારા પિતાને કયારે મળવા આવશો ? હું આજીજી કરૂં છું કે હવે વિલંબ ના કરો. કેટલોક વખત એવો પણ હોય છે કે જયારે મારા પિતાથી છાની રીતે તમારી સાથે પ્યાર કરવા માટે અને તમને છાની મુલાકાત આપવા માટે હું બીકથી ધ્રૂજી ઉઠું છું."

"ધીરજ રાખ, મારી મધુરી—હવે માત્ર થોડા દિવસ જવા દે." અજીતરાયે ધીરજ આપી.

"હજુ થોડા દિવસ વધારે ?" તેણીએ નિરાશાભરેલે અવાજે પૂછયું. "અરે, આટલાબધી ઢીલ શા માટે નાખો છો. ?"

" મારા કુટુંબની કેટલીક તકરારોનો નીવેડો લાવવાનો છે—તેથી એટલી ઢીલ ખાસ જરૂરની છે, વહાલી કુસુમ." અજીતરાય તેણીને પટાવતાં બોલ્યો. " તે પહેલાં હું તારા પિતા પાસે આવી શકીશ નહિ—છતાં ખાત્રી રાખજે કે હવે વધારે ઢીલ થશે નહિ."

" પણ તે દરમિયાન મારા પિતાની સાથે ઓળખાણ કરવાને તમને શું અડચણ છે ?" કુસુમને પોતાના પ્રિતમના પ્યાર વિષે કંઇક શક આવતાં તેણીએ પૂછયું. પણ પાછી થોડી વારે પોતાના શક વિષે પસ્તાવો કરતાં બોલી. "તમે મને જે કહો છો તે હું માનું છું, વહાલા અજીત,

તમારા પ્યારમાં અને તમારા પ્રમાણિકપણા ઉપર અને તમારી આબરૂ ઉપર મને સંપૂર્ણ ભરોસો છે. પણ જ્યારે મારા પિતાને મળીને તમે વાત કરશો ત્યારે તમે મને સંપૂર્ણ સુખી કરશો–અને તે વખતે આખી દુનિઆમાં મારા જેવું કોઇ સુખી નથી, એવું હું સમજીશ."

આવા મધુરા શબ્દો, કે જેમાં માયાળુપણે આર્જવતા સમાયેલી હતી, અને તે જ તેણીના પિતાને મળવામાં ઢીલ નાખતો હતો, તે વિષે અનેક તરેહના વિચારો વારંવાર આવવાના કારણો જણાયાથી, અજીતરાયના મનમાં ઘણો ગુંચવાડો પેદા થયો, એટલુંજ નહિ પણ જે છબી તેણીએ જોઇ હતી, તે જો કે ઘણી નજીવી બીના હતી; પણ સઘળી હકીકત સાથે લેતાં તેને હવે ધાસ્તી લાગી કે રખેને તેનું ખરૂં ઓળખાણ પડી જતાં તમામ પોકળ ઉઘાડું પડી જાય !

"તમે કેમ છાનામાના બેસી રહ્યા છો, વહાલા. મારા સુખને સંબંધ કરતા જે મુખ્ય બાબત છે, તે વિષે તમને ખૂલ્લી રીતે કહેતાં તમને ખોટું લાગ્યું હોય એમ જણાય છે" તે ભોળી બાળા પસ્તાતાં બોલી. "અરે ! મારી ખાત્રી છે કે તમે મારા ઉપર ખોટું લગાડશો નહિ, વહાલા અજીત–યાદ રાખો કે મારા હમેશના કાયમ પ્યારની દરેક પ્રકારની સાબીતિ તમને આપવામાં મેં ના પાડી નથી. તો તમારા તરફના પ્યારની સાબીતિ તરીકે આટલી નજીવી માગણી હું કરૂં છું તેની તમે ના પાડશો નહિ–તમે કહો છો કે તમારા કુટુંબની તકરારનો નીવેડો લાવવાનો છે; પણ જો તમે ધારો તો મારા પિતાની ઓળખાણ કરવામાં કંઇપણ અડચણ આવે એમ નથી. કદાપિ એમ ધારો કે મારી સાથે સંબંધ બાંધવામાં તમારાં સગાંવહાલાં હરકત લે, તો પણ અમારે ઘેર સાધારણ ઓળખાણવાળા તરીકે આવવા જવામાં કોઇને તેવો શક જવાનો નથી. વળી વહાલા અજીત, એવો વખત જલદી આવવો જોઇએ કે જ્યારે તમે તમારાં વચનો–તમારી પ્રતિજ્ઞાઓ પાળો."

"તને એ બાબતનો શક છે, વહાલી ?" આવી મુદ્દાની વાતનો શું જવાબ દેવો તે તેને નહિ સુઝવાથી વાત ઉડાવવાના હેતુથી અજીતરાય

બોલ્યો "હું તને અરજ કરૂં છું કે હાલ મને કંઇ પૂછ નહિ—થોડાં અઠવાડિયાંમાં તારી દિલગીરીનું કારણ રહેશે નહિ. પ્યારમાં આંધળો વિશ્વાસ—સંપૂર્ણ ભરોસો—સંપૂર્ણ આધાર રહેવો જોઇએ. નહિ તો તે ખરા અંતઃકરણનો અને ઉંડી લાગણીનો પ્યાર કહેવાય નહિ."

"ત્યારે શું તમે એક પળ પણ મારા પ્યાર વિષે શક રાખો છો?" કુસુમની આંખો આંસુથી ભરાઇ જતાં તેણી બોલી. "અરે, રે! આવો પ્યાર કે જેવો મારા અંતરમાં છે, તે વિષે કંઇ પણ શક લાવવો એ ખરેખર નિર્દયતા ભરેલું છે. કારણ કે તમે જાણો છો કે જો તમે મને બેવફાદાર નીવડો તો હું ખરેખર ગાંડી થઇ જાઉં, અથવા તો આપઘાત કરીને મારી જીંદગીનો અંત આણું. સઘળું હું સહન કરી શકું, પણ તમારો પ્યાર જાય તે મારાથી સહન થઇ શકે નહિ—મને એક રાત્રે કેવું વિચિત્ર અને ભયાનક સ્વપ્નું આવ્યું હતું, તે હું તમને કહું છું. જે દિવસે તે છબી—કે જે વિષે તમને મેં વાત કરી—તે મને મળી, તેજ રાત્રે તે સ્વપ્નું આવ્યું હતું. હું તથા કળા સુવા ગયાં—કળા ઉંઘી ગઇ. હું એકાદ કલાક તે છબી જોતી બેસી રહી, કારણ કે તેમાં શરીરના દરેક ભાગ તપાસતાં આબેહુબ તમારીજ છબી લાગી. આખરે હું સુઇ ગઇ. અને થોડી વારે ઉંઘમાં પડી. પછી મને લાગ્યું કે જાણે આપણે બે એક કુંજલતામાં બેઠાં છીએ. તે વસંતરૂતુના દિવસો હતા—હવા ખુશનુમા હતી. આકાશ સ્વચ્છ હતું—પક્ષીઓ કલ્લોલ કરી રહ્યાં હતાં. આપણે બે એક બીજાના સામું જોતાં ચૂપ બેસી રહ્યાં. શબ્દોથી બોલીએ તેના કરતાં આપણી નજર વધારે જણાવતી હતી—અહા! હા! આટલે સુધી તો સ્વપ્નું ખુશકારક હતું—મારૂં અંતઃકરણ સુખ સાગરમાં નાહતું હતું. પણ એકાએક જુદોજ બનાવ બન્યો. કેટલાએક મોટા મોટા અમીર, ઉમરાવો, જાગીરદારો, શેઠીઆઓ વગેરે મંડળી આવતું દેખાયું; તેમની પાછળ કેટલીક સ્ત્રીઓ લગનના સમારંભની માફક ઉંચાં મુલ્યવાન વસ્ત્રો તથા ઘરેણાં પહેરીને આવતી હતી—તમે મને છોડીને એક દમ ઉઠી ગયા, અને તે લોકો તરફ ઉતાવળે ગયા. જાણે કે તમે મારી પાસે બેઠા હતા તે તે લોકો જાણે નહિ, એમ તમે ઇચ્છતા હો. તેવામાં એક નામ

કોઇ બોલ્યું, અને તે નામ 'અજબકુમાર' હતું. તેજ વખતે મારા ઉપર જાણે મરણતુલ્ય માંદગીએ હલ્લો કર્યો હોય એમ મને લાગ્યું-હું બેભાન થઇ ગઇ. જ્યારે હું ભાનમાં આવી ત્યારે મને લાગ્યું કે ચારે તરફ અંધકારનું રાજ્ય ફેલાઇ ગયું હતું-હું ધીમે રહીને ઉઠી, અને અંધારામાં અને ઝાડીમાં ચાલવા માંડ્યું-એવામાં દૂર એકાએક મેં અજવાળું જોયું-હું તે તરફ ચાલી-પાસે જતાં મારા જોવામાં આવ્યું કે તે એક લગ્ન મંડપ હતો, અને તેમાંની રોશનીનું અજવાળું દૂર સુધી જણાતું હતું-પેલી કુંજલતામાં બેઠાં બેઠાં જે અમીર ઉમરાવોનુ સરઘસ મેં જોયું હતું, તે તમામ પુરૂષો તથા સ્ત્રીઓ તે મંડપમાં હતાં-તે મંડપમાં શું થાય છે તે જોવાની જીજ્ઞાસાથી હું પણ ધ્રૂજતે પગલે તેમાં દાખલ થઇ-તેમાં વચ્ચે બેઠેલા એક માણસનો આકાર મેં દીઠો- અને તે તમે હતા-પણ ભાગ્યેજ મેં તમારા તરફ નજર ઠેરવી હશે, તેવામાં તો તમારી સામે બેઠેલી એક નવ યૌવન બાળા જોવામાં આવી, કે જેનો હાથ તમારા હાથમાં હતો. બ્રાહ્મણો લગ્નના શ્લોકો બોલી રહ્યા હતા. એક ભયાનક ચીસ મારાથી નંખાઇ ગઇ- અને તેવીજ હું મારી ઉંઘમાંથી-મારા સ્વપ્નમાંથી-જાગી ઉઠી-તે ચીસ સ્વપ્નની ખોટી નહોતી, પણ ખરી ચીસજ હતી અને ખરેખરા દુઃખની હતી. તે સાંભળીને કળા પણ જાગી ઉઠી-અને ધાસ્તીમાં પડી મને કારણ પૂછ્યું મને ખરાબ સ્વપ્ન આવ્યું હતું, એમ તેણીને કહીને ધીરજ આપી, પણ સ્વપ્નાની ખરી હકીકત કહી નહિ-બાકીની રાત ઉંઘ વગર શોકાતુર અવસ્થામાં પૂરી થઇ. અરે, રે ! આ સ્વપ્નું વારંવાર મારી પાછળ ભમેછે."

"પણ આવાં ખોટાં સ્વપ્નાં ઉપર તો તું ભરોસો નથી રાખતી, વહાલી." અજીતરાય ઉંચે શ્વાસે આ બધું સાંભળતો હતો, તે ઘણો ગુંચવાડામાં પડીને બોલ્યો. "જો, તું છબીને જોતી જોતી સૂઇ ગઇ હતી, અને તેથી તારા વિચારો ગુંચવાઇ જઇ તને ઊંઘમાં આવું સ્વપ્ન આવે, તેથી કંઇ બીજાનું કારણ નથી."

"હું જાણું છું કે તેવુંજ કંઇ કારણ હોવું જોઇએ." કુસુમ બોલી. "પણ તે વખતે અને ત્યાર પછી જ્યારે જ્યારે તે દેખાવ યાદ આવે છે

ત્યારે મને ઘણા દિલગીરી ભરેલા વિચારો ઉત્પન્ન થાય છે, કે જે હું તમને સમજાવી શકતી નથી.”

“અને તે કેવી જાતના વિચારો, વારૂ?” અજીતરાયે પૂછ્યું. કારણકે હવે તેણે નિશ્ચય કર્યો કે તેણીના મનમાં શું શું છે તે સઘળું જાણી લેવું. વળી તેને એમ પણ લાગ્યું કે હવે તે ખૂલ્લો પડી જઇ તેનું પોકળ ફૂટવાની લગભગમાં હતું

“જો હું બધું કહીશ તો વળી તમે મને ઠપકો આપશો.” કુસુમે કહ્યું.

“ના, હું કહું છું કે ખૂલ્લા અંતઃકરણથી મને સઘળું કહી દે.” તે બોલ્યો. “કારણકે મારી ફરજ—અને વળી મારી મરજી છે કે મારે તારા સઘળા શકો દૂર કરી તને શાંત કરવી.”

“શક? ના—ના—જ્યારે હું તમારી સાથે હોઉં છું ત્યારે બિલકુલ શક રહેતો નથી.” કુસુમે કહ્યું. “પણ મારા દુષ્ટ સ્વપ્નથી જે ખરાબ વિચારોએ મારા મગજમાં ઘર ઘાલ્યું છે, કે જે રાત દિવસ ખસતા નથી તે વિષે તમે ખુલાસો પૂછોછો—મને વિચાર આવે છે કે કદાચ તમે પોતાને જે હોવા વિષે કહો છો તેના કરતાં જુદાજ હો—જો પેલી છબી તમને બરોબર મળતીજ હોય—કારણકે જો તે તમારીજ છબી હોય—અને જો મારૂં અંતઃકરણ—અને તેથી પણ વધારે—મારી આબરૂ—અજબકુમારને કબજે હોય, તો—અરે, રે! મને બોલતાં કંપારી છુટે છે કે તેનું પરિણામ, મારા ગાંડપણમાં અથવા મારા આપઘાતમાં આવે—વળી કેટલીક વખત બીજો વિચાર એવો આવે છે કે ગાંડપણ અથવા આપઘાત સિવાય બીજું પણ પરિણામ આવે—તે એ કે—મારો અપૂર્વ પ્યાર, સખ્ત ધિક્કારમાં બદલાઇ જાય, અને મારી આબરૂ લેનારના ઉપર વેર લેવાને હું ઉશ્કેરાઉં. પણ જ્યારે આવા વિચારો નરમ પડી જાય છે, ત્યારે આવો શક લાવવા માટે હું બહુ શરમાઉં છું—ઘણી દિલગીર થાઉં છું—હવે મેં ખૂલી રીતે તમને સઘળું કહેવા માટે તમે મને માફ કરશો? હજુ હું તમને આગ્રહપૂર્વક આજીજી કરૂં છું કે વગર ઢીલે તમે મારા પિતાનું ઓળખાણ કરો.”

“તું જાણતી નથી કે આ બધું સાંભળવાથી મને કેટલું લાગી આવ્યું

છે." અજીતરાય બહુ માયળુ દેખાવ બતાવી પટામણી ભાષામાં બોલ્યો. "હું અજીતરાય નહિ પણ બીજોજ છું, એવા શકવાળો તને વિચાર આવે, એજ હસવા સરખું છે. પણ હવે તારો મારા તરફ જે પ્યાર છે, અને મારો તારા તરફ જે પ્યાર છે–આપણે અત્યાર સુધી જે સુખ ભોગવ્યુંછે–અને ભવિષ્યમાં જે ચળકતી આશાઓ છે–વહાલી કુસુમ–તે બધાની ખાતર હું તને કહું છું કે મારામાં તું સંપૂર્ણ ભરોસો મૂક–હું ફક્ત હવે એક મહિનાની ઢીલ માગું છું. અને ત્યાર પછી હું તને એવું બતાવી આપીશ કે મારી સચ્ચાઇ વિષે તને જે જરાપણ સંશય આવ્યો તેને માટે તું દિલગીર થયા વગર રહીશ નહિ, તેનું કારણ હાલ હું કંઇપણ બતાવી શકતો નથી."

"અરે! તમે ગુસ્સે ના થઓ." ભોળી બાળા ભરમાઇ ગઇ. "હા–તમે જેટલી ઢીલ માગો છો, તે હું કબુલ કરૂં છું. ઓ! પ્રભુ! બીજો રસ્તોજ નથી."

પછી થોડીવારે બન્ને છૂટાં પડયાં.

પ્રકરણ ૨૬ મું.

યશોદાબાઇનું દીવાનખાનું.

પ્રિય વાંચનાર, જે વખતે અજીતરાય તથા કુસુમ વચ્ચે ગયા પ્રકરણમાં જણાવેલો પ્રસંગ બનતો હતો, તે વખતે યશોદાબાઇના દીવાનખાનામાં કોઇ બીજો પ્રસંગ ધ્યાન આપવા લાયક બનતો હતો, તે આપણે જોવો જોઇએ.

અજીતરાય, યશોદાબાઇની પાસેથી ઉઠીને કુસુમની પાસે ગયો, ત્યાર પછી થોડીવારે આપણા જાણીતા અને સાધુવૃત્તિ ધારણ કરેલા જયચંદ્ર ત્યાં દાખલ થયા.

"ઓ–હો! આતો ખરેખર અણધારી ખુશાલી જેવું છે, જયચંદ્ર-

શય !" યશોદાબાઇ મોં મલકાવતાં બોલી. "તે દિવસે મોકલેલી ચિઠ્ઠીના જવાબમાં તમે જે વચન આપ્યું હતું, તે ઘણે દિવસે પણ તમે પાળ્યું ખરૂં."

"હું ઇશ્વર પાસે માગું છું કે તે ચિઠ્ઠી મને કદી તમે મોકલીજ ન હોત !" જયચંદ્ર દિલગીરી ભરેલે અવાજે બોલતો એક ખુરશીમાં પડયો.

"તમે શું કહેવા માગો છો ?" યશોદાબાઇએ પૂછયું "શું તે ચિઠ્ઠી લાવનાર ખરેખર કોઇ અલૌકિક પ્રાણી હતું કે તમે તદ્દન મોહ પામી ગયા?"

"ખરેખર તે ચિઠ્ઠી લાવનાર કોઇ અલૌકિક પ્રાણી હતું, તેમાં કંઇ શક નથી—પણ હું મોહ પામી ગયો નથી, પણ તેનાથી ઉલ્ટું, હું અડધો ગાંડા જેવો થઇ ગયો છું." જયચંદ્રે જવાબ આપ્યો.

"શું ખરેખર? ?" યશોદાબાઇએ અજાયબી બતાવી. તેણીને હવે તે દિવસે સુશીલા અને કળા વચ્ચે બનેલો બનાવ યાદ આવ્યો.

"હું તદ્દન નાસીપાસ થઇ ગયો છું." જયચંદ્રે કહ્યું. "જ્યારે તમારો સંદેશો લાવનાર તે ખૂબસુરત છોકરી મારા ઘરમાંથી નીકળી, ત્યારે કુસુમ અને કળા તે રસ્તે થઇને જતાં હતાં, અને તેમના જોવામાં તે છોકરી આવવાથી કળાને મોટો શક ઉત્પન્ન થવાનું કારણ મળ્યું જો તમે એવી ખૂબસુરત છોકરીને બદલે સાઠ વરસની બુઢ્ઢીને મોકલી હોત, તો આવું થાત નહિ. પણ આવી સ્વર્ગની પરી સમાન બાળાને મોકલવાથી—"

"શું ખરેખર તે પરી જેવી હતી? ?" યશોદાબાઇએ વચ્ચેજ પૂછયું.

"પરી જેવી એટલુંજ નહિ," જયચંદ્ર બોલ્યો "પણ માત્ર મારી કળાને બાજુ ઉપર મૂકતાં—તે છોકરી સ્ત્રીના દરેક સૌંદર્યનો નમુનો હતી. અરે, પણ કળા જેવી ખુબસુરત છે, તેવીજ નિર્દય છે—ફક્ત એટલુંજ ધારો કે, જ્યારે તમારો સંદેશો આવ્યા પછી થોડીવારે હું મહોબતરાયને ઘેર જવાની તૈયારીમાં હતો, ત્યારે કળાની ચિઠ્ઠી આવી, જેમાં તેણીએ પોતાના ગુસ્સાનું કારણ કડક ઠપકા સાથે જણાવ્યું હતું, અને વધારામાં અમારો બે વચ્ચેનો સંબંધ તૂટયો—તે વખતે મારી અજાયબી, મારી દિલગીરી, મારી નિરાશા કેટલી થઇ હશે !"

"તો પણ શું સુશીલાના મળવાથી કળાની ખોટ તમને પૂરી નહિ

પડે ?" યશોદાબાઇએ ઠાવકે મોઢે પછ્યું. "જો તેમ થતું હોય તો હું તમને વચન આપું છું કે એ મધુર છોકરીને તમે જીતીશકશો ?"

"હું એવો વિચાર કરવાની હિમ્મત કરી શકતો નથી" જયચંદ્ર ઉતાવળથી બોલ્યો. "જ્યારે મે કળાને ખુલાસાનો કાગળ લખ્યો, ત્યારે તે વાંચવાની પણ તેણીએ દરકાર કરી નહિ. પછી જ્યારે હું તેણીને મળવા ગયો, ત્યારે મને મળવાની પણ ના પાડી—આ બધો મને જ્યારે વિચાર આવે છે ત્યારે..."

"મેં જે સાંભળ્યું તેના કરતાં આ વર્ત્તણુક તો ઘણી હદપાર કહેવાય!" યશોદાબાઇએ આશ્ચર્ય પામવાનો ડોળ બતાવી વચ્ચેજ ટાપશી પૂરી. "હવે તો જો તેણીની સામે કોઇ ખરેખર હરિફ થાય તોજ તે મગરૂબ લલનાની શુદ્ધ ઠેકાણે આવશે."

"હું એટલો બધો દિલગીર થયો છું કે શું કરવું તે સૂઝતું નથી." તે તરૂણ ઉદાસીન ચહેરે બોલ્યો. "મેં તમને અગાઉ કહ્યું છે તે પ્રમાણે ખરી હકીકત તો એ છે કે હું કળાને ખરેખર ચાહું છું—હું તેણીને પૂજુ છું."

"પણ તેણીના જુદા જુદા લહેરી તુરંગોનો ભોગ થવા લાયક તમે નથી." યશોદાબાઇ જયચંદ્રને પાનો ચઢાવતાં બોલી. "ચાલો, ચાલો, જયચંદ્ર, કંઇક સ્વતંત્રતા બતાવો."

"આ મોહક પુષ્પનો—આ ખીલતી કળીનો—આ સ્વરૂપવાન સુશીલાનો—હું આ કામદેવ-બજાર-માં ગ્રાહક થાઉં, તેને માટે તમે વધારે ઇન્તેજાર છો." જયચંદ્ર હવે સહન નહિ થવાથી અધીરતાથી બોલ્યો—જોકે ઉઘાડી રીતે આવી લાલચ તરછોડી નાખવાની અને આવી વાતચિતનો છેડો લાવવાની તેની હિમ્મત ચાલતી નહોતી. "વિચાર કરો, યશોદાબાઇ કે, આ બિચારી ગરીબ બાળાનાં માબાપ હમણાંજ ગુજરી ગયાં છે—તેણી હજુ શોકમાં છે—અને તેવા પ્રસંગમાં તેણીની સાથે અનીતિથી વર્ત્તવું એ શરમ ભરેલું છે—નહિ, નહિ—હું કદી તેમ કરી શકીશ નહિ."

"માબાપ વગરની આ પહેલીજ છોકરીને તમે કબજામાં લ્યો છો, એમ નથી, જયચંદ્ર!" યશોદાબાઇએ તાણો માર્યો.

"ના—મારા કમનસીબે તેમ નથી—પણ હવે હું લાલચમાં ફસાઇશ નહિ." તેણે જવાબ દીધો.

આ વખતે બારણું ઉઘડયું, અને દૈવસંજોગે સુશીલાજ દુકાનના કામ સંબંધી યશોદાબાઇને કંઇ પૂછવા આવી પણ જયારે તેણીએ જોયું કે યશોદાબાઇ એકલી નહોતી, ત્યારે માફી માગી પાછી ફરતી હતી—પણ યશોદાબાઇ અચાનક આવેલો આવો સોના જેવો પ્રસંગ કેમ જવા દે? તેણી સુશીલાને અટકાવવા માયાળુ અવાજથી બોલી.

"મારી વહાલી દીકરી, જઇશ નહિ. આતો પેલા જયચંદ્રરાય છે, કે જેમને તું તે દિવસે મારી ચિઠ્ઠી આપવા ગઇ હતી. તેમની પેલી ઉડાઉ સગીઓ પાસેનું મારૂં લહેણું ચૂકવવા આવ્યા છે. હવે કહે કે તું શું કહેવા આવી છું?"

સુશીલા બીતી બીતી તેણીની પાસે ગઇ, અને જે પૂછવાનું હતું, તે પૂછયું, પણ તેનો જવાબ આપવાને યશોદાબાઇએ બને તેટલી વાર લગાડી. તેટલા વખતમાં તેણીની ખૂબસુરતી સંપૂર્ણ રીતે નિહાળવા અને લાલચમાં પડવાની જયચંદ્રને તેણીએ જાણી જોઇને તક આપી.

જયારે સુશીલા ત્યાંથી ગઇ ત્યારે જયચંદ્રની વિકારી નજર તેણીની પાછળ ગઈ, જે સુશીલા જોતી નહોતી, પણ યશોદાબાઇ બાડી આંખે જોતી હતી.

"શું તેણી સર્વ સૌંદર્યથી સંપૂર્ણ નથી?" યશોદાબાઇએ જયચંદ્રની વિકારી નજરને ઉત્તેજન આપતાં સ્મિત સાથે પૂછયું.

"ખરેખર સ્વર્ગની પરી—અને મન હરણ કરે તેવી!" જયચંદ્ર વખાણ કરતાં બોલ્યો, "જો હું કળાને ચાહતો ન હોત તો, આ રમણીને જરૂર ચાહત."

"છતાં તમે તેણીને ચાહશો," યશોદાબાઇ મર્મમાં બોલી, "આજથી ચોથે દિવસે સાંજે તમે અહીં મારી સાથે વાળુ કરવાનું રાખજો. ફક્ત સુશીલા આપણી પાસે તે વખતે હાજર રહેશે, અને તે દરમિયાન તેણીના મગજમાં તમારા વિષે મોહના વિચારો ઉત્પન્ન કરવાની હું તજવીજ કરીશ."

"નહિ નહિ, હું તે પ્રમાણે વચન આપી શકતો નથી. હું આવી શકીશ નહિ." જયચંદ્ર ઉતાવળો બોલ્યો.

"ભલે બીજું કંઇ નહિ તો એક સાંજ ગમ્મતમાં પસાર કરવામાં તો તમારૂં કંઇ જવાનું નથી." યશોદાબાઇએ આગ્રહ કર્યો.

"ઠીક છે-હું વિચાર કરીશ, આવતી કાલે તમને જણાવીશ." એમ કહી જયચંદ્રે ઉઠીને ચાલવા માંડયું

તેના ગયા પછી બારણું બંધ થતાં યશોદાબાઇ મનમાં ખુશી થવા લાગી કે "આ બાબત તો હવે નક્કી જેવી છે. જયચંદ્ર એક વખત અહીં આવી સુશીલાની સાથે થોડો વખત રહેવો જોઇએ. પછી છોને રહી એની નીતિ-રીતિ, એની મેળે સુશીલાને મેળવવા પ્રયત્ન કરશે, અને પહેલીજ તકે સુશીલાનું મૂલ્ય પાંચસેં કરતાં ઓછું મળવાનું નથી."

આવા અનીતિવાન અને સ્વાર્થ લંપટ વિચારો તે કુલટા સ્ત્રી કરતી હતી. તે તેવખતે યમુનાએ ગંગાબાઇને દાખલ કરી.

"તમે કેમ આવ્યાં, ગંગાબાઇ?" યશોદાબાઇએ પૂછયું.

"તે ગરીબ બાળા-કિષ્ણાકુમારી..." અડધો જવાબ મળ્યો.

"તેનું શું છે? અત્યારથી?" યશોદાએ પૂછયું.

"ધીમેથી બોલો, કસુવાવડ થઇ-અધુરે પ્રસવ થયો." ગંગાબાઇએ તેણીના કાનમાં કહ્યું.

"ઠીક ત્યારે, એતો ખુશી થવા જેવું છે," પાષાણ હૃદયની યશોદા બાઈ બોલી, "પણ તેણી કેમ છે?"

"કંઇક ઉશ્કેરાયેલી-ગુસ્સામાં-અને ગભરાયેલી." ગંગાબાઇએ જવાબ દીધો "જ્યારે તેણીને શરૂઆતનું દરદ થવા માંડયું. ત્યારે દાક્તરને બોલાવવા તેણીએ આગ્રહ કર્યો. મેં તેમ કરવાનું ના કહ્યું, ત્યારે ઘણી ગુસ્સે થઈ. આખરે મારે તેણીના આગ્રહને તાબે થવું પડયું; ત્યારે તેણી શાંત થઇ. જ્યારે પ્રસવ થયો, ત્યારે મુવેલું છોકરૂં અવતર્યાનું દાક્તરે જણાવ્યું, છતાં તેણીએ જાતે જોવાની જીદ પકડી, અને જો કે તેણી પ્રસવ-વેદનાથી નબળી પડી ગયેલી હતી, છતાં એટલી તો ઉશ્કેરાઇ ગઇ, અને તેણીનો ચહેરો

એવો ભયાનક થઇ ગયો કે તે વખતનો દેખાવ હું કદી ભૂલીશ નહિ."

"તેણીના ચહેરો એવો ભયંકર હોવાનું શું કારણ હશે?" યશોદાબાઇએ પૂછ્યું.

"તેણીને ભ્રષ્ટ કરનાર-તેણીના મુવેલા અવતરેલા બચ્ચાના બાપ ઉપર -વેર!" ગંગાબાઇએ જવાબ આપ્યો-"આવી રીતે ઘણી સ્ત્રીઓના ચહેરા ઉપરથી હું તેમના મનના વિચારોનું અનુમાન કરતાં શીખી છું, અને આ છોકરીના ચહેરા ઉપરથી મેં જે અનુમાન કર્યું છે, તે મારા ધારવા પ્રમાણે તદ્દન ખરૂં છે."

"તમે કહોછો તેથી હું આશ્ચર્ય પામું છું." યશોદાબાઇ બોલી-"હું દિલગીર થાઉં છું અને ધારતી લાગે છે. પણ કદાચ એ અસર તેણીની વેદનાથી પણ હોય."

"ના, તેમ નથી, હું તે સમજું છું, મારૂં કહેવું માનો કે આ તરૂણી, તેણીને ભ્રષ્ટ કરનારના ઉપર ભારે વેર લેવાનો ઇરાદો રાખે છે અને તેમ કરવામાં કદાચ આપણું બધાનું પોકળ ઉઘાડું પડે." ગંગાબાઇએ ધાસ્તી બતાવી.

"હા, હા-હું સમજી," યશોદાબાઇ ગભરાટમાં પડતાં બોલી "કદાપિ એ સંબંધમાં મારૂં નામ બહાર આવે તો મારા મકાનની આબરૂને મોટી હાનિ પહોંચે."

"મને પણ તેજ બીક લાગે છે." ગંગાબાઇ બોલી, "અને તેથીજ આ હકીકત હું તમને કહેવા આવી."

"હું તમારો આભાર માનું છું બાઇ," યશોદાબાઇએ કહ્યું "હું બે ત્રણ દિવસમાં ત્યાં આવીશ, અને તેણીને શાંત કરવા તજવીજ કરીશ જો તેમ શાંત નહિ થાય, તો પછી જયારે તેણી બહાર નીકળવા જેવી થશે, એટલે બહાર કોઇ ગામડે મોકલવા ગોઠવણ કરીશ."

"તે વધારે ઠીક થશે," ગંગાબાઇ બોલી. પછી ધીમેથી યશોદાબાઇના કાનમાં કહ્યું. "અથવા તદ્દન પેલી દુનિઆમાંજ મોકલી દેવી"

"ઠીક છે, એવુંજ કંઇ કરીશું" યશોદાબાઇએ જવાબ દીધો.

પછી ગંગાબાઇ ગઇ.

યશોદાબાઇ ઉંડા વિચારમાં પડી ગઇ હતી; તેવામાં તો અજીતરાય કુસુમને વિદાય કરીને ત્યાં આવ્યો.

"હવે બીવાનો વખત આવ્યો છે, યશોદાબાઇ" અજીતરાય ખુરશી ઉપર બેસતાં બોલ્યા—"કુસુમે મારી છબી મેળવી છે. તે તેણી મને પૂરેપૂરી મળતી માને છે, અને તેમાં તો કંઇ અજાયબી છે નહિ. વળી તેણીને કંઇક સ્વપ્નું આવ્યું, તેથી કંઇ વિચિત્ર વિચારો તેણીના મગજમાં પેઠા છે. જરા પણ અકસ્માત થયો તો એક ધડાકાની સાથે બધુંમપોકળ ઉઘાડું પડી જશે, અને ખરી વાત તેણી જાણી જશે."

"શું, તેણીએ આ બધું તમને કહ્યું?" યશોદાબાઇએ પૂછ્યું.

"હા, અને તે વળી નિર્દોષપણે." અજીતરાય બોલ્યો.

"ત્યારે તમે તમારૂં ખરૂં ઓળખાણ ધીમે ધીમે તેણીને કેમ આપ્યું નહિ?" તેણીએ પૂછ્યું.

"કારણ કે માણસ પોતાનાથી બને તેમ ધાસ્તીની પળ દૂર રાખે છે" અજીતરાયે જવાબ દીધો, "વળી તેણીએ કેટલાક એવા વિચારો જણાવ્યા કે જેથી હું ગભરાયો."

"તે કેવા વિચારો?" યશોદાબાઇએ પૂછ્યું.

"કે જો હું તેણીને છેતરૂં તો ખુલ્લી રીતે તેણી ઈન્સાફ માગશે," અજીતરાય ગંભીરતાથી બોલ્યો "ધાસ્તી ભયંકર છે, અને મારી આબરૂને મોટો ધોક્કો પહોંચવાનો વખત છે."

"હા, જો ઉઘાડું પડે તો ઘણું ભયંકર-નાશકારક છે." યશોદાબાઇએ વધારે ધાસ્તી બતાવી.

"તેણીના બાપને મળવાની મેં એક મહિનાની ઢીલ માગી લાધી છે." અજીતરાય બોલ્યો—"તેથી આપણને વિચાર કરવાને પૂરતો વખત છે. પણ જો કદાચ તેટલામાં ઓળખાણ પડી જાય તો—છતાં જે બને તે ખરૂં."

આ પ્રમાણે કહી કંઇપણ છેવટ નિર્ણય ઉપર આવ્યા સિવાય અજીતરાય ચાલ્યો ગયો.

પ્રકરણ ૨૭ મું.

કળા અને જયચંદ્ર.

એક દિવસ સવારે અગિઆરેક વાગે, મહોબતરાયે શહેરમાં નવા લીધેલા ઘરના એક દીવાનખાનામાં, કળા એકલી બેઠી હતી. તેણીએ સાદો પોશાક પહેર્યો હતો, પણ તે તેણીના સૌંદર્યને વધારે ખીલવતો હતો, અને વધારે મોહક બનાવતો હતો.

તેણીના ચહેરા ઉપર શોકની છાયા જણાતી હતી. આ વખતે તેણી કંઇ ઉંડા વિચારમાં ગરક થઇ ગઇ હતી, તેમાંથી આગલું બારણું ખખડવાનો અવાજ આવવાથી ઝબકી ઉઠી.

થોડીવારમાંજ દીવાનખાનાનું બારણું ઉઘડ્યું, અને જયચંદ્ર દાખલ થયો

કળા ઉઠીને ઉભી થઇ. જયચંદ્રે તેણીનો હાથ લઈ પોતાના હોઠ પાસે લઇ જવાનું કર્યું, પણ તેણીએ પાછો ખેંચી લીધો. અને જયચંદ્રને બેસવા ખુરશી બતાવી.

"આખરે તેં મને આ મુલાકાતનો લાભ આપ્યો, તેને માટે પહેલો તો હું તારો આભાર માનું છું." જયચંદ્ર ખુરશી ઉપર બેસતા બોલ્યો.

"મારા પિતા, અને મારી બેનની સાથે બહાર જવાની મેં ના પાડી-કારણ કે હું તમને એકલી મળી શકું." કળાએ કહ્યું. "પણ હું સમજી શકતી નથી કે હવે આપણે શા માટે મળવું જોઇએ. કારણ કે હવે માત્ર સાધારણ ઓળખાણ સિવાય બીજા કોઇપણ સંબંધથી આપણે મળી શકીશું નહિ."

"છતાં જે ગુનાને માટે હું તદ્દન નિર્દોષ છું, તેને માટે મને તદ્દન વીદાયગીરી આપી દેવી, એ ઘણું સખ્ત કહેવાય." જયચંદ્ર દિલગીરીથી બોલ્યો. "ઇશ્વર મારો સાક્ષી છે કે-"

" તમારા બીજા ગુનામાં ઇશ્વરને વચ્ચે નાખી, ખોટા સોગનના ગુનાનો વધારો ના કરો, જયચંદ્ર." કળા તેને અટકાવવાને બોલી. " અને હું કહું તે સાંભળો–તમે જાણો છો કે હું તમને ખરા અંતઃકરણથી ચાહતી હતી–પણ એવું નહિ ધારતા કે હું એક એવી નબળા મનની બેવકૂફ છોકરી છું કે, જે માણસ તેણીની તરફ બેવફાદાર રહી તેણીને દુઃખી કરે, તેની સાથે હું મારો લગ્ન સબંધ જોડી શકું. તમે તે વખતે પ્રમાણિકપણે મને તમારો હાથ આપવાની જે આગ્રહ ભરેલી માગણી કરી હતી, તેને હું માન આપું છું. અને હાલના કરતાં તે વખતે હું ઘણી ગરીબ સ્થિતિમાં હતી, તે જોતાં તમારી વર્તણુક ઘણી ઉદાર હતી, જયચંદ્ર." તેણીની આંખમાં આંસુ આવી ગયાં–થોડીવારે પાછી બોલી. " મને પોતાને મેં સુખીમાં સુખી સ્ત્રી ગણી હોત અને તમારી પત્ની થઇને મારી મુખ્ય ફરજ અને કાળજી એજ હોત, કે તમારી હું ખાત્રી કરી આપત કે તમારા પ્યારને હું લાયક હતી. હું એમ કહેવા નથી માગતી કે, મનુષ્ય જાતે જે પ્યાર કદી જાણ્યો નથી, તેથી વધારે પ્યાર હું બતાવી શકત. પણ બેશક, જેવો પ્યાર બતાવવાને એક લાગણીવાળી પતિવૃતા સ્ત્રી જેટલું કરી શકે, તેટલું હું કરી શકત. મારી ધારણા, અને આશાઓ બહુ ખુશાલી ભરેલી અને ચળકતી હતી, જયચંદ્ર; અને તેવી રીતે હવામાં કિલ્લા બાંધવા જેવા મારા વિચારોમાં હું નિમગ્ન રહેતી હતી. પણ હવે તે વિચારો બધા હવામાં ઉડી ગયા છે–તે મીઠાં સ્વપ્નાં નાશ પામ્યાં છે–અને સઘળું ખાલી–ખાલી લાગે છે. આપણે જૂદાં પડીશું. પણ મારા તરફથી ગુસ્સામાં નહિ, પણ મારી અપાર દિલગીરીથી–તમે જે વચનો આપ્યાં છે, અને જે સોગનો લીધા છે. તેમાંથી હું તમને છૂટા કરૂં છું–અને તેજ પ્રમાણે તમે મને છૂટી કરો. ઇશ્વર તમને નીતિવાન્ બનાવે અને સુખી કરે !"

આ બધું બોલવામાં પણ તેણીની આંખમાંથી આંસુની ધારા ચાલતી હતી, અને તે છૂપાવવા તેણી આડી નજરે જોતી હતી.

" ઓ, પ્રભુ ! આટલે બધે દરજ્જે આવ્યું છે ?" જયચંદ્ર અસહ્ય વેદનાથી બોલ્યો, " વહાલી કળા, મેં તારૂં કહેલું સઘળું સાંભળ્યું છે. જો કે

ધીરજથી નહિ—અને હવે હું આજીજી કરૂં છું કે, તું મારૂં કહેવું સાંભળ. મને વચ્ચે અટકાવ નહિ. હું ઇશ્વરને સાક્ષી રાખીને કહું છું કે તારા ખોટા વહેમથી તું મને ગેરઇનસાફ આપે છે. અને જો કે બનેલો બનાવ અને દેખાવ દેખાઇતી રીતે મારી વિરૂદ્ધ હતો, પણ—"

"અરે ! આ પ્રમાણે તમે કહો છો, તેની જો મારી ખાત્રી થાય !" કળા તેણીનાં આંસુ વચ્ચે મલકાતે મોઢે આશાભેર ઉંચું જોઇ વચ્ચે બોલી પડી.

"હા, હું તારી ખાત્રી કરીશ." જયચંદ્રે કહ્યું, અને પોતાના ગજવામાંથી એક કાગળ કાઢીને કળાને આપ્યો. "જે છોકરીને મારા મકાનમાંથી નીકળતાં તેં જોઇ, તે આ ચિઠ્ઠી લાવનાર હતી."

કળાએ તે ચિઠ્ઠી વાંચી. જે વાંચનારે ગયા ૨૪ મા પ્રકરણમાં જયચંદ્રને વાંચતાં સાંભળી છે.

"અહા ! જયચંદ્ર, મેં તમારા ઉપર ખોટો આરોપ મૂકયો જણાય છે ?" કળા તેને વળગી પડીને રડતાં રડતાં બોલી. "હવે મેં જાણ્યું કે તે યુવાનબાળા તમારાથી અજાણી હતી. તેણીને કોઇ ખરાબ માણસે તમને ફસાવવા મોકલી હતી. પણ આ ખુલાસો તમે મને પહેલો કેમ આપ્યો નહિ ?" તેણી છૂટી પડી તેના ચહેરા સામું જોતાં બોલી.

"મને હવે વધારે કંઇપણ પૂછ્યા વગર આ નાખુશ બનાવ તારા મગજમાંથી કાઢી નહિ નાખીશ, વહાલી કળા ?" જયચંદ્રે ગુંચવાડામાં પડીને પૂછ્યું.

"જો તમે મને ચાહતા હો, જયચંદ્ર," તેણીએ નમ્ર, પણ ઠપકા ભરેલો જવાબ દીધો. "તો મારા મનમાંનો શક તદ્દન દૂર કરો. ફરીથી હું પૂછું છું કે પહેલીજ તકે, આ અજાણી છોકરી તમારી ઓળખાણવાળી નહોતી, એવી ખાત્રી કરવાને આ ચિઠ્ઠી તમે મને કેમ મોકલી નહિ ?"

"કળા, હવે હું તારી સાથે ખુલાસે વાત કરીશ." તે બોલ્યો— "મને ધાસ્તી હતી કે તું આ ચિઠ્ઠીના અક્ષર ઓળખીશ."

"આવા અક્ષર મેં કદી જોયા નથી." તેણીએ તે ચિઠ્ઠી જોઇને કહ્યું.

" ત્યારે તે તો ઠીક છે." જયચંદ્ર બોલ્યો " હવે હું તને આજીજી કરૂં છું કે મને વધારે પૂછીશ નહિ."

" આ ગુપ્ત ભેદ મને વધારે દુઃખ દે છે." તેણી બોલી. " જો તમારે શરમાવુ પડે એવું કંઇ તમે કર્યું ન હોય, તો આવી શક પડતી બાબત શા માટે છૂપાવો છો? હું આજીજી પૂર્વક કહું છું કે મને સઘળું કહી દ્યો. અને પહેલું તો એ કે તમે એમ કેમ ધાર્યું કે હું આ અક્ષર ઓળખી શકીશ? "

" કારણ કે મને ધારતી લાગી કે જેણે આ ચિઠ્ઠી લખી છે, તેને તારી બેનને કેટલીક વખત ચિઠ્ઠીઓ લખવાની જરૂર પડી હશે." જયચંદ્ર ગુંચવાતો ગુંચવાતો બોલ્યો.

" મારી બેનને?" કળાએ પણ ગુંચવાડામાં પડીને પૂછયું. " ખરેખર, જયચંદ્ર, તમે એમ તો નહિજ ધારતા હો કે આ લખનાર-જે એક ખરાબ સ્ત્રી હોવી જોઇએ-તેણીને મારી બેનની સાથે પત્ર વ્યવહાર હશે? ઓ! જયચંદ્ર! મારી બેન જેને ચાહે છે, તેના તરફ અપૂર્વ વિશ્વાસથી, તેણીએ પોતાના પ્યારની દરેક જાતની સાબીતિ આપી છે. જો કે દુનિઆદારીની રીતે તેણી તેની સ્ત્રી થઇ નથી-પણ ઇશ્વરની નજરે થઇ ચૂકી છે. આવાં કારણથી તમે તેણીને માટે ખોટો અને હલકો વિચાર લાવશો નહિ."

" ના, ના. મારી ભૂલ થઇ." જયચંદ્રે કહ્યું. " અને હવે, વહાલી કળા, આપણે બીજી વાત કરીએ."

"ના, આ વાત આટલેથી પડતી મૂકવાની નથી." કળાએ દૃઢ ઠરાવથી કહ્યું. " આ ચિઠ્ઠી લખનાર-કે જેને તમે મારી બેનની સાથે પત્ર વ્યવહાર હોવાનું ધારો છો-તે કોણ સ્ત્રી છે?"

" તે કહેવાની મારી હિંમત ચાલતી નથી, મારે તે કહેવું જોઇએ નહિ." જયચંદ્ર વધારે ગભરાટમાં પડતાં બોલ્યો.

" ઓ! મારા મગજમાં કંઇક અજવાળું પડે છે." એકાએક કળા બોલી ઉઠી. " કુસુમ પોતાના પ્રીતમને યશોદાબાઇના મકાનમાં મળે છે.- અને તમે યશોદાબાઇના વિશ્વાસુ છો-તે યાદભાર રાત્રે-અથવા કહો કે સ-

વારે—તમે કુસુમને તમારી સાથે ઘેર લાવ્યા, ત્યારે તમે તેણીને એ પ્રમાણે કહ્યું હતું—હવે મારો શક મજબૂત થાય છે—અને આ તેજ યશોદાબાઇ આવી ખરાબ ચિઠ્ઠી લખનાર લુચ્ચી સ્ત્રી છે. ઓ, પ્રભુ! બિચારી કુસુમનું શું થશે? તેણી ઠગાઇ છે. હું બધું સમજી ચૂકી છું."

આમ બોલતાં બોલતાં તે બિચારી માયાળુ બાળા પોતનો ચહેરો હાથથી ઢાંકી ધ્રૂસકે ધ્રૂસકે રડી.

"અરે! રે! મેં આ શું કર્યું? કેવી ખરાબી મેં કરી?" જયચંદ્ર ઉભો થઇને ગભરાટમાં બોલ્યો. "કે હું પોતે ખરો ઠરવાને માટે કળા મેં તારા મનમાં ભયંકર શક ઉત્પન્ન થવાનું કારણ આપ્યું છે."

"એ મારી ભૂલ હતી, જયચંદ્ર—મારા વહાલા ચંદ્ર." તેણી તેને ગળે વળગી પડીને બોલી. "હા, એ મારી ભૂલ હતી—મેં તમને બોલવાની ફરજ પાડી—મેં તમારી પાસેથી જીદ કરી ખરી હકીકત કઢાવી—અને તમે તે નહિ કહેવાને જે આનાકાની કરી, તે તમારી રીતભાત હવે હું વખાણને પાત્ર ગણું છું. ઓ! મારી ગરીબડી કુસુમ! મને ધાસ્તી છે કે તું ઠગાઇ છે. ફસાઇ પડી છે—નાશ પામી છે.—એટલુંજ નહિ પણ ભ્રષ્ટ થઇ છે. કારણ કે કોઇપણ આબરૂદાર માણસ, જે સ્ત્રીને તે પરણવા ઇચ્છે છે, તેણીને આવી લુચ્ચી અને ખરાબ યશોદાબાઇ જેવી સ્ત્રીના સહવાસમાં મૂકે નહિ."

કળા દુઃખથી ગભરાઇ જઇ પલંગમાં પડી

"શાંત થા. વહાલી, ઇશ્વરને લેખે શાંત થા." જયચંદ્રે તેણીને શાંત પાડવા મહેનત કરવા માંડી. "કદાચ તું ધારે છે એટલું બધું ખરાબ નહિ હોય. કુસુમનો પ્રીતમ, યશોદાબાઇના ખરા સ્વરૂપથી કદાચ અજાણ્યો હશે. અને યાદ રાખ, વહાલી કળા, કે યશોદાબાઇની ખાનગી વર્તણુક ઉપર કોઇ ધ્યાન આપતું નથી.

"હવે એ ખરાબ સ્ત્રીની લુચ્ચાઇ અને લફંગાઇ છૂપાવવાને માટે ખોટાં બહાનાં બતાવશો નહિ." કળા અધીરાઇથી બોલી. "તમે તેણીને કદી પણ ઓળખતા હતા, તે વાત હું ભૂલી જઇશ. તેણીએ તમને કોઇ વખતે મદદ કરી હશે—અને મારી ખાત્રી છે કે તેમ હશેજ—તે પણ હું ભૂલી

જઈશ, મારા ચંદ્ર, પણ તે ક્યારે–કે જ્યારે તમે મારી ઠગાયેલી અને ફસાયેલી બેનને છોડાવવામાં કંઇ મદદ આપશો ત્યારે–અને યાદ રાખો, વહાલા ચંદ્ર." તે મધુરી બાળા આજીજી ભરેલા અવાજે બોલી. "કે જ્યારે તમે મારા પતિ થશો, ત્યારે મારી બેનની આબરૂ તમારે તેણીના બનેવી તરીકે સાચવવી પડશે. મારા પિતાને આ દુઃખદાયક હકીકત કહી શકાશે નહિ. પણ તમે બધું જાણી ચૂક્યા છો–ખરેખર તમારે મોઢેથીજ મેં બધું જાણ્યું છે, ત્યારે તમારી ફરજ છે કે તમારે જાણવું જોઇએ કે આ અજીતરાય કોણ છે!"

"અજીતરાય? શું તેનું એ નામ છે!" જયચંદ્રે આ નામ પહેલુંજ સાંભળ્યું તેથી આશ્ચર્ય થતાં પૂછ્યું–તેજ વખતે તેને યાદ આવ્યું કે યશોદાબાઇના કહેવા પ્રમાણે કુસુમનો પ્રીતમ કોઇ ખાનદાન કુટુંબનો હતો. અને થોડા વખતમાં તેનું લગ્ન થવાનું હતું; પણ કુસુમને પરણવાનો તો તેનો લેશમાત્ર પણ વિચાર નહોતો.

"હા–તેનું નામ અજીતરાય છે." કળાએ કહ્યું "હું તમને એક છબી બતાવીશ. કારણકે તે છબી સાથે આ અજીતરાયનું અજાયબ જેવું મળતા પણું છે–મેં પણ અજીતરાયને જોયો છે, અને તેથી તેના મળતાપણા વિષે મને બિલકુલ શક નથી."

આ પ્રમાણે બોલીને પાસેના મેજના ખાનામાંથી એક છબી કાઢીને બતાવી. તે અજબકુમારની છબી જોઇને જયચંદ્રની અજાયબીનો પાર રહ્યો નહિ.

થોડી પળ સુધી તો તે એક પુતળાની માફક તે છબી તરફ જોઇ રહ્યો. પણ જ્યારે તેણે આંખો ઉંચી કરીને કળા તરફ જોયું તો તેણીનો ચહેરો ધોળો પુણી જેવો થઈ ગયો હતો.

"ઓ! પ્રભુ! શું છે!" જયચંદ ગભરાઇને બોલ્યો, અને પોતાના હાથ તેણીના તરફ લાંબા કર્યા–કળા રડતાં રડતાં તેની છાતી ઉપર પડી.

જયચંદ્ર ખુરશી ઉપર બેઠો–કળાને પોતાના ખોળામાં લીધી.

"વહાલી–મારી મધુરી કળા." તે બોલ્યો. "હું આજીજી કરૂં છું

કે તું શાંત થા–કદી પણ અત્યારના જેવી મેં તને ચાહી નહિ હોય–ઓ, પ્રભુ ! તું મને કહે કે હું શું કરૂં ? પણ રડતી છાની રહે, ડુસકાં ના લે. હું કુસુમની બાબતમાં તેણીના ભાઇ તરીકે વર્તીશ. કારણકે તને મારી કાયદેસર પત્ની કરવાને માટે હું તારા પિતા પાસે તારૂં માગું કરીશ, અને તે કબુલ કરવું તેમના અને તારા હાથમાં છે. તારા પતિ તરીકે, કળા, તારી બેનની આબરૂનો જવાબ લેવાને હું હકદાર થઇશ. અને મારે શી રીતે કરવું, તેજ માત્ર તારે સૂચવવાનું છે."

"તમારા મીઠા શબ્દોથી મને શાંતિ વળે છે, વહાલા ચંદ્ર–અને તમે આવી ખાત્રી આપવાથી હું તમારે માટે મગરૂર છું." કળાએ તેને વળગીને વહાલમાં ચુંબન લેતાં કહ્યું. "તમે હવે કુસુમના પ્રિતમની છબી જોઇ છે– અને જો અજીતરાય, તે અજબકુમાર ન હોય તો આટલું બધું મળતાપણું કદી હોય નહિ."

"હું અચંબો પામું છું–ગુંચવાઇ ગયો છું." શું ધારવું તેના ગુંચવાડાથી જયચંદ્ર બોલ્યો. "પણ દુનિયામાં એવું વિચિત્ર મળતાપણું ઘણું હોય છે."

"તેનો પણ મેં ઘણો વિચાર કર્યો છે." કળા બોલી. "પણ તમે વહાલા જયચંદ્ર, આ ગુપ્ત ભેદ શોધી કાઢશો ?"

"મારે શું કરવું તે તુ મને કહે, અને હું તે પ્રમાણે કરીશ." જયચંદ્ર બોલ્યો. તે કળા ઉપર એટલો બધો મોહ પામ્યો હતો કે તેણી કહેતો દરિઆમાં ડુબકી મારવા અથવા અગ્નિમાં ઝીંપલાવી પડવામાં પણ તે જરા આનાકાની કરે નહિ.

"મારે તમને કહેવું જોઇએ, જયચંદ્ર." કળાએ તેના તરફ આભારની લાગણીથી જોઇ નમ્રપણે કહ્યું. "કે આપણે જે વિષે વાત કરીએ છીએ, તે વિષે કુસુમ પણ ઉંડા વહેમમાં પડી છે. તે બિચારી પોતાની ગુંચવણી છૂપાવવા યત્ન કરે છે, અને તેણીની શંકા અને ધાસ્તી વિષે મને પણ ખુલાસો કરી શકતી નથી–પણ, અફસોસ ! તેણીના વિચારો, તેણીના ગુંચવાયેલા ચહેરા ઉપર હું વાંચી શકું છું, અને જાણું છું કે કેટલીક વખત

તેણી દુઃખી રહે છે-માટે તેણીની ખાતર, પ્યારા જયચંદ્ર, આપણે એવી કંઇ યુક્તિ કરવી જોઇએ કે અજીતરાયનો ભેદ ખુલ્લો કરી શકીએ."

"વહાલી, હું ખુલ્લા અંતઃકરણથી અને કંઇપણ પડદો રાખ્યા સિવાય હવે કહું છું," તે તરૂણે જવાબ આપ્યો. "કે અજીતરાય જેવો પોતાને બતાવે છે, તેવો તે હોય એમ હું માનતો નથી. તું મારા તરફ એવા પ્યારથી અને સંપૂર્ણ વિશ્વાસથી જુએ છે, કે જો હું તેવાજ પ્યાર અને વિશ્વાસથી તારી સાથે ન વર્તુ, તો હું તારા પવિત્ર પ્યાર અને વિશ્વાસને લાયક નથી. તારો સ્વભાવ એવો ઉચ્ચ વૃત્તિનો અને ઉમદા છે કે લુચ્ચાઇ અને ઠગાઇને ધિક્કારવાની તું મને ફરજ પાડે છે અને હવે હું પ્રતિજ્ઞા લઉં છું કે, તારી ઉમદા વર્તણુકની જે ઉંડી છાપ મારા ઉપર પડે છે, તેને હું તાબે થઇશ."

"વહાલા ચંદ્ર, તમારાં આવા નિખાલસ વચનોથી હું તમને વર્ણન ન થઇ શકે એવા અપૂર્વ પ્યારથી ચાહું છું." કળા એ તેને વહાલથી આલિંગન કરતાં કહ્યું. "તમારી પાછલી વર્તણુક ગમે તેવી ઉદ્ધત હશે, આગળ તમે ગમે તેવી મોજમઝા અને બદફેલીમાં પડયા હશો, છતાં તમારી અત્યારની વર્તણુક, તે બધાનો બદલો વાળી આપે છે. હા-મારા ચંદ્ર-તમને હું અપૂર્વ પ્યારથી ચાહું છું-કારણ કે હવે જે પ્યાર હું તમને આપું છું-તમને એકલાનેજ મારા અંતઃકરણમાં સ્થાન આપું છું-તેને તમે લાયક છો."

"અને કળા, જો હું તને છેતરૂં તો મારો જમણો હાથ ઇશ્વર કાપી નાખે." જયચંદ્ર તેણીને કોટી કરતાં બોલ્યો.

"હવે આપણે એક બીજાને સારી રીતે ઓળખી શકયાં છીએ." તે માયાળુ બાળા બોલી. "અને જો કોઇ પણ સ્ત્રી પોતાના ઉંડા અંતઃકરણનો પ્યાર કોઇ લાયક માણસને આપી શકે, તો તેવો પ્યાર અને તેમાંથી મળતું અલૌકિક સુખ તમારી નજીકમાં છે."

"અહા! કેવી ઇશ્વરી શક્તિ! કેવી પવિત્ર સત્તા! એક સદ્ગુણી અબળા ગણાતી સ્ત્રી એક સખ્ત જાતના અંતઃકરણવાળા મરદને વશ કરે

છે!" જયચંદ્ર ખરેખરી લાગણીથી બોલ્યો "હવેથી મારી મોજમઝાની તમામ ચાલ છોડી દેવાની હું પ્રતિજ્ઞા લઉં છું, કે જે તરફ હવે હું તિરસ્કારની નજરથી જોઉં છું. હવેથી હું મારી વહાલી કળાના ચળકતા દાખલાથી ચાલીશ. હા-મારી મીઠડી-મારી મધુરી કળ-હું તારોજ છું-સંપૂર્ણ રીતે તારો છું-અને આપણી વચ્ચે કંઇપણ છૂપો ભેદ રહેશે નહિ."

"આ વખતે જો મારી ગરીબડી બેનનું કારણ ન હોત તો હું દુનિઆમાં સુખીમાં સુખી સ્ત્રી હોત." તે સુંદરી બોલી. "પણ અફસોસ! તમે થોડી વાર ઉપર જે બોલ્યા તેથી મારો અગાઉનો શક મજબૂત થાય છે કે કુસુમ ફસાઇ પડી છે-નાશ પામી છે-અને જેનો કોઇપણ ઉપાય રહ્યો નથી, એવી રીતે ભ્રષ્ટતાને પામી છે. વહાલા જયચંદ્ર, મને કહો કે, અજીતરાય વિષે તમે બીજું કંઇ જાણો છો?"

"વહાલી, સાંભળ, અને નાખુશ ખબર સાંભળવાને તૈયાર થા." તે બોલ્યો "હું આટલું જાણું છું કે-આ માણસ કે જે પોતાને અજીતરાય કહેવડાવે છે, તે મોટા ખાનદાન કુટુંબનો છે, અને તારી બેનની બાબતમાં કંઇપણ આબરૂ ભરેલો પ્રમાણિકપણાનો વિચાર તે ધરાવતો નથી, પણ થોડા વખતમાં તેનું બીજે ઠેકાણે લગ્ન થવાનું છે."

"મોટા ખાનદાન કુટુંબનો!" કળા બબડી. "ત્યારે તે કયા કુટુંબનો છે?"

"તે મારી આગળ કદી ખૂલ્લું થયું નથી." તરત જવાબ મળ્યો.

"હવે હું મારા દુ:ખના ઉભરા વધારે બહાર પાડીશ નહિ." કળા નિશ્ચયાત્મક ચહેરાથી દૃઢ અવાજે બોલી. "તમારે અને મારે-વહાલા ચંદ્ર-કુસુમ જાણે નહિ તેમ તેણીની તરફથી કામે લાગવું જોઇએ." પછી થોડીવારે કંઇ યાદ આવવાથી તેણી બોલી. "મને ખબર મળી છે કે અજબકુમારને મહેલ આવતી કાલે રાત્રે મોટો ગરબો છે, અને તેમાં મોટા ઘરની ઘણી સ્ત્રીઓ ભાગ લેવાની છે, તથા કેટલાક પુરૂષો પણ જોવા જવાના છે."

"અને તેને માટે મને, કમળાપુરના જાગીરદારની પત્ની પુષ્પાવતી દેવી-કે જે મારી સગી થાય છે-તેના ઓળખાણથી આમંત્રણ મળ્યું છે."

જયચંદ્ર બોલ્યો. "હું કદી અજબકુમારને મહેલ ગયો નથી. તેથી આવતી કાલે રાત્રે ત્યાં જવાનો મારો વિચાર હતો."

"ત્યારે હું તમારી સાથે આવીશ, મારા ચંદ્ર." કળા બોલી.

"જો તને મારી સાથે હું લઇ જઇ શકું તેમ હોત તો હું ઘણો ભાગ્યશાળી થાત." તે બોલ્યો. "ખરેખર તેમ કરવાને હું ઘણો મગરૂર થાત. આપણું લગ્ન થયું હોત તો તેમ બની શકત. પણ દુનિઆદારીનો રિવાજ એવો કઢંગો છે કે—"

"હું આમંત્રણ મેળવી શકીશ." કળા બોલી. "શું તમે નથી ધારતા કે ધરણીધરરાય મારે માટે આટલું કરી શકશે? જો તેમ હશે તો મારો પિત્રાઇ આણંદરાય પોતાના પિતાને મારા તરફથી સમજાવી શકશે."

"હું ધાસ્તી રાખું છું કે તે તરફથી તું નિષ્ફળ થઇશ; વહાલી." જયચંદ્ર બોલ્યો. "એ લોકો સામા પક્ષમાં છે, તેથી તેમનું ત્યાં બિલકુલ ચલણ નથી. પણ—રાખ—મને એક વિચાર આવે છે. મારી સાથે પુષ્પાવતી દેવીને મહેલ ચાલ—તેમને આપણે મળી શકાશું—અને મારી ભવિષ્યની પત્ની તરીકે પુષ્પાવતીની સાથે તારી ઓળખાણ કરાવીશ. તેણીની સાથે તું આવતી કાલે રાત્રે કદાચ ગરબામાં જઇ શકીશ."

"ઘણો ઉપકાર, વહાલા—હું હમણાંજ તમારી સાથે આવવા તૈયાર થઇને આવું છું."

એમ કહી કળા બીજા ઓરડામાં કપડાં બદલવા ગઇ.

પ્રકરણ ૨૮ મું.

અણધારેલો મેળાપ.

ઘડિઆળમાં બારના ટકોરા થતા હતા, ત્યારે કળા, જયચંદ્રની સાથે ઘરમાંથી બહાર નીકળી—જયચંદ્રની બે ઘોડાની ગાડી ઉભેલી હતી—તેમાં બન્નેજણ ગોઠવાયાં—ગાડી કમળાપુરના જાગીરદારના મહેલ તરફ ચાલી.

ગાડી ભભકાબંધ દોડતી જતી હતી, અને જયચંદ્ર, પોતાની સાથે સ્વરૂપસુંદરી કળા હોવાથી મગરૂબીથી બેઠો હતો. કળા પણ, જયચંદ્રે તેણીની સાથે જે વાર્તાચિત કરી હતી, તેથી પ્યારની લાગણીથી તેના તરફ જોતી બેઠી હતી.

મહેલ આગળ ગાડી અટકી—બન્નેજણ ઉતરી પડયાં, અને મહેલમાં પેઠાં—આ મહેલ ઘણો વિશાળ અને સુશોભિત હતો. એક શણગારેલા દીવાનખાનામાં પુષ્પાવતી દેવી, એક આરામ ખુરશીમાં, સાદા પણ શોભિતા પોશાકમાં પડી પડી કંઇ પુસ્તક વાંચતી હતી.

પુષ્પાવતીની જયચંદ્ર ઉપર ઘણી પ્રીતિ હતી. તેને પોતાના વહાલા સગા તરીકે આવકાર આપ્યો. જયચંદ્રે નમ્રતાથી અને શરમાતે ચહેરે કળાનું ઓળખાણ કરાવતાં કહ્યું કે તેણી થોડા વખતમાં તેની પત્ની થવાની છે. પુષ્પાવતીએ ઘણા વહાલથી કળાનો હાથ પોતાના હાથમાં લઇ ઘણા માયાળુ શબ્દોમાં તેણીને આવકાર આપ્યો; જેથી આવે મોટે ઘેર આવવાથી કળાને સ્વાભાવિક રીતે જે ગભરાટ થયો હતો, તે ઓછો થયો.

"આવે કવખતે અમે તમારે ઘેર મળવા આવ્યાં, અને તમે માયાળુ આવકાર આપ્યો, એજ તમારી મારા ઉપર ઘણી પ્રીતિ બતાવે છે." જયચંદ્ર બોલ્યો. "અને મારે તમારી માફી માગવી જોઇએ કે—"

"જરાપણ નહિ, જયચંદ્ર." પુષ્પાવતીદેવી તેને અટકાવીને બોલી. "હમેશાં તમારે માટે આ મકાનના દરવાજા ખૂલ્લા છે. અને વળી અત્યારે તો, તમારી સાથે આ ખૂબસુરત બાળા આવવાથી હું ઘણીજ ખુશી થઇ છું. પણ જેવી રીતે હું તમને સાદો પણ અંતઃકરણપૂર્વક આવકાર આપું છું, તેવી રીતે મારે તમને જણાવવું જોઇએ કે, હાલ તમારી સાથે વાત કરવાને મને ઘણો થોડો વખત મળશે, કારણ કે શારદાકુંવરી અને પ્રમિલાદેવી હમણાં અહીં આવવાનાં છે."

"અમે તમને વધારે વખત રોકીશું નહિ, મારાં વહાલાં બેન." જયચંદ્રે કહ્યું. "હકીકત એવી છે કે મારે તમારી પાસે કંઇ માગણી કરવી છે."

"જો મારે અમુક દિવસે, અમુક ક્રિયા વખતે હાજર રહેવું." પુષ્પાવતી સ્મિત કરીને બોલી. "એવું તમે કહેવા માગતા હો, તો તેવું આમંત્રણ સ્વીકારવાને હું ઘણી ખુશી થઇશ. હું આશા રાખું છું કે, તમે આ મારા ચંચળ વૃત્તિના પિત્રાઇ ભાઇને બરોબર ઠેકાણે લાવશો, કળાવતી."

"હું ખાત્રીપૂર્વક આશા રાખું છું કે આપના શબ્દોમાં જે ગર્ભિત સૂચના સમાયેલી છે, તે જયચંદ્ર બરોબર લક્ષમાં રાખશે." કળાએ હસતાં હસતાં કહ્યું. "અને મારા તરફથી હું એટલું વધારે કહીશ કે, એમનામાં મારો સંપૂર્ણ વિશ્વાસ છે."

"તમારા બેનું ઘણું સરસ જોડું નીવડશે. અને જલદીથી તમે લગ્નથી જોડાઓ, એવું જોવા ઇચ્છું છું." પુષ્પાવતી બોલી. "ખરેખર, કળાસુંદરી, તને અને હું સારી સહીપણીઓ થઇશું. હું આવતા અઠવાડીઆમાં કેટલાક મિત્રો અને બેનપણીઓને નોતરવાની છું. તેમાં તમે અને તમારી બેન સામેલ થશો."

"ત્યારે તમે જાણો છો કે કળાને મોટી બેન છે?" જયચંદ્રે પૂછયું.

"આણંદરાય ગઇ કાલે અહીં આવ્યા હતા." પુષ્પાવતીએ જવાબ આપ્યો. "અને તે પોતાની બે પિત્રાઇ બેનોનાં ઘણાં વખાણ કરતા હતા. હવે તમે જુઓ છો, કળાસુંદરી, કે મેં તમને જોયાં તે અગાઉથી તમારે માટે મારો સારો અભિપ્રાય બંધાઇ ચૂકયો છે."

"જે માયા અને મમતાથી આજ આપે મને આવકાર આપ્યો છે, તે હું કદી ભૂલીશ નહિ" કળા ઉપકાર વશ થતાં બોલી. "પણ મને ધારતી લાગે છે કે આપણી મુલાકાત ઘણી લંબાઇ છે, પણ—"

બોલતાં અટકી તેણીએ હેતુપૂર્વક જયચંદ્ર તરફ જોયું.

"મારે જે માગણી કરવાની છે, તેનો હવે હું તરત ખુલાસો કરીશ, વહાલી બેન." જયચંદ્રે પુષ્પાવતીને કહ્યું. "અમારા લગ્નને દિવસે, તમારી હાજરીને માટે હાલથી કંઇ કહેવાનું નથી—જો કે તે પ્રસંગે તમને આમંત્રણ કરવાને અમે ચૂકીશું નહિ—અને અમે હવે ધારીએ છીએ કે, તે તમે કબુલ

રાખવાને અગાઉથી બંધાઇ ચૂક્યાં છો—પણ મારી કળા આવતી કાલે અ-જબકુમારનો મહેલ જોવા જવાને ઘણી આતુર છે."

"તેણીને મારી સાથે લઇ જવાને હું ઘણી ખુશી થાઉં." પુષ્પાવતી બોલી. "પણ હું દિલગીર છું કે તેમ બનવું અશકય છે. કારણ કે ગરબો પરો થયા પછી મને જમવા રહેવાને આમંત્રણ છે. પણ બીજી તકે કળાને હું મારી સાથે લઇ જવાને ઘણી ખુશીથી તૈયાર થઇશ."

આ પ્રમાણે કબુલત મળવાથી કળા ઘણી ખુશી થઇ, અને પોતાની આભારની લાગણી બતાવવા જતી હતી, તેવામાં દીવાનખાનાનું બારણું ઉઘડ્યું. અને શારદાકુંવરી અને પ્રમિલાદેવી—જાણે એકાએક સ્વર્ગમાંથી બે અપ્સરાઓ ઉતરી આવી હોય—એવા સૌંદર્યવાન દેખાવમાં દાખલ થઇ.

અરે, પણ આ શું? કળા કેમ ચમકે છે? શું તેણીએ કંઇ જોયું? હા—તેણીએ અમુક વખત ઉપર લીલાવતી અને કમળા તરીકે જેમને જોયાં હતાં, તેમનેજ આ વખતે શારદાકુંવરી અને પ્રમિલાદેવી તરીકે જોતાં ઘણી અજાયબીમાં પડી ચમકી ઉઠી—તે વખતનો તેણીના મનનો ગભરાટ વર્ણવી શકાય તેમ નથી.

શારદાકુંવરીએ તરત તો કળાને દીઠી નહિ—કારણ કે જેવી તે અંદર આવી તેવીજ પુષ્પાવતી એકદમ તેણીની સામે જઇ તેણીને ઘણા માનથી આવકાર આપી એક ભભકાદાર બેઠક ઉપર બેસાડવા લઈ ગઇ હતી. પણ પ્રમિલાદેવીએ તો તરતજ કળાને દીઠી અને ઓળખી. અને જો કે એકાદ પળ તો તેણી તદ્દન દંગ થઇ ગઇ, પણ બીજીજ પળે તેણી સમયસુચકતા વાપરી ખૂબીપૂર્વક કળાની પાસે જઇને બોલી—"મારી વહાલી કળાસુંદરી, તમને બીજી વાર જોઇને હું ઘણી ખુશી થઇ છું. હું આશા રાખું છું કે મારી સખી—કુસુમબેન ખુશીમાં હશે; કારણ કે તમારો દેખાવ તેવુ કહી આપે છે."

જવાબમાં કળા ભાગ્યેજ થોડા શબ્દો સંભળાય—ન સંભળાય—તેવી રીતે બોલી શકી—કારણ કે તેણી અજાયબીમાં એટલી બધી ઉશ્કેરાઇ ગઇ હતી, કે જલદીથી તેણી સાવધાન થઇ શકી નહિ. પણ પ્રમિલાદેવીએ તેણીનો

હાથ લીધો હતો, તે અમુક હેતુથી દબાવ્યો, એમ તેણી સમજી, અને પછી તેણીએ પોતાની નજર તેણીના તરફ ફેરવી ઇશારતથી સમજાવ્યું કે "તેમનો ગુપ્ત ભેદ તેણીની પાસે સલામત છે."

"આપણે આ પ્રમાણે અણધારેલી રીતે મળ્યાં, કળાબેન, તેથી હું ઘણી ખુશી થઇ છું." પ્રમિલા ફરીથી મોટેથી બોલી, તે એવા હેતુથી કે શારદાકુંવરી સાંભળે, અને જાણે કે કોણ હાજર છે.

જેવું કળાનું નામ શારદાકુંવરીના કાન ઉપર પડ્યું કે તેણી એકદમ ચમકી, અને ચહેરો ફીકાફચ થઈ ગયો. પુષ્પાવતીદેવી તેણીને જોઇને ગભરાઇ, અને કહ્યું. "અરે ! શું તમને સારૂં નથી, બેન ?"

આ શબ્દો સાંભળી જયચંદ્ર નોકરને બોલાવવા જતો હતો, પણ તરત શારદાકુંવરી ઘણી મુશ્કેલીથી સાવધ થઇ. અને તેને અટકાવવા બોલી. "ના, ના, મને કંઇ થયું નથી. એતો મને અચાનક કંઇ અસુખ થઇ આવ્યું હતું. પણ હવે સારૂં છે."

"તમે ખાત્રીથી કહો છો, કે તમને સારૂં છે, વહાલી સખા ?" પ્રમિલાદેવી તેણીની પાસે જઇને બોલી. "હું જાણું છું કે કેટલીક વખત તમને આ પ્રમાણે ઓચિંતું કંઇ થઇ આવે છે."

"તમારી આવી ભલી લાગણી માટે હું તમારો આભાર માનું છું, વહાલી પ્રમિલા." શારદાકુંવરીએ જવાબ આપ્યો. "હું ખાત્રીથી કહું છું કે હવે મને તદ્દન સારૂં છે."

આ પ્રમાણે કહેતાં તેણીએ આંખની ઇશારતથી પ્રમિલાદેવીને જણાવ્યું કે હવે તેણી તદ્દન સાવધ છે.

કળા જરા દૂરથી ઉભી રહી હતી, તેણીની પાસે પાછી પ્રમિલાદેવી ગઇ, અને તેણીનો એક હાથ પોતાના હાથમાં લઇને, તેણીના કાનમાં કહ્યું. "તમે શારદાકુંવરીને કદી જોયાં ન હોય, તે પ્રમાણે તમારૂં તેમને ઓળખાણ કરાવીશ.' પછી તેણીને શારદાકુંવરીની પાસે લઇ જઇને તેણીને કહ્યું. "મારી વહાલી સખી કળાસુંદરીનું હું આપને ઓળખાણ કરાવવા રજા માગું છું."

"તમારી દરેક સખીને મળવા હું ઘણી ખુશી છું, વહાલી પ્રમિલા." શારદાકુંવરીએ કળાનો હાથ લઇ, અસાધારણ મમતા બતાવી આવકાર આપતાં કહ્યું.

પુષ્પાવતીએ પોતાના પિત્રાઇ ભાઇ જયચંદ્રનું ઓળખાણ, શારદાકુંવરી અને પ્રમિલાદેવી સાથે કરાવ્યું. પછી બીજે દિવસે અજબકુમારને મહેલ ગરબો તથા મેળાવડો હતો તે સંબંધી વાતચિત ચાલી.

"ચાલો ત્યારે, આ વાત નીકળી તેથી હું ખુશી થઇ છું." પુષ્પાવતી, કે જેને કળાને માટે સારી લાગણી થઇ હતી, તેણીની ઇચ્છા પૂરી પાડવાના હેતુથી બોલી. "કારણકે કળાસુંદરી એ ગરબામાં આવવાની ઇચ્છા રાખે છે પણ મારાથી લઇ જઇ શકાય તેમ નથી. માટે તમે-વહાલી પ્રમિલા-આપણી આ નવી યુવાન સખીને લઇ જશો:-મારે જણાવવું જોઇએ કે થોડા વખતમાં કળાસુંદરી-આ મારા પિત્રાઇ જયચંદ્ર સાથે લગ્ન સંબંધથી જોડાવાની છે."

"હું કળાબેનને લઇ જવા ઘણી ખુશી થાત," પ્રમિલાદેવી બોલી. "પણ અમુક સંજોગોને લીધે મારાથી આવતી કાલના ગરબામાં જઇ શકાય તેમ લાગતું નથી."

"ખરેખર! વહાલી પ્રમિલા." શારદાકુંવરી બોલી. "નહિ, નહિ એમ ના ચાલે. ગમે તે હરકત હોય પણ તે બાજુ ઉપર મૂકીને કાલે તમારે આવવું પડશે-હું પણ ત્યાં હોઇશ અને તમને ત્યાં નહિ જોઇશ તો મને ઘણું ખોટું લાગશે."

"અને મને પણ તમારા વગર ઠીક નહિ લાગે, વહાલી પ્રમિલા." પુષ્પાવતી બોલી. "માટે ગમે તે પ્રકારની હરકત હોય, તોપણ કાલે જરૂર તમારે આવવું પડશે."

પ્રમિલાદેવી, પોતાની બન્ને સખીઓના આગ્રહથી ઘણા વિચારમાં પડી, કારણકે અજબકુમારને તે મળવાને ચાહતી નહોતી, અને ત્યાં જાય તો તેને મળવાનો દરેક સંભવ હતો.

"હા-હા-વહાલી પ્રમિલા-તમારે આવવુંજ પડશે, અને તેમ થશે

તો કળાબેન તમારી સાથે આવી શકશે." શારદાકુંવરીએ વિશેષ આગ્રહ બતાવ્યો. "જો મારાથી બની શકે એમ હોત તો હુંજ કળાસુંદરીને મારી સાથે લઇ જાત."

આ પ્રમાણે બોલતાં શારદાકુંવરીએ એક હેતુ પૂર્ણ નજર કળા તરફ ફેંકી, અને તેથી જણાવ્યું કે મારો ગુપ્ત ભેદ છૂપો રાખવો, અને હું તારી સઘળી બાબતમાં મિત્ર થઇ રહીશ.

આખરે નક્કી થયું કે પ્રમિલાદેવીએ ગરબામાં જવું, અને કળાને સાથે લઇ જવી–કળાએ વખતસર પ્રમિલાદેવીને મકાને જવું, કે ત્યાંથી તેણીની સાથે અજબકુમારને મહેલ જઇ શકાય.

આ પ્રમાણે કળાની મરજી પ્રમાણે થવાથી તેણી તથા જયચંદ્ર, ત્યાંથી ત્રણે સખીઓની રજા લઇને નીકળ્યાં.

ગાડીમાં બેઠા પછી જયચંદ્રે કહ્યું. "હવે મારી વહાલી કળા, તારો હેતુ સફળ થયો છે; અને આવતી કાલે રાત્રે આપણે પાછાં ત્યાં મળીશું. પણ અત્યારે તું મારી સાથે મારી ગાડીમાં આવી, તે વિષે તારા પિતા અને તારી બેનને શું કહીશ? અને કાલે સાંજે ગરબામાં જવાના પોશાકમાં શું બહાનું કાઢીને ઘેરથી નીકળીશ?"

"મારા વહાલા જયચંદ્ર," કળાએ જવાબ દેતાં કહ્યું, કે જેણીની વિચારશક્તિ ઘણી ઉંચા પ્રકારની અને દૃઢીભૂત હતી. "મારે ઘેર પહોંચ્યા પછી તમે મારા પિતાને ખાનગી રીતે મળો, અને તેમની પાસે મારૂં માગું કરો–તમે આ પ્રમાણે કરશો?"

"હું ઘણો ખુશી થયો છું કે આ પ્રમાણે કરવાની તારી રજા મળી છે" જયચંદ્ર બોલ્યો. "ત્યારે, તું તારા પિતાને મારી સાથે ગાડીમાં બહાર જવાનું કહીશ તેને માટે કંઇ વાંધા જેવું તો નથી?"

"જ્યારે તમારો પ્રમાણિક અને આબરૂ ભરેલો વિચાર મારા પિતા જાણશે, વહાલા જયચંદ્ર," કળા બોલી. "ત્યારે તે બાબત સંભારશેજ નહિ: આવતી કાલે સાંજની બાબતમાં, સુભાગ્યે મારા પિતા, પોતાના કોઇ મિત્રને ત્યાં જવાના છે, અને પછી મારી બેન કુસુમને હું કંઇ કારણ બ-

તાવીશ ખરેખર, હું તમારી સાથે નાટકમાં જાઉં છું એમ કહીશ—અને તમે તમારી ગાડી લઇને મને તેડવા આવજો, અને મને પ્રમિલાદેવીને ઘેર મૂકી જજો."

"ભલે ત્યારે, એ પ્રમાણે કરીશું." જયચંદ્રે જવાબ દીધો.

"અને હવે, મારા ચંદ્ર" તેણી બોલી. "આવતી કાલે સાંજને માટે મારી બેનને હું ખોટું કારણ બતાવીશ, તેથી તમે એમ નહિ ધારતા કે હું છેતરપિંડીનો ધંધો કરી જાણું છું..."

"તારે માટે એવું ધારીને હું તને કદી અપમાન પહોંચાડું નહિ." જયચંદ્ર બોલ્યો. "હું તને નિર્દોષ જાણું છું—શા હેતુથી તું આવતી કાલે અજબકુમારને મહેલ જવાની છું તે હું જાણું છું—અને તેથી તારો બેન તરફની તારી લાગણીથી તું વધારે વખાણને પાત્ર છે. આપણી પહેલી મુલાકાત વખતની તારી વર્ત્તણુંકેજ મને તને ચાહતાં અને માન આપતાં શીખવ્યું છે."

"અને આજની તમારી વર્ત્તણુક હમેશના કરતાં મને તમારા ઉપર ઘણું વહાલ ઉત્પન્ન કરે છે." કળાએ મમતાથી કહ્યું.

"તારા મોંઢાથી વખાણ સાંભળવાનું ઘણું મીઠું લાગે છે, વહાલી." જયચંદ્ર બોલ્યો, "પણ હું ઘણો ખુશી થાઉં છું, કે તું જેને મળે છે તેની સાથે તને ઓળખાણ અને સહીપણાં થતાં વાર લાગતી નથી—પુષ્પાવતી તારાથી ઘણી ખુશી થઇ છે—અને પ્રમિલાદેવીતો જાણે તારી બેન હોય તે પ્રમાણે મમતાથી તને મળી—અને શારદાકુંવરીએ તારા તરફથી આવતી કાલને માટે પ્રમિલાદેવીને ઘણો આગ્રહ કર્યો."

કળાને જવાબ આપવાનો વખત રહ્યો નહિ, કારણકે તેણીનું ઘર આવ્યું, અને ગાડી અટકી.

પ્રકરણ ૨૯ મું.

નવી યુક્તિઓ.

તેજ દિવસે રાતના લગભગ આઠવાગે આપણે યશોદાબાઇના પ્ર-ખ્યાત મકાનમાં શું થાય છે, તે જોઇશું.

આજ જયચંદ્રે યશોદાબાઇને ત્યાં વાળુ કરવા આવવાનો ઠરાવ હતો. અને તે વખતે નિરાધાર ગરીબડી સુશીલાને હાજર રાખવા આ ભલી (!) યશોદાબાઇએ જયચંદ્રને મ્હેરબાનીની ભરેલું વચન આપ્યું હતું, છતાં અત્યાર સુધી જયચંદ્ર તરફથી યશોદાબાઇને કંઇ પણ સમાચાર મળ્યા નહોતા, તો પણ તેણીની ખાત્રી હતી કે તે યુવાન ગૃહસ્થ તેણીના નોતરાને માન આપશેજ-તેથી વાળુની તૈયારી સારા ઠાઠમાઠથી કરી રાખી હતી. અને ભલી બિચારી સુશીલા-કે જેને યશોદાબાઇના દગાખોર ઇરાદાની કશી ખબર નહોતી-તેણીને જયચંદ્ર વાળુ કરવા આવે ત્યારે તે ગોઠવણમાં હાજર રહેવા યશોદાબાઇએ સમજાવી હતી સુશીલાએ પોતાના ભોળા અને નિર્દોષ સ્વભાવથી તેમ કરવા કબુલ કર્યું હતું-એ ખરૂં છે કે આ બાળા પોતાના ઓરડામાં એકલી રહેવાને વધારે ખુશી હતી, કારણકે પોતાનાં માબાપ ગુજરી ગયાનો શોક હજુ તાજો હતો. યશોદાબાઇના ખરાબ વિચારનો તેને લેશ માત્ર પણ શક નહોતો-તેણી તો પોતાના સરળ સ્વભાવથી એમજ માનતી હતી કે આવા મોટા પરોણાને જમાડવાની ગોઠવણમાં બીજી કોઈ પણ છોકરીને સાથે રાખે તે પ્રમાણે તેણીને હાજર રહેવા યશોદાબાઇએ સુચના આપી હતી.

એક તરફ બધી તૈયારી થતી હતી, ત્યારે બીજી તરફ યશોદાબાઇ પોતાનો ભભકાદાર શણગાર સજી પોતાના દીવાનખાનામાં બેઠી હતી, સુશીલા કપડાં બદલવા પોતાના ઓરડામાં ગઇ હતી. લગભગ સાડા આઠ થવા

આવ્યા હતા. એવામાં જયચંદ્રનો નોકર, યશોદાબાઈને એક ચિઠ્ઠી આપી ગયો.

યશોદાબાઈએ નીચે પ્રમાણે ચિઠ્ઠી વાંચી.

"અત્યારે હું તમને નિરાશ કરવાને માટે દિલગીર છું; પણ હાલ તમારે ત્યાં તમારી પરોણાગત ચાખવાને માટે મારે આવવું ઘણું અશકય થઇ પડયું છે. તેમ એમ પણ હું નથી ધારતો કે હવે ફરીથી હું તમારી મુલાકાત લઇ શકીશ. કારણ કે આજ મારી સુંદર કળા સાથે સમાધાન કરવામાં હું ફતેહ મંદ થયો છું, એટલુંજ નહિ, પણ તેણીના પિતા પાસે મેં તેણીનું માગું કર્યું, અને તેમણે ખુશીથી કબુલ રાખ્યું છે.

માટે હવે તમે સમજો, અને યોગ્ય વિચાર કરો. મારી પાછલી મોજ મઝાની ચાલ છોડી દેવાનું અને સુધરેલી વર્તણુકને વળગી રહેવાનું મને હવે વધારે ઠીક લાગે છે. મેં તે પ્રમાણે વર્તવાનો નિશ્ચય કર્યો છે. મને મારા નિશ્ચયમાંથી કોઇપણ ચળાયમાન કરી શકશે નહિ. માટે હવે મહેરબાની કરીને મને કોઇપણ જાતની લાલચમાં ફસાવવાની કોઈપણ પ્રકારની યુક્તિ કરશો નહિ—કોઇપણ જુવાન સ્ત્રીને ચિઠ્ઠીને બહાને મારે ઘેર મોકલશો નહિ. હું કોઇ દિવસ તમારે ત્યાં આવતો હતો, અને એવી મોજ મઝામાં પડતો હતો તે વાત તદ્દન ભૂલી જજો. તમારા મિત્ર તરિકે હું ખુશીથી રહીશ—એટલે કે પ્રમાણિકપણે તમને કંઇપણ કામમાં મદદ કરવા જેવી હશે તો તે હું કરીશ. પણ કોઇપણ કામમાં આપણો પત્ર વ્યવહાર હવેથી ટપાલને રસ્તે રહેશે. તમે એમ નહિ ધારશો કે તમારા ઉપર હું ગુસ્સે છું. ના—એમ નથી. હું કંઇ સાધુ નથી—પણ મારી પાછલી વર્તણુક હું સુધારૂં છું. હું કંઇ પણ અપમાન આપવા માગતો નથી—તેમ તમારી વિરૂદ્ધની કંઇપણ વાત કરવા ચાહતો નથી—કારણ કે તમારે હાથે મેં ઘણી મહેરબાની મેળવી છે. પણ હવે હું દૃઢ મનનો થવા માગું છું—અને મારો તેજ ખુલાસો બસ છે.

તમે ખાત્રી રાખો કે તમારૂં ભલું ઇચ્છનાર મારા કરતાં બીજું કોઇ વધારે નહિ હોય. તેની સાબીતિ તરીકે હું તમને આ વખતે એક સૂચના આપું છું—જે નકામી નહિ નીવડે. પણ આ છૂપી વાત છે, માટે તે બહાર પાડશો નહિ. તે આ પ્રમાણે છે—કુસુમવાળી હકીકત વધારે ગંભીરરૂપ પક-

ડતી જાય છે. મારી વહાલી કળા, પોતાની બેનની બાબતમાં આળસુ બેશી રહી નથી. અને જો મારી મરજી હોત તોપણ હું તેણીના કામમાં વચ્ચે પડી શકત નહિ. અડતાળીસ કલાકની અંદર કુસુમના આશક વિષેનો સઘળો શક તેણી ખુલ્લો કરી નાખશે.

ફરીથી હું તમને અરજ કરૂં છું કે આ સૂચના ઘણી ગુપ્ત રાખશો. વધારે નહિ તો મારૂં નામ બહાર પડે નહિ, એટલું તો કરશોજ. પણ ખાત્રીથી માનજો કે તોફાન વધારે ઉઠયું છે, અને તમે તેમાંથી અલગ થવા કંઇ તજવીજ કરશો તો વધારે સારૂં છે.

જયચંદ્ર. ”

કાગળ યશોદાબાઇના હાથમાંથી પડી ગયો. અને જાણે કોઇ વહાલાના મૃત્યુના સમાચાર સાંભળ્યા હોય તેમ યશોદાબાઇનો ચહેરો લેવાઈ ગયો. અને તેજ પળે અજીતરાય આવ્યો.

યશોદાબાઇ એકદમ ઉભી થઇ. અજીતરાયે તેણીના ચહેરા ઉપર ગભરાટ અને ગુસ્સાની લાગણીનાં ચિન્હ જોયાં. તેણે તેણીના બન્ને હાથ ઝાલીને પૂછયું. “કેમ યશોદાબાઇ આટલું બધું શું છે?”

“કંઇ નથી. ફક્ત સાધારણ દિલગીરી જેવું છે.” તેણીએ પોતાની લાગણી દબાવતાં જવાબ દીધો.

“તમે કહો છો તેના કરતાં કંઇ વધારે ગંભીર બીના હોય એમ દેખાય છે.” અજીતરાયે કહ્યું, અને તેજ વખતે જમીન ઉપર પડેલા કાગળ ઉપર તેની નજર પડતાં તે તેણે ઉચકી લીધો.

“તમારે એ કાગળ વાંચવાનો નથી.” યશોદાબાઇએ તેની પાસેથી તે કાગળ પાછો લેવા હાથ લાંબો કરતાં કહ્યું.

“આ તમારી મૂર્ખાઇ છે, યશોદાબાઇ.” અજીતરાયે કાગળ નહિ આપતાં જવાબ દીધો. હજુ તેણે તે કાગળ વાંચવા માંડયો નહોતો. “તમારી દિલગીરીનું કારણ મારા હાથમાં આવ્યું છે અને મારે નહિ વાંચવો એવું તમે માત્ર ઇર્ષાના કારણથી ઇચ્છો છો. આવી મૂર્ખાઇ આપણે બે વચ્ચે

તમારે રાખવી જોઇએ નહિ. અને તેથી તમારી લાગણીને લીધેજ હું આ કાગળ વાંચવાની ઇન્તેજારી રાખું છું."

"પણ એમાં કદાચ તમને લગતી બાબત હશે, તેનીજ મને ધાસ્તી છે." યશોદાબાઇ બોલી. "ભલે, તોપણ તમે વાંચશો તેજ ઠીક છે."

અજીતરાયે ઉતાવળથી કાગળ ઉપર ઉપરથી વાંચ્યો, અને તેનો ચહેરો ફીકો પડી ગયો.

"અરે ! આતો ઘણું ગંભીર છે" એક ખુરશી ઉપર પડતું નાખતો તે બોલ્યો. "હકીકત ઘણું ભારે રૂપ પકડતી જાય છે." તેણે જયચંદ્રના કાગળમાંથી છેલ્લો ભાગ વાંચતાં કહ્યું. "'કળા તેની બેનની બાબતમાં આળસુ બેસી રહી નથી'. આતો મેં જેમ અગાડીથી ધાર્યું હતું તેમજ થયું છે. કળા અને જયચંદ્ર બન્ને વિચિત્ર વિચારનાં માણસો છે. અને તેઓ બન્ને સાથે મળીને ઘણું નુકસાન કરશે. અરે, પણ યશોદા, એમ કેમ થયું કે કળાને કોઇ ફક્કડ જુવાનના હાથમાં ફસાવી ભ્રષ્ટ કરાવવા તેં કંઇ કર્યું નહિ ? અથવા તેણીને અને જયચંદ્રને છૂટાં પાડવા કેમ કંઇ કર્યું નહિ ? ખરેખર, આતો ઘણું ધાસ્તી ભરેલું દેખાય છે. છતાં તેનો કંઇ ઉપાય હજુસુધી મને સૂઝતો નથી. 'અડતાળીસ કલાકની અંદર કુસુમના આશક વિષેનો સઘળો શક તેણી ખૂલ્લો કરી નાખશે.' અહા ! અડતાળીસ કલાક ! આ ચિઠ્ઠી ક્યારે લખી હતી ?"

"તમે અહીં આવ્યા તેની થોડીવાર પહેલાંજ મને એ ચિઠ્ઠી મળી હતી." યશોદાબાઇએ જવાબ આપ્યો.

"બરોબર ! હું આવ્યો ત્યારે તમારો ચહેરો ગભરાટ ભરેલો જણાતો હતો, તેનું કારણ હવે સમજાયું." અજીતરાયે કહ્યું–"ઠીક છે, અડતાળીસ કલાક ! કંઇપણ પગલું ભરવાને પૂરતો વખત છે."

"અરે હજુ તમે આવા બેદરકાર રહોછો ?" યશોદાબાઇએ કંઇક ઠપકા રૂપે કહ્યું–"કદાચ વધારે વખત જાય કે ઓછો વખત પણ જાય; પણ તમારૂં બોપાળું ફૂટવાને હવે ઘણો ટુંકો વખત છે, એતો ઉઘાડુંજ છે. માટે જે કંઇ વિચાર કરવો હોય તે હમણાંજ કરવો જોઇએ."

"આવી નાખુશ બાબત ઉપર વિચાર કરવાની મહેનત લેવી અને નકામો વખત ગુમાવવો, એ હું કોઇપણ કામ કરી શકું તેના કરતાં ઘણું ભારે છે," અજીતરાય મોઢું બગાડીને બોલ્યો.

"કદાચ તેમ હશે," યશોદાબાઇ બોલી. "પણ તમે એટલું તો સમજી શકશો કે આ બધું ઉઘાડું પડી જશે, ત્યારે તમને કેટલું નુકસાન—તમારી કેટલી ફજેતી થશે એક સારા કુટુંબની જુવાન કુંવારી બાળા—તમે તેણીને ખોટા નામથી—ખોટાં વચનોથી ફસાવી—તેણીને પરણવાનું વચન આપ્યું—અને આવી ઠગબાજીથી તેણીનું સતીત્વ ભ્રષ્ટ*કર્યું! ઓ, પ્રભુ! આ કેવું ભયંકર! જો વાત ફેલાઇ તો લોકો મારૂં ઘર તોડી પાડશે."

"ના, વહાલી યશોદા, તમારૂં રક્ષણ કરવા પોલિસ રાખીશું." અજીતરાય મજાકમાં બોલ્યો.

"આ મજાકનો વખત નથી—તેમ તેવો વિષય નથી." યશોદાબાઇએ દિલગીર થતાં કહ્યું "હું તમને આજીજી કરૂં છું કે તમે ગંભીરતાથી આ વિષે પૂખ્ત વિચાર કરો, તમે જાણો છો કે તમે કુસુમ ઉપર જે સત્તા મેળવી છે તેથી કદાચ તેણીને સમજાવી શકશો—છતાં પેલી ચબાવલી કળા પોતાના કામથી અટકશે નહિ."

"અને વળી આ જયચંદ્ર તેણીને મદદ કરશે." અજીતરાયે કહ્યું. "ઠીક છે, આવતી કાલે જયચંદ્ર મેળાવડામાં આવનાર છે. તે વખતે હું તેની સાથે બહુ માયાળુપણે વર્તીશ, અને તેથી તે મારી વિરૂદ્ધ કંઇ કરી શકશે નહિ."

"તમે કદાચ જયચંદ્રને સમજાવી શકશો." યશોદાબાઇએ પાછી પોતાની ધાસ્તી રજુ કરતાં કહ્યું. "વળી તેની ચિઠ્ઠીથી પણ તમે જોશો કે, તેનાથી બની શકે તો તે આ બાબત દબાવી મૂકે, પણ ખાત્રી રાખો કે—અને મેં જે સંભળ્યું છે તે ઉપરથી કહું છું કે—કળા એવી જુસ્સાવાળી અને આથાની ફરેલ છોકરી છે કે જો એક વખત તમારી બાબતની તેણીને ખાત્રી થઇ તો તમને કોઇપણ રીતે જંપીને બેસવા દેશે નહિ. ફક્ત એકજ યુક્તિ છે."

"તે બોલી દે ને ત્યારે." અજીતરાય અધીરો બનીને બોલ્યો, "હું ધારતોજ હતો કે તને કંઇપણ યુક્તિ સૂઝી આવશે."

"ધીરજથી સાંભળો." યશોદાબાઇએ કહ્યું. "તમે મહોબતરાયની સ્થિતિથી વાકેફ છો—થોડા દિવસ પહેલાં તેનો પિત્રાઈ આણંદરાય ઘણો માંદો હોવાથી તેના જીવવાની આશા નહોતી; તે વખતે ધરણીધરરાયના વારસ થવાની તેને આશા હતી, પણ આણંદરાય અજાયબ ભરેલી રીતે સારો થયો છે, તેથી હવે મહોબતરાયને જાગીરી વગેરેનો વારસો મળવાની બિલકુલ આશા રાખવા જેવું નથી. છતાં તે વખતે તેવી આશામાં ધરણીધરરાય તરફથી મળતી આવકમાંથી તેણે મોટું ભભકાદાર ઘર લીધું છે, તેથી તેનો હવે ધરણીધરરાયની મહેરબાની ઉપર આધાર છે; અને તેના મૃત્યુ પછી આણંદ-રાયના ઉપર તેનો આધાર રહેશે. મહોબતરાય જેવા માણસને માટે આવી સ્થિતિ ખરેખર અસહ્ય થઇ પડશે; છતાં હવે તે શહેરમાંનું ઘર છોડીને પાછો પોતાના અસલ ઘરમાં—કુસુમોદ્યાનમાં—જાય એ બનવું અસંભવિત છે."

"પણ આ બધું ભાગવત મને સંભળાવવાનો શો હેતુ છે?" અજીત-રાય કંટાળો ખાતાં બોલ્યો.

"કેમ, હજુ તમે સમજ્યા નહિ?" યશોદાબાઇએ કહ્યું "તમે તેણીની છોકરીને ફસાવી તે બાબત માંડી વાળવા સારૂ મહોબતરાય લલચાય, એ પ્રમાણે એક સારી આવકવાળી જાગીર જેવું તેને કંઇ મળે એમ કરવું."

"પણ કળા કેમ સમજશે?" અજીતરાયે ગુંચવાડો બતાવ્યો.

"તેણીનો બાપ જે ગોઠવણ કરે તે તેણીએ કબુલ રાખવી પડશે." લુચ્ચી અને પહોંચેલી યશોદાબાઇએ ખુલાસો કર્યો.

"ખરેખર, તમે ઘણાં વિચારશીલ છો, યશોદાબાઇ." અજીતરાયે તેણીને સાબાશી આપતાં કહ્યું "અને એવીજ કંઇ તજવીજ કરીશું. તમારી સલાહ બહુ ડહાપણ ભરેલી છે. અને હવે આ મુશ્કેલીમાંથી છૂટા થવાનો રસ્તો નીકળ્યો છે."

પ્રિય વાંચનાર, વિષયી અને દુષ્ટ માણસોને બીજાની આબરૂની—નીતિ ની—કેટલી કીંમત છે તે જોયું? તેમનાં અંતઃકરણ પાષાણનાં હશે કે લોખંડ-નાં હશે? કે પછી તેમને અંતઃકરણ હશેજ નહિ? એ વિચારવું મુશ્કેલ છે.

પ્રકરણ ૩૦ મું

અજબ મહેલ.

પ્રિય વાંચનાર, અત્યાર સુધી અજીતરાયની બાબતમાં જે ધોટાળો ચાલ્યો છે, અને તેજ અજબકુમાર છે કે કેમ, તે વિષે કળાએ પાકે પાયે બાતમી મેળવી ખાત્રી કરવા નિશ્ચય કર્યો છે, એટલે આપણે પણ આશા રાખી શું કે આ બધા ધોટાળાનો કંઇક પડદો ખૂલી જશે.

આ મણીપુર શહેરના રાજાનો દીવાન ભગવતરાય હતો. તેના ઉપર રાજાના ચારે હાથ હતા, એટલે રાજા તેનીજ આંખે દેખાતો હતો, અને રાજ્યમાં દીવાન જે કરતો તેજ માત્ર થતું. આ દીવાનનો પુત્ર અજબરાય હતો. એકનો એક પુત્ર હોવાથી માબાપને તે ઘણો લાડકો હતો. અજબરાય શરીરે ઘણોજ ખૂબસુરત, અને જીભે ઘણો વાચાળ હોવાથી, તેના ઉપર રાજાનો ઘણો પ્યાર હતો. રાજા તેને નાનપણથી લાડમાં રમાડતાં અજબ-કુમાર કહીને બોલાવતો, તે ઉપરથી લોકો પણ તેને તેજ નામથી ઓળ-ખતા. જેમ જેમ મોટો થતો ગયો, તેમ તેમ સ્વરૂપમાં વૃદ્ધિ થઇ, જીભ પણ વધારે વાચાળ થઇ. દીવાનનો પુત્ર, અને રાજાનો માનીતો, તેથી મોટા મોટા અમીર ઉમરાવોના ઘરમાં નાનપણથી છૂટથી રમવા—ખેલવા જવાની ટેવ પડી ગઇ હતી, અને તેથી સ્ત્રીઓના સહવાસમાં ઘણો વખત રહેવાનો પ્રસંગ આવતો.

દીવાન ભગવતરાયને, અજબરાયથી નાની, શારદાકુંવરી નામની એક સ્વરૂપવાન પુત્રી હતી. નાનપણથી અજબરાયનો તેણીના ઉપર વિશેષ ભાવ હતો. તો પણ બન્ને ભાઇબેન વચ્ચે સારો પ્યાર હતો.

અજબકુમારે થોડું ઘણું ભણીને સરસ્વતી દેવીને તિલાંજલી આપી

હતી, અને મોજમઝામાં પોતાનો કાળ નિર્ગમન કરતો હતો. તેનું સમજવું જુદાજ પ્રકારનું હતું. પોતાનો બાપ, રાજાનો દીવાન–પોતે રાજાનો માનીતો–વળી પોતાના બાપની પછી પોતેજ દીવાન થવાની મહત્વાકાંક્ષા– આ બધું સામટી રીતે લેતાં તેને ચોપડીઓનાં થોથાં અને પંતુજીઓનો સંબંધ કંટાળા ભરેલો જણાય, નકામી માથાકુટ જેવું લાગતું હતું. દીવાનગીરીનું કામ તો મોંઢે મોંઢે હુકમ ફરમાવવાનું હોય છે, અને લખવા વગેરેના કામ માટે બીજા ઘણા મહેતા, મુત્સદીઓ હોય છે, તો પછી આપણે ભણવાની માથાકુટમાં શું કરવા પડવું? આ અજબકુમારના દીર્ઘદર્શી (!) વિચારો હતા. તેણે તો માત્ર મરજી મુજબ મોઝમઝાજ ભોગવવાની હતી. આવાને આવા વિચારથી નઠારી સોબતમાં પડીને દિનપર દિન વધારેને વધારે કુચાલે ચઢયો. અને તેમાં હજારો રૂપીઆની બરબાદી કરતો–ભગવતરાયને કાને કેટલીએક વખત અજબકુમારની ચાલ વિષે ફરિઆદો જતી, પણ તે ગમે તો પુત્ર સ્નેહને લીધે અથવા તો લાયક ઉંમરનો હોવાથી આમન્યા ન તોડાય ત્યાં સુધી ઠીક, એવા વિચારને લીધે–તે ગમે તેમ હોય–પણ તે તેને કંઇ વધારે કહેતો નહિ–કદાચ કોઇ વખત કંઇક વાત છેડવાનો પ્રસંગ આવતો, ત્યારે અજબકુમાર એવી તો ચતુરાઈથી અને વાક્ચાતુર્યથી વાત ઉડાવી દેતો કે પછી કંઈ કહી શકાતું નહિ–તેની મા તો પુત્રની પાછળ સ્નેહમાં ગાંડી જેવી થઇ ગઇ હતી, તેથી લાડમાં ને લાડમાં ઠપકા જેવો એક શબ્દ પણ બોલતી નહિ–પરિણામ એ આવ્યું કે આપણી વાર્તાને પ્રસંગે અજબકુમાર ખરેખરો વિષયલંપટ થઇ ગયો હતો, અને તેની નજર જો કોઈ સ્ત્રી અથવા બાળા ઉપર ઠરતી તો પછી તેણીની આબરૂ જળવાવી એ ઘણું મુશ્કેલ થઇ પડતું. ખરી વાત છે કે અજબકુમારનો ચહેરો તથા શરીર એટલું બધું સૌંદર્યથી ભરપૂર હતું કે કેટલીક સ્ત્રીઓ તો તેની પાછળ ગાંડી થઇ જતી, અને પવિત્રપણાનું ભાન ભૂલી જતી–છતાં બળાત્કારના ઘણા દાખલા બનતા. લોકો સાંભળતા–પણ ધાકથી બોલી શકતા નહિ, તેમજ દીવાન પુત્રની વિરૂદ્ધ કંઇ પણ ફરિઆદ રાજા પાસે લઈ જવા કોઇ હિંમત કરી શકતું નહિ.

અજબકુમાર લાયક ઉમરનો થયા પછી તેને રહેવા માટે તેના આગ્ર-

હથી એક જુદો મહેલ બાંધવામાં આવ્યો હતો, અને તેનું નામ ' અજબ મહેલ ' પાડ્યું હતું. અજબકુમાર ઘણેભાગે આ મહેલમાં રહેતો—તેના નોકર ચાકરો તેણે પોતે શોધી કાઢી પોતાના વિશ્વાસુ બનાવી રાખ્યા હતા—તેથી પોતે ધારેલું પાર પાડવામાં કોઈ રીતની અડચણ આવે એમ નહોતું.

અજબકુમારનું વેવીશાળ એક પાસેના રાજ્યના દીવાનની પુત્રી સાથે થયું હતું, અને થોડા વખતમાં લગ્ન થવાનું હતું.

અજબકુમાર વારંવાર પોતાને મહેલ પોતાના મિત્રો તથા બીજા ગૃહસ્થોને કુટુંબકબીલા સાથે મેળાવડા કરી નોતરતો, અને ગમત કરતો. તે પાકો હતો, અને દુનિઆને ઓળખી ગયો હતો, તેથી જ્યારે સ્ત્રી છોકરાંને નોતરવા ઇરાદો રાખતો ત્યારે પોતાની મા તથા શારદા કુંવરીને પણ બોલાવતો, કે જેથી કંઇ હરકત આવે નહિ

અજબકુમારની, બેન શારદાકુંવરી લગભગ અઢાર વરસની ઉમરની અથાગ ખૂબસુરતીની ભરેલી નવયૌવન બાળા હતી. તેણી હજુ કુંવારી હતી. કારણ કે તેણીને લાયક વર મળતો નહોતો. તેણીને ઇન્સાફ આપવા ખાતર કહેવું જોઇએ કે પોતાના ભાઇ અજબકુમારના જેવી ખરાબ ચાલની તેણી નહોતી. પણ સદ્ગુણી અને નીતિવાન હતી. અકસ્માત રીતે પોતાના બાપના તાબામાંના પોતાની જાતના એક ખૂબસુરત અને જુવાન અધિકારી ઉપર તેણીની નજર પડી—બન્નેની નજર એક થઇ—અને વારંવાર મળવાથી એક બીજાના પ્રેમપાશમાં પડયાં. છતાં કુળાભિમાનથી લગ્નસંબંધ અશકય હતો. પરિણામે તેણીને લીલાવતીને નામે કુસુમ—કળાને ઘેર—કુસુમોદ્યાનમાં—એક રાત્રે અમુક સંજોગોમાં આશ્રય લેવો પડયો હતો. બીજું કોઇ કશું જાણતું નહોતું. માત્ર પ્રમિલાદેવી કે જે તેણીની વિશ્વાસુ સખી હતી, તેણીને વિશ્વાસમાં લઇ તેણીની મદદ લીધી હતી, કે જે કમળા નામથી તે વખતે ઓળખાઇ હતી.

હવે પડદો રાખવાની જરૂર નથી કે અજીતરાય તેજ અજબકુમાર હતો, અને તેણે કુસુમ તથા પ્રમિલાદેવીની પાસેથી કેટલીક હકીકત શારદાકુંવરી સંબંધી કઢાવી લીધી હતી—વાંચનારને યાદ હસે કે જે રાત્રે અજીત-

રાય ઉર્ફે અજબકુમારે પહેલવહેલી કુસુમોદ્યાનની મુલાકાત લીધી, તેજ રાત્રે લીલાવતી અને કમળા વાળી ગાડી ત્યાં આગળ ભાગી હતી, અને અજબકુમાર મદદે દોડી આવ્યો હતો, પણ ગાડીનું બારણું ઉઘાડતાં અંદર નજર પડતાં એકદમ નાસી ગયો હતો—તેનું કારણ હવે જણાશે કે તેણે શારદાકુંવરીને ઓળખી હતી—તે જાણતો નહોતો કે તેણી તે ગાડીમાં કયાં જતી હતી. પણ એટલી મોડી રાત્રે તે પોતે આવે ઠેકાણે ભટકવા વિષે શારદાકુંવરી જાણે અને વહેમાય તે અજબકુમારને ઠીક નહિ લાગવાથી પોતાનું ઓળખાણ પડે તે પહેલાં નાસી ગયો હતો. તેથી શારદાકુંવરી ઉર્ફે લીલાવતી કે પ્રમિલાદેવી ઉર્ફે કમળા—કોઇએ એને ઓળખ્યો નહોતો.

આગળ ઉપર કુસુમ સાથે વાતચિત થતાં શારદાકુંવરી વિષે વિચિત્ર હકીકત સાંભળવાથી તેની જીજ્ઞાસા ઉશ્કેરાઇ, અને તે ભોળાભાળા પાસેથી તમામ હકીકત કાઢી લઇ, પ્રમિલાદેવીને મળી પૂરી ખાત્રી કરી હતી. વાંચનારને યાદ હશે કે તે વખતે અજબકુમારનો ચહેરો કેવો ગુંચવાયેલો દેખાતો હતો.

આટલું ઓળખાણ આપી આપણી વાર્તા આગળ ચલાવીશું.

આગલે દિવસે ગોઠવણ કર્યા પ્રમાણે કળા, પ્રમિલાદેવીને ઘેર આવી—બન્નેજણ અજબકુમારને મહેલે જવાને નીકળ્યાં—રસ્તામાં કળાના મનમાં હજારો વિચારો ઘોળાતા હતા. કારણકે વાંચનારે ખત્રી રાખવી કે આ સાધ્વી બાળા ગરબાની મઝા ચાખવા જતી નહોતી, પણ પોતાની ગરીબડી બેન કુસુમના ભાગ્યનો પડદો ખૂલ્લો થઇ જવાનો પ્રસંગ પાસે આવતો હતો, તે સંબંધી જાતે ખાત્રી કરવા જતી હતી. અજીતરાયની આગલી પાછલી વર્તણુક ઉપર વિચાર કરતાં તેણીને યાદ આવ્યું કે પહેલેજ દિવસે રાત્રે અજીતરાય કુસુમોદ્યાનમાં ગયો હતો, અને રસ્તામાં ગાડી ભાગવાથી લીલાવતી અને કમળાને જોતાંજ તે એકદમ નાસી ગયો હતો—તેણીની હવે ખાત્રી થઇ હતી કે લીલાવતી તે શારદાકુંવરી હતી, અને કમળા તે પ્રમિલાદેવી હતી—અને તેથીજ અજીતરાય ચમકીને નાસી છૂટયો હતો—આ પ્રમાણે વિચાર કરતાં, અને અજબકુમારની બદફેલીની ખ્યાતિની તેણીને ખબર હોવાથી અજીતરાય તેજ અજબકુમાર હોવા વિષે તેણીને શક રહ્યો નહિ. કદાચ જો

કંઇક અંશે શક હશે તો હવે થોડાજ વખતમાં તે નીકળી જશે. અને તે-થીજ કળાની છાતી અંદરથી ધબકતી હતી—પણ મહામુશીબતે પોતાની લા-ગણી પ્રમિલાદેવીથી છૂપાવી રાખતી હતી.

અજબમહેલ આગળ ગાડી ઉભી રહી. પ્રમિલાદેવી તથા કળા મહે-લમાં દાખલ થયાં—અજબકુમારની માતાને તથા શારદાકુંવરીને મળ્યાં—થોડી-વારે અજબકુમાર ત્યાં આવ્યો, ત્યારે શારદાકુંવરી તથા પ્રમિલાદેવીએ ક-ળાનું ઓળખાણ કરાવ્યું.

અહા ! આ વખતે કળાની સ્થિતિ કેવી વિચિત્ર થઇ હશે, તે લખવા કરતાં વિચારવું સહેલું થઇ પડશે—તેણીએ અજબકુમાર—કે જે અજીતરાયના નામથી તેણીને ઓળખાવતો હતો—તેને ખરા રૂપમાં ઓળખ્યો—પોતાની બેનનું દુર્ભાગ્ય ફરીવળ્યાની ખાત્રી થઇ, અને તે પળની દુઃખી લાગણીના આવેશમાં તેણીની જીભ બંધ થઇ જવાથી ભાગ્યેજ બેચાર શબ્દો વિવેકની ખાતર બોલી શકી—પ્રમિલાદેવી વગેરેએ આ ગભરાટ જોયો—પણ તેમણે એમ ધાર્યું કે આવે ઠેકાણે આ પહેલી વખત કળા આવેલી હોવાથી તેણી ગભરાઇ ગઈ હશે—અજબકુમારે કળાને ઓળખી, અને તેણીના ગભરાટનું ખરૂં કારણ ચેતી ગયો—પણ તે પાકો ઉસ્તાદ હતો, તેથી પોતાના ચહેરા ઉપરથી કશું કોઇને જાણવા દીધું નહિ—તેણે કળાની સામે નજર ઠેરવી તેણીને ચૂપકીદી પકડવા ઇશારત કરી. પણ કળાને તેવી ઇશારતની જરૂર નહોતી; કારણકે તેણી પોતાની બેનની ફજેતી બીજાને સંભળાવે એવી બે-વકૂફ નહોતી.

એક મોટા ઓરડામાં ગરબા શરૂ થયા—બારણાંઓએ જાળીવાળા પ-ડદા નાખી દીધા હતા—પુરૂષો તો બીજા ઓરડામાં બેઠા હતા.

કેટલાક વખત પછી કંઇક બહાનાથી કળા અને અજબકુમાર એકાં-તમાં મળ્યા—બન્નેજણ એકબીજાને મળવાનો પહેલો પ્રસંગ શોધતાં હતાં તે મળી આવ્યો.

"કળાસુંદરી, તમે તે વખતે જે સહનશક્તિ બતાવી તેથી હું તમારો આભાર માનું છું." અજબકુમારે બોલવાની પહેલ કરી. "બીજી કોઈ

પુરૂષો જે મોજમઝાની ગમત મેળવવાના ઈરાદાથી આવ્યાં છે, તેવા ઈરાદાથી તમે આવ્યાં નથી—પણ શક દૂર કરવા અથવા પૂરી ખાત્રી કરવા આવ્યાં છો—એ હું પાકેપાયે જાણું છું."

"આપ મારી સહનશક્તિ માટે મારો આભાર માનો છો," કળા નીચું જોઇ થડકાતે સાદે બોલી. "પણ મારી લાગણી ઉપર પૂરતો કાબુ રાખવાને માટે હું વખાણને પાત્ર નથી. શું તમે એમ ધારો છો કે મારી બેનની ગેરઆબરૂ અહીં જાહેર કરવા હું આવી છું ? ના—હું એવી ભાન વગરની નથી." તેણીએ ઉંચું જોઇ અજબકુમાર તરફ એક સખ્ત નજર નાખી.

"હું તમારા ચહેરા ઉપર દૃઢ નિશ્ચય જોઉં છું, કળાસુંદરી." અજબકુમાર ધ્રૂજતે સાદે બોલ્યો, કારણકે તેણીનો ચહેરો ગમે તેટલો કોમળ અને નમ્ર છતાં આ વખતે એવો વિકાળ દેખાતો હતો, કે તેને બીક લાગતી હતી કે તેણી શું કરશે ! "તેનો શો હેતુ છે ?"

"તેનો હેતુ માત્ર એટલોજ છે કે મારી બેનને ઇનસાફ મળવો જોઇએ; અને તેમ નહિ થાય તો તેણીને દગો દઇ ખરાબ કરવા બદલ ભયંકર વેર લેવામાં આવશે." કળા ભાર મૂકીને પોતાનાથી બની શકે તેટલી કઠોરતા પોતાના હમેશના મધુર અવાજમાં લાવીને બોલી.

"વેર ! શું તમે વેર લેવાની વાત કરો છો ?" અજબકુમાર મજાક કરતો બોલ્યો. "યાદ રાખો કે આવો શબ્દ એક માણસ—કે જે પોતાના દુશ્મનને તારાજ કરવાની પૂરતી શક્તિ ધરાવે છે—તેની સાથે બોલવો, એ બેવકૂફી ભરેલી ઉદ્ધતાઇ છે."

"આપની બેન શારદાકુંવરી, તેમની પોતાની ખાતર, મારો બચાવ કરશે." કળાએ અજબકુમારને દાબવા છેલ્લા ઉપાય તરીકે ઠંડે પેટે દૃઢતાથી જવાબ વાળ્યો.

અજબકુમારને માટે એટલું ઠીક હતું કે આ જગોએ તે વખતે બીજું કોઇ સાંભળી શકે એમ નહોતું. તેનો ચહેરો ઉતરી ગયો, કારણ કે એક વીજળીના ચમકારાની માફક તેણે જોઇ લીધું કે પોતાની બેનની આબરૂ કળાના હાથમાં હતી, જે તે પ્રથમ ભૂલી ગયો હતો.

"કળાસુંદરી," હવે તે નરમ પડીને ધીમે સાદે બોલ્યો. "આ વખતે આપણે આ વિષય ઉપર વાત કરીએ, તે અસંભવિત છે—પણ મને કહો કે તમે અહીં આવ્યાં છો, તે વાત તમારી બેન જાણે છે ?"

"મારા ઇરાદા વિષે કુસુમને બિલકુલ શક નથી." કળાએ જવાબ દીધો. "તેણી જાણતી નથી કે તેણીની સાથે જે ઠગાઇ રમવામાં આવી છે—તેણીને જે નિર્દયતાથી ફસાવવામાં આવી છે—તે વિષે યોગ્ય તજવીજ કરવાનું મેં માથે લીધું છે."

"તમારૂં બોલવું ઘણું સખ્તાઇ ભરેલું છે, જુવાન બાળા" અજબકુમાર જરા ક્રોધપૂર્ણ મુદ્રાથી બોલ્યો.

"તમારી વર્તણુંકને જે યોગ્ય છે, તેના કરતાં વધારે સખ્તાઇ ભરેલું નથી." કળા નમ્રપણે, પણ દૃઢતાથી બોલી.

"વારૂ, આ વિષે તમે જે કોઇ અમુક વખત ઠરાવશો તે વખતે આપણે વાતચિત કરીશું." અજબકુમારે કહ્યું 'પણ મને એક બે બાબત જવાબ આપો. કારણ કે જેમાં તમને કંઇ લાગતું વળગતું નથી, તેવી બાબતમાં મારો શક દૂર કરવા તમે ઉદારતા વાપરશો, એવી મને આશા છે."

"ખચીત. કળા બોલી." આપ શું પૂછવા માગો છો ?"

"તમે મને જવાબ આપશો, એવી તમારા શબ્દોથી મારી ખાત્રી છે, તેથી હું ખુશી થયો છું." અજબકુમારે કહ્યું. "તમારો અહીં આવવાનો ખરો હેતુ પ્રમિલાદેવી જાણે છે ?"

"નહિ. ખાત્રીપુર્વક કહું છું કે બિલકુલ નહિં." કળાએ પ્રમાણિકપણે જવાબ દીધો." તેણી માને છે કે બીજી હાલની ઉધરતી છોકરીઓની માફક મોજમઝા જોવાના ઇરાદાથી હું અહીં આવી છું."

"ત્યારે હવે કહો કે, જયચંદ્ર—"

"હા—તેતો મારા સઘળા ઇરાદાથી જાણીતા છે," કળા વચ્ચેજ બોલી ઉઠી, "પણ હું આપને એટલું તો કહુંછું કે જ્યાંસુધી મારી પોતાની મરજી નહિ હોય ત્યાંસુધી તેમના તરફથી આ ભેદ ઉઘાડો પડશે નહિ."

"અને હવે એકજ બાબત" અજબકુમારે ધીમેથી કહ્યું "તે રાત્રે

કુસુમોદ્યાનમાં શારદાકુંવરી વિષે બનેલા બનાવ સંબંધી જયચંદ્ર જાણે છે ?"

"ઇશ્વર મારો જાણનાર છે કે જે ગુપ્ત વાત આબરૂ અને પ્રમાણિક પણાથી હું અત્યારસુધી છૂપી રાખી શકી છું, તે હું કદી બીજાને જણાવું નહિ." કળાએ ધીમેથી જવાબ આપ્યો.

"ખરેખર, તમારો સ્વભાવ ઘણો ઉમદા છે." અજબકુમાર બોલ્યો-તેણીની ખુશામત કરવા ખાતર નહિ-પણ ખરેખર કળાને વિષે તેનો ઘણો ઉંચો અભિપ્રાય બંધાયો તેથીજ ખરા અંતઃકરણથી બોલ્યો-"વારૂ, ત્યારે હવે ક્યારે અને ક્યાં આપણે મળીશું ?"

"હું આ વિષે થોડા દિવસમાં આપને ખબર આપીશ," કળાએ જવાબ આપ્યો, "અને તે દરમિયાન આ વિષે બિલકુલ વાત બહાર પાડશો નહિ."

"પણ તમે અત્યારે અહીં આવ્યા વિષે કુસુમને જણાવશો ? અજીત-રાય તેજ અજબકુમાર છે, એવી ખાત્રી થયા વિષે તમે તેણીને કહેશો ?" અજબકુમાર બોલ્યો, "અને તેમ થશે તો તેણી દુઃખના આવેશમાં જાહેર રીતે ગમે તેમ બોલશે."

"તમે ત્યારે જાણોછો ખરા કે, તેણીને અપાર દુઃખ થશે," કળા બોલી, "અને છતાં તમે તે બિચારી નિર્દોષ બાળા-કે જેણે તમારામાં હદ-પાર વિશ્વાસ રાખ્યો-તેના મનની શાંતિ કરતાં તમારી પોતાની સલામતીની વધારે કાળજી રાખો છો. અજબકુમાર સાંભળો-કે આ તમારી સ્વાર્થી અને નીચ વર્તણુક માટે હું તમને મારા અંતઃકરણથી ધિક્કારૂં છું." કળા એકદમ આવેશમાં આવી જઇ અજબકુમાર ઉપર તીક્ષ્ણ નજર નાખી ભાર-પૂર્વક બોલી.

"અત્યારે આ વિષે આપણે વધારે વાતચિત ના કરીએ તેજ ઠીક છે કળાસુંદરી," અજબકુમાર હલકો પડી જવાથી શરમીંદો પડી જઇ બોલ્યો. "તમે મને લખવાનું કબુલ કર્યું છે અને તે દરમિયાન હું આશા રાખું છું કે, તમારી બેનને શાંત રાખવા તમે જોઇતી તજવીજ કરશો. જે કંઇ બદલો આપવાનું મારાથી બની શકશે..."

"તમે હાલ આ વાત બંધ રાખવાનું કહ્યું છે," કળા તેને બોલતાં અટકાવીને બોલી "તો હવે કંઇપણ બોલવું નહિ એજ સારૂં છે."

એમ કહી કળા ત્યાંથી ચાલી ગઇ-અને બીજી તરફ જતાં જયચંદ્ર મળ્યો. તેણે તેણીને બેસાડીને કહ્યું:—

"મારી વહાલી કળા, હું ધારૂંછું કે તું ઘણી દુઃખદાયક કસોટીમાં હતી. અજબકુમાર સાથે તું તે વિષેજ વાત કરવા રોકાઇ હતી."

"શું મારા ચહેરામાં કંઇ બેચેની જણાય છે, જયચંદ્ર?" કળાએ પૂછ્યું.

"ના, બીજા કોઇને લાગે નહિ," તેણે જવાબ દીધો "પણ દૂરથી મેં તને વાત કરતાં જોઇ હતી. તેમાં કેટલીક વખત તારો ચહેરો ઉશ્કેરાઇ જતો જણાતો હતો. મને તારી ઘણી દયા આવે છે, કળા!"

"વહાલા જયચંદ્ર," કળાએ કહ્યું. "તમારાં આવાં માયાળુ વચનોથી મને ઘણી શાંતિ વળે છે, પણ હવે આપણે જઇએ તો ઠીક."

જયચંદ્રે હા કહ્યું, અને થોડી વારે પ્રમિલાદેવીને કહીને ત્યાંથી બન્ને નીકળ્યાં.

પ્રકરણ ૩૧ મું.

વિચિત્ર મુલાકાત-ખુશકારક માગણી.

ઘણા વખતથી આપણે મહોબતરાયની મુલાકાત લીધી નથી, માટે પ્રિય વાંચનાર, ચાલો જરા તેના નવા ઘરમાં જઇએ.

સવારના દશ વાગવાનો વખત હતો. મહોબતરાય પોતાની પુત્રીઓને દીવાનખાનામાં મૂકીને પોતાના ખાનગી ઓરડામાં ગયો હતો.

મહોબતરાયનો ચહેરો હવે પાછો શોકાતુર દેખાતો હતો-તો પણ પોતાની દીકરીઓની સાથે ખુશ દેખાવ ધારણ કરી પોતાના મગજ ઉપર

કોઈ જાતની દિલગીરીનો બોજો છે, એવું જાણવા દેતો નહિ, પણ જ્યારે એકલો પડતો, ત્યારે પોતાના વિચારોમાં ગરક થઇ જતો.

અજબકુમારને મહેલ કળા ગઇ હતી, તેને બીજે દિવસે, આ પ્રમાણે વિચારમાં ગરકાવ થયેલા મહોબતરાયને આપણે તેના વાંચવાના ખાનગી ઓરડામાં એક પુસ્તક લઈ બેઠેલો જોઇએ છીએ.

ખરેખર, યશોદાબાઈ, દુનિઆની ખાધેલી, ખંધી, અને અનુભવી સ્ત્રી હતી, એમાંનો લેશ માત્ર પણ શક નથી. કારણ કે તેણીએ હજી સુધી મહોબતરાયને નજરે જોયો નહોતો, છતાં તેની હકીકત આસપાસથી સાંભળ્યા ઉપરથી તેની હાલની સ્થિતિ વિષે તેણીએ જે પોતાનું અનુમાન અજીતરાય—હવે અજબકુમાર—ને જણાવ્યું હતું તેમાં તે ખરી હતી.

ખરેખર તેજ પ્રમાણે હતું. કારણ કે જ્યારે ધરણીધરરાયનો વારસ થવાની તેને આશા હતી, ત્યારેજ તેને એ બુઢ્ઢા અને મગરૂબ જાગીરદારે પોતાના સમાન ગણીને તેની સારી આગતા સ્વાગતા કરી હતી. પણ હવે તો તે વખત બદલાઇ ગયો હતો. આણંદરાય પોતાના જીવલેણ વ્યાધિમાંથી મોકળો થઇ પોતાની તનદુરસ્તી પાછી મેળવતો હતો—અને મહોબતરાય આશ્ચર્ય પામતો કે ધરણીધરરાય હવે દિવસે દિવસે તેની સાથે બેદરકાર થતો જતો હતો. જો કે એ ખરૂં છે કે આણંદરાય ઘણો માયાળુપણે અને ખરા ભાવથી તેની સાથે વર્તતો હતો, અને વારંવાર તેને ઘેર આવતો હતો—પણ ધરણીધરરાયની બેદરકારીનો બદલો આણંદરાયના માયાળુપણાથી, મહોબતરાયની નજરમાં વળી રહેતો નહિ.

ત્યારે હવે શું કરવું? પોતાના અસલના નાના ઘરમાં ગરીબાઈથી એકાંત વાસ ભોગવવો, એવો વિચાર મહોબતરાયને ઘણી વખત શોકાતુર બનાવી દેતો—અને કેટલીક વખત એવો પણ વિચાર આવતો કે પોતાના મગરૂબ સગાની મહેરબાની અને તાબેદારીમાં રહેવા કરતાં પોતાની પ્રથમની સ્થિતિ સારી હતી—પણ આટલોબધો લાંબો વખત અમીરાઇની સ્થિતિ ભોગવ્યા પછી જરા સારી સ્થિતિમાં રહેવા જેવો હવે વખત આવ્યો હતો, તે છોડી દેવાનું પણ તેને મન થતું નહિ. વળી શું, કળા એક ઉમરાવ

અને શ્રીમંત જાગીરદારની સાથે પરણવાની નહોતી? અને શું કુસુમને પણ તેવું ઠેકાણું નહિ મળે?

આ પ્રમાણે તે પોતાના મનમાં ધારણા બાંધતો-અને માણસ જાતને પોતાની પડતીના વખતમાં સઘળા ઉપર જેવો તિરસ્કાર અને બે વિશ્વાસ ઉત્પન્ન થાય છે, તેવો વિચાર તેને પણ આવતો અને ધાસ્તી લાગતી કે રખેને પાછો પોતાની અસલ સ્થિતિમાં જવાથી પોતાની વહાલી દીકરીઓનું ભવિષ્ય બગડે-તેને ઓછીજ ખબર હતી કે કળા જ્યારે એકાંત વાસમાં ગરીબ સ્થિતમાં હતી ત્યારથીજ જયચંદ્ર તેણીને ચાહતો હતો અને હાલ પણ માત્ર તેણીને પોતાનેજ ચાહે છે? પણ ઉલટું મહોબતરાય તો એવું ધારતો હતો કે જો કદાચ તે પોતાની અસલ સ્થિતિમાં જાય અને કળાને ગરીબ હાલતમાં જુએ તો જયચંદ્રની નજરમાંથી તેણી ઉતરી જાય.

આવા વિચારોથી, ધરણીધરરાયે તેને અમુક પ્રસંગે જે વર્ષાસન વધારી આપી હાલની સ્થિતિમાં રહેવાની તક આપી હતી, તેને વળગી રહેવાને તે લલચાયો; પણ પણ તેને એમ તો લાગતું હતું કે આ સ્થિતિ ખોટી અને આગળ ઉપર ગુંચવારો ઉત્પન્ન કરનારી છે. કારણ કે ધરણીધરરાયના તુરંગી સ્વભાવ પ્રમાણે વધારેલું વર્ષાસન તે ગમે તે વખતે ઓછું કરી નાખે; અને કદાચ વૃદ્ધના મરણ સુધી તે કાયમ રહે, તો પણ તેના મૃત્યુ પછી તેના વસીયતનામામાં તે વિષે કંઇ ઇસારો ન કર્યો હોય તો તે વખતે તો બંધ થાયજ. ખરૂં છે કે આણંદરાય તેના કુટુંબ ઉપર સારી મમતા રાખતો હતો-પણ તે જુવાન હતા-તેનુ લગ્ન હજુ થવાનું હતું. તેથી આગળ ઉપર તેની મમતા બીજી તરફ ખેંચાવાનો સંભવ હતો-અથવા એવા ઘણા પ્રકારના બનાવો બને છે કે જેથી તેનું વધારેલું વર્ષાસન બંધ થવાનો સંભવ જણાતો હતો.

આવા જાતના વિચારો, બિચારા મહોબતરાયને દિલગીર કરવાને પૂરતા હતા; છતાં માત્ર આજ વિચારો તેને નહોતા, પણ તેના વિચારોમાં બીજી બાબતો પણ સમાયેલી હતી. તેને ધરણીધરરાયનો વારસ થવાથી જે જાગીરી મળવાની હતી, અને તે પોતે જાગીરદાર થવાનો હતો, તે બધી ઉમેદ હવે

જતી રહી હતી-શું એ કંઇ નાનીસુની વાત હતી કે જે જાગીરી તદ્દન તેની નજીકમાં આવેલી હતી, તે એકાએક જતી રહે ? છતાં તેમ બનવા પામ્યું હતું-થોડા દિવસ પહેલાં તો આણંદરાય મૃત્યુની નજીકમાં હતો, અને ધરણીધરરાયનો વારસ થવાને મહોબતરાયને થોડીજ વાર હતી.

પણ, અહા ! કેટલી જલદીથી તમામ બાજી ફેરવાઈ ગઇ હતી. જે માણસના ઉપર સઘળા ઉપાયો નકામા ગયા હતા, તેને મૃત્યુએ પોતાના ભોગમાંથી છુટો કર્યો હતો, અને આણંદરાય પોતાની અસલની તનદુરસ્તીમાં આવતો જતો હતો-મહોબતરાયની ઉમેદો જે એક વખત પૂર ચળકટમાં હતી, તે હવે નાશ પામી ગઇ હતી-અને આ બધું કુદરતી રીતે આ લોભી અંતઃકરણમાં ઉંડા ઘા રૂપે હતું.

અહા ! મનુષ્ય જાતને પૈસાનો તથા મોટા કહેવડાવવાનો કેટલો લોભ છે ! પૈસાથીજ ખુશાલી-સુખ-મોજમઝા-ટુંકામાં આખી દુનિઆ તેને પૈસામાં સમાયેલી લાગે છે. અને જ્યારે એવો હરામનો પૈસો મળવાની આશામાં તે હવાઇ કિલ્લા બાંધવા બેસે છે, ત્યારે આઘું પાછું જોતો નથી. પણ જ્યારે તજ આશા નાશ પામેલી જુએ છે, ત્યારે તેનું અંતઃકરણ કેવું ચીરાઇ જાય છે ? જાણે તેનું ઘરબાર લૂંટાઇ ગયું હોય-તેને મોટી ખોટ આવી હોય-અથવા શ્રીમંતાઇમાંથી એકદમ ભીખારી થઇ ગયો હોય-આવું દુઃખ થાય છે-આમ થવાનું કારણ શું ? માત્ર મનનોજ વિકાર ! મનમાંજ તેને પૈસાદાર થવાની આશા હતી-હવે તે આશા જતી રહેવાથી મનમાંજ તે દુઃખી થતો. પૈસા ઉપરની પ્રીતિનું આ ફળ !

આવાને આવાજ વિચારોમાં મહોબતરાય કેટલો વખત બેસી રહ્યો હશે, તેનું તેને ભાન નહોતું. પણ લગભગ એકાદ કલાક થયો હશે તેવામાં નોકરે આવીને ખબર આપી કે એક અજાણી સ્ત્રી તેને મળવા આવી છે, અને તેણી પોતાનું નામ કહેતી નથી

તે સ્ત્રીને અંદર મોકલવા નોકરને હુકમ આપ્યો. તે સ્ત્રી જ્યારે તેની પાસે આવી ત્યારે, જોકે તેણીનો ચહેરો બુરખાથી ઢંકાયેલો હતો, તોપણ તેણીના શરીરના બાંધા અને ખૂબસુરતીથી મહોબતરાય દંગ થઇ ગયો.

તેણી તદ્દન જુવાન હતી, એમાં તો કંઇ શક હતોજ નહિ; કારણકે તેણીનો દેખાવ તેણીની યુવાવસ્થાની ખાત્રી આપતો હતો–તેણી દૃઢ પગલે ચાલતી હતી.

મહોબતરાયે તેણીને બેસવા ખુરશી આપી, અને પછી તેણી પોતાની મુલાકાતનું કારણ બતાવે તે સાંભળવા અધીરો થઇ રહ્યો.

" મારી મુલાકાતનો હેતુ આપને શી રીતે જણાવવો, તે વિષે હું પોતેજ ગુંચવણમાં છું, મહોબતરાયજી." તેણીએ પોતાના નમ્ર અને મધુર અવાજે કહ્યું. " પણ પહેલાં તો આપને આ પ્રમાણે અડચણ કરવા માટે આપની માફી માગવી જોઇએ–તેમજ હાલ જો મારો બુરખો કાઢી નાખી મારો ચહેરો ખૂલ્લો ન કરૂં અથવા મારૂં નામ ન બતાવું, તો તેની પણ આપ માફી આપશો–કારણકે આપની સાથેનું મારૂં કામ ઘણા ગંભીર અને ગુપ્ત પ્રકારનું છે."

"પણ તે કામનો વિષય શું છે, બાઇ?" મહોબતરાયે અજાયબીમાં પડીને પૂછયું. " વળી એમ પણ હું જાણી શકતો નથી કે તમે પરણેલાં છો કે શી રીતે?"

' તે જાણવાની હાલ જરૂર નથી. વખત આવેથી સઘળું જાણશો." તેણીએ ટુંકો જવાબ આપ્યો–" પણ હું ગુપ્ત રીતે જે વાત કરૂં છું તે વિષે આપ મારી વિરૂદ્ધ કોઇ પ્રકારનો શક લઇ જશો નહિ–કદાચ એમ પણ બને કે હમણાં આપણે છૂટાં પડીશું–તો ફરીથી કદી મળીશું પણ નહિ."

"તેનો આધાર શા ઉપર છે, બાઇ?' મહોબતરાયે તે બાઇના આવા વિચિત્ર બોલવાથી વધારેને વધારે અજાયબીમાં પડતાં તેનો હેતુ જાણવાની અધીરાઇથી પૂછયું.

" આપના પોતાના ઉપર " તેણીએ થોડીવારે જવાબ આપ્યો.

" બાઇ, હું તમને ખૂલ્લી રીતે કહું છું કે તમે જે ભેદ ભરેલી રીતે બોલો છો, તેથી મને કંટાળો આવે છે, અને ગુંચવાડો ઉત્પન્ન થાય છે." મહોબતરાયે કહ્યું. " જો તમે મને કંઇ ખાનગી બાબત વિષે કહેવા માગતાં હો તો હું પ્રતિજ્ઞા કરીશ કે તમારી વાતચિત હું ખાનગી રાખીશ."

"અને તે વાતચિત કદાપિ ઘણી વિચિત્ર હોય તો ?" તેણીએ પૂછ્યું.

"અમુક એવા પણ સંજોગો હોય છે કે જેમાં વિચિત્રતા સમાયેલી હોય છે." મહોબતરાયે વિચારપૂર્વક જવાબ દીધો.

"શું ત્યારે આપના બોલવા ઉપરથી મારે એમ સમજવું કે આપને દુનિઆનો અનુભવ એવો થયેલો છે કે ગમે તેવી વાતથી આપને વધારે વિચિત્રતા લાગે એમ નથી ?" તે સ્ત્રીએ મહોબતરાયનો મનોભાવ કાઢી લેવાના હેતુથી પૂછ્યું.

"હા, તેમજ છે." મહોબતરાયે જવાબ આપ્યો—કારણકે તેને લાગ્યું કે તે સ્ત્રીને પોતાની વાત કરવાને માટે તેના તરફનું ઉત્તેજન જોઇએ છીએ. "હા, મારૂં દુનિઆ સાથેનું ઓળખાણ બહુ ખુશકારક નથી, અને મેં સારી રીતે જોયું છે કે આ દુનિઆમાં નિર્દયતા અને સ્વાર્થીપણુંજ ફાયદો મેળવે છે—જ્યારે ઉદારતા અને પ્રમાણિકપણું બહુ દિલગીરી ભરેલી રીતે પડતી હાલતમાં નાખે છે."

"અહા ! હવે આપને હું સારી રીતે સમજી શકી છું; અને હું ખુશી થઇ છું કે આપે આટલો ખુલાસો કર્યો." તે સ્ત્રી બોલી. "દુનિઆએ આપને એવું શીખવ્યું છે કે સ્વાર્થીપણુંજ જય પામે છે—અને તેવું ધારવામાં આપ ખરાછો, મહોબતરાયજી. પણ આવા વિચારો ધરાવવાની સાથે જો આપની સ્થિસ્તિ સુધારવાનો કોઈ ઉપાય બતાવે તો આપ તેના આભારી થાઓ ખરા કે ?"

"ઇશ્વરને સાક્ષી રાખીને કહું છું કે એવા દોસ્તને તે સ્વર્ગનો દેવ હોય તે પ્રમાણે હું તેની પૂજા કરૂં." તે બોલ્યો—પણ તરતજ પોતે કંઇ વધારે પડતું બોલી ગયો છે, એવો પસ્તાવો થવાથી ફરીથી બોલ્યો. "પણ શા ઉપરથી તમે આવા વિચિત્ર સવાલો પૂછો છો ! જો તમે ખરી હકીકતથી વાકેફ હો........"

"હું સઘળું જાણું છું." તેણી વચ્ચેજ બોલી પડી "આપની સ્થિતિ વિષે જરાએ જરા મને ખબર છે—અને આપે કંઇક ખુલાસો કર્યો પછી સારી ખાત્રી થઇ છે કે તેવી સ્થિતિ દુઃખદાયક અને અસહ્ય છે."

"પણ મારા તરફથી જો હું વધારે કહું તો તે મને પોતાને ધાસ્તી-કારક છે, બાઇ–" તેણે કહ્યું "આપણી જે વાતચિતનો આરંભ થયો છે, તે હવે આગળ ચલાવીએ, તે પહેલાં મારે જાણવું જોઈએ કે તમે કોણ છો ?"

"મેં આપને અગાઉથી ચેતાવ્યા છે કે હાલ મારો ચહેરો ખૂલ્લો નહિ કરવાનું અને મારૂં નામ નહિ જણાવવાનું મને ઠીક લાગે છે." તે સ્ત્રીએ નિશ્ચયપણે જવાબ આપ્યો–"વારૂ. ત્યારે, આપણી મુલાકાત આ-ટલેથીજ પૂરી થશે." એમ કહી તેણી ઉઠી, અને બુરખામાંથી મહોબતરાયના સામી તીક્ષ્ણ નજર નાખી, ધીમેથી બોલી. "હું જોઉં છું કે તમે નાસીપાસ થયા છો. પણ તમને જે સ્થિતિ ભોગવવાની ઇચ્છા છે તેવી સ્થિતિમાં તમને જે ઉપાય મૂકી શકે, તે ઉપાય કરવાની તમે હિંમત કરશો કે કેમ, તે હાલ હું કહી શકતી નથી. જો તેવી તમારી હિંમત હોય તો, અમુક શરતોથી હું તમને મદદ કરવા ખુશી છું. તેથી આપણે ફરીથી મ-ળવું કે કેમ, તેનો આધાર તમારા ઉપર છે. આ ચાલતું અને આવતું આખું અઠવાડિયું હું દરેક વર્તમાનપત્રમાં જોતી રહીશ. દરેકમાં જાહેરખબરો છપાય છે, તેમાં જો તમારી તરફનું કંઇપણ મારા વાંચવામાં આવશે નહિ, તો હું એવુંજ ધારીશ કે તમે ફકત મોંઢેજ બકવાદ કરી જાણો છો, પણ કંઇ કામ કરવાની તમને હિંમત નથી. છતાં જો કોઇ વર્તમાનપત્રમાં 'બુ-રખાવાળી સ્ત્રી' ના નામ ઉપર કંઈ જાહેર ખબર હું વાંચીશ તો તરતજ હું તેનો અમલ કરીશ. હવે હું જઇશ."

તે એ પ્રમાણે બોલીને એવી ઝડપબંધ ચાલતી થઈ કે મહોબતરાય તો અજાયબીમાં ગરકાવ થઇ પુતળા જેવો બેસીજ રહ્યો. તેણીને જતી વ-ખતે કંઇ કહેવાનું પણ ભાન રહ્યું નહિ.

ધીમે ધીમે મહોબતરાય સાવધ થયો, અને તે સ્ત્રી જે કંઇ બોલી ગઇ હતી, તે ઉપર વિચાર કરવા લાગ્યો. એ તો ખૂલ્લું દેખાતું હતું કે તેની સ્થિતિ તેણી જાણતી હતી અને તેણીએ તે વિષે પૂરો વિચાર કર્યો હતો.

પણ તે સ્ત્રી કોણ હતી ? અને મહોબતરાય જે સ્થિતિએ પહોંચવાની

આશા રાખતો હતો, તેમાં તેણી શું મદદ કરી શકે એમ હતું? કારણ કે તેની મુખ્ય ઉમેદ તો જાગીરદાર થવાની હતી. તો તે સ્ત્રી કોણ હતી કે જે આટલે દરજ્જે ચઢાવવામાં તેને મદદ કરી શકે?

આ સવાલો મહોબ્બતરાયના મગજમાં ઓછામાં ઓછા પચાસ વખત ઉભા થયા, પણ તેનો કંઈ ખુલાસો થઇ શકયો નહિ. અને તે વધારે ને વધારે ગુંચવાડામાં પડતો હતો, તેવામાં આણંદરાય આવ્યો.

આ જુવાન ગૃહસ્થના શરીરમાં હવે અજાયબ જેવો ફેરફાર થયો હતો. તેનામાં પૂરતી તનદુરસ્તી આવી હતી. શરીર કૌવતવાન થયું હતું. અને તેના ચહેરા ઉપર અસલની ખુબસુરતી આવી હતી.

મહોબ્બતરાયે તેને આવકાર આપી બેસાડયો. પછી આણંદરાયે સાધારણ વાતચિત કરતાં કરતાં કહ્યું. "મહોબ્બતરાયજી, અત્યારે તો હું પહેલ વહેલો આપનીજ પાસે આવ્યો છું, કારણ કે વહાલી કુસુમ અને કળાની પાસે જતા પહેલાં આપની સાથે કંઇ વાત કરવા હું ઇચ્છું છું. ખરી હકીકત એમ છે કે આપને હું અમુક બાબતનો ખૂલ્લો સવાલ પૂછું, તેનો ખરા અંતઃકરણથી આપ જવાબ આપશો."

"વહાલા આણંદરાય, જે પૂછવું હોય તે બેલાશક પૂછો." મહોબ્બતરાય તેના બોલવાથી કંઇક અજાયબ થતાં બોલ્યો, કારણ કે તેને કંઇક વિચિત્ર જેવું લાગ્યું. "મારી ખાત્રી છે કે તમે એમ તો નહિ ધારો કે તમે જે ખૂલ્લા અંતઃકરણથી મારી સાથે વાત કરશો તેનો જવાબ તમને તેવાજ ખુલ્લા અંતઃકરણથી નહિ મળે?"

"ના, ના. તેમ તો નહિ" આણંદરાય બોલ્યો. "પણ આપ જાણો છો કે એક માણસ જ્યારે અમુક નાજુક બાબત ઉપર ખાનગી રીતે બોલાવા માગે છે, ત્યારે સાધારણ વાતચિત કરતાં તેને વધારે સાવધગીરી વાપરવી પડે છે."

"ત્યારે તમે કંઇ નાજુક અને ખાનગી વાત કહેવા માગો છો?" મહોબ્બતરાયે પૂછયું.

"હા. કેમ વારૂ, આપને કંઇ અચંબો લાગે છે?" આણંદરાય સ્મિત

ફરી બોલ્યો. " પણ આપને વધારે વખત શંકામાં નહિ રાખતાં એકદમ જણાવીશ કે તે બાબત આપની મોટી પુત્રી કુસુમ વિષે છે ? "

" અહા ! " મહોબતરાયે ખુશાલીનો ઉચ્ચાર કાઢયો. તે ચેતી ગયો કે કુસુમનું માગું કરવા આણંદરાય આવ્યો છે. આથી તે ઘણો ખુશી થયો. કારણ કે તેથી ધરણીધરરાયના ઘર સાથે સંબંધ બંધાયાથી તેની સ્થિતિ સારી રહેવા વિષે કંઇ શક જેવું રહેશે નહિ. "

" ત્યારે હવે ટુંકાણુમાં કહીશ કે આપ માનો છો કે કુસુમ કોઇની સાથે જોડાઇ નથી ? " આણંદરાયે પૂછયું.

" બચીત નહિ. કોઇની સાથે નહિ. " મહોબતરાયે જવાબ દીધો. વાંચનાર જાણે છે કે કુસુમના અજીતરાય સાથેના પ્યાર વિષે મહોબતરાયને બિલકુલ ખબર નહોતી. " મેં ગઇ કાલેજ તમને કહ્યું હતું કે જયચંદ્રે કળાનું માગું કર્યું હતું, અને મેં તે કબુલ રાખ્યું છે. પણ કુસુમના સંબંધમાં હજુ તેવું કંઇ બન્યું નથી " ભલા મહોબતરાયને ક્યાં ખબર હતી કે આવું બોલવામાં તે કેવી ભયંકર ભૂલ કરતો હતો.

" આપની ખાત્રી છે કે કુસુમે હજુ સુધી કોઇની પસંદગી કરી નથી ? " આણંદરાયે વધારે ખાત્રી કરવા ફરીથી પૂછયું.

" મારી ખાત્રી છે કે તેમ થયું નથી. " મહોબતરાયે જવાબ દીધો. " પણ એકનો એક સવાલ તમે બીજી તખત કેમ પૂછો છો ? "

" ફકત એટલાજ હેતુથી કે હું કંઇ ભૂલમાં કામ કરૂં નહિ. " તેણે જવાબ દીધો. " થોડા વખતથી હું જોઉં છું કે કુસુમ ઘણા ઉંડા વિચારમાં પડેલી હોય છે. "

" હું તમને ખાત્રી આપું છું કે મેં તેવું કશું જોયું નથી. " મહોબતરાય ભાર મૂકીને બોલ્યો. " અને જો કદાચ તેમ હોય તો પણ હું શરત કરૂં છું કે કુસુમે કોઇને છૂપી રીતે પસંદ કર્યો હોય તેથી નહિ—ના, ના, તેણી મારાથી કશું છૂપાવે નહિ. "

" તેણીના પિતા તરીકે આપ સારી રીતે જાણી શકો. " આણંદરાયે

કહ્યું." ત્યારે કુસુમે હજુ કોઇની પસંદગી કરી નથી, એમ જાણીને તેણીનું માગું કરવાની હું આપની પાસે પરવાનગી માગું છું."

"મારા વહાલા આણંદરાય," મહોબતરાય ખુશાલીમાં આવી જઇ બોલ્યો. "હું ઘણો ખુશી છું. આવા સુખની મેં આશા રાખી નહોતી. અને તે ઓચિંતુ આવી મળવાથી હું એટલોબધો ખુશી થયો છું કે મારી લાગણી હું શબ્દોથી બતાવી શકતો નથી."

"ત્યારે કુસુમને મારો ઇરાદો અને આપવાની પરવાનગી જણાવું?" આણંદરાયે તેના હાથ મમતાથી દાબીને પૂછયું.

"જાઓ, મારા વહાલા આણંદરાય-જાઓ, અને ખુશીથી કહો-" મહોબતરાયે પરવાનગી આપી. "બન્ને બેનો આગલા દીવાનખાનામાં છે. અને તમે કુસુમને માટે જે પસંદગી બતાવી છે તેથી તેઓ બન્ને ઘણી ખુશી થશે."

પણ આણંદરાય વધારે સાંભળવા રહ્યો નહિ-કારણ કે તેના મનમાં તેની ફરજ પૂર કરવાનોજ માત્ર વિચાર હતો.

પ્રકરણ ૩૨ મું.

કુસુમ-કળા.

ગયા પ્રકરણની શરૂઆતમાં આપણે જોયું છે કે મહોબતરાય બન્ને બેનોને દીવાનખાનામાં મૂકીને પોતાના ખાનગી ઓરડામાં ગયો હતો-ત્યાં તે વિચારમાં પડયો-પેલી અજાણી સ્ત્રી આવી-કેટલીક ભેદભરેલી વાત કરી તેણી ચાલી ગઇ-વળી વિચારમાં પડયો-પછી આણંદરાય આવ્યો-તેની સાથે વાતચિત થઇ-અને તે બન્ને બેનોની પાસે જવા ઉઠયો-આ સઘળો વખત આ બે બેનો શું કરતી હતી?

બે બેનો એકલી પડયા પડયા પછી કળાએ કુસુમનો હાથ લઇ તેણીની સામે એવી દયા અને મમતાની નજરથી તેણી જોઇ રહી કે કુસુમે જાણ્યું કે જે શક ખૂલ્લો કરવાની જરૂર હતી, તે વિષે કંઇ વધારે અજવાળું પડયું છે. વાંચનારને યાદ અણાવવાની જરૂર નથી કે આગલી રાત્રેજ કળા અજબકુમારને મહેલ જઇ આવી હતી.

" મારી વહાલી કળા, " કુસુમે કહ્યું. " હાલ તારી વર્તણુક અને તારો ચહેરો મને વિચિત્ર લાગે છે. "

" તેથી તને ધાસ્તી લાગે છે, કુસુમ ? " કળાએ પોતાની વાત શી રીતે કરવી તેના ગુંચવાડામાં પડતાં પૂછ્યું. " પણ તું શાંત થા. "

" અરે ! શું ત્યારે મારે કંઇ નાખુશ ખબર સાંભળવાની છે, કળા ? " કુસુમનો ચહેરો એકાએક લેવાઈ જતાં બોલી ઉઠી. " શું એ ખબર તારા સંબંધની છે કે મારા સંબંધની ? બોલ, જલદી બોલી દે. મને વધારે વખત શકમાં રાખી ટળવળાવ નહિ. "

" બેન, ધીમેથી બોલ–ઉતાવળી ના થા. કોઇ સાંભળશે. " કળાએ કહ્યું. " કંઇપણ નાખુશ વાત તને કહેતાં મારૂં કાળજું કપાઇ જાય છે, વહાલી કુસુમ. "

" ઓ, પ્રભુ ! તું શું કહેવા માગે છે ? " કુસુમ અધીરાઇથી ગભરાતાં બોલી. " અરે ! તું રડે છે, કળા : તારી આંખો આંસુથી ભરાઇ ગઇ છે–તું મારે માટે રડે છે, એમ મારી ખાત્રી થાય છે–વહાલી બેન, જલદી કહી દે કે શું છે ? "

" હું તને આજીજી કરૂં છું કે તું શાંત થા, કુસુમ. " કળા તેણીને ભેટી પડતાં બોલી. " તું જાણે છે કે કેટલીબધી મમતાથી હું તને ચાહું છું–તને સહેજ દુ:ખમાંથી બચાવવા હું કેટલું બધું ખમું ! "

" અને મારા સંબંધમાં પણ તેમજ છે, બેન. " કુસુમ બોલી. " નાનપણથી આપણે નમાયાં થયાં છીએ, અને આપણે અન્યોઅન્ય ઘણા પ્યારથી ચાહીએ છીએ. તેજ ! પ્યારથી હું તને આજીજી કરૂં છું કે મને વધારે વખત શંકામાં રાખ નહિ. "

"હું કહીશ, વહાલી બેન." કળા બોલી. "હું ગઇ રાત્રે નાટક જોવા ગઇ હતી, એમ તેં માન્યું હતું. પણ હું નાટક જોવા ગઇ નહોતી."

"ત્યારે તું ક્યાં ગઇ હતી ?" કુસુમે અજાયબીમાં પડીને પૂછયું.

"ગઇ રાત્રે અજબ મહેલમાં ગરબો હતો." કળાએ ધીમે ધીમે ખુલાસો કરતાં કહ્યું. "અને–"

"અને ત્યાં તું દાખલ થવા તજવીજ કરી શકી ?" કુસુમ ગભરાતે સાદે વચ્ચેજ બોલી ઉઠી. કારણ કે તેણીનો શક વધવાથી તેણીના મગજમાં કંઇ કંઇ વિચારો આવતા હતા.

"હા, હું અજબમહેલમાં ગઈ હતી." હવે ભયંકર ભેદ ખૂલ્લો કરવાના નિશ્ચયથી કળાએ કહ્યું. "અને ઓ ! મારી વહાલી બેન ! ઓ, મારી છેતરાયલી, અને ભ્રષ્ટ થએલી કુસુમ–"

પણ દુઃખના ઉભરામાં તેણીનો સાદ રૂંધાઇ ગયો, અને વધારે બોલી શકાયું નહિ. પણ તેને બદલે પોતાની બેનને જોરથી બાથમાં ભીડીને ખૂબ રડી.

"હું સઘળું સમજી છું. ઓ, પ્રભુ ! હું સમજી ચૂકી." કુસુમે ગુંગળાતે સાદે બોલતાં પલંગમાં પડતું નાંખ્યું.

થોડી પળ ચૂપકીદી ફેલાઇ–કુસુમના હોઠમાંથી કંઇ પણ અવાજ નીકળ્યો નહિ–હાલચાલ વગર પડી રહી હતી.

ભરવરસાદની કાળી અંધારી રાત્રે વાવાઝોડા અને વીજળીના ધડાકા ભડાકાથી એકલા માણસને નિર્જન જગોમાં જેવો ગભરાટ છૂટે છે, તેવી રીતે કુસુમ રખેને મૃત્યુ પામી હોય, એવો ભયંકર ધબકારો કળાની છાતીમાં વાગ્યો.

તેણીએ એકદમ ઉભા થઇને કુસુમના ચહેરા તરફ ગભરાટ ભરેલી નજર નાખી. તેણી મરી ગઇ નહોતી–મુર્છામાં પણ નહોતી–પણ એકાએક અત્યંત દુઃખનો બોજો મગજ ઉપર પડવાથી સજ્જડ થઇ ગઇ હતી–શબવત્ પડી હતી–પુતળાની માફક પલંગ સાથે ચોંટી ગઇ હતી–જીભ બંધ

ગઇ હતી–સઘળો દેખાવ તો એવોજ હતો કે જાણે તેણીનામાંથી જીવ નીકળી ગયો હોય.

આ પ્રમાણે થાય તેમાં કંઇ નવાઇ નથી. પ્રિય વાંચનાર, વિચાર કર કે. એક પળમાંજ તેણીની જીંદગીની ભયંકર નિરાશાનો તેણીને અનુભવ થયો હતો–તેણીના અંતઃકરણની ઉંડી આશાનાં મધુર પુષ્પ કચરાઇ જવાથી આભી બની ગઇ હતી–અને મગજ અને અંતઃકરણ બન્ને જડ થઈ ગયાં હતાં–તેણી ભ્રષ્ટ થઇ હતી–તેણીના સતીત્વનું અમુલ્ય પુષ્પ ચોળાઇ ગયું હતું–તેણીનામાં સ્ત્રીત્વનો અંશ પણ હવે નહોતો–તેણી નહિ જેવી થઇ ગઇ હતી–આ પ્રમાણે હોવાથી તેણીને મૃત્યુ તુલ્ય ઘા લાગે તેમાં કંઇ અજાયબી નથી.

તેણીની આંખો ખૂલી રહી ગઇ હતી–મોં અડધું ઉઘાડું હતું–છાતીમાં બિલકુલ ધબકારો જણાતો નહોતો–અને અધુરામાં પૂરૂં શ્વાસ રૂંધાઇ ગયો હતો–તેણી રડતી નહોતી–આંખમાં આંસુનું બુંદ પણ નહોતું–કળા ગભરાય તેમાં કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી.

"કુસુમ, બેન, વહાલી કુસુમ." કળા તેણીને હલાવતાં બોલવા લાગી. "ઇશ્વરને લેખે, મારી સાથે બોલ."

આ શબ્દો કળા એવી દયા, મમતા અને અસહ્ય દુઃખના આવેશથી બોલી કે કૂસુમ શબવત્ સ્થિતિમાંથી ઝબકી–ચમકી.

પાછો શ્વાસોશ્વાસ ચાલુ થયો–ઉંડા નિઃશ્વાસ સંભળાયા–છાતી ધબકારા લેવા લાગી–અને અંતઃકરણ દુઃખથી ઉભરાઇ જવા લાગ્યું–અને છેવટે માણસનું માનસિક દુઃખ ઓછું થવા રૂપે આંખમાંથી ડબક ડબક આંસુ પડવા લાગ્યાં–પુષ્કળ રડી–કળાએ પણ તેણીને રડવા દીધી–કારણકે તેણી જાણતી હતી કે તેથી તેણીનું મગજ શાંત થશે.

"મારા અંતઃકરણની ધાસ્તી ખરી પડી છે, એમ હું સમજી છું, તેથી તારી પાસે હું બધી વિગત બોલાવવા માગતી નથી." આખરે કુસુમ રડતી આંખો ઉંચી કરી બોલી. "અફસોસ ! આ નિર્દય ઝટકાને માટે મારે તૈયાર રહેવું જોઇતું હતું."

"હા, મારી વહાલી બેન." કળાએ કહ્યું. "કારણકે હું જાણું છું કે થોડા વખતથી તને ઘણો દિલગીરી ભરેલો શોક ઉત્પન્ન થયો હતો—અને મનથી દુઃખી રહેતી હતી."

"પણ બેન, આવી ઉંચી આશાઓ—કે જે માણસની જીંદગીને જરૂરીઆતની છે—તે છોડી દેવાનું કેટલું બધું મુશ્કેલ છે?" કુસુમ ઉંડો નિસાસો નાખી નિરાશામાં બોલી.

"યાદ રાખ, વહાલી બેન," કળા એકદમ જુસ્સાભેર બોલી ઉઠી. "કે અજબકુમાર હવે તારા પ્યારને લાયક નથી—પણ જો હજુ તેને માટે તારી લાગણી હોય......"

"ઓ, મારા પ્રભુ! તે મૂર્તિ મારા મગજમાંથી હું શી રીતે ખસેડી શકું?" કુસુમ, કળા તરફ અજાયબીની નજર નાખી બોલી. "શું બેન, તું એમ ધારે છે કે જેમ તેના બેવફા હાથથી મારી છાતી ઉપર એક પુષ્પ મૂકયું હોય, અને તે પગતળે કચરાઇ જાય, તેમ આ અંતરમાંથી આ પ્યાર હું કાઢી શકીશ? ના, ના, તે અશક્ય છે—તારા ઉંડા અંતઃકરણમાં જો, કળા—તું જે પ્યાર જયચંદ્ર તરફ ધરાવે છે તેની સાથે મુકાબલો કર—અને પછી મને કહે કે—પ્યાર એ ચીજ એક કાચ કે ગુલાબના ફુલની માફક ભાગી—ચુરા કરી શકાય એવી છે.?"

"ના, ના, એ ચીજ તેવી નથી." કળા નમ્ર પણ ધ્રૂજતે સાદે બોલી. "હું એમ બોલવામાં ખોટી હતી—મારી ભૂલ હતી—હું મૂર્ખ હતી કે મેં એવી જરાપણ આશા રાખી કે તારા અંતઃકરણની લાગણી તું સહેલથી જીતી શકીશ—પણ વહાલી બેન, મને કહે કે હવે તું શું કરવા માગેછે?"

"તેં ગઈ રાત્રે તેની સાથે વાત કરી હતી?" કુસુમે ગભરાતે સાદે પૂછયું.

"હા, અને તેનાથી બની શકતો બદલો આપવાની તેણે માગણી કરી હતી" કળાએ જવાબ દીધો—

"તે શું બદલો આપી શકશે?" કુસુમ દુઃખી અવાજે બોલી "તેણે મારૂં અંતઃકરણ, પવિત્ર—નિમકહલાલ—અને ઘણા જુસ્સાવાળા પ્યારથી ભ-

રેલું બનાવ્યું—જેવો પ્યાર એક પવિત્ર—સ્ત્રી, એક પુરૂષ તરફ બતાવી શકે—અને હવે તેણે તે અંતઃકરણ કચરી નાખ્યું. ઓ મારી વહાલી બેન ! મને સલાહ આપ, કારણ કે તારા સિવાય આ દુનિયામાં બીજું કોઇ નથી કે જેનામાં હું વિશ્વાસ મૂકી શકું. ”

રડતી આંખોએ કળાની છાતી ઉપર પડતું નાખ્યું.

“ હું નથી જાણતી કે કયો રસ્તો પકડવા હું તને સલાહ આપું ? ઓ ! પ્રભુ ! હું પણ તારી માફક ઘણી ગભરાઇ ગઇ છું. ” કળાએ પણ રડતાં રડતાં પોતાની બેનને છાતી સાથે દાબીને કહ્યું.

“ પણ તે મને ચાહે છે ? અથવા શું તેનો પ્યાર ઓછો થયો છે ? ” કુસુમે ધીમેથી પોતાનું માથું ઉંચું કરી આતુરતાથી કળાના સામું જોઇ પૂછ્યું “ અરે ! તું મને જવાબ આપતી નથી—તારી આંખો તું આડી ફેરવે છે—અને તારી રીતભાતથી જણાય છે કે મારા ઉપરનો તેનો પ્યાર પણ જતો રહ્યો છે. ”

“ નહિ નહિ, કુસુમ એવું તારે સમજવાનું નથી. ” કળાએ કહ્યું, “ પણ કદાચ તેનો પ્યાર એવો મજબૂત હોય તો પણ તું તે આબરૂસર ભોગવી શકે એમ નથી, અને તેથીજ મારાથી તને જવાબ આપી શકાયો નહિ, અને આ રૂં જોવું પડયું, માટે હું કહું તે ધ્યાનપૂર્વક સાંભળ. ”

“ બોલ—બોલ, ” કુસુમે આતુરતાથી કહ્યું “ તું જાણે મારી મોટી બેન હોય એમ હું સમજું છું, અથવા મારી મા હોય એમ લાગે છે, કારણ કે હમણાં આ સખ્ત ફટકાએ મને ગભરાવી નાખી છે—માટે મારી વહાલી કળા, બોલ—અને તારા શબ્દો મને શાંતિ આપશે, અને મારા મગજને મજબૂત કરશે. ”

“ પહેલું તો, તારે તારી લાગણી ઉપર મજબૂત કાબુ રાખવો એ જરૂરનું છે. ” કળા બોલી. “ અને તેને માટે તારે અત્યારથી મહેનત લેવી જોઇએ. પિતાજી કદાચ અહીં આવી પહોંચશે—બીજું કોઇ મળવા આવે—અને જો તારો ચહેરો આવો શોકાતુર દેખાશે તો તેથી ઘણો શક ઉત્પન્ન થશે; માટે હિંમત રાખ, અને જે દુઃખ આવી પડયું છે, તેની સામે થવાને

પૂરતી શાંતિથી અને પાકા વિચારથી તૈયાર થા, અને એક નક્કી ગોઠવણ કરવા તારા મગજને શક્તિવાન કર."

"હા-હા, હું શાંત થઇશ," કુસુમ રડતે સાદે બોલી, "પણ ઓ! કળા! આફત ભયંકર છે! ઓ! પ્રભુ! મને સમજ નથી પડતી કે મારે આખરે આપઘાત કરવો પડશે કે હું ગાંડી થઇ જઇશ!"

"જા બેન, ત્યારે તું આવું આવું ગાંડું બોલે છે ત્યારે મને શી વાત કરવી સૂઝ પડે?" કળાએ તેણીને મમતાથી બાથમાં દબાવતાં કહ્યું "આવી રીતે આવેશથી બોલ નહિ, મેં તને કહ્યું કે શાંતિથી સાંભળ અને વિચાર કર."

"ચાલ, ત્યારે હવે આપણે શાંતિથી અને ગંભીરતાથી વિચાર કરીએ."

"પણ તેં કંઇ ધારી રાખ્યું છે?" થોડી વારે કુસુમે પૂછ્યું.

"અફસોસ! હું પણ ગુંચવાડામાં છું," કળા બોલી. "પણ તારા જેવી ગેરઇનસાફ પામેલી સ્ત્રીને માટે બે રસ્તા છે."

"બે રસ્તા"? કુસુમ બોલી ઉઠી, "હા-હા, મેં હમણાં તને કહ્યા તેજ-આપઘાત-કે ગાંડપણ!"

"બેન, તું મને આમ વગર અર્થનું બોલીને ગભરાવી મારે છે, અને તને શું સલાહ આપવી તેને માટે મને ગુંચવે છે." કળાએ કહ્યું "માટે પ્રભુને લેખે, હું કહુંછું કે, આ પ્રમાણે બોલ નહિ, અને તેં શાંત રહેવા આપેલું વચન પાળ."

"મેં શું વચન આપ્યું હતું?" કુસુમે પૂછ્યું.

"કે મારૂં કહેવું ધ્યાનપૂર્વક સાંભળીશ." કળાએ તેણીને પટાવતાં કહ્યું. "હમણાંજ આપણે એક-બીજાને કેવા પ્યારથી ચાહીએ છીએ તે વિષે વાત નહોતાં કરતાં?"

"હા, વહાલી કળા, તને દુઃખી કરવાને માટે હું દિલગીર છું." કુસુમ બોલી. "ચાલ ત્યારે, હવે હું શાંત છું-તું જે કહીશ તે હું શાંતિથી સાંભળીશ. તું હમણાં કહેતી હતી કે આ બાબતમાં બે રસ્તા છે-પણ હું તો એકે જોઇ શકતી નથી-મારૂં મગજ ભમેછે-અને હું ગભરાઇ ગઇ છું." એમ કહીને તેણીએ કળાના ખભા ઉપર પોતાનું માથું નાખ્યું.

"એમજ પડી રહે, વહાલી બેન." કળા તેણીને પંપાળતાં બોલી. "હવે હું કહું છું તે સાંભળ, વચ્ચે અટકાવીશ નહિ, પણ પૂરેપૂરૂં સાંભળી લે–મેં તને કહ્યું કે તારે માટે બે રસ્તા છે—એકતો એકે અજબકુમારની પાસે ઇનસાફ માગવો–બીજો એકે છૂપી રીતે તારે દુઃખ સહન કરી બેસી રહેવું. તે તને પરણવા સિવાય શું બદલો આપી શકે એમ તું પૂછે છે, તો તેનો હું ભાર મૂકીને જવાબ આપું છું કે તારી સાથે પરણવાની તેને ફરજ પાડવી."

"અસંભવિત!" કુસુમ એકદમ ચમકીને બોલી ઉઠી. "ના, ના, વહાલી બેન, તું છેતરાય છે–મને પણ છેતરે છે. કારણકે હમણાંજ તેં મને નહોતું કહ્યું કે જો તે હજુ મને ચાહતો હોય તો પણ હું તેનો પ્યાર આબરૂસર ભોગવી શકું નહિ."

"હા–હું એ પ્રમાણે ઉતાવળમાં—અને અંદરખાનાના ઉપાયો કામે લેવાનો વિચાર કર્યા વગર બોલી હતી." કળાએ જવાબ દીધો. "વળી તારૂં ભમતું મગજ ઠેકાણે લાવવાને હું ઇન્તેજાર હતી."

"પણ અંદરખાનાના ઉપાયો વિષે તું શું બોલી?" કુસુમે પૂછ્યું. "મને કહે, વહાલી બેન–મને હવે શકમાં ન રાખ–તે ઉપાયો કહે–છતાં એવી આશા રાખવી એજ ગાંડપણ છે."

"તું ધારે છે તેવા બેવકૂફી ભરેલા તે ઉપાયો નથી, કુસુમ." કળાએ કહ્યું. "ખાસ મહત્ત્વનો એક છૂપો ભેદ મારી પાસે છે—અને તે ભેદ, પરમદિવસે તારી ગેરહાજરીમાં હું જયચંદ્ર સાથે બહાર ગઇ હતી, ત્યારેજ મારા જાણવામાં આવ્યો."

"અને તે છૂપો ભેદ શું છે?" કુસુમે આતુરતાથી પૂછ્યું.

"એક મોટા ઘરની સ્ત્રીની આબરૂ વિષે છે." કળાએ જવાબ દીધો.

"પણ તેથી કંઇ મારી આબરૂ બચવાશે નહિ." કુસુમ બોલી ઉઠી. "પણ મારી સાથે એ બધી વાતનો શું સંબંધ છે? તું શું કહેવા માગે છે?"

"હું એમ કહેવા માગું છું કે જે સ્ત્રીએ કુસુમોદ્યાનમાં બચ્ચાને જન્મ આપ્યો હતો, અને તે કેવી ભેદ ભરેલી હકીકતમાં......"

"લીલાવતી!" કુસુમે વચ્ચેજ પૂછ્યું.

"હા—તેજ." કળા બોલી. "શું તું અનુમાન કરી શકીશ કે એ લીલાવતી ખરેખર કોણ છે?"

"હું તે શી રીતે કહી શકું, કળા!" કુસુમ બોલી. "પણ તને યાદ હશે કે આપણને શક હતો કે તે કોઇ મોટા ઘરની સ્ત્રી હતી. તેજ પ્રમાણે કમળા પણ......"

"આપણું અનુમાન ખોટું નહોતું." કળા વચ્ચે બોલી. "કમળા તે જાગીરદાર કરણરાયનાં પત્ની પ્રમિલાદેવી—અને લીલાવતી તે શારદાકુંવરી હતાં."

"હેં! હેં! આ તું શું કહે છે, બેન? શું એ સંભવિત છે?" તે વખતે કુસુમ પોતાનું દુઃખ ભૂલી જઇને આશ્ચર્ય પામી બોલી ઉઠી.

"સંભવિત તો શું પણ ખરૂં છે." કળાએ જવાબ આપ્યો. "હું શારદાકુંવરીને મળી હતી, અને તેજ લીલાવતીના નામથી આવી હતી તેમાં બિલકુલ શક નથી. અને જ્યારે અજબકુમાર સાથે હું તારા વિષે વાત કરતી હતી, ત્યારે તે પોતાની બેનના ભેદ વિષે જાણતો હતો કે કેમ, તેની ખાત્રી કરવા હું આતુર હતી. તેથી મેં એ વિષે કંઇક ઇસારા રૂપે કહ્યું, તેની તેના મગજ ઉપર જબરી અસર થઇ; અને પછી મને તેણે પૂછ્યું કે એ હકીકત જયચંદ્ર જાણે છે કે કેમ?"

"હા, હા બરોબર છે, મને હવે યાદ આવે છે." કુસુમને કંઇ પાછલી વાત યાદ આવવાથી બોલી ઉઠી. "મારે મોંઢેથી અજબકુમારે તેના પોતાના કુટુંબની ગેરઆબરૂ વિષે સાંભળ્યું હતું—તેણેજ મને સવાલો પૂછીને સઘળું કહેવાની ફરજ પાડી હતી. અને હવે મને યાદ આવે છે કે તે વખતે તેના ચહેરામાં વિચિત્ર ફેરફાર થઇ ગયો હતો."

"અહા! ત્યારે, આ શું એક જાતનો બદલો નથી કે જેને તેણે ગેરઆબરૂ પહોંચાડી હતી, તેનાથીજ તેણે પોતાની બેનની ગેરઆબરૂની

વાત સાંભળી ?" કળા બોલી. "પણ હવે તું જોતી નથી કે તેની બેનનો ભેદ છૂપો રાખવાના બદલામાં તે તારે પગે પડે, અને તું જે કહે તે ભોગ આપવાને તૈયાર થાય ?"

"ઓ, પ્રભુ ! હું એવી ધમકીનો ઉપયોગ કરી શકીશ નહિ, કળા." કુસુમ દુઃખથી પોતાના હાથ પછાડી બોલી. "હજુ હું એને પૂર્ણ પ્યારથી ચાહું છું—અને છતાં—" તેણી એકદમ આવેશમાં આવી બોલી. "મારે એને શા માટે બચાવવો જોઇએ ? કારણ કે મારૂં અંતઃકરણ ચીરી નાખવાને તે જરાપણ અચકાયો છે ? જો મારા હાથમાં ઉપાય હોય તો શા માટે તેને તેની પ્રતિજ્ઞાઓમાંથી મુકત કરવો જોઇએ ?"

"આ એવી મહત્વની બાબત છે, કુસુમ," કળા બોલી. "કે તારે ઘણા શાંત મનથી અને ઠરેલપણે સંપૂર્ણ વિચાર કરવો જોઇએ. હવે હાલ આ વાત બંધ કરો—અને, હું તને કહું છું કે, ઇશ્વરને લેખે, તું તારી લાગણી ઉપર મજબૂત કાબુ રાખ."

"હવે હું એમ તો કહી શકીશ કે મૃત્યુ જેવા દુઃખનો સમય હવે ગયો છે." કુસુમ મુશ્કેલીથી પોતાનો આવેશ દબાવીને બોલી. "હવે નઠારામાં નઠારૂં જે હતું તેતો જાણ્યું છે—દુઃખનો ભારે ઉભરો શમ્યો છે—અને હવે મારે—"

કુસુમ પોતાનું વાકય પુરૂં કરે, અને આંખો ઉપરથી આંસુ લોહી નાખે તે દરમિયાન તો અંદરના ભાગમાંથી બારણું ઉઘડયું, અને આણંદરાય દાખલ થયો.

પ્રકરણ ૩૩ મું.

લગ્નની માગણી—નામંજુર.

"મારી મધુરી બેનો," આણંદરાયને જોઇને બન્ને બેનો ચમકી ઉઠી, અને ગભરાયા જેવી દેખાતાં આણંદરાય બોલ્યા. "જો હું તમને કોઇ અગત્યની બાબતમાં રોકાણ કરતો હોઉં તો હું પાછો જઇશ. પણ ખરેખર, " તે વળી હસતાં હસતાં બોલ્યો. " મારાથી સમજી શકાતું નથી કે એવું તે શું કારણ હશે કે તમે બન્ને આમ ગરીબડી બની ગઇ છો?"

"ના, ના, એવું કંઇ નથી, ભાઇ, તમે ખુશીથી બેસો." કળાએ કહ્યું. "અમે કહીએ અને આવકાર આપીએ ત્યાંસુધી તમારે ઉભા રહેવું એવો કંઇ આપણો ઉપર ઉપરનો સંબંધ નથી."

"તેથી ઉલટી રીતે, વહાલી બેન," તે બોલ્યો. "આ ઘરમાં હું એટલો બધો હળી ગયો છું કે કંઇપણ અચકાયા સિવાય હું કહીશ કે તારી બેનની સાથે મારે થોડો વખત કંઇ ખાનગી વાત કરવી છે."

"મારી સાથે?" કુસુમ એકદમ ગુંચવાડામાં પડીને બોલી ઉઠી.

"ખચીત." તેણે સ્મિત કરી જવાબ આપ્યો. "કારણ કે કળાબેનને તારા સિવાય બીજી કોઇ બેન નથી."

"મને ખાનગી રીતે શું કહેવાનું હશે ભાઇ?" કુસમે પૂછ્યું. આ વખતે તેણીના મગજમાં હજારો જાતના વિચારો આવતા હતા.

"તે કંઇપણ ધાસ્તીકારક નથી." આણંદરાય બોલ્યો. "હવે, કળાબેન, મારી ખાત્રી છે કે કુસુમની સાથે મને વાત કરવા દેવા તું જરા બીજા ઓરડામાં બેસીશ."

"હા, જરૂર. કારણ કે હવે હું જોઉં છું કે તમે મજાક કરતા નથી, પ્રથમ તો મેં એવુંજ ધાર્યું હતું." કળાએ એ પ્રમાણે કહીને કુસુમ તરફ એક માયાળુ નજર નાખી, અને તેણી બીજા ઓરડામાં ગઇ.

"આ શું છૂપો ભેદ છે, આણંદરાય?" કુસુમે પૂછ્યું.

"તું ગભરાયલી-ધ્રૂજતી જણાય છે, કુસુમ. જાણે કે કેવા કંઇ છૂપા દુ:ખની ગીરફતારીમાં આવી પડી હોય." આણંદરાયે તેણીના સવાલનો સીધો જવાબ ન દેતાં, તેણીની બદલાયેલી રીતભાત તથા ગભરાયેલો ચહેરો જોઇને કહ્યું. "મને કહે, તને દિલગીર થવા જેવું કશું બન્યું છે? કારણકે મારી ખાત્રી છે કે મારા જેવા તારા શુભેચ્છક ઉપર તું પૂરતો વિશ્વાસ રાખીશ."

"નહિ, નહિ, હવે હું ગભરાતી નથી." કુસુમ સાવધ થવા પ્રયત્ન કરતાં બોલી. "તમે એકાએક મારી સાથે ખાનગી વાતચિત કરવા માગી તેથી હું ચમકી હતી-મને બીક લાગી કે રખેને મારા પિતાને કંઇ થયું હોય-પણ હવે હું શાંત છું, આણંદરાય."

"મને ધાસ્તી લાગે છે કે શાંત હોવાનો દેખાવ ધારણ કરવા તું માત્ર યત્ન કરે છે, પણ અંદરથી તું શાંત નથી, કુસુમ." આણંદરાય ઉંડી મમતાળુ લાગણીથી બોલ્યો-"છતાં તારા મનની લાગણી જાણવા હું કંઇ પણ ઇન્તેજારી બતાવીશ નહિ. કદાચ હું તને જે કહેવાનો છું, તે સાંભળીને તું મારા ઉપર વધારે વિશ્વાસ રાખવાને લલચાઇશ. ચાલ, હવે આપણે સાથે બેસીને કંઇ ખાસ બાબત ઉપર વાત કરીએ."

એ પ્રમાણે પ્રસ્તાવના કરીને તેણીને એક ખુરશી ઉપર બેસાડીને તે પાસે બીજી ખુરશી ઉપર બેઠો-થોડીવાર તેણીના સામું જોઇ રહ્યો.

"આ બધું શું છે?" કુસુમ અંદરખાનેથી બીતી બીતી બોલી, કારણકે તેણીને ખબર નહોતી કે તે શું વાત કરવાનો હશે! છતાં તેણીને લાગ્યું કે કદાચ તેણીના છૂપા ભેદથી તે વાકેફ હશે, અને તેથી તેણીની ગેરઆબરૂ વિષે તેણીને ખાનગી કહેવા આવ્યો હશે.

"તું પૂછે છે કે આ બધું શું છે?" આણંદરાય નરમ ઠપકારૂપે બોલ્યો. "જાણે કે મારી મુલાકાત અડચણરૂપ થતી હોય! અથવા જાણે મારા આવવાથી તું નાખુશ થઇ હોય! જો, તારા શબ્દો, અને તારી વર્તણુકથી મારા મનમાં જે અસર થવા પામી છે, અને મેં કહ્યું છે તે પ્રમાણે

હોય, તો હું તને જે કહેવા આવ્યો છું, તે વિષે હું બોલીશ નહિ."

"મને માફી આપો, આણંદરાય." કુસુમ બોલી. "મેં ઉદ્ધતાઇ વાપરી છે—તમારી સાથે હું બેદરકારીથી વર્તી છું."

"હવે તે વિષે કંઇ બોલીશ નહિ, કુસુમ." આણંદરાય તેણીનો હાથ લઇને બોલ્યો. "અને હવે હું કહું તે ઉપર લક્ષ આપ."

કુસુમ કંઈક ધાસ્તીથી અને કંઈક અજાયબીથી તેના સામે જોઈ રહી, કારણ કે તેના શબ્દો મમતાળુ અને લાગણીવાળા હતા.

"તું જાણે છે, વહાલી કુસુમ," આખરે આણંદરાયે પોતાની વાત શરૂ કરી, "કે થોડા વખત અગાઉ સુધી આપણાં બે કુટુંબો વચ્ચે કમનશીબ બે બનાવ અને જુદાઇપણું રહ્યું હતું. પણ ઇશ્વરની મહેરબાનીથી આ જુદાઇ—જો કે આપણે તેનું કંઇ કામ નથી, પણ—તારા અને મારા પિતાઓએ સાંધી દીધી છે—છતાં દુનિઆદારીની રીતે બોલતાં—કારણ કે એ બાબત ગમે તેવી હોય તો પણ, મારે કહ્યા વગર ચાલતું નથી કે—કુદરતી રીતે તારા પિતા પોતાના અસલ કુટુંબના માન મરતબામાં અને દોલતમાં હિસ્સો મેળવવા ખુશી હોય—વળી મારા કુટુંબ તરફથી તમારા કુટુંબને જે સોસવું પડયું છે, તેનો બદલો તમને આપવો જોઇએ; અને મારી ફરજ, લાગણી, યોગ્યતા, અને ઇન્સાફનો વિચાર કરતાં હું તને જે કહેવાનો છું તેને માટે મને લાગણી થઇ આવી છે."

તે થોડીવાર અટકયો, અને કુસુમ કંઇ સમજી છે કે કેમ, તે જોવા તેણીના ચહેરા તરફ જોઇ રહ્યો—પણ તેણીનું મગજ કળાની સાથેની વાતચિતથી એટલું ગુંચવાઇ ગયું હતું કે તેણી પૂરેપૂરૂં સમજી શકી નહિ—તેથી તેના બોલવાથી શંકાતુર અને અજાયબીમાં તેના તરફ જોઇ રહી.

"તું મારૂં કહેવું સમજી નથી, કુસુમ." આણંદરાય સ્મિત કરીને બોલ્યો. "મને લાગે છે કે વધારે ખુલાસાથી મારે કહેવુ જોઇએ. હવે હું ટુંકામાં કહીશ કે તારો પ્યાર હજુ બીજી તરફ વળ્યો નથી એમ તારા પિતા તરફથી મને ખાત્રી મળી છે, એટલુંજ નહિ, પણ તારા હાથની માગણી કરવાની મને પરવાનગી પણ મળી છે."

" આણંદરાય ! આ તમે...તમે શું બોલો છો ?— શું કરો છો— તે જાણતા નથી." અજબકુમાર ઉપરનો તેણીનો પ્યાર એકાએક તેણીના મગજમાં તરી આવવાથી, અણજાણપણે, કંઇપણ વિચાર કર્યાં વગર કુસુમ બોલી ઉઠી, અને તેના તરફ દુઃખભરી નજર નાખી–તરતજ પોતાને હાથે પોતાનો ચહેરો ઢાંકી ડુસકાં લેવા લાગી.

" અરે, કુસુમ, તને શું દુઃખ થાય છે ?" આણંદરાયે, તેણીની રીતભાતથી ચકિત થઇ દુઃખી અવાજે પૂછયું." જો મેં તને કંઇ ખોટું લાગે એવું કહ્યું હોય તો હું તારી માફી માગું છું-તને સુખી કરવા મારો ઇરાદો હતો–નહિ કે તને રડાવવાનો. વળી હાલના વખતમાં આપણી દૂરની સગાઇ બંધનકરતા ગણાશે નહિ. પણ કદાચ તારો પ્યાર બીજાને આપ્યો હશે અને તે છૂપું રાખ્યું હશે–ત્યારે કુસુમ ભલે તે પ્યારને વળગી રહે, અને એક ક્ષણ પણ એવું ધારીશ નહિ કે હું તને તારા પ્યારથી વેગળી કરવા કંઇ પણ કરશ."

" આણંદરાય, માફ કરો–મને પ્યારની વાત કહો નહિ." દુઃખથી ગભરાઇ જઇ કુસુમ બોલી.

" હવે ફક્ત એકજ શબ્દ, કુસુમ." આણંદરાયે કહ્યું. " અને તે મારે માટે, તેમજ તારે માટે મારે કહેવુંજ જોઇએ–તો, જાણ, કુસુમ કે જેવી રીતે હું તને વખાણું છું–જેવી રીતે તારા ભલામાં હું ઉંડી લાગણી ધરાવું છું–છતાં, એક વહાલામાં વહાલો સગો અથવા મિત્ર જેવી રીતે ચાહતો હોય, તેથી બીજી રીતે હું તને ચાહતો નથી–તેથી હું પ્રમાણિકપણે કહીશ કે અંતઃકરણના પ્યારથી મેં તારા હાથની માગણી કરી નહોતી, પણ માત્ર મારી ફરજને ખાતરજ કરી હતી–મેં તને અગાઉથી કહ્યું તે પ્રમાણે આ પગલું ભરવામાં મારી ફરજ સમાયેલી છે, એમ હું માનતો હતો–હવે તું મારો હેતુ સમજી હોઇશ."

" અહા ! વહાલા આણંદરાય, મને ખાત્રી હતી કે તમારૂં અંતઃકરણ ઘણું ઉમદા છે." કુસુમ તેનો હેતુ સમજી તેના ઉમદા ખ્યાલથી ચકિત થઇ બોલી. " તમારી દોલત અને પદ્દીની મને ભાગીયણ બનાવવા તમે

મારી સાથે લગ્ન કરવા ઇરાદો રાખ્યો હતો, કે જેથી તમારા માનવંત પિતા ગુજરી જવા બાદ, મારા પિતા પોતાની પુત્રીને તેમની મિલકત અને પદ્વી ભોગવતી જોઇને સંતોષ પામે—હા—હા—આણંદરાય—હવે હું સઘળું સમજી છું—અને મારા ઉંડા અંતઃકરણથી તમારી આવી ઉદાર વૃત્તિને માટે હું તમારો આભાર માનું છું—પણ તમારા ભલા ઇરાદા પ્રમાણે બની શકે એમ નથી, આણંદરાય—" એમ કહી શરમથી તેણીએ નીચું જોયું.

"ત્યારે તું બીજાને ચાહે છે?" તેણે પૂછયું. "ઇશ્વર કરેને તું સુખી થાય, કુસુમ!"

"સુખી!" તેણી ચમકીને બોલી—પણ તરતજ સાવધ થઇને કહ્યું. "હું ઇશ્વરનો આભાર માનું છું, આણંદરાય, કે તમે મને બેન તરફના ભાવ સિવાય બીજી રીતે ચાહતા નથી—કારણકે મારો કોઇ પણ દુશ્મન હોય તો પણ નિરાશા ભરેલો પ્યાર કેવો હોય છે, તે હું જણાવવાની ઇચ્છા કરૂં નહિ."

"અહા!" આણંદરાય અજાયબ થતો બોલ્યો. "શું એ સંભવિત છે, કુસુમ, કે તારો પ્યાર એવો છે?"

"અરે! હું શું બોલી? મેં તમને શું કહ્યું." કુસુમ, પોતે કંઇ વધારે બોલી ગઇ છે એમ લાગવાથી પસ્તાતાં બોલી. "મને હવે કંઇ પૂછશો નહિ—આ બાબત ઉપર હવે વધારે વાત ચલાવશો નહિ—આણંદરાય, તમે મારા તથા મારા પિતા તરફ જે ઉદાર લાગણી બતાવી છે, અને મને જે માન આપ્યું છે, તેને માટે હું તમારો ઘણો આભાર માનું છું—પણ હું અરજ કરૂં છું કે તમારી અપૂર્વ લાગણીવાળી માગણી મને નાકબુલ કરવાને જે કારણોથી ફરજ પડે છે, તે કારણો જાણવાને માટે મારી પાસે હવે વધારે ખુલાસો માગશો નહિ."

"એવું હું કદી નહિ કરૂં, કુસુમ." તે તરૂણ બોલ્યો—"તને જરા પણ દુઃખ થાય એવું કશું હું કદી બોલીશ નહિ, કે કશું કરીશ નહિ. પણ આપણે આ બાબત પડતી મુકીએ, તે પહેલાં મારે એક બાબત કહેવાની છે, જે હું આશા રાખું છું કે તું તારા અંતઃકરણમાં હમેશાં યાદ રાખીશ."

"બોલો, વહાલા આણંદરાય." કુસુમ હવે વધારે શાંત થઇને બોલી.

"તે વાત એ છે કે, તને કોઇપણ વખતે કોઇ મિત્રની—સાચામિત્રની જરૂર પડે," આણંદરાયે કહ્યું "તે એવો મિત્ર કે જેનામાં તું એક ભાઇના કરતાં પણ વધારે વિશ્વાસ મૂકી શકે, તો એકદમ મને બોલાવવાને આચકો ખાઇશ નહિ—અને તે વખતે હાલ જે હું બોલું છું, તેના પ્રમાણિકપણાની સચ્ચાઇ વિષે સાબીતિ આપીશ"

"અહા! એવો પણ એક વખત આવશેજ કે જ્યારે મને તમારા જેવા મિત્રની જરૂર પડશે." કુસુમ તેનો હાથ લઇને ઉપકારની લાગણીથી તેના તરફ જોઇને બોલી, "અને ખાત્રી રાખજો, ભાઇ, કે એવો પ્રસંગ આવશે ત્યારે, તમને કહેવાને હું જરાપણ આચકો ખાઇશ નહિ. પણ હાલ આજ વખતે—હું તમારી પાસે એક મહેરબાનીની માગણી કરૂં છું."

"તારે ફક્ત મને તે જણાવવાનીજ ઢીલ છે, કુસુમ." તે બોલ્યો. તેણે ખૂબી રીતે જોઇ લીધું હતું કે આ બિચારી બાળા ખરેખર દુઃખી હતી, તેથી તેને તેણીના તરફ દયા ઉપજતી હતી—અને તેણીને બોલતાં અચકાતી જોઇને વળી પૂછયું. "મને કહી દે કે શી રીતે હું મારી સાચી મિત્રતાની સાબીતિ આપું?"

"મેં તમારી આગળ કબુલ કર્યું છે કે મારો પ્યાર મેં બીજાને આપ્યો છે," આખરે કુસુમ શરમથી નીચું જોઇ બોલી. "પણ મારા પિતા હાલ આ વાત જાણે તે હું ઇચ્છતી નથી."

"મારી માગણી તારે નાકબુલ કરવાનું ખરૂં કારણ મારા મોંથી તારા પિતા જાણશે નહિ." તેણે જવાબ દીધો. "હું હમણાંજ તેમને મળું છું. તેમને કહીશ કે આપણે લાંબી વાતચિત થઇ, અને તેનું છેવટ પરિણામ એ આવ્યું કે આપણે અરસપરસ જોઇ લીધું કે મિત્રતા સિવાય બીજી રીતે આપણે જોડાવાથી વધારે સુખી થઇ શકીએ એમ નથી."

"તમારી ઉદારતા અને ભલી લાગણી માટે હું તમારો ઘણો આભાર માનું છું, વહાલા આણંદરાય." કુસુમે કહ્યું.

આણંદરાય ત્યાંથી ઉઠીને મહોબતરાયની પાસે ગયો—મહોબતરાય હવાઇ

કિલ્લા બાંધવાના વિચારવમળમાં ગોથ. ખાતો હતો, એવું ધારીને કે તેની પુત્રી આણંદરાયની માગણી ખુશીથી કબુલ રાખશે.

" મારા વહાલા આણંદરાય, " જેવો તે દાખલ થયો કે તરત મહોબતરાય બોલ્યો. " હું ધારૂં છું કે હવે માત્ર દિવસ નક્કી કરવાનું રહ્યું છે. "

" ખરેખર !" આણંદરાયે ગંભીર ચહેરાથી કહ્યું. " કશુંજ નક્કી થયું નથી, અને કશું નક્કી થવાનું પણ હવે રહ્યું નથી. "

"અરે તમે શું કહેવા માગો છો?" મહોબતરાયે અચરતીથી પૂછ્યું.

" કે મારે કુસુમ સાથે લાંબો વખત સુધી એ વિષે વાતચિત થઇ, " તેણે જવાબ આપ્યો. " અને છેવટે અમે નક્કી કર્યું કે સાચા મિત્રો તરીકે રહેવા સિવાય......"

" શું તેણીએ તમારી માગણી નાકબુલ કરી, આણંદરાય ?" મહોબતરાય ગુસ્સાભરેલી લાગણીથી વચ્ચેજ બોલી ઉઠયો.

" ના, તેમ નથી. " આણંદરાયે કહ્યું. " પણ અમે બન્નેએ અરસ્પરસ એકબીજાની માગણી નાકબુલ કરી છે. પણ તેમાં જો કોઇ એકજ બાજુની ભૂલ હોય તો તે મારી છે. અને તેથી તમારે તમારી પુત્રીને ઠપકો આપવા જેવું નથી. "

આ પ્રમાણે ટુંકામાં પતાવીને આણંદરાય ત્યાંથી ચાલ્યો ગયો—તેની પાછળ બારણું બંધ થતા સુધી મહોબતરાય પોતાની દિલગીરી અને નિરાશા ભાગ્યેજ અંદર સમાવી શકયો—પછી ખુરશીમાં પડતું નાખીને માથાના વાળ બે હાથે પકડી ગુસ્સામાં દાંત કચકચાવતો બબડયો. " હાય ! હું ખરેખર કંગાળીયતનો અનુભવ લેવા જન્મ્યો છું. "

પણ એકાએક પેલી બુરખાવાળી સ્ત્રીની આકૃતિ તેના મગજમાં ખડી થઇ, તેથી સાવધ થઇ તેણી જે જે બોલી ગઈ હતી, તે ઉપર વિચાર કરવા લાગ્યો.

પ્રકરણ ૩૪ મું.

પરિણામ—આપઘાત કે ગાંડપણ.

ગયા પ્રકરણવાળો બનાવ બન્યા પછી ત્રણ—ચાર દિવસે એક દિવસ સવારે દશેક વાગે અજબકુમાર પોતાના અજબ મહેલમાં દીવાનખાનામાં બેઠો હતો. ત્યાં નોકરે ખબર આપી કે એક જુવાન સ્ત્રી મુલાકાતે આવી છે.

"જુવાન સ્ત્રી!" અજબકુમાર બોલ્યો—"તેણીએ પોતાનું નામ કહ્યું હશે."

નોકરે એક કાગળની કાપલી આપી.

"અહા! કુસુમ!" અજબકુમાર નામ વાંચીને ચમક્યો, અને થોડી વાર પછી બોલ્યો—"તેણીને જોડેના મારા ખાનગી ઓરડામાં બેસાડ, હું ત્યાં આવું છું."

અજબકુમારનું મગજ વિચારમાં ચકડોળે ચઢયું હતું. પોતાની વર્તણુક ને માટે તેણીને શું જવાબ આપવો? તેણીને શું આશા આપવી? તેઓ હવે કેવી રીતે છૂટાં પડશે? શું તેણી ધમકી આપશે? શું તેણી આજીજી કરશે? આ બધાં અનુમાનો કરતાં એકે ઉપર તેની ખાત્રી થઇ નહિ.

થોડી વાર આમ વિચારમાં પડી રહ્યા પછી આખરે ઉઠયો, અને જેમ તેમ કરીને જ્યાં કુસુમને બેસાડી હતી, ત્યાં ગયો.

કુસુમનું મોં તેના તરફ નહોતું બીજી બાજુ હતું માથું નીચે નાખ્યું હતું. અજબકુમારે તેણીને જોઇ. ભારે દિલગીરી અને શોકમાં જણાઇ—તેના ઉંડામાં ઉંડા અંતઃકરણમાં પહેલી પળે તો ઉંડા પસ્તાવાનો એક સખ્ત ઝાટકો એક તીક્ષ્ણ તીર માફક લાગ્યો. તેણે ફસાવેલા ભોગની નજીક આવવાની હજુ તેની હિંમત ચાલતી નહોતી. તેણીનાથી દશ—બાર પગલાં દૂર ઉભો

હતો. તેણીની ખૂબસુરતી જોતો હતો—પણ તે કામવિકારની નજરથી નહિ—પણ દયાથી. તેણીએ હવે ધીમેથી પોતાનું મો ફેરવ્યું—બન્નેની આંખો મળી—તેણીનો ચહેરો તેના સામે દેખાયો—તે તેને પ્રથમ મળતી વખતે જે ઉમળકા અને મમતાથી સ્મિત સ્ફુરિત દેખાતો હતો તેવો નહિ—પણ એવા ઉંડા શોકથી છવાયેલો—એવા ઉંડા દુઃખથી ઝરડાઇ ગયેલો—કે તે જોઇને તેના અંતરમાં વધારે ઉંડો અને વધારે તીક્ષ્ણ પસ્તાવાનો ડંખ લાગ્યો.

વાંચનારે જાણવું જોઇએ કે અજબકુમારને અત્યાર સુધીની તેની જીંદગીમાં તેના કૃત્યનો જો કદી પણ પસ્તાવો થયો હોય, તો તે આ પહેલીજ વખત હતો.

"વહાલી કુસુમ," આખરે અજબકુમાર તેણીની પાસે જઇ ઘુંટણમંડીએ પડીને બોલ્યો—"હું જાણું છું કે તું મને ઠપકો આપવા આવી છું—હું જાણું છું કે, હું તારા ઠપકાને પાત્ર છું—પણ શું મારી મળવાની કંઇપણ આશા નથી?" આ પ્રમાણે બોલતાં તેનો અવાજ ખરેખર ઉંડા પસ્તાવાથી ભરેલો અને ધ્રૂજતો હતો.

"ઓ પ્રભુ! હું શું જવાબ આપું?" એકાએક દુઃખના આવેશથી હાથ ઘસતી કુસુમ બોલી. "કેટલું બધું કહેવા હું આવી હતી—અને હવે જ્યારે અહીં બેઠી છું ત્યારે મારૂં મગજ ગુંચવાઇ ગયું છે."

"મારી મીઠડી—મારી મધુરી—શાંત થા, અને હું કહું તે ધીરજથી સાંભળ—" અજબકુમાર તેણીનો હાથ લઇને બોલ્યો—"હું પ્રમાણિકપણે વર્ત્યો છું. એમ કહેવા હું માગતો નથી, કારણ કે હું જાણું છું કે મેં તને છેતરી છે. પણ જેવો તું ધારે છે, તેવો હું લુચ્ચો નથી. તારી અપૂર્વ ખૂબસુરતીથી અંજાઇ જવાથી—તારી દૈવી પ્રતિમા જોઇ ગાંડા જેવો થઇ જવાથી—હું મારા પોતાના સ્વાસ્થ્યમાં રહી શક્યો નહિઃ—હા—માત્ર તનેજ મેળવવા ખાતર હું નર્કમાં પડવાનું પણ કબુલ કરત, એવી મારી સ્થિતિ થઇ ગઇ હતી."

"ઓ! પરમાત્મા! આ પ્રમાણે તમે બોલો નહિ." ભયથી ધ્રૂજતી કુસુમ બોલી "ત્યારે શું તમે મને ખરેખર ચાહતા હતા?"

"શું તું એમ પૂછે છે, કે હું તને ચાહતો હતો, કુસુમ?" અજબ-

કુમાર બોલ્યો-" અરે, હાલ-આજ વખતે-હું તને મારા પ્રાણ-મારા આત્મા કરતાં વધારે ચાહું છું; ત્યારે હું તને ચાહતો હતો કે કેમ, એવું તું કેમ પૂછે છે? તારા તરફ મારો જે પ્યાર છે, તે કોઈ કાળે ભુંસાઇ શકે તેવો નથી. માબાપની મરજી અને કુળના નિર્દય રિવાજને લીધે મને મારી મરજી વિરૂદ્ધ બીજી સ્ત્રી સાથે પરણવાની ફરજ પડશે, પણ મારૂં અંતઃકરણ-મારો પ્યાર-મારી ઊંડી લાગણી-હમેશાં તારા તરફજ રહેશે. પહેલી મેં તને જોઇ ત્યારે જે પ્યારનો આવેશ હતો તેમાં કંઇપણ ઘટાડો થયો નથી, પણ મારા અંતરનો જુસ્સો વધતો જાય છે. માટે મારી પાછલી વર્તણુકને માટે માફી આપી હવે પછી તું મારા તરફ એવોજ પ્યાર રાખીશ, એવું વચન આપીશ તોજ મારી જીંદગીનું સાફલ્ય છે-તોજ દુનિઆની સઘળી આશાઓ મેં જીતી છે એમ ગણીશ."

"જેને તમે પવિત્ર માનતા હો," કુસુમ દુઃખી અવાજે બોલી "તેના સોગન આપીને હું તમને કહુંછું કે હવે તમે મારી સાથે પ્યારની ભાષામાં વાત કરશો નહિ. મારૂં મગજ ભમે છે-મારી આંખો દુઃખથી બળી રહી છે-મારૂં અંતઃકરણ નિરાશાથી ચીરાઇ જાય છે-તમે મને ચાહોછો, છતાં તમારો પ્યાર હું ભોગવી શકું નહિ, એવું જાણવું તે,-અને જે જે મમતાળુ વચનો તમે કહોછો પણ તે સાભળવામાં હવે પાપ છે એમ સમજવું તે- મગજ ખસી જવાને પૂરતું છે."

એમ બોલી કુસુમે પોતાના હાથ અજબકુમારના હાથમાંથી ખેંચી લઇ પોતાનું મોં ઢાંકી દીધું. તેણીની આંખમાંથી ડબક ડબક આંસુઓ ગરવા લાગ્યાં.

" કુસુમ-મારી વહાલી કુસુમ!" અજબકુમાર ખરેખરા દુઃખી આવેશથી બોલ્યો " આ તારો શોક સમાવ, શાંત થવા પ્રયત્ન કર, અને આવી રીતે દીલગીરીના જુસ્સાના ઉછાળાને તાબે ન થા."

" અફસોસ! હાય! અફસોસ! કઇ આશાએ હું શાંત થાઉં?" તે કમનસીબ બાળા નિરાશાની હાય નાખી બોલી. "જો તમે મને ચાહતા નથી એવું કહ્યું હોત-જો તમે કબુલ કર્યું હોત કે હવે તમારા અંતરમાં મારી પ્ર-

તિમા રહી નથી—તો મને આટલું બધું દુઃખ થાત નહિ. તમારી બેદરકારી—બેવફાઇ—અને મારા તરફનો તમારો અભાવ—એ સઘળું હોત તો મને બીજા વિચારો આવત.—મારા દુઃખ કરતાં ઘણા ભયંકર—ખુની વિચારો આવત. પણ તમે મને ચાહો છો, એવુ જોવાથી—જાણવાથી—અને એવી લાગણીથી—અને જો તમે સાધારણ માણસ હોત—અથવા હું તમારા જેવા ઉંચા કુળ તથા પદવીની હોત, તો આપણે કેવાં સુખી થાત—ટુંકામાં—જો ઇશ્વરે આપણું જોડું સંધાવાની તક આપી હોત, તો દુનિઆમાં આપણા જેવું કોઇ સુખી હોત નહિ—આવા વિચારો મને ગાંડી બનાવી દે છે—આવાજ વિચારો મારા મગજમાં અસહ્ય બોજારૂપ થઇ પડ્યા છે—આવાજ વિચારો તપાવેલા લોઢાના સળીઆની માફક મારા અંતરમાં ઝગઝગતા ચપકા દે છે—હાય! પ્યારનું સ્પપ્નું ઉડી ગયું છે—ભયંકર સચ્ચાઇની સવાર પડી છે—વાદળાં વીખરાઇ ગયાં છે—અને સત્યતા બતાવતું અજવાળું મારા ચીરાયેલા અંતઃકરણમાં પડયું છે. ”

ગરીબ બિચારી કુસુમ વળી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. અજબકુમાર હજુ તેણીના સામે ધુંટણમંડીએ પડી રહ્યો હતો, તે હવે ઉભો થયો. અને તેણીને આલિંગન આપી શાંત થવા ઘણી સમજાવી. કારણ કે આ માણસ કે જે કુદરતી રીતે ઘણો ઘાતકી અંતઃકરણનો—સ્વાર્થ લંપટ—કઠોર—વિષયી—અને જેની જીંદગી અહંકારી તુરંગો અને સ્વચ્છંદાઇમાં ગુજરતી હતી, તેને આ દુઃખી બાળાનું અસહ્ય દુઃખ જોઇ દયાની લાગણી થઇ આવી.

પોતાની છાતી સાથે તેણીને દાબી. થોડો વખત તો કુસુમને કશું ભાન રહ્યું નહિ—પણ જ્યારે અજબકુમાર, પ્રથમ માયાળુપણાથી અને પછી પ્યારની વિકારી લાગણીથી કંઇક અટકચાળે ચઢવા લાગ્યો, ત્યારે તરતજ કુસુમ ભાનમાં આવી ગઇ, અને તેની બાથમાંથી છટકી છૂટી થઇ જતાં સક્રોધ લાલચોળ ચહેરો કરીને બોલી. “ મારૂં અંતઃકરણ ચીરાઇ જાય છે, અજબકુમાર—પણ જો કે મારી ગેરઆબરૂ તો થઇ છેજ, પણ જેવી તમે મને પ્રમાણિક પ્યારથી ચાહો છો, એવી લાગણીથીજ મને મરવા દો. ” એમ

કહી ખુરશીમાં પડતું નાખ્યું. આમ બે બાકળી થઈ જવાથી તેણીનાં લૂગડાંનું પણ ઠેકાણું રહ્યું નહોતું.

અજબકુમાર તેણીના તરફ જોઇ રહ્યો. અને પાછો વિષયી વિચારમાં ગરક થઇ ગયો. તેને લાગ્યું કે આવી ખૂબસુરતીના ભંડારવાળી લલનાને હાથમાંથી જવા દેવી જોઇએ નહિ-એટલુંજ નહિ, પણ તેને લાગ્યું કે આ વખતે જેવો તે કુસુમને ચાહે છે તેવી રીતે આખી જીંદગીમાં તેણે કોઈ સ્ત્રીને ચાહી નથી.

“ કુસુમ-વહાલી કુસુમ, ” તે ધીમે ધીમે તેણીની પાસે જતાં બોલ્યો. “ હું આજીજી કરૂં છું કે આવું બોલ નહિ. આ ઓરડામાં ફક્ત આપણે બે માણસો છીએ-અને શું તું એમ ધારે છે કે તે પૈકી એકનુંજ અંતઃકરણ દુઃખી થયું છે : જો એમ તું કહે તો મને ગેરઇનસાફ આપે છે. ”

“ અરે ! અજબકુમાર, તમારૂં દુઃખ મારા દુઃખને મુકાબલે. ઘણું ઓછું, અને સહન કરી શકાય એવું છે-” તે દુઃખી બાળા નિરાશાથી બોલી. “ જ્યારે એક બીજાને ચાહનારાં બે માણસો ઉપર દુઃખ પડે છે, ત્યારે તેમાં જે નબળું હોય છે, તેના ઉપર દુઃખનો બોજો વધારે પડે છે. અને જો કંઇપણ અંતઃકરણના દુઃખનો ભોગ આપવાનો હોય છે, તો તે ગરીબ બિચારી અબળાનેજ ભાગે આવે છે-હા-અજબકુમાર ! સઘળું દુઃખ-સઘળી શરમ-સઘળી ગેરઆબરૂ-એ સઘળું પેલી બિચારી અબળાનેજ સોસવું પડે છે, આ હકીકત એટલીબધી ખરી છે કે જે તરફ પુરૂષથી આંખઆડા કાન થઇ શકે નહિ. આટલું છતાં પેલો કઠોર હૃદયનો પુરૂષ પોતાના અપ્રમાણિક પ્યારથી પેલી ગરીબડી અબળાને દુઃખ આપે છે- મને તમે શા માટે ફસાવી ? ” કુસુમે એકદમ આંખો ફેરવી ઝનુની અવાજે તેને પૂછ્યું. “ શા માટે તમે તમારા કામાવેશનું ઝેર મારી પવિત્ર નસોમાં રેડ્યું ? તમે મને આનંદી-સુખી-હસતી રમતી-નિર્દોષ-બીન અનુભવી જોઇ-તેથી તમે મારો કેવો ઉપયોગ કર્યો ? મને કેટલીબધી નીચી પાડી નાખી ? મારી જુવાનીની આશાઓ હવે ક્યાં છે ? એક કાચની માફક હજારો કકડામાં તેના ભાગી-તૂટી ને ચીરા થઇ ગયા-અને જે બાજુ હું જોઉં છું,

તે દરેક બાજુથી નિરાશા-નિરાશા-અને નિરાશાજ જોઉં છું-હાય! જે સતીત્વની ઉચ્ચી ટોચ ઉપર હું હતી-અને જ્યાંથી તમે મને કઠોર નિર્દયતા અને સ્વાર્થ લંપટપણાથી છેતરીને છેક નીચે ઉંડાણમાં ગબડાવી મૂકી છે, તે મારી અસલ જગોએ મને મૂકો-મારી ગયેલી આબરૂ મને પાછી આપો-તમે તેમ કરી શકો તેમ છે. નહિ તો તમારી મોટાઇ-તમારી ખાનદાની-તમારી પદવી-એ એક મશ્કરી અને સ્વપ્નવત્ છે. તમે જેવા ખાનદાન અને આબરૂદાર હોવાનું બતાવો છો, તેવું તમારાં કામથી સાબીત કરી બતાવો." તેણી ઉશ્કરાયેલી હાલતમાં એકદમ ઉભી થઇ ને લાંબા હાથ કરી બોલી, "તમે મારા ઉપર જે જાદુઇ અસર કરી છે, તેમાંથી મને મૂક્ત કરો મને તમે ઉચ્ચારેલા ભયંકર મંત્રોના પ્રભાવે જેમ વશ કરી હતી, તેમ હવે સ્વતંત્ર બનાવી દો. તે મંત્રોની શક્તિ નાશ કરો."

"કુસુમ-કુસુમ." તેણીના આવી રીતે બોલવાથી ગભરાઇને અજબ-કુમાર બોલી ઉઠયો. "હું આજીજી કરૂં છું-હું માગી લઉં છું-કે તું શાંત થા"

"અહા! શાંત થવાનું સમજાવવું તમારે માટે ઘણું સહેલું છે." તેણી ઘણા દુઃખી અવાજે બોલી. "કારણ કે તમને ઘણું ઓછું દુઃખ છે." એવી વિચિત્ર લાગણી અને ચહેરાથી તેણી બોલી કે અજબકુમારનો ગભરાટ વધ્યો. કુસુમે તો બોલવું જારીજ રાખ્યું. "છતાં એવો વખત આવશે કે તમારૂં અંતઃકરણ તમને ડંખશે-પશ્ચાતાપરૂપી ઝેર તમારા શરીરમાં ફરી વળશે અને ત્યારે-તમે એવા મોટા-પૈસાદાર-પ્રધાન પુત્ર-રાજાના માનીતા-કે ગમેતેટલા સુખી હશો, તો પણ એક ગરીબ નિર્દોષ છોકરીને ઠગીને ફસાવવાના પસ્તાવાનું દુઃખ, જ્યારે તમે સુખચેનમાં-મોટા પલંગની અમુલ્ય શય્યામાં-હજારો નોકરો અને ખુશામતીઆઓથી વીંટળાઇને સૂતા હશો, ત્યારે તમારા અંતઃકરણ ઉપર એવો બોજો નાખશે, કે તમે કદી સુખે ઉંઘી શકવાના નથી-અને જેને તમે વિનાકારણ દુઃખ આપી તેનો વિનાશ કરી નાખ્યો છે-તેતો કદાચ નહિ જુએ, પણ સર્વ શક્તિમાન ઇશ્વર તો જોશેજ. અને તેના દરબારમાં તમારે બીજા પાપીઓ અને દુષ્ટ માણસોની સાથે ઉભા રહીને તમારા કૃત્યનો જવાબ આપવો પડશે."

"કુસુમ, આવા જુસ્સાથી તું તારી જાતને વધારે ઉશ્કેરે છે." તે ગભરાટમાં બોલ્યો–"અને મને નિરાશાની ખાઈમાં ધકેલી મુકે છે. આમ કરવાથી શું ફળ છે? હવે મને શું કરવા ઠપકો આપે છે? કારણ કે થોડી વાર પહેલાં, હું તને હજુ ખરા પ્યારથી ચાહું છું, એમ જાણીને તું સુખી હતી. એમ બોલી હતી."

"ના–ના–હું સુખી નહોતી." તેણી બોલી. "જો હું સુખી હોઉં તો આલોકમાં અને પરલોકમાં ગુનેગાર છું–કારણ કે મારા મગજમાં હજારો જાતના વિચારો ઉત્પન્ન થાય છે–આ દિવાલ હવામાં ફરતી જણાય છે." તેણીએ બન્ને હાથ પહોળા કરી, ધાસ્તી ભરેલી નજરથી આંખો ફાડી ચારે તરફ જોતાં બોલવું જારી રાખ્યું. "બહારની દુનિઆ મારી આંખ આગળ તરી આવે છે–આખી દુનિઆનો અનુભવ મને જણાય છે. માણસ જાતનું અંતઃકરણ મારા મગજમાં ખૂલ્લું થઇ ગયું છે."

"ઓ! દયાળુ પ્રભુ! આતો ખરેખર ગાંડપણમાં બકવા માંડયુંછે." ગભરાટથી ધાસ્તી ખાઇ અજબકુમાર બોલી ઉઠયો.

"હવે કશું મને અજાણ્યું નથી, મારાથી કશું છૂપું રહ્યું નથી." કુસુમે પાછું બોલવા માંડયું–તેણીનો ચહેરો ભયંકર થઇ ગયો હતો–વિચિત્ર ચાળાથી હાથ ફેરવતી હતી–માથાના વાળ છૂટા થઇ ચારે તરફ ઉડતા હતા, તેનું પણ તેણીને ભાન રહ્યું નહોતું–"મારી આંખ ઉપરથી પડદો ખસી ગયો છે–મારા મગજમાંથી અંધકાર ઉડી ગયો છે–મારૂં પોતાનું અંતઃકરણ હું વાંચી શકું છું–તમારૂ અંતઃકરણ પણ હું જોઇ શકું છું–સમજી શકું છું–હું ભોગ થઇ પડી છું–અને તમે મારા ઉપર જીત મેળવી છે."

"કુસુમ, કુસુમ." અજબકુમાર તેણીને બાથમાં ભીંડીને બોલ્યો.

"મને છોડો–" તેણીએ છૂટવાને મહેનત કરતાં જોરથી બૂમ પાડી. "તમારો શ્વાસોશ્વાસ ઘણો ગરમ છે. એક ઝેરી નાગના ઝેર જેવો છે."

"અરે, ઇશ્વરને લેખે છાની રહે." અજબકુમારે કહ્યું. "તારા બકવાદથી બીજાં માણસો જાણશે."

"તેની મને દરકાર નથી" દુઃખી બાળા એક કારમી ચીસ નાખીને બોલી. "હું કહું છું કે મને છોડી દો."

"પેલા પલંગમાં સૂઇ જા, અને શાંત થા–" અજબકુમારે કહ્યું.

"ના–ના–હજાર વખત ના–" તેણીએ બીજી ચીસ નાખો અને છૂટવાને જોરથી મહેનત કરી.

"ઓ, પ્રભુ! શું તું એમ ધારે છે કે હું તને કંઇ ઇજા કરીશ?" અજબકુમાર ધાસ્તીથી ગભરાતાં નિરાશામાં બોલ્યો.

"હા–હા–તું એક ઝેરી નાગ છે–તારી ચુડમાં હું લપેટાઇ ગઇ છું." તેણીએ એકદમ જોરથી ઉછાળો મારી અજબકુમારના હાથમાંથી છૂટી જઇ ચીસો ઉપર ચીસો નાખવા માંડી.

ગાંડાની માફક તેણી બારણા તરફ ધસી–તેણી બે ત્રણ ડગલાં દૂર હતી, તેવામાં એકાએક જોરથી બારણું ઉઘડયું. અને અજબકુમારના નોકરો ધસી આવ્યા.

"મને જવા દો–મને બહાર નીકળવા દો–" ગભરાટમાં કુસુમે ચીસ પાડી કહ્યું.

"તેણીને રોકો–અટકાવો–" અજબકુમાર રાડ મારી બોલી ઉઠયો.

તરત બારણું બંધ થયું–અને બિચારી કુસુમની આસપાસ નોકરો ફરી વળ્યા.

થોડીવાર તેણી પુતળાની માફક જડવત્ ઉભી રહી–અને એવું લાગ્યું કે જાણે તેણીની આંખો–કે જે અજબકુમારના ઉપર ઠરી રહી હતી–તે હવે હાલવાનીજ ન હોય–પણ જેવો તે તેણીની પાસે આવવા લાગ્યો કે તેણી એકદમ ચમકી—નોકરોના કબજામાંથી છૂટી અને હાથ હવામાં ઉછાળ્યા.

ફરીથી નોકરોએ તેણીને પકડી–તેણીનો ચહેરો ગાંડપણના દેખાવવાળો થઇ ગયો, અને તેણી એવી વિચિત્ર રીતે ખડખડ હસી પડી કે અજબકુમારની ભયંકર ધાસ્તી આખરે ખરી પડી.

કુસુમ ગાંડી થઇ ગઇ.

પ્રકરણ ૩૫ મું.

બુરખાવાળી સ્ત્રી.

ગયા એકત્રીસમા પ્રકરણમાં એક બુરખાવાળી સ્ત્રી, મહોબતરાયને મળવા આવી હતી, અને તેણીએ કેટલીક વાતચિત કરી હતી, તે વાંચનારને યાદ હશે.

તે સ્ત્રી, તે દિવસે જતી વખતે મહોબતરાયને કહેતી ગઇ હતી કે "આ ચાલતું અને આવતું આખું અઠવાડીઉં હું દરેક વર્તમાનપત્રમાં જોતી રહીશ. દરેકમાં જાહેરખબરો છપાય છે, તેમાં જો તમારી તરફનું કંઇ પણ મારા વાંચવામાં આવશે નહિ, તો હું એવુંજ ધારીશ કે તમે ફક્ત મોંઢેજ બકવાદ કરી જાણો છો, પણ કંઇ કામ કરવાની તમને હિંમત નથી. છતાં જો કોઈ વર્તમાનપત્રમાં 'બુરખાવાળી સ્ત્રી' ના નામ ઉપર કંઇ જાહેર ખબર હું વાંચીશ, તો તરતજ તેનો અમલ કરીશ."

હવે આપણે જાણવું જોઇએ કે જે અઠવાડીઆમાં તે મુલાકાત થઇ હતી, તે અઠવાડીઉં તો પૂરૂં થઈ ગયું હતું, અને કોઇ પણ વર્તમાનપત્રમાં એવી જાતની જાહેરખબર હતી નહિ-બીજા અઠવાડીઆના પણ ચાર-પાંચ દિવસ થઇ ગયા હતા-અને હવે એકાદ બે દિવસ મહોબતરાયને નક્કી વિચાર કરવાને માટે બાકી હતા, કે તે બુરખાવાળી સ્ત્રીને ફરીથી મળવું કે નહિ-કારણકે જો તે તેણીને મળવાનું નક્કી કરે તો મોડામાં મોડી બીજે દીવસે વર્તમાનપત્રમાં તે જાહેર ખબર બહાર પડવી જોઇએ.

તેથી આપણે વળી ફરીથી મહોબતરાયને તેના ખાનગી વાંચવાના ઓરડામાં તેની સ્થિતિનો વિચાર કરતાં બેઠેલો જોઇએ છીએ-હાથ મેજ ઉપર ટેકવી, હાથેળીઓ ઉપર માથું રાખી તે વિચારમાં ગુમ થઇ ગયો હતો-હવે આપણે તેના વિચારો જાણવાનો પ્રયત્ન કરીશું, તો જણાશે કે તે નીચેના પ્રકારના હતા.

"અરે, આ પ્રમાણે મને ઢચુપચુ કેમ થતું હશે? પેલી ભેદ ભરેલી સ્ત્રીએ જણાવેલે રસ્તે તેણીને બોલાવવા હું કેમ અચકાઉં છું? આણંદરાયે કરેલી લગ્નની માગણી કુસુમે ના કબુલ કરી; તેમાં તેણીએ મોટી ભૂલ કરી-ખરેખર મૂર્ખતા વાપરી-છોકરી અક્કલ વગરની જણાય છે. આવો સંબંધ તેણીને ઘણો ફાયદાકારક થાત-મને પણ ફાયદાકારક થાત. કળા જેવી રીતે જયચંદ્રને પરણ્યા પછી ઉચ્ચ સ્થિતિમાં આવશે, તેવીજ રીતે કુસુમ પણ આ લગ્નથી તેવી સ્થિતિમાં આવત; અને તેથી હું સારી આવક સાથે સ્વતંત્ર રહી શકત. પણ તેણીએ ના કબુલ કર્યું-કારણ શું? માત્ર એજ કે તેણી તેને ચાહતી નથી. શું આ આજની છોકરીઓની ઉદ્ધતાઇ ભરેલી મૂર્ખતા? કારણ કે જો કંઇપણ કારણ તેણી આપી શકી હોય તો તેજ હશે. છતાં આણંદરાયે તેણીની પાસે જતા પહેલાં મને જે શક બતાવ્યો હતો, તેમાં કંઇ ખરાપણું હોય એમ હવે લાગે છે. હા-તેણીએ બીજાને પસંદ કર્યો હોય એ સંભવિત છે પણ તે બીજો કોણ હશે? મારા અનુમાનમાં તો કોઇ જણાતું નથી. હાલ કુસુમ કમળાપુરના જાગીરદારને મહેલ પુષ્પાવતીદેવી પાસે બે ત્રણ દિવસથી રહે છે. તેણીની સાથે કુસુમે ઓળખાણ કર્યું હોય એમ જણાય છે. પણ હું નથી સમજી શકતો કે આવે મોટે ઘેર તેણીને શી રીતે ઓળખાણ થયું હશે? ખરેખર એ છોકરીનામાં કંઇક મોહિની ભરેલું હોવું જોઇએ, કે જેથી આવા વગવાળા મંડળમાં તેણીને ઓળખાણ થાય છે-જો કદાચ હાલની કેટલીક ઉચ્છૃંખલ છોકરીઓ સમજ્યા વગર પ્યાર-પ્યાર કર્યા કરે છે, તે પ્રમાણે પ્યારની લાગણીમાં લેવાઇ જઇ તેણી જો કોઇ ભૂખડી બારસ જેવા ગરીબ માણસને પરણવા માગશે તો ખરેખર બહુ દુઃખ ઉપજાવનારૂં થઇ પડશે-હાલના ચાલતા જમાનામાં છોકરીઓને સ્વતંત્રતા આપવાનો સુધારો ઘણો હાનિકારક થઇ પડયો છે. આ બન્ને છોકરીઓ નાનપણથી મા વગરની થઇ પડવાથી તેમને કંઇપણ ઓછું આવે નહિ એવા વિચારથી અને હાલના જમાનાના પવનની લહેરમાં મેં તેમના ઉપર પૂરો વિશ્વાસ રાખી છૂટ આપી, તેનો બદલો મારે કેવો જોવો પડે છે, તે હવે જોવાનું છે. ખરેખર શાસ્ત્રકારોએ કહ્યું છે કે નस्त्रीस्वातंत्र्य-

મર્હતિ। સ્ત્રીને સ્વતંત્રતા છેજ નહિ-બાલ્યાવસ્થામાં અને કૌમાર્યાવસ્થામાં સ્ત્રી માબાપના તાબામાં છે, યુવાવસ્થામાં અને પરણેલી સ્થિતિમાં સ્ત્રી પોતાના પતિના તાબામાં છે–અને વિધવા અવસ્થામાં સ્ત્રીએ પોતાના છોકરાની દેખરેખમાં રહેવાનું છે. આ અક્ષરેઅક્ષર ખરૂં છે. પણ હવે મારે શું કરવું ? તેજ સવાલ ઉભો થાય છે. પેલી બુરખાવાળી સ્ત્રી આવી ગઇ હતી, તેણી મારી સ્થિતિથી સંપૂર્ણ વાકેફ જણાય છે. તેણીએ ખૂલ્લે ખૂલ્લું જણાવ્યું હતું કે મારી સ્થિતિ દુઃખ ભરેલી છે–તેણીએ સૂચના કરી હતી કે મારાથી સારી સ્થિતિમાં જઇ શકાય, અને મારી મોટી ઉમેદો પાર પડે એ સંભવિત છે. ત્યારે શું તેણીએ મારૂં છૂપું અંતઃકરણ વાંચ્યું હશે ? કદાચ તેમ હોય પણ ખરૂં–ત્યારે શું તેણીની મુલાકાતે મારા મગજમાં નહિ સમજી શકાય એવી આશાઓ અને શંકાઓ ઉત્પન્ન કરી છે, તેને તાબે મારે ન થવું ? અરે ! મારે આ ભેદી સ્ત્રીને ફરી મળવું જોઇએ–તેણી શું કહેવા માગે છે, અને કેવી શરતોએ મને મદદકરવા માગે છે, તે મારે સાંભળવાને કંઇ હરકત નથી. જો તે પસંદ પડતી હશે તો હું કબુલ કરીશ, અને જો મારી લાગણીની વિરૂદ્ધ હશે તો ના કહીશ. ”

આ પ્રમાણે પોતાના મન સાથે છેવટ નક્કી કરીને મહોબતરાય એક કાગળની કાપલી ઉપર માત્ર એકજ લીટી લખીને એક વર્તમાનપત્રમાં આપવા ગયો.

બીજે દિવસે સવારમાં તે વર્તમાનપત્રમાં નીચેની જાહેરખબર છપાઇ હતી.

“ બુરખાવાળી સ્ત્રી–બીજી મુલાકાતની જલદી જરૂર છે. ”

તે દિવસે સવારે મહોબતરાય હમેશના કરતાં વહેલો ઉઠયો. કારણકે તેને લાગતું હતું કે તેની જીંદગીમાં તે દિવસ યાદગાર થવાનો હતો–તેના ચહેરા ઉપર અસાધારણ આવેશનાં ચિન્હ જણાતાં હતાં. સાધારણ વખતે તો આવો ફેરફાર કળાના જોવામાં આવ્યો હોત, અને તેનું કારણ પણ તેણીએ પૂછ્યું હોત; પણ આ વખતે તો તેણી પણ પોતાના વિચારો–કે જે ખુશાલીના નહોતા–તેમાં ગરકાવ હતી–અને પોતાના પિતાની માફક તેણી પણ પોતાના મનની સ્થિતિ છૂપાવવા યત્ન કરતી હતી; આ પ્રમાણે

પિતા અને પુત્રી એક બીજા તરફ કેટલેક દરજ્જે ઠગાઇ રમતાં હતાં. સવારમાં બન્ને મળ્યાં ત્યારે રહેજસાજ વાત થઇ, અને ચા પીધા પછી મહોબતરાય પોતાના ઓરડામાં ચાલ્યો ગયો.

આશરે અગિઆરેક વાગે આગલો દરવાજો કોઇએ ઠોક્યો. કળા ઘણી ઇન્તેજારીથી બારીએ જોવા ગઇ; પણ તેણીએ જ્યારે જોયું કે બહાર કોઇ ગાડી ઉભેલી નહોતી, પણ એક સ્ત્રી પગે ચાલતી આવતી હતી, ત્યારે તેણીએ એક ઉંડો નિસાસો નાખ્યો, અને બારીએથી અંદર જઇ એક પલંગમાં પડી દિલગીરીના વિચારોમાં ગરક થઇ ગઇ.

પણ બારણાના ખડખડાટે મહોબતરાયના શરીરમાં વીજળીના જેવી ચમક ઉત્પન્ન કરી : અને એકદમ પોતાની ખુરશી ઉપરથી ઉભો થઇ જે ભેદભરેલી સ્ત્રીની તે રાહ જોતો હતો, તેણીને મળવા અંદરખાનેથી ધ્રૂજતો ઉભો રહ્યો.

તેની આશામાં તે ફળીભૂત થયો; કારણ કે થોડી વારમાં તો તે બુરખાવાળી સ્ત્રી તેની સામે આવીને ઉભી રહી.

તેણીનો ચહેરો જોવાને તેણે ઘણી ઝીણી નજરથી જોવા માંડયું, પણ બુરખો એટલો જાડો હતો કે તે પોતાની ધારણામાં નિરાશ થયો—છતાં તેણે તેણીનો એકંદર દેખાવ જોયો તો તેણીની ખૂબસુરતી વિશે તે આશ્ચર્ય થયા વગર રહ્યો નહિ.

મહોબતરાયે તેણીને બેસવા ખુરશી આપી. પોતે પોતાની જગોએ બેઠો, અને બોલ્યો. " આજના વર્તમાનપત્રમાં તમે મારી જાહેર ખબર જોઇ હશે. "

" જો તેમ ન હોત તો હું અત્યારે અહીં આવી હોત નહિ. " તેણીએ પોતાના મધુર અવાજે જવાબ દીધો—" પહેલી મુલાકાત વખતે આપણે થયેલી વાતચિત ઉપર તમે પૂરતો વિચાર કર્યો હશે ? "

" હા, મેં તે વિષે વિચાર કર્યો છે. " મહોબતરાયે જવાબ દીધો. " હવે તમે તે વિષે ખુલાસે વાત કરો, અને મારો શક દૂર કરો. મારી બાબતમાં તમે શું જાણો છો ? તમે મારે માટે શું કરી શકશો ? "

"તમારા સંબંધમાં તમામ હકીકત હું જાણું છું, મહોબતરાયજી." પેલી સ્ત્રીએ જવાબ દીધો. "માત્ર તમારી સ્થિતિ વિષેજ નહિ, પણ તમારા મનના વિચારો પણ હું જાણું છું-જ્યારે હું પ્રથમ તમારી પાસે આવી હતી, ત્યારેજ મેં તમારા મનના વિચારો તમારા ચહેરા ઉપર વાંચ્યા હતા, અને તમારી વર્તણુક વિષે પૂરેપૂરૂં હું સમજી હતી. તમારી ઉમેદો મોટી મોટી છે; અને તે તમારી આશાઓ, જે રસ્તો હું બતાવું, તે રસ્તો પકડવા તમને હિંમત હોય તો પૂરી પડે એમ છે."

"તે કયો રસ્તો?" મહોબતરાયે ગુંચાવાતાં પૂછયું.

"ગુનાથી મુક્ત નથી." તેણીએ દૃઢપણે જવાબ દીધો, અને તીક્ષ્ણ નજરથી બુરખામાંથી મહોબતરાય તરફ જોયું.

"તમે શું કહ્યું? ગુનો?" તે બબડયો-"શું ત્યારે દુનિઆ એવી છે કે ગુનો કર્યા વગર કંઇ પણ થઇ શકે નહિ? છતાં પણ ગુનાના પ્રકારમાં ભારે હલકાપણું હોય છે."

"જે માણુસ પોતાની મોટામાં મોટી ઉમેદો પાર પાડવા ઇચ્છે છે, તેણે ભારેમાં ભારે ગુના કરવાને પણ અચકાવું નહિ જોઇએ." પેલી સ્ત્રી તરફથી ચોંકાવનારો જવાબ મળ્યો, અને તેણીનો અવાજ પણ દયાહીન અને કઠોર હતો.

"ભારે ગુનો?" મહોબતરાય બોલ્યો. "હા-બરોબર છે-કોઇ માબાપ વગરના બચ્ચાને છેતરવું-વિધવાને લૂટવી-શરણે આવેલાનું છીનવી લેવું-આવા ગુના ભારે ગણાય. પણ......"

"પણ આવા ગુના તો, અમુક માણુસ પોતાનો ખાસ હેતુ પાર પાડવા જે કૃત્યો કેટલીક વખત કરે છે, તેના પ્રમાણુમાં કંઇ નથી." પેલી સ્ત્રી વચ્ચેજ બોલી ઉઠી-"ખોટો દસ્તાવેજ બનાવવો, અથવા ખોટો પુરાવો ઉભો કરવો-એવા ગુના તમે ગણાવ્યા તે ગુનાઓ કરતાં પણ ભારે છે- અને ખુન," તેણી ઘણા ધીમા અવાજે બોલી. "બધામાં ભારેમાં ભારે ગુનો છે."

"ખુન!" મહોબતરાય આખે શરીરે ધ્રૂજતાં બોલ્યો. "અરે, તું

આવું આવું બોલીને મને લલચાવનારી કોણ છે? મારી કસોટી કરવા તું કોણ આવી છે? ઓ! ભેદભરેલી સ્ત્રી! તારો શું હેતુ છે?"

"સાંભળો." તેણી શાંત રીતે બોલી. "ધારો કે આણંદરાય સાથે ફરતા ફરતા તમે એક મોટા કરાડા ઉપર ગયા—કે જેની નીચે ઉંડી ખો આવી રહેલી છે—અને ધારો કે માત્ર ઇશ્વર સિવાય તમને કોઇ જોતું નથી—અને તમારી ખાત્રી હોય કે કોઇનો પણ તમારા ઉપર બિલકુલ શક આવે એવો નથી, અને તમે છાતી કાઢીને ફરી શકો એમ છે......"

"બસ—બસ." મહોબતરાય કંપારી ખાતાં બોલ્યો. "હું તમારૂં કહેવું સારી રીતે સમજ્યો છું—ઓ, પ્રભુ! આ કેવી લાગણી છે કે જે મને તમારા વિચારમાં જોડે છે, અને આંધળાની માફક, તમે જે ભયંકર રસ્તાનું ધ્યાન કરો છો, તે રસ્તે જવા મને ઘસડે છે."

"અહા! એવા નબળા મગજના વિચાર ના કરો." તેણી તિરસ્કાર ભરેલી રીતે બોલી. "પણ મને એકદમ જણાવો કે તમે સખ્ત રીતે નિશ્ચય કરીને તે પ્રમાણે હિંમતથી વર્તો એવા મરદ છો—ત્યારે હું કહીશ કે, જે બનાવ મેં તમને હમણાં ચિતરી બતાવ્યો, તેના બનાવને પ્રસંગે તમારો હાથ જરા લંબાવીને જે માણસ તમારી અને તમારી જાગીરી અને મોટી દોલત મેળવવાની ઉમેદની વચ્ચે અડચણ કરતા છે, તેને પેલા કરાડા ઉપરથી નીચેની ઉંડી ખોમાં ધકેલી મુકશો?"

"અરે રાક્ષસી જેવી તું કોણ છે કે આવો સવાલ પૂછે છે?" મહોબતરાય ઉભો થતાં બોલ્યો—"શું જામીનગીરી છે કે આ મુલાકાતમાં દગો નથી? અથવા તમારી ભાષાથી મને ફસાવવાનો ઇરાદો નથી?"

"જામીનગીરીમાં એજ કે આપણી વાતચિત સાંભળનાર કોઇ ત્રીજું માણસ અહીં હાજર નથી—અને આ મુલાકાતના સંબંધમાં જો તમારા વિષે કંઇ પણ વાત બહાર બીજાને કહું, તો તે વિષે તમે બેધડક ઇનકાર કરી શકો તેમ છે." પેલી સ્ત્રીએ ભાર મૂકીને જણાવ્યું.

"એ તો ખરૂં." મહોબતરાય બોલ્યો. "વારૂ, તમે મને જે કહ્યું તે હું સમજ્યો છું—અને મને પોતાને તમારી આબરૂ—તમારી દયા ઉપર મૂકું

છું, હવે મારૂં કહેવું તમે સમજ્યાં? હવે તમને સંતોષ મળ્યો? ”

“ હું એવું સમજું છું કે અમુક હેતુ પાર પાડવાને માટે ગમે તે જાતનો ગુનો કરવાને તમે કદી અચકાશો નહિ. ” તેણીએ જવાબ આપ્યો– “ આ વિષે તમે મને વચન આપો, એટલે હું સંતોષ પામીશ. ”

“ લ્યો, મારૂં વચન છે. ” મહોબતરાયે સ્વાર્થમાં આંધળો બની કઠણ મન કરીને કહ્યું–“ એટલુંજ નહિ, પણ હું પ્રતિજ્ઞા ઉપર બંધાઉં છું. ”

“ હવે બરોબર છે. ” તેણી ભારે સંતોષથી બોલી. “ હવે જે શરતો એ હું તમને મદદ કરવા માગું છું તે સાંભળો–ચમકશો નહિ–મારી શરતો વિચિત્ર પ્રકારની છે–તે—”

“ જલદી બોલો, તે શું છે?” મહોબતરાય સંશયયુક્ત થઇ અધીરાઇમાં વચ્ચેજ બોલી ઉઠયો–“ તમારી શરતો શું છે?”

“કે તમે મારી સાથે લગ્ન કરો. ” પેલી પાકી સ્ત્રીએ તરતજ ઠંડે પેટે જવાબ દીધો.

“ અરે! બાઇ, તમે ગાંડાં થયાં છો કે શું? અથવા શું તમે મારા વિચારો અને મારી લાગણીઓની મશ્કરી કરો છો?” મહોબતરાય ખુરશીમાંથી એકદમ ઉછળીને આંખો પહોળી કરીને બોલ્યો.

“ હું જે કહું છું તે ખરૂંજ કહું છું. ” તેણીએ શાંત અને ઠરેલપણે જવાબ દીધો—“ તમે શાંતિ પકડો–બેસી જાઓ–અને હું કહું તે લક્ષપૂર્વક સાંભળો. ”

મહોબતરાય પાછો ખુરશીમાં ગોઠવાયો.

“ તમારી અને ધરણીધરરાયની જાગીરી તથા મિલકતની વચ્ચે આણંદરાય ઉભો છે. ” પેલી સ્ત્રીએ બોલવા માંડયું. “ તેથી આણંદરાયને આ દુનિઆમાંથી દૂર કરવો, એ તમારો હેતુ પાર પાડવાને માટે જરૂરનું છે. બીજી બાજુ જોતાં મને તેના તરફ હાડવેર છે, અને તે તેના મોતથીજ શાંત થશે– પણ જોરજુલમ અને છળકપટ કર્યા સિવાય તમે તેને તમારો ભોગ બનાવી શકશો નહિ–અને તેથી ગમે તે કરશો તોપણ તે વિષે તમારા ઉપર શક આવશે–હવે મારી બાબતમાં હું જ્યાં સુધી કુંવારી અને એકલી છું, ત્યાં

સુધી મારાથી કંઇ થઇ શકે એમ નથી—માટે આપણે બે ભેગાં મળીને આપણું કામ પૂરૂં પાડી શકીશું. તેનું પરિણામ એકજ આવશે—તમારી ઉમેદો બર આવશે—મારૂં વેર લેવાશે—કેમ, મહોબતરાયજી, હવે તમે મારૂં કહેવું બરાબર સમજ્યા ?"

"હા—" તેણે ઉદાસીનપણે જવાબ દીધો. "પણ આપણે લગ્ન સંબંધથી શું સુખ ભોગવીશું ?"

"સુખ ?" તે સ્ત્રી તિરસ્કારપૂર્વક બોલી. "સંસારી સુખની આપણે ઓછીજ દરકાર રાખીએ છીએ—આપણા હેતુઓ મોટા છે—તમારે તમારી ભારે ઉમેદ બર લાવવી છે—મારે મારૂં વેર લેવું છે—તમે તમારો હેતુ પાર પાડશો—અને હું મારૂં વેર લઇશ—જો આ આપણા જૂદા જૂદા પણ સામાન્ય હેતુઓ પાર પડશે, તો પછી ધણીધણીઆણી તરીકે આપણે એકબીજાને માફક આવીશું કે નહિ, તેની શું દરકાર છે ? પણ તેથી ઉલટી રીતે, આપણે બન્નેએ પોતપોતાની મરજી મુજબ, અને પસંદગી પ્રમાણે ચાલવાની છૂટ રાખવી—તમને જો ગમતું હોય તો તમારે ગમે તેટલી સ્ત્રીઓની સાથે પ્રીતિ કરજો—પણ તે પ્રમાણે મારે બીજા મારા મનગમતા પુરૂષો સાથે ગમે તે પ્રકારનો સ્નેહ સંબંધ હોય, તો તે વિષે તમારે મને ઠપકો આપવો નહિ. પણ જો કદાચ અનુભવથી આપણે એકબીજાને ચાહતાં શીખીશું-જો આપણું સામાન્ય મહત્વનું કામ કરવામાં તમારી હિંમત મારૂં અંતઃકરણ જીતી લેશે—અને મારી ખૂબસુરતી ઉપર તમને મોહ ઉપજે—તો પછી બધાં સારાં વાનાં થશે—કારણ કે તમે જોશો કે હું ઘણીજ ખૂબસુરત છું—દુનિઆ એવું કહે છે—અને તેથી તે વિષે મને તમારી સ્ત્રી કરવાથી તમને શરમાવાનું કારણ રહેવાનું નથી."

"પણ આણંદરાય ઉપરનું તમારૂં વેર ક્યાંથી ઉત્પન્ન થયું ?" મહોબતરાય આ બધું લાંબુ લાંબુ છટાદાર ભાષણ સાંભળી આભો બની ગયો હતો, તેણે હવે પૂછવાની હિંમત કરી—"તે તમારા આટલા બધા ધિઃક્કારને પાત્ર શી રીતે થયો ?"

"ત્યારે તમારે ખરી હકીકત જાણવી છે ?" તેણીએ જંગલીપણે હ-

સતાં કહ્યું. "અહા ! એક સ્ત્રી, જે પુરૂષને પરણવાની માગણી કરે છે-તેણીએ પોતાની છૂપી વાત-પોતાની શરમની-પોતાની ગેરઆબરૂની વાત, તેને મોઢેજ કહેતાં કેવું લાગે ? છતાં આપણી વચ્ચે જે-વાતચિત જે-શરતો અને જે કરારો થાય છે-તે વખતે ખોટી શરમને તાબે થઇને હું મારી હકીકત પડદામાં રાખવા માગતી નથી-ત્યારે, મહોબતરાય, " તેણીએ ધીમા સાદે કહ્યું. " ટુંકામાં એટલુંજ કે આ આણંદરાયે મને સતીત્વથી ભ્રષ્ટ કરી છે, અને તેથી તેના ઉપર જીવલેણ વેર લેવાની મેં પ્રતિજ્ઞા લીધી છે."

" મને એમ લાગતું હતું કે આણંદરાય એક વખત એક ખાનદાન કુટુંબની મંજુલા નામની ખૂબસુરત બાળા સાથે પ્યારમાં પડયો હતો. " તે બોલ્યો " ખરેખર, તમે કરણરાય જાગીરદારની ભાણેજ-તે મંજુલા તો નહિ હશો ? "

" હવે વધારે ગુપ્ત ભેદ રાખવાની જરૂર નથી " તેણી બોલી " હાં, હું તેજ મંજુલા છું. "

એમ કહેતાંની સાથે તેણીએ પોતાના ચહેરા ઉપરથી બુરખો કાઢી નાખ્યો, અને પોતાના અપૂર્વ સૌંદર્યની મોહિની મહોબતરાયની આંખો આગળ ખડી કરી. તે બિચારો તો ખરેખર આ ખૂબસુરતીથી અંજાઇ ગયો-ઝંખવાઇ ગયો. તેણે મંજુલાને માટે ઘણી વખત સાંભળ્યું હતું. તેણીની ખૂબસુરતીની ખ્યાતિ તેને કાને ઘણીવાર આવી હતી; પણ તેણીને કોઇ વખતે નજરે જોઇ નહોતી. તેથી જ્યારે તેણે આવી અનુપમ-ખૂબસુરત પરી સમાન તેણીને જોઇ, ત્યારે તેણીને પરણીને સ્ત્રી કરવાને લલચાયો; છતાં પાછો બીજા વિચારે આવી સફેદ ચામડીમાં છુપાયેલી ઝેરી નાગણને પોતાના પાસામાં લેવાને ભયભિત થયો; પણ અફસોસ ! કે તેજ વખતે તેની મોટી મોટી આશાઓ-જાગીરી મળવાની લાલચ-મોટી દોલતનો લોભ-તેની આંખો આગળ આ સર્વ નાચી રહ્યું. છેવટે મંજુલાનો હાથ લઇને તે બોલ્યો-" મંજુલા ! તું ખરેખર, ઘણીજ ખૂબસુરત છે, અને હું તને ચાહું છું."

" ત્યારે હવે જ્યારે આપણે બધી બાબતો ઉપર નિશ્ચય કર્યો છે, " તેણી મંદ હાસ્ય કરતી બોલી-" તો એક બીજાની નિમકહલાલીની જામીન-

ગીરી આપતાં વાર લગાડવી નહિ જોઇએ. અહિંથી થોડે દૂર એક ઠેકાણે જઇ એક બ્રાહ્મણને બોલાવીને આપણાં લગ્નની ક્રિયા કરી લઇએ. ચાલો, શું તમે હજુ અચકાઓ છો ?"

"બિલકુલ નહિ," તેણે જવાબ દીધો, "પણ હું વિચાર કરૂં છું કે આવું પગલું એકદમ ભરવામાં દુનિઆ અજાયબ થશે. મારી પુત્રીઓ પણ..."

"આપણે દુનિઆની દરકાર રાખવાની નથી." બુંકાડો મારતી પેલી સ્ત્રી–હવે તેણીને મંજુલાના ખરા નામથી બોલાવીશું.– તે વચ્ચેજ બોલી ઉઠી. "અને શું તમારી પુત્રીઓ તેમના પિતા તરફ તિરસ્કારથી જેવા હિંમત કરી શકશે? અથવા શું તેમની સાવકી મા કે જેણીને તમે ચાહશો તેણીના તરફ તેઓ મગરૂબી બતાવશે ?"

"ના–ના–એમ તો નહિ બને." મહોબતરાયે કહ્યું, "પણ આ પગલું ભરવામાં એક બીજી અડચણ છે."

"તે શું ? બોલી નાખો." મંજુલાએ અધીરાઇથી પુછ્યું.

"તું કદાચ જાણતી હોઇશ કે મારી આવકને માટે હું ધરણીધરરાયની મહેરબાનીનો આભારી છું." તેણે કહ્યું "અને જો આ લગ્નથી તેમને ખોટું લાગે–અથવા આણંદરાયને આ લગ્નથી કોઇ શક ઉત્પન્ન થાય–તો–"

"તો તમારી આવક બંધ થાય એમજ કે ની ?" મંજુલાએ તેને બોલતો અટકાવીને કહ્યું, "પણ એ બાબતમાં તમે નિરાંત રાખો. મારે સારા મિત્રો છે, અને મારી પાસે પૂરતા પૈસા છે."

"હા, હું જાણું છું કે તારા મામા કરણરાય શ્રીમંત છે." તે બોલ્યો. "પણ મને ધાસ્તી છે કે આ સંબંધથી તે પણ નારાજ થશે; અને મારી માફક તને મળતા પૈસા પણ બંધ કરશે."

"હું કરણરાય અથવા પ્રમિલાદેવી તરફથી એક પાઇની પણ દરકાર રાખતી નથી." મંજુલા ઉશ્કેરાઇને બોલી "અને ઇશ્વરનો આભાર માનું છું કે હું તેમની જરાપણ ઓશીઆળી નથી. મારે બીજા મિત્રો છે, અને તેઓ કંઇપણ કારણ જાણવાની દરકાર રાખ્યા સિવાય મારે જોઇએ તેટલા પૈસા મને પૂરા પાડે છે. લ્યો, જુઓ." તેણીએ સોનાની મહોરો તથા નોટોની

કોથળી બતાવતાં કહ્યું "આ પાંચ હજાર રૂપીઆ છે. તે આપણને ઘણો વખત ચાલશે. જ્યારે પુરા થશે ત્યારે બીજા પૈસા હું મેળવીશ."

"પણ હું શી રીતે જાણી શકું કે તારા મિત્રો પણ આ આપણો સંબંધ પસંદ કરશે?" મહોબતરાયે અંદરખાનેથી પોતાને અણગમતો પ્રસંગ જેમ બને તેમ દૂર ખસેડવા પ્રયત્ન કરતાં એક પછી એક અડચણો બતાવવા માંડી.

"હું મારો હેતુ પાર પાડવાને ગમે તે કરૂં, તે મારો કોઇપણ મિત્ર નાપસંદ કરે એમ નથી એવી મારી ખાત્રી છે." તેણીએ દૃઢતાથી કહ્યું. "હવે તમારી બધી હરકતો દૂર થઇ કે નહિ? અથવા હજુ બીજી કંઈ હરકત બતાવવાની છે?"

"ના, હવે કંઇ નથી." મહોબતરાય લાચારીથી લાલચને વશ થતાં-એક માણુસ પોતાનો પવિત્ર આત્મા જેમ પિશાચને વેચે-તેવી દૃઢતાથી બોલ્યો.

મંજુલાએ પોતાનો બુરખો માથા ઉપર નાખ્યો, અને બહાર નીકળી. મહોબતરાયે થોડીવારમાં તેણીને રસ્તામાં અમુક જગોએ મળવાનું વચન આપ્યું. તેણે જલદીથી પોતાનાં કપડાં પહેરી લીધાં, અને પોતાની વહાલી પુત્રી કળા-કે જે દીવાનખાનામાં બેઠી હતી-તેણીને પોતાના ઇરાદા વિષે કંઇ પણ કહ્યા વગર, ઉતાવળથી પોતાની કરવા ધારેલી પત્નીને ઠરાવેલે ઠેકાણે મળવા બહાર નીકળી ગયો;-એક ભાડાની ગાડી કરીને બન્ને જણ આવું કહેવાતું લગ્ન કરવા ચાલ્યાં.

પ્રકરણ ૩૬ મું.

કળા.

આપણે જોયું છે કે મહોબતરાય અને મંજુલાની વાતચિત બીજા ઓરડામાં ચાલતી હતી, ત્યારે કળા એકલી દીવાનખાનામાં હતી. મંજુલાના ગયા પછી મહોબતરાય બહાર ગયો ત્યારે પણ

કળા ત્યાંજ હતી. અને તેણી પોતાના શોકાતુર વિચારોમાં એટલી ગરકાવ થઇ ગઇ હતી કે તેણીના પિતાના ચહેરા ઉપર ફેરફાર થયેલો દેખાવ, તેણીનું ધ્યાન ખેંચી શકયો નહિ. જ્યારે મંજુલા આવી ત્યારે કળા બારી- એ જોવા ઉઠી હતી, પણ બહાર કોઇ ગાડી નહિ જોવાથી, અને એ સ્ત્રીને પગે ચાલતી આવતી જોવાથી તેણી પાછી પલંગમાં જઇને પડી હતી. તે ઉપરથી આપણે ધારી શકી શું કે, તેણી કોઇની રાહ જોતી હતી, પણ તે કોઇ નહિ આવવાથી નિરાશ થઇ હતી. અને પાછી પોતાના દિલગીરી ભરેલા વિચારમાં પડી હતી, છતાં વારંવાર ઘડિઆળ સામું જોતી હતી.

આખરે બપોરનો વખત થવા આવ્યો, અને તેણી અધીરી બની વધારે સંશય યુક્ત થતી ગઇ.

પોતાના ગજવામાંથી એક ચિઠ્ઠી કાઢીને તેણીએ ધ્યાનપૂર્વક વાંચી- વાંચતાં વાંચતાં આંખોમાંથી છૂપી રીતે આંસુ પડતાં જણાતાં હતાં, અને તેથી કાગળ પણ પલળી ગયો.

તે ચિઠ્ઠી નીચે મુજબની હતી.

"અજય મહેલ.

"કળા સુંદરી.

એક ઘણીજ નાખુશ બાબત વિષે લખતાં મને ઘણી દિલગીરી થાય છે. પણ હું તમને અરજ કરૂં છું કે તમે શાંતિ ધારણ કરી જયચંદ્રરાય જે સારી સલાહ આપે તે સાંભળજો. ગરીબ બિચારી કુસુમ હમણાં મારી પાસે આવી હતી. તેણી આ પગલું ભરવાની હતી, તે તમે બેશક જાણતાં હશો-શું મારે તમને એવી ખાત્રી આપવાની જરૂર છે, કે મેં તેણીને માયાથી આવકાર આપ્યો હતો, અને મારાથી બની શકે તે પ્રમાણે મેં તેણીને શાંત થવા તજવીજ કરી હતી? પણ તેણીનો આવેશ ઘણોજ ધાસ્તી ભરેલી રીતે વધી ગયો; પરિણામે તેણીની તબિયત બગડી-સુભાગ્યે તેજ વખતે પુષ્પાવતીદેવી આવી પહોંચ્યાં-(અને હું ઘણો ખુશી થયો છું કે તમને તેમની સાથે સારૂં ઓળખાણ છે.) અને તેમણે કુસુમને પોતાની સાથે લઇ જવાની ખુશી બતાવી-હું તેમ કરવા દેવા કબુલ થયો,-તે એવી ધાસ્તીથી

કે રખેને કુસુમ ઘેર જાય તો તમારા પિતા બધું જાણી જાય-પુષ્પાવતીદેવી, પોતાની એક બંગલી શહેરથી બહાર એક એકાંત જગોએ છે, ત્યાં કુસુમને લઇ ગયાં છે-અને બે ત્રણ દિવસમાં તેણી ત્યાં સારી થઇ જશે-જે વખતે પુષ્પાવતીદેવી કુસુમને લઇ ગયાં, તેજ વખતે જયચંદ્રને મેં તેડાવ્યા; અને જે બન્યું હતું તે તમામ ખુલ્લી રીતે મેં તેમને કહી દીધું-કારણ કે અહીં બનેલી હકીકત તમને ગભરાવે નહિ એ રીતે ધીમેથી કહેવાને એજ લાયક હતા; અને તમારી બેનની ગેરહાજરી વિષે તમારા પિતાને શું કારણ બતાવવું, તે વિષે યોગ્ય સલાહ તેજ તમને આપી શકશે, એમ મને લાગ્યું. તેમણે આ કામ ખુશીથી માથે લીધું-પણ તમને મારે એક ચિઠ્ઠી લખીને તેમને આપવાનું તેમણે મને કહ્યું, તેથી આ લખી છે.

મારે કહેવું જોઇએ કે પુષ્પાવતીદેવીએ આજથી ત્રીજે દિવસે બપોરે તમને મળવાનું મને વચન આપ્યું છે, કે જેથી તમારી વહાલી બેનની તબિયત વિષે તે તમને કહે, અથવા જો તેણી સારી થઇ હોય, તો તમારી પાસે લાવે.

ઉપરની છેલ્લી વાત ખરી પડે, એવું હું મારા ખરા અંતઃકરણથી ઇચ્છું છું.

તમારો સાચો સ્નેહી,

અજબ."

હવે વાંચનારના જાણવામાં આવ્યું હશે કે કળા જે કાગળ હાલ વાંચતાં રહતી હતી, તે ઉપર પ્રમાણે અજબકુમારનો કાગળ હતો. તે કાગળ ત્રીજા દિવસ ઉપર લખેલો હતો, અને જે દિવસે કુસુમવાળો છેલ્લો બનાવ અજબમહેલમાં બન્યો હતો, તે દિવસે તે બનાવ બન્યા પછી બે કલાકે લખ્યો હતો. એટલે આ કાગળ આવ્યાને આજે ત્રીજો દિવસ થયો હતો. અને અત્યાર સુધી તો કેટલીએ વાર કળા તે ફરી ફરીને વાંચી ગઇ હતી.

છતાં હાલ આ કાગળ ફરી વાંચવાનું શું કારણ હશે? કારણ માત્ર એજ કે કળા પોતાની ખાત્રી કરતી હતી કે પુષ્પાવતીદેવીએ તેણીને મળવા આવવાનો આજે બપોરનો વાયદો હતો-કે જેને માટે આપણે તેણીને ઘણી અધીરાઇથી વાટ જોતી વિચારમાં બેઠેલી આપણે જોઇએ છીએ.

ભાગ્યેજ તેણી કાગળ પુરો વાંચી રહી, કે આગલે બારણે એક ગાડી ઉભી રહેવાનો અવાજ સંભળાયો. કાગળ ગજવામાં નાખીને તેણી એકદમ બારીએ દોડી; અને બહાર નજર પડતાં તેણીના શોકાતુર ચહેરા ઉપર કંઇક સ્મિત સ્ફૂરી આવ્યું, કારણ કે તેણીએ પોતાના વહાલા જયચંદ્રને ગાડીમાંથી ઉતરતાં જોયો. થોડીવારમાં તો તે કળાની પાસે આવી પહોંચ્યો, અને તેણીને વહાલથી પ્રેમાલિંગન આપ્યું.

"કુસુમની શી ખબર છે, વહાલી કળા?" જયચંદ્રે તેણીને એક પલંગ ઉપર બેસાડી પોતે પાસે બેસતાં પૂછ્યું; પણ તેણીના ચહેરા ઉપર, થોડીવાર ઉપર તેણી રડી હોય એવાં ચિન્હ જણાયાથી તે બોલી ઉઠયો. "અફસોસ! કંઈ સારી ખબર નહિ હોય એવી મને ધારતી લાગે છે–પણ વહાલી કળા, મને કહે કે ત્યાર પછી બીજી કંઇ વધુ ખબર સાંભળી છે?"

"કશી નહિ, વહાલા ચંદ્ર." કળાએ જવાબ આપ્યો—"તમે જાણો છો કે પુષ્પાવતીદેવી આજે આવવાનાં હતાં, પણ બપોર થઇ ગયા છતાં હજુ આવ્યાં નથી."

"દેવી આવશેજ, વહાલી કળા." બહુજ વહાલથી તેણીને પટાવતો જયચંદ્ર બોલ્યો. "સારાની આશા આપણે રાખીશું."

"અરે, રે! મારી બેનના અજબકુમાર સાથેના નાશકારક પ્યારને માટે આશા રાખતાં હું કંટાળી ગઇ છું." તેણીએ પોતાના વહાલાના ખભા ઉપર માથું નાખીને જવાબ દીધો. "પરિણામની મને ભારે ધાસ્તી છે–જો પુષ્પાવતીદેવી નહિ આવે તો હું શું કરીશ? અથવા તો કુસુમ શાંતપણે અને સારી તનદુરસ્તીમાં ઘેર નહિ આવે તો ભય ભરેલી સ્થિતિમાં હું શું કરીશ? શું મારે તેણીની પાસે દોડી જવું ન જોઇએ? તેણીને મારે દિલાસો આપવો ન જોઇએ? છતાં મારા પિતાની પાસે તેની એક પણ પુત્રી હોયા સિવાય હું તેમને શી રીતે એકલા મૂકી શકું? વળી મારા એ પગલાથી એમને હજારો જાતના શક ઉત્પન્ન થાય, એ પણ સંભવિત છે."

"પણ મહોબ્બતરાય તો જાણે છે કે કુસુમ તો પુષ્પાવતીદેવી સાથે રહી છે, નહિ વારુ?" જયચંદ્રે પૂછ્યું.

"હા, કળાએ જવાબ દીધો," પણ તેણીની માંદગી વિષે હજુ તેમને કશો શક પણ ગયો નથી. તેમ તેણીના મગજ ઉપર કોઇ પ્રકારનો બોજો છે, એમ પણ તે જાણતા નથી. અને મને લાગે છે, મારા ચંદ્ર, કે જાણે હું મારા પિતા સાથે ઘણો દગા ભરેલો ભાગ ભજવું છું." કળા ખરેખર અંતરની શોકાતુર લાગણીથી બોલી— "તેમનાથી ખરી હકીકત છુપાવવાને માટે મારે ઘણું જુઠું બોલવું પડે છે, અને તેમને છેતરવા પડે છે, તે મને ઘણું લાગે છે. છતાં ખરી હકીકત કહેવાની મારી હિંમત ચાલતી નથી, કારણ કે જો એક વખત તેમનો જરાપણ શક ઉશ્કેરાયો, તો આ દિલગીરી ભરેલી બાબતમાં જરાએ જરા ઊંડા ઉતરીને દરેક હકીકત શોધી કાઢયા વગર રહેશે નહિ. વળી મને ગભરાવાને બીજું પણ કારણ છે. કુસુમની તબિયત કેટલે દરજ્જે બગડી છે, તેની મને પણ પૂરી ખબર નથી. ગયે ત્રીજે દીવસે અજબકુમારનો કાગળ તમે મને આપ્યો હતો, ત્યારથી મને ઘણો શક જાય છે કે, અજબકુમાર લખે છે તેના કરતાં કુસુમની તબિયત વધાર ખરાબ હશે. તમને તેણે શું કહ્યું હતું, વહાલા ચંદ્ર! તમે માનો છો કે તેણે બરોબર ખરી હકીકત કહી હતી, અને વધારે ભય ભરેલી કંઇ હકીકત છૂપાવી નથી?"

"તારા કાગળમાં અજબકુમારે જે લખ્યું છે, તેજ પ્રમાણે મને તેણે જણાવ્યું હતું, વહાલી કળા—" જયચંદ્રે જવાબ દીધો. "તેણે મને જે જે કહ્યું તે શબ્દે શબ્દ મેં તને કહ્યું હતું. છતાં જો તારી મરજી હશે તો ફરીથી તને કહીશ."

આ વખતે આગલો દરવાજો જોરથી ખખડયો. કળા બારીએ દોડી. એક ભભકાદાર ગાડી બહાર ઉભેલી જોઈ. અને પુષ્પાવતી દેવીને ગાડીમાંથી ઉતરતાં જોઈ. કળાનું અંતઃકરણ દબાઈ ગયું, કારણ કે કુસુમ નહોતી.

પુષ્પાવતીદેવી દીવાનખાનામાં આવી.

"હું ખુશી થઇ છું કે તમે અહીં છો, ભાઇ જયચંદ્ર." પહેલાજ શબ્દો પુષ્પાવતીદેવીના મોંઢામાંથી નીકળ્યા, અને પછી કળાનો હાથ લઇને

માયાળુપણાથી બોલી. "મારી વહાલી કળા, હું તને બીન જરૂરીઆત શંકામાં વધારે વખત રાખીશ નહિ—"

"નહિ, નહિ, ઇશ્વરને લેખે ખરેખરૂં કહી દો." તે બિચારી બાળા આખે શરીરે ધ્રુજતાં વચ્ચેજ બોલી પડી. "મને લાગે છે કે મને કંઇ વધારે નઠારી ખબર કહેવાની છે."

"અફસોસ! હું ઇચ્છું છું કે તને સારી ખબર આપી શકું!" પુષ્પાવતીદેવી બોલી. "પણ કુસુમને સારૂં નથી—જખમ ઘણો સખત લાગ્યો છે."

"પણ તેણી જીવે છે?" કળાએ ગભરાતાં પૂછ્યું, કારણ કે તેણીને લાગ્યું કે તેણીની વહાલી બેન જીવતી નહિ હોય અને દેવી ધીમે ધીમે તે વાત કહેવા માગે છે.

"અરે! એવા ભયંકર પરિણામનો શક રાખીશ નહિ." પુષ્પાવતીદેવી તેણીના વિચારો કળી જતાં બોલી. "હા—કુસુમ જીવે છે, અને ઇશ્વરનો આભાર માનવાનો છે કે શરીરે સારી પેઠે છે."

"ઓ, પ્રભુ! ત્યારે તો ભયંકર સત્ય મને સમજાય છે." કળા એકદમ ચીસ નાખીને બોલી. "તેણી પોતાનું ભાન ખોઈ બેઠી છે. તેણીનું મગજ જતું રહ્યું છે. ઓ, પરમાત્મા! હવે હું સઘળું સમજી છું. અને તમે, દેવી, બીજું કંઇ બોલતાં નથી. અફસોસ! ઓ! મારી ગરીબડી બેન, તને નાશ કરનારે તને કેવું દુઃખ આપ્યું? તેણે તને કેટલે દરજ્જે હેરાન કરી? ખરેખર તારો પૂર્વજન્મનો વેરી હશે? ઓ, પ્રભુ! વહાલી કુસુમ! તું આગળથીજ કહેતી હતી કે, આના પરિણામમાં આપઘાત કે ગાંડપણ છે. તારી ભવિષ્ય વાણી આખરે ખરી પડી! ઓ, દયાળુ પ્રભુ! હવે હું શું કરૂં! ક્યાં જાઉં? અરે, એ તારા પૂર્વજન્મના દુશ્મન ઉપર વેર—ના, ના—વેર નહિ પણ દયા, કે જે હું એ અજબકુમાર પાસે મારી ગરીબડી અને નાશ પામેલી કુસુમને માટે ખોળા પાથરીને માગું છું."

આ પ્રમાણે આક્રંદ કરતી કળા ઘુંટણુંમંડીએ પડી, મોંઢે હાથ દાબીને ધ્રૂસકે ધ્રૂસકે પુષ્કળ રડી.

"તેણીને રડવા દો, જયચંદ્ર." જયચંદ્ર તેણીને ઉઠાડવા જતો હતો,

તેને તેમ કરતાં અટકાવીને પુષ્પાવતીએ કહ્યું. "આ પ્રમાણે રડીને દુઃખ બહાર પડવાથી તેણી કંઇક શાંત થશે."

અને કેટલાક વખત સુધી કળા રડતી પડી રહી. પછી એકદમ પોતાનું માથું ઉંચું કરીને પુષ્પાવતી દેવીના સામું જોઇને બોલી. "મારો ભયંકર શક ખરો છે કે કેમ, તે તમે હજુ મને કહ્યું નથી. કદાચ મારો શક ખોટો હોય-ઇશ્વર કરે ને તેમ હોય. શું, મારી બેનની લાગણી એટલી બધી ઉશ્કેરાઇ ગઇ છે કે તેણીએ પોતાની મગજ શક્તિ ગુમાવી દીધી? ઓ! વહાલાં દેવી! મને કહો. જે ખરાબમાં ખરાબ-પણ ખરૂં હોય તે મને જણાવો.-મને ટળવળાવો નહિ-અને મારી ભયંકર ફિકરમાંથી મને ખાત્રી આપીને મૂક્ત કરો."

આમ બોલતાં તેણી પુષ્પાવતીદેવીને વળગી પડી. તેણીનો ચહેરો ઘણોજ દુઃખી દેખાતો હતો.

"મારી વહાલી બાળા," પુષ્પાવતીદેવી ખરેખરી ઉંડી શોકની લાગણીથી બોલી. "તારૂં અનુમાન ખરૂં છે, પણ હું કહું છું કે ઇશ્વરને લેખે શાંત થા."

"ના-ના-હવે મને શાંતિ નહિ થાય." કળા એકદમ ઉભી થઇને બોલી. "હવે કંઇપણ કરવું જોઇએ. એક દૃઢ રસ્તો પકડવો જોઇએ. મારા પિતાને હવે હું વધારે વખત છેતરી અંધારામાં રાખી શકીશ નહિ. હાલ તે ઘરમાં નથી-પણ હમણા આવશે. અને ત્યારે-" તેણી એકદમ આવેશમાં આવી જતાં બોલી. "હું તેમને પગે પડીશ. બધું તેમને કહીશ-અને મારી ગરીબડી અને દુઃખી બેનને માટે માફી માગીશ."

તેણી બોલતાં અટકી-બેઠી-અને વિચારમાં પડી.

આખરે જયચંદ્ર તેણીની પાસે આવ્યો, અને તેણીનો હાથ લઇને બોલ્યો. "મારી વહાલી કળા, હું આજીજી કરીને કહું છું કે તું શાંત થા. તું ધારે છે એટલું બધું ખરાબ પરિણામ નહિ હોય."

"મારી ગરીબડી બેનની આથી કેવી વધારે ખરાબ સ્થિતિ થવાની હતી?" તેણી દુઃખી લાગણીથી બોલી, અને પાછી ચોધાર આંસુએ રડી પડી.

"મારી મધુરી સખી, હું કહું તે સાંભળ." થોડીવારે કળા રડીને શાંત પડી ત્યારે પુષ્પાવતીદેવીએ તેણીની પાસે બેસીને તેણીનો હાથ લઇ તેણીને સમજાવવા માંડી. "હું જાણું છું કે તું દૃઢ મનની અને તીક્ષ્ણ બુદ્ધિની છે. અને મારી ખાત્રીમછે કે આ આવી પડેલા દુ:ખની સામે તું હિંમતથી બાથ ભીડીશ. હું જાણું છું કે તમે બે બેનો વચ્ચે એવો પ્યાર છે કે જે દુ:ખ એકને થાય, તે બીજીને પણ થાય, તેથી તારી બેનને દુ:ખ થાય છે તો તને થવું જોઇએ, એમાં શક નથી. પણ હવે કયો રસ્તો ડહાપણ ભરેલો છે, તેનો શાંતચિત્તથી વિચાર કરવાનો છે. આ દુ:ખકારક બનાવ જેમ બને તેમ ઢાંકી દેવો જોઇએ, અને કુસુમની માંદગીનું કારણ દુનિઆને જાણવા દેવું ન જોઇએ. તેણી હાલ સગવડતાવાળા એકાંત વાસમાં છે, અને તેણીની દરેક જાતની સારવાર થાય છે. તેણીની પાસે પૂરતાં માણસો છે. ટુંકામાં હું તને એટલુંજ કહીશ કે સાચામાં સાચા મિત્રો જેટલું કરી શકે, અને તેણીની હાલની સ્થિતિમાં જે જરૂરનું છે, તે તમામ મદદ તેણીને મળે છે. એક હોશીઆર દાકતર તેણીની દવા કરે છે; અને તેણે ગઇ સાંજેજ મને ખાત્રી પૂર્વક જણાવ્યું હતું કે થોડા દિવસમાં તેણીનું મગજ પાછું ઠેકાણે આવી જશે—જો વચ્ચે કંઇ હરકત ન નડે તો—તેથી મારી વહાલી કળા, હાલ તેણીને મળવું, એ ગેર ડહાપણ ભરેલું છે. અજબકુમાર ઉપર વેર લેવાના વિચારની બાબતમાં પણ તારી સુબુદ્ધિ તને જણાવશે કે તે વિચાર કેટલો નકામો છે. તેનું પરિણામ માત્ર તારી દુ:ખીઆરી બેનની ગેરઆબરૂ દુનિઆને જાહેર થવામાં આવશે. હવે તારા પિતાની બાબતમાં, હું મારી જાતેજ આ દુ:ખકારક સમાચાર તેમને જણાવવાનું માથે લઇશ. અને હું ખાત્રી પૂર્વક કહું છું કે તે પોતાની દુ:ખી દીકરીને મારી આપશે. તેં તે હકીકત છૂપાવી રાખી તે બદલ તને પણ માફી આપશે."

"દેવી ખરૂં, અને હાલના સંજોગોને અનુસરતું કહેછે, કળા." જયચંદ્ર બોલ્યો. "અને તારી આ તમામ ભાંજગડ તેમના હાથમાં મૂકી દેવી એજ તારે માટે સારૂં છે."

"હા, વહાલાં જયચંદ્ર, તમારી સલાહ બરોબર છે, અને હું તે અ-

માણે ચાલીશ." કળાએ જવાબ દીધો, પછી પુષ્પાવતીદેવી તરફ વળીને કહ્યું. ' અને વહાલાં દેવી, આપ આ દુખઃકારક પ્રસંગમાં જે માયા ભરેલો ભાગ લ્યો છો, તેને માટે હું આપની હમેશની આભારી છું. પણ હવે મારી બેન વિષે મને કહો. તેણી શોકાતુર અને ઉશ્કેરાયેલી રહે છે? અને તે ક્યાં છે?"

"શહેરથી થોડે દુર મારી એક બંગલી છે, તેમાં હાલ કુસુમને રાખી છે." પુષ્પાવતી દેવીએ જવાબ દીધો. "તેણીના મગજની સ્થિતિ વિષે મારે કહેવું જોઇએ કે કેટલીક વખત તેણી ઘણી ઉશ્કેરાઇ જાય છે, અને કેટલીક વખત ઘણી નિરાશામાં પડી રેહે છે.

"હાય! મારી ગરીબડી કુસુમ!" કળા આંખમાં આંસુ સાથે એક હાય મારી બોલી.

"પણ હું તને કહી ગઈ છું તેમ તેણીની આસપાસ માયાળુ માણસો છે." પુષ્પાવતીએ કહ્યું. "એટલુંજ નહી, પણ સારામાં સારા એક દાક્તરને ખાસ રોકયો છે, અને મારી વહાલી કળા, ખાત્રી રાખજે કે જ્યારે દાક્તર તેણીની મુલાકાત કરાવવાની રજા આપશે, તેજ વખતે હું મારી જાતે આવીને તને મારી ગાડીમાંજ લઈ જઈશ."

આ પ્રમાણે પુષ્પાવતી દેવીએ અને જયચંદ્રે કળાને શાંત કરવા બને તે રીતે સમજાવી, અને એકાદ કલાકમાં તેણીના પહેલા દુઃખનો ઉભરો શાંત થયો. પછી તે વિષે તેમણે શાંતિથી વાતચિત કરવા માંડી. આ વાતચિત દરમિયાન પુષ્પાવતી દેવીએ એવું જણાવ્યું કે તેણીના પિતાને દિલાસો મળવા તેમને માટે તેણી કંઇ ખુશખબર લાવી છે.

આમને આમ ત્રણેક કલાક થઈ ગયા. અને ઘડિઆળમાં ચારના ટકોરા થયા. તે વખતે આગલે દરવાજે એક ભાડાની ગાડીમાંથી મહોબતરાય ઉતર્યો, પણ તેણે પાધરો દરવાજામાં આવવાને બદલે ગાડીમાંથી એક સ્રીને ઉતારી, અને પછી તેણીને સાથે લઇને ઘરમાં આવ્યો.

તરતજ મહોબતરાય અને મંજુલા દીવાનખાનામાં આવી પહોંચ્યાં. મહોબતરાયે મંજુલા તરફ હાથ કરી કળાને કહ્યું. "મારી વહાલી પુત્રી,

આ સ્ત્રીએ મારી સાથે લગ્ન કરીને મારા સુખ તથા સગવડમાં વધારો કરવા કબુલ કર્યું છે. માટે તારે હવે તેણીને આ ઘરમાં આવકાર આપવાનો છે—કે જ્યાં હવેથી તેણી પોતાની કુદરતી માયાભરેલી વર્તણુકથી ઘર ધણીઆણી તરીકે કારભાર કરવાની છે.

પ્રકરણ ૩૭ મું.

બદલાયેલી સ્થિતિમાં મહોબતરાય.

એકાએક આવી વિચિત્ર ખબર સાંભળ્યાથી કળાને કેવી અજાયબી થઈ હશે, અને તેણીના અંતઃકરણને કેવો સખ્ત ધક્કો લાગ્યો હશે તે કહેવું અશક્ય છે. તેણીના ચહેરાનો રંગ ઉડી ગયો, અને હાલ ચાલ વગર એક જડ પુતળાની માફક ઉભી રહી. તેણીની ખૂલ્લી આંખો મંજુલાના ઉપર ઠરી રહી. થોડીવારે એકાએક તેણીના ગાલ ઉપર લોહી ચઢી આવ્યું—છાતી ધબકારા લેવા લાગી, અને જાણે આવી નિર્દય અને ઘાતકી મશ્કરીનો તેણીને ભોગ કરી છે કે કેમ તે વાંચતી હોય, અને ખાત્રી કરતી હોય, તેમ તેણીની નજર તેણીના પીતા તરફ વળી ઠરી રહી.

જો કે આ દેખાવ જુજ વખતનો હતો છતાં મંજુલાના મગરૂબી મિજાજને તે માફક આવ્યો નહિ—ખાસ કરીને તો તેણીનાં ઓળખાણવાળાં પુષ્પાવતીદેવી અને જયચંદ્રની હાજરીથી—પણ તેણીએ પોતાનો જુસ્સો દબાવી રાખી દઢપણે કળાનો હાથ લઇને કહ્યું.—" મને નહિ તોપણ તારા પિતાને તું આવા માંગળિક પ્રસંગની મુબારકબાદી નહિ આપશે ? આપણે ઘણા હેલ પ્રીતથી રહીશું—વહાલી દીકરી, જ્યારે તું મને સારી રીતે ઓળખતી થઇશ, ત્યારે તું મને ચાહીશ, અને આપણો હળીમળી જઇશું. "

આ શબ્દોથી કળા પોતાની વિચારશૂન્ય અવસ્થામાંથી ઝબકી ઉઠી. અને તેણીને લાગ્યું કે તેણીના પિતાની ઇચ્છાને તાબે થવાની તથા તેણે

જે પગલું ભર્યું છે, તેને માન આપવાની તેણીની ફરજ છે. તેથી ભાગા તૂટા શબ્દોમાં મંજુલાને માન આવકારથી મુબારકબાદી આપી. પણ તેજ વખતે તેણીને યાદ આવ્યું કે જે વખતે તેણીનો પિતા આવી જુવાન ખૂબસુરત સ્ત્રીને પરણી લાવ્યો છે, તેજ તેણીની બેન સખ્ત દુઃખમાં પીડાતી હતી. આ વિચાર આવતાં તેણીની આંખમાં આંસુ આવી ગયાં, અને બોલતાં અચકી ગઇ–થોડાં પગલાં પાછી હઠી, તે વખતે જો જયચંદ્ર તેણીને ઝાલીને પલંગ ઉપર લઇ ગયો ન હોત તો તેણી જમીન ઉપર પડી જાત.

મહોબતરાયનો ચહેરો ગુસ્સાથી કાળો પડી ગયો–અને મંજુલા થોડી પળમાં હજારો વખત રાતી પીળી થઇ ગઇ,

પણ પુષ્પાવતી તેમની પાસે ગઈ, અને મંજુલાનો હાથ લઇને બોલી. "મારી વહાલી મંજુલા, તેં જે સંબંધ બાંધ્યો છે, તેને માટે હું તને મારા ખરા અંતઃકરણથી મુબારકબાદી આપું છું. કારણ કે બેશક તે જે કંઇ કર્યું છે તે તારા સુખનો વિચાર કરીનેજ કર્યું હશે. તારી મામી પ્રમિલાદેવીની જુની સખી તરીકે હું કુદરતી રીતે તારા ભલામાં રાજી છું, અને તેથી હું ખુશી થઇ છું કે આખરે અણીને વખતે મારા તરફથી મુબારકબાદી આપવાને હું અહીં હાજર છું. મહોબતરાયજી સાથે મારૂં ઓળખાણ કરાવ, મંજુલા." પુષ્પાવતીદેવીએ સ્મિત કર્યું."

એ પ્રમાણે ઓળખાણ કરાવ્યું–થયું; પછી પુષ્પાવતીદેવી કળા તરફ નજર નાખીને બોલી. "મહોબતરાયજી, તમારી પુત્રીની લાગણીનો તમે ખોટો અર્થ લેશો નહિ. તમારા સુખને માટે તમે જે પગલું ભરો, તેને માટે તેણી હમેશાં ખુશી થાય એવી એ ભલી, માન આપનારી, અને મમતાળુ છોકરી છે; તેથી જે હાલ તેણીનો ગભરાટ અને આવેશ જણાય છે, તે વિરૂદ્ધ વિચારથી છે એમ ગણવાનું નથી. ખરી હકીકત તો એવી છે, મહોબતરાયજી, કે હમણાંજ તેણીએ દુઃખકારક ખબર સાંભળી છે, અને પ્રસંગ એવો બન્યો કે તે નાખુશ ખબર હુંજ લાવી છું."

"નાખુશ ખબર!" મહોબતરાયે આશ્ચર્ય પામી પુષ્પાવતી તરફ આતુરતાભરેલી નજર નાખી ઉદ્ગાર કાઢ્યો.

"અફસોસ ! તેમજ છે." તેણીએ જવાબ દીધો. "અને એ નાખુશ ખબર તમને પણ સંબંધ કર્તા છે. પણ તેની સાથે મારે તમને કંઇ ખુશ ખબર પણ કહેવાની છે, અને તેથી થોડો વખત તમારી એકાંતમાં મુલાકાત ઇચ્છું છું."

આ ભેદ ભરેલા શબ્દોની અસર મંજુલા ઉપર કેવી થઇ છે તે જોવા મહોબતરાયે તેણીના તરફ જોયું. અને દુનિઆની અનુભવી પુષ્પાવતીને તરત લાગ્યું કે જે ખુશખબર કહેવાની છે, તે મહોબતરાયની પરણિયત સ્ત્રી થવાથી મંજુલાને પણ આવકારદાયક થશે—તેથી વખાણવા લાયક વિચારશક્તિથી તેણીએ યુક્તિપૂર્વક ફરીથી કહ્યું. "જ્યારે મેં તમારી એકાંતમાં મુલાકાત લેવા ઇચ્છા બતાવી, મહોબતરાયજી, ત્યારે આપણી વાતચિતમાંથી મંજુલાને બાતલ કરવાનો મારો ઇરાદો નહોતો, એટલે તમારી સાથે મંજુલાનો પણ સમાવેશ થાય છે."

આ સાંભળીને મંજુલાનો ચહેરો પ્રફુલ્લિત થયો, અને મહોબતરાય બન્નેને લઇને પોતાના ખાનગી ઓરડામાં ગયો; જ્યારે જયચંદ્ર પોતાની વહાલી કળાને દિલાસો આપવા તેણીની પાસે રહ્યો.

મહોબતરાયવાળા ઓરડામાં ત્રણે જણે પોતપોતાની બેઠક લીધા પછી, પુષ્પાવતીદેવીએ પેલાં બન્નેને ઉદ્દેશીને કહેવા માંડ્યું—"હું ઇસારો કરી ચૂકી છું કે મારે જે હકીકત જણાવવાની છે, તે બે જાતની છે. એક બાજુ મોટી આફતની વાત છે—ત્યારે બીજી બાજુ મોટી અજાયબી પમાડે તેવી—તમારૂં સુભાગ્ય ખુલવાની ખબર છે. તો પણ, મહોબતરાયજી, હું આગળથી કહું છું કે પહેલી માઠી ખબરના પૂરેપૂરા બદલા તરીકે બીજી સારી ખબર છે, એમ કહીને હું તમને અપમાન પહોંચાડીશ નહિ—પણ તમે દુનિઆદારીના અનુભવી છો, અને માણસ જાતના અંતઃકરણમાં જે જે મોટી ઉમેદો થાય છે, તેવી ઉમેદો તમે પણ બેશક ધરાવતા હશો. અને તેથી જે ખુશ ખબર હું લાવી છું, તે પેલી માઠી ખબરના કંઇક બદલા તરીકે અને કંઇક દિલાસા તરીકે ગણશો."

આ લાંબી પ્રસ્તાવનાથી મહોબતરાય ઘણો ભયભિત રીતે સંશયયુક્ત

થયો, અને ઇન્તેજારી વધતાં તેણે ધ્રૂજતે સાદે અધીરાઇથી કહ્યું. "હું વિનંતિ કરૂં છું કે જે હોય તેનો જલદીથી ખુલાસો કરો."

"પહેલું તો એક," તેણીએ કંઇક અચકાતાં અચકાતાં જવાબ દીધો. "તમારી મોટી દીકરી કુસુમ વિષે નાખુશ સમાચાર તમારે સાંભળવાના છે."

"હેં ! તેણીનું શું છે ?" મહોબતરાયે એક પિતા તરીકેની દુ:ખી લાગણીના ઝટકાથી પૂછ્યું.

"તમારી પુત્રી-તમારી મોટી પુત્રી-" પુષ્પાવતીદેવીએ વધારે ગંભીર બનીને જણાવ્યું "તમારી વહાલી અને સ્વરૂપવાન કુસુમ સતીત્વથી ભ્રષ્ટ થઇ છે."

"તદ્દન અશકય !" જાણે એકાએક બંદુકની ગોળી લાગી હોય તેવા ઝાટકાથી એકદમ ખુરશી ઉપરથી ઉછળતાં તે બોલ્યો "મારી કુસુમ સંપૂર્ણ રીતે સદ્ગુણી અને નીતિવાન છે."

"અફસોસ !" પુષ્પાવતી બોલી. "તેણીની નીતિ, પ્યાર અને લાલચમાં ફસાઇ ગઇ છે."

"જે માણસે મારા ઉગતા સુકુમાર પુષ્પને કરમાવી ચોળી નાખ્યું, તે માણસના ઉપર હજારો શ્રાપ ઉતરજો !" હાથ લંબાવી પાછો ઉછળતાં ક્રોધથી લાલચોળ થઈ જઇ મહોબતરાય એક દુ:ખની રાડ નાખી બોલ્યો.

"થોભો, એવું ના બોલો." તેને હાથથી પકડીને પુષ્પાવતી બોલી. "જેણે આ પ્રમાણે તમને એક રીતે ઘણું નુકસાન કર્યું છે, તેણેજ બીજી રીતે તમને મોટો લાભ કરી આપ્યો છે."

"લાભ !" તે બોલ્યો. "તમારા બોલવાથી મારે શું સમજવું ? શું મારી છોકરીને નીતિભ્રષ્ટ કરીને તેના બદલામાં મને લાભ આપવાનો છે ?" ગાંડા માણસની માફક તેણે વિચિત્ર પ્રકારે હસતાં પૂછ્યું.

"આ વગર જરૂરનો આવેશ અટકાવો." હવે મંજુલા વચ્ચે પડી. "અને શું બદલો આપવા માગે છે, તે સાંભળો. કારણ કે દેવીના બોલ-

વાથી ખૂલ્લું જણાય છે કે તમારી પુત્રીની બાબતમાં તમને જે નુકસાન કર્યું છે, તે વિષે કંઇ બદલો આપવાનો હશે. "

"બદલો ! !" મહોબતરાય ખુરશી ઉપર બેસતાં બબડયો. "વારૂ, ચાલો, હું સાંભળું છું. દેવી, તમારે જે કહેવાનું હોય તે ચલાવો." તેણે પુષ્પાવતીદેવી તરફ આવેશપૂર્વક નજર નાખી અન્યોક્તિમાં કહ્યું.

"હું અરજ કરૂં છું કે સલાહ અને શાંતિનો સંદેશો આણનાર તરીકે મને આપ ગણાશો." મહોબતરાયની ના પસંદ વર્તણુક તરફ અખાડા કરી પુષ્પાવતી બોલી. "તમારી પુત્રી તેણીના કમનસીબે અજબકુમારની દૃષ્ટિએ પડી, અને તે તેણીના તરફ પ્યાર અને આવેશથી ખેંચાયા, અને આખરે તેણીની નીતિ ઉપર જીત મેળવી. બે દિવસ અગાઉ કુસુમ અજબકુમારને મળવા ગઇ, અને તે મુલાકાત વખતની લાગણી અને આવેશમાં તેણીનું મગજ ખસી ગયું છે."

"હાય, હાય ! આ હું શું સાંભળું છું !" દુઃખી પિતા વળી પાછો ખુરશી ઉપરથી ઉછળીને બોલ્યો.

"મારા મહેરબાન જાગીરદારસાહેબ, હું અરજ કરૂં છું કે આપ શાંત થાઓ." પુષ્પાવતી વખત ચેતી જતાં પડદો ખોલવારૂપે ઇસારો કરતાં બોલી.

"અહા ! આ હું શું સાંભળું છું ?" મહોબતરાયે ચમકીને પુષ્પાવતી તરફ જોઇને કહ્યું. "શું આવી માનવંત પદવીથી મને બોલાવો છો ?"

"તમને નહિ ત્યારે બીજા કોને ?" પુષ્પાવતી મધુર મધુર હસતાં બોલી. "તમને જે નુકશાન કર્યું છે, તે મેં જણાવ્યુંછે. તો હવે તેનો બદલો જે તમને મળવાનોછે તેપણ હું જણાવુંછું. અજબકુમારે કારી જખમ કર્યો છે ત્યારે તેણે પોતાની શક્તિ મુજબ તેનો બદલો આપ્યોછે—અને આપને મહોબતપુર ગામના નવા બનેલા જાગીરદાર તરીકે—કે જે જાગીરી આપને ઘણા માન સાથે દીવાન સાહેબની લાગવગથી મહારાજા સાહેબ તરફથી બક્ષવામાં આવી છે—આપને મુબારકબાદી આપવાની મને રજા આપો."

નવા બનેલા જાગીરદારે પુષ્પાવતીદેવી પાસેથી દસ્તાવેજ વાળું પરબીડીયું લીધું—તે તરફ જોઇ રહ્યો. ખૂલ્લું દેખાતું હતું કે તે આ વખતે પો-

તાના કાન ને પણ માની શકતો નહોતો.—પોતાની આંખોનો પણ તેને વિશ્વાસ નહોતો. તેને લાગ્યું કે તે સ્વપ્નમાં હતો—અને એક શબ્દ પણ બોલવાને, અથવા જરાપણ હાલવાને બીતો હતો કે રખેને તે સ્વપ્નમાંથી જાગી જાય અને સોનેરી સ્પ્વનું ગુમાવી દે.

પણ મંજુલા શુદ્ધિમાં હતી. તેણીએ તેની પાસેથી દસ્તાવેજ ઝુંટવી લીધો. અને ઉઘાડીને એક પળમાં ખાત્રી કરી કે પુષ્પાવતીદેવીએ જે કહ્યું હતું તે ખરૂં હતું. જાગીરનો દસ્તાવેજ યોગ્ય રીતે થયો હતો—મહોબતરાયને તે ઇનાયત કરી હતી—વંશપરંપરા પુરૂષ વારસમાં ભોગવવાની હતી—તેમાં એમ જણાવ્યું હતું કે મહોબતરાયના વડિલોની વફાદારી તથા રાજ્યસેવાના બદલામાં આ જાગીર બક્ષવામાં આવી હતી.

મંજુલાના ચહેરા ઉપર ગરૂરથી ભરેલી ખુશાલી સ્ફૂરી આવી, અને મહોબતરાય તેણીનો ખુશાલી ભરેલો ચહેરો જોઇ પોતાનું ભાગ્ય બદલાયા વિષે વધારે અવિશ્વાસમાં રહ્યો નહિ. તેણીના હાથમાંથી દસ્તાવેજ લઇને તેણે ધ્યાનપુર્વક વાંચ્યો, અને જેમ જેમ તે વાંચતો ગયો તેમ તેમ તેના ચહેરા ઉપર સંતોષ જણાવા લાગ્યો. અને પોતાની લાંબા વખતની ઉમેદ આવી રીતે અચાનક પાર પડવાથી તે ઘણો ખુશીમાં આવી ગયો.

કુસુમ ભુલી જવાઇ હતી—તેણીની ભ્રષ્ટતા નજરથી દૂર નીકળી ગઇ હતી. અને હદપારની ખુશાલી વચ્ચે પુષ્પાવતીદેવી આવી ખુશ ખબર લાવવાથી તેણીનો ઉપકાર માનવા લાગ્યો. મંજુલા તરફ ફરીને તેણીના સુભાગ્ય માટે તેણીને ભેટ્યો, જાણે કે તેઓ જુવાનીના ખરા અંતઃકરણના પ્યારથી પરણ્યાં હોય. પછી આવેશમાં ને આવેશમાં દીવાનખાનાનું બારણું ફડાક દઇ ઉઘાડીને હાથમાં ખૂલ્લો દસ્તાવેજવાળો કાગળ લઇને પોતાની પુત્રી કળાને પોતાના બદલાયેલા સુભાગ્યની વાત કહેવા તથા હવે તેણી એક જાગીરદારની પુત્રી છે એવી ખુશખબરની વધામણી આપવા દીવાનખાનામાં દોડયો.

તે વખતે કળા જયચંદ સાથે વાતચિતમાં લીન થઇ ગઇ હતી.

" મારી વહાલી પુત્રી," મહોબતરાય કળા તથા જયચંદની અજાયબી વચ્ચે, એકદમ તેણીની પાસે જઇ તેણીને ઉમળકાથી પોતાની પાસે

લઇને બોલ્યો. "મને મુબારકબાદી આપ-હવે હું એક જાગીરદાર થયો છું. ખૂણે પડી રહેલો, અને મગરૂબ સગાને આધારે દહાડા કાઢતો ગરીબ મહોબતરાય-હવે હું નથી. પણ વાર્ષિક ચાર હજારની ઉપજવાળા મહોબતપુર ગામનો હું જાગીરદાર છું. હું કહું છું, કળા, કે મને મુબારકબાદી આપ."

પણ તે તરૂણ બાળા પોતાના પિતાથી એકદમ છૂટી થઇ ગઇ, અને થોડીવાર તો ગુંચવાડા ભરેલા ચહેરાથી અને ધડકતી છાતીએ તેના સામું જોઇ રહી-પછી બોલી-"શું એ સંભવિત છે કે પુષ્પાવતીદેવીએ તમને બધું કહ્યું હશે તે જાણ્યા પછી તમે ખુશી થાઓ છો ?"

તેજ વખતે-તેજ પળે-મહોબતરાયના મગજમાં પોતાની નીતિભ્રષ્ટ અને દુઃખી થયેલી પુત્રી તરી આવી, અને તેના ચહેરા ઉપર ફિકાશ છવાઇ રહી-અને જાણે પડી જતો હોય તેમ એક બે ડગલાં પાછળ હઠયો-પણ પાછો વિચાર ફેરવી નાખીને બોલ્યો. "અરે, આપણી વહાલી કુસુમનો ગુપ્ત ભેદ છૂપાવી શકીશું. અને સારી સારવારથી તેણી સાજી થઇ જશે. આપણે અજબકુમાર સાથે સખ્ત થવું જોઇએ નહિ—સાધારણ માણસની માફક ગણીને તેની સાથે તેવી રીતે વર્તવું ન જોઇએ. ગમેતેટલું તો પણ તે શ્રેવાન પુત્ર છે. અને તે રાજાનો જમણો હાથ છે. વળી તેનાથી થયેલા ભૂલને માટે બની શકે તેટલો તેણે બદલો આપ્યો છે."

"ઓ, મારા વહાલા પિતાજી !" દુઃખી થતી કળા બોલી. "શું આવા શબ્દથી તમે દિલાસો માનશો ? હું મારી ઘુંટણ મંડીએ તમને પગે પડીને આજીજી કરૂં છું કે તમારી મોટી પુત્રીની ગેરઆબરૂ કરવાને માટે જે બદલો આપવા માગે છે, તે તમે ધિઃકારની સાથે નાકબુલ કરો-અહા ! હું બધું સમજી છું-આ જાગીરી......"

"ચૂપ, છોકરી !" નવા જાગીરદાર સાહેબ ઉકળીને બોલ્યા. "શું કબુલ કરવું અને શું ના કબુલ કરવું તે વિચારવાનું કામ મારૂં છે. તારે મને શીખવવાનું નથી-ચાલ, ઉભી થા-હું તને ફરમાવું છું-અને હવે મારે તારા આવા વિચારોનું કામ નથી."

કળા ઘુંટણીએ મંડી પડી-થોડીવાર સુધી તો હાલ્યાચાલ્યા વગર તેમજ

પડી રહ્યો—તેણીનો ચહેરો ઉંચો કરેલો હતો—તે ફીક્કો અને ધાસ્તીથી છવાઇ રહેલો હતો—તેણીએ જોડેલા બન્ને હાથ લાંબાજ થંભી રહ્યા.

પણ એકાએક તેણીના ગાલ ઉપર રતાશ ચઢી આવી—આંખોમાંથી ક્રોધનો અગ્નિ ઝરવા માંડયો—કે જેવું તેણીના સંબંધમાં કદી બન્યું નહોતું—ઉભી થતાં ધાડા સ્વરે બોલી, “પિતાજી, શું મારે એમ સમજવું કે આપણી કુસુમની ગેરઆબરૂના બદલા તરીકે આ જાગીર તમે કબુલ રાખોછો?”

“ચૂપ રહે, છોકરી—હું કહું છું કે તારે કંઇ બોલવાનું કામ નથી.” મહોબતરાય ગુસ્સાથી લાલચોળ થઇ જતાં બોલ્યો.

“ત્યારે, આ ઘર હવે વધારે વખત મારે રહેવા જેવું નથી.” કળાનો ચહેરો પાછો ફીક્કો થઇ ગયો—છાતી ધબકારા લેવા લાગી, પણ મનની દૃઢતાથી આત્મભોગ આપવાનો નિશ્ચય કરીને બોલી—“પિતાજી, હું હવે જઇશ—આવી શરમ ભરેલી રીતે જે જાગીર મળી છે, તેમાંથી રોટલા ખાવાને માટે હું અહીં રહીશ નહિ. એટલુંજ નહિ પણ હવે આ ઘરમાં પાણીનો ઘુંટડો પણ પીશ નહિ—મારી ગરીબડી બેનનો સર્વ રીતે નાશ કરવાના બદલા તરીકે મળેલા પૈસામાંથી, હું ભૂખે મરી જઇશ, તો પણ એક રોટલાનો ટુકડો પણ મારે હરામ છે—પિતાજી! હમેશની માફક આપને માટે રાત દિવસ હું ઇશ્વર પ્રાર્થના કરીશ, પણ તમારૂં ઘર હવે મારે નકામું છે—હું હવે જઇશ.”

તેણી બોલતાં થોડી પળ અટકી—ચારે બાજુ નજર ફેરવી—જયચંદ્રના ચહેરા ઉપર તેણીની ઉમદા વર્તણુંક માટે તેણીના વિષે વખાણનાં ચિન્હ તરી આવ્યાં. પુષ્પાવતીદેવી અને મંજુલા પણ આ જગાએ આવ્યાં હતાં. પુષ્પાવતીદેવીના ચહેરા ઉપર કળાએ જે કહ્યું હતું તે વિષે પસંદગી જણાઇ. છતાં તેણીએ ઉંડી દિલગીરી સાથે જોઇ લીધું કે તેણીના બાપને કશી અસર થતી નહોતી. મંજુલા તો કળાના તરફ ડોળા ઘુરકાવતી ઉભી હતી.

હવે કળા, પુષ્પાવતીદેવીની પાસે આવીને અરજ તરીકે વિશ્વાસપૂર્વક બોલી—“હું મારી બેનની પાસે જાઉં, તેટલા થોડા કલાકને માટે આપને ઘેર મને રહેવા દેશો!”

"વિચાર કર, બેન કળા." પુષ્પાવતી દેવીએ કહ્યું. "જે પગલું તું ભરે છે, તેનો પૂરો વિચાર કર."

"ત્યારે આપ મને થોડા કલાકને માટે આશ્રય આપવાને ના કહો છો?" કળા, પુષ્પાવતીદેવી પાસેથી પાછી ફરતાં બોલી, અને આંસુ ભરેલી આંખોએ જયચંદ્ર સામું જોઇ તેને કંઇ કહેવા જતી હતી, તેટલામાં ઉમદા ખવાસની અને માયાળુ દિલની પુષ્પાવતીદેવીએ તેણીને પોતાની છાતી સાથે લીધી, અને કહ્યું. "હા, વહાલી, ચાલ મારી સાથે, થોડા કલાક તો શું, પણ દિવસના દિવસો સુધી, મહિનાઓ અને વરસો સુધી મારે ત્યાં તારૂં ઘર સમજી ને રહે."

"આપનો મોટો આભાર, દેવી." છલકાતાં આંસુ ભરેલી આંખો ઉંચી કરી ઉપકાર વશ થતાં કળા બોલી, "જરાવારમાં હું તૈયાર થઇને આવું છું."

એમ બોલતાની સાથે વીજળીની માફક પોતાના ઓરડામાં કપડાં પહેરવા દોડી ગઇ, પણ તેજ વખતે મહોબતરાયે તેણીને અટકાવવા હાથ લાંબો કર્યો કારણ કે તેની નાની પુત્રીને આ પ્રમાણે ગુમાવવાથી તેના અંતરમાં હવે શોક વ્યાપી રહ્યો હતો.

"સ્વચ્છંદી અને ઉદ્ધત છોકરીને તેના તુરંગ પ્રમાણે વર્તવા દો." મંજુલાએ ગુસ્સાથી કડાકો કર્યો, અને તેણીના ધણીનો હાથ પાછો ખેંચી લીધો.

અને મહોબતરાયે—નવા જાગીરદાર સાહેબે—પછી કળાનો નિશ્ચય ફેરવવા કંઇ કર્યું નહિ.

થોડીવાર સુધી કોઇ કઇ બોલ્યું નહિ. તેવામાં એક નોકરે આવીને પુષ્પાવતીદેવીને કહ્યું. "આપની ગાડીમાં કળાબેન બેઠાં છે."

પછી જયચંદ્ર અને પુષ્પાવતીદેવી મહોબતરાય અને મંજુલાની રજા લઇને નીકળ્યાં—નવા બનેલા જાગીરદાર સાહેબે પોતાની બન્ને પુત્રીઓને ગુમાવી—અને તેમને બદલે પોતાની નવ પરિણુત સ્વરૂપવાન ધણીઆણી—ઉજળી ચામડીમાં છૂપાયેલી ઝેરી નાગણ—સાથે મોજમઝા ભોગવવા એકલા રહ્યા. હવે જોઇએ કે તે કેવી મોજમઝા ભોગવે છે!

પ્રકરણ ૩૮ મું.

ઘેલી કુસુમ.

પ્રિય વાંચનાર, આપણે કુસુમને છેલ્લી અજબ મહેલમાં અજબ કુમારની મુલાકાતે ગયેલી, અને ત્યાં છેવટ ગાંડી થઇ ગયેલી જોઇ છે–વળી કળાની ઉપર અજબકુમારે લખેલા કાગળથી પુષ્પાવતીદેવી તેજ વખતે અજબમહેલમાં જઇ પહોંચવાથી કુસુમને તેણીએ પોતાની સાથે લઈ ગયેલી એમ જાણ્યું છે–તેમજ પુષ્પાવતીએ કળા સાથે કરેલી વાતચિતથી શહેરથી થોડે દૂર પોતાની એક બંગલીમાં તેણીને રાખેલી અને સારા દાક્તરની સારવારમાં હોવાનું પણ આપણે જાણ્યું છે–પણ આપણે જાતે કુસુમની સ્થિતિ જોવી જોઇએ, કારણકે જેમ કળા તેણીની પાસે જઇ જાતે ખાત્રી કરવાને ઇન્તેઝાર છે, તેમ આપણે પણ આપણી વાર્તાની મુખ્ય નાયિકા–કે જે બિચારીએ અજબકુમારની અજબ જેવી કપટકળામાં ભોળવાઇને ભૂલથાપમાં સજ્જડ ગોથું ખાધું છે–તેની સ્થિતિ નજરે નિહાળવાને આતુર હોઇએ એ સ્વાભાવિક છે.–વળી આપણને ત્યાં જવાને કોઇ પણ જાતનો વાંધો આવવાનો નથી–નહિ આપણે ગાડીઘોડું જોઇએ–કે નહિ આપણે સંગાથ જોઇએ–તેમ આપણને ત્યાં કોઇ રોકી શકે એમ નથી–માત્ર આપણે આપણી કલ્પના શક્તિ સતેજ રાખવાની જરૂર છે–માટે ચાલો, તૈયાર થાઓ.

આ બંગલીના અંદરના ભાગમાં એક ઓરડામાં માત્ર એકજ માણસ હતું–તે એક સ્વરૂપવાન સુંદરી હતી–પણ આ વખતે તેણીનું મગજ વિચિત્ર પ્રકારે ઘુમે છે–ઓરડાનો દેખાવ પણ ખુશકારક લાગતો નથી–બારીઓ છે, પણ તેને લોખંડી સળીઆ જડી લીધા છે–બારણાં પણ લોખંડી સળીઆનાં છે–માત્ર એક નાની બારી જેવી જાળી ઉઘાડ ઢાંક થાય તેમ હતી, કે જેથી દાક્તર તથા બીજા નોકરો વગેરેને તે ઓરડા અંદરની તરૂણી શું

કરે છે, તે વારંવાર જોવાને તથા જાણવાને બની શકે–ઓરડામાંનો સામાન મજબૂત હતો, અને ભીંત અથવા જમીન સાથે જડી દીધેલો હતો, કે જેથી ગાંડા માણસથી પોતાના ગાંડપણના આવેશમાં તેને કંઇ નુકસાન થઇ શકે નહિ.

પણ તે સુંદરી કોણ હતી? તે લાવણ્યમયી લલના–કે જેના માથાના વાળ વીંખેરાઇ ગયેલા અને પહેરેલાં લુગડાંનું પણ ઠેકાણું નહોતું–તે કોણ હતી? તેણીએ માથા ઉપર કાગળની ટોપી કરીને પહેરી હતી; હાથમાં કાગળની લાકડી રાખી હતી–તેણીની આંખોમાં આવેશ અને દિલગીરી દેખાતી હતી. અરે, રે! તેણીના ગુંચવાડા ભરેલા વિચારો કેવા દોડાદોડ કરી રહ્યા છે! અફસોસ! તે બિચારી દુઃખી બાળાનું મગજ ઠેકાણે નહોતું–વાંચનારને ઓળખાવવાની ભાગ્યેજ જરૂર પડશે કે આપણે જેની શોધમાં નીકળ્યા છીએ તેજ આ બાપડી આપણી ઘેલી કુસુમ હતી.

તેણીના વિચારો નિરાશા ભરેલા હતા–સંપૂર્ણ આશા ભરેલા પ્યારનું તૂટવું–પોતાના સતીત્વની ભ્રષ્ટતા–ગેરઆબરૂ–સર્વસ્વનો નાશ–આવા પ્રકારના વિચારો હતા. ઘડીમાં પોતાના પ્યારાને વિચિત્ર લાગણીથી, માયાળુ નામોથી બોલાવે છે–તેની સાથે રમુજી વાતચિત કરવા જેવા ચાળા કરે છે–વળી બીજીજ પળે જાણે તેણીની સામે કોઇ ઉભું હોય, તેમ લાંબા હાથ કરી ડોળા ધુરકાવી, પોતાનો ગુસ્સો બતાવે છે, અને તિરસ્કારથી બોલે છે–"ચાલ જા અહીંથી–નીકળ–લુચ્ચા–ઠગારા–ધુતારા–નિર્દય–કઠોર હૃદયના–બસ અહીંથી હાલને હાલ નીકળી જા–યાદ રાખ કે હું તારા ઉપર વેર લઇશ–મને કરેલા નુકસાનનું પૂરેપૂરૂં વેર લઇશ–જેવી રીતે હું અથાગ પ્યારથી તને ચાહતી હતી–તેવી રીતે પૂર્ણ ધિઃક્કારથી તારા ઉપર વેર લઇશ." વળી થોડીવાર વિચારમાં પડી પાછું લવવા માંડ્યું–"અરે! પણ જે માણસને હું મારા પ્રાણ કરતાં પણ અધિક ચહાતી હતી, તેને હું આવું કહી શકું ખરી કે? કંઇ પણ દુઃખની લાગણી વગર હું એને મુએલો જોઇ શકું ખરી કે? ના–ના–એવું, કદી બને નહિ." એક લાંબી કારમી ચીસ નાખતી જમીન ઉપર પડી–કેટલીકવાર એમજ પડી રહી–પાછી ઉઠી, અને બકવા લાગી–

"અરે, પણ હું કેવી કંગાળ થઇ ગઇ છું ? મારૂં નીતિનું પુષ્પ છુંદાઈ ગયું છે–હું ભ્રષ્ટ થઇ છું–મારો પ્યાર જતો રહ્યો છે–મારૂં અંતઃકરણ ચીરાઇ ગયું છે–મને લુચ્ચા–ઠગારાએ છેતરી છે–હું ભોળી હતી–તેનો ખોટો લાભ તે લુચ્ચાએ લીધો–હા–હા– એમજ" એમ કહી 'ભરમાવી ભોળી ભામની' એટલી ટુંકની લાંબી લલકાર મારી એક હાય નાખી પાછી પડી. થોડીવારે દયામણે ચહેરે આજુબાજુ જોઇ બોલી. "ઓ, દયાળુ પ્રભુ ! મને કંઇક આશા આપ–કંઇ દિલાસો આપ–મારે હવે આ દુનિઆમાં શું રહ્યું ?" ગાભરી બની ને ચારેબાજુ જોતાં છળી મરતી હોય તેમ બબડવા લાગી. "અરે ! આ બધે કાળો અંધકાર વ્યાપી ગયો છે–બધું શ્મશાનવત્ દેખાય છે–ઓ ! પેલા કાળા ભયંકર જેવા રાક્ષસો કોણ આવે છે ? હાય ! હાય ! એતો યમદુતો જેવા છે–અહા ! ત્યારે શું એ દુતો તેને લેવા આવ્યા હશે ! અરે ! પણ આ ભીંતો કેમ ચોતરફ ફરે છે ! મારાથી ટકી શકાતું પણ નથી–ઓ ! પ્રભુ ! દયા ! દયા !" એમ બોલતી પોતાને હાથે આંખો દાબી દઇ ડુસકે ડુસકે રડવા લાગી.

એક ખુરશીમાં પડી. હાલચાલ વગર પડી રહી. ફક્ત છાતીમાં ધબકારાનો અવાજ થતો હતો. લગભગ એક કલાકમાં તો કુસુમનામાં આવા ઘણા ફેરફાર થઇ ગયા. તેવામાં નાની જાળી ઉઘડી અને એક વૃદ્ધ સ્ત્રીએ માયાળુપણાથી ઇન્તેજારીમાં ઓરડામાં નજર કરી–અને કુસુમ પોતાની જાતને કંઇ નુકશાન કરતી નહોતી, એ વિષે ખાત્રી કરીને જાળી પાછી બંધ કરી તેણી ચાલી ગઇ.

પછી લગભગ અડધે કલાકે વળી તે જાળી ઉઘડી–પેલી વૃદ્ધ સ્ત્રી દેખાઇ–તેણીની પાછળ એક સ્વરૂપસુંદર યુવાન બાળા દેખાઇ.

તે બાળા કોણ ? વાંચનાર જાણી ગયા હશો કે બીજી કોઇ નહિ, પણ દૃઢ મનવાળી આપણી કળા હતી, કુસુમ અજબ મહેલે ગઇ અને ત્યાંથી તેણી આ ભયંકર આફતમાં આવી પડી હતી, ત્યાર પછી કળાએ આજજ તેણીને પહેલી જોઇ.

ધીમેથી બારણું ઉઘાડીને કળા એકલીજ ધીમે પગલે ઓરડામાં

આવી, બારણું બંધ થયું. કળા પોતાની બેનનો દેખાવ જોઇ જે સપ્ત દુઃખના ઝાટકામાં આવી પડી હતી તે આવેશ ઘણી મુશીબતે દબાવી રાખી, આગળ વધી—છેક કુસુમની પાસે ગઇ—તેણીના ખભા ઉપર હાથ મૂકયો. તે અભાગી બાળા જાણે ઉંઘમાંથી ઝબકી જાગી હોય, તેમ એકદમ ચમકી ઉઠી, અને કળાની સામું કેટલીકવાર સુધી એકી ટશે જોઇ રહી—પણ અફ્સોસ! તેણીને ઓળખી શકી નહિં.

"તું મને ઓળખતી નથી, વહાલી કુસુમ ?" કળા ઘણાજ ધીમા અવાજે બોલી, પણ બોલતાં તેણીને એવી લાગણી થઇ આવી કે જો ડાક્તરે તેણીને ચેતાવી રાખી ન હોત તો કુસુમને ગળે બાઝી પડીને તેણીએ પોતાના મનનો ઉભરો કાઢયો હોત.

"હા, તું મને યાદ આવી છે ખરી." ઘણીવાર સુધી કુસુમ તેણીની સામે જોઇ રહ્યા પછી બોલી. "તું કોઇ બહુ ભલી પરી છે—દેવી છે—કે જે ઘણી વખત મારી પાસે આવીને મને વહાલથી ચુંબન કરી જાય છે—જેવી રીતે બીજાં માણસો મારી પાસે આવવાથી હું તેમનાથી બીહું છું તેવી રીતે હું તારાથી બીતી નથી. તું તો ખરેખર કોઇ મધુર પુષ્પ જેવી સુવાસિક દેવી છે—તારી સાથે ચળકાટ મારતાં કિરણોનો પ્રકાશ આવે છે—હું તને ચાહું છું—જો કે સ્વપ્નામાં મેં તને ઘણીવાર જોઇ છે, પણ જાગતાં તો હમણાં જ મેં તને પહેલીજ વખત જોઇ. અરે ! પણ તું રડે છે કેમ !" કળા આ બધા વિચિત્ર પ્રકાર જોઇ દુઃખથી રડતી હતી, તે જોઈ કુસુમ ઉભી થઇને તેણીનો હાથ લઇને બોલી.

"અહા ! હવે મેં જાણ્યું કે માણસજ ફક્ત રડતાં નથી." કુસુમે શોકાતુર અવાજે બોલવું જારી રાખ્યું. "પણ ભલી દેવીઓ—કે જે સ્વર્ગમાં રહે છે—તેઓ પણ મોતી જેવાં અશ્રુબિંદુઓ પાડે છે ! બોલ, પણ હાલ તું કેમ રડે છે ? શું તું મારે માટે શોક કરે છે ? અરે ! જો તેમજ હોય તો, ઓ ! મધુરી પરી ! રડ, રડ—કારણ કે હું ઘણીજ દુઃખી છું."

તેણીએ કળાનો હાથ છોડી દીધો. કળાથી દુઃખ ખમી શકાયું નહિ. તેણીએ એક ખુરશીમાં પડતું નાખ્યું, અને ચોધાર આંસુએ પુષ્કળ રડી.

"આતો ખરેખર વિચિત્ર પ્રકાર જણાય છે !" કુસુમ, પોતાની બેન–કે જેને તેણી હજુ ઓળખતી નહોતી–તેના સામું દયાળુ નજરથી જોઇને બોલી. "ગઇ રાતેજ મને સ્વપ્નમાં લાગ્યું હતું કે તું મને જોવા આવી–અને તને ભારે શોક થયો–તું મારી પથારી પાસે બેઠી–મારૂં માથું તેં તારા ખોળામાં લીધું–અને પછી મારી સાથે તેં એવી વાતો કરવા માંડી કે, પહેલું તો મેં કંઈ તે ઉપર ધ્યાન આપ્યું નહિં, પણ ધીમે ધીમે મારૂં ધ્યાન ખેંચાયું; અને હું નાની હતી ત્યારે બનેલી ઘણી વાતો–કે જે હું ભૂલી ગઇ હતી–તે મને કહી સંભળાવી. અને તેમાં એટલી સચ્ચાઇ–એટલી લાગણીવાળી–અને એટલી ખુશકારક હતી કે જાણે હું મારી બાળપણની જીંદગીમાં હોઉં, એવું મને લાગ્યું. તેં મને ઘર વિષે કહ્યું–કે જે ઘરમાં હું એક વખત રહેતી હતી–અને જ્યાં મારી પાસે ઘણાં માયાળુ માણસો હતાં–પણ હવે મારે ઘર નથી." કુસુમ ઉંડા નીસાસો નાખતી બોલી. "કારણ કે આવો ઓરડો, તે મારૂં ઘર હોય નહિ. નહિ, નહિ, આતો એક કેદખાનું છે. જો તો ખરી કે આ બારીઓ લોખંડી સળીઆથી જડી લીધેલી છે–વળી બારણાંએ મોટાં તાળાં છે–તે પણ જો. ઓ ! પ્રભુ ! આતો ખરેખર કેદખાનુંજ છે–મારા બાળપણનું એ ઘર ન હોય !"

આમ બોલતાં બોલતાં દુઃખમાં ગિરફતાર થઇ ગઇ, અને મોટી મોટી ચીસો નાખી રડવા લાગી.

"કુસુમ—વહાલી કુસુમ." કળા પોતાની દુઃખીઆરી બેનને પોતાની બાથમાં લઇને બોલી. "શું તું મને ઓળખતી નથી ? શું તું મને જાણતી નથી ? મારી વહાલી કુસુમ, મારી સાથે બોલ."

"અહા ! એ તું શું નામ બોલી ?" કુસુમ, કળાની બાથમાંથી છુટી થઇને બોલી. "મને લાગે છે કે એ નામ મને જાણીતું છે—હા–પહેલાં એ નામ મેં સાંભળ્યું હતું–ફરીથી બોલ–કારણ કે તારી મધુર જીભ ઉપર એ નામ ઘણું નાજુક અને મધુરૂં લાગે છે."

એમ કહી તેણી ફાટેલી આંખોએ કળાની સામે જોવા લાગી. કળાનું હૃદય ભરાઇ આવ્યું. તેણીનાથી એકપણ શબ્દ બોલી શકાયો નહિ !"

"અરે! તે નામ તું ફરીથી કેમ બોલતી નથી?" કુસુમ ઘણા દુઃખી અવાજે બોલી. "જો આવી જુજ બાબતથી હું તને ખુશી કરી શકતી હોત તો હું તો જરાપણ આનાકાની કરૂં નહિ."

"હું પણ તેમ કરૂં નહિ–વહાલી કુસુમ" કળા રૂંધાયેલા સાદે બોલી "આવું જોઇનેજ હું તો ગાંડી થઇ જાઉં છું."

"ગાંડી!" કળા અજાણપણે જે શબ્દ બોલી હતી, તેજ પકડી લઇને કુસુમ પાછી લવારે ચઢી–"મારા સિવાય આખી દુનિઆ માત્ર ગાંડી છે. હા–હા–હા–હું ખુશીથી હસું છું–કે જ્યારે મને એવો વિચાર આવે છે કે, દરેક માણસ જ્યારે પોતાને ડાહ્યામાં ગણાવાની મહેનત કરે છે, એ કેવું નકામું અને હસવા જેવું છે. એક બુઢ્ઢો માણસ અહીં છે, કે જે, મને કેટલીક વખત જોવા આવે છે–મને કેટલાક નકામા સવાલ પૂછે છે–અને હાસ્યજનક લાગણીથી મને જુએ છે–તે માણસ પોતે દાક્તર હોવાનું સમજે છે. મારી નાડી તપાસે છે, ત્યારે હું તેને મારાથી બની શકે તેમ પટાવું છું, કારણકે હું જાણું છું કે તે બાપડો ગાંડો છે, અને તેથી તેના કામનો તે જવાબદાર નથી. વળી એક બુઢ્ઢી ડોશી પણ મને જોવા આવે છે– તે પણ બિચારી ગાંડી છે–પણ તે બાપડી તે વાત જાણતી નથી–એટલુંજ નહિ, પણ તેણીને તેવો શક પણ નથી, અને પોતે ડાહી હોવાનો ડોળ ઘાલે છે. તેજ મને તો હસવા જેવું લાગે છે. હું તેણીના ઉપર ઘણી વાર હસી છું, પણ પાછળથી તે બિચારીને માટે મને દિલગીરી થતી. ખરેખર મને એ બાપડીને માટે ઘણી દયા આવે છે. અને હવે મારી વહાલી સખી–કારણ કે હું તારૂં નામ જાણતી નથી–હું તને જો ખરેખરૂં કહું તો મને માફ કરજે કે જેવી રીતે દુનિઆમાં બીજાં માણસો ગાંડાં છે તેવી રીતે તું પણ ગાંડી છે."

એમ કહેતાંની સાથે કુસુમ બીજી બાજુ ફરી ગઇ, અને કાગળની ટોપી માથે મુકી, ગણગણતી કંઇ ગાવા લાગી, તેના કંઇ ભાગાતૂટા સ્વર કળાના ચીરાઇ જતા હૃદયમાં સંભળાયા.

"'વહાલેરે–વિસારી મૂકી'" વળી પાછી બીજી ટુક લીધી—"'ભોળી–બાળાને–ભરમાવી'" "ભરમાવી–ભરમાવી–ભરમાવી ભોળી ભામની," આવું

ને આવું સંબંધ વગરનું ગણગણવા લાગી. તેણીને એમપણ ભાન નહોતું કે ત્યાં બીજું કોઇ હતું. બિચારી કળા અથાગ શોકસાગરમાં ડુબતી તેણીને આંસુથી ભરેલી આંખોએ જોતી ઉભી રહી.

એવામાં જાળીવાળું બારણું ઉઘડ્યું. પુષ્પાવતીદેવી આવી. કુસુમ કાગળની ટોપી માથે મુકીને હાથમાં કાગળની લાકડી લઇ એક ખુરશી ઉપર બેસીને બન્નેના સામું કડકપણે જોઇ રહી, અને થોડીવાર પછી બન્નેને ત્યાંથી ચાલી જવા ફરમાવ્યું.

કળાની મરજી તેણીની સાથે વધારે વાતચિત કરવાની હતી, પણ કુસુમની મરજી વિરૂદ્ધ કરવાથી કેવું ભયંકર પરિણામ આવશે, તે પુષ્પાવતી-દેવી જાણતી હોવાથી કળાને ઘસડીને લઇ ગઇ. બહાર નીકળી જાળી બંધ કરી. કુસુમને પોતાના વિચારોમાં એકલી રહેવા દીધી. તે ઓરડામાં તે એકલી હતી, પણ તે મકાનમાં તે એકલી નહોતી. કળા હવે ત્યાંજ રહેતી હતી.

પ્રકરણ ૩૯ મું.

મહોબતરાય અને મંજુલા.

મહોબતરાય અને મંજુલાના વિચિત્ર લગ્નને થોડા દિવસ થયા હતા. તે લગ્ન થતા અગાઉથીજ કુસુમ તો ઘરમાંથી ગઇ હતી. અને કળા લગ્નને દિવસેજ પુષ્પાવતી દેવી સાથે ગઇ હતી. તેથી હવે નવું જોડું ઘરમાં એકલુંજ હતું.

સાંજના ૭ વાગવાનો વખત હતો. એક ઓરડામાં મહોબતરાય અને મંજુલા બેઠાં હતાં. ઓરડો પ્રથમના કરતાં સારો શણગારેલો હતો. કેટલોક નવો સામાન આણીને ગોઠવ્યો હતો. અને બહારનો દેખાવ એવો જણાતો હતો કે આ નવા બનેલા જાગીરદાર સાહેબ પોતે જે ખૂબસુરત યુવાન સ્ત્રીને પરણ્યા હતા, તેની સાથે પૂરા સુખ અને વૈભવમાં હતા.

પણ અંદરખાનેથી તેમ નહોતું. મહોબતરાયના ઉંડા અંતઃકરણમાં ઉતરીને જોયું હોય તો જણાયા સિવાય રહે નહિ કે તે ખરેખર સુખી નહોતો. તેણે જેની સાથે લગ્ન કર્યું હતું, તે ખૂબસુરત હતી, એમાં તો કંઇ ખોટું નહોતું–પણ તેણે પોતાની વહાલી અને ખૂબસુરત પરી સમાનની બન્ને પુત્રીઓને ગુમાવી હતી–કે જેઓ તેના ઘડપણના વખતમાં તેને આશ્વાસન આપે તેવી, અને તેને મગરૂબી ઉપજાવે તેવી હતી. પોતાની સ્વરૂપવાન પત્નીને તે પોતે પરણ્યો નહોતો–પણ તેણીએ તેને પરણવાની ઉતાવળે ફરજ પાડી હતી. અને જો કે તેમને પરણ્યાને હજુ તો માત્ર થોડાજ દિવસ થયા હતા તેટલામાં તો તેની ખાત્રી થઇ હતી કે તેને તેણીના કડક મિજાજને તાબે થવું પડતું હતું, અને તેણીની વાઘણ જેવી આંખો તળે તે દબાતો જતો હતો. કળા તેને દિલાસો આપવા પાસે નહોતી. કુસુમ તેનું શાન્ત્વન કરવા રહી નહોતી. તેને હવે જણાવ્યું કે તે છોકરાં વગરનો થઇ ગયો હતો. અને તેની તરૂણ પત્ની કે જે ઘર ધણીઆણી થઇ હતી, તેણીએ આ બુડ્ઢાની જીંદગી ઝેર સમાન કરી નાખી હતી.

થોડીવાર નોકરો આમતેમ કામકાજે ફરતા હતા, અને મંજુલા પોતાન પતિ સાથે વાત કરવાને એકાંત મેળવવા અધીરી થઇ રહી હતી. આખરે નોકરો ત્યાંથી ગયા, અને મંજુલાને એકાંત મળી.

"હવે આપણે આપણી યુક્તિઓ ગોઠવવી જોઇએ," મંજુલાએ પોતાના પતિના સામું જોઇને કહ્યું, "અને આપણો મુખ્ય હેતુ પાર પાડવાને રસ્તે ચાલવું જોઇએ."

"આટલું બધું જલદી ? હજુ લગ્નને વધારે દિવસ તો થયા નથી." મહોબતરાયે ગભરાતાં, બીતાં બીતાં જવાબ દીધો, કારણ કે એ ભયાનક બાબતને જેમ બને તેમ દૂર રાખવાને ઇચ્છતો હતો.

"એકથી વધારે વખત તમે આ વાત મુલતવી રખાવી છે, અને મેં તેમ કબુલ કર્યું છે." મંજુલા કંઇક કડકપણે બોલી. "આપણા લગ્નને પાંચ દિવસ તો થઇ ગયા છે, અને એટલી મુદત આપણા જેવાના લગ્નને માટે બસ છે."

"પણ—વહાલી મંજુલા," તે અચકાતાં અચકાતાં બોલ્યો. "જે જાગીરને માટે હું ઉમેદ રાખતો હતો, અને જે મેળવવામાં તું મદદ કરવાની હતી, તેતો હવે તારી મદદ સિવાય મને મળી છે. અને તેથી હવે તો હું ધારૂં છું કે મને જે આબરૂ અને સુખ મળ્યું છે, તે મને શાંતિમાં ભોગવવા દે, એમ હું ઇચ્છું છું. કારણ કે જે વખતે તું મને પરણી, તે વખતે તેં જે આશા નહિ રાખેલી, એવા સારા નસીબમાં તું ભાગિયણ થવા પામી છે."

"જો તમે આવી રીતે વાત કરશો કે જે તમારૂં આળસુપણું, બાયલાપણું અને નાહિંમતપણું બતાવે છે, તો તમને હદપાર ઠપકો આપવા માટે તમે મને ઉશ્કેરશો." મંજુલા સક્રોધ બોલી. "પણ હું ઇચ્છું છું કે આપણે શાંતિથી આ વાતનો વિચાર કરીએ તો સારૂં."

"કઇ વાત, વહાલી?" મહોબતરાયે બીતાં બીતાં નરમાશથી, અજાણ્યા થઇને પૂછવાની હિંમત કરી.

"તે બાબત એજ કે જે હેતુથી આપણે લગ્નથી જોડાયાં છીએ, તે હેતુ તમે પૂરો કરવાના છો કે નહિ?" મંજુલા કકડાટો કરતાં બોલી. "તમારે જાગીર લેવી હતી—મારે લેવું વેર હતું. જે વખતે આણંદરાય દુનિઆમાંથી દૂર થવાથી તમારી ઉમેદ બર આવે—તેજ વખતે મારૂં વેર પણ વળી રહેશે. તેથી આપણે બન્નેના હેતુ જુદા—પણ રસ્તો એકજ હતો. ખરી વાત છે કે અકસ્માત રીતે તમને બીજી રીતે જાગીર મળી છે."

"અને તે કંઇ પણ ગુનો કર્યા સિવાય." મહોબતરાયે ભાર મૂકીને જણાવ્યું.

"ખરેખર, તમે બાયલા—હિચકારાજ છો." મંજુલાએ એકદમ ઉછાળાને તડાકો કર્યો, પણ તરતજ શાંતિ પકડીને આગળ બોલી. "પણ નહિ, હાલ તમને ઠપકો નહિ આપું-હા તમે જાગીર મેળવી—પણ મારૂં વેર લેવાની બાબતમાં કંઇ પણ પગલું ભર્યું નથી."

"ત્યારે તે તું છોડી નહિ દઇશ, વહાલી મંજુલા!" મહોબતરાયે તેણીને પટાવતાં પૂછ્યું.

"આવો સવાલ પૂછવાની તમે હિંમત કરો છો, તે ઉપર મારો ધિઃક્કાર અને તિરસ્કાર કેમ દબાવી શકું?" મંજુલા ફફડી ઉઠી. આંખો ગુસ્સાથી લાલચોળ થઇ ગઇ. "શું, મારૂં વેર છોડી દઉં? કદી નહિ. જો કે હું તમને પરણીછું, તો પણ તે માણસના તરફ મારી ઉંડા વેરની લાગણી જેવીને તેવી કાયમ છે. અને તેના ઉપર, મારૂં વેર લેવામાં સહેલું થઇ પડે તેટલા માટેજ હું તમારી સાથે પરણી છું. હવે સમજ્યા?"

"પણુ તારા કામમાં હું કેવી રીતે મદદ કરીશ, મંજુલા?" તેણે પૂછ્યું." અને જો તેવી મદદ કરવાની મારામાં શક્તિ હોય, તો પણ મને તેથી શું ફાયદો? તું એમ તો ધારતી નહિ હોય કે તેના સામે મારે કાંઇ પણ જાતનું વેર લેવાનું છે?"

"ના–પણ હજુ તમારો લોભ શાંત કરવાની તમને જરૂર છે." તેણીએ ઠંડે પેટે જવાબ આપ્યો.

"અહા! હવે હું સમજ્યો." મંજુલાના શબ્દો આ લોભી માણસના અંતરમાં ચોંટી જતાં તે બોલ્યો. કારણ કે લગ્ન પછીના આ ચાર પાંચ દિવસમાં પોતાના પતિનો સ્વભાવ–અંતરની લાગણી–અને લોભી આશાઓથી મંજુલા પૂરી રીતે જાણીતી થઇ હતી.

"હવે હું કહું તે ઉપર લક્ષ આપો." મંજુલા બોલી. "હું તમને સાબીત કરી આપીશ કે જેથી મારૂં વેર લેવાશે, તેથી તમારો પણ લાભ જળવાશે. ટુંકામાં–આપણા રસ્તામાંથી આણંદરાયને હમેશને માટે દૂર કરવામાં હજુ તમારો ઉંડો લાભ સમાયેલો છે. જો કે તમને જાગીર મળી છે ખરી, તો પણ તેની ઉપજમાંથી, આ પાંચ દિવસમાં જે ખર્ચ વધારી મૂક્યાં છે, તે જોતાં તમારો–અથવા કહો કે આપણો–ખર્ચ પૂરો પડી શકશે નહિ. ઉપજ કરતાં દશ ગણો ખર્ચ વધી ગયો છે."

"હા–હા તારી ગણત્રી બરાબર છે, મંજુલા." મહોબતરાય બોલ્યો. "પણ આગળની મુશ્કેલીનો વિચાર હાલથી શા માટે કરવો જોઇએ?"

"કારણ કે આપણે આગળથી તેનો ઉપાય કરવો જોઇએ." મંજુલાએ હવે ધીમે રહીને તેને લાલચમાં પાડવાની તેની નસ પકડીને તેને

સમજાવવા માંડયો. " આણંદરાયને એક વખત આપણા રસ્તામાંથી દૂર થવા દો. અને તેની સાથેજ ધરણીધરરાયના તમે હકદાર વારસ થવા પામશો. "

" હા-એવડી જાગીર મળશે. " મહોબતરાય લાલચમાં વશ થઇ વિચાર પૂર્વક બોલ્યો.

" અને પછી જુઓ કે એવડી જાગીરથી તમારી ઉપજ કેટલી બધી વધશે ? અને ત્યારે તમારી આબરૂ, ઇજત અને માનપાન કેટલાં વધશે ? " ફસાવનારી નાગણે તેના લોભી કાનમાં મીઠું ઝેર રેડયું.

" ઓ ! મંજુલા !" તે બોલ્યો. " તું મને એવી આશામાં મૂકે છે કે મને તે આગળ ખેંચે છે. અને ભયંકર ગુના વિષે તું મને એવી રીતે પાઠ શીખવે છે કે જાણે હું કયારનો એવાં કામોથી જાણીતો હોઉં ! "

" હિંમતવાન બનો-છાતી રાખો-મારા વહાલા મરદે બહાદુર મહોબત. " મંજુલા તેને ગળે વળગી ને બોલી. " ચાલો, એવી રીતે વર્તો કે જેથી તમારા તરફ મારો સંપૂર્ણ પ્યાર વધે. જ્યારે મારો ચહેરો મેં તમને પ્રથમ બતાવ્યો, ત્યારે તમે મને કહ્યું હતું કે તમે મને ચાહો છો. ઠીક-તો હવે તમે મને તમારા પ્યારની સાબીતિ આપો, કે હું જાણું કે ખુબસુરત સ્ત્રી મળવાને માટે તમે આભારી છો. "

" મારા પ્યારની કેવી સાબીતિ તું માગે છે ? " ગોરી ચામડીથી ઝંખવાઇ ગયેલા અને પૈસાના પૂજારીએ પૂછયું.

" હું શું માગું છું ? " મંજુલા પૂરેપૂરૂં સ્ત્રી ચરિત્ર લડાવતાં તેના ખોળામાં બેસીને તેના ગળામાં હાથ નાખી લાડ કરતી બોલી. " હું એ માગું છુ કે થોડા દિવસ ઉપર આપણું લગ્ન થતા પહેલાં આપણે જે શરતો કરી છે, તેમાંનું કશું પણ તમારે છોડી દેવું નહિ. વળી હું ઇચ્છું છું કે તમે મારામાં સંપૂર્ણ ભરોસો મૂકો. અને આણંદરાયની બાબતમાં હું જે જે કહું તેમાં મારા ઉપર આધાર રાખી તમે અમેલ થાઓ. "

" જે જે કરવાનું તું કહેશે તે કરવાને હું કબુલ છું, વહાલી મંજુલા, "

મહોબતરાય તેણીને ગુસ્સે કરવાથી બીતાં તથા તેણીની મોહજાળમાં સપડાતાં લોભને વશ થઇને બોલ્યો:—

"તમે વચન આપોછો કે હવે ફરી કદી પણ તમે મારા વિચારની વિરૂદ્ધ એક શબ્દ પણ ઉચ્ચારશો નહિ?" તેણીએ પૂછયું—"અને વળી હું કહું તે પ્રમાણે કરવા તમે પ્રતિજ્ઞાથી બંધાઓ છો?"

"હા—વહાલી મંજુલા." તેણે જવાબ દીધો, "પણ જો આ પ્રમાણે તારા કહેવાને હું તાબે થાઉં તો તું મારા ઉપર પ્યાર કરશે? હું જો નર્કમાં જવાનું કબુલ કરી તારા કહેવા પ્રમાણે તારી સાથે ભયંકર ગુનામાં સામેલ થાઉં તો તું મને આ દુનિઆમાં સુખી કરશે?"

"હું તમને જેવા હોવાનું ઇચ્છું છું તેવા સંપૂર્ણ તમે થાઓ." તેણીએ જવાબ આપ્યો—"અને પછી તમે જોશો કે હું તમને કેવા પ્યારથી ચાહુંછું—પણ હું જે કંઇ કહું તે પ્રમાણે વગર આનાકાનીએ કર્યા જશો તોજ—પછી તમને આવો સવાલ પૂછવાની જરૂર રહેશે નહિ; કારણ કે મને મારી પોતાની મેળેજ તમને ચાહવાનો ઉમળકો આવશે."

"ભલે ત્યારે, હું જંગલી વાઘ જેવો થઇશ," તેણે કહ્યું. "માત્ર એટલુંજ કે હાલ જેવી તું માયાળુ અને વહાલ ભરેલી રીતે ચાહે છે તેવીજ રહેશે તો." આમ કહી તેણે પોતે જાણે જુવાન હોય તેમ તેણીને પોતાની છાતી સાથે વહાલથી ચાંપી.

"જે માયા, મમતા અને વહાલ, હાલ હું તમારા તરફ બતાવુંછું," મંજુલા નમ્ર અવાજે બોલી, "તે જો તમે મારી સાથે ભયંકર ગુનામાં સંપૂર્ણ રીતે સામેલ થશો તો, ત્યારપછી જે માયા, મમતા અને વહાલ, હું તમારા તરફ રાખીશ તેના પ્રમાણમાં કંઇજ નથી. હા—મારા વહાલા સ્વામીનાથ, આપણી સ્થિતિમાં—ભયંકર ગુનો સાથે રહીને કરવાથીજ—આપણો પ્યાર વધશે. બન્નેએ સાથેજ તે ભયંકર ગુનાની ખાઇમાં પડવું, કે બન્નેનાં અંતઃકરણ એકી વખતે ખરડાયેલાં થાય; અને બન્નેએ તેવાં કાળાં કૃત્યોમાં સાથે સાથે હાથ મેળવીને ચાલવાથી કોઇને એક બીજાથી શરમાવાનું કે નીચું જોવાનું રહેશે નહિ. આ પ્રમાણે થશે ત્યારેજ તમે જોશો કે હું

તમને જેવી ઉંડી લાગણીથી ચાહું છું, અને પછી તમને હું પૂરા વહાલથી એવા ખુશીમાં ને ખુશીમાં રાખીશ કે, જોકે ભયંકર ગુનાથી તમે મારો પ્યાર મેળવેલો હશે, તોપણ ઘણો સહેલાઇથી મળેલો લાગશે."

"હું તારો છું-સંપૂર્ણ તારોજ છું, વહાલી મંજુલા" ઝેરી નાગણના કાતિલ ઝેરની અસર તેની નસેનસમાં પ્રસરી જતાં તે તેણીની મોહક ખૂબસુરતી તરફ જોઇને બોલ્યો-"તું જો મનુષ્યાકારમાં રાક્ષસી હોય-જો મારો આત્મા પણ તું નર્કમાં નાખવા માગતી હોય-તોપણ હું કહીશ કે હું સઘળો તારોજ છું."

"હવે હું જોઉં છું કે, જેવી રીતે મારા પહેલા પ્યારના જુસ્સામાં આણંદરાયને ચાહતી હતી, તેના કરતાં ઘણાજ પ્યારથી હું તમને ચાહી શકીશ." તેણીએ વધારે ઓપ ચઢાવ્યો.

"શું, તું મને કહે છે તે પ્રમાણે મારા જેવા ઘરડા માણસને તું ચાહી શકશે?" મ્હોબતરાય પોતાની પત્નીની વફાદારી ઉપર કંઇક શંકાશીલ થતાં બોલ્યો.

"ઘરડા!" ડોળ ઘાલુ મંજુલા બોલી ઉઠી. "તમે ફક્ત પચાસ વરસના હશો, અને તમારી પૂરતી તનદુરસ્તીમાં છો."

"ત્યારે તું ફક્ત અઢાર વરસની છે, મંજુલા!" તે બોલ્યો.

"ચાલો, હવે આવો મુકાબલો કરવાની આપણે જરૂર નથી." તેણીએ વાત ઉડાવવાના ઇરાદાથી કહ્યું. "મારી હાલની સ્થિતિ અને મારી યુક્તિઓ મારે તમને હવે વિગતવાર જણાવવી જોઇએ. તો હવે જાણો-મારા વહાલા પતિ-પણ રાખો, હું આગળથી તમને ચેતાવું છું કે મારી હકીકત તમને ગમે તેવી ભયંકર લાગે તો પણ ચમકતા નહિ-કે મેં એક એવો ગુનો કર્યો છે કે જેની સજા ફાંસી વગર બીજી નથી-અને આ દુનિઆમાં તે વાતથી જાણીતાં ત્રણ માણસો છે."

"ઓ! દયાળુ પ્રભુ! શું આ સંભવિત છે, મંજુલા?" મ્હોબતરાય આખે શરીરે-ધ્રૂજી ઉઠતાં બોલ્યો.

"તે સંભવિત છે, એટલુંજ નહિ-પણ ખરૂં છે." તેણી બોલી.

"અને હવે હું તમને એક વિચિત્ર છુપો ભેદ જણાવું છું. જે ગુપ્ત વ્યાધિથી આણંદરાય છૂપી રીતે ધીમે ધીમે મૃત્યુ વશ થતો જતો હતો, જેમાંથી હવે તે મોકળો થવા પામ્યો છે—તે વ્યાધિ, ઝેરનું પરિણામ હતું. અને તે ઝેર આપનાર હું હતી."

"તું શું ઝેર આપનાર?" તેણે તે રાક્ષસી સ્ત્રીને પૂછ્યું.

"હા—હું—અને હવે તમે મને ધિઃકારશો?" તે દાંભિક સ્ત્રી એવા મધુર અવાજે અને નરમ ઠપકા ભરેલી રીતે બોલી કે જેનો મુકાબલો તેણીની આવેશી પ્રકૃતિ સાથે ભાગ્યેજ થઇ શકે.

"તને ધિક્કારૂં? ના—ના—" તે બુઢ્ઢો મોહાંધપણામાં બોલ્યો. "પણ આગળ ચલાવ, મંજુલા, આપણે સાથેજ ગુનામાં ભળવાનાં છીએ—અને તે ગુનાથીજ આપણો પ્યાર છે—માટે મને તમામ હકીકત કહે કે હું જોઉં કે તું કેટલે સુધી વધી છે? તેં કહ્યું કે આણંદરાયના સંબંધમાં તારા ગુનાથી ત્રણ માણસો જાણીતાં છે."

"હા—ત્રણ માણસો—તે સઘળાં અથવા તેમાંનું એકપણ માણસ એક ઘડીના છઠ્ઠા ભાગમાં મારી જીંદગી ફાંસીના લાકડાને અર્પણ કરી શકે એમ છે." મંજુલાએ હુંડે પેટે જવાબ આપ્યો.

"અને તે ત્રણ માણસો કોણ છે?" મહોબતરાયે પૂછ્યું.

"પહેલો તો આણંદરાય—બીજો તેનો ખાનગી નોકર મોતી—અને ત્રીજી એક ઘરડી દાયણ ગંગાબાઇ—જેણે મને ઝેર આપ્યું હતું." મંજુલાએ ખુલાસો કર્યો.

"ત્યારે શું આણંદરાય જાણે છે કે તેં તેનો જીવ લેવા યત્ન કર્યો હતો?" મહોબતરાયે અજાયબીથી પૂછ્યું.

"તેણે તેના વ્યાધિનું છૂપું કારણ શોધી કાઢ્યું," તેણીએ જવાબ દીધો, "અને જે રસ્તે તેણે તે શોધી કાઢ્યું, તેજ રસ્તે તેનો ઉપાય પણ તેણે શોધી કાઢ્યો."

"ત્યારે તું શા ઉપરથી ધારે છે કે તેણે તે વાત બીજા કોઇને કહી નહિ હોય?" તેણે ગભરાટથી પૂછ્યું, "તેણે પોતાના બાપને, અથવા તારા

મામા કરણુરાયને, અથવા તારી મામી પ્રમિલાદેવી–એમને કહ્યું હશે."

"તે બાબત તમે બેફિકર રહો," જવાબ મળ્યો–"તમે જેજે નામો કહ્યાં, તેમાંના કોઇને સ્વપ્નામાં પણ એ વાતનો શક જાય એમ નથી. આણંદરાયે એ ગુપ્ત ભેદ પોતાના અંતઃકરણમાં ધર્મપૂર્વક છૂપાવી રાખ્યો છે. એટલુંજ નહિ, પણ તેણે પોતાના નોકર મોતીને મારી આપીને પોતાની નોકરીમાં કાયમ રાખ્યો છે"

"પણ ત્યારે આવો ઉમદા સ્વભાવ–"

"મારા કૃત્યથી મને અટકાવવાને માટે પૂરતો નથી" મહોબતરાયને બોલતાં અટકાવીને મંજુલા વચ્ચેજ બોલી ઉઠી. "હવે મારી ખરી સ્થિતિ કેવી છે તે તમારા સમજવામાં આવ્યું હશે. આણંદરાયના તરફથી મારે કંઇ બીવાનું નથી; પણ તેનો નોકર મોતી, અને પેલી બુઢ્ઢી દાયણ ગંગાબાઇ કદાચ કોઇ વખતે અજાણપણામાં–અથવા પસ્તાવાથી–મારૂં ભોપાળું ખૂલ્લું કરી દે, એ વિષે ભય છે."

"હા, હવે મને લાગે છે કે તું પૂરેપૂરી તેમના કબજામાં છે; મારી ગરીબડી મંજુલા!" મહોબતરાય પોતાની રાક્ષસી સ્વભાવની પત્નીની દયા ખાઇને બોલ્યો. "પણ હવે તું શું કરવા માગે છે? એ વાતનો શું ઉપાય ધાર્યો છે? મને કહે, વહાલી મંજુલા, મને જણાવ કે તું શું કરવા માગે છે, અને હું તને શી રીતે મદદ કરી શકું?"

"આ બાબત ખરેખર ગંભીર પ્રકારની છે, નહિ વારૂ?" મંજુલાએ વધારે પાનો ચઢાવવા પૂછ્યું.

"આ બાબત ખરેખર ગંભીર છે, અને તેના ઉપર તરત લક્ષ આપવું જોઇએ," મોહાંધ જાગીરદાર બોલ્યો–"પણ તે નોકર અને દાયણના સંબંધમાં તું શું કરવા માગે છે?"

"હમેશને માટે તેમની જીભ બંધ કરવી." મંજુલાએ ઠંડે પેટે જવાબ આપ્યો.

"અહા! પણ તે શી રીતે?" તેણે ચમકીને પૂછ્યું.

"આ દુનિઆમાંથી હમેશને માટે દૂર કરીને." રાક્ષસી મંજુલાએ ઉંડા દઢ અવાજે કહ્યું.

" અરે ! શું ? બે ખુન ?" તે ગભરાતે સાદે બોલ્યો–" ઓ, મંજુલા ! તારા પ્યારથી કદાચ આ દુનિઆમાં હું સુખી થઇશ, પણ પછી તારે લીધે હું ભયંકર નર્કમાં પડીશ."

"હાલનોજ વિચાર કરવો આપણે માટે બસ છે." તે નિર્દય હૃદયની સ્ત્રી બોલી "કારણ કે તે "આપણે જોઇ શકીએ છીએ; પણ પેલી દુનિઆનો આપણે વિચાર કરીએ તે શક પડતો અને માત્ર અનુમાનિક છે. હાલ આપણને લાગે છે કે આપણે જીવીએ છીએ, પણ પછી આપણે હોઇશું કે નહિ તેની ખાત્રી નથી."

"ઓ મંજુલા ! અગાઉ જે ગુના થઈ ગયા છે. તેમાં હવે આવું નાસ્તિકપણાનું બોલીને વધારો કર નહિ." તે ગભરાઇને ધ્રૂજતે સાદે બોલ્યો. "તારે જોઇએ તો મારી જીંદગી માગી લે, અને તે હું તને ખુશીથી આપીશ, પણ મને–ભયંકર નર્કયાત્નાના ભયની ના પાડીને ઇશ્વર તરફ અવિશ્વાસી ન બનાવ."

"હવે હું તમારી આસ્થાને તોડીશ નહિ, મારા વહાલા." તેણીએ પટાવતાં કહ્યું "પણ તમે જુઓ છો કે મારી પોતાની સલામતીને માટે, મોતી અને ગંગાબાઇએ મરવું જોઇએ."

"હા, એતો ખરૂં છે કે તે સિવાય તારી સલામતી નથી." તે એકમત થયો.

"અને તે બેમાંથી એકના મોતમાં આણંદરાય સામે પણ મારૂં વેર લેવાશે." મંજુલા ઝનુની અવાજે લાલચોળ આંખો કરી બોલી.

"તે હું સમજયો નહિ." તેણે પૂછ્યું, "તે કોના મોતમાં ?"

"મોતીના." તેણીએ ટુંકો જવાબ દીધો.

"તેનું મોત આણંદરાય ઉપરના તારા વેરમાં તને શી રીતે મદદ કરી શકશે ?" તેણે પૂછ્યું.

"તે તમે જોશો–" તેણીએ ભરમમાં જવાબ દીધો–"આપણે હવે વાળુ કરીને થોડો છાંટો પાણી લઇશું; અને પછી આપણે હવે પછીની યુક્તિઓ વિષે નિરાંતે વાતો કરીશું, અને તમે ખાત્રી રાખજો કે આણંદરાય ઉપરનું મારૂં વેર ઘણું ભયંકર રીતે લેવાશે."

"આમાં પહેલું પગલું તું ક્યારે લેવા ધારે છે ?" મહોબતરાયે પૂછયું.

"કોલેજ" જવાબ મળ્યો.

"હેં કોલેજ ! એટલું બધું જલદી?" તેણે ચમકીને પૂછયું.

"હા–હા–કાલેજ." મંજુલા બોલી. "અને હવે હું તમને અચંબો લાગે તેવું કહીશ કે શરૂઆતમાં આપણે ધરણીધરરાયને ત્યાં મુલાકાતે જઇશું."

"પણ આપણે જાણીએ છીએ કે તે હાલ અહીં નથી." તે બોલ્યો–"અને તેના છોકરા આણંદરાયને મળવા તું ચાહતી નહિ હોય, કારણ કે તેની ઉપર તો તને ઘણો ધિક્કાર અને વેર છે."

"ધરણીધરરાય અહીં નથી, તેથીજ તે તકનો લાભ લઇને આપણે તેમને ઘેર જવું છે–" ઉંડા અર્થવાળી મંજુલાએ કહ્યું–"કારણ કે તેમની ગેરહાજરીમાં આણંદરાય આપણને આવકાર આપશે, અને તેથીજ આપણે ત્યાં જવું છે."

"ત્યારે શું જે તારો જીવલેણ શત્રુ છે, તેનેજ મળવા જવાનું તું ધારે છે?" તેણે ગભરાઇને અજાયબીમાં પૂછયું. "તું એકાએક ખુલ્લી રીતે તેના ઉપર જાસ્તી ગુજારવાનો તો વિચાર રાખતી નહિજ હોય?"

"ના ના–એવી હું ભાનવગરની બેવકૂફ છું, એમ તમે ધારતા નહિ." મંજુલા બોલી–"તેની સાથે સલાહ કરવા–તેની માફી માગવા–અને તેની સાથે મિત્રતા કરવા સારૂ મારે તેને મળવા કાલે જવું છે."

"ઓ ! ભેદભરેલી સ્ત્રી ! તું શું કહેવા માગે છે ?" મહોબતરાય ગુંચવાડામાં પડી પૂછવા લાગ્યો.

"મારી ધારણા એવી છે કે મારૂં વેર પૂરેપૂરૂં લેવાય, અને મારી સલામતી પણ જળવાય," તેણી ઉંડા અવાજે બોલી. "પણ ચાલો હવે વાળુ કરીએ, અને જરા કંઇ મગજને તાજું કરવા લઇએ, અને પછી મારા સિંહ જેવા અંતઃકરણના પતિ સાથે હું છેડાયેલી વાઘણ જેવી તેમની પત્નિ આ બાબતની યુક્તિઓની વિગત સમજાવીને વાત કરીશ."

વાળુની તૈયારી કરવા નોકરને હુકમ આપ્યો. વાળુ થયું છાંટા–પાણીનો ઉપયોગ છૂટથી થયો. વાંચનારે ધ્યાનમાં રાખવું કે મંજુલા આ ઘરમાં

આવ્યા પહેલાં દારૂનો ઉપયોગ કરવાનો સુધારો મહોબતરાયના ઘરમાં પેઠો નહોતો. અને મંજુલા, ગંગાબાઇને ત્યાં રહી તે અગાઉ દારૂથી દોઢ ગાઉ દૂર નાસતી હતી.

પછી મહોબતરાય દારૂની ખુમારીમાં ખુશીમાં આવી ગયો. વળી મંજુલાથી દબાયેલો અને ધાસ્તીમાં તો હતોજ. તે પોતાની રૂટડી સ્ત્રોના સ્વરૂપ તરફ જોઇ રહ્યો—છતાં તેના અંતરમાં તેને લાગ્યું કે તેણે પોતાના પાસામાં ઉજળી ચામડીમાં છૂપાયેલી ખરેખરી કાળી નાગણને લીધી છે.

પ્રકરણ ૪૦ મું.

પરદુઃખભંજન ઉદારતા
અને
શ્રીમંતાઇનો ખરો ઉપયોગ.

પ્રિય વાંચનાર—ગયા ત્રેવીશમા પ્રકરણનો છેવટનો ભાગ ફરીથી જોવાથી યાદ આવશે કે તે એક અમુક યાદગાર રાત્રે આણંદરાયના સૂવાના ઓરડામાં ઝેરીલી વાઘેણ જેવી મંજુલા, આણંદરાયને ઝેર આપી તેનું ખુન કરવાના ઇરાદાથી, તેના નોકર મોતીની મદદથી દાખલ થયેલી; અને આણંદરાયે તેમને બન્નેને પકડેલાં; પણ પોતાની ઉદારતા અને ઉમદા સ્વભાવથી તેણે પોતાના નોકર મોતીને સારી શીખામણ આપી, તેને પસ્તાવો થવાથી માફી આપી હતી. વળી તે વખતે મોતીને તેનાં કાળાં કૃત્યના મહેનતાણા તરીકે મંજુલા પાસેથી મળેલા પૈસા તેણે આણંદરાયને આપ્યા હતા. તે લેતાં આણંદરાયે તેને કહ્યું હતું કે "તે પૈસા હાલ હું મારી પાસે રાખીશ, અને તેનો શું ઉપયોગ કરવો, તે હું તને સવારે કહીશ." આ બધી હકીકત યાદ કરવાની જરૂર છે.

હવે જોવું જોઇએ કે આ ઉમદા દીલના તરૂણે તે પૈસાનો કેવો ઉપયોગ કરવાનો વિચાર કર્યો હતો.

પોતાના નોકર મોતીના દાખલાથી તેને વિચાર આવ્યો કે આ પૈસાનો કોઈ એવી રીતે ઉપયોગ કરવો જોઇએ કે, એવા ઘણા માણસો અમુક સંજોગોમાં લલચાઇને, અથવા કમ અક્કલને લીધે કે સારા વિચારોનું જ્ઞાન મેળવવાનું સાધન નહિ હોવાથી ઘણાં પાપી કામો કરવા પ્રવૃત્ત થાય છે. તેમાંથી તેમને બચાવી, તેમને સારૂ જ્ઞાન પ્રાપ્ત થાય, અને મનુષ્ય જાતને વધારે ઉપયોગી થઇ પડે, એવા બનાવવાને કોઇ સારૂં સાધન થવું જોઇએ. તેને લાગ્યું કે જો મોતીને આ વખતે નોકરીમાંથી કાઢી મુક્યો હોય તો તે કંઇ પણ સાધન વગરનો હોવાથી વધારે ને વધારે ગુના ભરેલાં પાપી કૃત્યો કરવા તરફ દોરવાશે. પણ હવે તેને એવી સ્થિતિમાં જતાં બચાવ્યો છે, તો સેંકડે નવ્વાણું ટકા જેટલી આશા રહે છે કે તેણે કરેલાં પાપી કૃત્યોનો, અને ફળનો વિચાર કરી, પસ્તાવો થઇ, આગળ ઉપર સુધરી નીતિવાન થવાનો સંભવ છે.

આવાજ વિચારો કરતાં આણંદરાય વધારે ને વધારે ઉંડો ઉતરતો ગયો. તેને લાગ્યું કે, કેટલાક એવા દુઃખી કંગાળ માણસો હોય છે કે, જેઓ પોતાની કંગાળ હાલતને લીધે પહેલાં ગુના કરતાં શીખે છે. તેમને બચાવીને સુધારાના રસ્તા ઉપર લાવવાનાં કંઇ સાધનો હોય, તો તેઓ વધારે પાપમાં પડતાં બચીને પ્રમાણિક માણસો બની શકે. તેણે એક દાખલો લીધો કે એક કંગાળ જુવાનીઓ અથવા નિરાશ થયેલો માણસ, સાધન વગરનો હોવાથી, પોતાના ગુજરાનને માટે અમુક ગુનો કરે છે. તે ગુનો કરતાં તે પકડાય છે. અને કાયદાની જાળમાં સપડાઇ અમુક કેદની સજા ભોગવે છે. તે સજાની મુદત પુરી થતાં તે છૂટીને પાછો દુનિઆમાં પ્રથમ હતો તેના કરતાં વધારે ખરાબ સ્થિતિમાં આવે છે. આ માણસ શી રીતે સુધરી શકે? શી રીતે પ્રમાણિક ધંધો કરી શકે? શી રીતે આબરૂ સર પોતાના ગુજરાનનાં સાધન મેળવી શકે? જ્યાં જશે ત્યાં સજા ખાધેલો અને ડામીજ ગણાતાં કોઇ ઉભો રાખે નહિ—તેની પોતાની પાસે તો કંઇ સાધન હોજ નહિ. કેદખાનાના દરવાજામાંથી તે ભીખારી જેવો નીકળે છે—ફાટાં તૂટાં લુગડાં માત્ર તેના શરીર ઉપર કદાચ હોય છે.

જો સગાં વહાલાં અથવા મિત્રો હોય છે તો આવી સ્થિતિમાં બધાં તરફથી તેને તજી દેવામાં આવે છે—હવે તેણે શું કરવું ? કયાં જવું ? કોની મદદ માગવી ? છતાં હરરોજ પેટ તો માગેજ માગે. મજુરી પણ મળે નહિ. આવી સ્થિતિમાં પોતાના પેટના પોષણને અર્થે પાછો ફરીથી ગુના કરવાને લલચાય તો તેમાં શું નવાઇ ? હું જોઉં છું કે દેશમાં ઘણા શ્રીમંતો છે—લક્ષાધિપતિઓ—બલ્કે કેટલાક કોટયાધિપતિઓ પણ છે. ગાડી, ઘોડા, મોટરો, વાડી, બંગલા વગેરે હજારો જાતનાં પોતાને મનગમતાં સુખ સાધનથી થતા આનંદમાં ગુલતાન થઇ, પોતાનાજ માની લીધેલા સુખના સાધનને અર્થે લાખો રૂપીઆના ધુમાડા ઉરાડે છે—માન આબરૂ કે ચાંદ— એવું મળવાનું હોય—કે મોટામાં નામ ગણાવવાનું હોય—ત્યાં આંખો મીંચીને પૈસા ખરચે છે—પણ મારા સાંભળવામાં કે જોવામાં અત્યાર સુધી એવું આવ્યું નથી કે આવા વર્ગના લોકો કે જેમને પોતાના પેટના પોષણના સાધનના અભાવે ગુના કરવાની ફરજ પડે છે, તેવા લોકોને સુધારી પ્રમાણિક ધંધા રોજગારે ચઢે એવું કોઇ પણ જાતનું પગલું લેવામાં આવ્યું હોય ! આવા મોટા બડેખાંઓને તો આવા લોકોનો કે તેમની સ્થિતિનો વિચાર કરવાની પણ ફુરસદ હોતી નથી. જો કે શ્રીમંત લોકો ઘણે ભાગે આવા ગરીબ વર્ગના અને પેટે ખાવાના સાંસા હોય તેવાં માણસોના ભોગે—તેમની મજુરીથી—તેમની મહેનતથી —પૈસાદાર થયેલા હોય છે. તેવા લોકોને જેમ નીચોવાય—મજુરીના પ્રમાણમાં તેમના કુટુંબનું પોષણ ભાગ્યેજ થાય તેટલો પણ બદલો નહિ આપતાં—તેમને જેમ દુઃખ દેવાય—તેઓ જેમ ગરીબાઇમાં ને ગરીબાઇમાં વધારે ડુબતા જાય—તેવા ધંધા કરીને પોતે માતબર—પૈસાદાર—બને છે. અફસોસ ! શું દેશની સ્થિતિ છે ? હવે મને ખરૂં લાગે છે કે જ્યાં પૈસો હોય છે ત્યાં દયા, ધર્મ, જ્ઞાન, નીતિ, વિચાર—એમાંનું કંઇ ભાગ્યેજ હોય છે. કદાચ હોય તો તેને પોષવાને માટે તેના અંતઃકરણમાં તેવું ઝરણ હોતું નથી—કારણ કે તેનું અંતઃકરણ તો માત્ર પૈસા મેળવવા અને મોજમઝા ભોગવવાના વિચારથીજ ભરાયેલું હોય છે—તો પછી બીજા નાજુક વિ-

ચારોને માટે કયાંથી જગ્યા હોય ? તેમ તેને માટે ફુરસદ પણ ક્યાંથી હોય ?

વળી કંઇક યાદ આવતાં આણંદરાવનો ચહેરો પ્રફુલ્લિત થઇ ગયો. કારણ કે તેને યાદ આવ્યું કે, હાલમાં સાંભળવામાં આવ્યું છે કે આવા વર્ગના કંગાળ લોકોની સ્થિતિને માટે નામદાર અંગ્રેજ સરકારને કરૂણાળુ વિચાર થયો છે, અને તેના પરિણામમાં કંઇક પગલું ભરવાનો વિચાર ચાલે છે–ઇશ્વર કરે ને નામદાર સરકારનો આવો શુભ વિચાર ફળદાયક પરિણામ લાવે !

હવે કેવું પગલું ભરવું તે વિષે આણંદરાય સ્થિર ચિત્તે વિચાર કરવા લાગ્યો. છેવટે તેની ધારણામાં એવું ઠર્યું કે એક મોટું ગંજાવર મકાન બાંધવું, અને તેમાં જુદી જુદી જાતના ધંધા શીખવવાની જોગવાઇ કરવી. અને આવા દુ:ખી અને કંગાળ માણસોને શોધી શોધીને તેમને સમજાવીને તે મકાનમાં લાવવાને માટે સારા હોશિયાર માણસો બધે ફરતા રાખવા. આ મકાનમાં વળી એક સાધારણ નિશાળ પણ રાખવી, અને તેની સાથે ધર્મનું શીક્ષણ આપવાને માટે સારા ધર્મ ગુરૂઓ રાખવ–કે જેઓ એવા માણસોને સુબોધ અને નીતિ શીખવી તેમનાં મન ધર્મ તરફ વાળે. આવી રીતે ગોઠવણ થવાથી આવા રખડતા ઘણા માણસો નીતિવાન થઇ ધંધો રોજગાર શીખી જનસમાજને ઉપયોગી થવા બહાર પડશે.

આવો ઉમદા વિચાર તેના મનમાં આવતાં તરતજ તેણે તે વિષે પાકો વિચાર કરી દીધો, અને તેને વગર વિલંબે અમલમાં મૂકવા ઠરાવ કર્યો.

શહેરની બહાર એક વિશાળ મેદાનવાળી ખૂલ્લી જમીન નકામી પડી રહી હતી, તે તેણે વેચાતી લીધી. મોતીને મંજુલા પાસેથી મળેલા પૈસા જમીન વેચાતી લેવામાં ખરચાયા. મોતીને તેના શેઠે જ્યારે પોતાના વિચાર જણાવ્યા, ત્યારે તે ઘણો ખુશી થયો. વળી આણંદરાયે મોતીને એવું પણ જણાવ્યું કે જ્યારે એ મકાન તૈયાર થઇ ઉપયોગમાં લેવાશે, ત્યારે તેના રક્ષક તરીકે તેનેજ મુકવામાં આવશે, આથી તો મોતી ઘણોજ ખુશી થયો.

કડીઆ, સુથાર તથા મજુરો વગેરેની ધમાલ ચાલી. મકાન કરવાનો

નકશો આણંદરાયે પોતેજ ગોઠવ્યો હતો, અને તે પ્રમાણે કરવા એક હોશિયાર કારીગરને રોકયો હતો.

કહેવાની જરૂર નથી કે આ બધા કામમાં મોતીના પૈસા પહોંચી વળે તેમ નહોતું, કારણ કે તે તો જમીન લેવામાં વપરાઇ ગયા હતા. આણંદરાયે પછીનો તમામ ખર્ચ પોતાના બાપની દોલતમાંથી કરવા માંડયો હતો. ધરણીધરરાયે પોતાના પ્યારા પુત્રની દરેક ઇચ્છા પૂરી પાડવા કબુલ કર્યું હતું. આણંદરાયે પોતાની શ્રીમંતાઇનો ખરો ઉપયોગ કર્યો.

પોતાના વિચારોને બીજા લોકો હસી કાઢે, અથવા કોઇને ઇર્ષા ઉત્પન્ન થાય, એવાં કારણો દૂર કરવાને માટે આ મકાન બાંધવાનું ખરૂં કારણ તેણે હાલ બહાર પાડયું નહોતું.

મકાન બાંધવામાં તેની પોતાની જાતની દેખરેખથી ઘણી ઝડપ વાપરવામાં આવતી હતી. ભાગ્યેજ કોઇ દિવસ એવો જતો હશે કે આણંદરાય ત્યાં ગયો નહિ હોય—કે પોતાનો નોકર મોતી કે જેને દેખરેખ રાખવા ત્યાંજ રાખ્યો હતો—તેને અમુક અમુક જાતની સૂચના આપવાનું ચૂકયો હોય. પ્રથમ તો ફરતી દીવાલ બંધાઇ, અને પછી અંદર જુદા જુદા પ્રકારનાં મકાનો બંધાવવાનું શરૂ થયું.

મંજુલા અને મોતી જે રાત્રે આણંદરાયના સૂવાના ઓરડામાં તેને ઝેર આપવા ગયાં હતાં, અને તે કામમાં તેઓ નિષ્ફળ થયાં હતાં, તે પછીનો સઘળો વખત આણંદરાયે આ કામ પાછળ રોકયો હતો.

ત્યારે શું આ કામથી મંજુલા અજાણી હતી.? ના—તેણી સઘળું જાણતી હતી જુદે જુદે વેષે અને જુદી જુદી વખતે તેણી આણંદરાયની દરેક હોલચાલ તપાસતી હતી. અને ઘણી વખત તો તે નવા મકાનની દીવાલની બહાર ખૂણે છૂપાઇ રહીને, આણંદરાય, મોતીને જે સૂચનાઓ આપતો અને સમજાવતો તે તેણી સાંભળતી હતી અજાયબ જેવુ છે કે આ તરૂણી, આણંદરાયના આવા વિચારોને નાદાનીના વિચારો ગણતી—અને મોતીને તેના ખરા અંતઃકરણના પસ્તાવાને લીધે આયલો—બગ ભગત જેવો ગણતી આણંદરાય તરફનો તેણીનો ધિક્કાર વધતો જતો હતો—અને મોતી તરફ ઘણી

ચીડથી બળતી હતી. મોતીને તે દગાખોર ગણતી હતી. આ પ્રમાણે તેણીને શેઠ તથા નોકર બન્ને ઉપર ઉશ્કેરણી થતી હતી. અને જ્યારે શેઠ ઉપર મહા ઘાતકી વેર લેવાની યુક્તિઓ રચતી—ત્યારે નોકર ઉપર પોતાનો ખારીલો—ઝેરીલો ગુસ્સો ઉશ્કેરતી.

આટલી હકીકત જણાવી હવે આપણે આપણી વાર્તાને આગળ ચલાવીશું વાંચનારે માત્ર ગયા પ્રકરણમાં મહોબતરાય અને મંજુલા વચ્ચે થયેલી વાતચિત યાદ રાખવી.

તે વાતચિત થઇ તેને બીજે દિવસે બપોર પછી લગભગ બે વાગે નવા બનેલા જાગીરદાર સાહેબ અને તેની ખૂબસુરત પત્ની બન્ને પોતાની નવી લીધેલી બે ઘોડાની સુશોભિત બગીમાંથી ધરણીધરરાયના મહેલને આગલે દરવાજે ઉતર્યાં. મહોબતરાયના કહેવાથી આપણા જાણવામાં આવ્યું છે કે ધરણીધરરાય ઘેર નહોતો, અને તે આ બન્ને જાણતાં હતાં, છતાં પોતાની પાપી ધારણાવાળી યુક્તિ સાધવાને માટે આ પ્રસંગ તેમણે પસંદ કર્યો હતો. જ્યારે તેમના આવવાની ખબર આપવા નોકર મહેલની અંદર ગયો, ત્યારે આણંદરાય પોતાના વાંચવાના ઓરડામાં હતો. ખબર સાંભળીને તેના ચહેરા ઉપર ખુશાલી જણાઇ—કારણ કે તે પોતાના ઉમદા સ્વભાવ પ્રમાણે બીજાની પરીક્ષા કરતો—તેણે એમ ધાર્યું કે મંજુલા હવે પરણીને દુનિઆદારીમાં પડેલી હોવાથી પોતાનાં પાછલાં કૃત્યોનો પસ્તાવો કરી તેની સાથે સલાહ કરવા આવી હશે.

આવો વિચાર કરતો તે દીવાનખાનામાં ગયો—જ્યાં મંજુલાએ તેને દેખાડતા ખુલ્લા અંતઃકરણથી બોલાવી પોતાનો હાથ આપ્યો, અને તેથી પોતાનું ધારવુ ખરૂં પડયું એમ આણંદરાયની ખાત્રી થઇ. વળી તેજ વખતે તેણીએ તેના તરફ એક નજર નાખી જણાવ્યું કે “ સઘળું ભૂલી જાઓ, અને માફી આપો ”

તેની અને મંજુલાની વચ્ચે કંઇ ખાસ સંબંધ હોવાની વાત, મહોબતરાય જાણતા હશે, એવો આણંદરાયને બિલકુલ શક નહોતો. તેને એવો પણ બિલકુલ શક આવ્યો નહિ કે લગ્ન પહેલાં તેણી નીતિ ભ્રષ્ટ થઇ હતી,

તે વાત તેણીએ પોતાના ધણીને કહી હશે વળી પોતાના સગા સાથે તેણીએ સંબંધ બાંધવાથી તેને પોતાને કંઇ ધારતી છે એમ પણ તેણે ધાર્યું નહિ. તો પછી આ ઘાતકી જોડું જે નિર્દય કૃત્યની યુક્તિ સાધવા ત્યાં આવ્યું હતું, તેનો ખ્યાલ લેશ માત્ર પણ તેને ક્યાંથી આવે ?

તેથી આણંદરાયે મંજુલાને તેણીના લગ્નની મુબારકબાદી આપી. અને પછી મહોબતરાય તરફ જોઇને બોલ્યો. "આપને નવી જાગીર પ્રાપ્ત થઇ તે વિષે મેં કાગળથી આપને મુબારકબાદી આપી હતી, અને હવે તેવી મુબારકબાદી આજ રૂબરૂ આપવાની તક મળવાને માટે હું ઘણો ખુશી થયો છું."

"હું તમારો ઉપકાર માનું છું, આણંદરાય." મહોબતરાયે જવાબ દીધો. "હું દિલગીર છું કે તમારા પિતા આજ ઘેર નથી, જેથી તેમને હું ઉપકારની લાગણી જણાવી શકયો નહિ." વળી તેણે મગરૂબીનો ડોળ કરી કહ્યું. "પણ તેમણે મહેરબાની તરીકે મારૂ વર્ષાસન ચાલુ રાખ્યું—અને વધાર્યું—તેને માટે હું ઘણી ઉપકારની લાગણી ધરાવું છું."

"મારા મહેરબાન મહોબતરાયજી," આણંદરાય બોલ્યો. "હું ધારૂં છું કે આપણી મુલાકાત કંઈ એવા કામ સંબંધી નથી."

"અને તેથીજ મને લાગે છે કે," તેણે જવાબ દીધો. "વફાદારી ભરેલી મિત્રતાના સ્વતંત્રપણાની ખાતરજ મારા ઉપર જે ઉપકારનો બોજો છે, તેમાંથી જેમ બને તેમ જલદીથી મોકળો થવાને હું ઇન્તેજાર છું. અને જ્યારે થોડા પણ શબ્દોથી હું તમારા પિતાને મારી લાગણી જણાવીશ, ત્યારેજ મન શાંતિ વળશે, માટે મને કાગળ અને ખડીઓ કલમ આપો."

"ભલે, જો આપની મરજી એવીજ હોય કે આ મુલાકાત મિત્રતા તરીકે, તેમજ કામના સંબંધમાં પણ છે, તો હું આપને વધારે કહી શકતો નથી." આણંદરાયે કહ્યું. "અને હું મારી લખવાની પેટી મંગાવું."

"અથવા ઉભા રહો," મહોબતરાય બોલી ઉઠયો "હું તમને એટલી બધી તસદી નહિ આપું. વળી કાગળ લખતી વખતે હું એકલો પડવા ઇચ્છું છું. માટે મનેજ તમારા લખવા વાંચવાના ઓરડામાં જવા દો. હું

રસ્તો જાણું છું. તમારે સાથે આવવાની તસ્દી લેવાની જરૂર નથી."

આણંદરાય સાથે જવા ઉઠયો હતો, તેને અટકાવીને મહોબતરાય એકલો ચાલ્યો. તેની પાછળ બારણું બંધ થયું. પછી આણંદરાયે મંજુલા તરફ વળીને ઉંડી લાગણીથી કહ્યું. "હું મારા ખરા અંતઃકરણથી તમારો આભાર માનું છું કે, અત્યારે આવીને પાછલું સઘળું ભૂલી જવા, તથા માફી માગવા અને માફી આપવા તમે મુલાકાત આપી. તમારા લગ્નની વાત જ્યારે મેં પ્રથમ સાંભળી, ત્યારે હું જાતે મુબારકબાદી આપવા, અને હવે આપણે મિત્રો થઇ રહીશું એવું કહેવા આવવાને ઘણો આતુર હતો. પણ ધાસ્તી લાગતી હતી કે—"

"હાં! તમે ધાર્યું કે હું ઘણી ઝેરીલી અને ખારીલી હતી." તેને અટકાવીને મંજુલા સ્મિત કરતાં બોલી, અને એવો દેખાવ ધારણ કર્યો કે કોઇપણ માણસ એવું ધારે નહિ કે તેણીનું અંતઃકરણ હમણાંજ ઘાતકી વિચારોથી ભરેલું હતું. "પણ હવે જયારે પાછલું માફ કરીએ છીએ ત્યારે હવે પાછલું બધુંજ ભૂલી જઇએ. અને હવે, આણંદરાય, હું ખરા મિત્ર તરીકે મારો હાથ આપું છું"

"અને હું પણ તેવીજ લાગણીથી લઉં છું." તે તરૂણ તેણીના શબ્દો અને રીતભાતથી ભોળવાઇને તેણીનો હાથ લેતાં બોલ્યો.

ત્યારપછી તે બન્ને જણ વચ્ચે મિત્રતા ભરેલી વાતચિત ચાલી. તેવામાં આણંદરાયે પૂછ્યું કે—"મેં સાંભળ્યું છે કે, તમારી મામી પ્રમિલાદેવી ઘણાં માંદાં હતાં એ વાત ખરી?"

"હા, પણ હવે સારૂં થવા આવ્યું છે." મંજુલાએ જવાબ દીધો.

"અને કુસુમ અને કળા એ બન્ને બેનો પુષ્પાવતી દેવીને બંગલે રહે છે: મેં તેવું સાંભળ્યું હતું." આણંદરાયે પૂછ્યું.

"હા—તેમજ છે" મંજુલાએ જવાબ દીધો. "દેવીનો તેમના ઉપર ઘણો પ્યાર છે."

આ પ્રમાણે લગભગ અડધો કલાક વાતચિત ચાલી. અરે! પણ આટલો બધો વખત મહોબતરાય શું કામમાં રોકાયો હતો?

વાંચનારે જોયું હશે કે કેવી સફાઇ ભરેલી યુક્તિથી તે આણંદરાયને દીવાનખાનામાં મૂકીને તેના વાંચવાના ઓરડામાં એકલોજ ગયો હતો. પણ માત્ર ધરણીધરરાયને કાગળ લખવાના કામ કરતાં વધારે મહત્વનું એક કામ પાર પાડવાનું હતું. દેખાવને ખાતર તેણે કહ્યા પ્રમાણે કાગળ તો લખ્યો, અને તરત એક પરબીડીયામાં બંધ કરીને તે ઓરડામાંથી ગુપચુપ નીકળ્યો.

બહારની ચાલમાં કોઇ હતું નહિ, તેથી કોઇને દેખાયા સિવાય તે નીચે ગયો. મંજુલાએ તેને શીખવીને એવો હોશિયાર કરી મૂક્યો હતો કે આણંદરાયનો સૂવાનો ઓરડો શોધી કાઢતાં તેને મુશ્કેલી લાગી નહિ. ધીમે પગલે તે તે ઓરડામાં દાખલ થયો.

કદાચ તેને કોઇ જુએ તો તેને ખુલાસો આપવાને તે તૈયાર હતો કે, વાંચવાના ઓરડામાં તે કોઇ અમુક ચોપડી શોધતો હતો, અને ધૂળને લીધે તેના હાથ બગડવાથી, આણંદરાયના સૂવાના ઓરડામાં પાણી હશે એમ ધારીને, ત્યાં તે હાથ ધોવા આવ્યો હતો. પણ સુભાગ્યે તેને તેવું જૂઠું બોલવાની જરૂર પડી નહિ, કારણ કે કોઇ પણ માણસે તેને જોયો નહિ.

તે ઓરડામાં માત્ર એકાદ બે પળ તે રહ્યો. ત્યાં તેણે શું કર્યું, તે તો હાલ આપણે જાણી શકીશું નહિ. માત્ર એટલુંજ જાણવું બસ થશે કે તેના મનનો ધારેલો હેતુ પાર પડયો. અને પછી અંદરખાનેથી ખુશી થતો વાંચવાના ઓરડામાં પાછો ગયો. જ્યાં તે પોતાના ચહેરા ઉપરની લાગણી શાંત કરવા થોડીવાર બેઠો. પછી તે દીવાનખાનામાં આવ્યો. ત્યાં આણંદરાય અને મંજુલાને—જાણે તેમને કદી અણબનાવ થયો હોયજ નહિ, એવી રીતે વાત કરતાં જોયાં.

મહોબતરાયે ધરણીધરરાયને લખેલો કાગળ આણંદરાયને આપ્યો, અને કહ્યું કે ધરણીધરરાય જ્યારે ઘેર આવે ત્યારે તેમને તે કાગળ આપવો. આણંદરાયે તેમ કરવા કબુલ કર્યું; છતાં તેણે દિલગીરી બતાવી કે, માત્ર મિત્રતાની મુલાકાત વખતે આવી બાબતને આટલું બધું મહત્ત્વ આપ્યું.

પછી મહોબતરાય અને મંજુલાએ આણંદરાયની રજા લઇને ચાલવા માંડયું. મહેલની બહાર નીકળીને ગાડીમાં બેસી બાગ તરફ ફરવા ગયાં—ત્યાં સાંજના પાંચ વાગતા સુધી રહ્યાં.

સાંજે ઘેર પાછાં ફર્યાં. વાળુ કર્યા પછી બન્ને જણાં એકાંતમાં વાત કરવા બેઠાં.

મંજુલાએ પોતાના બાહોશ ધણીએ બજાવેલા કામ માટે સાબાશી આપી, અને વિશેષમાં જણાવ્યું કે હવે તેણી તેને પ્રથમના કરતાં ઘણે દરજ્જે વધારે ચાહે છે.

રાતના નવ વાગ્યા. મંજુલાએ કહ્યું કે "હવે અત્યારે આપણે જે કામ કરવાનું છે તેને માટે જવું જોઇએ."

"હું તારા દરેક ફરમાનને તાબે છું, વહાલી." મહોબતરાયે જવાબ આપ્યો.

થોડીવારમાં બન્ને જણ છૂપાવેશનાં લૂગડાં પહેરી બહાર નીકળ્યાં. મંજુલાએ પોતાના રિવાજ પ્રમાણે બુરખો નાખ્યો હતો.

"આપે ગાડીને માટે હુકમ આપ્યો છે, સાહેબ ?" નોકરે મહોબતરાયને પૂછ્યું.

"ના." જવાબ મળ્યો. "અમે બન્ને અહીં નજીકમાં એક મિત્રને મળવા પગે ચાલતાંજ જઇશું. રાત્રી ચાંદરણાની છે, તેથી ગાડીની જરૂર નથી."

બન્ને જણે ચાલવા માંડયું. પણ નજીકમાં કોઇ મિત્રને ઘેર જવાને બદલે થોડે દૂર જ્યાં ભાડાની ગાડીઓ ઉભી રહેતી હતી ત્યાં ગયાં. એક ગાડી લઇને ધારેલે ઠેકાણે જઇ ઉતરી પડયાં. પછી ત્યાંથી પગે ચાલીને ગંગાબાઇને ઘેર ગયાં.

મંજુલાએ ધીમેથી બારણું ઠોકયું. ગંગાબાઇએ જાતે ઉઘાડયું. તેણીના હાથમાં દીવો હતો, તેથી તેણીએ મંજુલાને ઓળખી. માન ભરેલો આવકાર આપીને બન્નેને ઘરમાં લઇને બારણું બંધ કર્યું.

પેલા અંધારા ઓરડામાં ત્રણે જણ ગયાં. ગંગાબાઇનું વહાલું કૂતરૂં

મંજુલાએ તે દિવસે ઝેરની અસરની અજમાયશ કરવામાં મારી નાખ્યું હતું, તેની જગોએ તેણી પાછું તેવુંજ બીજાું કૂતરૂં લાવી હતી.

બન્નેને બેસાડીને ગંગાબાઇ પોતાની બેઠક ઉપર બેઠી, અને ચસ્માં ચઢાવીને મહોબતરાયના તરફધારી ધારીને જોવા લાગી.

"મને લાગે છે કે તમે એવું અનુમાન કરતાં હશો કે આ મારા પતિ છે, નહિ વારૂ? વહાલાં ગંગાબાઇ," મંજુલા મધુર અવાજે બોલી. "તે જાણે છે કે આ જગાએ હું કેટલાક વખત સુધી રહી હતી. અને તમારાં તથા આ ઘરનાં મેં વખાણ કરવાથી એમણે તમારૂં ઓળખાણ કરવા અને તમારી સાથે કામ પાડવા ખુશી બતાવી છે."

"ધીમેથી-મોટેથી બોલશો નહિ." ગંગાબાઇએ હમેશની સાવચેતી વાપરતાં કહ્યું. "હું આપને આપના લગ્નને માટે મુબારકબાદી આપું છું. મેં એ ખબર સાંભળી હતી. અને હું ખુશી થઇ હતી."

"હવે આપણે કામ સંબંધી વાત કરીએ તો ઠીક, બાઇ," મહોબતરાય બોલ્યો. "કારણ કે અમે વધારે વખત રોકાઇ શકીશું નહિ."

"ભલે, સાહેબ. જે કામ હોય તે ફરમાવો." ગંગાબાઇએ હાજર જવાબ દીધો.

"હું ટુંકામાંજ વિગત સમજાવીશ." મંજુલા એ વાત શરૂ કરતાં કહ્યું. "મારા પતિની એક યુવાન ખૂબસુરત ભાણેજ છે, અને તેણીને પ્રસવકાળ પાસે આવ્યો છે—પણ શરમ અને આબરૂની ખાતર તે છૂપું રાખવાનું છે. આ કમનસીબ બાળાને આવતી કાલે રાત્રે તમારી પાસે લાવવાની છે. પણ તેણીને ઘણી છૂપી રીતે રાખવી જોઇએ."

"હા—હા—હું સમજી." ગંગાબાઇએ જવાબ આપ્યો. "તમારે એવી સૂચના આપવાની જરૂર નથી. આવતી કાલે રાત્રે કેટલે કલાકે તે બાળા અહીં આવશે, તે મને જણાવો, કે તે પ્રમાણે હું બધી તૈયારી કરી મૂકું."

"બરોબર અગિઆર વાગે." મંજુલા બોલી. "હજુ પણ હું વધારે ભાર મૂકીને કહુંછું કે કામ ઘણું છૂપું રાખવાનું છે. નોકરો હશે. ઘરમાં બીજાં ભાડુત પણ હશે. તે બધાં સુવા ગયા પછી તમારે એકલાં

એજ તે બાળાને માટે બેસવું. મારા પતિ જાતેજ તેણીને મૂકવા આવશે."

"આપના કહેવા પ્રમાણે સઘળું બરાબર કરીશ" ગંગાબાઇએ જવાબ દીધો. "હું ધારૂં છું કે આપના બોલવાથી મારે એમ સમજવાનું છે કે તે તરૂણ બાળાની પાસે મારી વિશ્વાસુ દાસીને પણ નહિ રાખતાં મારે જાતેજ રહેવું પડશે."

"બરોબર છે. એમજ કરવાનું છે." મંજુલાએ કહ્યું. "અને તમને તેનો બદલો ઘણો સારો મળશે."

"અરે, એવી ખાત્રી આપવાની આપને જરૂર નથી." ગંગાબાઇ વિવેક દર્શાવતાં બોલી. "પણ પેલી બિચારી ક્રિષ્ણાકુમારીને માટે તો તમે કંઇ પૂછતાંજ નથી?"

"અહા! હું તો તે બિચારીને ભૂલીજ ગઇ." મંજુલા બોલી. "શું હજુ તેણી અહીંજ છે?"

"હા. પણ મને લાગે છે કે હવે જલદીથી તેણી અહીંથી જશે." ગંગાબાઇએ જવાબ દીધો. "તમે તેણીને મળશો? તેણી વારંવાર તમારે માટે પૂછે છે."

"હેં! મારે માટે પૂછે છે?" મંજુલા બોલી. "મારૂં ઓળખાણ તેણીને શી રીતે મળ્યું?"

"ના—ના." ગંગાબાઇએ કહ્યું. "ક્રિષ્ણાકુમારી તમારે વિષે એક તરૂણ સ્ત્રી તરીકે વાત કરે છે. તમારૂં નામ ઠામ જાણતી નથી. તેણી અજાયબ થાય છે કે તમે તેણીને ભૂલી ગયાં કે શું?"

"હું થોડા દિવસમાં ફરી આવીને તેણીને મળીશ. કારણ કે મારા પતિની ભાણેજને જોવા મારે આવવું પડશે." મંજુલા બોલી. "પણ તમે મને જોઇ હતી, અથવા આપણે મળ્યાં હતાં, તે વિષે તમે તેણીને કશું કહેશો નહિ."

"આપ જાણો છો કે દરેકની હકીકત છૂપી રાખવી, એ તો મારો ખાસ મુદ્રાલેખ છે." ગંગાબાઇએ જવાબ દીધો.

"ત્યારે આવતી કાલે રાત્રે બરોબર અગિઆર વાગે હું મારી ભાણેજને લઇને અહીં આવીશ." મહોબતરાયે ટુંકુ પતાવવા કહ્યું.

"હા—આવતી કાલે રાત્રે—બરોબર અગિઆર વાગે." ગંગાબાઇએ જણાવ્યું.

પછી મહોબતરાય અને મંજુલા ત્યાંથી નીકળીને પોતાને ઘેર ગયાં.

પ્રકરણ ૪૧ મું.

ક્રિષ્ણાકુમારી.

મંજુલા અને મહોબતરાય, ગંગાબાઇને ઘેરથી ગયા ને થોડોજ વખત થયો, તેટલામાં તો એક ભાડાની ગાડી ગંગાબાઇના ઘર આગળ આવી ને ઉભી—તેમાંથી યશોદાબાઇ ઉતરી—ગંગાબાઇ તેણીને આવકાર આપીને અંદર લઇ ગઇ.

"હું અત્યારે તમને મળવા આવી છું, ગંગાબાઇ," કદાવર દેખાવની ખુબસુરત યશોદાબાઇએ પોતાની મુલાકાતનું કારણ જણાવતાં કહ્યું. "કારણ કે ક્રિષ્ણાકુમારીનો હવે ગમે તે પ્રકારે નીકાલ લાવવાનો છે—તે છોકરી ઘણી જુસ્સાવાળી અને વિચિત્ર સ્વભાવની છે—પ્રથમ તો એટલીબધી નરમ હતી કે, તેણીને માટે જે કંઇ કરવામાં આવતું, તેને માટે મારો આભાર માનતી."

"હા, એ ખરૂં છે." ગંગાબાઇ બોલી. "પણ આવી જગોએ એવી તરૂણીઓને પોતાની સ્થિતિ ઉપર વિચાર કરવાનો પૂરતો અવકાશ મળે છે, અને ત્યારે તેમને લાગે છે કે તેમની ભવિષ્યની જીંદગી ખરાબ કરવામાં આવી છે."

"વળી આ છોકરી ઉત્તર તરફની છે." યશોદાબાઇએ ચલાવ્યું.

"તેથી સ્વાભાવિક રીતેજ સખ્ત મિજાજની, ઝેરીલી, અને જ્યારે કોઈ બાબત ઉપર તેણીની લાગણી ઉશ્કેરાઇ હોય ત્યારે સહન નહિ કરે તેવી છે. છતાં આપણે તેણીને સમજાવીને પટાવીશું–તેમ નહિ માને તો ધમકી આપી શું. તેણીને બોલાવો."

"હા, બોલાવી લાવું." એમ કહી ગંગાબાઈ ગઇ, અને તરતજ ક્રિષ્ણાકુમારીને લઇને પાછી આવી.

આ બાપડી ગરીબડી છોકરી માત્ર સોળેક વરસની હતી, છતાં ફીકી, અને ફિકરમંદ ચહેરાવાળી દેખાતી હતી–તેણીની હમેશની ખૂબસુરતી ઉપર પણ, હાલ થોડા વખત ઉપર તેણીએ જે દુઃખ ભોગવ્યું હતું, તેથી ફીકાશ આવી ગઇ હતી. આટલું છતાં તેણીની આંખો અમુક પ્રકારના દ્રઢ નિશ્ચયવાળી જણાતી હતી.

તેણી યશોદાબાઇને જેમ પ્રથમ પોતાનું ભલું ચહાનાર ગણતી હતી, તેમ આ વખતે ગણીને તેણીના તરફ દોડી ગઇ નહિ, પણ ધીમે પગલે અને શોકાતુર ચહેરે આગળ આવીને તેણીને કહ્યું. "આખરે તમે આવ્યાં તે જોઇને હું ખુશી થઇ છું, બાઇ. કારણ કે હવે તો એક કેદી તરીકે અહીં રહેવાથી હું કંટાળી ગઇ છું."

"એક કેદી તરીકે?" ગંગાબાઇ ડોળા ધુરકાવતી અને હાથ ઘસતી બોલી–"અરે, આ છોકરી શું બોલે છે? શું તેણીની સામે બારણાં બંધ કર્યાં છે? શું તેણીને ઓરડામાં બંધ કરી છે?"

"ના." ક્રિષ્ણાકુમારી ભારે દુઃખી અવાજે બોલી. "હજુ એટલે દરજ્જે જુલમાટ પહોંચ્યો નથી–પણ–"

"ધીમેથી બોલ," ગંગાબાઇએ કહ્યું. "યાદ રાખ કે ભીંતને પણ કાન હોય છે"

"અને એવું પણ એક દિવસ બનવા પામશે કે તેને જીભ પણ આવશે." યશોદાબાઇ અને ગંગાબાઇ તરફ તારાફરતી નજર ફેરવતી ક્રિષ્ણા કુમારી ભરમમાં બોલી.

"અરે! આ છોકરી શું કહેવા માગે છે?" યશોદાબાઇ ગભરાટમાં

પડતાં બોલી. " મારી વહાલી ક્રિષ્ણા, તારો ભાવ મારા ઉપરથી બદલાઇ ગયો હોય એમ જણાય છે. મેં તારૂં શું બગાડયું છે ? અને આવા તિરસ્કારના શબ્દો સાંભળવા જેવું મેં શું કર્યું છે ? "

" મારી દુઃખી લાગણીના શબ્દો સાંભળવા જેવું તમે શું કર્યું છે, એમ તમે પૂછોછો, બાઇ ? " ક્રિષ્ણાકુમારીએ તેણીના તરફ તીક્ષ્ણ નજર નાખી કહ્યું. " તો હવે સાંભળો—હું પ્રથમ દરેક ચીજને જે રીતે જોતી હતી, તેનાથી હવે જુદી રીતે જોતાં શીખી છું. હવે હું જાણું છું કે મને એક વિષયલંપટ પુરૂષને કોણે વેચી હતી. ખરેખરો લુચ્ચો, હરામખોર, દગાબાજ અને વિષયલંપટ—કે જેણે દગાથી મારી આબરૂ લૂંટી- મારૂં સર્વસ્વ ધૂળ મેળવ્યું. મારી ઉછરતી જીંદગી ખરાબ કરી—મને જીવતાં મારી નાખી—અને આખરે મને નિર્દયતાથી ધકેલી મૂકી—હા, બાઇસાહેબ, હવે આ બધું હું સમજી છું. અને મને પોતાનેજ હું શ્રાપ આપું છું કે તે મને ચાહતો હશે, એમ માનવામાં મેં પૂરેપૂરી બેવકૂફી કરી હતી—અહા ! હવે મારે શું ચાહવાનું છે ? હું—કે જે પુરેપૂરી દુઃખી—ઉપાય ન થઇ શકે એવી રીતે ભ્રષ્ટ થયેલી—તેને માટે હવે ભવિષ્યની શી આશા રહી છે ? મારા અંતરમાંની ચાહ—પ્યાર—દયા—માયા—મમતા—એવી બધી નાજુક લાગણીઓ ઉડી ગઇ છે—નાશ પામી છે—અને તે બધાના બદલામાં બીજી લાગણીઓ જન્મ પામી છે—જે ભયંકર—ધગધગતા અંગારા જેવી છે. "

" ઓ પ્રભુ ! તું આવું ભયંકર બોલ નહિ. " યશોદાબાઇ વધારે ગભરાતાં બોલી.

" તમે છાનાં રહો, બાઇ. " ગંગાબાઇએ કહ્યું. પછી ક્રિષ્ણાકુમારી તરફ જોઇને બોલી. " હું તને આજીજી કરૂં છું કે તું શાંતિ પકડ, વહાલી ક્રિષ્ણા—તેં કહ્યું કે તું અહીં કેદી જેવી છે, પણ હું આશા રાખું છું કે, એ તારૂં બોલવું તું પાછું ખેંચી લેશે. ચાલ, ત્યારે હવે મને ઇનસાફ આપ."

" હા—હું સાચું બોલીને મને પોતાને અને તમને ઇનસાફ આપીશ." ક્રિષ્ણાકુમારી દૃઢતાથી કડકપણે બોલી. " ખરી વાત છે કે બારણાં બંધ કર્યા નથી. વળી એમ પણ હું કબુલ કરૂં છું કે મારી મરજીમાં આવે ત્યારે

હું તમારૂં ઘર છોડી શકું એમ છે. એ પ્રમાણે જો કે મારી છૂટ ઉપર દેખીતો જુલમાટ થયો નથી—પણ નીતિ અને આબરૂની નજરે જોતાં મને પોતાને કેદીની અવસ્થા ભોગવવાની ફરજમાં નાખી છે. વળી જે કપડાં હું પહેરતી હતી, તે લઇ લેવામાં આવ્યાં છે. મારી પાસે થોડા પૈસા હતા તે પણ તમે લઇ લીધા છે. અને આવી ભીખારી અવસ્થામાં હું તમારૂં ઘર છોડી શકું નહિ, એ તમે સારી રીતે જાણો છો–તેથી દરેક રીતે જોતાં હું કેદીજ છું, પણ હવે હું મારો છૂટકારો માગું છું."

"અને હવે પછી તારે શું કરવું, અને કયાં જવું, તે વિષે તારી સાથે વિચાર કરવા, હું અત્યારે અહીં આવી છું." યશોદાબાઇએ પટાવતાં કહ્યું. "માટે આવી રીતે ઉશ્કેરા નહિ, બેટા—જે કંઇ થયું છે તે કંઇ નહિ થયું થવાનું નથી, અને તે તારા ભલાને માટે થયું છે. અને જે કંઇક અટકાવ થયો કે જેને માટે તું ફરીઆદ કરે છે.—"

"ઠીક, ઠીક. આ બાબતનો વિચાર તમારી મરજી પ્રમાણે કરો, બાઇ." ક્રિષ્ણાકુમારી ઉદાસીનતાથી વચ્ચે બોલી. "ફક્ત એટલુંજ કે જે કરવું હોય તે જલદી કરો, અને મારાં કપડાં તથા મારા પૈસા મને પાછા આપવાને ગંગાબાઇને કહો. અને પછી હું તમે બન્નેમાંથી કોઇને પણ બોજારૂપ થવા એક ઘડી પણ ઉભી રહીશ નહિ."

"ત્યારે હવે તું મને સખ્ત રીતે બોલવાની ફરજ પાડે છે?" યશોદાબાઈ ગુસ્સાથી બોલી. "તું એમ સમજજે કે હું તારી મા તરીકે છું."

"અહા! ખરેખર—મારી મા જ." ક્રિષ્ણાકુમારી ઉંડી દુઃખની લાગણીથી અને તિરસ્કારથી બોલી. "કે જેણે પૈસાને માટે મને—કે જેને પોતાની છોકરી ગણવાનો ડોળ ઘાલે છે—તેને એક વિષય લંપટ માણસને વેચી." આમ બોલતાં ક્રિષ્ણાકુમારીનો ચહેરો એટલો તો ઉશ્કેરાઇ ગયો કે જાણે આંખોમાંથી અગ્નિ ઝરતો હોય.

"ચૂપ." યશોદાબાઇ ગુસ્સામાં દાંત કચકચાવતી ઉભી થઇને બૂમ પાડી ઉઠી.

"છાનાં રહો, બાઇ, હું અરજ કરૂં છું. કોઇ સાંભળશે." ગંગાબાઇ આજીજી પૂર્વક બોલી.

"મોટેથી બોલવા માટે મને માફ કરો, બાઇ" યશોદાબાઇએ કહ્યું. "પણ હવે એક પળમાં આપણે આ મુલાકાતનો છેડો લાવીશું. ક્રિષ્ણાકુમારી," તેણીએ ક્રિષ્ણાકુમારી તરફ જોઇને કહ્યું. "તારી મરજીમાં આવે ત પ્રમાણે તું મારા ઉપર ગુસ્સો કર—મારો તિરસ્કાર કર—ગમે તે કર, પણ મારે મારી ફરજ બજાવવી પડશે, અને તે હું પૂરેપૂરી બજાવીશ. નિમકહરામ છોકરી! શું તારી પોતાની અનીતિના પાપનો ટોપલો તું મારે માથે નાખવા માગે છે? અને મારી આબરૂને કલંક લગાડવા માગે છે?"

"વાહ! વાહ! આબરૂ! ખરી આબરૂ!" ક્રિષ્ણાકુમારી તિરસ્કાર પૂર્વક હાસ્ય કરતાં બોલી. "આબરૂ વિષે બોલવાની હાલ કોણ હિંમત કરે છે? તમારાં મકાનમાંજ જુઓ બાઇ—સુધરેલી દેખાતી—ખુબસુરત—અને મધુર ભાષિણી વેશ્યાઓનો અખાડો! હવે તમે તમારી પોતાની તરફ જુઓ—ધર્મિષ્ટ દાંભિકતા, દેવદર્શનનાં પૂરાં પાખંડ અને ધર્મદાન તથા પુન્ય—દેખાડવાને માટેજ—કરવામાં કુશળ—અને આચરણમાં ખરેખરી ભડવી! વેશ્યાઓ અને વિષયી પુરૂષોની દલાલણ!"

"ચૂપ, કંગાળ—લુંડી! તારી આંખોજ હમણાં ખેંચી કાઢીશ! તારી જીભ તોડી નાખીશ!" હવે યશોદાબાઇનો ગુસ્સો હદમાં ન રહેતાં રાતી પીળી થઇ, હાથ પગ પછાડતી બરાડા પાડી, ક્રિષ્ણાને મારવાના ચાળા કરતી ઉછળી.

"અરે! ઇશ્વરને લેખે ચૂપ રહો, ધીમાં પડો, બાઇ." ગંગાબાઇ ગભરાટમાં બોલી. "ઘરનાં તથા પડોશનાં માણસો સાંભળશે."

"ખરી વાત છે, પણ હવે આ વાતનો હું હમણાંજ નીકાલ લાવું છું." યશોદાબાઇ ધીમી પડતાં બોલી. "હવે, ક્રિષ્ણાકુમારી, ધ્યાન પુર્વક સાંભળ. તું જાણે છે કે આપણે માટે કાયદો કેવો છે? હું મારી નોકર તરીકે તારા ઉપર હક ધરાવું છું, અને તારી મા તરીકે ફરજ બજાવું છું, તે રીતે મારા તાબામાં રહેવાની તારી ફરજ છે, અને તે તારી પાસે અદા કરાવવા હું માગું છું. તેમ કરવાનું તું મને ના કહે—અને પછી જો કે ન્યાય-

ની કચેરી તને શીખવશે કે મારો હક શું છે, અને તારી ફરજ શું છે ?" તેણીએ આ બિચારી બીનઅનુભવી છોકરીને ગભરાવી મારવાના ઇરાદાથી ઉપરાઉપર તોપો છોડી ગુંચવવા માંડી., "વળી તેજ ન્યાયની કચેરીને હું કાયદા પ્રમાણે અરજ કરીશ તો તારી પાછલી અનીતિ માટે તને સજા થશે—અને ત્યારેજ મહિનો અથવા બે મહિના—ગંધાતી તુરંગમાં જવાથી તારી મગરૂબી અને તારો જુસ્સો ઉતરી જશે. હવે આપણે એક બીજાને તે સમજ્યાં, વારૂ !" તેણીએ પૂછ્યું.

ક્રિષ્ણાકુમારી આ ધમકીથી ગભરાઈ ગઇ હતી.

ગરીબ બિચારી માબાપ વગરની—દુનિઆથી બીનઅનુભવી—છોકરી આવી ધમકીથી તદ્દન ગભરાઇ ગઇ, અને પોતાની નિરાધાર સ્થિતિનો વિચાર કરતાં ગભરાયેલ ચહેરે યશોદાબાઇ અને ગંગાબાઈ તરફ વારાફરતી દયાની આશાથી જોયું, પણ તે લુચ્ચી ડોકરી તો નિરાંતે ખુરશીમાં પડીપડી મઝા જોયા કરતી હતી.

યશોદાબાઇ પોતાને ફતેહ પામેલી જોઈ એકદમ ઉઠીને ઉભી થઇ. ક્રિષ્ણાકુમારીનો હાથ જોરથી પકડયો. તે બાપડી છેકજ ગભરાઇ ગઇ. એક પણ શબ્દ બોલવાની શક્તિ રહી નહિ. હાલ ચાલ વગર ઠરી ગઇ. થોડીવારે ગંગાબાઇ તેણીને તેણીના ઓરડામાં મુકી આવી તાળું વાસ્યું. તે ક્રિષ્ણાકુમારીએ સાંભળ્યું, એટલે ભાનમાં આવી, કપાળ ઠોકીને બોલી ઉઠી—"વેર—વેર ને વેર—"

પ્રકરણ ૪૨ મું.

ખુન—ખુન—ને ખુન.

વાંચનારને સુશીલાનું નામ યાદ હશે. તે એક માબાપ વગરની, નિરાધાર પણ સ્વરૂપવાન બાળાએ પોતાના ગુજરાનને માટે પ્રખ્યાત યશોદાબાઇનો આશ્રય લીધો હતો, તે પણ વાંચનાર જાણે છે. વળી એ

સુશીલાના મોહપાશમાં ફસાવવાને જયચંદ્રના ઉપર બે–ત્રણ વખત યશોદાબાઇએ જાળ પાથરવા મહેનત કરી હતી–તે અજીતરાય ઉર્ફે અજબકુમારને રાજી રાખવા અને જયચંદ્ર ને તેની વહાલી ભવિષ્યની પત્નીથી બેવફા કરવા ધાર્યું હતું–પણ જયચંદ્રના સુભાગ્યે તેમાં તેણી નિષ્ફળતા પામી હતી, તે વાત પણ વાંચનારના જાણવામાં છે.

આખરે આપણા નામજાદા છેલબટાઉ અને ખૂબસુરત અજબકુમાર–કે જે વારંવાર પોતાનાં વિકારી પગલાંથી યશોદાબાઇનું મકાન પાવન કરવા ચુકતા નહિ, તેમની નજરે એક કમનસીબ પળે આ અભાગિણી સુશીલાના ઉપર પડી. યશોદાબાઇને સમજાવી તેણીને ફસાવવા યુક્તિ કરી. યશોદાબાઇ પોતાની હમેશની મધુરી જીભવડે સુશીલાને સમજાવીને પાછલા મકાનના એક ઓરડામાં કંઇ કામને બહાને લઈ ગઇ–પણ યશોદાબાઇએ અંદર નહિ જતાં સુશીલાના અંદર પેઠા પછી બારણું બંધ કરી પાછી વળી. તે આ ભોળી બાળાના જોવામાં આવ્યું નહિ. એ ઓરડામાં આ પરોપકારી (!) યશોદાબાઇ, અજબકુમારનો કુસુમ સાથે મેળાપ કરાવી આપતી હતી. આ વખતે અજબકુમાર આ ઓરડામાં એક બાજુ સંતાઇ રહેલો હતો. તે ધીમે ધીમે આગળ આવ્યો. સુશીલા ગભરાઈ- એકદમ ચીસ પાડી–ઉપરા ઉપરી ચીસો પાડવા માંડી. પણ એ મકાનમાં કોણ સાંભળે ? કોણ મદદે આવે ? અજબકુમારે જાસ્તી ગુજારવા આરંભ કર્યો; પણ હિંમતવાન બાળા છટકી, અને છૂટવાને ફાંફાં મારતાં કંઇજ રસ્તો નહિ જણાયાથી આખરે પાછલી બારીએથી જીવ ઉપર આવીને પડતું નાખ્યું. અજબકુમાર ગભરાયેલે ચહેરે જોઇ રહ્યો.

સુશીલાના સારા નસીબે અને તેણીના સદ્‌ગુણોના પ્રભાવથી ઇશ્વર તેણીની મદદે આવ્યો, અને કંઇપણ ઇજા થયા વગર બચી. પાછળ ટેકરો હોવાથી બારી ઘણી ઉંચી નહોતી. ટેકરો રેતાળ હતો. તેથી તેણીને કંઇ વાગ્યું નહિ. સ્હેજ આચકો લાગ્યો–પણ તે ગણકારવાનો આ વખત નહોતો. તેણી એકદમ ઉભી થઇને મુઠીઓવાળી જેમ ફાવે તેમ નાસવા લાગી. નાસતાં નાસતાં શહેર બહાર નીકળી ગઇ, અને આખરે જ્યાં આણંદરાયે નવું

મકાન બંધાવવા માંડયું હતું તે જગોએ આવી. અને તેના આગલા દરવાજામાં પેઠી. થાકથી અને ગભરાટથી એક ખૂણા ઉપર બેભાન થઇને પડી. ત્યાં શું થાય છે, અને કોણ આવે છે, તે પણ તેણીએ જોયું નહિ. કોણ જાણે કે બેભાન અવસ્થામાં પડી હોય કે ઉંઘી ગઈ હોય.

વાંચનારે યાદ રાખવું કે જે દિવસે મહોબતરાય તથા મંજુલાએ આણંદરાયની મુલાકાત લીધી હતી, તથા રાત્રે ગંગાબાઇની મુલાકાત લીધી હતી, અને તેજ રાત્રે યશોદાબાઇએ ગંગાબાઇની મુલાકાત લઇ ક્રિષ્ણાકુમારીને ધમકાવીને ગભરાવી હતી; તેના બીજા દિવસની આ રાત્રિ હતી—કે જે રાત્રે મહોબતરાયે પોતાની ભાણેજને ગંગાબાઇને ઘેર મૂકવા જવાનું ઠરાવ્યું હતું. તેજ આ રાત્રિ હતી.

આ વખતે આણંદરાય અને તેનો નોકર મોતી આ મકાનમાં દાખલ થયા. મોતી પોતાના શેઠને ચારે તરફ ફરીને તે દિવસે શું શું કામ થયું, અને હવે શું શું કરવાનું છે, તે બતાવતો હતો. આણંદરાય તેમાં કઇ સુધારો વધારો કરવાનો હોય તો તે સૂચવતો હતો. લગભગ આઠેક વાગવાનો વખત હતો.

અરે ! પણ આ શું ? એકાએક આ બૂમ શી ? જુઓ ! સાંભળો ! આતો કંઈ " ખુન " ની ભયંકર બૂમ સંભળાય છે ! આ નવા થતા મકાનમાંથીજ આ બૂમ આવતી સંભળાય છે. સુશીલા એકદમ ઝબકી ઉઠી. તેણીને લાગ્યું કે તેણીને ઉંઘમાં કંઈ સ્વપ્નું આવ્યું હશે. પણ આંખો ચોળીને કાન માંડી સાંભળતાં તેજ મકાનના અંદરના ભાગમાંથી હૃદયભેદક ચીસો સંભળાયાથી તેણીને સ્વપ્નું હોવાનો વિચાર ખોટો લાગ્યો. એકાએક ભયભિત થઇને તેણીએ ઉઠીને નાસવા માંડયું.

સંજોગ એવો બન્યો કે તે વખતે કેટલાક મજુરો પોતાના કામ ઉપરથી ઘર તરફ પાછા ફરતા જતા હતા. આજ મકાન આગળ થઇને તેમનો રસ્તો હતો ત્યાં આગળ આવતાં ' ખુન ' ની બૂમ તેમના સાંભળવામાં આવ્યાથી ગભરાયા અને આજુબાજુ નજર કરી, પણ કશું જણાયું નહિ. વળી ફરીથી તેવીજ બૂમ સાંભળી. તેમને લાગ્યું કે એ મકાનની અંદરના

અંધકારમાંથી એ અવાજ આવતો હતો ત્યારે તો તેઓ ઘણુાજ ગભરાયા. સાંભળવા ઉભા રહ્યા. મોટી મોટી શોક ભરેલી ચીસો સંભળાઇ, અને આખરે તેમની ખાત્રી થઇ કે એ બૂમો ખરેખર કોઇનું " ખુન " થયાનીજ છે.

તેઓ તે મકાન તરફ દોડયા—પાસે જતાં કોઇને દોડતાં જોયું. જે તરફથી 'ખુન' ની બૂમો આવતી હતી, તેજ તરફથી આ માણસ દોડતું આવતું હોવાથી, સ્વાભાવિક રીતે તેને અટકાવ્યું. આ દોડનાર બીજું કોઇજ નહિ, પણ દુખીઆરી સુશીલા ઉંઘમાંથી ઝબકી ઉઠીને ભયભિત થઇ નાસતી હતી, તેજ હતી. તે બાપડી ભયથી ગાભરી બનીને ચીસો ઉપર ચીસો નાખતી તેમના હાથમાંથી છૂટવાને જીવતોડ મહેનત કરી રહી હતી—કારણ કે અજબકુમાર પાસેથી છૂટીને—છટકીને—નાસી આવી ભયમાં તથા થાકમાં પડી ઉંઘી ગઇ હતી, તેમાંથી 'ખુન' ની બૂમો સાંભળી ઝબકી ઉઠી, નાસતી હતી, તેવામાં આ લોકોએ તેણીને પકડી; તેથી તેણીને લાગ્યું કે અજબકુમારના માણસો તેણીની પાછળ લાગ્યા હશે. તેણીનાં છૂટવાનાં ગમે તેટલાં તરફડીયાં—ગમે તેટલી દયાજનક ચીસો છતાં—પેલા મજુરો તેણીને ઘસડીને મકાન તરફ—કે જ્યાંથી 'ખુન' ની બૂમો સંભળાતી હતી—ત્યાં લઇ ગયા. અરે ! રે ! તેમણે ત્યાં શું જોયું ? મહા ભયંકર દેખાવ તેમની નજરે પડયો.

જમીન ઉપર આણંદરાયનો નોકર મોતી, લોહી વહેતો, મુએલો પડયો હતો; અને જે હથિયારથી તેનો જીવ લેવામાં આવ્યો હતો, તે તેની છાતીમાં તેમજ હતું. આણંદરાય તેના તરફ નીચો વળી, હાથ પગ પછાડતો, આક્રંદ કરતો, બૂમો ઉપર બૂમો પાડતો હતો.

ફાનસનું અજવાળું પડવાથી દેખાવ વધારે ભયંકર લાગ્યો.

ઘણા માણસોના આવવાથી, અને સુશીલાની ચીસોથી આણંદરાય તેમના તરફ ફર્યો. અને પેલા માણસોના હાથમાં કાળા પોશાકવાળી સ્ત્રીને જોવાથી તે કૂદયો, અને બૂમ પાડી ઉઠયો. " ઓ ! એજ ખુની સ્ત્રી છે. "

તેજ એક આકાશ ભેદી નાખે એવી લાંબી અને કારમી ચીસ સુશીલાના મોંહમાંથી નીકળી; અને જે માણસોએ તેણીને પકડી રાખી હતી, તેમના હાથમાંજ બેભાન થઇને પડી.

જ્યારે તેણી ભાનમાં આવી, ત્યારે તેણીએ જોયું કે તેણી પોલિસના કબજામાં તુરંગમાં હતી.

× × × × ×

ઉપરનો ભયંકર બનાવ બન્યાને લગભગ ત્રણેક કલાક થયા હશે, અને આ યાદગાર રાત્રે અગિઆર વાગી ગયા છે. અને આપણે તે વખતે ગંગાબાઇના ઘરમાં જોઇએ છીએ.

ઉપરના મેડા ઉપરથી પાછલા ઓરડામાંથી એક તરૂણ સ્ત્રી, છૂપાતી છૂપાતી પોતાના હાથમાં ફાનસ લઇ બહાર આવે છે. અને શ્વાસ ઉંચો રાખીને ધીમે પગલે નીચે ઉતરે છે.

નીચે આવીને ગંગાબાઇવાળો ઓરડો ઘણીજ સંભાળથી ઉઘાડયો, તેની સાથેજ તેણી ચમકી—કારણ કે તેણીની અજયબી અને ધારતી વચ્ચે તે ઓરડામાં દીવો બળતો હતો તે તેણીએ જોયો. તેવામાં ગંગાબાઇનું કુતરૂં એકદમ કૂદીને પેલી ગભરાઇ ગયેલી તરૂણી તરફ ધસ્યું. આ તરૂણી બીજી કોઇ નહીં, પણ ક્રિષ્ણાકુમારીજ હતી—તેણી એકાએક ભય ભરેલા વિચારમાં ગભરાઇ ગઇ—ગુંચવાઇ ગઇ—અને બારણા તરફ પાછી હઠી, ભયભિત નજરે ઓરડામાં ચારે બાજુ જોયું.

અને આ શું ? એવી કઇ ભયંકર ચીજ ઉપર તેણીની નજર પડી કે જેથી તેણી એકાએક ચમકી ?

જમીન ઉપર પાથરેલી શેત્રંજી ઉપર બુઢ્ઢી ગંગાબાઈ પડી હતી—બીક લાગે એવી રીતે મુડદું થઇને પડી હતી—અને આખું શરીર લોહીથી તરબોળ થઇ રહ્યું હતું—કારણ કે હજુ તેણીના ગળામાંથી લોહી વહેતું હતું.

એકાદ પળ તો ક્રિષ્ણાકુમારી ધારતીથી હેબક ખાઇ હાલ્યા ચાલ્યા વગર તે તરફ એકી નજરે જોઇ રહી—ઠરી ગઇ—પણ પછી કંઇ લાગી આવવાથી એકદમ ત્યાંથી બહાર નીકળી નાઠી.

પણ દાદર ઉપર ચઢતાંજ બે નોકર સ્ત્રીઓ સામી મળી, અને બિચારી ક્રિષ્ણાકુમારી હબકની મારી એક મોટી ચીસ નાખી તેમના હાથમાં બેભાન થઇને પડી.

જ્યારે તેણી ભાનમાં આવી, ત્યારે તેણી પોલિસના માણસોની સાથે એક ભાડાની ગાડીમાં, ગંગાબાઇના ખુનના તહોમત માટે, તુરંગમાં જતી હતી, એમ તેણીએ જાણ્યું.

પ્રકરણ ૪૩ મું.

ચોંકાવનારી ખબર.

બીજે દિવસે સવારમાં અજબકુમાર હજુ તો ઉંઘમાંથી જાગીને પથારીમાં આળોટતો હતો, તેવામાં તેના નોકરે આવીને તેને ખબર આપી કે યશોદાબાઈ તેને મળવા માગે છે.

"શું યશોદાબાઈ અહીં મહેલમાં આવી છે?" અજબકુમારે હજુ પથારીમાં પડ્યાં પડ્યાંજ પૂછ્યું.

"ના, સાહેબ. તેણીએ પોતાને ઘેરથી પૂછાવ્યું છે કે ઘણું જરૂરી કામ છે, તેથી આપ તેણીને ઘેર જશો કે તેણી અહીં આવે?" નોકરે ખુલાસો કર્યો.

"ત્યારે તો ખરેખર કંઇ જરૂરનું કામ હશે ખરૂં!" અજબકુમાર બબડયો. પછી નોકરને કહ્યું. "યશોદાબાઇને અહીંજ આવવા દે—હું ઉઠીને કપડાં પહેરીને દાતણ કરી લઉં છું."

તે પ્રમાણે નોકરે યશોદાબાઇને ખબર કહેવડાવી. અજબકુમાર ઉઠીને કપડાં પહેરી દાતણપાણી કરીને તૈયાર થયો. એટલામાં તો યશોદાબાઇ આવી પહોંચી.

"ઓ! કેવું દુઃખનું વાદળ ઘેરાઇ રહ્યું છે!" તેણીએ આવતાંની સાથે ગભરાટનો ઉદ્ગાર કાઢયો.

"પણ શું હકીકત છે?" અજબકુમારે અંદર ખાનેથી કંઇક ગભરાતાં પૂછ્યું.

"પેલી સુશીલા—અભાગિણી છોકરી-" તેણીએ તૂટક તૂટક બોલવા માંડયું

"વારૂ, પણ તેણીનું છે શું?"

"તેણી કેદખાનામાં પડી છે." યશોદાબાઇએ જેમતેમ કરતાં કહ્યું.

"હેં! કેદખાનામાં!" અજબકુમાર ચમકી ઉઠીને બોલ્યો.

"હા—હા—કેદખાનામાં—અને તે પણ વળી ખુનના આરોપમાં." ધ્રૂજતાં ધ્રૂજતાં યશોદાબાઇએ કહ્યું.

"અરે! શું એ સંભવિત છે? કે હું સ્વપ્નમાં છું?" તે બોલ્યો. "સુશીલા જેવું મોહ ભરેલું નામ 'ખુન' જેવા ભયંકર શબ્દ સાથે જોડાય? નહિ, નહિ, એમ બનેજ નહિ."

"છતાં હું કહું છું તે ખરૂં છે." યશોદાબાઇએ ખાત્રીપૂર્વક જવાબ આપ્યો.

"અરે! કદી પણ તેણી તેવો ગુનો કરે તેવી નથી." અજબકુમાર બોલ્યો.

"હા, મારી પણ તે વિષે ખાત્રી છે." યશોદાબાઇએ પોતાની સંમતિ દર્શાવતાં કહ્યું. "છતાં આજુબાજુના સંજોગોનો એવો મજબૂત પુરાવો તેણીની વિરૂદ્ધ છે, કે આજ બપોરે કામ ચાલશે, ત્યારે શું થશે તે કહી શકાતું નથી. ગમે તેમ હોય, પણ તે છોકરી ફરજ પડવાથી આપણું ભોપાળુ ઉઘાડું કરી દેશે—અને તેમાં હું તથા તમે—બન્ને જણ સંડોવાઇશું."

"પણ હજુ હું માની શકતો નથી. સુશીલા ઘણીજ કોમળ અને ઉમદા દિલની છે." અજબકુમારે કહ્યું.

"છતાં સઘળી ખરી હકીકત કહેવાને તેણી ભાગ્યેજ અચકાશે." યશોદાબાઇ ભારપૂર્વક બોલી. "ગઇ રાત્રે જે વખતે આ ભયંકર ગુનો બન્યો, તે વખતે અને તે જગોએ, ઘર વગરની ભટકતી થઇને તેણીને જવાનું કારણ બતાવવું પડશે."

"મને એ કામની પૂરી હકીકત કહો." અજબકુમારે કહ્યું. "કારણ

કે તે વિષે તો હજુ તમે મને કશું કહ્યુંજ નથી. કોનું ખુન થયું ? કયાં આગળ તે ગુનો બન્યો ? અને આ ગરીબ છોકરીના ઉપર એવું તહોમત શી રીતે આવ્યું ?"

"આ બાબતમાં હું પણ ઘણુંજ થોડું જાણું છું." યશોદાબાઇએ ખુલાસો કરતાં કહ્યું. "આશરે એકાદ કલાક ઉપર, તુરંગમાં સ્ત્રી કેદીઓ ઉપર દેખરેખ રાખનારી એક સ્ત્રી મારી પાસે આવી, અને મને કહ્યું કે એક તરૂણ છોકરી જાગીરદાર ધરણીધરરાયના પુત્ર આણંદરાયના નોકર મોતીના ખુનના આરોપ ઉપર તુરંગમાં આવી છે—એવું જણાય છે કે શહેરની બહાર એક ખુલ્લી જગામાં એક મોટું મકાન બંધાય છે, તે મકાનમાં આ ગુનો બન્યો હતો. અને સુશીલા ત્યાંથી નાસતાં પકડાઇ હતી."

"પણ તે બિચારી ગુનેગાર હોય એ અસંભવિત છે." હજુ અજયકુમારે શક બતાવ્યો.

"મેં આપને કહ્યુંજ છે કે હું પણ તેમ માનતી નથી." યશોદાબાઇ બોલી. "છતાં આતો મેં જે સાંભળ્યું છે તે કહું છું. તે તુરંગવાળી બાઇએ મને કહ્યું કે, તે છોકરીનું નામ તેણીએ સુશીલા બતાવ્યું; અને તેની સાથે મારે ત્યાં કેટલાક વખતથી નોકર હતી, પણ કેટલાંક કારણોથી તેણીએ મારૂં ઘર એકદમ છોડી દીધું, જે કારણો તેણી જરૂર પડતાં જણાવશે, એમ પણ જણાવ્યું હતું. તે ઉપરથી તેણીએ કહેલી હકીકતની ખાત્રીને માટે તે બાઈ મારી પાસે આવી હતી. મેં તેણીને સુશીલાને માટે ખાત્રી આપી, એટલુંજ નહિ, પણ તેણીના નિર્દોષપણા વિષે પણ મારી માન્યતા વિષે ખાત્રીપૂર્વક કહ્યું, અને સુશીલાને મેં દિલાસાના શબ્દો કહેવડાવ્યા, હવે આપ મને કહેશો કે આ ધાસ્તીભરેલા કામમાં શું કરવાનું છે ? કારણ કે સુશીલાને મારૂં ઘર ગઇ રાત્રે શા કારણથી છોડવું પડયું, તે તેણી જો પોલિસમાં અને ન્યાયાધીશને ત્યાં જણાવશે તો પછી મારૂં તો આવીજ બન્યું."

"એમ ગભરાયા સિવાય, તમારી શું સલાહ છે, તે મને કહો,"

અજબકુમાર પોતે વધારે ને વધારે ગભરાતો બોલ્યો—" કારણ કે આ હકીકત સાંભળીને મારૂં મગજ તો ગુંચવાઇ ગયું છે."

"વળી આમાં એક ઉંડો ખાડો છે કે જેમાં મારી સાથે તમે પણ પડો એવું છે." યશોદાબાઇએ ગંભીરતાથી ભાર મૂકીને કહ્યું, કે જેથી અજબકુમારને આખે શરીરે ધ્રૂજારી છુટી.

આ વખતે બારણું ખખડયું, અને અજબકુમારનો ખાનગી નોકર આવ્યો. તેણે ખબર આપી કે, એક યુવાન સ્ત્રી યશોદાબાઇને તાકીદે મળવા માગે છે, અને તે સ્ત્રી યશોદાબાઇને ત્યાં રહે છે, એમ કહે છે.

"ત્યારે યશોદાબાઇ, તમે તે બાઇને મળી આવો." અજબકુમારે કહ્યું.

યશોદાબાઇ બહાર ગઇ. અજબકુમારે ઓરડામાં આમતેમ આંટા મારવા માંડયા; અને આ હકીકતથી મનમાં ભય પામી ગભરાવા લાગ્યો; પણ કશો વિચાર તેને સૂઝયો નહિ.

થોડીવારે યશોદાબાઇ પાછી આવી, પણ તેણીનો દેખાવ વધારે ગભરાયેલો જણાતો હતો—આંખો ફાટી ગઇ હતી—ચહેરો મડદા જેવો ફીક્કો થઇ ગયો હતો, અને આખે શરીરે ધ્રૂજતી હતી.

"વળી પાછું શું છે?" અજબકુમારે પૂછ્યું.

"ઓ! પ્રભુ! કમનસીબીનો છેડો નથી. ઉપરા ઉપરી આફતો આવેછે." યશોદા એક ખુરશીમાં પડતું નાખતાં બોલી.

"પણ મને કહો તો ખરાં, કે શું હકીકત છે?" અજબકુમારે અધીરાઇથી પૂછ્યું.

"બીજું ખુન—ભયંકર ખુન—અને મારા ઘરની બીજી છોકરી તે ખુનના આરોપથી તુરંગમાં—" યશોદાબાઇ મુશ્કેલીથી આટલું બોલી શકી—"મારો નાશ—હવે નજીક—આવ્યો—મને ઉઘાડું દેખાય છે." ડુસકાં લેતાં લેતાં બોલી.

"આ નકામું આક્રંદ છોડી દો." અજબકુમાર કંટાળો ખાઇને અધીરાઇથી બોલ્યો—"તમારૂં મગજ ખસી ગયું છે કે શું? કંઇ લવારીમાં બકબકાટ કરોછો કે શું?"

"અરે રે! હું ઇશ્વર પાસે માગું છું કે, તેવુંજ હોત!" યશોદાબાઇ

કપાળે હાથ ઠોકી બોલી—" સુશીલા તુરંગમાં—ક્રિષ્ણાકુમારી તુરંગમાં— દરેક જણુ ભયંકર અને જુદા જુદા ખુનના આરોપમાં—દરેક જણુ મારૂં ભોપાળું ઉઘાડું કરી મને ખરાબ કરે એવી— મારો નાશ—ઓ ! પ્રભુ ! મારાથી હવે સહન થશે નહિ. "

એમ કહી તે કમભાગ્ય સ્ત્રી—એક વખતની છેલછબીલી યશોદાબાઇ—અજબકુમારની માનીતી—તેનાજ મહેલમાં—તેનીજ પાસે—પોતાનાંજ કૃત્યનો બદલો મળવાની ધાસ્તીથી મોટેથી રડવા લાગી-પુષ્કળ રડી.

રડવાથી તેણીનું મગજ કંઇક શાંત થયું. પછી બોલી. " દુઃખ કદી એકલું આવતું નથી. આ આફતો ખરેખર મારા કાળ રૂપ ગભરાવનારી છે."

" પણ બીજી આફત શું છે ? " અજબકુમારે પૂછયું.

" ગંગાબાઇ દાયણુ—જેને વિષે મેં તમને કેટલીક વખત કહ્યું હતું—તેણીનું ગઈ રાત્રેજ ખુન થયું. " યશોદાબાઇએ જવાબ દીધો. " અને મારે ત્યાંની એક છોકરી—ક્રિષ્ણાકુમારી—તે ગુનો કરવાના શક ઉપરથી તુરંગમાં ગઇ છે. "

" અને તે શક ખરો હોય, એમ તમે ધારો છો ? "

" અફસોસ ! મારે તેમ ધારવાની ફરજ પડે છે. " તેણીએ ઉંડી દિલગીરીથી જવાબ દીધો. " જેવી રીતે સુશીલા ઉપરના તહોમતમાંથી તેણી નિર્દોષ હોવાની ખાત્રી છે, તેવી રીતે ક્રિષ્ણાકુમારી ગુનેગાર હોવાનું શક્ય લાગે છે. "

" આ હકીકત તમને કોના તરફથી મળી ? " અજબકુમારે પૂછયું.

" પોલિસનો એક અમલદાર મારે ઘેર આવ્યો છે. " યશોદાબાઇએ જવાબ દીધો. " હજુ પણ કદાચ તે ત્યાં ઉભો હશે, કારણુ કે વખતે મારે તેની સાથે કંઇ વાત કરવી હોય. એ અમલદાર બન્ને કામમાં રોકાયેલો છે. મારે હવે શું કરવું ? તેને મળવા તમારી સલાહ છે.

" હું પોતેજ તેને મળું, એવી મારી મરજી છે. " અજબકુમારે વિચાર કરીને કહ્યું. " આ પોલિસના અમલદારો પૈસાની લાલચમાં ગમે તે કરી શકે એવા હોય છે. તેમને જે બાજુ લેવી હોય તે બાજુનો જોઇતો

પુરાવો તે મેળવે છે–અથવા ઉભો કરે છે–કાળાનું સફેદ–અને સફેદનું કાળું બતાવી શકે એવા હોય છે."

"અહા! જો તમે ધારતા હો, વહાલા કુમાર–જો તમને આશા હોય–તો સુશીલાને બચાવો–અને વળી ક્રિષ્ણાકુમારીને પણ–" યશોદા તેને પગે પડી ને તેના બન્ને હાથ પકડી ધ્રૂજતે સાદે બોલી–"હું આજીજી કરૂં છું કે તમે આ અમલદારને મળો."

"હા, હું તેને મળીશ." અજબકુમાર તેણીને ઉઠાડતાં બોલ્યો:–"આપણી ગરીબડી સુશીલા કે જેને આપણે બીનગુનેગાર ધારીએ છીએ, તેને તેમજ પેલી ક્રિષ્ણાકુમારી કે જેને તમે ગુનેગાર માનો છો, તે બન્નેને બચાવવા માગો છો?"

"આપણે તે બંન્નેને બચાવવાં જોઇએ." યશોદાબાઇએ જવાબ દીધો. "મારે વિષે જે હકીકત ક્રિષ્ણાકુમારી ઉઘાડી પાડે–"

"બસ–હવે વધારે કહેવાની જરૂર નથી." અજબકુમાર તેણીને બોલતાં અટકાવીને કંઇ નિશ્ચય ઉપર આવ્યો હોય તેમ બોલ્યો. "જાઓ, અને તે પોલિસ અમલદારને અહીં લઇ આવો."

"હમણાંજ તેને લાવું છું." યશોદા એકદમ ખુશીમાં આવતાં આશાભેર પોલિસ અમલદારને તેડી લાવવા પોતાને ઘેર ગઇ.

અજબકુમાર એકલો પડયો, એટલે વિચારમાં ઓરડામાં ફરવા લાગ્યો. હવે તેને આશા આવી હતી કે પોતે જે ઉઘાડા પડવાની ધાસ્તી જેવા પ્રસંગમાં આવી પડયો હતો, તે આવા પોલિસના અમલદારની મદદથી તે પ્રસંગ ઉડાવી શકશે.

થોડીવારમાં યશોદાબાઈ એક ઉંચા મજબૂત અને મધ્યમ ઉમરના માણસને લઇ આવી. અજબકુમારને તેણે નીચા વળીને સલામ કરી.

"તમારૂં નામ શું છે?" અજબકુમારે નરમાશથી પૂછયું.

"રસુલખાં." અમલદારે જવાબ આપ્યો.

"વારૂ ત્યારે, રસુલખાં, હું ધારૂં છું કે તમે પોલિસ અમલદાર છો." અજબકુમારે સવાલની ઢબે પૂછયું.

"હાજી, હું ફોજદાર છું, સાહેબ." તેણે નીચાવળી સલામ કરી જવાબ આપ્યો. "મને આ બાઇએ કહ્યું કે આપને મારૂં કંઇ કામ છે. અને મારાથી જો આપનું કંઇ કામ થતું હશે તો, હું ઘણો ખુશી થઇશ. માત્ર એટલુંજ કે સારો બદલો મળવો જોઇએ."

"પણ જે બાબત વિષે હું તમારી સાથે વાત કરૂં તે તમે સાવધતાથી ગુપ્ત રાખશો?" અજબકુમારે પૂછ્યું.

"એક પણ શબ્દ મારા મોંઢામાંથી બહાર નીકળે તે પેહેલાં હું મારી જીભ કાપી નાખું, સાહેબ." તેણે જવાબ દીધો. "વળી આપને મદદ કરવાની મારી ફરજ છે."

"હું ધારૂં છું કે ગઇ રાત્રે જે બે ખુન થયાં છે, તે વિષેનો પુરાવો મેળવવામાં તમે રોકાયા છો." અજબકુમારે પૂછ્યું.

"હા, સાહેબ." જવાબ મળ્યો.

"તે દરેક કામ વિષે તમારો શું અભિપ્રાય છે?" અજબકુમારે પૂછ્યું.

"શહેરની બહાર નવા બંધાતા મકાનમાં જે ખુન થયું," પોલિસ અમલદારે કહ્યું. "તે બાબતમાં હું ધારૂં છું કે કંઇ મોટો ભેદ સમાયેલો છે. કારણ કે એક સોળ વરસની નાજુક છોકરી, એક મધ્યમ ઉમરના મજબૂત બાંધાના માણસને—કે જેની સાથે તેણીને કશો સંબંધ જણાતો નથી—તેનું ખુન કરે, એ ઘણું અસંભવિત લાગે છે. બીજું ખુન શહેરમાં એક ગલીમાં, ખૂણામાંના ઘરમાં ગંગાબાઈ નામની એક બુઢ્ઢી દાયણનું થયું છે, ત્યાં તપાસ કરવા મેં મારા વિશ્વાસુ જમાદાર લતિબખાંને મોકલ્યો હતો, કારણ કે તે ઘણો હોશિયાર અને વિશ્વાસુ છે. આપે પણ તેને માટે સાંભળ્યું હશે."

"ના, તે વિષે મને કંઇ યાદ નથી." અજબકુમારે જવાબ દીધો. "પણ તે દાયણના ખુન વિષે તમે વાત કરતા હતા તેનું શું?"

"હા, સાહેબ" તે અમલદાર બોલ્યો. "ત્યાં તપાસ કરવા જનાર મારા જમાદાર લતિબખાંના કહેવાથી જણાય છે કે આજુબાજુની હકીકત ઉપરથી કિશ્નાકુમારીએ તે બિચારી બુઢ્ઢીને ઠાર કરી હોવી જોઇએ. તો

પહેલા કામમાં મારા અભિપ્રાય પ્રમાણે આરોપ ખોટો મુકાયેલો છે—અને બીજા કામમાં હું ધારું છું કે તે ખરો છે."

"સુશીલાને મુક્ત કરવાનું તમે માથે લેશો?" હવે અજબકુમારે સીધો સવાલ પૂછ્યો.

"તે સાહેબ, હું કહી શકું નહિ. પણ કદાચ હું તેમ કરી શકીશ." તેણે જવાબ દીધો.

"અને ક્રિષ્ણાકુમારીની બાબતમાં—શું અશક્ય છે? તદ્દન નહિ બને તેવું છે?" અજબકુમારે અચકાતાં પૂછ્યું.

"અમે પોલિસ અમલદાર પાસે કશું અશક્ય નથી, તે આપ જાણો છો, સાહેબ." રસુલખાંએ પોતાની ચાલાકીની મગરૂબીમાં જવાબ આપ્યો. "પણ એ કામમાં ઘણી મુશ્કેલી ભરેલી હરકતો છે."

"પણ એવી હરકતોથી ડરો, અને પાછા હઠો, એવા તમે નથી." અજબકુમાર તેને ચઢાવતાં બોલ્યો.

"કોઇપણ કામમાં નિરાશ થવું, એ મારો સ્વભાવજ નથી." તેણે જવાબ દીધો. "આ શહેરમાં હું અને લતિબખાં થાડી છાતીવાળા છીએ. અને જ્યારે કોઇપણ કામ કરવાનાં સાધન જડી આવતાં નથી, ત્યારે અમે તેવાં સાધન નવાં ઉત્પન્ન કરીએ છીએ."

"મને લાગે છે કે તમે ઘણા હિંમતવાન અને બહાદુર માણસ છો, રસુલખાં." અજબકુમારે વળી મીયાંભાઇને પાનો ચઢાવ્યો. "હવે સાંભળો. હકીકત એવી છે કે આ બે છોકરીઓ જે તુરંગમાં સપડાયેલી છે, તે બન્ને આ ભલાં યશોદાબાઇને ત્યાંની છે. અને યશોદાબાઇને માટે હું સારી લાગણી ધરાવું છું—"

"મારે એવા ખુલાસાની જરૂર નથી, સાહેબ." ફોજદારે જોયું કે કુમારને આ કામમાં કંઇ ખાસ સંબંધ છે, તેથી તેને બોલતાં અટકાવીને બોલ્યો. "જો આપ એવું ઇચ્છતા હો કે આ બન્ને છોકરીઓ મુક્ત થવી જોઇએ—તો હું મારૂં બનતું કરીશ; અને લતિબખાં પણ તેનું બનતું કરશે. પણ તેનો બદલો ઘણો ભારે મળવો જોઇએ."

"તે બાબત વિષે એક પણ શબ્દ બોલવાની જરૂર નથી." અજબકુમારે કહ્યું. "યશોદાબાઇ હાલ શરૂઆતમાં તમને પાંચસેં રૂપીઆ આપશે, અને જો તમે આ કામમાં ફતેહમંદ થશો, તો પછી તેટલી રકમ તમને બીજી મળશે."

"હું આપનો ઘણો આભાર માનું છું, કુમાર સાહેબ." એમ કહી રસુલખાંએ નીચાવળી સલામ કરી રજા લીધી.

યશોદાબાઇ પણ તેની સાથે પોતાને ઘેર ગઇ.

પ્રકરણ ૪૪ મું.

ન્યાયની અદાલત–તપાસ.

જેમ જેમ દિવસ ચઢતો ગયો તેમ તેમ શહેરમાં સઘળે ઠેકાણે ગઇ રાત્રે થએલાં કમકમાટ ભરેલાં બેવડાં ખુનની વાત ફેલાઇ ગઇ. સર્વત્ર હાહાકાર થઇ રહ્યો. જ્યાં ને ત્યાં લોકોનાં ટોળે ટોળાં મળીને એની એજ વાત–રસ્તે જનાર આવનારને પૂછપરછ–અને જો કોઇ કોઇ ઠેકાણેથી કંઇ બાતમી લાવીને કહેતું હોય તો રસપૂર્વક સાંભળવાની જીજ્ઞાસા–એવુંજ ચાલી રહ્યું હતું. જાણે આખા શહેરમાં કોઇ બીજો ધંધોજ ન હોય તે પ્રમાણે આજ જણાતું હતું. ઘર આગળ સ્ત્રીઓનાં ટોળે ટોળાં મળી તેમાં પણ એજ ચર્ચા ચાલતી હતી.

બપોર થયા. ન્યાયાધીશની કચેરી લોકોની ઠઠથી ચીકાર ભરાઇ ગઇ હતી. એક સ્વરૂપવાન તરૂણ બાળાની, એક કમકમાટ ભરેલા ખુનના અપરાધ બદલ તપાસ ચાલવાની હતી, એ વાત સવારથીજ લોકોમાં જોસભેર ફેલાઇ હતી. શહેરમાંના ઘણા લોકો પોતાનો કામધંધો પડતો મૂકીને આ તપાસ જોવાને, અને જાણવાને ઘણી ઇન્તેજારીથી આવતા હતા. હજારો

માણસો ભેગાં થતાં હતાં. કચેરીમાં ઠઠેઠઠ જામી ગઇ હતી. હવે તો અંદર બેસવાનો તો શું પણ ઉભા રહેવાનો પણ અવકાશ નહોતો, એટલુંજ નહિ પણ અંદર જવાનો રસ્તો પણ બંધ થઇ ગયો હતો. ના ઇલાજે ઘણા લોકો કચેરીની બહારના ચોગાનમાં ઇન્તેજારીમાં ઉભા રહ્યા હતા, અને અંદરથી કોઇ બહાર આવતું તો હકીકત જાણવાને માટે તેની આસપાસ તમામ લોકો વીંટળાઇ વળી સવાલો ઉપર સવાલો પૂછી તેને થકવી નાખતા હતા. આવો પ્રકાર કચેરીની બહાર કેટલે દૂર સુધી ચાલી રહ્યો હતો.

હવે એક ભાડાની ગાડી લોકોની ઠઠ વચ્ચે રસ્તો કરી કચેરીના દરવાજા આગળ દાખલ થઈ. તે ગાડીમાંથી એક નવયૌવન બાળા ઉતરી, તેનું સ્વરૂપ અને મુખની કાંતિ જોઇને લોકો જંખવાઇ ગયા—જો કે ફીકરથી ચહેરો ફીકો થઇ ગયો હતો. એ બાળા કોણ હશે તે જાણવાની લોકોમાં ભારે ઇન્તેજારી થઇ, તેટલામાં તો તેણીની પાછળ બે પોલિસ અમલદારો ગાડીમાંથી ઉતર્યા. સ્વાભાવિક રીતેજ લોકોએ ધાર્યું કે ખુનનો અપરાધ જેના ઉપર આવ્યો છે, તેજ આ બાળા હશે, અને તેથી તેણીને પોલિસના પહેરામાં લાવવામાં આવી હશે. લોકોનું અનુમાન ખરૂં હતું. કારણ કે તે બાળા તે બિચારી સુશીલાજ હતી, અને રસુલખાં ફોજદાર અને લતિબખાં જમાદાર તેણીને તુરંગમાંથી કચેરીમાં લાવ્યા હતા. સુશીલાને જોતાંજ—સાધારણ રીતે એક ખુનીના તરફ જે તિરસ્કાર થવો જોઇએ, તેને બદલે લોકોની દયાની લાગણી ઉશ્કેરાઇ. કેટલાએક અધીરા લોકોતો બોલી ઉઠ્યા કે આવી મધુરી બાળાને હાથે ખુન તો શું પણ બીજાનો વાંકો વાળ પણ થઇ શકે નહીં. સુશીલાને કાને આવા અવાજ જતા હતા. અને તેથી તે બિચારી નિરપરાધી કુમારિકાને વધારે હિંમત આવતી હતી, અને પોતાની નિર્દોષતા પૂરવાર કરવાને દૃઢ બનતી હતી.

બાલ્યાવસ્થામાંથી નીકળતી નિર્દોષ કુમારિકા—નિરાધાર સુશીલા—ધીમે ધીમે પણ દૃઢ પગલે કચેરીમાં દાખલ થઇ. તેની સાથેજ કચેરીમાંના હજારો લોકો ઉંચા થઇ થઇને તેણીને જોવા લાગ્યા. તેણીને ગભરાટથી કંઇક મુર્છા જેવું થઇ આવ્યું. એકાદ બે પગલાં પાછી પડી, પણ તેણીને

નીચે પડતા પહેલાં ઝાલી લેવા રસુલખાંએ હાથ લાંબો કર્યો, તેટલામાં તેણી સાવધ થઇ ગઇ, અને પછી આરોપીના પાંજરામાં ચઢી.

સુશીલાએ કચેરીની બહાર લોકો તરફથી દયાળુ લાગણીના તથા તેણીના નિર્દોષપણાના ઉદ્ગાર સાંભળ્યા હતા, તે હવે કચેરીની અંદર વધારે સંભળાયા; અને કેટલાક કોમળ અંતઃકરણના માણસો તો આવી નાજુક અને મધુરી બાળા—કે જેણીની આંખોજ નિર્દોષતા જણાવતી હતી, તેણીને હાથે તેવું કામ કદાપિ કાળે ન થઇ શકે, એવા ભયંકર ગુનાના આરોપમાં ઉભેલી જોઇને આંખમાંથી આંસુ પાડવા લાગ્યા.

ન્યાયાધીશની પાસેજ આણંદરાય બેઠો હતો. તે તરૂણના ચહેરા ઉપર શોકાતુર છાયા પથરાઈ રહી હતી, અને જેવી સુશીલા કેદીના પાંજરામાં ઉભી થઇ કે તેણે તેણીના તરફ ઝીણી નજરથી જોવા માંડયું—જાણે કે તેણીનું ઉંડું અંતઃકરણ તપાસતો હોય—તેણીને ગુનેગાર માનવી કે કેમ—અથવા તેણીની નિર્દોષતા જાહેર કરવી કે કેમ—આવા અચોક્કસ વિચારવમળમાં અને દુઃખમાં ગિરફતાર થઇ ગયેલો આણંદરાય વિચારવા લાગ્યો કે, શું આવી સ્વરૂપવાન સુંદરીમાં આવું ખુની અંતઃકરણ છૂપાયેલું હશે ? આણંદરાયે તેણીના તરફથી નજર પાછી ખેંચી લીધી.

ન્યાયાધીશની ખુરશીની પાછળનું બારણું ઉઘડયું, છડીદાર નેકી પોકારતો આગળ આવ્યો. લોકોમાં તદ્દન શાંતિ પ્રસરી ગઇ. ન્યાયાધીશ આવીને પોતાની ખુરશી ઉપર બેઠો. તેને આવતો જોઇ આણંદરાય તથા બીજા વકીલો વગેરે ઉભા થઈ સલામ કરી રહ્યા હતા, તે સઘળા હવે પોતપોતાને આસને બેઠા. ન્યાયાધીશની સામે એક જભાવાળો ધારાનો હિમાયતી બેઠો હતો. તે ઠીંગણો, પાતળો, અને ફીકા ચહેરાનો હતો. તેની આંખો ઘણી ઝીણી પણ ચપળ હતી. આસપાસના માણસો ઉપર તેની નજર વારંવાર ફરતી ગતી હતી. તેનું નામ યશવંતરાવ હતું. ઘણે ભાગે પોલિસનાં કામો તેની પાસે આવતાં હતાં, તેથી રસુલખાંને યશોદાબાઇ તરફથી પાંચસેં રૂપીઆ મળ્યા કે તરત તેણે યશવંતરાવને આરોપી સુશીલા તરફથી બચાવને માટે રોકયો હતો. પણ પોતાનું નામ બહાર નહિ પાડવા તેણે

અરજ કરી હતી. રસુલખાંએ તેને કંઇ ખાસ સૂચના આપી નહોતી, છતાં આ કામ ઉપર ખાસ કાળજીપૂર્વક ધ્યાન આપવા કહી રાખ્યું હતું, અને એવી કંઇક મોઘમ સૂચના આપી હતી કે આરોપી બાઇની વિરૂદ્ધના પુરાવા ઉપર જેમ બને તેમ ઓછો વિશ્વાસ મૂકાય, એવો કરી નાખવો.

હવે ન્યાયાધીશે કામ શરૂ કર્યું, અને તેમ કરતાં આરોપીનું નામ જાણવા માગ્યું.

"નામદાર સાહેબ," ધારાનો હિમાયતી યશવંતરાવ ન્યાયાધીશને નમીને બોલ્યો, "આ આરોપી કે જેણીનું નામ સુશીલા છે, તે કમનસીબ બાળાના તરફથી બચાવને માટે હું ઉભો રહ્યો છું."

"ત્યારે શું આરોપીનું નામ સુશીલા છે?" ન્યાયાધીસે પૂછ્યું.

"હા, સાહેબ," વકીલે જવાબ દીધો—"વળી હું નમ્રતાપૂર્વક જાહેર કરૂં છું કે, આ બાળા કેટલાંક અઠવાડિયાંથી શહેરમાંની પ્રખ્યાત અને આબરૂદાર દુકાનવાળી યશોદાબાઇની નોકરીમાં હતી. તે યશોદાબાઇ ઘણી આબરૂદાર છે, અને શહેરમાંના ઘણા મોટા લોકો તેણીના ગ્રાહકો છે. તેણીએ મને સુશીલાના બચાવને માટે રોકયો છે. કારણ કે તેણી ખાત્રીપૂર્વક માને છે કે, આ આરોપ, આ તરૂણ બાળા—કે જેને હું ખાત્રીપૂર્વક ભરોસો રાખું છું કે નામદાર કોર્ટ તરતજ મુક્ત કરશે—તેના વિરૂદ્ધ લાવવામાં ઘણી ભયંકર ભૂલ થઇ છે."

કેટલીક વખત વકીલો, ન્યાયાધિશોનું વલણ પોતાના બોલવા તરફ ખેંચવા સાધારણ સ્મિતથી, વળી ગંભિરતાથી—યુક્તિપૂર્વક છટાદાર ભાષામાં લાંબુ લાંબુ ભાષણ કરે છે, તે પ્રમાણે યશવંતરાવ ન્યાયાધીશ તરફ નમીનમીને બોલ્યો; અને ન્યાયાધીશ વારંવાર પોતાનું ડોકું નીચું હલાવીને સાંભળતો હતો—જાણે કે એવું બતાવતો હોય કે "હું ધારૂં છું કે તેમ થશે, પણ આપણે જોઇશું."

"હું નામદાર કોર્ટને અરજ કરૂં છું કે," રસુલખાંએ નમ્રતાપૂર્વક જણાવ્યું—"વકીલસાહેબે જે કહ્યું છે તે ખરૂં છે. મેં હમણાંજ યશોદાબાઇને ત્યાં તપાસ કરી છે, અને તેણીએ મારી ખાત્રી આપી છે કે, આ છોકરી

કોઇપણ ખોટું કામ કરી શકે એવી નથી. યશોદાબાઇ ઘણી આબરૂદાર છે, સાહેબ. અને જો કોર્ટ ફરમાવશે તો આરોપીની ચાલચલણુ વિષે પોતાની સાહેદી આપવા તેણી હાજર થશે.”

“બહુ સારૂં.” ન્યાયાધીશે ઠંડે પેટે જવાબ આપ્યો—“વખત આવે આપણે તે વિષે વિચાર કરીશું. હવે કામની શરૂઆત કરો.”

આણંદરાય, કે જે ફરીઆદપક્ષનો મુખ્ય સાહેદ હતો, તે ઉભો થયો, અને કાયદા પ્રમાણે પ્રતિજ્ઞા લઇ પોતાનું નામ—ઠામ જણાવી, નીચે પ્રમાણે પોતાની જુબાની લખાવી.

“ગઇ રાત્રે આશરે આઠેક વાગે, શહેરની બહાર ખૂલ્લી જગામાં જે નવાં મકાન બંધાય છે, તે જોવા સારૂ હું ગયો હતો. મારી સાથે મારો ખાનગી નોકર મોતી હતો. કારીગરો તથા મજુરો કામ ઉપરથી ચાલ્યા ગયા હતા. તેથી તે વખતે એ મકાનમાં અમે બેજણ એકલાજ હતા—અથવા અમે એકલાજ હતા, એમ અમે ધાર્યું. મોતીએ ફાનસ સળગાવ્યું, અને તેના અજવાળાથી તે દિવસે જે જે કામ થયું હતું, તે અમે તપાસ્યું. વચલા ચોકમાંથી ચાર રસ્તા નીકળે છે. તે પૈકી એક રસ્તે અમે ચાલતા હતા. ત્યાં એક દીવાલમાં કંઇક ખામી મારા જોવામાં આવી. તે તપાસવાને માટે મોતી પાસેથી મેં ફાનસ લીધું, અને જરાવાર ત્યાં અટકયો. મોતી આગળ ચાલતો હતો. અને જેવો તે તે તરફની રવેશમાં દાખલ થયો કે તેના મોંઢામાંથી કારમી ચીસ નીકળી, અને તેની સાથેજ જોરથી જમીન ઉપર તૂટી પડયો. હું તે તરફ દોડયો, અને જેવો હું તે રસ્તે દોડતો જતો હતો, તેજ વખતે એક કાળા પોશાકવાળી સ્ત્રીને બીજે રસ્તે સામેની બાજુએ વળતાં જોઇ. હું તેણીની પાછળ પડયો નહિ. કારણ કે મારી આંખે જે ભયંકર દેખાવ જોવામાં આવ્યો, તેથી હું આભો બની ગયો હતો. મોતી મારા પગ આગળ મુડદું થઇને પડયો હતો. એકાદ પળ હું તદ્દન સ્તબ્ધ બની જાણે બેભાન હોઉં તેવી સ્થિતિમાં રહ્યો. આખરે હું ભાનમાં આવ્યો મારી જીભ ખૂલ્લી થઇ ગઇ. દુઃખના અસહ્ય બોજાથી ‘ખુન’ ની બૂમ પાડી. મારા પગ પાસે પડેલા, લોહી વહેતા મોતીની પાસે

હું ઘુંટણુ મંઢીએ પડયો. તે પ્રમાણે હું કેટલો વખત રહ્યો હોઇશ, તેનું મને ભાન રહ્યું નહોતું. પણ કેટલાક મજુરો, એક કાળા પોશાકવાળી સ્ત્રીને પકડીને ત્યાં લાવ્યા, તે પહેલાં ઘણો વખત થયો નહિ હોય. જેવી મેં તે સ્ત્રીને શોકના કાળા પહેરવેશમાં જોઇ, અને તેણીની ચીસો સાંભળી, તેવુંજ મેં સ્વાભાવિક ધાર્યું કે તેણીએજ ખુન કર્યું હશે, અને મને લાગે છે કે તે વખતે મેં એ પ્રમાણે કહ્યું હતું."

"પણ જે સ્ત્રીને તમે ખુનવાળી જગાએથી નાસતાં જોઇ, તેનો ચહેરો તમે જોયો નહિ હોય?" યશંવતરાવ વકીલે સવાલ કર્યો.

"નહિ. મેં તે વખતે તેણીનો ચહેરો જોયો નહોતો." આણંદરાયે જવાબ આપ્યો.

"ત્યારે તમે સોગન ઉપર એમતો નહિજ કહી શકો કે પહેલી વખત જે સ્ત્રીને તમે નાસી જતાં જોઇ હતી, તેજ આ આરોપી સ્ત્રી હતી"? વકીલે બીજો સવાલ કર્યો.

"જો હું એવું સોગન ઉપર કહું તો તેનો અર્થ એટલોજ થાયકે, આ આરોપી બાળાજ ખુન કરનાર છે એમ હું વગર શકે જાણું છું." આણંદરાયે પોતાના ખરા દિલથી જવાબ આપ્યો. "અને એવી રીતે કંઇપણ ખાત્રીપૂર્વક કહેવાને હું દિલગીર થાઉં. હું નામદાર કોર્ટને એવું માનવાને અરજ કરૂંછું કે, હું ખરા દિલથી-પ્રમાણિકપણાથી ચાહુંછું-આશા રાખું છું કે આરોપી બાળાનું નિર્દોષ પણું સાબીત થાય."

"બેશક, તેમ થશેજ." યશવંતરાવ બોલ્યો, પણ તે વખતે, તે પોતાનું કહેવું શી રીતે સાબીત કરી શકશે, તે પોતે પણ જાણતો નહોતો, કારણ કે તેના અસીલની વિરૂદ્ધ ઘણો મજબૂત પુરાવો હતો.

પછી તેણે આણંદરાયની ઉલટ તપાસ કરી, તેમાં તેણે ખુલ્લીરીતે જણાવ્યું કે આરોપી બાળાને, તેના નોકરનું ખુન કરવાનું શું કારણ હશે, તે તે જાણતો નહોતો. તેને લૂંટવાને માટે તો હોયજ નહિ, કારણકે જે વખતે ઘા થયો તે વખતે ખુનીએ તેને (આણંદરાયને) ફાનસ સાથે રસ્તામાં જોયો હશે, અને તેથી તેણે ધાર્યું હશે કે ઘા કર્યા પછી, તેના શરીર ઉપ-

રનાં કપડામાં પૈસાટકાને માટે શોધ કરવાને બદલે, તેણીએ એકદમ નાસી જવું પડશે. આણંદરાયે વળી જણાવ્યું કે સુશીલાને તે પોતે બિલકુલ ઓળખતા નહોતો; મોતીને પણ તેણીનું નામ દેતાં કદી સાંભળ્યો નહોતો. તેમજ તેમને બન્નેને કદી કોઇ ઠેકાણે સાથે જોયાં નહોતાં.

આણંદરાયની સાહેદી પુરી થયા પછી, સુશીલાને જે મજુરોએ પકડી હતી, તે પૈકીના એક મુખ્ય માણસની સાહેદી લેવામાં આવી. કેવા સંજોગોમાં તેણે અને તેના સાથીઓએ આરોપીને પકડી હતી, તે તેણે વિગતવાર જણાવ્યું.

આ બે સાક્ષીઓની જુબાનીઓમાંથી યશવંતરાવે એક મુદ્દો શોધી કાઢ્યો કે આણંદરાયે ખુની સ્ત્રીને ઉત્તર તરફ નાસી જતાં જોઇ હતી—જ્યારે સુશીલાને દક્ષિણ બાજુને રસ્તે નાસતાં મજુરોએ પકડી હતી.

ત્યાર પછી મરનારનું શબ તપાસનાર દાકતરની સાક્ષી લેવામાં આવી. કેવા ઘાથી મોત નીપજ્યું હતું, તે વિગત તેણે જણાવી. અને જે હથિયારથી તે ઘા થયો હતો, તે પણ તેણે રજુ કર્યું. તેણે ભાર મૂકીને જણાવ્યું કે જે હાથે ઘા થયો હતો, તે હાથ ગમે તો ઘણો મજબૂત હોવો જોઇએ, અથવા તો કિન્નાખોર ઉશ્કેરણીની લાગણીથી ઉશ્કેરાયેલો હોવો જોઇએ.

આ ઉપરથી સઘળાઓની નજર સુશીલા તરફ વળી, અને દરેકને લાગ્યું કે આવા નાજુક અને મધુર ચહેરા સાથે સરખાવતાં આ ભયંકર કૃત્યનો વિચાર કેટલો વિરૂદ્ધતાવાળો છે? અને તેણીના નાજુક અને કોમળ હાથનો મુકાબલો લેતાં એવો ઘા કરવા જેવું જોર તેમાં હોય એ માનવું કેટલું બેહુદું છે?

"મને તે હથિયાર આપો, સાહેબ." યશવંતરાવે દાકતરને કહ્યું.

તેણે તે હથિયાર આપ્યું. વકીલે તપાસતાં જણાયું કે તે એક મોટું ચપ્પુ અથવા છરી હતી. તેને અસલ સ્થિતિમાં બે પાનાં હોવાં જોઇએ. તેમાંનું એક પાનું હાથા આગળથીજ ભાગી ગયેલું હતું. બીજું પાનું કે જેનાથી મોતીને ઘા કર્યો હતો, તે લગભગ ચાર પાંચ આંગળ લાંબુ કટાર જેવી ધારવાળું, અને અસ્રાના જેવું તીક્ષ્ણ હતું.

જાણે કે બહુ બારીકીથી તપાસતો હોય—જો કે ખરેખર તો હવે શું સવાલ પૂછવો તેના વિચારમાં વખત ગાળતો હતો—તેવી રીતે ચપ્પુને આ-મથી તેમ ફેરવી ફેરવીને જોતો હતો. તેવામાં એકાએક ચપ્પુના હાથા ઉ-પર કંઇક એવું તેના જોવામાં આવ્યું કે તેણે તરત પાણી અને રૂમાલ મા-ગ્યાં. તે ચીજો તેને તરત મળી. ભર કચેરીમાં આતુરતા ભરેલી ચૂપકીદી વચ્ચે તેણે પોતાને હાથે, તે હાથા ઉપરના લોહીના ડાઘ ઘસી ઘસીને ધોઇ નાખ્યા. પછી ખાસ ધ્યાન પૂર્વક તેણે તપાસ્યું. પછી રસુલખાંના કાનમાં કંઈ કહ્યું. તેણે પણ બારીકાઇથી ચપ્પુનો હાથો તપાસ્યો. અને પછી લ-તિબખાંને પણ આ ખાનગી મસલતમાં સામેલ કર્યો. જો કે આ છાની વાત ભર કચેરીમાં ચાલતી હતી, તોપણ તેની મતલબ આ ત્રણ જણ સિવાય બીજુ કોઈ જાણતું નહોતું.

લતિબખાંએ પોતાનું ડોકું ધુણાવ્યું—રસુલખાંએ વકીલના કાનમાં કંઇ કહ્યું—અને પછી વકીલે પોતાનો જભ્મો ચઢાવી કોર્ટને કહ્યું.

" નામદાર કોર્ટને હું અરજ કરું છું કે, હાલ કંઇક નવી હકીકત જાણવામાં આવી છે—કે જે આ કામના આવા પ્રસંગે ખૂલી પાડવાનું સ-લામતી ભરેલું નથી—પ । હાલ બે કલાક સુધી આ કામ મુલતવી રાખ-વાની જરૂર છે. હાલ બે વાગ્યા છે, માટે જો આપ નામદારને હરકત ન હોય તો ચાર વાગે કામ પાછું હાથ ઉપર લેવા મારી અરજ છે. "

" તમારી અરજ કબુલ રાખવાને મને કંઇ હરકત નથી. " ન્યા-યાધીશે જણાવ્યું.

યશવંતરાવ વકીલે રસુલખાં અને લતિબખાંને કંઇક ઇશારત કરી, અને તેઓ બન્ને સઘળાઓની અજાયબી વચ્ચે તરત કોર્ટમાંથી નીકળી ગયા.

વકીલે તે ચપ્પુ એક કાગળમાં લપેટતાં કોર્ટને કહ્યું, " હવે હું અ-રજ કરું છું કે, આ કામની તપાસ ફરી થતા સુધી, આ હથિયાર સલા-મત ઠેકાણે રાખવામાં આવશે તો ઠીક "

ન્યાયાધીશે તે ચપ્પુ પોતાની પેટીમાં મૂક્યું. પછી વકીલે એક કાગ-ળની કાપલી ઉપર કંઇક લખીને ન્યાયાધીશને તે કાગળ આપ્યો. ન્યાયાધીશે

ધણી અજાયબીથી તેમાંનું લખાણુ વાંચ્યું, અને શું કરવું તેને માટે ઘણો અનિશ્ચિત જણાયો. તે દરમિયાન, સુશીલા અને બીજા તમામ લોકો ઉંચે શ્વાસે અપૂર્વ ઇન્તેજારીથી તેના તરફ જોઈ રહ્યા, કારણ કે ખૂલ્લું દેખાતું હતું કે આરોપી બાળાના લાભમાં કંઇ અત્યંત મહત્વની બાબત નીકળી આવી હશે.

"જો આપ નામદાર એ બાબતમાં અચકાતા હો તો હું ખૂલ્લી રીતે રીતસર મારી અરજ કરીશ." વકીલે નમ્રતાપૂર્વક જણાવ્યું.

"હું ધારૂં છું કે તેમ કરવું ઠીક પડશે." ન્યાયાધીશે પેલા કાગળની કાપલી તરફ જોઇને કહ્યું. "અને પછી તમારી માગણી ઉપર વિચાર કરીને હું હુકમ કરીશ."

પછી કંઇપણ આચકા સિવાય તેણે પેલી કાગળની કાપલી આણંદરાયને આપી. તે વાંચીને તે ઘણો અજાયબ થયો. તેના ચહેરામાં ફેરફાર થયો. બોલવા મહેનત કરી, પણ જીભ બંધ થઇ જવા જેવું લાગ્યું. આખરે પોતાની લાગણી બતાવવાને એકદમ ઉભો થઇને બોલ્યો. "હું આવા અપમાન સામે વાંધો લઉં છું."

"હાલ કંઇ બોલવાની જરૂર નથી; કારણ કે કામ મુલતવી રહ્યું છે, કોર્ટ બરખાસ્ત કરો." ન્યાયાધીશે કહ્યું.

કચેરીના સિપાઇઓએ છેલ્લો બોલ ઉંચકી લીધો, અને કચેરી ખાલી કરો એમ પોકારીને લોકોને બહાર કાઢ્યા. આ ગરબડમાં આણંદરાય, ન્યાયાધીશને અને વકીલને ઉશ્કેરાયેલી લાગણીથી કહેતો, હતો તે કોઇના સાંભળવામાં આવ્યું નહિ.

સુશીલાને કેદીના પાંજરામાંથી કાઢીને બીજા ઓરડામાં લઇ જવામાં આવી, ત્યાં યશોદાબાઇ આંસુ પાડતી ઉદાશ ચહેરે બેઠી હતી.

સુશીલા, તેણીને જોઇને પાછી ફરતી હતી, પણ રસુલખાંએ તેણીના તરફથી ખાત્રીનાં અને દિલાસાનાં કહેલાં વચનો યાદ આવવાથી આગળ વધી. જેણે તેણીને આટલુંબધું દુઃખ આપ્યું હતું, અને જેના પ્રપંચને લીધે તેણીને આ બધું ભોગવવું પડયું હતું—તેણીની પાસે ગઇ—યશોદાબાઇ તો

તેણીને જોતાંને વાર પોતાની પાસે ખેંચીને છાતીસરસી દાબીને રડી પડી. "મને માફ કર—મારી વહાલી સુશીલા—મેં જે કંઇ કર્યું છે તેને માટે મને માફ કર." રડતાં રડતાં તેણીએ કહ્યું.

"અહા ! બાઇ, હું કંઇ ખારીલી નથી." સુશીલાની આંખમાં પણ આંસુ આવ્યાં અને રડતી રડતી બોલી. "અને તમારાં કૃત્યથી મારે જે ભોગવવું પડયું છે, તેને માટે તમે ખરેખર દિલગીર હો.—"

"અરે ! હું ઘણી દિલગીર છું—ખરેખર ઘણીજ દિલગીર છું." યશોદાબાઇ વચ્ચેજ બોલી ઉઠી. ભોળી સુશીલા દુનિઆના માણસોની પ્રકૃતિ અને દાંભિકતાથી તદ્દન અજ્ઞાન હતી, તેથી ભોળવાઇ ગઇ.

"તો હું માફ કરૂં છું, યશોદાબાઇ." તેણીએ કહ્યું. "એટલુંજ નહિ પણ આજે મારા બચાવને માટે તમે જે કંઇ કર્યું છે, અને મને દિલાસો મોકલ્યો છે, તેને માટે હું તમારી ઘણી આભારી છું."

"તને ફોજદારે શું કહ્યું હતું ?" યશોદાબાઇએ પૂછ્યું. "તેણે જે કહ્યું હોય તે મને કહે, કે મારી ખાત્રી થાય કે મારૂં કહેવડાવેલું બધું તને તેણે કહ્યું હતું."

"તેણે મને કહ્યું હતું કે તમે અને અજબકુમારે તેને ઘણી ભારે લાલચ આપીને મારૂં કામ હાથ ઉપર લઇ મારૂં નિર્દોષપણું સાબીત કરવાને મોટી રકમ આપી હતી." સુશીલાએ કહ્યું "અને હું નિર્દોષ છું એવી તમારી અને અજબકુમારની ખાત્રી હતી. વળી તેણે મને સલાહ આપી છે કે મારે માટે રોકેલા વકીલ ઉપર મારે સંપૂર્ણ ભરોસો રાખવો, અને રાત્રે મારે ભટકતાં કેમ નીકળવું પડયું, તે વિષે ખુલાસો કરવામાં અજબકુમાર અને તમારી વાત લાવવી નહિ. વળી તેણે વધારે કહ્યું કે મારૂં નિર્દોષપણું ખાત્રીપૂર્વક સાબીત થશે, અને હું જ્યારે મુક્ત થઇશ ત્યારે તમારી તરફથી તે (ફોજદાર) મને સો રૂપીઆ આપશે—અને મને કોઇ આબરૂદાર કુટુંબમાં રહેવા બનાવણુ કરશે—અથવા મારી મરજી હશે તો બીજે કોઇ ગામ મોકલવા ગોઠવણ કરશે. આ હકીકત મને પેલા ઉંચા અમલદારે કહી હતી."

"હવે તું જુએ છે, મારી વહાલી," યશોદાબાઇએ કહ્યું. "કે હું

અને અજયકુમાર બન્નેજણ તને દુઃખ આપવાને માટે ઘણો પસ્તાવો કરીએ છીએ. તેં મને માફ કર્યું છે, તો પણ તું ફરીથી મને મિત્ર તરીકે ગણીશ, એવી આશા રાખવાની હું હિંમત કરી શકતી નથી. છતાં હું તારા તરફ એવીજ રીતે વર્તીશ. અને ઇશ્વર કરે ને તારૂં નિર્દોષપણું આજે સાબીત થાય."

"શું તેનો કંઇ શક છે? શું એ બાબતમાં કંઇ વહેમ પડતું છે?" બિચારી નિરપરાધી સુશીલા ગભરાઇને બોલી ઉઠી. "આ કામ અધુરૂં રાખવાનું શું કારણ હશે? ચપ્પુ વિષે શું ભેદ હશે? અને કામ બંધ રહ્યા પછી આણંદરાય એટલાબધા ઉશ્કેરાઈ કેમ ગયા હશે?"

"તું ભૂલી જાય છે કે હું કચેરીમાં હાજર નહોતી." યશોદાબાઇ બોલી. "તેથી હું કશું જાણતી નથી. હું બહુ શક પડતી સ્થિતિમાં અહીં બેસી રહી હતી. માત્ર હું એટલુંજ જાણું છું કે કંઇક તારા લાભમાં નીકળી આવ્યું છે. અને કામ પાછું શરૂ થશે, ત્યારે કંઇ ચોંકાવનારો ભેદ ખૂલ્લો પડશે"

"હાય, હાય! અફસોસ! જે સંજોગોને અનુસરીને પુરાવો મારી વિરૂદ્ધ જાય!" સુશીલા શોકાતુર ધાસ્તીમાં ગભરાતી ડુસકાં લેતી બોલી.

"તું ગભરા નહિ, વહાલી." યશોદાબાઇ એવા માયાળુપણાથી બોલી કે તે નિરાધાર અને ભોળી બાળાએ પોતાના અંતઃકરણથી તેણીને માફી આપી, અને શાંત થઇ, અને દેખીતો મા જેવો પ્યાર બતાવવાથી બિચારીએ ઘણો દિલાસો માન્યો.

પ્રકરણ ૪૫ મું.

ખુની કોણ?

સાંજે ચાર વાગે કચેરીનું મકાન પાછું લોકોની મેદનીથી ચિક્કાર ભરાઇ ગયું. સુશીલા કેદીના પાંજરામાં આવી. તેણીનો ચહેરો શાંત હતો, પણ ફીક્કો પડી ગયો હતો. વકીલ યશવંતરાયે તેણીના

તરફ જોયું, અને હિંમત ભરી નજર નાખી, તેથી તેણીના ચહેરા ઉપર કંઇક રંગ આવ્યો. કારણ કે વકીલની આંખમાં તેણીએ જોયું કે તેણીના કામને માટે તેનો ખાત્રી લાયક સારો અભિપ્રાય થયો હતો. આ પ્રમાણે નિર્દોષ અંતઃકરણમાં આશા ઉભરાઇ.

આસપાસ ભરાયેલા લોકો તરફ જોતાં મોટી ઠઠ જામેલી દીઠી, બે બાબતો તેણીને આશ્ચર્યકારક લાગી. એક તો આણંદરાય બપોરે ન્યાયાધીશની પાસે બેઠો હતો, તે હવે વકીલોની હારમાં બેઠેલો જણાયો. બીજી એક રસુલખાં અથવા લતિફખાં એ બેમાંથી કોઇ હાજર નહોતું.

"હવે તમે કયે રસ્તે ઉતરવા માગો છો, મી. યશવંતરાવ?" ન્યાયાધીશે કામ શરૂ કરતાં પૂછ્યું.

"હું શરૂઆતમાં આણંદરાયજીને થોડા સવાલો પૂછવા ઇરાદો રાખું છું, સાહેબ." વકીલે ઉભા થઇ શરીર ઉપર જભ્ભો ચઢાવતાં જવાબ આપ્યો.

"મને સાક્ષીના પાંજરામાં ઉભેલો જોવા તમે ઇચ્છો છો, વકીલ સાહેબ?" આણંદરાયે પૂછ્યું. તેની વર્તણુકમાં ફેરફાર થયેલો જણાતો હતો, તે લોકોએ જોયું–તે બેચેન થતો હતો, અને કામનું સ્વરૂપ વધારે ભેદ ભરેલું થતું જતું હતું.

"નહિ સાહેબ, હું આપને આ પાંજરામાં ઉભેલા જોવા ઇચ્છતો નથી." વકીલે વિચિત્ર ઢબે જવાબ દીધો. "જ્યાં હાલ છો, ત્યાંજ ઉભા રહેશો તો બસ છે–વધારે નહિ તો હાલ તરતને માટે–" ઉંડા અર્થવાળી નજર સુશીલા તરફ, તેણીને ઉત્તેજન મળવા, નાખતાં તે બોલ્યો.

પણ તે બિચારી આ નજરનો અર્થ સમજતાં ધાસ્તી ખાઇ ગઇ; કારણ કે વકીલના ભેદ ભરેલા બોલવાથી તેણીને લાગ્યું કે, કોણજાણે તેના બોલવાનો અર્થ એવો તો ન હોય કે તેણીની જગાએજ આણંદરાયને ઉભા રહેવું પડશે? જો કે સુશીલા પોતાનું નિર્દોષપણું સાબીત કરવાને માટે ઘણી ઇન્તેજાર હતી, તો પણ આણંદરાય કે જે તેણીના વિરૂદ્ધ મુખ્ય સાહેદ હતો, તેજ માણસ આવો ગુનો કરનાર હોય, એવું તેણીના વિચારમાં આવતાં તેણીને ઘણું લાગી આવ્યું. આંખે અંધારાં આવવા માંડ્યાં–

આણંદરાયની માફક તેણીના નિર્દોષ અને ઉમદા હૃદયમાં તેના તરફ તેણીની દયાની લાગણી ઉશ્કેરાઇ. વળી આવો શાંત દેખાવનો અને ઉચ્ચ લાગણી ધરાવનારો માણસ, અંતઃકરણનો આવો ઘાતકી હોય, એવી માણુસ જાતની પરીક્ષાનો તેણીને નવો અનુભવ થવા લાગ્યો.

થોડી વારે વકીલે આણંદરાયને પૂછવાનું શરૂ કર્યું, ત્યારે તેણી પોતાની વિચાર માળામાંથી જાગૃત થઇ.

"તમે પ્રથમ તમારી જુબાનીમાં કહ્યું છે," વકીલે પૂછ્યું. "તે ઉપરથી જણાય છે કે, એ નવા મકાનના વચલા ચોકમાંથી ચાર રસ્તા પડે છે, અને કાળા પોશાકવાળી સ્ત્રીને તમે ઉત્તર તરફને રસ્તે નાસતાં જોઇ, એ વાત ખરી?

"હા, તેમજ હતું." આણંદરાયે અધીરાઇથી જવાબ આપ્યો.

"અને બીજા સાક્ષીની જુબાની ઉપરથી તમે સાંભળ્યું હશે કે તેણે અને બીજાઓએ આ આરોપી બાળાને મકાનની દક્ષિણ બાજુએથી પકડી હતી, કેમ એ પણ ખરૂં કે નહિ?" વકીલે પૂછ્યું.

"હા, પુરાવામાં એ વાત સાબીત થયેલી મેં સાંભળી છે." આણંદરાયે જવાબ દીધો. "અને હું ફરીથી જાહેર કરૂં છું કે પાંજરામાં ઉભેલી બાળાનું નિર્દોષપણું પૂરી રીતે સાબીત થશે તો હું ઘણો ખુશી થઇશ."

"કદાચ તમારી તે ઉમેદ બર આવશે." વકીલે તાણો મારતાં કહ્યું. "પણ હવે તમે મને કહેશો કે તમારા નોકર મોતીની સાથે તમારે હમેશાં સારૂં રહેતું હતું?"

"મુએલા માણસની પાછળ તેની વિરૂદ્ધ કંઇ કહેવું એ સારૂં નથી." આણંદરાય કંઇક ગુસ્સાની લાગણીથી બોલ્યો. "તેથી એવી બાબત ખુલ્લી કરવા કરતાં હું મરવું વધારે પસંદ કરૂં!"

આ જવાબથી આખી કોર્ટમાં અજાયબી ફેલાઇ. વકીલે આ સવાલ કંઇ ખાસ હેતુથી પૂછ્યો નહોતો, પણ જેવી રીતે વખત કાઢવા વકીલો આડાઅવળા ગમે તે સવાલો પૂછે છે, તેવી રીતે સાધારણ રીતે તેના મગજમાં જે આવ્યું તે પૂછ્યું હતું—તેને પણ આ જવાબથી ઘણું આશ્ચર્ય લાગ્યું.

"ત્યારે મરનાર મોતીની બાબતમાં તમે જે જાણો છો, તે જાહેર કરવામાં આવે તો નુકસાન છે ?" વકીલે પોતાની તીક્ષ્ણ નજર આણંદરાય તરફ રાખીને પૂછ્યું-આણંદરાય, આ કામે અચાનક આવું રૂપ પકડવાથી ઘણો ઉશ્કેરાયો હતો. અને દિઙ્મૂઢ થઇ ઉભો રહ્યો હતો.

"ચાલો સાહેબ, આ સવાલનો ખૂલ્લો, પ્રમાણિક અને સીધો જવાબ આપો." વકીલે ફરીથી કહ્યું. હવે તે લોકો તરફ પોતાની ચપળ આંખો ફેરવતો હતો, અને મનમાં ધારતો હતો, કે કંઇ અમુક ખાસ કારણથી તે આ મુદ્દા ઉપર ઉતર્યો હતો, એમ લોકો જુએ છે-જો કે ખરી રીતે તો બીજો કંઇ સવાલ પૂછવાનો નહિ જડવાથી નકામો પથરો નાખવાની માફક આવો સવાલ પૂછયો હતો, અને તેમાંથી આ પરિણામ નીકળ્યું.

"હું નામદાર કોર્ટને અરજ કરૂંછું કે,-"આણંદરાયે દરેક પળે વધારે ગભરાતાં કોર્ટને કહેવા માંડયું. પણ ન્યાયાધીશે તેને વચ્ચેથી જ અટકાવીને કહ્યું.

"તમારે વકીલના સવાલનો જવાબ આપવો પડશે." ન્યાયાધીશનો અભિપ્રાય આણંદરાયની વિરૂદ્ધ જવા લાગ્યો હતો.

"ત્યારે મરનાર મોતીના સંબંધની પાછલી વાતો જાહેરમાં લાવવાને હું એકદમ ભારપૂર્વક ના પાડું છું." આણંદરાય એકદમ સાવધ થઇને એવી રીતે બોલ્યો કે જેના બે અર્થ થઇ શકે—એક તો નફટાઇ ભરેલો જવાબ-અને બીજો-પોતાની ઉદાર લાગણીથી કોઇના નામને બટ્ટો આવે એવું તેના મુઆ પાછળ નહિ બોલવાનો ઉમદા ગુણ-પણ તેનો ખરો હેતુ કોઇના જાણવામાં નહોતો. તેથી લોકોએ તેનો એવો અર્થ લીધો કે, ગુનેગારો ઉદ્ધતાઇમાં જેવા આડા જવાબો દે છે, તેવો જ આ ઉદ્ધતાઇનો જવાબ છે.

"આણંદરાય, યાદ રાખો કે તમે પોતે કેવી સ્થિતિમાં ઉભેલા છો." ન્યાયાધીશે તેના તરફ વળીને કહ્યું "અને ખાત્રી રાખો કે તેવી સ્થિતિમાં દરેક બાબતનો ખાત્રીપૂર્વક ખુલાસો તમારા તરફથી મળવાની ખાસ જરૂર છે."

"વકીલ સાહેબ મારા ઉપર જો કોઇપણ જાતનો શક લાવતા હોય, તો તેનાં કારણો તેમણે જણાવવાં જોઇએ." આણંદરાય ગુસ્સામાં મોટેથી બોલ્યો. "અને પછી મારે કેવો જવાબ આપવો, તે હું વિચાર કરીશ."

"પણ શરૂઆતની તપાસમાં તમને સવાલ પૂછવાના તેમને હક છે, આણંદરાય." ન્યાયાધીશે કહ્યું.

"ત્યારે મોતીની બાબતમાં હું એટલુંજ કહીશ," થોડી વાર વિચાર કરી આણંદરાયે જવાબ દીધો. "કે થોડા વખત ઉપર મને તેનાથી અસંતોષ થવાનું કારણ મળ્યું હતું, પણ મેં તેને માફી આપી હતી. અને તે માફીની અસર તેના ઉપર ઘણી સારી થઇ હતી. ટુંકામાં એટલુંજ કે મોતી એવો માણસ બન્યો હતો કે એના ભરોસા ઉપર ગમે તેટલો ખજાનો મૂકી શકાય. અને તેના વિષેના મારા સારા અભિપ્રાયની સાબીતિ એજ છે કે જે નવું મકાન બંધાય છે—કે જ્યાં તેનું મોત થયું—તેના ઉપરી તરીકે દેખરેખ રાખવા મેં તેનેજ નીમવા વચન આપ્યું હતું."

"હવે હું તમને એક બીજા મુદ્દા ઉપર સવાલ પૂછીશ." વકીલે કહ્યું. હજુ લતિબખાં અને રસુલખાં નહિ આવવાથી તે અધીરો થઇ કામ લંબાવતો હતો. "તમે બપોરની જુબાનીમાં કહ્યું છે કે તમારા જાણવા પ્રમાણે મોતીને સુશીલા તદ્દન અજાણી હતી, અને તેણીના ઉપર જે આરોપ મુકવામાં આવ્યો છે તે ગુનો તેના સામે કરવાનો તેણીનો કોઇપણ હેતુ ધ્યાનમાં આવી શકતો નથી. તો હવે તમે મને કહેશો કે મરનાર કોઇપણ રીતે કોઇપણ સ્ત્રી સાથે સંબંધમાં આવ્યો હતો કે જેનો ઇરાદો તેનું ખુન કરવાનો હોય? દાખલા તરીકે—કંઈ પ્યારની બાબત—કોઇપણ જાતનું વેર—કે જે લોહીનુંજ તરસ્યું હોય."

"અહા ! એ સંભવિત છે !" આ છેલ્લા શબ્દો સાંભળતાં આણંદરાયના અંતરપટ ઉપરથી અંધારપછેડો ખસી જઇ અજવાળાનો એક ચમકારો દેખાતાં તે બબડ્યો, અને એકાદ બે પળ પોતાના હાથ કપાળે દાબી વિચારમાં પડ્યો.

કારણકે એકાએક તેને મંજુલા યાદ આવી—તેણીના ઉપર તેનો શક

ગયો, કે જે ઝેરીલી, દયાહીન અને ઘાતકી સ્ત્રી હોવાનું તે જાણતો હતો. તેણીએ મોતીને પોતાની સાથે કાળાં કૃત્યમાં ઘસડયો હતો—તે બહાર પડયું હતું—મોતી પસ્તાતો હતો—તે તેણીને પસંદ નહોતું—અને તેથી મોતીથી તેણી બીતી હોય—અને તેને દૂર કરવા ઇચ્છતી હોય કે જેના પરિણામે તેણીએ આ ગુનો કર્યો હોય—આ બધું તેને સંભવિત લાગ્યું અત્યાર સુધી આજુ-બાજુના સંજોગોનો પુરાવો સુશીલા વિરૂદ્ધ એવો સજ્જડ હતો કે તેણે પોતાની મરજી વિરૂદ્ધ તેણીને ગુનેગાર માની હતી-અને જોકે તેણીના વિ-રૂદ્ધના પુરાવાની જાળમાં વકીલે તેને પોતાને સપડાવવાની તજવીજ કરી હતી. છતાં તે પોતે નિર્દોષ હોવાથી સ્વાભાવિક રીતે માનતો હતો કે વ-કીલ ગમે તેટલી પોતાની હોશિયારી બતાવશે તોપણ ખરી આરોપી કે જે કેદી સ્ત્રી છે, તેના વિરૂદ્ધ સાબીતિ થશે. પણ હવે કે જ્યારે વકીલે બીજો ભળતોજ સવાલ પૂછયો, જેથી બીજી સ્ત્રીએ આ કમકમાટ ભરેલું ખુન કર્યાનું સંભવિત જણાયું, ત્યારે તેના વિચારો ગુંચવાઇ ગયા. તેને વિ-ચાર કરતાં લાગ્યું કે સુશીલા નિર્દોષ હોવાનું સંભવિત છે, અને બીજી કોઇ સ્ત્રી ખુની હોવી જોઇએ. પણ તે બીજી સ્ત્રી કોણ? આ સવાલનો વિચાર કરવામાં પાછલી તમામ હકીકત તેની નજર આગળ તરી આવી. અને હવે તેને ખૂલ્લું જણાયું કે જો સુશીલા ખરેખરી ખુની સ્ત્રી નહોતી તો મંજુલા હોવી જોઇએ.

જેવી રીતે આકાશમાં પક્ષીઓનાં ટોળે ટોળાં આવી ગણગણાટથી ગર-બડ મચાવી મૂકે છે, તેવી રીતે આણંદરાયના મગજમાં ઉપરા ઉપરી વિ-ચારોએ ગરબડ મચાવી મૂકી. તે કપાળ ઉપરહાથ રાખી વિચારમાં જ પડી રહ્યો.

“ તમે મારો છેલ્લો સવાલ સાંભળ્યો, સાહેબ ? ” વકીલે અધીરાઇથી પૂછયું. “ તેનો જવાબ આપશો ? કે મારે ફરીથી તે પૂછવો પડશે ? તો સાંભળો—તે સવાલ એવો હતો કે મરનાર મોતી કોઇ એવી સ્ત્રીના સંબંધમાં આવેલો જાણવામાં છે કે, જેના દીલમાં એવી લાગણી ઉશ્કેરાઇ હોય, કે જેથી તેનું ખુન કરવા તેણી ઉશ્કેરાય ? ”

આણંદરાય પહેલી પળે તમામ હકીકત ખૂલ્લી પાડવા જતો હતો, પણ તેને લાગ્યું કે તેમ કરવાથી મરનાર મોતી કે જેને તેનાં પાછલાં કૃત્યો બદલ પૂરો પસ્તાવો થયો હતો, તેના નામને બટ્ટો લગાડવા જેવું કહેવું પ-ડશે. એટલુંજ નહિ પણ મંજુલાના પણ સઘળા ગુનાઓ ઉઘાડા પાડવા પડશે. તે તેણીને માફી આપી ચૂકયો હતો—અને કદાચ આ ગુનો કરનાર તેણી ન પણ હોય. છતાં જો તેણીનાં કૃત્યો ઉઘાડાં પાડવામાં આવે તો તે-ણીને એકદમ પકડવામાં આવશે, અને તેણે પોતે તેણીની વિરૂદ્ધ સાક્ષી આપવી પડશે, અને ખુનનો ગુનો સાબીત થવાથી આખરે તેણીને ફાંસીને લાકડે ચઢવું પડશે. જો મોતીના ખુનની બાબતમાં તેણી નિર્દોષ જણાશે, તોપણ તેણીનાં પાછલાં કૃત્યોજ તેણીને ફાંસીને લાકડે ચઢાવવા પૂરતાં છે. આ બધું કરવાને અને જોવાને આણંદરાય તૈયાર નહોતો. કારણ કે તેણે તેણીને નીતિ ભ્રષ્ટ કરી હતી—શરૂઆતમાં તે પોતે તેણીની સાથે નિર્દયતાથી વર્ત્યો હતો—અને તેણીને ઉશ્કેરાવાનું કારણ તેણે પોતેજ આપ્યું હતું. વળી તેણીએ જે કર્યું હતું, તે વિષે તે તેણીને માફી આપી ચૂકયો હતો. અને હવે તેણી આબરૂસર લગ્ન કરી સંસારમાં ઠરી ઠામ પડી છે. આવા વિચારોથી આણંદરાય તેણીને તેણીનાં પાછલાં કૃત્યો સારૂ સજા કરાવવા ઇચ્છતો ન-હોતો. અને મોતીનું ભયંકર રીતે ખુન કરનાર મંજુલાજ હતી, એવી તેની પૂરી ખાત્રી ન થાય ત્યાં સુધી તે તેણીને ખૂલ્લી પાડવા ચાહતો નહોતો. આવા વિચારોથી વકીલના સવાલના જવાબમાં તમામ હકીકત ખૂલ્લી પા-ડવા જતાં અટકયો. અને કંઇપણ પગલું ભરતા પહેલાં, વિચાર કરવા થોભવાનું તેણે વાજબી ધાર્યું. કારણ કે જો ઉતાવળે પગલું ભરવામાં આવે તો તે કદાચ હાલના ગુનાને માટે મંજુલાને ખોટી રીતે આરોપી ઠરાવે, યા નિર્દોષ ઠરાવે, છતાં તેણીનાં પાછલાં કૃત્યોને માટે, ઉપાય ન થઇ શકે તેવી રીતે તેણીનો બેશક નાશ થાય.

આવા વિચારોથી આણંદરાયની ચૂપકીદી લંબાઇ, અને વકીલના સ-વાલથી તેના ઉપર જે અસર થઇ હતી, અને તેની ગુંચવણ વધી હતી—તે

બધો ફેરફાર જોઇને વકીલને, ન્યાયાધીશને, અને લોકોને તેના તરફનો શક વધતો જતો ન હતો.

"મને લાગે છે કે મારા સવાલનો જવાબ મને સંતોષકારક મળશે નહિ." વકીલે કહ્યું. "છતાં હું એક બીજો સવાલ પૂછીશ-અને તે એકે મોતીનું ખુન તેના પોતાના ચપ્પુથીજ શી રીતે થવા પામ્યું?"

"હેં! તમે શું કહો છો? તેના પોતાનાજ ચપ્પુથી!" આણંદરાયે ખરેખરી અજાયબીમાં પડીને પુછયું-છતાં એક બીજા બનાવો અને તેનો હાલનો ગભરાટ સાથે લેતાં, જેમ કોઇ ખરેખરો ગુનેગાર અજાયબ થવાનો ડોળ ઘાલે, તેવો આ માત્ર ડોળ હતો, એમ બીજાઓએ ધાર્યું.

"હા-તેના પોતાનાજ ચપ્પુથી." વકીલ જરા છણકો કરતાં બોલ્યો. "નામદાર કોર્ટ એ ચપ્પુ કાઢીને તપાસશે?"

આ ઉપરથી ન્યાયાધીશ પોતાની પેટીમાંથી ચપ્પુ કાઢતો હતો, ત્યારે લોકો ઉંચે શ્વાસે એવા ચૂપ થઇ જોવા લાગ્યા કે તે વખતે-જોકે લોકોની એટલી બધી ભીડ હતી-તોપણ એક ટાંકણી પડે તો તેનો પણ અવાજ સંભળાય. સુશીલાની છાતી પણ ધબકવા લાગી અને અધીરાઇથી જોઇ રહી.

"આ ચપ્પુના હાથા ઉપર 'મોતી' એવું નામ જણાય છે." ન્યાયાધીશે તે તપાસીને કહ્યું.

તમામ લોકોમાં ભારે અજાયબી ફેલાઇ-અને સઘળાની આંખો સુશીલા તરફ વળી-જાણે એવું જણાવતી હોય કે હવે તેણી જલદી નિર્દોષ ઠરશે. પછી બધાની આંખો આણંદરાય તરફ વળી-કે જે આ નવા ચોંકાવનારા બનાવથી ગુંચવાડામાં પડી ઘણો ગભરાઇ ગયો હતો.

ચપ્પુ ઉપરથી શું અનુમાન નીકળે તે તેને પોતાને, તેમ લોકોને પણ ખુલ્લું ન દેખાય તેમ નહોતું.

દાક્તરની જુબાનીથી એવું જણાયું હતું કે મોતીનું 'ખુન' થયું હતું-તેણે પોતે આપઘાત કર્યો નહોતો. તો તે ઉપરથી એટલુંજ અનુમાન થઇ શકે કે તેજ ઘરમાં રહેનાર માણસ, અથવા મોતીની સાથે ગાઢો સંબંધ ધરાવનાર માણસ-કે જેણે તે ચપ્પુ મેળવ્યું હોય-તેણે એ 'ખુન' કરેલું

હોવું જોઇએ.

' નામદાર કોર્ટને યાદ હશે કે, " વકીલે પોતાની ચાલાકીથી અંદરથી ખુશ થતાં જણાવ્યું. " આ ચપ્પુના હાથા ઉપરનું નામ વાંચવાથી, કામ મુલતવી રાખવા આજ બપોરે મેં અરજ કરી હતી; અને તેજ વખતે, કામ ફરીથી હાથ ઉપર લેવામાં આવે ત્યાંસુધી આણંદરાયને રોકવા, એક કાગળની કાપલીમાં લખીને મેં નામદાર કોર્ટને સૂચવ્યું હતું. જો તે વખતે આપ સાહેબે મારી માગણી કબુલ રાખી ન હોત તો મેં તેજ વખતે ખૂલ્લી કોર્ટમાં આણંદરાય સામે વારંટ માગ્યું હોત."

" મારા ઉપર આવો ભયંકર આરોપ લાવવાની તમે હિંમત નહિ કરી શકો. સાહેબ " આણંદરાય ગુસ્સાથી રાતો પીળો થતો ફફડી ઉઠયો. " હું તદ્દન નિર્દોષ છું. હું આવું કાળુ કૃત્ય કરી શકું એવો નથી–"

" અને હું પણ નિર્દોષ છું. " સુશીલા પોતાના હાથ જોડી રડતાં રડતાં વચ્ચેજ બોલી ઉઠી–કારણ કે કામનું રૂપ જલદીથી પલટાઇ ગયું હતું, અને પોતાની નિર્દોષતાની સાબીતિની ખુશાલી, અને આણંદરાયને માટે થતી દિલગીરીથી, તેણીનું કોમળ અંતઃકરણ ભરાઇ આવ્યું હતું

" તું શાંત થા, મારી વહાલી સુશિલા" જાણીતો અવાજ સંભળાયો. સુશીલાએ માથું ઉંચું કરી જોયું તો, પાંજરાંમાં તેણીની પાસે યશોદાબાઇને ઉભેલી જોઇ.

આજ વખતે રસુલખાં અને લતિબખાં કોર્ટમાં દાખલ થયા. અને પાધરાજ વકીલ યશવંતરાવ પાસે જઇને તેની સાથે કંઇ છૂપી વાત કરી.

" મારૂં અંતઃકરણ કહે છે કે હવે તું અહીં વધારે વખત રહીશ નહિ, વહાલી સુશીલા " યશોદાબાઇએ મમતા બતાવતાં કહ્યું.

આવી લાગણી ભરેલી ખાત્રીને માટે તે બિચારી બાળાએ તેણીના તરફ આભારની નજરે જોયું; અને યશોદાબાઇ જો કે અદઢ મનની અને ખરાબ ચાલની હતી છતાં તેણીના અંતઃકરણમાં પશ્ચાતાપનો ડંખ લાગ્યો કે આવી નિરાધાર, સુકુમાર બાળાને, તેણીને હાથે કેટલું બધું દુઃખ ભોગવવું પડયું.

"વળી કંઇ નવું નીકળી આવ્યું છે ?" વકીલ અને ફોજદારને છૂપી છૂપી વાત કરતા જોઇ ન્યાયાધીશે વકીલને પૂછયું.

"હા, નામદાર સાહેબ. અને તે વળી ઘણું મહત્વનું." વકીલે જવાબ દીધો.

કોર્ટમાં ચૂપકીદી ફેલાઇ. એક પછી એક નવા બનાવો બનતા જતા હતા નવી નવી હકીકત બહાર આવતી હતી, અને કામના જુદા જુદા રંગ બદલાતા હતા. તેથી જાણવાને લોકો ઘણા અધીરા થઇ રહ્યા હતા.

"ત્યારે તમારા જે સાક્ષીઓ હોય તેમને બોલાવો." ન્યાયાધીશે કહ્યું.

"હવે હું રસુલખાં ફોજદારને સાક્ષી તરીકે બોલાવું છું." વકીલ ભેદ ભરેલી નજર ચારે તરફ નાખતાં બોલ્યો.

રસુલખાંએ સાક્ષીના પાંજરામાં ઉભા રહીને, પ્રતિજ્ઞા લઇ, પોતાની જુબાની આપવી શરૂ કરી.

"હું ધારૂં છું કે બપોરે આ કામ મુલતવી રહ્યા પછી તમે કોઇ જગાએ ગયા હતા, નહિ વારૂ ?" વકીલે પૂછયું.

"હા, સાહેબ." સાક્ષીએ જવાબ આપ્યો. "હું અને મારો જમાદાર લતિબખાં એક અમુક ઠેકાણે ગયા હતા."

સવાલ—ક્યાં ગયા હતા. ?

જવાબ—ધરણીધરરાયજીના મહેલમાં.

સવાલ—ત્યાં તમે શું કર્યું ?

જવાબ—મરનાર મોતી જે ઓરડામાં રહેતો હતો, તે મેં તપાસ્યો, અને આણંદરાયનો ઓરડો પણ તપાસ્યો.

સવાલ—પણ હું ધારૂં છું કે મોતીના ઓરડામાં કંઇ મહત્વનું જણાયું નહિ હોય ?

જવાબ—ના, સાહેબ. કંઇ નહિ.

સવાલ—અને આણંદરાયના ઓરડામાં ?

જવાબ—તેના સૂવાના ઓરડામાં એક ભંડારીઆમાં કંઇક ચીજ મારા જોવામાં આવી.

સવાલ—તે શું ચીજ હતી?

જવાબ—ચપ્પુનું એક પાનું.

એમ કહી તેણે તે રજુ કર્યું.

સીપાઇએ તે લઇને ન્યાયાધીશને આપ્યું. તેણે પોતાની પાસેના ચપ્પુના હાથાને તે લગાડી જોયું, તો જે ભાગેલું પાનું હતું, તે જગાએ બરોબર બેસી ગયું.

આખી કોર્ટમાં ધારતી અને અજાયબી ફેલાઇ રહી. કારણ કે અત્યાર સુધી આણંદરાયની સામે કંઇક શક લાગતો હતો, પણ હવે આજુબાજુના સંજોગોના બનાવોના પુરાવાથી, મોતીના ખુનને માટે તેને ગુનેગાર ઠરાવવાને કંઇ શક રહ્યો નહોતો. તે જુવાન ગૃહસ્થના દેખાવ ઉપરથી બધાને અજાયબી લાગી કે, આવો જુવાન અને ખૂલ્લા દિલનો તથા ઉમદા લાગણી ધરાવવાવાળો, મોટા કુળનો, આબરૂદાર કુટુંબનો માણસ આવું ભયંકર ખુન કરે, એ માનવું ખરેખર કમકમી ઉપજાવે એવું હતું. તે પણ વળી એક નિર્દોષ, સુકુમાર બાળાના ઉપર તેનું તહોમત ધકેલી મૂકે, એ કેવું ઘાતકીપણું કહેવાય!

"હવે તારે મુક્ત થવામાં બિલકુલ શક રહ્યો નથી, બેન." યશોદાબાઇએ સુશીલાના કાનમાં કહ્યું.

"ઇશ્વરનો આભાર!" તે બાળા હાથ જોડી ધાર્મિક વૃત્તિથી બોલી.

"અરે! પણ તે ગૃહસ્થ! અહા!! આવું ઘાતકીપણું આવા માણસના અંતઃકરણમાં હોય!"

"છાની રહે." યશોદાબાઇએ કહ્યું. "જો તે કંઇ બોલવા જાય છે."

"આપ નામદાર મારૂં કહેવું સાંભળશો?" આણંદરાય—કે જે પોતાની વિરૂદ્ધ આવતા જતા પુરાવાથી હેબક ખાઇ ગઇ હતો—તે હવે સાવધ થઇને બોલ્યા.

"હું તમને સલાહ આપું છું કે તમારા બચાવનું હાલ કશું બોલશો નહિ, આણંદરાય" ન્યાયાધીશે કહ્યું. "હું તમને હજુ વધારે ખુલાસો કરી

શકીશ. પણ હાલ તો જે તરૂણબાળા કેદીના પાંજરામાં ઉભી છે તેણીને માટે મારે જાહેર કરવું જોઇએ કે તેણીની સામેનો પુરાવો ના સાબીત થયો છે. એટલુંજ નહિ, પણ થોડા વખત તેણીને જે દુઃખ અને ઇન્તેજારી ભરેલી હાલતમાં કાઢવો પડયો છે-કે જેને તેણી લાયક નથી-તેને માટે તેણીના તરફ દયા બતાવવી જોઇએ."

કોર્ટમાં હાજર રહેલા તમામ લોકોએ ખુશાલીના પોકારોથી ન્યાયાધીશના બોલોને વધાવી લીધા. સુશીલા પોતાની લાગણી કાબુમાં નહિ રહેવાથી ધ્રૂસકે ધ્રૂસકે રડતી યશોદાબાઇના હાથમાં પડી.

"તેથી મને એવુ કહેવાને ખુશાલી પેદા થાય છે," ન્યાયાધીશે પોતાનું બોલવું ચલાવ્યું. "કે સુશીલાએ કેદીના પાંજરામાંથી મુક્ત થવું. અને તેણીને તહોમતમાંથી મુક્ત કરતી વખતે હું એવી પણ ખાત્રી આપું-છું કે તેણીની નિર્દોષતા વિષે મારા મનમાં જરાપણ શક રહ્યો નથી."

"આ યુવાન બાળાના મુક્ત થવાથી મારા જેટલું ભાગ્યેજ બીજું કોઇ ખુશી થયું હશે." આણંદરાય ખૂલ્લા દિલથી પ્રમાણિક પણે બોલ્યો. પણ લોકોએ તેનો ઉલટો અર્થ લીધો કે તે ઢોંગ કરીને આવી ભલાઇ લેવા માગેછે "અને મારા કારણથી સુશિલાબાઇને જે કંઇ દુઃખ ભોગવવું પડયું તેને માટ હું ખરા અંતઃકરણથી તેણીની માફી માગુંછું."

પણ સુશીલાએ આમાંનું કશું સાંભળ્યું નહિ. કારણકે પોતાની નિર્દોષત સાબીત થવાથી, તેણી એટલી બધી ખુશીની લાગણી તળે દબાઇ ગઇ હતી કે યશોદાબાઇને તેણીને પાંજરામાંથી બહાર કાઢીને બીજા ઓરડામાં ઉચકીને લઇ જવી પડી.

કોર્ટમાં ચૂપકીદી ફેલાવવા પોલિસના સિપાઇઓને જરા મહેનત પડી.

આણંદરાય જે ન્યાયાધીશને કંઇ કહેવા જતો હતો, તે હાથની અદબ વાળીને ચૂપ રહ્યો તેનો ચહેરો નિર્દોષ અને શાંત હતો, છતાં લોકોએ તેનો એવો ઉલટો અર્થ લીધો કે તેની ઉદ્ધતાઇ અને નફટાઇ સિવાય બીજું કંઇ નથી-કારણકે ખરા ગુન્હેગારો પણ એવો દેખાવ બતાવે છે.

" હવે, " ન્યાયાધીશે થોડીવારે કહેવા માંડયું. " મારે આ કામમાં પડેલા પુરાવાથી નીકળતા મુદ્દાઓ વિશે કહેવું જોઇએ. પહેલું તો એકે, આણંદરાય કહેછે કે જેવો મોતી જમીન ઉપર તૂટી પડયો, અને તે તેના તરફ દોડયો, તેજ વખતે સામી બાજુ તરફ એક કાળા પોશાકવાળી સ્ત્રીને નાસી જતાં તેણે જોઇ. આ રસ્તો ઉત્તર તરફનો હતો. હવે જે બાજુથી સુશીલને પકડવામાં આવી હતી, તે તો તદ્દન ઉલટી દિશા—દક્ષિણ દિશા—હતી. બીજી બાબત એવીછે કે મોતીનું ખુન જે હથિયારથી થયુંછે, તે તેનું પોતાનુંજ ચપ્પુ છે, કે જે કોઇ પારકા માણસના હાથમાં જઈ શકે નહિ. પણ હવે ઘણી ગંભીર અને મહત્વની બીના પ્રકાશમાં આવેછે. તે એ છે કે એજ ચપ્પુનું બીજું ભાગી ગયેલું પાનું, આણંદરાયના સુવાના ઓરડામાંથી મળી આવ્યુ છે. મારી રૂબરૂ પડેલા આવા પુરાવાથી મારે ફક્ત એકજ રસ્તો લેવાનો રહ્યો છે. અને તે એ કે હું, તમે આણંદરાય ધરણીધરરાયને, ખુનના તહોમત ઉપર સદર ફોજદારી અદાલતમાં ઇનસાફ થવા સારૂ મોકલવાનો હુકમ કરૂંછું. હાલ તમારે તુરંગમાં જવું પડશે. "

" હું આપ નામદારને ફક્ત એટલુંજ કહીશ " આણંદરાય દૃઢ અવાજે બોલ્યો. " કે આ ભયંકર કૃત્ય કે જેનો આરોપ મારા ઉપર મૂકવામાં આવ્યો છે, તેને માટે હું તદ્દન બીન ગુનેગાર છું. પેલી યુવાન બાળાને જેવી રીતે હમણા આ કેદીના પાંજરામાંથી મુક્ત કરી, અને તેણીને હું બીનગુનેગાર માનું છું, તેવોજ હું પોતે બીન ગુનગાર છું. છતાં આજુબાજુના સંજોગોનો પુરાવો મારી વિરૂદ્ધ ભેગો થયોછે, તો તેને હું તાબે થાઉં છું પણ આ બધો ભેદ ખુલ્લો કરવાની એક અગત્યની જેના ભેદ ભરેલી ચાવી મારી પાસે છે, તે હાલને માટે ખૂલ્લી કરવા હું માગતો નથી. કારણકે હું જોઉંછું કે આ ઠેકાણે મારે કોઈપણ જાતનો ખુલાસો આપવો તદ્દન નિરૂપયોગી છે. વધારે ઉંચા દરજ્જાની અને ધર્મરાજાના ન્યાયી દરબાર જેવી સદર અદાલતને માટે હું મારો તે ખુલાસો મારી છાતીમાંજ રાખી મૂકીશ. અને જ્યારે ત્યાં પૂરો ખુલાસો થશે, ત્યારે લોકો હાલ જે મારા તરફ તિરસ્કાર અને ધિક્કારની લાગણીથી જુએછે, તેને બદલે દયા અને

માયાળુ લાગણીથી મારા તરફ જોશે. મારે હવે કંઇ વધારે કહેવાનું નથી. આપે મને સદર અદાલતમાં ઇનસાફ થવા સારૂ મોકલવાનો હુકમ કર્યો છે અને તે હુકમને માન આપવાની હું મારી ફરજ સમજું છું."

આ પ્રમાણે બોલીને આણંદરાય શાંત અને દઢ ચહેરે, પોલિસનાં સિપાઇઓ—કે જેઓ તેને તુરંગમાં લઇ જવા ઉભા હતા—તેમને તાબે થયો. જ્યારે તે લોકોની વચ્ચે થઇને જતો હતો, ત્યારે તેને અજાયબી લાગીકે, થોડીપળઉપર તેના તરફ જે લોકો ધિક્કારથી જોતા હતા, તે હવે દયાની લાગણીથી જુએ છે.

તેણે પોતાના મનમાં ધાર્યું કે, તેની નિર્દોષતા વિષે લોકોની ખાત્રી થઇછે, અને તેવી ધારણામાં આંસુથી છલકાતી આંખોએ તેણે લોકો તરફ આભારની નજરથી જોયું.

"ગરીબ બિચારો." એક માણસે બીજાને કહ્યું.

"હા—તેમજ છે." બીજાએ જવાબ દીધો. "ખરેખર બિચારો ગાંડોજ છે."

"તે એકજ બાબતમાં ગાંડો જણાયછે." ત્રીજો બોલ્યો.

"તે ગાંડપણ તેણે કરેલું ખુનજ છે." ચોથો બોલ્યો.

લોકોમાં આવી ગુસ ગુસ વાતો થતી હતી. પણ તે કંઇ આણંદરાયને સંભળાવવાનો ઇરાદો નહોતો. છતાં તેન કાને એમાંના કોઈ કોઇ અવાજો ગયા. તેથી એકદમ આવેશથી ઉશ્કેરાઇ જઇ જોરથી પોતાના માથામાં હાથ પછાડયા, અને તેના જોરથી એકાદ બે પગલાં પાછો પડયો. જો પોલિસના સિપાઇઓએ તેને પકડી રાખ્યો ન હોત તો, તે જમીન ઉપર પડી જાત. પછી તેને ઉતાવળથી બહાર લઇ ગયા. જતાં જતાં તેને કાને અવાજ પડયા. "ગરીબ બિચારો—તે ખુનના ગાંડપણમાં છે."

પ્રકરણ ૪૬ મું.

સુશીલા અને પ્રતાપરાય.

થોડી વારે સુશીલા સાવધપણામાં આવી, ત્યારે તેણીએ પોતાની પાસે યશોદાબાઇને બેઠેલી જોઇ. તેણીની તરફ જોતાં, મનમાં બીતાં બીતાં વિચાર કરવા લાગી કે, "હવે મારે શું કરવું? ક્યાં જવું?" કારણ કે હવે તેણીને આગલી પાછલી તમામ હકીકત મગજમાં તાજી થઇ. એક તરફથી તેણી યશોદાબાઇના ઉપકાર તળે દબાઇ હતી, કારણ કે હાલના તેણીના છુટકારાને માટે યશોદાબાઇએ કેટલીબધી મહેનત અને પૈસાનો ભોગ આપ્યો હતો, તે તેણી જાણતી હતી; જ્યારે બીજી બાજુથી તેણીને લાગ્યું કે જો કદાચ યશોદાબાઇ ફરીથી તેણીને પોતાને ઘેર લઇ જવા માગશે તો શું જવાબ આપવો? કારણ કે હવે ત્યાં જવું તેતો તેણીને ઘણું ધાસ્તી ભરેલું લાગ્યું.

આપણે જાણીએ છીએ કે, યશોદાબાઇ જમાનાની ખાધેલી, પક્કી અને બડી ખંધી હતી. તેથી આ વખતે સુશીલાના મનમાં શું વિચાર થતો હશે, તે તેણીના ચહેરા ઉપરથી યશોદાબાઇ સમજી નહિ શકે એવું નહોતું. તેણી કંઇ બોલવા જતી હતી, તેવામાં રસુલખાં આવ્યો.

"કેમ બાઇ," તેણે યશોદાબાઇને કહ્યું—"હવે તો આ જુવાન છોકરી છૂટી ગઇ, તેથી ખુશી થયાંને? સુશીલાબાઈ, હું તમને મુબારકબાદી આપુંછું."

"તમે મારા તરફ જે માયા બતાવી, અને જે મહેનત લીધી, તેને માટે હું તમારો ઘણો આભાર માનું છું." સુશીલા ઉપકારની લાગણી બતાવતાં બોલી—"પણ આણંદરાયની બાબતમાં શું થયું?"

"હાલ તો તેને તુરંગમાં મોકલ્યો છે. પછી તેનો સદર અદાલતમ ઇનસાફ થશે." રસુલખાંએ જવાબ દીધો.

"ત્યારે શું તે ગુન્હેગાર હશે?" સુશીલાએ ઇન્તેજારીમાં પૂછ્યું.

"તે કહી શકાય નહિ." જવાબ મળ્યો-"હાલ એ વિષે કોઇપણ જાતનો અભિપ્રાય આપી શકાય નહિ, કારણ કે હકીકત ઘણી ગુંચવાડા ભરેલી છે. તમે મુક્ત થયાં એજ હાલને માટે તો બસ છે."

સુશીલા કંઇ કહેવા જતી હતી, તેવામાં લતિબખાંએ આવીને સુશીલાને કહ્યું કે, કોઇ ગૃહસ્થ તેહીને મળવા આવ્યો છે. સુશીલા અજાયબીમાં પડી. કારણ કે તે કોણ હશે, તે કંઇ તેહીના ખ્યાલમાં આવ્યું નહિ. તેને ત્યાં આગળ મોકલવા કહ્યું. રસુલખાં તથા લતિબખાં બહાર ગયા, અને યશોદાબાઇ જરા દૂરથી બેઠી.

જે ગૃહસ્થ અંદર આવ્યો, તે લગભગ પચીસેક વરસની ઉમરનો જુવાન હતો. શરીરે ઉંચો, પાતળો, પણ સુશોભિત ચહેરાનો અને ખૂબસુરત દેખાવનો હતો.

"તમે મને ભૂલી ગયાં હશો, સુશીલાબાઈ?" તેણે સુશીલાની પાસે આવીને કહ્યું. સુશીલાએ તેને ઓળખ્યો.

"હું તમને ભૂલી ગઇ એમ કહું તો તે મારા તરફનો હસવા જેવો ઢોંગ કહેવાય, સાહેબ." સુશીલાએ નરમાશથી જવાબ આપ્યો.

"ત્યારે આપણે પ્રથમ મળ્યાં હતો, તે તમને યાદ છે?" તેણે પૂછ્યું.

"હા, એક વખત આપણે થોડીવાર સાથે બેઠાં હતાં." જવાબ મળ્યો,

"હમણા હું આ રસ્તે થઇને જતો હતો, ત્યારે એક જુવાન બાળાના ઉપર એક ભયંકર ગુનાના આરોપનું કામ ચાલે છે, એમ મેં સાંભળ્યું-હું જીજ્ઞાસાથી કચેરીમાં આવ્યો-આરોપી તરીકે તમારૂં નામ સાંભળ્યું. મને ઘણી અજાયબી થઇ, અને મેં તે માન્યું પણ નહિ-જેમ તેમ કરતાં કચેરીમાં, લોકોની ભીડ વચ્ચે જતો હતો, ત્યાં ખબર પડી કે તમે બહાર નીકળી આવ્યાં હતાં-તમારા મુક્ત થયાની હકીકત પણ ત્યાં મેં સાંભળી, અને હું ઘણો ખુશીમાં આવી ગયો."

આ વખતે રસુલખાં પાછો અંદર આવ્યો, અને યશોદાબાઇની સાથે કંઇ વાત કરવાને તેણીને લઇને બાજુ ઉપર વાત કરવા લાગ્યો.

"હું તમારો ઘણો આભાર માનું છું." સુશીલાએ શરમાતાં શરમાતાં કહ્યું.

"તમને ખબર નહિજ હોય કે, જ્યારથી આપણે પહેલાં મળ્યાં, ત્યારથી હું તમને કદી ભૂલ્યો નથી. મારા મગજમાં તમારી પ્રતિમા ચિતરાઇ રહી છે. તમે જેવી રીતે માબાપ વગરનાં છો, તેવી રીતે હું પણ માબાપ વગરનો છું. તેથી સ્વાભાવિક રીતે મને તમાર તરફ માયાની લાગણી થાય છે. મને કેટલીક વખત એવું લાગે છે કે આપણે બે ભાઇબેન હોત તો કેવું સારૂં થાત." પેલા જુવાને ખરી લાગણીથી પોતાનું અંતઃકરણ ખાલી કરવા માંડ્યું "તમારી ઘણીખરી હકીકત મેં સાંભળી છે ઘણી નિર્દયતા ભરેલી રીતે તમારાં માતપિતા મરણ પામ્યાં છે. તમારી સ્થિતિ ઘણીજ નિરાધાર છે. અને સુશીલાબાઇ, હું તમને આજના તમારા છૂટકારા બદલ મારા અંતઃકરણથી મુબારબાદી આપું છું. વળી હું માગી લઉં છું કે મને તમારા એક સાચા મિત્ર તરીકે ગણજો."

"હું મારા ઉંડા અંતઃકરણથી આપની આવી માયાળુ લાગણીને માટે આભાર માનું છું." નિરાધાર સુશીલાને તે જુવાનના લાગણી ભરેલા શબ્દોથી ઘણું લાગી આવવાથી ધ્રૂજતે સાદે બોલી. "પણ જ્યારે તમે મારૂં નામ જાણો છો, ત્યારે તમારૂં નામ મને જણાવવાની મહેરબાની કરો તો, મારે માટે આવી અપૂર્વ લાગણી ધરાવનારને હું હમેશાં યાદ કરૂં."

"મારૂં નામ પ્રતાપરાય છે." તેણે જવાબ દીધો. "હું ચિતારાનો ધંધો કરૂં છું. પણ હવે હું તમને પૂછું છું કે તમારાં કોઇ સગાં વહાલાં કે મિત્રો છે કે કેમ? અને તમને રહેવાને માટે કોઇ જાતની સગવડ છે કે શી રીતે? તે મને જણાવો. કારણ કે હવે હું તમારી સાથે તમારા એક સાચા મિત્ર તરીકે વર્તવા માગું છું."

"અરે! રે! માબાપ વગરની નિરાધાર છોકરીને ઘર કેવું ને બાર કેવું!" સુશીલાએ ઉંડા શોકમાં નિરાશા ભરેલો જવાબ આપતાં કહ્યું.

"ત્યારે હું તમને મદદ કરી શકીશ." પ્રતાપરાય માયાળુપણે બોલ્યો. "અને ફરી ફરીને હું તમારી પાસે આજીજી પુર્વક માગી લઉં છું કે મને

એક સાચા મિત્ર અથવા ભાઈ તરીકે ગણો."

"પ્રતાપરાયજી," તેણીએ દિલગીરી ભરેલા અવાજે જવાબ દીધો. "હું તમને હવે ખુલ્લે ખુલ્લું જણાવીશ કે મારે ઘરબાર કંઇ નથી. તેમ મારાં કોઇ સગાં વહાલાં કે મિત્રો પણ નથી. આ ભરેલી દુનિઆમાં હું એકલી નિરાધાર છું. આ યશોદાબાઇને ત્યાં હું કેટલાક વખતથી નોકર તરીકે હતી. પણ હવે ત્યાં હું, કેટલાંક અમુક કારણોથી પાછી જવા ઇચ્છતી નથી. તે કારણો હાલ હું તમને કહીશ નહિ, આપણે એક બીજાને સારી પેઠે ઓળખતાં થઇશું. ત્યારે હું તમને જણાવીશ."

"જ્યારે એમ છે, ત્યારે" તેણે કહ્યું. "તમે મારા ઉપર ભરોસો રાખી શકશો? કે પછી તમને અત્યારસુધી થયેલા દુનિઆના દુઃખી અનુભવે, કોઇપણ અજાણ્યા માણસ ઉપર ભરોસો નહિ રાખતા શીખવ્યું છે?"

"પ્રતાપરાયજી, તમારી ઉદારતા અને માયાળુપણાનો બદલો હું તમને ઉલટી રીતે નહિ આપું" સુશીલાએ કહ્યું. "તમારા વિચારો, અને તમારી લાગણી ઘણી ઉદાર છે. અને તમારા ઉપર વિશ્વાસ રાખવાને મને હિંમત આવે છે. વળી આપણે બન્ને માબાપ વગરનાં છીએ. અને આપણે બન્નેએ નિરાધાર સ્થિતિમાં દુઃખનો પૂરો અનુભવ લીધો છે, તેથી એક બીજાને દુઃખ આપતાં અંતઃકરણ ડંખશે."

"તમે મારામાં વિશ્વાસ રાખવા હિંમત કરો છો," તેણે કહ્યું. "તો હું તે વિશ્વાસને મારા પ્રમાણિકપણાથી જાળવીશ—તમારી સાથે પૂરી રીતે માન આબરૂથી વર્તિશ. મારા ચિતારાના ધંધાને લીધે મને કેટલાએક મોટા શ્રીમંત લોકોમાં સારૂં ઓળખાણ થયું છે તેમાં ભુપતરાયજીનાં વિધવા પત્ની સુરજદેવી, કે જે પોતાના મરહુમ પતિના મહેલમાં રહે છે, તેમની સાથે પણ સારૂં ઓળખાણ થયું છે. તેમને ચિત્રનો સારો શોખ છે. તેથી મારી પાસે અમુક અમુક ચિત્રો તૈયાર કરાવે છે. અને કેટલીક વખત મારાં કરેલાં ચિત્રો ખરીદે છે તેઓની મારા ઉપર ઘણી મહેરબાની છે. અને ટુંકામાં હું કહીશ કે સુરજદેવી ખરેખર દેવી જેવાંજ ઉદાર અને માયાળુ છે. તમે તેમનું નામ તો સાંભળ્યું હશે?"

. "હા—મારા પિતાજી ઘણી વખત એમની વાત કરતા હતા; અને વખાણતા હતા." સુશીલાએ જવાબ દીધો.

"ત્યારે તમે તેમની સાથે તેમના મહેલમાં રહેશો ?" પ્રતાપરાયે પૂછયું.

સુશીલાએ તરત જવાબ આપ્યો નહિ. તેણી તેના તરફ એવી નજરે જોઇ રહી કે જાણે તેણી એમ ધારતી હોય કે, તેણે તેણીની મશ્કરી કરી હતી.

"સુશીલાબાઇ, મેં જે કહ્યું છે તે ખરૂં છે," તે બોલ્યો. "અને મારા બોલવા ઉપર કોઇ પણ પ્રકારનો શક લાવશો નહિ."

"મને માફ કરો, પ્રતાપરાયજી." સુશિલાએ કહ્યું. "મારા દુઃખના આવેશમાં તમારા પ્રમાણિકપણા ઉપર શક લઇ જવા જેવો દેખાવ જણાયો, તેને માટે હું માફી માગું છું. પણ મને લાગ્યું કે તમારી પોતાની ઉદાર લાગણીને લીધે, તમે બીજાને પણ તેવી નજરે જોતા હશો."

"ના, તેમ નથી." પ્રતાપરાય આવેશપૂર્વક બોલ્યો. "સુરજદેવી તમને ખૂલ્લા હાથે આવકાર આપશે-મેં તેમને તમારા વિષે ઘણી વખત વાત કરી છે અને તમારા તરફ પ્રીતિથી વર્તશે એમ મારી ખાત્રી થઇ છે. હવે છેક સાંજ પડી ગઇ છે, અને આ જગાએ વધારે રહેવાથી દુઃખી વિચારો મગજમાં તાજા થશે."

સુશીલા વિચારમાં પડી. પ્રતાપરાયની સાથે સુરજદેવીને ત્યાં જવું કે નહિ? કદાપિ ત્યાં તેણી ન જાય તો કયાં જવું? કોઇપણ ઠેકાણું હતું નહિ. યશોદાબાઇને ત્યાં જવાનો તો વિચાર કરવાનો નહોતો. તેમ હવે અનુભવથી તેણી શીખી હતી કે, કોઇપણ અજાણે ઠેકાણે જવું સલામતી ભરેલું નહોતું.

"સુશીલાબાઇ, તમે નક્કી વિચાર ઉપર આવી શકતાં નથી," પ્રતાપરાયે તેણીના ચહેરા ઉપર અનિશ્ચયનાં ચિન્હ જોઇ પૂછયું-"હજી તમે મારા તરફ શકની નજરથી જુઓ છો ? પણ જો તમારે માટે મારી સાચી અને ખરા દિલની પવિત્ર લાગણી ન હોત, તો આવી તમારી અવિશ્વાસની લાગણી જોઇ હું દિલગીર થઇને તરત ચાલ્યો જાત."

"અરે ! રે ! હું કેટલી વખત તમને દિલગીર થવાનું કારણ આપું

છું ?" સુશીલા દિલગીર થતી બોલી. "પણ મારો દેખાવ તમને ભૂલાવામાં નાખે છે. મને તમારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે." એમ કહી તેણીએ પોતાનો હાથ તેને આપ્યો, જે તેણે ઘણા માન સાથે લીધો.

"ત્યારે મેં જે કહ્યું તે તમે કબુલ કરો છો, સુશીલાબાઇ ?" તેણે પૂછ્યું.

"અફસોસ ! હું નિરાધાર છું મારે કોઇ ઠેકાણું નથી, તેથી બીજો ઇલાજ નથી." બિચારી સુશીલા આંખમાં આંસુ સાથે બોલી.

"સુરજદેવી તમને બેન કે પુત્રીની માફક આવકાર આપશે, અને તમને તેવી પ્રીતિથી રાખશે." પ્રતાપરાયે તેણીને શાંત કરવા કહ્યું. "ત્યારે હવે તમે યશોદાબાઇની રજા લેશો ?"

"પહેલેથી હું તમને ચેતાવું છું," સુશીલાએ કહ્યું. "કે મેં તમને પ્રથમ કહ્યું છે, તે કારણોથી હું કયાં જવાની છું, તે યશોદાબાઇને જણાવવાની જરૂર નથી."

"હું તમારા કહેવા પ્રમાણેજ વર્તિશ." તેણે જવાબ દીધો. "એક ભાઇ પોતાની બેન સાથે વર્તે, તેવી રીતે હું તમારી સાથે વર્તિશ."

"અને હું પણ તમને તેમજ ગણીશ." સુશીલાએ ઉંડા આભારની લાગણીથી જણાવ્યું.

પ્રકરણ ૪૭ મું.

યશોદાબાઇ અને રસુલખાં.

ઉપર પ્રમાણે જ્યારે એક બાજુ સુશિલા અને પ્રતાપરાયને વાતચિત થતી હતી, ત્યારે બીજી બાજુ યશોદાબાઇ અને રસુલખાં કોઇ અગત્યની વાતચિતમાં ગુંથાયાં હતાં. તે આપણે જોઇએ.

"કેમ બાઇ," રસુલખાંએ કહ્યું. "આ કામમાં જલદીથી આવી સારી ફતેહ મળી, તેથી તમે દિલગીર તો નહિજ હશો. ?"

"તેથી ઉલટું," યશોદાબાઇએ જવાબ આપ્યો. "મને એટલીબધી ખુશાલી થઇ છે કે તેની લાગણી હું અટકાવી શકતી નથી. તમે ઘણી સારી ગોઠવણ કરી હતી."

"ખરેખર ! બાઇ." તેણે જવાબ દીધો. "આ કામમાં તો કંઇ એવી ગોઠવણ કરવાની જરૂર હતીજ નહિ. કામ જે રીતે ચાલવું જોઇએ તે રીતેજ ચાલ્યું હતું. અને મારે કંઇપણ ખટપટ કરવાની જરૂર પડી નથી."

"હેં ! એ તમે શું કહો છો ?" યશોદાબાઇએ અજાયબીથી પૂછ્યું. "આણંદરાયને ફસાવવાનું—"

"એતો કુદરતી બનાવોથી બન્યું છે." પોલિસ અમલદારે વચ્ચેજ જવાબ આપ્યો. "જેમ રીતસર કામ થાય છે તેજ પ્રમાણે થયું, અને ઇનસાફના કામમાં રીતસર જે મદદ મળવી જોઇએ, તે પ્રમાણેજ મળી હતી—તમે ખરેખરૂં માનજો કે કોઇપણ જાતની જરાપણ ખટપટ થઇ નથી."

"હું તમારૂં કહેવું બિલકુલ સમજી શકતી નથી." યશોદાબાઇએ પોતાનો સંશય બતાવ્યો "પહેલું તો તમે આણંદરાયના સુવાના ઓરડામાંથી પેલા ચપ્પુનું બીજું પાનું મળી શકે એવી ગોઠવણ નહોતી કરી ? સુશીલાના છૂટકારા માટે તમે એ ખટપટ નહોતી કરી ?"

"ના, ના. બાઇ, ત્યારે તમે ભૂલમાં ગોથાં ખાઓ છો—એવું કશું નથી." તેણે નમ્રતાથી જવાબ આપ્યો." કદી પણ એવી ખટપટ હું કરતો નથી, તે વિષે હું ખાત્રીથી કહું છું—વળી તમે એમ શી રીતે ધારી શકો કે જે ચપ્પુ કોર્ટમાં હતું, તેના ભાગેલા પાનાની જગાએ બરોબર બેસી શકે એવું પાનું મેળવવા હું ખટપટ કરી શકું ?"

"વારૂ—મને લાગે છે કે વધારે ખુલાસાથી તમને મારી સાથે વાત કરવાની ઇચ્છા નથી" યશોદાબાઇ હજુ તેનું કહેવું નહિ માનતાં સ્મિત કરતાં બોલી. "ભલે, ત્યારે, તમારી વાત તમારી પાસેજ રાખો—તમારો છૂપો ભેદ જાણીને મારે શું કામ છે ? માત્ર એટલુંજ બસ છે કે તમને જે લોકો કામ સોંપે છે, તેમને સંતોષ થાય તે પ્રમાણે પરિણામ લાવવાને તમે ઘણી સારી ગોઠવણ કરી શકો છો—ભલે, પછી તે પરિણામ ગમે તે

રસ્તે આવ્યું હોય-તમારૂં કહેવું હું ભૂલી ગઇ નથી કે, જ્યારે બીજો કોઇ ઉપાય મળી શકતો નથી, ત્યારે તેવા ઉપાય તમે શોધી કાઢો છો."

"હા, બાઇ-અને તે પ્રમાણે દરેક વિશાળ મગજના માણસો કરે છે." રસુલખાંએ યશોદાબાઇના શરીરના ખૂબસુરત અવયવો તરફ જોતાં કહ્યું. "પણ મને લાગે છે કે આજની બાબતની ખરી હકીકત તમે જાણતાં નથી હકીકત એવી છે કે સુશીલા બીન ગુનેગાર હોવા વિષે મારી પ્રથમથી ખાત્રી હતી-અને હું જાણતો હતો કે કોઇપણ માણસ તે હકીકત સાબીત કરાવી શકે તેવું હોય તો તે માત્ર યશવંતરાવ વકીલ હતો-પણ હું ખૂલ્લા દિલથી કબુલ કરીશ કે શરૂઆતમાં તો બધી હકીકત આ છોકરીની વિરૂદ્ધ જતી હતી-પણ પછી તો એકાએક ચક્કર ફરી ગયું-કે જ્યારે એવું સાબીત થયું કે આણંદરાયે જે સ્રીને નાસતાં જોઇ હતી, તે ઉત્તર દિશા તરફ જતી હતી, જ્યારે સુશીલા તો દક્ષિણ દિશા તરફ નાસતાં પકડાઇ હતી-ત્યારેજ એવો શક ઉભો થયો કે આ સ્રીની વાત આણંદરાયે બનાવટી જોડી કાઢી હશે-પછી પાછી ચપ્પુ વાળી હકીકત આવી-કે ચપ્પુના ઉપર મરનારનું નામ હતું-તે ઉપરથી યશવંતરાવ વકીલે કામ મુલતવી રખાવી, મને અને લતિબખાંને આણંદરાયને ઘેર ઝડતી લેવા મોકલ્યા. હું કહી શકતો નથી કે ત્યાં કંઇપણ મહત્વનું મળશે એવું મેં ધાર્યું હતું-જો કે એવી અસાધારણ તપાસમાં કોઇ કોઇ વખત મહત્વનું નીકળી આવે છે ખરૂં-અને તેજ પ્રમાણે આ કામમાં બન્યું. કારણ કે આણંદરાયના ઓરડામાં એક ભંડારીઆમાં તેનાં કપડાંમાંથી ચપ્પુનું પાનું મળી આવ્યું."

"ત્યારે તમે ખરેખર માનો છો કે આણંદરાયે ખુન કર્યું હશે?" યશોદાબાઇએ પૂછયું.

"હું ઉતાવળો અભિપ્રાય બાંધવાની ટેવવાળો નથી, બાઇ." તેણે જવાબ આપ્યો. "અમે કોઇ પણ બાબતમાં ઉતાવળા થતા નથી, તેમજ અમે કામના સંબંધમાં કોઇની સાથે છૂટથી વાત પણ કરતા નથી. પણ તમે, બાઇ, એવાં ખૂબસુરત છો કે તમારી મોહિનીમાં ફસાવીને તમે મારી પાસે ગમે તે વાત કઢાવી લ્યો છો, અને તમને ખાનગીમાં કહેવાને મને

પણ હરકત જણાતી નથી. ”

“ તમે મારાં વખાણ કરો છો, તેથી હું તમારો આભાર માનું છું, ફોજદાર સાહેબ ” યશોદાબાઇ હસતાં હસતાં બોલી. “ પણ તમે મને ખાનગીમાં શું કહેવાના હતા ? ”

“ મને લાગે છે કે આણંદરાયને પોતાને નિર્દોષ ઠરાવવાને ઘણી મુશ્કેલી પડશે—પણ તેને ફાંસીની સજા થઇ શકશે નહિ. ” રસુલખાં બોલ્યો. “ આજ કારણ છે કે તે છૂટી જશે. ” એમ કહી તેણે ઇસારાથી કપાળ ઉપર હાથ ઠોકયો.

“ અહા ! હું સમજી ” યશોદાબાઇ બોલી “ કે તેનું મગજ ઠેકાણે નથી, ને તેને તેના કામ બદલ જોખમદાર ગણવામાં આવશે નહિ. કેમ, એમજ કે ? ”

“ હા. ” જવાબ મળ્યો.

“ ત્યારે શું તમારો અભિપ્રાય એવો છે કે તેણે ગાંડપણમાં ખુન કર્યું ? ” યશોદાબાઇએ પૂછ્યું.

“ હું એવું ધારૂં છું ” રસુલખાંએ ટુંકું પતાવ્યું. “ હવે તમારા બીજા કામમાં શું કરીશું ? ”

“ કૃષ્ણાકુમારી વિષે તમે કહો છો ? ” યશોદાબાઇએ પૂછ્યું. “ તે કામમાં તો મને કંઇપણ સમજ પડતી નથી કે તમે તે કમનસીબ છોકરીને શી રીતે બચાવી શકશો ? ”

“ તમે ભૂલી જાઓ છો—મેં તમને વચન નહોતું આપ્યું કે હું તેણીને બચાવીશ ? ” રસુલખાંએ પૂરા વિશ્વાસથી કહ્યું.

“ હા—તમે વચન આપ્યું હતું, તેતો ખરૂં. ” યશોદાબાઇએ સંશયયુકત થતાં કહ્યું. “ પણ—”

“ વળી જો હું ફતેહ પામું તો શું મને બીજા પાંચસે રૂપીઆ મળવાના નથી કે ? ” રસુલખાંએ તેણીને બોલતાં અટકાવીને કહ્યું.

“હા—તે રકમ ઘણી ખુશીથી આપવામાં આવશે.” યશોદાબાઇ બોલી.

“ ત્યારે કોઇ વાતની ધાસ્તી રાખશો નહિ. ” રસુલખાં તેણીને વિશ્વાસ

આપતાં બોલ્યો. "મેં જે કામ માથે લીધું છે, તે હું પૂરૂં કરીશ. અને આવતી કાલે રાત્રે તમારે મને પાંચસેં–રૂપીઆ કોરાને કકડતા આપવા પડશે. પણ હું તમને ચેતાવું છું કે કિષ્ણાકુમારીની વિરુદ્ધ એવો સંગીન પુરાવો છે કે સીધા ઉપાયોથી તેણી છૂટવી મુશ્કેલ છે."

"કઈ રીતે તેણી છૂટે તેની મને દરકાર નથી." તેણીએ કહ્યું. "પણ આજે તે કામ કેમ નહિ નીકળ્યું?"

"કારણ કે મારે એ કામની તપાસ કરવાની હતી." રસુલખાંએ જવાબ દીધો. "પણ આ કામમાં આજ હું રોકાઇ ગયો, તેથી તે કામની તપાસ અધૂરી રહી છે–પણ હવે તમે ગભરાશો નહિ–ગમે તેમ કરીને તેણી આવતી કાલે સાંજે નાસી છૂટે એવી ગોઠવણ હું કરીશ."

"તમે તેણીને મારા તરફથી પચાસ રૂપીઆ આપજો, અને તેણીને જેમ બને તેમ જલદીથી બીજા દેશમાં ચાલ્યા જવાનું કહેજો." યશોદાબાઇએ કહ્યું.

"હું તેણીને પચાસ રૂપીઆ આપીશ, એટલુંજ માત્ર નહિ, પણ તેણીને કોઇ ઓળખી શકે નહિ એવો પોશાક પૂરો પાડીશ." રસુલખાં બોલ્યો–'કોઇપણ કામ હું અધૂરૂં કરતો નથી. પણ પેલી આજ છૂટેલી જુવાન બાળાનું તમે શું કરશો?" સુશીલા તરફ જોઇને પૂછયું.

"હું મારૂં વચન પાળીશ, અને તેણીને જ્યાં જવું હશે ત્યાં જવા દઇશ." યશોદાબાઇએ જવાબ દીધો.

"પેલો જુવાનીઓ કંઈ તેણીની સાથે બહુ વાતે વળગ્યો જણાય છે ને શું?" રસુલખાં, પ્રતાપરાય તરફ નજર કરીને બોલ્યો. "કદાચ તે તેણીની સાથે પરણવાનું માગું કરતો હોય."

"હું ઇચ્છું છું કે તેમ હોય." યશોદાબાઇ બોલી. "કારણ કે તેમ થાય તો તે તેણીને લઇ જાય, તો પછી મારે મારી ખરી મહેનતના મેળવેલા પૈસામાંથી તેણીને કંઇ આપવાની જરૂર રહે નહિ."

"વારૂ ત્યારે બાઇ, હવે હું જઇશ." રસુલખાં બોલ્યો–"અને જો આવતી કાલે રાત્રે દશથી અગિઆર સુધીમાં તમે એકલાંજ તમારા મકાન

ઉપર હશો તો હું કિષ્ણાકુમારીના ખબર આપવા આવીશ."

"અને વળી એમ પણ કહોને કે બાકીના પાંચસેં રૂપીઆ લેવા—" યશોદાબાઇએ હસતાં હસતાં કહ્યું. "ભલે, ખુશીથી પધારજો."

રસુલખાંએ તેણીના તરફ કામવિકારી નજર નાખી, પણ યશોદાબાઇએ તેને ઉત્તેજન આપ્યું નહિ—કારણ કે તે સ્વરૂપવાન નહોતો, પણ બદસુરત બદ્દશકલનો મુસલમાન હતો—જો તેની જગોએ કોઇ ખૂબસુરત જુવાનીઓ હોત તો કદાચ યશોદાબાઇ તેના લાભમાં હુકમનામું કરી આપત ખરી.

રસુલખાં ચાલ્યો ગયો—યશોદાબાઇ સુશીલા તરફ વળી.

"બેન મારી વહાલી સુશીલા." એક માતાના જેવી મમતાળુ લાગણી બતાવતી તેણી બોલી કે જેથી પ્રતાપરાયને પણ આશ્ચર્ય લાગ્યું. "હવે તું શું કરવા માગે છે. બેન? અને હું તને કેવી રીતે મદદ કરી શકું?"

"આ ગૃહસ્થનું નામ પ્રતાપરાય છે—" તેણીએ જવાબ દીધો—"અને તે મારી ઓળખાણના છે—તેમની માયાળુ દિલસોજીથી તેમના ઓળખાણની એક ગૃહસ્થ સ્ત્રીની પાસે રહેવા મને લઇ જાય છે—"

"હું જાણુંછું કે તારી હીલચાલની વિગત પૂછવાનો મને હક નથી." યશોદાબાઇએ દિલગીરીનો દેખાવ ધારણ કરી કહ્યું, કારણ કે તેણીને લાગ્યું કે સુશીલા જાણીજોઇને નામ—ઠામ બતાવતી નથી. "હું ખુશી થાઉંછું કે તું સુખી થવા જાયછે. અને હું આશા રાખુંછું કે તું સુખી થઇશ."

"યશોદાબાઇ, આ કામમાં તમારી માયાળુ મદદને માટે હું ફરીથી તમારો આભાર માનુંછું." સુશીલા પોતાનો હાથ તેણીને આપતાં બોલી.

"વહાલી સુશીલા, તું પાછલું ભૂલી જઇશ?" યશોદાએ નીચાં વળીને તેણીને ધીમેથી પૂછ્યું.

"હા, મેં તમને વચન આપ્યું છે, અને તે હું પાળીશ." ઉદાર બાળાએ જવાબ આપ્યો.

પછી યશોદાબાઇ ત્યાંથી ચાલી ગઈ.

પ્રતાપરાય, એક ભાડાની ગાડીમાં સુશીલાને લઇને સુરજદેવીના મહેલ તરફ ગયો.

પ્રકરણ ૪૮ મું.

કિષ્ણાકુમારી.

બીજે દિવસે બપોર પછી એકાદ વાગે તુરંગના દરવાજા આગળ એક ભાડુતી ગાડી આવીને ઉભી રહી-તેમાંથી બે પોલિસના અમલદારો ઉતરી પડયા. તે બીજા કોઇ નહિ પણ આપણા જાણીતા રસુલખાં ફોજદાર અને તેનો વિશ્વાસુ જમાદાર લતિબખાં હતા.

તુરંગના દરવાજા ઉપરના પહેરેગીરે તેમને સલામ કરીને પૂછયું. "પેલી જુવાન છોકરીને લેવા આવ્યા કે સાહેબ :"

"હા-" રસુલખાંએ જવાબ દીધો. "તેણીની વર્તણુક કેવી છે ?"

"તે ખરેખર એક નાજુક છોકરી છે." પહેરેગીરે જવાબમાં જણાવ્યું-" પણ કેટલીક વખત તેણીની આંખોમાં વિચિત્ર ચળકાટ માલમ પડે છે. ગઈ રાત્રેજ હું તેણીનો ઓરડો તપાસવા ગયો હતો, ત્યારે મેં ધ્યાનપૂર્વક તેણીને જોઇ-મને તો લાગ્યું કે તેણીના રસ્તામાં કોઇ આડે આવે તો તેનું ખુન કરે એવી જુસ્સાવાળી જણાય છે "

"ત્યારે તેણી કંઇ બોલે છે ખરી કે ?" રસુલખાંએ બોલકણા પહેરેગીરને પૂછયું.

"ના, તેણી કશું બોલી નહિ." પહેરેગીરે જવાબ આપ્યો. "સ્ત્રી કેદીઓ ઉપર ચોકી રાખનાર અને તેમની પાસે વારંવાર જનાર વડી કારભારણે તેણીની પાસે વાત કઢાવવા ઘણી મહેનત કરી, પણ ફોગટ-જાણે કે તેણીએ નક્કી કર્યું હોય કે તેણી કોઇ પણ પ્રકારે પોતાની જીભ ઉઘાડે તે પહેલાં શું થાય છે તે જોવું-એમ લાગે છે."

"ત્યારે હવે જલદીજ તેણીની જીજ્ઞાસા તૃપ્ત થશે-કારણકે આજજ તેણીના ઉપરનું કામ ન્યાયાધીશ સાહેબ ચલાવવાના છે. મારી પાસે તેણીના વિરૂદ્ધ મજબૂત પુરાવો છે." રસુલખાંએ કહ્યું.

"મને ન વિષે કંઇ શક નથી—" એમ કહીને તેણે દરવાજો ઉઘાડીને બન્ને પોલિસ અમલદારોને દાખલ કર્યા, અને એક તુરંગના અમલદારને ક્રિષ્ણાકુમારીને તેડી લાવવા મોકલ્યો.

થોડીવાર જ ક્રિષ્ણાકુમારી તુરંગના બે અમલદારોના પહેરામાં આવી અને તે અમલદારોએ આ પોલિસ અમલદારોના સ્વાધીનમાં આપી—પછી તેણીને લઇને પેલી ગાડીમાં બન્ને અમલદારો કોર્ટ તરફ ગયા.

ક્રિષ્ણાકુમારીનો ચહેરો તદ્દન ફીકો અને મુડદાલ જેવો થઇ ગયો હતો, અને તેથી ભયંકર દેખાતો હતો.

"હું કહું તે સાંભળ, અને બનતા સુધી મને બોલતાં વચ્ચે અટકાવીશ નહિ" ગાડી થોડે દૂર ગયા પછી ગાડીની બારીઓના પડદા ઢાંકી દઇ રસુલખાંએ ક્રિષ્ણાકુમારીને કહ્યું "તારા ઉપરનું તહોમત ઘણું ભયંકર અને ખરાબ છે, અને તારો ઇન્સાફ થવા તને સદર અદાલતમાં મોકલશે, અને જો તેમ થશે, અને તારા ઉપરનો આરોપ, મજબૂત પુરાવાને લીધે સાબીત થશે તો, તને ફાંસીની સજા થશે."

"આજુબાજુના સંજોગોથી મને જણાય છે કે મારી વિરૂદ્ધ પુરાવો ઘણો મજબૂત છે." તેણીએ ધાડે સાદે જવાબ દીધો—"અને મારી ખબર જાણવાને હું તૈયાર થઇ રહી છું. છતાં પણ ગંગાબાઇ દાયણને પૈસા પેદા કરાવવાને યશોદાબાઇના આબરૂદાર (!) મકાનમાં જે વેશ્યાવાડો ઘણા લાંબા વખતથી ચાલે છે, તે વિષે તમામ ભોપાળુ ઉઘાડું પાડવાની મને તક મળશે તેથી હું સંતોષ માનીશ."

આ શબ્દો તેણી એવા જુસ્સાથી બોલી કે તેણીની દઢતા ખૂલી જણાઇ આવતી હતી.

"અને વળી" તેણીએ થોડીવારે પાછું કહેવા માંડ્યું. "મને જે લુચ્ચા અને વિષયલંપટ પુરૂષે નીતિભ્રષ્ટ કરી, અને જેના પરિણામે મારે ગંગાબાઇને ઘેર જવુ પડયું—કે જ્યાં આ ખોટો આરોપ મારા ઉપર આવ્યો—તે પુરૂષનું નામ ભરકચેરીમાં ન્યાયાધીશની રૂબરૂ જણાવીશ—એવા પુરૂષો અને યશોદાબાઇ જેવી સ્ત્રીઓ—કે જેઓ બીજાની આબરૂની કે નીતિની દર-

કાર રાખ્યા સિવાય માત્ર મોજમઝા ભોગવવામાં નિરપરાધી બાળાઓનો ભવ બગાડે છે, અને નીતિ વિરૂદ્ધના ખરાબ ધંધામાં પૈસો પેદા કરી આબરૂદારમાં ખપવા માગે છે, તેમને દુનિઆની નજરમાં ખૂલ્લા પાડ્યા સિવાય હું એકલી તુરંગ અને ફાંસીની સજાની ગેર આબરૂ ભોગવવાની નથી."

"ક્રિષ્ણાબાઇ," રસુલખાં–કે જે આ જુસ્સા ભરેલું ભાષણ સાંભળી દંગ થઇ ગયો હતો, તેણે કહ્યું. "તમારો આ વિચાર હાલ તરતતો માંડી વાળવો પડશે."

"તમે શું કહેવા માગો છો?" તેણીએ અજાયબીમાં તેના સામું જોઇને પૂછ્યું.

"હું એવું કહેવા માગું છું, ક્રિષ્ણાબાઇ, કે હું તમારો મિત્ર છું." રસુલખાં ઉતાવળે ખુલાસો કરવા લાગ્યો–"અને જો તમારી મરજી હશે તો હું તમને બચાવી શકીશ."

"હેં! શું તમે મને બચાવી શકશો!" ક્રિષ્ણાકુમારી જાણે સ્વપ્નમાંથી ઝબકી ઉઠી હોય તેમ એકાએક ખુશાલીમાં આવી જઇ બોલી ઉઠી.

"હા–ફાંસીથી હું તમને બચાવીશ." રસુલખાંએ ધીમેથી જવાબ દીધો–"હવે હું કહું તે સાંભળો–તમે ગુનેગાર હો કે બીનગુનેગાર, તોપણ પુરાવો તમારા વિરૂદ્ધ ઘણો મજબૂત છે–અને મેં મારી જાતેજ તમામ પુરાવો મેળવ્યો છે."

"જ્યારે એમ છે, ત્યારે તમે મને મારા મિત્ર તરીકે શી રીતે જણાવો છો?" તેણીએ સંશય યુક્ત થઇ પૂછ્યું.

"કારણ કે પોલિસ અમલદાર તરીકે ન્યાયના અધિકારીઓ અને લોકોને બતાવવા ખાતર મારે મારી ફરજ બજાવવી જોઇએ." રસુલખાંએ જવાબ દીધો. "પણ ખાનગીમાં તો, જો મારી મરજીમાં આવે તો હું ગમે તેનો મિત્ર થઇ તેને બચાવી શકું."

"હા! હવે હું સમજી." તેણીને વિશ્વાસ આવતાં બોલી. "પણ તમે મારા તરફ શા કારણથી મહેરબાની બતાવી શકો? હું તમને તદ્દન અજાણી છું."

"તે ખરૂં, પણ તમને બચાવવાને માટે બનતું કરવાને માટે યશોદાબાઇએ મને સૂચના આપી છે." તેણે જવાબ દીધો.

"અહા ! યશોદાબાઇએ !" ક્રિષ્ણાકુમારી ધિઃક્કારની લાગણીથી બોલી. "હવે હું પૂરેપૂરૂં સમજી. પોતાનું ભેપાળુ ઉઘાડું પડવાની ધાસ્તીથી તેણી બીએ છે અને તેથી મને મેળવી લેવા માગે છે. કેમ ખરૂં ?

"યશોદાબાઇને ગમે તે કારણ હોય તેની આપણે દરકાર નથી." રસુલખાંએ કહ્યું. "પણ તમારે માટે તો એટલુંજ બસ છે કે તેણી તમારી તરફ હાલ તો ઘણી મહેરબાનીની ભરેલી રીતે વર્તે છે. વકીલ યશવંતરાવને તમારો બચાવ કરવા રોકયા છે. અને ગમે તે થાય તોપણ મેં તમને બચાવવાનો નિશ્ચય કર્યો છે. પણ મારી મહેનત ફતેહમંદીથી પાર પડે તેને માટે મારા કહેવા પ્રમાણે વર્તવાનું તમારે વચન આપવું પડશે."

"અને મારી સલામતીને માટે તમે બંધાઓ છો ?" ક્રિષ્ણાકુમારીએ આતુરતાથી પૂછ્યું, કારણ કે હવે તેણીનામાં આશા ઉત્પન્ન થઇ-માત્ર પોતાની જીંદગીને માટે નહિ, પણ પોતાના અંતરમાં ભરાઇ રહેલું વેર લેવાને માટે તેણીને જીવવાની ઘણી ઇન્તેજારી હતી.

"ક્રિષ્ણાબાઇ," રસુલખાં દૃઢ નિશ્ચયથી બોલ્યો. "જે રસ્તો હું બતાવું, તે રસ્તો જો તમે કબુલ કરશો, તોજ હું તમારા છૂટકારાને માટે ખાત્રી આપું છું-તે સિવાય નહિ."

"મારે શું કરવાનું છે, તે મને જણાવો." તેણીએ આતુરતાથી પૂછ્યું. "અને પછી તમે જોશો કે હું કેવી તાબે થાઉં છું."

"પહેલું તો એ કે," રસુલખાંએ પોતાની ઘડી રાખેલી યુક્તિ ઉકેલવા માંડી. "મારો જમાદાર લતિફખાં સાક્ષી તરીકે ઉભો થઇને તમારી વિરૂદ્ધ જુબાની આપશે. અને તેથી તમારે લેશમાત્ર પણ ગભરાવું નહિ-કારણ કે એ પ્રમાણે કરવાની જરૂર છે. વળી અમારૂં વલણ તમારી વિરૂદ્ધ ઘણું સખ્ત છે, એવો દેખાવ બતાવવાની ખાસ જરૂર છે. તેમ ન થાય તો હવે પછી તમારા છૂટકારાને માટે જે બનાવ બનવાનો છે, તેને માટે અ-

મારા ઉપર શક લઈ જવામાં આવે, અને તે બનાવ અમારી ગફલતીથી બન્યો છે, એમ નહિ દેખાડવાની જરૂર છે."

"આ બધું તમારૂં કહેવું હું સમજી નથી." કિષ્ણાકુમારીએ કહ્યું.

"હાલ તમે નહિ સમજો, તો પણ આજની સાંજ પડતા પહેલાં તમે સમજશો." રસુલખાંએ ઠંડે પેટે જવાબ દીધો. "અને ત્યારે તમે માનશો કે તમારા ગ્રહ ઘણા ઉંચા છે કે જેથી મારા જેવા માયાળુ માણસ સાથે તમારે પ્રસંગ પડયો. કારણ કે હું તમને ફરીથી કહું છું કે આજ રાતના નવ વાગતા પહેલાં તમે તમારો છૂટકારો થયેલો જોશો. અને જો કે હાલ તો બધી હકીકતો તમારી વિરૂદ્ધ જણાશે, પણ તમારે આ પ્રમાણે કરવું જોઇએ—જ્યારે ફરિઆદ પક્ષનો સઘળો પુરાવો લેવાઇ રહે, અને પછી તમને ઇનસાફ થવા સારૂ સદર અદાલતમં કેમ મોકલવાં નહિ? એવું ન્યાયાધીશ પૂછશે, અને વળી તમને પૂછશે કે એ વિષે તમારે કંઇ કહેવાનું છે? ત્યારે તમારે એકદમ તમારૂ નિર્દોષપણું જાહેર કરવું."

"અને હું ખરેખર નિર્દોષજ છું." કિષ્ણાકુમારી ઝગરૂબીથી બોલી.

"એજ પ્રમાણે ન્યાયાધીશને કહેવું જોઇએ." રસુલખાંએ કહ્યું "પછી તમારે કંઇ પુરાવો આપવાનો છે કે કેમ? તે વિષે પૂછશે; અને વકીલ યશવંતરાવ તમારો પુરાવો પાછળથી આપવાનું ઘણું કરીને સૂચવશે—કારણ કે ત્યાર પછીની મારી યુક્તિ શી છે, તે વકીલ જાણતા નથી. પણ તમારે હિંમતથી ન્યાયાધીશને કહેવું કે, જો તેઓ સાહેબ તમને પોલિસ અમલદાર સાથે ખુન થયેલે ઘેર મોકલવાની રજા આપે, તો તમારી નિર્દોષતાની આશ્ચર્યકારક અને પૂરેપૂરી સાબીતિ તે પોલિસ અમલદારને તમે બતાવી શકશો. બોલો હવે, આ પ્રમાણે તમે હિંમત પૂર્વક, અને નિશ્ચયથી અને વળી નિર્દોષતાનો દેખાવ ધારણ કરી બોલી શકશો.?"

"ખાત્રી પૂર્વક હું તેમ કરીશ" કિષ્ણાકુમારીએ જવાબ દીધો. "કારણ કે હું ખરેખર નિર્દોષજ છું.-મારો ઇશ્વર જાણનાર છે કે હું તદન નિર્દોષ છું, નહિ તો આજ વખ ધરતીમાતા મને પોતાના પેટામાં સમાવી દે. પણ ચાલો, બોલો કે પછી મારે શું કરવાનું છે?"

"પછી જે કરવાનું છે તેને માટે મારા ઉપર ભરોસો રાખો" પોલિસ અમલદારે જવાબ આપ્યો. "ફક્ત મેં કહ્યું તે પ્રમાણે તમે કરો—અને તે બરોબર ફતેહમંદીથી પાર ઉતારો—અને પછી તો હું ખાત્રી આપું છું કે આજરાત્રે તમારે તુરંગમાં સૂવાનું રહેશે નહિ. અને વળી વિશેષમાં યશોદાબાઇ તરફથી હું તમને પચાસ રૂપીઆ આપીશ તે માયાળુબાઇ તમારે માટે ઘણી કાળજી ધરાવે છે. પણ તમે ધ્યાનમાં રાખજો કે યશોદાબાઇ, કે ગંગાબાઇ, કે તમને ભ્રષ્ટ કરનાર કોઇ પુરૂષ—કોઇના ઉપર વેર લેવાનો એક પણ શબ્દ કાઢશો નહિ. એવો બકવાદ કરવાથી તમને કંઇપણ ફાયદો થશે નહિ, પણ તેથી ઉલટું તમારે જે માગણી ન્યાયાધીશ પાસે કરવાની છે, તે કબુલ રાખતાં તે અચકાશે. ચાલો હવે, આપણી વાત બંધ કરીએ. કચેરી આગળ આપણે આવી પહોંચ્યા છીએ."

ગાડી ઉભી રહી. ત્રણે જણ ઉતરીને કચેરીમાં દાખલ થયાં. અને જ્યારે ક્રિષ્ણાકુમારી, બે પોલિસ અમલદારની સાથે અંદર ગઇ, તે વખતે તમામ કચેરી લોકોથી ગઇ કાલની માફક ચિકાર ભરાયેલી હતી. તમામ લોકોની નજર ક્રિષ્ણાકુમારી તરફ વળી.

વકીલ યશવંતરાવ ન્યાયાધીશની સામે બેઠો હતો. રસુલખાંએ ક્રિષ્ણાકુમારીને કેદીના પાંજરામાં ઉભી કરી, ત્યારે વકીલે તેની સામે ઓળખાણ તરીકે આંખો મેળવી.

ક્રિષ્ણાકુમારી દૃઢ પગલાંથી કેદીના પાંજરામાં ચઢી. લોકોની લાગણી અને વિચારો જૂદી જૂદી જાતના હોય છે. કેટલાએક લોકો ઘણે ભાગે ગુનેગારને સ્વાભાવિક રીતે દુષ્ટ ધારે છે; અને તેનો દેખાવ નિર્દોષતા ભરેલો હોય, તોપણ તેનો અર્થ ઉલટારૂપમાં, એટલે નફટાઇમાં ગણે છે. તેજ પ્રમાણે આ વખતે ક્રિષ્ણાકુમારીની બાબતમાં પણ થયું. વળી કેટલાક સરળ હૃદયના માણસો ક્રિષ્ણાકુમારી તરફ દયાની લાગણીથી જોવા લાગ્યા, અને અંદર અંદર એક બીજા સાથે ગુસ ગુસ વાત કરવા લાગ્યા કે "ગરીબ બિચારી! ગુનેગાર હોય એમ લાગતું નથી, પણ ભોગ થઇ પડેલી છે."

કોઇ પોતાની ઓળખાણવાળું હાજર છે કે કેમ, તે જોવાને ક્રિષ્ણા-

કુમારીએ ચારે બાજુ નજર ફેરવી. જોતાં જોતાં, મરહુમ ગંગાબાઇની બે સ્ત્રી–નોકરો, પોલિસના માણસો સાથે એક ખૂણામાં બેઠેલી હતી, તેમના તરફ તેણીની નજર ઠરી રહી.

ન્યાયાધીશ પોતાની બેઠક ઉપર આવ્યા શીરસ્તેદારે કામ રજુ કર્યું. ન્યાયાધીશે કાગળો આમતેમ ફેરવી ઉપર ટપકે જોયું.

તપાસ શરૂ થઇ. કેદીનું નામ–ઠામ વગેરે પૂછી લખી લીધું. ક્રિષ્ણાકુમારીએ પોતાને પૂછેલા સવાલોના જવાબો દ્રઢતાથી નમ્રપણે આપ્યા. વકીલ યશવંતરાવે જાહેર કર્યું કે તે આરોપી બાઇ તરફથી તેણીના બચાવને માટે હાજર થયો છે

પછી આ કામની તપાસ કરનાર રસુલખાં ફોજદારે ગંગાબાઇની એક સ્ત્રી–નોકરને સાક્ષીના પાંજરામાં ઉભી થવા ઇશારત કરી. તેણીએ ત્યાં આવી પ્રતિજ્ઞા લઇ પોતાની જુબાની આપી.

" હું ગંગાબાઇની નોકરીમાં બાર વરસથી છું. ગંગાબાઇ દાયણનો ધંધો કરતી હતી. જે સ્ત્રીઓ પ્રસૂતિકાળ વખતે એકાંતમાં રેહેવા માગતી હતી, તેમને ગંગાબાઇ પોતાને ઘેર રાખતી. તે પ્રમાણે આરોપી બાઇ, ક્રિષ્ણાકુમારી, થોડાં અઠવાડિયાંથી તે ઘરમાં રહેવા આવી હતી. તેણી ઘણી વિચિત્ર સ્વભાવની સ્ત્રી ગણાતી હતી. જ્યારે તેણી સુવાવડના ખાટલામાં હતી, ત્યારે ગંગાબાઇ તરફ ઘણી ધિ:કાર અને દ્વેષની લાગણીથી જોતી હતી. વળી જે દાક્તર તેણીને પ્રસુતિ કરાવવા આવ્યો હતો, તેણે પણ તેણીને ગંગાબાઇ તરફ ગુસ્સાની લાગણી દર્શાવતાં અટકાવી હતી. "

અત્યારસુધી ક્રિષ્ણાકુમારી નીચી નજરે ચૂપ રહી હતી, તેણીએ આ વખતે એકદમ ઉંચું જોઇ કહ્યું–" અરે ! જો મને રજા મળે તો, મને ગંગાબાઇ તરફ ધિ:કાર ઉપજવાનાં કારણોનો ખુલાસો કરૂં. "

" તમારી જુબાની વખતે તમારે જે ખુલાસો કરવો હોય તે કરજો, " ન્યાયાધીશે તેણીને આગળ બોલતાં અટકાવી.

ક્રિષ્ણાકુમારી બોલતી અટકી, અને એકાએક તેણીની નજર બળવંતરાવ વકીલની નજર સાથે મળતાં, તેની ઠપકા ભરેલી ઇશારત જોઇ. આ

વિદ્વાન ગૃહસ્થને ધાસ્તી લાગી હતી કે આરોપીએ મરનાર તરફ ધિઃક્કારની લાગણીની કબુલત કરવા જેવું બોલવાથી તેણીએ પોતાની વિરૂદ્ધ ગુનાનું અનુમાન ઘણું વધારી દીધું છે. ક્રિષ્ણાકુમારી નીચું જોઇ ગઇ.

પેલી સ્ત્રી–નોકરે પોતાની જુબાનીમાં આગળ કહેવા માંડયું.

"હું ધારૂંછું કે ખુન થયું તેને આગલે દિવસે રાત્રે મરનાર ગંગાબાઇ અને આરોપી બાઇ વચ્ચે તકરાર થઇ હતી; કારણ કે તે રાત્રે મરનારે, આરોપી બાઇને તેણીના સુવાના ઓરડામાં બંધ કરી તાળું દીધું હતું. અને બીજો આખો દિવસ તેજ પ્રમાણે કેદી તરીકે તેણીને રાખી હતી. તેણીનું ખાવાનું હું લઇ જતી હતી. અને જ્યારે જ્યારે હું જતી, ત્યારે ત્યારે ક્રિષ્ણા-કુમારીને ઘણી ઉશ્કેરાયેલી જોતી–તેણી પોતાનું કપાળ હાથથી ઠોકતી–અને ગંગાબાઇ તથા તેણીને (આરોપી બાઇને) ભ્રષ્ટ કરનારની સામે ભયંકર ધમકીના શબ્દો બોલતી. પણ તેણીને ભ્રષ્ટ કરનાર કોણ હતો, તે તેણી બોલી નહોતી–મેં તેનું નામ દેતાં સાંભળ્યું નહોતું. ખુન થયું તે રાત્રે–એટલે ગઈ પરમ દિવસે રાત્રે–નવ વાગે ક્રિષ્ણાકુમારીનું વાળુનું ખાવાનું લઇને હું તેણીના ઓરડામાં ગઇ, અને તેણીની પાસે થાળી મૂકીને હું પાછી ચાલી ગઇ. ગંગાબાઇના સખ્ત હુકમને લીધે મેં તેના બારણાને તાળું વાસ્યું. ત્યારપછી ગંગાબાઇએ મને તથા બીજા નોકરોને સૂવા જવાની રજા આપી, અને જણાવ્યું કે તેણી પોતે હજુ થોડો વખત બેસવાની હતી. અમે તેણીને તેણીના હમેશના બેસવાના ઓરડામાં મૂકીને પોત પોતાની સૂવાની જગ્યાએ ગયાં. લગભગ સવા અગિઆર વાગે કંઇક નીચેથી ઉપર દોડતું આવતું હોય, એવો એકાએક મોટો અવાજ થવાથી હું અને મારી સાથેની બીજી સ્ત્રી–અન્ને ધાસ્તીમાં જાગી ઉઠયાં. અમે અમારૂં બારણું ઉઘાડયું, તો ગંગાબાઇના કૂતરાને દોડાદોડ કરતાં અને રડવા જેવો અવાજ કરતાં સાંભળ્યું. અમને લાગ્યું કે કેઇ ધાસ્તી ભરેલું છે. તેથી અમે બન્ને સાથે નીચે ઉતર્યાં, તે વખતે ક્રિષ્ણાકુમારીના ઓરડા પાસેથી અમે જતાં હતાં, તો તેણીનાં બારણાં તદ્દન ઉઘાડાં હતાં. તે શી રીતે ઉઘડ્યાં હશે તે તપાસવા અમે ત્યાં આગળ ઉભાં રહ્યાં નહિ, પણ ઝડપથી નીચે ઉતરવા માંડયું. તે વખતે ક્રિષ્ણાકુમારી, ગંગાબાઇ

વાળા ઓરડામાંથી ગાંડાની માફક દોડી આવતાં અમને મળી. અમને જોતાંજ તેણીએ એક મોટી કારમી ચીસ નાખી, અને બેભાન થઇને પડી. મારી સાથેની બાઇ, ક્રિષ્ણાકુમારીની પાસે ઉભી રહી, અને હું ગંગાબાઇવાળા ઓરડામાં ગઇ. ત્યાં જોયું તે મારી શેઠાણીનું ખુન થયું હતું; અને તેણી લોહીથી રગદોળાયેલી પડી હતી. મેં બૂમ પાડી, અને પોલિસના માણસો આવ્યા, અને ક્રિષ્ણાકુમારીને લઇ ગયા. ”

બીજી સ્રી નોકરે પોતાની જુબાનીમાં ઉપરની હકીકતને મળતી તમામ હકીકત જણાવી. ક્રિષ્ણાકુમારીના પ્રસુતિકાળ વખતે જે દાક્તર હાજર હતો, તેણે પોતાની સાક્ષીમાં ક્રિષ્ણાકુમારીના ગંગાબાઇ તરફના ધિક્કાર અને ગુસ્સાની લાગણી વિષે જણાવ્યું. તેજ દાક્તરે મરનાર ગંગાબાઇનું મુડદું તપાસ્યું હતું, તે વિષે કહેતાં તેણે જણાવ્યું કે, એક તિક્ષ્ણ કટારના ઘાથી તેણીનું ખુન થયું હતું. તે કટાર છાતીમાં એવી રીતે પેસી ગઇ હતી કે તરતજ કંઇપણ ચીસ પડાયા વગર મોત થયેલું હોવું જોઇએ.

આ દરેક સાહેદની ઉલટ તપાસ યશવંતરાવ વકીલે પોતાની વિશાળ અને તીક્ષ્ણ બુદ્ધિ તથા હમેશની વખણાતી ચાલાકીથી કરી હતી, પણ મુદ્દાની હકીકતમાં કોઇપણ સાહેદને તોડવાને તે તદ્દન નિષ્ફળ થયો હતો.

હવે લતિબખાં જમાદારને સાક્ષીના પાંજરામાં ઉભો કર્યો. તેણે પ્રતિજ્ઞા લીધી. પછી નીચે મુજબ પોતાની જુબાની આપી.

“ મારા ઉપરીના હુકમ મુજબ હું ગઇ કાલે સવારે મરનારને ઘેર ગયો હતો. ” તેણે રસુલખાં તરફ આંગળી કરી પોતાના ઉપરી તરીકે બતાવતાં કહ્યું-“ તે ઘરમાં આરોપી બાઇનો ઓરડો મેં તપાસ્યો, તો મને માલમ પડયું કે, તાળું તોડયું નહોતું, પણ ખસેડીને બારણું ઉઘાડયું હતું. ઓરડાની અંદરથી બહુ ચાલાકી વાપરીને સાંકળના નકુચાના ખૂણા ઉંચકીને તે સાથે તાળું કાઢી નાખ્યું હતું. તે કામમાં એક છરીનો ઉપયોગ કર્યો હોય, એવું દેખાતું હતું ”

ત્યારપછી ન્યાયાધીશે જણાવ્યું કે “ આ કામની તપાસ ગઈ કાલે થવી જોઇતી હતી, પણ પોલિસ અમલદારને પુરાવો એકઠો કરવાને માટે આજ

ઉપર મુલતવી રાખ્યું હતું. હવે કોઇ બીજો સાક્ષી છે?"

"હું ધારૂંછું, નામદાર સાહેબ," રસુલખાંએ નમ્રતાપૂર્વક જવાબ દીધો—"કે આપે જે પુરાવો લીધો છે તે કેદીને, ઇન્સાફ થવા સદર અદાલતમાં મોકલવા, પૂરતો પૂરાવો છે, એમ આપ નામદારને ખાત્રી થઇ હશે."

"તમારે તમારા અસિલ તરફથી કંઇ કહેવું છે, મી. યશવંતરાવ?" ન્યાયાધીશે પૂછ્યું.

"બચાવનો પુરાવો હું આગળ ઉપર આપવા બાકી રાખીશ, સાહેબ." તે વિદ્વાન ગૃહસ્થે જવાબ આપ્યો.

"ત્યારે તમારે કંઇ કહેવું છે, ક્રિષ્ણાકુમારી?" ન્યાયાધીશે આરોપીના તરફ જોઇને પૂછ્યું,—"ઇન્સાફ થવા માટે તમને સદર અદાલતમાં કેમ ન મોકલવાં, તે વિષે તમારે કંઇ કહેવાનું છે?"

તે તરૂણ બાળાએ રસુલખાં તરફ ઉતાવળી એક નજર નાખી, અને તેના જવાબમાં ઉત્તેજન લાયક ઇશારત મળવાથી, તેણીના વિરૂદ્ધ ઘણો મજબૂત પુરાવો પડવાથી, રસુલખાંના પ્રમાણિકપણા ઉપર તેણીના મનમાં ઉપજેલો શક, દૂર થવાથી તેણીને હિંમત આવી.

"નામદાર સાહેબ, હું થોડા શબ્દો બોલવા ઇચ્છું છું." તેણીએ દૃઢ અવાજે કહ્યું. વકીલ યશવંતરાવને ધાસ્તી લાગી કે રખેને પ્રથમની માફક ગમે તેમ ભરડી જવાથી તેણી પોતાના કામને ઘણું નુકશાન કરે, એમ લાગવાથી તેણીને બોલતાં અટકાવવા પ્રયત્ન કર્યો, પણ તે તરફ ક્રિષ્ણાકુમારીએ ધ્યાન ન આપતાં મોટેથી અને દૃઢતાથી પોતાના કોમળ અવાજે બોલવું જારી રાખ્યું—"કારણ કે આપ નામદારને અને દુનિઆને હું જણાવવા ઇચ્છું છું કે, હું તદ્દન નિર્દોષ છું! અને હવે વધારામાં માત્ર એકજ શબ્દ બોલવા માગું છું." તેણી જેમજેમ બોલતી જતી હતી તેમ તેમ લોકો ઉંચે શ્વાસે અસાધારણ ચૂપકીદીથી તેણીની સામે જોઇ રહ્યા હતા. "અને તે એવો કંઇ ખુલાસો કરવા સારૂ— કે જે વિષે હું અંધારામાં અથવા સંશયમાં રાખવા બિલકુલ ચાહતી નથી. આપે જોયું કે ગંગાબાઇના ઘરમાં એક ઓરડામાં મને કેદ કરવામાં આવી હતી, પણ તેણીની સાથે કંઇપણ તકરાર થવાને

લીધે નહિ-પણ મેં મારી ઇચ્છા-મારો નિશ્ચય-તેણીનું ઘર જલદીથી છોડી જવા જણાવ્યો હતો તેથી-ગંગાબાઇએ મારાં કપડાં તથા મારા પૈસા પોતોના ઓરડામાં સંતાડયા હતા-તે એવા વિચારથી કે મને તેણીના ઘરમાં કેદી તરીકે રહેવાની ફરજ પડે. આવી સ્થિતિમાં મારે કયો રસ્તો પકડવો? મેં છાની રીતે નાસી જવાનો નિશ્ચય કર્યો-અને તેજ કારણથી ગંગાબાઇના ઓરડામાં તેણીની પેટીમાંથી મારાં કપડાં તથા પૈસા લેવા હું ગઇ હતી, ત્યાં મેં શું જોયું તે વિષે અનુમાન કરવું સહેલું છે, કારણ કે આપ નામદાર ધારી શકશો કે તે ઓરડામાં પેસતાંજ મેં જે ભયંકર દેખાવ જોયો તેથી એકદમ ધાસ્તી ખાઇ જઇ એક મોટી ચીસ સાથે હું દોડી, અને તેથી મારો દેખાવ ગુનેગાર જેવો દેખાયો."

ક્રિષ્ણાકુમારી શ્વાસ લેવા અટકી, પણ કોર્ટમાં ચૂપકીદીમાં બિલકુલ ભંગાણ પડયું નહિ.

"પણ મેં જાહેર કર્યું છે કે હું તદ્દન નિર્દોષ છું, અને તે મારૂં કહેવું હું સાબીત કરી શકું તેમ છે." તેણીએ એકદમ જુસ્સાબંધ બોલવું શરૂ કર્યું. "હા-મને તક આપો-અને એક કલાકમાં હું મારૂં નિર્દોષપણું સાબીત કરવાનું માથે લઉં છું."

"તમારે કેવી તક જોઇએ છીએ?" ન્યાયાધીશે પૂછયું.

"જે ઘરમાં ખુન થયું છે તે ઘરમાં જવાની હું પરવાનગી માગું છું," તેણીએ દ્દઢતાથી જવાબ દીધો. "અને જે પોલીસ અમલદાર મને ત્યાં લઇ જશે, તેને હું એવો સબળ પુરાવો બતાવીશ કે તરત ખાત્રી થશે કે ખુન બીજાને હાથે થયેલું હતું; અને ત્યારે આપ નામદાર સાહેબ મને બીન ગુનેગાર ઠરાવી, તરત છોડી મુકવાનો હુકમ આપશો."

"કોઇ સિપાઇને તમે બરોબર સુચના આપીને તે ઘેર મોકલો તો તમે કહોછો તે પુરાવો તે મેળવી શકશે નહિ વારૂ?" ન્યાયાધીશે વિચારમાં પડી પૂછયું.

"ના સાહેબ," તેણીએ નિશ્ચયપૂર્વક જવાબ દીધો-"મારે જાતે જવું જોઇએ, એવું ખાસ જરૂરનું છે."

આવી માગણીથી ન્યાયાધીશ ગુંચવાડામાં પડેલો જણાયો, અને થોડી વાર સુધી તેણે પોતાના શીરસ્તેદાર સાથે મસલત કરી. આખરે તેણે રસુલખાં ફોજદાર તરફ વળીને તેને પૂછ્યું-"કેદીની આ વિચિત્ર માગણી વિષે તમે શું ધારોછો?"

"આપ નામદારની આગળ મારો અભિપ્રાય બતાવવાને હું અશક્ત છું" રસુલખાંએ જવાબ દીધો-"પણ જો આપ નામદાર આવતી કાલ સુધી આ કામ મુલતવી રાખવા ઇચ્છતા હો તો, મારી કંઇ હરકત નથી."

"અને તે દરમિયાન કેદી બાઇને તમે મરનારને ઘેર લઇ જશો?" ન્યાયાધીશે પૂછ્યું.

"આપ નામદારનો હુકમ થશે તો તે પ્રમાણે તાબેદાર અમલ કરશે." દેખીતી રીતે ન્યાયાધીશ ઉપર બધી જુમ્મેદારી નાખવાની ઢબે, પણ પાછું પોતાના બોલવાથી તેને ઉત્તેજન મળે, એવી રીતે બેવડા અર્થવાળું તે બોલ્યો.

"ત્યારે આવતી કાલે સવારે અગિઆર વાગતાં સુધી આ કામ હું મુલતવી રાખું છું," ન્યાયાધીશે ખુરશી ઉપરથી ઉઠતાં કહ્યું.

લોકો કચેરીમાંથી નીકળવા લાગ્યા. સિપાઇઓએ તાકીદ કરી. રસુલખાં અને લતિબખાં આરોપી બાઇને બીજા ઓરડામાં લઇ ગયા.

"તમે તમારો ભાગ ઘણો સારો ભજવ્યો, બાઇ." રસુલખાં બોલ્યો. "જો કે મારા કહેવા કરતાં તમે કંઇક હદ ઓળંગીને વધારે બોલ્યાં છો, તોપણ આપણે આપણો મુદ્દો મેળવ્યો છે, એટલુંજ બસ છે. હાલ છ વાગ્યા છે. છતાં હજુ આપણે લોકોને વેરાવા દેવાના ઇરાદાના બહાનાથી થોભીશું; અને લગભગ આઠ સાડા આઠ પછી આપણે ત્રણે જણ ગંગાબાઇને ઘેર જઇશું. કેમ લતિબખાં, હોડી કેટલે વાગે તૈયાર રાખવા કહ્યું છે?"

"બરોબર પોણા નવ વાગે," તેણે જવાબ દીધો.

"હોડી?," ક્રિષ્ણાકુમારી અજાયબીથી બોલી-"શું મારે નાસી જવાને માટે રખાવી છે? જો તેમ હોય તો તમે મને ક્યાં મોકલવા માગોછો?" તેણીએ સંશયયુક્ત થતાં પૂછ્યું.

"ગભરાશો નહિ, બાઇ" રસુલખાંએ ખાત્રી આપી,-"અમારી

ગોઠવણના એક ભાગ તરીકે હોડી તૈયાર રખાવી છે. તે તમારી મરજી પ્રમાણે જ્યાં જવું હશે ત્યાં લઇ જશે, અને હવે કંઇ વધારે સવાલ પૂછશો નહિ."

ત્રણે જણે થોડું ખાઇ લીધું. બન્ને પોલિસ અમલદારો બીડીના ધૂમાડા કાઢવા લાગ્યા. ક્રિષ્ણાકુમારી પોતાની સ્થિતિ વિષે વિચારમાં પડી.

પ્રકરણ ૪૯મું.

ગંગાબાઇને ઘેર.

ઘડિઆળમાં સાડા આઠનો એક ટકોરો થયો, ત્યારે રસુલખાં, લતિબખાં અને ક્રિષ્ણાકુમારી-બહાર નીકળ્યાં. અને પગે ચાલતાંજ પા કલાકની અંદર ગંગાબાઇને ઘેર આવી પહોંચ્યાં. ક્રિષ્ણાકુમારીની સામે જે બે સ્ત્રી-નોકરોએ સાક્ષી આપી હતી, તે પૈકીની એક બાઇએ બારણું ઉઘાડ્યું.

"અહા! જે ઘર તમે શોકનું સ્થાન કરી મૂક્યું છે, ત્યાં પાછાં તમે આવ્યાં, કેમ બાઇ?" તે સ્ત્રીએ ક્રિષ્ણાકુમારી તરફ નજર પડતાં કહ્યું.

"છાની રહે, બાઇ. હું નિર્દોષ છું." તેણીએ ભાર મૂકીને એવી ઢબમાં કહ્યું કે પેલી સ્ત્રીને તેમાં કંઇક ખરાપણું જણાયું, અને લાગ્યું કે કદાચ તેમ હોય.

"હા, છાની રહે, અને કંઇ વચ્ચે બોલ્યા વગર અમને અમારૂં કામ કરવા દે." રસુલખાંએ પેલી સ્ત્રીને કહ્યું. "ચાલો હવે, બારણું બંધ કરો. કયા ઓરડામાં તમે જવા માગો છો, ક્રિષ્ણાબાઇ?"

"તમારોજ ઓરડો બતાવો." લતિબખાંએ તેણીના કાનમાં સૂચવ્યું.

"હું જે ઓરડામાં રહેતી હતી, તે ઓરડામાં." ક્રિષ્ણાકુમારીએ રસુલખાંના સવાલનો જવાબ આપ્યો. "અને તેમાં પોલિસ અમલદારો સાથે હું એકલીજ જવા માગું છું."

" વારૂ, ત્યારે ચાલો. " રસુલખાંએ કહ્યું. " બાઇ, તમે અમને ફાનસ આપો. " એમ કહીને તેણે પેલી બાઈ પાસેથી ફાનસ લીધું. " કયા ઓરડામાં પેલી બુઢ્ઢી ગંગાબાઇ પડી હતી ?"

" પેલા ઓરડામાં. " લતિબખાંએ આંગળીની નિશાનીથી બાજુ ઉપરનો ઓરડો બતાવ્યો. " પણ સાહેબ, હું નથી ધારતો કે આપ તેણીને જોવા માગતા હશો ?"

" બચીત નહિ. " રસુલખાંએ જવાબ દીધો—" ચાલો, ક્રિષ્ણાબાઈ, તમે રસ્તો બતાવો. હું અને જમદાર તમારી પાછળ આવીએ છીએ. "

ક્રિષ્ણાકુમારી દાદર ઉપર ચઢી—પોલિસ અમલદારો પણ તેણીની પાછળ લગોલગ ચઢ્યા.

આખા ઘરમાં ચૂપકીદી હતી—ફક્ત આ ત્રણજણનાં પગલાંનો અવાજ થતો હતો—કારણકે બીજા નોકરો તો ગંગાબાઇના ખુનને બીજે દિવસેજ ત્યાંથી નીકળી બીજે ઠેકાણે નોકરીએ રહ્યા હતા.

થોડીવારમાંજ ક્રિષ્ણાકુમારી, પોતે જે ઓરડો કેટલાક વખતથી વાપરતી હતી, તેમાં જઇ પહોંચી—બન્ને પોલિસ અમલદારોએ તેણીની પાછળ અંદર જઇને બારણું બંધ કર્યું.

" હવે શું કરવાનું છે ?" તેણીએ પોતાને નાસી જવા વિષે સંશયયુક્ત થતાં પૂછ્યું.

" ગભરાશો નહિ, બાઇ. " રસુલખાંએ જવાબ દીધો—" થોડીવારમાંજ બધું બરોબર થશે—લતિબખાં, બારીની બહાર તપાસ કરો. "

લતિબખાંએ બારી ઉઘાડી. બિલકુલ ખખડે નહિ, એવી કાળજી રાખી હતી—બારીની બહાર નજર કરી. નીચે નદી આવી રહી હતી—કાળ અંધારી રાત હતી, અને નદીમાં પૂરજોસ્થી પાણી વહેતું હતું.

ક્રિષ્ણાકુમારીને પાછી ધાસ્તી લાગી, અને તેણીની ચોંકેલી નજર રસુલખાં અને લતિબખાં તરફ વારા ફરતી ફરી.

"સઘળું બરોબરછે. " લતિબખાંએ ખાત્રી થતાં કહ્યું. "હોડી દસ બાર હાથ વેગળે છે. "

" હવે ક્રિષ્ણાકુમારી, " રસુલખાં એકદમ ઉતાવળો બોલ્યો. " તમારે નાસી જવાની તક આવીછે. તમે જોતાં નથી કે અત્યાર સુધીમાં તમે શું કર્યું છે, અને હવે શું કરવાનું છે ? તમે મને અને મારા જમાદારને તમારી નિર્દોષતાનો પુરાવો બતાવવાને બહાને અહીં આણ્યા છે. અને જ્યારે અમે બન્ને ઓરડાના બીજા ખૂણા તરફ તપાસીએ છીએ. ત્યારે તમે ધીમેથી બારી ઉઘાડો છો, અને નદીમાં પડતું નાખો છો. "

" ઓ, મારા બાપ ! એતો ઘણું ભયંકર ! " ક્રિષ્ણાકુમારી ગભરાઇને હાથ જોડી કરગરતી બોલી. " શું તમે મારૂં ખુન કરશો ? "

" એવી બેવકૂફ ના થા, છોકરી. " રસુલખાં એવી ઢબમાં બોલ્યો કે ક્રિષ્ણાકુમારીને હિંમત આવી. " જાણે કે તમે બારીમાંથી કૂદકો મારો છો, અને મને તથા લતિબખાંને તમને બચાવવા જેટલો વખત મળ્યો નહિ. કાલે સવારે આખું શહેર જાણશે કે ફાંસીને લાકડે ચઢવા કરતાં નદીમાં પડીને આપઘાત કરવાનું તમને પસંદ પડ્યું. પણ ખરી વાતતો અમે બે સિવાય ત્રીજું કોઈ જાણશે નહિ કે, આ બારીની નીચેજ એક હોડી તૈયાર હતી, અને તેમાંના માણસોએ તમને પડતાં ઝીલી લઇ હોડીમાં બેસાડી હોડી હંકારી મૂકી. વળી એવું પણ અનુમાન કોઇ કરી શકશે નહિ કે, તેજ હોડીમાં તમારે માટે વેશ બદલાનો પોશાક તથા ચહેરો બદલવાનો રંગ તૈયાર હતો. "

" અહા ! હવે હું બરોબર સમજીછું, ફોજદાર સાહેબ. હું તમારો ખરા દિલથી આભાર માનું છું " ક્રિષ્ણાકુમારીએ તેનો હાથ લઇને પોતાના પિતા તરીકેની લાગણીથી આભાર પુર્વક દાબ્યો.

" હું આશા રાખુંછું, ક્રિષ્ણાકુમારી, કે તમે સુખી થશો; અને સંભાળ રાખશો કે ફરી પકડાઇ જવાય નહિ, એટલુંજ બસછે. " રસુલખાં બોલ્યો " પણ આ પચાસ રૂપીઆ યશોદાબાઇએ મોકલ્યા છે તે લ્યો. "

" તે રૂપીઆ તમે તમારે માટે રાખો. " તેણીએ રૂપીઆની કોથળી પાછી વાળતાં કહ્યું.

" ના, ના, હું નહિ રાખું. " તે બોલ્યો. " હું મારા મન પ્રમાણે


પ્રમાણિકપણું. અને મને આ કામને માટે પૂરતું ઇનામ આપવામાં આવ્યું છે."

" યશોદાબાઇનો એક પણ પૈસો મારે ખપે નહિ." તેણીએ જવાબ દીધો. " અને હવે છેલ્લી સલામ "

" સલામ અને તમે સહીસલામત નીચે પહોંચી જાઓ. " રસુલખાં અને લતિબખાં બન્ને બોલ્યા.

પછી ક્રિષ્ણાકુમારી બારી પાસે ગઇ. બહાર નજર નાખી, તો ઘોર અંધકારમાં ભરપૂર નદીનું પાણી જોસબંધ વહેતું ભયંકર જણાયું. પણ તરતજ તેણીએ નીચે હોડી જોઇ–તેમાં કોઇ માણસને ઉંચે–એ બારી તરફજ–એકી નજરે જોઇ રહેલો દીઠો. તેણીને હિંમત આવી, અને ખાત્રી થઇ કે રસુલખાંએ પોતાના કહેવા પ્રમાણેજ સઘળો બરોબર બંદોબસ્ત કર્યો હતો. પછી ધીમેથી બારી ઉપર ચઢી–અને રખેને બૂમ પડાઇ જાય એવી બીકથી શ્વાસ દાબી રાખી હિંમતથી બહાર કૂદકો માર્યો.

પાણીમાં જબરો ધબકારો થવાથી પાણી ઉછળ્યું, અને તરતજ હલેસાંનો અવાજ સંભળાયો–હવે રસુલખાં અને લતિબખાં વધારે સાંભળવા થોભ્યા નહિ–એકદમ બારણું ફડાક દઇને ઉઘાડી નાખીને બહાર દોડી જઇ, જાણે ઘણી ધાસ્તી અને ગભરાટમાં પડયા હોય, એવો સંપૂર્ણ દેખાવ રાખી બૂમ પાડી ઉઠયા. ' ક્રિષ્ણાકુમારીએ નદીમાં પડતું નાખ્યું–અરે ! નદીમાં પડી આપઘાત કર્યો. "



કુસુમ-કળા.

ભાગ ૩ જો.

પ્રકરણ ૫૦ મું.

મોહાંધ પોલિસ અમલદાર.

જે રાત્રે ક્રિષ્ણાકુમારીએ નદીમાં પડતું નાખ્યું, તેજ રાત્રે અગિયાર વાગે રસુલખાં અને લતિબખાં યશોદાબાઇના મકાન આગળ આવી પહોંચ્યા.

"હવે તમે જાઓ, લતિબખાં." રસુલખાંએ પોતાના સોબતીને કહ્યું. "મેં યશોદાબાઇને, પેલી છોકરી સહીસલામત નાશી છુટયાની ખબર આપવાનું વચન આપ્યું છે—અને વળી," તેણે ધીમા અવાજે કહ્યું—"યશોદાબાઇ ખૂબસુરત અને રંગીલી છે, તેથી તેણીની પાસે જઇને, તેણીની સાથે અડધો કલાક ગમતમાં ગપ્પાં મારવાનું મને ઠીક પડશે."

"ઠીક ત્યારે, તમે તમારી ઉમેદમાં ફતેહ પામો એવું હું ઇચ્છું છું." લતિબખાંએ હસતાં હસતાં જવાબ દીધો. "આપણે હવે તો આવતીકાલે સવારે કચેરીમાં મળીશું." એમ કહીને તે પોતાના ઘર તરફ ચાલ્યો.

રસુલખાંએ યશોદાબાઇના મકાનનું બારણું ઠોકયું, અને તરતજ તેણીની ખાનગી દાસી યમુનાએ બારણું ઉઘાડયું–યશોદાબાઇ પોતાના ખાનગી દીવાનખાનામાં બેઠી હતી, અને ક્રિષ્ણાકુમારીની ખબર સાંભળવા, રસુલખાંની અધીરાઇથી વાટ જોતી હતી, ત્યાં રસુલખાંને પેલી દાસી લઇ ગઇ.

યમુના દીવાનખાનાનું બારણું બંધ કરીને ચાલી ગઇ.

"શું ખબર છે?" યશોદાબાઇએ આતુરતાથી પૂછયું. "બધું બરોબર પાર ઉતર્યું?"

"હા–બધું ધાર્યા પ્રમાણે થયું છે, બાઇ." તેણે જવાબ દીધો.

"ક્રિષ્ણાકુમારી છૂટી થઇ ગઇ?"–વધારે ખાત્રી કરવા યશોદાબાઇએ પૂછયું.

"હું અને તમે જેવાં છૂટાં છીએ, તેવીજ તેણી પણ હવે છૂટી છે." રસુલખાંએ જવાબ દીધો. "અને તેણીને માટે જુદા પહેરવેશની પણ ગોઠવણ રાખી હતી, તેનો જો તેણીએ યોગ્ય ઉપયોગ કર્યો હશે, તો વળી હવે સહીસલામત પણ છે."

"બેશક, તેણીએ બરોબર ઉપયોગ કર્યોજ હશે." યશોદાબાઇ એક છૂટકારાનો દમ ખેંચતાં બોલી, કારણકે આ ખુશકારક સમાચાર સાંભળી તેણીના મગજ ઉપરથી હવે ભારે બોજો ઉતરી ગયો હતો. "હવે તમે બેસો, અને મરજી હોય તો કંઈ છાંટાપાણી લ્યો." તેને બેસવા ખુરશી આપતાં બોલી–પછી પાસે મેજ ઉપર દારૂની બાટલી તથા કાચનું ચલાણું અને પાણીનું વાસણ, એ ચીજો મૂકી.

"તમારો આભાર માનું છું, બાઇ." તે બોલ્યો. "અને હવે તમારી રજાથી હું આ બાટલીનો ઉપયોગ કરીશ. કારણ કે હાલમાં મહેનતથી હું ઘણો થાકી ગયો છું."

"ખુશીથી તેમ કરો. મેં આપને માટેજ મૂકી છે." યશોદાબાઇ ખુશ મિજાજથી બોલી. "અને પછી નિરાંતે, શું બન્યું તે મને વિગતવાર જણાવો."

રસુલખાં બાટલીનો છૂટથી ઉપયોગ કરીને તાજો થયો–પછી બોલ્યો.

"બની શકે તેમ બધું યોગ્ય રીતે કર્યું છે. હું પ્રથમથી જાણતો હતો કે, તેણીની વિરૂદ્ધ એટલો બધો મજબૂત પુરાવો હતો કે, સીધા ઉપાયોથી તેણીને બચાવવાનું ઘણું મુશ્કેલ હતું. અને તે પ્રમાણે મેં તમને ગઈ કાલે કહ્યું હતું—જેથી તેણીને છોડવવા મારે પ્રપંચ રચવો પડયો હતો—અને મેં મારી યુક્તિ નિશ્ચયપૂર્વક ગોઠવીને એવો વિચાર કર્યો હતો કે, તેણીની પાસે, ગંગાબાઇને ઘેર તેણીના નિર્દોષપણાની સાબીતિનો પુરાવો બતાવવા, તેણીને મોકલવા, ન્યાયાધીશને અરજ કરાવવી; અને ત્યાં ગયા પછી ગમે તો તેણીએ જાતે પાછલી બારીએથી નદીમાં કૂદકો મારવો, કે પછી મારે તેણીને તેમ કરાવવું."

"ઓ, પ્રભુ!" યશોદાબાઇ આખે શરીરે ધ્રૂજી ઉઠતાં બોલી—"તમે એવું કહેવા—અથવા એવું મનાવવા તો માગતા નથી કે તમે તેણીનું ખુન કર્યું?"

"તેમ કરવાની જરૂર નહોતી, બાઇ." રસુલખાંએ ઠંડે પેટે જવાબ દીધો." તમે જાણો છો કે પાછલી બારી નદીમાં પડે છે—અને તેણીને પડતાની સાથે ઝીલી લેવા માણસ અને હોડી તૈયાર રહેવાની મેં યુક્તિ કરી રાખી હતી. તેજ હોડીમાં તેણીએ પહેરવાનો પોશાક પણ રખાવ્યો હતો."

"અહા! ત્યારે શું આવી વિચિત્ર યુક્તિ પાર પડી?" યશોદાબાઇએ હજુ ધ્રૂજતાં ધ્રૂજતાં પૂછ્યું. કારણ કે આવું ભયંકર સાહસ સાંભળીને તેણીની આંખે અંધારાં આવ્યાં, અને જાણે કિશ્નાકુમારી નદીમાં તણાતી દેખાતી હોય, તેમ લાગ્યું.

"હા—તમામ યુક્તિ પાર પડી—અને તે પણ પૂરેપૂરી ફતેહમંદીથી." રસુલખાંએ જવાબ આપ્યો. "કિશ્નાકુમારી હિંમતથી કૂદી પડી, અને તરતજ નીચે હોડીમાં ઝીલી લેવાઇ—હું અને લતિબખાં બૂમ પાડતા બહાર ધસી ગયા, અને બધો એવો દેખાવ આપ્યો કે અચાનક આ બનાવ બનવાથી અમે ઘણા ગભરાઇ ગયા હતા—અમે તરત નદીમાં હોડી મૂકાવી તપાસ કરવા પડયા, પણ તેણીનો કંઇ પત્તો લાગ્યો નહિ, એવો દેખાવ આપી જાણે અમે નિરાશ થઇ ગયા હોઇએ, તેવી રીતે તપાસ પડતી નાખી."

"ત્યારે શું એવું અનુમાન થશે કે તેણીએ નદીમાં પડીને આપઘાત કર્યો ?" યશોદાબાઇએ પૂછ્યું.

"અલબત્-બીજું શું અનુમાન નીકળી શકે એવું છે ?" રસુલખાંએ યશોદાબાઇના મોહક અવયવો તરફ વિકારી નજર નાખતાં કહ્યું. "વર્તમાન પત્રમાં એ હેવાલ ઘણો લાંબો અને કરૂણારસ ભરેલો આવશે, અને બધો બનાવ સાધારણ રીતે બનેલો ગણાશે-કારણ કે એક જુવાન છોકરી, મરણીઆ માણસ જેવી સ્થિતિમાં ઉશ્કેરાઇ ગયેલી, પોતાને ખુનના ગુના માટે સદર અદાલતમાં મોકલવાથી, અને ત્યાં તેણીના વિરૂદ્ધના મજબૂત પુરાવાને લીધે ગુનો સાબીત થવાથી, ફાંસીની સજા થવાનું તેણી ખાત્રીપૂર્વક સમજે; અને આવી ભયંકર આફતમાંથી પોતાનો બચાવ કરવા મરનારને ઘેર જવાની યુક્તિ કરી રજા મેળવે-કારણ કે તેણી ત્યાં રહેતી હોવાથી જાણતી હોવી જોઇએ કે ત્યાં જવાથી આપઘાત કરવાનો ઉપાય તેણીને જડશે-કે જ્યાં નદી બારીની પાછળજ વહે છે-તો એ બધું બનવું અસંભવિત મનાશે નહિ-ખરી હકીકત અંધારામાં રહેશે, અને દેખાઇતી હકીકત હૃદયદ્રાવક, અને વિચિત્ર લાગશે."

"પણ એમાં તમે ખૂલ્લા પડશો નહિ ?" યશોદાબાઇએ પાછો સંશય બતાવ્યો.

"જરા પણ નહિ-" રસુલખાંએ કંઇક હસતાં હસતાં જવાબ આપ્યો-" મારી વિરૂદ્ધનો શક અટકાવવા મેં દરેક ઉપાયો લીધા છે. હું જ્યારે બપોરે તે છોકરીને લેવા તુરંગમાં ગયો, ત્યારે મેં બેદરકારી રીતે, પહેરેગીરને કાને નાખ્યું હતું કે, આ છોકરીની વિરૂદ્ધ મજબૂત પુરાવો મેં ભેગો કર્યો છે, અને મને પૂરી ખાત્રી છે કે તેણીના ઉપર ખુનનો આરોપ સાબીત થશે-તો હવે તે પણ બિલકુલ ધારશે નહિ કે હું જરાપણ તેણીના લાભમાં હતો. આગળ ચાલતાં ન્યાયાધીશ પાસે તેણીની વિરૂદ્ધ મેં સખ્તમાં સખ્ત પુરાવો રજુ કર્યો, અને ન્યાયાધીશ કંઇપણ બોલે તે પહેલાં તો, તેણીને ઇનસાફને માટે ઉપલી કોર્ટમાં મોકલવા મેંજ માગણી કરી-પછી જ્યારે તે છોકરીએ મરનારને ઘેર જવા માગણી કરી, ત્યારે પણ તે માગ-

ણીને ટેકો આપવા જેવું હું કશું બોલ્યો નથી—પણ તેથી ઉલટી રીતે મેં તે વિષેની સઘળી જોખમદારી ન્યાયાધીશને માથે નાખી હતી—ટુંકામાં કે—મેં મારો ભાગ એવો સરસ રીતે ભજવ્યો છે કે મને કોઇ પણ રીતે જરા પણ ઠપકો મળે તેમ નથી."

"તમારા કબજામાંથી છટકવા વિષે પણ નહિ?" યશોદાબાઇએ વળી શંકા કરી.

"ખચીત નહિ." રસુલખાંએ જવાબ દીધો. "ધારો કે મરનારને ઘેર જતાં રસ્તામાંથી મેં અને લતિબખાંએ તેણીને નાસી જવા દીધી હોત, તો અમારા ઉપર શક આવત કે અમે રૂશવત ખાઇને અથવા ગફલતી વાપરીને તેમ થવા દીધું. પણ અમે તેણીને તે ઘરમાં સહી સલામત લઇ ગયા, તો પછી કોણ ધારી શકશે કે અમારા ખ્યાલમાં જરા પણ આવે કે તેણી એકદમ બારી ઉઘાડી પાછળ નદીમાં પડતું નાખશે? શું તમે, યશોદાબાઇ, હકીકતનો આ બધો ફેરફાર જોઇ શકતાં નથી?"

"હવે હું તમારો ભાવાર્થ, અને તમે વાપરેલી સાવધગીરીની યોજના, સારી રીતે સમજું છું." યશોદાબાઇએ જવાબ દીધો—"ત્યારે ન્યાયાધીશની રૂબરૂની તપાસ વખતે કંઈ વિરૂદ્ધ બોલવામાં આવ્યું હતું?"

"તમારી વિરૂદ્ધ કે તમારા મકાનની વિરૂદ્ધ, બાઇ?" તેણીને અચકાતાં જોઇ રસુલખાંએ ઉઘાડું પૂછ્યું—"ના, એક પણ શબ્દ નહિ—ખરૂં પૂછાવો તો જ્યારે હું એ છોકરીને ન્યાયાધીશની કચેરીમાં લઇ જતો હતો, ત્યારે મેં એવી જાતની તમામ હકીકત બોલવાની મના કરી હતી."

"અહા! ત્યારે શું તેણીએ ધમકી આપી હતી ખરી, કેમ?" યશોદાબાઇએ પૂછ્યું—કારણ કે કિષ્ણાકુમારીએ તેણીનું પોગળ ક્યાં સુધી ઉઘાડું પાડયું હતું તે જાણવા તેણી ઘણી ઇન્તેજાર હતી.

"ધમકી ભરેલી તો તેણીએ ઘણી વાતો મને કરી." રસુલખાંએ જવાબ દીધો. "પણ હવે તે વિષે તમારે બિલકુલ ધાસ્તી રાખવાનું કે કાળજી કરવાનું કારણ રહ્યું નથી."

"અરે, ના-ના, એવું તો કંઇ નથી." યશોદાબાઇ બોલી—"પણ

હવે મારે તમને તમારૂં બાકીનું ઇનામ આપવું જોઇએ." એમ કહેતાં યશોદાબાઈ ઉભી થઇ, અને પોતાની પેટી તરફ ગઈ.

રસુલખાંની નજર યશોદાબાઇની પાછળ ગઇ, અને તેણીના મોહક અવયવો જોઇ રહ્યો—એટલુંજ નહિ પણ, તેણીના દેખાતા દરેક અવયવોને ધારી ધારીને જોવા લાગ્યો—પરિણામ એ થયું કે ફોજદાર સાહેબનો કામાવેશ વધારે જોરમાં પ્રદીપ્ત થયો.

જ્યારે યશોદાબાઇ તેને આપવાના રૂપીઆની ચલણી નોટનું પડીકું લઇને તેના તરફ પાછી આવી, ત્યારે તેની કામ વિકારવાળી નજર જોઇને ગભરાઈ.

"આ તમારૂં ઇનામ, ફોજદાર સાહેબ." તેણીએ કંઈક સ્મિત કરતાં કહ્યું, પણ તે એવી ઢબથી કે જાણે રસુલખાંને જણાવતી હોય કે તેણીનાથી તે હલકી પંક્તિનો હતો—" તમે તમારૂં ઇનામ ઘણી બહાદુરીથી મેળવ્યું છે—અને તમારા કામથી હું પૂરેપૂરી સંતોષ પામી છું—આવા કામમાં તમારા કરતાં વધારે હોશિઆર બીજો માણસ મને મળી શકત નહિ."

"તમે સંતોષ પામ્યાં તેથી હું ખુશી થયો છું, વહાલાં યશોદાબાઈ—" રસુલખાંએ નોટનું પડીકું લેતાં તેણીનો હાથ ઝાલી મોહભરેલી નજરથી કહ્યું.

યશોદાબાઇએ તરતજ પોતાનો હાથ પાછો ખેંચી લીધો, અને ચહેરો એવો તો ગુસ્સા ભરેલો કરી નાખ્યો કે, રસુલખાંએ જોયું કે તેણી ગુસ્સે થઇ છે—છતાં તેતો માત્ર હસ્યો, અને નિરાંતે નોટ ગણવા લાગ્યો.

"બરોબર છે." જ્યારે તેની સંભાળ ભરી ગણત્રી પૂરી કરી રહ્યો, ત્યારે તે નોટો પોતાના ગજવામાં મૂકતાં, યશોદાબાઇના તરફ પોતાની આંખો ફેરવીને બોલ્યો—"તમે ખરેખર ઘણાં કૃપાળાં છો, યશોદાબાઇ. અહા! શું સ્વરૂપ! અને હું નથી ધારતો કે કદી પણ કોઇ સ્ત્રીની શરીરની કાંતિથી હું આટલોબધો અંજાઇ ગયો હોઉં—છતાં તમારા સ્વરૂપ ઉપર હું મોહ પામી ગયો છું."

"ફોજદાર સાહેબ, તમારા આવા શબ્દોથી હું ઘણી આશ્ચર્ય પામું છું—" યશોદાબાઇના ગાલ ઉપર રતાશ ચઢી આવતાં તેણી બોલી. 'પણ

તમે આમ બોલવામાં માત્ર મશ્કરી સિવાય બીજું કંઇ ખરેખર ધારતા નહિ હો ?" તેણી સાવધાનીથી સ્મિતનો દેખાવ રાખી બોલી.

"ખરેખરૂં કહું છું કે, મારી જીંદગીમાં મેં આવી મશ્કરી કદી કરી નથી." તે બોલ્યો-"મારૂં મગજ ઉશ્કેરાઇ ગયું છે, અને મારૂં અંતઃકરણ મને અત્યારે ગમે તેમ કરવાને ઉશ્કેરે છે."

"તમે શું કહેવા માગો છો ?" યશોદાબાઇ ગભરાઇને ઉભી થતાં બોલી-કારણ કે પોલિસ અમલદારની વિકારી આંખો તેણીના તરફ કામાવેશથી ભરેલી તેણીએ જોઇ.

"મારી વહાલી, સ્વરૂપસુંદરી," તે ઉભો થઇ તેણીના તરફ હાથ લંબાવતાં બોલ્યો. "મારા કહેવાનો અર્થ એવો છે કે આ સુંવાળા અને સફેદ બરફ જેવા ગાલ ઉપર એક ચુંબન તો કરીશજ-પછી ભલે, તેમ કરવામાં કદાચ મારૂં મોત થાય તો પણ ફિકર નહિ."

એમ કહી યશોદાબાઇ કંઇપણ અટકાવ કરી શકે તે પહેલાં તો તેની રાક્ષસી બાથમાં તેણીને દબાવી, અને તેનું બદશિકલ અને ખરબચડું મોઢું તેણીના ખૂબસુરત હોઠ અને સુંવાળા ગાલ સાથે દબાવ્યું.

"હવે મને છોડશો ?" તેણે જેવી બાથ નરમ કરી કે તેણી આવેશપૂર્વક બોલી, અને ગુસ્સાથી રાતી પાળી થતી ખુરશીને ટેકો દઇને ઉભી.

"તમને છોડું ? નહિ-નહિ, કદી નહિ, સવાર સુધી હું તમને છોડીશ નહિ." યશોદાબાઇના હોઠોની મીઠાશથી, અને તેણીની ભરાવદાર છાતી સાથે પોતાનું શરીર દબાયાની વીજળીક અસરથી કામાવેશમાં ગાંડાતુર જેવો બની જઇ રસુલખાં બોલ્યો.

"આ તમે મને મોટું અપમાન આપો છો-નહિ સહન થાય તેવું આ અપમાન છે." ધારતીથી યશોદાબાઇ બોલી ઉઠી-તેણીએ રસુલખાંની આંખોમાં દૃઢ નિશ્ચય જોયો. પછી તેણીએ એકાએક ઘંટ ખેંચવા દોરી તરફ હાથ લાંબો કર્યો

પણ આ બાજુ રસુલખાં કંઇ કાચો નહોતો. તેને તેણીના ઇરાદાની ખબર પડતાંજ તેણીને ખેંચીને પાછી પોતાની બાથમાં લઇ લીધી. યશોદા

બાઈ બૂમ પાડી આખા મકાનને જાણુ કરવાથી બીતી હતી, તેથી તેણીએ તેની બાથમાંથી છૂટાં થવા ઘણાંએ ફાંફાં માર્યાં—પણ રસુલખાં, તેણીને જરા પણ ઢીલી નહિ મૂકતાં, તેણીના હોઠ અને ગાલ ઉપર ઉપરા ઉપરી ચુંબન લેતો ગયો.

આ રાક્ષસી માણસની અસહ્ય અને જંગલી રીતભાતથી યશોદાબાઇ ગભરાઇ ગઇ, અને હેબક ખાઇ, થાકી જવાથી એક ખુરશીમાં તેણીએ પડતું નાખ્યું.

"હવે મારૂં સાંભળો–" રસુલખાં આવેશપૂર્વક બોલ્યો–"મને તમારા ઉપર મોહ થયો છે, અને મારી ઇચ્છા તૃપ્ત કરવાનો મેં નિશ્ચય કર્યો છે. હું જાણું છું કે, તમે આવી બાબતમાં કંઇ બહુ નીતિવાન કે સાધુ જેવાં નથી. વળી એમ પણ હું જાણું છું કે, પારકો માણસ તમારા ઘરમાં રાત્રે સૂઇ રહે, એ પણ કંઇ અસાધારણ બનાવ નથી, માટે હવે નકામી ગરબડ જવાદો."

"અહા !" યશોદાબાઇ નિરાશામાં બોલી ઉઠી–"પેલી નિમકહરામ ક્રિષ્ણાએ મારી અને મારા ઘરની ઘણી ગીબત કરી છે, એમ હવે મને ખૂલ્લું જણાય છે."

"હા, તેણીએ મને કેટલીક ખરી હકીકત જણાવી છે." તેણે જવાબ દીધો–"પણ અગાઉ હું ધારતો હતો તેના કરતાં કંઇ વધારે હકીકત કહી નથી. દાખલા તરીકે કહીશ કે, તમે મને અજબકુમાર પાસે લઇ ગયાં; તેમની પાસે મેં જોયું કે, તે તમારી બાબતમાં ઘણી કાળજી ધરાવે છે."

"બસ કરો–" યશોદાબાઇ આજીજી કરતાં બોલી– "મને એકદમ છોડી જવાને તમે કેટલી રકમ માગોછો, તે મને જણાવો."

"ઇશ્વર તને સુખી રાખે, મારી વહાલી સુંદરી !" રસુલખાંએ હસતાં હસતાં જવાબ આપ્યો–"શું તું મને એટલો બધો લાલચુ ધારે છે? પણ એમ ખાત્રીથી માનજે કે એક પણ પૈસો વધારે લેવાને હું ઘણો શરમાઉં–છતાં ઉપરા ઉપરી ચુંબનો લેવાને જરાપણ હરકત ગણું નહિ."

"મારી પાસે આવશો નહિ; નહિતો હું બૂમ પાડી બધાને જગાડીશ." યશોદા વધારે ગભરાટમાં ધાડા સાદે બોલી.

" મારી વહાલી, તું ભૂલે છે કે, જે માણસને ખરેખરા ચોર, લૂટારા, કે એથી પણ વધારે બદમાશ માણસોથી બીવાની ટેવ નથી, તે શું એક નાજુકડી સ્વરૂપ સુંદરીના ગુસ્સાથી બીશે ?" રસુલખાં બોલ્યો–" માટે હવે નકામો ટાહેલાંમાં વખત કાઢ નહિ–મોજમઝામાં હરકત લાવ નહિ–મેં આજની રાત તારી સાથે રહેવાનો નિશ્ચય કર્યો છે."

" ઓ પ્રભુ ! શું આ ખરૂં છે?" યશોદાબાઇ પાછી ખુરશીમાં પડી શોક કરતી બોલી.

પણ એક પણ બીજો શબ્દ બોલાય, તે પહેલાં તો બારણું ઉઘડયું, અને યમુના આવી.

" શું છે?" યશોદાબાઇએ એકદમ સાવધ થઇને પૂછ્યું.

" એક બાઇ તમને મળવા માગે છે, એટલુંજ નહિ, પણ જોરજુલમથી અંદર આવવા માગે છે;" યમુનાએ જણાવ્યું–" મારૂં બિલકુલ સાંભળતી નથી."

" પણ તે કોણ છે?" યશોદાબાઇએ પૂછ્યું.

" પેલી સ્ત્રી કે જે એક વખત સવારે આવી હતી, અને તમારી પાસે ચિઠ્ઠી મોકલી હતી; અને તે વખતે જયચંદ્ર સાથે તમે રોકાયેલાં હતાં. યાદ આવે છેને બાઇ?" યમુનાએ મળવા આવનારની ઓળખાણ આપી.

" હું મારી જાતેજ અહીં જવાબ દેવા આવી છું," બારણાની બહારથી અવાજ સંભળાયો, અને તેની સાથે એક જુવાન સ્ત્રી દાખલ થઇ.

" અહા ! સુરી !" રસુલખાં તેણીના તરફ કૂદકો મારતો બોલ્યો.

તે સ્ત્રી કે જેણીનું નામ સુરી હતું, તેણીએ અજાયબી અને ધાસ્તીની એક ચીસ નાખી, અને રસુલખાંએ તેણીને મજબૂત પકડી હતી, તેમાંથી છૂટવાને ફાંફાં મારવા માંડયાં; પણ તેણીને જોરથી હલાવી નાખી, ઢીલી કરી નાખી, રસુલખાં રાક્ષસી અવાજે બોલ્યો– " ચૂપ રહે, નહિતો તને નુકશાન થશે."

પેલી સ્ત્રી નાહિંમત બની ગઇ, અને કંઇપણ ગરબડ કર્યા વગર ચૂપ રહી.

પ્રકરણ ૫૧ મું.

નીકાલ.

યશોદાબાઇએ સુરીને તરત ઓળખી હતી—જો કે સુરીએ પોતાના પહેરવેશમાં, પ્રથમના કરતાં કેટલોક ફેરફાર કર્યો હતો. રસુલખાંએ તેણીને પકડીને કેદી બનાવી તેથી યશોદાબાઇ ઘણી ગભરાઇ, કારણ કે તેણીએ જોયું કે હવે તેણી બધી તરફથી મુશ્કેલીમાં ગુંચવાતી જાય છે. યશોદાબાઇના ખરા ધણીને સુરી ઓળખતી હતી, કારણ કે યશોદાબાઇ અને તેણીનો ધણી એક બીજાથી છૂટાં પડયાં, ત્યાર પછી, તેણીના ધણીએ સુરીને રાખી હતી. તેથી સુરીનાથી પોતાની આબરૂને જોખમ પહોંચશે, એમ ધારીને યશોદાબાઈ બીતી હતી.

રસુલખાં, યશોદાબાઇનો ગભરાટ તરત પામી ગયો. જો કદાચ, તેણીના ગભરાયેલા ચહેરાથી તે ચેત્યો નહોત તોપણુ, આવી સુરી જેવી લૂંટારાઓ અને બદમાશો સાથે રહેતી સ્ત્રી, રાત્રિને વખતે યશોદાબાઇને ઘેર આવે, તે બાબતમાં કંઇપણ છૂપો ભેદ હોવો જોઇએ, એ અનુમાન પણ થઇ શકે એવું હતું.

"આપણે બે વચ્ચે ખુશકારક ગુફતેગો ચાલતી હતી, તેમાં આ અણધારી અડચણ આવી પડી, યશોદાબાઇ." રસુલખાંએ યશોદાબાઇ તરફ જોઇને કહ્યું.

"આ સ્ત્રીના ઉપર કયા ગુનાનું તહોમત છે?" યશોદાબાઇએ કંઇક હિંમત આણીને પૂછ્યું.

"અહો! તે તો ઘણી જાણીતી બીના છે." રસુલખાં, સુરીને હજુ પોતાના કબજામાં રાખીને બોલ્યો. "આ બાઈ કેટલાક વખતથી બદમાશોના ટોળામાં છે, અને તેણીના ઉપર હું ત્રણ જાતનાં તહોમતો લાવી શકું

એમ છે. છતાં હું તેણીના ઉપર વધારે સખ્ત થવા માગતો નથી. અને તેથી ફક્ત હું તેણીને, જાલમસિંહ નામના એક ભયંકર ગુનાના આરોપીને તુરંગમાંથી નસાડી મુકવામાં મદદ કરવાના આરોપ ઉપરજ હાલતો પકડીશ."

"સાંભળો છો, યશોદાબાઇ! પેલા ગુનાની વાત આ કહે છે." સુરીએ 'પેલા' શબ્દ ઉપર ભાર મૂકીને કહ્યું. "કારણ કે જાલમસિંહને તુરંગમાંથી નસાડવામાં મદદ કરનાર બાઇને પકડનારને બસેં રૂપીઆનું ઇનામ આપવાનું સરકારે જાહેરનામું બહાર પાડયું છે. અને તે બાઇ—"

"તું છે, સુરી." રસુલખાંએ વચ્ચેથીજ અટકાવીને વાક્ય પૂરૂં કર્યું. "અને તેથી તારે ના કબુલ કરવાની જરૂર નથી."

"તેથી ઉલટું, હું તો તેનાથી મગરૂબી માનું છું." સુરી બોલી· "પણ ફોજદાર સાહેબ, તમે તમારી જાતની ,સંભાળ રાખજો, કારણ કે જે ટોળામાં હું છું, તે ટોળાની સાથે તમે દુશ્મનાવટ બાંધવા માંડી છે. તો યાદ રાખજો કે, એકાદ દિવસ તમારે તેનો સ્વાદ ચાખવો પડશે."

"તે તો ઠીક છે, આપણે આગળ ઉપર જોઇ લઇશું." રસુલખાં, સુરીની ધમકીથી જરાપણ નહિ ડરતાં બોલ્યો. "ચાલો ત્યારે, હવે આપણે જઇએ."

"યશોદાબાઇ," સુરીએ કહ્યું. "આ શખસને બસેં રૂપીઆ આપો કે તે મને છોડી દે."

"હું તે વાત કબુલ નહિ કરૂં." રસુલખાં બોલ્યો.

"તમે ના કહેશો, તોપણ તમારે તેમ કબુલ કરવું પડશે." સુરી બોલી. "યશોદાબાઇ, જો મારી મરજી હોય તો હું અમુક વાત ઉઘાડી પાડી શકું એમ છે."

"ચૂપ." યશોદાબાઇ જરા કડક અવાજે બોલી. "ફોજદાર સાહેબ, આ સ્ત્રી અહીં આવ્યાનું લોકોમાં જાણ થવાથી મારા નામને અને મારા મકાનની આબરૂને ધક્કો લાગશે, તે અટકાવવા હું ચાહું છું. પણ તેજ વખતે હું તમને એમ મનાવવા માગતી નથી કે હું કોઇપણ જાતની ધમકીથી બીહું છું."

"ઠીક, ઠીક." રસુલખાં, સુરીના ચહેરા ઉપર મશ્કરીનું હાસ્ય જોઇને બોલ્યો. "હવે હું જોઉં છું કે સુરી જેવી સ્ત્રી, ગમે તે વખતે યશોદાબાઇ જેવી આબરૂદારમાં ખપતી સ્ત્રી પોતાના મિત્ર સાથે હોય, ત્યારે મળવા આવે છે, એવી વાત લોકો જાણે તો તે ઘણું ખરાબ ગણાય."

રસુલખાંનું આવું મજાક ભરેલું બોલવું સાંભળીને યશોદાબાઇ સજ્જડ ધારતી ખાઇ ગઇ. તેણીએ જાણ્યું કે, તેના બોલવાનો એવો ભાવાર્થ જણાય છે કે તેણી તેના કબજામાં પૂરેપૂરી આવી ગઇ છે, એમ તે હવે ખાત્રી પૂર્વક માને છે. સુરીની ખાત્રી થઇ કે હવે કોઇપણ પ્રકારે વાત નીકાલ ઉપર આવી પોતાનો છૂટકારો થશે, તેથી અંદરખાનેથી તેણી ખુશી થતી હતી.

રસુલખાં થોડીવાર ચૂપ રહ્યો, અને પોતાના બોલવાની અસર યશોદાબાઇ ઉપર કેવી થઇ છે, તે બારીકીથી જોવા લાગ્યો. પછી તે પાછો બોલ્યો.

"હા, એ પણ વળી ખરૂં છે કે સુરીને યશોદાબાઇ સાથે આટલી બધી છૂટથી ભેળાતી લોકો જાણે, એ ઘણું ખરાબ કહેવાય. વળી કદાચ એમ પણ બને કે એ વાતનો ખુલાસો માગવા ન્યાયાધીશ પણ વખતે યશોદાબાઇને બોલાવે."

"બસ કરો, ફોજદાર સાહેબ." યશોદાબાઇ તદ્દન નરમ પડી જઇ ગભરાટમાં બોલી. "તમે કઇ શરતોએ આ બાઇને જવા દેશો તે જણાવો."

"અને તે શરતો તમે કબુલ રાખશો?" તેણે પૂછ્યું.

"યશોદાબાઇ ના કહેવાની હિંમત કરી શકશે નહિ." સુરીએ ઉંડા ભાવાર્થથી ઠંડે પેટે ટાપસી પૂરી.

"બોલો, જલદી બોલો, અને આ દેખાવનો જલદી છેડો લાવો." યશોદાબાઇ દરેક શબ્દથી ગભરાતી જતી, દુઃખથી કાયર થઇ, બોલી ઉઠી.

"બાઇ," સુરી પાછી ઠંડે પેટ બોલી. "ફોજદાર સાહેબના બોલવાથી ખૂલ્લું જણાય છે કે તે મારી બાબતમાં સમજુતીથી નીકાલ લાવવા માગે છે. જો હવે કંઇવાર થશે તો તે તમારી કસુરથી."

"બરોબર છે." રસુલખાં મુછપર હાથ ફેરવતો બોલ્યો. "ત્યારે હવે મારી શરતો સાંભળો."

"બોલો." યશોદાબાઇ ખરેખરી સપડાઇ જવાથી દુઃખી આવેશમાં બોલી.

"પહેલું તો," તે બોલ્યો. "એક આ બાઇને જવા દેવાથી હું જે બસેં રૂપીઆનું ઇનામ ખોઇ બેસું, તે બસેં રૂપીઆ મને આપો,"

"કબુલ છે." યશોદાબાઇએ કહ્યું. "વારૂ પછી શું?"

"અને હમણાં તમારી દાસી, સુરી આગ્યાની ખબર આપવા આવી, તે પહેલાં તમારી પાસે હું જે સહેજ મહેરબાની માગતો હતો, તે કબુલ કરો." રસુલખાંએ પોતાની મોટી ઇચ્છા જણાવી.

રસુલખાંની કામવિકારવાળી આંખો, અને યશોદાબાઇના ચહેરા ઉપર ગુસ્સો અને શરમ, એ બધું જોઇને, પોલિસ અમલદારે કઈ મહેરબાની માગી હશે, તે સુરી જેવી છટેલ અને પહોંચેલી સ્ત્રીને કળી જતાં વાર લાગે એવું નહોતું. અને તેણીના ચહેરા ઉપર કિન્નાખોર ખુશાલીની લાગણી જોઇ, યશોદાબાઇને લાગ્યું કે રસુલખાંની ઇચ્છા સુરી જાણી ગઇ છે.

"ઓ, પ્રભુ!" ભાગ્યહીન યશોદાબાઇ નિરાશામાં હાથ પછાડી, ઉંડા શોકથી બોલી. "આના કરતાં હું મરી ગઇ હોત તો સારૂં."

આ પ્રમાણે તેણી થોડીવારી બબડી.

"તમે શાંત થાઓ, યશોદાબાઇ." સુરી પોતાની હમેશની ઠંડી પ્રકૃતિથી બોલી. "આ નાખુશ દેખાવ વધારે વખત લંબાવવાને માટે હવે તમે ફોજદાર સાહેબનો વાંક કાઢી શકશો નહિ."

"હવે તરત એ વાતનો નીકાલ લાવવો જોઇએ." યશોદાબાઇ એવા દૃઢ અવાજે બોલી કે જાણે તેણી એકાએક અમુક જાતના નિશ્ચય ઉપર આવી હોય.

"હવે બરાબર કહ્યું." રસુલખાં બોલ્યો, અને તરત સુરીને છૂટી કરી.

"મારો છૂટકારો ખરીદવાને માટે હું તમારો આભાર માનું છું, બાઇ–" સુરીએ તેણીને તાણો મારતાં કહ્યું–"અત્યારે હું જે કામને માટે અહીં આવી હતી, તે કંઇ ઘણું મહત્વનું નહોતું. મારે થોડા પૈસાની જરૂર હતી; પણ હવે જ્યારે તમે ઉદાર દિલથી, મારા છૂટકારાને માટે ફોજદાર

સાહેબને બસેં રૂપીઆ આપવા કબુલ કર્યું છે, એટલુંજ નહિ, પણ એક આબરૂદારમાં ખપતી ખૂબસુરત યશોદાબાઇએ બીજી જે શરત કબુલ કરી છે, કે જે તેણીને કદાચ રૂચતી નહિ હોય, ત્યારે હવે મારે હાલ કંઇ માગવાનું નથી. હું હવે જઇશ—અને તમે હવે ફાંકડા ફોજદાર સાહેબ સાથે ખુશકારક મોજમઝામાં અને રંગમાં રાત્રિ ગાળો એવું ઇચ્છું છું."

એમ કહીને સુરી હસતી હસતી ચાલતી થઇ. અરે, પણ યશોદાબાઇનું શું થયું? તેણીતો સુરીના બોલો સાંભળીને એવી શરમાઇ ગઇ—એવી ગભરાઇ ગઇ—કે તેણીનાથી ઉંચું પણ જોઇ શકાયું નહિ, અને ખુરશીમાંજ દબાઇ ગઇ.

પ્રકરણ પર મુ.

ખૂબસુરતીમાં ઘાતકી અંતઃકરણ.

સુરીના ગયા પછી એકાદ ઘડી ચૂપકીદી પ્રસરી ગઇ.

યશોદાબાઇ હવે ઉઠી. દીવાનખાનાનું બારણું ઉઘાડી હાથમાં દીવો લઇ બહાર નીકળી. અને તેણીની પાછળ રસુલખાં નીકળ્યો. બેમાંથી કોઇ કશું બોલતું નહોતું.

આ કમભાગ્ય સ્ત્રીનો ચહેરો મુડદાલ જેવો ફીકો થઇ ગયો હતો, છતાં તે ઉપર કોઇ અમુક કાર્યનો નિશ્ચય દેખાતો હતો, અને તે હકીકત જો રસુલખાંનું મગજ દારૂની નિશામાં ચકચુર ન હોત, તો તે જોઇ શકત, અને યશોદાબાઇના ઉપર કંઇ વહેમ જાત. પણ રસુલખાંની સ્થિતિ આ વખતે જુદીજ હતી. તે તેના પોતાના કબજામાં નહોતો—દારૂની નિશા, અને મનની ઉમેદ પારપાડવાની અત્યંત ખુશાલીમાં તેનું મગજ ચકડોળે ચઢયું હતું, અને આંખો ચમકતી હતી.

યશોદાબાઇ, તેને પોતાના સૂવાના ઓરડામાં લઇ ગઇ, કે જે ઓરડા-

માં યશોદાબાઇના શ્રીમંત અને ખૂબસુરત જુવાનીઆઓનેજ દાખલ કરવાનો તેણી પરવાનો આપતી–તેજ ઓરડામાં જંગલી ખવાસના, અને બદશિકલ ચહેરાના મિયાંભાઇ દાખલ થયા.

એક ખુરશીમાં રસુલખાંએ પડતું નાખીને ઓરડામાં ચારે તરફ નજર નાખી. નજર ફેરવતાં એક બાજુ તૈયાર કરેલા સુશોભિત પલંગ ઉપરની પથારી ઉપર તેનું ધ્યાન ગયું. તેવોજ તે એકદમ ઉભો થયો, અને યશોદાબાઇને પોતાની બાથમાં જોરથી ભીડી–અને જુવાન આશક—માશુકની માફક તેણીની સાથે પોતાની જંગલી રીતે ચેનચાળા કરવા લાગ્યો. ખુરશી ઉપર બેસીને યશોદાબાઇને, પોતાના ખોળામાં બેસવાની ફરજ પાડી.

" અહા ! તું કેવી ખૂબસુરત છે ? " તે બોલ્યો. " અને મારી ખાત્રી હતી કે જ્યારે આપણે એક બીજાને મળી જઈશું, ત્યારે તું નિર્દયતા વાપરશે નહિ. "

" તમને ઘણી તરસ લાગી હોય એમ લાગે છે, કારણ કે તમારી જીભ સૂકાઇ જાય છે. " આ પ્રમાણે યશોદાબાઇ પણ તેની સાથે ગેલ કરતાં બોલી. કારણ કે તેણીએ ધારી રાખેલો ક્રૂર ઇરાદો પારપાડવામાં એવી રીતભાતથી રસુલખાંને ગાફેલ રાખવાનું જરૂરનું હતું.

" ખરેખર મને તરસ તો લાગી છે. " રસુલખાંએ જવાબ દીધો.

" પેલા ભંડારીઆમાં મારી પાસે ઘણી ઉંચી જાતના દારૂની બાટલીઓ છે. " ધીમેથી તેનાથી છૂટી થઇ ઉભી થતાં યશોદાબાઇ બોલી.

" તું બહુ માયાળુ અને ભલી છે. " રસુલખાંએ કહ્યું. " અને તને પોતાને જે ઉંચામાં ઉંચો અને સરસમાં સરસ દારૂ લાગતો હોય, તે તુંજ–પસંદ કરીને મને આપ–અને પછી આપણે પેલા પલંગ ઉપર જઇએ. "

યશોદાબાઇને એવી માગણીનીજ જરૂર હતી. તેણીએ ભંડારીઉં ઉઘાડયું. અને ઉતાવળથી એક ચલાણામાં દારૂ તથા ઠંડુ પાણી લાવી, અને તે રસુલખાંને આપ્યું–પછી તેણી તરત ભંડારીઆ તરફ પાછી ગઇ. અને ત્યાં એકાદ બે પળ રહી–અને પછી એક બીજા ચલાણામાં બીજી જાતનો ખુશબોદાર અને લહેજતદાર દારૂ લઇને સ્મિત કરતી તેની પાસે આવી.

"અહા ! આ દારૂ કેવો મઝેનો સુગંધીદાર છે !" રસુલખાંએ ખાલી કરેલું ચલાણું મેજ ઉપર મૂકી બીજું યશોદાબાઇના હાથમાંથી લેતાં કહ્યું. "ચાલ, હવે હું આ પી જાઉંછું. એટલામાં તું કપડાં બદલીને પલંગમાં ચાલ–"

"હું કબુલત પ્રમાણે આજની રાત્રિ તમારી દાસી છું." તેણી સ્મિત કરતાં બોલી, અને ચોળી કાઢતી હોય, એમ દેખાવ આપ્યો–રસુલખાંએ પેલું દારૂનું બીજું ચલાણું મોઢે મૂકયું.

પણ જેવો તે પોતાનું મો ઉંચું કરીને ચલાણું મોઢે મૂકે છે, કે તેની નજર યશોદાબાઇના ચહેરા તરફ ગઇ, તો તેના ઉપર કિન્નાખોર જીતનું સ્મિત ફરકી રહ્યું હોય, એવું તેને લાગ્યું–પણ અફસોસ ! આ જોવું–અને એવી લાગણી થવી–એ એક વીજળીના ચમકારીની માફક બની ગયું–અને તેજ રસુલખાંની છેલ્લી પળ હતી–કારણ કે તેજ વખતે ચલાણામાંના પ્રવાહી પદાર્થે રસુલખાંના ગળામાં રસ્તો લીધો હતો.

ચલણામાંનો દારૂ મોઢામાં રેડી દીધો, તે ગોટે ગોટે ગળામાં ઉતરે છે–હજુ બધો ઉતરી ગયો નહોતો, તેટલામાં તો ચલાણું તેના હાથમાંથી પડી ગયું–અને તેના શરીરને એકદમ તાણ થઇ આવી–તે ખુરશીમાં ઢળી પડયો–તેની સાથેજ તેની જીંદગીની દોરી તૂટી–અને ખુરશી ઉપરથી ધબ દઇને જમીન ઉપર ઉથલાઇ પડયો.

એકાદ પળ યશોદાબાઇ, પોતે લીધેલા ભોગ તરફ જોઇ રહી–તે નજર ધિઃક્કાર ભરેલી હતી. જબરો, કદાવર, અને રાક્ષસ જેવો મજબૂત માણસ તેણીના પગ આગળ ઢગલો થઇને પડયો હતો,

ઘડિઆળમાં એકનો ટકોરો થયો–હવે તેણીને લાગવા માંડયું કે, તે ઓરડામાં તેણી એકલી મડદાની પાસે છે, અને તે મડદું તેણીએ પોતે ખુન કરેલા માણસનું હતું.

યશોદાબાઇની છાતી ધબકવા લાગી–ભયંકર બીક લાગવા માંડી, આખે શરીરે ધ્રૂજારી છૂટી–અને હવે પોતાનાં કૃત્યનો ઉંડો પસ્તાવો કરવા લાગી. જોકે આ ગુનાને માટે તો તેણીને કંઇ લાગતું નહોતું, પણ તેને લીધે બીજી કેટલી કેટલી મુસ્કેલીઓનું વાદળ તેણીના ઉપર ઘેરાશે, તે વિચારથી તેણી

ગભરાઇ. આ વખતે તેણીને લાગ્યું કે, આના કરતાં તેને તાએ થઇ હોત તો ઘણું સારૂં હતું–કારણ કે સ્મશાનવત્ શૂન્ય રાત્રિમાં, મોટા વિશાળ મકાનના એક ઓરડામાં–રાક્ષસી કદના માણસના–પોતે ખુન કરેલા માણસના–મડદા આગળ–તેણીને ભયંકર વિચાર આવ્યો કે, હવે ફાંસીના લાકડા વગર તેણીનો છૂટકો નથી.

હવે તો તેવાજ વિચારોએ તેણીના મગજનો કબજો લીધો, પણ હવે પસ્તાવો શું ઉપયોગનો હતો ? કારણ કે જે બન્યું હતું તેતો બન્યુંજ હતું–તેણીનાજ સૂવાના ઓરડામાં–તેણીનાજ પગ પાસે–તેણીનીજ નજર તળે–જમીન ઉપર–શહેરના પ્રખ્યાત અને હિંમતવાન પોલિસ અમલદાર–રસુલખાં ફોજદારનું મડદું પડેલું હતું.

એકાદ પળ તો આપઘાત કરવાનો તેણીને વિચાર આવ્યો, પણ તેમ કરતાં હિંમત ચાલી નહિ.–જોકે તેમ કરવાનાં સાધન તૈયાર હતાં–ઝેરી દવાઓ તૈયાર હતી. થોડાં ટીપાં દારૂ સાથે લે તો જરા પણ વાર નહોતી– કે જેનો ઉપયોગ રસુલખાંના ખૂનને માટે કર્યો હતો. વારંવાર આપઘાત કરવા વિચાર ઉશ્કેરાતો–પણ હિંમત ચાલતી નહોતી.

ત્યારે હવે શું કરવું? મડદું પડેલું હતું, તેને વગે તો કરવુંજ જોઇએ. પણ તે ક્યાં સંતાડવું? ક્યાં દાટવું? અને તે બધું યશોદાબાઇ એકલી કરી શકે એમ હતું? ના–ના–તેતો અશક્ય હતું.

તે દુષ્ટ સ્ત્રી હવે એક ખુરશીમાં પડીને પોતાના બે હાથે કપાળ દાબી શોકાતુર વિચારોમાં પડી.

માણસ કોઇપણ દુષ્ટ કામ કરે, તે પહેલાં તેના પરિણામનો જરાપણ વિચાર કરે તો ઘણો ફાયદો થાય; પણ અફસોસ ! તેવો વિચાર તેને થતોજ નથી.

મુએલા માણસના મડદા સાથે એકલી હોવાનોજ ભયંકર વિચાર હાલ તો તેણીના મગજમાં મુખ્ય હતો. તેણીને ભૂત–પ્રેતની બીક લાગવા માંડી, ભૂતના ઓળા દેખાવા માંડયા–આંખો ઉપરથી હાથ લઇ લીધા. બીકથી ગભરાઇ ચારે તરફ જોવા લાગી, પણ બધે ભૂત–પ્રેતના ભણકારા લાગ્યા. તેણીને

લાગ્યું કે રસુલખાં તેણીની સામે ડોળા કકડાવે છે—એકદમ ભડકીને નાસવા લાગી—તેણીના મગજને ઇશ્વરે ખરેખરી સજા આ વખતે કરી હતી.

વારંવાર તેણીને આજ વિચાર આવતો કે આવી કાળ રાત્રિમાં મડદા સાથે તેણી એકલીજ હતી. તેણી ગાંડા જેવી થઇ ગઇ. ચહેરા ઉપરનું લોહી ઉડી ગયું—ફાટેલે ડોળે ચારે તરફ હાંફળી ફાંફળી તરફડિયાં મારતી ફરવા લાગી. આખરે થાકથી—દુઃખથી—મનના ભયંકર વિચારોથી—બેભાન થઇને તેજ મડદા પાસે મડદા જેવી થઇને પડી.

એમ ને એમ ક્યાં સુધી પડી રહી, તેનું તેણીને ભાન રહ્યું નહોતું, પણ જ્યારે ભાનમાં આવી ત્યારે તેના મોઢામાંથી ઝીણી ચીસ નીકળી. થોડી વારે ઉભી થઈ, અને પાસે મડદું જોઇને બેઆકળી થઇ આઘી નાઠી—બહાર નીકળી જવાનો વિચાર કર્યો, પણ પાછો તે વિચાર છોડી દીધો. આખરે એટલી બધી મુંઝાઇ ગઈ કે આપઘાત કરવાનો નિશ્ચય કર્યો. ભંડારીઉં ઉઘાડ્યું, અને જેવી ઝેરી દવાની સીસી લેવા જાય છે, તેવોજ કોઇ ભયંકર આકાર દેખાયાની ભ્રાંતિ થઇ—ચમકી—અને ત્યાંથી ખસી ગઇ—એક મોટી ચીસ નાખીને પાછી જમીન ઉપર—તેજ જગોએ—મડદાની પાસે—તેની સોડમાંજ પડી

મેજ ઉપર દીવો હતો, તેનું અજવાળું ધીમે ધીમે ઓછું થવા આવ્યું હતું—વધારે ઝાંખું પડતું ગયું—ધીમે ધીમે નહિ જેવું દેખાવા લાગ્યું—અને થોડીવારમાં તો દીવો હોલવાઇ ગયો. સર્વત્ર અંધકાર વ્યાપી ગયો—હવે તે સ્મશાનવત્ અંધારા ઓરડામાં મડદા જેવા બે આકાર પડ્યા હતા—એક પુરૂષનો અને બીજો સ્ત્રીનો. બન્ને જોડેજોડે હતા. એકતો ખરેખર જીવ વગરનુંજ મડદું હતું—જ્યારે બીજો આકાર સ્ત્રીનો—જીવવાળો—પણ બેભાન મડદા જેવો હતો—અને તે આકાર ભભકાદાર યશોદાબાઇનો હતો. તેણીનું શરીર બિલકુલ હાલતું ચાલતું નહોતું—મોઢું બંધાઇ ગયું હતું—માત્ર છાતી ધબકારા લેતી હતી—અને શ્વાસો શ્વાસ ચાલતો હતો,—તેથી તેમાં જીવ હતો, એમ જાણી શકાય.

પાછી થોડીવારે યશોદાબાઇ ભાનમાં આવી. પોતાની સ્થિતિનો ખ્યાલ આવ્યો—ઘોર અંધકારમાં હોવાનું ભાન થયું—આગલી રાતના બનાવો યાદ

આવ્યા–રસુલખાંની વાટ જોતી બેઠી હતી, ત્યારથી એક પછી એક સઘળા બનાવો યાદ આવ્યા–અને આખરે છેલ્લો ભયંકર બનાવ યાદ આવતાં તેણીના મગજમાં એકદમ ભારે ધક્કો લાગ્યો–અને યાદ આવ્યું કે પોતે મડદા પાસે પડી હતી–હજુ તેણી કંઇપણ હાલ્યાચાલ્યા વગર પડી રહી–તેણીને બીક લાગી કે રખેને મડદા સાથે સ્પર્શ થાય. એમને એમ વિચારમાં આંખો મીંચી પડી રહી. આખરે અસ્વસ્થ ઉંઘમાં પડી–નિરાંતની ઉંઘતો આવેજ ક્યાંથી ? ઉંઘમાં પડયા છતાં સ્વપ્નમાં, બનેલા બનાવોજ દેખાયા–અને વારંવાર શરીર કંપી જતું. ભયંકર દેખાવો–આકારો–જોવા લાગી અને આખરે ધાસ્તીથી ગભરાટમાં એક કારમી ચીસ નાખી જાગી ઉઠી તો જાળીમાંથી અજવાળુ દેખાયું–તેણીને લાગ્યું કે સવાર થવા આવી છે–ઘડિઆળમાં છના ટકારા સંભળાયા–રાત્રિ તો જેમ તેમ કરતાં પૂરી થઈ, પણ મડદું તો હઠીલું થઇને ત્યાંજ–તેણીની પાસેજ–પડયું હતું–હવે શું કરવું ? કોને કહેવું ? નોકરોની મદદ લેવી ? જો તેમ કરે તો તેવા નોકરોના તાબામાં હમેશાં તેણીને બીતાંને બીતાં રહેવું પડે; તેના કરતાં તો રસુલખાંના તાબામાં રહેત તો વધારે સારૂં હતું, એમ તેણીને લાગ્યું–મડદા તરફ થોડીવાર જોઇ રહી–પણ હવે રાતના જેટલી બીક લાગતી નહોતી–કારણકે સ્વાભાવિક નિયમ છે કે દિવસે ખુનીઓ બીતા નથી; અને સાધારણ રીતે પણ રાતના જેવી દિવસે બીક લાગતી નથી.

પણ હવે કરવું શું ? આવો વિચાર ઘણાજ થોડા વખતમાં સોએક વખત તેણીના મગજમાં આવી ગયો–પણ તેનો સંતોષકારક જવાબ જણાયો નહિ–આખરે તેણીએ ધાર્યું કે હવે લગભગ સવાર થઇ છે તો બીજું કંઇ વધારે થઈ શકે એમ નથી–તેથી રાત પડતા સુધી મડદાને એટલામાંજ કંઇ સંતાડવું જોઇએ–અને આખા દિવસના વખતમાં કયો રસ્તો લેવો વધારે ડહાપણ ભરેલો અને સલામતી વાળો થશે, તેનો પૂરતો વિચાર થઇ શકશે.

આમ વિચાર કરતાં પાસેની પોતાનેજ નાહવાની ઓરડીમાં મડદાને સંતાડવાનું નક્કી કર્યું. પોતાની તમામ હિંમત એકઠી કરીને, જીવ ઉપર આવીને, જેમ તેમ કરતાં મડદું ત્યાં ઘસડી ગઇ, અને ઓરડીમાં નાખીને, તેને બંધ કરી તાળુ વાસી, કુંચી પોતાની પાસે રાખી.

હવે તેણીને કંઇક નિરાંત થઇ—સવાર થઇ—અને નજર આગળથી મડદું ગયું, તેથી બીક પણ ઓછી થઇ—ઉતાવળથી દાતણ કરીને નાહી લીધું, કે જેથી કંઇક ગભરાટનાં ચિન્હ ઓછાં થાય. પછી પોતાનાં હમેશનાં કપડાં પહેરી લીધાં, અને તેની સાથે જલદ દારૂ પાણી સાથે મેળવીને પી ગઇ—ચહેરા ઉપર જરા લાલી આવી—આરસીમાં જોતાં તેણીને સંતોષ થયો કે, હવે તેણીના ચહેરા ઉપરથી રાતની વાતનો કોઇને શક જવાનો નથી.

પ્રકરણ ૫૩ મું.

ખુન છૂપાવવાની તજવીજ.

જોકે તે દિવસે દેખીતી રીતે પોતાના ખાનગી નોકરો, દુકાનમાંની સ્ત્રીઓ, તથા પોતાના ઘરાકો સાથે, હમેશની માફક યશોદાબાઇ ખુશનુમા ચહેરે વાતચિત કરતી હતી—પણ તેણીનું અંતઃકરણતો દરેક પળે ધાસ્તીથી ધ્રૂજતું હતું—આ ધાસ્તી, અને તેથી થતો ગભરાટ, તેણીએ કરેલા પાપકર્મના પસ્તાવાને લીધે ઘણેભાગે નહોતો, પણ હવે પેલા મડદાનું શું કરવું? એજ સવાલ વારંવાર ઉઠવાથી, અને તેનો જવાબ કંઇ નહિ સુઝવાથી હતો—આવા અંદરના ગભરાટ અને ધાસ્તીની સાથે, બહારનો દેખાવ હમેશના જેવો ખુશનુમા રાખવો, એ કામ કંઇ તેણીને ઓછું મુશ્કેલ લાગતું નહોતું.

હમેશના રિવાજ પ્રમાણે નાહવાની ઓરડી સાફ કરવા તથા પાણી ભરી મૂકવા સારૂ, તે ઓરડીની કુચી યમુનાએ માગી—હવે યશોદાબાઇ, શું જવાબ દે? શું કુચી આપવી? જો આપે તો તો પછી થઇ ચૂક્યું—તેણીનું પાપ તરતજ ફૂટે—યશોદાબાઇને કુંચી નહિ આપવાનું કંઇ ખાસ કારણ નહિ જણાયાથી ગમે તે નજીવું બહાનું બતાવી કુંચી આપી નહિ, પણ તેમ કરતાં તેણીનો ચહેરો તો લેવાઇ ગયો; પણ તેણીના સારા નસીબે તે હેરફાર

યમુનાના જોવામાં આવ્વો નહિ, તેમ કુંચી નહિ આપવાનું કારણ નકામું બહાનું છે એમ પણ તેણીને લાગ્યું નહિ. છતાં યશોદાબાઇના પાપી અંતઃકરણમાં તો ધાસ્તી લાગી કે રખેને યમુનાને કંઇ વહેમ પડયો હોય! કુદરતી નિયમ છે કે ગુનેગારનું અંતઃકરણ હમેશાં ધાસ્તીમાં રહે છે.

બપોર પછી એક બદશિકલ જેવો માણસ યશોદાબાઇના મકાને આવ્યો, અને યશોદાબાઇને મળવાની માગણી કરી-તેણે પોતાનું નામ તથા કામ કહેવાની ના પાડી-નોકરે યશોદાબાઇને ખબર પહોંચાડી, ત્યારે તેણીને જાણે મૃત્યુ સમીપ આવ્યું હોય, એવી ધાસ્તી લાગી-તેણીના ગુનાની વાત બહાર પડી હોય, અને તેણીને પકડવા પોલિસના માણસો આવ્યા હોય-છતાં જેમ તેમ કરીને પોતાના મગજ ઉપર વધારે હિમત ભર્યો કાબુ મેળવવાને તેણી ઘણી મહેનતે શક્તિવાન થઇ, અને તે અજાણ્યા માણસને પોતાની પાસે મોકલવા નોકરને હુકમ આપ્યો.

જ્યારે પેલો માણસ તેણીની પાસે આવ્યો, ત્યારે, ન્યાયાધીશની કચેરીમાં રસુલખાંની સાથે તે માણસ હતો, એમ તેણીએ ઓળખ્યો; અને ઓળખ્યા પછી તેણીનો ગભરાટ વધ્યો-માંદા માણસની માફક ખુરશીમાં દબાઇ જઇ તે માણસને શું કામ છે, તે ધીમેથી પૂછયું.

આ માણસ બીજો કોઇજ નહિ, પણ રસુલખાંનો વિશ્વાસુ જમાદાર લતિબખાં હતો. આ પોલિસ-અમલદારની ચપળ આંખોએ યશોદાબાઇનો ગભરાટ જણાઇ આવ્યા વગર રહ્યો નહિ, પણ પાસેના મેજ ઉપર દારૂની બાટલી વગેરે પડેલું હતું, તેથી તેણે સાધારણ રીતે અનુમાન કર્યું કે, દારૂ વધારે લેવાથી તેણીનો ચહેરો આવો થયો હશે. તે પોતાના મનમાંજ બબડયો, "રસુલખાંએ ખરૂંજ કહ્યું હતું કે, આ ભભકાદાર સ્ત્રી ખરેખર રૂપાળી છે, માત્ર દયાજનક એટલુંજ છે કે તેણી દારૂનો ઘણો ઉપયોગ કરતી જણાય છે."

પછી લતિબખાંએ પોતાનું ઓળખાણ આપ્યું, અને વાતચિતમાં ઘણી નરમાશથી બોલ્યો; તેથી યશોદાબાઇએ સંતોષ વળ્યો કે તે કંઇ જાણતો નથી. તેણીને હવે શાંત થવાને સારો અવકાશ મળ્યો. તેણીએ ધાર્યું કે, પોતાના ચહેરા ઉપરથી તેને કંઇ વહેમ જશે, તેથી ખુલાસા રૂપે જણાવ્યું કે, તેણીની

તબિયત સારી નથી, અને માથામાં સખ્ત દુખાવો થવાથી ઘણી હેરાન છે. હવે તેને આવવાનું શું કામ હતું તે પૂછ્યું.

"હકીકત એવી છે, બાઇ" લતિબખાં બોલ્યો– "કે ગઇ રાત્રે હું અને મારા ઉપરી અમલદાર રસુલખાં– તમારા મકાનના બારણા આગળથી છૂટા પડયા. હું મારે રસ્તે ગયો, અને રસુલખાં તમને મળવાને માટે આ મકાનમાં આવ્યા; પણ આજ સવારથી તે કચેરીમાં આવ્યા નથી. તેમજ તેમને ઘેર પણ નથી. તેથી મેં ધાર્યું કે, કદાચ તમે તેને કંઇ કામસર મોકલ્યો હશે."

"એ વાત તો ખરી છે કે, તમારા ફોજદાર સાહેબ ગઇ રાત્રે અહીં આવ્યા હતા," યશોદાબાઇએ ખુલાસો કરતાં કહ્યું. હવે તેણી પૂરેપૂરી સાવધ થઇ હતી, "પણ તે મારી પાસે પા કલાકથી વધારે રહ્યા નથી, અને પછી તે અહીંથી ચાલ્યા ગયા."

"ઘણું વિચિત્ર!" દિલગીર થતો લતિબખાં બોલ્યો–" કદાચ હું તમને પૂછું કે તમે તેને કંઇ પૈસા આપ્યા છે કે કેમ, તો તમે ખોટું તો નહિ લગાડો?"

"હા–મેં તેને કબુલત પ્રમાણે પાંચસેં રૂપીઆ આપ્યા છે." તરત જવાબ મળ્યો–" હું ધારૂંછું કે, રસુલખાંની માફક હું તમારા ઉપર વિશ્વાસ રાખી શકીશ."

"ખચીત," લતિબખાં બોલ્યો–" પણ હું નથી ધારતો કે, પોતાની પાસે એટલી બધી રકમ હોય છતાં, રસુલખાં કોઇ ખરાબ સોબતીઓમાં જઇ પડયો હોય; કારણ કે તે બહુ અનુભવી છે, અને રસ્તામાં લુટાવાનો કે બીજી કોઇ જાતની હરકત કે ખુન થવાનો સંભવ નથી."

"તમે ખાત્રી રાખો કે સાંજ સુધીમાં તે તમને મળશે." યશોદાબાઇ બોલી–" કદાચ કોઇ મિત્રોની સાથે વધારે નિશો કર્યો હોય અને તેની અસરમાં ઘેનની ઉંઘમાં પડયા હોય!"

"ના બાઇસાહેબ–રસુલખાંને માટે એવું ધારી શકાય નહિ." લતિબખાં માથું ધુણાવતા બોલ્યો. "જો તેનું ખુન થયું નહિ હોય, તો તે જરૂર નાસી ગયો હશે–અને હવે જેમ જેમ હું વધારે વિચાર કરૂંછું,

તેમ તેમ મારી ખાત્રી થતી જાય છે કે, પેલી જુવાન છોકરીને નસાડી મૂકવાથી કદાચ કંઇ મુશ્કેલી આવી પડે. તેમાંથી બચવાને માટે, અને તમારી પાસેથી મળેલા પાંચસે રૂપીઆમાંથી મારો ભાગ ડુબાવવા, તે જરૂર નાસી ગયો હોવો જોઇએ."

યશોદાબાઇને એટલુંજ જોઇતું હતું. તેણીના મગજમાં આ સૂચના ચોક્કસ બેસી ગઇ, અને તેને ટેકો આપવામાં પોતે સહીસલામત રહેશે એમ ધારીને તેણી બોલી.

"મને અજાયબી થતી નથી કે તમે આખરે ખરા અનુમાન ઉપર આવ્યા છો-ખરેખર રસુલખાં બોલતા હતા કે આ પાંચસેં રૂપીઆ મેં મારી આખી જીંદગીમાં કદી જોયા નથી, અને તેથી મને ઘણા વહાલા લાગે છે-"

"અહા ! શું, તે આવા શબ્દો બોલ્યો હતો ?" લતિબખાંએ પૂછ્યું. "ત્યારે તો જરૂર તે નાસી ગયો-અને મેં મારો ભાગ ગૂમાવ્યો."

"જ્યારે આ કામમાં તમે તેની સાથે હતા," યશોદાબાઇએ કહ્યું- "ત્યારે તો તમને પણ કંઇ ઈનામ મળવું જોઇએ-માટે લ્યો, આ પચાસ રૂપીઆ-"

યશોદાબાઇએ મેજ ઉપર રૂપીઆ મૂક્યા, અને લતિબખાંએ આતુરતાથી ગણી લીધા. અને પછી યશોદાબાઇનો ઘણો આભાર માન્યો.

"ગમે તેમ થાય તો પણ મારૂં નામ બહાર પડવા દેશો નહિ." યશોદાબાઇએ સૂચવ્યું.

"તે વિષે તમે મારા ઉપર વિશ્વાસ રાખો, બાઇ-" લતિબખાંએ જવાબ દીધો.

લતિબખાં ચાલ્યો ગયો.

હવે યશોદાબાઇને નિરાંત વળી કે આ પીડા તો ટળી-કારણ કે લતિબખાંની મુલાકાત, શરૂઆતમાં તેણીને ઘણી ધાસ્તી ભરેલી લાગી હતી, પણ છેવટે તો તે તેણીને ધાસ્તીમાંથી મોકળી કરનાર નીવડી-તેણી એ ધાર્યું કે, રસુલખાંના ગુમ થવાનું કારણ એવુંજ ધારવામાં આવશે કે તેઓ નાસી

ગયાથી, પોતાના ઉપર આફ્ત આવી પડશે, એવી ધાસ્તીથી, તે નાસીને છૂપાઇ ગયો હશે. અને તેથીજ તેણી પોતે સલામત રહેશે. પણ આગળ વિચાર કરતાં તેણીને લાગ્યું કે તેણીને પોતાના કોઇ નોકરને વિશ્વાસમાં લેવાની જરૂર પડશે–પછી જ્યારે રાત પડી, ત્યારે પોતાની ખાનગી દાસી યમુનાને વિશ્વાસમાં લઇ, પોતાનો ભયંકર છૂપો ભેદ કહેવાનો નિશ્ચય કર્યો–જ્યારે ઘરના બધા નોકર ચાકરો તથા બીજી સ્ત્રીઓ, પોતપોતાના ઓરડામાં સૂવાં ગયાં, અને લગભગ અગિઆર વાગવા આવ્યા, ત્યારે તેણીએ પોતાનો નિશ્ચય અમલમાં મૂકવા હિંમત કરી–યમુનાને બોલાવીને પોતાના સૂવાના ઓરડામાં લઇ ગઇ; અને પોતાની પાસે બેસાડીને, યશોદાબાઇએ થોડી વાર તેણીના તરફ એકી નજરે જોઇ રહીને પછી ઉંડા અવાજે કહ્યું. "યમુના હું તને એક છૂપો ભેદ કહેવા માગું છું. તે ઘણો ભયંકર છે–પણ ગભરાઇશ નહિ."

"અહા ! શું એ સંભવિત છે, બાઇસાહેબ, કે તમને પ્રસવકાળ પાસે આવ્યો છે ?" યમુના, પોતાની શેઠાણીની છટેલ ચાલચલકત જાણતી હતી, તેથી તેવો શક આવવાથી તેવું અનુમાન કરતાં પૂછ્યું.

"ઇશ્વર પાસે માગું છું કે તેના કરતાં વધારે માઠો બનાવ ન હોત, યમુના !" યશોદાબાઇએ ધીમે સાદે શોકની લાગણીમાં કહ્યું. "પણ હું તને આજીજી કરીને ચેતાવું છું કે હું જે હકીકત કહું, તેનાથી ધાસ્તી નહિ ખાતાં, શાંત ચિત્તે સાંભળજે–"

"અરે ! ભલા ભગવાન ! તમે શું કહેવા માગો છો બાઇ ?–મને તો કંઇ સમજ પડતી નથી." યમુના ગભરાટમાં બોલી.

"હું એ કહેવા માગું છું કે પેલી નાહવાની ઓરડીમાં એક માણસનું મડદું છે." યશોદાબાઇએ ધાસ્તી ભરેલે અવાજે ધીમેથી કહ્યું.

"ઓ, બાપરે !!" યમુના ચીસ પાડી ઉઠી, અને તે ઓરડીના બારણા તરફ નજર કરી.

"છાની રહે–હિંમત રાખ." યશોદાબાઇ તેણીને સમજાવતાં બોલી. "જો તું બૂમ પાડી બીજા માણસોને જગાડીશ તો મારી ખરાબી થશે–પણ

જો તું મને મદદ કરીશ તો હું તને ભારેમાં ભારે ઇનામ આપીશ."

"બોલો બાઇ! શું કરવાનું છે?" યમુનાએ હિંમત લાવતાં પૂછ્યું.

"હું કહું તે સાંભળ, યમુના–" યશોદાબાઇએ કહ્યું. "તને યાદ હશે કે પેલો પોલિસનો અમલદાર ગઇ રાત્રે અહીં આવ્યો હતો. તેણે પુષ્કળ દારૂ ચઢાવ્યો, અને પછી મારી સાથે ચેન ચાળા કરવા માંડયા, અને અયોગ્ય માગણી કરી–તેને તાબે થવાની મને ફરજ પડી. હું તેને અહીં લાવી, પણ આવતાની સાથેજ તે તો મડદું થઇને મારા પગ આગળ પડયો. મગજે લોહી ચઢી જવાથી એવું પરિણામ આવ્યું."

"હાય! હાય? શું કહો છો, બાઇ? તમારા પગ પાસે મડદું થઇને પડયો?" ધારતીથી યમુના આખે શરીરે ધ્રૂજતાં બોલી.

"હા–" યશોદાબાઇએ કહ્યું. "આખી રાત હું તે મડદા પાસે એકલી રહી–હવે તું મારા ભયંકર ભેદથી જાણીતી થઇ છે, યમુના."

"અરે, રે! હું ઇચ્છું છું કે મેં આ વાત કદી જાણીજ ન હોત!" જાણે કે કોઇ ભયંકર દેખાવ પોતાની આંખો આગળ હોય, અને તે ન જોવાય, તેમ આંખોએ હાથ દાબી રાખી યમુના બોલી.

"ત્યારે શું, તું હવે મને નિરાશ કરીશ, યમુના?" દુષ્ટાત્મા યશોદાએ રડતાં રડતાં પૂછ્યું. "હાય, હાય! હવે મારૂં શું થશે! ઓ ભગવાન!".

"તે હું કશું જાણતી નથી." યમુના હાથ પછાડતાં બોલી. "મને લાગે છે કે જાણે ખુન થયું હોય અને તેમાં હું મદદગાર હોઉં!"

"ખુન?" યશોદાબાઇ ચમકીને ગભરાયેલે સાથે બોલી–"અરે! યમુના, તું એમ તો નહિજ ધારતી હોય કે તેના મોતનું કારણ હું હોઇશ?"

"એવું ધારવાને હું બીઉં છું, બાઇ–મારા પોતાના વિચારોથીજ હું ગભરાઇને બાછી પડું છું." યમુના હવે જરા હિંમત લાવતાં બોલી." પણ હવે વખત ખોવાનો નથી. જે કરવું તે જલદી કરવું જોઇએ."

"અહા! સાબાશ! મારી વહાલી યમુના." યશોદાબાઇ હિંમત મળવાથી બોલી ઉઠી. "કહે, ત્યારે, હવે શું કરીશું? હું તારા હાથમાં

છું. અને કદી તેં નહિ ધાર્યું હોય, એટલું તને હું ઇનામ આપીશ."

"હું અને તમે બે થઇને મડદાને ઠેકાણે પાડવાનું કામ મુશ્કેલ છે." યમુના હવે વધારે હિંમતવાન થતાં બોલી. "આપણે પુરૂષ નોકરોમાંથી એકને વિશ્વાસમાં લેવો જોઇએ."

"ઓ ! યમુના ? આ તું શું બોલે છે ?" પોતાનાજ નોકરોના દબાણમાં હમેશને માટે આવી રીતે આવી પડવાના વિચારથી યશોદાબાઇએ ધાસ્તીના ઉદ્ગાર કાઢયા. પણ પછી એકાએક કંઇ વિચાર થઇ આવતાં બોલી.

"જો હું ભૂલતી ન હોઉં તો, ગુમાનની સાથે તારે સારૂં છે, યમુના."

"હા, અમે સાથે બેસીએ ઉઠીએ છીએ ખરાં." યમુના શરમથી નીચું જોઇને બોલી.

"ત્યારે, સાંભળ—" યશોદા હવે હિંમત કરતાં બોલી. "તે મરનાર માણસના શરીર ઉપરનાં કપડાંમાં સાતસેં રૂપીઆની મોટી રકમ છે. તે બધી રકમ તેણે મારી પાસેથી લીધી હતી."

વાંચનારને યાદ હશે કે ક્રિષ્ણાકુમારીને નસાડવા બાબતના ઇનામના પાંચસેં રૂપીઆ યશોદાબાઇએ રસુલખાંને આપ્યા હતા; અને સુરીને છૂટી કરવા બદલ બીજા બસેં રૂપીઆ આપ્યા હતા—અને તે બધીજ નોટો હતી, તે રસુલખાંએ ગજવામાં મૂકી હતી.

"તે રૂપીઆનું શું ?" યમુના લાલચમાં પડતાં બોલી.

"તમામ રૂપીઆ તને તારા લગ્નના ચાંલ્લા તરીકે મળશે." યશોદાબાઇએ લલચાવનારો જવાબ દીધો. "અને ગુમાનને હું બીજા બસેં રૂપીઆ આપીશ. શું તું નથી ધારતી કે હવે તે તને પરણવાની ના પાડશે નહિ."

"એ ગોઠવણ હવે મને કરવા દો." યમુના હવે એકદમ ખુશાલીમાં આવી જઇને બોલી. "આજ રાતમાંજ મડદાનું એવું ઠેકાણું પાડી દઇશું કે તેનો પત્તો લાગશેજ નહિ. પણ હવે વખત જાય છે, માટે હું ગુમાનને બોલાવી લાવું."

"પણ તું જલદી પાછી આવ. મને અહીં એકલી વધારે વાર રાખીશ નહિ." યશોદાબાઇ અંદર ખાનેથી ધ્રૂજતાં બોલી.

"થોડી વારમાંજ હું પાછી આવું છું." એમ કહી યમુના ચાલી ગઇ.

યશોદાબાઇ એકલી પડી કે ભયંકર ધાસ્તીએ તેણીને ઘેરી લીધી—ગઇ રાતનો બધો બનાવ તેણીની નજર આગળ તાજો થયો. તેથી ઘણી ગભરાઈ—આખરે થોડો દારૂ અડાવી ગઇ. અને યમુનાની વાટ જોતાં અધીરી બનીને બેઠી.

આપણે ચાલો હવે યમુનાની પાછળ જઇએ, અને તેણીનો ગુમાન સાથેનો પ્રસંગ જોઇએ.

યમુના ધીમે પગલે ગુમાનના ઓરડા તરફ ગઇ. ગુમાન એક ખૂબસુરત જુવાનીઓ—કદમાં ઉંચો—મજબૂત બાંધાનો—અને કંઇક બુદ્ધિશાળી હતો. તેના સ્વભાવની બીજી બાજુ જોતાં તે સ્વાર્થી, ઉડાઉ, ચંચળ મનનો, દાંભિક અને દગાખોર તરીકે તે ઘણો ભયંકર માણસ હતો—જો કે તેના સ્વભાવની આ કાળી બાજુ પ્રકાશમાં લાવવાનો, યશોદાબાઈના મકાનમાં અત્યાર સુધી પ્રસંગ આવ્યો નહોતો, અને તેથી યમુના—જો કે તેની સાથે ઘાડા સંબંધમાં હતી—તો પણ તેના આવા સ્વભાવથી તદ્દન બીન માહિતગાર હતી.

આ રાત્રે તે ઘણી વારથી પોતાના ઓરડામાં હતો. યમુનાએ બારણું ઠોકયું. ગુમાન હજુ સૂતો નહોતો, અને યમુના આ વખતે તેના ઓરડામાં આવે તે કંઇ તેને અજાયબી નહોતી. યમુના ફુટડી અને વીશેક વરસની ભર તરુણાવસ્થામાં પેસતી સુંદરી હતી. આ ઓરડામાં તેણી પહેલીજ વખત આ વેળાએ આવી એમ નહોતું. વારંવાર આવે અસાધારણ વખતે ગુમાનને પોતાની હાજરીથી મોજ આપતી હતી. હાલ તેમાં આપણે ઉંડા ઉતરવાનું કારણ નથી. તેમનો સંબંધ કેવા પ્રકારનો હતો, તે તેમની હાલની વાતચિતથી કદાચ જણાશે.

"અહા! વહાલી યમુના" ગુમાન કંઇક માયાળુપણે, પણ મશ્કરીના અવાજે બોલ્યો—"હું જાણું છું કે, મારા વગર તારાથી રહેવાતું નથી, કેમ ખરૂંને? ગુમાનને આલિંગન આપવુંજ જોઇએ. તેનાથી એક દિવસ પણ યમુના દૂર રહી શકે નહિ."

"તું જાણે છે કે હું તને ચાહુંછું, ગુમાન." તેણીએ તેની પથારીમાં બેસી તેના ગળામાં હાથ નાખી જવાબ દીધો.

"ખરૂં છે, તું મને ચાહે તેમાં હું કંઈ આશ્ચર્ય પામતો નથી." તે બોલ્યો–"કારણ કે હું કંઇ બદશિકલ નથી, તેમ બેવકૂફ પણ નથી; પણ શું છે યમુના?." તેણીની વર્તણુક અને તેણીનો ચહેરો વિચિત્ર જોતાં તે બોલ્યો.

"ગુમાન, તું જાણે છે કે, હવે હું મારી સ્થિતિ વધારે વખત છૂપાવી શકું તેમ નથી," તેણી ગંભીર અવાજે બોલી–"તું તારૂં વચન અદા નહિ કરે? અને હવે વગર ઢીલે મારી સાથે લગ્ન નહિ કરે?"

"હા, લગ્ન વિષે વાત કરવી તો ઘણી સહેલી છે, વહાલી," અભિમાની ગુમાન બોલ્યો–"પણ પૈસા કયાં છે? એ વાત ખરી છે કે આ ઘરમાં મને સારો પગાર મળે છે, અને તે સિવાય મને બીજી રીતે પણ પુષ્કળ મળે છે, પણ મને ભાન નથી રહેતું કે એ બધા પૈસા કેવી રીતે ખર્ચાઇ જાય છે."

"કારણ કે તું ઘણો ઉડાઉ છે, વહાલા ગુમાન." યમુનાએ નરમ ઠપકા રૂપે કહ્યું–"પણ હું તને કંઇ ઠપકો આપતી નથી, કારણ કે તું મને ઘણો વહાલો છે, અને હું જાણું છું કે જો તારી પાસે સાધન હોય તો તું તારૂં વચન પાળે, અને મારી સાથે લગ્ન કરે."

"એતો ઠીક, પણ હું નથી જાણતો કે મારે શું કરવું?" પશુની માફક જંગલી ચાળા કરતો ગુમાન બોલ્યો–"મારી ખાત્રીજ કયાં છે, કે તને જે ગર્ભ છે તે મારોજ છે."

"તે બાબત હું પ્રતિજ્ઞા કહું છું કે તેમજ છે," યમુના ચહેરા ઉપર ગુસ્સો બતાવતાં બોલી.

"ચાલ, હવે તું ગુસ્સે થઇશ નહિ," તેણીનો આશક મગરૂખી ભરેલી બેદરકારીથી બોલ્યો–"કારણ કે તું જાણે છે કે, હું કંઇ તારો પહેલોજ યાર નહોતો, બીજો પણ નહિ."

"પણ તું જાણેજ છે કે, જ્યારથી મને તારા ઉપર પ્યાર થયો છે,

ત્યારથી હું તારી સાથે વફાદાર રહી છું," યમુના આંખમાં આંસુ લાવીને બોલી—' તેની પહેલાંને માટે મને ઠપકો આપવો એ કંઈ ઠીક નથી—કારણુ કે મેં કદી તને છેતર્યો નથી. મેં તને કહ્યુંજ હતું કે, શીવપ્રસાદે મને પહેલી બગાડી હતી, અને ત્યારપછી જયચંદ્ર મારા સંબંધમાં આવ્યા હતા; તે પછી તારા સિવાય બીજું કોઇ નહિ."

"ઠીક ઠીક, આપણે એ બાબત ઉપર તકરાર કરીશું નહિ," ગુમાને કહ્યું—" ચાલ હવે સુઇ જઇએ."

"અરે! પણ હજુ તેં મારા સવાલનો જવાબ કયાં આપ્યો છે?" યમુના બોલી—" હું જાણવા માગું છું કે, જો આપણી પાસે ઘર ખટલો ચલાવવા જેટલા પૈસા હોય તો તું મારી સાથે લગ્ન કરે કે કેમ?"

"ખરેખર, તું મને એવો શક ઉત્પન્ન કરે છે કે જાણે તને રૂપીઆની થેલી કંઇથી જડી હોય, અથવા કંઈ ખૂણા વચાળામાં દાટેલું ધન મળ્યું હોય!" ગુમાન હાસ્ય કરતો બોલ્યો—" અથવા જો તેમ નહિ હોય તો, તારા પહેલાંના કોઇ આશકે તને ચાલ્લામાં મોટી રકમ આપવા કબુલ કર્યું હશે. ચાલ કહી દે, ખરૂં શું છે?"

"અને ધાર કે એમાંનું કદાપિ કંઇ હોય તો?" યમુનાએ મંદમંદ હસતાં કહ્યું.

"હવે ત્યારે સાંભળ," સ્વાર્થી ગુમાને જવાબ દીધો—" મારે તારા બધા શક દૂર કરવા જોઇએ. ખરી વાત એ છે કે, મેં મારા મનથી એવી પ્રતિજ્ઞા લીધી છે કે, જ્યાંસુધી મને કોઇપણ સ્ત્રી પાંચસેં રૂપીઆ પહેરામણી તરીકે આપે નહિ, ત્યાંસુધી મારે તેણીની સાથે લગ્ન કરવું નહિ. સમજ કે હવે આપણે બે વચ્ચે કશી ગેરસમજુત થવી જોઇએ નહિ."

"બિલકુલ નહિ." વાતનું વલણુ પોતાને લાભકારક જોતાં એકદમ મુદ્દાની વાત ઉપર આવી જતાં યમુના બોલી—" હું હવે એકદમ કહી દઉં છું કે અત્યારેજ તને સાતસેં રૂપીઆ મળે, એવો રસ્તો હું બતાવું, અને જો તું તારૂં વચન પાળીને મારી સાથે લગ્ન કરે તો યશોદાબાઇ બીજા સો રૂપીઆ તને આપશે."

"યશોદાબાઇ?–તેણીને આ વાતમાં શું લેવા દેવા છે?" ગુમાન અજાયબીની લાગણીથી બોલ્યો.

"હું તને સઘળો ખુલાસો કરૂં છું," યમુના બોલી– "પણ મને વચન આપ."

"ઠીક–તે શરતોએ હું તારી સાથે લગ્ન કરવાને બંધાઉં છું–" ગુમાને જવાબ દીધો. "ખરેખર, ઘણી ખુશીથી હું તેમ કરીશ–પણ મને કહે તો ખરી કે પેલા સાતસેં રૂપીઆ મેળવવાને મારે શું કરવાનું છે? અને આપણી શેઠાણીને આ કામ સાથે શું સંબંધ છે?"

"સાંભળ–અને આશ્ચર્ય પામી ચમકીશ નહિ–કારણકે તેમ કરીશ તો મને બીક લાગશે–મોટેથી પણ બોલીશ નહિ–બીજા માણસો કદાચ જાગી ઉઠશે." યમુનાએ ભેદ ખૂલ્લો કરતા પહેલાં ચેતવણી આપી. "ખરી વાત એ છે કે, યશોદાબાઇના ઓરડામાં એક માણસ મગજે લોહી ચઢી જવાથી મરણ પામ્યો છે–તેનું મડદું અત્યારે રાતમાંજ ઠેકાણે પાડવું જોઇએ."

"ના–ના–શું એ બની શકશે?" ચકિત થયેલો ગુમાન બોલી ઉઠયો. પણ તરત તેણે જોઇ લીધું કે આ છૂપા ભેદથી તેનો યશોદાબાઇ ઉપર હમેશને માટે મજબૂત કાબુ રહેશે, તેથી પાછો બોલ્યો, "તોપણ હું મારા અંતઃકરણથી આપણી શેઠાણીને મદદ કરવા તૈયાર છું–કે જેણી સાતસેં રૂપીઆ આપવા કબુલ કરે છે."

"આવાં નકામાં ગપ્પાં મારવામાં આપણે અહીં નકામો વખત ગુમાવીએ છીએ." યમુનાએ કહ્યું. "પાકલાક કરતાં પણ વધારે વાર થઇ ગઇ છે–અને તરત પાછી જવા મેં યશોદાબાઇને વચન આપ્યું હતું–માટે ચાલ હવે, છાનોમાનો મારી પાછળ આવ."

ગુમાન વીજળીના ચમકારાની માફક ઉઠયો, અને તેને યમુના, યશોદાબાઇના ઓરડામાં લઇ ગઇ.

યશોદાબાઇ ઘણી અધીરી બની ગઇ હતી–પણ હવે બન્નેને જોઇને તેણીને હિંમત આવી. યમુનાએ ટુંકામાં જણાવ્યું કે ગુમાનને સમજાવ્યો છે, અને તે મદદ આપવાને તૈયાર છે–યશોદાબાઇએ એક દીવો લઇને નાહવાની

ઓરડીનું બારણું ઉઘાડયું-જેમાં રસુલખાંનું મડદું હતું.

યમુના ધાસ્તીથી ધ્રૂજી ઉઠી, અને આડું જોઇને ઉભી રહી-જ્યારે ગુમાને ઠંડે પેટે મડદા ઉપર ઢાંકેલું લૂગડું ખસેડી નાખ્યું.

"અરે! આતો રસુલખાં ફોજદાર છે!!" ગુમાન તેનો ચહેરો જોઇ બોલી ઉઠયો, અને યશોદા તરફ શકની નજરથી જોવા લાગ્યો.

"ચાલ, હવે આપણે વખત ગુમાવવાનો નથી." યશોદાબાઇએ કહ્યું. "જે પૈસા આપવા મેં કબુલ્યા છે, તે એ માણસના ગજવામાં છે, તે લઇ લે." તેણી ઉતાવળે બોલી, કારણકે તેણીના ઉપર ગુમાનની ઠરેલી નજર તેણીના ગુનેગાર અંતઃકરણને ઘણી આકરી લાગી.

"આ રહી નોટો." મરનારના શરીર ઉપરનાં કપડાં તપાસતાં નોટો હાથમાં આવવાથી ગુમાન બોલ્યો. અને તમામ નોટો કાઢી લઇને યશોદાબાઇને પૂછયું-કે "મડદાને ઠેકાણે કરવાની કંઇ યુક્તિ શોધી કાઢી છે કે?"

"મારો વિચાર તો પાછલા ચોકમાં પગથીઆંની તળે દાટી દેવાનો હતો." યશોદાબાઇએ પોતાનો વિચાર જણાવ્યો.

"બરોબર છે." ગુમાને પોતાની સંમતિ આપી. "તેજ રસ્તો ઠીક પડશે-પાવડો તથા કોદાળી તો ચોકમાંજ છે-માટે ચાલો, હવે મને એક હાથ આપી મડદાને ઉચકવામાં મદદ આપો કે આપણે ધીમેથી નીચે ઉતરીને પાછલા ચોકમાં લઇ જઇએ."

એમ કહીને તેણે તે મડદાને કમરમાં હાથ ઘાલીને ઉચું કર્યું, અને યમુનાએ પગ પકડીને ઉચકયા-યશોદાબાઇએ તેના ઉપર લૂગડું ઢાંકયું, અને દીવો લઇને આગળ ચાલી.

ગુમાન જુવાન હોવાથી જોરાવર હતો. તેણે બધો ભાર પોતાના હાથ ઉપર રાખ્યો. યમુના તો માત્ર પગને ટેકોજ આપતી હતી. આ પ્રમાણે નીચે ઉતરીને, પછી પાછલા ચોકમાં લઈ ગયા.

મડદાને એક બાજુ મૂકી, ગુમાને પગથીઆ નીચે ખોદવા માંડયું. એ કામ પણ ગુમાને ભારે મહેનત કરીને કેટલીકવારે પાર પાડયું. આ પ્રમાણે તેના હાથ કામમાં રોકાયા હતા, ત્યારે તેનું મગજ કંઇ નવરૂં નહોતું. નવા

નવા વિચારોમાં નિમગ્ન હતું. તે જાણતો હતો કે જીંદગીમાં પૈસાદાર થવાને માણસને એકજ સારી તક મળવી જોઇએ, અને તે હવે તેને મળી છે. યશોદાબાઈ પાસે પુષ્કળ પૈસો હતો, એમ તેનું અનુમાન હતું. અને હવે યશોદાબાઇ સંપૂર્ણ રીતે તેના કબજામાં હતી. તેણીનો છૂપો ભેદ તે કળી ગયો હતો. તેથી તેણીની પાસેથી જેટલો લાભ લેવાય તેટલો લેવાને ચૂકવું નહિ. એવીને એવી આશામાં વિચાર કરતો ખૂબ મહેનત કરતો હતો. તે જાણતો હતો કે, જો આ કૃત્ય બહાર પડે, તો હવે તેને પોતાને પણ મુશ્કેલીમાં ઉતરવું પડે, તેથી જેમ બને તેમ બિલકુલ નિશાની રહે નહિ, તેવી રીતે કામ કરવા મંડયો હતો.

જોઇતો ખાડો ખોદતાં ત્રણ કલાક લાગ્યા, કારણ કે જમીનમાં પત્થરો પૂરેલા હતા; અને તે કાઢવાનું કામ ઘણું મુશ્કેલ હતું. આ વખતે યશોદાબાઇ અને યમુના બીકથી થરથર ધ્રૂજતી ઉભી રહી હતી. તેમને ધાસ્તી લાગતી હતી કે રખેને ઘરમાં કોઇ જાગે, અને આ હકીકત જાણે. આખરે તેમની બીકનો અંત આવ્યો. ગુમાન ખાડો ખોદી રહ્યો. તે બહાર નીકળ્યો. મડદાને તેમાં ઉતાર્યું. માટી પૂરી, અને પથરા પૂરીને ખૂબ જોરથી કૂદીને દાબી દીધા. પછી પગથીઆના ઉપાડેલા પત્થરો બેસાડી દીધા. વધારાની માટી ખૂણે ખૂણે પાથરીને દાબી દીધી. પછી બધેથી વાળીને સાફ કર્યું. અને કંઇપણ નિશાની દેખાય નહિ એવી જમીન કરી દીધી.

સવારના પાંચ વાગ્યા, ત્યારે ત્રણે જણ પરવારીને પોત પોતાના ઓરડામાં સૂવા ગયાં.

પ્રકરણ ૫૪ મું.

મોજીલા મિત્રો.

ઉપરના બનાવને આશરે એકાદ અઠવાડીઉં વીતી ગયું હશે—એક દિવસ સવારે અગિઆર વાગે જયચંદ પોતાના દીવાનખાનામાં બેઠોબેઠો વાંચતો હતો—તે શું વાંચતો હતો તે જો વાંચનારને જાણવાની ઇચ્છા હોય, તો કહેવાને હરકત નથી, કે તેજ વખતે તેની વહાલી કળા તરફથી આવેલો પ્યાર ભરેલો તે કાગળ હતો. હજુ કળા, પુષ્પાવતીદેવીની બંગલીએ કુસુમની સાથે રહેતી હતી—કળાના આ કાગળમાં કુસુમને હવે ધીમે ધીમે સારૂ થવાના સમાચાર હતા.

કાગળ વાંચી રહેવાના વખતેજ એક નોકર છોકરો, બારણું ઉઘાડી ધીમેથી દાખલ થયો.

આ છોકરો શામળા વર્ણનો અને ચૌદ કે પંદર વરસની ઉમરનો દેખાતો હતો—તેનો ઘાટ નીચો હતો—નાજુક બાંધાનો હતો—ચહેરો મધુર અને શોભાયમાન લાગતો હતો—તેનાં પગલાં બિલકુલ અવાજ વગર પડતાં હતાં. તેની ચામડી કાળીતો નહિ પણ શામળી હતી.

તેની આંખો ખૂલી અને ચળકાટ મારતી હતી—તેની વર્તણુક એવી હતી કે કોઇની સાથે વધારે વાત કરતો નહિ. અને જો કોઇની સાથે વાત કરવાનો પ્રસંગ આવે, તો સામા માણસને એમજ લાગે કે ગમે તો આ છોકરો એકમાર્ગી સ્વભાવનો અને અતડો હોય, અથવા કોઇ પ્રકારના દુઃખનો બોજો તેના મગજ ઉપર હોય. તે બોલવામાં ઘણા ટુંકા શબ્દો વાપરતો, પણ કામ કરવામાં ઘણો ચાલાક અને હોશીઆર હતો—એ ઘરમાં ગમે ત્યાં ફરે, કે જાય આવે તો તેના ચાલવાની કોઇને પણ ખબર પડે નહિ. કારણકે પોતાના ચાલવાથી જરા પણ અવાજ થવા દેતો નહિ.

આ છોકરો જયચંદ્રની પાસે આવ્યો, ત્યારે જયચંદ્રે તેની સામું જો-ઇને પૂછ્યું.

"કેમ રાવજી, શું છે?"

"શીવપ્રસાદભાઇ આવ્યા છે." સુંદર મધુરા અવાજે તે છોકરાએ-રાવજીએ-જવાબ દીધો.

"તેમને અહીં મોકલ" જયચંદ્રે કહ્યું-"નીચે તેમને ઉભા રાખવા જોઇએ નહિ."

"હું દિલગીર છું, સાહેબ" તેણે ધીમે સાદે નમ્રતાપૂર્વક જવાબ દીધો. "હવેથી હું તેમ નહિ કરૂં."

"તું ઘણો સારો છોકરો છે." જયચંદ્રે માયાળુપણે કહ્યું.

રાવજીએ ડોકું નીચું નમાવી આભાર માન્યો-થોડીવારમાં શીવપ્રસાદ આવ્યા, અને દિવાનખાનાનું બારણું બંધ કરીને રાવજી ગયો.

બન્ને મિત્રો વચ્ચે હેત ભર્યો આવકાર તથા સન્માન થયું.

શીવપ્રસાદ સારી મિલકત ધરાવનાર શ્રીમંત હતો-ઉમરે ત્રીસેક વરસનો જુવાન અને ખૂબસુરત હતો-મોજમઝા વધારે પસંદ હતી-પોતાની મિલકત બાબત તકરાર ચાલતી હતી, તેથી કેટલીક વખત દિલગીરીમાં રહેતો, કારણકે તેને પોતાને ઘણું દેવું થઇ ગયું હતું, અને મિલકતની તકરારનો નીવેડો પોતાના લાભમાં થવાની આશામાં તણાતો હતો-તે અને જયચંદ્ર ઘાડા મિત્રાચારીના સંબંધમાં હતા.

"અહો! આપણે કેટલા લાંબા વખતથી જાણે એક બીજાને ઓળખતાજ ન હોઇએ, એ પ્રમાણે મળ્યા નથી, પ્રિય જયચંદ્ર." ખુરશી ઉપર બેસતાં શીવપ્રસાદે કહ્યું. "અને તેથી આજ તો મેં ખાસ મળવા આવવાનો નિશ્ચય કર્યો."

"પ્યારા મિત્ર, તમે જાણો છો કે આ ઘરમાં તમારા સિવાય વધારે આવકારને લાયક બીજું કોઇ હોય નહિ." જયચંદ્રે જવાબ દીધો. "તમારા દાવાવાળું કામ કેટલે સુધી આવ્યું છે, વારૂ?"

"સારી રીતે ચાલે છે." તેણે જવાબમાં કહ્યું. "પણ હવે તો જલદી નીકાલ થાય તો સારૂં."

આ પ્રમાણે દાવા સંબંધી કેટલીક વાતચિત ચાલતાં, પોતપોતાની મિલકતના તથા પોતાના હક્કોના દસ્તાવેજો વિષે વાત નીકળતાં જયચંદ્ર બોલ્યો.

"હું તો મારા એવા તમામ કીંમતી દસ્તાવેજો, એક પતરાની નાની પેટીમાં રાખી મારી પથારી નીચે મૂકું છું-કેમ રાવજી, શું કામ છે?" જયચંદ્રે દસ્તાવેજ સંબંધી વાત કરતાં એકાએક આ છોકરાને જોવાથી તેને પૂછ્યું. તેણે કંઇ જવાબ દીધો નહિ, પણ એક કાગળનું પરબીડીયું પોતાના શેઠને આપીને, પોતાની અવાજ વગરની ચાલથી ચાલ્યો ગયો.

"આ છોકરો ક્યારથી તમારે ત્યાં છે, જયચંદ્ર?" તે છોકરો ગયા પછી શીવપ્રસાદે પૂછ્યું.

"હમણાંજ-ફક્ત એક અઠવાડીઆથી અહીં રહ્યો છે." જવાબ મળ્યો.

"હું ધારૂં છું કે એની સારી ચાલ ચલણુ વિષે તમે ખાત્રી કરી હશે?" શીવપ્રસાદે પૂછ્યું,

"કેમ, વારૂ?" અજાયબીથી જયચંદ્રે સામો સવાલ કર્યો.

"તે હું નથી જાણતો, પણ તેને મેં જોયો ત્યારે અચાનકજ કંઇ મને એવો વિચાર થયો." તે બોલ્યો. "પણ ખરૂં કહું તો એની આવી રીતે વગર અવાજે આવવા જવાની ચાલ મને પસંદ પડતી નથી. અને મને તો તેણે તે વખતે એવો બીવડાવી માર્યો કે જાણે કાળો નાગ આવી રીતે દબાતો ચંપાતો ધીમે રહીને આવતો હોય."

"બિચારા રાવજી વિષે એવો શક લાવવો નકામો છે, શીવપ્રસાદ." જયચંદ્રે કહ્યું. "અને જો આપણે આવી ગાઢી મિત્રતા ન હોય, તો મારા નોકર વિરૂદ્ધ આવો શક લઇ જવા માટે મને ખોટું લાગે."

"ભલે ત્યારે, હવે બીજી વાત ચલાવો." શીવપ્રસાદ બોલ્યો. "તમને એ શું આપી ગયો?"

"એક ખાનગી નાટકમાં જુદા વેશથી જવાનું આમંત્રણ છે." જયચંદે કહ્યું. "પણ હું નથી ધારી શકતો કે આ કોણે મોકલ્યું હશે?"

"એની અંદર બીજું કંઇ લખેલું નથી ?" શીવપ્રસાદે પૂછ્યું.

"ના, કંઇ નહિ." જયચંદ્રે જવાબ દીધો "વળી શિરનામું કરેલું છે, તે પણ કોઇએ પોતાના અક્ષરનું વલણ ફેરવીને લખેલું જણાય છે. ખરેખર, કોના અક્ષર હશે, તે મારા ધારવામાં આવતું નથી."

"ત્યારે તો લખનાર જરૂર કોઇ સ્ત્રી હશે, અને તે પણ ઘણી કુશળ હોવી જોઇએ." શીવપ્રસાદે સૂચવ્યું." અને ઓળખાય નહિ, તેટલા માટે જાણી જોઇને અક્ષરનું વલણ બદલ્યું હશે."

"ખરેખર, ઘણું વિચિત્ર!" જયચંદ્ર ગુંચવાડામાં પડીને બોલ્યો— "કોઇ સ્ત્રીના જેવાજ અક્ષર તો દેખાય છે, અને વળી તેણીએ સારા અક્ષર ખરાબ ઢંગમાં લખવાની મહેનત કરેલી જણાય છે."

"ત્યારે જરૂર, ઉંડાણમાં કોઈ સ્ત્રીના કામ ચરિત્રનો ચાળો હશે." શીવપ્રસાદે અનુમાન કર્યું." ગમે તેમ હોય, પણ તમારે જવું જોઇએ. તમે કોઇ સ્ત્રીનું દિલ જીતી લીધું જણાય છે, અને તેણી છૂપી રીતે તમારી સાથે મઝા ભોગવવા ઇચ્છે છે. તેથી આ પ્રમાણે મળવાની તેણીએ તક સાધી છે—અરે, પણ જુઓ, વળી પાછો આ છોકરો આવ્યો—"

ખરેખર, આ છોકરાને અવાજ કર્યા સિવાય પગલાં ઉપાડી આવતો જોઇ શીવપ્રસાદ ચમકી ઉઠયો.

છેલ્લા શબ્દો સાંભળી રાવજી અટકી ગયો, અને તેની સામે જોઇ રહ્યો. પછી જયચંદ્રની સામે જોયું, તો કંઇ શક જેવું નહિ લાગવાથી આગળ વધી જયચંદ્રની પાસે એક નાની પોટલી મૂકી.

"કેમ આ શું છે?" જયચંદ્રે પૂછ્યું.

"આ પોટલી દરવાજા પાસે દરવાનને, પેલા કાગળ સાથે કોઇ આપી ગયું હતું." રાવજીએ જવાબ દીધો. "પણ દરવાન, કાગળ સાથે મને આપવાનું ભૂલી ગયો હતો—"

"ત્યારે આ કાગળ અને પોટલી કોણ લાવ્યું?" જયચંદ્રે પૂછ્યું.

"એક મજૂર લાવ્યો હતો, અને તે આપીને તરત ચાલ્યો ગયો—" રાવજીએ જવાબ દઇને ચાલવા માંડયું.

"આમાં શું છે, જયચંદ્ર ?" શીવપ્રસાદે તેના તરફ વળીને પૂછ્યું, કારણ કે જયચંદ્ર પોટલી છોડતો હતો.

"અહા ! આતો આસમાની રંગનો ડગલો અને ફેંટો છે—" જયચંદ્રે તે ઉકેલતાં કહ્યું.

"તે મોજીલી સ્ત્રી—કે જેનું દિલ તમે જીતી લીધું છે," શીવપ્રસાદે કહ્યું "તેણીએ ખરેખરી વિચિત્ર રીતે, અને કોઇ જાણે નહિ એવી સાવચેતી રાખવાનો નિશ્ચય કરીને, મોજમઝા ભોગવવાનો ઇરાદો રાખેલો જણાય છે. તમારે તે નાટકમાં જતી વખતે આ ડગલો પહેરવાનો, અને આજ ફેંટો બાંધવાનો છે, કે જેથી તેણી તમને ઓળખી શકે—વળી જુઓ, ડગલા ઉપર એવી જાતની નિશાનીઓ કરેલી છે કે, બીજું કોઇ એવા રંગનો ડગલો પહેરીને આવ્યું હોય, તો પણ તમને ઓળખી કાઢવાને મુશ્કેલી પડે નહિ—ખરેખર, તમે ભાગ્યશાળી છો, જયચંદ્ર—કારણ કે આ બધા ઉપરથી જણાય છે કે તે સ્ત્રી કોઇ મોટા કુટુંબની અને ખરેખરી મોજીલી હોવી જોઇએ."

"એટલું છતાં પણ હું જવાનો નથી, અને તેણીની માગણી કબુલ રાખવાનો નથી." જયચંદ્ર બોલ્યો.

"શું તમે નહિ જાઓ ?" શીવપ્રસાદ ભારે અજાયબીથી બોલ્યો. "શું તમે ખરૂં કહો છો ? કે પછી મારા ઉપર અવિશ્વાસ આવે છે કે રખેને મને ખબર પડી જાય ?"

"ના, ના, તેવું કંઇ કારણ નથી." જયચંદ્રે જવાબ દીધો. "છતાં તમે મારા ઉપર હસશો તો પણ હું કબુલ કરીશ, કે મેં નિશ્ચય કર્યો છે, એટલુંજ નહિ, પણ પ્રતિજ્ઞા લીધી છે, કે હું કદી પણ મારી કળાની સાથે બેવફાદારીથી વર્તીશ નહિ—અને તેથી મને મોહપાશમાં નાખવાને માટે આવું માન આપવામાં આવ્યું છે, તેની બિલકુલ દરકાર કરીશ નહિ. અને તમને જો મારી મિત્રતાની ખરી કિંમત હોય તો હવે મને એ બાબત બિલકુલ લલચાવી મારી લાગણી ઉશ્કેરશો નહિ—બિચારી કળા ! મને ખરા દિલથી ચહાય છે, અને તેણી બિચારી હાલમાં, તેણીના બાપના અસા-

ધારણુ લગ્નથી, અને તેણીની બેનની બગડેલી તબિયતથી, એટલા બધા દુઃખમાં દબાઇ ગઇ છે, કે તેમાં જો મારા અપ્રમાણિકપણાના કૃત્યની વાત તેણીના જાણવામાં આવે, તો તેણીના મગજ ઉપર જે અપૂર્વ દુઃખનો વધારો થાય, તેવું કરવા હું ઇચ્છતો નથી."

"તમે મને જે હકીકત કહી, પ્યારા મિત્ર," શીવપ્રસાદ બોલ્યો. "તે ઉપરથી તમારો નિશ્ચય ઘણો વખાણવા લાયક છે. પણ તેજ વખતે હું એવું ઇચ્છું છું કે આવી માગણી મને થઇ હોય તો મને પોતાને હું મોટો ભાગ્યશાળી ગણું-ખરેખર વિચિત્ર-ખુશકારક-અને મનની લાગણીને ઉશ્કેરનારી બીના છે-હું ધારૂં છું કે આ પહેરવેશ, મને તમારી જગોએ જવાને માટે વાપરવા, તમે આપી શકો નહિ."

"પ્યારા શીવપ્રસાદ, આવું આપણા જેવા ગૃહસ્થને નહિ છાજે એવું અપ્રમાણિકપણાનું બોલવું તમને લાયક નથી." જયચંદ્ર કંઇક નાખુશીથી બોલ્યો. "તે સ્ત્રી ગમે તે હોય, તો પણ તેણીના તરફ એવું પગલું ભરવું તે માન ભરેલું ગણાય નહિ."

"હું તો માત્ર મજાકમાં પૂછું છું." શીવપ્રસાદ જીભ દબાવતાં બોલ્યો. "અલબત્ આ એક છૂપો ભેદ છે, અને તે તમારે છૂપો રાખવોજ જોઇએ. પણ તમે શું વિચારમાં પડયા ? શું બીજું કંઇ છે વળી ?"

"ખરૂં કહું તો," જયચંદ્રે જવાબ દીધો. "આ આજના બનાવથી, લગભગ વરસ કે સવા વરસ ઉપર બનેલો એક બનાવ મને યાદ આવે છે. તે બનાવ ઘણો વિચિત્ર હતો. અને હાલના બનાવ સાથે કેટલીક રીતે તે મળતો આવે છે. છતાં હું એમ તો નહિ કહી શકું કે તે વખતે જે સ્ત્રી હતી તેજ આ સ્ત્રી છે."

"ત્યારે શું તે પાછલો બનાવ છાનો રાખવા જેવો છે, પ્યારા મિત્ર?" શીવપ્રસાદે ઇન્તેજારીથી પૂછ્યું. "જો મને જણાવવાને કંઇ હરકત નહિ હોય તો તે સાંભળવાને હું ઘણો ખુશી થઇશ."

"હું નથી ધારતો કે તે વિચિત્ર બનાવ કહેવાને કંઇ હરકત હોય." જયચંદ્રે વિચારમાં પડી જવાબ દીધો. "કારણ કે તે હકીકત છૂપી રાખવા

કંઇ મારી પાસે વચન લેવામાં આવ્યું નથી. તેમજ તે કહેવાથી કોઇ અમુક જાતની સ્ત્રીની આબરૂને હાનિ પહોંચવા જેવું પણ કંઇ નથી. કારણ કે હું તે સ્ત્રીનું નામ—ઠામ જાણતો નથી."

"ત્યારે તો મહેરબાની કરીને મને તે આશ્ચર્યકારક બનાવ જણાવો." શાંવપ્રસાદે પોતાની ખુરશી જયચંદ્રની પાસે ખેંચીને કહ્યું.

"ભલે, સાંભળો." જયચંદ્રે પોતાની વાત શરૂ કરતાં કહ્યું. "આશરે સવા વરસ ઉપર જ્યારે મારા મરનાર મોટાભાઇ હયાત હતા, ત્યારે એક વખત, પુષ્પાવતીદેવી કે જેને અમારી સાથે સગાઇનો સંબંધ છે, તેમને ત્યાં મોટો મેળાવડો હતો. અને એક ખાનગી નાટક પણ થવાનું હતું તેમાં અમને જવાનું આમંત્રણ હોવાથી અમે બન્ને ભાઇઓ ગયા હતા. થોડીવાર પછી મારા ભાઇની નબળી તબિયતને લીધે તેને ત્યાં વધારે રહેવાનો કંટાળો લાગવાથી તે ઘેર ચાલ્યા ગયા, પણ મને તો ત્યાં આગ્રહપૂર્વક રાખ્યો. આશરે બે વાગે મેળાવડો વેરાવા માંડયો. રાતનો વખત હતો. અને દરવાજા આગળ ગાડીઓની અથાગ ભીડમાં હું મારી ગાડી શોધવા ગયો. એટલામાં એક ગાડીવાળાએ મારૂં નામ પોકારી બૂમ પાડી. મેં તેના સામું જોયું, તો તે મારી ગાડી હોવાનું મને લાગ્યું નહિ. પણ હું કંઇપણ બોલું તે પહેલાં તો ગાડીઓની અને લોકોની જબરી ધમાલમાં તે કદાવર ગાડીવાળાએ મને એકદમ ઉચકીને ગાડીમાં ઘાલી દઇ બારણું બંધ કરી ગાડી પૂર જોસમાં હાંકી મૂકી. આ બધું એટલા જુજ વખતમાં બન્યું કે શું થયું, અને શું થાય છે, તેનો વિચાર કરવાનો પણ મને વખત મળ્યો નહિ, તો પછી તેના કંઇપણ કૃત્ય સામે હરકત લેવાનો તો વખત હોયજ ક્યાંથી? ગાડીમાં બેઠા પછી થોડીવારે કોઇ સ્ત્રીની રેશમી સાડીનો મારા હાથને સ્પર્શ થયો હોય એમ મને લાગ્યું. અને મારી પૂર અજાયબી વચ્ચે હું કંઇપણ ઉચ્ચાર કાઢું, અને વધારે તપાસ કરવા હું મારો હાથ આજુબાજુ ફેરવું, તે પહેલાં તો મને મારી પાસેજ બેઠેલી સ્ત્રીએ પોતાના ગાઢ આલિંગનમાં દબાવી ઉપરા ઉપરી ચુંબનો કરવા મંડી ગઇ—જાણે કે હું કોઈ નવ જુવાન કામળાંગી હોઉં, અને તેણી જાણે કોઈ મોજીલો પુરૂષ હોય! જ્યારે ચુંબનો

કરી તેણીએ પોતાનો પહેલો જુસ્સો શાંત પાડયો ત્યારે બોલી કે ' બીતા નહિ, વહાલા જયચંદ્ર, અને તમને જે ઘણુંજ ચાહે છે, તેને આવા કઢંગા કૃત્યને માટે માફી આપો. ' હું તેણીના કામવિકારના ચાળાને વશ થઇ ગયો. થોડીવાર સુધી તો જાણે સ્વર્ગની અપ્સરા સાથે નંદન વનમાં રમણ કરતો હોઉં, એવું મને ભાસ્યું. અમારા બેમાંથી કોઇપણ કશું બોલ્યું નહિ. એક એકને ગળે વળગીને બેઠાં હતાં."

"હાં! ત્યારે તમે પણ તેણીની સાથે પ્યારમાં પડયા ખરા?" શીવપ્રસાદે હસતાં હસતાં કહ્યું." પણ કદાચ તેણી કોઇ ઘરડી ડોકરી હોય કે જેણીએ તમને આવી રીતે વશ કરવા પ્રપંચ કર્યો હોય તો?"

"તે બાબતમાં તમે મારા કહેવા ઉપર વિશ્વાસ રાખો, પ્યારા દોસ્ત" જયચંદ્ર બોલ્યો. " જોકે ગાડીમાં ઘોર અંધકાર હતો—આજુબાજુના પડદા નાખી દીધા હતા—કે જેથી રસ્તાના દીવાનું પણ અજવાળું અંદર આવી શકે નહિ; છતાં જેવો તેણીના શરીરને મારા શરીરનો સ્પર્શ થયો—જેવું મારૂં શરીર તેણીની ભરાવદાર ઉછળતી છાતી સાથે ચંપાયું—અને જેવાં અમે એકબીજાને ચુંબન લેતાં મારા હોઠ તેણીના સુંવાળા હોઠ તથા ગાલને અડકયા—ટુંકામાં એટલુંજ કે જેવો હું સ્વર્ગીય સુખના મધુરા આનંદ સાગરમાં નહાવા લાગ્યો—તેવીજ મારી પાકી ખાત્રી થઇ કે તે સ્ત્રી ઘણીજ સુંદર અને અનુપમ લાવણ્યમયી જુવાન સ્ત્રી હોવી જોઇએ—તેણીએ મારી સાથે કામવિકારનાં ગેલ કરવા માંડયાં, અને હું તો જાણે નિશામાં ચકચુર થઇ ગયો હોઉં, તેમ તેણીની સાથે મેં પણ વર્તવા માંડયું—તેણી વારંવાર અતિશય પ્યારથી મને પોતાની છાતી સાથે ચાંપી ચુંબનો લેતી, અને હું પણ કામાવેશમાં આવી જઇ તેણીના ગાલ—કપાળ—હોઠ સાથે તેવીજ છૂટથી વર્તતો—તેણી ખરેખર કામાવેશથી પ્રજ્વલિત હોય એવું સ્પષ્ટ લાગતું હતું."

"ખરેખર, આતો કદી મેં નહિ સાંભળેલી એવી વિચિત્ર અને અદ્ભુત નવલકથા જેવો બનાવ છે." શીવપ્રસાદ બોલ્યો—"જો હું તમને આટલા ગાઢા સંબંધથી પૂરી રીતે ઓળખતો નહોત, તો મને એમજ લાગત કે તમે મને ખુશ કરવા કોઇ જોડી કાઢેલી કાલ્પનિક વાર્તા કહોછો."

" પ્યારા મિત્ર, હું પ્રતિજ્ઞા ઉપર કહું છું કે હું તમને ખરેખરી બનેલી હકીકત કહું છું." જયચંદ્રે જવાબ દીધો.

" તમારે એવી ખાત્રી આપવાની જરૂર નથી, વહાલા દોસ્ત." શીવપ્રસાદે કહ્યું. " પણ તમારી વાત આગળ ચલાવો. કારણકે પરિણામ જાણવાને હું ઘણો અધીરો થઇ રહ્યો છું."

" થોડીવાર સુધી તો, પેલી સ્ત્રી સાથેની આવી મોજમઝામાં ગુલતાન બની ગયો." જયચંદ્રે પોતાની વીતક વાર્તા આગળ ચલાવતાં કહ્યું. " ગાડી તો સપાટાબંધ દોડતી જતી હતી. મને કયાં લઇ જાય છે, અને આનું છેવટ પરિણામ શું આવશે, તે વિચારવાને કે જોવાને મેં બિલકુલ દરકાર રાખી નહિ. આખરે મેં તેણીને ઘણુંજ ધીમેથી પૂછવાની હિંમત કરી–'ઓ, લાવણ્યમયિ સુંદરી ! તેં મને સ્વર્ગસુખનો સ્વાદ ચખાડયો છે, પણ તે રસ્તે મને લઇ જવા તેં જે ઉપાયો લીધા છે, તે ખરેખર ઘણા વિચિત્ર અને અસાધારણ છે.' તેણીએ પછી મધુર મધુર હસતાં, ઝીણા કોકીલા જેવા અવાજે મારા ગાલ પંપાળતાં જવાબ દીધો–' ત્યારે વહાલા જયચંદ્ર, જો તમે આ અદ્ભૂત બનાવ વિષે મારો કંઇપણ આભાર માનતા હો, તો તેના બદલામાં હું એટલુંજ માગું છું કે, મારી પાસેથી કોઇપણ જાતનો ખુલાસો મેળવવાની ઇચ્છા બતાવશો નહિ–અને આપણો પ્યાર ઘણો છૂપો રહે, તેને માટે હું જે કંઇ ગોઠવણ કરવાનું પસંદ કરૂં, તે પ્રમાણે તમે વગર આનાકાનીએ કરવા દેશો.' એવું કહીને તેણીએ વળી પાછો મને વહાલથી પોતાની છાતી સાથે ચાંપ્યો–મેં તેણીને તાબે થવા વચન આપ્યું, કારણ કે હું કહી ગયો છું તે પ્રમાણે હું એ મઝામાં એટલોબધો ગુલતાન થઇ ગયો હતો કે, મને આગળ પાછળનું કશું ભાનજ નહોતું–અથવા એમ કહો કે બીજો કોઇ પણ જાતનો વિચાર કરવાનો મને વખત નહોતો, તેમ તેવા વિચારને માટે મારા મગજમાં તે વખતે જગા પણ નહોતી. કેટલીકવાર સુધી ગાડી દોડયા પછી ધીમી પડી, અને પછી થોડી વારમાં અટકી–ઉભી રહી–તેજ વખતે પેલી સ્ત્રીના સાવચેતીના ઉપાયો પાછા શરૂ થયા. નોકર ગાડીનું બારણું ઉઘાડે તે પહેલાં તો તેણીએ મારી આંખો ઉપર

એક રેશમી રૂમાલ બાંધી દીધો—અમે ગાડીમાંથી ઉતર્યા—તેણી મારો હાથ પકડીને ચાલવા લાગી—કારણ કે મારી આંખોએ પાટો બાંધેલો હોવાથી હું તો કશું દેખી શકતો નહોતો—અમારી પાછળ એક મોટા દરવાજાનાં બારણાં બંધ થતાં હોય, એમ મેં સાંભળ્યું—અમે આગળ ચાલતાં મને લાગ્યું કે અમે એક બાગ અથવા એવાજ એક ચોગાનના રેતી પાથરેલા રસ્તા ઉપર ચાલતાં હતાં—પાછાં અમે અટકયાં—મારો હાથ તેણીએ જરા વાર છોડી દીધો—એક કળમાં કુંચી ફરતી મેં સાંભળી—બારણું ઉઘડવાનો અવાજ સંભળાયો—તેણીએ મારો હાથ પકડયો—અમે કોઇ મકાનમાં દાખલ થયાં, એમ મને લાગ્યું—અંદર ગયા પછી તેણીએ બારણું બંધ કરી કળ દીધી, તે પણ અવાજથી મેં જાણ્યું. તેણીએ મને દાદરનાં પગથીઆં ઉપર લીધો—ઉપર ચઢયા પછી એક લાંબી ચાલમાં થઇને એક ખુશબોદાર સુગંધી પ-થરાઇ રહેલા ઓરડામાં મને તેણી લઇ ગઇ—આ બધું મારાથી જોવાતું ન-હોતું, પણ અનુમાનથી મેં ધાર્યું હતું.''

“પછી તમારી આંખો ઉપરથી રૂમાલ કાઢી લીધો હતો, વારૂ?” શીવપ્રસાદે પૂછયું.” અને તમે તે અદ્ભુત સુંદરીને જોઇ?”

“અહા ! તમે કેવાં ભૂલ ભરેલાં અનુમાનો કરો છો, વહાલા દોસ્ત?” જયચંદ્રે સ્મિત કરતાં જવાબ દીધો—“શું તમે એક પળ પણ એમ ધારી શકશો કે જે સ્ત્રીએ પોતાની અનીતિ ઢાંકવા, અને છૂપી રીતે પોતાનો કામા-વેશ પૂરતી મોજમઝામાં શાંત પાડવા, આટલા બધા સાવચેતીના ઉપાયો લીધા હતા, તે સ્ત્રી શું મારી નજર તેણીના ઉપર પડવા દે? નહિ, નહિ, તમે અનુમાન કરોછો તે પ્રમાણે આ અદ્ભુત બનાવનો છેડો આવશે નહિ. તે ઓરડામાં દીવોજ નહોતો. બારણું બંધ કર્યું. એટલે ઘોર અંધકાર વ્યાપી ગયો, અને ત્યારેજ મારી આંખો ઉપરથી રૂમાલ છોડી લીધો. મેં જોયું તો સંપૂર્ણ અંધકારમાં તે ઓરડામાં કંઇપણ મારાથી જોઇ શકાય એમ હતુંજ નહિ. મને વિચાર કરવાનો પણ વખત મળ્યો નહિ, કારણ કે તરતજ મને તેણી એક બેઠક ઉપર લઇ ગઇ. બેઠા પછી મને લાગ્યું કે અઢેલીને બેસ-વાનો તે ચવરંગ હતો, અને સુંવાળી ગાદીઓથી મઢી લીધેલો હતો. તે સ્ત્રી

પણ મારી જોડેજ બેઠી. પાસે એક મેજ ઉપર સ્વાદિષ્ટ મીઠાઇ તથા ઉંચી જાતનાં ફળો હતાં—તે તેણીએ મને આગ્રહપૂર્વક ખવડાવ્યાં. તેણીએ પણ મારી સાથેજ ખાધું. પછી મને તેણી એક પલંગ ઉપર લઈ ગઇ. હવે તમારે શું જાણવાનું બાકી રહે છે? એટલું તો અનુમાન કરી શકશોજ કે, અમે બન્ને એક બીજાના ગાઢ આલિંગનમાં બાકીની રાત્રિ ગાળી."

"તમે ધારો છો કે તે તેણીનું પોતાનુંજ ઘર હતું? અથવા આવા કામને માટે ભાડે રાખેલું હતું?" શીવપ્રસાદે ઇન્તેજારીથી પૂછયું.

"એ કહેવું મુશ્કેલ છે." જયચંદ્રે જવાબ દીધો—"જેવી રીતે એક પછી એક અનુક્રમે આ અદ્દભુત અને રસિક બનાવ બનતો ગયો, તેવીજ રીતે મેં તમને કહ્યું છે. તો પછી તેમાંથી હું જેવું અનુમાન કરી શકું તેવું તમે પણ અનુમાન કરી શકો એમ છે. ગમે તેમ હોય પણ મને એમ તો લાગ્યું કે તે મકાનના દરેક ભાગથી—ઓરડાઓ—બારણાં—રસ્તા—ટુંકામાં કે દરેક ખુણે ખૂણાથી તેણી જાણીતી હોવી જોઇએ—અને જો તે ઘર તેણીનું પોતાનું નહિ હોય; તો એટલું તો નક્કીજ છે કે તેણી પહેલાં ઘણીવાર એ ઘરમાં આવી હશે—પણ અનુમાનો કરવાં નકામાં છે; કારણકે તે બધો બનાવ એવી રીતે એક ગુપ્તભેદ પ્રમાણે બન્યો કે આપણો વિચાર આગળ ચાલી શકેજ નહિ. છતાં મને એમતો લાગે છે કે, કોઇ મોટા આબરૂદાર કુટુંબની પૈસાદાર સ્ત્રીને પોતાની છટેલ અને સ્વચ્છંદી લહેરમાં મારા ઉપર મોહ લાગ્યો હોવો જોઇએ, અને તેથી પોતાના તુરંગ પ્રમાણે મઝા ભોગવવા આવો ગુપ્ત પ્રકાર રચ્યો હશે—પણ તે સ્ત્રી કોણ હતી, તે હું જાણી શકીશ નહિ, તેમજ તે ઘર પણ હું શોધી કાઢી શકું નહિ—તેણીએ બધી વાત છૂપી રાખવા ઘણી સરસ રીતે સાવચેતી વાપરી હતી—અને તેથીજ જણાય છે કે તેણીની આબરૂને ખાતર એટલું બધું કરવાની જરૂર હશે."

"એટલું છતાં પણ તેણીને પોતાના ભેદમાં બીજાને વિશ્વાસમાં લેવા પડયા હશે." શીવપ્રસાદે કહ્યું. "કારણ કે ગાડીવાળો અને નોકર—એ લોકો આ બધી હીલચાલ જાણતા હોવા જોઇએ."

"એ વિચાર તો મને પણ ઘણી વખત આવ્યો હતો." જયચંદ્રે

કહ્યું–"પણ ખરું કહું તો, એવો વિચાર આવતાં હું તો ચમકી ગયો હતો કે, આવી આબરૂદાર ઘરની પૈસાદાર સ્ત્રી પોતે અનીતિની મોજમઝા ભોગવવા આટલા બધા છૂપા ઉપાયો લે, અને તેણી પોતાના નોકરોના તાબામાં રહે, એ કંઇ નાનીસુની વાત નહિ."

"ખરેખર વિચિત્ર વિરૂદ્ધતા !" શીવપ્રસાદે કહ્યું–"પણ તેણીના નોકરનો પહેરવેશ તમને યાદ નથી ? તે ગાડી ફરી જોઇ નથી ? તે ગાડી કોની હતી—તે પુષ્પાવતીદેવીને ત્યાંથી બાતમી ન મળે ?"

"અહા હવે તમારા સવાલોથી મને યાદ આવે છે કે હજુ મેં મારી વાર્તા પૂરી કરી નથી." જયચંદ્રે જવાબમાં કહ્યું–"તમને યાદ હશે કે શરૂઆતમાંજ મેં તમને કહ્યું હતું કે, આ અદ્‌ભુત બનાવ શરૂ થયો ત્યારે પાછલી રાતના બે વાગ્યા હતા–પછી અમને તે અજાણી સ્ત્રીને ઘેર જતાં લગભગ પાએક કલાક થયો હશે–અને તે પ્રમાણે જોતાં વધારેમાં વધારે અઢી વાગે હું પેલા અંધારા પણ ખુશબોદાર સુગંધીવાળા ભેદી ઓરડામાં દાખલ થયો હોઇશ. આશરે ચારેક કલાક હું એ સ્વર્ગતુલ્ય સુખમાં એ અદ્‌ભુત સુંદરીના પાસામાં રહ્યો. તે વખતે મને ખરેખર અવર્ણનિય સુખ લાગ્યું હતું, વારંવાર મને લાગે છે કે એ તે મીઠું સ્વપ્નું હશે કે ખરૂં હશે ? પણ તે ખરૂંજ હતું–અને મારી જીંદગીમાં એ સુખ અને મઝામાં ગાળેલા ચાર કલાક તો હું કદી પણ ભૂલીશ નહિ."

"આવું અદ્‌ભૂત સુખ મેળવવાના બદલામાં હું મારી જીંદગીનાં દશ વરસ અર્પણ કરૂં !" મોજીલા શીવપ્રસાદે ઉલ્લાસમાં આવી જતાં કહ્યું. "પણ પછી તેનું છેવટ કેવી રીતે આવ્યું, તે જાણવાને હું અધીરો થઇ રહ્યો છું."

"હવે મારી વાત પૂરી થવા આવી છે." જયચંદ્રે જવાબ દીધો. "કારણ કે તે ચાર કલાકનો વખત તો ચાર પળની માફક વહી જતાં વાર લાગી જણાઇ નહિ."

"પણ તમે ચાર કલાક શી રીતે કહી શકો છો ?" શીવપ્રસાદે પૂછ્યું.

"કારણ કે એ મકાનની બહાર કોઇ ઠેકાણે ઘડિઆળ હશે, તેના અ-

ડધે અડધે કલાકે ટકોરા સંભળાતા હતા." જયચંદ્રે ખુલાસો કર્યો. "પછી મારી સુંદર સોબતણે મને કોમળ અવાજે જણાવ્યું કે સાડા છ થયા છે, માટે હવે આપણે છૂટાં પડવું જોઇએ. આવી સૂચના મળવાથી હું તરત ઉઠયો, અને મારાં કપડાં પહેર્યા, અને તે સ્ત્રીએ પણ પોતાનાં કપડાં ઉતાવળથી પહેરી લીધાં. પછી વળી પાછો મારી આંખે પાટો બાંધ્યો—તે ઓરડામાંથી બહાર નીકળી, લાંબી ચાલમાં થઇને મને દાદરે ઉતારી, બહાર નીકળીને, પેલે રેતીવાળે રસ્તે અમે બન્ને ચાલ્યાં. તેણીએ મારા બન્ને હાથ પકડી રાખ્યા હતા. તેનું કારણ મને એમ લાગ્યું કે તેણી બીતી હોય કે રખેને હું મારી આંખોએથી પાટો ઉંચો કરીને આજુબાજુનો દેખાવ જોઉં, અથવા તેણીને જોઉં! પણ જો મને તેવી તક મળી હોત તોપણ હું તેમ કરત નહિ. કારણ કે હું તેણીના ઘણા આભાર તળે દબાયો હતો, કે જેણે મારા ચાર કલાક ખરેખરા મોજ મઝામાં કઢાવ્યા હતા. એમ કરતાં અમે દરવાજા બહાર નીકળ્યાં. ત્યાં ઘોડાઓના હણહણાટથી મેં જાણ્યું કે ગાડી તૈયાર હતી. મેં ધીમે સાદે તેણીને નરમાશથી કહ્યું કે ફરીથી મને આવી મઝા ચખાડશે કે કેમ? તેના જવાબમાં તેણીએ પોતાના રૂપેરી ઘંટડી જેવા મધુર અને તીણા અવાજે કહ્યું કે 'હા, વહાલા જયચંદ્ર, આપણે પાછાં જલદી ફરીથી મળીશું. તમને ફરીથી મારી ગોદમાં લેવાના જોઇતા ઉપાયો લેવાને હું ચૂકીશ નહિ!' એમ કહી વહાલમાં તેણીએ મારા હાથ જોરથી દાબ્યા, અને તરતજ પેલા જબરા નોકરે મને ઉંચકીને ગાડીમાં બેસાડી દીધો. તત્કાળ ગાડીનાં બારણાં બંધ કરી ગાડીને જોસભેર દોડાવી મૂકી."

"ત્યારે તે વખતે તો તમે આંખેથી પાટો કાઢી નાખીને આજુબાજુ જોયું કે નહિ?" શીવપ્રસાદે પૂછ્યું.

"ના, મેં તેમ કર્યું નહિ." જયચંદ્ર બોલ્યો. "જો કદાચ મેં ઉતાવળથી રૂમાલ કાઢી નાખ્યો હોત, તોપણ તે નકામું હતું; તે કારણ હમણાંજ હું તમને કહીશ. ખરૂં કહું તો જેવો મને ગાડીમાં સુંવાળી અને પોચી ગાદી ઉપર બેસાડયો, ને ગાડી ચાલવા માંડી, તેવોજ હું તો આગલા ભોગવેલા સુખાનંદના વિચારમાંજ ગરક થઇ ગયો. આખરે જ્યારે મને ભાન

થયું કે હજુ મારી આંખોએ પાટો હતો, ત્યારે મેં રૂમાલ કાઢી લીધો. પણ ગાડીની અંદર તદ્દન અંધારૂં હતું. તેથી મેં જાણ્યું કે ગાડીની બારીઓને લાકડાનાં બારણાં હશે, અને તે બંધ કર્યાં હશે. છતાં મેં એક બારી ઉઘાડવાની કોશિસ કરી, પણ તે મજબૂત બંધ કરેલી હોવાથી ઉઘડી નહિ. તેજ પ્રમાણે બીજી બારીઓ ઉઘાડવામાં પણ હું નિષ્ફળ થયો. હવે તમે જોઇ શકશો કે મેં જો પહેલેથીજ રૂમાલ કાઢી નાખ્યો હોત, તોપણ હું કશું જોઇ શકત નહિ. અહા ! તે વિચિત્ર સ્ત્રીએ પોતાનું કૃત્ય છૂપાવવા કેવી સરસ તજવીજ રાખી હતી."

"આખી વાર્તા ખરેખરી અદ્ભૂત અને ચમત્કારિક છે." શીવપ્રસાદ બોલ્યો.

"હા, તેમજ છે." જયચંદ્રે જવાબ દીધો. "પણ હવે હું મારી વાતંનો વૃાતનો છેડો લાવું છું. લગભગ પા કલાક સુધી મુસાફરી કર્યા પછી ગાડી અટકી, અને એક ઉંચા દેખાવના નોકરે ગાડીનું બારણું ઉઘાડયું. પણ તેણે સાદાં કપડાં પહેર્યાં હતાં, અને માથા ઉપર એવી રીતે ફેંટો વીંટાળ્યો હતો કે તેનો ચહેરો પણ પૂરતો જોઇ શકાય નહિ. પેલો રૂમાલ રાખી લેવાનો મને એકાએક વિચાર આવ્યો, પણ તરતજ મને એવું પગલું નીચપણાનું લાગવાથી તે વિચાર કાઢી નાખ્યો. વળી તે રૂમાલ ગાડીમાંજ રહેવા દીધાથી તે સ્ત્રીની ખાત્રી થશે કે મેં તેણીનો છૂપો ભેદ જાણવાને કશો પ્રયત્ન કર્યો નથી, એવું મેં ધાર્યું. હું ગાડીમાંથી બહાર નીકળી કોના મકાન આગળ ગાડી ઉભી રાખી છે, તે જોવા ઉંચું જોઉ છું, તો મારૂં પોતાનુંજ મકાન દીઠું. પછી તેજ વખતે પાછળ ગાડીને માટે જોવા નજર ફેરવું છું, તો ગાડીતો ઝડપબંધ દોડી જતી મેં જોઇ, અને બરોબર મારા જોવામાં આવી નહિ."

"પણ તે ગાડીનો રંગ તો તમારા જોવામાં આવ્યો હશે?" શીવપ્રસાદે પૂછ્યું.

"એવું કશું મેં જોયુંજ નથી." જયચંદ્રે જવાબ દીધો—"અને તે ગાડી ફરી મને રસ્તામાં મળે તો પણ હું ઓળખું નહિ, કારણ કે આ બધા

ચમત્કારિક બનાવથી મારા વિચારો એવા ગુંચવાઇ ગયા હતા કે, આજુ-બાજુનું મને કંઇ ભાનજ નહોતું, એમ કહું તો તે ખોટું નથી. હું ઘરમાં જઇને મારા ઓરડામાં ઘણીવાર સુધી સૂઇ રહ્યો. જ્યારે ઉઠીને દીવાનખાના-માં ગયો ત્યારે મારા મોટા ભાઇ વાંચતા હતા. તેમણે મને મારી અજાયબી વચ્ચે સવાલ કર્યો કે 'ગાડી કેમ પાછી મોકલી હતી?' આ સાંભળીને હું તો ગભરાયો, કારણ કે ગાડી વિષે હું કંઇ જાણતોજ નહોતો. મને તરતજ લાગ્યું કે, પેલી સ્ત્રીએજ એ બધો ઘાટ ગોઠવ્યો હશે, મારાથી કશો જવાબ દેવાયો નહિ, 'મને લાગે છે કે રાત્રે તું કંઇ ખરાબ સોબતમાં પડયો હોઇશ, જયચંદ્ર!' મારા ચહેરા ઉપર થતો ફેરફાર જોઇને મારા ભાઇ કંઇક શકની નજરથી બોલ્યા. પણ મારાથી કંઇ જવાબ દેવાઇ શકાયો નહિ, પછી મારા ભાઇએ મને ઘણાં શીખામણનાં વચનો:કહ્યાં. એક નાનું સ-રખું ભાષણ આપ્યું, એમ કહું તો ચાલે. ત્યારપછી થોડી વારે હું પુષ્પા-વતીદેવીને મહેલ ગયો, અને પેલી ગાડી વિષે ઘણી બારીકીથી તજવીજ કરી, પણ કોઇ કશું કરી શકયું નહિ. આ વાતને સવા વરસ થયું, પણ હજુ હું એ વિષે અંધારામાંજ રહ્યો છું."

"ત્યારે તે સ્ત્રીએ તમને ફરી મળવાનું વચન આપ્યું હતું, તે પાળ્યું નહિ?" શીવપ્રસાદે પૂછ્યું.

"કદી નહિ," જયચંદ્રે જવાબ દીધો.

"હું ફરી ફરીને કહુંછું કે આ બનાવ ઘણો અદ્દભૂત અને ચમત્કારિક છે," શીવપ્રસાદે કહ્યું—"ખરેખર, મને તો લાગે છે કે આ નાટકશાળાની ચિઠ્ઠી અને આ ડગલો અને ફેંટો તેજ સ્ત્રી તરફથી આવ્યાં હશે, અને તમારે એ મઝા ગુમાવવી જોઇએ નહિ."

"હું તમને કહી ચૂકયો છું, દોસ્ત!" જયચંદ્રે જવાબ આપ્યો—"કે મને હવે તમે લલચાવશો નહિ, કારણ કે મારી કળા સાથે વફાદાર રહેવા મેં દૃઢ નિશ્ચય કર્યો છે."

"ત્યારે આ આમંત્રણ નહિ સ્વીકારવા તમે નિશ્ચય કર્યો છે?" શીવ-પ્રસાદે પૂછ્યું—"અને તમે નહિજ જશો!"

"ના ના, હજાર વખત ના," જયચંદ્રે જવાબ આપ્યો–"મેં મારી અત્યારસુધીની જીંદગીમાં એટલી એટલી મૂર્ખાઇ કરી છે કે, હવે તે સુધારવાને માટે ડહાપણ ભરેલે રસ્તે ચાલવા કોશિસ કરૂંછું, છતાં તમે એમ નહિ ધારશો કે આ ભેદી સ્વરૂપ સુંદરીનું આમંત્રણ નહિ સ્વીકારતાં મને કંઈ લાગશે નહિ–હા, મને ઘણું દુઃખ થશે, છતાં હું તે ખમવા તૈયાર છું, કે જેનો લાભ મને પાછળથી મળશે."

આ પ્રમાણે બોલીને તેણે નાટકશાળાની ચિઠ્ઠી ફાડી નાખી, અને નોકરને બોલાવ્યો.

રાવજી હાજર થયો.

"આ ડગલો અને ફેંટો લઈ જા," જયચંદ્રે કહ્યું–"અને રસોડામાં જઇને, એ બન્નેને બાળી મૂક, એ પ્રમાણે તરતજ કરવાને મને ખાસ કારણ છે."

આ સાંભળીને શીવપ્રસાદ ચમકી ઉઠયો, અને એકદમ કંઇક આવેશમાં આવી તેને તેમ કરતો અટકાવવા જતો હતો, પણ તેટલામાં તેની આંખો રાવજીની આંખો સાથે મળી; અને રાવજીએ કંઇક ઇશારત કરી, તેથી તે ચૂપ થઇ ગયો.

"આ છોકરાને એ કપડાં લઇ જવાદો, શીવપ્રસાદ," જયચંદ્રે કહ્યું–"હું આજીજી કરીને કહુંછું કે, મારા ઠરાવમાંથી મને પાછો હઠવા કહેશો નહિ; એક વખત એ કપડાં બળી જશે, એટલે પછી મારા મનની નબળાઇ મને ઉશ્કેરશે તોપણ હું જઇ શકીશ નહિ."

"ભલે, તમારી મરજી." શીવપ્રસાદ દિલગીર થતો બોલ્યો. રાવજી પાછો તેની તરફ નજર નાખી, કંઇક અર્થસૂચક ઇશારત કરી, કપડાં લઇ ચાલતો થયો.

પછી થોડી વારે શીવપ્રસાદ પણ આડી અવળી વાતો કરી જયચંદ્રની રજા લઈ ચાલ્યો ગયો.

શીવપ્રસાદને, મકાનમાંથી નીકળતાં રાવજી મળ્યો; બન્નેની નજર મળી. શીવપ્રસાદને લાગ્યું કે આ છોકરાનામાં કંઇ ભેદ છે.

"પેસો ડગલો અને ફેંટો બાજી મૂક્યાં રાવજી?" શીવપ્રસાદે પૂછ્યું.

"તેમ કરવા આપની ખરેખર ઇચ્છા હતી, વારૂ?" રાવજીએ સામો સવાલ કર્યો.

છોકરાની આ ઉદ્ધતાઇ જોઇ શીવપ્રસાદે હોઠ કરડયા, અને શરમાઇ ગયો-થોડી વારે બોલ્યો.

"તમારા શેઠના હુકમને તાબે થવાની તમારી ફરજ છે, પણ ખરેખર એમ કરવું મને ઠીક લાગ્યું નહોતું."

"શું ખરૂં કહો છો, કે તમને ઠીક લાગ્યું નહોતું?" રાવજીએ પૂછ્યું "પણ ધારો કે એ બાબતમાં મેં મારા શેઠનો હુકમ ન માન્યો હોય, તો તમે મારે માટે ખરાબ વિચાર લાવશો?"

"તારા બોલવામાં કંઇક ભેદ સમાયેલો છે, છોકરા!" શીવપ્રસાદે કહ્યું-"અને આ જગોએ આપણે ખુલાસે વાત કરી શકીશું નહિ; માટે રાત્રે મારે ઘેર આવજે."

"જરૂર રાત્રે નવ વાગે આવીશ." રાવજીએ જવાબ દીધો.

શીવપ્રસાદ ચાલ્યો ગયો.

પ્રકરણ ૫૫ મું.

લતિબખાંની આગળ તપાસ.

રસુલખાંના ખુન ઉપર કંઇક અજવાળું.

આપણે પાછલી હકીકતોમાંથી કંઇક અંશે જાણ્યું છે કે આ શહેરમાં એક બદમાશોનું ટોળું હતું. એ વાત ખરી હતી. કોઇ પણ જાતનો ગુનો કરતાં ડરે નહિ, અને પોલિસની ગમે તેવી દેખરેખ છતાં પકડાય નહિ, એવા કેટલાક બદમાશોનું એક ટોળું હતું.

તેમણે એક છૂપા મકાનમાં પોતાનો અખાડો જમાવ્યો હતો. જ્યાં જાત જાતના પુરૂષો અને સ્ત્રીઓ લગભગ પચીસ કે ત્રીસ સુધી ભેગા થતા હતા. આ લોકો જુદેજુદે વખતે અને જુદીજુદી જગોએ ભયંકર ગુનાઓ કરતા હતા. પોલિસ તેમની પાછળ હતી. પણ અજાયબ જેવું એ હતું કે તેમને કોઇને હજુ સુધી પોલિસ પકડી શકી નહોતી. આ ટોળાનો મુખ્ય માણસ જાલમસિંહ નામનો હતો, અને આગળ એક વખત યશોદાબાઇના સંબંધમાં આપણે તેનું નામ સાંભળ્યું હતું, તે પ્રમાણે યશોદાબાઇનો તે પરણિયત ધણી હતો. પણ બંન્નેના સ્વભાવ અને રીતભાત મળતાં ન આવવાથી, એક બીજાથી છૂટાં પડી દરેકે પોતપોતાનો જુદો રસ્તો પકડયો હતો. યશો-દાબાઇએ અજબકુમારની સહાયતાથી આબરૂદાર દેખાવના ધંધાની દુકાન કરી, તેમાં—કિષ્ણાકુમારીના બોલોમાં કહીએ તો—વેસ્યાનો અખાડો કરી છૂપી રીતે પૈસા મેળવતી હતી—જ્યારે જાલમસિંહે બદમાશોના ટોળા સાથે મળી, તે લોકોનો એક અખાડો જમાવી, ધાડ, ચોરી, લુટનો ધંધો કરી પૈસા મેળવવા માંડ્યા હતા. ખુન કરવું, તેનો તો એ લોકને કંઇ હિસાબ જ નહોતો. આ ટોળામાં નીતિવાન પુરૂષ કે સ્ત્રી હોય એ તો મનાય એવું છેજ નહિ. જે સ્ત્રીઓ આ ટોળામાં હતી, તેમણે તે ટોળામાંના પુરૂષો પૈકી પોતાને પસંદ પડતા સાથે પ્રેમ જોડયો હતો—જો એવી રીતના સંબંધને પ્રેમ કહેવાતો હોય તો—સુરીએ જાલમસિંહ સાથે સંબંધ બાંધ્યો હતો. એક વખત જાલમસિંહ પોલિસના પંજામાં સપડાયાથી કેદમાં પડયો હતો, ત્યારે આ સુરીએ મોટી બાહોશીથી તેને નસાડી મૂકયો હતો, અને તે કામમાં થોડે ઘણે અંશે યશોદાબાઇને મદદ કરવાની ફરજ પાડી હતી. જ્યારે જ્યારે જાલમસિંહની પાસે પૈસા ખૂટતા, ત્યારે ત્યારે તે અધરાત મધરાતે યશોદાબાઈ પાસે આવીને ધમકીથી પૈસા કઢાવતો; અને કેટલીક વખત તેવા કામને માટે સુરીને પણ મોકલતો. અને એવાજ કામ માટે, રસુલખાં ફોજદારની ખુનવાળી રાત્રે, સુરીને આપણે યશોદાબાઇને ઘેર જોઈ હતી, અને તેથી તે વખતનો પ્રસંગ વાંચનારની યાદદાસ્તમાં તાજો હશે.

લતિબખાંને, રસુલખાં વિષે ઉઘા પાટા બંધાવી, યશોદાબાઇએ કાઢયો

હતો. પણ તે, પાકો પોલિસ અમલદાર, અને રસુલખાં જેવા બાહોશ અમલદારનો ચેલો હોવાથી તેના મનનું પૂરતું સમાધાન થયું નહોતું-પાછળથી એ સઘળી બાબતનો વિચાર કરતાં તેના મનને નિરાંત વળી નહિ. તેણે નિશ્ચય કર્યો કે ગમે ત્યાં રસુલખાં ભરાઇ પેઠો હોય, ત્યાંથી તેને શોધી કાઢવો-કારણકે તેણે મેળવેલા ઇનામના પાંચસેં રૂપીઆમાંનો લતિબખાંનો ભાગ, હજમ કરી જવાનો તેનો ઇરાદો હોવો જોઇએ, એમ લતિબખાં સમજતો હતો.

જાલમસિંહનો અખાડો લતિબખાંથી અજાણ્યો નહોતો-તેને લાગ્યું કે ત્યાં તપાસ કરવાથી કદાચ રસુલખાંનો કંઇ પત્તો મળે ખરો-અને તેમ નહિ તો એ ટોળા પૈકીના કોઇને, તેનો પત્તો લગાડવાના કામમાં રોકી શકાશે. આવા વિચારથી એક રાત્રે લતિબખાં તે અખાડામાં ગયો.

જેવો લતિબખાં દાખલ થયો કે તેમાંના માણસો, અજાણ્યા માણસને જોઇને ચમક્યા-પણ તેમાંની ધની નામની એક સ્ત્રીએ લતિબખાંને ઓળખ્યો. જાલમસિંહ આ વખતે હાજર નહોતો.

લતિબખાંએ ત્યાંનાં બધાં માણુસોની ધાસ્તી દૂર કરવા એકદમ ખુલાસો કર્યોકે, તે પોલિસ અમલદાર તરીકે આ વખતે ત્યાં આવ્યો નહોતો, પણ એક મિત્ર તરીકે કંઇક ખાસ કામને માટે આવ્યો છે.

"ત્યારે તમે શું કામે આવ્યા છો?" ધનીએ પૂછ્યું.

"કિશ્નાકુમારી નામની એક કેદી સ્ત્રીએ અમને થાપ આપીને આઠેક દિવસ ઉપર નદીમાં પડીને આપઘાત કર્યો હતો, તેતો તમે સાંભળ્યું હશે?" લતિબખાંએ પોતાની વાત શરૂ કરતાં કહ્યું.

"હા, અમે તે વાત સાંભળી છે." ધની બોલી.

"તે કામમાં હું અને રસુલખાં ફોજદાર હતા." લતિબખાંએ પોતાનું કહેવું આગળ ચલાવ્યું. "એ બનાવ બન્યા પછી તરતજ રસુલખાં ગુમ થઇ ગયો છે-ત્યારથી ઉપરી અમલદારોને કિશ્નાકુમારીના કામનો અમારા ઉપર વહેમ પડયો છે, કે તેમાં અમારો હાથ હશે, તેથીજ રસુલખાં નાસી ગયો હશે."

"પણ રસુલખાંનો પત્તો અહીંથી લાગશે એમ તમે શા ઉપરથી ધાર્યું?" ધનીએ પૂછ્યું.

"રસુલખાં કોઇ અમુક કારણથી સંતાઇ ગયો છે, એમ મને લાગે છે." લતિબખાંએ ખુલાસામાં જણાવ્યું.

"હાં! ત્યારેતો મને લાગે છે, કે કંઇ ઇનામમાં તમારો ભાગ હશે, અને તે તેણે ઉડાવ્યો હશે." ધનીએ સવાલની ઢબમાં પૂછયું

"હા, તેમજ છે." લતિબખાંએ જવાબ દીધો. "અને તેથી હું અહીં આવ્યો છું. રસુલખાં છૂપાઇ રહ્યો છે, એમાં તો કંઇ શક નથી—તેની પાસે પૈસાની મોટી રકમ છે—તેથી શહેર છોડીને નાસી ગયો નહિ હોય તો તમે મને તેને શોધી કાઢવામાં મદદ કરશો? અને તેના બદલામાં હું તમને જણાવું છું કે, જ્યારે કોઇ પણ વખતે તમારા અખાડા ઉપર કંઇ પણ આફત જેવું જણાશે, ત્યારે હું આગળથી તમને છૂપી બાતમી આપીશ."

"કબુલ છે." ધનીએ તરત જવાબ વાળ્યો. "હવે હું રસુલખાં વિષે તપાસ શરૂ કરાવીશ."

આ વખતે બારણું ઉઘાડી સુરી આવી.

"મેં તમારી બધી વાત સાંભળી છે." સુરીએ કહ્યું. "અને રસુલખાં વિષે હું તમને કંઇક વધારે ખબર આપી શકીશ."

"ખરેખર!" લતિબખાં અજાયબીમાં પડતાં બોલ્યો—"ત્યારે તો જલદી કહો."

"જે રાત્રે ક્રિષ્ણાકુમારી નદીમાં પડી તે રાત્રે હું યશોદાબાઇને ત્યાં ગઇ હતી." સુરીએ પોતાની ખબર આપવા માંડી. "તે વખતે ત્યાં રસુલખાં હતો, અને તેણે મને પકડી પણ પછી યશોદાબાઇ પાસે બે શરતો કબુલ કરાવીને તેણે મને છોડી."

"તે શું શરતો હતી?" લતિબખાંએ પૂછયું.

"મને પકડવા માટે જાહેર થયેલા ઇનામના ૭સેં રૂપીઆ યશોદાબાઇએ તેને આપવા, અને તે રાત્રે તે ભભકાદાર સુંદરીએ તેને વશ થવું." સુરીએ ઠંડે પેટે જવાબ દીધો.

"બરોબર ! હવે મને યાદ આવે છે કે, બીજે દિવસે જ્યારે હું યશોદાબાઇને ત્યાં તપાસ કરવા ગયો," લતિબખાં બોલ્યો. "ત્યારે તે બાઇનો ચહેરો પ્રથમ ઉતરી ગયેલો દેખાયો હતો."

"ત્યારે તેણીના દેખાવ ઉપરથી તમને કશો શક પડયો નહિ !" સુરીએ પૂછયું.

"ના, તે વખતે તો મને કંઇ શક ગયો નહિ." લતિબખાંએ જવાબમાં જણાવ્યું. "પણ હવે તમારા કહેવાથી મારા મગજમાં હજારો જાતના વિચારો ઉત્પન્ન થાય છે. એક વખતે, એક ખુનની તપાસમાં હું ગયો હતો; તે કામમાં એક સ્ત્રીએ પોતાના ધણીને મારી નાખ્યો હતો, તે સ્ત્રીનો ચહેરો મને શક ભરેલો અને વિચિત્ર લાગ્યો હતો, અને તેથી શક ઉપરથી મેં તેણીને પકડી હતી—અને હવે મને લાગે છે કે તેવોજ ચહેરો યશોદાબાઇનો થઇ ગયો હતો."

"ત્યરે શું યશોદાબાઇનો ચહેરો, એક ખુની માણસના જેવો તમને લાગ્યો ?" સુરીએ પૂછયું.

"અહા ! સુરી, તું કહે છે તેના કરતાં તું કંઇ વધારે જાણે છે." લતિબખાં બોલ્યો. "પણ, અરે ! રે ! જો એવું બન્યું હોય—"

"શું બન્યું હોય ?" સુરીએ વચ્ચેજ પૂછયું.

"કેમ વારૂ, શું બન્યું હોય ?" લતિબખાંએ કહ્યુ. "મને હવે શક જાય છે કે બિચારા રસુલખાનું ખુન થયું હશે."

"હવે મારા કહેવાનો ખરો ભાવાર્થ તમે સમજ્યા ખરા. "સુરી બોલી." તમામ હકીકત તપાસો. રસુલખાંનો છેલ્લો પત્તો આપણને તે દિવસે, રાતના બાર વાગતે મેં તેને યશોદાબાઇને ત્યાં જોયો, ત્યાંસુધીનો મળે છે. ત્યાર પછી તેના વિષે કંઇ સાંભળ્યું નથી. હવે એ તો ખૂલ્લુંજ હતું કે તે વખત સુધી તેનો નાસી જવાનો ઇરાદો નહોતો, કારણ કે તેમ હોત તો તે મને પકડત નહિ. પણ મારા ત્યાં ગયા પહેલાં તે યશોદાબાઇ સાથે પ્યારની વાતો કરતો હતો, એમ તેણે મને છોડવાના સંબંધમાં યશોદાબાઇ સાથે જે શરત કરી, તે ઉપરથી ખૂલ્લું દેખાઇ આવતું હતું. અને મેં તે

વખતે જે જોયું તે ઉપરથી મને ખાત્રી છે કે, યશોદાબાઇને તેને વશ થ-વાનો વિચાર ઘણો નાપસંદ અને ખરાબ તથા ધિઃક્કાર ભરેલો લાગતો હતો. વળી તેજ રાત્રે તેણીએ તેને સાતસેં રૂપીઆ આપ્યા હતા. હવે જુઓ કે આ હકીકત ઉપરથી શું અનુમાન કાઢી શકાય ?"

"શા માટે ? યશોદાબાઇને તેનું કાટલું કરવાને પૂરતાં કારણો હતાં." લતિબખાં બોલ્યો. "માત્ર તેને આપેલા પૈસા પાછા મેળવવા, એટલુંજ નહિ, પણ તેની મરજીને તાબે થવાની ફરજમાંથી મૂક્ત થવાને માટે."

"મને પણ એમજ લાગે છે." સુરી બોલી, અને દાંત કચકચાવતી મનમાંજ બબડી. "હા—હવે મારૂં વેર એ રાંડ યશોદા ઉપર લેવાશે. રાંડ ! જાતે તો વેશ્યાનો ધંધો કરે છે, અને તે દિવસે રાત્રે મારા તરફ ધિઃક્કારથી જોતી હતી. જો મોટી સતી હતી તે ? પણ, હાશ ? હવે તેણીનો બધો બદલો લેવાશે."

ત્યાર પછી કેટલીકવાર સુધી લતિબખાં, સુરી, અને ઘની વચ્ચે કેટ-લીક મસલત ચાલી, અને લતિબખાં ગયો.

પ્રકરણ ૫૧ મું.

શીવપ્રસાદને ઘેર રાવજી.

ઠરાવ પ્રમાણે રાત્રે નવ વાગે રાવજી શીવપ્રસાદને ઘેર ગયો.

શીવપ્રસાદ પોતાના દીવાનખાનામાં એકલોજ હતો, અને બેઠો બેઠો ચોપડી વાંચતો હતો, ત્યાં રાવજી ગયો.

"કેમ છોકરા, તારે મને કંઇ કહેવાનું છે, ખરૂં ?" શીવપ્રસાદે પોતાની મોટાઇમાં પૂછ્યું.

"અહા ! જો મારૂં અહીં આવવું, આપને નજીવું અને કંટાળા

ભરેલું લાગતું હોય તો હું એકદમ પાછો ચાલ્યો જઇશ." એમ કહીને રાવજીએ બારણા તરફ પાછું ફરવા માંડયું.

"ઉભો રહે, ઉદ્ધત છોકરા!" શીવપ્રસાદ બોલી ઉઠયો. "વાહ! તને જરા જરામાં ખોટું લાગતાં વાર નથી લાગતી, કેમ?"

"હા. તેમજ વળી હું કંઇ કામ લાગુ એવો પણ છું." રાવજીએ મર્મમાં જવાબ દીધો.

"અરે, વિચિત્ર ઢબના છોકરા!" શીવપ્રસાદ હસવાનો ડોળ કરીને બોલ્યો. "તારી ચાલ ઘણી વિચિત્ર લાગે છે-તારૂં બોલવું, ચાલવું, બધું એવું તો નાજુક અને મનોહર છે કે તું નોકર થવાને લાયક જણાતો નથી."

"હવે એવાં ખાલી વખાણ કરવાં બંધ રાખો, સાહેબ." રાવજીએ કહ્યું. "હું ગમે તે હોઉં, તેની આપે દરકાર રાખવાની જરૂર નથી. પણ હું આપને એક એવું કામ કરી આપીશ કે, પછી આપ મારો આભાર માનશો."

"ચાલ ત્યારે, બેસ હવે." શીવપ્રસાદે તેને પટાવતાં કહ્યું-

"આવતી કાલે રાત્રે નાટકશાળામાં છૂપાવેશમાં જવાની આપની ઇચ્છા છે, એ વાત ખરી કે નહિ?" રાવજીએ પૂછયું.

"હા, એવો કંઇક ઇરાદો ખરો." તેણે અચકાતાં જવાબ દીધો.

"અને મારા શેઠ જયચંદ્રને બદલે આપ જવા ઇચ્છો છો, એ પણ ખરૂં કે નહિ?" રાવજીએ ફરી પૂછયું.

"તારૂં અનુમાન તદ્દન ખોટું છે, એમ કહેવા હું માગતો નથી." જવાબ મળ્યો.

એટલામાં બારણું ઉઘડયું, અને રાવજી ચમકીને ઉભો થયો. નોકરે આવીને ખબર આપી કે આપણા વકીલ સુરેશચંદ્ર આવ્યા છે. શીવપ્રસાદે તેને પોતાની પાસે મોકલવા હુકમ કર્યો. રાવજી પાસેના ઓરડામાં વચલું બારણું બંધ કરી બેઠો, પણ દીવાનખાનામાં શું વાતચિત ચાલે છે, તે સાંભળવા તે સંપૂર્ણ ધ્યાન આપતો હતો.

સુરેશચંદ્ર વકીલ આવ્યો. તેની સાથે શીવપ્રસાદે પોતાના દાવાના

કામ સંબંધી કેટલીક વાતચિત કરી. તે પૂરી થતાં વકીલે પૂછ્યું." આપના એક ખાનદાન મિત્રની બાબતમાં મારે કંઈ કહેવું છે, તે કહેવાની રજા આપશો ?"

"બેશક," શીવપ્રસાદે જવાબ દીધો. "મારા કયા મિત્રને માટે તમે કહેવા માગો છો ?"

"જયચંદ્રરાયને માટે." વકીલે કહ્યું. "આજ સવારે એક જુવાન ગૃહસ્થ મારી પાસે આવ્યો. મને કેટલાક દસ્તાવેજો તેણે બતાવ્યા, અને કેટલીક હકીકત મોઢેથી પણ કહી. મેં તે સઘળા ઉપરથી જાણ્યું કે જયચંદ્રની મિલકત ઉપર, તે ગૃહસ્થ પોતાનો હક સાબીત કરવા માગે છે. મેં વિચાર્યું કે જો એ કામ સરકાર દરબાર ચઢશે તો બન્ને પક્ષકારોને ઘણા ખર્ચના બોજામાં ઉતરવું પડશે. અને મારી ખાત્રી છે કે જે હકીકત મારા જાણવામાં આવી છે, તે ઉપરથી જયચ્યંદ્રરાયના હકને કદાચ જોખમ પહોંચે. માટે આપને કહેવાનું એટલુંજ કે તેમને સમજાવવામાં આવે તો તે પેલા ગૃહસ્થ સાથે કંઇ ખાનગી નીકાલ ઉપર આવશે ?"

"મને લાગે છે કે વાજબી વાતમાં જયચંદ્ર સમજે તેવો છે." શીવપ્રસાદે કહ્યું. "પણ મારા મિત્રની મિલકત ઉપરનો તેનો હક આવી રીતે જોખમમાં છે, તે જાણી હું ઘણો દિલગીર છું. જો કે આજજ મારે તેની સાથે વાત થઇ હતી, તેથી મને તો લાગે છે કે તેને તેવો કશો શક નથી."

"હા. હાલ તો તેને બિલકુલ શક નહિજ હોય." વકીલે કહ્યું.- આ હકીકત હાલ છૂપી રાખવાની છે. હું માત્ર એટલુંજ ઇચ્છું છું કે આ કામનો ખાનગી નીકાલ થાય તો સારૂં."

"જયચંદ્રની મિલકત ઉપર હક ધરાવનાર કોણ છે, તે હું પૂછું તો ખોટું ગણાશે ?" શીવપ્રસાદે પૂછ્યું. "હું તે હકીકત છૂપીજ રાખીશ."

"મને માફ કરો, સાહેબ." વકીલે જવાબ દીધો. "મારા અસીલનું નામ હું આપી શકતો નથી. પણ એટલું તો કહીશ કે તેનો દાવો ઘણો ભારે છે. તમામ મિલકત અને જાગીરી ઉપર તે પોતાનો હક બતાવેછે."

"હું બહુ દિલગીર છું." શીવપ્રસાદ બોલ્યો. "આજ સવારેજ મારી સાથે વાત કરતાં તેણે કહ્યું હતું કે તેની તમામ મિલકતના હક બાબતના સઘળા દસ્તાવેજો તેની પાસે છે."

"હેં! એ પ્રમાણે તેણે કહ્યું હતું?" વકીલે પૂછ્યું. "ત્યારે હવે મને લાગે છે કે મારા અસીલે અનુમાનથીજ પોતાનો હક ધાર્યો હશે. તે કદાચ એમ ધારતો હશે કે જયચંદ્ર પાસે પોતાના હક સંબંધી કંઇ દસ્તાવેજો હશે નહિ. પણ હવે તો હકીકત બદલાઇ જશે."

"તમને આ પ્રમાણે બોલતા જોઇ હું ખુશી થયો છું." શીવપ્રસાદે કહ્યું. "હું ખાત્રીથી કહું છું કે જયચંદ્રે પોતાની પાસે સઘળા દસ્તાવેજો છે એટલુંજ માત્ર મને કહ્યું એમ નહિ, પણ તે ક્યાં મૂકે છે, તે પણ મને જણાવ્યું હતું."

"ત્યારે તો હવે કંઇ હરકત નથી." એમ કહી સુરેશચંદ્ર વકીલે ત્યાંથી રજા લીધી.

તેજ વખતે શીવપ્રસાદને યાદ આવ્યું કે રાવજી પાસેનાજ ઓરડામાં હતો, અને તેને છૂપી રીતે સાંભળવાની ટેવ છે, એમ તે જાણતો હતો. તેથી તેને ઘણો ગુસ્સો ચઢયો. પણ થોડીવારમાં ગુસ્સો ઉતરી ગયો, કારણ કે તરતજ તેને લાગ્યું કે પોતાના કુટુંબની બાબતમાં કંઇપણ હરકત હોય, એવી કંઇ વાતચિત થઇ નહોતી.

હવે પેલી તરફ રાવજીએ શું ઘાટ રચ્યો હતો, તે જરા જોવા જેવું છે. તે લુચ્ચો ઠીંગુજ બધું સાંભળતો હતો, પણ એક ખુરશીમાં ઉંઘતા જેવું ડોળ કરી પડી રહ્યો હતો. જ્યારે વકીલના ગયા પછી શીવપ્રસાદ તે ઓરડામાં આવ્યો, અને બારણાનો ખખડાટ થયો, ત્યારેજ જાણે ઉંઘમાંથી ઝબકી જાગ્યો હોય, એવો પૂરેપૂરો દેખાવ રાવજીએ બતાવ્યો.

"મને માફ કરો સાહેબ, કે મને ઉંઘ આવી ગઇ." રાવજી આંખો ચોળતો બોલ્યો. "અરે! પણ ઘણું મોડું થઇ ગયું હશે, નહિ વારૂ?"

"ફક્ત સાડા નવ થયા છે." શીવપ્રસાદે જવાબ દીધો.

"હવે હું વધારે વાર નહિ લગાડું." રાવજી બોલ્યો. "હું એકદમ

જણાવીશ કે જ્યારે આપને આવતી કાલે પેલી નાટકશાળામાં જવુંજ છે તો પેલો ડગલો તથા ફેંટો, આવતી કાલે આપના નોકર સાથે આપની પાસે મોકલીશ."

"હાં ! હવે હું સમજ્યો." શીવપ્રસાદ બોલ્યો. "તેં તારા શેઠનો હુકમ પાળ્યો નથી. અને તે કપડાં બાળી મૂક્યાં નથી."

જવાબમાં રાવજી માત્ર હસ્યો.

"પણ હજુ મારા સમજવામાં આવતું નથી કે મારા મનના વિચારો કળી જઇ મને આ પ્રમાણે મદદ કરવામાં તારી શું મતલબ હશે ?" શીવપ્રસાદે પૂછ્યું.

"માત્ર મારા મનની ગમત ખાતર." રાવજીએ ટુંકામાં પતાવ્યું.

"ઠીક ત્યારે." શીવપ્રસાદ બોલ્યો. "હું તારી માગણી કબુલ કરૂં છું. પણ તું યાદ રાખજે કે આપણે બેજ આ વાત જાણીએ."

"હું તો એ વાત બહાર પાડુંજ નહિ, તે તો આપના ખ્યાલમાં સહેજ આવશે." રાવજી બોલ્યો.

"ત્યારે હું વચન આપું છું કે મારા તરફથી બિલકુલ આ વાત બહાર પડશે નહિ." શીવપ્રસાદે કહ્યું. "પણ તારા ઉપકારનો બદલો મારે શી રીતે વાળવો ?"

"હાલ મારે કંઇ જોઇતું નથી." રાવજીએ જવાબ દીધો." જ્યારે મારે તમારી પાસેથી કંઇ ઇનામ તરીકે જોઇશું, ત્યારે હું માગીશ."

"હું ખુશીથી કબુલ કરૂં છું." શીવપ્રસાદે જણાવ્યું.

પછી રાવજી ત્યાંથી રજા લઇને ચાલ્યો ગયો.

શીવપ્રસાદ મન સાથે બબડયો કે "ખરેખર આ છોકરાનામાં કંઇ મોટો ભેદ છે."

શીવપ્રસાદને બિચારાને ઓછીજ ખબર હતી કે અત્યારે તેણે નાટકશાળામાં જવાની કરેલી ગોઠવણથી બીજાંઓને કેટલી કેટલી હેરાનગતી ભોગવવી પડશે !

પ્રકરણ ૫૭ મું.

નાટકશાળા.

આ પેલા વચન પ્રમાણે રાવજીએ બીજે દિવસે સવારે, ડગલો તથા ફેંટો કે જે જયચંદ્રે તેને તરતજ બાળી મુકવા આપ્યા હતા, તે રાવજીએ બાળી નહિ મૂકતાં સાચવી રાખ્યા હતા—તે શીવપ્રસાદને ઘેર પહોંચાડવાની ખાસ તજવીજ કરી.

રાત્રે નવવાગે નાટકશાળાને બારણે એક ગાડીમાંથી શીવપ્રસાદ ઉતર્યો. કહેવાની જરૂર નથી કે તેણે પેલો આસમાની રંગનો ડગલો પહેર્યો હતો, તે ગળાથી પગ સુધી આવી ગયો હતો—પેલો ફેંટો તેણે પોતાને માથે એવી રીતે બાંધી દીધો હતો કે તેનો અડધો ચહેરો ઢંકાઇ ગયો હતો—વળી વેશબદલો પૂરો ભજવવા સારૂ તેણે નાક ઉપર આસમાની રંગનાં ચસ્માં ચઢાવી દીધાં હતાં, તેથી રાતની વખતે ભાગ્યેજ તેને કોઇ ઓળખી શકે એમ હતું—તેને તો પેલી અજાણી સુંદરીને મળવાની ભારે ઉમેદ હતી—માત્ર ધાસ્તી એટલીજ હતી કે તે જયચંદ્રના કરતાં કદમાં કંઇક ઉંચો હતો, તેથી કદાચ પેલી સ્ત્રી તેનો છળભેદ પકડી શકે—છતાં તેણે ફતેહ પામવાનો પ્રયાસ કરવા નિશ્ચય કર્યો હતો.

આ નાટકશાળામાં મોટા મોટા અમીરઉમરાવો તરફથી ખાનગી નાટક ભજવાતાં હતાં, અને તેમાં મોટા મોટા ઘરનાં સ્ત્રીપુરૂષો છૂપાવેશથી ભાગ લેતાં હતાં. નાટકશાળા ચીકાર ભરાઇ ગઇ હતી—વાજું ચાલુ થઇ ગયું હતું.

શીવપ્રસાદ ચારેબાજુ ફરીફરીને જોતો હતો—તેમાં મુખ્યત્વે કરીને સ્ત્રીઓ તરફ વધારે નજર નાખતો હતો—આખરે એક ઠેકાણે ઉભો રહ્યો, તેવામાં મોંઢા ઉપર બુરખો નાખી માથે ફૂલની ટોપીવાળી એક ખૂબસુરત સ્ત્રી તેની પાસે થઇને પસાર થઇ. તે સ્ત્રીએ પોતાના બુરખામાંથી શીવપ્રસાદ તરફ એક તીક્ષ્ણ નજર ફેંકી.

શીવપ્રસાદ તેણીની પાછળ પાછળ ગયો, અને તેણીની ખૂબસુરતીથી અંજાઇ ગયો. તેને લાગ્યું કે પેલી ભેદ ભરેલી સ્ત્રી આજ હોવી જોઇએ. જ્યારે તેણીએ દૂરથી તેની તરફ વધારે તાકી તાકીને જોવા માંડયું, ત્યારે શીવપ્રશાદને બીક લાગી કે તેણીએ તેને ઓળખ્યો છે કે તે જયચંદ્ર નહોતો, અને તેની મહેનત નિષ્ફળ ગઇ હતી–પેલી સ્ત્રી ત્યાંથી ગુસ્સામાં અને નિરાશામાં ચાલી ગઇ, અને બીજી સ્ત્રીઓના ટોળામાં ભળી ગઇ.

પણ થોડીજ પળમાં પાછી તે સ્ત્રી, જ્યાં આગળ શીવપ્રસાદ ઉભો હતો, ત્યાં આગળ પાછી આવી–આ વખતે તેણી ધીમે પગલે આવતી હતી–શીવપ્રસાદ ઉભો હતો, ત્યાંથી ત્રણચાર ડગલાં દૂર ઉભી રહી.

શીવપ્રસાદે ધાર્યું કે નક્કી પેલી અજાણી સ્ત્રીજ છે–તેણીએ ડગલો તથા ફેંટો ઓળખ્યો છે, પણ પાસે આવવાને અચકાય છે, કારણકે જયચંદ્રના કરતાં તે ઊંચો હતો તેથી તેણી વહેમાઇ હશે–તે સ્ત્રી તેની પાસે થઇને થોડે આગળ ચાલી ગઇ–વળી પાછી આવી, શીવપ્રસાદને તેણીની સાથે વાત કરવાની મરજી થઇ, પણ તરત તેના ખ્યાલમાં આવ્યું કે તેનો સ્વર જયચંદ્રના સ્વરથી જૂદો પડતો હતો. તેથી પકડાઇ જવાની ધાસ્તી હતી. વળી પાછી પેલી સ્ત્રી તેની પાસે થઇને ચાલી–હવે શીવપ્રસાદની ધીરજ રહી નહિ–તેણે તેણીને ધીમેથી કહ્યું, "ખૂબસુરત પરી, તું કેમ દુઃખી જણાય છે?"

"તમે કોણ છે?" પેલી સ્ત્રીએ ધ્રૂજતા સાદે પૂછ્યું. તેણી ખરેખર ઘણી શોકાતુર જણાતી હતી.

"હું જયચંદ્ર છું." તેણે જવાબ આપ્યો. "અને તું સ્વર્ગની પરી–"

"ચૂપ! દગાખોર! પ્રપંચી!" તેણીએ તેને અટકાવીને દુઃખ ભરેલા ઉદ્ગાર કાઢ્યા અને એક બે પગલાં પાછળ લથડીઉં ખાધું.

શીવપ્રસાદ તો સજ્જડજ થઇ ગયો. તોપણ તેણીને પડતી બચાવવા હાથ લાંબો કર્યો, તેવામાં પેલી સ્ત્રી સાવધ થઈ, ગઇ અને તેના તરફ એક ધિક્કાર ભરેલી નજર નાખી, ત્યાંથી ચાલીને બીજી સ્ત્રીઓની સાથે ભળી ગઇ.

"થઈ ચૂક્યું!" શીવપ્રસાદ નિરાશામાં હાથ ચોળતો બોલ્યો. "પ્રયાસ

નિષ્ફળ ગયો. લૂચ્ચાઇ પકડાઈ ગઇ. જયચંદ્ર નથી એમ તેણીની ખાત્રી થઇ—તેણીને તો ફક્ત જયચંદ્ર—જયચંદ્ર—ને જયચંદ્રજ જોઇએ. બીજો કોઇ ચાલેજ નહિ—પણ દગાખોર—પ્રપંચી—એવા શબ્દો તેણી કેમ બોલી હશે? બરોબર છે, મેં પ્રપંચ કર્યો, અને જયચંદ્રે દગો કર્યો, એમ તેણી માને છે. ગમે તેમ હોય પણ મારે આ તક જવા દેવી જોઇએ નહિ. હું એને શોધી કાઢીશ, અને જરૂર પડશે તો ખરી હકીકત કહીને તેણીનું મન મનાવી લઇશ."

આ પ્રમાણે પોતાના મન સાથે ઘાટ ગોઠવીને પેલી સ્ત્રીને શોધવા ફરવા માંડયું.

આ વખતે બીજો પાછો એક ત્રતિક્રમ્ બનાવ બનો હતો. શીવપ્રસાદ અને પેલી ફૂલની ટોપીવાળી સ્ત્રી વચ્ચે જે પ્રસંગ બન્યો, તે દૂરથી બીજા બે માણસો ઝીણી નજરે જોઇ રહ્યા હતા. તેમાંનો એક માણસ ઉંચો અને મજબૂત બાંધાનો ખૂબસુરત જુવાનીઓ હતો—તેણે મુસલમાનનો બાદશાહી પહેરવેશ પહેર્યો હતો, અને તેમાં ઘણો દીપી નીકળતો હતો.

તેનો સોબતી તેનાથી કંઇક નીચો હતો, અને તેણે કાળો ઝભો પહેરી નાકે ચશ્મા ચડાવ્યાં હતાં.

જે વખતે પેલી ફૂલની ટોપીવાળી સ્ત્રી નાટકશાળામાં દાખલ થઇ, તેજ વખતે આ બે માણસો આવી પહોંચ્યા હતા. પેલો મુસલમાની પહેરવેશવાળો માણસ આ સ્ત્રીની અપૂર્વ ખૂબસુરતીથી મોહ પામી ગયો હતો. તેનો સોબતી તેનાથી થોડાં પગલાં પાછળ હતો, અને તે પોતાની આગળનો મુસલમાની પહેરવેશવાળો માણસ જે કંઇ કહેતો તે ઘણા માનથી સાંભળતો, અને નમ્રતાપૂર્વક જવાબ આપતો. તેથી તે તેનો નોકર હશે એવું અનુમાન નીકળી શકે.

મુસલમાન તો પેલી સ્ત્રીની બધી હીલચાલ તપાસવામાં, તેણીની પાછળ જ નજર રાખી, તેણીની પાછળ ને પાછળ થોડે છેટે રહીને ફરતો હતો; તેનો સોબતી પણ તેનાથી થોડે અંતરે તેની પાછળ રહેતો.

હવે તેમણે પેલી સ્ત્રીને પેલા આસમાની કમલાવાળા માણસ પાસે ઉભી

રહેતાં જોઇ, અને થોડી વારે આપણે ઉપર જોઇ ગયા તેમ ગુસ્સામાં તેની પાસેથી ચાલી જતી જોઇ.

"અહા! સ્રીના સૌંદર્યથી આવો કદી હું અંજાઇ ગયો નથી." પેલા મુસલમાની પહેરવેશવાળા માણસે ઉદ્ગગાર કાઢયા– "આવી સ્રીનો ચહેરો ખરેખર એક પરીના જેવો હોવો જોઇએ."

"તેણીના શરીરનો ઘાટજ એવો મોહક છે." તેના સોબતીએ અભિપ્રાય આપ્યો.

"અહા! શું તેં ફક્ત શરીરનો ઘાટજ જોયો?" મુસલમાન બોલ્યો– "અરે તેણીની ખૂબસુરતીનો બહાર તો જો! ખરેખર! પેલી બિચારી કુસુમને મળતું આનું સ્વરૂપ જણાય છે. ઓ! વિરમ! ગમે તેમ કરીને મારે તેણીને મેળવવીજ જોઇએ; માટે ગમે તેમ ગોઠવણ કર."

"આપ ખાત્રી રાખો સાહેબ," વિરમ બોલ્યો–"કે બનતા સુધી આપની ઇચ્છા પ્રમાણે ગોઠવણ થશે."

"અરે! પણ જો તો ખરો! પેલા આસમાની ડગલાવાળા સાથે તે પરી કેવાં નખરાં કરે છે?" મુસલમાન બોલ્યો.—

આ વખતે જણાવવું જોઇએ કે જ્યારે આપણે મુસલમાનના સોબતીનું નામ વિરમ જાણ્યું છે, અને તે તેનો વિશ્વાસુ નોકર હોય એમ જણાય છે, ત્યારે પેલા મુસલમાન, બાદશાહી પહેરવેશવાળા માણસને ઓળખવાને વધારે મુશ્કેલી નડશે નહિ. કદાચ વાંચનારને આ વાર્તાનો શરૂઆતનો ભાગ, પહેલા ભાગમાંથી યાદ કરવો પડશે, કે જેમાં વિરમનું આપણને ઓળખાણ થયું છે. પણ એ બધી ખટપટમાં વાંચનારને નાખવા કરતાં બહેતર છે કે તેણે તરત જાણી લેવું કે એ બીજો કોઇજ નહિ, પણ આપણો નામજાદો અજબકુમાર હતો, કે જેણે અજીતરાયના નામથી બિચારી ભોળી કુસુમનું ભવિષ્ય નાશ કરી નાખ્યું હતું. આ વખતે તે પોતાના વિશ્વાસુ નોકર વિરમને લઇને આ ઠેકાણે સ્રીઓનું સૌંદર્ય નિહાળવા મુસલમાન વેશમાં આવ્યો હતો, અને એમ પણ કહેવાને હરકત નથી કે તેથી પોતાની પશુવૃત્તિને ઉશ્કેરી તેને બળીદાન તરીકે કોઈ ભોળી બાળાનો ભોગ લેવાનો પણ ઈરાદો હતો.

"હવે આપ જો વધારે બોલશો, અને તે લોકોના સાંભળવામાં આવશે, તો આપણો ઇરાદો ધૂળ મળી જશે." વિરમે સૂચના કરી. "આપણે હાલ તો શું થાય છે તે, જોયા કરવું એજ ઠીક છે."

"પણ જો તે સુંદરી પેલા આસમાની ડગલાવાળા સાથે મળી જાય તો ?" અજબકુમારે અધીરાઇથી પોતાનો શક બતાવ્યો.

"ત્યારે તો આપના ઇરાદા પ્રમાણે થવું મુશ્કેલ છે." વિરમે કહ્યું. "પણ હવે મને જણાય છે કે, એ બન્ને કંઇ પણ આગળની ગોઠવણથી ભેગાં થયાં નથી. પણ આ સ્ત્રી ગમે તો તેની ઇર્ષાળુ પત્ની હોય, અથવા રાખેલી માશુક હોય, તે પ્રમાણે તેણીના બેવફા ધણી અથવા આશક તરફ ગુસ્સાથી જુએ છે."

"હા, યાર, જણાય છે તો એમજ." અજબકુમાર બોલી ઉઠયો. "અરે, પણ જો, જો, વિરમ ! એ તો ચાલી જાય છે. આપણે તેણીની પાછળ જવું જોઇએ, અને જો તેણી કોઇ ભાડાની ગાડી કરે તો......"

"શું કરવું તે હું સમજ્યો છું, સાહેબ." ચપળ વિરમ પોતાના શેઠની વૃત્તિ જોઇ તેના કહેવાનો ભાવાર્થ સમજી જવાથી વચ્ચેજ બોલી ઉઠયો-અને બન્ને જણુ પેલી સ્ત્રીની પાછળ ચાલ્યા.

હવે બીજી તરફ જોઇએ તો શીવપ્રસાદ પણ તે સ્ત્રીને શોધતો ફરે છે, તેવામાં "જયચંદ્ર" કરીને કોઇ બોલ્યું. શીવપ્રસાદે પાછી નજર કરી તો એક બીજી સ્ત્રી તેના જોવામાં આવી-તે પેલી ફૂલની ટોપીવાળી સ્ત્રીના જેટલીજ ઉંચી, પણ શરીરે ભરાવદાર હતી. તેણીએ શીવપ્રસાદને પૂછયું. "તમે જયચંદ્ર છો ?" તેણે હા કહ્યું, તે ઉપરથી બન્ને જણે સાથે સાથે ચાલવા માંડયું, તો વેગળે ફૂલની ટોપીવાળી સ્ત્રીને ઉભેલી, અને તેમને બન્નેને તાકી તાકીને જોતી તેમણે જોઇ.

"અહા ! જયચંદ્ર" શીવપ્રસાદની સાથેની સ્ત્રી બોલી. "પેલી સ્ત્રી તમને ચાહાનારી હશે, કારણ કે આપણને બન્નેને તેણી ધારીધારીને જુએ છે-અને તમે છુપાવેશમાં મને અહીં મળવા આવવાનો છો, એમ તેણી જાણતી હોવી જોઇએ; અને તેથીજ ઇર્ષાને લીધે ખાત્રી કરવા આવી હશે. અરે ! જો કદાચ અહીં કંઈ તકરાર થશે તો !"

"એવું કંઇ ખાસ્તી રાખવા જેવું નથી." શીવપ્રસાદે ધીમે સાદે કહ્યું. "જો, હવે તેણી આપણી તરફ જોતી નથી. પણ ચાલી જાય છે."

પછી તે બન્ને એક એકાંત જગાએ આવીને ઉભા રહ્યાં. થોડીવાર પછી બન્ને જણ બહાર નીકળી એક ગાડીમાં બેસી ગાડી દોડાવી મૂકી.

પ્રિય વાંચનાર, આપણે તેમની પાછળ જવાનું કામ નથી—માત્ર એટલુંજ જાણવું બસ થશે કે શીવપ્રસાદની હિંમત વધારે વખત પ્રપંચી વેશ ભજવવાની નહિ ચાલવાથી ગાડીમાં પેલી સ્રીને પોતાનું ઓળખાણ આપ્યું. અને જણાવ્યું કે જયચંદ્ર તેણીના આમંત્રણને કબુલ નહિ કરવાનો હોવાથી છૂપી રીતે તેણે તેનો વેશ ભજવ્યો હતો, કારણ કે જયચંદ્રની વાતથી તે તેણીના ઉપર ઘણો મોહલુબ્ધ થઈ ગયો હતો—પેલી સ્રી શીવપ્રસાદને ઓળખતી હતી. તેથી આ ઓળખાણ પડતાં ચમકી, અને પોતાને પ્રપંચનો ભોગ કરવાનું જાણી ગુસ્સે થઇ, છતાં તેણીએ પોતાનો ગુસ્સો દબાવી રાખ્યો, અને શીવપ્રસાદની સાથે દેખાદ્દંતા પ્યારની વાતો કરવા માંડી. જયચંદ્રે શીવપ્રસાદને પોતાની અદ્‌ભૂત વાર્તા કહી હતી, તે પ્રમાણે એક મકાનમાં તેની આંખે પાટો બાંધી લઇ ગઈ, અને પેલા ઓરડામાં દાખલ કર્યો—પછી ત્યાં પેલી પહોંચેલી સ્રીએ શીવપ્રસાદની સાથે પ્રેમપાશમાં પડવાને બદલે તેને મીઠી મીઠી વાતો કરી, ખવડાવી પીવડાવી, વાતમાં હસાવી રમાડી, ઘેનવાળો પદાર્થ આપીને ઘેનમાં નાખ્યો—તે ઘેનમાંને ઘેનમાં ઉંઘી ગયો—સવારે જ્યારે જાગ્યો, ત્યારે તેણે જોયું તો પોતાનાજ મકાનમાં, પોતાનાજ સૂવાના ઓરડામાં, અને પોતાનીજ હમેશની પથારીમાં સૂતેલો હતો—તેને ઘણું આશ્ચર્ય લાગ્યું. રાત્રે બનેલો બનાવ સ્વપ્નું હશે કે શું! એવી ભ્રમણામાં પડયો—પણ લાંબો વિચાર કરતાં તેને બનેલો બનાવ ખરો જણાયો—ત્યારે તે રાત્રે તો પેલી બાઇની સાથે પેલા ભેદ ભરેલા ઓરડામાં હતો, અને અત્યારે પોતાના મકાનમાં ક્યાંથી? આ સવાલે તેને ઘણો ગુંચવ્યો—છેવટે તેને લાગ્યું કે તે સ્રીએ તેને સજ્જડ બનાવ્યો છે, અને ઘેનમાં નાખી, તેવીજ સ્થિતિમાં તેને પોતાને ઘેર પહોંચાડયો હશે. પોતાના ખાનગી નોકરને બોલાવી પૂછપરછ કરતાં જણાયું કે મળસકે ત્રણેક વાગે એક ગાડીમાં તે આવ્યો હતો, અને

નિશામાં હોય તેવી સ્થિતિમાં હતો, તેથી તેને ઉચકીને ઘરમાં લાવી સૂવાડ્યો હતો—એતો બધું ઠીકછે; પણ પેલી બાઇએ રાત્રે તે ઓરડામાં પ્રેમની વાતો કરતાં કરતાં આ બિચારા મોહલુબ્ધ શીવપ્રસાદ પાસે તેની પોતાની કોઇને પણ નહિ જણાવવા જેવી ઘણી વાતો કઢાવી લીધી હતી, અને તેમાં કેટલીક એવી હતી કે, તે જો બહાર પડે તો તેની આબરૂ અને તેની જીંદગી સુદ્ધાં જોખમમાં આવી પડે—શીવપ્રસાદને આ બધી હકીકત યાદ આવતાં રાતની પોતાની વર્ત્તણુકને માટે ઘણો પસ્તાવો થયો, અને પ્રપંચનું ફળ તેને પોતાને પ્રપંચમાંજ મળ્યું, એમ જાણી મનમાં ઘણોજ શરમાઇ ગયો. પેલી સ્ત્રીને ઓળખવા તથા શોધી કાઢવા ઘણો પ્રયત્ન કર્યો, પણ બધું નિષ્ફળ—હાથ ચોળતો, અને પસ્તાતો મનમાં સમજીનેજ બેસી રહ્યો—તેણે જોયું કે તેના માથાની સ્ત્રી તેને મળી.

હવે આપણે પાછા નાટકશાળામાં જોઇએ.

શીવપ્રસાદ પાસેથી ગુસ્સે થઇને પેલી ફૂલની ટોપીવાળી સ્ત્રી નાટકશાળામાંથી ચાલ્યા જવાને ઇરાદે ઉતાવળી ઉતાવળી ચાલી—પણ તેણી બિચારીને ખબર નહોતી કે તેણીનો છળ કરવાને તેણીની પાછળ બે માણસો લાગેલા છે—અજબકુમાર અને વિરમ તેણીની દરેક હીલચાલ તપાસતા તેણીની પાછળ ને પાછળજ હતા.

થોડું ચાલ્યા પછી પેલી સુંદરી ધીમી પડી—અટકી—અને જ્યાં શીવપ્રસાદ ઉભો હતો, ત્યાં આગળ પાછી જવા પાછી વળી—પાછી ઉભી રહી. તેવામાં તેણીના ખભા ઉપર કોઇએ હાથ મૂકયો—તેણીએ પાછું ફરીને જોયું તો એક દાસીના પોશાકવાળી સ્ત્રીને દીઠી—પણ તેણીએ બુરખો નાખ્યો હતો.

"તમે કોણ છો?" ફૂલની ટોપીવાળી સ્ત્રીએ પૂછયું.

"તમને જે સારી રીતે ઓળખે છે, તે હું છું." બીજીએ જવાબ આપ્યો.

"ખરેખર વિચિત્ર સ્ત્રી!" પહેલીએ ઉદ્દગાર કાઢયો. "મારી પાસે તમે કેમ આવ્યાં છો? અહા! શું તમે પેલો નનામો કાગળ લખનાર—'

"હા, તેજ હું છું." વાક્ય પૂરું કરવા દીધા સિવાય બીજી સ્ત્રી

બોલી ઉઠી-"વારૂ, પણ તે કાગળમાં મેં જે લખ્યું હતું, તે સઘળાના ખરાપણા વિષે તમારી ખાત્રી થઇ? પણ મેં તમને આટલી આટલી સૂચના આપ્યા છતાં તમે તેને મળીને વાત કરી એ ઘણું ખોટું કર્યું."

"અરે! પણ એવે વખતે મારી લાગણી હું શી રીતે દબાવી શકું?" ફૂલવાળી સ્ત્રીએ કહ્યું. "પણ તમે આ હકીકત શી રીતે જાણી! અને મને ચેતવણી આપવાની તમને શું જરૂર પડી?"

"તે મારો છૂપો ભેદ છે." પેલી સ્ત્રી બોલી. "પણ હવે હું એક બીજી સલાહ આપવા માગું છું."

"બોલો." જવાબ મળ્યો,

"જ્યારે એક બેવફા પ્રીતમના ગુનાથી એક નીતિવાન સ્ત્રીને ગુસ્સો લાગે છે," તેણી બોલી-"ત્યારે તેણી પેલાને ઠપકો આપવાને લાંબુ લાંબુ લખતી નથી-પણ માત્ર ટુંકામાંજ લખે છે કે હવે તેણે તેણીની પાસે જવું નહિ-અને પછી તેને પોતાના બેવફાદારી ભર્યા કૃત્ય ઉપર તેને ફાવે તેવું અનુમાન કરવા છોડી દેછે."

"જો તમે મને કહ્યું નહોત, તોપણ હું એ પ્રમાણેજ કરત." ફૂલવાળી સ્ત્રી બોલી-"હવે બીજું કંઇ કહેવાનું છે?"

"ના" એમ કહી પેલી બીજી સ્ત્રી ઉતાવળે પગલે ચાલી ગઇ.

"જો, જો, વિરમ, હવે પેલી સુંદરી એકલી પડી." અજયકુમારે પોતાના નોકરને કહ્યું.

"હવે આપનો ઇરાદો પાર પાડવા જે કરવું હોય તે કરવાનો વખત આવી પહોચ્યો છે" વિરમે સૂચના કરી.

આ વખતે ફૂલની ટોપીવાળી સ્ત્રી જરાવાર ઉભી રહી, અને પછી એકદમ જાણે કોઈ અમુક જાતના નિશ્ચયપર આવી હોય, તેમ સપાટાબંધ ઉતાવળી ચાલી, અને નાટકશાળાની બહાર નીકળી ગઇ. આ વખતે પણ તેણીની પાછળ વિરમ ઉતાવળે પગલે આવતો હતો. તે તેણીના જોવામાં આવ્યો નહિ

"ગાડી...ભાડાની ગાડી...કેમ બાઇ, ગાડી લાવું? ક્યાં જવું છે?"

આ પ્રમાણે નાટકશાળાની બહાર ભાડાની ગાડીઓવાળા પૂછવા લાગ્યા.

"એક ગાડી જોઇએ." પેલી સ્ત્રી બોલી.

"ક્યાં જવું છે બાઇ?" એક ગાડીવાળાએ પોતાની ગાડી આગળ લાવીને પૂછયું.

આ સવાલનો જવાબ પેલી સ્ત્રીએ ગભરાટમાં ગમે તે આપ્યો; પણ કંઇ એવી મતલબનું કહ્યું, કે કોઇ બાઇની આબરૂદાર વીશી કે એવું કોઇ મકાન હોય કે જ્યાં આજની રાત રહી શકાય, ત્યાં લઇ જા. પેલી સ્ત્રી એકદમ ગમે તેમ કહીને ગાડીમાં ચઢી બેઠી. ગાડીવાળો આગળ બેસી ગાડી હાંકવા લાગ્યો, કે તેજ વખતે તેની સાથે વિરમ પોતાનો ચહેરો ખૂલ્લો કરીને બેસી ગયો. ગાડીવાળાએ તેને ઓળખ્યો, એટલે કંઇ હરકત લીધી નહિ, તેણે ગાડીવાળા સાથે ધીમેથી કંઇક વાત કરી, અને તેના હાથમાં પાંચ રૂપીઆ મૂક્યા. ગાડી ઉતાવળી દોડવા લાગી. થોડાજ વખતમાં એક મોટા મકાન આગળ આવીને ગાડી ઉભી રહી. વિરમે ઉતરી પડીને ગાડીનું બારણું ઉઘાડયું.

"આ કોનું મકાન છે?" પેલી સ્ત્રીએ પૂછયું.

"તમે જેવું કહ્યું હતું તેવાજ પ્રકારનું તમારે આજની રાત રહેવા લાયક છે." વિરમે ભરમમાં જવાબ આપ્યો.

પેલી સ્ત્રી પોતાના દુઃખી વિચારોના બોજા તળે એટલી બધી દબાઇ ગઇ હતી કે તેણીને બીજું કશું ભાનજ નહોતું, એમ કહીએ તો કંઇ ખોટું નથી. ગાડીમાંથી નીચે ઉતરી–તે દરમિયાન વિરમે સૂચના આપ્યા પ્રમાણે ગાડીવાળાએ તે મકાનનું બારણું ઠોકીને ઉઘડાવ્યું. એક દાસી દીવો લઇને આવી, અને વિરમ પેલી સ્ત્રીને ઘરમાં લઇ ગયો. પેલી દાસી તેણીને માનપૂર્વક એક ઓરડામાં લઇ ગઇ, અને બારણું બંધ કરી ચાલી ગઇ.

પેલી ફૂલની ટોપીવાળી સ્ત્રી તો, ગમે તે ઘર હોય, પણ રાતની રાત એકાંતમાં પડી રહીને સવારે ચાલી જઇશ, એવા વિચારથી તે ઓરડામાં પોતાનાં કપડાં કાઢી સુવાનો વિચાર કરતી હતી, એટલામાં તો તે ઓરડાના એક ખુણામાંથી એક ઉંચા કદનો મુસલમાન તેણીની પાસે આવ્યો.

" અરે આમાં કંઇ મોટી ભૂલ થઇ છે." તેણી બારણા તરફ પાછી રતાં બોલી.

"ના ના, કંઇ ભુલ થઇ નથી. માત્ર સહેજ પ્રપંચ કરવો પડયો છે, વાત ખરી છે; પણ મને ખાત્રી છે કે તું મને માફ કરીશ. હું મુસલ-ાન નથી, પણ એક અજીતરાય નામનો હિંદુ છું." એમ કહી અજબકુમારે ગલો, તથા માથા ઉપરથી બાદશાહી ઠાઠની પાઘડી અને ખોટી દાઢીના ળ કાઢી નાખી પોતે પોતાના ખરા રૂપમાં પ્રકાશ્યો.

" અને હું," તે સ્ત્રીએ જ્યારે અજબકુમારનો જાણીતો અવાજ ાંભળ્યો ત્યારે હિંમત લાવીને બોલી–" કુસુમની બેન કળા છું."

પ્રકરણ ૫૮ મુ.

અજબકુમાર અને કળા.

જ્યારે કળાનો સ્પષ્ટ અને મધુર પણ દૃઢ અવાજ સાંભળ્યો ત્યારે અજબકુમાર એકાએક આભો બની જઇ ઠંડોગાર ઇ ગયો. તેને પ્રથમ તો શરમ અને નીચપણાની લાગણી થઇ, પણ પાછી રતજ તેની પશુવૃત્તિએ તેનામાં નઠોરતા આણી. અને તેવી વૃત્તિમાં તેણે ાર્યું કે કળા આવી ખૂબસુરત પરી જેવી છે, તો તેણીને છોડી દેવાને ઇ કારણ નથી.

અહા! નીચ અને પશુવૃત્તિના માણસોમાં જે નફટાઇ હોય છે, તેનો જબકુમાર એક પ્રત્યક્ષ દાખલા રૂપે હતો. તે જાણતો હતો કે આજ ક-ાની બેન કુસુમ તેનો ભોગ થઇ પડી હતી, અને તેના પરિણામે ગાંડી ઇ ગઇ છે, અને તેથી બન્ને બેનો ઉપર અપાર દુઃખ નાખ્યું છે. એટ-જ નહિ, પણ બિચારી કુસુમનો જન્મારો ધૂળ કરી નાખ્યો છે. હવે

તેણીને બિચારીને જીવતાં સુધી આ જન્મમાં તો સુખનું નામ પણ જોવાનું રહ્યું નહોતું. આ બધાનો કર્તા તે પોતેજ હતો, એવું તે જાણે છે, છતાં તેના પસ્તાવાનો એક અંશ માત્ર તેના કઠોર અંતઃકરણમાં નથી; એટલુંજ નહિ, પણ પાછો કળાને પોતાનો ભોગ બનાવવાને પણ અધીરો થઇ રહ્યો છે. અજાયબ જેવું છે કે આવા માણસોને અંતઃકરણ હશે કે નહિ, તેજ વિચારવું મુશ્કેલ છે.

અજબકુમાર કળાની ખૂબસુરતીને નિહાળી નિહાળીને તેણીને ગમે તે પ્રકારે અત્યારે પોતાનો ભોગ બનાવવાનો વિચાર કરતો હતો, ત્યારે કળાના મગજમાં કેવા વિચાર આવતા હશે ? એ સવાલ સ્વાભાવિક ઉત્પન્ન થાય છે. વાંચનારે આશ્ચર્ય પામવા જેવું નથી કે તેણીનો, અજબકુમાર તરફ હદ વગરનો તિરસ્કાર હતો, અને પોતાની વહાલી બેનને ખરાબ કરનાર તરીકે તેને ઉંડા અંતઃકરણથી ધિઃક્કારતી હતી—અને તેથી તેણીએ હાલની પોતાની સ્થિતિનો વિચાર બાજુ ઉપર રાખી, પોતાની ધિઃક્કારની લાગણી પૂરા ક્રોધમાં જણાવવાનો નિશ્ચય કર્યો.

"ખરેખર ! આ વિચિત્ર પ્રસંગ બન્યો છે." આખરે અજબકુમાર બોલ્યો—"પણ તેં મને નાટકશાળામાં જોયો નહોતો, કળા ?"

"અહા ! અત્યાર સુધી હું નહોતી જાણુતી કે દુષ્ટમાં દુષ્ટ માણસનું અંતઃકરણ આટલું બધું કાળામાં કાળું અને નીચમાં નીચ હશે !" કળાએ પોતાનો ઉભરો કાઢવા માંડયો. "તેવું અંતઃકરણ મેં માત્ર તમારામાંજ જોયું. કારણ કે જેણી, તમારાં કાળાં કાવત્રાંનો ભોગ થઇ પડી છે, તેણીની બેનની સાથે આવી અપમાન ભરેલી રીતે બોલતાં તમને જરા પણ શરમ આવતી નથી. ધિઃક્કાર છે, તમને—અજબકુમાર—ભલે ગમે તો તમે દીવાનના પુત્ર છો—કે રાજાના માનીતા છો—તોપણ હું તમારા મોઢા ઉપર કહું છું કે કદી પણ તમારા જેવા નીચમાં નીચ અને દુષ્ટમાં દુષ્ટ અંતઃકરણના માણસે જન્મ લઇ આ દુનિઆને દુષિત કરી નહિ હોય !"

"તું જાણે છે, કળા, કે કુસુમની બાબતમાં જે બન્યું છે, તેને માટે હું ઘણોજ દિલગીર છું." કળાના રોષભેર બોલવાથી, અને ધિઃક્કારના

વરસાદથી, અજબકુમાર—જો કે ગુસ્સે તો ઘણો થયો—પણ કુસુમનું નામ આવવાથી શરમીંદો થઇને, નરમ પડીને બોલ્યો. "પણ ખરેખર, તેમાં મારો ઇલાજ નહોતો. પ્યાર અને કામચરિત્રનો પ્રસંગ હતો, અને તે પ્રસંગે પાછળથી મોટું રૂપ પકડયું—કે જે વિષે મને પ્રથમ કશો વિચાર આવ્યો નહોતો."

"જે શબ્દો તમે હમણાં બોલો છો, અજબકુમાર," કળા રોશમાં ને રોશમાં બોલી—"તેજ તમારા કાળા અને નીચ અંતઃકરણની મને ખાત્રી આપે છે."

"તારા શબ્દો ઉદ્ધતાઇ કરતાં પણ વધારે સખ્ત છે, સુંદરી." અજબકુમાર હોઠ કરડતો બોલ્યો. "પણ તેથી હાલ મારે ગુસ્સે થવાનો વખત નથી—પણ હું ઇચ્છું છું કે મારી વિરૂદ્ધ તારે જેટલો ઉભરો કાઢવો હોય, તેટલો એક વખત કાઢી લે—અને પછી કદાચ આપણે શાંત રીતે વાત કરી શું.—કે જેથી આપણે વધારે સંબંધમાં આવીશું."

"હું જાણું છું કે તમારા છેલ્લા શબ્દોમાં કંઇ નીચ ભેદ સમાયેલો છે, પણ તે મારે સમજવાની જરૂર નથી—" કળા મગરૂબીથી ટટાર ઉભી રહીને બોલી—"પણ તમારી પરવાનગીનો હું ઉપયોગ કરીશ; અને પાછલી વાત ઉપર થોડું ઘણું બોલીશ. હાલના કહેવાતા સુધરેલા (!) જમાનામાં હજારો સ્ત્રી પુરૂષોની દાંભિકતામાં જે જે અનીતિનાં કામો થાય છે, તેવી દુષ્ટાઓની સાથે તમે મારી ગરીબડી બેનને સરખાવો છો, અને તે પ્રમાણે તેણીનો વિચાર કરો છો. પણ સાંભળો, અજબકુમાર, હું તમને કહું છું કે, આ પ્રસંગમાં માણસની ઠગાઇ અને પ્રપંચ, નીચમાં નીચ માણસના કૃત્ય કરતાં વધારે કાળી બાજુ તરફ છે, અને તેનો જવાબ સર્વ શક્તિમાન ઇશ્વરને ત્યાં આપવો પડશે. ભલે કદાચ હાલ તો, તમે રાજ્યમદ અને પૈસાના જોરે ગરીબ પ્રાણીઓને કચરો, પણ ઇશ્વરને ત્યાં તમારી સ્થિતિ અહીંના કરતાં જુદીજ થશે—તે ખાત્રીપૂર્વક સમજજો—કુસુમ તમને ખરા પ્યારથી ચાહતી હતી—તમને દીવાનના પુત્ર તરીકે નહિ—ભવિષ્યના દીવાન તરીકે નહિ—પણ સાધારણ અજીતરાય નામના માણસ તરીકે ચાહતી હતી—

કઇ વખતે એ પ્યાર થયો હતો ? તમને યાદ આવે છે ? શરૂઆતથીજ તમારી લુચ્ચાઇ-ઠગાઇ-અને દુષ્ટતા ચાલી હતી-યાદ કરો-એક દોસ્તદારના દેવા બદલ કોર્ટનો બેલીફ તમને પકડવા આવે છે, અને તેનાથી નાસીને સંતાવા સારૂ તમે અમારા ઘરમાં આશ્રય મેળવવા આવો છો-તે વખતે એક શ્રીમંત માણસ તરીકે નહિ-દીવાન પુત્ર તરીકે નહિ-રાજાના લાડકવાયા અજબકુમાર તરીકે નહિ-પણ એક સાધારણ સ્થિતિના માણસ તરીકે અમે તમને ધારીએ એવું તમે બતાવો છો-તે વખતે તમે કુસુમને પ્રેમપાશમાં નાખો છો-તે ભોળી બાળા ભોળવાઇને, તમને ખરા પ્યારથી ચાહવા લાગે છે-આ બધાનો બદલો તમે શું આપ્યો ? તરતજ તેણીનું સતીત્વ-સ્ત્રીપણાનો ઉંચામાં ઉંચો શણગાર-સ્ત્રીનો સર્વોપરિ ધર્મ-તેની તમે ભ્રષ્ટતા કરી-કચરીને ચોળી નાખીને તમામ પાયમાલ કરી નાખ્યું-તેણીને ઉંડી ખાઇમાં નાખી દીધી-અને હમેશને માટે તેણીનો નાશ કર્યો-તેના કરતાં તેણીને મારી નાખી હોત તો પણ આટલું દુઃખ કે નુકશાન ન થાત-ધિક્કાર-ધિક્કાર-હજારો ધિક્કાર-એવા નીચ દુષ્ટ માણસને-" કળા ગુસ્સામાં ખૂબ ઉછળી.

" કળા, તું જાણે છે કે તારી બેનને મારાથી જે નુકસાન થયું છે, તેનો બદલો હું લગ્નથી વાળી શકતો નથી." અજબકુમારના ઉંડા અંતઃકરણમાં કંઇક ડંખ લાગવાથી બોલ્યો-" હું કબુલ કરૂં છું કે મારી વર્તણુક ખરાબ હતી-પણ વિચાર કર કે, હું મોહમાં આંધળો બની ગયો હતો-અને મને બીજો કોઇ પ્રકારનો વિચાર આવ્યો નહિ. કુસુમના મોહપાશમાં એટલોબધો હું લુબ્ધ થઇ ગયો હતો કે જો તેણીને મેળવવામાં કોઇ મારો જીવ માગે, તો તે પણ આપવાનું કબુલ કરીને હું તેણીને મેળવત. તો જે વખતે તું મને આવા સખ્ત શબ્દોમાં ઠપકો આપે છે, તે વખતે મારા તરફ દયાની નજરથી પણ જો."

"અહા ! અજબકુમાર," કળા તાણો મારતાં બોલી. " તમારી જીભ તેમ તે ભાષા વાપરવામાં સારી ટેવાઇ ગયેલી છે, પણ યાદ રાખો કે તમારા એવા બોલવાથી, અને તમારી જીભની ચાલાકીથી હું છેતરાવાની નથી.

અને હું ફરીથી ખૂલ્લેખૂલ્લું અને તમારા મોઢા ઉપર કહું છું કે મારી બેનની સાથે તમે જે નિર્દયતા ભરેલો અને દુષ્ટપણાથી દગો કર્યો છે, તે તમારી જીંદગીમાં હમેશને માટે કાળામાંકાળા–દુષ્ટમાં દુષ્ટ, કર્મ તરીકે કાયમ રહેશે, અને ઇશ્વરને ત્યાં તેનો જવાબ દેતાં તમારે રૌરવ નર્કમાં પડવું પડશે."

"કળા, તું બહુ બોલે છે. હવે વધારે મારાથી સાંભળી શકાશે નહિ." અજબકુમાર હવે ગુસ્સો દબાવી નહિ શકવાથી બોલ્યો.

"ઓહો ! એટલામાં બોલ્યું અબોલ્યું કરો છો કે ?" તેણીએ કહ્યું. "મેં તો ધાર્યું કે તમે ઉદાર દિલથી મારા મનની લાગણી બહાર પાડવા મને રજા આપી હતી."

"વારૂ ત્યારે, બોલ, હજુ જો કંઇ બાકી હોય તો." તે બોલ્યો. અને મનમાં બબડયો કે" અહા ! આ સુંદરી ગુસ્સામાં પણ કેવી ખૂબસુરત દેખાય છે ? પણ યાદ રાખ, ઓ ! ગુસ્સાબાજ સુંદરી, કે તારા ગુસ્સાનો બદલો હું તને હમણાંજ નીચી નમાવીને આપીશ !"

"હવે મારે થોડું કહેવાનું છે" કળાએ કહ્યું–"મારા તરફથી અને મારી બેનની તરફથી કહું છું કે–જોકે મારા પિતાએ કબુલ રાખ્યું છે–તોપણ–તમે જે શરમ ભરેલો બદલો આપ્યો છે, તે તરફ અમે બન્ને બેનો સંપૂર્ણ ધિઃક્કારની નજરથી જોઇએ છીએ–અફસોસ ! કે મારા મોહાંધ પિતાએ, પૈસા અને જાગીરીની લાલચમાં ફસાઈ પડી, પોતાની દીકરીની ગેરઆબરૂના બદલા તરીકે તે કબુલ રાખ્યો ! પણ તમે એમ નહિ ધારતા કે એવી લાલચથી અમે ખુશી થઇએ છીએ–હું પ્રતિજ્ઞા ઉપર કહું છું કે, તમારા આપેલા બદલા તરફ હું અતિશય ધિઃક્કારથી જોઉં છું અને તે આપનાર બેશરમ–નફટ–અને નિર્લજ માણસને તેનાથી હજાર દરજ્જે વધારે ધિઃક્કારૂં છું."

"કળા, હવે તારૂં કહેવાનું તેં કહ્યું," અજબકુમાર નિર્દયતા ભરેલી બેદરકારીથી ઠંડે પેટે બોલ્યો–"તો હવે મને કંઇ બોલવા દઇશ? પણ આમ આપણે ઉભાં ક્યાંસુધી રહીશું? બેસીશું નહિ ?" બન્ને જણ થોડે થોડે અંતરે ઉભાં હતાં, તેથી અજબકુમારે બેસવાની સૂચના કરી, પણ અંદરખાનાનો

હેતુ એવો હતો કે તેમ કરીને કળાને શાંત પાડી મેળવી લેવી; પણ તે જાણતો નહોતો કે કુસુમ અને કળાના મગજમાં ઘણો ફેર હતો. જ્યારે કુસુમ નબળા મગજની, ભોળી અને ઉતાવળી હતી, ત્યારે કળા દૃઢ મગજની, પાકા વિચારની અને ઠરેલ હતી.

"ના, બેસવાની કંઇ જરૂર નથી," કળાએ કહ્યું–" હવે આપણી મુલાકાત વધારે લંબાવાની નથી, જરાવારમાં અંત આવશે; અને તમારે જે કંઇ કહેવું હોય તો તેટલી વાર ઉભી રહેતાં મને થાક લાગશે નહિ."

"ભલે, તારી મરજી." કળાના ભભકભેર બોલવાથી અજબકુમાર શરમાયો–દબાયો, પણ પાછો નફટાઇ બતાવતો બોલ્યો–" કુસુમની સાથેની મારી વર્તણુક વિષે તેં મને ઠપકો આપ્યો, અને તારા પિતાને જાગીરી બક્ષવામાં આવી, તે વિષે પણ તેં તારા વિરૂદ્ધતાના વિચારો જણાવ્યા–ઠીક–પણ હું આગળથી કહી ચૂક્યો છું કે,'તારી બેનના સંબંધમાં મારી વર્તણુક ગેરવાજબી અને નિર્દયતા ભરેલી હતી; અને તેને માટે હું બીજી કઇ રીતે બદલો આપી શકું? તે જો તું બતાવી શકતી હોય તો હું તેમ કરવાને તૈયાર છું. તારા પિતા સાથે જે સમાધાની આણી છે, તે બાબતનો તારો તિરસ્કાર સંપૂર્ણ રીતે વખાણવા લાયક છે, પણ તેજ વખતે હું એમ પણ કહીશ કે જ્યારે તારા પિતાએ કબુલ કર્યું છે, ત્યારે તે વિષે કંઇપણ ફરિયાદ કરવાનો તને હક નથી, કારણ કે તું પણ સમજતી હોઇશ કે, કુસુમના ઉપર તેણીના પિતાનો હક છે–અને નહિ કે તેણીની બેનનો."

"ધિઃક્કારવા લાયક સિદ્ધાંત!" કળા તિરસ્કારથી બોલી.

વારૂ, તને કદાચ તેમ લાગતું હશે." અજબકુમાર સરળતાથી પટાવતો બોલ્યો–જાણે કે તે એમ ધારતો હોય કે તેણીના મતને મળવાથી તેણી નમી જશે, અને પછી તેણીને વશ કરવાનાં તેની પાસે પૂરતાં સાધન હતાં. "દુનિઆનો અને કાયદાનો અભિપ્રાય પણ હું કહું છું તેવોજ છે–કારણ કે ફક્ત માબાપજ પોતાની છોકરીની ગેર આબરૂનો જવાબ માગી શકે. પણ હવે આ બાબત લંબાવવાથી કંઇ ફળ નથી, માટે તે છોડી દઇને બીજી વાત

કરીએ. હું ધારૂં છું કે તું સમજી હોઇશ, કે એક પ્રપંચને લીધે તું અહીં આવવા પામી છે."

"એટલી તો મારી ખાત્રીજ છે કે ગમે તે જાતનું નીચ કૃત્ય કરવાને તમને આચકો લાગે તેમ નથી." કળા ભવાં ચઢાવીને બોલી, પણ અંદરથી બીકને લીધે ધ્રૂજતી હતી, કારણ કે હવેજ તેણીને પોતાની જાતની ખરી સ્થિતિનું ભાન આવ્યું. "છતાં ગમે તેવા તમે ખરાબ હશો, તો પણ હું નથી માની શકતી કે જે બિચારીને તમે પાયમાલ કરી છે, તેણીનીજ બેન તરફ તમે બદદાનત કરી શકશો ?"

"જો કળા, તું ખરૂં પૂછે." અજબકુમાર હવે એટલો બધો કામાવેશમાં આવી ગયો હતો, કે હવે પોતાનો જુસ્સો વધારેવાર દાબી રાખવાનું તેને માટે ઘણું મુશ્કેલ થઈ પડયું. "તો, જે વખતે મેં તને નાટકશાળામાં તારા છૂપાવેશમાં જોઇ, તેજ વખતે તારૂં સ્વરૂપ જોઇ હું તારા ઉપર અજબ રીતે મોહી પડયો—જો કે તે વખતે મેં તને ઓળખી નહોતી. અને હવે તું કળા છે એમ મેં તને ઓળખી, તોપણ તારો ખૂલ્લો અને ખૂબસુરત અપ્સરા જેવો ચહેરો જોઉં છું, ત્યારે તને હવે હું છોડી શકું એમ હું ધારતો નથી."

"અરે, આવી અધમતા—આવી અપમાન ભરેલી ભાષા મારી સાથે?" કળા વધારે ગુસ્સાથી અને તિરસ્કારથી બોલી.

"હા—હા, કળા તારીજ સાથે." અજબકુમાર તેણીના મોહક અવયવોને નિહાળતો બોલ્યો—"અને હવે કંઇ પણ ભેદ રાખ્યા સિવાય, હું તને ખૂલ્લી રીતે અને નિશ્ચયપણે કહુંછું કે તારા સૌંદર્યથી હું ગાંડો થઇ ગયો છું. અને ગમે તે પરિણામ આવશે તોપણ તેની દરકાર કર્યા સિવાય હું તને વશ કરીશ."

"દગાખોર—લુચ્ચા—નીચ—અધમ—પાપી—ચંડાળ—જરાપણ વિચાર આવતો નથી, કે ઇશ્વરનો પણ ડર રાખતો નથી. ધિક્કાર—ધિઃક્કાર." કળા છેડાયેલી વાઘણની માફક ઉછાળો મારી, અંદરની ઘાસ્તીમાં બારણા તરફ દોડી.

પણ બારણું તો બંધ હતું, અને તે ઉઘાડવામાં કળા નિષ્ફળ થઇ, તે જોઇ અજયકુમાર ખડખડાટ હસી પડયો અને બોલ્યો.

"મારા પંજામાં આવેલું પક્ષી આમ ઉડી જવા નહિ પામે. ચાલ, હવે, આમ આવ, કળા. તું મજબૂત મનની અને વિચારવાળી છે, માટે થોડીવાર હું કહું તે સાંભળ."

એમ કહી તે એક ખુરશીને ટેકો દઇ ઉભો રહ્યો. અને જાણે પોતાની પ્રપંચી યુક્તિમાં ફતેહ પામતો હોય, એમ અંદરથી ખુશ થતો, મુછમાં ને મુછમાં હસતો ઠંડે પેટે કળાની હીલચાલ જોવા લાગ્યો.

"વિચાર ? વિચાર કેવો ?" કળા ભારે હિંમત રાખી બોલી. "હા, હજુ તમે શું કહેવા માગો છો, તે હું સાંભળીશ. પણ મારા ધ્યાનમાં નથી આવી શકતું કે હવે તમારે શું કહેવાનું હશે ?"

"ઠીક છે, તે તો આપણે જોઇશું." અજયકુમાર બોલ્યો. "મેં નાટકશાળામાં તારી બધી હીલચાલ જોઇ હતી, અને મારી ખાત્રી થઇ હતી કે પેલા આસમાની રંગના ડગલાવાળા માણસની વર્તણુક તને સંતોષકારક લાગી નહોતી. ફૂલની ટોપીવાળી સ્ત્રીને હું ઓળખી શકયો નહિ, તેથી એ ભેદ મારા સમજવામાં આવ્યો નહિ. પણ હવે જ્યારે હું જાણું છું કે તે ફૂલની ટોપીવાળી સ્ત્રી બીજી કોઇ નહિ પણ તું—કળાજ હતી, ત્યારે મારી ખાત્રી થાયછે કે તે આસમાની ડગલાવાળો માણસ, તેણીનો બેવફા જયચંદ્ર હશે. હા. તારા ચહેરા ઉપરથી હું જોઇ શકું છું કે મારૂં અનુમાન ખરૂં છે."

"એ વાત કરીને શું કરવા મને સંતાપો છો ? મારા અંતઃકરણમાં અગ્નિ પ્રજળી રહ્યો છે, તેને શું કરવા ઉશ્કેરો છો ?" કળા ઘણાજ દુઃખી અવાજે બોલી.

"એમ કહેવાનો મારો હેતુ એવો હતો, વહાલી કળા—"

"ખબરદાર, જો મને એવી રીતે બોલાવી તો ?" કળાએ તેને આગળ બોલતો અટકાવીને ધમકાવી કાઢયો.

"વારૂ, તારી મરજી નહિ હોય તો, એ રીતે નહિ બોલાવું." અજયકુમારે કહ્યું.

"બોલો." કળાએ અધીરાઇથી પૂછ્યું. "મને હવે જવાની ઉતાવળ છે. હવે તમારે મને શું કહેવાનું છે? કારણ કે એવું કંઇ જરૂરનું તમે બોલ્યા નથી."

"કારણ કે તું મને બોલવાજ ક્યાં દે છે? વચ્ચેથીજ અટકાવે છે." અજબકુમાર ઠંડે પેટે બોલ્યો. "હવે સાંભળ. નાટકશાળામાં જોયેલા બનાવ ઉપરથી ખુલ્લું દેખાય છે કે, જયચંદ્ર તારી તરફ બેવફા સાબીત થઇ ચૂકયો છે. તેની વર્તણુક નિર્દયતા ભરેલી અને તિરસ્કાર લાયક હતી. તારા જેવી દૃઢ મનની અને લાગણીવાળી સ્ત્રી એવી વર્તણુક સહન કરે એ અસંભવિત છે—કે તારા દેખતાં—તારી આંખમાં ધૂળ નાખીને—બીજી રમણી સાથે છચોક પ્યાર બતાવે. તો હવે એ ઠગારા જયચંદ્રના ઉપર વેર લેવા તારે શું કરવું જોઇએ? અને કઇ જાતનું વેર સંપૂર્ણ થઇ શકે? હજુ તું મારૂં કહેવું સમજી નથી, કળા? જો નહિ સમજી હોય તો મારે ચોકખે ચોકખું કહેવું પડશે કે તારે તેના જેવીજ વર્તણુક ચલાવવી જોઇએ. મારી માશુક થા—મારા રક્ષણમાં રહેવાનું કબુલ કર—અને જ્યારે મારા પૈસાથી તને મોજમઝા ભોગવતી જયચંદ્ર જોશે, ત્યારેજ તેને તેના કૃત્યનો પસ્તાવો થઇ તેની શુદ્ધિ ઠેકાણે આવશે."

"ઓ! દુષ્ટ! તારી જીભમાં કીડા કેમ પડતા નથી? તારી જીભમાં કાંટા કેમ વાગતા નથી.?" કળા ગુસ્સાથી રાતીપીળી થઇ આખું શરીર ધ્રૂજાવી નાખતાં, પગ પછાડતી છેડાયેલી સિંહણની માફક ઉછળી ડોળા ફકડાવતી રાડ પાડી ઉઠી. "ઓ! નિર્દય—ઘાતકી—ચંડાળ! આટલી બધી નફટાઇ! કે દગાફટકાથી જે બિચારી ગરીબડી અને ભોળી બાળાને ભ્રષ્ટ કરી, તેનું સત્યાનાશ વાળી નાખ્યું, તેણીનીજ બેનને તું આવું કહેવાની હિંમત કરી શકે! અરે! મેં તને વચ્ચેથીજ અટકાવ્યો હોત—પણ તેમ નહિ કરતાં આટલુંબધું સાંભળી રહી, તેનું કારણ એટલુંજ કે, ઓ! અધમ! તારી નફટાઇ ભરેલી દુષ્ટ ભાષા સાંભળીનેજ હું ચકિત થઇ ગઇ હતી. ઓ! ઇશ્વર! આવો દુષ્ટ, પાપી, ચંડાળ જેવો માણસ રાજાનો દીવાન થઇને શું રૈયતને પાળશે—કે જે તેનાં છોકરાં બરાબર ગણાય!"

"હા-હા-હું રાજાને હાથમાં રાખીને રૈયતને ગુલામ બનાવીને મારા પગ તળે કચરીશ." અજબકુમાર મગરૂબીથી અને ગુસ્સાથી બોલ્યો. "અને હવે ઓ! કળા, તું કે જે સાધુપણું બતાવનારી, અને સતીનો નમુનો, અને પવિત્રતા ધારણ કરનારી હોવાનું અભિમાન ધરાવે છે-તો જો કે હજુ હું તને કેવો દબાવીશ-મારી ગુલામડી બનાવીશ-હવે મને તારી બેન વિષેનો કશો વિચાર આવશે નહિ, કારણ કે તેનો બદલો તારા બાપે મેળવ્યો છે. અને કુસુમની ભ્રષ્ટતાના બદલામાં ચાર હજારની આવકની જાગીર લીધી છે, તેજ પ્રમાણે વળી કળાની ભ્રષ્ટતાના બદલામાં વધારે લેશે-તેની મને કશી દરકાર નથી. તું જાણુતી નથી કે રાજ્યના કારભારીઓ અને રાજા પોતે હું કહીશ તેજ ખરૂં માનશે, અને મારે માટે દરેક વાત કબુલ કરશે."

"અહા! હવે તું તારી પૂરેપૂરી દુષ્ટતામાં પ્રકાશી નીકળ્યો, કેમ? તારી જાતેજ તું તને પોતાને દુષ્ટ બતાવી આપે છે." કળા અંદરથી નિરાશ થતી બોલી. "નહિ, નહિ, અજબકુમાર! તમે આવો જુલમ કરી શકશો નહિ-છતાં તેમ કરવાની કોશિસ થશે તો હું મરતા સુધી સામી થઇશ-બૂમો પાડીશ-લોકોને જગાડીશ-આ ઘરમાંનાં માણસોને જગાડીશ-અને છેવટે હું બારીએથી કૂદકો મારીશ."

આ પ્રમાણે બોલીને તરત તેણી ગભરાટમાં બારી તરફ દોડી. જેવી બારી ઉઘાડવા જાય છે, તેવુંજ તેણીને ભર નિરાશા વચ્ચે માલમ પડયું કે લોખંડી સળીઆની બારીએ તાળું વાસેલું હતું.

પાછી ફરી અતિશય ગભરાટમાં પડી. અજબકુમાર નિર્દયતા ભરેલી રીતે ખડખડાટ હસી પડયો-હવે કળાને લાગ્યું કે તેણીના નાશનો વખત પાસે આવ્યો છે.

"મારી વહાલી," અજબકુમાર હજુ ખુરશીને ટેકે આડો પડી રહીને બોલ્યો-"જો તારે નાસવાની જરાપણ બારી મેં રાખી હોય, તો તું મને ખરેખરો બેવકૂફજ ધારે. પણ નહિ, તેમ નથી. જોકે હું જાણતો નહોતો કે મારે આવી હઠીલી અને ઉદ્ધત સુંદરીની સાથે કામ લેવાનું છે; છતાં મેં અહીં આવીને સઘળા સાવચેતીના જરૂરી ઉપાયો લીધા છે. તને ગાડીમાં

બેસતાં અને તેની સાથેજ મારા વિશ્વાસુ વિરમને આગળ ચઢી બેસતાં જોતાની સાથેજ હું એક બીજી ઉતાવળી ગાડીમાં અહીં આવી પહોંચ્યો હતો."

"અહા !" કળા બોલી. "મને કંઇક ભાસ થતો હતો કે તે માણસનો ચહેરો જાણીતો હતો—પણ ઓ ! પ્રભુ ! મારા ઉપર દયા લાવો—આ મારો પૂર્વજન્મનો દુશ્મન મારા ઉપર ફાવી જવા લાગ્યો છે." તેણી બે હાથ જોડી કકળતી બોલી.

"અને યાદ રાખ, વહાલી કળા, કે હવે મારી ફતેહ જલદીજ થશે." અજબકુમાર હાસ્ય કરતો બોલ્યો. "તારી ગમે તેટલી બૂમો—આક્રંદ—સામા થવું—ગમે તેમ તું કરીશ, તોપણ હું મારો ઇરાદો પાર પાડીશ—છતાં હું ઇચ્છું છું કે, તું ખુશીથી મારે તાબે થાય—જે પરિણામ આવવાનું છે તે ખુશીથી કબુલ કરીશ—અથવા મારે બળાત્કાળ વાપરવો પડશે—તોપણ તે એકનું એકજ આવશે. માટે રાજીખુશીથી મારી સાથે મોજમઝા ઉડાવ."

"ઓ ! પ્રભુ ! આ કાનફાડી નાખે' એવા દુષ્ટતાના કેવા શબ્દો હું સાંભળું છું !" કળા ગભરાટમાં નિરાશા સાથે હાથ પછાડતી બોલી. "શું કોઇપણ મારી મદદે નહિ આવે ? શું આ દીવાલની બહાર મારો શબ્દ નહિ જાય ?"

"કળા, આ ઘરમાં તને મદદ મળે એવું ધારવું, એ તારી ખરેખરી ગાંડાઇ છે." અજબકુમાર વધારેને વધારે દુષ્ટ બનતો અને હાસ્ય કરતો બોલ્યો. "કારણકે જો તેં ક્યારનું જાણ્યું ન હોય, તો હવે જાણ કે આ મકાન પ્રખ્યાત અને આબરૂદાર યશોદાબાઇનું છે."

"યશોદાબાઇ !" કમભાગ્ય કળા એકદમ ફૂદકો મારી બોલી ઉઠી. કારણકે તેણીની બેન કુસુમને તેજ ઘરમાં ખરાબ કરવામાં આવી હતી, તેનું તેણીને ભાન થયું, અને કકળતી બોલી—"ઓ ! દીનદયાળ પ્રભુ ! મારા ઉપર દયા કરો—મારૂં રક્ષણ કરો—હે ! દીનાનાથ—તમે દુષ્ટ કૌરવોની સભામાં સતી દ્રૌપદીનું રક્ષણ કર્યું હતું—તેમ મારી—નિરાધારની—વ્હારે ધાઓ—અને આ દુષ્ટ રાક્ષસના હાથમાંથી છોડાવો." એમ બૂમો પાડતી, ગભરાટમાં તેણી બેભાન થતી જતી હતી—અને ચીસો ઉપર ચીસો પાડવા લાગી.

"ચૂપ રહે, બેવકૂફ છોકરી !" અજબકુમાર બોલ્યો—અને એક ફૂદકો

મારીને જેમ વાઘ પોતાના શીકારને પંજામાં લે, તેમ તેણે કળાને પકડીને પોતાની બાથમાં લીધી, અને જોરથી દબાવીને કહ્યું. "તારી ચીસો હું ચૂંબનથી અટકાવીશ."

કળા તો, 'ઓ પ્રભુ! વહારે ધાઓ!' એવી મોટી કારમી ચીસ નાખતાની સાથે તદ્દન બેભાન થઇ ગઇ. તેણીને કશું ભાન રહ્યું નહિ–મડદા જેવી થઇ તેના હાથમાં પડી.

ઇશ્વરના નામની સાથે બાપડી કળા, રાક્ષસના હાથમાં બેભાન થઇને પડી, તો તે સર્વ શક્તિમાન ઇશ્વર તેણીને સહાય કરે છે કે કેમ અને પેલા દુષ્ટના હોઠથી સતીનું શરીર અપવિત્ર થતું બચાવે છે કે કેમ, તે જોવાનું છે. આપણે ઇચ્છીશું કે ઇશ્વર સતીનું રક્ષણ કરે!

પ્રકરણ ૫૯ મું.

ખુની સ્ત્રી, અને ભેદુ.

ખુનનો પત્તો.

રામ રાખે તેને કોણ ચાખે.

સતીનું રક્ષણ.

પ્રિય વાંચનાર, સતી જેવી કળાદેવીને, દુષ્ટ નરપિશાચના પંજામાં બેભાન હાલતમાં સપડાયેલી આપણે ગયા પ્રકરણને અંતે જોઇ છે, અને ઘણી દિલગીરી સાથે આપણને તે પ્રકરણ ખતમ કરવું

પડયું છે. મોટી શોકની વાત તો એજ છે કે તે બિચારીનું સતીત્વ રૂપી અમુલ્ય મણી ચોરાઇ જવાની તૈયારીમાં આપણે છોડી દીધી છે—છતાં ના ઇલાજે કુલટા યશોદાબાઇના ઘરમાં બીજી તરફ કંઇક મહત્વનો બનાવ બને છે, અને તે આ વખતેજ આપણે જોવા જવું ખાસ જરૂરનું થઇ પડયું છે, કારણકે કદાચ તેમાંથી કંઇ તૃતિયમ્ નીકળી આવે તો પ્રભુ જાણે.

વાંચનારે યાદ રાખવું કે અજબકુમારે ફળાને, યશોદાબાઇના પાછલા મકાનમાં સપડાવી હતી, અને તેથી આગલી બાજુ તેમાંનું કંઇ સંભળાય તેમ નહોતું.

યશોદાબાઇ પોતાના દીવાનખાનામાં એક ખુરશીમાં લાંબી પડી પડી સુગંધીદાર પીણાની લહેજતમાં આગલા પાછલા વિચારોમાં ગરક થઇ ગઇ છે, તેવામાં તેણીની ખાનગી દાસી યમુના ગભરાયેલી ત્યાં આવી.

“ અરે ? આવું શું છે ?” યશોદાબાઇ એકદમ ચમકી ઉઠતાં બોલી.

“ પેલો ભયંકર કદરૂપો માણસ—તે દિવસે સવારે આવ્યો હતો, અને તેનું નામ જણાવતો નહોતો તે-પોલિસઅમલદાર જેવો દેખાય છે તે—” યમુના ગભરાટમાં શ્વાસ ભરાઇ આવવાથી ભાગ્યાતૂટયા શબ્દોમાં બોલી,

“ અહા ! તે પાછો કેમ આવ્યો હશે ?” હવે યશોદાબાઇનો ગભરાવાનો વારો આવ્યો, અને ધ્રારતીમાંજ બબડી.

“ ઓ ! પ્રભુ ! હવે આપણું શું થશે ?” યમુના બે હાથ પછાડતી ગાંડા જેવી બની ગઇ, અને ગમે તેમ બોલવા મંડી.

“ અરે ! પણ તું ગભરાય છે શું કરવા ? ગાંડી, જરા શાંત થા. ” યશોદા નિરાશામાં પણ કંઇક હિંમત આણીને બોલી. “ હું જાણું છું કે તે કોણ છે ? એતો પેલો લતિબખાં જમાદાર છે, અને પૈસાથી વશ થાય તેવો છે—વળી જો તે એકલોજ આવ્યો હશે, તો આપણને કંઇ હરકતમાં નાખવાનો તેનો ઇરાદો નહિ હોય ?”

“ હા, બાઇ, તે એકલોજ છે. ” યમુના પોતાની શેઠાણીએ બતાવેલી આશાથી હિંમત લાવી ને બોલી, “ અને વળી પાછો સલુકાઇથી વાત કરે છે. ”

"ત્યારે તો તેને અહીંજ મોકલ, અને તું બીતી નહિ." યશોદાબાઇએ દઢતાથી કહ્યું.

યમુના ગઇ, અને લતિબખાં આવી પહોંચે તે દરમિયાન યશોદાબાઇએ શાંતિનો દેખાવ ધારણ કરવા કોશિશ કરી-કારણ કે જો કે તેણીએ પોતાની દાસીને શાંત થવા જેવા શબ્દો કહ્યા હતા, છતાં પોતે તો મનમાં ગભરાતી હતી. કુદરતી નિયમજ છે કે ગુનેગાર પોતાના મનમાં હમેશાં બીએ છે. તે પ્રમાણે તેણીને હજારો ના પસંદ વિચારો ગભરાવે તેમાં કંઈ નવાઇ જેવું નથી.

લતિબખાં આવ્યો, અને યશોદાબાઇ તરફ કેટલીક વાર સુધી ઝીણી નજરે જોઇ રહ્યો, કારણ કે તેને પોતાના મનની ખાત્રી કરવી હતી કે પોતાની નજરથી તેણીના ચહેરા ઉપર કંઇ ફેરફાર થાય છે કે કેમ? યશોદાબાઇ અંદરખાનેથી વધારે ને વધારે ગભરાતી ગઇ-છાતી ધબકવા લાગી. ચહેરો લેવાઇ ગયો-અને લતિબખાંને લાગ્યું કે "બરોબર છે. સુરીનું અનુમાન ખરૂં છે. આ રંડાજ ખુની છે."

"પધારો ખાનસાહેબ, અને આ ખુરશી ઉપર બેસો." યશોદાબાઇએ તેને વધારે માન આપી ચઢાવતાં આવકાર આપ્યો, છતાં તેણીનો ગભરાટ દેખાઇ આવે એવો હતો.

"કેમ છે, બાઇસાહેબ?" લતિબખાંએ પોતાના હમેશના રિવાજ મુજબ ખબર અંતર પૂછવા માંડી. "ચાલ, આમ આવ, લુચ્ચા!" આ શબ્દો તેણે પોતાની સાથે આવેલા પોતાના માનીતા કૂતરાને સંબોધીને કહ્યા-પછી બારણું બંધ કરીને બેઠો. "ઘણીજ ઠંડી છે, નહિ વારૂ?" તેણે નિરાંતે બેસતાં યશોદાબાઇને પૂછયું.

"ત્યારે શરીરમાં કંઈ ગરમાવો થાય એવું લેવાની મરજી છે, સાહેબ?" લતિબખાંના સરળતા ભરેલા બોલવાથી યશોદાબાઇ ભોળવાઇ, અને હિંમતમાં આવી. પછી એક દારૂની બાટલી, પ્યાલી તથા પાણી, તેની પાસે મેજ ઉપર મૂક્યું.

"તમારો આભાર, બાઇસાહેબ?" લતિબખાંએ પેલી ચીજોનો ઉપયોગ કરતાં કહ્યું-અને એક બે પ્યાલા અડાવી ગયો.

"ત્યારે અત્યારે આપને કેમ તસ્દી લેવી પડી, ખાનસાહેબ ?" યશોદાબાઇ આડુંઅવળું જોતાં બેદરકારીથી બોલી. "તમારા મિત્ર અને ઉપરી રસુલખાંની કંઇ ખબર મળી ?"

"બરોબર પાકે પાયે નહિ." તેણે જવાબ દીધો–"હજુ કંઇ ચોક્કસ કહી શકાય નહિ."

"હેં ! એમ છે ! ત્યારે તો મને લાગે છે કે તમે કંઇક પત્તો મેળવ્યો હશે ?" તેણીએ અંદરખાનેથી ગભરાતાં નજર આડી ફેરવી નાખીને પૂછયું.

"ત્યારે જો ખરૂંજ કહેવડાવવું હોય તો કંઇક પત્તો લાગ્યોછે ખરો." જવાબ મળ્યો.

"કેમ હવે કંઇ પ્યાલું ભરતા નથી? લ્યો લ્યો, ઠંડી વધારે છે, અને શરીરમાં ગરમી થવાની જરૂર છે. દારૂ સારો અને ઉંચો છે." યશોદાબાઇ તેને લલચાવતાં, દેખીતો હસતો ચહેરો રાખીને બોલી. પણ તેણીના અંતરમાં કેવાં ફૂરકૂરીઆં કૂદાકૂદ કરી રહ્યાં હતાં તેતો તેણીનું બિચારીનું મનજ જાણે.

"ઘણો ઉપકાર બાઇસાહેબ, હું ધીમે ધીમે લઇશ." તેણે જવાબ દીધો, અને તેણીની સામે એવી ઉંડી નજર નાખી કે તે યશોદાબાઇથી સહન થઇ શકી નહિ, એમ તેણે જોયું–"પણ તમે મને બિચારા રસુલખાં વિષે પૂછતાં હતાં; અને મને કેવી રીતે પત્તો મળ્યો અને પત્તો મળશે એમ મને લાગ્યું, તે તમે જાણવા માગો છો; અને હું તમને તે કહેવાનો હતો."

"ત્યારે તો એ વિષે હું જાણવાને ઇન્તેજાર છું, એમ ધારીનેજ તમે મને કહેવા આવ્યા, નહિ વારૂ ?" તેણીએ ખરાબમાં ખરાબ પરિણામ જાણવાની ઇન્તેજારીથી પોતાની સઘળી હિંમત ભેગી કરીને પૂછયું.

"તેતો બાઇ, હું કંઇ કહી શકતો નથી કે હું એવાજ કંઇ ખાસ કારણથી અત્યારે અહીં આવ્યો છું," તેણીના તરફ શકની નજરથી જોતાં કહ્યું–"કારણ કે ખરી હકીકત એવી છે—અને ખરી હકીકત એકદમ કહી દેવી એજ સારૂં છે—"

"અલબત" યશોદાબાઈ ગભરાટમાં ખુરશીમાં પાછી પડી વચ્ચેજ એકદમ બોલી ઉઠી–"ખરી હકીકત શું છે?"

"હે શક લાવવાને મને કારણો મળ્યાં છે, બાઇ!" તેણીના તરફ વાંકો વળીને પાછી એક ઉંડી નજર નાખીને લતિબખાં બોલ્યો.

"અહા! શક! શું કંઇ એવો સંભવ છે?" યશોદાબાઇએ જેમ તેમ કરતાં લથડતે અવાજે ઉચ્ચાર કાઢ્યો.

"હા, અને તે પણ વળી ઘણો મજબૂત શક." લતિબખાં પોતાના શબ્દો ઉપર ઘણો ભાર મૂકીને બોલ્યો.

"કોની વિરૂદ્ધ?" જેમતેમ કરતાં છેવટનું પરિણામ જાણવાની અતિશય આતુરતાથી પૂછ્યું. આ વખતે તેણીની સ્થિતિ એવી હતી કે એ જવાબ ઉપરજ તેણીની જીંદગીની દોરી લટકતી તેણીએ જોઇ.

"તમારી વિરૂદ્ધ." છેવટનો ભયંકર જવાબ મળ્યો.

તે અભાગિણિ સ્ત્રીના આખા શરીરને એક જબરદસ્ત આચકો લાગ્યો.—તેણીના ચહેરાનો રંગ તદ્દન ઉડી ગયો.—અને મડદા જેવી થઇ ગઇ. કંઇક બોલવાને માટે જીભ ચળવળતી જણાઇ, પણ બોલી શકાયું નહિ. તેણીનો અવાજ ગળામાં છેક ઉંડો જતો રહ્યો હતો. ભયંકર ધાસ્તીથી ગભરાઇ જઇ, મડદાની માફક ખુરશીમાં પડી, ફાટી આંખોએ લતિબખાંના સામું જોઈ રહી.

તે વખતે જે કંઇ થોડી પળ સુધી તેણીએ મનનું જે દુઃખ ભોગવ્યું, તેનું માપ કાઢી શકાય એમ નથી આખી ઉંમરનું દુઃખ ભેગું કરે તોપણ તે પળોના દુઃખની બરોબર થઇ શકે નહિ. લતિબખાંએ છેવટના જે બે શબ્દ—ફક્ત બેજ શબ્દ—ઉચ્ચાર્યા તેના જવાબમાં ગમે તે કંઇ બોલવું જોઇએ, એમ તેણી જરૂરનું ધારતી હતી, પણ તેના મોંઢાએ તથા જીભે તેણીની મરજીને તાબે થવાની સાફ ના પાડી—અને જો કે તેણીનો દેખાવજ તેણીના વિરૂદ્ધનો શક, મજબૂત કરી ખરો ઠરાવે એવું હતું, છતાં તેણી નિર્દોષપણાનો ઢોંગ કરવા સરખો પણ શાંત ચહેરો કરી શકી નહિ.

આ ઠેકાણે જો લતિબખાંના કરતાં પણ ઘણી ઓછી અને જાડી બુદ્ધિનો માણસ હોય, તો તે પણ, તેણીના ચહેરા ઉપરથી તેણી ખરેખરી ગુનેગાર છે, એમ જાણી શકે. એવો તેણીનો દેખાવ થઇ રહ્યો હતો. હવે

લતિબખાંની જરાપણ શક વગર ખાત્રી થઇ કે સુરીએ તેને ખરોજ પત્તો બતાવ્યો હતો, પણ ઉતાવળથી ખૂલ્લું પાડવા તે ઇચ્છતો નહોતો. ખરી રીતે કહેવામાં આવે તો, આ બાબત જાહેરમાં લાવવાનો તેનો બિલકુલ ઇરાદો નહોતો, અને તેથી તે દુષ્ટ કંગાળ સ્ત્રીના વિરૂદ્ધ સખ્ત ઉપાયો લેવાની તેની મરજી નહોતી. કારણ ખૂલ્લું છે. તે જાણતો હતો કે યશોદાબાઇ પૈસાદાર છે, અને સુરી અને ધની સાથે તેને એવો ઠરાવ થયો હતો કે એ છૂપા ભેદથી તેણીને ગભરાવીને જેમ બને તેમ તેણીને નીચોવવી. આ ખુન ઉ-ઘાડું પાડી સરકારમાંથી ઇનામ અને સાબાશી મેળવવાની લાલચ કરતાં, લતિબખાંને સુરી અને ધનીવાળી યુક્તિ, વધારે બંધ બેસતી લાગી. કારણ કે તેણે ધાર્યું કે હમેશાં પૈસા મેળવવાનો આ ઝરો થઇ પડશે. આ બધાં કા-રણોથી જેમ બને તેમ તેણીની પાસેથી તમામ ભેદ મેળવી, રસુલખાંને શી રીતે મારી નાખ્યો, તથા તેનું મડદુ કયાં સંતાડયું છે, તેનો પત્તો મેળવી, યશોદાબાઇને હમેશને માટે પોતાના કાબુમાં રાખવા લતિબખાંને હવે રમત રમવાની હતી, કે જેથી જયારે જયારે તેની મરજીમાં આવે ત્યારે ત્યારે, તે-ણીને આ ભયંકર ભેદ ખૂલ્લો પાડવાની ધમકી આપી, જોઇએ તેટલા પૈસા કઢાવી શકાય.

આ બધી લતિબખાંની ધારણા હતી, તેથી થોડીવાર સુધી યશોદા-બાઇને ગભરાટમાં રહેવા દઇ, જોઇએ તેવી રીતે તેણી પોતાની મેજે તેને તાબે થાય, તે વખતની રાહ જોતો બેસી રહ્યો.

કેટલીકવાર પછી તે બોલ્યો. “ તમે જુઓ છો, યશોદાબાઇ, કે હવે ઇનકાર કરવો એ તદ્દન નિરૂપયોગી છે; અને તેથી મારી સાથે વિશ્વાસ રાખી મને મિત્ર કરશો એજ તમને લાભ કર્તા થઇ પડશે. ”

જેમ એક ભયંકર સ્વપ્નમાંથી ચમકી ઉઠે, તેમ એકદમ યશોદાબાઇ ચમકી; કારણ કે આ વખતે તેણીના મગજમાં ઘણા ભયંકર વિચારોએ ઘર કર્યું હતું—તેણીનું પકડાવું, કેદખાનામાં જવું, ઇનસાફની કચેરી, તેણીનું આ-જસુધીનું તમામ ભોપાળું ખૂલ્લું થઇ જવું, ભયંકર ખુનના ગુનાની તેણીના ઉપર સાબીતિ થવી, અને આખરે ફાંસીનું લાકડું—આ તેણીના વિચારોના

વિષયો હતા. તેવામાં આવા આશાજનક .શબ્દો તેણીના કાનમાં જવાથી એકદમ તેણી બોલી ઉઠી. " અરે ! તમે શું કહેવા માગો છો ? જલદી ખુલાસો કરો. તમે મિત્ર તરીકે મને શી રીતે મદદ કરી શકશો ? "

" તમારો શત્રુ નહિ થવામાં, એ ખાત્રી રાખો. " તરત જવાબ મળ્યો. " હાલ જે હકીકત જણાઇ આવી છે, તે પ્રમાણે રસુલખાંના ખુનના શક ઉપરથી, તમને એકદમ પકડી જવાની મને સત્તા છે. "

" પણ તમે તેમ નહિ કરો, ખાનસાહેબ ? તમે મારો નાશ નહિ કરો ? " તે દુષ્ટા ધ્રૂજારીથી કકડતે દાંતે બોલી.

" આવી ખુબસુરત સુંદરીને ફાંસીને લાકડે મોકલતાં મને દયા આવે છે. " લતિબખાં એ ઠંડે પેટે તેણીને ગભરાટને છેલ્લે પગથીએ મૂકી.

" ઓ ! મારા પરમેશ્વર ! ઓ ! ખાનસાહેબ ! હું પગે લાગીને કહું છું કે આવો ભયંકર શબ્દ ના બોલો. " ચીસ નાખતી તેણી બોલી, અને લતિબખાંના આગળ ઘુંટણ ઉપર પડી બે હાથ જોડી રડવા લાગી.

" ચાલો, હવે ઉભાં થાઓ, બાઇ. " લતિબખાં બોલ્યો–" જો તમને મારે હાથે કંઇ નુકસાન થવા પામશે, તો તે તમારી પોતાનીજ ભૂલથી, હું ખાત્રીપૂર્વક કહું છું કે આ બાબતની વધારે ચળવળ કરવા હું માગતો નથી, જો કે તે ઘણી ગંભીર બાબત છે. "

" અહા ! શું ત્યારે આ વાત છાની રાખી શકાશે ? તમારી ચૂપકીદી પૈસાથી ખરીદી શકાશે ? " તેણીએ ઉભી થઇ હાથ જોડી પૂછ્યું.

" હું ધારૂં છું, બાઇ, કે કદાચ આપણે સમજુતી ઉપર આવી શકીશું. " તે બોલ્યો. જો બીજી વખતે આવો માણસ આવી રીતે છૂટથી વાત કરતો હોત તો આ છેલછબીલી યશોદાબાઇને સુગ આવી ગુસ્સો લાગ્યા વગર રહેત નહિ. પણ આ વખતે તો તેના આવા શબ્દો મીઠા સાકર જેવા લાગ્યા–" પણ એ બાબત બીજી વાત કરીએ, તે પહેલાં એ કામની પહેલેથી છેલ્લે સુધી સઘળી હકીકત મારે જાણવી જોઇએ. "

" દરેક હકીકત ? " યશોદાબાઇએ પૂછ્યું. કારણ કે હવે તેણીને વિચાર આવ્યો કે, એ વાત આ માણસ કેટલે સુધી જાણતો હશે, અને

કેવી રીતે તેને શક ગયો હશે તે જાણવું જોઇએ. આ વખતે તેણીને એવો વિચાર પણ આવ્યો, કે જો પહેલેથીજ તેણીએ હિંમત રાખી છટાપૂર્વક ઇનકાર કર્યો હોત, તો તેણી તેના તાબામાં આવી રીતે ફસાઇ જાત નહિ-"

"હા, તમારે મને સઘળી હકીકત કહેવી પડશે." લતિબખાં ભાર મૂકીને બોલ્યો, કારણ કે તે કંઇ કાચો નહોતો કે તેણીના મનમાં કેવા વિચારો ઘોળાય છે તે તે કળી શકે નહિ. "અને તમે એમ ધારી શકશો નહિ કે જરા પણ તમે મને છેતરી શકશો ?"

"ના, ના-હું એવું ધારતીજ નથી." યશોદાબાઇએ જોયું કે હવે તો વાત હાથથી ગઇ છે, તેથી તેને ગુસ્સે ન કરવાના ઇરાદાથી બોલી. "હું તમારી દયા માગું છું. તમારી મરજી પ્રમાણે કરો."

"હાં ! હવે ઠેકાણે આવ્યાં ખરાં ! એમ સીધું બોલો ત્યારે તો ઠીક." તે બોલ્યો. "તો હવે કહો કે મારી ગરીબડા દોસ્તનું મડદું કયાં સંતાડયું છે ?"

"અહા ! ત્યારે તો જરૂર તમે મારો નાશ કરવાજ ઇચ્છો છો. મને ઉઘાડી પાડવા માગો છો." દુઃખમાં કચડાઇ ગયેલી પાપી સ્ત્રી બોલી. "ઓ ! પ્રભુ ! હવે મારૂં શું થશે ?"

"જો તમે આમ કરશો તો તમારી જાતેજ તમે ઉઘાડાં પડશો, અને તમારી ખરાબી માગી લેશો." લતિબખાં કઠોરતાથી બોલ્યો. 'આખા ઘરને જણાવવાની તમારી મરજી છે ? હું તમને કહું છું કે મારા કહેવા પ્રમાણે તમે ચાલશો તો હું તમારો મિત્ર થઇશ, નહિ તો........"

"ઓ ! પ્રભુ ! અરે, ખાનસાહેબ, શાંત પડો; હું તમને હવે વધારે ગુસ્સે નહિ કરૂં." યશોદાબાઇ અતિશય ગભરાટમાં ધ્રૂજતી ધ્રૂજતી બોલી. "તમારે શું જોઇએ છીએ, લતિબખાં ? બોલો, હવે હું તમારા તાબામાં છું."

"હાલ સાડા અગિઆર થયા છે." ઘડિઆળ તરફ જોતો તે બોલ્યો. "અને હું ધારૂં છું કે તમારા ઘરનાં બધાં માણસો હવે સુઇ ગયાં હશે, અથવા હવે જલદી સુઇ જશે. તેથી જો તમે, મારા મરનાર દોસ્તની લાશને કયાં દાટી છે, તે જગાએ એક દીવો લઇને મને લઇ જશો તો

કોઇ જાણશે નહિ, અને કોઇને જરા પણ શક જશે નહિ. ખાત્રી રાખજો કે તમારી વિરૂદ્ધ પુરાવા તરીકે હું જાણવા માગતો નથી, પણ માત્ર મારા મનની ખાત્રીનેજ માટે."

"ત્યારે શું તેનો ઉપયોગ મારી વિરૂદ્ધ પુરાવા તરીકે નહિ કરો ? તમે મારી ખરાબી નહિ કરો ?" ધ્રુજતે અવાજે તેણીએ પૂછ્યું.

"જો મારે તમને ખરાબ કરવાની ઇચ્છા હોત, તો હાલ જેટલી હકીકત મારા જાણવામાં આવી છે, તેટલી હકીકત મારે આગળ પગલું ભરવાને પૂરતી છે." લતિબખાંએ જવાબ દીધો. "અને જો પહેલેથીજ મેં એવું ધાર્યું હોત, તો તરત તમને કેદ પકડવાને મને કંઇ હરકત નહોતી. હવે તમને સમજ પડી, અને સંતોષ થયો ?"

"હા, હા, હવે મારી ખાત્રી થઇ છે." તે કંગાલ સ્ત્રી બોલી.

"ત્યારે ચાલો, ઉતાવળ કરો. દીવો લ્યો, અને મેં કહ્યું તેમ કરો." લતિબખાં બોલ્યો.

"પણ નીચે મારા કોઇ નોકરો જાગતા હશે તો ?" બીકથી તેણીએ પૂછ્યું.

"હાં ! ત્યારે નીચે જવાનું છે કેમ ?" લતિબખાં પોતાના મન સાથે બબડયો. "જાઓ, બાઇ, પહેલાં તમારાં માણસોને સૌ સૌની જગોએ સુવા મોકલી દો. ત્યાંસુધી હું જરા છાંટાપાણી લઇને તાજો થઇશ."

આવી રીતે તેણીને પોતાની મરજી પ્રમાણે લતિબખાં પાસેથી જવાની રજા મળવાથી તેના સઘળા સોગનો, વચનો, અને ખાત્રી ભરેલા શબ્દો કરતાં તેણીને વધારે વિશ્વાસ ઉત્પન્ન થયો—મનને કંઇક આશા અને હિંમત આવી—અને દિલાસો મળ્યો—કે લતિબખાંના તરફની કંઇ ધાસ્તી નથી.

દીવો લઇને તેણી નીચે ઉતરી, તો ગુમાન અને યમુનાને વાતચિતમાં ગુંથાયેલાં બેઠેલાં તેણીએ જોયાં. બીજાં બધાં માણસો સુવા ગયાં હતાં. આ બન્ને જણ લતિબખાંને પોતાની શેઠાણી સાથે વધારે રોકાયેલો જોઇ ગભરાતાં હતાં, તેવામાં યશોદાબાઇને જાતેજ નીચે આવતાં તેમણે જોઇ.

"ઓ ! બાઇસાહેબ !" યમુના તેણીના તરફ દોડી જઇને બોલી

"અરે, અમે એટલાં બધાં બી મુવાં છીએ ! તે શું કરે છે ? હજુ તે માણસ ગયો કે નહિ ?"

"ના, તે ગયો નથી." યશોદાબાઇએ ઉતાવળે જવાબ દીધો. "પણ તમારે કંઈ ગભરાવા જેવું નથી."

"ઇશ્વરનો આભાર !" પોતાના ગભરાટમાંથી મોકળી થતાં બોલી.

"ના, ના. તમારે બિલકુલ બીવાનું નથી." યશોદાબાઇ ફરીથી બોલી. "પણ તે બધું જાણે છે ખરો."

"હેં ! ! ત્યારે તો આવી બન્યું!" ગુમાનના મોઢામાંથી ઉદ્ગાર નીકળ્યા.

'ઓ, પ્રભુ ! હવે શું થશે?" યમુના ગભરાટમાં નીચે બેસી જતાં બોલી.

"હા, તે બધું જાણે છે." યશોદાએ પાછો ઉતાવળથી ખુલાસો કરવા માંડયો. "પણ તે આપણને ઉઘાડાં પાડશે નહિ. તે પૈસાથી વશ થશે, અને આપણો મિત્ર થશે. પણ લાશ ક્યાં દાટી છે, તે જગો જોવાને આગ્રહ કરે છે."

"હેં ! ત્યારે તો નક્કી એ કંઇ દગો રમવા ધારે છે. હમણાં કે પાછળથી." ગુમાને કહ્યું. "પણ હું તેને ઠેકાણે કરીશ." તેણે ભયંકર ચહેરો કરી વધાર્યું.

"તું શું કહેવા માગે છે ?" ગુમાનના બોલવાથી યશોદાએ ચકિત થતાં પૂછ્યું, બન્નેની આંખો મળી—અને ગુમાનનો ઇરાદો યશોદાબાઇ સમજી હોય એમ જણાયું.

"હું શું કહેવા માગું છું, તે તમે સમજો છો, બાઇ સાહેબ." તે ધીમેથી બોલ્યો, કે યમુના સાંભળે નહિ.

"હા, હું તારો ઇરાદો સમજુ છું, ગુમાન." તેણી બોલી. "પણ-પણ-શું આ બીજો ગુનો જરૂરનો છે ?" તેણીએ અચકાતાં અચકાતાં પૂછ્યું, અને તેમાં પોતે ગુમાનથી સાવચેતી રાખવાનું ભૂલી ગઇ.

"હા, તે જરૂરનો છે." ગુમાન બોલ્યો. "એ લુચ્ચાને પાછલા ચોકમાં લાવો—તમારે ફાવે તે રીતે એને સમજાવો—અને તે જ્યારે પાછો ફરશે—ધ્યાનમાં રાખજો કે પાછો ફરશે ત્યારે—હું કોઠારમાંથી નીકળીને તેના ઉપર

કૂદી પડીશ. પણ હવે તમે જલદી તેની પાસે જાઓ. નહિ તો તેને કંઇ વહેમ પડશે. અને તેટલામાં હું યમુનાને તેણીના ઓરડામાં મોકલી દઉં છું.

"ભલે, તારી મરજી પ્રમાણે થવા દે, ત્યારે, ગુમાન." એમ કહી ઉતાવળી યશોદા પાછી ઉપર ચઢી. આ બધી વાતચિતમાંનું યમુનાએ કશું સાંભળ્યું નહોતું. તેણી તો મનમાં ગભરાતી દૂર એક ઠેકાણે માથું નીચું નાખીને બેસી ગઇ હતી.

યશોદાબાઇને હવે ખુન કરવાનો ગભરાટ ધીમે ધીમે જતો રહ્યો હતો, અને જાણે તે કામ તો સાધારણ હોય તેમ તેણીને લાગતું હતું. વળી તેણીએ ધાર્યું કે તેણીની પોતાની સલામતીને માટે આ બીજું ખુન જરૂરનું હતું.

"કેમ, નીચે બધું શાંત છે?" યશોદાબાઇને આવતી જોઇ લતિબખાંએ પૂછ્યું.

"હા." તેણીએ જવાબ દીધો. "બે નોકરો વાતો કરતા બેઠા હતા, તેમને સૂવા મોકલી દીધા. હવે તમારી મરજી હોય તો ચાલો."

"રસ્તો બતાવો, બાઇ—તમે આગળ ચાલો; અને હું પાછળ પાછળ આવું છું." લતિબખાં બોલ્યો. "ચાલ, સુલતાન, આગળ થા." તેણે પોતાના રાક્ષસી પણ નિમકહલાલ કૂતરાને સંબોધીને કહ્યું, કે જેને તેણે સુલતાનનું નામ આપ્યું હતું. તે પોતાના શેઠની સાથે સાથેજ યશોદાબાઇની પાછળ પૂંછડી પટપટાવતો ચાલ્યો.

તેઓ નીચે ઉતર્યા—પાછલા ચોક તરફ ચાલ્યાં. બાજુ ઉપર કોઠાર હતો—તે વખતે યશોદાબાઇએ ધાર્યું કે ગુમાન આ કોઠારમાં ખુન કરવાને ઇરાદે સંતાયો છે, એટલે હવે કંઇ હરકત નથી.

"ચૂપ રહે, સુલતાન." કૂતરો વિચિત્ર રીતે ભસવા લાગ્યો, તેને લતિબખાંએ ધમકાવ્યો—"ચાલો બાઇ, જો તમે આગળ નહિ ચાલો તો, આ મારો સુલતાન મને રસ્તો બતાવશે—કારણકે આપણા કરતાં તેને વધારે સુગ મળે છે."

યશોદાબાઇ ગભરાટથી ધ્રૂજી ઉઠી. રાતના બાર વાગવાનો વખત—સઘળે પથરાઇ રહેલી સ્મશાનવત્ શાંતતા—કડકડતી ઠંડી-ચોકમાં ખૂલામાં આ-

વવું-વળી પોતે કરેલા ખુનવાળું જ્યાં મડદું દાટેલું છે તેજ જગોએ-કૂતરાને જગોની સુગ મળે છે તેવું લતિબખાંનું કહેવું-આ સઘળો સંજોગ યશોદાબાઇ ગમે તેવી કઠણ હૃદયની હોય તોપણ તેણીને કંપાવવાને ઓછો નહોતો.

તેણી ઉપરની હિંમત રાખી આગળ ચાલતી હતી-વચલી ચાલ પૂરી થઇ-ચોકમાં જવાનું બારણું ઉઘાડયું, અને મડદુ દાટેલી જગા ઉપર જેવી યશોદાબાઇની નજર ગઇ કે તેણીનું આખું શરીર વીજળીના આચકાની માફક કંપી ઉઠયું. તેણી પડતાં પડતાં બારણાની સાખ પકડી લેવાથી બચી.

"અહા, હું સમજ્યો." લતિબખાં બબડયો.

"ઓ, પ્રભુ! મને બચાવ." ભયંકર ધાસ્તીથી ધ્રૂજતી યશોદાબાઇ દાંત કકડાવતી બોલી.

"ચાલો બાઇ, પાછું એવું કરશો નહિ." તેણીને વધારે ને વધારે પોતાના કાબુમાં આવતી જતી જોઇ લતિબખાં બોલ્યો. "જે બનવાનું હતું તે બની ગયું છે, અને તે હવે નહિ બન્યું એમ થવાનું નથી, તો હવે આપણે જેમ સારો રસ્તો લેવાય તેમ લેવો જોઇએ."

આવા શબ્દો બોલવાનો લતિબખાંનો શું ભાવાર્થ હતો, તે વાંચનારે સમજી લેવું. પણ એટલું તો નક્કી છે કે યશોદાબાઇને તે શબ્દો ગમે તો ગંભીરતા ભરેલા લાગ્યા હોય,-કે પછી પોતાને દિલાસો આપવાના લાગ્યા હોય-તે ગમે તેમ હોય, પણ તેણીને ખાત્રી થવાથી તેણી બોલી. "હા, એતો તમે ખરૂં કહો છો-પણ હું ઇશ્વર પાસે માગું છું કે આ પ્રમાણે થયું હોત નહિ." આ શબ્દો તો તેણી ખરા અંતઃકરણથી બોલી.

"હવે જુઓ બાઇ, તમે જુઓ છો કે મેં ખરૂંજ કહ્યું હતું." લતિબખાંએ કૂતરા તરફ આંગળી કરીને કહ્યું-કારણકે સુલતાન પૂછડી હલાવતો જે જગોએ મડદું દાટયું હતું, તે પત્થરના ઉપર જઇ તેને સુંઘતો રડવા જેવો અવાજ કાઢતો હતો. "જુઓ કે આ પશુ, માણસના કરતાં વધારે બુદ્ધિશાળી અને ચકોર છે-અને હવે મારે પૂછવાની જરૂર નથી કે મારો દોસ્ત ક્યાં દટાયેલો છે?"

આ વખતે યશોદાબાઇ, કંઇ નહિતો દસમી વખત લતિબખાંએ, તે-

ણીને બચાવવાનું આપેલું વચન તેને યાદ કરાવવા જતી હતી, પણ તેટલામાં તેણીને લાગ્યું કે તેમ કરવાની હવે જરૂર નથી. કારણ કે લતિબખાંને હમેશને માટે ચૂપ કરવાને ગુમાન ઘણો દૂર નહિ હોય-હવે તેણીની નફટાઇ વધી, અને પહેલું ખુન છૂપાવવાને માટે બીજું ખુન કરવા તૈયાર જણાઇ.

પણ આવો વિચાર ભાગ્યેજ તેણીના મગજમાં થઇ ગયો, અને લતિબખાં ચોકમાં જે જગોએ સુલતાન ઉભો હતો, ત્યાં જઇ ભાગ્યેજ તેણે પત્થર ઉપર નજર નાખી કે, તેજ વખતે ઉપરના કોઈ ભાગમાંથી હૃદયભેદક ચીસોનો અવાજ આવવાથી તેઓ બન્નેજણ ચમક્યાં.

થોડી પળતો લતિબખાં શ્વાસ ઉંચો રાખી ઉંચું જોઇ રહ્યો-અને ધ્યાન આપી કઇ બાજુથી ચીસો આવે છે તે સાંભળવા માંડયું-જાણે કે રસુલખાંના ખુનની વાત ઉપરથી તેના વિચારો બીજી કોઇ નવીજ બાબત ઉપર ગયા હોય-વળી પાછી કાન ફાડી નાખે એવી મોટી મોટી કીકીયારી ભરેલી ચીસો સંભળાઇ-અને પછી તો લતિબખાં, પોતે ત્યાં શું કામને માટે આવ્યો હતો, તે તમામ ભૂલી જઇ, એકદમ યશોદાબાઇના હાથમાં ફાનસ ઝડપી લઇ, એક ગાંડા માણસની માફક દોડયો. સુલતાન પણ તેની પાછળ ફદકો મારી દોડયો.

તેની આ હિલચાલ એવી એકાએક હતી, અને એવો ઝડપબંધ ફલંગથી દોડતો જતો હતો, કે પાસેના કોઠારના ઓરડામાં સંતાયેલા ગુમાનની છાતી ધબકી, અને તેના હાથ સજ્જડ અકડાઇ ગયા-કે જે તે વખતે એક જબરી ડાંગ લઇ તેના ખુની ઇરાદાથી તૈયાર થઇને ઉભો હતો.

યશોદાબાઇ એકાદ પળતો દિઙ્મૂઢ જેવી જડ બની ગઇ-કારણકે ક્યાંથી ચીસો આવતી હતી, તે તેણી સારી રીતે જાણતી હતી; અને લતિબખાં જેવો લુચ્ચો માણસ તે કામમાં વચ્ચે પડશે, એ વિચાર તેણીના હૃદયને શૂળની માફક વિંધવા લાગ્યો-તેવામાં એકાએક તેણીના મગજમાં ભયંકર ધારતી પેઠી કે પોતે કરેલા ખુનના મડદાવાળી જગોએ, ભયંકર રાત્રિના ઘાડા અંધકારમાં એકલી ઉભી હતી, અને તે વિચારની સાથેજ એક કારમી ચીસ નાખીને ત્યાંથી દોડી.

તેજ વખતે ગુમાન કંઇક સાવધ થવાથી બહાર નીકળ્યો, અને પેલી દુષ્ટા, યશોદાબાઇ, પોતાનાં પાપી કૃત્યોના દુઃખના બોજાથી દબાઇ જઇ એકદમ તેના હાથમાં જઇને પડી, અને બેભાન થઇ ગઇ. ત્યાં ઘોર અંધકાર પથરાઇ રહ્યો હતો.

ઉપરથી ચીસો હજુ સંભળાતી હતી. લતિબખાં ઉપર જઇ એકાદ ક્ષણ સાંભળવા અટક્યો, અને તેના ચપળ કાનોએ જણાવ્યું કે પાછલા મકાનમાંથી એ ચીસો આવતી હતી—તે તરફ જવાનો રસ્તો તેણે શોધી કાઢ્યો. ને દોડ્યો. આગળ જતાં એક બંધ બારણું તેને અટકાવ કરતું નજરે પડ્યું. એક ધક્કાની સાથે તે ઉઘાડી નાખ્યું—અને આગળ ને આગળ દોડ્યો—સુલતાન પણ તેની પાછળજ હતો—હવે તેને માલમ પડ્યું કે પાછલી ગલીમાં જે મકાન છે, તે યશોદાબાઇના આગલા મકાનની સાથે જોડાયેલું છે, તેથી તેની જીજ્ઞાસા વધી, અને તેના પગમાં બમણું જોર આવ્યું. આગળ જતાં એક બીજું ઉઘાડું બારણું નજરે પડ્યું, કે જેમાં એક દીવો બળતો હતો, અને એક નોકર બેઠેલો હતો, અને તે તેજ તરફથી આવતી ચીસોની બિલકુલ દરકાર રાખતો જણાતો નહોતો.

"અરે! તું કોણ છે? અને અહીં કેમ આવ્યો છે?" લતિબખાં જેવો પોતાના કૂતરા સાથે તે ઓરડામાં દોડતો જતો હતો, તેવોજ તે નોકર ચમકીને ઉભો થઇ તેને અટકાવવા બોલી ઉઠ્યો.

"ઓ! બેવકૂફ, ગદ્ધા! શું તું આ ચીસો સાંભળતો નથી?" લતિબખાંએ ગુસ્સાથી પૂછ્યું—પણ તેનો જવાબ સાંભળવા ઉભો નહિ રહેતાં આગળ ચાલ્યો, ત્યાં દાદર આવ્યો, તેના ઉપર ચઢ્યો.

એકાએક ચીસો બંધ થઇ ગઇ. પણ લતિબખાંના અનુભવી ચપળ કાને, તે ચીસો કયા ઓરડામાંથી આવતી હતી, તે જાણ્યું હતું—અને તે આધારે ચાલતાં જે પહેલુંજ બારણું આવ્યું, તે વગર આચકે એકજ ધક્કાથી ફડાક દઇને ઉઘાડી નાખ્યું.

"અરે! આ શું! આમ બારણું તોડી વચ્ચે આવવાનું શું કારણ?" એક મુસલમાની પહેરવેશ પહેરેલો ઉંચો માણસ કે જેના હાથમાં એક ખૂબ-

સુરત નાજુક સ્ત્રી બેભાન હાલતમાં હતી, તે ગુસ્સાથી બરાડ નાખી બોલ્યો.

"વાહ ! વાહ ! બળાત્કાર–જુલમ–અહીં બહુ સારો ધંધો ચાલતો જણાય છે !" લતિબખાં સામી ત્રાડ નાખી બોલ્યો–"અને આવો જુલમ અટકાવવાની મારી ફરજ છે."

એમ કહેતાની સાથે હાથમાંનું ફાનસ એક બાજુ ઉપર મુકી, અજબકુમારને પોતાના એક જબરા હાથે એક બાજુ ખસેડી મૂકી, બીજે હાથે પેલી બેભાન અબળાને લઇ લીધી, અને સતીના હોઠ અપવિત્ર થતાં બચ્યા.

તેજ વખતે નિમકહલાલ સુલતાન, અજબકુમારને સ્વાભાવિક રીતે પોતાના શેઠનો દુશ્મન ધારી, તેના સામે પોતે લડાઇ કરવાની પોતાની ફરજ સમજી, તેના સામે મોટે મોટેથી ભસવા લાગ્યો, અને કૂદી કૂદીને ઘૂરકવા લાગ્યો.

"ઓ બેવકૂફ, તારા આ હેવાન પશુને બોલાવી લે." ગુસ્સાથી ગાંડા જેવો થઇ જઇ અજબકુમાર દાંત કચકચાવતો બોલ્યો. "ઓ ગદ્ધા, તું મારૂં સાંભળતો નથી ? તારા આ કૂતરાને દૂર કર. અરે ! હા–પણ તું કદાચ મને ઓળખતો નહિ હોય."

"હા–કોઇ સોનેરી ટોળીનો વેશ બદલેલો તોફાની, બદમાશ–" લતિબખાં બોલ્યો–કે જે તે વખતે કળાને એક બેઠક ઉપર લઇ જતો હતો. તેણી આ ધમાચકડીમાં મુર્છામાંથી જાગી ઉઠી ભાનમાં આવી હતી.

વાંચનારને જણાવવાની જરૂર છે કે ગયા પ્રકરણને અંતે કળાને આપણે મોટી ચીસની સાથે અજબકુમારની બાથમાં બેભાન થઇ ગયેલી જોઇ હતી, અને અજબકુમાર તેણીના હોઠ તથા ગાલને પોતાના હોઠથી અપવિત્ર કરવાની તૈયારીમાં હતો–તેજ પળે લતિબખાંએ તે બારણું તોડી નાખી અજબકુમારને એકાએક ગભરાટમાં અને ગુસ્સામાં નાખી દીધો હતો, અને તેથી આ પવિત્ર બાળા અપવિત્ર થતાં બચી હતી. અને તેની મદદની બૂમ ઇશ્વરે સાંભળી હતી, જેથી લતિબખાં ખરે અણીને વખતે તેણીની મદદે આવી પહોંચ્યો હતો.

હવે કળા મુર્છામાંથી જાગૃત થતાં એકદમ ઉભી થઇ, આજુબાજુ

નજર નાખતાં, પેલા પાપી, વિષયલંપટ અજબજકુમારના પંજામાંથી પોતાને છૂટેલી જોઈ. પણ તેણી શી રીતે છૂટવા પામી, તેનો વિચાર કરવા નહિ થોભતાં, તેમજ પોતાને છોડનારનો આભાર માનવા પણ નહિ અટકતાં, માત્ર પોતે કેવી ધાસ્તીમાં હતી, તેના ખ્યાલમાંજ એકદમ તે ઓરડામાંથી દોડતી બહાર નીકળી ગઇ.

"પેલીને અટકાવ–બસ, હું તને હુકમ કરૂં છું કે પેલીને અટકાવ." પોતાની જીભ તથા હાથપગ હવે અજબકુમાર પોતાના કાબુમાં વધારે રાખી નહિ શકવાથી, અને હાથમાં આવેલો શિકાર, આમ ખરી વખતે છટકી જતો જોવાથી, ગાંડાતુર બની જઈ ગુસ્સામાં બારણા તરફ દોડતો બુમ પાડી ઉઠયો.

"સુલતાન, આ બદમાશને અટકાવ." લતિબખાંએ અજબકુમારને અટકાવવા પોતાના કૂતરાને હુકમ આપ્યો–હવે પૂછવાનું શું? તેજ ક્ષણે તે નિમકહલાલ પ્રાણીના તીક્ષ્ણ દાંત અજબકુમારના જમણા પગની ચામડીમાં ઊંડે સુધી પેસી ગયા.

અહા! હવે અજબકુમારની શી વલે થઇ, તે જોવા જેવું હતું–શું ફજેતી! શું ગેરઆબરૂ! શરમ! શરમ! ધિક્કાર! કે જ્યારે કળા એકદમ સપાટાબંધ નીચે ઉતરી ગઇ, ત્યારે તે પાપી, કૂતરાના દાંતની વેદનાથી ચીસ પાડતો અને લોહી ટપકાવતો, તરફડીયાં મારવા લાગ્યો–કળાને બહાર જવાની હરકત પડી નહિ–કારણ કે પેલો નોકર તો લતિબખાં એકાએક અંદર ધસી ગયો, તે યશોદાબાઇને ખબર આપવા આગલા મકાનમાં ગયો હતો.

હવે લતિબખાંએ સુલતાનને પોતાની પાસે બોલાવી લીધો, અને અજબકુમાર થાકેલો, અને પગે લોહીથી નિગળતો, એક ખુરશી ઉપર પડયો–અને પોતાનું ઓળખાણ આપી લતિબખાંને ઠપકાથી ગભરાવી નાખવાના વિચારમાં હતો, તેટલામાં તેને લાગ્યું કે તેમ કરવાથી આવા નીચ માણસની નજરમાં તે પોતે હલકો પડી જશે, અને બહાર તેની ફજેત થઇ શરમાવા જેવું થશે. તેથી તે વિચાર માંડી વાળ્યો.

"ઠીક છે, બચ્ચાજી, ગુસ્સામાં દાંત કચકચાવતાં, ત્યાં પડી રહેવા

જ ઠીક છે, ” લતિબખાંએ હાસ્ય કરતાં કહ્યું. જો કે તેણે કેટલીક વાર અજયકુમારને જોયો હતો, પણ તેના હાલના વેશમાં તે તેને ઓળખી શકયો નહિ. “ પણ તારે તારી પોતાની જાત સિવાય બીજા કોઇને ઠપકો આપવાનો નથી—શું ? આવી રીતે તારા જેવા બદમાશો છુપા વેશે ગરીબ રૈયતને જુલમથી હેરાન કરી, સ્ત્રીઓને ફસાવી, તેમની ચીસો અને કીકીયારીઓ છતાં, તેમના ઉપર બળાત્કાર કરવાની હજુ હિંમત રાખે છે કેમ ? રાજાના સખ્ત કાયદા જાણતો નથી ? હવે અંગ્રેજી રાજના ધોરણે અહીંના કાયદા થયા છે, અને અંગ્રેજ સરકારની પણ દેખરેખ છે. તેમ છતાં જો હું તેવું થતું ચાલવા દઉં તો પોલિસ અમલદાર તરીકે મારી ફરજ મેં બજાવી ગણાય નહિ. ”

“ અહા ! ત્યારે તમે પોલિસ અમલદાર છો, કેમ ? ” અજયકુમાર પોતાને પગે થતી વેદનાથી દુઃખી થઓ, પોતાનો ગુસ્સો દબાવી હાલની અડચણમાંથી છૂટો થવા ઇચ્છતો હતો, તે લતિબખાંને મનાવી લેવાના ઈરાદાથી બોલ્યો. “ હું ધારૂં છું કે એક ગૃહસ્થ પોતાની અડચણમાંથી પૈસાની મદદથી છૂટો થઇ શકે છે, તે તમે જાણુતા હશો. અને હવે પેલી છોકરીને કંઇ હરકત પહોંચી નથી, તો હવે આ બાબત વધારે લંબાવવાની તમે જરૂર ધારશો નહિ. લ્યો. આ દશ રૂપીઆ લ્યો—અને ચાલ્યા જાઓ. તમે અને તમારો કૂતરો મને કેટલુંક નુકસાન તો કરી ચૂકયા છો.” તેણે પોતાને પગે જ્યાં કૂતરાના દાંત બેસવાથી લોહી નીકળતું હતું, ત્યાં પોતાનો રૂમાલ બાંધતાં દુઃખની હાય દબાવી રાખતાં, ગજવામાંથી દશ રૂપીઆની નોટ કાઢીને લતિબખાંને આપીને તેને વીદાય થવા ઉતાવળ કરી.

“ વારૂ સાહેબ, હું આવી બાબતને હવે વધારે લંબાવવા માગતો નથી. ” નોટ લઇ લતિબખાં અંદરખાનેથી ખુશી થતો બોલ્યો. કારણ કે પૈસાને લીધે તેના વિચાર બદલાયા હતા. “ પણ તમારે જાણવું જોઇએ કે તમારા જેવા ગૃહસ્થો આવી રીતે ફસાય, ત્યારે તેમને પણ કાયદાનો સ્વાદ ચાખવો પડે છે. ”

“ એકદમ ચાલ્યા જવા મેં તમને ઇનામ આપ્યું છે—હવે મને લાંબું

ભાષણ આપવા તમારે ઉભા રહેવાની જરૂર નથી." અજયકુમાર અધીરો બનીને બોલ્યો. વળી કંઇક વિચાર આવતાં કહ્યું "પણ તમે આ ઓરડામાં શી રીતે આવી શકયા? અને તમે આ મકાનમાંજ શું કરવા આવ્યા હતા—?"

"આ ભલી બાઇને માટે એ ખુલાસો કરવાનું હું રહેવા દઈશ તો ઠીક પડશે." યશોદાબાઇ તેજ વખતે ત્યાં આવી પહોંચી હતી, તેણીના તરફ આંગળી કરીને લતિબખાં બોલ્યો. યશોદાબાઇની પાછળ ગુમાન અને બીજો નોકર હતો.

અજયકુમારે યશોદાબાઇના સામું જોઇ તેણીને પોતાનું ઓળખાણ નહિ આપવા ઇશારત કરી—કારણ કે તેણીનો ગભરાયેલો ચહેરો જોઇ તેને લાગ્યું કે તેણી કદાચ કંઇ ભરડી નાખશે.

"હું ફરીથી આવતી કાલે રાત્રે આવીશ, અને ત્યાં સુધી તમારે કંઇ બીવાનું કારણ નથી, બાઇ." લતિબખાંએ જતાં જતાં યશોદાબાઇના કાનમાં ધીમેથી કહ્યું, અને પોતાના કુતરા સુલતાનને બોલાવી પોતાનો આજનો ફેરો કેટલેક અંશે સફળ થવાથી ખુશી થતો ચાલ્યો.

"તમે જાઓ હવે." યશોદાબાઇએ ગુમાનને તથા પેલા બીજા નોકરને કહ્યું. અને તેમના ગયા પછી અજયકુમાર તરફ વળીને બોલી.

"અરે! આ શું થયું? પણ તેમાં કંઈ મારી કસુર નહોતી. હું તમારા ઠપકાને પાત્ર નથી—ઓ, બાપ! હું તો ગાંડા જેવી થઇ ગઇ છું."

પછી એક ખુરશી ઉપર પડતું નાખીને પોતાના બે હાથથી આંખો દાબી પડી રહી.

"અરે! પણ તને આ થયું છે શું?" અજયકુમાર બોલ્યો, અને તેણે લતિબખાં ઉપરનો ગુસ્સો યશોદાબાઈ ઉપર કાઢવાની તક મળતાં પોતાનો ઉભરો ખાલી કરવા લાગ્યો. જો કે આ વખતે તેના ગુસ્સાનું પાત્ર એક સ્ત્રી થઇ હતી, અને તે સ્ત્રી તેના પાપવાસનાનાં કૃત્યોમાં તેની ઇચ્છા તૃપ્ત કરવામાં મદદ કરતી હતી. પણ તે કશો વિચાર આ વખતે તેને થયો નહિ. "કેમ, તારા ધણી જાલમસિંહની તપાસ કરવા પોલિસ અમલદારો

રાતને વખતે તારા ઘરમાં આવે છે ? તેમ ન હોય તો આવો લુચ્ચો માણસ અત્યારે તારા ઘરમાં શું કરવા આવ્યો ?"

"અરે ! રે ! અજબકુમાર, આતો ઘણું નિર્દયતા ભરેલું બોલો છો." તેણી ડુસકાં લેતાં બોલી. "તમારા તરફની આવી વર્ત્તણુકને હું લાયક નથી." એમ કહી તેણી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી,

"ચાલ, યશોદાબાઇ, આ તારી બેવકૂફી છે." અજબકુમાર જરા નરમ પડીને બોલ્યો. "હું કબુલ કરૂં છું કે મેં ઉતાવળમાં નહિ કહેવાનું કહ્યું–પણ વિચાર કર કે જ્યારે એક માણુસને એક ખૂબસુરત સુંદરીની સાથે મોજ ભોગવવાની ખરી અણીની વખતે આવો નીચ માણુસ એકાએક આવી હરકત નાખે, અને વળી એક જંગલી કૂતરૂં તેને પગે કરડે, એ તેને ગુસ્સે થવાનું કારણ નથી, વારૂ ?"

"શું, તમને કૂતરૂં કરડયું ?" યશોદાબાઇ ગભરાટથી ઉભી થઇ અજબકુમાર તરફ જોઇને બોલી. "અરે ! તમે ખરૂં કહો છો ?"

"હા–હા–તેમ બન્યું છે, તેથી ખરીજ વાત છે." અજબકુમારે પગે પાટો બાંધેલો બતાવતાં કહ્યું. "પણ હું ઘેર જઇને એકદમ મારા દાક્તરને બોલાવી યોગ્ય ઉપાય કરીશ–પણ મારા જતા પહેલાં મને શકમાંથી મુક્ત કર કે, એ માણુસ અહીં શી રીતે આવવા પામ્યો ? કારણકે બહાર રસ્તા ઉપર તે છોકરીની ચીસો કંઇ સંભળાય નહિ."

"ના–ના–" યશોદાબાઇએ જવાબ દીધો–"એ પોલિસઅમલદાર પોતાના કંઇ ખાસ કામને માટે આવ્યો હતો, અને તે કામ કિશોરીકુમારી વાળા કામનું ઇનામ લેવાનું હતું–અને તે આગલા મકાનમાં હોવાથી તેણે ચીસો સાંભળી."

"બસ." અજબકુમાર બોલ્યો. "હવે મારી ખાત્રી થઇ છે–તેણે મને ઓળખ્યો નથી–મેં તેને છાનોમાનો જતો રહેવા દશ રૂપીઆ આપ્યા છે–પણ, મને બીક લાગતી હતી કે જો તે છોકરીની ચીસો બહાર રસ્તા ઉપર સંભળાઇ હશે, તો લોકો ભેગા થયા હશે–પણ,હવે તમારા ખુલાસાથી મારી તે બીક જતી રહી છે–અને હમણાં મેં તને ખોટું લાગે એવું કહ્યું,

તેને માટે, વહાલી યશોદા મને માફ કર—અને જૂના દોસ્ત તરીકે મારા સાધારણ બોલવાને મનમાં લાવીશ નહિ—ચાલ-હવે એક ચુંબન—અને પછી હું ચાલ્યો જઇશ."

યશોદાએ પોતાનો ચહેરો તેના આગળ ધર્યો, તો તે અજબકુમારને ફીકો અને લોહી ઉડી ગયેલા જેવો લાગ્યો—અને વધારે ધારી ધારીને જોતાં તેને લાગ્યું કે ગમે તેમ પણ તેણી કોઇ ઉંડા શોકમાં અથવા ધાસ્તીમાં છે.

"અરે ! આવું તને શું થયું છે ?" અજબકુમારે તેણીના ચહેરાથી ધાસ્તી ખાઇને પૂછ્યું, કારણકે તેણીનાં કેટલાંક કાવત્રાંમાં તે પણ સામેલ હતો, તેથી શી બાબતમાં અને કેટલે સુધી તેણીની ધાસ્તીનું કારણ છે, તે જાણી લેવાને ઇરાદે પૂછ્યું. "મને કહે, યશોદા તને શું થયું છે ?"

"કંઇ નહિ—હું ખાત્રીથી કહું છું કે મને કશું થયું નથી." તેણીએ જવાબ દીધો. "ગયા પાછલા થોડા દિવસના બનાવોજ માત્ર—સુશીલાવાળો બનાવ—ક્રિષ્ણાકુમારી વાળો બનાવ—અને આ અત્યારની ધાસ્તી—એ બધાં કારણોએ મને ગભરાવી નાખી છે."

"ઠીક—પણ તારે હિંમત રાખવી જોઇએ." અજબકુમાર બોલ્યો, કારણકે તેણીએ જે ખુલાસો કર્યો, તે સિવાય બીજો કંઇ વધારે ભય ભરેલો બનાવ બન્યો હશે તેનો તેને સંશય નહતો. "ચાલ, ત્યારે હવે હું જઇશ, કારણકે કળાની સાથેના બનાવથી હું પણ ઘણો દિલગીર થઇ ગયો છું."

"કળા !" યશોદાબાઇ અજાયબીમાં પડીને બોલી.

"અહા ! અજાણથી મારાથી એ નામ બોલાઇ જવાયું." તે હસતાં હસતાં બોલ્યો. "પણ હવે ખરી વાત છૂપાવવાની જરૂર નથી—કારણકે મારે પાછી એજ કામમાં તારી મદદની જરૂર પડશે."

"ત્યારે શું જે સ્ત્રીને તમે હમણાં અહીં લાવ્યા હતા તે કુસુમની બેન કળા હતી ?" યશોદાબાઇ કંઇ દુઃખી લાગણીથી અને કંઇ અજાયબીથી બોલી. "શું કળાની બેનની સામેના તમારા પ્રસંગે મને અને તમને ઓછાં ગભરાટમાં નાખ્યાં હતાં ?"

"વહાલી યશોદા," અજબકુમાર નિશ્ચયતાથી બોલ્યો "મારી સાથે હવે તકરાર ચલાવવી નકામી છે-હું જ્યારે અત્યારે પહેલવહેલો તારી પાસે આવ્યો, ત્યારે મેં તને કહ્યું હતું કે નાટકશાળામાં એક અપૂર્વ ખૂબસુરત પરીને મેં જોઇ છે, અને તેણીને વશ કરવાને હું ગાંડોતુર બની ગયો છું, અને તેણીને વિક્રમ હમણાં અહીં લાવશે. તે વખતે તે સ્ત્રી કોણ હતી, તે વિષે હું તદ્દન અજાણ હતો, પણ જ્યારે તેણી અહીં આવ્યા પછી મેં તેણીનો ચહેરો જોયો, ત્યારે અપાર સૌંદર્યની ભરેલી કળા જણાઇ. અને કુસુમના કરતાં પણ હજાર ઘણી વધારે મને ખૂબસુરત લાગી-ત્યારે શું તું એમ ધારે છે કે હું તેણીને છોડી દઉં? હજુ શું તું એમ ધારે છે કે તેણીને ફરીથી મારા કબજામાં લેવા મહેનત કરવાને હું પાછો હઠીશ? ના-ના-હજારો વખત ના-અને એવું તું ધારે તો તારી મોટી ભૂલ છે-અહા! તેણી કેટલીબધી મગરૂબ છે? તેણીએ મને ગુસ્સામાં કેટલોબધો શબ્દ પ્રહાર કર્યો છે? આજ કારણથી હવે હું તેણીનું સતીત્વ ભ્રષ્ટ કરી તેણીને નીચી નમાવવા જબરી લઢાઇ મચાવીશ-કે જેથી તેણીને ભોગવવાની મારી ઇચ્છા-અને તેણીની મગરૂબી ઉપર મારે લેવાનું વેર-એ બન્ને એકજ વખતે તૃપ્ત થાય. માટે મને મારા ઠરાવથી ફેરવવાનો જરા પણ પ્રયત્ન કરીશ નહિ. પણ મારે જ્યારે જરૂર પડે ત્યારે મને એ કામમાં મદદ કરવા તૈયાર થઇ રહેજે-ચાલ હવે હું જઇશ."

એમ કહીને અજબકુમારે ચાલવા માંડયું.

પ્રકરણ ૬૦ મું.

દુઃખી બાળા.

બીજે દિવસે જ્યારે કળા ઉઠી, ત્યારે તેણીએ જોયું કે તેણી એક મોટા ભવ્ય મહેલમાં, એક સુશોભિત ઓરડામાં એક પલંગ ઉપર સૂતેલી હતી-તેણીએ જાગતાની સાથે ચારે બાજુ જોયું, તો

તેણીએ તે શણગારેલો ઓરડો જોતાં પોતે કયાં આવી પડી હશે, તેને માટે ગભરાટમાં પડી; પણ થોડી વારમાંજ તેણીને પાછલી રાતની સ્મૃતિ આવી, અને તેની સાથેજ ગઇ રાત્રે જે જે બનાવો બન્યા હતા, તે એક પછી એક તેણીના મગજમાં તરી આવ્યા. એમ કરતાં આખરે આ મકાનમાં કેવી રીતે આવી તે પણ યાદ આવ્યું. ત્યાર પછી, પોતે માની લીધેલી જયચંદ્રની બેવફા ચાલ વિષે, તેણીએ નાટકશાળામાં જોયેલો બનાવ, તેણીના મગજમાં ભરાયો, ત્યારે તેણીના બીજા સઘળા વિચારો જતા રહ્યા. અને માત્ર તેજ વિચારોએ તેણીના મગજનો સ્વતંત્ર કબજો લઇ લીધો. બિચારી ગરીબડી અને દુઃખી તથા ભોળી અને ઠગાયેલી કુમારિકા, ઉસીકે માથું નાખી ધ્રૂસકે ધ્રૂસકે રડી પોતાની છાતી ખાલી કરવા લાગી.

ખરેખર, આ પ્રમાણે પુષ્કળ રડવાથી તેણીનું ગભરાયેલું મન જરા શાંત પડયું. અને તેણી પોતાના ગાલ ઉપરથી મોતીના દાણા જેવાં આંસુના ટપકાં જેવી લૂછતી હતી, તેવુંજ તે ઓરડાનું બારણું ઉઘડયું, અને કોઇ ભભકાદાર અને જાજરમાન સુંદરી મંદ મંદ પગલે સ્મિત કરતી દાખલ થઇ. આ સુંદરી બીજી કોઇ નહિ, પણ ખૂબસુરત અને ભભક ભરેલી પુષ્પાવતી દેવી હતી.

“મારી વહાલી કળા,” પુષ્પાવતીદેવી કળાના પલંગ પાસે આવીને તેણીનો હાથ લઇને બોલી. “ગઇ રાત્રે શું બન્યું, તે મને કહે—હું આશા રાખું છું કે કુસુમના સંબંધમાં કંઇ નહિ હોય?”

“ના, તેવું તો કંઇ નથી, મારી ઉદાર દેવી, અને માયાળુ આશ્રયદાતા!” કળા આભારની લાગણીથી બોલી “પણ ગઇ રાત્રે બીજા વેશમાં, એકલી, આપના મકાનમાં, મોડી રાત્રે આવવા માટે, આપની પાસે હું ખરા દિલથી માફી માગું છું.”

“માફી વિષે એક પણ શબ્દ બોલીશ નહિ, વહાલી કળા” પુષ્પાવતી પલંગ ઉપર તેણીની પાસે બેસતાં બોલી. “પણ હું તારી ખરા અંતઃકરણની સખી હોઉં, તે પ્રમાણે મને તારે જે ખુલાસો કહેવો હોય તે કહે—મને લાગે છે કે કંઇ પણ નાખુશ બનાવ બન્યો છે. તારી આંખો

રહેલી હોય એવી જણાય છે. અને વળી મારી ખાત્રી છે કે આવો જુદો પહેરવેશ તું કંઇ નાહાનીથી ખાસ મઝા ભોગવવાને માટે પહેરીને બહાર નીકળે તેવી નથી. ”

“ આપનું અનુમાન ખરૂં છે, મારાં દયાળુ માતા સમાન દેવી ! ” કળાએ પોતાને તે વખતે થઇ આવેલા દુઃખનો ડુમો મુશ્કેલીથી શમાવતાં કહ્યું.

“ હું તને સારી રીતે જાણું છું—તારી રીતભાત પણ હું પૂરતી રીતે સમજું છું—અને તારા વિષે મારો ઘણો ઉંચો અભિપ્રાય છે, કળા.” પુષ્પાવતીદેવીએ પોતાની ખરા દિલની લાગણી કહી બતાવી. “ અને તેથી ખાસ કારણ વગર તું આવા પહેરવેશથી નાટકશાળામાં જાય, એમ હું ધારતી નથી. કારણ કે હું અનુમાન કરી શકું છું કે તેં વેશ બદલો નાટકશાળાને માટેજ કર્યો હશે. અને તેથી જો તું મને વિશ્વાસથી તારી હકીકત નહિ કહેવાનું યોગ્ય ધારીશ, તો પણ હું તારી વિરૂદ્ધ જરા પણ શક લઇ જઇશ નહિ. ”

“ પણ આપના ઉપર વિશ્વાસ નહિ મૂકવાને માટે મારો બિલકુલ ઇરાદો નથી. ” કળાએ જવાબ દીધો. “ આખી દુનિઆમાં મારૂં વહાલામાં વહાલું જો કોઇપણ હોય તો તે આપજ છો, કારણ કે આપ મહેરબાનીથી તેવીજ માયાળુ લાગણી મારા ઉપર તથા મારી દુઃખીઆરી બેનના ઉપર ધરાવો છો. જ્યારે મારા જન્મદાતા મારા પિતાનું ઘર છોડવાનો મારે કઢંગો પ્રસંગ આવ્યો, ત્યારે આપેજ મને ઘરમાં રાખીને આશ્રય આપ્યો; અને તેજ પ્રમાણે મારી દુઃખી બેનને પણ આપના આશ્રય તળે રાખી છે. તેથી એક પળ પણ આપ એવું ધારશો નહિ, કે આટલું બધું આપે મારે માટે કર્યું છે તેને માટે હું અનુપકારી છું. ”

“ મારી મધુરી બાળા, હું જાણું છું કે તું ભલી, માયાળુ, અને ખુલ્લા દિલની છે. ” પુષ્પાવતીદેવી બોલી. “ અને તેથીજ મારો સંપૂર્ણ પ્યાર તેં ખેંચી લીધો છે. હજુ વળી મને જણાવ કે હવે હું તને કેવી રીતે મદદ કરી શકું; અને પછી તું જોઇશ કે હું કેવા દિલથી અને આતુરતાથી તારૂં કામ કરૂં છું. ”

"ઓ ! મારાં માવતર સમાન માયાળુ દેવી ! હું આપના આટલા ઉપકારનો બદલો શી રીતે વાળીશ ! મા પણ આટલું હેત ન રાખે ! માત્ર હું તો ઇશ્વરની પ્રાર્થના કરી શકીશ કે તે આપના આ બધા મારા ઉપરના ઉપકારનો બદલો આપને આપે !" કળાએ ખરા જીગરથી ઓશીંગળ થતાં પોતાની લાગણી બતાવી. "હવે પહેલું તો આપની પાસે મારા અંતઃકરણનો ઉભરો ખાલી કરવા દો. અને ત્યાર પછી મારે આપની પાસે કંઇ મહેરબાની માગવી પડશે."

આ પ્રમાણે બોલીને તેણીએ પોતાના ગજવામાંથી એક કાગળ કાઢીને પુષ્પાવતીદેવીના હાથમાં આપ્યો, જેમાં નીચે પ્રમાણે લખેલું હતું.

"જયચંદ્ર તારી સાથે બેવફા છે. તે પોતાની વર્તણુકમાં સુધારો થયાનો ડોળ બતાવે છે. પણ અંદરખાનેથી તેની હીલચાલ હમેશના જેવી દુરાચારી છે, એટલુંજ નહિ, પણ તેનાં વિષય લંપટ કાવત્રાં હદપાર વધતાં જાય છે. આવતી કાલે રાત્રે તે નાટકશાળામાં જશે, જે વખતે તેણે વેશ બદલેલો હશે. આસમાની રંગનો ડગલો, અમુક જાતની ખાસ નિશાનીવાળો, અને તેવાજ રંગનો ફેટો, તેના શરીર ઉપર હશે. તેના હેતુમાં લંપટતાનું નવું કાવત્રું છે. અને તેની ખાત્રી તારી આંખે જોઇને તું કરી શકે એમ છે. આ ચિઠ્ઠી લખનારને આવી સદ્‌ગુણી, ઉદાર, વિશ્વાસુ, માયાળુ અને ખૂલ્લા દિલની બાળાને, આવા દગાખોર, લુચ્ચા, અને વિષયલંપટ પુરૂષના પંજામાં સપડાતી બચાવવા સિવાય બીજો કોઇ હેતુ નથી. કારણ કે એક પતિવ્રતા અને સતી સ્ત્રીનામાં જેટલા સદ્‌ગુણો હોવા જોઇએ, તેટલા બધા સદ્‌ગુણોનો તું ભંડાર છે, એમ હું જાણું છું. અને તેથી ઉલટી રીતે વિષયી અને ચંચળ વૃત્તિના પુરૂષનામાં જેટલા પ્રકારના દુર્ગુણો હોય છે, તેવા તમામ દુર્ગુણો જયચંદ્રનામાં ઢંકાયેલા છે, તે પણ હું જાણું છું. તેથી મારા મનની લાગણીથીજ હું તને ચેતાવું છું.

હું જાણું છું કે આવી નાટકશાળામાં કેવી રીતે જવું, અને કેવી રીતે આવવું, તેથી તું તદ્દન અજાણી છે. માટે તને સરળતા કરી આપવા સારૂ એક દુકાને—કે જેનું ઠેકાણું આ સાથેની કાગળની કાપલીમાં છે—ત્યાં તારે

મારે, તું બીજાને ન ઓળખી શકાય, એવો પહેરવેશ, ફૂલની ટોપી સાથે મેં તૈયાર રખાવ્યો છે, અને તે દુકાનદાર સ્ત્રી તને પહેરાવશે. અને પછી તે પહેરવેશમાં તું તે નાટકશાળામાં જજે–કે જે તે દુકાનથી બહુ દૂર નથી.

હવે ફક્ત એકજ શબ્દ મારે તને જણાવવાનો છે. નાટકશાળામાં એક પણ શબ્દ ઠપકારૂપે, કે બીજી રીતે, તારે જયચંદ્રને કહેવો નહિ. તેમજ તે તને ઓળખી શકે તેવી રીતે, તેની નજરે પડવાની પણ હું તને ના કહું છું. તારે તારી લાગણી ઉપર મજબૂત કાબુ રાખવો, અને પછી કેવી રીતે વર્ત્તવું, તેનો સંપૂર્ણ વિચાર કરવો."

"મારે પુછવાની જરૂર નથી કે આ નનામા કાગળમાં બતાવેલા શક વિષે તારી ખાત્રી થઇ હશે." પુષ્પાવતીએ કાગળ વાંચીને દયાની લાગણીથી કળાને કહ્યું. "અફસોસ! વહાલી કળા, તારી આંખમાંથી જે આંસુ પડે છે, તેજ બતાવી આપે છે કે, કાગળમાં જણાવેલી હકીકત ખરી પડી હશે."

"પૂરેપૂરી ખરી." કળાએ રડતાં રડતાં દુઃખી અવાજે જવાબ દીધો. "આપ જુઓ છો કે આ કાગળમાં ગઇ પરમદિવસની તારીખ નાખેલી છે. અને શિરનામું મારા નામનું, આપના બંગલાનું કરેલું છે. મને આ કાગળ ગઇ કાલે સવારે મળ્યો. મારી ગરીબડી બેનને, ત્યાંની બુઢ્ઢી નોકર સ્ત્રીને સોંપીને હું સાંજે શહેરમાં આવી. કાગળમાં જણાવેલી દુકાને જઇને, મેં ફૂલ-પોશાક ધારણ કર્યો, અને પછી બરોબર વખતે નાટકશાળામાં ગઇ. આસમાની ડગલા અને ફેંટાવાળો માણસ, તરત મારી નજરે પડ્યો. પહેલું તો મને લાગ્યું કે તે કદમાં જયચંદ્રના કરતાં ઉંચો હતો. છતાં થોડીવારે હિંમત આણી હું તેની પાસે ગઇ, અને આ કાગળમાં સખ્ત રીતે મના કર્યા છતાં, તે કોણ છે, એવું મેં તેને પૂછ્યું. અને જે સ્ત્રીને મળવાને સારૂ તે ત્યાં એવા વેશમાં આવ્યો હતો, તેજ સ્ત્રી મને જાણીને, તરત પોતાનું નામ જયચંદ્ર જણાવ્યું, અને તે એવી રીતે કે તેની બેઇમાની વિષે મને બિલકુલ શક રહ્યો નહિ."

બોલતાં બોલતાં શ્વાસ રૂંધાઇ જવાથી કળા અટકી, અને સુંગી સુંગી

ડુસકાં ભરવા લાગી. પુષ્પાવતીદેવીએ તેણીને વહાલથી અને દયાથી પોતાના પાસામાં ચાંપીને દિલાસો આપ્યો.

"ઓ ! મારાં વહાલાં દેવી !" કળા દુ:ખનો ઉભરો શમતાં બોલી. "આ દુ:ખથી મારૂં અંતઃકરણ ચીરાઇ જતું હશે, તેથી તમે અજાયબ નહિ થાઓ. કારણ કે એ તમારા લુચ્ચા અને બેઇમાની પિત્રાઈ ભાઇને હું મારા ખરા દિલથી ચાહતી હતી. કોઇપણ સ્ત્રીનો પ્યાર નહિ હોય, એવા પ્યારથી ચાહતી હતી. ત્યારે, દેવી, વિચાર કરો કે આવા પ્યારનો બદલો, આવી બેઇમાનીથી મળે, ત્યારે તેનું દુ:ખ કેટલું અસહ્ય થઇ પડે ! અને જો સ્ત્રીપણાની મગરૂબી અને તિરસ્કારની લાગણી મને ન હોત તો આવા અસહ્ય દુ:ખના બોજા તળે હું સમુળગી દટાઇ ગઇ હોત."

આ પ્રમાણે બોલતાં તેણીના ચહેરા ઉપર લોહી ચઢી આવ્યું, અને આંખમાંથી ડબક ડબક આંસુ પડવા લાગ્યાં.

"જો જયચંદ્ર, તેણે આપેલી પ્રતિજ્ઞાઓ અને વચનોને પ્રમાણિકપણે વળગી રહ્યા હોત, તો હું મને એટલી બધી સુખી ગણત કે જેનું વર્ણન થઇ શકે નહિ." થોડીવાર ચૂપ રહી પાછું કળાએ પોતાનું દુ:ખ રડવા માંડયું. "પણ, હાય ! અફસોસ ! તે સુખનું સ્વપ્નું નાશ પામ્યું છે, કે જે કદી પાછું આવવાનું નથી.

"અરે ! આવી રીતે નિરાશાથી બોલ નહિ, વહાલી કળા." સખી દિલની પુષ્પાવતીદેવી, દિલાસો આપતાં બોલી. "તમે બે વચ્ચે હું સલાહ કરાવી આપીશ."

"નહિ, નહિ, વહાલાં દેવી, તેમ હવે કદી બનશે નહિ." કળાએ દઢતાથી જવાબ દીધો-"જે પવિત્ર સાંકળથી અમારાં અંતઃકરણ જોડાયાં હતાં, તે સાંકળ તૂટી ગઇ છે; અને હવે કોઇપણ રીતે જયચંદ્ર ઉપર હું ભરોસો રાખી શકીશ નહિ. હું તેને તેની મિલકત કે દોલતને માટે ચાહતી નહોતી. હું માત્ર તેને પોતાનેજ ચાહતી હતી, અને ગઈ રાત્રે જે બન્યું છે તે ઉપરથી હવે અમારા વચ્ચેના સઘળા સંબંધનો છેડો આવ્યો છે. પણ હજુ મારો પૂરો હેવાલ, અને હું અહીં કેવીરીતે આવી, તે મેં તમને કહ્યું નથી. નાટક-

શાળામાંથી બહાર નીકળ્યા પછી મારે ક્યાં જવું તેનો કંઈ પણ વિચાર કર્યા વગર એક ભાડાની ગાડીમાં ચઢી બેઠી. ગાડીવાળાએ ઠેકાણું પૂછ્યું, અને તેનો મેં કંઇક જવાબ આપ્યો, પણ તે કેવો જવાબ આપ્યો, તેનું પણ મને ભાન નહોતું. કારણ કે જોયેલા બનાવથી અને દુઃખથી તથા શોકથી મારૂં મગજ એવું ગુંચવાઇ ગયું હતું, કે હું શું કરૂં છું, અને ક્યાં જાઉં છું, તેનું મને બિલકુલ ભાન રહ્યું નહિ, પણ પાછળથી મને માલમ પડ્યું કે, પહેલેથીજ પેલા બદમાશ–દુષ્ટ અને વિષયી અજબકુમારની ખટપટનો હું ભોગ થઇ પડી હતી–કે જેણે મારી ગરીબડી બેનનો ભવ ધૂળ કરી નાખ્યો છે, છતાં હજુ ધરાતો નથી."

"અરે! અજબકુમાર હજુ તને ખરાબ કરવાની હિંમત ધરાવે છે શું?" પુષ્પાવતીદેવી ખરેખરા ધિઃક્કારથી બોલી.

"હા, એ દુષ્ટે પોતાની પાપી નજર મારા ઉપર નાખી," કળાએ જવાબ આપ્યો–"અને મને ફસાવવા જે કાવત્રું તેણે અગાઉથી રચેલું, તેના પરિણામમાં મને પેલી બદમાશ અને કુલટા યશોદાબાઇવાળા અખાડામાં લઇ જવામાં આવી.

"હાય, હાય! આતો હદ થઇ ગઇ!" પુષ્પાવતીદેવી ધિઃક્કાર વરસાવતી બોલી–"તેણે જરા તો વિચાર કરવો જોઇતો હતો કે જેણીને તેણે હમણાંજ ખરાબ કરી દુઃખમાં નાખી છે, તેની તું બેન હતી!"

"એ દુષ્ટને કશી વાતનું ભાનજ નથી." કળાએ તિરસ્કારપૂર્વક કહ્યું. "મને ધાસ્તી છે કે હાલના રાજાના આંધળા વિશ્વાસથી આવા માણસના કારભારમાં બિચારી રૈયતનું શું થશે? અને લોકોની વહુ–દીકરીઓની આબરૂ શી રીતે જળવાશે? ઇશ્વર કરે ને એવો દુઃખદ પ્રસંગ આવતા પહેલાં ન્યાયી અંગ્રેજ સરકાર આવે તો સારૂં! પછી મેં તેને ઘણો સમજાવ્યો, ઠપકો આપ્યો, આજીજી કરી–બધા ઉપાયો કરી જોયા–પણ એ ચંડાળ જરા પણ પોતાના નિશ્ચયમાંથી ડગ્યો નહિ, અને એક ક્ષણમાં એણે મારો સર્વત્ર નાશ કર્યો હોત–ઓ પ્રભુ! હું નાશ થઇ ગઇજ હોત—બોલતાં પણ મારી જીભ ખેંચાઇ જાય છે–" કળા આખે શરીરે ધ્રૂજી ઉઠતાં બોલી–"પણ માર

ઘરડાંના અને મારી મરનાર પવિત્ર માતાનાં પુન્યથી અને આશીર્વાદથી મારી ચીસો બહાર કોઇએ સાંભળી, અને ખરેખરી કટાકટીના પ્રસંગે એક માણસ તે ઓરડામાં દોડી આવ્યો, અને મને દુષ્ટ–નરપિશાચના હાથમાંથી સહિ-સલામત છોડાવી–તેવીજ હું આઘું પાછું ન જોતાં દોડીને બહાર નીકળી ગઇ. ઇશ્વર તે ભલા માણસનું કલ્યાણ કરો! પછી રસ્તે જતી એક ભાડાની ગાડીમાં હું ચઢી બેઠી, અને જે ઘરનું નામ પહેલું યાદ આવ્યું તે ઘેર લઇ જવા મેં જણાવ્યું. તે ઘર બીજું કોઇજ નહિ, પણ આ મારાં આશ્રય-દાતાનું હતું."

"અને આ ઘેર તારા આવવાથી અમે ઘણાં ખુશી થયાં છીએ." પુષ્પાવતીદેવી રહેમ ભરેલી નજરથી બોલી–"હું દિલગીર છું કે રાત્રે જ્યારે તું આ ઘરમાં આવી ત્યારે હું ઘરમાં નહોતી. કારણ કે, હું જો તે વખતે હાજર હોત તો તારા દુઃખમાં દિલાસો આપી શકત. મારે મારા એક સગા-ને ઘેર જવું પડયું હતું, ત્યાં મારા નોકરે આવીને તારા આવવાની હકીકત મને કહી. હું ઘણી અજાયબ થઇ, અને તરત ઘેર આવી, પણ તે વખતે તો તું ભર ઉંઘમાં પડી હતી, તેથી મેં તને જગાડી નહિ."

"અહા! દેવી, હું તે વખતે તનથી અને મનથી એટલી બધી થાકી ગઇ હતી કે સૂતાની સાથેજ ઉંઘી ગઇ." કળા પાછી આંખમાં આંસુ લાવી ને બોલી–"છતાં ઉંઘમાં સ્વપ્નાંઓનો ભોગ થઇ પડી હતી. હવે ગમે તેમ હોય તોપણ શાંત થવા ઘણી મહેનતથી મારે મારૂં મન કાબુમાં રાખવું પડશે."

"ત્યારે શું વહાલી કળા, તું તારી અને મારા નિમકહરામ પિત્રાઇ ભાઈ જયચંદ્ર વચ્ચે સલાહ કરાવવા મને હા નહિ કહે?" પુષ્પાવતીદેવીએ ખરા દિલથી પૂછ્યું.

"ના ના, કદી નહિ." કળા દઢતાથી બોલી–"આવી ઇચ્છા માટે હું આપનો ઘણો આભાર માનુંછું. પણ જોકે, જયચંદ્રના ઉપરનો મારો પ્યાર કદી ઓછો થશે નહિ, છતાં જે માણસ વચનો આપવામાં અને પ્રતિજ્ઞા-ઓ કરવામાં જેવો ઉતાવળો છે, તેવોજ તેને તોડતાં તથા ભાગતાં પણ વાર લગાડતો નથી, એવા ચંચળ વૃત્તિના માણસની સાથે લગ્નસંબંધ બાંધી મારા

મનની શાંતિ તોડવા હું હવે ઇચ્છતી નથી—અને હવે એ બાબત મને વધારે નહિ કહેશો તો હું આપનો ઘણો આભાર માનીશ. વળી હવેથી જયચંદ્રે મને મળવા આવવાના તથા તેના તરફથી કાગળ પત્ર આવવાના સઘળા સંજોગો તોડી નાખવા હું ઇચ્છું છું. અને તેની સાથે પેલો વિષયલંપટ અજબકુમાર મને હવે પછી વધારે કનડવા નજર કરે નહિ, તેને માટે એકાંત—અજાણ્યા વાસમાં મારી બેનને લઇને હું રહેવા ઇચ્છું છું—કે જ્યાં બીનહરકતે હું મારી દુઃખી બેનની સુશ્રુષા કરીશ."

"ત્યારે એ બાબતમા હું કેવી રીતે મદદ કરૂં, તે મને કહે, વહાલી કળા," પુષ્પાવતીદેવીએ માયાથી પૂછયું.

"આપે મને અત્યારસુધી જે ઉદાર મદદ આપી છે, તેમાં કંઇક પૈસાની વધારે મદદ આપીને—" કળાએ જવાબ દીધો—"હું મારા પિતા પાસે માગવા જઇશ નહિ, પણ આપની પાસે માગતાં હું અચકાઇશ નહિ, કારણ કે આપની માયામાં મને અતિશય વિશ્વાસ છે."

"બસ, મારી મીઠડી કળા—" પુષ્પાવતી બોલી. "જો આ બાબતમાં તેં મારા ઉપર વિશ્વાસ નહિ મૂકતાં બીજી રીતે કર્યું હોત, તો મને ઘણું ખોટું લાગત—હવે મને કહે કે, કઇ જગોએ તું રહેવા માગે છે?"

"અમે શહેરમાં રહેવા આવ્યાં તે પહેલાં શહેરની બહાર કુસુમોદ્યાન નામની બંગલીમાં અમે રહેતાં હતાં." કળાએ કહ્યું. "ત્યાં અમે લગભગ દોઢ વરસ કરતાં કંઇક વધારે રહ્યાં—હવે પાછું ત્યાંજ રહેવાને મારૂં અંતઃકરણ મને પ્રેરણા કરે છે—અમે પ્રથમ ત્યાં રહેતાં હતાં, તે વાત અજબકુમાર અને જયચંદ્ર બન્ને જાણે છે; પણ વળી પાછી હું ત્યાંજ રહેવા ગઇ છું તેવો તેમને કદી પણ શક જવાનો નથી—તેથી તે ઘરમાં રહેવા જવાનો મારો વિચાર છે."

"મારી વહાલી કળા, તે બાબત હવે તારે કઇ મહેનત લેવાની જરૂર નથી." પુષ્પાવતીદેવી કળાને વાંસે પૂરા વહાલથી હાથ ફેરવતાં બોલી. "હજુ થોડીવાર વધારે તું નિરાંતે સૂઇ રહે, અને આરામ લે. કારણકે તું તન અને મનથી હજુ ઘણી થાકેલી જણાય છે—તારી ચા વગેરે અહીં મો-

કલીશું—બપોર પછી તું મારી સાથે ગાડીમાં આવીને જોજે કે તારી ઈચ્છા પ્રમાણે બધું બરાબર થયું છે કે નહિ. અને ત્યાર પછી તું કુસુમને તેડવા જજે."

એ પ્રમાણે કહી ભલા સ્વભાવની પુષ્પાવતી કળાને પોતાની છાતી સાથે ચાંપી એક ચૂમી લઈ ત્યાંથી ચાલી ગઇ. કળા બાપડી આંખમાં આંસુ સાથે, આભારની લાગણી ભાગ્યાતૂટયા શબ્દોમાં બતાવતી હતી, પણ તે સાંભળવા પુષ્પાવતીદેવી ઉભી રહી નહિ.

થોડીવારે એક દાસી ચા તથા કંઈ ખાવાનું લઇને આવી. કળાએ પોતાની ઇચ્છાનુસાર તેનો ઉપયોગ કર્યો—પછી તેણીએ દાસી પાસે કાગળ તથા ખડીઓ કલમ મંગાવ્યાં, અને એક નોકરને પોતાનાં બદલેલાં કપડાં લેવા પેલી દુકાને મોકલવાનું કહ્યું. તે પ્રમાણે તજવીજ થઇ—પછી તેણી પોતાનાં કપડાં પહેરીને જયચંદ્રને એક ટુંકો કાગળ લખવા બેઠી.

પણ કેવી ઢબમાં લખવું. તે વિચાર થઇ પડયો—ગઇ રાત્રે પેલી અજાણી દાસીના પોશાકવાળી સ્ત્રીએ નાટકશાળામાં, જયચંદ્રને કેવી રીતે ખબર આપવી, તેની જે ઢબ બતાવી હતી; તે હકીકત યાદ આવી, અને તે શબ્દો પોતાના મનમાં ગોખવા મંડી—તેણીએ કહ્યું હતું કે:—"જ્યારે એક બેવફા પ્રિતમના ગુનાથી એક નીતિવાન સ્ત્રીને ગુસ્સો થાય છે, ત્યારે તેણી પેલાને ઠપકો આપવાને લાંબુ લાંબુ લખતી નથી. પણ ફકત ટુંકામાંજ એક ચિઠ્ઠી લખે છે—તેમાં માત્ર એટલુંજ જણાવે છે કે હવે તેણે તેણીની પાસે જવું નહિ—અને પછી તેને પોતાના કૃત્ય ઉપર ગમે તે અનુમાન કરવા છોડી દે છે."

અને હવે આ સૂચના ઉપર તેણીનું મન ચોંટવાથી, તેને અનુસરતો કાગળ લખ્યો, જેની પૂરીપૂરી મતલબ આગળ ઉપર જણાશે.

તે ચિઠ્ઠી પોતાના ગજવામાં મૂકી—કારણ કે પોતાના નવા ઘરમાં ઠેકાણે પડયા પછી તે મોકલવાનો તેણીનો વિચાર હતો. પછી પુષ્પાવતીદેવીની વાટ જાતી બેઠી—તેણીએ વચન આપ્યા પ્રમાણે બરાબર ઠરાવેલે વખતે બહાર જવાનાં કપડાં પહેરી પુષ્પાવતીદેવી આવી—બન્ને જણ સાથે

બહાર નીકળ્યાં, અને ગાડીમાં બેસીને કુસુમોદ્યાન તરફ ગાડી હાંકવા હુકમ આપ્યો.

ગાડી ચાલવા માંડયા પછી પુષ્પાવતીદેવીએ કળાની સાથે સ્મિત કરતાં કહ્યું. " તારાથી હું ત્રણ કલાક સુધી છૂટી રહી-તેટલો વખત મેં નકામો ગુમાવ્યો નથી, તે હવે તું જોઇશ. મારા પતિને મેં તારા વિષે વાત કરી, અને તેમણે તરત પોતાના દલાલને એ કામને માટે મોકલ્યો-અને હવે ઘણું ખરૂં બધું નક્કી થઇ જવા આવ્યું હશે."

કળાની આંખો આંસુથી છલકાઇ જવાથી, અને આભારની અપાર લાગણીથી, તેણીના ગળામાં ડીબો ભરાઇ આવ્યો, તેથી તેણી કશું બોલી શકી નહિ-થોડીવારે તે મકાન આગળ ગાડી અટકી, અને કળાએ જ્યાં કેટલોક વખત સુખમાં ગાળ્યો હતો, ત્યાં આજુબાજુ નજર નાખી. તેજ ઘરમાં જયચંદ્રની પહેલી મુલાકત થઇ હતી-તેજ ઘરમાં અજયકુમાર-અજીત-રાયને નામે-આવ્યો હતો-અને કૂસુમને પોતાના પ્રપંચી પ્યારના ભેદમાં ફસાવી હતી. આવા આવા ઘણા બનાવો કળાના મનને આનંદાયક તેમજ દુઃખદાયક હતા, કે જે આ વખતે તેણીને એક પછી એક યાદ આવ્યા.

ગાડીમાંથી ઉતરીને પુષ્પાવતીદેવી તથા કળા કુસુમોદ્યાનમાં દાખલ થયાં-આગલી પરસાળમાં બે પાકી ઉમરના ગૃહસ્થો બેઠા હતા-તેમણે પુ-ષ્પાવતીદેવીને માન ભરેલો આવકાર આપ્યો-તેમાં એક પુષ્પાવતીદેવીના પતિએ મોકલેલો તેનો દલાલ અને બીજો તેનો વકીલ હતો. કળાને તેમનું ઓળખાણ કરાવ્યું.

પણ કામની બાબતમાં કંઈ પણ વાતચિત થાય તે પહેલાં તો સર-સામાનથી ભરેલું એક ગાડું આગલે દરવાજે આવીને ઉભું રહ્યું. તે જોઇને કળા, પોતાની આશ્રયદાતા પુષ્પાવતીદેવીની ઉદારવૃત્તિ પૂરેપૂરી સમજી જતાં, તેણીની છાતીમાં માથું નાખી પુષ્કળ રડી. પેલા બન્ને ગૃહસ્થોને આ દેખાવ જોઇ ઘણી લાગણી થઇ આવી-અને પછી જ્યારે પહેલો ઉભરો શાંત થયો, ત્યારે કળા કામ ઉપર ધ્યાન આપવા લાગી.

દલાલે થોડા શબ્દોમાં કળાને જણાવ્યું કે, સવારે જમીરદાર સાહેબની

સૂચના મળ્યા પ્રમાણે, આ ઘરના માલિક વિષે તપાસ કરી, તેને શોધી કાઢી, ઘરસંબંધી સઘળી ગોઠવણ કરી–ઘર, કળાસુંદરીને નામે ખરીદ કરવામાં આવ્યું છે–અને એ બાબતનું બાના ખત કરવા આ વકીલ સાહેબ આવ્યા છે, કે જેથી પાકો દસ્તાવેજ થતા પહેલાં કળાબાઇને ઘરનો કબજો મળે. તે દરમિયાન એક બીજા દલાલને સૂચના મળવા પ્રમાણે તેણે, આ નવા ઘરમાં જોઇતો સામાન આ ગાડામાં મોકલ્યો છે. ગાડા સાથે માણસો પણ હતા. તેમણે સઘળો સામાન ઘરમાં કળાની સૂચના પ્રમાણે યોગ્ય રીતે ગોઠવીને મૂકી દીધો.

પુષ્પાવતીદેવીનું આટલું બધું ઉદાર દિલ, અને પોતાને માટે આવી ઉંડી લાગણી જોઇ, કળાને હર્ષ અને ઉપકારનાં આંસુ આવ્યાં. તેણીનાથી બોલી શકાયું નહિ. પણ તેણી કેટલી બધી પોતાને ઉપકારના બોજા તળે દબાયેલી સમજતી હતી, તે તેણીના ચહેરા, અને આંખોથી જણાઈ આવતું હતું. ત્યારે તે વખતે આ સખી દિલની દેવીના મનમાં શું થતું હતું ? અહા ! તેણીએ જોયું કે, અત્યાર સુધીમાં કોઇપણ વખતે તેણીએ પોતાના પૈસાનો આવા ઉત્તમ પરોપકારના કામમાં ઉપયોગ કર્યો નહોતો ! અને હવે આ નિરાધાર, નીતિવાન, અને દુઃખી બાળાને ખરે વખતે મદદ આપવાનો તેણીને પૂર્ણ સંતોષ સાથે અપૂર્વ હર્ષ થયો હતો.

પછી કળાએ પુષ્પાવતીદેવીની સાથે તેમને મહેલ પાછી આવીને, ખાધું. અને પછી દેવીની વહાલ ભરી રજા લઇ, એક ગાડીમાં પોતાની બેન કુસુમને તેડી લાવવા ઉપડી. ત્યાં કુસુમને લઈ જવાની તૈયારી ઘણી જલદીથી થઈ ગઇ. કુસુમનું મન હવે કંઇક શાંત થવા આવ્યું હતું; અને ગાડીમાં મુસાફરી કરવાની તક મળવાથી ઘણી ખુશી થઇ હતી. બન્ને બેનો ત્યાંથી નીકળી લગભગ રાતના અગિઆર વાગે પોતાના જૂના અને માનીતા કુસુમોદ્યાનમાં આવી પહોંચી.

રસ્તે આવતાં કળાને ધાસ્તી લાગી હતી કે, રખેને કુસુમને આ જૂના ઘરમાં, અજયકુમાર વિષે પાછલી વાત યાદ આવવાથી, પાછો તેના શરીરમાં બગાડો થાય; અને તેથી આ ઘર રાખવાની ઉતાવળ કરવા માટે પ-

રતાતી હતી. પણ ઘરમાં આવી પહોંચ્યા પછી તેણીની ધાસ્તી દૂર થઇ. કારણ કે કુસુમ શાંતિથી આજુબાજુ જોવા લાગી, અને ઘર ઓળખ્યું. પછી કળાની છાતી ઉપર માથું નાખી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

પણ તે દિવસથી કુસુમના મગજમાં સુધારો થતો ચાલ્યો.

પ્રકરણ ૬૧ મું.

વકીલને ઘેર ભેદ ભરેલી સ્ત્રીની મુલાકાત.

જે દિવસે ગયા પ્રકરણમાં વર્ણવેલો બનાવ બન્યો તેજ દિવસે સુરેશચંદ્ર વકીલના મકાન આગળ એક ભાડાની ગાડીમાંથી એક સાદા પણ સુંદર પોશાકવાળી સ્ત્રી, પોતાનો ચહેરો બુરખાથી ઢાંકીને ઉતરી, અને વકીલના મકાનમાં દાખલ થઇ. મકાનનો આગલો ભાગ કચેરી તરીકે વપરાતો હતો, તેમાં વકીલના કારકુનો બેસીને કામ કરતા હતા. પેલી સ્ત્રીએ વકીલ સાહેબ છે કે નહિ, તે વિશે એક કારકુનને પૂછતાં હાનો જવાબ મળ્યો. કારકુને તે સ્ત્રીનું નામ જાણવા માગ્યું. પણ તેણીએ કહ્યું કે વકીલ સાહેબ તેણીને ઓળખતા નથી, તેથી નામની કંઇ જરૂર નથી–પણ પોતાનું કામ ઘણું મહત્વનું છે, તેથી તાકીદે મળવાની ઇચ્છા બતાવી. કારકુન, અંદરના ભાગમાં વકીલને બેસવાના ખાનગી ઓરડામાં તેને ખબર આપવા ગયો–તરત તેણે પાછા આવીને પેલી સ્ત્રીને તે ઓરડામાં મોકલી.

"બેસો, બાઇ." સુરેશચંદ્ર તેણીને બારીકીથી નિહાળતો બોલ્યો. તેણે જોયું કે તે સ્ત્રી સારા દેખાવની હતી–ઉમરે મોટી નહોતી–કદમાં પણ કંઇક નીચી હતી.

તે સ્ત્રી એક ખુરશી ઉપર બેઠી. બુરખો કાઢી નાખ્યો–થોડીવાર તો બન્ને એક બીજા તરફ જોઇ રહ્યા–જાણે કે દરેક એક બીજાનું અંતઃકરણ જાણવા માગતાં હોય–આ સ્ત્રીના ચહેરા ઉપર દઢ નિશ્ચયનાં ચિન્હ, તથા

તેણીની બારીકીથી જોવાની નજર ઉપર વિચાર કરતાં વકીલને લાગ્યું કે ખરેખર, આ સ્ત્રી કોઇ ભેદ ભરેલી જણાય છે; અને તેણીને કંઇ મહત્વનું કામ હોવું જોઇએ–તેથી તેણીને પોતાના કામ વિષે વાત કરવાની હિંમત આપવાના વિચારથી એક બે શબ્દો સાધારણ વાતચિતના તે બોલ્યો.

પછી તે જુવાન સ્ત્રીએ પોતાની વાતચિત શરૂ કરતાં જણાવ્યું કે, "હું ધારૂં છું, સાહેબ, કે હમણાં આપણે જે વાતચિત કરીશું, તેનું કંઇ પરિણામ ન આવે, તો મારી વાતચિત, આપ છૂપી રાખી મૂકશો."

"કોઇપણ કાયદાની રૂએ સજા થઇ શકે, એવા ગુનામાં મને સામેલ કરવાની વાત કરશો તે સિવાયની દરેક વાત હું ખાનગી રાખીશ." વકીલે પોતાની રીત પ્રમાણે વિચારીને જવાબ આપ્યો.

આ જવાબથી પેલી સ્ત્રીને સંતોષ થયો હોય, એમ જણાયું નહિ. તેથી થોડીવાર વીચારમાં પડી. અને પછી બોલી. "જો આપ અમુક એક અસીલના કામમાં હિત ધરાવતા હો, તો તે બાબતમાં તમને તે અસીલને લાભ કર્તા હોય, એવી રીતે કોઇ મદદ કરે, તો તેના તમે આભારી ન થાઓ, વારૂ?"

"ઘણી ખુશીથી," વકીલે તરત જવાબ આપ્યો. "વળી એવી મદદ કરનારને કંઇ ઇનામ આપવાનો પણ હું વિચાર કરૂં."

"પણ તે મદદ કદાચ કંઇ સંશય યુક્ત હોય તો?" પેલી સ્ત્રીએ પાછો સવાલ કર્યો.

"માણસની જીંદગીમાં એવા ઘણા બનાવો બને છે કે જેમાં ઘણી સંશય યુક્ત બાબતો સમાયેલી હોય છે." વકીલે પણ ભરમમાંજ જવાબ દીધો.

"હું ધારૂં છું કે હક સંબંધીના દાવાના કામોમાં અમુક દસ્તાવેજો રજુ કરવા અથવા છૂપાવી રાખવાથી ઘણાં મહત્વનાં પરિણામો આવે છે, એ વાત ખરી કે નહિ?" તેણીએ પૂછ્યું.

"બરોબર છે." વકીલે જવાબ આપ્યો. "અને તે જોવાનું કામ વકીલનું છે."

વળી પેલી સ્ત્રી થોડીવાર વિચારમાં પડી.

"ધારો કે તમારા એક અસીલનો દાવો, સામી પક્ષ તરફથી અમુક દસ્તાવેજો રજુ ન થાય તો સાબીત થવા જેવો છે." પેલી સ્ત્રીએ પોતાનું મર્મમંજ બોલવાનું પાછું ચલાવ્યું. "અને વળી ધારો કે કોઇ અમુક માણસ સામી પક્ષ તરફથી એ દસ્તાવેજો રજુ કરવાનું અશક્ય થાય એવું કરે, તો તમે તે અમુક માણસને ગુનેગાર ગણશો ?"

"હજુ મારે એ જોવાનું છે કે, તે ગુનો છે,—યા ગેરઆબરૂ છે,—કે એવો પુરાવો છૂપાવવો, તે વકીલની વર્ત્તણુકને નહિ છાજતું છે." સુરેશચંદ્ર પોતે બંધાઇ ન જાય તેની કાળજી રાખીને બોલ્યો. "પણ હાલના વખતમાં ઘણા વકીલો એટલા ઉંડા ઉતરતા નથી, અને એવો વિચાર પણ કરતા નથી—તેમજ ખરૂં ખોટું જોતા નથી—વળી વાજબી, કે ગેરવાજબી, તેનો પણ વિચાર કરવાની દરકાર રાખતા નથી. પણ ધારાની અદાલતોમાં તેઓ કેવી રીતે ફાવશે તે ઉપરજ માત્ર વિચાર કરીને તે પ્રમાણે બેધડક વર્તે છે; અને અમુક કાગળો કે દસ્તાવેજો—કે જે રજુ થવાથી પોતાના પક્ષને નુકશાન થવાનો સંભવ હોય, તો તે ઉડાવવા અથવા છૂપાવી રાખવા સારૂ ખરીદી લેવામાં મોટા મોટા નામાંકિત વકીલો પણ અચકાય, એમ હું હાલનું દુનિઆનું વાતાવરણ જોતાં, ધારતો નથી—અને જ્યારે એવું છે ત્યારે મારા જેવા મધ્યમ પંક્તીના વકીલને માટે એમાં શરમાવા જેવું હોય એમ હું ગણતો નથી."

હવે પેલી સ્ત્રીને કંઇક હિંમત આવી, અને વધારે ખુલાસાથી કહેવાને કંઇ હરકત નહિ જોતાં બોલી—"ત્યારે હવે ખુલ્લી રીતે હું જોઉં છું કે, એક અમુક કામ કે જે સલામતી ભરેલું છે, અને તેથી તમને પૈસાની સારી પ્રાપ્તી થાય એવું છે, તો તેમાં પડવાને તમે તૈયાર થશો."

"અને તમને પણ પૈસાની પ્રાપ્તી થશે. કેમ, નહિ?" વકીલે કહ્યું.

"નહિ સાહેબ, મારે એક પાઇ પણ નહિ જોઇએ." તેણીએ જવાબ દીધો.

"કેમ વારૂ, કંઇ નહિ?" વકીલે અજાયબીથી પૂછ્યું.

"કારણ કે આ કામનો મારો હેતુ પૈસાના લોભમાં સમાયેલો નથી." પેલી સ્ત્રીએ તરત જવાબ દીધો-"અને તે વિષે કંઇપણ ખુલાસો આપવા હું ના પાડું છું"

"તો જ્યારે તમારો હેતુ લોભનો નથી, ત્યારે તો તમારા ઉપર ખાત્રી પૂર્વક ઘણો વિશ્વાસ મૂકી શકાશે." વકીલ તેણીને ઉત્તેજન આપતાં બોલ્યો- "જુઓ, અહીં આપણે એકલાંજ છીએ. કોઇપણ સાંભળી શકે એમ નથી, અને તમે પૂરતી સાવચેતીથી અહીં આવ્યાં છો-"

"હા," પેલી સ્ત્રીએ જવાબ દીધો-"અને હવે હું મારે આવવાનું કારણ જલદીજ જણાવીશ. તમારો એક અસીલ છે કે જે જાગીરદાર જયચંદ્રની મિલકત ઉપર પોતાનો હક સમજે છે."

"તે બરોબર છે." વકીલ આશ્ચર્ય પામી બોલ્યો-"પણ તમે શી રીતે જાણ્યું?"

"તે મારૂં કામ છે. મેં શી રીતે જાણ્યું, તેની સાથે તમારે કંઇ લાગતું વળગતું નથી." પેલી સ્ત્રી વકીલના માથાની મળી, અને ઉડાવનારો જવાબ આપ્યો. "ત્યારે હું કહું છું તે પ્રમાણે ખરૂં છે કે તમારો એવો એક અસીલ છે; અને તે એ પ્રમાણે દાવો રાખે છે, તે સઘળું તમે તેને અપાવવા ઇન્તેજાર છો, એ વાત પણ ખરી કે નહિ?"

"અલબત્-જે વકીલ પોતાના અસીલનો વિશ્વાસપાત્ર છે, તેનો તેવો હેતુ હોયજ." વકીલે જવાબ દીધો.

"અને આવી મહત્વની બાબત તમને ઘણું રળાવનારી થઇ પડે, એટલુંજ નહિ, પણ તમારી કીર્તિ પણ ઘણી વધે, એ પણ ખરૂં કે નહિ?" પેલી સ્ત્રીએ વકીલને બધી રીતે બાંધી લેવાનો નિશ્ચય કર્યો હોય તેમ એક પછી એક સવાલ પૂછીને તેની પાસેથી હા કહેવડાવતી ગઇ.

"તે બાબત હું ના કહું તો હું ખરેખરો દાંભિક કહેવાઉં." આવી નાની ઉમરની સ્ત્રીના આવા વિચિત્ર પણ મુદ્દાસર સવાલોથી સુરેશચંદ્ર આશ્ચર્ય થતો બોલ્યો.

"પણ તમારા અસીલનો દાવો જીતવાને માટે, જયચંદ પોતાના હક

સંબંધી દસ્તાવેજો રજુ કરી શકે નહિ, એમ કરવું જરૂરનું છે; કેમ ખરૂં કે નહિ?" તે સ્ત્રીએ પાછો સવાલ કર્યો.

"હા, તેમજ છે." સુરેશચંદ્ર વધારે ને વધારે આશ્ચર્ય પામતો, અને ઇન્તેજાર થતો બોલ્યો.

"અને તે દસ્તાવેજો, જો કોઇ પણ માણસ તમને આપે," પેલી સ્ત્રી બોલી. "તો તે દસ્તાવેજો તમારી પાસે શી રીતે આવ્યા, તેના ખુલાસાનો કાગળ લખીને તેની સાથે તે દસ્તાવેજો તમે જયચંદ્રને પાછા મોકલો ખરા, વારૂ? ટુંકામાં હું એટલું–પૂછું છું કે તમે તે દસ્તાવેજોનું શું કરશો?"

આ છેલ્લો સવાલ સાંભળીને કેટલીકવાર તો સુરેશચંદ્ર આ ભેદ ભરેલી વિચિત્ર સ્ત્રી તરફ જોઇ રહ્યો. પછી બોલ્યો–"જો તે દસ્તાવેજો મારી પાસે આવે, તો મારી પાસેજ રાખી મૂકું."

"અને જો તમારી નજર આગળ તે દસ્તાવેજો મૂકયા હોય તો તમે જાણી શકશો કે તે તેજ છે કે કેમ?" તેણીએ પોતાની બાજી સફળ થવાની અણી ઉપર આવેલી જોઇ અંદરથી ખુશી થતાં છેલ્લો સવાલ કર્યો.

"હા–તે તો પહેલી નજરેજ હું કહી શકું." સુરેશચંદ્રે તરતજ જવાબ દીધો.

"ત્યારે જુઓ, આ દસ્તાવેજોની તમારા અસીલને જરૂર છે કે કેમ?" એમ કહી તેણીએ પોતાનાં કપડાંમાં સંતાડેલું પોટકું કાઢીને તેમાંથી અમુક દસ્તાવેજો કાઢયા–આ વખતે સુરેશચંદ્ર પોતાની હમેશની ઠાવકી રીતભાત ભૂલી જઇ, ઉતાવળમાં ઝડપથી તે દસ્તાવેજો લેવા હાથ લંબાવ્યા–પણ પેલી સ્ત્રીએ તેને અટકાવ્યો, અને મુખ્ય દસ્તાવેજનું મથાળું ઉઘાડીને તેમાંની પહેલી લીટી તેને બતાવીને પૂછયું. "જુઓ, તમને જે જોઇએ છીએ તેજ આ દસ્તાવેજો છે? જો તેમ નહિ હોય તો તમને આપવાની જરૂર નથી."

"પણ મારે જે દસ્તાવેજો જોઇએ છીએ તેજ આ દસ્તાવેજો છે." સુરેશચંદ્ર પહેલી લીટી ઉપર નજર નાખતાંજ એકદમ ખુશાલીમાં આવી જઇ બોલી ઉઠયો.

"અને તમે આ દસ્તાવેજોનો ઉપયોગ તમારા અસીલને લાભ અપાવવામાં, અને જયચંદ્રનો જડમૂળથી નાશ કરવામાં કરશો ?" પેલી સ્ત્રીએ કિન્નાખોર અવાજથી પૂછયું.

"આ બાબત હમેશાં છૂપી રહેશે, તેની શું સાબીતિ તમે આપોછો?" વકીલે હવે પોતાનો વારો આવતાં પેલી સ્ત્રીને પૂછયું-"યાદ રાખો કે તમે, બાઇ, મને તદ્દન અજાણ્યાં છો-તમે તમારૂં નામ-ઠામ-કંઇ પણ કહ્યું નથી. અને તમે કદાચ ઇર્ષ્યાળુ લાગણીથી ઉશ્કેરાઇને આ કામ કર્યું હશે."

"અહા ! માણુસ જાતની સત્તામાં હોય છે, એવી સારામાં સારી જામીનગીરી હું તમને આપીશ." તેણી એકદમ ઉશ્કેરાઇ જઇને બોલી. "તે જામીનગીરી એજ છે કે એક નીતિ ભ્રષ્ટ થએલી સ્ત્રીના વેરનું આ પરિણામ છે-જુઓ, હવે તમે મારો છૂપો ભેદ જાણ્યો છે, તેમ મારી ગેર-આબરૂ પણ તમે જાણી છે. આ બધી વાત ખૂલ્લી પાડવાનો મારો ઇરાદો નહોતો-પણ તમે સાબીતિ માગી તો-આ સાબીતિ-મારા ખોળીઆમાં જીવ હશે ત્યાં સુધી વેરની લાગણી હું ભૂલવાની નથી; તોપછી આ ભેદ હું કદી ખૂલ્લો કરીશ, એમ તમે એક પળ પણ ધારશો ? વળી તમે શું એમ ધારો છો કે પાછળથી હું તમને દગો કરીશ?"

"નહિ, નહિ-હું એવું ધારતો નથી." વકીલે સંતોષ પામતાં કહ્યું. "જ્યારે તમે આ ખુલાસો કર્યો છે, ત્યારે હું કબુલ કરૂં છું, અને વચન આપું છું કે, આ દસ્તાવેજોનો યોગ્ય ઉપયોગ થશે-પણ વારૂ, તમે કંઇ ઇનામ નહિ લેશો ?"

"હું તમને કહી ચૂકી છું કે એક પાઇ પણ મારે જોઇએ નહિ." પેલી સ્ત્રી મગરૂબીથી બોલી. "મેં આટલું બધું કહ્યા છતાં, તમે ફરીફરીને આવું કહો છો, ત્યારે મારે કહેવું જોઇએ કે તમને સ્ત્રીના મનની, અને લાગણીની ખબર નથી-પણ હવે એ બાબત ઉપર વધારે વખત ગુમાવવો બીનઉપયોગી છે, કારણકે તમારી પુરૂષ જાતિમાં એવા ઘણાજ થોડા છે કે જેને સ્ત્રીની નીતિ, પ્યાર, અને આતિભોગની કિંમત હોય છે. તેમજ જ્યારે

તેણીની સાથે દગો રમવામાં આવે છે, ત્યારે તેનું વેર તેણી કેવું લેશે, તે પણ સમજી શકતા નથી હવે હું રજા લઇશ."

એમ કહી સુરેશચંદ્ર વકીલને અજાયબીમાં ગરકાવ થયેલો મૂકીને તે ભેદી અને વિચિત્ર સ્ત્રી ત્યાંથી ચાલી ગઇ.

પ્રકરણ ૬૨ મું.

ખૂબસુરત શેઠાણી અને ખૂબસુરત નોકર.

જે દિવસના બનાવો પાછલા બે પ્રકરણોમાં વર્ણવી ગયા છીએ, તેજ આપણી વાર્તાનાં ઘણાં પાત્રોના સંબંધમાં યાદગાર દિવસ હતો. કારણ કે તેજ દિવસે યશોદાબાઇને ત્યાં વળી જુદાજ પ્રકારનો બનાવ બનતો હતો. વાંચનારને યાદ હશે કે જે રાત્રે તેણીના મકાનમાં અજબકુમારે કળાને ફસાવી આણી હતી તેનો આ બીજો દિવસ હતો.

બપોર પછી ત્રણેક વાગે યશોદાબાઇ પોતાના દીવાનખાનામાં દિનપર-દિન તેણી જે જે મુશ્કેલીઓમાં ફસાતી જતી હતી, તે ઉપર વિચાર કરતી બેઠી હતી. આ વિચારો કંઈ આનંદદાયક તો હોયજ નહિ.

પહેલો વિચાર લતિફખાંનો હતો, કે જે વારંવાર તેણીની પાસે પૈસાની મોટી રકમો કઢાવવા તેણીને દબાવશે. ત્યારપછી તેણીના નોકર ગુમાનનો વિચાર હતો—કે જે તેણીની તરફ કામવિકારની નજરથી જોતો હતો, તેમજ હવે તેણીની સાથે પ્રથમના જેવો માનથી વર્તતો નહોતો. ત્રીજો નંબર યમુનાનો હતો. તેણી જોકે નિમકહલાલ હતી, તોપણ તેણીને સંતોષ રાખવી પડે—અને હવે છેલ્લો અને મોટામાં મોટો વિચાર રસુલખાંના ખુનનો બોજો તેણીના ઉપર હતો, તે વિષે હતો. કારણ કે તેણીને હમેશાં બ્હીક રહેતી કે, હરકોઇ વખતે તે ખુનો ઉઘાડો પડી જઇ તેણીને ફસાવવામાં આવે એવું

હતું. આ પ્રમાણે તેણીએ ખૂલ્લી રીતે જોયું કે, તેણી આ ત્રણ માણસોના પંજામાં પૂરેપૂરી ફસાયેલી હતી. તેઓ મરજીમાં આવે ત્યારે તેણીને નીચોવવામાં બાકી રાખશે નહિ; તેમજ ગુમાન પણ તેણીની પાસે નીચ માગણી કરવામાં ચૂકશે નહિ.

લતિબખાં પાછો રાત્રે આવવાનો હતો. તેને તેણીની પાસેથી શું જોઈતું હશે? ગુમાનનો ખુની ઇરાદો ગઇ રાત્રે નિષ્ફળ ગયો હતો, અને હવે તેણીને ખબર નહોતી કે ગુમાન હજુ તેવો ઇરાદો રાખતો હશે. કદાચ તેવો ઇરાદો હોય પણ ખરો, પણ આવો વિચાર આવતાંની સાથેજ તેણીને આખે શરીરે ધ્રૂજારી છૂટી, છતાં અંદરખાનેથી આશા રાખતી હતી કે, લતિબખાંને રસ્તામાંથી દૂર કરવામાં આવે તો તેણીના છૂપા ભેદથી જાણીતાં ત્રણ માણસોમાંથી એક મહત્વનો અને જબરામાં જબરો માણસ દૂર થાય—અને—વળી—શું તેણીના અંતઃકરણમાં—ખૂબ ઉંડાણમાં—તેણીને એવી આશા નહિ હોય કે, ધીમે ધીમે ગુમાનને પણ હમેશને માટે ચૂપ કરવાનાં સાધનો શોધી કઢાશે?

ખરેખર, એ વાત ખરીજ છે કે એક ગુનો છૂપાવવાને માટે બીજા બાર ગુના કરવાની જરૂર પડે છે.

ત્યારે શું, જો તેણી એક વખત તેણીના છૂપા ભેદથી જાણીતા માણસો પૈકી બે મુખ્ય માણસોને આ પ્રમાણે દૂર કરે, તો પછી અહીંથી તેનો ધંધો સમેટી લઇ ન શકે? અને આ બધું વેચી સાટી જેટલા બને તેટલા પૈસા ભેગા કરી બીજે દેશ ઉપડી ન જઇ શકે? યમુનાની તેણીને કંઇ ખાસ ધાસ્તી નહોતી. તેણીને તો સાથે પણ લઇ જવાય. ખરેખર, આ યુક્તિ તો ઘણી સરસ જડી હતી, અને યશોદાબાઇ જેમ જેમ આવા નિર્ણય ઉપર આવતી ગઇ, તેમ તેમ તેણીની ધાસ્તી ઓછી થઇ અંદરથી ખુશી થતી ગઈ.

અહા! માણસજાતનો કેવો વિચિત્ર સ્વભાવ છે? એક પછી એક ઉપરા ઉપરી ભયંકર ગુનાઓ—ખુન—કરીને પોતાની સહીસલામતીનો અને સુખનો રસ્તો શોધી તે વિચાર ઉપર રાજી થાય છે. અરે! પણ ખબરજ ક્યાં છે કે ઘડી પછી શું થવાનું છે? કેમ જાણ્યું કે તેની બધી આશાઓ ધૂળધાણી નહિ થઇ જાય? સુખચેનમાં અને સંતોષમાં કેમ જાણ્યું કે રહી

શકશે? શું તે એમ જાણે છે કે પરમેશ્વર આંખો મીંચીને અને કાનમાં રૂનાં જાડાં પૂમડાં ઘાલીને બેઠો છે? શું તેનાં કૃત્યો અને તેના હવામાં કિલ્લા બાંધવાના વિચારોથી તે સર્વ શક્તિમાન પ્રભુ અજાણ્યો છે?

હશે, તેતો ગમે તેમ હશે, પણ આવા વિચારોમાં નિમગ્ન થયેલી યશોદાબાઇને હરકત કરનાર ગુમાન ત્યાં આવ્યો, તે તરફ આપણી નજર ફેરવવી પડશે.

ગુમાનનો ચહેરો એવો કપટી દેખાતો હતો કે યશોદાબાઈ ધાસ્તીમાં પડી—બેચેન થઈ. તે એકદમ ખુરશીમાંથી ઉઠવા જતી હતી, પણ પાછી બેસી ગઈ, અને ગુમાનના ચહેરા ઉપર તીક્ષ્ણ નજરથી તેનું અંતઃકરણ વાંચવા પ્રયત્ન કરવા લાગી.

"બાઇસાહેબ, આપણે થોડીવાર ખાનગી વાત નહિ કરી શકીએ?" એક ખુરશીના હાથા ઉપર બેદરકારીથી આડો પડી ગુમાન બોલ્યો—"કારણ કે હું ધારૂં છું કે લતિબખાં આજ રાત્રે પાછો આવવાનો છે, એમ તમારૂં બોલવું થયું હતું."

"હા, તે આવશે તો ખરો." યશોદાબાઇએ જવાબ દીધો—"ત્યારે શું તું એમ કહે છે કે આપણે તે વિષે વિચાર કરવો જોઇએ?"

"મારી સાથે કંઇપણ ગભરાટમાં રહેશો નહિ બાઇ." પેલો નોકર બોલ્યો—"જો આપણે આપણું ડોકું ફાંસીના લાકડાથી બચાવવું હોય તો હવેથી આપણે એકજ હોડીમાં મુસાફરી કરવી જોઇએ."

આવા ભયંકર શબ્દોથી પોતાની વાતચિતની પ્રસ્તાવના કરીને તે કંઇ પણ બોલ્યા ચાલ્યા વગર—કે તેની શેઠાણીની રજા વગર—તેણીની સામેની ખુરશીમાં નિરાંતે બેઠો. અને જેમ ઘરનો માલિક હોય તેમ ખાસ્સી રીતે લાંબા પગ નાખીને આડો પડ્યો.

"તારા મગજમાં કંઇ યુક્તિ છે, કેમ ગુમાન?" તેના અપમાન ભરેલા વર્તન ઉપર ધ્યાન આપવાની હિંમત નહિ ચલાવતાં યશોદાબાઇએ પૂછ્યું.

"યુક્તિ! અહો! તેતો ક્યારની મેં નક્કી કરી મૂકી છે." તેણે મગરૂબીથી ઉદ્ધતાઈ ભરેલી રીતે જવાબ આપ્યો—"હું ધારૂં છું કે તે યુક્તિ તમને પણ પસંદ પડશે."

"બોલ ત્યારે." યશોદાબાઇએ કહ્યું. તેણી વધારે ને વધારે શકમાં પડતી જતી હતી કે લતિબખાંના ખુન ઉપરાંત બીજો કોઈ ગંભીર મુદ્દો તેના મગજમાં છે.

"પહેલું તો મારાં વહાલાં બાઈ," તેણે જાણે ખાસ સંબંધી હોય તેમ બોલવું શરૂ કર્યું—"આપણે કયાંથી શરૂ કરવું, તેનો વિચાર કરો—ખૂલ્લી રીતે બોલું તો રસુલખાં મગજે લોહી ચઢી જવાથી મરી ગયો નથી, પણ તમે તેનું ખુન કર્યું છે."

"આવું તહોમત મારા ઉપર મૂકવાની તું હિંમત કરે છે, કેમ?" યશોદાબાઇ ગભરાટમાં બોલી.

"મારી સાથે આવી રીતે દાંભિકતા ભરેલું બોલવાથી શું ફળ છે?" ગુમાન વધારે ઉદ્ધત બન્યો—"ગઇ રાત્રે તમે નહોતું કહ્યું કે 'શું આ બીજો ગુનો કરવાની જરૂર છે?' અને પ્રથમથી મારા મગજમાં જે વહેમ હતો, તેની તમારા એ શબ્દોથી ખાત્રી થઈ. વળી લતિબખાંને દૂર કરવાની મારી યુક્તિ સાથે તમે ભળ્યાં નથી, શું? અને જો તમે પ્રથમ ખુન ન કર્યું હોય તો એવી રીતે સહેલાઇથી ખુનની યુક્તિમાં તમે ભળી શકો ખરાં કે? છતાં એથી ફેરફાર થતો નથી. રસુલખાંનું મડદું આજ મકાનમાં દટાયેલું છે; અને જો તે માલમ પડે તો આપણને બધાને ફાંસીને લાકડે લટકાવવાને તેજ પૂરતું છે."

"ત્યારે તું હવે શું કહેવા માગે છે?" તેની સાથે હવે વધારે તકરારમાં ઉતરવાની હિંમત નહિ રહેતાં યશોદાબાઇએ પૂછયું.

"હું એ કહેવા માગું છું કે લતિબખાંએ તેના ઉપરી અને દોસ્તની પાછળ જવું જોઇએ." ગુમાને જવાબ દીધો—"અને હવે તમે જુઓ છો કે માત્ર તમારેજ લીધે હું કેટલાબધા ભારે જોખમમાં ઝીંપલાવું છું, વહાલાં બાઇ. કારણ કે હાલ લતિબખાં સાથે મરજી પડે તેમ નીકાલ લાવવા તમને છોડી દઇને મને બીજે દેશ ચાલ્યા જવાને કંઇ હરકત નથી. પણ મને ખાત્રી છે કે લતિબખાં, ભવિષ્યને માટે વિશ્વાસ કરવા જેવો નથી—કદાચ નિશામાં પણ તમારો ગુનો ઉઘાડો પાડે, અથવા ગમે ત્યારે તેની ઉડાઉ માગણીની તમે ના કહો, કે તેના વેરમાં તે ઉઘાડો પાડે; આ બધાં કાર-

સુથી તેને તમારા રસ્તામાંથી તદ્દન દૂર કરવા હું માગું છું."

"તો તે કેવી રીતે?" અચકાતાં અચકાતાં યશોદાબાઈએ પૂછયું.

"એવી રીતે નહિ કે જેથી લોહીનાં નિશાન રહે–" ગુમાને જવાબ દીધો. "આપણે જે કંઇ કરવું તે સલામતી વાળે રસ્તે કરવું જોઇએ. હું ધારૂં છું કે રસુલખાંને તમે ઝેર આપ્યું હતું? ઠીક, ઘણી સારી યુક્તિ! અહા! તમારા ચહેરા ઉપરથી હું સમજી શકું છું કે મારૂં અનુમાન ખરૂં છે. પણ મને ધાસ્તી લાગે છે કે લતિઅખાં તેમ થવા દશે નહિ. તે વહેમી થયો હશે–સાવચેતીથી રહેશે–અને ખાત્રી રાખો કે તમારા ઘરમાં એ કંઇપણ ખાવા પીવાનું પણ લેશે નહિ. અને જો કદાપિ લેશે, તો જે તમે લેશો તેજ તે લેશે, અને તે તમારી પહેલાં–છતાં એક યુકિત મને ઠીક લાગે છે–તમે ધારો છો કે તે ફરીથી પાછલા ચોકમાં જવા માગશે?"

"એ કહેવું અશકય છે." યશોદાબાઈએ જવાબ આપ્યો–"પણ જો તારી મરજી હોય, તો હું તેને સમજાવીને ગમે તે બહાને તેને ત્યાં લઈ જઇ શકું ખરી."

"ત્યારે તો તેમ કરો, અને પછી બાકીનું હું કરીશ." ગુમાન બોલ્યો. "તેનો પૂરેપૂરો નીકાલ લાવી નાખીશું. અને તેના ઉપરી અમલદાર રસુલખાંની સાથેજ તે પણ દટાશે. છતાં તેની કંઇ પણ નિશાની રહેશે નહિ, તેની હું ખાત્રી આપું છું. અને હવે, મારાં વહાલાં યશોદાબાઇ, તમારી પરવાનગીથી હું તમારા ઉંચામાં ઉંચા દારૂનો એક પ્યાલો પીશ, કે જેથી મારૂં મગજ, મારી ધારેલી યુકિત પારપાડવાને માટે ચપળતામાં રહે."

યશોદાબાઇ ચકિત થઇ–પણ ઇલાજ નહોતો–તેને તાબે થવુંજ જોઇએ. તેણી ધીમે પગલે ઉઠી–ભંડારીઆમાંથી એક બાટલી કાઢી–એક પ્યાલામાં દારૂ રેડીને તે પ્યાલો ગુમાનને આપ્યો–સાબાશ! વાહ! વાહ! શેઠાણી પોતાના હલકા નોકરની તહેનાતમાં ઉભી રહી–તે શેઠાણી કોણ? શહેરની વખણાતી, ભભકદાર, છેલછબીલી, સુંદરી–અજબકુમારનું પ્રીતિપાત્ર–અને ઘણી મોટા ઘરની સ્ત્રીઓનાં કામ ચરિત્રનાં ગુપ્ત ભેદો છૂપાવી રાખનાર–મોટા મોટા અમીર ઉમરાવોથી માન પામેલી–તે યશોદાબાઇ–પોતાના હ-

લકામાંહલકા નોકરની ગુલામ બની તેની સામે ઉભી રહી. ખરેખર–કાળ બળવાન છે.

"ખરેખર, બાઇ, તમે જેવાં શરીરે ખૂબસુરત છો, તેવાંજ રીતભાતમાં માયાળુ અને મોહક છો." ગુમાને તેણીના ઉપર વિકારી, મોહભરેલી નજર નાખતાં કહ્યું.

યશોદાબાઇ જાણે હમણાંજ સ્વપ્નમાંથી જાગી હોય, તેમ ભાનમાં આવી–અથવા એમ કહો કે, અત્યાર સુધી લતિબખાંની બાબતમાં ઠંડે પેટે ગુમાન જે વાત કહેતો હતો, તેથી તેણી સ્તબ્ધ બની ગઇ હતી, તેમાંથી હવે સાવધ થઇ. તેણીએ હવે જોયું કે ગમે તે રીતે તેણીના હેતુ સાથે તે જોડાયેલો હતો, છતાં પહેલેથીજ જ્યારે દારૂ માગતાં ગુમાને જે ઉદ્ધતાઇ ભરેલી વર્તણુકથી બોલવાની છૂટ લીધી હતી, તેજ વખતે તેને તાબે થઇ પોતાનું વજન નહિ ગુમાવતાં, તેના તરફ પોતાનો મોભો જાળવી રાખવા, દબદબો રાખી, પોતાના તરફ તેણે વર્તવાની–તેણીની અને ગુમાનની વચ્ચે અમુક હદ હતી, તે નહિ ઓળંગી જવા–તેને ચેતાવવાનાં સખ્ત પગલાં લેવાનાં હતાં. તેને બદલે તેણી તેને તાબે થઇ, તે પોતાની મોટી ભૂલ સમજાઇ–પણ હવે તેના છાલકાપણાને એકદમ વશ થવાથી તે તેણીના ઉપર બહુજ ખરાબ લાભ મેળવવા લાગ્યો. અને હવે તેણીએ પોતાનું વજન ગુમાવ્યું હતું, તે પાછું મેળવવાનું કંઇ સહેલું કામ નહોતું.

"તારે જે કહેવું હોય તે કહી લે, ગુમાન." આખરે તેણી બોલી. "કારણ કે જેવી વર્તણુક તેં મારી સાથે ચલાવવા માંડી છે, તેવામાં કોઈ અહીં આવશે, તો મોટો વહેમ પડશે."

"વાહ! મારી વર્તણુક!" ગુમાન ગુસ્સે થઇને હાસ્ય કરતો બોલ્યો. "હું ખરૂં કહું છું કે માત્ર તમારીજ ખાતર, આ દુનિઆમાં મારી સલામતી જોખમમાં નાખીને, અને પરલોકમાં મારી દુર્દશા વહોરી લઇને ભયંકર ગુનો કરવા શું હું તૈયાર થયો નથી? અને શું તમે એમ ધારો છો કે હું કંઇ ઇનામની આશા રાખતો નથી? અલબત્, હું ભારે ઇનામ મેળવવા આશા રાખું છું, કારણ કે આવા ભારે કામનું ઇનામ પણ ભારેજ હોવું જોઇએ. અને તે તમારે મને આપવુંજ પડશે."

"શું બદલો અથવા ઈનામ, તું માગે છે?" યશોદાબાઇએ પૂછ્યું.

"તમારો હાથ, મારી વહાલી—પ્રમાણિક લગનમાં તમારો હાથ." ગુમાન ખુરશીમાં પડયો પડયો મૂછો ઉપર હાથ ફેરવતો ઠંડે પેટે બોલ્યો.

"એ તું શું બકે છે! લગનમાં મારો હાથ!" યશોદાબાઇ ગુસ્સાથી અને અજાયબીથી બોલી. "મારી ખાત્રી છે કે તું મજાકમાં બોલે છે, ગુમાન. હું ધારતી હતી કે તું તો યમુના સાથે લગ્ન કરવાનો હતો."

"હા, થોડા વખત પહેલાં યમુના ઠીક હતી, વહાલાં બાઇ." ગુમાને જવાબ દીધો." પણ હવે સંજોગો એવા બદલાયા છે કે સારી ચઢિયાતી સ્થિતિ તરફ નજર કરવાને હું શક્તિવાન થયો છું. તમે ખૂબસુરત છો, અને તમને મારી સ્ત્રી કરવાને હું ખુશીથી મગરૂબ થઇશ. હું પણ કંઈ બદશિકલ નથી. અને મને એક પતિ તરીકે ગણવાને તમારે શરમાવા જેવું નથી."

"પણ ધ્યાનમાં રાખ, ગુમાન," કે હું તારા કરતાં કેટલેક વરસે મોટી છું." યશોદાબાઇના પેટમાં ચોર પેઠો હતો કે આખરે તેણીના નોકરને તાબે થવું પડશે, છતાં બને ત્યાંસુધી છટકવા આડાં અવળાં બહાનાં બતાવતાં બોલી. જો કે તેણીએ હવે પોતાના મનમાં નક્કી કર્યું હતું કે આ તેણીના ઉદ્ધત નોકરને-ગુનામાં તેણીના મદદગારને-પહેલી તકેજ ઠેકાણે કરી નાખવો.

"ભલે, તમે કદાચ મારા કરતાં થોડે વરસે મોટાં હશો." ગુમાન પોતાની બોલીમાં અને રીતભાતમાં વધારે વધારે ઘાડો સંબંધ બતાવતો-છૂટ લેતો-બોલ્યો. "પણ તમે ઘણાં ભભકાદાર દેખાઓ છો. અને પેલી તમારી ઉછળતી, ભરાવદાર છાતીનું ઉસીકુ કરી મારૂં માથું ત્યાં ગોઠવવાને હું ઘણો આતુર થઈ રહ્યો છું." આ જંગલી નોકર ઘણોજ નિર્લજ બની દારૂની નિશામાં જંગલીપણે બોલવા લાગ્યો. "અહા! કેટલી વખત હું તમારી પાસે ઉભો રહેતો, ત્યારે તમારા એ મોહ ભરેલા અવયવ ઉપર જોતાં મારા મનમાં ઘણો અમુંઝાતો કે, એ સુખ ભોગવવાને હું કદીપણ ભાગ્યશાળી થઇ શકીશ? વળી તમારા શરીરના બીજા અવયવો, આંખો, દાંત, હોઠ, હાથ, પગ, દરેક દરેક મને ઘણા મોહક લાગતા હતા. અને મને ઘણી વખત એવી ઇચ્છા થઇ આવતી કે, રાતની વખતે છાનોમાનો, તમારા સુવાના ઓરડામાં

દાખલ થઇને, તમને સમજાવીને, અથવા ધમકાવીને મારી ઇચ્છા પૂર્ણ કરૂં. અને હવે આખરે એવો વખત આવી પહોંચ્યો છે કે લાંબા વખતની મારી મનકામના ફળીભૂત થવાની અણી ઉપર છે. અહા ! વહાલી યશોદા, તું ખરેખર એવી મનમોહક છે કે તને મેળવવાને માટે હું ગમે તે ગુનો કરૂં. ભલે પછી ખુન કરવાનું હોય, તોપણ હું પાછો હઠું નહિ. પણ તને એવું કહેવાનો વખત આવવા નહિ દઉં કે હું આવા ઇનામને લાયક નથી."

"ના, ના. હું તારી સાથે અનુપકારી થઇશ નહિ, ગુમાન." યશોદાબાઇએ નરમાશ બતાવી દાંભિકતાથી તેના તરફ મોહક નજર નાખી કહ્યું. જો કે તેણી પોતે ઘણી કામાવેશવાળી હતી, વળી ગુમાન પણ ખૂબસુરત જુવાનીઓ હતો—છતાં તેના તરફ તેણીનું જરાપણ વલણ થતું નહોતું, અને તેવી ઇચ્છા પણ નહોતી. પણ ગુમાનને વશ કરી લેવાના હેતુથી, તેને તાબે થતી દેખાઇ.

"ત્યારે તું મારી પત્ની થવાનું કબુલ કરે છે, કેમ વહાલી યશોદા ?" એમ કહેતાની સાથે તે એકાએક ઉભો થઇને તેણીને પોતાની મજબૂત બાથમાં ભીડીને ઉપરાઉપરી ચુંબનોથી ગભરાવી નાખી.

"અરે ! બેવકૂફ ! ધીમો પડ." યશોદાબાઇ તેને ધીમેથી ખસેડીને બોલી. "એક વખત આપણે ધારેલું કાર્ય કરવાનું છે, અને પછી પ્યારની વાતો નિરાંતે કરીશું. અને હવે, તું જા. મારે ઘણું કામ છે. પણ જો જે, કે યમુનાને એક પણ શબ્દ કહેતો નહિ.

"ના, ના. એને કહેવું નકામું છે." ગુમાન બોલ્યો. "છતાં પણ તે બિચારીને ખોટી આશામાંથી જલદી મુક્ત કરવી, એ વધારે સારૂં છે. કારણ કે તેણીને—"

"અહા ! મને કંઇક વહેમ પડયો હતો ખરો." યશોદાબાઈ વચ્ચેજ બોલી ઉઠી. "ખરેખર, ગુમાન આ તારી લાયકી નહિ."

"ભલે, કદાચ મારી નાલાયકી હશે." તેણે બેદરકારીથી જવાબ દીધો. "પણ એક હલકી નોકરડી—કે જે અમારા લગ્ન પછી તરતજ ચાર

પાંચ મહિને છોકરૂં જણે-તેણીને પરણીને મારા મિત્રોની મશ્કરીને પાત્ર થવું, એ મારી મૂર્ખાઇ ગણાય."

"તેણી ખરેખર દેખાવડી અને રૂપાળી છે." યશોદાબાઇએ કહ્યું. "તેણી હલકી હોય એવી દેખાતી નથી. અને બીજી બાબત વિષે તો તું કહી શકશે કે છ મહિના પહેલાં છૂપાં લગનથી તમે પરણ્યાં હતાં."

"એમ કદી પણ બનવાનું નથી, વહાલી." ગુમાન બોલ્યો. "હું એવી રીતે સપડાવાનો નથી. તેમજ આવી ભભકાદાર, ખૂબસુરત, અને મનમોહન સુંદરીને છોડવા માગતો નથી. નહિ, નહિ, જે આપણે નક્કી કર્યું છે તેજ પ્રમાણે થશે. અને યમુના વિષે તો હું ઠીક કરીશ. માટે હવે એ વિષે કંઇ બોલવાનું નથી. માત્ર એટલું કહે કે લતિબખાં રાત્રે કેટલે વાગે આવવાનો છે?"

"તે તેણે કહ્યું નથી." યશોદાબાઇ બોલી. "પણ હું ધારૂં છું કે દશ વાગતા પછી તે આવશે."

"ઠીક છે, ત્યારે." ગુમાન બોલ્યો. "લગભગ અગિઆર વાગે તેને સમજાવીને પાછલા ચોકમાં લાવવો, તે પહેલાં નહિ. હું ત્યાંજ હોઇશ, અથવા આજુબાજુ કંઇ સંતાયેલો હોઇશ. મને હવે કંઇપણ સવાલ પુછવાની જરૂર નથી. કારણ કે મારા મનમાં જે યુક્તિ મેં રચી રાખી છે, તે પ્રમાણે હું પૂરે પાધરૂં ઉતારીશ. તમામ નોકરો સાડા દશ પહેલાં સૂવા જાય, એમ તજવીજ રાખવી. કેમ બરોબર સમજ પડી?"

"હા." જવાબ મળ્યો.

"ત્યારે હવે એક ચૂમી,-વહાલી." ગુમાન બોલ્યો. "અને પછી હું ચાલ્યો જઇશ. અને તું તારૂં કામ કરજે."

સપડાયેલી યશોદાબાઇ, તેના અધમ નોકરને તાબે થઇ. પછી તે રવાની અને બદમાશ નોકર ચાલ્યો ગયો.

પ્રકરણ ૬૩ મું.

લતિબખાં અને તેનો નિમકહલાલ કૂતરો સુલતાન.

રાત્રે લગભગ સાડા દશ વાગે ગુમાને લતિબખાંને, યશોદાબાઇના દીવાનખાનામાં દાખલ કર્યો-યશોદાબાઇ તેણીની રાહ જોતી બેઠી હતી.

ગુમાન ચાલ્યો ગયો—પણ બારણું બંધ કરતાં તેની અને યશોદાબાઇની આંખો મળી, અને ઇશારતથી બન્ને સમજ્યાં કે ઠરેલા વિચારમાં કંઇ ફેરફાર થયો નથી.

લતિબખાંની પાછળ તેનો માનીતો સુલતાન આવ્યો હતો—તે એક ખુરશી તળે ભરાઇ બેઠો. લતિબખાં ખુરશી ઉપર બેઠો—થોડીવારે બોલ્યો. "ગઇ રાત્રે આપણું કામ વિચિત્ર સંજોગોને લીધે અટક્યું હતું, બાઇ."

"હા—અને તે પણ તમે અમુક ચોક્કસ વાત છાની રાખવાને માટે તમારૂં ઇનામ માગતા પહેલાં, ખાનસાહેબ." યશોદાબાઇ બોલી. "અત્યારે ઠંડી વધારે જણાય છે. કંઇ શરીરમાં ગરમી કરવા જેવું લેશો?"

"પણ પહેલું તો મહેરબાની કરીને મને કહો બાઇ," તેણે પૂછ્યું. "કે મારા મિત્ર રસુલખાંનું મોત શી રીતે થયું? એટલે કે—તમે તે કામ શી રીતે કર્યું?"

"શું એ ભયંકર વાત પાછી યાદ લાવવાનું જરૂરનું છે?" યશોદાબાઇએ કહ્યું. "ખરેખર, એ વિષે ઘણી વાત થઇ ગઇ છે, અને તે હવે બસ રાખો તો સારૂં."

"મેં ગઇ રાત્રે તમને કહ્યું હતું કે સઘળી હકીકત મારે જાણવી જોઇએ—અને ત્યાર પછી હું મારી શરતો કહીશ." લતિબખાં ઉદ્ધતાઇથી પણ દૃઢતાથી બોલ્યો. "મને સઘળો ખુલાસો કરો. કારણ મેં મારો આવો સરસ મિત્ર ગુમાવ્યો છે, તેના સંબંધની સઘળી હકીકત જાણવાને હું સ્વાભા-

વિક રીતે ઇન્તેજાર છું. ચાલો, ત્યારે બોલો—હું ધારૂં છું કે તેમાં તો તમે કોઇની મદદ લીધી નહિ હશે. અને જો તમે એકલાંએજ તેને બિચારાને ઠેઠ પહોંચાડી દીધો હશે, તો પણ પાછલા ચોકમાં બીજાની મદદ વગર તમે તેને દાટી શક્યાં હશો નહિ—એટલે હજુ તમારે મને ઘણું કહેવાનું બાકી છે."

"પણ જો તમે ખરેખર સલાહથી મારી સાથે વર્તવા માગતા હો, તો પછી એ બધી બાબતો જાણવાથી શું ફાયદો છે?" યશોદાબાઇ મનમાં ડરતી હતી કે રખેને તેને પોતાને મારી નાખવાની કરેલી યુક્તિ તેના જાણવામાં આવી હોય, તેથી તેની પાસેથી વાત કઢાવવાના હેતુથી કહ્યું

"એ બાબત કંઇ પણ ધાસ્તી રાખશો નહિ બાઇ." લતિબખાં બોલ્યો—"તમને અથવા તમારા સોબતીને કંઇપણ નુકશાન કરવાનો મારો ઇરાદો નથી—જો તમે મારી સાથે પ્રમાણિકપણાથી અને ખૂલ્લા દિલથી વર્તશો તો—પણ હું ખુલ્લી રીતે જોઇ શકું છું કે, ગમે તેમ પણ એક માણસ તો તમારા કામમાં, અથવા મડદું ઠેકાણે પાડવામાં મદદગાર હોવુંજ જોઇએ."

"જો તેમ હોય તો?" યશોદાબાઇએ ગભરાતાં ગભરાતાં પૂછ્યું.

"બે માણસને ફાંસી જતાં બચાવવાનું પૂરતું ઇનામ મને મળવું જોઇએ." લતિબખાંએ ઠંડે પેટે, જાણે સાધારણ સાટું કરતો હોય તેમ જવાબ દીધો—"હવે તમે સમજ્યાં, બાઈ?"

"સારી રીતે," જવાબ મળ્યો.

"માટે તમારો જોડીદાર કોણ? ક્યાં રહે છે? અને શું કરે છે? તે બધું જાણવું જોઇએ." લતિબખાંએ આગળ ચલાવ્યું. "કારણકે, જો હું ખૂલ્લી રીતે કહું તો મારે બન્ને બાજુ તરફથી હમેશને માટે સારૂં વર્ષાસન મેળવવું જોઇએ."

"પણ ધારો કે તે કામ મારી જાતેજ કોઇ બીજાની મદદ વગર કર્યું હોય તો?" યશોદાબાઇએ પૂછ્યું.

"હા, તેમ પણ બની શકે એવું છે." તેણે જવાબ દીધો—"ખરૂં

કહું તો, હું ધારૂં છું કે તમે તેને ઝેર દીધું છે. અને–બાઇ સાહેબ, ખોટું ન લગાડશો, હો–તેજ કારણથી હું તમારી પાસેથી કંઈ પણ પીવાનું લેતો નથી–સિવાય કે તેજ પ્યાલામાંથી એક ઘુંટડો તમે પીધા પછી હું પીઉં."

"ભલા ભગવાન ! ખાનસાહેબ," યશોદાબાઇ દાંભિકતાથી ધાસ્તી બતાવતી બોલી. "અરે, એક પળવાર પણ તમે એમતો નહિજ ધારતા હો કે–તમે–કે જે મારી સાથે આટલી બધી મહેરબાનીની ભરેલી રીતે વર્ત્યા છો, તેને હું કંઇ પણ નુકશાન કરૂં !"

"તમે એવું કરશો, એમ મારૂં કહેવું નથી, બાઇ." લતિબખાંએ જવાબ દીધો–"પણ વળી તેજ વખતે હું એમ પણ નથી કહી શકતો કે, તમે એમ કરી શકોજ નહિ–હશે, હવે આપણે એ બાબત ઉપર વધારે તકરારમાં ઉતરવાની જરૂર નથી–ત્યારે તમે કબુલ કરો છો–અથવા તમે કબુલ કરો છો એમ હું માની લઉં છું–કે તમે બિચારા રસુલખાંને દારૂ સાથે ઝેર દીધું–વારૂ, પણ તમે એકલાં કંઈ ખોદી શકો નહિ; અને મડદું ત્યાં લઇ જઇ દાટી શકો નહિ. એ કામમાં તો ગમે તેની મદદ લીધેલી હોવી જોઇએ, અને તેથીજ હું જાણવા માગું છું કે તમને કોણે મદદ કરી હતી."

"લતિબખાં, હવે હું તમને વધારે વાર છેતરીશ નહિ." યશોદાબાઇ ગભરાટનો અને ખૂલ્લું દિલ બતાવવાનો ડોળ બતાવતી બોલી. "ખરી હકીકત એવી છે કે, રસુલખાંને હજુ દાટયોજ નથી–અને તેથી મેં હજુ સુધી કોઇને મારા વિશ્વાસમાં લીધો નથી."

"ત્યારે તેનું મડદું કયાં છે ?" લતિબખાંએ હવે કઠોરતાથી પૂછયું.

"ગઇ રાત્રે જે ચોકમાં તમને હું લઇ ગઇ હતી, તે ચોકના એક ખૂણા તરફની ઓરડીમાં." યશોદાબાઇએ જવાબ દીધો–"અરે ! ખાનસાહેબ, તમે મને જો એ મડદું વગે કરવામાં મદદ કરો !" તેણી આબેહૂબ દુ:ખી દેખાવ ધારણ કરીને બોલી, કે જે સામા માણસને ખરૂં લાગે.

"વારૂ–હું ધારૂં છું કે આપણે તેમ કરી શકીશું." લતિબખાંએ જવાબ દીધો. "પણ ત્યારે તમે મને પહેલેથી કેમ છેતર્યો ?"

"હવે હું તમારી સાથે તદ્દન પ્રમાણિકપણાથી વર્તીશ." યશોદાબાઇએ જવાબ દીધો—"ખરી વાત એ છે કે ગમે તો મારી જાતે એ મડદું દાટીશ અથવા બાળીશ, અથવા છેવટ કોઇને મારા વિશ્વાસમાં લઇને તે પ્રમાણે કરાવીશ, એવી આશામાં હું હતી. અને ત્યારે, ગમે ત્યારે જો તમે મારા ઉપર તહોમત મૂકીને આવો, અને પાછલા ચોકમાં મડદું દટાયેલું છે એમ જાહેર કરી શોધ કરો, તો મડદું નહિ મળવાથી, તમારો પુરાવો તૂટી જાય, અને મારા ઉપરનો આરોપ ખોટો ઠરે. આવા વિચારથી મેં તમને ખોટું કહ્યું હતું; પણ લતિબખાં, હું આશા રાખું છું કે તમે મને માફ કરશો."

"ઠીક છે." યશોદાબાઇના દેખાઇતા ગભરાટથી અને પશ્ચાતાપથી છેતરાઇને લતિબખાં બોલ્યો. "હવે તમને ઠપકો આપવો નકામો છે. કારણ કે હવે તે સુધરવાનું નથી. ત્યારે હજુસુધી તમારો કોઇપણ વિશ્વાસપાત્ર જોડીદાર થયો નથી.?"

"ના, કોઇપણ નહિ." યશોદાબાઇએ જવાબ દીધો.

"અને મડદું હજુ બહારજ છે?" તેણે પૂછ્યું.

"હા. પાછલા ચોકની બાજુ ઉપર એક અંધારી ઓરડીમાં છે, અને તેની કુંચી મારી પાસે છે." યશોદાબાઇએ જવાબ દીધો.

"તો હવે એ મડદું ઠેકાણે પાડવામાં તમને મદદ કરવા, તથા હવે પછી હમેશને માટે આ વાત છૂપી રાખવા બદલ જો તમે મને એક હજાર રૂપીઆ આપો તો તે કંઇ વધારે છે?" લતિબખાંએ યશોદાબાઇ ઉપર પોતાની નજર ઠેરવી રાખીને પૂછ્યું.

"એક હજાર રૂપીઆ!!!" યશોદાબાઇ આ માગણી ઘણી વધારે ગણી અજાયબીનો દેખાવ ધારણ કરતી બોલી. "અરે, ખાનસાહેબ, આટલી બધી ભારે રકમ હું આ વખતે ક્યાંથી લાવી શકીશ?"

"વારૂ, ત્યારે, બધી રકમ હું એકી વખતે માગીશ નહિ." તેણે યશોદાબાઇનો દાંભિક ગભરાટ ખરો જાણી જવાબ દીધો. "પણ અડધી રકમ હમણાં, અને બાકીની એક પખવાડીઆમાં."

"હું ધારૂં છું કે તમારી માગણી મારે કબુલ કરવી પડશે, કારણ કે

હું પૂરેપૂરી તમારા કબજામાં છું." યશોદાબાઇ શોકાતુર દેખાવથી બોલી. "પણ તમે મને તે મડદું ઠેકાણે કરવામાં મદદ કરશો?"

"હા, કારણ કે તે કામ આપણી શરતોના એક ભાગ તરીકે છે," લતિબખાંએ જવાબ દીધો—"અને મને છેતરવાને માટે તમે જે જગા બતાવીને કહ્યું હતું તે ખરૂં કરીશું. કારણ કે તમે જો બીજો કોઇ સારો રસ્તો ન બતાવો તો પાછલા ચોકમાં પત્થર નીચે દાટીશું."

"ના—ના, હું કંઇ બીજો વધારે સારો રસ્તો બતાવી શકું એમ નથી." યશોદાબાઇએ જવાબ દીધો. પછી ઘડિઆળ તરફ જોઇને બોલી—"હાલ અગિઆર થયા છે, અને હવે બધાં માણસો પોત પોતાને ઠેકાણે સૂઇ ગયાં હશે."

"ઠીક ત્યારે" લતિબખાં ઉભો થતાં બોલ્યો—"આપણે હમણાંજ જઇને આપણું કામ પતાવી દઇશું, અને પછી તમે મને રૂપીઆ આપજો."

યશોદાબાઇએ ફાનસ લીધું, અને નીચે ઉતરી. તેણીની પાછળ લતિબખાં, અને તેની પાછળ તેનો કૂતરો, એ પ્રમાણે પાછલા ચોક તરફ ગયાં. નીચે બધે શાન્તિ ફેલાઇ ગઇ હતી.

પાછલા ચોકમાં જઇને યશોદાબાઇએ આજુબાજુ ચારે તરફ નજર ફેરવી. પણ કંઇ ગુમાન જોવામાં આવ્યો નહિ. એકાદ પળ તેણી ગુંચવાઇ—પણ તરતજ તેણીને યાદ આવ્યું કે આટલામાંજ કંઇ તે સંતાયેલો હશે. અને તેજ વખતે એક દોરડાનો ગાળો ઉંચે ભેરવી, દોરડાનો બીજો છેડો નીચેની ભીંતે એક ખીલા સાથે બાંધેલો દીઠો.

કૂતરાએ ગઇ રાતની માફક પેલા પત્થર પાસે જઇને સુંઘવા માંડયું. અને લતિબખાં તેથી અજાયબ થતો બોલ્યો "આ તો આશ્ચર્યકારક જણાય છે કે કૂતરાને ખોટી ગંધ આવે છે." પણ તરત તેની નજર પત્થરની સાંધ ઉપર પડી તો તે તાજી જણાઇ, તેથી નીચો વળી હાથ લગાડી તે જોવા લાગ્યો.

તેજ પળે બાજુ ઉપર ઓરડીનું બારણું ઉઘડયું, અને ગુમાને એક દમ દોડી આવીને લતિબખાં ઉપર હુમલો કર્યો.

"સુલતાન, પકડ આ હરામખોરને—" તેણે કૂતરાને બૂમ પાડી—અને

ગુમાનથી છૂટવાને માટે બન્ને જણ વળગા કુંભી ઉપર આવી ગયા. પણ પેલો કૂતરો તો–કોણ જાણે ધાસ્તી ખાઇ ગયો કે કેમ–એક ખૂણે ભરાઇને ધીમેધીમે ઘૂરકવા લાગ્યો–

પણ આ બધી ગરબડમાં ઘણોજ થોડો વખત લાગ્યો હતો. કારણ કે યશોદાબાઇ તે પળનો સંજોગ ધ્યાનમાં લઇ પોતાના નોકરને તેના ખુની કામમાં મદદ કરવા દોડી, ફાનસ બાજુ ઉપર મૂકીને ખીલેથી દોરડાનો છેડો છોડી, તેનો ગાળો કરી ગુમાનની પાસે નાખ્યો.

તે દરમિયાન આ મરણિયો જુવાન લતિબખાંને નીચે પાડી તેને દબાવી રાખવામાં ફતેહ પામ્યો હતો, અને પછી પોતાના બે હાથે તેનું માથું પકડી ઉંચુ કરી એકદમ જોરથી નીચે પત્થર ઉપર પટક્યું, કે જેથી લતિબખાં બેભાન થઇ ગયો; અને પછી ગુમાને એકદમ પેલા દોરડાનો ગાળો લઇને તેના ગળામાં નાખી દઇ દોરડું ખેંચ્યું. તેજ વખતે લતિબખાં પાછો ભાનમાં આવ્યો હતો, અને ઉંચો થઇને ગુમાન અટકાવે તે પહેલાં તો દોરડાનો ગાળો ગળામાંથી કાઢી નાખવા મહેનત કરી.

પણ પેલા ખુની ગુમાને એકદમ યશોદાબાઇના હાથમાંથી દોરડાનો બીજો છેડો લઇને દૂર ઉભા રહી જોરથી ખેંચ્યું, જેથી લતિબખાંનું ગળુ દોરડાના ગાળામાં સીકડાઇ ગયું. વળી તેજ વખતે યશોદાબાઇએ તેની પાછળ જઇને, લતિબખાંના બન્ને હાથ જોરથી પકડીને બાંધી લીધા.

લતિબખાંનો ચહેરો બદલાઇ ગયો–એક બૂમ પણ પડી શકી નહિ–જીભ પણ હાલવા પામી નહિ–દોરડાના ગાળાનો ટુંપો તેના ગળામાં સજ્જડ બેસી ગયો હતો–અને હજુ તો ગુમાન વધારે ખેંચતો હતો. મોંઢે ફીણ આવી ગયું–જીભ બહાર નીકળી પડી–આંખો ફાટી ગઇ–અને ડોળા બહાર ખેંચાઇ આવ્યા–છતાં પેલો ખુની ગુમાન તો દોરડું વધારે ને વધારે જોરથી ખેંચતો હતો.

સજ્જડ ફાંસો આવી ગયો–થોડીજ પળમાં તેના હાથ પગ હાલતા બંધ થઈ ગયા–અને તરત એક સખ્ત આંચકા સાથે તેનો જીવ નીકળી ગયો.

પણ જ્યારે આ કમકમાટ ઉપજાવે એવું ભયંકર કૃત્ય થતું હતું,

ત્યારે કૂતરો ખૂણામાંથી નીકળીને, તેના શેઠની પાસે જઇ તેના હાથ ચાટવા લાગ્યો—અને મોટે મોટેથી ઘૂરકી ઘૂરકીને ભસવા લાગ્યો. પણ પછી જ્યારે તે બિચારા ગરીબ નિમકહલાલ પ્રાણીએ જોયું કે તેનો ધણી હાલતો ચાલતો નથી, ત્યારે ત્યાંથી ખસી જઇ એક ખૂણે જઈ રડવાના જેવો અવાજ કરવા લાગ્યો.

"અરે, આ હેવાન પશુને છાનું રાખ, ગુમાન." યશોદાબાઇ ગભરાતી અને ધ્રૂજતી ધ્રૂજતી બોલી. તેણીનું આખું શરીર ભયથી કંપતું હતું, અને ચહેરો ફીક્કો પડી ગયો હતો. "નહિ તો મોટા મોટા અવાજ કરીને એ કૂતરૂં આખા ઘરને જગાડશે."

ગુમાને હાથમાં એક ડાંગ લીધી, અને કૂતરાને મારવા દોડયો—પણ તે ચબરાખ કૂતરો ગુમાનનો ઇરાદો સમજી જઇ, ત્યાંથી દોડીને કૂદકા મારતો અંદર જઇ દાદર ઉપર ચઢી ગયો.

"ચાલ, હું જઇને કૂતરાને બહાર કાઢી મૂકું." એમ કહેતો ગુમાન ફાનસ લઇને કૂતરાની પાછળ દોડયો.

"અરે! પણ આતો મને અહિં અંધારામાં એકલી મૂકીને જાયછે!" યશોદાબાઇ કલ્પાંત કરતી બોલી, અને ગુમાનની પાછળ દોડી.

દાદરને પગથીએ જઇ પહોંચતાં, તેના કઠેરાને બાઝી પડી, અને ત્યાંજ ઠરી ગઇ. ધાસ્તીથી એવી ગાભરી પડી ગઇ હતી કે જાણે મરનાર માણસ આવતો હોય! કારણકે આ ભયંકર કૃત્ય—કે જેમાં તેણી સામેલ હતી, તેનો બધો દેખાવ હવે તેણીની આંખ આગળ તરી આવ્યો, અને મગજ ભમવા લાગ્યું—શરીરે કંપારી છૂટી—અને ધાસ્તીમાંને ધાસ્તીમાં મરવા જેવી થઇ ગઇ.

આ દરમિયાન ગુમાન કૂતરાને શોધતો શોધતો બધે ફરી વળ્યો—બધા ઓરડા—ખૂણા—ગલીઓ—બધે જોઇ વળ્યો. પણ કૂતરાનો કંઇ પત્તો લાગ્યો નહિ. પછી થાકીને જ્યાં યશોદાબાઇ ઉભી હતી, ત્યા આવ્યો. તે વખતે યશોદાબાઇ દાદર ઉપર ચઢીને ધ્રૂજતી ઉભી હતી. પણ જેવું ફાનસનું અજવાળું તેણીએ જોયું, અને ગુમાનને દીઠો, કે તેણી પાછી સાવધ થઇ

ગઈ. નિયમ છે કે ગુનેગાર માણસને અંધારામાં રહેવું ઘણું ભયંકર લાગેછે.

ગુમાને જોયું કે યશોદાબાઈ ઉપર ધાસ્તીએ જબરો હુમલો કર્યો હતો—અને પાછી સહેજ બાબતમાં પણ વધારે ગભરાશે; તેથી કૂતરૂં જડયું નહિ, તે વાત તેણીનાથી છૂપાવી રાખી. તે વિષે તેણીએ પૂછયું ત્યારે તેણે જણાવ્યું કે કૂતરાને બહાર કાઢી મૂકયું છે.

પછી યશોદાબાઈને ગુમાન, દીવાનખાનામાં લઈ ગયો, અને જલદ દારૂની નિશામાં બન્નેની ધાસ્તી ઉડી જઈ હિંમતની ચમકારી છૂટી. પછી બાકીનું કામ પૂરૂં કરવા બન્ને જણ પાછાં ઉઠયાં.

ફરીથી પાછલા ચોકમાં જ્યાં લતિબખાંનું મડદું પડયું હતું, ત્યાં આવ્યાં. ગુમાને, જે ઠેકાણે રસુલખાંને દાટયો હતો, તે પત્થર ઉપાડયો, અને ખોદીને માટી બહાર કાઢી—ખાડો થયો—લતિબખાંનું મડદું, રસુલખાંના મડદાની પાસેજ તે ખાડામાં નાખ્યું—માટી નાખી ખાડો પૂરી નાખ્યો—પત્થર પાછો ગોઠવીને જડી લીધો—થયું—હવે તમામ કામ પૂરૂં થઈ ગયું. બન્ને જણ નચિંત થયાં.

તે ખુની સ્ત્રી અને તેનો ખુની નોકર બન્ને જણ એક બીજાની સામે જોઈ રહ્યાં નફટ ગુમાન, યશોદાબાઈ તરફ, આવે વખતે પણ મોહાંધપણામાં કામાવેશની નજરે જોતો હતો—જ્યારે યશોદાબાઈ એટલી બધી ગભરાઈ ગઈ હતી કે હમણાં જે થઈ ગયું હતું, તે ખરૂં હતું કે સ્વપ્નું હતું, તેની ખાત્રી કરવા ગુમાનની સામે જોતી હતી.

પછી જ્યારે બન્ને જણે ચોકમાંથી નીકળીને ઉપર જવા માંડયું, ત્યારે પેલા નફટ અને ખુની નોકરે, પોતાની ખુની શેઠાણીની સાથે તે બાકીની રાત, તેણીની પથારીમાંજ, ગાળવાની પોતાની ઇચ્છા જણાવી. પ્રિય વાંચનાર—આવું કાળું અને પત્થર જેવું અથવા લોખંડી અંતઃકરણ કોઈનું હશે કે કેમ, તે વિચારવું મુશ્કેલ છે. પણ ગુમાનનું તો તેના કરતાં પણ વધારે સખ્ત જોઈએ છીએ—અથવા કહો કે તેનામાં અંતઃકરણ જેવું કંઈ હશેજ નહિ. ગુમાનની માગણી સાંભળીને પહેલે વિચારે તો જેમ એક ઝેરી નાગથી બીએ તેમ યશોદાબાઈ તેને અડકવાને પણ હામ ભીડી શકી નહિ,

અને કંપી ઉઠી-જાણે કે તે એકલોજ ખુની હોય-અને પોતે પવિત્ર હોય !!-પણ બીજીજ પળે તે રાત ભયંકર ધાસ્તીમાં એકલી પડીને ગાળવાના કરતાં તેની સોબતમાં ગાળવાને તેણી ખુશી થઇ.

તેણીએ વગર આનાકાનીએ કબુલ કર્યું-અને ગુમાન-એક હલકો નોકર-ખુની, તે પોતાની ખૂબસુરત શેઠાણી-ખુની-અને પોતાની સાથે ખુનમાં મદદગાર-સ્વરૂપવાન-પણ કાળી વીંછણના જેવી ઝેરી-છેલ છબીલી યશોદા-બાઇની સાથે તેણીના સૂવાના ઓરડામાં ગયો.

બસ-હાલ આપણે આગળ જવું ન જોઇએ.

પ્રકરણ ૧૪ મું.

ખુની શેઠાણી અને ખુની નોકર.

લગભગ બેએક કલાક થઈ ગયા-ગુમાન, યશોદાની પાસેજ ભરઉંઘમાં પડયો હતો.

તેતો ખરેખર, શાંત નિદ્રામાં પડયો હતો તેની ઉંઘમાં નહિ સ્વપ્નું, કે નહિ ધાસ્તી; નહિ શોકાતુર ઉદ્દગાર-કે નહિ બીકની ચીસ-જાણે કે તેના ગુનાની યાદશક્તિજ તેના મગજમાં નહોતી-તેના રાક્ષસી અંતઃકરણમાં કશા પ્રકારની લાગણીજ નહોતી. શાંત રીતે ભર ઉંઘમાં ઘોરતો હતો-તેના ચહેરા ઉપર પણ કશી જાતનો ફેરફાર થતો નહિ.

આ પ્રમાણે ગુમાનના સંબંધમાં હતું, ત્યારે તેના ખુની કૃત્યની સોબતણ, પેલી પાપી સ્ત્રી-કે જે ખુન પછી તરતજ તેના જંગલીપણાને-કામાવેશને તાબે થઇ હતી, અને તેની સાથેજ સૂતી હતી, તેણી પણ પેલાની માફક ઉંઘતી હતી કે કેમ ? ના, ના. તેમ કદી બનેજ નહિ; તેણીની પાસે સૂતેલા માણસના જેવી ઉંઘ લાવવાને માટે તેણી શું ભોગ આપી શકે, તે કહી શકાતું નથી.

શું તેણીને માટે ઉંઘ? નહિ, નહિ, કદી નહિ.

આમથી તેમ પાસુ બદલતાં—વળી આંખો મીચી પડી રહેતાં—વળી થોડીવારે ફાટી આંખોએ આમતેમ નજર કરતાં—વળી આંખો મીંચી આંખો ઉપર હાથ ડાબી પાસુ બદલતાં—ઉંઘવાનાં ઘણાં ફાંફાં માર્યાં—પણ સર્વ ફોકટ—ઉંઘે આવવાની ઘસીને ના પાડી. જેમ જેમ રાત્રિની ભયંકરતા વધતી ગઇ, અને જેમ જેમ તેણીની બેચેની વધતી ગઇ તેમ તેમ તેણીના વિચારોએ તેણીની આગળ ભયંકર દેખાવો ખડા કર્યા. ભૂતના ભણકારા લાગ્યા—બિહામણા આકારો તેણીની આંખો આગળ નૃત્ય કરતા જણાયા—આંખો ફાટી રહી—હાથ પગ અકડાઇ ગયા—જીભ તાળવે ચોંટી ગઇ—કંઇપણ ઉચ્ચાર થઇ શક્યો નહિ—બૂમ પાડવા મહેનત કરે, પણ તેમ થઇ શક્યું નહિ—ભયંકર વિચારો-ભયંકર આકૃતિઓ—તેમના ભયંકર ચાળા—સઘળેજ ભયંકરતા—રાત્રિની શુન્યકાર ચૂપકીદીમાં આ બધા દેખાવો તરવરવા લાગ્યા—તેણીના ગુનેગાર અંતઃકરણમાં ફાંસીનો દેખાવ ખડો થયો—અને વધારે ને વધારે બીવડાવવા લાગ્યો.

હવે તો તેણીને લાગ્યું કે, જાણે તેણીને કોઇ દબાવે છે—વળી હલાવે છે—પછી ઉંચકીને લઈ જાય છે—આકાશ માર્ગે ઉડે છે—ઘણેજ ઉંચે જઇને તેણીને એક ઉંડી ખાઇમાં ફેંકી દેછે—ચીસો પાડવા ઘણો પ્રયત્ન કર્યો, પણ તે નિષ્ફળ ગયો.

અહા! પ્રિય વાંચનાર, તે ખુની સ્ત્રીને આ વખતની આ સજા કંઇ ઓછી હોય એમ ધારવું નહિ. જે રાત્રે તેણીએ રસુલખાંનું ખુન કર્યું હતું, તે રાત્રે તેણીએ ભયથી જે દુઃખ ભોગવ્યું હતું, તેના કરતાં પણ આજની રાત તેણીને ઘણી ભારે પડી.

થોડીવારે બધો દેખાવ તેણીની આંખ આગળથી અદૃશ્ય થઇ ગયેલો લાગ્યો, તે જોઇ તેણી જરા ઉંચી થઇ—તેણીની બાજુએ સૂતેલા માણસ તરફ નજર કરી, તો તેતો નિરાંતે ઘસઘસાટ ઉંઘતો હતો. તેની તેણીને અદેખાઈ આવે એ નવાઇ જેવું નથી.

આ વખતે તેણીને વિચાર આવ્યો કે તેણીની પાસે સૂતેલા માણસને—

તેણીના મદદગારને-મારી નાખવાનો તેણીએ નિશ્ચય કર્યો હતો-કે જેણે તેણીની પાસે નીચતા ભરેલી માગણી કરી હતી, એટલુંજ નહિ પણ ખુન કરીને તરતજ પ્યારની મોજમઝા ભોગવવા માગી હતી, અને તેણીને તેને તાબે થવું પડયું હતું-આ માણસનાં ઉપર તેણીને અતિશે ધિઃક્કાર ઉપજ્યો. ખરી વાત છે કે, ખુનમાં તે તેણીનો સોબતી હતો-તેણીનીજ સલાહથી ખુન કરવામાં આવ્યું હતું-તેના ખુની કામમાં તેણી પોતેજ મદદગાર હતી-આટલું છતાં તેના તરફ તેણી ધિઃક્કારથી જોતી હતી-પણ હવે તેને મારી નાખવાની તેણીની હિંમત ચાલતી નહોતી-તેણીને લાગ્યું કે તેણીના અંતઃકરણ ઉપર ભયંકર ગુનાઓનો બોજો ઘણો ભારે થઇ ગયો છે, અને તે અસહ્ય થઇ પડયો છે, તો હવે તેમાં વધારો કરવાને તેણીના મને ના કહી.

હવે વળી તેણીએ ઉંઘવાનો પ્રયત્ન કર્યો. ઉસીકે માથું ગોઠવી, આંખો ઉપર હાથ મૂકી સૂતી. પણ તેણી પોતાના પ્રયત્નમાં અત્યારે ફાવે ખરી કે? ના-ના-તેણીનું મગજ જરાપણ વિચાર વગરનું નવરૂં પડે તો તેણીને ઉંઘ આવે ને ? પણ તેમ તો બને એવું હતુંજ નહિ-ભયંકર વિચારો-તેવીજ ભયંકર આકૃતિઓ-જુદા જુદા રૂપે-ભયંકર ચાળાઓ સાથે-તેણીની નજર આગળ નૃત્ય કરી રહી હતી-જેમ તેમ કરતાં આવા વિચારો દૂર કરવા તેણીએ પોતાના પાછલા મોજમઝાના દિવસો યાદ કરવા માંડયા-પણ આખરે જેમનું તેમજ-જે બે મડદાં તેણીએ પાછલા ચોકમાં દટાવ્યાં હતાં, તેજ આંખ આગળ તરી આવ્યાં.

આખરે બારીની ફાટોમાંથી મળસકાનું ઝાંખું અજવાળું જણાયું-તેણીએ ધાર્યું કે તેણી થોડો વખત પણ ઉંઘશે નહિ તો આખો દિવસ બેચેનીમાં જશે, અને જોનારને હજારો જાતના વહેમો આવશે-તેથી વળી પાછો ઉંઘવાનો વિચાર કર્યો-અરે ! રે ! શું હજુ પણ તેણીનો પ્રયત્ન સફળ નહિ થાય ? અફસોસ ! તેણીને માટે લેશ માત્ર પણ ઉંઘ-એવું નામજ નહોતું.

ધીમે ધીમે અજવાળું વધતું ગયું-સૂર્યનાં કિરણો ફૂટવા લાગ્યાં-દીવાનું અજવાળું ઝાંખું થયું-અને હવે તેણીની આંખ કંઇક ઘેરાવા લાગી, અને

ઉંઘમાં પડે એમ જણાયું. પણ હાય ! હાય ! બિચારીના નસીબમાંજ તેવું સુખ નહોતું-એકાએક તેણીને લાગ્યું કે તે ઓરડામાં કંઇક હાલે છે-તેની સાથેજ ચમકી ઉઠી-બેઠી થઇ-ધાસ્તીથી ચારેબાજુ નજર નાખી-શ્વાસ રોકીને કાન માંડી સાંભળવા લાગી-અને તેણીને લાગ્યું કે પલંગની મચ્છરદાનીના પડદા નીચેથી હાલવાનો અવાજ આવે છે.

આખે શરીરે ગભરાટથી પરસેવો છૂટયો-હાથપગ અકડાઇ ગયા-જીભ બંધાઇ ગઇ. પાછી ઓરડામાં કંઇ હાલચાલ થતી જણાઇ, અને તેણીને લાગ્યું કે આ કંઇ ભ્રાંતિ નહોતી, પણ ખરેખર કંઇક હાલેચાલે છે-ઓરડામાંજ કંઇક ચાલે છે-વળી શ્વાસ રોકી-કાન માંડી-સાંભળવા લાગી-તેણીએ ધાર્યું કે વખતે પથારીમાં તેણીનો સોબતી બેચેનીમાં એ પ્રમાણે કરતો હોય-પણ ના-તેતો હજુ નિરાંતે ઉંઘતો હતો.

વળી પાછી બારી તરફ નજર કરી-થોડીવાર કંઇ હાલતું ચાલતું જણાયું નહિ-પણ તરતજ પાછી તેનીજ હીલચાલ શરૂ થઇ. ગભરાટમાં પાછી પથારીમાં પડી-આંખતો ઉઘાડીજ હતી-હવે તેણીને ખાત્રી થતી ગઇ કે ગમે તે કંઇ પણ ઉતાવળે પગલે ઓરડામાં ચાલે છે. બૂમ પાડવા મોઢું ઉઘાડયું-પણ બૂમ પાડી શકાઇ નહિ-હોઠજ અકડાઇ ગયા. ધાસ્તીમાં ધ્રૂજતી આખરે બેભાન થઇ ગઇ.

તેજ વખત ગુમાન તેના ભયંકર સ્વપ્નમાંથી જાગી ઉઠયો-હવે પાકી સવાર થઇ હતી-અને ઓરડામાં અજવાળું થઇ ગયું હતું. યશોદાબાઇ તરફ તેણે નજર કરી, તો તે એકદમ ભડકયો, કારણ કે તેણી મડદા જેવી ચત્તે પડી હતી, અને તેને લાગ્યું કે તેણી મરી ગઇ છે કે શું ? તેણે તેણીની છાતી ઉપર હાથ મૂકયો-ત્યારે જણાયું કે ઘણીજ ધીમે ધીમે ધબકારા લેતી હતી, અને શરીર ગરમ હતું. પણ તેજ વખતે ઓરડામાં કંઇ અવાજ સાંભળવાથી તે ચમકયો, અને તેની સાથે તેના અંતઃકરણમાં ધાસ્તીનો એક જબરો ધક્કો લાગ્યો-પણ એવી બીકમાં વધારે રહે એવો તે માણસ નહોતો. તેણે પોતાની સઘળી હિંમત ભેગી કરીને, શ્વાસ રોકીને સાંભળ્યું-બારણા સાથે કંઇક ઉઝરડા ભરતું હોય એવું લાગ્યું.

અહા ! હવે તે ખુનીના મનમાં એકાએક ખરો ભાસ પડયો—અને મચ્છરદાનીનો પડદો ખસેડીને ખાત્રી કરી, તો જણાયું કે બારણા પાસે ઉ-ઝરડા ભરતો, અને ધીમે ધીમે ઝીણું ઝીણું રડવા જેવો અવાજ કરતો, મર-નાર લતિબખાંનો કૂતરો સુલતાન બારણું ઉઘાડવા પ્રયત્ન કરતો હતો.

યશોદાબાઇ તરફ કંઇપણ ધ્યાન આપ્યા સિવાય ગુમાન એકદમ પથા-રીમાંથી કૂદી પડયો, અને કૂતરા ભણી દોડયો. તે ચપળ પશુ, ગુમાનનો વિચાર જાણીને પલંગ તળે ભરાઇ ગયું. ગુમાને પડદો ઉંચો કરી નીચા વળી જોયું, તો આત્રે અંધારામાં કૂતરાની બે આંખો ચળકતી હતી. વગર આચકે તે પલંગ તળે ઘુંટણ અને હાથથી ઘસડાતો પેઠો, અને કૂતરા તરફ જવા માંડયું, કે જે હવે ઘૂરકતો હતો. તેની દરકાર નહિ કરતાં ગુમાને તેના તરફ જવાનું જારી રાખ્યું, અને એક હાથ એવી રીતે રાખ્યો કે કૂતરો નાસી જવા યત્ન કરે તો તરત તેને બોચીમાંથી પકડી લે. સુલતાન આઘો ને આઘો ખૂણામાં ભરાતો ગયો. ગુમાને છેક તેની પાસે જઇ હિંમતભેર તેની બોચી-માં મજબૂત હાથ નાખી પકડી લીધો.

કૂતરાએ છૂટવાને તરફડીયાં માર્યાં, તેનાથી બિલકુલ બૂમ પાડી શકાઇ નહિ, કારણ કે ગુમાને એવા જોરથી તેની બોચી દાબી હતી કે તેના નખ કૂતરાની ચામડીમાં પેસી ગયા હતા. જીભ બહાર નીકળી પડી, અને મોત-નાં તડફડીયાં મારવા લાગ્યો.

તેજ વખતે તે ઓરડાનું બારણું ઉઘડયું, અને યમુના દાખલ થઇ. તે ણીના એકાએક આવવાથી ગુમાન ચમકયો, અને કૂતરા ઉપરનો હાથ ઢીલો પડી ગયો—પાછો તેને જોરથી પકડે તે પહેલાં તો તે છંછેડાયેલા કૂતરાએ—લતિબ-ખાંના નિમકહલાલ સુલતાને—જાણે પોતાના ધણીનું વેર વાળતો હોય તેમ—ગુમાનના ખૂલા હાથ ઉપર જોરથી એક એવું બચકું ભર્યું કે, તેના શરીર-ની અંદરની નસો પણ બહાર ખેંચાઇ આવી, અને એકદમ એવી વેદના થઇ કે ગુમાને એક મોટી ચીસ નાખી. કૂતરો તેના હાથમાંથી છટકીને, યમુના-એ હજુ બારણું ઉઘાડું રાખ્યું હતું, તેમાંથી પસાર થઇ ગયો, અને સહિ-સલામત નીચે ઉતરી ગયો. દુકાનમાં એક નોકર ઝાડુ કાઢતો હતો. ત્યાં

આગલું બારણું ઉઘાડું હતું, તે રસ્તે, વધારે હેરાનગતિ પામ્યા સિવાય, ગુમાનના પંજામાંથી બચીને બહાર નીકળી નાઠો.

જ્યારે યમુનાએ ભર અજાયબીમાં જોયું કે તેણીનો પ્રિતમ—કે જેની સાથે તેણી લગ્ન કરવા ધારતી હતી—તે રાત્રે યશોદાબાઇના ઓરડામાં સૂઇ રહ્યો હતો, ત્યારે તેણીનો ગુસ્સો, દુઃખ, અને તિરસ્કાર ભરેલી લાગણીની સીમા રહી નહિ. થોડી પળ તો તેણી સ્તબ્ધ બની જઇ ઉઘાડું બારણું પકડી ત્યાંજ ઉભી રહી, પણ જ્યારે પાછળથી કૂતરો દોડી ગયો, ત્યારે તેણીના મોઢામાંથી ધાસ્તીની એક ચીસ નીકળી પડી, અને તેના અવાજથી યશોદાબાઇ ભાનમાં આવી.

હવે બાકી શું રહે? એક તરફથી ઠપકા—ગાળોનો વરસાદ—જ્યારે બીજી તરફથી કાલાવાલા અને આજીજી-યમુનાએ પોતાની શેઠાણીને આમન્યા રહિત ઠપકા અને ગાળોથી વધાવી લેવા માંડી, જ્યારે યશોદાબાઇ પોતાનાથી બની શકતી રીતે કાલાવાલા કરી તેણીને શાંત પાડવા આજીજી કરવા લાગી. ગુમાન તો, કૂતરાએ બચકું ભરેલી જગોએ પાટો બાંધવામાં ગુંથાયો હતો.

આખરે આ બે સ્ત્રીઓ વચ્ચે ચાલતા ઝગડામાં વચ્ચે પડવાની ગુમાનને જરૂર પડી. કારણ કે તેમ ચાલવા દે તો, આખા ઘરનાં માણસોમાં બધાંની ફજેતી થવા જેવું હતું. તેણે કંઇક પટાવીને—કંઇક ધમકાવીને, યમુનાને શાંત પાડી, અને જે બન્યું તે ભૂલી જવા તેણીને ફરજ પાડી, પણ યમુનાના ચહેરા ઉપરથી યશોદાબાઇ ચેતી ગઇ કે યમુના અંદરથી શાંત પડી નથી, પણ ધમકીથી દબાઇ ગઇ છે; તેથી હવે પછીને માટે તેણીને પોતાના દુશ્મન તરીકે યશોદાબાઇએ ધારી.

પ્રકરણ ૬૫ મું.

જયચંદ્ર અને રાવજી.

કુસુમોદ્યાનમાં કળા અને કુસુમને આવી રહેવાને ત્રણેક દિવસ થયા છે, અને તે દરમિયાન ગયા સાઠમા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે કળાએ લખેલો કાગળ જયચંદ્રને મળી ચૂકયો હતો.

સાંજના જયચંદ્ર પોતાના ભવ્ય મકાનમાં દીવાનખાનામાં વિચાર કરતો બેઠો હતો–વિચારની મતલબ જાણવામાં મુશ્કેલી પડે તેમ નથી. તેને પોતાને નહિ જણાયેલા કારણથી એકાએક કળાનો પ્યાર જતો રહેવા વિષે દિલગીરી ભરેલા વિચારો હતા. નાટકશાળામાં બનેલો બનાવ જે આપણે જોઇ ગયા છીએ, તેથી જયચંદ્ર તદ્દન અજાણ્યો હતો. તે પ્રસંગે શીવપ્રસાદ તેનો વેશ ધારણ કરી પેલી અજાણી સ્ત્રીને મળવા ગયા વિષે જયચંદ્રને બિલકુલ શક ગયો નહોતો; અને તેથી કળા પૂરેપૂરી ઠગાઈ હતી. તે વિષે પણ તે જાણતો નહોતો. જયચંદ્ર આ વખતે મનથી ખરેખરો દુઃખી થયો હતો. તેને કોઇપણ જાતનો વિચાર સૂઝતો નહિ, કે કયા કારણથી પોતાની હૃદય રમણીને આવું પગલું ભરવું પડયું હશે.

અત્યાર સુધીમાં ઘણી વખત તે કાગળ વાંચી ચૂકયો હતો, છતાં ફરી ફરીને વાંચતો હતો–જાણે કે દરેક અક્ષરના પંતરમાંથી કંઇ કારણ મળી આવવાનું હોય–આ વખતે પાછો કાગળ પોતાના ગજવામાંથી કાઢીને ફરીથી વાંચ્યો. હવે તે કાગળમાં શું લખ્યું હતું, તે જાણવાની આપણને તક મળશે. તેમાં નીચે પ્રમાણે લખેલું હતું.

“આપણે બેની વચ્ચેનો સઘળો સંબંધ પૂરો થયો છે. મારે આ પગલું ભરવાનું કારણ મને પૂછીને હવે વધારે દુઃખી કરતા નહિ. તમારી વિવેક બુદ્ધિજ તમને ખાત્રી આપશે કે મારે આવું પગલું ભરવા સિવાય બીજો કંઇ ઇલાજ નહોતો. આ મારો કરેલો ઠરાવ કદી ફરશે નહિ. હું

દુનિઆમાંથી અલગ થઇ છું. અને હવેથી મારી તમામ કાળજી, તમામ વિચારો, અને મારૂં સઘળું લક્ષ, મારી દુખીઆરી બેનના તરફ વાળીશ. મારૂં ઠેકાણું શોધી કાઢવાની તમારે મહેનત લેવાનું નકામું છે. છતાં કદાચ કોઇ અકસ્માત રીતે મારૂં ઠેકાણું તમે જાણી શકો, તોપણ મને મળવા આવવાનું તદ્દન બીન ઉપયોગી થશે. ટુંકામાં—હું આપને અરજ કરૂંછું કે હવે કોઇપણ રીતે મને વધારે હેરાન કરશો નહિ—મારો વિચારજ કાઢી નાખજો—દુનિઆને મને મરી ગયેલી—તેમજ તમારે મન મરી ગયેલી—અંતઃકરણના પવિત્ર પ્યારને પણ હું મરી ગયેલી છું. માત્ર મારી ગરીબડી બેનની સુશ્રુષા કરવી પૂરતીજ હું જીવું છું. હમેશને માટે રામરામ. કળા. ”

હવે વાંચનારને ખ્યાલ આવશે કે જયચંદ્રને ઉંડા દુઃખના ખાડામાં ધકેલી મૂકવા, અને સંપૂર્ણ દિલગીરીમાં દાટી દેવા આ કાગળ બસ હતો.

વાંચનારને યાદ હશે કે એક વખત યશોદાબાઇએ સુશિલા સાથે જયચંદ્રની પાસે એક ચિઠ્ઠી મોકલી હતી, અને તેથી ગેરસમજુત થવાથી કળા રીસાઇ ગઇ હતી. તે પ્રસંગ જયચંદ્રને યાદ આવ્યો. અને આ વખતે પણ ગમે તે કોઇ રીતે એવાજ ખોટા કર્ષાળુ વહેમમાં પડીને કળાએ મોટી ભૂલ ખાધી હશે, એમ તેને લાગ્યું.પણ તેને ઘણો વિચાર કરતા છતાં પણ, પોતાની હાલની કોઇપણ વર્તણુકથી તેને લેશ માત્ર પણ જણાયું નહિ કે એવી ગેરસમજુત થવાનું કળાને શું કારણ મળ્યું હશે ! ખરેખર, હવે તો જયચંદ્ર તદ્દન વફાદારી અને પ્રમાણિકપણાથી ચાલતો હતો. આપણે જોયું છે કે કેવી દૃઢતાથી—ડહાપણથી—નિશ્ચયતાથી—અને પોતાની રાજી ખુશીથી, પેલી અજાણી સ્ત્રીએ મોકલેલી નાટકશાળાની ચિઠ્ઠી અને ડગલા તથા ફેંટાનો તેણે અનાદર કર્યો હતો. ટુંકામાં એટલુંજ કે તેણે કોઇપણ જાતની મનની એવી નબળાઇ બતાવી નહોતી કે જેથી, તેણે કળાને વફાદાર રહેવા આપેલા વચનનો ભંગ થાય, તેમજ તેણે કોઇપણ જાતનું એવું કૃત્ય કર્યું નહોતું કે, જેથી કળાને જરાપણ શક લઇ જવાનું કારણ મળે. તેથી તે ઘણો દિલગીરી ભરેલી ગુંચવણમાં આવી પડયો હતો.

જ્યારે ઉપરનો કાગળ જયચંદ્રને પહેલ વહેલો પહોંચ્યો, ત્યારે તરતજ

તે દોડતી ગાડીમાં પુષ્પાવતીદેવીની બંગલી—કે જ્યાં કુસુમ રહેતી હતી, અને પાછળથી કળા રહેવા ગઇ હતી—ત્યાં ગયો. ત્યાં બે એનોમાંથી કોઇપણ હતું નહિ. તેઓ બન્ને ક્યાં રહેવા ગયાં છે, તે વિષે ત્યાંના માણસોને ઘણી રીતે ઉલટપાલટ સવાલો કરીને પૂછ્યું, પણ કોઇ કશું કહી શક્યું નહિ. તેમનેજ ખબર નહોતી. આખરે ત્યાંથી નિષ્ફળ થઇ, ગુંચવાડા ભરેલી સ્થિતિમાં પાછો આવ્યો. પુષ્પાવતીદેવીને ઘેર ગયો. તેણીએ પણ પોતાનું અણજાણપણું બતાવ્યું. જયચંદ્રે તેણીને, કળાની લાગણી દુખવવા જેવું કંઇપણ કર્યું નથી, એવી હકીકત ઘણી દયા ભરેલી રીતે ખાત્રી પૂર્વક કહી; તે એટલે સુધી દુ:ખના આવેશમાં આવી ગયો કે તેની આંખમાં આંસુ આવ્યાં, છતાં પુષ્પાવતીદેવીના મનની તેના વિષે ખાત્રી થઇ નહિ. કારણ કે તેણી પોતાના આ જુવાનીઆ પિત્રાઇ ભાઇને સારી રીતે ઓળખતી હતી, અને થોડા વખત પહેલાંની તેની મોજમઝા ભોગવવાની છકેલ ચાલથી કેટલીક રીતે જાણીતી હતી, તે તેનાં પાછલાં કૃત્યો ઉપરથી હાલ પણ તેની તેવીજ કિંમત તેણીએ આંકી. તેણીને જો કે દયા તો આવી, પણ તેની લાગણી તેના કૃત્યના પસ્તાવા તરીકેની જણાઇ—નહિ કે તે તદ્દન નિર્દોષ છે એવું તેણીએ માન્યું—વળી જયચંદ્રે પોતે નાટકશાળા વિષે કંઇ વાત કાઢી નહિ—કારણ કે તેને તો તે વિષે કશો વિચારજ નહોતો—તેમ દેવીએ પણ તે વાત છેડી નહિ. અને જયારે કળાએ લીધેલા આ પગલા વિષે જયચંદ્રે પૂછ્યું ત્યારે તેણીએ ઉડાવનારો જવાબ આપ્યો. કારણ કે પુષ્પાવતીદેવીને લાગ્યું કે જયચંદ્રને ખરી હકીકત કહેવામાં આવે, તોપણ તે ઇનકાર કરશે. આ પ્રમાણે તેણીએ જો કે જોયું કે જયચંદ્ર ઠગાઇ રમતો હતો, તોપણ ખરા દિલથી પસ્તાવો કરતો હતો, છતાં તેણી પૂરી રીતે જાણતી હતી કે કળા હાલ એવી મનની સ્થિતિમાં નહોતી કે તેનું કંઇપણ સાંભળે, તેથી તેણીએ કંઇપણ ખુલાસો આપ્યા વગર જયચંદ્રનું કહેવું માત્ર સાંભળ્યા કર્યું. વળી તેણીએ વિચાર્યું કે પોતાના પિત્રાઇ ભાઇની હમેશની ચાલ સુધારવાને માટે આવી અસરકારક સજાની જરૂર છે.

આ પ્રમાણે પુષ્પાવતીદેવી પાસેથી પણ જયચંદ, જેવો આવ્યો તેવો

પાછા ગયો. નહિ કળાના ઠેકાણાનો પત્તો લાગ્યો—કે નહિ તેણીના હેતુનો ખુલાસો મળ્યો.

કળાનો કાગળ મળ્યા પછીના ત્રણ દિવસો, જયચંદ્ર ઘોડા ઉપર આખા શહેરમાં, અને શહેરની બહારનાં પરાંઓમાં ફર્યો. અને જ્યાં જ્યાં અમુક ઠેકાણે કળા હોય એવું અનુમાન લાગ્યું, ત્યાં ત્યાં બારીકીથી તપાસ કરી. પણ કળા પોતાને અસલ ઠેકાણે—કે જ્યાં તે તેણીને એક યાદગાર રાત્રે પહેલ વહેલો સ્ત્રીના વેશમાં મળ્યો હતો—ત્યાં રહેવા ગઇ હશે, તેનો તો તેને લેશ પણ વિચાર આવ્યો નહિ. આ પ્રમાણે તેની સઘળી તપાસ નિષ્ફળ ગઇ. અને હવે આજ સાંજે આપણે તેને પૂર્ણ નિરાશામાં અને શોકાતુર ચહેરે તેના દીવાનખાનામાં, વિચારમાં લિન થયેલો જોઇએ છીએ.

તેવામાં ધીમેથી બારણું ઉઘડયું, અને ધીમે પગલે રાવજી દાખલ થયો. જયચંદ્રે તેને જોયો નહિ, અને પેલો છોકરો બિલકુલ અવાજ વગર, ધીમે પગલે આગળ આવી, જયચંદ્રનાથી થોડે દૂર ઉભો, અને પોતાના શેઠને ઝીણી નજરે નિહાળવા લાગ્યો.

જયચંદ્રની નજર બારી તરફ હતી. રાવજી તેની ઉંડી નિરાશા અને દિલગીરીનું કારણ જાણી ગયો હોય, એમ તેના ચહેરા ઉપર કિન્નાખોર ખુશાલીનું અને જીતનું સ્મિત સ્ફૂરવાથી જણાતું હતું.

થોડીવારે તે છોકરાને ધાસ્તી લાગી કે આ પ્રમાણે છાની રીતે ઉભો રહેવાથી તેના શેઠને વહેમ જશે, તેથી તે તેની પાસે ગયો, અને જયચંદ્રની નજર ખેંચાય તે પ્રમાણે ઉભો.

"કેમ શું કામ છે ?" જયચંદ્રને પોતાના વિચારોમાં આ છોકરો અડચણ કર્તા આવેલો જોઇ કંઇક ગુસ્સો આવતાં, તેણે પૂછ્યું.

"આપ કયારે વાળુ કરવાના છો, તે વિષે કંઇ સૂચના આપી નથી, માટે તે પૂછવા આવ્યો છું. આપ હાલ વાળુ કરશો ?" રાવજીએ નમ્રતા પૂર્વક પૂછ્યું.

"નહિ, હાલ તરત નહિ." જયચંદ્રે જવાબ દીધો, "હાલ તો મને બિલકુલ ભૂખ નથી. જ્યારે મારી મરજી થશે, ત્યારે હું ખબર આપીશ."

"આપને કંઇ ઠીક નથી, એમ મને લાગે છે, સાહેબ." તે છોકરાએ પૂછયું.

"ના—હા—કંઇક તેવું છે." જયચંદ્રે ગુંચવાતાં જવાબ દીધો. પછી રાવજીના તરફ જોઇને બોલ્યો." પણ તું શા ઉપરથી પૂછે છે, રાવજી?"

"કારણ કે હું આપનો રોટલો ખાઉં છું." રાવજીએ ખરેખરો ઢોંગ કરી—જાણે કે દયા ખાતો હોય—એવો ચહેરો રાખી જવાબ દીધો. "અને તેથી આપને કંઇપણ શરીરનું અથવા મનનું દુઃખ થાય તો તે મારા અંતઃકરણમાં ભારે ડંખ દે."

"દુઃખ!" જયચંદ્ર બોલ્યો. "શા ઉપરથી તું ધારે છે કે મને કંઇ દુઃખ થાય છે?"

"મેં તો આપને સહેજ પૂછયું, તે ઉપરથી આપ મારા ઉપર ગુસ્સે હો, એમ લાગે છે." રાવજીએ દિલગીરી ભરેલો ચહેરો કરી કહ્યું.

"ના—ના—હું કંઇ ગુસ્સે થયો નથી." જયચંદ બોલ્યો. તેનો એવો સ્વભાવ હતો કે ગમે તે માણસ તેને આવે વખતે દિલાસા ભરેલા શબ્દો કહે, તો તે ખુશી થતો. "મારા સઘળા નોકરોની મારા તરફ સારી લાગણી રાખવાને હું ઇન્તેજાર છું. માટે કહે, રાવજી, શા ઉપરથી તું ધારે છે કે હું દુઃખી છું?"

"કારણ કે આપનો બદલાયેલો શોકાતુર ચહેરોજ એ વાત કહી આપે છે." રાવજીએ પોતાના અવાજમાં દિલગીરીની લાગણી મિશ્ર કરીને જવાબ દીધો. "અને વળી દુઃખી ચહેરા ઉપર જોવાને હું ઘણો ટેવાઇ ગયો છું, અને તેથી ચહેરા ઉપરથી હું તરત જાણી શકું છું."

"અહા! ત્યારે શું, તું કે જે આવો તદ્દન જુવાન—નાનો છોકરા જેવો છે, તેને પણ દુઃખ અને શોકનો અનુભવ થયો છે?" જયચંદ્રે તે વખતે પોતાનું દુઃખ ભૂલી જઇ રાવજી તરફ ઇન્તેજારીથી જોતાં પૂછયું.

"મને દુઃખ અને શોક, બન્નેનો અનુભવ થયો છે, સાહેબ." રાવજીએ જવાબ દીધો "કારણ કે મારા અંતઃકરણને જે વહાલામાં વહાલું છે, તેના અંતરના ભારે દુઃખનો હું અનુભવી થયો છું. તેણીને જે આ લા-

ગ્યો છે, તેવો મને પોતાની જાતને લાગ્યો નથી. પણ દયા અને માયાની લાગણીથી મને લાગ્યો છે, અને દુઃખી છું. "

" અહા ! ત્યારે તું જેને ચહાતો હશે, તેણી કોઇ હશે, નહિ વારૂ!" જયચંદ્રે પૂછ્યું " પણ હજુ તો તું ઘણોજ નાનો છે, રાવજી. "

" તે મારી બેન હતી " રાવજીએ ઉંડા અવાજે જવાબ આપ્યો.

" તારી બેન ? " જયચંદ્ર અજાયબીમાં પડીને બોલ્યો. " ત્યારે, શું તારે એક હયાત બેન છે, કેમ ? જ્યારે મેં તને નોકરીમાં રાખ્યો, ત્યારે તારા બોલવા ઉપરથી મને જણાયું હતું કે દુનિઆમાં તારે કોઇ સગું વહાલું નહોતું. "

" મેં આપને કહ્યું હતું કે હું માબાપ વગરનો હતો, અને મારે કોઇ મિત્રો નહોતા. " તેણે જવાબ દીધો. તેની આંખમાંથી એક બે આંસુ પડતાં જણાયાં, જે તેણે તરત લૂછી નાખ્યાં. ' હા—હું માબાપ વગરનો છું—મારે કોઇ મિત્રો નથી. જો મારાં માબાપ મરી ગયાં નહિ હોત તો તે ભયંકર દુઃખ આવી પડત નહિ. "

" કયું દુઃખ તું કહે છે ? " જયચંદ્રે દયાની લાગણીથી પૂછ્યું.

" કયા દુઃખને માટે હું કહું છું ? " રાવજીએ સામો સવાલ કર્યો. તેનો અવાજ વિચિત્ર પ્રકારનો નીકળ્યો તેના હોઠ ઉપર સ્મિત ફરક્યું—કે જે કદાચ પાછલું દુઃખ યાદ આવવાથી હોય કે ઇર્ષ્યાળુપણાનું હોય. "મારી બેનના ઉપર જે દુઃખ પડયું હતું, તે વિષે હું કહું છું. "

" તે શું દુઃખ હતું ? " જયચંદ્રે પૂછ્યું.

" મારે કહેવું જોઇએ કે તેણીની સાથે ખરાબ વર્તણુક ચલાવવામાં આવી હતી. " રાવજીએ જવાબ દીધો.

" તારી બેન હાલ કયાં છે ? "

" ઘણે દૂર—મારી જન્મભૂમીના ગામમાં. "

" તેણીની પાસે પોષણનાં પૂરતાં સાધન છે ? " જયચંદ્રે ઉદાર અને દયાની લાગણીથી પૂછ્યું.

" એ બાબતની તો તેણીને નિરાંત છે, સાહેબ. પણ તેણીનું અં-

તઃકરણ તૂટી ગયું છે—તેમાં માત્ર એકજ વિચાર થાય છે.” રાવજીએ જવાબ દીધો.

“અને તે શું વિચાર?”

“વેર!” રાવજીનો અવાજ અને ચહેરો વિચિત્ર અને ઉશ્કેરાયેલા જેવો લાગ્યો.

“ત્યારે તેણીની સાથે ઘણી ખરાબ વર્તણુક ચલાવવામાં આવી હશે?” જયચંદ્રે આ વાતમાં વધુ રસ લેતો પૂછ્યું.

“એક ખરી લાગણીવાળી સ્ત્રી સાથે એક માણસ ખરાબમાં ખરાબ રીતે રાક્ષસીપણે વર્તી શકે, તેવી રીતે તેણીની સાથે વર્તણુક ચલાવી છે.” રાવજીએ દુઃખની ઉંડી લાગણીથી જણાવ્યું. “જેણે તેણીને ભોળવીને ફસાવી, તેને તેણી ચાહતી હતી. તેણે તેણીને મનાવ્યું કે તેણીને તે પોતાની પરણિયત સ્ત્રી કરશે—જો કે બન્નેની સ્થિતિમાં ઘણો ફેર હતો તો પણ—અને બિચારી, ભોળી, નિર્દોષ, બીન અનુભવી, અને વિશ્વાસ અને પ્યારમાં આંધળી બની ગયેલી, તે છોકરીને ફસાવીને તેણે ખોટો લાભ લીધો—તેણીને નીતિભ્રષ્ટ કરી, અને ઘણી નીચ રીતે, તેણીનો જન્મારો ખરાબ કર્યો.”

“હવે હું તારૂં કહેવું સમજ્યો, રાવજી.” જયચંદ્રે કહ્યું—તેના ચહેરા ઉપર બેચેનીનાં ચિન્હ જણાતાં હતાં—કારણ કે આવી રીતે તે પોતે પણ કેટલાએક પ્રસંગોમાં ગુનેગાર હતો, એમ તેને લાગ્યું. “પણ આગળ ચલાવ—હું સાંભળવા ઇન્તેજાર છું—તારી બેનને આવી રીતે ખરાબ કરનાર કોણ હતો?”

“આ દેશનો એક સારા કુટુંબનો માણસ, સાહેબ—” રાવજીએ જવાબ વાળ્યો—“ખરેખર તે ઘણો ખૂબસુરત હતો, અને મારી બેન પણ ખૂબસુરત હતી—પણ જ્યારે તેણીનું અંતઃકરણ પ્યારથી ભરેલું અને સાચું હતું, ત્યારે પેલાનુ દગાથી અને લુચ્ચાઇથી ભરેલું હતું—તેણે તેણીને છોડી દીધી—શરમ ભરેલી રીતે છોડી દીધી—કે જ્યારે તેણે જાણ્યું કે તેણીને ગર્ભ રહ્યો હતો ત્યારે—”

"અને તે બચ્ચું જીવતું છે?" જયચંદ્રે પોતાના મનમાં પોતાની પાછલી કારકિર્દિ યાદ આવતાં ગભરાઇને પૂછ્યું.

"બચ્ચું જન્મતાંજ મરી ગયું." રાવજીએ જવાબ દીધો. "પણ મારી બેનની ગેર આબરૂની યાદદાસ્ત ગઇ નહિ—નહિ—તે યાદદાસ્ત તો હમેશને માટે તાજીજ રહી—અને તે કદી ભૂંસાય એવી નથી. તેણીની સાથે આવી જે વર્તણુક ચલાવવામાં આવી છે, તેનું વેર લેવા મેં પ્રતિજ્ઞા લીધી છે—અને તેજ કારણને લીધે મારી જન્મ ભૂમીને નમસ્કાર કરીને હું આ તરફ આવ્યો છું.—ભલે, કદાચ હમેશને માટે પણ હોય—"

"ત્યારે તું જાણે છે કે, તે માણસ અહીં છે?" જયચંદ્રે પૂછ્યું.

"હા, હું જાણું છું કે તે અહીંજ છે." તેણે જવાબ દીધો—" મેં તેને જોયો પણ છે."

"તે ગમે તેમ હોય, પણ તેના ઉપર તારૂં વેર લેવામાં બહુ સાવચેત રહેજે—" જયચંદ્રે સલ્લાહ આપી—"યાદ રાખ કે એક માણસ બીજા માણસને કોઇ પણ રીતે નુકશાન કરે અથવા હેરાન કરે, તો તેને અહીંના કાયદા પ્રમાણે સજા થાય છે—અને તું તારી ઉશ્કેરાયેલી સ્થિતિમાં, વેરની લાગણીથી જે કામ કરીશ, તેના વિરૂદ્ધ તારી બેનની હકીકત તને ઘણી મદદ નહિ લાગે."

"મેં તે સઘળો વિચાર કર્યો છે, સાહેબ." રાવજીએ નમ્રતાપૂર્વક પણ દૃઢતાથી જવાબ આપ્યો.

"ત્યારે હું આશા રાખું છું કે તેં ડહાપણ ભરેલી રીતે સઘળી બાબતનો વિચાર કર્યો હશે." જયચંદ્રે કહ્યું. "કારણ કે મને તારે માટે ઘણી લાગણી રહે છે. અને તને કોઇપણ જાતની હરકતમાં આવતો જોઇને મને ઘણી દિલગીરી થાય—પણ તારી બેનની સાથે આવી રીતે વર્ત્તનારનું નામ હું પૂછી નહિ શકું, વારૂ?"

"સાહેબ, તે વાત છૂપી છે, અને તે હું કહી શકીશ નહિ." રાવજીએ જવાબ દીધો.

"ના, ના—તારી મરજી વિરૂદ્ધ હું તારી ખાનગી વાત જાણવા માગતો

નથી." જયચંદ્રે કહ્યું-"પણ તારી વાત ઉપરથી, અને સંજોગો ઉપરથી, આ બાબતમાં મારી સલાહ આપવાને હું અચકાઇશ નહિ-પહેલું તો એ કે તારા તરફ મારી ઘણી ઉંચા પ્રકારની લાગણી છે, અને તેથી તું મારા બોલવા ઉપર લક્ષ આપે, એવું માનવાનો મને હક છે-બીજું, હું તારો શેઠ છું, અને તેથી તું, મારૂં કહેલું સાંભળવાને બંધાયેલો છું. ત્રીજું, આ દેશથી, તથા રીતરિવાજથી તું અજાણ્યો હોવાથી ધાસ્તીને રસ્તેથી દૂર રહેવાની, તને ચેતવણી આપવાની મારી ફરજ છે-યાદ કર કે, તું પહેલો જ્યારે મારી પાસે આવ્યો, અને આ દેશમાં-કે જ્યાં તું તદ્દન અજાણ્યો હતો-અને ગુજરાનનાં કંઇ પણ સાધન નહોતાં-ત્યારે ભૂખમરાની કંગાળિયત હાલતમાંથી બચવાને માટે, તને મારી નોકરીમાં રાખવા, તેં મને ઘણા કાલાવાલા કરી આજીજી કરી. ફરીથી કહું છું-યાદ કર-કે મેં તરતજ તારા ઉપર દયા લાવી, તને મારા ઘરમાં નોકરીમાં રાખ્યો. તેં તારી પાછલી ચાલચલગત વિષે મને કશી ખાત્રી આપી નહોતી-કોઇનો દાખલો પણ બતાવ્યો નહોતો. તેમ કોઇનું ઓળખાણ પણ આપ્યું નહોતું-છતાં માત્ર તારા કહેવા ઉપરજ ભરોસો રાખીને મેં તો મારી નોકરીમાં રાખ્યો-મેં એ પ્રમાણે ઘણી ખુશીથી કર્યું હતું, કારણ કે મને લાગ્યું હતું કે તું મને છેતરતો નહોતો-પણ તું અહીંના લોકોની રીતભાતથી સારી પેઠે જાણતો હોત, તો તને મારી આવી રીતભાતની પૂરેપૂરી કિંમત જણાઈ આવત. કારણ કે હજારો બારણે, તું એક પણ માયા ભરેલો શબ્દ સુદ્ધાં જવાબમાં મેળવ્યા સિવાય નકામો રખડત, તો પછી ઘરમાં પેસવાની તો આશાજ ક્યાંથી? હું આ બધું મારી લાયકીનાં વખાણ કરવા તને કહેતો નથી-પણ માત્ર તારી ઉપકાર વૃત્તિ જગાડીને, મારી ભલી લાગણી અને મારી ફરજ તથા મારૂં મત, તને જે સલાહ આપવા મને ઉશ્કેરે છે, તે પ્રમાણે આલવાનું તને સમજાવવા માટે હું કહું છું. તે સલાહ એ છે કે, તારી બેનની સાથે જે માણસે આવી ખરાબ વર્તણુક ચલાવી છે, તેના ઉપર વેર લેવાનો તારો વિચાર તદ્દન કાઢી નાખ-કારણ કે તે વેરના પરિણામનું જોખમ તારે પોતાનેજ ભોગવવું પડશે."

"આપની આવી ભલી સલાહ માટે હું આપનો ઘણો આભાર માનું છું." રાવજીએ આડું જોઇ, લાગણીથી ધ્રૂજતે સાદે કહ્યું.

"અને તે પ્રમાણે તું ચાલીશ?" જયચંદ્રે પૂછ્યું.

"હું તે વિષે વિચાર કરીશ, સાહેબ." રાવજીએ એવી ઢબથી જવાબ દીધો કે, જયચંદ્રની ખાત્રી થઇ નહિ કે તેના કહેવાની તેને પૂરતી અસર થઇ કે નહિ.

"તારી બેનને કંઇ બદલો આપી શકાય નહિ?" જયચંદ્રે પૂછ્યું-"કદાચ જેણે તારી બેનને ખરાબ કરી છે, તેનું ઘર તું જાણતો હોય, અને તેની પાસે જાય, તો તેની શક્તિમાં હોય, તે પ્રમાણે, તારી બેન પોતાની હયાતી સુધી સારી રીતે રહી શકે, એવી રીતે બદલો આપી શકશે-"

"અહા! બદલો એટલે કંઇ પૈસા આપવા વિષે આપ કહેતા હો એમ લાગે છે." રાવજીએ કંઇક દેખાઈતી તિરસ્કારની લાગણીથી કહ્યું. "હા, હું જાણું છું કે અહીંના ગૃહસ્થો સમજે છે કે દરેક જાતનું દુઃખ અને ઇજા, પૈસાથી દૂર થઇ શકે છે-તેજ પ્રમાણે તેઓ એમ સમજે છે કે ચીરાયલું અંતઃકરણ પણ પૈસાથી સંધાય છે! મને માફ કરો, સાહેબ, કે મારે મારા શેઠની આગળ આવી તિરસ્કારની લાગણીથી બોલવું પડે છે. પણ આપે મારી સંસારી સ્થિતિ, અને મારી બેનનું દુઃખ, મહેરબાનીથી જાણવા માગ્યું, અને હવે મારા મનમાં આ દુઃખી બનાવની યાદદાસ્તથી જે ઉભરો થઇ આવ્યો છે, તેની ઉશ્કેરણીમાં, મારાથી કંઇ બોલી જવાય, તો આપ ગુસ્સો લગાડશો નહિ-તો હવે જાણો, સાહેબ, કે મારી બેનની લાગણી એવા ઉચ્ચ પ્રકારની છે કે તેણીની નીતિની ભ્રષ્ટતાનો બદલો પૈસાથી વળી શકે, એમ તેણી ધારતી નથી-એવા પૈસા મેળવવા કરતાં, તેણી ભૂખમરાથી જલદી મરી જવાનું વધારે પસંદ કરશે-કારણ કે તે બદમાશ માણસે તેણીના સુખ, સદ્‌ગુણ, નીતિ, આબરૂ, અને છેવટ સ્ત્રીનું અમુલ્ય મણી-જે સતીત્વ-તે સર્વનો સમુળો નાશ કર્યો છે-નહિ--સાહેબ, તે માણસ માત્ર એકજ બદલો આપી શકે-અને તે આપવાનો વિચાર તેને પહેલેથીજ નહોતો, એમ સ્પષ્ટ જણાઇ ચૂક્યું છે."

"જો તારા જેવીજ તારી બેન હશે, ત્યારે તો તેણી ખુબસુરત હશે, રાવજી." જયચંદ્ર બોલ્યો—તેને પોતાના નોકરના છેલ્લા શબ્દોથી તેના વિચારો ઉપર કંઇક હાસ્ય આવતું હતું." પણ તારી વિવેક બુદ્ધિથી તું જાણતો હશે કે એક ઉંચ કુળનો ખાનદાન કુટુંબનો પુરૂષ, કોઇ હલકા કુળની અજાણી સ્ત્રીને લગ્નથી પરણી શકે નહિ; કારણકે તેમ કરે તો સ્ત્રી પુરૂષ બન્નેને શરમ ભરેલું ગણાય."

"હા, સાહેબ, હું જાણું છું કે અહીં એવું કુળાભિમાન છે." રાવજી બોલ્યો. "પણ તે માણસે મારી બેનને વિશ્વાસમાં લઇ, તેણીને ખરાબ કરતા પહેલાં, એ બધો વિચાર કરવો જોઇતો હતો. તેણે તેણીનું સતીત્વ ભ્રષ્ટ કરવા નીચ રીતે, કપટવૃત્તિથી લાભ લીધો, તે પહેલાં તેમના લગ્નમાં કેટલી હરકતો આવે એમ હતું, તે બધું જોવું જોઇતું હતું. કારણકે તે શું નિર્દયતા ભરેલું નહોતું? શું તે કૃત્ય દગાખોર નહોતું? શું, તે માણસને માટે, એક વિશ્વાસુ અને નિર્દોષ બાળાના અંતઃકરણમાં, તેણીને માત્ર ખરાબ કરવાને માટે, પોતાનો દાંભિક પ્યાર રેડવાનું, નીચ અને શરમ ભરેલું નહોતું? શા માટે તેણે પોતાની બદમાશી, તેણીના સાચા પ્યાર ભરેલા પવિત્ર અંતઃકરણ ઉપરી વાપરી? તે બિચારીએ તેને કદી પણ, કોઇ જાતની ઇજા કરવાનો ઇરાદો સુદ્ધાં કર્યો નહોતો, તો શા માટે તેણે તેણીના નિર્દોષ અંતઃકરણને, નિર્દયતાની ઝેરી છરીથી ચીરી નાખ્યું? અને શા માટે તેણે તે ભોળી, વિશ્વાસુ બાળાને છેતરવાને માટે—જે કરવાનો તેનો ઇરાદો નહોતો—તેની ખોટી આશામાં ફસાવી? અહા! સાહેબ, મારી સ્થિતિમાંજ આપ હો—માત્ર એક પળવાર ધારો—કે આપનીજ બેનને આ પ્રમાણે કોઇએ દગો દઇ ખરાબ કરી હોય, તો આપ શું કરો? તે બદમાશને માટે આપ શુ પગલાં ભરશો?"

આ પ્રમાણે ઉશ્કેરાઇને બોલતાં, તેણે જયચંદ્રના ઉપર એવી વિચિત્ર નજર નાખી કે તેના અંતઃકરણના ઉંડાણમા કંઇક ડંખ લાગ્યો—બેચેની થઇ. કારણકે બીજાને માટે જે શબ્દો બોલવામાં આવ્યા છે, તેવી વર્તણુક તેણે પોતેજ ઘણી વખત ચલાવી હતી—તેથી જાણે એ શબ્દો તેને પોતાનેજ

લાગુ પડતા હોય, તેમ તેના મનમાં લાગ્યું-તેવામાં એકાએક તેને પોતાનેજ પોતાની બેનનું એ પ્રમાણે થયું હોય, તો તે પોતે શું કરે, એવો સીધો સવાલ આવ્યો, અને તેથી તેનું દિલ ઘણું દુખાયું.

"આવા કામમાં આપ શું કરો, સાહેબ?" જયચંદ્ર આ પ્રમાણે ચૂપ થઇ ગયો, ત્યારે રાવજીએ ફરીથી તેજ સવાલ પૂછ્યો.

"શા માટે તું આવો સીધો સવાલ મને પુછે છે?" જયચંદ્રે ઉંચું જોઇને પૂછ્યું.

"કારણકે આપ સાહેબે એવી સરસ સલાહ આપી છે," રાવજીએ ઠંડેપણે જવાબ દીધો-"કે જેથી મારી ખાત્રી થાય છે કે આપ દૃઢ વર્ત્તણુકના, ઉંચા વિચારના, પ્રમાણિક અને ઉદાર દિલના છો-આપ સાહેબ આવા દગાફટકા કરી શકો એવા નથી-કે જેવો દગો પેલા બદમાશે મારી બેનની સાથે કર્યો છે. અને તેથી આપને મારી બેન-કે જેને આવી રીતે ખરાબ કરવામાં આવી છે, અને હું કે-જે તેણીનો ભાઇ છું, તેમને માટે ઉંડી લાગણી થવી હોવી જોઇએ. તો શું આવો સવાલ હું આપને, આપના વિચાર જાણવા પૂછું તો તે અયોગ્ય ગણાશે?"

આ શબ્દો જયચંદ્રના અંતઃકરણમાં એક તીક્ષ્ણ કટારની માફક ભોંકાયા. કારણ કે દરેક શબ્દે શબ્દ તેની પોતાની પાછલી વર્તણુકને પૂરેપૂરી રીતે લાગુ પડતા હતા. રાવજીએ જે દાખલો બતાવ્યો હતો, તે પોતાની એક અમુક વખતની વર્તણુક યાદ અણાવે એવો આબેહુબ દાખલો હતો, અને કેટલીક વખત તો તેને એમ પણ લાગતું હતું કે તે છોકરો તેને પોતાનેજ આ બધી હકીકત લાગુ પડતો હતો. પણ જ્યારે તેણે ઉંચું જોયું, અને રાવજીનો શોકાતુર ચહેરો જોયો, ત્યારે તેને લાગ્યું કે તે અમુક વખતની તેની પોતાની વાત આ છોકરો જાણે, એ અસંભવિત હતું, અને તેને ખાત્રી લાગી કે એ બીજો કોઇ બનાવ હશે.

"તારે યાદ કરવું જોઇએ, રાવજી," જયચંદ્ર તેનો સવાલ ઉડાવીને બોલ્યો-"કે અહીં કેટલીક બાબતો એવી છે કે તેના ઉપર બહુ મહત્વતા બતાવવામાં આવતી નથી. વળી આ સુધરેલો જમાનો પણ જુદાજ પ્રકારનો છે."

"કેમ ત્યારે, એ નજીવો ગુનો?" રાવજીએ તિરસ્કારથી પૂછ્યું-"હું તો ધારૂંછું કે, એ બિચારી ભોળી સ્ત્રીઓને ફસાવવાનાં બહાનાં છે. શું તેણીની ગેરઆબરૂ થતી નથી? શું એ પાપ નથી? જો નીતિ એ સદ્‌ગુણ હોય, અને વખાણને પાત્ર હોય, તો તેને ભ્રષ્ટ કરનાર ખરેખરો પાપી ગણાવોજ જોઇએ, અને જો પાપ-તિરસ્કારને પાત્રહોય, તો જે માણસ તે સ્ત્રીને પાપ કર્મ કરાવે છે, તે માણસ ભયંકર ગુનો કરે છે. કદાચ આ દેશમાં, આવા સુધારાના પવનમાં, આપ કહો છો તેમ હોય-કે જ્યાં પૈસાદાર લોકો પોતાના પૈસાના તોરમાં અને જુવાનીના જોરમાં, કહેવાતા સુધારાના ઝુંડાના આશ્રય તળે રહીને સ્ત્રીની નીતિની કિંમત હલકી આંકીને તે ભ્રષ્ટ કરવામાં કંઇ હલકું અથવા પાપ નહિ ગણતા હોય: અરે! સાહેબ! પણ મારી ખાત્રી છે કે, આપના અંતઃકરણ ઉપર આવાં કાળાં કૃત્યોનો કોઇ પ્રકારનો બોજો નહિ હોય?" રાવજીએ તીક્ષ્ણ નજર ફેંકી છેલ્લો સવાલ પૂછ્યો, અને જેવા તે શબ્દો સાંભળ્યા કે જયચંદ્રના ગાલ ઉપર રતાશ ચઢી આવી-હોઠ કંપ્યા-આખું શરીર ધ્રૂજી ઉઠયું-અને ભારે ગુંચવાડામાં પડયો. શું આ છોકરો, આ બધો બનાવ, તેને પોતાનેજ ખરેખર લાગુ પાડીને કહેતો હશે? પણ પાછો તેને વિશ્વાસ આવ્યો કે ના-તેમ તો હોય નહિ. તેથી પાછો સ્વસ્થ થઇ રાવજીને કંઇક જવાબ આપવા જતો હતો, પણ તેટલામાં આગલો દરવાજો જોરથી ખખડયાનો અવાજ આવ્યો.

આવી રીતે આ મુલાકાતમાં ખરી વખતે વિઘ્ન આવી પડવાથી રાવજીએ ગુસ્સાથી પોતાના હોઠ કરડયા-અને ત્યાંથી નીકળીને થોડી વારમાં જયચંદના વકીલ રમણીકલાલને દીવાનખાનામાં દાખલ કર્યા.

પ્રકરણ ૬૬ મું.

ભય ભરેલું ભવિષ્ય.

વકીલ રમણીકલાલ કંઇક નીચા ઘાટનો, પાતળો અને ફીકા ચહેરાનો હતો-પણ ખૂલ્લા દિલનો, પ્રમાણિક, ઉદાર વિચારનો, અને તીક્ષ્ણ બુદ્ધિનો હતો.

અરસ્પરસ આવકાર દઇ, ખબર અંતર પૂછયા પછી, એક ખુરશી ઉપર વકીલને બેસાડી, જયચંદ્ર પોતાની ખુરશી ઉપર બેઠો.

" હું ખરેખર, ઘણો દિલગીર છું કે આજ આપને કંઈ માઠી ખબર કહેવા આવ્યો છું." રમણીકલાલે પોતાનું આવવાનું કારણ જણાવતાં કહ્યું. " પણ મારી ફરજ તરીકે, જે કંઇ નાખુશ ખબર મને મળી છે તે આપને કહેવા આવવાને મેં બિલકુલ ઢીલ કરી નથી. "

" મારા વિચારમાં એવો કોઇ પણ બનાવ આવી શકતો નથી, કે મારા કામ સંબંધી કંઇ નાખુશ થવા જેવું બન્યું હોય." જયચંદ્રે વકીલના તરફ અચંબાથી જોતાં કહ્યું-"પણ આપ ખુલાસો કરશો, એટલે જણાશે."

" મને હમણાંજ સુરેશચંદ્ર વકીલના તરફથી એક પત્ર મળ્યો છે." વકીલે વધારે ખુલાસો કરતાં જણાવ્યું. " તેમાં તે પૂછે છે કે હું આપના વકીલ તરીકે, આપની વિરૂદ્ધ એક દાવો લાવવા તેને (સુરેશચંદ્રને) સૂચના મળી છે, તે બાબતની નોટીસ લઇશ કે કેમ ?"

" હેં ! શું કહો છો ? મારી વિરૂદ્ધ દાવો ?" જયચંદ્રે ભારે અજાયબીમાં પડતાં પૂછયું. " શી બાબતનો દાવો છે ? અને કેવાં કારણોથી ?"

" આપની જાગીર, અને બીજી મિલકત ઉપર, એક માણસ હકદાર તરીકે ઉભો થયો છે " વકીલે જવાબ દીધો.

" અરે ! પણ એ માની શકાય એવું નથી. " જયચંદ્ર બોલ્યો-"કોણ હકદાર છે ? અને તે શા આધારે હક બતાવે છે ?"

"પ્રતાપરાય નામનો કોઇ માણસ હકદાર ઉભો થયો છે." વકીલે જવાબ આપ્યો.

"અહા! પ્રતાપરાય!" જયચંદ્ર બોલ્યો. અને એકાએક કંઇ પાછલી વાત યાદ આવતાં કંઇક ધાસ્તી ખાઇ ગયો. "હા, મને કંઇક યાદ આવે છે કે, મને જે વડીલોપાર્જીત મિલકત અને જાગીર વારસાની રૂઇએ મળી છે, તે બાબતમાં આશરે પચાસ કે સાઠ વરસ ઉપર મારા પિતામહ ઉપર એક માણસે દાવો કર્યો હતો-તે બાબતના કાગળ પત્રો મેં ઘણું કરીને વાંચ્યા હતા-પણ તે કામનો નીકાલ તે દાવેદારની વિરૂદ્ધ થયો હતો. મને લાગે છે કે હાલનો પ્રતાપરાય, તેજ માણસના વંશનો કોઇ હશે."

"તેમજ છે, સાહેબ." વકીલે કહ્યું-"પણ હાલના દાવાનાં કારણો વિષે હું તદ્દન અજાણ્યો છું. કારણકે સુરેશચંદ્ર વકીલે મને તે વિષે કંઇ જણાવ્યું નથી."

"પણ તમે તે કામ મારા તરફથી હાથમાં લેવા જવાબતો આપ્યોજ હશે." જયચંદ્રે પૂછ્યું.

"હા-મેં તેજ વખતે તેવો જવાબ લખી મોકલ્યો હતો-" રમણીકલાલે જવાબ દીધો.

"આ કામની તમામ હકીકત એક પડદા પાછળ ઢંકાયેલા જેવી છે. પણ અમુક દસ્તાવેજો મારી પાસે છે, તે રજુ કરવાથી ઘણી સહેલાઇથી તમામ નીકાલ આવી જાય તેમ છે." જયચંદ્રે કહ્યું. "મને જે યાદ છે તે પ્રમાણે આ મુદ્દો હોવો જોઇએ કે, મારા પ્રપિતામહ, પોતાની પાછલી વયે, એક હલકા કુળની પણ ખૂબસુરત સ્ત્રી સાથે મોહમાં પડયા. તેમની પરણિયત ધણીઆણી ગુજરી ગઇ હતી, અને કંઈ છોકરાં નહોતાં-પેલી સ્ત્રીને પ્રથમ તો રખાત તરીકે રાખી, પાછળથી તેણીની સાથે લગ્ન કર્યું. તે સંબંધથી બે છોકરા થયા હતા-પણ એવી ખાત્રી કરવામાં આવી હતી કે મોટા છોકરાનો જન્મ થયા પછી, કાયદેસર લગ્ન કરવામાં આવ્યું હતું. તેથી તે મોટો છોકરો અનૌરસ હતો, અને તેનો પિતા તેને જે કંઇ અમુક રકમ બક્ષિસ તરીકે આપે તે સિવાય બીજા કશા ઉપર તેનો હક નહોતો.

તેના લાભમાં કોઇ પણ જાતનું 'વસિયતનામું' પણ થયું નહોતું-તે મોટા છોકરાનું લગ્ન થયું, અને પછી તેને એક છોકરો થયો, તે છોકરાની પહેલી ફરિઆદ હતી-તેનો પિતા, એટલે મારા પ્રપિતામહનો મોટો અનૌરસ છોકરો, તેના પિતા (મારા પ્રપિતામહ) ની પહેલાંજ મરી ગયો હતો-તેનો જે છોકરો હતો, કે જેણે પ્રથમની ફરિઆદ ઉઠાવી હતી, તેનો છોકરો અથવા છોકરાનો છોકરો, હાલનો દાવેદાર હશે, એમ મને લાગે છે-હવે મારા પ્રપિતામહને પેલી સ્ત્રી સાથે લગ્ન સંબંધ જોડાયા પછી જે બીજો છોકરો થયેલો, કે જે ઔરસ હતો, તેના વંશથી હું ઉતરેલો છું, અને તેથી મારા વંશમાં મિલકત તથા જાગીર ઉતરી-પ્રથમના દાવા વખતે એજ તકરાર ઉઠાવી હતી કે મોટા છોકરાનો જન્મ લગ્ન થયા પહેલાં થયો હતો, અને તે વાત વગર શકે સાબિત થઇ હતી-આખરે અમારા લાભમાં હુકમનામું થયું, છતાં મારા પ્રપિતામહે ખાંનગી સમજુતીથી, પેલા મોટા છોકરાના છોકરાને અમુક મિલકત આપીને ફારગતીનો દસ્તાવેજ કરાવી લીધો હતો, અને તે દસ્તાવેજ મારી પાસે છે. આ ઉપરથી તમે સમજી શકશો કે, હાલના દાવેદાર પ્રતાપરાયને કોઇએ અવળું સમજાવીને ઉશ્કેરીને આ દાવો કરાવ્યો હશે."

"હવે હું પૂરી હકીકત સમજ્યો, સાહેબ." વકીલે જણાવ્યું. "એટલું સારૂં છે કે, સુભાગ્યે આપે કહેલા દસ્તાવેજો, આપની પાસે છે. કારણકે આપની જાગીર, અને બીજી મિલકતમાં કેટલોક તફાવત છે-પણ આપની પાસે પ્રથમના દાવાનું હુકમનામું, અને ફારગતીનો દસ્તાવેજ, બન્ને બાબતમાં જોઇતો પુરાવો છે. આ પ્રતાપરાય વિષે આપ બીજું કંઇ જાણોછો?"

"ફક્ત એટલુંજ કે, એ માણસ એક ચિતારાનું કામ કરે છે." જયચંદ્રે જવાબ દીધો. "એનો બાપ ઘણી બદફેલીમાં પડેલો હતો, અને તેણે પોતાનો પૈસો ટકો ઉડાઉપણામાં ખર્ચી નાખ્યો-અને ઘણાં વરસોથી આ બે શાખાઓ છૂટી પડી ગઇ છે-એક મારા વંશની, અને બીજી પ્રતાપરાયવાળી-બન્નેને ઘણાં વરસોથી કોઇ પ્રકારનો સંબંધ નથી-અને તેથી આ પ્રતાપરાયની બાબતમાં મેં કંઇ કર્યું નહિ, તેને માટે હું ઠપકાપાત્ર નથી-

વળી તે કોઇપણ દિવસ મારી પાસે મદદ માગવા આવ્યો નથી. ગમે તેમ હોય, પણ તેનો દાવો પાયા વગરનો છે. અને તમે, કદાચ સુરેશચંદ્રને મળીને, આપણા દસ્તાવેજો બતાવી, તેની ખાત્રી કરી આપો કે પ્રતાપરાયનો બિલકુલ હક ચાલતો નથી, તો તે પણ ઠીક પડશે."

"બરોબર છે. આપના કહેવા પ્રમાણે હું કરીશ." રમણીકલાલે કહ્યું. "પણ હમણાજ જો આપના દસ્તાવેજો મને આપશો તો વધારે ઠીક પડશે, કારણ કે તેમ થાય તો રાત્રે હું બધા વાંચી જોઉં, અને આવતી કાલે સવારેજ સુરેશચંદ્રને મળીને તેની સાથે વાતચિત કરૂં."

"હા, હું હમણાંજ તમામ કાગળો લાવું છું, આપ જરા બેસો." એમ કહીને જયચંદ્ર દીવાનખાનામાંથી બહાર નીકળીને પોતાના સૂવાના ઓરડામાં ગયો. રાવજી બહાર ઉભો હતા; તેને ફાનસ લઇને પોતાની સાથે લીધો.

"મારા પલંગ તળેથી પેલી પતરાની પેટી ખેંચી કાઢ, રાવજી!" જયચંદ્રે કહ્યું.

રાવજીએ પેટી ખેંચીને બહાર કાઢી, અને જયચંદ્રના કહેવાથી તેના ઉપરની ધૂળ તથા કચરો સાફ કર્યો.

પછી જયચંદ્રે પોતાના ગજવામાંથી કુંચીઓનો એક ઝુમખો કાઢીને, તેમાંની એક કુંચીથી પેટી ઉઘાડી.

પણ જેવી પેટી ઉઘડી અને જયચંદ્રની નજર પેટીની અંદર પડી, કે તેના મોઢામાંથી ગભરાટની એક ચીસ નીકળી ગઇ. અહા! એવું તેણે શું જોયું હશે? હા, તેણે ઘણું મહત્વનું જોયું-તેનો નાશ પામે આવેલો જોયો-તેની પાયમાલી જણાઇ-કારણ કે પેટીમાં એક પણ કાગળ નહોતો, તમામ દસ્તાવેજો ગુમ થઇ ગયા હતા. અને પેટી ખાલી હતી.

"શું કંઇ બન્યું છે, સાહેબ?" રાવજીએ પોતાના શેઠ તરફ દેખીતી રીતે ઉંડી લાગણી બતાવતાં પૂછ્યું.

"ઓ પ્રભુ! આમ કેમ થયું હશે?" જયચંદ્ર એકદમ બોલી ઉઠયો. તેના ચહેરા ઉપરથી લોહી ઉડી ગયું-અને આખે શરીરે ધ્રૂજવા લાગ્યો-

"દસ્તાવેજો જતા રહ્યા. મારા સૂવાના ઓરડામાં કોઇ ચોરે પ્રવેશ કર્યો છે—આનો શું સબબ?"

"આપે કંઇ મહત્વનું ખોયું હોય એમ લાગે છે. સાહેબ!" રાવજી-એ હજુ લાગણી બતાવતાં પૂછયું.

"મહત્વનું! તું પૂછે છે, કેમ છોકરા?" તે શું બોલતો હતો, તેના ભાન વગર ગભરાટમાં જયચંદ્રથી ગમે તેમ બોલાઈ જવા માંડયું—"મહત્વનું! અરે, મારો વિનાશ—અથવા મારી પાયમાલીની શરૂઆત—"

"વિનાશ! પાયમાલી!" રાવજી આડું જોઇને બોલ્યો. ઇશ્વર જાણ-નાર છે કે રાવજીના ચહેરામાં શું ફેરફાર થયો કે તે છૂપાવવા તેણે આડુ જોયું!

"મેં કોઇપણ બીજી જગોએ તો એ દસ્તાવેજો મૂકયા હોય નહિ." જયચંદ્ર ઘણી મહેનતે શાંત થતાં વિચાર કરતાં બોલ્યો—"પણ કદાચ તેમ હોય પણ ખરૂં —હા—બેશક, મેં કોઇ બીજી જગોએ મૂકયા હશે; પણ કેવા સંજોગોમાં મેં બીજી જગોએ મૂકયા હોય તે, તેમજ તે જગો વિષે પણ હાલ મને કંઇ યાદ આવતું નથી. પણ બીજું હોય નહિ, તેમજ થયું હશે," તે પોતાના મન સાથે બબડવા લાગ્યો—"કારણ કે પેટી ઉઘાડવામાં કંઇ જબરાઇનાં ચિન્હ જણાતાં નથી. તેથી પેટી તોડી હોય એમ જણાતું નથી. હમેશાં કુંચી તો મારી પાસેજ રહે છે. દિવસે મારા શરીર ઉપર બદનના ગજવામાં, અને રાત્રીએ મારે ઉસીકે મૂકું છું. એ ખરૂં છે કે રાત્રે હું સૂતી વખતે ઓરડાનું બારણું અંદરથી બંધ કરતો નથી, પણ રાતની વખતે હું નહિ જાગું એવી રીતે કોણે આ કામ કર્યું હોય?"

આ પ્રમાણે પોતાના મન સાથે ધીમેથી બોલ્યો, પણ રાવજીના ચપળ કાનની બહાર એક પણ શબ્દ ગયો નહોતો. તેની હાજરીજ, જયચંદ્ર પોતાના મનની અવ્યવસ્થિત હાલતમાં ભૂલી ગયો હતો. રાવજી તો પોતાના શેઠ તરફ નજર ઠેરવીને જરા દૂરથી ઉભો રહ્યો હતો.

થોડી વાર સુધી પેલી ખાલી પેટી સામું જોઇને જયચંદ્ર ત્યાંજ ઉભો રહ્યો હતો—અને ગુમ થયેલા કાગળો વિષે પોતાની સ્મરણશક્તિ તાજી કરવા મથતો હતો. પછી તેને લાગ્યું કે પૂરતી ચોકશી કર્યા વગર આમ ગભરા

ને ઉભા રહેવાથી કંઈ ફળ નથી, અને પછી બાજુ ઉપરનું એક ભંડારીઉં ઉઘાડયું.

"શું, તું હજુ અહીંજ ઉભો છે?" રાવજીના ઉપર તેની નજર પડતાં એકાએક ચમકીને પૂછયું.

"આપે મને અહીંથી જવાનું ફરમાવ્યું નહોતું." રાવજીએ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો.

"ખરૂં છે, ચાલ, ત્યારે આ બધાં ખાનાં તપાસવામાં મને મદદ કર." જયચંદ્રે કહ્યું–"ઘણા મહત્વના કાગળોનું પોટકું ખોવાઇ ગયું છે, અથવા ભૂલથી કોઇ બીજે ઠેકાણે મૂકાઇ ગયું છે–કારણ કે દસ્તાવેજો ખોવાઇ તો નહિજ ગયા હોય–" પોતે ખોટી આશાને વળગી રહેતાં બોલ્યો.

ભંડારીઆનાં તમામ ખાનાં તપાસ્યાં–પણ ફોકટ. બધી ચીજો ગમે ત્યાં વેરી નાખી–પણ કંઇ પત્તો લાગ્યો નહિ. દસ્તાવેજો જડયા નહિ. તે ઓરડામાં અને પાસેના બીજા ઓરડામાં બધાં ભંડારીઆં તથા કબાટો તપાસ્યાં, પણ સઘળેથી નિષ્ફળતા મળી. ખૂણેખૂણા તપાસી વળ્યા–પણ ખોવાયેલા કાગળોનો પત્તો લાગ્યો નહિ. લગભગ અડધો પોણો કલાક નકામી મહેનત કર્યા પછી, તેને એમ માનવાની ફરજ પડી કે દસ્તાવેજો ખરેખર ચોરાઇ ગયા હોવા જોઇએ.

તેના ગભરાયેલા મગજમાં કોઇના ઉપર શક ગયો નહિ. તેના માનવા પ્રમાણે તેના ઘરમાં એવો કોઇ માણસ હતો નહિ, કે જેના ઉપર તે આ કામનો વહેમ લાવી શકે. સઘળું અંધારૂં હતું–ગુપ્ત ભેદ જેવું બન્યું હતું. અને તેની પૂરેપૂરી ખાત્રી છતાં–માત્ર એકજ છેવટનો નિર્ણય–કે જે ઉપર તે આવી શકે, કે કાગળો ચોરાઇ ગયા હોવા જોઇએ–એમ છતાં, તેણે પોતાના મનને ખોટી આશા તરફ વળવા દીધું કે હજુ કોઇ બીજી જગોએ મૂકાયા હશે. મરી ગયેલી આશાની સામે તેણે આશા રાખી.

પણ હવે તેને એકાએક વિચાર આવ્યો કે, તેના નુકશાનની મહત્વતા અને તેનું ભયંકર પરિણામ, બીજાને જણાવવું ગેરડહાપણ ભરેલું છે. તેથી તેણે રાવજીને જણાવ્યું કે, આ હકીકત મારા મગજને ઉશ્કેરનારી છે ખરી,

પણ મેં પહેલાં ધાર્યું હતું, તેટલે દરજ્જે નુકશાનકારક નથી. પછી તેને લઇને દીવાનખાનામાં વકીલની પાસે ગયો.

આ ગૃહસ્થને તેણે પોતાના દસ્તાવેજો ગુમ થયા વિષે જણાવ્યું. આ લાયક વકીલને તેની મહત્ત્વતા જણાઈ. અને લાગ્યું કે સુરેશચંદ્ર જેવો લુચ્ચો વકીલ, આવો કંઇપણ મુદ્દો, તેના અસીલના લાભમાં લેવાને ચૂકે એવો નહોતો, તેથી રમણીકલાલ અંતઃકરણથી બહુ દિલગીર થયો. છતાં તેણે સલાહ આપી કે જેમ બને તેમ આ બાબત છૂપી રાખવી, કે જેથી સામો પક્ષ તેનો લાભ લઇ શકે નહિ.

"અફસોસ!" જયચંદ્ર બોલ્યો. "મને ધાસ્તી છે કે આ સાવચેતી નિરૂપયોગી છે. કારણ કે જો મારા દસ્તાવેજો ખરેખર ચોરાયાજ હશે, તો ખાસ કારણથીજ ચોરાયા હશે. અને તેનું પરિણામ, આ મારા કહેવાતા વિરૂદ્ધના હકદારના લાભમાં આણવા સિવાય બીજું શું હોય? અરે, મારા વહાલા રમણીકલાલ, હવે મારો વિનાશ થવાના મને ભણકારા વાગે છે. કમનસીબીએ મારા ઉપર જબરદસ્ત હુમલો કર્યો છે. એક તરફથી મારી વહાલામાં વહાલી, પ્રમાણિક અને મમતાળુ પ્યારની ચીજ, એકાએક મારાથી છૂટી પડી છે, ત્યારે હવે બીજી તરફથી આ દુનિઆદારીની આફત મારો સામટો નાશ સૂચવે છે."

આ પ્રમાણે બોલતાં તે બિચારા કમનસીબ જયચંદ્રની આંખમાં આંસુ આવી ગયાં.

દયાળુ અંતઃકરણના વકીલે તેને દિલાસો આપવા પ્રયત્ન કર્યો, પણ તે કામ કંઇ સહેલું નહોતું. પણ આખરે વકીલનો દિલાસો જે કામ નહિ કરી શકે, તે જયચંદ્રના પોતાના માણસાઇ વિચારે કર્યું, અને પોતાની સબળી હિંમત એકઠી કરીને બોલ્યો. "આ મારી નબળાઇ મને છાજતી નથી. આફતની સામે બહાદૂરીથી લઢવાને હું તૈયાર થઇશ. અને જો કે અકસ્માત વિચિત્રતાથી મારૂં ભવિષ્ય બદલાવાનું છે, છતાં જ્યાંસુધી મારા મનમાં આશાનું એક પણ કિરણ ઝળકતું રહેશે, ત્યાંસુધી હું નિરાશ થઇશ નહિ. હું તદ્દન પાયમાલ થઇશ, એમ પણ હું માનતો નથી–જ્યાંસુધી ખરે-

ખર તેમ થશે નહિ, ત્યાંસુધી—દરમિયાન, મી. રમણિકલાલ, આપ મારા તરફથી બનતી મહેનતે દાવાનો બચાવ કરવા ચાંપતા ઉપાય લેશો, અને કંઇ નહિ તો, આપણને આપણા દુશ્મનો સામે પૂરતા જોશથી લઢવાનો સંતોષ તો મળશેજ."

આ પ્રમાણે પોતાના ઉમરાવ અસીલને હિંમતમાં આવેલો જોઇ, વકીલ ઘણો રાજી થયો. અને પોતાનાથી બનતી પૂરેપૂરી મ્હેનતથી દાવા સામે લઢવાનું વચન આપીને, તે રજા લઇને ગયો.

પછી જયચંદ્ર એકલો પડયો, એટલે ઉંડા વિચારમાં પડી ગયો. તેવામાં એકાએક કંઇ તેના મગજમાં વિચાર થઇ આવવાથી એકદમ વિચાર માળામાંથી જાગી ઉઠયો. અને ઉભો થઇ ગયો. પોતાનો લાંબો ડગલો પહેરી, માથે ફેંટો બાંધી, એકલોજ બહાર નીકળી પડયો.

આ હકીકત બન્યા પછી એક દ કલાકે વકીલ સુરેશચંદ્રને નીચે પ્રમાણેનો એક કાગળ મળ્યો. તેના અક્ષર કોઇ સ્ત્રીના જેવા હતા, પણ વલણ બદલીને લખ્યો હોય એમ જણાતું હતું.

" દસ્તાવેજો ખોવાયાનું જયચંદ્રે જાણ્યું છે. તે અને તેનો વકીલ ઘણા ગભરાટમાં છે. તેઓ જાણે છે કે તેમણે તેમનો મજબૂત પુરાવો ગુમાવ્યો છે. પણ તેમણે તમારી અને તમારા અસીલની સામે સખ્ત રીતે હિંમતથી લઢવા નિશ્ચય કર્યો છે. છતાં તેમની વર્તણુકથી નક્કી લાગે છે કે એ ગુમ થયેલા કાગળો તેમને ઘણાજ ઉપયોગી હતા. દસ્તાવેજો કેવી રીતે ચોરાઈ ગયા, તે વિષે જયચંદ્રને સહેજ પણ શક જતો નથી. પણ એમ તો એને શક છે કે કોઇપણ રીતે દસ્તાવેજો તમારા અથવા તમારા અસીલના કબજામાં ગયા છે. માટે સાવચેત રહેજો—દઢ રહેજો—અને ગુપ્ત રાખજો. વખતો વખત જરૂરની હકીકત હું તમને જણાવીશ, કે જે તમને અને તમારા અસીલને ઉપયોગી થઇ પડશે."

આ કાગળ ઉપર તારીખ નહોતી. તેમ લખનારનું નામ, નિશાન પણ નહોતું. પણ સુરેશચંદ્ર વકીલને ધારવાને મુશ્કેલી પડી નહિ, કે જેણે તે દ-

સ્તાવેજો તેને આપ્યા હતા-કે જે દસ્તાવેજો હવે ઘણા મહત્વના ખુલ્લે ખૂલ્લા જણાઇ આવ્યા હતા-તેના તરફથીજ તે કાગળ હતો.

પ્રકરણ ૬૭ મું.

બદમાશોનો અખાડો.

આ અખાડામાં આજ રાત્રે આઠેક વાગે એક ઓરડામાં સુરી, ઘની તથા બીજા કેટલાક બદમાશો ભેગા થયા હતા. તેમનામાં લતિબખાં તથા રસુલખાં વિષે ચર્ચા ચાલતી હતી.

"મને નથી સમજ પડતી કે, આ પ્રમાણે લતિબખાં કેમ ગુમ થઇ ગયો હશે?" ઘની બોલી-"ખરેખર, કંઇ હરકતમાં તો નહિ આવી પડયો હોય."

"પેલી રંડા યશોદાના પંજામાં તે સપડાય તેવો તો નથી." સુરીએ પોતાનો વિચાર જણાવ્યો-"તેણીએ રસુલખાંને મારી નાખ્યો, એતો નક્કીજ છે, પણ પાછી લતિબખાંને પોતાની જાળમાં ફસાવે, એ વાત બિલકુલ ધારવામાં આવતી નથી."

"હા, એ ખરૂં છે, પણ ત્રણ દિવસો થઇ ગયા," ઘનીએ કહ્યું-"છતાં તે દેખાતો નથી. તે તે દિવસે યશોદા સાથેની તેની પહેલી મુલાકાત વિષે કહેવા આવ્યો હતો."

"અને તે કહેતો હતો કે ઘરના પાછલા ભાગના ઓરડામાંથી ચીસો સાંભળવાથી, તે મુલાકાતનો અધવચજ છેડો આવી ગયો હતો." સુરીએ આગળ બોલતાં જણાવ્યું-"પણ લતિબખાં કહેતો હતો કે તે સ્ત્રીએ રસુલખાં વિષેનો ગુનો કબુલ કર્યો હતો, અને તેને કયાં દાટયો હતો, તે જગ્યા બતાવતી હતી. તો હવે તો એકજ અનુમાન થઇ શકે."

"કે કાંતો લતિબખાં પોતાના ઉપરીની પાછળ પહોંચી ગયો હોય,

અથવા તો યશોદા પાસેથી પૈસા કઢાવી લઇને નાસી ગયો હોય." ધનીએ પોતાનાં એ અનુમાનો રજુ કર્યાં—" તમે એજ કહેવા માગો છોને?"

"હા, એમજ," સુરી બોલી—" પણ હું નથી ધારતી કે લતિબખાંને યશોદાએ પૂરો કર્યો હોય. હું તો ખાત્રીપૂર્વક માનું છું કે, તે નાસી ગયો હોવો જોઇએ."

"ત્યારે તો એમજ કહોને, કે આપણને આપણા કબુલ કરેલા ભાગમાંથી રડાવવાને માટે તે નાસી ગયો." ધની બોલી—"જો કદાચ તે નહિ આવે તો હું પણ એમજ ધારીશ; છતાં આપણે ઉતાવળું કંઇપણ અનુમાન નહિ કરવું જોઇએ. કદાચ કંઇ કારણથી તેને કોઇ ઠેકાણે રોકાણ થયું હોય, અને તેનો ખુલાસો તે કરી શકશે. માટે હજુ થોડા દિવસ રાહ જુઓ."

"અને કદાચ તેટલા વખતમાં યશોદાબાઇ પણ નાસી જાય, તોપછી આપણને એક પૈસો પણ કઢાવવાનું સાધન રહે નહિ." સુરીએ પોતાનો અભિપ્રાય જણાવ્યો.

"એવું બને એવો સંભવ નથી." ધની બોલી—" તેણીએ કદાપિ લતિબખાંનું પણ કાટલું કર્યું હોય, તોપણ તેણી પોતાને કોઇપણ જાતની ધાસ્તીમાં હોવાનું ધારશે નહિ. વળી તેણી પોતાનો ધમધોકાર ચાલતો ધંધો એકાએક મૂકી દે એ પણ ધારી શકાય નહિ. અને જો કદાચ લતિબખાં હજુ તેણીની સાથે ઠરાવ કરતો હોય, અને વચ્ચે આપણે કંઇ નવું કરીએ, તો તે આપણા ઉપર ગુસ્સે થશે. તેની સાથે યશોદાબાઇને લાગશે કે, તેણીનો છૂપો ભેદ બીજા લોકો પણ જાણે છે. તેથી તેણીનો નાસી જવાનો ઇરાદો નહિ હોય, તોપણ નાસી જશે."

"ભલે, ત્યારે, તારી મરજી પ્રમાણે થવા દે." સુરી બોલી. "થોડા દિવસ રાહ જુઓ, અને તેટલા વખતમાં જો લતિબખાં દેખા નહિ દે, તો આપણે વિચાર કરીશું."

આ વખતેજ જયચંદ્ર ત્યાં આવ્યો. અને તેણે અંદર દાખલ થતાની સાથેજ ખુલાસો કરવા માંડ્યો. "હું તદ્દન અજાણ્યો છું. પણ હું આશા રાખું છું કે આ પ્રમાણે એકાએક અહીં આવવાને માટે તમે મને માફ ક-

રશો. કારણ કે હું જે કામને માટે અહીં આવ્યો છું, તે કામ તમે બજાવશો, તો હું તમને સારૂં ઇનામ આપીશ. ”

“ આપ કોણ છો, સાહેબ ? અને શા કામ માટે અહીં આવવું પડ્યું છે ? ” ધનીએ કોઇ મોટો માણસ ધારીને સભ્યતાથી પૂછ્યું.

“ હું જયચંદ્ર જાગીરદાર છું. ” તેણે જવાબ દીધો. “ મારે તમારી પાસે બે કામ કરાવવાનાં છે, તેની વિગત હું હમણાંજ તમને જણાવીશ. ”

“ પણ પ્રથમ તો મહેરબાની કરીને અમને જણાવશો કે, ” ધનીએ વધારે ખાત્રી કરવા પૂછ્યું. “ આવી જગાએ, અને અહીં રહેતાં માણસોની મદદ લેવા, આપને કોણે ભલામણ કરી છે ? ”

“ તે બાબતનો હું જે ખુલાસો આપું, તેથી તમને ગુસ્સો તો નહિ લાગે ? ” જયચંદ્રે પૂછ્યું. કારણ કે તેમના મોઢા ઉપર ખરૂં સ્વરૂપ જણાવતાં તે અચકાતો હતો.

“ જો તે ખરૂં હશે તો અમને બિલકુલ ગુસ્સો નહિ લાગે. ” ધનીએ કહ્યું.

“ તમે જેવી રીતે ખૂલ્લે ખૂલ્લું કહો છો, તેવીજ રીતે હું પણ ખૂલ્લા દિલથી તમારી સાથે વાત કરીશ. ” જયચંદ્રે જણાવ્યું. “ આ શહેરથી જે લોકો સારી રીતે જાણીતા છે, તે સઘળાને ખબર છે કે આ જગાએ અમુક જાતના લોકો ભેગા થાય છે. અને હું ધારૂં છું કે ઘણા મોટા લોકો, પોતાના અમુક જાતના કામને માટે યોગ્ય ઇનામ આપીને અહીંના લોકોની મદદ લેવા આવે છે, તેથી પણ લોકો અજાણ્યા નથી. અને તમારા ચહેરા ઉપરથી હું સમજી શકું છું કે એ ખરી વાત છે. તો પછી આ ઠેકાણાની ખ્યાતિને માટે આ શહેરના લોકોને ખબર હોય, તે પ્રમાણે મને પણ ખબર હોય, તો તેમાં તમે આશ્ચર્ય પામશો નહિ. ”

“ આપનો ખુલાસો સંતોષકારક છે. ” ધનીએ જણાવ્યું, “ હવે આપનું કામ જણાવો. આપ ખૂલ્લી રીતે જે કામ કહેશો, તે જો અમે કબુલ કરીશું, તો તે અમે પ્રમાણિકપણાથી અને છૂપી રીતે બજાવીશું. અને જો અમને તે કબુલ નહિ હોય, તો તેમાં કંઈ હરકત જેવું નથી. ”

" હું નથી ધારતો કે તમે તે નાકબુલ કરશો. " તે બોલ્યો. " કારણ કે તમારી પાસે હું જે કામ કરાવવા માગું છું, તેને માટે તમને પૂરતા પૈસા આપીશ. પહેલું તો એકે એક અમુક જુવાન બાળા—કે જેનું નામ અને વર્ણન હું આપીશ—તે કયાં રહે છે, તેનું ઠેકાણું શોધી કાઢવા એક ચાલાક, હોશીઆર. અને કંટાળે નહિ તેવો માણસ નીમવો જોઇએ. હું તેણીનું વર્ણન આપીશ. કારણ કે તેણીએ પોતાનું નામ બદલ્યું હશે. તોપણ મારે કહેવું જોઇએ કે તે સ્ત્રી—અથવા બાળા—નીતિવાન, અને સદ્ગુણી છે. હું તેણીને અત્યંત પ્યારથી ચાહું છું. પણ મારી ગેરચાલના ખોટા અનુમાનથી તેણી વહેમાઇ જઇને છૂટી પડી છે. આ કારણને માટે—નહિ કે બીજી કોઈ બદદાનતથી—તેણીનું ઠેકાણું શોધી કાઢવા હું ઇન્તેજાર છું. "

" આપના હેતુ સાથે અમારે કંઇ કામ નથી, સાહેબ. " ધની બોલી. " પણ જે કામને માટે આપ અમારી મદદ માગો છો, તે અમે માથે લઈશું. અમને તેણીનું નામ અને વર્ણન જણાવો. અને આવતી કાલે બપોર સુધીમાં તો અમારાં દશ બાર માણસો, આખા શહેરમાં ખૂણે ખૂણે અને પરાંમાં તપાસ કરતાં હશે. "

"તેણીનું નામ કળા છે, તેણીના બાપનું નામ મહોબતરાય છે. " જયચંદ્રે ખુલાસો કર્યો. " અને આ કાગળમાં તેણીના શરીરનું વર્ણન ચિત્રેલું છે. " એમ કહીને તેણે એક કાગળ આપ્યો. " પણ એટલું ખાસ ધ્યાનમાં રાખજો કે, તેણીને બિલકુલ શક પડવો જોઇએ નહિ કે, આવી રીતે તેણીની શોધ હું કરાવું છું—કારણકે જો તેણીને તેવો જરા પણ સંદેહ પડશે તો, હાલ તેણીનો મારા ઉપર જે અભાવ થઇ ગયો છે, તેમાં માત્ર વધારો થશે, અને તેણી કદી પણ મારી ચાલ સહન કરી શકશે નહિ. "

" એ બધું આપની મરજી પ્રમાણેજ થશે. " ધની બોલી. " હવે આપને બીજું શું કામ છે !"

" તે હવે હું તમને કહું છું. " જયચંદ્રે જવાબ દીધો. " મારા કેટલાક કિંમતી દસ્તાવેજો, એક લોખંડી પતરાંની પેટીમાં, મારા સૂવાના પલંગ નીચે, હું હમેશાં રાખતો હતો—તેની કુંચી દિવસે મારા બદનના ગજવામાં

રહેતી, અને રાત્રે મારી પથારીમાં માથા નીચે મૂકતો. એ કુંચી ખાસ એ પેટીની કળને માટેજ બનાવેલી હતી—કે જે સાધારણ કળને લાગે નહિ—તેમ તે કળને બીજી કુંચી પણ લાગે નહિ—છતાં ગયા બે ત્રણ કલાકમાં મને માલમ પડયું છે કે તે પેટી કોઇએ ઉઘાડી છે, અને તેમાંના દસ્તાવેજો ચોરાઇ ગયા છે. પેટી તેથા કળ, કશું તૂટયું નથી, અને વધારે અજાયબી ભરેલું એ છે કે મારા ઘરમાંના કોઇ પણ માણસ ઉપર શક લઈ જવાનું મને કારણ જણાતું નથી, અને તેમાંના કોઇને ચોર બનાવી શકતો નથી."

"ત્યારે તો તે દસ્તાવેજો કોઇ અમુક જાતના ખાસ કામને માટે ઉડાવ્યા હશે ?" ધનીએ પૂછયું.

"હા." જયચંદ્રે જવાબ દીધો—"એક સુરેશચંદ્ર નામનો વકીલ, અને એક પ્રતાપરાય નામનો માણસ......"

"એક ચિતારો !" પ્રતાપરાયનું નામ સાંભળી અજાયબીથી સુરીએ વચ્ચે પડીને પૂછયું.

"હા, તેજ." જયચંદ્રે જવાબ દીધો. "તમે તેને ઓળખો છો ?"

"મેં તેને એકાદ વખત જોયો છે." જવાબ મળ્યો. "પણ આપની હકીકત આગળ ચલાવો."

"હું એમ કહેવા જતો હતો કે, એ પ્રતાપરાયે મારા ઉપર એક દાવો કર્યો છે." જયચંદ્રે પોતાની વાત આગળ ચલાવી. "અને સુરેશચંદ્ર તેનો વકીલ છે—હવે આ વકીલ સુરેશચંદ્ર તેની લુચ્ચાઇ માટે પ્રખ્યાત છે, અને પોતાનું અથવા પોતાના અસીલનું કામ કાઢવાને માટે સારું નરસું જુએ તેવો નથી—તેથી જે દસ્તાવેજો મારી પાસેથી જતા રહ્યા છે, તે કાંતો સુરેશચંદ્રની પાસે, અથવા પ્રતાપરાયની પાસે, અથવા તેમના બેઉના કબજામાં ગયા હશે—તે દસ્તાવેજો પાછા મેળવવાની મને ઘણી જરૂર છે—અને જે માણસ એ દસ્તાવેજો મને પાછા આણી આપશે, તેને હું બે હજાર રૂપીઆ ઇનામ આપીશ."

જયચંદ્ર એટલું બોલીને છાનો રહી ગયો—અને પોતાના બોલવાની અસર કેવી થઇ છે, તે જોવા તેણે સુરી તથા ધનીના સામું જોયું. આપી

મોટી રકમનું ઇનામ સાંભળી, બન્નેની આંખો ચળકી રહી હતી. તે બન્નેએ પોતપોતામાં આંખની ઇશારતથી, શું જવાબ આપવો, તે વિષે સમજુતી કરી લીધી.

"તમે ધારો છો કે આ કામ થઇ શકશે ?" જયચંદ્રે પૂછયું.

"આપ સંપૂર્ણ રીતે અમારા ઉપર આધાર રાખશો ?" ધનીએ પૂછ્યું.

"ઘણી ખુશીથી—જો તમે મને કંઇ આશા આપતાં હો તો—" જયચંદ્રે તરત જવાબ દીધો.

"અમારાથી બની શકતું સઘળું અમે કરીશું." ધની બોલી. "કારણકે એક યુક્તિ મને સૂઝી આવી છે. અલબત્, તે દસ્તાવેજો આપને મળવા જોઇએ, પછી તે કેવી રીતે મળે તેની સાથે આપને કામ નથી."

"તમે ગમે તે ઉપાય લ્યો, તેની મને દરકાર નથી." જયચંદ્ર બોલ્યો. "શું મારી પાસેથી લુચ્ચાઇથી ચોરી લીધા નથી ? તેથી જેવી રીતે મારા દુશ્મનોએ મારી સાથે ચાલ ચલાવી છે, તેવીજ ચાલ તમે તેમની સાથે ચલાવશો, તો તેમાં મને કંઇ લાગશે નહિ."

"ત્યારે, હવે, હાલ તરત તો આ બાબતમાં કંઇ વધારે કહેવાનું રહ્યું નથી." ધની બોલી—

"પણ તે દસ્તાવેજો કેવા પ્રકારના છે, તે અમારે જાણવું જોઇએ." સુરીએ પોતાની દલીલ રજુ કરી. કારણકે તેણીએ ધાર્યું કે પોતાના મંડળમાંના કોઇ પણ માણસ પાસે સુરેશચંદ્રના ઘરમાં ખાતર પડાવી, ચોરી કરાવી, તે દસ્તાવેજો મેળવવાનો ધનીનો ઈરાદો હશે.

"ના, દસ્તાવેજોની વિગતની આપણે કંઇ પણ જરૂર નથી." ધની બોલી ઉઠી. "મારી યુક્તિ તું સમજી નથી, સુરી—પણ ધીમે ધીમે તે જણાશે. એવું ધારશો નહિ કે સુરેશચંદ્રને ઘેર ખાતર પડાવી, ચોરી કરાવવાનો મારો ઈરાદો છે. ના—ના—તેમ તો બની શકેજ નહિ. અને તે કામમાં નિષ્ફળતા મળે—અથવા કંઇને બદલે કંઈ કામનો આવે, અથવા કદાચ ખાસ દસ્તાવેજો ત્યાં હોય પણ નહિ—તેથી ખાતર પાડી ચોરી કરવામાં ફતેહ કરતાં નિષ્ફળતા વધારે છે. અને વળી તે કામ આપણે માથે મોટું જોખમ વહોરી

લેવા જેવું છે. નહિ, નહિ, એમ થાય નહિ. આ કામ તો દગા ફટકાથી કરવાનું છે. અને તે દગો ફટકો તે એવો કે તેમાં પૂરેપૂરી ફતેહ મળે–તેની યુક્તિ મેં મારા મગજમાં ગોઠવી રાખી છે. કદાચ આ યુક્તિમાં ફતેહ મળવાને કેટલાક દિવસો–કેટલાક મહિના પણ જાય, પણ આખરે તેમાં ફતેહ મેળવવાને હું પ્રતિજ્ઞા લઉં છું." તેણી એવા જુસ્સાથી બોલી કે–અને તેણીના બોલવાની ઢબ એવી ખાત્રી પૂર્વક હતી કે–જયચંદ્રના અંતરમાં આશાનાં કિરણો ફૂટયાં.

"ઠીક ત્યારે, બાઇ." તે બોલ્યો–"હું બધું કામ તમારા હાથમાં મૂકું છું. કદાચ કેટલાક મહિના સુધી તો તે દસ્તાવેજોનું કામ પડશે નહિ, અથવા કંઇ હરકત નડશે નહિ. કારણકે દીવાની દાવાઓનું કામ ઘણું ધીમે ધીમે અને લાંબા વખત સુધી ચાલે છે–હવે મને કહો કે મેં તમને જે એ કામ બતાવ્યાં, તેને માટે આગળથી કંઇ બાના તરીકે જોઇએ છીએ?"

"જો આપની ઇચ્છા હોય તો, હાલ અમને ફક્ત સો રૂપીઆ આપો." ધનીએ જવાબ દીધો.

"બસ–ફક્ત સો રૂપીઆજ." જયચંદ્ર બોલ્યો. કારણકે મોટાની નજર મોટીજ હોય–"નહિ, નહિ–હું તમને પાંચસેં રૂપીઆ આપું છું. કારણકે તમારા પ્રમાણિકપણા વિષે મારી સંપૂર્ણ ખાત્રી થઈ છે. અને મને પૂરી આશા છે કે, તમે ઘણી સરસ રીતે કામ બજાવશો,"

એમ કહી તેણે પાંચસે રૂપીઆની નોટો ગણી આપી. બન્ને સ્ત્રીઓની આંખો ચમકી રહી. પછી જયચંદ્ર ત્યાંથી ચાલ્યો ગયો. ત્યાં પ્રથમ આવ્યો, તેના કરતાં તેનું હૃદય હવે ઘણું હલકું થઈ ગયું હતું.

પ્રકરણ ૬૮ મું.

જયચંદ્ર અને ખૂબસુરત અજાણી બલા.

જયચંદ્ર જ્યારે પોતાને ઘેર પાછો આવ્યો, ત્યારે રાત્રિના અગિઆર વાગ્યા હતા—રાવજી તરત તેની પાસે હાજર થયો, અને એક કાગળ તેના હાથમાં આપ્યો.

"આ કાગળ લાવનાર માણસ કહેતો હતો કે આ કાગળ આપે તરત વાંચવાનો છે." રાવજીએ કાગળ આપતાં કહ્યું.

"આ કાગળ કોણ લાવ્યું?" જયચંદ્રે પોતાનો ડગલો તથા ફેંટો ઉતારી ખુરશી ઉપર બેસતાં પૂછયું.

"એક ઉંચો માણસ હતો—અને તે કોઇનો નોકર હોય એવો જણાતો હતો." રાવજીએ જવાબ દીધો. "પણ તે કોનો નોકર હશે, તે હું જાણતો નથી."

"અહા! એક ઉંચો માણસ! કોઇનો નોકર!" જયચંદ્રના મોઢામાંથી એકદમ ઉદ્‌ગાર નીકળી ગયા. પછી કાગળના પરબીડીયાના શિરનામા ઉપર જોતાં તેને લાગ્યું કે, ચાર પાંચ દિવસ ઉપર નાટકશાળાની ટીકીટવાળા પરબીડીયાના ઉપરના શિરનામાના જેવાજ બદલીને લખેલા અક્ષરો છે.

તેને પહેલો વિચાર તો એ આવ્યો કે, કળા ઉપરના પ્યારના બદલામાં, તે કાગળ જોઇ પોતાની જીજ્ઞાસા તૃપ્ત કર્યા સિવાય, તેને બાળી મૂકવો—પણ તરતજ પાછો બીજો વિચાર આવ્યો કે કળાએ જાણી જોઇને, વગર કારણે, પોતાની મેળે તેને છોડી દીધો હતો—અને જો ખરૂં કહીએ તો, આજ સાંજના બનાવોથી, તેનું મગજ હાલ એવું થઇ ગયું હતું કે નિરાશા ભરેલા દુઃખી વિચારોમાં એકલો રહેવા કરતાં, કોઈ પણ જાતની ગમત અથવા મોજમઝામાં વખત રોકી દિલગીરી ભરેલા વિચારો દૂર કરવા જેવું કંઇ પણ સાધન મળી આવે તો, તેના જેવા જુવાનીઆ, અને જેણે મોજમઝામાં ઘણો વખત ગુજારેલો એવા માણસને, સ્વાભાવિક રીતે તે સાધનનો ઉપયોગ કરવાનું તરત મન થાય, એમાં કંઇ અજાયબી નથી.

તેથી તેણે કાગળ ફોડયો, અને નીચે પ્રમાણે વાંચ્યો.

" પેલી અજાણી સ્ત્રી, જયચંદ્રની મુલાકાતની આકાંક્ષા રાખે છે-થોડા દિવસ ઉપર એક અમુક રાત્રે, તેણીએ તેને મળવા સારૂ જે ઘાટ રચ્યો હતો, તે તરફ તેણે બેદરકારી વાપરી તેણીને અપમાન આપ્યું હતું, તે ભૂલી જઇ, તેણી પોતાની પ્રતિષ્ટા ગુમાવી, આવું પગલું ભરે એવી તે સ્ત્રી નથી-પણ એક મહત્વની બાબત ઉપર જયચંદ્ર સાથે તેણી થોડીવાર વાતચિત કરવા ઇચ્છે છે-આ કાગળ પહોંચતી વખતે જો જયચંદ્ર ઘેર ન હોય તો, જ્યારે તે ઘેર પાછા આવવાની વકી હશે, ત્યારે આજ માણસ (આ કાગળ લાવનાર) પાછો હાજર થશે. તેથી આ અજાણી સ્ત્રી, જયચંદ્રની ઉદાર લાગણી ઉપર પોતાની પ્રતિષ્ટા મૂકે છે, અને અરજ કરે છે કે, આ તેણીના નોકરની સાથે, તે જ્યાં લઇ જાય, અને ગુપ્તપણાના જે ઉપાયો લે, તે લેવા દઇને જયચંદ્ર આવવાની મહેરબાની કરશે. "

" હું ઘેર ક્યારે પાછો આવવાનો છું, તે વિષે આ કાગળ લાવનાર માણસે કંઇ પૂછ્યું હતું ?" કાગળ વાંચી રહ્યા પછી જયચંદ્રે રાવજીને પૂછ્યું.

" હા, " જવાબ મળ્યો. " અને મેં તેને ખાત્રી આપી હતી કે, આપ આવવાની તૈયારીમાં હશો. "

" તે માણસે બીજું શું કહ્યું હતું ?" જયચંદ્રે વળી પૂછ્યું.

"તેણે કહ્યું કે, પાછો મધરાત્રે તે આપના જવાબને માટે આવશે." રાવજીએ જવાબ દીધો.

" તે કેવી જાતનો માણસ હતો, તે તેં જોયો હતો ? " જયચંદ્રે વળી પૂછ્યું.

" તે આગલા દરવાજાના પગથીઆ ઉપર ઉભો હતો, ત્યારે તેણે પોતાનો ચહેરો ઇરાદા પૂર્વક આડો રાખ્યો હતો. " જવાબ મળ્યો.

" તું શા ઉપરથી કહી શકે છે કે તેણે તે પ્રમાણે ઇરાદા પૂર્વક કર્યું હતું ?" જયચંદ્રે વધારે જાણવાની ઇન્તેજારીથી પૂછ્યું.

"મને એમ લાગ્યું કે તે પોતાનો ચહેરો છૂપાવે છે." રાવજીએ પોતાનો અભિપ્રાય બતાવ્યો.

" ઠીક—એ માણુસ જ્યારે પાછો આવે, ત્યારે તેને કહે જે કે હું તેની સાથે જઇશ." જયચંદ્રે થોડીવાર વિચાર કરીને કહ્યું. " અને જ્યારે આવે ત્યારે મને ખબર આપજે."

રાવજી પોતાના શેઠને નમીને ત્યાંથી ચાલ્યો ગયો.

" આતો ઠીક છે—આ અજાણી સ્ત્રીને, તેણીની આવી મજબૂત ઇચ્છા છે, તો હું મળીશ." જયચંદ્ર પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો—" જો કે તેણીના મોહપાશમાં હું ફસાઇશ નહિ—નહિ, નહિ, તે સ્ત્રી ગમે તેવાં મોહ ભરેલાં લટકાંચટકાં કરશે, તોપણ હવે હું તેણીને તાબે થઇશ નહિ. મને તેણીના મોહપાશમાં ફસાવવાના તેણીના કામચરિત્રના ચાળાથી હું વધારે દૃઢ બનીશ—તેમ છતાં કળા—કે જે વગર કારણે પોતાના માની લીધેલા ખોટા વહેમથી મને તરછોડી નાખે છે—તેને ઇર્ષ્યાની નજરે ઠેકાણે લાવવા આ એક ઠીક સાધન થઈ પડશે—અરે! પણ, ના—ના—હું તેણીના તરફ આવી રીતે અનુદારતાથી વર્ત્તિશ નહિ, હું તેણીને દગો કરીશ નહિ—હું કળાને ચાહું છું—ખરા અંતઃકરણથી ચાહું છું—અને મારી પ્રતિજ્ઞાઓને હું પાળીશ. પણ તેજ વખતે જો આ અજાણી સ્ત્રીને, તેણીની આવી આજીજી છતાં, હું મુલાકાત ન આપું તો, તે હદપારનું અપમાન ગણાય—ગૃહસ્થાઇની એ રીત કહેવાય નહિ—એટલુંજ નહિ, પણ દરેક રીતે અસભ્ય અને હીચકારા ભરેલું ગણાય-વળી આ મુલાકાતથી, હાલની મારા મગજની ગુંચવાયેલી સ્થિતિમાં કંઇક ફેરફાર થશે, અને તેની સાથે કળા ઉપરના મારા મજબૂત પ્યારની કસોટી જોવાની મને તક મળશે—અરે! રે! ઓ, નિર્દય કળા! તું જો માત્ર એટલુંજ જાણે કે અત્યારે મારા ઉપર કેવું લલચાવનારૂં જબરદસ્ત વાદળ ઘેરાઇ આવ્યું છે—કે જેની સામે માત્ર તારી ખાતરજ, જબરી લડાઇ મચાવવા હું તૈયાર થયો છું—તો તું આવી રીતે મારાથી દૂર રહે નહિ."

જયચંદ્ર પોતાનામાં આવા ડહાપણના વિચારો કરતો હતો, છતાં તેણે એક વખત, પેલી અજાણી, કામ ચરિત્રમાં કુશળ, એવી સ્ત્રી સાથે જે મોજ મઝા ભોગવી હતી—કે જેનું વર્ણન તેણે પોતાના મિત્ર શીવપ્રસાદ આગળ

કરી બતાવ્યું હતું-તે વખત યાદ લાવી-કળાની સાથે વફાદાર રહેવા, ગમે તેવી લાલચો મળે, તોપણ નહિ ફસાવા દૃઢ નિશ્ચય કર્યા છતાં-તે મોજમઝાના વિચારોને, પોતાના મનમાંથી બળાત્કારે પણ દૂર કરવામાં, તેણે પોતાને નિષ્ફળ થયેલો જોયો.

પણ, પ્રિય વાંચનાર, તું જયચંદ્રને વધારે ઠપકા પાત્ર ગણીશ નહિ-તારા ઠપકાથી તેને સજા કરવા ઉતાવળો થઇશ નહિ-કારણ કે યાદ કર કે, નાટકશાળાની ટીકીટ અને ડગલો તથા ફેંટો, જે તેને પેલી અજાણી સ્ત્રી તરફથી મળ્યાં હતાં, ત્યારે જેવા વિચારોએ તે મોહપાશનું લલચાવનારૂં બંધન તોડી નાખવા તેને દૃઢ બનાવ્યો હતો, તેવા વિચારો આ વખતે તેને સ્ફુરતા નહોતા. તે વખતે તે કળાના સંપૂર્ણ પ્યાર અને વિશ્વાસમાં હતો. હવે તે બન્ને ગુમાવી બેઠો હતો. તે વખતે તેના મનમાં કોઇ પ્રકારની દિલગીરી ભરેલા, કે કાળજી ભરેલા વિચારો નહોતા, પણ આ વખતે ઉપરાઉપરી આફતોના ભણકારાથી, તેનું મન એવું અસ્વસ્થ બની ગયું હતું કે તેને દિલાસો દેવા, કોઇપણ જાતના, ગુંચવાડા ભરેલા મનની લાગણીમાં ફેરફાર કરે તેવા, સાધનની જરૂર હતી.

હજુ તો આવી અણધારી રીતે મનના વિચારોમાં ફેરફાર કરવાના મળેલા સાધન વિષે વિચારમાં તે ગુંથાયો હતો, તેવામાં શવજીએ આવીને ખબર આપી કે પેલો ઉંચો માણસ આવ્યો છે.

જયચંદ્ર એકદમ ઉભો થયો. કપડાં પહેરી લીધાં. નીચે ઉતર્યો-આગલે દરવાજે આવ્યો. ત્યાં પેલો ઉંચો નોકર, પોતાનો ચહેરો ન ઓળખાય, એવી રીતે માથા ઉપર ફેંટો બાંધી આડું જોઇ ઉભો હતો, કે તેના ચહેરા ઉપર દરવાજા ઉપરના ફાનસનું અજવાળું પડે નહિ.

"આગળ ચાલ, હું તારી પાછળ આવું છું." જયચંદ્રે તેને ધીમેથી કહ્યું.

તે ઉતાવળે પગલે આગળ ચાલ્યો. જયચંદ્ર તેજ પ્રમાણે ઉતાવળો તેની પાછળ પાછળ ચાલ્યો. કેટલેક દૂર જવા પછી, એક અંધારા ખુણા તરફ એક કાળા રંગની ગાડી ઉભેલી, દૂરથી દેખાઇ. તેને બે મજબૂત ઘોડા જો-

ડેલા હતા. ગાડી હાંકનારે પોતાનો ચહેરો કોઈ ઓળખે નહિ એવી કાળજી રાખી હતી.

" ગાડીમાં બેસો, સાહેબ." પેલા ઉંચા નોકરે ગાડીનું બારણું ઉઘાડી જયચંદ્રને કહ્યું.

જયચંદ્ર એકદમ તાબે થયો. ગાડીની અંદર જઇ તેને કંઇપણ વિચાર કરવાનો વખત મળે, તે પહેલાં તો ધબ દઇને ગાડીનું બારણું બંધ થયું, અને તેની સાથેજ બે નાજુકડા હાથોમાં, તેને લઇને કોઇએ પોતાના પાસામાં–પોતાની ધબકતી અને ઉછાળા મારતી છાતી સાથે, ચાંપી પોતાના સુંવાળા હોઠથી તેને ઉપરા ઉપરી ચુંબન લીધાં.

ગાડીમાં તદ્દન અંધકાર હતો. ગાડી ઝપાટાબંધ દોડવા લાગી. અને જયચંદ્ર–ઘેરથી જે ડહાપણ ભરેલા વિચારો કરી નીકળ્યો હતો, તે જયચંદ્ર–કંઈપણ આચકા સિવાય કામ વિકારી અને પ્યાર ભરેલી બાથમાં દબાઇ રહ્યો. અફસોસ ! બિચારી કળા ! ખરેખર તું આ વખતે ભૂલાઈ ગઇ હતી !

આ વખતે જો પાછળ નજર કરીએ તો જણાશે કે જયચંદ્રનો વિશ્વાસુ નોકર–પેલો વિચિત્ર છોકરો–રાવજી–ઘેરથી જે વખતે જયચંદ્ર પેલા ઉંચા નોકરની પાછળ પાછળ ચાલ્યો, તેજ વખતે તેની પાછળ પાછળ દબાતો ચંપાતો ચાલ્યો આવતો હતો. ગાડી અંધારામાં ઉભી હતી, તેથી જેવું ગાડીનું બારણું બંધ કરી, પેલો ઉંચો નોકર ગાડી હાંકનારની પાસે બેસવા ગયો, કે તરતજ રાવજી, ગાડીની તળે ભરાઇને તેનાં પાટીયાં સાથે બાથ ભીડાવીને વળગી રહ્યો, અને ગાડીની સાથે તે પણ ચાલ્યો.

આપણે જોયું કે ગાડીની અંદર તદ્દન અંધકાર હતો. તેથી જયચંદ્ર કશું જોઇ શકતો નહોતો. પણ જેવો તે, અંદરની સ્ત્રી સાથે ગાઢ આલિંગનમાં દબાઇ ગયો–તેણીના સુંવાળા રેશમ જેવા શરીર સાથે સંબંધમાં આવ્યો–તેણીના નરમ–નાજુક હાથ તેના ગાલ ઉપર ફરવા લાગ્યા–અને જુસ્સાબંધ ચુંબનોના અવાજ થવા લાગ્યા–કે તેની ખાત્રી થઇ કે સવા વરસ ઉપર જે અજાણી સ્ત્રીના સંબંધમાં, તે અદ્‌ભુત રીતે આવ્યો હતો, તેજ આ સ્ત્રી હતી.

" જયચંદ્ર, વહાલા દોસ્ત, " જો તે સ્ત્રી વિષે જયચંદ્રના મનમાં કંઇ પણ શક રહ્યો હોય તો અત્યારે તેણીએ પોતાનો જાણીતો કોમળ-મધુરો અવાજ બહાર કાઢયો, તેથી તેની પૂરી ખાત્રી થઇ. " આ પ્રમાણે તમને મારા આલિંગનમાં ફરીથી લેવાને માટે મેં જે કંઇ પ્રપચ કર્યો, તેને માટે તમે મારા ઉપર ગુસ્સે છો ? "

" ગુસ્સે ? " જયચંદ્રના મોઢામાંથી ઉદ્‌ગાર નીકળ્યો. " અહા ! તારા જેવી ખૂબસુરત પરીના ઉપર કોણ ગુસ્સે થઇ શકે ? પણ તેં શું પ્રપંચ કર્યો, વારૂ ? "

" મેં તમને લખેલા કાગળમાં જણાવ્યું હતું કે અમુક મહત્વના કામને માટે, તમારી મુલાકાતની જરૂર હતી. " પેલી સ્ત્રીએ હસતાં હસતાં જવાબ દીધો.

" ત્યારે શું તે વાત ખરી નથી ? " જયચંદ્રે પછયું.

" પ્યાર, અને કામ ચરિત્રના જુસ્સા સિવાય બીજું કશું કારણ નથી, વહાલા જયચંદ્ર. " તેણીએ તેને વધારે ને વધારે મોહમાં નાખવાના ચેનચાળા કરતાં જણાવ્યું.

" અહા ! સ્વર્ગની પરી ! જેવી તું મોહક છે, તેવીજ તું ભય ભરેલી છે. જેવી તું બીજાનું ચિત્ત હરી લે, એવી ખૂબસુરત હશે, તેવીજ તું નુકશાન કરે એવી છે. " જયચંદ્ર આનંદના ઉભરામાં બોલ્યો, અને તેણીના સુકોમળ અને સુંવાળા ચહેરા ઉપર હાથ ફેરવતાં પોતાને કૃતાર્થ માનવા લાગ્યો " ખરેખર, તું ઘણીજ ખૂબસુરત છે. તારો ચહેરો સંપૂર્ણ અને સુંવાળો છે. તારૂં માથું ઘાટદાર છે-વાળ પણ લાંબા અને સુંદર રેશમના ઝીણા તાર જેવા છે-અને તારી ડોક પણ સફેદ ચામડીની સુંદર ઘાટદાર હોય એમ લાગે છે. "

" પણ આ બધાં મારી ખૂબસુરતીનાં વખાણ સાંભળીને, તમારી ખૂબસુરતી વિષે મારા ઉદ્‌ગાર બહાર કાઢયા વગર મારાથી ચૂપ રહેવાશે નહિ. " તેણીએ પોતાના નાજુક હાથ, જયચંદ્રના ચહેરા ઉપર પંપાળતાં કહ્યું. " વ-

હાલા જયચંદ્ર, તમે અત્યંત સ્વરૂપવાન છો, સ્ત્રીના સમાન ખૂબસુરતીવાળા છો—અને મારા ચંદ્ર હું તમને ચાહું છું."

તેણીએ તેને પોતાની છાતી સાથે વહાલથી ચાંપીને કામાવેશનો સંપૂર્ણ પ્યાર બતાવ્યો.

"હવે, વહાલા જયચંદ્ર," વળી તેણી બોલી. "મને તે રાત્રે અપમાન પહોંચાડી, મારૂં આમંત્રણ નહિ સ્વિકારવા વિષે, મારે તમને સખ્ત ઠપકો આપવાનો છે."

"અહા! તમે શું કહેવા માગો છો, તે હું સમજ્યો છું." જયચંદ્રે કહ્યું. "પણ શું હું એવી આશા નહિ રાખી શકું કે તમે મને તે વિષે કંઈ પૂછશો નહિ.?"

"નહિ—પણ તેથી ઉલટું—હું તમારી પાસે ખરેખરો, સંપૂર્ણ ખુલાસો માગું છું." તેણીએ જવાબ દીધો. "કારણ કે તે વખતે તમે કંઇ નાનો સુનો ગુનો કર્યો નહોતો. યાદ કરો, વહાલા જયચંદ્ર, કે લગભગ સવા વરસ ઉપર આપણે મળ્યાં, ત્યારે જૂદાં પડતી વખતે, તમે જલદીથી બીજી મુલાકાત મળવાનું માગી લીધું હતું. મેં તેમ કરવા વચન આપ્યું હતું. પણ ત્યાર પછી, તે નાટકશાળાવાળી રાત સિવાય, તે પહેલાં મને તેવી તક મળી નહોતી; તે વખતે, એવા પ્રસંગમાં જેવી સાવચેતી રાખવી જોઇએ, તેવી સાવચેતીથી મેં જરૂરી ઉપાયો લીધા, અને તમને મુલાકાતની તક આપી—પણ તમે તે તકનો લાભ લીધો નહિ. તમે મારા તરફ સંપૂર્ણ બેદરકારી બતાવી—તિરસ્કાર બતાવ્યો—મારો અનાદર કર્યો—અને જો હું તમને હદ વગરના અપાર પ્યારથી ચાહતી નહોત, તો તમને ફરી મળવામાં—મારી પ્રતિષ્ટા અને મારો મોભો જાળવી રાખવામાં—હુ બેદરકાર રહેત નહિ. પણ વહાલા જયચંદ્ર, તે વખતની તમારી બેદરકારીને માટે હું તમને માફ કરૂં છું—કારણ કે હું તમને અતિશય ચાહું છું—વળી, કારણ કે, મારી ખાત્રી છે કે, જે સ્ત્રી તમને આવા અપૂર્વ પ્યારથી ચાહે છે, તેણીનું અંતઃકરણ, તમે જાણી જોઇને ઇરાદા પૂર્વક દુખવો નહિ."

"નહિ, નહિ, કદી નહિ." જયચંદ્ર બોલ્યો. તેના ગુચવાઇ ગયેલા

મગજમાં કળાની મૂર્તિ ખડી થઇ, અને કાળજામાં, પોતે ભરેલા પગલા વિષે, પશ્ચાતાપનો ડંખ લાગ્યો, છતાં કામવિકારી, વશીકરણ કરવા વાળી, મોહિનીના મોહપાશમાં ફસાયો.

"મને કહો, વહાલા જયચંદ્ર," તેણીએ પૂછયું. "શામાટે તમે તે દિવસે નાટકશાળામાં આવ્યા નહિ?"

"ત્યારે શું ખરી વાત મારી પાસેથી કઢાવવાનુંજ તેં નક્કી ધાર્યું છે?" તેણે પૂછયું. પાછી કળાની પ્રેમમય મૂર્તિ નજર આગળ તરી આવવાથી, પોતાની એ વફાદારીના પસ્તાવાથી ધ્રૂજારીની એક આંચકી લાગી.

"ગમે તેમ હોય, પણ મને ખરી વાત કહો." તેણીએ જાણીતી સ્ત્રી હઠ પકડી, અને જયચંદ્રને કોઇપણ રીતે સંપૂર્ણપણે પોતાને વશ કરવાના નિશ્ચયથી વહાલભરેલા ચેન ચાળાથી સ્ત્રી ચરિત્ર લડાવવા લાગી. "નહિ, વહાલા, તમે નહિ આવ્યા, તેનું ખરૂં કારણ મને કહો." તેણીએ એવા મૃદુ અને પટામણા અવાજે કહ્યું કે જેથી જયચંદ્ર લાચાર બની ગયો.

"સાંભળ ત્યારે." જયચંદ્રે જવાબ દીધો. "હું એક યુવતીને ચાહું છું. તેણીનું નામ કળા છે–તેણીના બાપનું નામ મહોબતરાય છે–તેણી એક પરી જેવી ખૂબસુરત છે–અને ઉડતા સાપના જેવી ઇર્ષાળુ અને ખારીલી છે.–જયારેં નાટકશાળાની ટીકીટ અને ડગલો તથા ફેંટો, તારા તરફથી મને મળ્યાં, ત્યારે હું તેણીના સંપૂર્ણ પ્યારમાં હતો, અને તેથી હું તે વખતે, તેં બતાવેલી લાલચની સામે થયો."

"ત્યારે હવે એ તમારા પ્યારમાં કંઇ ફેરફાર થયો છે?" પેલી પહોંચેલી સ્ત્રીએ આ ભોળા જયચંદ્રને પટાવીને જેટલી વાત કઢાવી લેવાય તેટલી તમામ કાઢી લેવાના ઇરાદાથી પૂછયું.

"હા, કળા મારા ઉપર ગુસ્સે થઇ છે, પણ તેનું કારણ હું જાણતો નથી." જયચંદ્રે દિલગીરી ભરેલા અવાજે જવાબ દીધો.–"અને મારે હવે તેણીના વિષે બિલકુલ વિચાર કરવો નહિ, એવું તેણીએ મને ચોકખું જણાવી દીધું છે–તેથી આજ રાત્રે તારી ચિઠ્ઠી મને મળી–કે જ્યારે મારૂં મગજ ગુંચવાયેલું હતું–અને દિલાસાની જરૂર હતી–અને વળી જ્યારે મને

એમ લાગ્યું કે તારા કાગળમાં બતાવેલી તારી ઇચ્છાને માન ન આપવું એ ઘણું અસભ્ય ગણાશે—ત્યારે મેં તારા કાગળમાં લખ્યા પ્રમાણે અમલ કરવાનો નિશ્ચય કર્યો."

"ત્યારે હવે તમે તે પ્રમાણે કરવા માટે દિલગીર છો ?" શું જવાબ મળશે, તેના શકમાં જાણે દિલગીર થઇ હોય એવા અવાજથી તેણીએ પૂછયું.

"ના—હું દિલગીર નથી—તેમ હું પસ્તાતો પણ નથી." જયચંદ્રે જવાબ દીધો—પણ જાણે કોઇ માણસ કંઇ ગુનો કરતો હોય—કે કંઇ દગા ફટકાનું કામ કરતો હોય—અથવા કોઇ જાતની ભારે બેવફૂફીનું કામ કરતો હોય—એવું જાણીને કે તે ખોટું છે—છતાં જીવ ઉપર જુલમ કરીને કરે છે—તે પ્રમાણે—પોતાના મગજમાં કળાની પ્રેમમય મૂર્તિનો દેખાવ—તેણીના પ્યારની સ્મૃતિ—પસ્તાવો—એ તમામ વિચારો હોવા છતાં, તેને બળાત્કારે ધકેલી કાઢી, મુશ્કેલીથી મન કઠણ કરીને બોલ્યો.

"વહાલા—મારા પ્રાણથી પ્યારા જયચંદ્ર." એકદમ ખુશાલીમાં આવી જતાં તેણી બોલી—"અહા ! આવા ખાત્રી લાયક શબ્દો સાંભળવાથી હું કેટલી બધી ખુશી થઇ છું. પણ મને કહો કે, તમે ધર્મ પૂર્વક મારો છૂપો ભેદ સાચવ્યો છે—તે રાતનો ગુપ્ત ભેદ—સવા વરસ ઉપરનો ? અહા ! મને લાગે છે કે તમે ધ્રૂજો છો—તમે ચૂપકીદી રાખી નથી—છતાં બીશો નહિ કે હું ગુસ્સે થઇશ. કારણ કે હું જાણું છું કે તમે ગમે તેવી વાત કરી હશે, તોપણ મારો પત્તો કોઇને મળી શકે એમ નથી."

"ફક્ત એકજ વખત, વહાલી." જયચંદ્ર પૂર્ણ પસ્તાવાના અવાજથી બોલ્યો." તે પ્રસંગની હકીકત વિષે ફક્ત એકજ વખત, મારા હોઠ ઉઘડ્યા હતા. અને તે વગર એ વાત બિલકુલ મેં કોઇને કહી નથી, તે વિષે હું પ્રતિજ્ઞા લઉં છું."

"અને તે પ્રસંગે કોને વિશ્વાસપાત્ર બનાવ્યો હતો ?" તેણીએ પૂછયું.

"મારો એક નિમકહલાલ, વિશ્વાસુ અને ખાસ મિત્ર." જયચંદ્રે જવાબ દીધો. "મારે તેની સાથે ઘાડો સંબંધ છે."

"પણ તે કોણ ?" તેણીએ પૂછયું

"શીવપ્રસાદ." જયચંદ્રે જવાબ દીધો, "તું તેને ઓળખે છે? અલબત્, તે પ્રખ્યાત અને મોટા કુટુંબને છે, તેથી તું ઓળખતી હોવી જોઇએ."

"હા, મેં તેને માટે સાંભળ્યું છે–એક વખત મેં તેને જોયો છે." તેણીએ શાંતતાની ઢબે કહ્યું. "અને હવે મને કહો, વહાલા જયચંદ્ર, કે તમે પેલા આસમાની ડગલાનું અને ફેંટાનું શું કર્યું?"

"અહા! આવાં નજીવાં કપડાંની તું આટલી બધી દરકાર રાખે, એ શું સંભવિત છે?" જયચંદ્રે ગુંચવાતાં પૂછ્યું.

"ફક્ત એટલાજ માટે હું પૂછું છું કે તે તમને બીજી વખત ઉપયોગ માં આવે." તે હાજર જવાબી અને પહોંચેલી, નખરાંબાજ રમણીએ જવાબ દીધો–"કદાચ હવે પછીને બીજે પ્રસંગે તમારા મગજમાં, તે પહેરવેશથી મને તે નાટકશાળામાં મળવાનો વિચાર આવે તો. અને તેવે વખતે તે પહેરવેશ હું ઓળખતી હોવાથી, તે પહેરેલા માણસને હું ત્યાં ગમે તેટલી ભીડ હોય તોપણ ઓળખી કાઢું."

"હા, વહાલી, ખચીત આપણે પાછાં મળીશું." તેણીને પોતાની બાથમાં લેતાં જયચંદ્રે ઉડાવનારો જવાબ આપ્યો–"અને તારી તેવી મરજી હશે તો કોઇ નાટકશાળામાંજ મળીશું, પણ તે ડગલો અને ફેંટો બીજી વખત ઉપયોગમાં લઇ શકાય એમ નથી, કારણ કે તેતો મેં તરતજ બાળી મૂકાવ્યાં હતાં."

"હેં! શું કહોછો? તમે બાળી મૂકાવ્યાં?" તેણી જાણે તે વાત માનતી ન હોય તેમ એકદમ ચમકીને એવી ઢબમાં બોલી કે, જયચંદ્રને પણ અજાયબી લાગી કે આવી સહેજ બાબતને તેણી આવું મોટું રૂપ આપી કેમ બોલતી હશે?

"હું પ્રતિજ્ઞા ઉપર કહું છું," તે બોલ્યો–"કે મેં તે ડગલો તથા ફેંટો તેજ વખતે મારા એક નોકરને આપીને હુકમ આપ્યો હતો કે તેજ વખતે બાળી મૂકે. અને મારો તે હુકમ માનવામાં નહિ આવ્યો હોય, એમ માનવાનું મને કંઇ કારણ નથી. અને જો કદાચ તું મને પૂછીશ, વહાલી,

કે એવું વિચિત્ર પગલું મેં કેમ લીધું, તો હું ખૂલા દિલથી જણાવીશ કે, મને લલચાવનારી વસ્તુનો નાશ થાય, તો હું લાલચને વશ થાઉં નહિ; પણ આવી નજીવી બાબતને તું આવી મહત્વતા કેમ આપે છે? અને આવા એક નજીવી કિંમતના ડગલા અને ફેંટા માટે તને આટલી બધી દરકાર રાખવાનું શું કારણ?"

"કારણ કે તમારી દરેક વર્તણુક જાણવાને હું ઇચ્છું છું, વહાલા જયચંદ્ર." તરત જવાબ મળ્યો. "અને તેને માટે આવા પ્યાર ભરેલા ખુલાસાની વાતચિત કરતાં બીજો વધારે સારો રસ્તો નથી. હવે મને લાગે છે કે તમે કળાને ઘણા પ્યારથી ચાહો છો—અને ખોટા વહેમથી તેણી દોરવાઇ જઇ તમને છોડી દેવાના નિશ્ચય ઉપર આવી નહિ હોત તો તમે તેણીને વફાદાર રહેત. વળી એમ પણ મને લાગે છે કે, તમારા મનની મજબૂતાઇ ઉપર આધાર રાખવા કરતાં, છેલ્લી ઘડીએ પણ તમે લાલચને વશ ન થાઓ, તેની સાવચેતીના ઉપાય તરીકે તમે તે કપડાં બાળી મૂકયાં—ત્યારે શું તમે એમ ધારો છો કે આવી નજીવી બાબતમાંથી પણ તમારી વર્તણુક વિષે ઉંચો અભિપ્રાય મને નથી થતો? ના—ના—હું તમારા આ સઘળા વિચારો મારા અંતઃકરણમાં જડી રાખીશ, અને તેથી આગળ જતાં હું તમને વધારે ઓળખીશ. હવે મને માત્ર એકજ સવાલનો જવાબ આપો—જોકે તમને તો તે નજીવો લાગશે, પણ મને તેનો જવાબ જાણવાની જીજ્ઞાસા છે."

"ચાલ ત્યારે બોલી જા—હું તેનો જવાબ દઇશ." જયચંદ્રે પેલી ભેદ ભરેલી રમણીના લાંબા ભાષણથી ભોળવાઇ જતાં પૂછયું.

"તમારી પૂરેપૂરી ખાત્રી છે કે, તે કપડાં બાળી મૂકવામાં આવ્યાં હતાં?" તેણીએ પૂછયું—"તમે ખરી ખાત્રીથી માનો છો કે જે નોકરને તમે કપડાં બાળી મૂકવા આપ્યાં હતાં, તેણે તેનો પ્રમાણિકપણે અમલ કર્યો હતો?"

"હું તો પ્રમાણિકપણે માનું છું કે, તેમજ થયું હશે." જયચંદ્રે જવાબ દીધો—"પણ હું પ્રતિજ્ઞા ઉપર કહી શકું નહિ કે બેશક તેમ થયું હતું. મને એમ પણ યાદ આવે છે કે એક છોકરાને મેં હાલમાં નોકર તરીકે નવો રાખ્યો છે. તેને મેં તે કપડાં બાળી મૂકવા આપ્યાં હતાં, અને મારા હુકમ-

નો અમલ નહિ કરવાનું તેને કંઇ કારણ હોય એમ મને તો લાગતું નથી. પણ ખચીત, સાધારણ જીજ્ઞાસા કરતાં આ સવાલો પૂછવાનો, કંઇ ખાસ હેતુ હશે ?"

"ના–ના, હું ખાત્રીથી કહું છું કે તેવું કંઇ નથી." તેણીએ જવાબ દીધો.

તેજ વખતે ગાડી પણ અટકી. પેલી સ્ત્રીએ ઉતાવળથી એક રૂમાલ જયચંદ્રની આંખો ઉપર બાંધી દીધો.

"મને તું પેલા અંધારા, ભેદી અને પ્રેમપાશના ઓરડામાં લઇ જવા ધારે છે?" કળાના વિચારથી તેના અંતરમાં થતા પસ્તાવાને બળાત્કારથી દૂર કરવા યત્ન કરતાં, મોજમઝાના વિચારે તેના મગજનો કબજો લેવાથી તેણે ખુશાલીમાં પૂછયું.

"હા, વહાલા, હું તમને ફરીથી ત્યાંજ લઇ જવા ઇચ્છું છું." તેણીએ કોમળ અવાજે જવાબ દીધો:–"જો તમને તે પસંદ હોય તો......"

"અહા ! શું તને તે વિષે શક છે?" જયચંદ્ર બોલ્યો–"તેં મને તારી જાળમાં સપડાવ્યો છે–મારામાં વિકારી જુસ્સો ઉત્પન્ન કર્યો છે–ને મારા ઉપર મોહની જાળ પાથરી દીધી છે–અને હું તેને તાબે થાઉં છું." આ વખતે તેના ઉંડામાં ઉંડા અંતઃકરણમાંથી શું ઉદ્ગાર નીકળ્યા હશે? તે આવા હતા–"અફસોસ ! મારી પ્રેમની પૂતળી–ગરીબડી કળા !"

ગાડીનું બારણું ઉઘડયું. પેલી સ્ત્રી મોઢા ઉપર બુરખો નાખી નીચે ઉતરી–જયચંદ્રને ઉતાર્યો. પછી દરવાજાનું બારણું ઉઘડયું. અને પછી જ્યારે પેલો ઉંચો નોકર ગાડીનું બારણું બંધ કરીને આગલી બેઠક ઉપર બેસવા ગયો, ત્યારે રાવજી ગાડીની તળેથી નીકળી જઇ એક અંધારે ખૂણે ભરાઇ ગયો. જયચંદ્રને અંદર લઇ પેલી સ્ત્રીએ દરવાજો અંદરથી બંધ કર્યો.

હવે રાવજી ગુંચવાયો–દરવાજેથી અંદર જવાનું તેને અશકય લાગ્યું, પણ તેથી કંઇ આ લુચ્ચો છોકરો નાસીપાસ થાય તેવો નહોતો. બેધડક તે ભીંતે ચઢયો, અને એક ક્ષણવારમાંજ પેલી તરફ બાગમાં ઉતરી પડયો. અને પછી પેલી સ્ત્રી જયચંદ્રનો હાથ પકડી રેતીવાળે રસ્તે ચાલતી હતી,

તેમના ઉપર ધ્યાન રાખી, ફૂલનાં ઝાડવાંને ઓથે ઓથે, કંઇ પણ અવાજ વગર, રાવજી આગળ ચાલ્યો.

આ વખતે તે મકાન લક્ષપૂર્વક જોવાની રાવજીને તક મળી નહિ, કારણકે તરતજ એક બારણાની આગળ તે સ્ત્રી અને જયચંદ્ર ઉભાં રહ્યાં. ત્યાં તદ્દન અંધારૂં હતું. તેથી રાવજી હિંમત ધરી, બીન અવાજે, ધીમે પગલે, આગળ ચાલીને, જેવું તે સ્ત્રીએ બારણું ઉઘાડયું કે ત્યાં બાજુ ઉપર જઇને ઉભો.

"હવે વહાલા જયચંદ્ર, મને તમારો હાથ આપો." પેલી સ્ત્રીએ કહ્યું. "હું તમને હવે પેલા ઓરડામાં લઇ જઇશ–કે જેને તમેજ અંધારા–ભેદી–અને પ્રેમપાશના ઓરડાનું નામ આપ્યું છે."

રાવજી ત્રણે નજીક ઉભો હતો, તેથી આ દરેક શબ્દ તેણે સાંભળ્યા. અને અંધારો ઓરડો સાંભળીને તેણે જે યુક્તિ કરવા ધારી હતી, તેમાં ફતેહ પામવાનો તેને નિશ્ચય થયો–તે યુક્તિ, પેલી સ્ત્રી અને જયચંદ્રનો ઠેઠ સુધી પીછો લેવાની હતી–અને જ્યારે તે ઓરડામાં અંધારૂં હોવાનું સાંભળ્યું, ત્યારે તો બેધડક ત્યાં જઇ શકવાની તેને ખાત્રી થઇ.

તે તક હાથમાં હતી–બારણું ઉઘાડું હતું–અંદર તદ્દન અંધકારનું રાજ હતું–અને પેલી સ્ત્રી જયચંદ્રના તરફ વળી હતી–જયચંદ્રની આંખે પાટો હતો–તે સ્ત્રીના મોઢા ઉપર બુરખો હતો–આ પ્રમાણે તમામ સંજોગો રાવજીની યુક્તિની તરફેણમાં હતા–તે એકદમ, જેમ સાપ બિલકુલ અવાજ થયા વગર સપાટાબંધ ચાલ્યો જાય છે–તેમ અંદર ચાલ્યો ગયો–આગળ જતાં હાથ ફેરવતાં દાદર જણાયો–શ્વાસ ઉંચો રાખી બાજુ ઉપર ઉભો રહ્યો.

તે સ્ત્રીએ બારણું બંધ કરીને, જયચંદ્રનો હાથ પકડીને દાદર ઉપર ચઢવા માંડયું ઘોર અંધકારમાં, વગર અવાજે, રાવજી પણ પાછળ પાછળ ચઢ્યો–તેની બેમાંથી કોઇને ખબર પડી નહિ–તે કંઇક છેટેથી ચાલતો–તદ્દન પાસે ન થઇ જવાય તેની કાળજી રાખતો. ઉપર ગયા પછી, ચાલમાં થઇને ઓરડા આગળ પેલી સ્ત્રી અને જયચંદ્ર ઉભાં રહ્યાં–તે વખતે રાવજી પણ ત્યાં, સહેજ દૂર હતો; અને જ્યાં બારણું ઉઘડયું કે, તેજ પળે રાવજી

બહુજ ધીમે પગલે–આંગળીઓનાં ટેરવાં ઉપર–બિલકુલ અવાજ વગર, ચૂપકીદીથી ઝપાટાબંધ પેલાં એની આગળજ ઓરડામાં દાખલ થઇ ગયો–ભૂત પણ આથી વધારે ચૂપકીદીથી દાખલ થઇ શકે નહિ–પછી પેલાં બન્નેએ અંદર જઇને પેલી સ્ત્રીએ બારણું બંધ કર્યું. આપણો વિચિત્ર રાવજી એક બારીના પડદા પાછળ ભરાઇ ગયો–અને હવે એને બદલે ત્રણજણ તે અંધારા—ભેદી–અને પ્રેમપાશના ઓરડામાં–કે જે ખુશબોદાર સુગંધીથી મઘમઘતો હતો–તેમાં ભરાયાં.

પ્રકરણ ૬૯ મું.

જયચંદ્ર ફસ્યો.

આ ઓરડામાં જયચંદ્ર બીજી વખત આવ્યો છે, તે તો વાંચનારના ધ્યાનમાં હશે–જોકે પહેલી વખતની આપણને જાત માહિતી નથી–માત્ર તેણે પોતાના મિત્ર શીવપ્રસાદને તે વખતની વાત, એક નવલકથા તરીકે કહી બતાવી હતી, તે આપણે સાંભળી હતી.

પેલો વિચિત્ર છોકરો–રાવજી–તેજ ઓરડામાં સંતાયેલો છે, છતાં પેલું પ્રેમમાં મસ્ત થયેલું જોડું, કોઇ ત્રીજા પ્રાણીની હાજરીના શક વગર, પોતાની કામકળામાં મસ્ત બન્યું હતું.

એક મોટી બેઠક ઉપર બન્ને જણ બેઠાં. પેલી સ્ત્રી, જયચંદ્રનાં ગળામાં હાથ નાખી, તેને પોતાની ઉછળતી સાથે વહાલથી ચાંપતી હતી–જયચંદ્ર તો ખુશ ખુશ થઇ ગયો હતો, અને ભરાવદાર છાતીના, પોતાના શરીર સાથે થતા સંબંધથી, કામાવેશમાં ગાંડોતુર બની ગયો હતો–પુરૂષ જાતને, સ્ત્રીના મોહપાશમાં નાખવાનાં, જેટલાં જેટલાં સાધનો કવિઓ પોતાની છટાદાર ભાષામાં વર્ણવે છે, તે તમામ સાધનો અહીં હતાં.

"વહાલા જયચંદ્ર" પેલી સ્ત્રી એક વહાલનું ચુંબન લેતાં બોલી.

"તમે જાણો છો કે હું તમને ચાહું છું—જો તેમ ન હોત તો તમને આ બીજી વખત હું અહીં લાવી હોત નહિ—બોલો—વહાલા જયચંદ્ર-તમે માનો છો કે હું તમને ચાહું છું?"

"હા, વહાલી—મારી ખાત્રી છે કે તારો મારા ઉપર પ્યાર છે." તેણે જવાબ દીધો.

"હું ખરૂં કહું છું, વહાલા જયચંદ, કે હું તમને સંપૂર્ણ પ્યારથી ચાહું છું." તે સ્ત્રીએ કહ્યું. "અને હું તમને ચાહું છું, તે મારા પ્યારની સાબીતિ તરીકે જે મારી સત્તામાં હોય, તે તમામ હું તમારે માટે કરવાને ઇન્તેજાર છું."

"હા, મારી મધુરી, હું જાણું છું કે તું ખરેખરી માયાળુ, અને ઉદાર દિલની છે," તે બોલ્યો—"પણ જો કોઇપણ રીતે તું મારા ઉપર મહેરબાની બતાવી શકે તો તે એજ છે કે તારૂં નામ મને કહે, અને તારો સુશોભિત ચહેરો બતાવ."

"હાલ નહિ, તેને હજુ વાર છે," તેણીએ તેના ગાલ પંપાળતાં જવાબ દીધો—"પણ હું મારો પુરો વિશ્વાસ તમારા ઉપર મૂકું તે વખત હવે ઘણો દૂર નથી, વહાલા જયચંદ્ર."

"મારી સ્વરૂપસુંદરી, તું એમ નહિ ધારતી કે હું કંઇ નકામી જીજ્ઞાસાથી જાણવા માગું છું," જયચંદ્ર બોલ્યો—"નહિ, નહિ—તેમ નથી. તેમજ તારૂં નામ જાણવાની પણ મને વધારે ઇન્તેજારી નથી—માત્ર તારો ચહેરો જોવાનીજ મારી ઇચ્છા છે. તું કોણ છે તે જાણવાની મને દરકાર નથી—કારણકે મને ખાત્રી છે કે તું ખૂબસુરત છે—અપૂર્વ ખૂબસુરત—એમાં કંઇ શક નથી—તારી ઉછળતી છાતીમાં કામાવેશનો જે જુસ્સો ઉછળે છે તેજ પ્રમાણમાં તારૂં સૌંદર્ય અદ્ભુત હોવું જોઇએ."

"તમે હવે જલદી મારો ચહેરો જોઈ શકશો, મારા ચંદ્ર." તેણીએ જવાબ દીધો. "અને હું કોણ છું, તે પણ જાણશો—અને યોગ્ય વખતે મારો સઘળો છૂપો ભેદ ખુલ્લો થઇ જશે. પણ તે દરમિયાન તમે મને કહો કે, તમારૂં શું કામ કરીને હું મારા પ્યારની સાબીતિ બતાવું? મને

કહો, વહાલા જયચંદ્ર, કે મારી દોલત તમને મદદ કરી શકશે ? કારણ કે તમે ખાત્રી રાખો, કે હું ઘણી પૈસાદાર છું–શ્રીમંત છું–અને ઘણી ખુશીથી મારી દોલતનો મોટો ભાગ હું તમને આપી શકીશ."

"અહા ! ઉદાર દિલની સુંદરી ! જેવી પ્રેમાળ છે, તેવીજ ઉદાર છે." જયચંદ્ર તેણીને પોતાની છાતી સાથે દાબીને બોલ્યો. "તારી ઉદારતા ભરેલી લાગણીને માટે હું તારો ઘણો આભારી છું, પણ મારે પૈસાની જરૂર નથી. કારણ કે હું પણ પૈસાદાર છું, તે તું પણ કદાચ જાણતી હોઇશ, કારણ કે તું મારૂં નામ વગેરે જાણે છે."

"અહા ! વહાલા જયચંદ્ર," તેણી આવેશપૂર્વક બોલી. "હું જાણું છું કે હાલ તમે પૈસાદાર છો: પણ શું તમારી મિલકત ઉપર કોઇ જાતની આફત સૂરકીયાં કરતી નથી ? તમે ભયભરેલી સ્થિતિમાં આવી પડયા નથી ?"

આ સવાલો સાંભળીને જયચંદ્ર ચમકયો. તેણી કોણ હશે કે જે તેની ખાનગી વાતો પણ જાણે છે ? તેણી કોણ હશે કે, જે તેની હાલની સ્થિતિ વિષે છુપો ભેદ પૂરેપૂરો જાણે છે ?

"આ બધી હકીકત તેં શી રીતે જાણી ?" થોડી વાર પછી જયચંદ્રે પૂછયું.

"તે વિષે મને પુછો નહિ, જયચંદ્ર." તેણીએ જવાબ દીધો. "જો કદાચ હું કોણ છું તે તમે હાલ જાણો, તો પણ તમારી ખાનગી બાબત મારા જાણવામાં શી રીતે આવી, તે વિષે તમે અનુમાન કરી શકશો નહિ–મેં તમને તે વિષે જે કહ્યું તે ફકત તમારા તરફના મારા પ્યારને લીધે કહ્યું છે–તમારે માટે મને ઘણી ઉંડી લાગણી છે–તમને જે જે લાગતું વળગતું છે, તેમાં હું પૂરતું ધ્યાન આપું છું–અને તેથી કદાચ તમારી મુશ્કેલીમાં હું તમને કંઇ મદદ કરી શકું."

"અરે ! તું તે કેવી ભેદ ભરેલી, અને નહિ કળી શકાય એવી સ્ત્રી છે ?" જયચંદ્ર તેણીને વહાલથી પોતાના પાસામાં ચાંપી ચુંબન લેતાં બોલ્યો–"ખરેખર, તું સાધારણ મનુષ્ય જાત કરતાં કોઇ ઉંચા દરજ્જાની

પરી જેવી છે. કદાચ સ્વર્ગમાંથી કોઈ અપ્સરા, પૃથ્વી ઉપર રમણુ કરવાની જીજ્ઞાસાથી, માણુસના આકારમાં ઉતરી આવી હોય, અને મારા ઉપર મન લગાડયું હોય ! કદાચ કોઇ શ્રાપ પામેલી દેવી, મૃત્યુ લોકમાં જન્મ પામી, મારી સાથે રમણુ કરવા આવી હોય ! અહા ! ભેદી રમણી-તારો મોહ પાશ–જાદુ–વશીકરણુ–અને તારી ચાતુર્યતા–એ સિવાય બીજી કશી જાતની મને સમજ પડતી નથી. હું તારા તરફ ઉપકાર વૃત્તિથી–અજાયબીથી–મોજ-મઝા ભોગવવાની વૃત્તિથી–અને છેવટ પ્યારની લાગણીથી ખેંચાઉં છું.”

પણુ જેવા આ છેલ્લા શબ્દો તે બોલ્યો, તેજ વખતે તેના અંતઃકરણુ માં એક ઉંડો જખમ લાગ્યો; કારણુ કે તેજ વખતે કળાની પ્રેમમય પવિત્ર મૂર્તિ તેના માનસિક વિચારમાં ખડી થઇ. તે મૂર્તિને બળાત્કારે દૂર કરી, પશ્ચાતાપના વિચારો કાઢી નાખવાના ઇરાદાથી તે બેવફા–અપ્રમાણિક–ચંચળ વૃત્તિનો–જયચંદ, પેલી બલા–જે તેને સ્વર્ગ સુંદરી લાગતી હતી–તે ભેદી બલા-ને પોતાની છાતી સરસી દબાવી, તેના મોહપાશમાં લપટાઇ, કળાને ભૂલી ગયો. હા, તે સતી સ્વરૂપ, પ્રેમની મધુરી મૂર્તિ, અને સદ્‌ગુણી કળાને ભૂલી ગયો–તેણીને આપેલાં વચનો–કરેલી પ્રતિજ્ઞાઓ–તેણી હાલમાં છૂટી પડવા-થી તેને થયેલું દુઃખ–એ તમામ ભૂલી ગયો. અને મોહાધપણામાં પેલી અ જાણી–ભેદી–ફસાવનારી–બલારૂપી–સ્ત્રીને વશ થઇ ગયો–કે જેનું નથી જાણતો નામ કે ઠામ–નથી જાણતો કે તે કાળી છે કે ગોરી–નથી જાણતો કે તે જુ-વાન છે કે ઉમરે પહોંચેલી–નથી જાણતો કે તે ધારે છે તેવી સ્વરૂપવાન છે કે અંધારામાં તેને છેતરે છે–આમાંનું કશું જાણતો નથી. માત્ર તેણીના સ્ત્રી ચરિત્રને–કામકળાને વશ થઇ ગયો. માણુસની ચંચળવૃત્તિ કેવાં કેવાં કૃત્યો કરાવે છે ?

“ તું ખરેખર પ્રીતિપાત્ર છે, વહાલી.” તે બોલ્યો. “ મને વચન આપ કે આપણે ફરીથી મળીશું. અરે ! પણુ આપણે જુદાંજ શું કરવા પડવું જોઇએ ? ખચીત, જેવો હું મારો પોતાનો માલિક છું, તેમજ તું પણ સ્વતંત્ર હશે.” એકદમ મોહના જુસ્સામાં આગળ પાછળનો વિચાર કર્યા વગર ગમે તેમ ભરડી ગયો.

"તમે શું કહેવા માગો છો, જયચંદ્ર?" તેણી ધીમેથી મૃદુ અવાજે બોલી. "કદાપિ ધારો કે તમે તમારા પોતાના માલિક છો–કે જે ખરૂં નથી–અને ધારો કે હું સ્વતંત્ર છું–કે–જે હું ખરેખર છુંજ–તો તમે મને શું અનુમાન કરાવવા ઇચ્છો છો?"

"હું તને જવાબ આપું તે પહેલાં મને કહે કે શા ઉપરથી હું મારો માલિક નથી, એમ તું કહે છે?" જયચંદ્રે પૂછ્યું.

"કારણ કે તમે કળાને ચાહો છો." તેણીએ એવી ઢબથી જવાબ દીધો કે તે સાંભળનારને ઇર્ષ્યાળુ અને દુઃખી લાગે. "તે વાત તમે ગાડીમાં કબુલ કરી છે."

"પણ તું ઘણી મોહક રમણી છે, અને મારી ખાત્રી છે કે ઘણીજ ખૂબસુરત છે, અને બીજી તરફ પ્યારમાં જતું અંતઃકરણ તું હરી લે તેવી છે." જયચંદ્ર બોલ્યો. તે એવો મોહની જાળમાં સજ્જડ સપડાઇ ગયો હતો કે તે શું બોલે છે તેનું તેને ભાગ્યેજ ભાન હતું.

"ત્યારે શું તમે મારી એવી ખાત્રી કરવા માગો છો, કે તમે તમારી કળાને ભૂલી જઇને મારા ઉપર તમારો પ્યાર લાવી શકશો?" તેણીએ ધીમે ધીમે પોતાની જાળ પાથરતાં પૂર્ણ જીજ્ઞાસાથી પૂછ્યું, અને જયચંદ્રને લાગ્યું કે આ સવાલનો જવાબ સાંભળવાની અધીરાઇથી તેણીની છાતી ધબકતી હતી.

"ઓ, પ્રભુ! તું મને શું કહેવડાવવા માગે છે? મને લાગે છે કે હું તને ઘણા પ્યારથી ચાહું છું, અને એવું સોગન ઉપર કહેવાને લલચાયો છું." જયચંદ્રે જવાબ દીધો. "ફક્ત તારો ચહેરો હું નજરે જોઉં–જેવી તને હું ખૂબસુરત ધારૂં છું, તેવી જો હોય–ત્યારે તો ખરેખર તેં મારા ઉપર જીતજ મેળવી છે, અને મને પૂરેપૂરો વશ કરી લીધો છે."

"હજુ હું તમને મારો ચહેરો બતાવીશ નહિ, જયચંદ્ર" તેણીએ દૃઢતાથી કહ્યું. "છતાં હું તમને ખાત્રીથી કહું છું કે જેવી તમે મને ધારો છો, તેવીજ હું ખૂબસુરત છું. હમણાંજ મારા ચહેરા ઉપર તમારો હાથ ફેરવીને ખાત્રી કરો. તમને તે સુંવાળો લાગશે. અને મારા શરીરના સઘળા

અવયવો હાથ ફેરવી જોવાથી તમારી ખાત્રી થશે કે હું સંપૂર્ણ રીતે ખૂબસુરત છું."

"હા, વસંતઋતુમાં જેમ લીલાં ઝાડપાન ખીલી નીકળે છે, તેમ તારી ખૂબસુરતી પૂર બહારમાં ખીલેલી હશે, એમાં કંઇ શક નથી." જયચંદ્ર વધારે ને વધારે જાળમાં સપડાતો પોતાની ખુશાલીના ઉભરા કાઢતો બોલ્યો.

"ત્યારે શું તમારી પૂરેપૂરી ખાત્રી થાય છે કે તમે જેવી ધારો છો તેવી હું ખૂબસુરત છું?" તેણી વધારેને વધારે જયચંદ્રને પોતાની મોહજાળમાં ફસાવતી, ચેનચાળા કરતી વિનોદ ઉપર ચઢી–અને તેનું ઝેર જયચંદ્રની દરેક નસમાં વહેવા માંડ્યું.

"મારી સંપૂર્ણ ખાત્રી છે કે તું અપૂર્વ ખૂબસુરતીનો ભંડાર છે." મોહાંધ બનેલા જયચંદ્રે જવાબ દીધો." અરે! ઓ, ભેદ ભરેલી સુંદરી! શા માટે તેં તારી મોહજાળ મારા ઉપર પાથરી? ખરેખર કોઇ જાદુગર છે કે શું? કારણ કે જો હજુ પણ, ખૂબસુરત પરી સમાન કળાની સાથે મારો પ્યાર પાછો જોડવા તારા હાથમાંથી છટકવા મારૂં મન થાય છે–મને પશ્ચાતાપ થાય છે–છતાં તારી જાદુઇ મોહક અસરને હું દૂર કરી શકતો નથી. ભલે ત્યારે, તું મનુષ્યાકારમાં ગમે તે હોય–ડાકયણ હોય–વંતરી હોય–કે દેવી હોય–કે સ્વર્ગની અપ્સરા હોય–અથવા મને ફસાવવા કોઇ રાક્ષસી આવું રૂપ લઇને આવી હોય–અથવા સ્વર્ગની પરી મને મોજમઝા ચખાડવા આવી હોય–આમાંથી ગમે તે તું હોય, તોપણ તેં મારા પ્યાર ઉપર જીત મેળવી છે, અને હું સર્વથા તારો છું–તારોજ છું."

આમ બોલીને જાણે વશીકરણ વિદ્યાથી પેલી અજાણી બલાએ વશ કરી લીધો હોય, તેમ જયચંદ્ર તેણીને તાબે થઇ ગયો. તે શું બોલે છે તેનું પણ તેને ભાન નહોતું. અને તેણીને પોતાની છાતી સાથે જોરથી દાબી. તેણીએ પણ સામો તેવોજ ઉમળકા ભરેલો પ્યાર બતાવ્યો. અને તે એવો ગુલામ બની ગયો કે તેણી જે કહે તે કરવા આંધળો બની તૈયાર થાય.

"હવે જયચંદ્ર," તેણી બોલી–કે જેને હવે પૂરતો સંતોષ મળ્યો હતો કે તેણીએ જયચંદ્રના ઉપર પૂરો કાબુ મેળવ્યો છે. "તમે મને તન અને

મનથી હાલતો પૂરેપૂરા તામે થયા છો, પણ મને ધાસ્તી લાગે છે કે, રખેને તમે પાછા કાલે સવારે, તમે જે હમણા ઉછાંછળુ પગલું ભરો છો, તે માટે પસ્તાશો !"

"નહિ. કદી નહિ. એવું કદી બનશે નહિ." તેની તરફ આવો શક બતાવવાથી તેને ખોટું લાગતાં એકદમ બોલી ઉઠયો. અને કાલાવાલા કરતો સોગન ઉપર સોગન ખાવા લાગ્યો કે જેથી પેલી સ્ત્રીને સંપૂર્ણ ભરોસો આવ્યો.

"હા, હવે હું તમારૂં માનું છું, મારા વહાલા જયચંદ્ર." તેણી બોલી." અને હવે હું તમને પૂછું છું કે થોડીવાર પહેલાં તમે બોલ્યા હતા કે, આપણે શા માટે હવે છૂટા પડવું જોઇએ; તો તેનો શું ભાવાર્થ હતો ?"

"મારા બોલવાનો એવો ભાવાર્થ હતો, કે ગમે તો મારી માશુક તરીકે અથવા મારી સ્ત્રી તરીકે, તારે મારી જીંદગીસુધી મારી સાથેજ રહેવું પડશે." જયચંદ્રે છેલ્લો નિર્ણય જણાવ્યો.

"તમારી માશુક-અથવા તમારી સ્ત્રી-" તેણી ધીમેથી, જાણે વિચાર કરતી બોલતી હોય, તેમ બોલી-" અહા ! હું તમારી માશુક તરીકે રહું એ વધારે બંધબેસ્તું થઇ પડશે, કારણ કે હું તમારાથી કેટલેક વર્ષે મોટી છું. પણ મારી આબરૂ, મારી પ્રતિષ્ટા, મારો મોભો-અને છેવટે સ્ત્રી જાતિ તરીકેનું મારૂં અભિમાન-આ બધા વિચારો ધ્યાનમાં લેતાં, તમારી પરણિયત સ્ત્રી થવાનું મને વધારે ગમે છે. તો વહાલા જયચંદ્ર, મને કહો કે, તમે મને પરણશો ?"

"જો તારી મરજી હશે તો હું તેમ કરીશ," તેણે જવાબ દીધો-"અને પછી તને સંપૂર્ણ રીતે હમેશને માટે મારી કરીશ."

પ્રિય વાંચનાર, જોયું ! હવે કંઈ બાકી છે? કળા તદ્દન વિસરાઇ ગઇ-તેણીનો પ્યાર જરા પણ આડે આવ્યો નહિ-તેણીના ઉપરના મોહ ઉપર અંધકારનો પડદો ફરી વળ્યો-અહા ! માણસજાતનો સ્વભાવજ એવો હોય છે ! તેમાં બિચારા જયચંદ્રનો ઘણો દોષ કાઢવો ઠીક નહિ. તેનું ચિત્ત કેવું ચળિત છે તે આપણે એકથી વધારે વખત જોઇ ગયા છીએ, પણ હજુ ઉતાવળા થવાનું કારણ નથી. હજુ જોવાનું છે કે આ અદઢ મનનો જુવાનીઓ કેટલે સુધી પોતાનાં વચનો પાળે છે.

" અને તેના બદલામાં " તેણી બોલી–" હું તમને તમારી હાલની મુશ્કેલીમાંથી બચાવવાનું માથે લઉં છું. વહાલા જયચંદ, જે આફતનું વાદળ તમારા ઉપર ઘેરાઇ રહ્યું છે, તેને હું વિખેરી નાખીશ. તમારી મિલકત–તમારી જાગીર–તમારી પ્રતિષ્ઠા–એ સર્વ હું બચાવીશ–અને તમારી સામે નો દાવો હું મારા પગ તળે કચરી નાખીશ."

" ઓ ! પ્રભુ ! તું કોણ છે ? આવી ભેદભરેલી સ્ત્રી તું કોણ છે?" જયચંદ્ર અજાયબીમાં ગરકાવ થઇ બોલી ઉઠયો.

" હું કોણ છું, તેની હાલ તમારે દરકાર રાખવાની નથી." તેણીએ તેને પટાવતાં જવાબ દીધો–" તમે કબુલ કર્યું છે કે તમે મારી સાથે લગ્ન કરશો, જયચંદ્ર. પણ તમે જે વચન આપ્યું છે તે ઉપર વિચાર કરવાને મારે તમને વખત આપવો જોઇએ, એટલુંજ નહિ, પણ જે શરત હું કરવા માગું છું, તેપણ હું તમને જણાવીશ. તે એ કે–મને તમારી પરણિયત સ્ત્રી કરો, અને તમારા ઉપર જે દિવાની દાવો થયો છે–કે જેથી તમારી મિલકત–જાગીર અને તમારી પ્રતિષ્ઠાનો નાશ થવા જેવું છે–ને દાવાની સામે હું લઢીશ, અને તમારો સઘળી રીતે બચાવ કરીશ; પણ હું એવી મિથ્યાભિમાની કે બેવકૂફ નથી કે હું એવું માની બેસું કે અત્યારે જે તમે મને ચાહો છો–અને મને જે જે પ્યાર ભરેલાં વચનો કહોછો–તેવીજ લાગણી કાલે કાયમ રહેશે! અને હું જાણું છું કે જ્યારે તમે સ્થિર ચિત્તે વિચાર કર્યા પછી જે નિર્ણય ઉપર આવશો, તે ઉપર મારી શરત પૂરી કરવાનો આધાર રહેશે. તમારો વિચાર તમારે મને કેવી રીતે જણાવવો તે હું તમને સમજાવીશ."

" ત્યારે તે બધું સમજાવી દે, વાહલ." જયચંદ્ર આતુરતાથી બોલ્યો.

" માત્ર તમારે તમારા વકીલ રમણીકલાલને એટલુંજ જણાવવું કે, દાવાની બાબતમાં ખાનગી નીકાલ લાવવાનું તમે નક્કી કર્યું છે." તેણીએ ખુલાસો કર્યો.

" ત્યારે શું, તું મારા વકીલને પણ ઓળખે છે?" જયચંદ્ર પાછો અજાયબીમાં પડતાં બોલ્યો. " ત્યારે તો તે પણ તને ઓળખતો હશે, અને તું તેને ઓળખતી હોઇશ. એટલુંજ નહિ પણ, તે તારી સાથે સંદેશા

ચલાવતો હશે-જો તેમ ન હોય તો માત્ર મારા તરફથી તેને સૂચના મળે, તે તારે કાને શી રીતે આવી શકે? "

" હું પ્રતિજ્ઞા પૂર્વક ખાત્રીથી કહું છું, જયચંદ્ર, કે હું તમારા વકીલ રમણીકલાલને તદ્દન ઓળખતી નથી." તેણીએ જવાબ દીધો. " એટલુંજ નહિ, પણ મેં તેને કદી જોયો પણ નથી."

" ત્યારે મારા વકીલને હું જે કહું તે તને શી રીતે ખબર પડે?" જયચંદ્રે ગુંચવાડામાં પડતાં પૂછ્યું.

" જેવા પ્રકારની સૂચના આપવાનું હું કહું છું, તેવા પ્રકારની સૂચના વિષે બીજે કોઇ પણ રસ્તે મારે કાને વાત આવે એમ શું સંભવિત નથી?" તેણીએ આડો સવાલ પૂછ્યો.

" અહા! હું સમજ્યો" જયચંદ્રે કહ્યું. " ખરી વાત છે. હું ખાનગી નીકાલ લાવવા ઇચ્છું છું, એવી સૂચના હું મારા વકીલને આપું, તો તે વાત સામાપક્ષમાં પહોંચેજ-અરે! ત્યારે શું મારા દુશ્મનોની સાથે તારે કોઇ પણ પ્રકારનો સંબંધ છે?"

" આવાં આવાં ખોટાં અનુમાન શું કરવા કરો છો? તેતો કોઇ મને ઓળખતાજ નથી." તેણીએ વિશ્વાસ પડે એવી ઢબે જવાબ આપ્યો. " પણ જ્યારે હવે તમારી ખાત્રી થાય છે કે મારો ભેદ કળી શકાય એવો નથી, અને જે દિવસે-જે વખતે-અને જે પળે-મારી પોતાની મરજીથી હું મારો ભેદ ખૂલ્લો કરીશ, ત્યાં સુધી તમે જાણી શકવાના નથી, ત્યારે પછી મને કેવી રીતે ખબર મળશે, તે જાણવાને તમે નકામાં ખોટાં અનુમાન કરીને શું કરવા માથાફોડ કરો છો? તમે ખાત્રી રાખો, વહાલા જયચંદ્ર, કે તમારી મુશ્કેલીમાં હું તમને સહાય થઇશ. અને એ કામમાં એવું ખાસ જરૂરનું છે કે તે તરફ તમે તમારી બંધ આંખોએ જોશો નહિ-જો તમે કાયદાની બારીકી ઉપર વિશ્વાસ રાખશો તો તમારો દુશ્મન જીતશે-પણ જે શરત મેં કરી છે, તે તમે કબુલ કરશો તો તમે જીતશો. અને તેમ કરતાં જો હાલ તમને આંચકો લાગે-કે જે મારી ખાત્રી છે કે તેમ થશેજ-અને તમને નિશ્ચય ઉપર આવતાં કેટલાક દિવસ-કેટલાક મહિના પણ નીકળી

જાય—અને ત્યાર પછી તમને મેં જે શરતે મદદ આપવા કહી છે, તે શરતે તે મદદ સ્વીકારવાની ફરજ પડે, તો જે રસ્તે મને ખબર પડે એમ મેં જણાવ્યું છે, તે રસ્તાનો બેધડક ઉપયોગ કરજો—તે વખતે એમ નહિ ધારશો, કે ઘણા દિવસો વહી જવાથી મારા વિચારો તમારી તરફેણુમાંથી બદલાયા હશે—હવે તમે સમજ્યા ?"

"પૂરી રીતે, મારી વહાલી, ભેદ ભરેલી રમણી, હું સમજ્યો." જયચંદ્ર બોલ્યો. "અરે ! તું બિલકુલ ફિકર રાખીશ નહિ કે તારી સૂચનાનો અમલ કરવામાં હું વધારે વાર લગાડીશ ! હું જલદીજ તેનો અમલ કરીશ, કે જેથી આપણે કદી છૂટાં નહિ પડીએ એવી રીતે જલદીજ જોડાઇ જઇશું."

"ઠીક છે, તે તો હવે આપણે જોઇશું." તેણી કંઇક નિસાસો નાખવા જેવા અવાજે બોલી, કે જેથી એટલું તો ખૂલ્લું જણાતું હતું કે જયચંદ્ર જે હાલ મજબૂત પ્યારથી તેણીને તાબે થવાની વાત કરતો હતો, તે ઉપર તેણી પૂરતો વિશ્વાસ મૂકી શકતી નહોતી; કારણકે તે કેવા ચંચળ મનનો છે તે તેણીનાથી અજાણ્યું નહોતું. પછી થોડીવારે તેણી પાછી ખુશનુમા અવાજે બોલી. "હવે વહાલા જયચંદ્ર, ચાલો, એકાદ કલાક આપણે પેલા પલંગ ઉપર એક બીજાને ભેટીને સ્વર્ગ સુખની મોજ કરતાં નિદ્રાવશ થઇએ."

કહેવાની જરૂર નથી કે છેલ્લા શબ્દોનો અમલ થવામાં તે વાક્ય પૂરૂં થવાની પણ રાહ જોવામાં આવી નહિ. પણ હવે મર્યાદાની ખાતર આપણે દૂર જતા રહેવાની જરૂર છે.

પ્યારા વાંચનાર, માણસ જાતનો સ્વભાવ જોયો ? તેની ચળિત પ્રકૃતિનો અનુભવ થયો ? જયચંદ્ર સંપૂર્ણ પ્યારથી કળાને ચહાતો હતો—જે તેણીના પ્રેમમાં ગાંડા જેવો થઇ ગયો—જેણે તેણીનો પ્રેમ જીતવા, પોતાની તમામ ઉછાંછળી ચાલ છોડી દેવા દૃઢ નિશ્ચયથી પ્રતિજ્ઞાઓ લીધી હતી—બલ્કે તે નિશ્ચય મહામહેનતે અમલમાં મૂકયો હતો—વળી—જે જયચંદ્રને કળાના છેલ્લા પત્રથી કારી જખમ લાગ્યો હતો—અને તેને મલમપટા કરવા મહેનતમાં હતો—જે જયચંદ્ર કળાનો પત્તો મેળવવા જીવતોડ મહેનત

કરી રહ્યો હતો—જે જયચંદ પોતાની પ્રેમની પુતળીને પાછી મેળવવા, ખરાબમાં ખરાબ બદમાશોની મદદ લેવા પણ ચૂકયો નહોતો—જે થોડી વાર અગાઉથીજ-તેજ રાત્રે—બદમાશોના ભયંકર અખાડામાં ગયો હતો-તેમને એક તડાકે પાંચસેં રૂપીઆ આપ્યા હતા-વળી બે હજાર રૂપીઆ ઇનામ આપવાનું વચન આપ્યું હતું-આટલોબધો કળાને માટે અપૂર્વ પ્યાર જે જયચંદના અંતઃકરણમાં વાસ કરી રહ્યો હતો-તેજ જયચંદ-તેજ રાત્રે-થોડાજ કલાકમાં-પોતાની પ્રતિજ્ઞાઓ-વચનો ભૂલી ગયો. ભૂલી જવાઇ કળા—ભૂલી જવાયો તેણીના ઉપરનો પ્યાર-ભૂલી જવાઇ તેણીની પ્રેમમય પવિત્ર મૂર્તિ—ભૂલી જવાઇ તેણીની સદ્ગુણી પ્રતિમા—વિસરી જવાઇ તેણીના અમૂલ્ય સદ્ગુણોએ તેના અંતઃકરણ ઉપર પાડેલી ઉંડી છાપ—અહા ! ટુંકામાં—સર્વ સારા વિચારો તેના અંતઃકરણમાંથી ઝપાટાબંધ ઉડી ગયા—ધૂળ ભેગા થઇ ગયા. પોતાનું જીવિત ખરાબ કરવા એક અજાણી બાલાને તાબે થઇ ગયો—તેણીનો ગુલામ બની ગયો. પ્રિય વાંચનાર, આ બધાનું કારણ શું? માત્ર સ્ત્રી ઉપરનો કામ વિકારી મોહપાશ-તેણીનો એકાંતમાં સંયોગ—તેણીને મળવાની તક—યાદ કરો કે જ્યારે થોડા દિવસ ઉપર નાટકશાળાની ટીકીટ આવી હતી, ત્યારે મહા મુશ્કેલીથી પણ આજ જયચંદ તે લાલચને વશ થયો નહોતો—કારણ કે તે વખતે તેને પાસે ખેંચનાર આ બાલારૂપી લોહચુંબક તેની પાસે નહોતું—તેની નજરથી અદૃશ્ય હતું, અને તેથી તે પોતાનો અડગ વિચાર અમલમાં મૂકી શકયો હતો. તે પ્રમાણે જો આ વખતે પણ તેણે, રાવજીએ આપેલો કાગળ ભસ્મીભૂત કરી નાખ્યો હોત—પેલા ઉંચા નોકરની સામે દરવાજો બંધ રાખ્યો હોત—તો આવું થાત નહિ. કારણ કે લોહચુંબક પાસે નહોતું, માત્ર તેની સ્મૃતિ—અનુમાનિક સ્મૃતિજ હતી. આટલું બધું છતાં આપણે જયચંદને ઠપકાથી ગભરાવી નાખતા પહેલાં તેની આ વખતની માનસિક સ્થિતિનો કંઇક વિચાર કરવા થોભવું જોઇએ, અને પછી યોગ્ય ઇનસાફ આપવો જોઇએ. તે કેવી સ્થિતિમાં હતો—કેવી જગોએ હતો—કોની પાસે હતો—કોઇ પણ અટકાવનાર—તેના કાનમાં સારા વિચારોનો સંચાર આણનાર—કોઇ હતું

કે નહિ—તેના મનની સ્થિતિ કેવી હતી—આ સર્વ સંજોગો સાથે સાથે તપાસવા જોઇએ—વળી તે કેવો ચળિત વૃત્તિનો—મોજમઝામાં ફરેલો—અને કેટલીક તરેહ તરેહવારની રૂપ સુંદરીઓની સાથે રમણ કરેલો—એવો આ જયચંદ્ર હતો, તે પણ લક્ષમાં રાખવું જોઇએ. બે ત્રણ દિવસથી કળાના છેલ્લા પત્રથી તેનું મગજ અપાર દુઃખથી અવ્યવસ્થિત થઇ ગયું હતું—તેજ વિચારોમાં ગુંચવાયો હતો—તેના જાણવા તથા માનવા પ્રમાણે કળાને એ પ્રમાણે કરવાનું કશું વાજબી કારણ નહોતું—તેથી દુઃખ, અજાયબી અને ગુસ્સો—સર્વ જાતની લાગણી તેના મગજમાં સ્વાભાવિક રીતે થઇ આવી હતી. તેજ પળે તેના વકીલે આવીને તેના ઉપર દાવો થવાની ખબર આપી—તે દાવો પણ કેવો કે તેની તમામ મિલકત—જાગીર—પ્રતિષ્ઠા—બધું જતું રહે તેવો, અને તેની જીંદગી બરબાદ થાય તેવો હતો. આટલેથી નહિ અટકતાં, તે દાવાની સામે થવાને પોતાની પાસે જે દસ્તાવેજી પુરાવો હતો, તે પણ ચોરાઇ ગયાની તેજ પળે તેને ખબર પડી—અને તેની પાયમાલી નજીક આવવાના ભણકારા તેના કાનમાં વાગવા માંડયા. હવે આવી ઉપરાઉપરી આફતો, એકાએક આવા ચંચળ વૃત્તિના જુવાન માણસના મગજ ઉપર આવી પડતાં, તેનું મગજ ખસેડી નાખવાને પૂરતું કારણ નથી શું? હવે બીજી તરફ જોતાં, આવા પ્રકારની મગજની સ્થિતિમાં એક ખુબસુરત—સ્વર્ગની અપ્સરા જેવી સ્ત્રી—જો કે તેણીને તે ઓળખતો નથી, પણ કેટલાક વખત ઉપર થોડા કલાક સુધી તેણીના સહવાસમાં, માની લીધેલા આનંદનું સુખ તેણે ભોગવ્યું હતું—કે જે સુખના ભણકારા હજુ તેના કાનમાં વાગે છે—તેણીનું પ્યાર ભરેલું આમંત્રણ આવ્યું—તે પણ પ્રપંચ ભરેલું—કંઇ મહત્વના કામનું બહાનું બતાવીને—ત્યારે શું તેણીની મુલાકાત લેવાને તેને લલચાવવાને આ પ્રસંગ વધાવી લેવા જેવો નહોતો? તે તેણીની પાસે ગયો—જો કે તેણીને વશ નહિ થવાના દૃઢ વિચારથી—પણ તે બિચારાને ખબર નહોતી કે એવો કાળુ કોણ જાળવી શકયું છે? પૂર અંધકારમાં, એક પરીના હાથમાં જઇ પડયો—તે પટામણી, મનમોહના રમણીએ તેને પોતાના નાજ નખરાંથી ગુલતાન બનાવી દીધો—તેણી પણ આવી મઝા ઉડાવવાને પૂરેપૂરી કુશળતાવાળી અને છટેલ હતી, તેતો ખુલ્લુંજ છે. હવે

બન્ને જણુ એક એકાંત વાસમાં ગયાં. પોતાની વાકયાતુર્યતાથી આ અદ્દઢ મનના માણસને પોતાની મોહજાળમાં સીકડી લીધો. મોટી મોટી આશાઓથી વશ કરી લેવા ઘણુાજ મૃદુ અવાજથી અને સ્ત્રી ચરિત્રથી તેનું દીલ જીતી લીધું. હવે જુઓ-એકાંત વાસ-કોઈ ત્રીજું માણસ અડચણુકર્તા નહિ-જોઇએ તેવી મનમોહક સ્ત્રી-મોજમઝા ઉડાવવાનાં તમામ સાધનો-અને તેમાં કુશળ અલબેલી રમણી-આ બધું સાથે મળ્યું-અને જયચંદ્ર જેવો સેલાણી, અદ્દઢ મનનો અને વિકારી માણસ-હવે શું બાકી રહે? બિચારો જયચંદ્ર ફસાય એમાં શું નવાઇ? ખરેખર જયચંદ્ર ઠપકા કરતાં વધારે દયા પાત્ર છે. પ્રિય વાંચનાર, આવી સ્ત્રી ચરિત્રની જાળમાંથી, અને કામદેવના ઝપાટામાંથી કોણુ છટકી શકે એમ છે? મોટા મોટા તપસ્વીઓ, રૂષિઓ, અને મહા પુરૂષો-કે જેઓ દુનિઆદારીથી તદ્દન વિરક્ત હતા-તેઓ પણુ ઈંદ્રની અપ્સરાઓની કામ ચાતુર્ય ભરેલી મોહજાળમાં સપડાયા વગર રહ્યા નથી. વિશ્વામિત્ર જેવા સાઠ હજાર વર્ષ સુધી ઇંદ્રિયો સ્વાધીન રાખી તપ કરનાર મહાન રૂષિ પણુ મેનકા અપ્સરાના મોહમાં ફસાઇ, પોતાના અખંડિત તપમાં ખામી લાવવા પામ્યા હતા. તેવીજ રીતે મોટા મોટા ચક્રવૃત્તિ રાજાઓ-મહારાજાધિરાજો-પણુ સ્ત્રીના મોહપાશમાં પોતાનાં રાજ્યનાં રાજ્ય ખરાબ કરી ગયા છે-કપાઇ મુઆ છે રાવણુ જેવો મહા બળવાન રાજા, રામનાં પત્નિ સીતાના મોહમાં સપડાઇ પોતાના પુત્ર પરિવાર, ભાઇભાંડુ સહિત નાશ પામ્યો. દિલ્હીનો ચક્રવર્તિ-અને હિંદનો છેલ્લો, હિંદુ-ચોહાણુ રાજા-પૃથ્વીરાજ-પોતાની સંયુક્તા રાણીના મોહપાશમાં લુબ્ધ થઈ, ગફલતીમાં શાહાબુદ્દીનગોરીથી નાશ પામી હિંદને સદાને માટે પરદેશી-પરધર્મીઓના હાથમમાં મૂકયું-તેજ પ્રમાણે ગુજરાતનો છેલ્લો હિંદુ રાજા-કરણુઘેલો-અથવા કરણુ વાઘેલો-પોતાના પ્રધાનની પતિવૃતા સ્ત્રી રૂપસુંદરીના મોહપાશમાં પડી, પોતે નાશ પામવાની સાથે ગુજરાતનું હિંદુરાજ નાશ કર્યું, અને ગુજરાતની ભૂમીને રજપૂત રાજાીરથી હમેશને માટે રંડાવી. અહા! સ્ત્રી અબળા કહેવાય છે, પણુ તેણીના મોહપાશનાં ધનુષ્ય બાણુ, મોટા મોટા અર્જુન-કરણુ-જેવા બાણુાવળીઓ, અને શૂરવીરો કરતાં પણુ અતિશય બળવાન છે.

તેને જીતનાર માત્ર ઇશ્વર સિવાય કોઇ સમર્થ નથી. દેવ-દાનવ-મનુષ્ય-કોઇથી તેને જીતી શકાય એમ નથી. મહાદેવજી સરખા, કામદેવને બાળી ભસ્મ કરનાર-સૃષ્ટિના સંહારક-મોટાદેવ-તે પણ વિષ્ણુના સ્ત્રી રૂપમાં મોહ પામી પોતાની ધર્મ પત્નિ સતી પાર્વતીની હાજરીની પણ દરકાર ન રાખતાં તેની પાછળ દોડયા. અહા ! આ બધું શું કહેવાય? શું સ્ત્રી જાતિનો આ પ્રતાપ કે જુલમ? અથવા શું પુરૂષની એટલી બધી નબળાઇ, કે અબળા કહેવાતી સ્ત્રી તેના ઉપર જીત મેળવે? હા-એમજ છે. સ્ત્રીનો મોહ જીતવા ભાગ્યેજ કોઇ સમર્થ થઇ શકે છે મનુષ્ય પ્રાણીનું તો ગજું નથીજ. ઇશ્વરી અવતાર સમર્થ થઇ શકે. શ્રી રામચંદ્ર સ્ત્રીના મોહપાશથી અજીત હતા. તેમના ભાઇ લક્ષ્મણ તે પણ તેવાજ અજીત હતા. અને તેથીજ તેઓ ઇશ્વરી અવતાર ગણાય છે. શ્રી કૃષ્ણને હજારો સ્ત્રીઓ હતી છતાં તે બાળ બ્રહ્મચારી કહેવાય છે, તેનું કારણ માત્ર એજ કે સ્ત્રીના મોહપાશથી તે અજીત હતા. પૈસાના મોહ કરતાં સ્ત્રીનો મોહ ઘણો વધારે બળવાન છે. સ્ત્રીના મોહ આગળ સર્વ દુનિઆનું સુખ તુચ્છ જણાય છે. જ્યારે આવી રીતે વસ્તુ સ્થિતિ છે તો બિચારા જયચંદ્ર જેવા ચપળ મનના પામર પ્રાણીનું આવી સર્વ કળાથી કુશળ સ્ત્રી આગળ શું ગજું? આ બધા ઉપરથી તાત્પર્ય માત્ર એટલુંજ નીકળે છે કે જેણે દઢતાથી સ્ત્રીના મોહપાશથી દૂર રહેવું હોય તેણે તેવા મોહપાશમાં ફસાવાનાં સાધનો-સંજોગો-થી જેમ બને તેમ દૂરને દૂર રહેવું. આમ કરવામાં મજબુત મનથી તે વળગી રહે તો તેને ફસાવવાના પ્રસંગ જવલ્લેજ આવે છે-અને એટલાજ માટે ડાહ્યા પુરૂષો કહી ગયા છે કે પર સ્ત્રી સાથેનો એકાંત પ્રસંગજ પુરૂષને અધોગતિ આપનારો છે. પર સ્ત્રી, એ શબ્દમાં પોતાની ધર્મ પત્નિ સિવાય તમામ સ્ત્રી જાતિનો સમાવેશ કરેલો છે. અને તે, વિચાર કરતાં, ઘણો દૂર અંદેશી વિચાર વાળો સિદ્ધાંત છે, એમ જણાય છે.

હશે, ખેર ! પેલાં બે સૂવા ગયાં ત્યારે આપણને વખત મળવાથી આપણે જરા આપણી વાર્તાથી દૂર નીકળી ગયા, અને બિચારા જયચંદ્ર ઉપર દયાની લાગણીથી આપણે જરા મનના ઉભરા કાઢયા. પણ હવે ચાલો

મળસકુ થવા આવ્યું છે, તેથી પેલાને ઉઠવાની વખત થઇ હશે, તો જોઇએ કે હવે શું થાય છે?

ઘડિઆળમાં સવારના ચારના ટકોરા સંભળાયા. પેલી સ્ત્રી જયચંદ્રની બાથમાંથી એકદમ ચમકી ઉઠી, એટલે તે પણ પોતાની આનંદદાયક સ્વપ્નાંવાળી નિદ્રામાંથી જાગી ઉઠયો.

"શું, છૂટા પડવાનો વખત આવ્યો?" જયચંદ્રે પૂછયું.

"હા, વહાલા જયચંદ્ર—જલદી કરો—હવે વાર કરશો નહિ—" પેલી સ્ત્રીએ જવાબ આપ્યો.

જયચંદ્ર ઉઠયો—કપડાં પહેરી લીધાં,

"હવે, વહાલા જયચંદ્ર, મારા સાવચેતીના ઉપાયો લેવા દેશો?" તેણીએ પટામણા મોહક અવાજે કહ્યું.

"હા, ઘણી ખુશીથી." તેણે મોહાંધપણામાં જવાબ દીધો.

તેણીએ પણ પેલો જેમ મોહમાં વધારે ઉશ્કેરાય તેમ પટામણા શબ્દો બોલતાં તેની આંખોએ પાટો બાંધી દીધો—તેનો હાથ પકડી બારણું ઉઘાડીને, બહાર નીકળી. રાવજી અત્યાર સુધી તે ઓરડામાંજ બારીના પડદા પાછળ છૂપાઇ રહ્યો હતો, તે હવે નીકળ્યો, અને પેલાં જેવાં બહાર નીકળ્યાં કે તરતજ બાજુ ઉપર રહીને બહાર નીકળી ગયો—બહાર પણ અંધારૂં હતું, તેથી તેને કોઇ દેખશે એવી બીક નહોતી. નીચે ઉતરી બારણું ઉઘાડી બન્ને જણ બહાર આવ્યાં—રાવજી પણ તેમની પાછળ નીકળ્યો—હવે તેને લાગ્યું કે તેના શેઠની પહેલાં તેણે ઘેર પહોંચી જવું જોઇએ—કે જેથી જયચંદ્ર ઘેર પહોંચ્યા પછી તેની તપાસ કરે તો તે હાજર હોય—તેથી તે ઝાડવાંમાં ભરાઇને, કંઇપણ અવાજ કર્યા વગર, ઝડપબંધ ઉતાવળી ચાલે બાગની આગલી ભીંતે જઇ પહોંચ્યો; અને ભીંત ઉપર ચઢીને બહાર નીકળી ગયો—હજુ તો જયચંદ્ર તથા પેલી સ્ત્રી રેતીવાળે રસ્તે આવે છે.

રાવજી બહાર નીકળી ગયા પછી થોડી વાર, મળસકાના ઝાંખા અજવાળાથી, તે મકાન આગળ ઉપર ઓળખી શકાય એવા હેતુથી, તે જોવા ઉભો રહ્યો—પછી તરત ત્યાંથી તે દોડયો; અને થોડે દૂર જઇ એક ઝાડની

ગાડી ઉભી હતી, તેમાં બેસી ગયો. ગાડીવાળાને વધારે પૈસાની લાલચ આપીને ગાડી એકદમ દોડાવી મૂકવા સૂચના આપી—અને જયચંદ્રવાળી ગાડી આવી પહોંચે તે પહેલાં થોડી પળ આગળજ તે પોતાને ઠેકાણે હાજર થઇ ગયો હતો.

હવે જયચંદ્ર તરફ પાછા વળીને જોઇશું, તો બાગના દરવાજા સુધી જઇને પેલી સ્ત્રીએ જયચંદ્રને ઉભો રાખ્યો. અને ઉતાવળા શબ્દોમાં, તેને મદદ કરવાની પોતે કરેલી શરત યાદ આણાવી, અને તે ઉપર પૂરતો વિચાર કરી, તેનો જે નિશ્ચય થાય તે તેના વકીલને કહેવાનું ફરી ફરીને સૂચવ્યું. આ વાતમાં જે કંઇ સહેજસાજ વાર થઇ, તે રાવજીને ઘણી ઉપયોગી થઇ પડી હતી.

પછી બન્ને ઘણા હેત ભરેલા આલિંગનથી છૂટાં પડયાં. જયચંદ્રને પેલા ઉંચા નોકરે ગાડીમાં બેસાડી ગાડી દોડાવી મૂકી—જયચંદ્રે આંખ ઉપરથી પાટો કાઢી નાખ્યો, અને ગાડીની બારીઓ ઉઘાડવા મહેનત કરી, તો તેણે ધાર્યું હતું, તે પ્રમાણે મજબૂત બંધ કરેલી જણાઇ. થાકીને ગાડીમાં તકિયા સાથે આડો પડી પોતે ભોગવેલી મોજમઝાના આનંદી વિચારોમાં ગરકાવ થઇ ગયો. છતાં ગરીબડી કળાની પ્રેમમૂર્તિ, તેની નજર આગળ ખડી થઇ, અને તેની સાથેજ તેના ઉંડા અંતઃકરણમાં પશ્ચાતાપનો ડંખ લાગ્યા વગર રહ્યો નહિ.

આખરે ગાડી અટકી—જયચંદ્ર બહાર નીકળ્યો—અને એકદમ ચારે પગે ઉછળતા ઘોડાઓ, ગાડી સપાટાબંધ દોડાવી લઇ ગયા. થોડી પળનો જયચંદ્ર ગાડીની પાછળ દૂર સુધી નજર ફેંકતો ઉભો રહ્યો, પણ તેને ઓળખવાની પોતાની ધારણામાં તે ફાવ્યો નહિ.

આગલો દરવાજો ઉઘાડો હતો, અને લુચ્ચો રાવજી ત્યાં પોતાના શેઠની વાટ જોઇ બેશી રહ્યો હતો.

" શું હજુ તું સુવા ગયો નથી, છોકરા ? " જયચંદ્રે રાવજીને તમામ કપડાં પહેરીને ઉભેલો જોઇને પૂછ્યું.

"મને લાગ્યું કે કદાચ આપને મારી જરૂર પડે—" તેણે શાંતિની ઢબે જવાબ દીધો.

"તું ઘણો ડાહ્યો અને વિચારવંત છોકરો છે, રાવજી." જયચંદ્ર માયાથી તેના માથા ઉપર હાથ ફેરવતો બોલ્યો. તે બિચારાને ઓછીજ ખબર હતી કે રાવજી તેની સાથેજ હતો.

રાવજીનું તમામ શરીર અંદરથી ધ્રૂજી ઉઠયું.

"તું ધ્રૂજે છે, રાવજી." જયચંદ્રે દયાથી પૂછયું. "અરે! તું આ રાતની ઠંડીથી અકડાઇ ગયો છે. આટલીબધી વાર મારી રાહ જોઈ બેશી રહેવાનું એ ફળ છે. હવેથી દરવાનને બેસવાનું કહેજે."

"અરે, સાહેબ! આજ રાત્રે બેસી રહેવામાં તો મને ઘણી મઝા પડી છે," રાવજીએ માર્મિક ભાષામાં કહ્યું. પણ જયચંદ્ર તેનો ઉંડો ભાવાર્થ સમજયો નહિ; તેમ તેને બીજો કંઇ શક પણ ગયો નહિ.

"તું ભલો છોકરો છે." જયચંદ્રે કહ્યું. "અને તને મારી નોકરીમાં રાખવા માટે હું ઘણો ખુશી થયો છું."

"અને હુ પણ દિનપર દિન અહીં નોકરીમાં રહેવાથી ઘણો ખુશી થયો છું." વળી પાછો રાવજી મર્મમાં બોલ્યો, અવાજ પણ વિચિત્ર હતો—પણ જયચંદ્ર કંઈ સમજી શકયો નહિ.

"ઠીક, ચાલ હવે મને બત્તી આપ, હવે અત્યારે મારે તારી કંઈ જરૂર નથી." જયચંદ્ર બોલ્યો—"માટે જા, હવે સૂઈ જા. હવે બીજી વખત તારી ખાસ મરજી હોય તે સિવાય આ પ્રમાણે બેસી રહેતો નહિ."

આ પ્રમાણે કહીને જયચંદ્ર પોતાના સૂવાના ઓરડામાં ચાલ્યો ગયો. અને પેલી અજાણી સ્ત્રી અને કળાનાં ભેગાં સ્વપ્નને ભોગવતો ઉંઘમાં પડયો—ભેદી ઓરડામાં—ભેદી સ્ત્રી સાથે ભોગવેલી મઝા—અને ભોળી બિચારી કળાની સાથે કરેલી બેવફાદારીનો પસ્તાવો—આ તેના સ્વપ્નના વિષયો હતા.

કુસુમ-કળા.

ભાગ ૪ થો.

પ્રકરણ ૭૦ મું.

છૂપા વેશમા.

સાંજના ત્રણ વાગી ગયા છે—પ્રમિલાદેવી પોતાની ગાડીમાં શહેર બહાર એક પરામાં પોતાની એક સખીને મળવા જતી હતી તે વખતે પુષ્પાવતીદેવી પણ પોતાની ગાડીમાં જતી હતી બન્ને ગાડીઓ રસ્તામાં ભેગી થઇ. વાંચનારને અજાણ્યું નથી કે પ્રમિલાદેવી અને પુષ્પાવતીદેવી બન્ને સગી બેનોના જેવી સહીપણીઓ હતી. ગાડીઓ રસ્તામાં ઉભી રહી—પુષ્પાવતીદેવી પોતાની ગાડીમાંથી ઉતરી પડી પ્રમિલાદેવીની ગાડીમાં તેણીની સાથે વાતો કરવા બેઠી, અને પોતાની ગાડીને ખાલી પાછળ પાછળ લાવવાનું કહ્યું. એ પ્રમાણે વાતો કરતાં કરતાં ગાડીઓ શહેરના મોટા રસ્તા ઉપરથી ધીમે ધીમે જતાં બહાર નીકળી—તે વખતે એક એકાંત રસ્તા ઉપર ત્રણચાર માણસો એક જુવાન બાળાને હેરાન કરતા જોવામાં આવ્યા. પ્રમિલાદેવીએ ગાડી ઉભી રખાવી—નોકરને તપાસ કરવા તથા પેલા

બાળાને પેલા લુચ્ચા માણસોથી છોડાવવા મોકલ્યો. બે ગાડીઓ થોડે દૂર ઉભેલી—અને પેલા નોકરને પોતાની તરફ આવતો જોઇને પેલા લોકો એક એક જુદે જુદે રસ્તે ચાલ્યા ગયા. પેલી બાળા ગભરાયેલા જેવી દેખાતી હતી. તેણીને સમજાવીને પેલો નોકર પોતાની શેઠાણી પાસે લઇ ગયો. પુષ્પાવતીદેવીને જવાનો રસ્તો હવે જુદો ફંટાતો હતો, તેથી તેણી તે ગાડીમાંથી ઉતરીને પોતાની ગાડીમાં બેસવા જતી હતી—તેણીની નજર આ બાળા ઉપર પડતાં તેણીને ઓળખી—પેલી બાળા ગભરાઇ, પણ તરત સાવધ થઇને પુષ્પાવતીદેવીની પાસે જઇ, તેણીને ધીમેથી કહ્યું કે "મહેરબાની કરીને મારી ફજેતી કરશો નહિ."

તે બાળાનો સુશોભિત ચહેરો તથા શરીરનું અલૌકિક સ્વરૂપ જોઇને પ્રમિલાદેવીને તેણીના ઉપર માયા ચોંટી—પેલી બાળાએ પોતાનું નામ કાન્તા બતાવ્યું. અને પોતાની કોઇ સહીપણીને મળવા ગઇ હતી, ત્યાંથી પાછી ઘેર જતી હતી—તેવામાં આ ઠેકાણે વસ્તી નહિ હોવાથી પેલા કોઇ બદમાશોએ તેણીની મશ્કરી કરવા માંડી અને ઘેરી લીધી; અને તેમાંથી અણીને વખતે પ્રમિલાદેવીના નોકરે છોડાવી. આ સઘળી હકીકત કાન્તાએ જણાવી અને પ્રમિલાદેવીનો આભાર માન્યો; અને કહ્યું કે તેણી એકલી પોતાને ઘેર જતાં બીતી હતી. આ હકીકત પુષ્પાવતીદેવી ગાડીની બહાર ઉભી રહીને સાંભળતી હતી, અને મનમાં ને મનમાં હસતી હતી, તેણીએ પ્રમિલાદેવીને કહ્યું કે "કાન્તા મારી દૂરની સગી થાય છે—મારે હાલ બીજે ઠેકાણે જવું છે, માટે તમે એને તમારી ગાડીમાં લઇ જાઓ." એમ કહીને પુષ્પાવતીદેવી પોતાની ગાડીમાં બેસી ચાલી ગઇ.

"ત્યારે ચાલો, મારી ગાડીમાં આવી જાઓ, કાન્તા બેન." પ્રમિલાદેવીએ કહ્યું. "તમને તમારે ઘેર પહોંચાડીને પછી મારે જ્યાં જવું છે ત્યાં જઇશ."

"ના, ના—મારે માટે આપે એટલી બધી અડચણ વેઠવાની જરૂર નથી." કાન્તાએ મૃદુ અવાજે જવાબ દીધો—"જો આપને હરકત નહિ હોય તો હું આપની સાથે આવીશ; એટલે આપને નાહકનો બીજો ફેરો પડશે નહિ."

"ત્યારે તો ઘણું સારૂં, કાન્તાબેન." પ્રમિલાદેવીએ હર્ષથી પોતાની સંમતિ આપી. "અહીંથી થોડે દૂર મારી એક સખી રહે છે, તેણીને મળવા જવું છે—પછી ત્યાંથી પાછા ફરીશું, ત્યારે તમારે ઘેર મૂકી જઇશ. મારી સખીને ઘેર મારી સાથે આવવાને તમને તો કંઇ હરકત નથી ને?"

"આપની સાથે હું ઘણી ખુશીથી આવીશ." કાન્તાએ જવાબ દીધો.

કાન્તા ગાડીમાં બેઠા પછી, ગાડી દોડવા લાગી. ગાડીમાં બન્નેજણ વાતે વળગ્યાં—થોડીવારમાંજ એક મોટા જૂની બાંધણીના ભવ્ય મહેલ આગળ જરા છેટે ગાડી ઉભી રહી. કાન્તાએ ગાડીમાંથી તે મકાન જોવા માંડ્યું.

"આ મકાન ઘણું જૂના વખતનું છે, અને તે ઘણું મોટું છે." પ્રમિલાદેવીએ કહ્યું. "અંદરથી ઘણી સરસ રીતે શણગારેલું અને શોભાયમાન છે તમે અહીં કોઇ વખત આવ્યાં હતાં?"

"કદી નહિ." કાન્તાએ જવાબ દીધો. "આ કોનું મકાન છે?"

"મર્હુમ ભુપરાતરાયનો આ મહેલ છે." પ્રમિલાદેવીએ ખુલાસો કર્યો. "અને હાલ તેમનાં વિધવા પત્નિ સૂરજદેવી રહે છે, તમે તેમને માટે સાંભળ્યું તો હશે?"

"હા—મેં એમનું નામ તો ઘણીવાર સાંભળ્યું છે." કન્તાએ જવાબ દીધો." પણ મેં દેવીને કદી જોયાં નથી."

"સૂરજદેવી ઘણાં મળતાવડાં, નિરાભીમાની અને માયાળુ છે." પ્રમિલાદેવીએ જણાવ્યું. "ઘણું ખરૂં એકાંતવાસ ભોગવે છે—તેમના સ્વર્ગવાસી પતિના વખતથી મારા પતિને અને મારે તેમની સાથે ઘણો ગાઢો સ્નેહ છે."

આ વખતે તે મકાનનો આગલો દરવાજો ઉઘડ્યો—ગાડીમાંથી પ્રમિલાદેવી અને કાન્તા ઉતર્યાં—દરવાજામાં થઇને આગલા બાગમાં દાખલ થયાં. બાગ, ફૂલનાં ઝાડ તથા વેલાઓથી ઘણો સુશોભિત હતો, અને ઠંડી લહેર આવતી હતી. આગળ ચાલતાં મકાનના ઓટલાનાં આરસનાં પગથીઆં ઉપર થઇને, અંદર દાખલ થયાં. નોકરોએ નમીને આવકાર આપ્યો. પછી જે દીવાનખાનામાં સૂરજદેવી હતી, ત્યાં બન્ને જણ ગયાં.

દીવાનખાનામાં સૂરજદેવી એકલી હતી. આ બન્નેને આવકાર આપવા સામી આવી.પ્રમિલાદેવી આગળ હતી, તેણીને માયાળુ શબ્દોથી આવકાર આપ્યો. પછી જેવી સૂરજદેવીની નજર કાન્તા ઉપર પડી કે તેણી કંઇક ચમકી, પણ તરતજ સાવધ થઇને આગળ જઇ તેણીને આવકાર આપ્યો. સૂરજદેવીના ચહેરામાં થયેલો ફેરફાર પ્રમિલાદેવી જોઇ શકી નહિ, પણ કાન્તાના જોવામાં આવ્યો. તેણી ઘણી આશ્ચર્ય પામી, અને વિચારવા લાગી કે " હું કોણ છું, તે સૂરજદેવી જાણે એવો સંભવ નથી-કારણકે મેં તેણીને કદી જોઇ નથી-તેથી તેણી મને ઓળખતી હોય, એ તદ્દન અસંભવિત છે."

" આ મારી નવી સખીને તમને ઓળખાવવાનું હું ભૂલી ગઇ, સૂરજદેવી બેન." પ્રમિલાદેવી બોલી. " પણ મને માફ કરશો કે, આપણે ઘણે દિવસે મળ્યાં, તેની ખુશાલીમાં મારી વિસ્મૃતિ થઇ ગઈ-આ કાન્તાગવરી છે, અને સારા કુટુંબનાં છે."

" તમારી સહીપણી તરીકે કાન્તાગવરીને હું આવકાર આપું છું, પ્રમિલાબેન." સૂરજદેવીએ જવાબમાં કહ્યું-તેણીની બોલવાની ઢબ અને તેણીનો અવાજ એવો જણાતો હતો કે, તેણી પ્રમિલાદેવીની નવી સહીની બાબતમાં કંઇ શકની નજરથી જોતી હોય-અથવા અજાણ્યા માણસને પોતાના મહેલમાં લાવ્યા બદલ કંઇ ખોટું લાગ્યું હોય-ને તો ગમે તેમ હોય, પણ તરત પોતાના મનની લાગણી દબાવી હસતે ચહેરે કાન્તાને કહ્યું." તમારા આવવાથી હું ખુશી થઇ છું, અને તમે આવતાની સાથે હું તમને માન ભર્યો આવકાર આપી શકી નહિ, તેનું કારણ એટલુંજ છે કે, હું દુનિઆથી અલગ રહી એવો એકાંતવાસ ભોગવું છું કે અજાણ્યા આવનારને, તે કોણ છે તે હું જાણું નહિ, ત્યાં સુધી તેને આવકાર આપવામાં હું ઘણી શિથિળ છું."

કાન્તાએ ટુંકા શબ્દોમાં જવાબ આપી, સૂરજદેવીનો આભાર માન્યો. પછી પ્રમિલાદેવી અને સૂરજદેવી પોતપોતાની વાતો કરવા લાગ્યાં.

" હવે મને કહો, વહાલાં બેન, કે તમારો દાવો કેટલે સુધી આગળ વધ્યો છે ? અને પેલા લાયકીવાળા જુવાન ચિતારા પ્રતાપરાયના દાવાનું

કામ કેટલે સુધી ચાલ્યું છે ?" પ્રમિલાદેવીએ સૂરજદેવીને પૂછ્યું.

"એ બન્ને બાબત વિષે હાલ આપણે કશું બોલીશું નહિ." સૂરજદેવીએ એવી ઢબથી ઉતાવળમાં જવાબ દીધો કે પ્રમિલાદેવીને અજાયબી લાગી.

"તમે એમ ન ધારતાં, બેન, કે આપણે જે ખાનગી વાત કરીશું તેમાં કાન્તાગવરીને કંઇ પણ સંબંધ હશે ?" પ્રમિલાદેવીએ ભોળેભાવે કહ્યું.

"ના, ના. હું એવું કંઇ ધારતી નથી." સૂરજદેવીએ જવાબ દીધો– "અને આ બાબતમાં કાન્તાગવરીને કોઇ જાતનો હિત સંબંધ નહિ હોય તેથી આપણે એ સંબંધી કંઇ વાત કરીએ તો તેમાં તેમને કંઇ રસ પડશે નહિ, અને તેમને એકલાં બેસી રહેવું પડે તે પણ ઠીક નહિ."

"ભલે ત્યારે, જેમ તમારી મરજી, બેન." પ્રમિલાદેવીએ કહ્યું. "પણ મેં ગઇ વખતે પેલી ખૂબસુરત બાળાને અહીં જોઇ હતી, તેણીનું શું થયું?"

"અહા ! તે બિચારી હજુ અહીંજ છે." સુરજદેવીએ જવાબ આપ્યો, પણ તેણીએ કાન્તા તરફ બેચેનીની નજરથી જોયું–"તેણી ઘણી નમ્ર, ભલી અને સદ્‌ગુણી છોકરી છે. તેણીને હું એટલીબધી ચાહું છું કે, મારી પોતાની છોકરી હોય તો તેને પણ એથી વધારે ચાહું નહિ. ગરીબ બિચારી ! નિરાધાર છોકરીએ ઘણું દુઃખ સહન કર્યું છે."

"હા, ગઇ વખતે તમે મને એ બાળા વિષે કેટલીક હકીકત કહી હતી." પ્રમિલાદેવીએ કહ્યું–"ગરીબ બિચારી–અરે ! પણ કંઇ તે એકજ છોકરી નથી, કે જેને ફસાવવા અજબકુમારે મહેનત કરી હોય ! પણ અનેક છોકરીઓમાં જે થોડી, તેનાથી છટકી નાઠી હશે, તેમાંની આ એક છે, એમાં તો કંઇ શક નથી."

આ પ્રમાણે બન્ને સખીઓમાં વાતો ચાલતી હતી, ત્યારે કાન્તા બેઠી બેઠી ઝીણી અને આડી નજરે સૂરજદેવીને ધ્યાનપૂર્વક નિહાળતી હતી. જ્યારે જ્યારે સૂરજદેવીની નજર કાન્તા ઉપરથી ખસતી, ત્યારે ત્યારે કાન્તા ઘણાજ લક્ષપૂર્વક તેણીને તપાસતી હતી. સૂરજદેવીની ઉમર લગભગ પાંત્રીસ કે સાડત્રીસ વરસની હશે, પણ ખબસુરતીમાં સ્વર્ગની અપ્સરાને પણ હઠાવે

તેવી હતી. વિધવાપણાનાં કપડાંમાં તેણીની ખૂબસુરતી અપૂર્વ ખીલી નીકળતી હતી.

કાન્તાગવરી અઢાર કે ઓગણીસ વરસની બાળા દેખાતી હતી-તેણી પણ ખૂબસુરત રમણી હતી. તેણી પોતાના મનમાં ગુંચવાતી હતી કે તેણીના વિષે સૂરજદેવીને કંઇ વહેમ ઉત્પન્ન થયો હશે કે કેમ? અથવા અજાણ્યાની રૂબરૂ સ્વાભાવિક રીતેજ થોડું બોલતી હશે? કે હમેશનીજ થોડું બોલવાની ટેવ હશે? આ પ્રમાણે કાન્તાના મનમાં વિચારો ઘોળાતા હતા; તેવામાં તો બારણું ઉઘડયું, અને સુશીલા દાખલ થઇ.

"મારી વહાલી સુશીલા," પ્રમિલાદેવી તેણીને પ્યારથી મળવા સામી જતાં બોલી-"હું હમણાજ તારા વિષે વાત કરતી હતી. ચાલ, આ મારી સખી કાન્તાગવરીનું ઓળખાણ કરાવું."

"અરે! પણ આ છૂપા વેશનું કારણ શું?" સુશીલા કાન્તા તરફ જોતાં એકદમ આશ્ચર્ય તથા ભય સહિત બોલી ઉઠી, અને તેણીના મગજમાં પાછલી વાત ઉભરાઇ આવતાં સૂરજદેવી તરફ દોડી, અને બૂમ પાડી ઉઠી. "મને બચાવો, દેવી, મને પેલા છૂપા વેશે આવેલા પુરૂષથી બચાવો, બદમાશ અને કુલટા યશોદાબાઇના ઘરાકો પૈકીમાંના એ એક છે. એ જયચંદ્ર રાય કોઇપણ સારા કામને માટે આવા છૂપા વેશથી અહીં આવ્યા નહિ હોય!"

"જયચંદ્ર?" પ્રમિલાદેવી આવા દગાફટકાથી આભી બની જઇ સફાળી બોલી ઉઠી.

પણ તે જયચંદ્ર-કારણ કે હવે ઉઘાડું પડી ગયું ત્યારે આપણને જાણવાને અડચણ નથી કે કાન્તા તરીકે સ્ત્રી વેશમાં પેલો કળાને બેવફાદાર બનેલો જયચંદ્ર હતો-તે હવે ત્યાં રહેવાની હિંમત કરી શકયો નહિ-કારણ કે ગુસ્સે થયેલી ત્રણ સ્ત્રીઓના ઠપકાનો વરસાદ તેનાથી સહન થઇ શકે એમ હતુંજ નહિ. સુશીલાને તેણે ઓળખી કે જેને યશોદાબાઇએ તેને સોંપવાનું કબુલ કર્યું હતું. અને જેવું તેનું ઓળખાણ તે બાળાએ આપ્યું કે તરત તે બારણા તરફ કૂદ્યો-બારણું ઉઘાડી નાખ્યું-અને એકદમ દાદરેથી ઉતરી પડયો. પણ કમભાગ્યે તેના પગમાં કંઇ આંટી આવવાથી કેટલાએક પગથીઆંથી નીચે

તૂટી પડ્યો, અને નીચેના પત્થર સાથે તેનું કપાળ ફૂટાયું.

પછી શું થયું, તે તેણે જોયું કે સાંભળ્યું નહિ–તદ્દન બેભાન થઇ ગયો.

* * * * * * *

ત્યારપછી પહેલ વહેલો જ્યારે જયચંદ્ર ભાનમાં આવ્યો, ત્યારે તેને લાગ્યું કે તે કોઈ ઓરડામાં એક પથારીમાં સૂતેલો હતો. તે ઓરડામાં તદ્દન અંધારૂં હતું. બધે ચૂપકીદી પથરાઈ રહેલી હતી. કોઇપણ જાતનો અવાજ આવતો નહોતો.

ધીમે ધીમે તેના મગજમાં પાછલી યાદદાસ્ત તાજી થવા લાગી. તે કેવી રીતે રસ્તામાંથી પ્રમિલાદેવીની ગાડીમાં બેસીને સૂરજદેવીને ઘેર ગયો હતો, તે તેના મગજમાં તરી આવ્યું. તેણે કપાળે હાથ લગાડ્યો, તો કંઇ પાટો બાંધ્યો હોય એવું જણાયું. હવે તેને યાદ આવ્યું કે સૂરજદેવીના મહેલમાંથી નાસી જતાં તે પડી ગયો હતો.

પણ ત્યારે હાલ તે ક્યાં હતો? તેના પોતાના ઘરમાં હતો? ના–તેમ તો હતુંજ નહિ. તેણે હાથ લાંબા કરી આજુબાજુ ફેરવી જોવા માંડ્યું, તો પોતાના ઘરની કંઇપણ નિશાની તેને જણાઇ નહિ. ત્યારે શું સૂરજદેવીના મહેલમાં હતો? પણ તે સંભવિત નહોતું; કારણ કે તેને દૂર ખસેડવાથી તેની જીંદગીને જોખમ થાય એવી ધાસ્તીમાં તે ન હોય તો સૂરજદેવી તેને પોતાના ઘરમાં રાખે એવો સંભવ હતોજ નહિ.

આ પ્રમાણે વિચાર કરતો હતો, તેવામાં એક ઘડિઆળમાં ટકોરા સંભળાયા.

અહા! આ શું? અજાયબી–ખુશાલી–આનંદ–શક–એકી વખતે તેના શરીરમાં આ બધા વિકારોનો અનુભવ થયો–કારણ કે આવા ટકોરા તેણે અગાઉ સાંભળ્યા હતા. તેને યાદ આવ્યું કે અગાઉ થોડા દિવસ ઉપર અમુક એક રાત્રે તેને છૂપી રીતે પેલી અજાણી સ્ત્રી જ્યાં લઇ ગઇ હતી ત્યાં આવા ટકોરા સંભળાતા હતા. હવે તેને તે વખતની મોજમઝા યાદ આવી–જોકે તે હજુ તો ભાનમ જ હમણા આવે છે. હવે ટકોરા સંભળાતા બંધ થયા. પાછું બધું ચૂપાચૂપ થઈ ગયું. પછી જયચંદ્ર પથારીમાં ઉંચો થઈ ભીંતોએ હાથ ફેરઃ

વવા લાગ્યો, અને પલંગની પાસે અમુક ચીજની ખાત્રી કરવા તેણે તપાસી જોયું. હા-ને લાંબી ખુરશી-કે જેના ઉપર તેણે અગાઉ પોતાનાં કપડાં મૂકયાં હતાં, તે ત્યાં હતી.

તેણે ખુશીના આવેશમાં વધારે તપાસ કરવા માંડી. ધીમેથી પલંગ ઉપરથી ઉતરીને મેજને માટે તપાસ કરી, તો તે પણ અસલની જગોએ હતું. આ પ્રમાણે તે વખતે જે જે ચીજો તેને માલૂમ પડી હતી, તે તમામ; આ ઓરડામાં હોવાનું જણાયું.

પાછલા બનાવની ખુશકારક યાદથી, તેને મોજમઝાની આશા ઉત્પન્ન થઈ. અને એક બેઠક ઉપર-કે જ્યાં પ્રથમ તે ઓરડામાં દાખલ થતાં તેને બેસાડવામાં આવતો હતો-ત્યાં બેઠો, અને પેલી અજાણી સ્ત્રીના મોહક વિચારમાં પડયો.

અંધારૂં અને ચૂપકીદી-બન્નેની વચ્ચે તે હતો. એકાએક તેને લાગ્યું કે, પાછલો ભેદ ખુલ્લો થવાની તૈયારીમાં હતો. માત્ર તેની આંખો અને હાથનો ઉપયોગ કરવાનો હતો, કે જેથી તે કયાં હતો તેની ખાત્રી થાય. પ્રથમવાળોજ ઓરડો આ હતો. તે વિષે તો હવે જરા પણ શક નહોતો. પણ તે ઓરડો કયા મકાનમાં, અને તે મકાન કયાં હતું? અને શહેરના કયા ભાગમાં?

બેઠક ઉપરથી ઉઠીને બારી તરફ ધીમે પગલે ગયો, કારણ કે હજુ તે ઘણો અશક્ત હતો. બારીઓ બંધ હતી-તેનાં બારણાં બંધ કરી તાળાં વાસેલાં હતાં. તેથી તે એક પણ બારી ઉઘાડી શકયો નહિ. તેથી દિવસ હતો કે રાત્રિ-તે પણ તે જાણી શકે એમ નહોતું, કારણ કે તે ઓરડામાં સહેજ પણ અજવાળાનો પ્રકાશ આવે એવું નહોતું.

હવે બારણા તરફ તે ગયો; તો તે બારનો હતો તેમ તે પણ બંધજ હતું, અને ઉઘડી શકે એમ નહોતું.

હવે પાછો પોતાની બેઠક ઉપર પાછો આવી વિચારમાં પડયો, અને કંઈક મોટેથી ગણગણવા લાગ્યો.

"ઠીક ત્યારે, જ્યાં મેં ઘણી ખુશકારક રીતે મોજમઝા ભોગવી છે, ત્યાંજ હું કેદી તરીકે છું. પણ હવે જો મારા પહેરેગીર તરીકે પેલી અજાણી

પરી હોય તો કેવું સારૂં થાય ? વળી મને ભૂખ પણ લાગી છે. ”

“ શું તમે એમ ધારો છો, વહાલા જયચંદ્ર, કે હું તમને વિસારી મૂકીશ ? ” નહિ ભૂલી શકાય તેવો પેલી અજાણી–ભેદી સ્ત્રીનો મૃદુ અવાજ તેને કાને પડયો, અને બીજીજ પળે તેણીની બાથમાં ચંપાયો.

ઉપરાઉપરી વહાલ ભરેલાં ચુંબન લેવાયાં. પછી પેલી સ્ત્રીએ, મેજ ઉપરથી જયચંદ્રને કેટલીક ખાવાની સ્વાદિષ્ટ ચીજો આપી. અને પછી જયચંદ્ર, તેણીની ખૂલી અને ઉછળતી છાતી ઉપર માથું મૂકી આડો પડયો.

“ મારી મોહક રમણી, ” તે બોલ્યો. “ મને કહે કે કેટલા વખતથી અથવા કેટલા દિવસથી હું માંદો છું ? કારણ કે તે વિષે હું તદ્દન અજાણ્યો છું. ”

“ તે અકસ્માત થવાને આ ત્રીજો દિવસ છે. ” તેણીએ જવાબ દીધો. “ પણ તમે અહીં કેવી રીતે આવ્યા ? અને હું તમારી સારવાર કરવા કેવી રીતે પામી ? ”

“ ત્યારે શું હું સૂરજદેવીના મહેલમાં નથી ? ” જયચંદ્રે અજાયબીથી પૂછયું.

“ શું તમે એવું ધારો છો ? ” તેણીએ સામો સવાલ કર્યો. “ પણ હમણા તમારે વધારે વાતચિત કરવી નહિ. મારે પણ તમને વધારે બોલવા દેવા નહિ જોઇએ. તમને સનેપાત જેવું થયું હતું. અને દાક્તર દવા કરે છે. હવે તમારે પલંગમાં સુઇ જઇ ઉંઘી જવું જોઇએ. પછી કાલે સવારે તમે ઉઠશો, ત્યારે વધારે હોશીઆરી આવશે. અને તે વખતે તમને જરૂર હશે, તે ખુલાસો કરીશ ”

“ ભલે, તારી મરજી પ્રમાણે થવા દે, ત્યારે, મારી પરી. ” જયચંદ્ર બોલ્યો.

પછી પલંગમાં જઇને સૂતો, અને પેલી સ્ત્રી પાસેની ખુરશી ઉપર બેઠી, અને તેનો હાથ પોતાના હાથમાં લઇને, એક માયાળુ સંબંધીની માફક તેને દિલાસો દેવા લાગી.

પ્રકરણ ૭૧ મું.

અજબકુમારનો ભાડુતી ગરબડ.

ગયા પ્રકરણમાં જણાવેલો બનાવ બન્યો, તેને બીજે દિવસે સવારે અજબકુમાર પોતાના અજબ મહેલમાં વિચિત્ર પ્રકારના વિચારોમાં બેઠેલો હતો. તેના શું વિચારો હશે, તે વાંચનારને કહેવાની જરૂર પડશે નહિ. ગમે તેમ હોય પણ તે આ વખતે ઘણા ગંભીર વિચારમાં હતો, એમ તો ખૂલ્લું દેખાતું હતું. કારણ કે પોતાના નોકરને, પોતાને કોઇપણ હરકત કરે નહિ, એવી ખાસ ચેતવણી આપી હતી.

આવું છતાં પણ થોડી વારમાંજ તેનો ખાનગી અને વિશ્વાસુ નોકર વિરમ હિંમતથી તેની પાસે આવ્યો, અને ખબર આપી કે કોઈ ગરબડ નામનો માણસ મળવા આવ્યો છે.

"હેં ! ગરબડ કોણ ?" અજબકુમારે પોતાની વિચાર માળામાંથી જાગતાં પૂછ્યું. "હા. કદાચ મેં તેનું નામ સાંભળ્યું હશે. પણ તે કેવો છે, વારૂ ?"

"લગભગ ચાળીસ કે પીસ્તાળીસ વરસની ઉમરનો. પાતળો, ઉંચો અને રંગે ઘઉં વર્ણો છે." વિરમે જવાબ દીધો.

"હા, બરોબર છે." અજબકુમાર બોલ્યો. "હવે તેને મેં ઓળખ્યો. વારૂ, તેને અહીં મોકલ."

થોડી વારમાં ગરબડ આવી હાજર થયો, અને અજબકુમારને નીચા વળી બે ત્રણ સલામો કરીને અદબસર ઉભો.

"કેમ ગરબડ, તું કેમ આવ્યો ?" અજબકુમારે પૂછ્યું.

"હું આપને કંઇ ખબર આપવા આવ્યો છું." તેણે જવાબ દીધો. "આપ જાણો છો કે આપની કેટલીક હકીકત હું જાણું છું, છતાં મેં બહાર પાડી નથી. અને તેથી આપ મારા ઉપર ભરોસો મૂકી શકશો-વળી

એકાદ બે વખત મેં આપને અમુક કામમાં મદદ કરી હતી."

"વારૂ—પણ તું શું ખબર આપવા આવ્યો છે?" અજબકુમારે અધીરાઈથી પૂછ્યું.

"હાલમાં થોડા વખતથી હું શહેર બહાર એક ઘરમાં રહેવા ગયો છું." ગરબડે પોતાની વાત શરૂ કરતાં કહ્યું. "ત્યાં મારા ઘરની પાસેનાજ ઘરમાં બે બાળાઓ એકલી રહે છે—તેમનાં નામ કુસુમ અને કળા છે."

"હેં! કુસુમ અને કળા, પાછાં અસલ મકાનમાં રહેવા ગયાં?" અજબકુમારે ચમકીને પૂછ્યું.

"હા, સાહેબ." ગરબડે જવાબ દીધો. "કુસુમનું મગજ ઠેકાણે નથી એમ જણાય છે, પણ પેલી કળા તો બડી પહોંચેલી છે. મેં અને મારી સ્ત્રી રામીએ તેમની સાથે, એક પડોશી તરીકે ઓળખાણ કર્યું. એમ એક બે દિવસ વધારે પ્રસંગ પડિતાં ગઇ કાલે સાંજે રામીએ એ બે બેનોની સાથે વાત કરતાં પ્રસંગોપાત આપનું નામ દીધું—તેજ વખતે કુસુમ એકદમ ચમકી ઉઠી અને ગમેતેમ બોલવા લાગી. કળાએ તેણીને ઘણીએ સમજાવી—પટાવી—પણ ફોકટ. કુસુમ તો આંખો ફાડી, ડોળા કકડાવતી, આપના નામથી ગમેતેમ ગાંડાની માફક બોલવા લાગી. ઘડીમાં ગાળોનો વરસાદ વરસાવતી—વળી ઘડીમાં ઘણાં વહાલ ભરેલાં મીઠાં નામથી બોલાવતી—ઘડીમાં આપના ઉપર વેર લેવાનું જોસભેર બોલતી—અને ઘડીમાં આપને મહેલ આવીને આપે તેણી સાથે ચલાવેલી વર્તણુક વિષે તોફાન મચાવવાની ધમકી આપતી. કેટલીક વારે, ઘણી મુશ્કેલીથી કળાએ અને રામીએ તેણીને પથારીમાં સૂવાડી શાંત પાડી—પછી રામી ઘેર આવી, ત્યારે મને સઘળી વાત કરી.

"ભલે, પણ તેમાં મારે શું જાણવા જેવું છે." અજબકુમારે નફટાઇ ભરેલો જવાબ દીધો. "જો કુસુમને મેં રાખી હતી, તો તેના બાપને મેં પૂરતો બદલો આપ્યો છે."

"તે તો ગમે તેમ હોય." ગરબડ બોલ્યો. "પણ કદાચ કોઇ વખત કુસુમ, તેની બેનનાથી છાનીમાની છટકી નાસે, અને અહીં આવીને તોફાન

મચાવી લોકો ભેગા કરે; તો બીજું તો કંઇ નહિ, પણ આપની ફજેતી થઇ, આપની આબરૂને હાનિ પહોંચવા જેવુ તો થાય."

"હા, તે ખરૂં." અજબકુમારે વિચારમાં પડીને કહ્યું—"ત્યારે તું શું કરવાની સલાહ આપે છે ?"

"જો આપ મને હુકમ આપો તો કુસુમને ગાંડાં માણસોના દવાખાનામાં પૂરી દઉં." ગરબડે ઠંડે પેટે પોતાનો અભિપ્રાય બતાવ્યો. "અને તે પણ એવી રીતે કે કોઇને ખબર પણ પડે નહિ. અને પછી કળા એકલી રહેશે."

"હા, યાર, એતો ઠીક પડશે." અજબકુમારે ચકિત થતાં કહ્યું. "એ મગજની ફાટેલી અને અભિમાની કળા એક વખત મારા હાથમાંથી છટકી ગઇ છે, અને તેણીને ફરીથી સપડાવવાનો મારો વિચાર હતો, પણ તેણી ક્યાં રહેવા ગઇ હતી, તેજ મારા જાણવામાં નહોતું."

"તો આપની મરજી પ્રમાણે તે ગોઠવણ પણ થઇ શકશે." ગરબડે જણાવ્યું. "રામી, કળાની સાથે ઘણા ઘાડા સંબંધમાં આવી ગઇ છે. અને હું પણ કેટલીક વખત મળતો રહી, મિઠાશ ભરેલી વાતોથી તેણીનો વિશ્વાસ મેળવું છું. એટલે તેણીને આપના કબજામાં આપવાને કંઈ હરકત પડશે નહિ."

"ઠીક છે, ત્યારે. પણ તારૂં ઇનામ શું લેવા માગે છે ?" અજબકુમારે પૂછ્યું. "કારણ કે આવાં ભારે બે કામ કરવા તું માથે લે છે, ત્યારે કંઇ ભારે ઇનામની તને આશા હોવી જોઇએ."

"હા, સાહેબ, એમ તો ખરૂં." ગરબડે કહ્યું. "આપની પાસે હું કંઈ પણ રોકડ ઇનામ માગતો નથી. માત્ર ચાળીસ પચાસની નોકરી મળે તો હું આબરૂદાર કહેવાઉં, અને મારૂં ગુજરાન ચલાવું."

"હું ધારતોજ હતો કે તારી આશા મોટીજ હશે." અજબકુમારે હસતાં હસતાં કહ્યું. "વારૂ ઠીક છે. કુસુમને ગાંડાના દવાખાનામાં પૂરીને, કળાને મારા હાથમાં જ્યારે તું મૂકીશ, ત્યાર પછી તું કહે છે તેવું કંઇ કરી આપીશ."

"આપની આવી મહેરબાની મેળવવા હું જલદીજ શક્તિવાન થઇશ."

એમ કહીને ગરબડ, અજબકુમારને વળી નીચા વળી ત્રણ વખત સલામ કરી, ચાલતો થયો.

પ્રકરણ ૭૨ મું.

જયચંદ્ર, અને અજાણી બલા.

પછી જયચંદ પાછો જાગ્યો, તેજ વખતે ઘડિઆળમાં ટકોરા વાગતા સંભળાયા. તે તેણે ગણતાં બાર થયા.

"બાર." તે પોતાના મન સાથે બોલ્યો. "પણ બપોરના બાર કે મધરાતના બાર?"

"બપોરના બાર—વહાલા જયચંદ્ર—બરા મધ્યાન્હ થયા છે." જાણીતો પેલી અજાણી પરીનો મૃદુ અવાજ સંભળાયો, અને તેની સાથેજ તેણીએ તેને પોતાની બાથમાં ચાંપી વહાલમાં ચૂંબન લીધું.

"અહા! બપોર!" તે બોલ્યો. "ત્યારે શું ગઇ કાલે સાંજના સાત વાગતાથી આજ બપોરના બાર વાગતા સુધી હું ઉંઘ્યો? અને તે પણ ત્રણ દિવસ સુધી બેભાનપણામાં માંદો રહ્યા પછી?"

"હા, વહાલા—કારણ કે તમે માંદા પડવાથી ઘણા નબળા પડી ગયા હતા, તેથી એવા આરામની જરૂર હતી." તેણીએ જવાબ દીધો. "તમને ઘણું સખ્ત વાગ્યું હતું; અને તેને લીધે તમારા કપાળમાં ઘણી ઇજા થઇ હતી. પણ હવે તો તે ઘા રૂઝાવા આવ્યો છે, માટે હવે કંઇ ગભરાવાનું કારણ નથી."

આ પ્રમાણે કહી, તેણીએ પૂરા વહાલથી તેના શરીર ઉપર હાથ ફેરવવા માંડ્યો.

"મારા તરફ આવી માયાળુ લાગણીથી હું તારો ઘણો આભારી છું, વહાલી." જયચંદ્ર ઉપકાર વશ થઇને બોલ્યો. "અને આ ત્રણ દિવસથી તું મારી ચાકરી કરે છે, વહાલી ?"

"ભાગ્યેજ એક પળ પણ તમને છોડીને હું વેગળી ગઇ હોઇશ." તેણીએ કોમળ અવાજે, પણ ધ્રૂજતા સાદે જવાબ દીધો. "અને જો આવી સંભાળ લેવા, હું વખતસર મદદે ન આવી હોત, તો તમારા જીવનની આશા નહોતી. અહા ! આવી તમારી સ્થિતિમાં, દાક્તરને બોલાવી દવા કરાવવાને બદલે, તમને બેભાનપણામાં ઘરમાંથી ધકેલી કાઢવાનું સૂરજદેવીનું કામ ઘણું નિર્દયતા ભરેલું હતું. પણ તેણી તો સાધુડી જેવી છે. અને લાગણી વગરની છે. દુનિઆદારીનું તેણીને ભાનજ નથી."

"ત્યારે શું, સૂરજદેવીએ મને તેણીના મકાનમાંથી ધકેલી કાઢયો ?" જયચંદ્ર બોલ્યો. "હું કબુલ કરીશ કે, તેણીની મારા તરફ એવી વર્તણુકને હું લાયક હતો. કારણ કે તેણીની પાસે હું સ્ત્રીના પોશાકમાં ગયો, એ તેણીનું ભારમાં ભારે મેં અપમાન કર્યું હતું. પણ કદાચ તે બધી હકીકત તું જાણતી નહિ હોય, વહાલી ?"

"સૂરજદેવીના નોકરોથી મેં જે કંઇ સાંભળ્યું હતું, તે પછી તમારા પહેરવેશથી મેં ખાત્રી કરી." તેણી બોલી. "તે બનાવ આ પ્રમાણે બન્યો. હું મારી ગાડીમાં સૂરજદેવીના મહેલ પાસે થઇને જતી હતી, જ્યારે મેં ત્યાં આગળ પ્રમિલાદેવી–કે જે મારી સહીપણી છે–તેણીની ગાડી જોઇ. પ્રમિલાદેવીને મળવાની ઇચ્છાથી મેં મારી ગાડી ઉભી રાખી. અને તેણી તે મહેલમાં હતી કે કેમ, તે વિષે પડપૂછ કરતાં માલમ પડયું કે તેણી ત્યાં હતી. પછી જેવી હું મારી ગાડીમાંથી ઉતરતી હતી, તેજ વખતે કેટલાએક નોકરો એક બેભાન જણાતી સ્ત્રીને દરવાજામાંથી ઉંચકી લાવતા મેં જોયા. જે નોકર સૌથી આગળ હતો, તેણે પ્રમિલાદેવીના ગાડીવાળાને બૂમ પાડીને કહ્યું. 'તું એકદમ જયચંદ્ર જાગીરદારને ઘેર હંકારી જા, અને ત્યાં આમને મૂકીને, દેવીને માટે ગાડી પાછી લાવજે'. એમ કહી ગાડીનું બારણું ઉઘાડી, તમને અંદર નાખવાની તૈયારીમાં હતા, તેજ વખતે મેં તમારૂં નામ સાંભળીને ત્યાં

જઇને જોયું, તો મારા વહાલા જયચંદ્ર, તે બેભાન સ્ત્રી-તે તમેજ હતા. મારે માટે તે નોકરો અમે તે ધારે તેનો વિચાર કર્યા વગર 'આ મારા સગામાં છે.' કે જે શબ્દ પુરૂષ અને સ્ત્રી બન્નેને લાગુ પડે-એમ કહીને મેં તમને મારી ગાડીમાં લીધા. આ બધું એકાદ બે પળમાં બન્યું. અને વહાલા, તમારૂં માથું મારી છાતી ઉપર મૂકીને મેં ગાડી દોડાવી મૂકાવી. તમે તો બેભાનજ હતા. હવે તમે બધું જાણ્યું છે. સિવાય કે તમારી ફિકરને લીધે હું ઘણી દુઃખી હતી. પણ ઇશ્વરનો આભાર, કે હવે ધારતીનો સમય જતો રહ્યો છે. તમને મટવા આવ્યું છે. અને હવે હું પૂરેપૂરી સુખી છું."

"ઓ! મારી વહાલી અને દયાળુ રમણી!" જયચંદ્ર તેણીને પોતાની પાસે ખેંચીને બોલ્યો "હું કેટલો બધો તારા ઉપકારના બોજા તળે છું. તારા બીનસ્વાર્થિ અને મમતાળુ પ્યારની જે આ સાબીતિ તેં મને આપી છે, તેથી મને ઘણી ઉંડી લાગણી થઇ છે."

કહેવાની જરૂર નથી કે ઓરડામાં તદ્દન અંધારૂં હતું બારીઓનો પણ એવો બંદોબસ્ત રાખ્યો હતો કે બહારનો બિલકુલ પ્રકાશ અંદર આવી શકે નહિ. છતાં તેણીના શરીરના અવયવોના સંબંધથી જયચંદ્રને લાગ્યું કે તેણી ઘણી ખૂબસુરત છે. અને ધીમેધીમે તેના મનમાં એવો કંઇક વિચાર પેઠો કે કદાચ તેણી સૂરજદેવીજ હશે. કારણ કે તેણીના શરીરના દરેક અવયવો હાથ-પગ-મોઢું-માથું વગેરે ઉપર હાથ ફેરવી ફેરવીને સૂરજદેવી, કે જેણીને તેણે પૂરી રીતે જોઇ હતી, અને બોલતાં પણ સાંભળી હતી-તેણીના શરીરના અવયવો સાથે મુકાબલો કરવા લાગ્યો. આ અજાણી સુંદરી શરીરે ઉંચા ઘાટની, અને મધ્યમ વયે પહોંચવા આવેલી અને વિલાસી-ઇચ્છાતુર-ધબકતી-ભરાવદાર છાતી વાળી હતી. અને તેવીજ તેણે સૂરજદેવીને જોઇ હતી. આ સ્ત્રીને એક સરખા દાંતની હાર હતી; તેજ પ્રમાણે સૂરજદેવીના દાંત હતા અરે! પણ અહીં જયચંદ્ર કેમ અટકો? મુકાબલો કરતો એકદમ કેમ બંધ પડ્યો? કારણ કે તેના વિચારો આગળ ચલાવવાની તેની મૂર્ખાઇ એકાએક તેના ધ્યાનમાં આવી કે સૂરજદેવીના શરીરનો વર્ણ-હોઠ તથા ગાલનો રંગ-ચહેરાનો દેખાવ-એ બધું જોયું છે, જ્યારે એ તમામ દે-

ખાત્રી આ અજાણી સ્રીની બાબતમાં તે જોઈ શકે એમ નથી, તો પછી મુકાબલાનું છેવટ શી રીતે આણી શકાય? વળી ઉંચા ઘાટની અને વિલાસી દેખાવની ઘણી સ્રીઓ હોય છે; અને તેવી ઘણી તેના જોવામાં આવી છે. વળી આવો મુકાબલો ઘણાં કારણોથી બીનઉપયોગી હતો. શું આવી રીતે એકાંત વાસમાં રહી પૂરેપૂરી વિશ્વાવસ્થામાં-તેવા ધર્મ પાળતી સ્રી છુપાવેશથી નાટકશાળામાં અને જાહેરમાં આવે એ સંભવિત હતું? શું આવી શાંત દેખાવની અને ધીમા સ્વભાવની સૂરજદેવી આવા મોજમઝા ભોગવવાના અંધારા ઓરડામાં આવે? શું સૂરજદેવી તેની સાથે લગ્ન કરવાની ઇચ્છા રાખે? અને તેના ઉપર જે દાવો હતો, તે વિષે સૂરજદેવી શું કરી શકે એમ હતું? ના-ના. આ વિચારો નકામા હતા. સ્વચ્છ અંતઃકરણની-એકાંતવાસ ભોગવતી અને સાધુ વૃત્તિવાળી સૂરજદેવીનો મુકાબલો આ અજાણી સ્રી-કે જેનો કામાવેશ હદ ઓળંગી ગયો હતો, અને જેની વર્તણુક સંપૂર્ણ ભેદ ભરેલી હતી-તેની સાથે કરવો, એ તદ્દન મૂર્ખાઇ હતી. આવા વિચારથી જયચંદ્રે આગળ મુકાબલો કરવો છોડી દીધો.

"તમારા મનમાં શું વિચાર થાય છે, તે વિષે હું અનુમાન કરી શકું છું." થોડીવારે પેલી સ્રીએ મૃદુ અવાજે પૂછ્યું.

"બોલ ત્યારે, હું શું વિચાર કરતો હતો, વહાલી?" જયચંદ્રે પૂછ્યું, અને આ વખતે તેણીનો સ્વર સૂરજદેવીના સ્વર કરતાં જુદો જણાયો.

"તમારા ઓળખાણની સ્રીઓ પૈકી કોઇની સાથે મને સરખાવી મને ઓળખવાનો પ્રયત્ન કરો છો." તેણીએ કહ્યું. "કઇ કઇ બાબતમાં અમુક સ્રી સાથે હું મળતી આવું છું, અને તેજ હું છું કે કેમ, એવા વિચારમાં તમે તમારૂં મગજ ગુંચવો છો-બોલો, મારૂં અનુમાન ખરૂં છે કે નહિ? અને, વહાલા જયચંદ, જો તેમ ખરૂં હોય તો એ તમારો દગો નથી? અને તે મારા તરફ-કે જેણે તમારી ભયંકર માંદગી વખતે ત્રણ દિવસ અને રાત તમારી પાસે બેસી રહી તમારી સારવાર કરી-તેના તરફ એવો પ્રપંચ કરવો એ તમને લાયક છે, વારૂ?"

"અરે! મને માફ કર-મને માફ કર-મારી અમુલ્ય રમણી." તેણીના

દરેક શબ્દો તેના અંતઃકરણમાં એક ઝાટકાની માફક લાગી જતાં તે બોલ્યો. "તેં મારે માટે જે જે કર્યું છે તેને હું નાલાયક છું—તારા પ્યારને હું નાલાયક છું. હા—ખરી વાત છે કે તારૂં ઓળખાણ શોધી કાઢવાને હું નકામી મહેનત કરતો હતો, તે ખરેખર ખોટું હતું—મને નહિ છાજતું હતું—અને તારા તરફ અનુપકારીપણું હતું—પણ વહાલી, તું મારા ઉપર ગુસ્સે થઇશ નહિ !"

"હું બિલકુલ ગુસ્સે થઇ નથી, વહાલા જયચંદ્ર." તેણીએ તેને વહાલથી ચુંબન લેતાં કહ્યું. "ચાલો હવે એ વાત પડતી મૂકો—હું માત્ર એટલુંજ કહીશ કે જે દિવસે—જે વખતે—અને જે પળે—મારી મરજીથી હું મારો ભેદ ખૂલ્લો કરીશ, તે સિવાય તમે જેટલી મહેનત કરશો તેટલી ફોકટ જશે—એ ભેદ એવો છે કે તમારી તમામ મહેનત—અને તમારા તમામ વિચારો તે ખૂલ્લો કરી શકશે નહિ—એ ભેદ ક્યારે ખૂલ્લો પાડવો એ તમારા હાથમાં છે. મારા પરણિયત ધણી તરીકેજ તમે તે ભેદ જાણી શકશો. તે સિવાય આ છૂપો ભેદ મારી જીંદગી સાથે ભસ્મીભૂત થશે—ખૂબસુરતી—સંસારી સ્થિતિ—પૈસોટકો—એ બધી બાબતમાં હું તમારી ખાત્રી આપું છું કે હું તમારી સ્ત્રી થવાને લાયક છું. પણ કદાચ તમે મારી નીતિ વિષે શક રાખતા હો......"

એટલે સુધી બોલી, એવી રીતે ધીમેથી બોલતાં નીચી વળી ઉપરાઉપરી ચુંબન લીધાં કે તેના અવાજમાં, પછીના શબ્દો ઢંકાઇ ગયા.

"મારી વહાલી રમણી," જયચંદ્ર ઉપકાર વશ થઈ મોહપાશમાં વધારે ને વધારે ફસાતો બોલ્યો. "તારો ભેદ જાણવાની મહેનત કરવાનો વિચાર કરવાની મારી બેવકૂફી માટે હું ફરીથી તારી માફી માગું છું—ખાત્રી રાખ કે હું તને ચાહું છું—તને જરા પણ દુઃખ આપવા કરતાં હું મારો જીવ આપું, એવા પ્યારથી ચાહું છું. તારા આટલા બધા અપૂર્વ પ્યારનો બદલો હું શી રીતે આપી શકીશ? તારો ભેદ ખૂલ્લો પાડવા કરતાં, તારી મરજી હોય ત્યાં સુધી તે ભેદ જાળવી રાખવામાં, તને મદદ કરવાની મારી વૃત્તિ થઇ છે—જો મારી ખૂબસુરત પરી, મને કહે કે, મારા ઉપકારી

લાગણી કેવી રીતે બતાવું ? તારો સારો અભિપ્રાય, અને સારી લાગણી સંપાદન કરવાને હું કયો રસ્તો લઉં ?"

"વહાલા જયચંદ્ર, તમારા સાચા દિલની લાગણીની મને સાબીતિ આપવા તમારે શું કરવું, તે હું તમને કહીશ." તેણીએ છેક તેના પાસામાં દબાઇને વધારે વહાલ કરતાં કહ્યું. "થોડા દિવસ સુધી તમારે બહાર-ગામ જવું."

"બહારગામ ?" જયચંદ્ર ચમકીને બોલી ઉઠયો-કારણકે કળાને શોધી કાઢવા તેણે જે જે ઉપાયો લીધા હતા, તે તેજ પળે તેને યાદ આવ્યા, અને તેજ કારણને લીધે તે તે દિવસે સ્ત્રીના પોશાકમાં કળાને શોધવા નીકળ્યો હતો.

"બસ કે ? થઇ ચૂક્યું ?" પેલી સ્ત્રી, જયચંદ્રનાથી કંઇક છૂટી પડતાં દિલગીરી ભરેલે અવાજે બોલી-"મને ધાસ્તી તો હતીજ કે રખેને મારી માગણી કબુલ નહિ થાય-હવે હું સમજી કે તમને અહીં રહેવાનાં નહિ તૂટી શકે એવાં બંધનો છે."

"ગુસ્સે થઇશ નહિ, વહાલી." જયચંદ્ર તેણીને પોતાના પાસામાં લેતાં બોલ્યો, કારણકે તેણીના શબ્દોની મધુરતા, અને તેણીના મોહપાશે તેના સારા વિચારો ઉપર સરસાઇ બતાવી.

"ના-ના-હું ગુસ્સે થઇ નથી, જયચંદ્ર." તેણી ઉંડી લાગણીથી બોલી-"પણ મને ધાસ્તી છે-મને ખાત્રી છે કે તમે મને ચાહતા નથી-માત્ર પ્રસંગોપાત તમારી મોજમઝાના સાધન તરીકે તમે મને ગણો છો-તમારી વારંવાર મોજમઝા મેળવવાની વૃત્તિને અનુકુળ તમે મને જુઓ છો-પણ નહિ-આવી રીતે તમે મને ગણશો તેમ હું ધારતી નહોતી."

આમ બોલતાં પેલી સ્ત્રીચરિત્રમાં પાવરધી બલાએ આંખમાંથી આંસુ પાડવા માંડયાં; અને તે જયચંદ્રે પોતાના હાથ તેણીના ગાલ ઉપર ફેરવતાં જોયાં.

"અરે ! રે ! હું કેવો ખરાબ માણસ છું, કે મેં તને આવી રીતે દુઃખ આપ્યું !" જયચંદ્ર હવે પોતાના મન ઉપરનો કાબુ ખોઇ બેસતાં

બોલ્યો. "તારી આટલી બધી ભલમનસાઇનો બદલો મેં નિર્દયતાથી આપ્યો છે."

"નહિ, નહિ, તમે કશું કર્યું નથી-હુંજ એવી છું કે મેં તમારા તરફથી મોટી આશા રાખી, અને વધારે માગણી કરી." કંઇક ડુસકાં ભરવા જેવું કરી ધ્રૂજતે સાદે તેણીએ કહ્યું. "આપણે છૂટાં પડીશું, જયચંદ્ર-છૂટાં પડી જઇશું, અને ફરીથી કદી પણ મળીશું નહિ."

"ના-ના-તેમ તો કદી બનશેજ નહિ." તે એવો તો ઉશ્કેરાઇ ગયો હતો, કે આ અજાણી ભેદી બલાને માટે ગમે તે ભોગ આપવો પડે તો પણ તેની દરકાર કરે નહિ-"ચાલ, બોલીજા-મને શું કરવાનું તું કહે છે? અને તારી મરજી પ્રમાણે વર્તવાની હું પ્રતિજ્ઞા લઉં છું."

"અહા! હવે તમે ખરેખરા મારા પોતાના વહાલા જયચંદ્ર છો." પેલી સ્ત્રી ઘણાજ કોમળ અને મધુર અવાજે વશીકરણની મોહિની નાખતાં બોલી-"અને આ પ્રમાણે તમારા સાચા પ્યારની સાબીતિ આપવા તૈયાર થયા છો, તેને માટે તમારે કદી પસ્તાવું પડશે નહિ."

"હવેથી આ દુનિઆમાં ફક્ત મારે તુંજ છે, મારી વહાલી-અજાણી પણ-મનની માનીતી રમણી." તે મોહાંધ જયચંદ્ર બોલ્યો-"લગ્નનું હસવા જેવું ગુંસરૂં શું કરવા આપણે જોઇએ? મારી માશુક તરીકે રહે, અને મને તારા પ્યારમાં બાંધી લે-અને હું પણ હમેશાં તેવીજ રીતે તારી સાથે બંધાયેલો રહીશ."

"હા! ત્યારે હવે તમે મને તમારી શરતો સમજાવો છો, કેમ?" તેણીએ કંઇક મમતા અને ગુસ્સા મિશ્રિત ઢબે કહ્યું. "કે જ્યારે મારે તમને અમુક શરતો કહેવાની છે-જો તમે મને જે વચન આપ્યું છે, તે ખરા દિલનું હોય તો-"

"ચાલ ત્યારે, તારી શરતો બોલીજા, વહાલી." તે પૂરેપૂરી મોહજાળમાં સીકડાઇ જતાં બોલ્યો. "અને હું પ્રતિજ્ઞા કરૂં છું કે હું તેને વગર અચકાએ તાબે થઇશ. બોલ ત્યારે, તું મારી પાસે શું કરાવવા માગે છે? મારે થોડા દિવસ બહારગામ જવું?"

" હા. તમે કોઇ દૂરને ઠેકાણે જાઓ–કોઈ ખુશનુમા દરિઆ કિનારાની જગાએ–કે જ્યાં તમે શાંતતાથી, આપણે હમણા અને પહેલાં જે જે વાત ચિત થઇ છે, તે વિષે પૂરતી રીતે વિચાર કરી શકો." તેણીએ કહ્યું.

" અહા! પહેલી તો તેં કેટલીક આશ્ચર્યકારક વાતો કહી હતી." જયચંદ્ર બોલ્યો.

" અને તે આશ્ચર્યકારક વાતો હું કામ કરીને ખરી કરી બતાવીશ, મારા જયચંદ્ર." તેણીએ જવાબમાં કહ્યું. " જો તમે મારા ઉપર પૂરેપૂરો વિશ્વાસ રાખી હું કહું તેમ ચાલશો તો–ઓ! વહાલા જયચંદ્ર–હું તમને જરૂર બચાવીશ. તમે જાણતા નથી કે તમે કેવી આફતમાં છો–તેમાંથી હું તમને બચાવીશ."

" ફરમાવ, ત્યારે મારી પરી, મારા ભવિષ્યની સુખદાતા–બોલ." દરેક પળે વધારે ને વધારે આ ભેદી બાલાના પાશમાં સપડાતો જતો જયચંદ્ર બોલ્યો. પણ તેજ વખતે પાછો આ અજાણી જુલમગાર સ્ત્રીની મોહજાળમાં ફસાવાની બેવકૂફીનો વિચાર આવ્યો, અને કહ્યું. " અરે! આવી વશીકરણ વિદ્યાથી શું કરવા તેં મને વશ કરી લીધો? તું કોણ છે? જાદુગર છે? રાક્ષસી છે? ડાકણી છે? પરી છે? દેવી છે? કે સ્વર્ગની અપ્સરા છે? મને તારામાં કંઇ સમજ પડતી નથી–તારો મોહપાશ મારાથી ભેદી શકાતો નથી–હું તદ્દન લાચાર–આંધળો બની ગયો છું–અને તેનું કારણ માત્ર મારા અનુમાનમાં ચોંટેલી તારી અપાર ખૂબસુરતીજ છે–જો કે તે મેં આંખે જોઇ નથી. ચાલ, ત્યારે–હવે આ તારા સેવકને–ગુલામને–શું ફરમાવવું છે? ક્યાં મારે જવું? આ શહેરમાંથી ક્યારે જવું? ત્યાં ક્યાં સુધી રહેવું? આ બધી વાતનો ખુલાસો કર–અને પછી જો, મારી અજાણી સ્વર્ગ સુંદરી, કે હું તને અક્ષરે અક્ષર તાબે થાઉં છું કે કેમ?"

" આ બધું તમે પ્રતિજ્ઞા ઉપર ખરૂં કહો છો?" પેલી બલાએ પોતાની જીતની નિશાનીથી ખુશી થતાં પેલા મોહાંધ જુવાનીઆને વધારે બાંધી લેવા કહ્યું. " તમારી છાતી ઉપર હાથ રાખી સખ્તમાં સખ્ત સોગન લઇ તમે જે પ્રમાણે કહ્યું, તે પ્રમાણે કરવાની પ્રતિજ્ઞા લ્યો."

" લે, હવે સંતોષ થયા ? " તેણીના કહેવા પ્રમાણે કરતાં જયચંદ્ર બોલ્યો.

" હા–અને હવે પ્રથમના કરતાં પણ ઘણા પ્યારથી હું તમને ચાહું છું. " તેણી તેને આલિંગન આપતાં બોલી–" હવે સાંભળો. મારી શરતો એવી છે કે–જ્યારે રાત પડે ત્યારે મારી ગાડીમાં બેસીને તમે આગગાડી ઉપર જાઓ, અને ત્યાંથી પહેલીજ ગાડીમાં મુંબાઇ ચાલ્યા જાઓ ત્યાં વાલકેશ્વરમાં એકાદ બંગલો ભાડે રાખી તમે એકાદ અઠવાડીઉ ત્યાં રહેજો. પછી તમે ત્યાંથી તમારે ઘેર કાગળ લખી તમારા નોકરોને ખબર આપજો કે દરિઆ કિનારે હવાફેરને માટે તમે ગયા છો. અને તમારે જરૂર પડે તે પ્રમાણે નોકરોને ત્યાં તેડાવજો. પછી ત્યાં બે મહિના સુધી રહેજો વચ્ચે અહીં બિલકુલ પાછા આવતા નહિ. હવે તમે જે વચન આપ્યું છે, અને પ્રતિજ્ઞા લીધી છે તેનો તમને પસ્તાવો થાય છે ? "

" નહિ, નહિ, હું બિલકુલ પસ્તાતો નથી. " તે બોલ્યો–" પણ મારે ત્યાં એકલાજ રહેવું પડશે ? શું એ વખતમાં તું ત્યાં આવીને મને આનંદ નહિ આપે ? "

" તે વિષે તમે મારા ઉપર વિશ્વાસ રાખો, જયચંદ્ર. " તેણી તેને વધારે પટાવતાં અને વહાલ બતાવતાં બોલી–" તમે હવે મને કંઇ પુછતાજ નહિ, પણ તમે હાલ જે અનુમાન કરતા હશો, તેના કરતાં જે ગોઠવણ થશે તેથી તમે વધારે ખુશી થશો. કેમ ત્યારે હવે આપણો ઠરાવ નક્કી થયો?"

" હા, મારી પરી " તે બોલ્યો, અને પોતાની છાતી સાથે ચાંપીને ઉપરા ઉપરી ચુંબનો લીધાં.

આપણે આ દેખાવ ઉપર વધારે લક્ષ આપવાની જરૂર નથી. ટુંકામાં એટલુંજ કે ત્યારપછી એકાદ કલાક સુધી એ બલા પોતાના આશકની પાસે રહી, અને પછી જ્યારે જયચંદ્ર ઉંઘમાં પડયો ત્યારે તેણી ધીમેથી ઉઠી, અને બહાર નીકળીને બારણું બંધ કરીને ચાલી ગઇ.

પછી તે ઓરડામાં તદ્દન ચૂપકીદી ફેલાઇ રહી. માત્ર ઉંઘતા માણસનો શ્વાસોશ્વાસ સંભળાતો હતો.

પણ સાંભળો–પલંગની મચ્છરદાનીનો પડદો ધીમે ધીમે, નીચેથી ઉં-

ઇક હાલતો જણાય છે—હવે જુઓ—કોઇ માણુસ ઘણુંજ ધીમેથી પલંગ નીચેથી ઘસડાતું બહાર આવે છે. તે થોડીવાર અટકે છે—શ્વાસ ઉંચો રાખીને સાંભળે છે, અને ખાત્રી કરે છે કે જયચંદ્ર ઉંઘે છે. હવે પેલો માણુસ પોતાના ગજવામાંથી એક કાતર કાઢે છે—પાછો નીચે બેસે છે—અને મચ્છરદાનીનો પાછલો નીચેનો છેડો થોડો કાપી લે છે—પાછો ઉભો થાય છે. પછી ધીમે પગલે અવાજ કર્યા વગર બારી પાસે જાય છે—અને ત્યાંના પડદાનો એક છેડો કાપી લે છે. વળી પાછો અટકે છે—અને જયચંદ્ર ભર ઉંઘમાં હોવાની ખાત્રી કરે છે.

હવે પેલો માણુસ પોતાના ગજવામાંથી કુંચીઓનો એક ઝુમખો કાઢે છે—બારણા પાસે જાય છે—બારણાની કળને એક પછી એક કુંચી લગાડી જુએ છે. વાંચનારે જાણવું જોઇએ કે આ બારણાને જે કળ હતી તે બહારથી અને અંદરથી બન્ને બાજુથી બંધ થાય તેવી હતી. વચ્ચે વચ્ચે તે પોતાના કામમાંથી અટકે છે, અને ખાત્રી કરે છે, કે જયચંદ્ર ઉંઘે છે. આખરે તે બારણાની કળ ઉઘાડવામાં ફતેહ પામે છે—ધીમેથી ઉઘાડે છે—બહાર નીકળે છે—અને પાછું બારણું બંધ કરે છે. ચારે બાજુ તપાસ કરતાં ખાત્રી થાય છે કે તેને જોનાર આજુબાજુ કોઇ નહોતું. પછી તે ધીમે પગલે નીચે ઉતરે છે, અને બહારના બાગમાંનાં ઝાડવાંમાં સંતાતો સંતાતો, દરવાજા બહાર, કોઇએ દીઠા સિવાય નીકળી જાય છે. આ વાતની તે મકાનમાં કોઇને ખબર પડતી નથી.

જ્યારે રાત પડી, અને જયચંદ્ર જાગ્યો, ત્યારે પેલી બલા પાસેની ખુરશી ઉપર બેઠી હતી. તેણીએ તેને ઉઠાડીને પોતાની પાસે તૈયાર રાખેલો પુરૂષનો પોષાક પહેરાવ્યો. પછી તેની આંખે પાટો બાંધી, તે ઓરડામાંથી બહાર કાઢયો.

બન્ને જણ નીચે ઉતર્યાં. બાગમાંના રેતીવાળે રસ્તે થઇને દરવાજા બહાર આવ્યાં. ગાડી તૈયાર હતી, તેમાં જયચંદ્રને બેસાડયો. પછી પેલી સ્ત્રીએ બહારથી તેને પ્યારના શબ્દોથી ઉત્તેજન આપી ગાડીનું બારણું બંધ કર્યું—અને ઘોડાઓ ચારે પગે ઉપડયા.

પાએક કલાકમાં ગાડી અટકી—નોકરે બારણું ઉઘાડયું—જયચંદ્રે પેલો પ્રથમવાળો ઉંચો નોકર જોયો. ગાડી ઉભી રહેતાની સાથે બીજો નોકર ટીકીટ લેવા ગયો હતો. જયચંદ્ર ગાડીમાંથી બહાર આવ્યો. તેણે પાટો છોડી નાખ્યો હતો—પણ રાત હતી—અને નોકરોએ પોતાના ચહેરા ફેંટાથી એવા ઢાંકી દીધા હતા કે તે ઓળખી શકે નહિ. જયચંદ્રને આગગાડી તૈયાર હતી ત્યાં લઇ જઇને પહેલાવર્ગના ડબામાં બેસાડયો. પેલો ઉંચો નોકર પણ સાથે ચઢી બેઠો. ગાડી ઉપડવાની સીસોટી થઇ—દોડાદોડ ચાલી—અને જરાવારમાં ગાડી ઉપડી, અને મુંબાઇને રસ્તે દોડવા લાગી.

હવે જયચંદ્રને વિચાર કરવાનો વખત મળ્યો—કારણકે અત્યાર સુધીમાં એક પછી એક એટલી બધી ક્રિયાઓને તેને એકદમ તાબે થવું પડયું હતું કે આજુબાજુનો કંઇપણ વિચાર કરવા જેવી સ્થિતિમાં તે નહોતો.

સુભાગ્યે જયચંદ્રવાળા પહેલાવર્ગના ડબામાં બીજો કોઇ મુસાફર નહોતો. પેલો ઉંચો નોકર પાસેના નોકરોને માટે રાખેલા ભાગમાં બેઠો હતો. તેથી જયચંદ્રનાથી—પોતાની લાગણીમાં કંઇ બોલી જવાય તો કોઇ જુએ કે સાંભળે તેમ નહોતું.

"ઓ! પ્રભુ! મેં આ શું કર્યું?" ગાડી ચાલુ થયા પછી બેઠકના તકિયા ઉપર આડો પડી તે વિચારમાં પડતાં તેના અંતરમાં પશ્ચાતાપરૂપી ડંખ લાગવાથી બોલી ઉઠયો. "હાય, હાય! મારી કળાને હવે હમેશને માટે મેં છોડી દીધી! મેં તે ખૂબસુરત અને સદ્ગુણી દેવીને, આ અજાણી સ્ત્રી—કે જેને મેં જોઇ નથી—ઓળખતો નથી—તેને ખાતર છોડી દીધી! અફસોસ! હાય! હજારો અફસોસ! હું ખરેખર મોટા દગાનો અપરાધી છું, અને મેં પવિત્ર કળા તરફ ઘણી નાલાયક બેવફાદારી બતાવી છે—હાય! હવે મારૂં શું થશે?"

પોતાની આંખો ઢાંકી આ પ્રમાણે શોક કરતો થોડીવાર રહ્યો—તેને પોતાની મૂર્ખાઇથી જણાઇ—તે અજાણી સ્ત્રીએ તેને વશ કરવા જે મોહિનીની જાળ પાથરી હતી, તેનું ભયંકર પરિણામ હવે તેને જણાવા લાગ્યું. અને એટલો બધો ગિરફતારીમાં દટાઇ ગયો, અને લાગ્યું કે તેણે એકજ

ભૂલ ભરેલા પગલાથી પોતાની જીંદગી ધૂળધાણી કરી નાખી હતી-પોતાના ચળકતા ભવિષ્ય ઉપર કાજળ ચોપડી વાળ્યું હતું.

કળાએ પોતાની મેળેજ તેની સાથેનો સબંધ તોડયો હતો, એવું કારણ પોતાના મનને દિલાસો આપવા આગળ લાવવા મહેનત કરી, પણ તેમ તેના મને કબુલ કરવા ના પાડી. વારંવાર તેને એજ વિચાર આવવા લાગ્યો કે જો તે કળાને ખરા પ્યારથી ચાહતો હતો, તો તેણીને શોધી કાઢવાની દરેક જાતની મહેનત કરવાની તેની ફરજ હતી; અને પછી તેણીનું કારણ જાણીને ખુલાસો કરવાનો હતો. વારંવાર તેને યાદ આવ્યું કે તેણી તેને ખરા દિલથી ચાહતી હતી, અને જ્યારે તેણીને જે કંઇ વહેમ પડયો હોય તેનો તે ખુલાસો કરત, ત્યારે તેણી તેને પોતાનો પ્યાર આપ્યા વગર રહેત નહિ. પણ, અફસોસ ! તેણીને હવે તેણેજ છોડી દીધી-હમેશને માટે છોડી દીધી-અહા ! કેવી ખૂબસુરત-કેવી મધુર રમણી-તેણીને તેણે છેહ દીધો-અને એક અજાણી, કદી નહિ જોયેલી એવી સ્રીને માટે ! !

આવા આવા શોકાતુર વિચારોથી તેનું મગજ ભરાઇ ગયું, હૈયું ભરાઇ આવ્યું-અને આંખોમાંથી પોતાની મેળે આંસુ ટપકવા માંડયાં-વારંવાર તેને વિચાર થયો કે હવે જે સ્ટેશને ગાડી ઉભી રહે ત્યાં ઉતરી પડીને, વળતી ગાડીમાં પાછા જવું. ત્યારે તેણે તેમ કેમ કર્યું નહિ ? એક-બે-ત્રણ સ્ટેશનોએ ગાડી ઉભી રહી-પાછી આગળ ચાલી-છતાં કેમ ઉતરી પડયો નહિ ? એનો જવાબ માત્ર એટલોજ કે, વાંચનારે આ જુવાન માણસના સ્વભાવનું અવલોકન કરતાં જોયું હશે કે, તેનામાં મનની હિંમત ઘણી થોડી હતી, અને એટલો નબળા અને અદઢ મગજનો તે માણસ હતો કે પોતાની મૂર્ખાઇ-પોતાની બેવકૂફી-પોતાનું અઘટિત પગલું-આ સઘળું તેને જણાયા છતાં, તે સુધારી લેવા વિચાર કરતો હતો છતાં-તે અમલમાં મૂકવા તેની હિંમત ચાલતી નહોતી વળી પેલી અજાણી અબળાનો મોહપાશ તેની આંખ આગળથી વધારે દૂર ખસી શકયો નહોતો-તાજોજ હતો. તેણીની ભેદ ભરેલી હીલચાલ-તેણીની તેને વશ કરી લેવાની અદ્ભુત શક્તિ-તેને આફતમાંથી બચાવવાની તેણી જે શક્તિ ધરાવવાનું કહેતી હતી તે, અને તેણીના વિ-

લાસી હાવભાવ—આ બધા ઉપરાંત તેણીને તાબે થવાના તેણે લીધેલા આ-કરા સોગન—અને છેવટે આ બધો ભેદ ખૂલ્લો પડેલો જોવાની અણુહદ ઇન્તેજારી—આ સર્વની ઝેરી અસરથી તેનો હાલનો વિચાર અમલમાં મૂકવા તે બુદ્ધિમાં આવ્યોજ નહિ.

"નહિ, નહિ. મારે માટે જે નિર્માણ થયેલું હશે, તેને તાબે મારે થવું જોઇએ—તેના સામે થવું જોઇતું નથી." એકદમ આવેશમાં આવી જઈ તે બોલી ઉઠયો. "ભલે, જે પરિણામ આવવાનું હોય તે આવે—પણ આખર સુધી હું આનો પાર પામીશ. હું જો તેણીને પરણું તો તેણી મને આફતમાંથી બચાવવાનું કહે છે—ઠીક છે—તેણી મને ચાહે છે, અને કદાચ હજુ હું તેણીને સમજાવી શકીશ કે લગ્ન કર્યા સિવાય મને તેણીનાથી બની શકતી મદદ કરે, અને ત્યારે—પછી—કળા—વહાલી કળા—હું તને શોધી કાઢીશ—તારે પગે પડીશ—અને તારી સાથે સમજુતી કરીશ—બસ હવે એજ નિર્ણય."

આ પ્રમાણે વિચાર કરતો, ગાડીમાંથી વચ્ચેના સ્ટેશનોએ ઉતરી પડી પાછા વળવાના વિચારને પાછા હઠાવતાં, તે એમને એમ પડી રહ્યો. અને ગાડી તો તેના વિચારની દરકાર રાખ્યા સિવાય આગળને આગળ, એક પછી એક સ્ટેશનો પસાર કરતી ધસમસતી ચાલી.

પ્રકરણ ૭૩ મું.

વિશ્વાસઘાત—કે—દગો ?

રાતના નવ વાગ્યા હતા. કુસુમ અને કળા કુસુમોદ્યાનમાં ઘરમાં બેઠાં હતાં. તે એકલાં નહોતાં. તેમના પાડોશમાં રહેનાર ગરબડ અને રાણી—બન્ને ધણી—ધણીઆણી—દિનપર દિન તેમની સાથે ઘણું ઘરવટ કરવા લાગ્યાં હતાં, તે પણ સાથે હતાં. આ વિશ્વાસઘાતી જોડું, આ બે નિરાધાર બેનો સાથે હળી જવાને માટે વારંવાર પ્રસંગ લાવી હમેશાં રાત્રે

અહીં આવીને વાતોમાં ભેળાતું. કેટલીક વખત કુસુમની ખબર પૂછવાને બહાને–તો કેટલીક વખત પાડોશી તરીકે કળાની સાથે ટાઢી–મીઠી વાતો કરવાને બહાને–વખતે રામી એકલી અને વખતે બન્ને જણુ આવતાં. આ બધો પ્રપંચ હતો. કારણુ કે એ બન્નેનો અંદરખાનેથી દગા ભરેલો ઇરાદો હતો, અને તે કેવી રીતે અમલમાં મૂકી શકાય તેનો પ્રસંગ શોધી, ગોઠવણુ કરવાની તજવીજમાં હતાં.

કળાનો ચહેરો ચિંતાથી લેવાઇ ગયો હતો, અને જોકે તેણી આનંદી દેખાવા પ્રયત્ન કરતી હતી, છતાં તેણીના અંતરમાં અસહ્ય દુઃખની વેદના થતી હતી.

કુસુમનામાં ઘણો ફેરફાર થઇ ગયો હતો. જો આ વખતે અજબકુમાર આવીને તેણીને જુએ, તો તે ભાગ્યેજ માની શકે, કે જે ખૂબસુરતીનો ઝળકાટ મારતી–હસતી–રમતી અને મનમોહક બાળા થોડા દિવસ ઉપર તેના પ્યારમાં પડી હતી, તેજ આ કુસુમ હતી! પહેલ વહેલો અજબકુમાર તે યાદગાર રાત્રે આ બે બેનોના સંબંધમાં આવ્યો, તે વાતને ફક્ત ચારેક મહિનાજ થયા હતા. એટલા ટુંકા વખતમાં કેટલો બધો ફેરફાર અને કેટલાબધા ચોંકાવનારા બનાવો બન્યા હતા?

કુસુમના ચહેરા ઉપરનું તનદુરસ્તીનું લોહી ઉડી ગયું હતું. તે ઘણી ફિકરમંદ રહેતી હતી. વારંવાર ઉશ્કેરાઇ જતી હતી, અને હજુ તેણીનું મગજ બરોબર ઠેકાણે આવ્યું નહોતું.

આગળ આપણા જાણવામાં આવ્યું હતું કે તેણીને અજબકુમારના પ્રપંચી પ્યારના પરિણામે ગર્ભ રહ્યો હતો, પણ હજુ તેણીની તેવી સ્થિતિ ખૂલ્લી દેખાય એવી નહોતી. માત્ર કુસુમ અને કળાજ એ હકીકત જાણતાં હતાં. એક વખત ઉશ્કેરાયેલી સ્થિતિમાં કુસુમ કંઇક બોલી ગઇ હતી, તેથી ગરબડ અને રામીને ખબર પડી હતી. અજબકુમારને આ હકીકત કળાએ પ્રથમ જણાવી હતી, કારણુ કે કુસુમના ગર્ભમાં જે બચ્ચું હતું તેના પિતા તરીકે અજબકુમારને ખબર આપવાની તેણી પોતાની ફરજ સમજતી હતી. પણ કળાએ તે કાગળમાં ખાસ કારણોથી પોતાની રહેવાની જગાનું ઠેકાણું

જણાવ્યું નહોતું. તે ખાસ કારણો વાંચનારને અજાણ્યાં નથી—કારણ કે કુસુમનું જીવતર ધૂળ મેળવીને નહિ ધરાતાં કળાની ઉપર તેણે બળાત્કાર ગુજારવાનો પ્રયત્ન કર્યો હતો, કે જેમાંથી કળા ખાસ સંજોગોને લીધે ઇશ્વરની મહેરબાનીથી મદદ મળવાથી છટકી નાઠી હતી, તે વાત વાંચનારના જાણવામાં છે.

ગરબડ અને રામીની મુલાકાતો બંધ થાય, તો તેમ કરવા કળા ઘણી ખુશી હતી. પણ આ દાંભિક ધણી–ધણીઆણીએ પાડોશી તરીકે એવી માયાળુ વર્તણુક બતાવવા પ્રયત્ન આદર્યો હતો, કે તેમને જરાપણ ખોટું લગાડવા જેવું બોલવાને કળા ખુશી નહોતી. જોકે દુનિઆનો અનુભવ તેણીને એવો કડવો અને દુઃખદાયક થયો હતો, અને કેટલાક માણસોનાં કાળાં કૃત્યોથી તેણીને એવી ચાનક મળી હતી કે, તેણી કોઇપણ અજાણ્યા માણસનો વિશ્વાસ કરતાં અચકાતી હતી; છતાં કંઇપણ કારણ મળ્યા સિવાય, કોઇની વિરૂદ્ધ શક લઇ જવાનું તેણીના નિર્દોષ અંતઃકરણને વાજબી લાગતું નહોતું. તેથી ગરબડ અને રામીએ તેણીના તરફ, અને તેણીની દુખીઆરી બેન કુસુમના તરફ એવી માયા અને દયા ભરેલી લાગણી બતાવી હતી, કે તેઓના અંતઃકરણમાં દગો–ફટકો, પ્રપંચ, અને વિશ્વાસઘાત હોવાનો તેણીને જરાપણ સંશય આવ્યો નહિ. પણ આ વખતે જો તેણીને તેમની ખરી વર્તણુક વિષે ઇસારો કર્યો હોય, તો બાપડી કળા અચંબાથી ચમકી ઉઠયા વગર રહે નહિ.

આ પ્રમાણે વસ્તુસ્થિતિ હોવાથી અત્યારે આપણે કુસુમ અને કળાની સાથે આ દાંભિક જોડાને—ગરબડ અને રામીને—વાતોમાં બેઠેલાં જોઇએ છીએ.

"તમને ખોટું ન લાગે કળા બેન, તો હું પૂછું કે હાલમાં તમે તમારા પિતાને મળ્યાં હતાં?" બીજી વાર્તાચિત ચાલતાં ગરબડે પૂછયું.

"ના, તેમને હું કેટલાક વખતથી મળી નથી." કળાએ ભોળે ભાવે જવાબ દીધો—"તેમનું મંજુલાબાઇ સાથે લગ્ન થયું, તે દિવસ પછી મેં તેમને જોયા નથી."

"ત્યારે તમે હાલ અહીં રહો છો, તે તેમના જાણવામાં નહિ હોય?"

ગરબડે પૂછ્યું–" વળી તે જાણતા નથી, કે......"

વાક્ય પૂરૂં નહિ કરતાં કુસુમના સામી નજર કરી. કુસુમ નીચું જોઇ રહી હતી.

" ના, ના–" કળાએ કંઇક દિલગીરીથી જવાબ દીધો, પછી ધીમેથી કહ્યું–" હું આજીજી કરીને માગી લઉં છું કે મારી ગરીબડી બેનને પાછલા કંઇ દુઃખી વિચારો યાદ આવે, એવું કઇ સંભારતા નહિ."

" નહિ–કદી નહિ," ગરબડ ધીમેથી બોલ્યો–" ખરેખર તેણીના મગજમાં ગયા થોડા દિવસથી જે સારો સુધારો થવા લાગ્યો છે તેમાં કંઇપણ ખલેલ પહોંચાડવા જેવું કરવાને હું ઘણો દિલગીર થઇશ. પણ શું પોતાની દીકરીના દુઃખથી અને તેના કારણથી તમારા પિતા જાણીતા નથી?"

"મારા પિતા જાણે છે કે કુસુમને અજબકુમારે ખરાબ કરી છે." કળાએ ઘણોજ ધીમેથી જવાબ આપ્યો-" વળી તેણીના મગજ ઉપર ખરાબ અસર થઇ છે, તે પણ જાણે છે; પણ તે જાણતા નથી–઼ પ્રભુ! એવા વિચારથીજ મારૂં કાળજું કપાઇ જાય છે–કે તેણીની ગેરઆબરૂની નિશાની રહે એવી સ્થિતિમાં મારી બેન છે."

"કળાબાઇ, એમ શોક કરશો નહિ." રામીએ હવે તેણીને દિલાસો દેવાનો પોતાનો ભાગ ભજવવા માંડયો.

" એ શોક દિલમાંથી કાઢી નાખવાનું કામ સહેલું નથી, રામી," તેણીના ધણીએ કળાની દયા ખાતાં કહ્યું–" કે જ્યારે કોઇના અંતઃકરણ ઉપર ઘણા દુઃખનો બોજો ભેગો થયો હોય છે–" પછી કળાને પાછી તેજ વાત કાઢતાં પૂછ્યું–" તમારા પિતા, પોતાના આ પાછલા લગ્નથી સુખી છે?"

" તે હું કહી શકતી નથી. એ બાબતમાં હું કંઇપણ જાણતી નથી." કળાએ એવી ઢબમાં જવાબ દીધો કે સામા માણસે સમજવું જોઇએ કે, એ બાબત ઉપર હવે તેણી વધારે વાત કરવા ઇચ્છતી નથી.

" ઠીક ત્યારે, હું એ બાબત કશું પૂછીશ નહિ." ગરબડ બોલ્યો–" પણ–વારૂ–પેલા બિચારા આણંદરાય તમારા સગા થાયછે, નહિ વારૂ?" વળી તેણે બીજી વાત છેડી.

કળાએ હા કહ્યું.

"તેના ઉપર જે ભયંકર ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો છે, તે ખરો હશે, એમ તમે માનો છો ?" ગરબડે પુછ્યું.

"ખચીત નહિજ." ઉદાર દિલની બાળાએ જવાબ દીધો–અને આવા ઉમદા સ્વભાવના તરૂણ ગૃહસ્થના ઉપર જરાપણ શક ભરેલી રીતે પોતાને પૂછવા માટે તિરસ્કારની લાગણીથી ઉશ્કેરાઇ ગઇ. "તમે ખરૂં માનજો કે મારા આ તરૂણ સગા આણંદરાય તદ્દન નિર્દોષ છે, અને જ્યારે કામ ચાલશે, ત્યારે તેનું નિરપરાધીપણું સાબીત થશે, એટલુંજ નહિ, પણ કેવા ભેદ ભરેલા સંજોગોમાં તે પોતે ભોગ થઇ પડયો છે, તે પણ જણાઇ આવશે."

"હું પણ એવી આશા રાખું છું." ગરબડ બોલ્યો. "પણ મને તેમનો બિલકુલ અનુભવ કે ઓળખાણ નહિ હોવાથી, લોકોની સાંભળેલી હકીકત ઉપરથી, મને કંઇક શક આવતો હતો."

"શું, શક ઉપરથી એક જુવાન બાળાના ઉપર પહેલો આરોપ નહોતો આવ્યો ? અને તેણી પછી બીનગુનેગાર નહોતી ઠરી ?" કળા ખરા દિલની લાગણીથી બોલી. "અને તેજ પ્રમાણે આજુબાજુના વિચિત્ર સંજોગોથી મારો સગો, મેં કહ્યું તેમ ખોટા શકનો ભોગ નહિ થઇ પડયો હોય ? તેજ સર્વ શક્તિમાન પ્રભુ–કે જેણે સુશીલાનું નિર્દોષપણું સાબીત ઠરાવી આપ્યું–તેજ પ્રભુ, આણંદરાયનું નિર્દોષપણું સાબીત કરી આપશે. હું તો એમજ માનું છું."

"જુઓ, લગભગ એક મહિનાથી તે તુરંગમાં છે." ગરબડે તેજ વાત ચલાવી. "અને તે વખતે એવી વાત ચાલતી હતી, કે તે ગાંડો થઇ ગયો હતો–હું ધારૂં છું કે તે છતાં પણ તેનું કામ જલદી ચાલશે."

"ખાત્રી પૂર્વક તે પોતાનું કામ ચલાવવા શક્તિવાન થશેજ." કળાએ જવાબ દીધો. "તે ભેદ ભરેલો બનાવ બન્યા પછી, મારા સંબંધમાં એવા સંજોગો ઉપરાઉપરી ઉભા થયા કે મારાથી તેને મળવા, અને દિલાસો આપવા જઇ શકાયું નથી. મારી બેનને એક પળ પણ હું એકલી મૂકી શકતી નથી. નહિ તો હું તેને તુરંગમાં જઇને, દિલાસો આપત, કે ભલે, જો

આખી દુનિઆ તેને ગુનેગાર માને તો પણ એક માણસ એવું છે કે જે તેને નિર્દોષ માને છે. પણ જો કે હું જાતે જઇ શકી નથી, તોપણ મેં દિલાસાનો પત્ર તો લખ્યો હતો."

"એતો તમે ઘણું ઉમદા અને ડહાપણ ભરેલું કામ કર્યું." ગરબડે કહ્યું. "હું ધારૂં છું કે તેના પિતા ધરણીધરરાયજીને ઘણું લાગી આવ્યું હશે."

"તેના એકના એક વહાલા છોકરાની આબરૂ ઉપર જે દિવસે આવા નીચ તહોમતનો હુમલો થયો, તેજ દિવસથી તે બિચારા પથારી વશ થઇ પડ્યા છે." કળા એ લાગણીથી જવાબ દીધો. "પણ હવે જ્યારે કામ જલદીથીજ નીકળવાનું છે, ત્યારે આપણે આશા રાખીશું કે તેનું પરિણામ એવું સારૂં આવશે કે આણંદરાય બીનગુનેગાર સાબીત થઇ છૂટા થશે, અને તેમના પિતાની તનદુરસ્તી સારી થશે."

આ વખતે આગલો દરવાજો ખખડ્યો-ગરબડે પોતાની સ્ત્રી સામે કંઇક બેચેનીભરી ઇશારત કરી, કે જે કળાના જોવામાં આવી નહિ.

કેટલાંક માણસોનાં ઉતાવળાં પગલાંના અવાજ સંભળાયા, અને નોકરડીએ ઓરડાનું બારણું ઉઘાડીને કહ્યું. "આ કેટલાક માણસો તમારી સાથે વાત કરવા માગે છે, બાઇ."

પણ કળા જવાબ આપે તે પહેલાં તો કેટલાક માણસો બારણામાં દાખલ થઇ ગયા. તે ત્રણ માણસો હતા-તેમનો દેખાવ કળાને સારો લાગ્યો નહિ. કુસુમ કંઇ ઉઠી, અને એકદમ ઉઠીને કળાના પાસામાં-જેમ એક દીકરી પોતાની માના પાસામાં ભરાય તેમ-ભરાઈ ગઇ.

ગરબડ અને શામીની અરસ્પરસ ઇશારતો ચાલુ હતી-ગરબડને લાગતું હતું કે તેણે જે વિશ્વાસઘાતી અને દગાનો ભાગ ભજવવા માંડ્યો છે, તેથી તેને દિલગીરી જણાય છે-પણ શામીનો દેખાવ તો કંઠો અને સ્વાર્થીપણાનો હતો.

"તમારે મને શું કહેવું છે?" કળાએ હવે સાવધ થઇને પેલા માણસોને પૂછ્યું, કે જેઓ કુસુમના સામે જોઇ રહ્યા હતા.

"કુસુમ કોણ છે ?" તે ત્રણમાંથી એકે પૂછ્યું.

"અરે ! તેઓ મને શું કરવા માગે છે ?" કુસુમ નિરાશામાં હાથ ઘસતી બોલી ઉઠી.

"તમારી મુલાકાતનું કારણ કહો—જલદી કરો." કળાએ પોતાનો ગભરાટ દબાવવા પ્રયત્ન કરતાં કહ્યું-કારણકે તેણીના મનમાં ખરાબ પરિણામના ભણકારા વાગતા હતા.

"વારૂ, અમે તમને વધારેવાર સંશય યુક્ત રાખીશું નહિ." પ્રથમ બોલનારો માણસજ પાછો બોલ્યો. "ખરી વાત એ છે કે બે મોટા આબરૂદાર દાક્તરો એવા અભિપ્રાય ઉપર આવ્યા છે કે કુસુમના મગજની સ્થિતિ સારી નથી; અને જો થોડા દિવસ-અથવા થોડા મહિના, તેણીને એકાંત રાખીને બરોબર કાળજી પૂર્વક સારવાર થાય તો તેણીનું મગજ સુધરી જાય. આવી મતલબનો તેમણે દાખલો આપવાથી દીવાનાશાળાના અધિકારીએ અમને, કુસુમને લેવા માટે મોકલ્યા છે. બહાર ગાડી ઉભી છે."

"ઓ ! પ્રભુ ! તમારૂં કહેવું હું સમજી છું." કળા ચીસ નાખતી બોલી, અને પોતાની બેનને પોતાના હાથમાં વીંટી લઈ વધારે ને વધારે દુઃખની ચીસો નાખતાં બોલતી ગઇ. "નહિ, નહિ—મારી વહાલી કુસુમને તમે લઇ જઇ શકશો નહિ—અમને જુદાં પાડી શકશો નહિ."

"તું શું કહે છે, બેન ?" કુસુમ-કે જે બિચારી હજુ કશું સમજી નહોતી, તેણીએ પૂછ્યું. "તારી પાસેથી મને કોણ લઇ જાય છે ?"

"ઓ ! કુસુમ !" વહાલી બેન !" કળા બિચારી ઉંડા દુઃખની લાગણીથી ડુસકાં ભરતી બોલી. "આ માણસો તને લઇ જાય છે—ઓ, પ્રભુ! આપણને છૂટાં કરવા માગે છે—આપણે મા વગરનાં—તેમજ પિતાથી છૂટાં પડેલાં—અને નિરાધાર બેનો—દુનિઆમાં કોઇ પણ મિત્ર વગરનાં—તેમને પણ સાથે રહેવા દેતા નથી. આપણને છૂટાં પાડે છે—ઓ ! ભલા ભગવાન ! અમે કોઇનું કદી કશું બગાડયું નથી, છતાં અમને આમ શું કરવા દુઃખ આપે છે ? પ્રભુ ! તું સહાય થા."

"નહિ, નહિ—તેમ થઇ શકશે નહિ." કુસુમ ચીસ પાડી ઉઠી, અને કળાની સામે ઘુંટણે પડી, ધાસ્તીથી છવાઈ ગએલે ચહેરે ઉંચું જોઇ, દુઃખની

ચીચીઆરીઓ પાડતી બોલવા મંડી. "કળા-ઓ, કળા-નું મને લઇ જવા દઇશ નહિ-તારાથી મને જૂદી પડવા દઇશ નહિ-હાય! હાય! આ લોક મને સંચામાં ઘાલીને પીલશે-દુ:ખ દેશે-મારી આંખો ખેંચી કાઢશે-મારા શરીરમાંથી માંસ કાઢી લેશે—"

"હાય! હાય! આતો ગાંડી થઇ ગઇ, ગાંડી, ગાંડી, ઓ! બાપરે!" કળાએ કાન ફાડી નાખે એવી મોટી ચીસ નાખી-તેણીનું મગજ ભમવા લાગ્યું-અને તેવા બેભાનપણામાં, જે શબ્દ નહિ બોલવો જોઇએ, તેજ ભયંકર શબ્દ વગર વિચારે બોલી પડી.

"ગાંડી! ગાંડી!" કુસુમે એકદમ ઉભી થઇ ચીસપાડી, કળાએ બોલેલો શબ્દ પકડી લીધો-પેલા ત્રણ માણસો પાસે પાસે આવતા હતા, તેમની સામે લાંબા હાથ કરીને બોલી. "નીકળો-લુચ્ચાઓ-હું તમને ઓળખું છું-તમે અજયકુમારના માણસો છો-જે બધાઓને દુ:ખ દેછે તેજ તમે છો-તમે માણસના આકારમાં દુષ્ટ રાક્ષસો છો-જાઓ-હરામખોરો એકદમ નાસી જાઓ."

ઉશ્કેરાવાથી તેણીના ગાલ ઉપર રંગ ચઢી આવ્યો, અને આંખો ફાટી રહી.

"કુસુમ-વહાલી કુસુમ, શાંત થા-શાંત થા." કળાએ તેણીને સમજાવવા માંડી-હવે તેણીને લાગ્યું કે દુ:ખના હુમલાથી બેભાનપણામાં અસાવધપણે જે ભયંકર શબ્દ તેણીનાથી બોલી જવાયો હતો, તેથીજ કુસુમને નુકસાનકારક અસર થઇ હતી.

"તમારે પણ શાંત થવું જોઇએ, કળાબાઇ." ગરબડે તેણીનો એક હાથ પકડીને દિલાસો આપવાનો ડોળ બતાવતાં કહ્યું, જ્યારે રામીએ તેણીનો તેવીજ રીતે બીજો હાથ પકડયો. "તમે ધીરાં પડો-શાંત થાઓ." તેણે દિલાસો આપવાનો દાંભિક પ્રયત્ન જારી રાખ્યો-જો આ વખતે કળા પૂરી સાવચેતીમાં હોત તો તેણીને આ ઘાતકી સ્ત્રીપુરૂષ ઉપર શક આવ્યા વગર રહેત નહિ.

"બાઇ, શાંતિ પકડો" રામીએ પોતાનો વારો આવતાં કહેવા માંડયું.

અને એ પ્રમાણે તેણીએ અને તેણીના ધણીએ કળાના બન્ને હાથ ઝાલીને તેણીને દિલાસો આપવાને બહાને કેદી બનાવી દીધી, કે તેણીનાથી કુસુમને કંઇપણ મદદ થઇ શકે નહિ.

આગળથી નક્કી કરી રાખ્યા પ્રમાણે, પેલા માણસોએ સમજવાની આ નિશાની હતી. કારણકે કળા જ્યારે આ બે દુષ્ટ સ્ત્રીપુરૂષના હાથમાંથી છૂટવા તરફડીયાં મારતી હતી, ત્યારે પેલા ત્રણ માણસો, કુસુમને ચીસો નાખતી હાલતમાં બહાર ઘસડી ગયા.

"મને જવાદો–બસ–એકદમ મને છોડી દો–હું આજીજી કરૂં છું કે મને જવાદો." કળા પેલાં બેના હાથમાંથી છૂટવા તરફડીયાં મારતી, કાલાવાલા કરતી બોલી–જ્યારે કુસુમના મોંઢા ઉપર એક માણસે હાથ દાબી, તેણીને ચીસો પાડતાં અટકાવી.

"તમે તમને પોતાને કંઇ ઇજા કરી બેસશો બાઇ, માટે જરા શાંત પડો." ગરબડ કળાને જોરથી ખુરશી ઉપર બેસાડતાં બોલ્યો, અને એ રીતે કુસુમની પાછળ જતાં તેણીને અટકાવી.

આ કમનસીબ બાળાએ પોતાની બેનને બહાર ઘસડી જતાં, અને તેણીના હાથપગ બાંધતાં જોઇ, અને એકદમ બેભાન થઇને પડી.

જ્યારે તેણી ભાનમાં આવી ત્યારે તેણીને લાગ્યું કે, તેણી ભયંકર સ્વપ્નમાંથી જાગી ઉઠી હતી. જેમ જેમ તેણીનું મગજ સ્થિર થતું ગયું, તેમ તેમ તેણીને પાછલી યાદદાસ્ત તાજી થવા લાગી. આજુબાજુ નજર નાખતાં ગરબડ અને રામીને દીઠાં–પણ પોતાની બેનને જોઇ નહિ–તેથી તમામ હકીકત તેણીના મગજમાં તાજી થઇ. પછી એક મોટી ચીસ નાખી ઉભી થઇ, પણ દુઃખના અસહ્ય બોજાથી ના કૌવતવાન થઇ જવાથી પાછી પડી–અને ધુંટણે પડી ગરબડ સામે જોઇ કાલાવાલા કરતી બોલી. "મને કહો, કે તે લોકોએ મારી બેનનું શું કર્યું ?"

"વહાલાં કળાબાઇ, તમે શાંતિ પકડો." ગરબડ બોલ્યો–"મારા અને રામીના તરફ તમારાં વહાલાં મિત્રોની માફક જુઓ, જે તમારી બેનનું વેર લેશે."

"અરે, પણ તેમણે તેણીનું શું કર્યું ? તેણીને ક્યાં લઇ ગયા ?" કળાએ ઘણી અધીરાઇથી, અને ખરાબ ખરાબ શંકાઓથી પૂછયું.

"એ બાબતમાં જેવાં તમે અજાણ્યાં છો, તેવાંજ અમે પણ અજાણ્યાં છીએ." ગરબડ અજાણપણાનો ડોળ ઘાલી બોલ્યો. "કેમ રામી, હું કશું જાણું છું ?"

"અરે, ત્યારે કુસુમને મારી પાસેથી ખેંચી લઇ ગયા, અને હું એકલી પડી છું." કમનસીબ કળા, દુઃખની મોટી ચીસ નાખી બોલી, અને ખુરશી ઉપર પડી, મોઢું ઢાંકી મોટે મોટેથી ખૂબ રડી.

ગરબડ અને રામીએ પોતાના તરફથી દાંભિકતા ભરેલો દિલાસો દેવા માંડયો, પણ આ બિચારી ગરીબડી બાળાના ઉપર જે દુઃખનો ઘા પડયો હતો, તે ગમે તેવા ખરા દિલના શબ્દો કોઇ બોલે, તો પણ રુઝાય તેવો નહોતો. તેથી જો કે આ બે નિર્દય અને વિશ્વાસઘાતી ધણીધણીઆણી ઉપર, તેમના દગા વિષે કશો શક તેણીને આવ્યો નહિ, છતાં તેમના શબ્દોથી તેણીને શાંતિ થઇ નહિ. તેમણે તેણીને તે રાત્રે પોતાને ઘેર સૂઇ રહેવા લઇ જવા માગણી કરી, પણ તેણીએ ના કહ્યું. ત્યારે રામીએ ત્યાંજ તેણીની સાથે સૂઇ રહેવા ખુશી બતાવી, તે પણ કળાએ ના કહ્યું. અને એકદમ પોતાના સૂવાના ઓરડામાં દોડી જઇને બારણું બંધ કરી દીધું, અને પછી ડુસકે ડુસકે રડતી પથારીમાં પડી, દુઃખના ઉભરા કાઢવા લાગી, કે જેનું વર્ણન કરવાને માણસની કલમ અને ભાષા શક્તિવાન થાય એમ નહોતું.

પ્રકરણ ૭૪ મું.

બે સહીપણીઓની વાત ચિત.

જયચંદ સ્ત્રીના વેશમાં પ્રમિલાદેવીની સાથે સૂરજદેવીને મહેલ ગયો, અને ત્યાં સુશીલાએ તેને ઓળખવાથી તેને એકદમ નાસી જવું પડયું, અને દાદરેથી ઉતરતાં પડી જવાથી બેભાન થઇ ગયો,

તે આપણે જોયું છે. એ વાતને કેટલાક દિવસ થઇ ગયા પછી એક દિવસે બપોર પછી બે ત્રણ વાગતાના સુમારે, પુષ્પાવતીદેવી પોતાની ગાડીમાંથી પ્રમિલાદેવીના મકાન આગળ ઉતરી.

પ્રમિલાદેવી પોતાના ખાનગી ઓરડામાં તે વખતે એકલી બેઠી હતી, ત્યાં પુષ્પાવતીદેવી ગઇ.

" અહો ! ઘણા દિવસ થયાં મેં તને જોઇ નથી, વહાલી પ્રમિલા." પુષ્પાવતીદેવીને પ્રમિલાદેવીએ આવકાર આપી પોતાની પાસે બેસાડયા પછી પુષ્પાવતી દેવીએ કહ્યું. " લગભગ એકાદ મહિનો થયો હશે. આપણે તે દિવસે રસ્તામાં છેલ્લાં મળ્યાં હતાં."

" હા, ખરેખર, મહિના ઉપર થયું હશે." પ્રમિલાદેવીએ જવાબ દીધો. " પણ, વહાલી બેન પુષ્પાવતી, મારે તને ઘણો સખ્ત ઠપકો આપવાનો છે—કારણ કે તે દિવસે મને છેતરીને મારી ફજેતી કરવા જેવું તેં કર્યું હતું."

" હેં ! હેં ! તું શું કહે છે ? હા, બરોબર છે, હવે મને યાદ આવે છે" પુષ્પાવતીદેવીએ ખડખડાટ હસતાં જવાબ આપ્યો. " પેલી કાન્તાવાળી વાત, ખરી કે ? "

" એમ કહેને કે, તારો વઢી ગયેલો પેલો પિત્રાઇ ભાઇ જયચંદ્ર." પ્રમિલાદેવી સહેજ ગુસ્સાનો ડોળ કરી બોલી. " તું જાણે છે કે એ ઘણું ખરાબ કહેવાય."

" વહાલી સખી, આપણે તે દિવસે એટલીબધી ઉતાવળમાં હતાં, અને વળી રસ્તા વચ્ચે હતાં, કે જેથી મને કંઇ ખુલાસો કરવાની તક મળી નહોતી." પુષ્પાવતીદેવીએ ઠાવકું મોં રાખી જવાબ દીધો.

" તે ગમે તેમ હોય, પણ તેં જયચંદ્રને કાન્તા તરીકે મને ઓળખાવી, ખરૂં ને ?" પ્રમિલાદેવી હજુ તેવીજ દેખીતી ગુસ્સાની ઢબમાં બોલી. " અને મારી ખાત્રી છે કે કાન્તાનું ખરૂં સ્વરૂપ તું જાણતી હતી."

" હા—પણ તે વખતે મને એમ નહિ લાગ્યું કે તેજ વખતે ખુલાસો કરવાની જરૂર હતી." પુષ્પાવતીદેવી બોલી—" પણ વહાલી પ્રમિલા, તું

એમ તો જાણતી હશે કે તારી ફજેતી કરાવવાનો મારો ઇરાદો નહોતો, કારણ કે હું તને કેટલી બધી ચાહું છું."

"હા, તેતો ખરૂં છે" પ્રમિલાદેવીએ કહ્યું-"પણ હવે હું જે કહીશ તે ગુસ્સાથી નહિ, પણ મારી કેવી કફોડી સ્થિતિ થઇ પડી હતી તે તને જણાવવાને માટેજ. માટે હવે બધી હકીકત સાંભળ-કાન્તાને મેં ખરેખર તેવીજ માની હતી, અને હું સૂરજદેવીને મળવા જતી હતી, ત્યાં હું એને મારી સાથે લઇ ગઇ. તું જાણે છે કે, સૂરજદેવી કેવી એકમાર્ગી, પવિત્ર છે, અને એકાંતવાસ ભોગવે છે, તેથી હું કાન્તાને ખરા સ્વરૂપમાં ઓળખતી હોત તો હું તેને કદી ત્યાં લઇ જાતજ નહિ, કે તેણીના ઘરમાં ફજેતી થવા નો વખત આવત નહિ. પણ કોણ જાણે શું થયું કે હું કાન્તાને મારી સાથે ત્યાં લઇ ગઇ. ત્યાં અમે બેઠાં. પછી સૂરજદેવીને ઘેર એક સુશીલા કરીને સુંદર બાળા રહે છે, કે જેને તેણીના કહેવા પ્રમાણે તારા આ વહી ગયેલા પિત્રાઇએ ફસાવવા પ્રયત્ન કર્યો હશે, તેણીએ ત્યાં આવતાંની સાથે જ કાન્તામાં છૂપાયેલા જયચંદ્રને ઓળખી બૂમ પાડી, અને તેનું ખરૂં નામ જણાવ્યું. જયચંદ્ર તો ગભરાઇને તેજ વખતે ઉઠીને નાઠો, પણ દાદરેથી ઉતાવળે ઉતરતાં પગથીએથી પડી ગયો, અને કપાળ ફૂટાઇ જમીન ઉપર અફળાઇ પડયો. મારે કહેવું જોઇએ કે અજાણ્યા માણસોમેં સૂરજદેવી મળતી નથી, અને લોકો સાથે વધારે ભેળાતી નથી, છતાં આ વખતે જયચંદ્રની આવી બેભાન સ્થિતિ જોઇ ઘણી દુ:ખી થઇ. અમે બેએ તેને ઉપર લાવીને તેની સારવાર કરી-અમને પહેલી તો ધાસ્તી લાગી કે તે જીવતો નહિ હોય, પણ થોડીવારે જીંદગીનાં ચિન્હ જણાયાં-થોડીકવાર પછી કંઇક ચેતન આવ્યું, તોપણ તે તો બેભાનજ હતો, છતાં તેની જીંદગી વિષે ધાસ્તી રાખવાનું અમને કારણ રહ્યું નહિ."

"ત્યારે તો પછી તેનું શું કરવું તે ગુંચવાડો ઉભો થયો હશે?" પુષ્પાવતીદેવીએ વાતમાં ઘણો રસ લેતાં પૂછ્યું.

"હાજ તો." પ્રમિલાએ જવાબ દીધો-"સૂરજદેવીને લાગ્યું કે જો તેણીના ઘરમાં તેને રાખે તો તેણીની પ્રતિષ્ઠાને મોટો ધોક્કો પહોંચે, અને

લોકો ગમે તેમ નિંદા કરે–તેથી મેં તેણીને સૂચવ્યું કે જલદીથી છાની રીતે જયચંદ્રને તેને પોતાને ઘેર મોકલી દેવો–પણ ત્યારે એ સવાલ ઉભો થયો કે ત્યાં તેને શી રીતે મોકલવો ? જો મારી ગાડીમાં મોકલીએ તો નોકરો વિગેરે હલકા લોકો મારા વિષે શક લઇ જાય–અને જો સૂરજદેવી પોતાની ગાડીમાં મોકલે તો તેણીના પોતાના નોકરો તેણીની નીતિ ઉપર શક લઇ જાય–એમાંથી એકે પ્રકારે મોકલી શકાય એમ લાગ્યું નહિ."

" ખરેખર–ઘણો ગુંચવાડો." પુષ્પાવતીએ ઉદ્દગાર કાઢ્યા–" પણ પછી એ ગુંચવાડામાંથી તમે શી રીતે મુક્ત થયાં ?"

" સૂરજદેવીએ પછી નિશ્ચય કર્યો કે તેણીએ પોતાના બે નોકરોને પોતાના વિશ્વાસમાં લેવા, અને આ માણસ સ્ત્રીના પોશાકમાં કેવી રીતે આવ્યો હતો, અને અમને બન્નેને કેવી રીતે છેતર્યાં હતાં, તે બધું તેમને કહેવું." પ્રમિલાએ ખુલાસો કરતાં જણાવ્યું. " ટુંકામાં એટલુંજ કે–સૂરજદેવીએ સંપૂર્ણ રીતે તે કામ ચોક્કસપણે કરવા માથે લીધું, અને મને ઘેર જવાની રજા આપી–હું બીજે દિવસે પાછી ત્યાં ગઇ હતી; ત્યારે તેણીએ મને જણાવ્યું કે બધી ગોઠવણ ઘણી ચોક્કસ રીતે કરી હતી, કે કોઇ પ્રકારની અડચણ આવે નહિ. કારણ કે જયચંદ્રના નોકરો જાણે નહિ કે તેને સ્ત્રીના વેશમાં કોના ઘરમાં ઇજા થઇ હતી, તેથી સૂરજદેવીએ તેને પોતાના ડાક્તરને ત્યાં એક ચિઠ્ઠી લખીને હકીકત જણાવી મોકલી દીધો હતો."

" વાહ ! એતો બહુ સારી ગોઠવણ !" પુષ્પાવતીદેવી બોલી–" મેં સાંભળ્યું છે કે, એ વહી ગયેલો મારો જુવાન પિત્રાઇ કેટલાક દિવસથી મુંબાઇ જઇ રહેલો છે. તે તુ જાણતી હોઇશ ?"

" ના, બેન, એ વિષે મને કંઇ ખબર નથી," પ્રમિલાદેવીએ જવાબ દીધો–" મને લાગે છે કે તે સારો થયા પછી હવાફેર જવાની તેને સલાહ મળી હશે ?"

" થોડા દિવસ ઉપર તેનો મુંબાઇથી લખેલો એક કાગળ મને મળ્યો હતો, તેમાં તેવુંજ કારણ બતાવે છે." પુષ્પાવતીદેવીએ કહ્યું–" તેમાં તે જણાવે છે કે, પડી જવાથી તેને કંઇ ઇજા થઇ હતી, અને તેથી નબળાઇ

આવી જવાથી તબિયતના સુધારા માટે હવાફેર જવાની તેને જરૂર પડી હતી. તું ફરીથી તારી સખી સૂરજદેવીને મળી હતી, વારૂ ?"

"ના-તેણી થોડા દિવસથી બહારગામ ગઇ છે." પ્રમિલાદેવીએ જવાબ દીધો-"મને લાગે છે કે તેણીનો જે દાવો લાંબા વખતથી ચાલેછે, અને હવે પૂરો થવાની તૈયારીમાં છે, તે કામમાં કંઇ પુરાવાને માટે તેણી પોતાના મર્હુમ પતિના ગામોમાં ગઇ હશે. પણ હવે મને યાદ આવે છે," પ્રમિલાદેવીએ હસતાં હસતાં ચલાવ્યું-"કે તેં મને જાણી જોઇને તારા ઉછૂંખળ અને છટકી ગયેલા પિત્રાઇને મારી સાથે મોકલી મને ખરાબ સ્થિતિમાં નાખવા માટે હું તને સખ્ત ઠપકો આપવાની હતી, તે વાત તો તેં ભૂલાવી દીધી."

"વહાલી સખી," પુષ્પાવતીદેવીએ હસતાં જવાબ દીધો-"એના કરતાં વધારે ખરાબ સ્થિતિમાં તું નહિ આવી, તે માટે તારે ખુશી થવું જોઇએ. અને આતો અકસ્માત રીતે બની ગયું હતું."

આ પ્રમાણે વાતચિતનાં ગપ્પાં મારી પુષ્પાવતી થોડી વારે પોતાને ઘેર જવા ઉઠી.

પ્રકરણ ૭૫ મું.

અજબકુમાર અને તેનો ભાડુતી ગરબડ.

રાતના આઠ વાગ્યા હતા. અજબકુમાર વાળુ કરીને પરવારી ગયો હતો. કારણ કે ગરબડ તેને મળવા આવવાનો હતો. થોડી વારે ગરબડ આવ્યો, અને નમી નમીને સલામ કરી, અદબસર ઉભો રહ્યો.

"કેમ ગરબડ, શું ખબર છે?" અજબકુમારે પૂછ્યું.

"આજ તો મારે એવડી ખુશ ખબર આપને આપવાની છે." તે દાંભિક દલાલ નમી નમીને બોલ્યો, કે જે પોતાની મેળે અજબકુમારનો ભાડુતી દલાલ બન્યો હતો-"પણ પહેલાં તો હું જાણવા માગું છું કે અત્યારે આપને થોડા કલાકની ફુરસદ મળશે ?"

"આજ સવારે તારો કાગળ મને મળ્યો હતો," અજબકુમારે જવાબમાં જણાવ્યું–"અને તેમાં તેં મને સારી આશા આપેલી હોવાથી, આજ રાતનું તમામ કામકાજ મેં બાજુ ઉપર મૂકી દીધું છે, માટે મને ટુંકામાંજ જણાવી દે કે, આજ રાત્રે કળા મારા કબજામાં આવવાની છે?"

"જો આપની મરજી હોય તો તેમ બની શકે તેમ છે." તરત જવાબ મળ્યો.

"અહા! મારી મરજી પૂછે છે? મારી તો સંપૂર્ણ મરજી છે, દોસ્ત ગરબડ," અજબકુમારે ખુશાલીમાં આવી જતાં કહ્યું–"પણ તેં કેવી રીતે ગોઠવણ કરી તે મને ખુલાસેથી કહે."

"તેણીની બેન કુસુમને એક મહિના ઉપર ખસેડી, ત્યારપછી હમણાંજ પહેલ વહેલી પાડોશીની લાગણીથી કળા અમારા તરફ જોવા લાગી છે." તેણે જવાબ દીધો–"અને આજ સાંજે મારી સ્ત્રી રામીએ તેણીને ચા પીવાને બહાને બોલાવી. કળા બિચારી એકાંતવાસમાં ગભરાઇ જવાથી માયાળુ પાડોશણ તરીકે રામીને ગણી આમંત્રણ સ્વીકારે તેમાં કંઈ નવાઇ નથી."

"ત્યારે તેણીની બેનને દીવાનાશાળામાં લઇ જવામાં તમારો હાથ હતો, એવો તેણીને બિલકુલ વહેમ નથી, કેમ?" અજબકુમારે પૂછ્યું.

"તેણીને તેવો વહેમ લઇ જવાનું કારણ ગમે તેવું અમે થવા દીધુંજ નથી," ગરબડે જવાબમાં પોતાની અને પોતાની સ્ત્રીની પ્રશંસા કરતાં કહ્યું–"બધું કામ અમે ઘણી સાવચેતીથી કર્યું હતું. થોડાક રૂપીઆ આપીને બે દાક્તરોનો અભિપ્રાય લીધો. આપ જાણો છો કે હાલ હવે દાક્તરોની ખોટ નથી. અને દાક્તરો અને વકીલો માખો મારતા વલખાં મારે છે, એટલે તેવાને થોડા પૈસા મળે તો આપણા ધાર્યા પ્રમાણે ગમે તેવું કામ કરવાને તૈયાર થાય છે. આ દાક્તરો એ વાત બહાર પાડે એમ નથી, કારણ કે તેમ કરે તો તેમાં તેઓ જાતે પણ ફસાય. વળી દીવાનાશાળાના ઉપરી દાક્તરને પણ થોડું ચાંપ્યું છે, અને તે પણ પોતાની પ્રતિષ્ઠાની ખાતર કશું બોલે તેમ નથી. વળી કુસુમના ખર્ચ માટે પણ દર મહિને પંદર રૂપીઆ આપવાના ઠરાવ્યા છે. એટલે તેણે બિચારાએ રાજી

રાજી થઈને બધું કબુલ કર્યું છે. આજના વખતમાં પૈસો જોઈએ. જો તે હોય તો ધાર્યું કામ થાય, સાહેબ. " જર ચાહે સો કરે. " એ કહેવત કંઇ ખોટી નથી. હા, સાહેબ, હું તો આપને ખરૂં કહું છું. "

" ત્યારે જ્યાં કુસુમને લઇ જવામાં આવી છે, તેની આજુબાજુ કળા ફરતી હતી, તે તેણીએ હવે છોડી દીધું ? " અજબકુમારે પૂછ્યું

" ભાગ્યેજ એકાદ દિવસ એવો જતો હશે, કે એક ભાડાની ગાડીમાં કળા તે તરફ પોતાની બેનની તપાસ કરવા નહિ ગઇ હોય. " ગરબડે જવાબ દીધો. " પણ ત્યાંનો દાકતર તેણીને ખાત્રી પૂર્વક કહે છે કે હજુ થોડા મહિના સુધી તેણીના મગજની સ્થિતિ સુધરવા ત્યાં એકલી રાખવાની જરૂર છે, અને ત્યાર પછી મળવાની રજા મળશે. હવે કળા કંટાળી ગઇ છે. તેમ તેણીની ખાત્રી થઇ છે કે હાલનો કાયદો તેણીની વિરૂદ્ધ છે, તેથી તેણી કંઇપણ કરી શકે એમ નથી. પણ સાહેબ, હવે નવ થવા આવ્યા છે, અને મારી ચતુર સ્ત્રી રામી, કળાની એવી ગોઠવણ કરવાની છે કે બીન હરકતે આપ તેણીના ઉપર જીત મેળવી શકશો. "

" તું શું કહેવા માગે છે ? " અજબકુમારે પૂછ્યું. " તારી સ્ત્રી શું કરવા ધારે છે ? "

" નવ વાગે તેણીને વાળુ કરાવવાનું છે. " ગરબડે અજબકુમારના કાન પાસે પોતાનું મોઢું લઇ જઇ ધીમેથી કહ્યું. " અને પાણી કે દૂધ—અથવા જે કંઈ પીવાનું કળાને ગમશે—તે તો સરખુંજ છે. કારણ કે અમારી નોકરડીને અમે વિશ્વાસમાં લીધી છે. તે બિચારી પૂરેપૂરી વિશ્વાસુ છે. "

" હં ! હવે હું સમજ્યો " અજબકુમારે કહ્યું. અને કળાની મોહનમૂર્તિને પોતાના વિચારમાં લાવતાં બોલ્યો. " ચાલ ત્યારે, હવે આપણે જઇએ. "

તરતજ અજબકુમાર તૈયાર થઇ ગયો, અને બન્ને જણ ઘરમાંથી બહાર નીકળી, થોડે દૂર જાઇ એક ભાડાની ગાડીમાં કુસુમોદ્યાન તરફ ચાલ્યા. લગભગ સાડા નવ વાગે ગરબડના ઘરથી થોડે દૂર ગાડી ઉભી રાખી, અને ગરબડ એકલોજ પહેલો ઘરમાં ખાત્રી કરવા ગયો કે ધારી રાખેલી ગોઠ-

વણુ પ્રમાણે સઘળું બરોબર છે કે કેમ? અજબકુમાર ગાડીમાંજ બેસી રહ્યો, પણુ તેને ઘણીવાર ખોટી થવું પડયું નહિ; કારણુ કે તેનો ભાડુતી દલાલ તરતજ ખુશખબર સાથે પાછો આવ્યો, અને જણાવ્યું કે કળા તે વખતે એવી સ્થિતિમાં હતી કે, તેણી તેની દયા ઉપર છે.

અહા! આ વખતે અજબકુમારની ખુશાલીનું વર્ણન કરી શકવાની આ કલમમાં શક્તિ નથી. શું કળાને ભોગવવાની તેની અપાર ઇન્તેજારીમય ખુશાલી! પોતાની લાગણી ગરબડની પાસે મહા મુશ્કેલીએ દબાવી શક્યો. એકદમ ગાડીમાંથી ઉતરી પડયો, અને એકાદ પળમાંજ કળા જેવી ખુબસુરત પરીને પોતાના ભોગમાં લેવાને ઉતાવળો ગરબડની પાછળ ઘરમાં ગયો.

ગાડી ભાડાની હતી, અને ઉભી રાખવા કહ્યું નહોતું, તેથી તે તો ચાલી ગઇ.

× × × × × × ×

ગરબડના ઘરની બીજી તરફ એક બીજું ઘર હતું, અને તે ઘરમાં આ વખતેજ ઘણો મહત્વનો બનાવ બનતો હતો, તે આપણા લક્ષની બહાર જવો જોઇએ નહિ. માટે અજબકુમાર ઘરમાં જાય તે દરમિયાન, ચાલો આપણે તે જરા ઉપળક દૃષ્ટિથી જોઇ લઇએ.

એક ઓરડામાં સુરી, ધની અને તેમનો સોબતી અભો એ ત્રણુ બેઠાં હતાં, અને કંઇ ગુસપુસ ગુસપુસ કરતાં હતાં. જો કે ઘરમાં એ ત્રણુ જણુ સિવાય ચોથું કોઇ હતું નહિ, છતાં તેમની વાતચિત ઘણી સાવચેતીથી અને ધીમેથી ચાલતી હતી. પણુ આપણે જરા કાન ચપળ રાખીશું તો કંઇક સાંભળી શકીશું ખરા.

સુરી તથા ધનીને આપણે આગળથી ઓળખીએ છીએ કે તે બન્ને બાઇઓ બદમાશોના ટોળામાં અગત્યનો ભાગ ભજવતી સ્ત્રીઓ હતી. અભો વીસથી બાવીસ વરસનો જુવાનીઓ, મજબૂત બાંધાનો હતો; પણુ દેખાવે કંઇ બહુ સારો નહોતો. તોપણુ એ નામાંકિત મંડળમાં તે કંઇ ઓછો અગત્યનો ભાગ ભજવતો નહોતો.

"કેમ ત્યારે," બીજી વાતચિત્ત થયા પછી ધની બોલી. "હવે આ-

પણે પેલા લુચ્ચા ગરબડ અને પેલી ડાકણ રામી ઉપર વેર વાળવાની તૈયારીમાં છીએ, અને તેજ વખતે અમુક મોટો માણસ આપણા કબજામાં આવવાનો છે."

"અને જો આપણે ધારીએ છીએ તેમ બધું ઠીકઠાક ઉતરશે, તો આપણે ઘણો લાભ મેળવી લઇશું" સુરીએ કહ્યું.

"પણ તમે જાણો છો કે આ બધી યુક્તિ મારી હતી." અભો બોલ્યો." ભુરીને બરોબર લુગડાં પહેરાવી દાસી તરીકે કામ કરવા મોકલી, એ કેવી યુક્તિ?"

"અમે ક્યાં કહીએ છીએ કે તારી યુક્તિ બરોબર નહોતી?" ધનીએ કહ્યું.

"વળી તે કામમાં તો તને સાબાશી ઘટે છે." સુરીએ ટાહુકો પૂર્યો, "અને આજની રાતના કામમાં ફતેહ પામીશું, તો તેની બધી સાબાશી તનેજ છે-પણ તારી ખાત્રી છે કે ભુરીના ઉપર આધાર રાખી શકાશે?"

"પૂરેપૂરો." અભાએ મગરૂબીથી જવાબ દીધો-" કેમ, તમે ભૂલી ગયાં કે તેણીએજ ગરબડના ઘરની તપાસ કરીને આપણને ખબર આપી હતી? અને એક મહિનાથી તેણી તેને ઘેર કામ કરવા રહી છે, ત્યારથી આપણને દરરોજ ખબર આપે છે-લ્યો, આ તેજ આવી."

આ છેલ્લા શબ્દો, ભુરી ત્યાં આવતી હતી, તેને જોઇને અભો બોલ્યો હતો-તેણીનો દેખાવ કંઇક ઠીક હતો-તેણી અભા સાથે પ્યારમાં પડી હતી, તેથી તેના કહેવાથી તેણીએ ગરબડને ત્યાં નોકરડી તરીકે રહી, બધી હકીકત મેળવી આપવાનું માથે લીધું હતું.

"કેમ ભુરી, શું ખબર છે?" અભાએ પૂછ્યું.

"બધું બરોબર છે." ભુરીએ જવાબ દીધો. "ઉંઘવાની અને તે સાથે ઘેનમાં પડી રહેવાની ભૂકી મેળવેલું દુધ કળાએ પીધું છે-અને અજઅકુમાર હમણાંજ આવી પહોંચ્યો છે."

"ત્યારે હવે વખત ખોવાનું કામ નથી." ધની એકદમ ઉભી થઇને બોલી. "ચાલ, ભુરી, તું આગળ થા-અમે પાછળ પાછળ આવીએ છીએ."

"તમે બધાં પાછલે બારણે આવો." ભુરીએ સલાહ આપી "અને એકાદ બે પળ કરતાં વધારે વાર કરશો નહિ."

એમ કહી ભુરી દોડી ગઇ, અને આ ત્રણજણે પોતાની જીતની ઈશારતો અંદર અંદર કરી.

"બોલો હવે, તેણી શું ભરોસા લાયક નથી ?" અભાએ મગરૂબીથી પૂછયું.

સુરી તથા ધનીએ તેના કહેવાને ટેકો આપ્યો—ત્રણે જણ પાછળ ગયાં, અને ગરબડના ઘરને પાછલે બારણે જતાં ભુરીને ઉભેલી જોઇ. પછી પૂરતી સાવચેતીથી ભુરીએ ત્રણેજણને ઘરનાપાછલા ઓરડામાં દાખલ કર્યાં.

પ્રકરણ ૭૬ મું.

અજબકુમાર ફસ્યો.

દશ વાગવાનો વખત થવા આવ્યો છે. ગરબડના ઘરના એક ઓરડામાં ઝીણો દીવો બળે છે. તે ઓરડામાં એક ખાટલા ઉપર દિવસનાં પહેરેલાં તમામ કપડાં સાથે કળા સૂતી છે. તેણીના માથાના વાળ છૂટી જઇ ચારે તરફ પથરાઇ ગયા છે. વિશ્વાસઘાતી રામીએ તેણીને વાળુ કરાવી પછી આગ્રહથી દુધ પાયું હતું, અને તેજ વખત તેણી તદ્દન બેભાન જેવી થઇ, આંખો ઘેરાઇ જતાં ઉંઘમાં પડી હતી. અને તેવીજ સ્થિતિમાં રામી અને ભુરીએ મળીને તેણીને ઉંચકીને ખાટલામાં સૂવાડી હતી.

તે ખાટલામાં આ પવિત્ર બાળા તદ્દન નિરાધાર સ્થિતિમાં સૂતી હતી—ઉંઘતી હતી—અને તેણીના ઉપર જે આફતનું વાદળ ઘેરાઇ રહ્યું હતું, તેનાથી તે બિચારી તદ્દન અજાણી હતી. ચતાપાટ સૂતી હતી—કારણકે તેવીજ સ્થિતિમાં રામી તથા ભુરીએ સૂવાડી હતી, અને તેણી ઘેનમાં હોવાથી પાસાભેર થઈ શકે એમ નહોતું. આ પ્રમાણે સૂવાડવાથી તેણીનાં પહેરેલાં કપડાં અવ્યવસ્થિત થઇ જઇ શરીરનો કેટલોક ભાગ અમર્યાદિત રીતે ઉઘાડો થઇ

જાય એ સ્વાભાવિક હતું, કારણકે શરમીને તે ઢાંકવાની જરૂર નહોતી; અને કળાને પોતાના શરીરનું ભાન નહોતું. આવે વખતે, અને આવી સ્થિતિમાં સૂતેલી આ મનમોહક બાળા અપૂર્વ સૌંદર્યના બહારમાં દેખાય, અને કોઇ કામવિલાસી જુવાનીઆ તે દેખાવ જોઇ પોતાનો આવેશ અંકુશમાં રાખી ન શકે તો તેમાં કંઇ નવાઈ જેવું નહોતું.

આ ઉંઘતી અથવા ઘેનમાં પડેલી કુમારિકાના સૌંદર્ય ઉપર ખરેખર, તેવીજ લાગણીથી બે આંખો બિલકુલ મિચાયા સિવાય ઠરી રહી હતી, અને વારાફરતી એક અવયવ ઉપરથી બીજા ઉપર એમ ફર્યા કરતી હતી. આ આંખો તેણીના ખાટલા પાસે ચાંડો વળી ઉભા રહેલા એક કામવિલાસી જુવાનીઆનીજ હતી, અને તે આ પ્રમાણે એકીટશે નિહાળતો પોતાની કામી ઇચ્છાઓને ઉશ્કેરતો, પહેલો તો પોતાની આંખોને તૃપ્ત કરતો હતો. આ માણસ બીજો કોઇજ નહિ, પણ ગરબડની સાથે આવેલો અજબકુમાર હતો, તે વાંચનારને કહેવાની ભાગ્યેજ જરૂર પડશે. જેવી રીતે એક ભયંકર અજગર પોતાના લેવા ધારેલા ભોગને વીંટળાઇ વળવાને તેને કેટલીકવાર સુધી આતુરતાથી જોઇ રહે છે, તે પ્રમાણે આ વ્યભિચારી—મનુષ્ય જાતિનો અજગર, તેની આંખો નીચે પડેલી ખૂબસુરતીને પોતાનો ભોગ કરતા પહેલાં ચમકતી આંખોએ,: આતુરતાથી જોઇ રહ્યો હતો. તેની નજર ફર્યા કરતી હતી—માથાના વાળ ઉપરથી કપાળ, ત્યાંથી મોઢું, હોઠ, ગાલ, ત્યાંથી ગળું, અને ત્યાંથી છાતી ઉપર નજર આવતાં અટકી. ધબકારાથી ઉછળતી કુમારિકાની કુમારિકા સ્થિતિની ઉંચી છાતી—જેના ઉપરથી સાડીનો છેડો ખસી જતાં બારીક કપડાની ચોળીમાંથી પૂર બહારમાં ખીલતી, તેની નજરે પડી—તેનો આવેશ એકદમ ઉછળ્યો, અને વાઘની માફક તે શિકારની ચીજ ધારી તરાપ મારવા જતો હતો, પણ હજુ નીચેના બીજા અવયવો જોવાની ઇચ્છાથી મહામહેનતે, પોતાનો આવેશ કાબુમાં રાખી શક્યો—એટેકદરે આ વખતે તેણીનો દેખાવ તેને ગાંડો કરવાને, અને ગમે તે નુકશાને કે—ગમે તે જાતના ભોગે—તેણીને ભોગવવાની લાંબા વખતની અંતિમ ઇચ્છા તૃપ્ત કરવાનો નિશ્ચય કરવાને પૂરતો હતો.

આ પ્રમાણે કેટલીક પળ સુધી જોઇ રહ્યો, અને આવી ખૂબસુરતીનો ભંડાર હવે તેના સંપૂર્ણ કબજામાં છે, તે વિચાર કરતાં તેની આંખમાં ખુશાલીની ચમકારી આવી–હવે તે નીચો વળીને તેણીના બીડાયલા લાલ પરવાળાં જેવા સુંદર હોઠ ઉપર ચુંબન કરવા તે તરફ વળ્યો, અને જેવો પોતાનું અપવિત્ર મોં અને તેમાંથી નીકળતો અપવિત્ર શ્વાસ, પેલી પવિત્ર બાળાના પવિત્ર શ્વાસ સાથે મિશ્ર કરવા જાય છે–જેવો તેણીના હોઠ સાથે પોતાના હોઠ મેળવવા જાય છે, કે તેજ વખતે કંઇ પગલાંનો અવાજ સંભળાયા જેવું લાગ્યું–તે ચમક્યો–તે અચક્યો–શ્વાસ ઉંચો રાખી સાંભળવા કાન માંડયા–હવે તે ઓરડાનાં બારણાંની બહારથી કળ ફરતી સંભળાઇ–કે જે કળ તે અંદરથી બંધ કરવી ભૂલી ગયો હતો–અથવા કહો કે કળાના રક્ષણાર્થે ઇશ્વરે તેની તેમ કરવાની મતિ હરી લીધી હતી.

આ સાંભળતી વખતે જેવી સ્થિતિમાં નીચો વળી કળાના હોઠ પાસે–જરા દૂર-સુધી પોતાના હોઠ લઇ ગયો હતો–તેવીજ સ્થિતિમાં ઉભો રહીને સાંભળતો હતો–ઉંચો પણ થયો નહોતો, કારણકે તેને લાગ્યું કે કદાચ કોઇ જાતની ભ્રાંતિ હશે–પણ ના–ભ્રાંતિ જેવું નથી–સાંભળો–હવે તો ધીમેથી બારણું ઉઘડયું, એટલુંજ નહિ, પણ કેટલાંક માણસો ધીમે પગલે અંદર આવતાં દેખાયાં–અજબકુમાર એકદમ ચમક્યો–જો એક ક્ષણ પણ વધારે થઇ હોત તો કળાની પવિત્રતાને આ પાપી દુષણ લાવત–અભડાવત–પણ "જેને રામ રાખે, તેને કોણ ચાખે." એ પ્રમાણે આ બીજી વખત કળાનું સતીત્વ અને પવિત્રતા તેણીની મદદે આવ્યાં. અજબકુમાર ચમકતાની સાથે એકદમ ઉભો થઇ ગયો, અને નિર્દોષ કળા અપવિત્ર સ્પર્શથી બચી–તે એકદમ પાછળ ફર્યો, અને સારા દેખાવના નહિ, એવાં બેત્રણ માણસોને તે ઓરડામાં આવતાં તેણે જોયાં.

"એકદમ ચાલ્યા જાઓ." તે માણસોની સામે આવી ગુસ્સે થતો, અને પગ પછાડતો અજબકુમાર બોલ્યો. "આજ પળે નીકળી જાઓ, નહિતો હું બૂમ પાડીશ કે ઘરમાં ચોર પેઠા છે."

આ બારણું ઉઘાડી આવે કવખતે અજબકુમારનો ગુસ્સો વહોરી લે-

નાર, બીજું કોઇ નહિ, પણ ભુરીએ દાખલ કરેલાં સુરી, ધની, અને અબો હતાં—કે જેઓ અજબકુમારના ગુસ્સાથી જરાપણ ડગે તેવાં નહોતાં.

" હા, બરોબર છે—ઘરમાં ચોર પેઠો છે તેનેજ અમે પકડવા આવ્યાં છીએ." ધની હિંમતભેર બોલી. " શું તમે કહો છો તેમ કરવાની તમે હિંમત કરી શકશો, અજબકુમાર ? ભલે, તમારે તમારા હાથેજ ઉઘાડા પડવું હોય તો તેમ કરો."

" પણ તમે કોણ છો ? તમારે શું જોઇએ છીએ ?" અજબકુમાર પગ પછાડતો બોલ્યો, કારણકે તેણે જાણ્યું કે તે ઓળખાઇ ગયો હતો. " તમારે પૈસા જોઇએ છીએ ? ઠીક, તો હું તમને હાલ થોડા રૂપીઆ આપીશ."

" નહિ—અમારે તમારી સાથે અમુક બાબતની વાત કરવી છે." સુરી બોલી.

" મારી સાથે ? અને તે આજ રાત્રે ? એ બિલકુલ નહિ બને તેવું છે." અજબકુમાર બોલ્યો, પણ તેની નજર વારંવાર ખાટલામાં ઘેનમાં પડેલી કળા તરફ જતી હતી.

" હા, તમારી સાથે—અને અત્યારેજ—આ વખતે." ધની નિશ્ચયતાથી બોલી. " જો ખરૂં કહું તો, આ વખતે, તમે તમારા ધારેલા સુખની અણીએ પહોંચવાની તૈયારી વખતે અમારી હાજરી અચાનક નથી—પણ આગળથી ગોઠવણ કરી રાખ્યા પ્રમાણે છે."

" ત્યારે શું, બદમાશ ગરબડ મારી સાથે દગો રમ્યો છે ?" અજબકુમાર ગરબડ ઉપર વહેમ લઇ જતાં ગુસ્સે થતાં બોલ્યો. "હું તેના ઉપર સખ્ત વેર લઇશ."

" તમારી તદ્દન મૂર્ખાઇ છે." એકદમ ધની તપી જઇને બોલી. "ગરબડને અમારી ગોઠવણમાં લેવાદેવા નથી. પણ ઉલટાં તે અને તેની બાયડી બન્ને તેમના ઓરડામાંજ કેદમાં છે. એટલુંજ નહિ, પણ તેમની પોતાની નોકરડી તેમના ઉપર પહેરો ભરે છે—હવે તમે જોશો કે અમે બધી તરફથી પૂરી સાવચેતી વાપરી છે."

"પણ ફરીથી હું પૂછું છું કે તમે કોણ છો ? અને તમારે શું જોઇએ છીએ ?" આ લોકોના આવા હિંમત ભર્યા બોલવાથી અજબકુમાર વધારે મુંઝવણમાં પડતાં બોલ્યો.

"હું પહેલું કહીશ." અભો બોલવા આગળ પડયો. "જેવા તમે રાજકુંવર જેવા દીવાનપુત્ર છો, તેવો હું પણ મારી મંડળીમાં રાજકુંવર છું–અથવા દીવાન છું. તમારૂં નામ અજબકુમાર છે તો મારૂં નામ અભયકુમાર–અભયસિંહ છે–પણ બધા મને લાડ નામ અભાથી બોલાવે છે–અને જેવી તમે સ્ત્રીઓની બાબતમાં દરેક જાતની બદમાશી વાપરી જાણો છો, તેવી રીતે હું દરેક જાતના બદમાશોનો ઉપરી છું–જો તમારે મારૂં કામ હોય તો ખુશીથી ફરમાવજો, સાહેબ."

"બસ કર હવે." અજબકુમાર બોલ્યો–"બાઇ તમે કોણછો ?"

"મારૂં નામ ધની છે, અને હું પણ એ મંડળમાં એક સત્તાધિકારિણી રાણી જેવી છું."

"અને હું એ મંડળના મહારાજા જેવા જાલમસિંહની પ્રેમપત્નિ–રાણી છું–અમારા પ્રખ્યાત મંડળમાં મહારાણી જેવી પૂજાઉં છું–હવે તમારી ખાત્રી થશે કે અમે બધાં અમારા રસ્તામાં રાજવંશી જેવાં છીએ."

અજબકુમાર તો આ ત્રણેની વાત સાંભળીને અજબજ થઇ ગયો.

"ત્યારે હવે કહો કે તમારે શું જોઇએ છીએ?" અજબકુમારે પૂછ્યું.

"જાલમસિંહ હાલ મુસિબતમાં સપડાયો છે." સુરીએ કહ્યું–"માટે તમે મદદ કરીને તેને કોઇ પણ પ્રકારે છોડાવો."

"ઠીક છે–તેમાં કંઇ હરકત નથી." અજબકુમારે આ લોકોને જલદી પતાવી દેવાના ઇરાદાથી ઉતાવળે કહ્યું–"હું વચન આપું છું કે હું તે વિષે તજવીજ કરી મારાથી બનતી મદદ કરીશ."

"તમારો મોટો આભાર." સુરીએ કહ્યું.

"ચાલો ત્યારે, હવે તમારૂં કામ પૂરૂં થયું છે." અજબકુમાર બોલ્યો. "હવે તમે જલદી રસ્તો પકડો."

"પણ અમને લખાણ કરી આપો." સુરીએ દ્રઢતાથી કહ્યું.

" शुं तमे मारा वचन उपर विश्वास नहि राखो ?" अजबकुमार बोल्यो–" जाओ त्यारे, हुं कंईज करवानो नथी–तमे चाल्या जाओ. "

"पण अमे एम जवा मागतां नथी तो, समज्या साहेब." अमो बोल्यो. " आप जाणता नथी के गरबडनी नोकरडी मारी माशुकडी छे. तमारे एवी अनेक हशे, तो मारे मारा प्रमाणमां एक छे–अने तेणीएज अमने आ तक बतावी आपी छे–अने वळी वधारे जाणवुं होय तो, हुं कहुंछुं के आ खाटला उपर सूई रहेली बाई संबंधी सघळो प्रपंच तेणी-नाथी अमारा जाणवामां आव्यो छे. " कळानी सामे खाटला तरफ आं-गळी करतां कह्युं.

" हा–ए बधुं खरूं छे. " सुरीए कह्युं." तमाम हकीकतनी अमने खबर छे–अने हवे हुं तमने कहुं छुं, मोजीला अजबकुमार, अने वळी पूछुं छुं के, जो अमे बूम पाडी लोकोने भेगा करीशुं, अने तेओने जणा-वीशुं के, आवी रीते निराधार बाळाओने बेभान करवानी दवा आपीने बेभान बनावरावी, अजबकुमार–राज्यना दीवान साहेबना पुत्र–राजाना मानीता–पोतानी व्यभिचारी इच्छा तृप्त करे छे, तो लोको तमारे माटे शुं धारशे, तेनो विचार करो छो ?"

आ लांबु धमकी भरेलुं भाषण सांभळीने अजबकुमार गभरायो–पग पछाडवा लाग्यो–गुस्से रातोपीळो थइ गयो–चहेरो फीको पडी गयो–कारणके तेणे जोयुं के आ बदमाशोना पंजामां ते पूरेपूरो सपडायो छे–फसायो छे–तेमनी सामे थवुं, अथवा तकरार करवी एतो तद्दन नकामुं हतुं. तेथी गमे ते भोग आपीने पोते उघाडा न पडाय एम करवुं जोइए–का-रणके कळानी बाबतनो जो प्रपंच उघाडो पडी जाय तो पछी लोकोमां तेनी आबरु तरणा तुल्य थइ जाय–वळी तेनी साथे कुसुमवाळुं भोपाळुं बहार पडे–आम एक एके तेनां काळां कृत्यो एक उपर एक अजवाळामां आवतां आखरे ते मरवा जेवो थइ जाय–वळी कदाच राजाना कान सुधी वात जवा पामे तो वखते कंइनुं कंइ थइ जाय. आ वखते–आज पळे–तेना मनमां पस्तावो थयो के तेनो कामावेश, तेने आवी रीते फसाववा जेटले

જતા સુધી તે કાબુમાં ન રાખી શકે, એ મોટામાં મોટી મૂર્ખાઇ કહેવાય–પણ હવે શોક કરવો નકામો હતો–માટે ગમે તે કરીને હાલ તો આ ફાંદા· માંથી છટકવું જોઇએ–આવા નિશ્ચય ઉપર તે આવ્યો.

"ત્યારે તમારા માણસને હું મદદ કરૂં, તેવું તમારે લખાણ જોઇએ છીએ, કેમ !" આખરે તેણે પૂછ્યું.

"હા–" અભાએ જવાબ દીધો.

"તું છાનો રહે, અભા." ધનીએ તેને ધમકાવી છાનો રાખ્યો. "સુ-રીને બોલવા દે."

"તમે પ્રતિજ્ઞા ઉપર લખી આપો." સુરીએ કહ્યું. "લ્યો, આ કા-ગળ, અને ખડીઓ કલમ."

એમ કહી તેણીએ તે ચીજો મેજ ઉપર મૂકી.

અજબકુમારે બાટલા તરફ આતુરતા ભરેલી નજર કરી કે રખેને કંગા જાગી જાય, અને તેની ઇચ્છા તૃપ્ત કરવામાં કંઇ અટકાવ નડે !

પ્રિય વાંચનાર, આટલું આટલું થયા છતાં, આટલો આટલો ફટકો પડયા છતાં–આટલો આટલો પસ્તાવો થયા છતાં–હજુ આ વિષય લંપટ માણસ કંગાનો ઉપભોગ કરવાની ઇચ્છા રાખે છે ! દુષ્ટ માણસોના વિચારો, કલ્પનાઓ, અને આશાઓ મરતા સુધી પણ દુષ્ટને દુષ્ટજ રહે છે !

અજબકુમાર લખવા બેઠો–તે દરમિયાન ધનીએ સુરીના કાનમાં પૂછ્યું કે "આ લખાણ આપણને મળ્યા પછી આપણે શું કરવું ? શું આ બા-પડી છોકરીને તેના પંજામાં સપડાયેલી રહેવા દેવી ?"

"વાહ ! એવું તું એક પળ પણ ધારી શકે છે ?" સુરીએ તેણીના કાનમાં ધીમેથી જવાબ દીધો–"શું જયચંદ્રે આપણને આગળથી મોટી ર-કમ આપી નથી ? અને જ્યારે કંગાને આવી આફતમાંથી આપણે બચાવી, એવું તેને કહીશું, ત્યારે શું તે આપણને ભારે ઇનામ નહિ આપે ? જય· ચંદ્ર હાલ અહીં નથી, પણ થોડા દિવસમાં આવશે."

"હું અજબકુમારને તેના આ પ્રપંચમાં બિલકુલ ફાવવા દેવા માગ· તીજ નથી." ધનીએ પોતાનો અભિપ્રાય બતાવ્યો." એ માણસ લોકોને

ઘણું દુઃખ કર્તા છે. અને તેથી એક સ્ત્રી તરીકે હું, તેને ઘણો ધિઃક્કારૂં છું. તેમજ જયચંદના લાભ તરફ જોવામાં આપણને વધારે લાભ છે."

"અને વળી મારી ભુરી કહેતી હતી કે, કળા એવી સારી બાઇ છે કે તેણીને બિલકુલ દાગ થવા દેવી નહિ જોઇએ." અભાએ પોતાનો અભિપ્રાય રજુ કર્યો, કારણ કે આ છાની વાતચિતમાં તે પણ સામેલ હતો. "ભુરી, કળાને ઘણી ચાહે છે, અને તેથી ભુરીને નાખુશ કરવા જેવું આપણે કશું કરવું જોઇએ નહિ."

"ત્યારે આ કાગળ લખીને આપણને આપે, એટલે એ આપણને બહારનો રસ્તો બતાવે, તેને બદલે આપણેજ તેને રસ્તે પાડી દેશો." ધની બોલી. "અને પછી પેલાં બદમાશ ગરબડ અને રામીની ખબર લઇશું."

"લ્યો. હવે હું લખી રહ્યો છું." અજબકુમારે, લખેલો કાગળ આપતાં કહ્યું. તે લખતાં લખતાં આ લોકોના તરફ જોતો હતો, અને તેમને છૂપી વાતચિતમાં જોઇને બેચેન થતો હતો.

"મને વાંચી જવા દો." એમ કહીને સુરીએ તે કાગળ લઇને ધીમેથી વાંચ્યો. પછી અભાએ વાંચ્યો, અને પછી ધનીએ વાંચ્યો." હવે કંઇ હરકત નથી" એમ કહી કાગળ વાળીને ગજવામાં મૂકતાં અજબકુમારને કહ્યું. "બસ છે. હવે આપનું કામ પૂરૂં થયું છે, માટે અહીંથી પધારી જાઓ."

"હેં! શું તમે મને અહીંથી જવાનું કહો છો?" અજબકુમાર અજાયબીમાં પડતાં નિરાશા સહ બોલ્યો. "તમારે જવાને બદલે તમે મને જવાનું ભૂલથી કહો છો, એમ લાગે છે."

"નહિ. અમે જે કહ્યું, તે ખરૂંજ કહ્યું છે." સુરીએ દૃઢતાથી જવાબ દીધો. "ચાલો, હવે વધારે ઓછું બોલવામાં કંઇ ફળ નથી.—ચુપચૂપ ચાલ્યા જાઓ. અમે આ કળાબાઇનું રક્ષણ કરવા અહીં આવ્યાં છીએ, નહિ કે તેણીનું શિયળવ્રત ભંગ કરી તેણીનો સદંતર નાશ કરવામાં મદદ કરવા."

"પણ આ તમારી મારા તરફની વર્ત્તણુક સારી કહેવાય નહિ." અજબકુમારે આજીજીની ઢબે કહ્યું. "અને આવું કરશો તો, જે કામમાં

તમારે મારી મદદની જરૂર છે, તે તમે મેળવી શકશો નહિ "

"ભલે, કદાચ, તમારો તેવો ઇરાદો હશે." સુરીએ કહ્યું. "પણ આ કાગળને લીધે તમારે મદદ કરવાની ફરજ પડશે."

અજબકુમાર ફસ્યો–પૂરેપૂરો ફસ્યો–સ્ત્રીઓએ તેને બનાવ્યો–હરાવ્યો–પાણીથી પાતળો કરી નાખ્યો—તે હોઠ કરડવા લાગ્યો–ઉંચો નીચો થવા લાગ્યો–હાથમાં આવેલી સોનેરી તક ગુમાવવા વખત આવ્યો જોઇને તેનો જીવ ઉપર તળે થઇ ગયો. હવે શું કરવું તે કંઇ સૂઝતું નથી. ધમકીથી અને સમજાવટથી આ માણસો તેનું માને એમ નથી, એવી તેની પાકી ખાત્રી થઈ. છેવટે લાલચ આપવાનો ઉપાય અજમાવી જોવા બોલ્યો.

"તમને કશાથી પણ મારા બોલવાની અસર નહિ થાય? ગમે તેટલા પૈસા માગો, તો તે હું આપીશ. કહો તો પચીસ–પચાસ–સો રૂપીઆ–તમે કહો તે–"

"ઓ–હો–ઓ રૂપરડી!" ધની મરડાટમાં અને ધિઃક્કારની નજર નાખતી બોલી. "કળાને ભ્રષ્ટ કરવા તમે જે રૂપીઆ આપો, તેના કરતાં બેવડા રૂપીઆ અમને તેણીનું રક્ષણ કરવાથી મળશે. માટે હવે સો શબ્દને બદલે એકજ શબ્દમાં સમજી જાઓ. એક કલાક સુધી માથાફોડ કરશો તો પણ તમારૂં કંઇ વળવાનું નથી. માટે આબરૂભેર ચાલ્યા જાઓ."

"ત્યારે હવે હું કંઇપણ વધારે કહેવા માગતો નથી." અજબકુમાર ગુસ્સો કરી દાંત પીસતો બોલ્યો. પણ તેની પૂરી ખાત્રી હતી કે આ વખતે આ લોકોમાં તેનો ગુસ્સો બહાર કાઢવામાં કંઇ ફળ નહોતું.

આખરે શોકમાં–દિલગીરીમાં–નિરાશામાં તે ઓરડામાંથી–કે જ્યાં તે પોતાની ઘણા દિવસની વિષયવાસના–પિશાચરૂપ ઇચ્છા–તૃપ્ત કરવાની પૂરી આશામાં આવ્યો હતો–ત્યાંથી અજબકુમાર પગ અફાળતો નીકળ્યો, અને પોતાના કમનસીબને ગાળો દેતો રસ્તે પડયો.

પ્રકરણ ૭૭ મું.

કળાનો છૂટકારો.

ગરબડ અને શમીને મળેલો બદલો.

જેવો અજબકુમાર ઓરડામાંથી બહાર ગયો, કે તરત સુરીએ કળાના ખાટલાની પાસે જઇને, તેણીને ખભે હાથ મૂકી હલાવી. કળા ધીમેધીમે શુદ્ધિમાં આવી, પણ પાસુ બદલીને પાછી ઉંઘવા લાગી. સુરીએ તેણીના કપાળ ઉપર ઠંડુ પાણી જરા જરા છાંટયું, તેથી કળા વધારે શુદ્ધિમાં આવવા લાગી.

હવે ધીમે ધીમે કળાએ આંખો ઉઘાડવા માંડી, અને તેણીના ખાટલા પાસે ઉભેલા ત્રણ આકારો તરફ સૂનકારની માફક જોવા લાગી. તે બિચારી કશું જાણતી નહોતી, તેથી બીવા લાગી, અને એકાએક તેણીનાથી એક ધીમી ચીસ પડાઇ ગઇ. પણ સુરી પાસેજ હતી; તેણીએ દિલાસો આપવા ખાત્રીના શબ્દોથી શાંત કરવા માંડી.

"ગભરાશો નહિ, બાઇ," સુરીએ ધીમેથી શાંતિ ભરેલે ચહેરે કહ્યું. "અમે તમને મિત્ર તરીકે મદદ કરવા આવ્યાં છીએ, તેની સાબીતિ એ છે કે હમણાંજ અમે તમને ભારે આફતમાંથી બચાવ્યાં છે, કે જે વખતે તમે બેભાનપણામાં હતાં."

"આફત!" કળા બબડી, અને કપાળે હાથ મૂકી પોતાની યાદશક્તિ તાજી કરવા લાગી. "હા, હવે મને યાદ આવે છે." એમ બોલતાં તેણી એકદમ ખાટલામાં બેઠી થઇ, અને ચારે બાજુ જોઇને બોલી. "હું ક્યાં છું?"

"ગરબડના ઘરના એક ઓરડામાં." સુરીએ ખુલાસો કર્યો. "તમારી ઉપર ઘણો ઘાતકી પ્રપંચ રચવામાં આવ્યો હતો, અને અમે તમારી મદદે

ન આવ્યાં હોત, તો તમને તે પ્રપંચનો ભોગ થતાં કોઇ બચાવે એમ નહોતું. તમે વાળુ કરતી વખતે જે દૂધ પીધું હતું, તેમાં નીશા ચઢે એવી બૂકી નાખવામાં આવી હતી, અને તેવી સ્થિતિમાં તમને અજબકુમારને વેચ્યાં હતાં."

"ઓ! પ્રભુ! આ હું શું સાંભળું છું?" કળા એકદમ ધાસ્તીની ચીસ નાખતાં બોલી.

"હું જે કહું છું તે ખરૂં છે, અને તેજ પ્રમાણે તેના વિક્રાળ પંજામાંથી તમારો સહીસલામત રીતે છૂટકારો થયો છે, તે પણ ખરૂંજ છે." સુરીએ તેણીને શાંત પાડવા ખાત્રી આપતાં કહ્યું. "હવે તમે સ્વસ્થ થાઓ, બાઇ," સુરીને લાગ્યું કે તેમને બન્નેને જોઇને કળા શરીરે ધ્રૂજતી હતી, તેથી વળી બોલી. "જયચંદ્રરાયે અમને તમારા ઉપર દેખરેખ રાખવા, અને તમારૂં રક્ષણ કરવાનું કામ સોંપ્યું હતું; અને અમે અમારી ફરજ બજાવી છે."

"જયચંદ્ર!" એકદમ જયચંદ્રનું નામ સાંભળતાંજ, કળાના અંતરમાં ખુશાલીની ઉર્મિ ઉછળી આવી, આંખ ચળકી રહી, અને ગાલ ઉપર રતાશ ચઢી આવી. "શું તમે એ ખરૂં કહો છો? અહા! જો તેમ હોય—"

એટલેથી બોલતાં અટકી. તેણીને લાગ્યું કે જો હજુ જયચંદ્ર તેણીને એટલો બધો ચાહતો હોય, તો ખચીત તેણી તેની સાથે જરૂર કરતાં વધારે સખ્તાઇથી વર્તી હતી; અને હવે તેણીને જયચંદ્રને માટે માયાળુ અને પશ્ચાતાપની લાગણી થઇ આવી.

"હા, બાઇ, તે અક્ષરે અક્ષર ખરૂં છે." સુરીએ જવાબ દીધો. "જયચંદ્રરાય તમને સંપૂર્ણ પ્યારથી ચાહેછે, અને તમે તેમને છોડી દીધાથી તેમને ઘણું માઠું લાગ્યું છે; કારણ કે તે પ્રતિજ્ઞા ઉપર કહે છે કે કંઇપણ ખરા કારણ સિવાય તમે તેમનાથી છૂટાં પડયાં છો. વળી તે કહે છે કે, તેની ખરાબ વર્તણુક વિષે તમે ખોટું અનુમાન કરો, તેમના વિષે ખોટો અભિપ્રાય બાંધ્યો છે. તે ગમે તેમ થયું, તોપણ તેમનો તમારા ઉપરનો પ્યાર બિલકુલ ઓછો થયો નથી—અને તમને કોઇ બદમાશ હેરાન કરે, એવી ધાસ્તીથી તમારૂં રહેઠાણ શોધી કાઢવા, અને તમારા ઉપર દેખરેખ રાખવા અમને સૂચના આપીને, તે થોડા દિવસથી બહારગામ ગયા છે."

" અરે ! રે ! બિચારા જયચંદ્ર !" કળાને જયચંદ્રનો પ્યાર યાદ આવતાં ઉદ્ગાર નીકળ્યા—તેણીની આંખમાંથી આંસુ પડયાં—આવી ખબર એકાએક સાંભળવાથી તેણીને ઘણું લાગી આવ્યું હતું. " પણ તમે કોણ છો, મિત્રો ? અને હું કોના આભારમાં છું ?" કળાએ ખાટલામાંથી નીચે ઉતરીને પાસેની ખુરશી ઉપર બેસતાં કહ્યું, કારણકે હજુ તેણીને પેલા દૂધની અસર હતી.

" અમે કોણ છીએ, તે જાણવાની તમારે જરૂર નથી, બાઇ." સુરીએ જવાબ દીધો—" અમારો દેખાવ તમને પસંદ પડતો નહિ હોય, પણ જયચંદ્રરાય, અને તમારી સાથે અમે નિમકહલાલ અને પ્રમાણિક છીએ."

" હા." અભો બોલ્યો. " અને વળી તમારી બેનને દીવાનશાળામાં કેદ કરી, એ પણ તમારી સામેના પ્રપંચનો એક ભાગ હતો. તેણીને દૂર કરવાનું બહાનું ગોઠવ્યું હતું, અને અજબકુમારે તેણીની સાથે ચલાવેલી વર્તણુક વિષે, તેણીને બોલતાં અટકાવવાને માટે તેમ કર્યું હતું. હવે તમે જુઓ છો કે, અમે સઘળું જાણીએ છીએ." કળાએ હવે તેના તરફ વધારે અજાયબીથી જોવા માંડયું, તે જોઇ વળી અભો બોલ્યો. " અને તેથી તમે દીવાનાશાળામાં જઇને, તમારી બેનને છૂટી કરવા, એ બદમાશોને ફરજ પાડો, અથવા તમે ન્યાયાધીશને જાહેર કરો કે તે તમને ઇનસાફ આપશે."

" અહા ! આ તો તમે મને મોટી ખુશાલીની, અને આશા ભરેલી હકીકત કહી છે." કળા આતુરતાથી પોતાના હાથ જોડીને બોલી. " પણ હું તમને આનો બદલો શી રીતે આપી શકીશ ? મારી પાસે ઘણા પૈસા નથી......"

" અમે તમારી પાસેથી કશું લઇશું નહિ, બાઇ." સુરીએ કહ્યું. કારણકે તે લોકોએ કળાને જે હકીકત જણાવી હતી, અને તેણીનો છૂટકારો કર્યો હતો, અને તેણીએ ઇનામ આપવા માંડયું, છતાં તે લીધું નહિ, એ તમામ હકીકત જયચંદ્રને જણાવીને તેની પાસેથી ભારે ઇનામ મેળવવાનો તેણીનો વિચાર અને તેણીની આશા હતી. " જો તમે અમને કંઇપણ ઇનામ આપવાનું કહેશો, તો અમને ખોટું લાગશે."

"ત્યારે હું તમને એ વિષે વધારે નહિ કહું." કળા બોલી. "પણ જયચંદ્રે તમને મારી બેન વિષેની હકીકત કહી હતી ?" તેણીને લાગ્યું કે જો જયચંદ્રે એ હકીકત બહાર પાડી હોય તો તે જોકે સારા ઇરાદાથી હોય, તોપણ તેની મૂર્ખાઈ હતી.

"તેણે તે બાબત કશું કહ્યું નહોતું, બાઈ." સુરીએ જવાબ દીધો. "પણ ગરબડની નોકરડી ભુરી છે, તે અમારૂં માણસ છે—અને અમેજ તેણીને તેની નોકરીમાં મોકલી હતી, કે જેથી તેણી બધી તપાસ રાખી, તમારા ઉપર દેખરેખ રાખી શકે ?"

"ત્યારે જયચંદ્ર બહારગામ ગયા છે, એમ તમે કહો છો ?" કળાએ પૂછ્યું. "તે કયાં ગયા છે, તે તમે જાણો છો ? તે મને કહો તો તેની મહેરબાનીને માટે તેનો ઉપકાર માનવાનો હું તેને કાગળ લખું." તેણીએ શરમાતાં પૂછ્યું. કારણકે પોતાના પ્રિતમ સાથે પાછી સલાહ થવાનો પ્રસંગ મળવાથી તેણી ઘણી ખુશીમાં આવી ગઇ હતી.

"તેઓ સાહેબ મુંબાઇ ગયા છે." સુરીએ ખુલાસો કર્યો. "ગયા મહિનામાં બે ત્રણ વખત હું તેમને મહેલ ગઇ હતી, કારણ કે તમારૂં રહેઠાણ શોધી કાઢયાની તેમને ખબર આપવાની હતી. પણ દરેક વખતે મને જવાબ મળ્યો હતો કે અમુક કામને માટે, તેમને મુંબાઇ રોકાવું પડયું છે."

"ત્યારે તમે તેમને કાગળ લખ્યો નથી !" કળાએ પૂછ્યું.

"એવી રીતે કાગળ લખવાનો અમારો રિવાજ નથી, બાઇ." સુરીએ જવાબમાં કહ્યું. "ખાસ જરૂર સિવાય કાગળ ઉપર અમારા અક્ષર અમે પાડતાં નથી. વળી અમને આશા હતી કે જયચંદ્રરાય થોડા દિવસમાં અહીં પાછા આવશે. તેથી તેમના આવતા સુધી શાંત રહેવાનું અમે ડહાપણ ભરેલું ધાર્યું. અને હવે તમે તેમને મુંબાઇ કાગળ લખજો."

"ત્યારે આ ગરબડ અને રામી—કે જે ખરા દિલની પ્રીતિ બતાવતાં હતાં, તે આવાં દુષ્ટ, દગાખોર અને વિશ્વાસઘાતી છે ?" કળાને તેમનો વિચાર આવતાં પૂછ્યું.

"હા, તે બન્ને તેવાંજ છે." ઘની બોલી. "પેલો ગરબડ, ખરે-

ખરો એક લુચ્ચો બદમાશ છે, અને તેની બાયડી રામી, કેટલાક વખત ઉપર નીચમાં નીચ ધંધો કરતી હતી."

"ઓ, ભગવાન !" કળા ધ્રૂજી ઉઠી. "અરે ! હું આટલા વખત સુધી આવી સ્ત્રીની સોબતમાં હતી !"

"પણ તમે તેણીને ઓળખતાં નહોતાં." સુરીએ ધીરજ આપી. "તેથી તમે ઠપકાને પાત્ર નથી."

"અરે, પણ જયચંદ્રરાય શું ધારશે?" વધારેને વધારે ગભરાતાં કળા બોલી. "આવું સાંભળશે, ત્યારે તે શું કહેશે ?"

"રામી કોણ છે, અને કોણ હતી, તે વાત તેમણે જાણવાની જરૂર નથી." ધનીએ કહ્યું. "માત્ર તમે જાણી જોઇને તેમને કહેશો ત્યારેજ તે જાણશે."

"તેમની સાથે કોઈ પણ રીતે પ્રપંચથી મારાથી વર્તી શકાશે નહિ." તેણી દૃઢતાથી બોલી. "પણ તે વાતની સાથે તમારે સંબંધ નથી—હવે મને હોશીઆરી આવી છે, તેથી હવે આ શરમ ભરેલું ઘર છોડીને હું મારા ઘરમાં જઇશ. પણ તે પહેલાં તમે ત્રણેનો હું મારા ઉંડા અંતઃકરણથી આભાર માનું છું."

એમ કહી તેણીએ ઉમદા દિલથી પોતાનો હાથ સુરીને, પછી અભાને અને પછી ધનીને આપ્યો—તેમણે તેણીને ઘેર પહોંચાડી.

હવે એ ત્રણેજણ, જે ઓરડામાં ગરબડ તથા રામીને કેદ કર્યાં હતાં, ત્યાં ગયાં. ભુરી ત્યાં હાજર હતી. એક ખૂણામાં ગરબડ શોકાતુર ચહેરે બેઠો હતો, જ્યારે બીજા ખૂણામાં રામી બેઠી હતી—આ ત્રણેને ઘરમાં પેસતાં જોઇને, ગરબડ તેમને ઓળખીને ચમક્યો, અને ધારતી તથા આજીજી ભરેલી નજર તેમના તરફ કરી; પણ રામીએ તો કશી લાગણી બતાવીજ નહિ."

"હવે, ગરબડ, આખરે તું હાથમાં આવ્યો છે." અભાએ બારણાની આડે ઉભા રહી હાથમાં બંદુક રાખીને કહ્યું.

"અરે ! પણ તમે મને મારી નાખશો નહિ." ગરબડ ઉભો થતાં બોલ્યો, પણ પાછો તરતજ બેસી ગયો.

"તે બધું, હવે પછીની તારી વર્ત્તણુક ઉપર આધાર રાખે છે." અભો બોલ્યો.

"ત્યારે તમને મારી પાસેથી શું જોઇએ છીએ?" ગરબડે ધ્રૂજતાં ધ્રૂજતાં પૂછ્યું.

"સાંભળ." સુરી બોલી. "તું ઘણા વખતથી અમારો કટ્ટો દુશ્મન છે–અને તારા ઉપર વેર લેવા અમે નક્કી ઠરાવ કરી રાખ્યો હતો. તારી નોકરડી અમારૂં માણસ છે, અને તારી બધી હીલચાલની અમને ખબર છે. અજબકુમાર પણ અમારા પંજામાં સપડાયો છે, અને તેના ઉપર અમે અમારો કાબુ મેળવ્યો છે. તેની દુષ્ટ જાળમાંથી કળાને અમે છોડાવી છે, અને સવારમાંજ તેણી પોતાની બેનનો છૂટકારો કરાવશે. આ પ્રમાણે તારા પ્રપંચની તમામ નીચ યુક્તિઓ અમે ધૂળ મેળવી, એક પ્રકારે તારા ઉપર વેર વાળ્યું છે. હવે અમે આ કરૂણારસ–અથવા શોકપ્રદ નાટકના બીજા ભાગ ઉપર પ્રવેશ કરીએ છીએ."

"કરૂણારસ–શોકપ્રદ નાટક!" ગરબડ બબડ્યો, અને સુરીએ હુંડે પેટે આપેલી ધમકીથી ગગડી ગયો. રામી જોકે કંઇ લાગણી બતાવતી નહોતી, પણ બેચેન હતી.

"હા. કરૂણારસ અને શોકપ્રદ નાટક!" સુરી ઉશ્કેરાઇ જઇને બોલી. "પણ હજુ નાટકના તે ભાગ ઉપર અમે આવી પહોંચ્યાં નથી. હાલ તો માત્ર તારી પાસેના સઘળા પૈસા અને સઘળી જણસભાવથી અમે સંતોષ માનીશું. માટે તું ખુશીથી બધું આપી દે, નહિ તો અમારે બળાત્કારથી લેવું પડશે."

"મારી પાસે તો ફક્ત થોડા રૂપીઆ છે." દુષ્ટ ગરબડ બોલ્યો. "રામીની પાસે શું હશે, તે હું જાણતો નથી."

"લે–જે છે તે એ બધું છે." રામીએ ગુસ્સાથી પોતાના પૈસાની કોથળી ફેંકતાં કહ્યું.

"ચાર રૂપીઆ–બે અડધા રૂપીઆ–ચાર પાવલી–અને બે આનાના પૈસા." અભાએ કોથળી ખાલી કરીને ગણીને કહ્યું.

"તેની પેટી ઉઘડાવો." ભુરી બોલી. "પણ રખો, હુંજ પેટી લઇ આવું." એમ કહેતાની સાથે દોડી, અને તરતજ એક નાની પેટી લઇને આવી–ગરબડને તે ઉઘાડવાની ફરજ પાડી–જ્યારે સુરી અને ધની તે ખાલી કરીને જોતાં હતાં, ત્યારે ગરબડ–જાણે ફાંસીને લાકડે લટકવાની તૈયારીમાં હોય–એવો મુડદાલ ચહેરો કરી જોઇ રહ્યો હતો.

"અહા ! નોટો પણ છે." અબો બોલ્યો–કારણકે પેટીને તળીએથી સુરીએ એક કાગળનું બંડળ ખેંચી કાઢયું હતું. "કેટલાની નોટો છે ?"

"બધી થઇને એક હજાર રૂપીઆ કરતાં વધારેની છે." સુરીએ ઉપળક તપાસીને કહ્યું–પછી ભુરી તરફ ફરીને પૂછયું. "હવે શું જોવાનું રહ્યું છે ?"

"હવે તો કેટલાંક સારાં કીમતી વાસણો તથા લૂગડાં છે." ભુરીએ જવાબ દીધો, અને તરત તે ચીજો લેવાને માટે દોડી.

"રામી તું જુએ છે કે વાસણ, લૂગડાં તમામ લઇ જાય છે ?" ગરબડે પોતાની સ્ત્રીને કાલાવાલાની ઢબે કહ્યું.

"હા, હું જોઉં છું." રામીએ પેલાં ત્રણે તરફ તિરસ્કાર તથા ગુસ્સાથી જોતાં કહ્યું.

"ત્યારે તું તેમને અટકાવવાનું કેમ કંઇ કરતી નથી ?" તે શું બોલે છે તેનો કંઇ પણ વિચાર કર્યા વગર ગરબડ નિરાશામાં બોલી પડયો.

"ત્યારે તું કેમ કંઇ કરતો નથી ?" પોતાના ધણી તરફ રામીએ તિરસ્કારથી જોઇ ગુસ્સામાં સામો સવાલ કર્યો–"હું હમેશાં જાણુતીજ હતી કે તું ખરેખરો બાયલો છે, અને તે હવે મારી ખાત્રી થઇ છે."

"મને બોલીને બાળ નહિ, રામી હું સહન કરી શકતો નથી." ગરબડ બોલ્યો. "હું ઘણો દુઃખી થઇ ગયો છું–પણ આપણા આ દયાળુ મિત્રો આપણા ઉપર કંઇક દયા લાવશે ?" તેણે આ ત્રણ દયાહીન લૂટારૂઓ તરફ આતુરતાની નજરથી જોતાં કહ્યું.

"હા ! ખરા, દયાળુ–મિત્રો !" રામી હાસ્ય કરતાં બોલી.

આ વખતે ભુરી વાસણો તથા લૂગડાં લઇને આવી–અને તે બધું અબાને સ્વાધીન કર્યું. ગરબડ બધું લૂટાઇ જતું જોઇને હાથ મારી રડવા લાગ્યો.

"હવે તેમના હાથની વીંટીઓ." ભુરી ખુશાલીની તાળી પાડતાં બોલી.

"અહા ! વારંવાર વગર કારણે મને ઠપકો આપતાં હતાં, અને રખેને હું વધારે ખાઈ જતી હોઇશ, એવી અધીરાઇથી મારા ઉપર દેખરેખ રાખતાં હતાં, તેનું આ વેર લેવાય છે. હા-શ ! !"

"ચાલ, તારા કાનની કડી, અને હાથની વીંટી." અભો બંદુક સાથે રામી પાસે આવીને બોલ્યો.

તેણીએ મુંગે મોઢે તે ચીજો કાઢી આપી-પણ ગરબડ તો પગે લાગી રડતો રડતો આજીજી કરવા લાગ્યો કે તેના શરીર ઉપર જે જૂજ ઘરાણું છે, તે રહેવા દેવું-પણ તેના દુશ્મનોને દયા હતીજ નહિ. તેની પાસેથી પણ વીંટી વગેરે લઇ લીધું.

"હવે કંઇ લેવા જેવું રહ્યું છે ?" અભાએ પૂછ્યું.

"મારા જાણવા પ્રમાણે હવે કંઇ નથી." ભુરીએ જવાબ દીધો.

"હાલને માટે આટલું બસ છે." સુરી બોલી-પછી ગરબડના તરફ જોઇને કહ્યું. "અને હવે તમે જરાપણ ગરબડ કરી હોહા કરશો, તો તરત કળાને બેભાન કરીને અજબકુમારને અનીતિના કૃત્ય માટે સોંપવા વિષે તમારી વિરૂદ્ધ પોલિસમાં ખબર આપીશું. કળાને તમારી વિરૂદ્ધ સાક્ષી આપવાની ફરજ પડશે, અને માત્ર તેણીનોજ પુરાવો, તમને જો ફાંસી નહિ— તો દેશનીકાલ કરવાને બસ થશે."

ગરબડે ડુસકાં લેવા માંડયાં-જાણે કે તેની નજર આગળ ફાંસીનું લાકડું હોય-પણ રામી તો બેદરકારીપણે બેસી રહી.

હવે સુરી, ધની, ભુરી અને અભો એ ચારેજણ ઘરમાંથી, બે આગલે, અને બે પાછલે રસ્તે થઇને બહાર નીકળ્યાં, અને પોતાને મુકામે ગયાં.

ગરબડ પોતાની બાયડી સાથે, લૂટાઇ ગયાનો શોક કરતો રહ્યો.

બીજી સવારે તેમણે આ ઘર છોડી દીધું-અને બપોર પછી એક ગાડામાં, એ ઘરમાં તેમનો જે કંઇ પરચુરણ સરસામાન રહ્યો હશે, તે લઇ ગયાં.

પ્રકરણ ૭૮ મું.

યશોદાબાઈ–અને શેઠ બનેલો નોકર.

કેટલાક વખતથી યશોદાબાઇની ખબર આપણે લીધી નથી, માટે —ચાલો, જરા તે તરફ જઇએ.

રાતના દશ વાગવાનો વખત છે, યશોદાબાઇ પોતાના ખાનગી દીવાનખાનામાં એક ખુરશીમાં પડી હતી–કે જ્યાં પ્રથમ તેણી પોતાના મોટા આબરૂદાર જુવાનીઆઓની સાથે મોજમાં વાતો કરતી મઝા કરતી હતી.

આ વખતે પણ તે એકલી નહોતી. તેની સાથે કોઇ હતું. તે પુરૂષ વર્ગનો માણસ હતો. પણ તે કંઇ અજબકુમાર–કે જયચંદ્ર–કે એવો બીજો મોટા ઘરનો સેલાણી વર્ગનો માણસ નહોતો. આ તો તેણીનો પોતાનો હલકા વર્ગનો નોકર ગુમાન હતો–કે જે હવે મોટો ગૃહસ્થ થઇને ફરતો હતો, તે તેણીનો સોબતી હતો. હમણા તે એક જુગારખાનામાંથી મોટી રકમ ખુવાર કરીને ગુસ્સામાં આવ્યો હતો–વળી તે છેલ્લા બે ત્રણ દિવસથી માંદો હતો–આ માંદગી જો કે સાધારણ હતી–પણ તેની જીંદગીમાં તે પહેલી વારની હતી, તેથી તેટલી માંદગી પણ સહન કરવા જેટલી તેનામાં સહનશીળતા નહોતી.

યશોદાબાઇનામાં ઘણો ફેરફાર થઇ ગયો હતો. તેણીનો ચહેરો જે હમેશાં સ્મિત ભરેલો ખુશનુમા રહેતો હતો, તે હવે ફીકો અને ફિકરમંદ થઈ ગયો હતો. તેણીના ગાલ ઉપરની લાલી જતી રહી હતી. તેણીની આંખો જે પ્રથમ ભવ્ય અને ચળકાટ મારતી દેખાતી હતી, તેમાં ઉંડા ખાડા પડી ગયા હતા, અને ચળકાટ ઉડી ગયો હતો. તેણીના શરીરનો ઘાટ પણ હવે પ્રથમના જેવો શોભાયમાન દીસતો નહોતો–જો કે પ્રથમના જેવીજ તાલમેલથી પોતાનાં શોભાયમાન કપડાં, તથા ઘરેણાં પહેરતી હતી, પણ તેજ કપડાં તથા ઘરેણાંમાં પહેલાં તેણી જેવી દીપી નીકળતી હતી,

તેવી હવે દેખાતી નહોતી. તેથી બારીકીથી જોનારને એમ લાગ્યા વગર રહે નહિ કે તેણીનું સ્વરૂપ ઉડી જતું હતું. હમેશાં દિલગીરીમાં રહેતી. અને હસમુખી અને સુંદર છેલછબીલી યશોદાબાઇ હવે ફિકરમંદ અને બદલાયલી શિકલની થઇ ગઈ હતી.

"જ્યારે જ્યારે હું તારી પાસે આવું છું, ત્યારે ત્યારે તું આવી શોકાતુર રહે છે, તેનો શું સબબ?" ગુમાને આવતાંની વાર ઉદ્ધતાઇથી પોતાની શેઠાણીને વધાવી લીધી.

"મેં તને વારંવાર કહ્યું છે, ગુમાન," યશોબાઇએ શોકાતુર અવાજે જવાબ દીધો. "કે હું ખરેખરી દુઃખી છું. અને તેથી મારો શોકાતુર દેખાવ હું દૂર કરી શકતી નથી."

"શા માટે જલદ દારૂથી તારો શોક દૂર કરતી નથી.?" ગુમાને ઉપાય બતાવ્યો.

"કારણ કે જ્યારે તેની અસર જતી રહે છે, ત્યારે હું પાછી હતી તેવીજ—બલ્કે તેથી વધારે ખરાબ થતી જાઉં છું." તેણીએ જવાબ દીધો. "અને મને ધાસ્તી લાગે છે કે રખેને મારે હાથે આપઘાત થઈ જાય. આ પણ મેં તને વારંવાર કહ્યું હતું, છતાં તું મને તેનો તેજ સવાલ પૂછીને સતાવે છે."

"તેનું કારણ એ કે તને દિલગીર જોઇને મને ઘણો કંટાળો છૂટે છે." ગુમાને કહ્યું. "અને મારા મન ઉપર દિલગીરી ભરાઇ આવે છે—મને ખબર નથી પડતી કે આ છેલ્લા ત્રણ ચાર દિવસથી મને કોણજાણે શું થયું છે? ગમે તેમ હોય પણ મારૂં શરીર મને સારૂં લાગતું નથી."

"હવે તારે કંઇ ખાવું નથી?" યશોદાબાઇએ સાધારણ રીતે પુછ્યું—નહિ કે તેની કંઇપણ દરકાર રાખતી હોય તેથી—

"ના." તેણે જવાબ દીધો. "વળી પીવાનો પણ હવે મને કંટાળો આવે છે—"

"જુગારની ઉશ્કેરણીમાં તું તારૂં શરીર હાથે કરીને બગાડે છે." યશોદાબાઇએ કહ્યું.

"અહા ! થોડાક દિવસથી મેં તારા ખજાનામાંથી-અથવા કહો કે આપણા ખજાનામાંથી કેટલાક પૈસા ઉપાડયા છે, તેથી તું આમ કહેતી હોઇશ." ગુમાને બેદરકારીપણે જવાબ દીધો. "કારણ કે જો કે આપણે ધણીધણીઆણી તરીકે રહીએ છીએ, છતાં લગ્નની ગાંઠ તને ફાવતી આવતી નથી. ભલે, પણ તેથી કંઇ આપણા સંબંધમાં કંઇ ફેરફાર થતો નથી. જ્યારે લગ્ન વિષે મેં તને પ્રથમ વાત કરી હતી, ત્યારે એવું પગલું ભરવાથી તારા ધંધાને હાનિ પહોંચશે એવું કારણ તું બતાવતી હતી."

"મેં તને ખરેખર કહ્યું હતું, ગુમાન." યશોદાબાઇએ ઉભરો કાઢવા માંડયો. "તું મારી સાથે સરખી રીતે અને ઘરના ધણી તરીકે વર્તશે, તો મારા ધંધાને મોટો ધોકો પહોંચશે, એવી મને ધાસ્તી હતી. તે મારા શબ્દો અને ધાસ્તી હવે ખરાં પડતાં જાય છે-મારા શ્રીમંત ઘરાકોએ એક પછી એક મારી સાથેનો સંબંધ છોડવા માંડયો છે, અને દુકાનની ઘરાકી પણ દિનપર દિન ઓછી થતી જાય છે."

"હેં ! હેં ! શું આ તું ખરૂં કહે છે ?" ગુમાને પૂછ્યું.

"મેં વારંવાર તને ખાત્રી આપી હતી કે એમજ બન્યું છે." યશોદાબાઇએ જવાબ દીધો.

"ઠીક-કદાચ તેમ તેં કહ્યું હશે." ગુમાન સંપૂર્ણ બેદરકારીપણે બોલ્યો. "પણ મને નાપસંદ વાત તું જે જે કહે છે, તે મને યાદ રહેતી નથી. ધંધો શી રીતે ભાગી પડે, તે કંઇ મારા સમજવામાં આવતું નથી. કારણ કે પાછલા મકાનનો આશ્રય લેતા તારા ઘરાકો પૈકી કોઇ એમ તો નહિજ જાણતા હોય કે તું પવિત્ર સાધુ જેવી હતી ? ત્યારે એવા માણસોએ, તું ખૂલ્લી રીતે એક આશક રાખીને રહે, તેથી શા માટે તારી સાથેનો ધંધો છોડી દેવો જોઇએ, તેજ હું સમજી શકતો નથી."

"જો હું તને ખુલાસાથી કહીશ તો તને ગુસ્સો લાગશે," યશોદાબાઇએ કહ્યું, "અને આપણે બે વચ્ચે તકરારનું કારણ ઉત્પન્ન થશે."

"જો તું મને ખુલાસાથી કહીશ, તો હું ગુસ્સો નહિ કરૂં." ગુમાને જવાબ દીધો. "ગમેતેમ હોય પણ આપણા કામકાજ સંબંધી વાતચિત

કરવાની અત્યારે મારી મરજી થઇ આવી છે. માટે બોલ, અને બિલકુલ ધાસ્તી રાખીશ નહિ."

"ઠીક ત્યારે, સાંભળ." યશોદાબાઇ બોલી. "જો મેં એક મોટા આબરૂદાર ગૃહસ્થને તારી માફક ખૂલ્લી રીતે રાખ્યો હોત, તો કોઇ મારા જુના મિત્રો મને છોડી જાત નહિ, તેમજ મોટા ઘરની સ્ત્રીઓની ઘરાકી પણ મારી દુકાનમાંથી ઓછી થાત નહિ. પણ એક હલકા નોકરને મેં ઉંચી પાયરીએ ચઢાવવાથી તે બધા લોકો મારા તરફ ધિઃક્કાર બતાવતા મને છોડી ગયા છે."

"ત્યારે એ બધાની નાલાયકી બદલ નાખ તેમને જહાનમની ખાડીમાં !" ગુમાન ગુસ્સાથી તપીને બોલ્યો.

"હા, એવું બોલવું તો ઘણું સહેલું છે." યશોદાબાઇએ કહ્યું. "પણ તેથી આપણા ધંધામાં કંઈ વધારો થતો નથી, કે કોઈ પૈસા આપી જતું નથી. અને હવે મને જણાય છે કે તારા હદપાર ઉડાઉપણાથી આપણે જલદી ભીખારી થઈ જઈશું. તું જાણે છે કે થોડાં અઠવાડિઆંથી, એટલે આપણો સંબંધ થયો ત્યારથી, કેટલા રોકડા રૂપીઆ તેં ઉપાડયા છે?"

"ઓ:-હો ! મને લાગે છે કે તું હિસાબ રાખે છે?" ગુમાન જરા દિલગીર થતો બોલ્યો.

"ખરી વાત છે. હું હિસાબ રાખું છું." યશોદાબાઇએ જવાબ દીધો. "હું તને કહી શકીશ કે જુગારખાનામાં તેં ચારથી પાંચ હજાર રૂપીઆ ખુવાર કર્યા છે. તે ઉપરાંત ઘરમાં પણ તેં નકામો ખર્ચ વધારી મૂકયો છે, તેતો જુદોજ-આ પ્રમાણે વધારે વખત ટકી શકે એમ નથી. અને તેથી અત્યારે તેં આ વાત કાઢી તેથી હું ખુશી થઇ છું."

"અને હું નાખુશ થયો છું." ગુમાન બોલ્યો. આ વખતે તે નરમ દેખાતો હતો-"મારા મગજનું અત્યારે ઠેકાણું નથી, કારણ કે હું સારો નથી. ચાલ, હવે એક નોકરને ઉંચી પાયરીએ ચઢાવ્યાનું કહીને તેં મારૂં અપમાન કર્યું છે, તે હું તને માફ કરૂં છું. અને બીજી વાતચિતનો હું વિચાર કરીશ. બોલ તું શું સલાહ આપે છે?"

"અહીંથી તમામ આટોપીને બીજે દેશ ચાલ્યા જઇએ." યશોદા-બાઇએ કહ્યું. "અહીંથી હવે હું કંટાળી ગઇ છું. વળી હમેશાં બીકમાં રહેવાનું" તેણી ધીમેથી બોલી–"જો વળી કોઇને જરાપણ ખબર પડે–"

"ચૂપ રહે. તું શું કહેવા માગે છે, તે હું સમજ્યો છું. હું કંઇ બેવકૂફ નથી." ગુમાન વચ્ચે બોલી ઉઠયો. "અને તું જાણે છે કે લતિ-બખાંનું કામ થયા પછી તું મને અહીં એકલો મૂકીને સટકી જવાનો ઈ-રાદો રાખતી હતી, તેમાં મેં તને પકડી, અને તારો છૂપો ઇરાદો શોધી કાઢયો હતો."

"ઠીક છે, હવે આપણે તે બાબત ઉપર વધારે બોલવું નકામું છે." યશોદાબાઇ અધીરાઇથી બોલી. "મારો તે ઇરાદો છોડી દેવાના મેં સોગન ખાધા હતા, અને તું જુએ છે કે મેં મારા સોગન પાળ્યા છે."

"હા–કારણ કે જો તું એવું કંઇપણ કરે તો તને મારી નાખવાની મેં ધમકી આપી હતી, તેથી." ગુમાને ઠંડે પેટે જવાબ આપ્યો.

"જ્યારે આપણે મુદ્દાની વાતો કરીએ છીએ, ત્યારે મને આવા ભારે શબ્દ–પ્રહારથી શું કરવા દુઃખી કરે છે?" યશોદાબાઇ આંખમાં આંસુ લાવી બોલી.

"ચાલ, હવે એમ કરવાની કંઇ જરૂર નથી." ગુમાન બોલ્યો–"હાલ મારા શરીરમાં જે બેચેની થાય છે, તેને લીધે મારો મિજાજ જતો રહેછે. મારૂં માથું દુઃખે છે, અને ખોટા ખોટા વિચારો આવ્યા કરે છે. પણ આપણે આ દેશ છોડી જવાની વાત કરતાં હતાં. હું તારા તેવા વિચારની વિરૂદ્ધ નથી. કારણ કે હવે તો મને પણ અહીં કંટાળો આવે છે, અને વળી જ્યારે તું કહે છે કે ધંધો ઓછો થઇ ગયો છે..."

"તે બાબતમાં તારે શક રાખવા જેવું છેજ નહિ." યશોદાબાઇ-એ કહ્યું. "ત્રણ મહિના ઉપર અગિઆર તરૂણીઓ મારી દુકાનમાં નોકરીમાં હતી, જ્યારે હાલ ફક્ત ત્રણજ છે. ગમે તેટલી કરકસર કરૂં છું, તોપણ તારા ઉડાઉપણા આગળ તેની અસર જણાતી નથી–અને યમુના ચાલી ગઇ, ત્યાર પછી મેં બીજી દાસી પણ રાખી નથી."

"અહા ! બિચારી યમુના ! તેણી સુવાવડમાં છે, નહિ વારૂ ?" ગુમાન બેદરકારીથી બોલ્યો—"જો હવે, તેણીના દહાડા પૂરા થવા આવ્યા છે, અને થોડા દિવસમાં તેણી પાછી આવશે."

"અથવા તો તેનું સારી રીતે પોષણ કરવું પડશે." યશોદાબાઈએ કહ્યું. "અરે! તેણીએ મને કેટલીબધી વિટંબણામાં નાખી હતી. મેં કેટલી પટાવી—કેટલી ધમકાવી—કેટલી આજીજીથી સમજાવી—કેટલા પૈસા આપ્યા—ત્યારે કેટલી મુશ્કેલીથી તેણીની હાલતની ખબર પડે તે પહેલાં હું તેણીને ઘર છોડી જવા સમજાવી શકી હતી."

"એ બધી વાતથી હું અજાણ્યો નથી," ગુમાને કહ્યું.

"અને તે સિવાય બીજું ક્યાં થોડું છે?" યશોદાબાઈ દુઃખી અવાજે બોલી—"પેલી બે બદમાશ સ્ત્રીઓ આવી હતી તે તું ભૂલી ગયો નહિ હોય?"

"હા—હા, પેલી સુરી અને ધની, કેમ?" ગુમાને કહ્યું "તેમણે આપણને લતિબખાં વિષે પૂછ્યું હતું, અને જો તારે શરીરે ધાસ્તીની ધ્રૂજારી છૂટી નહિ હોત તો હું તેમને સારી રીતે સમજાવીને કાઢી મૂકત."

"તું કેવું નહિ મનાય એવું બોલે છે ગુમાન,?" યશોદાબાઈ બોલી. "તારે જાણવું જોઈએ કે, તે બે સ્ત્રીઓ ઘણું જાણતી હતી. રસુલખાંનું અહીં કાટલું થયું હતું, તે લતિબખાંએ તેમને કહ્યું હતું. એટલુંજ નહિ, પણ કઈ જગોએ તેને દાટયો હતો, તે જગા સુદ્ધાં તેઓ જાણે છે, અને તે બતાવવા તૈયાર થઈ હતી."

"તેતો ઠીક છે, અને તેથી તેં તેમને ચૂપ રાખવા પાંચસેં રૂપીઆ આપ્યા હતા," ગુમાને કહ્યું—"એમાં કંઇ વિશેષ નથી. તે બન્ને જણી પૈસા કઢાવવાજ આવી હતી. આપણે તેમના કબજામાં હતાં. તારી ધાસ્તીએ તેમનો વહેમ ખરો પાડયો, અને આપણને તેમને ચાંપવાની જરૂર પડી."

"અને શું તું એમ ધારે છે કે, એ બે રાંડો પાછી ફરીથી નહિ આવે ?" યશોદાબાઈએ દૂરઅંદેશીપણે કહ્યું. "હું તને કહું છું કે આપણે ચારે તરફથી ધાસ્તીનાં વાદળથી ઘેરાઇ ગયાં છીએ. દુઃખ અને પાયમાલી આપણા સામે ડોળા ચૂરકાવે છે અને ક્યારે આપણને ઝપડાવશે, તે આ-

ધણને ખબર પડશે નહિ; અને ત્યારે, પછી આપણે નાસી છૂટવાનું અશક્ય થઇ પડશે. ઓ પ્રભુ! મારામાં દિનપર દિન કેવો ભયંકર ફેરફાર થતો જાય છે, તે ગુમાન તું જુએ છે? જે હું પહેલાં ભરજુવાનીમાં દેખાતી હતી, તે હવે આ થોડા દિવસમાં ઘરડા જેવી દેખાઉં છું. થોડા દિવસમાંજ મારો ચહેરો ફીક્કો પડી ગયો છે. હજુ હું ભરજુવાનીમાં છું, છતાં સાઠ વરસની ડોસી જેવી થઇ ગઈ છું. માટે હવે આ જગો છોડી જઇએ, અને બીજા દૂરના દેશમાં જઇ રહીએ. અહીં વારંવાર આપણે ધાસ્તીમાં રહેવું પડશે. પેલી બે રાંડો પાછી આવશે. યમુના પણ આપણા ઉપર જોર કરશે. બોલ ત્યારે ગુમાન, આપણે સાથે નાશી છૂટીશું?"

"મને વિચાર કરવાને ચોવીસ કલાકનો વખત આપ યશોદા," ગુમાન બોલ્યો. "ઘણે ભાગે મારો વિચાર તારા વિચારને મળતોજ થશે, પણ મારા શરીરનું દુઃખ વધતું જાય છે."

"ખરેખર, તું માંદો હોય એવો દેખાય છે," યશોદાબાઇએ કહ્યું. "દાક્તરને બોલાવવા મોકલું? અથવા તું કંઇ દવા લઇને સૂઈ જઇશ?"

"એમાંનું કશું નહિ," ગુમાને જવાબ દીધો-" દાક્તરનો મને ભરોસો નથી-અને મારાથી દવા પીવાતી નથી. કદાચ જુગારખાનાના આવેશને લીધે હોય, અને એક સારી ઉંઘ લેવાથી સારૂં થઇ જશે."

"અહા! એક સારી ઉંઘ!" યશોદાબાઇ ઉંડો નિસાસો નાખતાં બોલી-" ઇશ્વર પાસે માગું છું કે મને એક દિવસ પણ એવી ઉંઘ આવે! પણ તને પસંદ પડતો પેલો ઉંચામાંનો દારૂ લે."

"હા, મને એક પ્યાલું આપ." ગુમાને ખુશી બતાવી.

યશોદાબાઇ ઉઠી, અને એક બાટલીમાંથી દારૂ એક પ્યાલામાં નાખી, ને ગુમાનને આપ્યો. તેણે તે હાથમાં લીધો, પણ જેવો મોઢે માંડવા જાયછે, તેવીજ તેને કંઈ એવી વાસ આવી કે તેણે તે પ્યાલો એમ ને એમ યશોદાબાઇને પાછો આપ્યો-અને ધ્રૂજતાં ધ્રૂજતાં બોલ્યો-"મને કંઈ થઇ જાયછે. હાય! હાય! હું ઘણો માંદો થઇ ગયો છું."

યશોદાબાઇએ તેને સૂવા જવા આગ્રહ કર્યો. અને આ વખતે ગુમાને

માન્યું. પણ તેનું દુઃખ એટલું બધું વધતું હતું કે, ઘણી મુશ્કેલીથી તે પોતાના સૂવાના ઓરડામાં જઇ શકયો. કપડાં કાઢી ખાટલામાં સૂતો, ત્યારે તેને કંઇક ઠીક લાગ્યું. હજુ પણ તેણે ડાક્તરને બોલાવવાની કે કંઇ દવા લેવાની ના જ કહી. થોડી વારમાંજ તે ઉંઘમાં પડયો.

પછી યશોદાબાઇ પાછી આવી, અને મકાન બંધ કરતાં અંદર બધું બરાબર છે કે કેમ, તે જોવા બધે ફરી વળી. નોકરોને સૂવા જવાની રજા આપી. અને તેણી પોતાના ઓરડામાં સૂવા જવાની તૈયારીમાં હતી, તેવામાં આગલું બારણું બહારથી કોઇએ ઠોકવાનો અવાજ સંભળાયો.

યશોદાબાઇ ચમકી. કારણ કે હવે તેણી એવી થઇ ગઇ હતી કે, પવનથી એક પાતરૂં પણ હાલે તો બીકથી ધ્રૂજી ઉઠતી. આખે શરીરે તેણીને કંપારી છૂટી—કારણ કે અપરાધીનું અંતઃકરણ હમેશાં દરેક બનાવે કંપી ઉઠે છે. પણ પાછી તરત સાવધ થઇને બારણું ઉઘાડવા ગઇ.

બારણું ઉઘાડયું. કોઇ નોકર જેવો એક શામળા વર્ણનો છોકરો ઉભેલો જોયો. તેણે મૃદુ અવાજે પૂછયું-"યશોદાબાઇને મળી શકાશે?"

યશોદાબાઇએ હા કહેવાથી થોડો વખત તેણીની સાથે પેલા છોકરાએ કંઇ મહત્વની બાબતમાં વાત કરવાની ઇચ્છા બતાવી.

પ્રકરણ ૭૯ મું.

યશોદાબાઈ અને રાવજી.

યશોદાબાઇ, તે શામળા વર્ણના છોકરાને પોતાના દીવાનખાનામાં લઇ ગઇ. તેને બેસાડયો. તેના શરીરની સુંદરતાથી તેણી અજાયબ પામી.

વાંચનારને આ શામળા વર્ણના સ્વરૂપવાન છોકરાને ઓળખવાની મુશ્કેલી પડી નહિ હોય. છતાં કંઇ શક લાગે તો જાણવું કે તે જયચંદ્રનો નો-

કર રાવજી હતો. તે બેઠો તો ખરો, પણ કેટલીકવાર સુધી યશોદાબાઇ તેના સામું એકીટશે જોઇ રહેવાથી તેને કંઇ બેચેની થઇ કે કેમ—અથવા ગમે તે પ્રકારની લાગણી થઇ હોય, પણ તે એવી રીતે બેઠો કે દીવાનું અજવાળું તેના ચહેરા ઉપર પડે નહિ. તેની નજર યશોદાબાઇ તરફ ગઇ, અને તરતજ તેની ઝેરીલી ઇચ્છાને સંતોષ થયો કે તેણી નબળી પડી ગયેલી અને ફિકરમંદ ચહેરાની દેખાતી હતી. પણ રાવજીએ તેણીને ધારી ધારીને જોઇ, છતાં તે ઉપર યશોદાબાઇનું લક્ષ ગયું નહિ.

"બાઇ," થોડીવારે રાવજી બોલ્યો. "આવે કવખતે આપને અડચણ કરવા માટે પહેલી તો મારે માફી માગવી જોઇએ. પણ હું ધારતો હતો કે તમને વહેલાં સૂઇ જવાની ટેવ નથી. તેમજ જયચંદ્રરાયનું નામ હું જણાવીશ, એટલે તમે મારા ઉપર નાખુશ નહિ થાઓ."

"અહા! ત્યારે તું જયચંદ્રરાયની નોકરીમાં છે કે?" યશોદાબાઇ ખુશી થતાં બોલી. કારણ કે તેણીને લાગ્યું કે તેણીના મોટા મોટા ઘરાકો પૈકી જયચંદ્ર જેવો તેણીને હજુ યાદ કરે છે.

"હું તેમની નોકરીમાં છું, એટલુંજ નહિ, પણ તેમના સંપૂર્ણ ભરોસામાં છું." રાવજીએ જવાબ દીધો. "અને તેમણે મને તમારી પાસે એક ખાસ મુશ્કેલી ભરેલા, વિચિત્ર પ્રસંગના કામને માટે તમારી મદદ સારૂ મોકલ્યો છે. વળી તેમણે મને, તમને ખોટું ન લાગે, એવી રીતે જણાવવા ફરમાવ્યું છે કે, તેમના આ કામ બદલ તમને પૂરતો બદલો મળશે."

"એવી ખાત્રી મને આપવાની કંઇ જરૂર નથી, નાજુક છોકરા." તેણીએ સ્મિત કરીને જવાબ દીધો. હાલ તેણીના ચહેરા ઉપર ઘણે દિવસે સ્મિત આવ્યું હતું. "કહે ત્યારે, મારા મિત્ર જયચંદ્રને હું શી રીતે મદદ કરી શકું એમ છે? તે કામ બજાવવાને હું તૈયાર છું."

"બેશક." રાવજીએ ગર્ભિત તાણો મારવાના અવાજથી કહ્યું. યશોદાબાઇને કંઇક અજાયબી ઉપજી. "તેઓ સાહેબ તમને હમેશાં માયાળુ અને દિલોજાનીની લાગણીથી યાદ કરે છે."

"તારા જુવાન શેઠની મારા ઉપર હજુ મહેરબાની છે, તે જાણીને

હું ખુશી થાઉં છું." તેણીએ કહ્યું "મેં સાંભળ્યું હતું કે કેટલાક વખતથી તે બહાર ગામ ગયા હતા. વળી તેમના જતા પહેલાં તેમને કંઇ વધારે ઇજા થઇ હતી, એમ પણ મેં સાંભળ્યું હતું."

"તે ખરૂં છે, બાઇ." રાવજીએ જવાબ દીધો. "અને હવે જો તમારી રજા હોય તો, તેમના હાલના પ્રસંગને લગતી વાત કરૂં."

"હા, ચલાવ. હું ધ્યાન પૂર્વક સાંભળું છું." યશોદાબાઇ આ વખતે પોતાની સઘળી ફિકર અને ધાસ્તી ભૂલી જઇ, નવા પ્રપંચને સાંભળવા ઉશ્કેરાતાં બોલી.

"મારે શરૂઆતમાં કહેવું જોઇએ," રાવજીએ ખુલાસો કરતાં કહ્યું. "કે મારા શેઠ એક સ્ત્રીના મોહપાશમાં પડયા છે."

"કળાને માટે તું કહે છે?" યશોદાબાઇએ પૂછયું.

"ના, બાઇ. તે પોતાના એ બેવકૂફી ભરેલા આવેશમાંથી તદ્દન મુક્ત થયા છે." રાવજીએ મર્મમાં જવાબ દીધો. "અને હવે તો તેમનાજ જેવી કામાવેશવાળી અને અપાર ખૂબસુરતીની ભરેલી, વિલાસી સ્ત્રીના પ્યારમાં પડયા છે. પણ તે ભભકાદાર સુંદરી—કે જેણે મારા શેઠને પોતાની મોહજાળમાં સીકડી લીધા છે, તેણી પોતે હજુ ઉંડા ભેદમાં રહી છે—કે જે ભેદ મારા શેઠ અને હું હજુસુધી જાણતા નથી. ટુંકામાં એટલુંજ કે—આ બાઇ સાહેબ, પોતાનું નામ, અને પોતાનો ચહેરો, લગ્ન સંબંધીથી મારા શેઠ સાથે જોડાશે, ત્યાંસુધી ખૂલ્લાં કરશે નહિ."

"શું?" યશોદાબાઇ અતિશય અજાયબીમાં પડતી બોલી. "તું એમ કહેવા માગે છે કે, જે સ્ત્રી સાથે તારા શેઠ પ્યારમાં પડયા છે, તેણીનો ચહેરો પણ હજુ તેમણે જોયો નથી?"

"હા બાઇ, તેમજ છે." રાવજીએ જવાબ દીધો "જો કે તે આશ્ચર્યકારક બીના છે, પણ જયચંદરાય ખાત્રીથી માને છે કે, તે સ્ત્રી ઘણીજ ખૂબસુરત છે, અને બદલશિકલ સ્ત્રીનો એવો સુંદર ઘાટ હોય નહિ. તેણીનો ચહેરો સુંદર હોવા વિષે તેમને બિલકુલ શક નથી. કારણ કે અહીં અને હાલ મુંબાઇમાં એક અંધારા ઓરડામાં—કે જ્યાં વારંવાર તે સ્ત્રી અને

મારા શેઠ ભેગાં થતાં, ત્યાં મારા શેઠે પોતાના હાથ ફેરવી ફેરવીને તેઓનો ચહેરો, અને શરીરના બીજા અવયવો તપાસ્યા છે, અને તેણીની ખૂબસુરતી વિષે ખાત્રી કરી છે."

રાવજી આંખ મિંચામણાં કરતો, મંદમંદ હાસ્ય કરતો વાત કરતો હતો, તે જોઇને અને તેવી વાત સાંભળીને યશોદાબાઇથી હસી પડયા સિવાય રહેવાયું નહિ.

"ત્યારે આ સ્ત્રી નીતિનો નમુનો નહિ હોય?" હસતાં હસતાં યશોદાબાઇએ પૂછ્યું.

"તે વાતમાં ઉંડા ઉતરવાની આપણે કંઇ જરૂર નથી, કારણ કે મારે કે તમારે તેની સાથે કંઇ સંબંધ નથી." રાવજીએ ઉડાવનારો જવાબ આપ્યો." આપણે માટે હાલ તો એટલુંજ જાણવાનું બસ છે કે તે સ્ત્રી, જયચંદ્રરાય સાથે લગનની ગાંઠથી જોડાતાં સુધી, પોતે ઉંડા અંધારામાં અને ભેદમાં રહેવા માગે છે. ત્યાર પછી તેણી તે બધો ભેદ ખૂલ્લો કરશે. તેણીનો ચહેરો ખૂલ્લો થશે, તેમ તેણીનું નામ તથા ઓળખાણ પણ ઉઘાડું થઇ જશે. મારા શેઠની તેણીએ ખાત્રી કરી આપી છે કે તે સઘળું જાણ્યા પછી, તેને તેના લીધેલા પગલા માટે પસ્તાવો થશે નહિ."

"પણ અત્યાર સુધી મારા જાણવામાં જે જે અદ્ભુત વાતો આવી છે, તે કરતાં આતો ઘણી અદ્ભુત વાત જણાય છે." યશોદાબાઇ વધારે રે વધારે અજાયબ થતી બોલી. "ખરેખર આવું મોહાંધપણું તો મેં કદી પણ સાંભળ્યું નહોતું. અને જયચંદ્ર જેવા અનુભવી, ડાહ્યા, અને દુનિઆદારીના માણસ, આવા મોહપાશમાં-કે જે કદાચ પાછળથી ભયંકર ભૂલ તરીકે જણાય-તેવામાં ફસાય, એતો ઘણું અજાયબી ભરેલું અને વિચિત્ર છે."

"બાઇ." રાવજી હવે અધીરાઇથી બોલી ઉઠયો. "હું તમને અરજ કરૂં છું કે, આવી તકરારમાં વખત કાઢવા મેં કંઇ તમારી મુલાકાત લીધી નથી. મારો હેતુ એટલોજ છે કે તમે, મારા શેઠને તે સ્ત્રીએ જે પ્રમાણે કહ્યું છે, તે પ્રમાણે તેમનું કામ સંપૂર્ણ પાર પડે, એવી રીતે મદદ કરશો કે કેમ?"

"તે બાબતની તો હું તને પહેલેથી ખાત્રી આપી ચૂકી છું." ય-

શોદાબાઈએ જવાબ દીધો. "ચલાવ, ચાલાક છોકરા, અને હવે હું એ બાબત ઉપર વધારે ટીકા કરતાં અટકીશ—જો કે તે વાત ગમે તેવી અદ્‌ભુત અને વિચિત્ર હશે તો પણ."

"અહા! બાઈ," રાવજી પાછો મર્મમાં બોલ્યો. "આવા વિચિત્ર અને અદ્‌ભુત બનાવો કે જે માની પણ શકાય નહિ—તેથી દુનિઆ ભરપૂર છે. અને બેશક, તમને કેટલાક સંજોગોથી તમારોજ અનુભવ જણાવશે કે હું જે કહું છું તે સત્ય છે."

"ખરૂં છે." યશોદાબાઈ બોલી. તે વખતે રાવજીએ તેણીના તરફ ઝીણી નજરથી જોવાથી તેણી બેચેન થઈ, પણ જેવી તેણે આંખો ફેરવી નાખી કે પાછી તરત સાવધ થઈ ગઈ. "ત્યારે હવે, બોલ કે હું તારા શેઠને કઈ રીતે મદદ કરી શકું? ટુંકામાં કહી દે કે મારે શું કરવાનું છે?"

"આવતી કાલે સાંજે જયચંદ્રરાય આ શહેરમાં આવશે, બાઈ." રાવજીએ જવાબ દીધો. "તેમની ભેદ ભરેલી મનમોહન સુંદરી તો આજ આવી હશે—હું પણ આજ સાંજેજ મુંબાઈથી અહીં આવ્યો છું—અને મારા શેઠે મને તેમના વિશ્વાસમાં લઈને બધી તૈયારી કરવા ફરમાવ્યું છે."

"ત્યારે તો લગન ક્રિયા ઘણાજ ટુંકા વખતમાં થવાની હશે?" યશોદાબાઈએ પૂછ્યું.

"બનતા સુધી તો આવતી કાલે રાત્રેજ થશે." તેણે જવાબ દીધો. "અને વળી, જો તમને કંઈ હરકત નહિ હોય તો અહીં તમારાજ મકાનમાં."

"મને બિલકુલ હરકત નથી." યશોદાબાઈએ જવાબ દીધો. હવે તેણી સારા પૈસાની કમાણીની આશાથી ઘણી ઉત્તેજીત થઈ હતી. "પણ આ બધું ભેદ ભર્યું અને આવું ખાનગી રીતે શા માટે થાય છે? જયચંદ્રના પોતાના મહેલમાં શા માટે એ ક્રિયા ન થઈ શકે?"

"માત્ર એટલાજ કારણથી કે આવી ભેદ ભરેલી, વિચિત્ર હકીકત લોકોના જાણવામાં આવે નહિ." રાવજીએ ખુલાસો કર્યો. "જ્યારે સઘળું થઈ જશે, અને પછી કંઈપણ છૂપું રાખવાની જરૂર રહેશે નહિ, ત્યારે મારા

શેઠ પોતાની પત્નિને ખુલ્લી રીતે પોતાને મકાને લઇ જશે. અને પાછલા ભેદ ભરેલા પ્રસંગો બહાર પડયા સિવાય તેમના લગ્નની વાત લોકો જાણશે. હવે તમે આ ભેદ ભરેલી બાબત છૂપી રાખવાની જરૂર સમજી શક્યાં હશો."

"તારા ખુલાસાથી મારા સમજવામાં આવ્યું છે." યશોદાબાઇએ જવાબ દીધો. "પણ જયચંદ્ર તેણીનું નામ જાણ્યા સિવાય તે સ્ત્રીને શી રીતે પરણી શકશે ?"

"કંઇ જરૂર નહિ પડે, બાઇ." રાવજીએ જવાબ દીધો. "ખોટું નામ આપતાં ક્યાં વાર લાગવાની છે? એ કારણથી કંઇ લગ્ન થયું નથયું થવાનું નથી. તમારી મદદથી અને સારી બક્ષિસથી, કોઇપણ બ્રાહ્મણ કંઇપણ પૂછપરછ કર્યા વગર લગ્ન કરાવશે."

"હા—મારો ઓળખીતો એક બ્રાહ્મણ છે, તે આ કામ કરી શકશે." યશોદાબાઇ થોડીવાર વિચાર કરીને બોલી.

"જયચંદ્રરાયને ખાત્રી હતી કે, તમને આ બાબતમાં કંઇ ગુંચવાડો પડશે નહિ." રાવજી બોલ્યો—"અને હવે તમે જો આવતી કાલે રાત્રે નવ વાગે, બ્રાહ્મણને અહીં હાજર રાખવાનું, તથા લગ્નની સઘળી તૈયારી કરી રાખવાનું, માથે રાખતાં હશો તો, પછીનું બીજું કામ કંઇ ભારે નથી—કારણકે તમારા પાછલા મકાનમાં બે ઓરડા તેમને માટે જુદા રાખવા."

"અહા! મને લાગે છે કે તારા શેઠે તને મારા મકાન વિષે બધી માહિતી આપી છે." યશોદાબાઇ સ્મિત કરતાં બોલી.

"હા, બાઇ—હું તમારા મકાન અને તમારા વિષે સઘળું જાણું છું." રાવજી માર્મિકપણે બોલ્યો, અને પોતાની ચળકતી આંખો—તેણીના ઉપર ઠેરવી. "પણ હવે એ બાબત એટલુંજ બસ છે—મને લાગે છે કે, હવે તમારે શું કરવાનું છે, તે તમે સમજ્યાં છો."

પણ રાવજી આગળ બોલતાં અટકયો, કારણકે આગલે બારણે, બારણું ઠોકવાનો અવાજ આવવાથી, યશોદાબાઇ ચમકીને ઉભી થઇ.

" હું જોઇ આવું, કે કોણ છે ?" યશોદાબાઇ સાવધ થઇને બોલી. "નોકરો બધા સૂઇ ગયા છે, અને મારે જાતે બારણું ઉઘાડવા જવું પડશે."

"મારે લીધે કંઇ ઉતાવળ કરશો નહિ, બાઇ." રાવજીએ ધીરજ આપી.

તેની સભ્યતાને માટે યશોદાબાઇએ સ્મિત ફરકાવ્યું, અને બારણું ઉઘાડવા નીચે ગઇ.

પ્રકરણ ૮૦ મું.

યશોદાબાઇ અને સુરી.

"અહા ! આ વૈરી કેટલી બદલાઇ ગઇ છે ! તેણીનામાં કેવો ભયંકર ફેરફાર થઇ ગયો છે !" રાવજી એકલો પડયો કે પોતાના મન સાથે બોલવા લાગ્યો–" બારણું ખખડવાના અવાજ સાથે કેવી ધાસ્તીથી ચમકી ઉઠી ? ખરેખર ! ગુનાઓથી આ બધો ફેરફાર થયો છે, એ ખુલ્લું છે–અને ગુનાના બોજાથી તેણીના શરીર અને મન ઉપર અસર થઇ છે, એમાં કંઇ શક જણાતો નથી–ગુનાબોજ તેણીને બીવડાવે છે–આવી સ્ત્રીના મન અને શરીર ઉપર આવી ભયંકર અસર, માત્ર સાધારણ ફિકરથી થાય નહિ–અહા ! જો કદાચ તેણીનો ગુપ્ત ભેદ હું જાણી શકું ! તો તો પછી એવું ભયંકર વેર લઉં કે જેવું પેલા ઉપર જલદી લેવાશે."

પછી એકાએક મનમાં બોલતો અટકીને ઉભો થયો, અને બારણા પાછળ છૂપાઇ જઇને સાંભળવા કાન માંડીને ઉભો.

કારણકે કેટલાક માણસનાં પગલાં તેણે સાંભળ્યાં હતાં, એટલુંજ નહિ, પણ " ચૂપ " રહેવાની સૂચના તેના સાંભળવામાં આવી હતી–તેથીજ તેને છૂપી રીતે તેમની હીલચાલ જાણવાની ઇચ્છા થઇ આવી હતી–હવે તેણે યશોદાબાઇને ચોકખી રીતે આજીજીની ઢબે બોલતાં સાંભળી–"અંદર આવો, પણ મોટેથી બોલશો નહિ."

બીજું કંઇ વધારે સંભળાયું નહિ, પણ તેને લાગ્યું કે તેઓ એકાંતમાં કંઇ વાતચિત કરવા ધારે છે. રાવજી પાછો પોતાની જગાએ બેસી ગયો-કારણકે તેણે કોઇના ચાલવાનો અવાજ સાંભળ્યો હતો-તેનું અનુમાન ખરૂં પડયું-યશોદાબાઇ અંદર આવી-પણ તેણી એકલીજ આવી-તેણીના સામી રાવજીએ એક ઉતાવળી નજર નાખી, તો તેણી ઘણી ગભરાયેલી જણાતી હતી.

" મારા જુવાન દોસ્ત, " તેણીએ ધાસ્તી અને દિલગીરી મિશ્રિત ચહેરો છૂપાવવા યત્ન કરતાં કહ્યુ-" એક માણસ ખાસ કામને માટે હમણાંજ આવ્યું છે. તેથી મને લાગે છે કે તું કદાચ સવારે આવે તો—"

"બાઇ," રાવજી વચ્ચેજ બોલી ઉઠયો-" મારે લીધે તમે કંઇ અડચણ ભોગવશો નહિ. તમારૂં કામ પતાવો-ત્યાં સુધી હું બેસીશ-ભલે, કદાચ કલાક કે બે કલાક થશે તો પણ અડચણ નથી-પણ ગમે તેમ કરીને આપણું કામ અત્યારે પૂરૂં કરવું જોઇએ-કારણ કે આવતી કાલે તો આખો દિવસ હું બીજી તૈયારી કરવામાં રોકાયેલો રહીશ-અને રાત્રે મારી અહીં ખરેખરી જરૂર હશે, ત્યાં સુધી હું કદાચ નવરો પડીશ નહિ. "

" ત્યારે તો-જો કંઇ હરકત ન હોય, અને થોડીવાર બેસે તો હું હમણાજ મારૂં કામ પૂરૂં કરીને પાછી આવીશ. " યશોદાબાઇએ કહ્યું.

" ભલે, તેમ કરો-મને કંઇ હરકત નથી. " રાવજીએ પોતાની સંમતિ આપી, અને એક ચોપડી લીધી. " આ કવિતાની ચોપડીથી મારો વખત ગાળીશ. "

યશોદાબાઈ બહાર ગઇ, અને તેજ વખતે રાવજીએ ચોપડી ફેંકી દીધી. પાછો બારણા પાસે જઇને ઉભો રહ્યો.

" અહા ! મને ખાત્રી છે કે તેણી કયા ઓરડામાં ગઇ છે !" તે મનમાં બોલ્યો-"તેણીનાં પગલાંના અવાજની નિશાનીથી હું ઓળખી કાઢીશ. હું બચપણથીજ અહીં હોઉં તે પ્રમાણે આ ઘરના તમામ ખૂણેખૂણાની શું મને માહિતી નથી ? હવે મારે હિંમતવાન થવું જોઇએ. કારણ કે આમાં કંઇ પણ ભારે ભેદ છે, અને તે જાણવાની મને જીજ્ઞાસા થઇ આવી છે. "

આમ વિચાર કરીને, ધીમેથી બારણું ઉઘાડીને તે બહાર નીકળ્યો. ધીમે પગલે આગળ ચાલ્યો, અને યશોદાબાઇ જે ઓરડામાં ગયેલી તે ધારતો હતો, તે ઓરડાના બારણા પાસે ગયો.

રાવજી બહાર ચોરી છૂપીથી કાન માંડી સાંભળે છે, તો પણ આપણે તો હિંમતભેર અંદર જઇને જોઇશું, અને સાંભળીશું—આપણને કોઇ જોઇ શકનાર નથી.

અભો, ધની અને સુરી, આ ત્રણ પ્રખ્યાત માણસોને યશોદાબાઇ તે ઓરડામાં લાવી હતી—જુઓ, યશોદાબાઇ પડી ગયેલે ચહેરે ધ્રૂજતી ઉભી છે, કારણ કે ગુમાનને કહ્યા પ્રમાણે તેણી જાણતીજ હતી કે તેઓ પૈસા કઢાવવા આવ્યાં હતાં, એટલુંજ નહિ, પણ તેણીની જીંદગી તેમના હાથમાં હતી.

"બાઇ." અભાએ શરૂઆત કરી, "તમે જુઓ છો કે આ બે બાઇઓએ મને સાથે આવવા આગ્રહ કર્યો, અને તમારા જેવી સુંદરીને મળવાને હું ઘણો ઇન્તેજાર હતો, તેથી મને તે તક મળવાને માટે હું બિલકુલ દિલગીર નહોતો."

"તમારે શું જોઇએ છીએ ?" યશોદાબાઇએ ખોખરા અને ધાડા અવાજે પૂછ્યું—અભાના બોલવા ઉપર કંઇ પણ લક્ષ આપ્યા વગર, પહેલું સુરી તરફ અને પછી ધની તરફ જોયું.

"હું ધારૂં છું કે અમારે આવવાનું કારણ તમે સમજ્યાં હશો." ધની બોલી—"ડોળડમાકવાળી અને મોટા ઘરની શેઠાણીઓની માફક અમે આગળથી ખબર આપીને, કે મળવાનો વખત મુકરર કરીને. અમારી મુલાકાત આપતાં નથી."

"થોડા વખત ઉપરજ મેં તમને મોટી રકમ નહોતી આપી?" યશોદાબાઇ એક ખુરશી ઉપર બેસતાં બોલી—"અને હવે તમે મને બિલકુલ હેરાન કરશો નહિ, એવું ધારવાનો મને હક નથી ?"

"આપણે તે વિષે તકરારમાં ઉતરીશું નહિ." સુરી ઠંડે પેટે બોલી. "કારણ કે તે કંઇ ઉપયોગમાં આવે તેમ નથી. પણ હવે આપણે અમારી આ મુલાકાત વિષે વાત કરીએ,"

"ચલાવો-" યશોદાબાઈ ઉતાવળી બોલી-"નઠારૂં હોય તે જલદી સાંભળવું સારૂં છે-પણ યાદ રાખો કે મારી જીંદગી લેવાથી તમને કંઇ લાભ થવાનો નથી."

"કોણ તમારી જીંદગી લેવાનું કહે છે, બાઇ!" અબો બોલ્યો-"અરે! હું તો કહું છું કે એક હજાર વરસ સુધી જીવો ને."

"આ મજાક રહેવા દે, અબા." સુરીએ તેને ધમકાવી કાઢયો. "અમે તને અમારા રક્ષણને માટે લાવ્યાં છીએ, પણ કંઇ પોપટની માફક પટપટ બોલાવવાને માટે નહિ."

"રક્ષણ!" યશોદાબાઇ બોલી. "શા ઉપરથી તમે ધાર્યું કે તમને રક્ષણની જરૂર હતી? તમને કંઇ ધારતી હતી, કે હું તમને ઇજા કરીશ?"

"ઠીક, બાઈ." સુરી બોલી-તેણીને યશોદાબાઇ તરફ સંપૂર્ણ ધિક્કાર હતો, અને મરજી પ્રમાણે તેણીનું અંતઃકરણ બળીને ખાખ થઇ જાય એવું બોલવાનો પ્રસંગ મળ્યો જાણી ઘણી ખુશી થઇ. "જ્યારે તમારે તે વિષે ખુલાસોજ જોઇએ છીએ, ત્યારે મને કહેવાને કંઇ હરકત નથી; કે મને અને ધનીને આ મકાનમાં એકલાં આવતાં બીક લાગી હતી-તેથી અમે ધાર્યું કે અબાને સાથે રાખવો એ ડહાપણ ભરેલું હતું. કારણ કે એવું પણ બન્યું હતું કે આ ઘરમાં કોઇ કોઇ અમુક માણસો આવેલાં તે કદી પાછાં બહાર જવા પામ્યાં નથી. ખરી રીતે કહું તો, મેં ગઇ વખતે કહ્યું હતું તે પ્રમાણે રસુલખાંનું મડદુ પાછલા ચોકમાં પગથીયાંના પત્થર તળે દટાયેલું છે-અને અમને શક નથી કે તેનો જમાદાર લતિબખાં-કે જે એકાએક વિચિત્ર રીતે ગુમ થઇ ગયો છે, તે પણ તેનાથી ઘણે દૂર નહિ હોય."

"ઓ, પ્રભુ!" દુષ્ટ યશોદા આખે શરીરે ધ્રૂજતી વિલાપ કરવા મંડી. તેણીનો ચહેરો મડદા જેવો ફીકો થઇ ગયો-"શા માટે આ બધી હકીકત પાછી આગળ લાવો છો?"

"કારણ કે, તમારે જાણવું હતું કે, હું અને ધની શા માટે આ મકાનમાં એકલાં આવતાં બીતાં હતાં." સુરી બોલી-"કારણ કે આ ઘર ખુનનું ઘર છે-મધરાતના ખુનનું ઘર છે-આ ઘર કે જેની હવા પણ મને ભયંકર લાગે છે!"

"બસ કરો, બાઇ." યશોદાબાઇ પોતાનો ચહેરો ઢાંકી ડુસકાં લેતાં બોલી. "મને બચાવો-બચાવો-હું ખોળા પાથરીને કહું છું-અને કહો કે અત્યારે કેમ આવ્યાં છો ?"

"ઠીક ત્યારે, સાંભળો." સુરી બોલી-જેની ઝેરીલી ઇચ્છા કંઇક સંતોષ પામી હતી.

"બોલો-બોલો." યશોદાબાઇએ ધ્રૂજતાં ધ્રૂજતાં ખોખરા સાદે કહ્યું.

"તમારે જાણવું જોઇએ, બાઇ." સુરીએ આગળ ચલાવ્યું-" કે જાલમસિંહ-કે જેનું નામ તમને અજાણ્યું નથી-તે મુશ્કેલીમાં છે."

"હા, હું તે જાણું છું." યશોદાબાઇએ કહ્યું.

"તેને લઇને અમે બધાએ બહાર બીજા દેશમાં ઉપડી જવાનો વિચાર કર્યો છે, પણ તે પહેલાં અમારાથી બને તેટલા પૈસા, સાથે લઇ જવા સારૂ ભેગા કરવા જોઇએ-અને તેથી અમે અહીં આવ્યાં છીએ." સુરીએ પોતાનો હેતુ બતાવ્યો.

"શું તમારે જોઇએ છીએ ?" યશોદાબાઇએ ધારતીમાં પૂછયું.

"ઓછામાં ઓછા એક હજાર રૂપીઆ જોઇએ." સુરીએ જવાબ દીધો-"અને જો તમે તેટલી રકમ આપશો, તો પછી કદી પણ તમે અમારા તરફથી કશું સાંભળશો નહિ."

"એક હજાર રૂપીઆ !" યશોદાબાઇ ગભરાટમાં બોલી ઉઠી-પણ તરત તેણીને યાદ આવ્યું કે, જો ગુમાન કબુલ થશે, તો ટુંકા વખતમાં તેઓજ આ શહેરમાંથી ઉચાળા ભરી જશે, અને તેથી વખત ગુમાવવા આગળ બોલી. "વારૂ, હું ધારૂં છું કે, મારે તમારી માગણીને તાબે થવું પડશે-પણ એ રકમ તમારે કયારે જોઇશું ?"

"હાલ-હમણાજ-આજ ઘડીએ-આજ પળે." અભો બોલ્યો.

"હાલ તો ઘરમાં મારી પાસે એક હજાર રૂપીઆ નથી." યશોદાબાઇએ કહ્યું—"અને તેટલી રકમ ભેગી કરવાને એક અઠવાડિયું મને લાગશે."

"હા-અને તે દરમિયાન તમે કદાચ અહીંથી ઉચાળા ભરી જશો." સુરીએ મર્મમાં કહ્યું.

"શું ? કેમ-એવું ધારવાને તમને શું કારણ છે ?" યશોદાબાઇ ગભ-રાટમાં ભાગ્યું તૂટયું બોલી.

"અહા ! મેંતો ઉપગકજ પથરો ફેંક્યો હતો-પણ મારૂં બોલવું ખરૂં હોય એમ હવે જણાય છે." સુરીએ કહ્યું. "યશોદાબાઇ, જયાં સુધી તમે અમને એક હજાર રૂપીઆ નહિ આપો ત્યાં સુધી અમે અહીંથી જ-ઇશું નહિ."

આ સઘળી વાતચિત રાવજીએ સાંભળી હતી. પણ હવે તેને લાગ્યું કે ત્યાંથી ખસી જવું જોઇએ. કારણ કે કદાચ યશોદાબાઇને રૂપીઆ લેવા બીજા ઓરડામાં જવું પડે તો બહાર નીકળે, તો તે પકડાઇ જાય. તેથી રા-વજી ધીમે પગલે પાછો વળી પોતાની જગ્યાએ બેસી ગયો, અને પેલી ચોપડી હાથમાં લીધી-કે જેથી યશોદાબાઇને કશો વહેમ આવે નહિ.

આ પ્રમાણે રાવજી બેઠો કે તરતજ યશોદાબાઇ આવી, અને તેને વધારે વખત ખોટી કરવાને માટે માફી માગી. પછી એક પેટી ઉઘાડીને કંઈક બહાર કાઢયું, અને તે લઇને જલદી પાછી આવવાનું કહીને બહાર ચાલી ગઇ. રાવજીને હવે પાછળ જવાની જરૂર નહોતી-કારણકે તેણે જાણ્યું હતું કે પેલા લોકોને આપવાના પૈસા લેવા આવી હતી, અને નોટો લઇ ગઇ હતી-વળી તેણે જે જાણવું હતું તે જાણી લીધું હતું, અને તેણે ધાર્યું કે હવે આ દુષ્ટા, પૂરી રીતે તેના કબજામાં આવી ગઇ છે.

"મને લાગ્યું કે એના ચહેરા ઉપર ભારે ગુનાની કાળાશ પથરાઇ રહી હતી." રાવજી મનમાં બોલ્યો. "અહા ! પણ આવા ગુના ! ઓ, પ્રભુ ! આવું કોણે ધાર્યું હોય ! મનુષ્યાકારમાં રાક્ષસિણી કે જક્ષિણી, કોણ કહેવાય !"

હાથમાં ચોપડી રાખીને ઉંડા વિચારમાં ઉતરી ગયો, તેમાંથી યશો-દાબાઇ પાછી આવી ત્યારે ઝબકી ઉઠયો.

"હું તમારી માફી માગું છું." યશોદાબાઇએ રાવજીને કહ્યું-"પણ જે માણસ મને મળવા આવ્યું હતું, તે લાંબી મુદતનું મારૂં ઘરાક હોવાથી મને વાતમાં રોકી રાખી હતી."

"ઠીક, બાઇ." રાવજી ગર્ભિત રીતે બોલ્યો—" હું ખરા દિલથી ચાહું છું કે એવા ઘરાકો તમારા સેંકડો હોય ! અને હું ખાત્રી આપું છું કે એ બધાની સાથે તમે એ પ્રમાણે તમારૂં કામ પૂરૂં કરો ત્યાં સુધી હું તમારી રાહ જોતો બેસવાને થાકીશ નહિ."

"તમારી આવી ભલી લાગણીને માટે હું આભારી છું." યશોદાબાઇએ જવાબ દીધો—અને પોતાની જગાએ બેસતાં, ગળામાં ભરાઇ આવેલો ડીઓ ઘણી મહેનતે શમાવ્યો.

"હવે મને લાગે છે કે, આપણે એક બીજાને કહેવાનું ઘણું થોડું છે." રાવજી બોલ્યો—" તમારે શું કરવાનું છે, તે તમે બરાબર સમજ્યાં છો, કે એક હોશીઆર બ્રાહ્મણ—કે જે કંઇ પણ જાણવાની જીજ્ઞાસા કરે નહિ, અને જરૂર લાગે તો લગ્નક્રિયા પણ અંધારામાંજ કરે એવાની ગોઠવણ કરી રાખવી."

"તમારા ભલા શેઠના હુકમ પ્રમાણે સઘળું કરવામાં આવશે," યશોદાબાઇએ કહ્યું. "મારે લાગતુંવળગતું છે, તેટલે સુધીની તમામ ગોઠવણ આવતી કાલે રાત્રે નવવાગે સંપૂર્ણ થશે."

"તો હવે હું તમને વધારે ખોટી નહિ કરૂં." રાવજી ઉઠતાં બોલ્યો. "કારણ કે હવે ઘણું મોડું થઈ ગયું છે."

રાવજી ત્યાંથી ચાલ્યો ગયો—અને છેલ્લા એક કલાકની અંદર જે જે બની ગયું હતું, તે ઉપર વિચાર કરવા એકલી યશોદાબાઇ બેસી રહી.

પ્રકરણ ૮૧ મું.

યુક્તિઓ અને કાવત્રાં.

બીજે દિવસે રાત્રે આઠ વાગે રાવજી યશોદાબાઇને ત્યાં આવ્યો. તે પોતાની સાથે એક નાની પેટી લાવ્યો હતો. યશોદા-

બાઇએ તેને જણાવ્યું કે એક બ્રાહ્મણનું નક્કી કરી રાખ્યું છે. અને તે નવ વાગ્યા પછી તરત આવશે. જયચંદ્રના લગ્નને માટે જે ઓરડાઓ તૈયાર રાખ્યા હોય, ત્યાં પોતાને લઇ જવાનું રાવજીએ કહ્યુ. તે ઉપરથી યશોદાબાઇ તેને પાછલા મકાનમાં લઇ ગઇ; અને જણાવ્યું કે આ બધા ઓરડાઓ ખાલી છે, અને તે વાપરવા લાયક તૈયાર છે, તેમાંથી તેને જોઇએ તે ઉપયોગમાં લેવા.

"ઘણું સારૂ." રાવજીએ કહ્યું-" અને હવે બાઇ, તમે તમારા નોકરોને સૂચના આપજો, કે આગલે બારણે કોઇ આવે, અને તે બારણું ઠોકે, તો તેમણે કોઇએ બારણું ઉઘાડવા તસ્દી લેવાની જરૂર નથી. કારણ કે હું મારી જાતેજ તે ઉઘાડીશ."

"ભલે, જેમ મરજી." યશોદાબાઇએ કહ્યું. "અને જો હવે મારી મદદની કંઈ જરૂર પડે તો, જે દીવાનખાનામાં આપણે ગઇ રાત્રે મળ્યાં હતાં, ત્યાં હું હોઇશ."

"કન્યાદાન આપવામાં તમારી જરૂર પડશે." રાવજીએ જવાબ દીધો. "તે વખતે હું તમને તેડવા આવીશ; અથવા બ્રાહ્મણને મોકલીશ. તમે સાડાનવ વાગે તૈયાર થઇને બેસજો,"

"તે કામ હું ઘણી ખુશીથી કરીશ." યશોદાબાઇએ જવાબ દીધો.

"હવે મારે એકજ શબ્દ તમને કહેવાનો છે, બાઈ." રાવજી બોલ્યો. "અમુક કારણો, કે જે હાલ હું કહી શકતો નથી, તેને લીધે લગ્નક્રિયા તદ્દન અંધારામાં થવાની છે. આ સૂચના આપવાનું કારણ એટલુંજ છે કે, તમે ત્યાં આવો ત્યારે અજાયબીમાં પડો નહિ."

"આ સૂચના આગળથી આપી, તે સારૂં થયું." યશોદાબાઇએ કહ્યું. "નહિ તો મારા મન ઉપર સારી અસર થાત નહિ."

પછી રાવજીને ત્યાં એકલો મૂકીને યશોદાબાઇ ચાલી ગઇ-રાવજીએ એક પછી એક બધા ઓરડા તપાસવા માંડ્યા-અને એક ઓરડો પોતાને માટે પસંદ કર્યો. ત્યાં જઇને પેલી પેટી, જે તે લાવ્યો હતો, તે ઉઘાડી. તેમાંથી એક સફેદ, ભરતકામ સાડી, એક ચોળી, અને એક બુરખો,

એટલી ચીજો બહાર કાઢી. તે સિવાય લગ્ન વખતે, પરણનારી કન્યાને જે જે ચીજોની જરૂર પડે તે પણ કાઢી—એ બધું એક પલંગ ઉપર ગોઠવ્યું. નાની નાની છંદની, સોને મઢેલી, ઘુઘરીઓ વાળી ચુડીઓ, પણ તે ભૂલ્યો નહોતો. પછી તે ઉપર પોતાની આતુરતા ભરેલી નજર નાખીને મનમાં બોલ્યો. " અહા ! આખરે ! " આ ઉદ્ગારો કાઢતી વખતે તેના ચહેરા ઉપર વેરની અને જીતની નિશાનીઓ જણાતી હતી.

આ પ્રમાણે વિચારમાં તે બેઠો હતો, તેવામાં આગલો દરવાજો ખખડયો—તરત રાવજી દોડયો. અને દરવાજો ઉઘાડયો. તો ત્યાં જયચંદ્રને ઉભેલો જોયો. જયચંદ્ર આ વખતે મુંબાઇથી આવી પરબાર્યો ભાડાની ગાડીમાં ત્યાં આવ્યો હતો. તેની સાથે કોઇ નોકર નહોતો—કારણ કે બીજા નોકરો તેની હીલચાલ જાણી જાય, તે તેને ઠીક નહિ લાગવાથી, એકલોજ નીકળી પડયો હતો. રાવજી, પોતાના શેઠની પેટી વગેરે સામાન ગાડીમાંથી ઉતારી ઘરમાં લાવ્યો, અને ગાડીવાળાને તેનું ભાડું ચૂકવી આપ્યું. પછી જયચંદ્રને પાછલા મકાનમાં એક ઓરડામાં લઇ ગયો.

" બધી ગોઠવણ થઈ ગઇ છે, રાવજી ? " જયચંદ્રે પૂછયું. તે ઘણા પ્રકારના વિચારો તળે દબાઇ ગયેલો જણાતો હતો.

" જી, હા, સાહેબ. આપના હુકમ પ્રમાણે તમામ ગોઠવણ થઇ ગઇ છે. " રાવજીએ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો.

" ચાલ ત્યારે,, પેટીમાંથી મારાં કપડાં કાઢ. " જયચંદ્રે કહ્યું. "લગ્નક્રિયા વખતે પહેરવાનાં સારાં કપડાં કાઢજે—" આમ બોલતાં તે ખુશાલીનો દેખાવ ધારણ કરવા મહેનત કરતો હતો, પણ તેના અંતરમાંથી ઉંડા નિસાસા નીકળતા હતા.

" આપના શરીરને ઠીક લાગતું નથી, કેમ સાહેબ ? " રાવજીએ માયાળુ લાગણીના દેખાવથી પૂછયું.

" હા—ના—અથવા હું ભાગ્યેજ જાણું છું કે મને શું થાય છે ? " તેણે જવાબ દીધો—" મને વખતે વખતે એમ લાગે છે કે, જાણે હું ઘણું સાહસિક પગલું લઉં છું. અને જ્યારે હવે છેવટની તક આવી પહોંચી છે,

ત્યારે મારા મનમાં ને મનમાં હજારો જાતના સવાલો ઉત્પન્ન થાય છે. અને ભવિષ્યના સુખની આશાના વિચારો સાથે બીજા ફિકરમંદ વિચારો ભેળાઈ મારૂં મન ઘણું ગુંચવાઈ ગયું છે."

"પણ બાઈસાહેબ–કે જેની સાથે આપ હમણા લગ્ન સંબંધથી જોડાવાનો છો, તેને આપ ચાહો છો તો ખરા, ને?" રાવજીએ છૂપાવેલા વિચિત્ર ચહેરાથી પૂછ્યું.

"હા, હું તેણીને ચાહું છું. અને મેં તને એમ કહ્યું હતું પણ ખરૂં." જયચંદ્ર ગુંચવાતાં બોલ્યો. "છતાં હજુ હું ઇચ્છું છું કે જેની સાથે હું હમેશને માટે લગ્નની પવિત્ર ગાંઠથી બંધાવાનો છું, તે સ્ત્રી કળા હોત તો સારૂં થાત. પણ કળાની બાબતમાં તેં મને જે ખબર કહી હતી તેના ખરાપણા વિષે તું ચોક્કસ છે?"

"મને જ્યારે મુંબાઇથી દરીક દિવસ ઉપર આપે કામને માટે અહીં મોકલ્યો હતો, ત્યારે મેં સારા પાયા ઉપર જે વાત સાંભળી હતી, તે મેં આપને કહી હતી, કે કળાનું લગ્ન થઇ ગયું હતું." રાવજીએ ઠાવકે ચહેરે જવાબ દીધો.

"બસ કર." જયચંદ્ર દુઃખી લાગણીથી બોલ્યો. "તેણીને ગુમાવવાને હું પાત્ર હતો. હા–હું તેણીને માટે નાલાયક હતો–છતાં જો તેણી કુંવારી રહી હોત, અને મારા ઉપર તેણીનો પ્યાર કાયમ રહ્યો હોત, અને મારી ખાત્રી થઇ હોત, કે અમારે સલાહ થવાને માટે મારે માત્ર તેણીને મળવાની જરૂર હતી, તો આ અજાણી સ્ત્રી મારા ઉપર કાબુ મેળવવામાં ફાવી જાત નહિ. પણ હવે સઘળું પતી ગયું છે. કળા બીજાની થઇ છે." પછી મનમાં બબડયો. 'તો આ અજાણી સ્ત્રીને પરણીને મારે મારી મિલકત અને જાગીરનો બચાવ કરવો જોઇએ, કે જેને માટે તેણીએ વચન આપ્યું છે."

રાવજીએ પોતાની ઝીણી આંખો પોતાના શેઠના ચહેરા ઉપર ઠેરવી રાખી હતી–અને તેને ગુંચવાડામાં જોઇ ખુશી થવા લાગ્યો.

આ વખતે પાછું આગલું બારણું ઠોકાયાનો અવાજ સંભળાયો–જયચંદ્ર ચમક્યો, અને બોલી ઉઠયો. "આવી."

રાવજીના ચપળ પગ ઉપડયા—દોડયો—અને આગલું બારણુ ઉઘાડયું. પેલી અજાણી સ્ત્રી મોઢા ઉપર બુરખો નાખી ભાડાની ગાડીમાંથી ઉતરી—તેણીની સાથે બીજું કાંઈ નહોતું—તેણીના હાથમાં એક નાની પતરાની પેટી હતી, તે રાવજીએ લીધી, અને પાછલા મકાનમાં જતાં વચ્ચે અટકયો.

"જો આપને કોઇ સ્ત્રીની જરૂર હશે તો, આ મકાનવાળી બાઇ, યશોદાબાઇ, આપની સેવામાં ખુશીથી હાજર રહેશે." રાવજીએ પેલી સ્ત્રીને સૂચના આપી.

"ના—મારે કોઇની જરૂર પડશે નહિ. મારી જાતેજ હું મારૂં કરી લઇશ, રાવજી." પેલી સ્ત્રીએ પોતાના કોમળ અને મધુર અવાજે જવાબ આપ્યો. પછી રાવજી તેણીને એક ઓરડામાં લઇ ગયો. પેલી સ્ત્રીએ રાવજી પાસેથી પોતાની પેટી લીધી. ઓરડામાં એકલીજ ગઇ, અને બારણું બંધ કર્યું.

રાવજી પોતાના શેઠ પાસે ગયો. જયચંદ્રે આતુરતાથી પૂછયું કે આવનાર પેલી અજાણી સ્ત્રી હતી કે કેમ? જવાબમાં રાવજીએ હા કહ્યું. જયચંદ્રના ઉંડા અંતરમાંથી નિસાસો નીકળ્યો. પણ તે કંઇ બોલ્યો નહિ.

થોડી વારે તે કપડાં પહેરી રહ્યો. રાવજી તેને એક મોટા શણગારેલા ઓરડામાં લઇ ગયો, કે જ્યાં લગ્નક્રિયા થવાની હતી.

"બ્રાહ્મણનું નક્કી કર્યું છે? અને પરણનારી સ્ત્રીનું શું નામ બતાવ્યું છે?" જયચંદ્રે પૂછયું. બોલતાં તેના હોઠ ધ્રૂજતા હતા.

"યશોદાબાઇએ બ્રાહ્મણનું નક્કી કર્યું છે—અને નામ તો ગમે તે અડાવી દઇશું." રાવજીએ જવાબ દીધો.

વળી પાછો આગલો દરવાજો ખખડયો. રાવજીના પગ અત્યારે ઘણા ચપળી રહ્યા હતા—તે દોડયો—રસ્તામાં વિચાર કરવા લાગ્યો કે, "આ ઠીક થયું કે આવા સવાલોના જવાબ દેવામાંથી હું નીકળી નાઠો—હવે તો કંઇ પણ સવાલ પૂછવાની તક મળે નહિ એમ થવું જોઇએ."

બારણું ઉઘાડયું—એક વૃદ્ધ બ્રાહ્મણ ચકરી પાઘડી ઘાલી ઉભેલો હતો. તેના દેખાવ ઉપરથી રાવજીએ અનુમાન કર્યું કે જેવો જોઇએ તેવો તે હતો.

"એક વાત કહું, મહારાજ." રાવજીએ તેને ઘરમાં લાવતાં ધીમેથી કહ્યું. "તમારૂં નામ શું?"

"લોભશંકર." તેણે જવાબ દીધો. "જે માણસ મારા જેવું કંઈ પણ કામ બતાવે તો તેને મદદ કરવા હું હમેશાં તૈયાર રહું છું."

"ઠીક, મહારાજ–" રાવજી બોલ્યો–"હું ધારૂં છું કે, અહીં તમને કેમ બોલાવ્યા છે, તેતો યશોદાબાઈએ તમને કહ્યું હશે?"

"એક મોટા ઉમરાવ ગૃહસ્થનું એક સ્ત્રીની સાથે લગ્ન કરવાની ક્રિયા કરવા મને બોલાવ્યો છે–કેમ એજ કામ છે, ને?" લોભશંકર બોલ્યા.

"બરોબર છે." રાવજીએ કહ્યું. "પણ તમારે જાણવું જોઈએ કે આ લગ્નની ગોઠવણ હું કરૂં છું, માટે હું જે પ્રમાણે કહું, તે પ્રમાણે તમારે કરવાનું છે. આ દક્ષિણા હાલ લ્યો. અને મારા કહેવા પ્રમાણે બધું બરોબર કરશો તો એથી બમણી દક્ષિણા પાછળથી મળશે." એમ કહીને રાવજીએ લોભશંકર મહારાજના લોભી હાથમાં વીશ રૂપીઆ મૂકી દીધા.

"તમારે જેમ કરાવવું હશે તેમ કરીશ, જજમાન રાજા." લોભ-શંકર મહારાજ રૂપીઆની ચોડ ગણી ગજવામાં મૂકતાં ખુશી થતા બોલ્યા. "ગમે તો લગ્નક્રિયા હોય, કે પછી મર્ણ ક્રિયા હોય–તે ગમે તે હોય, પણ હું તો તમારી આજ્ઞા પ્રમાણેજ ચાલીશ. પેલી કહેવતવાળી વાત છે કે 'વર મરો, કે કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો!' અમારે બ્રાહ્મણોને મનમાનતી દક્ષિણા મળી એટલે બસ છે. પછી અમારે આડું તેડું જોવાની કે વિચારવાની જરૂર નથી."

"અહો! તેની તો મને ખાત્રીજ હતી, મહારાજ" રાવજી મનમાં હસતાં બોલ્યો. "હવે સાંભળો–જયચંદ્રરાય પરણનાર વર છે. અને કન્યા એક મોટી સ્ત્રી જેવી છે. તેણીનું નામ હાલ બહાર પાડવાનું નથી. અને તે આ કાગળની કાપલીમાં લખ્યું છે. પણ હાથે વાળો મળી, મંગળફેરા ફરતાં સુધી એ નામ બોલતા નહિ–હવે તમે સમજ્યા? મેં કહ્યું તેમ વર્તશો?"

"હા–પૂરેપૂરૂં સમજ્યો, અને તેજ પ્રમાણે હું મારૂં કામ ચલાવીશ," લોભશંકર બોલ્યો–"હવે બીજું કંઈ કહેવું છે?"

"હવે તો હું ધારૂં છું કે, આપણે એક બીજાને સારી રીતે સમજ્યા છીએ," રાવજી બોલ્યો–"હવે માત્ર એકજ બાબત રહી છે, તે એ કે, આ વિચિત્ર લગ્નની ક્રિયા અંધારામાં કરવાની છે."

"ઓહ ! તેમાં મને કંઇ હરકત પડવાની નથી." ગોરમહારાજ બોલ્યા, કે જે પાછળથી બમણી દક્ષિણા મળવાની વાત ભૂલ્યા નહોતા. "અને ક્રિયા કરાવવામાં કંઇપણ પાનાં પુસ્તક જોયા વગર મોઢેથીજ શ્લોક બોલીને હું કરાવી શકીશ."

"ઠીક ત્યારે," રાવજીએ કહ્યું–"પણ હજુ એક વાત તમને કહેવાની છે. યશોદાબાઇ કન્યાદાન આપવાનું કામ કરશે, પણ જ્યાંસુધી બધું તૈયાર થઇ જાય, અને હાથેવાળો મેળવવાનો વખત આવે, ત્યાંસુધી તેણીને બોલાવવાની જરૂર નથી, હવે સમજ્યા મહારાજ?"

"હું એવો ભોટ નથી કે આટલી આટલી ખૂલી સુચનાઓ આપ્યા છતાં હું ભૂલ કરૂં?" લોભશંકર બોલ્યો. "પણ મને એટલું તો લાગે છે કે આ બધું ઘણું ભેદ ભરેલું છે."

"ત્યારે શું તેની તમને બીક લાગે છે? તમારી મરજી નથી?" રાવજીએ અધીરાઇથી પૂછ્યું.

"એ શું બોલ્યા? મારા હાથમાં વીસ રૂપીઆ આવી ગયા છે, અને પછી બીજા ચાળીસ રૂપીઆ આવવાના છે, છતાં હું આ કામને માટે ના કહીશ?" લોભશંકરે તરત જવાબ દીધો–"નહિ–નહિ, જજમાન રાજા, હું કંઇ ના કહું તેવો નથી; તમે બેફિકર રહો."

"ઘણું સારૂં ત્યારે." રાવજીને સંતોષ થવાથી તે બોલ્યો. "હવે આપ અહીંજ જરાવાર બેસો."

રાવજી તેને, ત્યાંજ એક ઠેકાણે બેસાડીને પોતાના શેઠની પાસે ગયો.

"ગોર આવ્યા છે સાહેબ," તેણે કહ્યું–"પણ બાઇસાહેબે એક હકીકત મારી સાથે આપને કહેવડાવી છે, અને તે હવે આ ભેદી નાટકનો છેલ્લો અંક છે, અને પછી પડદો ઉઘડી જશે–એમ તેણીએ કહ્યું છે."

"ભલે, તેણીની મરજી પ્રમાણે કરવાને હું તૈયાર છું." જયચંદ્રે જવાબ દીધો.

"તે બાઇ ધારે છે કે, માત્ર બુરખાથી તેણીનો ચહેરો છૂપો રહી શકશે નહિ, કે જે તેણી આખર સુધી છૂપો રાખવા માગે છે." રાવજીએ

કહ્યું. "તેથી બાઇસાહેબ આપની પાસે માગણી કરે છે કે લગ્નક્રિયા અંધારા માંજ કરવી. મેં તે વાત ગોરને કહી છે, અને તેણે કબુલ કર્યું છે."

"ત્યારે મને પણ કંઇ હરકત નથી." જયચંદ્રે જવાબ દીધો. "પણ અહા ! જ્યારે આ બધો ભેદ ખૂલ્લો પડશે ત્યારે હું કેટલો બધો સુખી થઇશ? અરે ! પણ એમ કરવાનું શું કારણ હશે?"

"હું ધારૂં છું કે તે વિષે આપણે અનુમાન કરી શકીશું, સાહેબ." રાવજી વિચાર કરવાની ઢબે બોલ્યો "બાઇસાહેબને એવી મગરૂબી હોવી જોઇએ કે, પોતાનું નામ-ઠામ તથા ચહેરો બતાવ્યા સિવાય માત્ર પોતાનાં વાક્યચાતુર્યથીજ તેણીએ આપનું દીલ જીતી લીધું; અને જ્યારે તમામ ક્રિયા પૂરી થઇ રહેશે ત્યારે તેણી પોતાનો અપૂર્વ ખૂબસુરતી ભરેલો ચહેરો બતાવી આપને આંજી નાખવાની આ યુક્તિ છે."

"ખરેખર, તું એમ ધારે છે કે આજ કારણ હશે, રાવજી?" જયચંદ્રે આતુરતાથી પૂછ્યું.

"મારી ખાત્રી છે, સાહેબ." તેણે જવાબ દીધો. "અને વળી મારે આપને કહેવું જોઇએ કે હમણા તેણીએ પોતાના ઓરડાનું બારણું ઉઘાડી મને બોલાવ્યો, ત્યારે તેણીનો ચહેરો અલપ ઝલપ મારા જોવામાં આવી ગયો."

"હેં ! હેં ! ત્યારે શું તું તેણીનો ચહેરો જોવાને ભાગ્યશાળી થયો?" જયચંદ્ર એકદમ ખુશાલીના આવેશમાં આવી જઇ બોલ્યો.

વાંચનારે યાદ રાખવું કે રાવજી આ બધા એક પછી એક પથરાજ મારતો હતો. રાવજીને પોતાના શેઠ સાથે આમ કરવાનું શું કારણ હશે, તે હાલ તો આપણે જાણતા નથી, પણ તે જાણવાને હવે લાંબો વખત લાગશે નહિ, એમ આપણે આશા રાખીશું.

"હા, સાહેબ." રાવજીએ ઠાવકે ચહેરે જવાબ દીધો.

"ત્યારે શું તેણી ખરેખર ઘણીજ ખૂબસુરત છે?" જયચંદ્રે અધીરાઇથી પૂછ્યું.

"માત્ર ચહેરો જેટલો આસ જોવામાં આવ્યો-જે જે દેખાવ ક્રિંચિત માત્ર હશે તેટલા ઉપરથી હું કહી શકું છું કે-દુનિયામાં આવી સ્વરૂપવાન

સુંદરી ભાગ્યેજ હશે, સાહેબ." રાવજી બોલ્યો-"મારી સહેજ નજર તે ચહેરા ઉપર પડી. તે ચળકાટથી હું તો અંજાઇ ગયો, અને મારી આંખે ઝાંઝવાં આવી જવા જેવું થઇ ગયું. અને મારી ખાત્રી થઇ છે કે બાઇસાહેબના ઉપર આપે જે અંધ શ્રદ્ધા મૂકી છે તેનો આપને પૂરતો બદલો મળશે, (!) આપ જ્યારે તેણીનો ચહેરો જોશો ત્યારે આપને પૂરી ખાત્રી થશે."

"ખરેખર રાવજી, તેં મારા જીગરમાં ખુશાલીનો ઝરો વહેતો કર્યો છે." જયચંદ્ર એકદમ ખુશાલીમાં આવી જતાં બોલ્યો. "ત્યારે હવે ઉતાવળ કર, અને લગ્નક્રિયાનું કામ જલદી આટોપી લેવાય એમ કર. તેણીને ખાત્રી આપ, કે તેણી જે જે કહેશે તેને હું ઘણો ખુશીથી એક ગુલામની માફક તાબે થઇશ."

"ત્યારે હવે શરૂઆત કરતાં હું દીવા ઓલવી નાખું છું, સાહેબ." રાવજીએ કહ્યું. "અને બાઇસાહેબ પોતાનો લગ્નનો પોશાક સજી રહે ત્યાંસુધી આપે અંધારામાં રહેવું પડશે."

"ભલે, જેમ કરવું હોય તેમ કર. અને તેણીની મરજી પ્રમાણે થવા દે." મોહાંધ જયચંદ્ર દેખતી આંખે આંધળો બનીને બોલ્યો.

રાવજીએ તમામ દીવાઓ ઓલવી નાખી ઓરડામાં અંધકારનું રાજ્ય ફેલાવ્યું.

"હવે હું ગોરને તેડી લાવું છું." એમ કહીને રાવજી લોભશંકરની પાસે જવા દોડયો.

"હવે મહારાજ" રાવજીએ તેને કહ્યું-"મારી સાથે પધારો. જ્યાં લગ્નક્રિયા થવાની છે ત્યાં આપને લઇ જાઉં. હાલ તો ત્યાં વરરાજા એકલાજ છે. દીવાઓ ઓલવી નાખ્યા છે. જો કદાપિ તે બાઇના નામની ખબર હોવાનું પૂછે તો ગમે તે બહાનું કાઢી તે વાત ઉડાવી દેજો."

"હું તમારા કહેવા પ્રમાણે કરીશ." લોભશંકર આટલા નાજુક છોકરાની ચાલાકી અને બોલવાની છટા ઉપર આશ્ચર્ય પામતો બોલ્યો.

પછી રાવજી તેને જયચંદ્ર વાળા ઓરડામાં લઇ ગયો. અને આટલે સુધી પોતાની યુક્તિઓમાં ફાવતો જવાથી હવે તે પેલી અજાણી સ્ત્રીના ઓરડામાં ગયો.

પ્રકરણ ૮૨ મું.

જયચંદ્રની સાથે પરણવા કોણ બેસે છે!

રાવજીએ બારણું ધીમેથી ઠોક્યું. પેલી ભેદી સ્ત્રીએ બારણું થોડું ઉઘાડી, તેની પાછળ ઉભી રહીને પૂછયું. "કોણ, તું છે કે છોકરા?"

"હા, બાઇ સાહેબ." જવાબ મળ્યો. "અને હવે મારે તમારી સાથે એક અગત્યની બાબતમાં જલદીજ વાત કરવી જોઇએ."

"શું, કંઈ નાપસંદ બનાવ બન્યો છે?" પેલી સ્ત્રીએ ગભરાઇને પૂછયું.

"નહિ, બાઇ. કશું નવું બન્યું નથી." રાવજીએ જવાબ દીધો. "પણ મને અંદર આવવા દો; કારણ કે મારે તમારી સાથે થોડી વાત કરવી છે."

"પણ હજુ મેં પૂરાં કપડાં પહેર્યાં નથી, રાવજી." હજુ તેણી ગભરાતાં બોલી.

"તેની કંઇ જરૂર નથી, બાઇ." રાવજી દઢતાવાળા અવાજે બોલ્યો. "મારૂં કામ ઘણી ઉતાવળનું છે."

"જરાવાર ઉભો રહે, ત્યારે." તેણીએ પાછું બારણું બંધ કર્યું.

કપડાં પહેરી લઇ બુરખાથી મોઢુ ઢાંકી દઇને પાછું બારણું ઉઘાડયું. રાવજી અંદર આવ્યો, અને બારણું બંધ કર્યું.

"હવે, બાઇ," રાવજીએ નિશ્ચયતા પૂર્વક અવાજથી તેણીના તરફ તીક્ષ્ણ નજર નાખીને કહેવા માંડયું. "વધારેવાર આપણે વાત કરી શકીએ તેમ નથી, અને એક પળ પણ નકામા ખુલાસા અને ટાહેલાઓમાં ગાળવા જેવી નથી."

"અરે, પણ તું કહેવા શું માગે છે, ભલા છોકરા?" તેણીએ ધ્રૂજતે સાદે પૂછયું.

"હું એમ કહેવા માગું છું, બાઇ," રાવજીએ ગંભીરતાથી કહ્યું. "કે હું કેટલીક શરતો કરવા માગું છું, અને તેને તાબે થવાની હું તમને ફરજ પાડી શકું એમ છે."

"અરે ! તું. શું કંઇ દગો કરવા માગે છે ?" રાવજીના બોલવાની ઢબથી પેલી સ્ત્રી વધારે ગભરાઇ અને આખે શરીરે ધ્રૂજી ઉઠતાં બોલી.

"મેં જે યુક્તિ ઘણા દિવસથી ધારી રાખી હતી. તે યુક્તિ પાર પડેલી જોવાને હું ઇચ્છું છું." રાવજી બોલ્યો. "અને મારી તે યુક્તિ પાર પાડવામાં જયચંદ્રની તમારા તરફની વર્તણૂકે મને પૂરતો ટેકો આપ્યો છે, અને સાધનો પૂરાં પાડયાં છે. બાઇ, તમે જેને ઘણા પ્યારથી–ગાંડપણ ભરેલા પ્યારથી–ઘણા આવેશથી ચાહો છો, તેને પરણવાની આશા તમારે છોડી દેવી પડશે."

"ઓ, પ્રભુ ! તું શું કહે છે ? ફક્ત સુખની છેવટની આશા મારે છોડી દેવી પડશે ?" રાવજીના શબ્દો એક વજ્ર સમાન પેલી સ્ત્રીના ઉપર પડતાં શોકાતુર અને દુઃખી અવાજથી બોલી. "નહિ, નહિ. એમ નહિ બને–તું મજાક કરે છે, રાવજી, તું એવો છેક નિર્દય નથી. વળી કયા હકથી તું વચ્ચે પડે છે ? અને મારા ઉપર કેવી સત્તા ચલાવવાનું તું તારા મનમાં સમજે છે ?"

"મારો હક, બાઈ, વેર લેવાનો છે." રાવજીના ઉંડા અંતઃકરણમાંથી જવાબ નીકળ્યો. "અને મારી તમારા ઉપર એવી સત્તા છે કે, તમે કોણ છો, તે હું જાણું છું; અને તમારી છટકેલ ચાલ, જે ખોટા આડંબર નીચે તમે છૂપાવી છે, તે એકદમ હું ઉઘાડી પાડી શકું તેમ છે."

"ઓ ! ભગવાન ! શું આ ખરૂં છે ?" તે સ્ત્રી ખુરશીમાં પડતું નાખતાં બોલી.

"અને હવે, બાઇ," લુચ્ચો રાવજી તે સ્ત્રીનું દુઃખી બોલવું સાંભળવાની દરકાર રાખ્યા વગર બોલ્યો. "તમારે આ ઓરડામાંજ થોડીવાર કેદી તરીકે રહેવું પડશે. અને લગ્નક્રિયા સંપૂર્ણ થયા પછી, તમારો છૂટકારો થશે. ત્યારે તમે ચુપચૂપ ચાલ્યાં જજો. અને તમારો ભેદ, હું વચન આપું

છું કે, મારી છાતીમાં છૂપો રહેશે. જયચંદ્રનો, તમારી સાથેનો પ્રસંગ પણ છૂપો રાખીશ."

"શું તું હમણાં લગ્નક્રિયા વિષે બોલ્યો?" એકદમ ઉછળીને ઉભી થતાં તે સ્ત્રી બોલી. "પણ મને અહીં કેદ કરવામાં આવે, તો પછી લગ્નક્રિયા શી રીતે થવાની છે? કોઇ બીજી સામાવાળીયણ આવી છે? અથવા શું કળાએ પાછી પોતાની સત્તા જયચંદ્ર ઉપર ચલાવી છે?"

"હા, બીજી સામાવાળીયણ છે. પણ જે નામ તમે દીધું, તે નહિ." રાવજીએ જવાબ દીધો.

"ત્યારે તે કોણ છે?" હજારો વિચારો અને અનુમાનોમાં ગોથાં ખાતી પેલી સ્ત્રીએ પૂછયું. "બોલ, બોલ. તે બીજી કોણ છે?"

"હું!" રાવજી બોલ્યો. અને એકદમ પોતાના કોટ અને બદનનાં બટન કાઢી નાખી છાતી ઉપરથી ખસેડી, પોતાની એક નવોઢા બાળા જેવી ઉગતી અને ઉપસેલી ભરાવદાર સફેદ છાતીના અવયવો બતાવ્યા.

"ભલા ભગવાન! આ શું કહેવાય?" અજાયબીમાં ગરકાવ થઇ જતાં તે સ્ત્રી બોલી. "તું કોણ છે? શા માટે વેશ બદલ્યો હતો? તારા હાથના પોંચા અને ચહેરા ઉપર કાળો રંગ કેમ?"

"તે બધું જો મારે કહેવાની મરજી હોય, તોપણ મારી વાત ઘણી લાંબી છે." રાવજી-અથવા કહો કે તે બાળા-બોલી. "હું હાલ તો ટુંકામાં એટલુંજ કહીશ કે જયચંદ્રની પત્નિ થવામાં-જે કે હવે અડધા કલાકમાં હું થઇશ-હું મારૂં લાંબા વખતનું વેરવાળુ છું."

"આતો ઘણું ભયંકર-ઘણું ધિક્કારવા લાયક કામ છે. અને તે હું નહિ થવા દઉં." તેણી નિરાશામાં પણ જુસ્સાભેર બોલી, "ગમે તે જોખમ હશે તોપણ-"

"તમે તે જોખમ માથે લેશો?" રાવજી અથવા પેલી બાળા બોલી. "સાંભળો બાઇ, એકજ શબ્દ તમારા કાનમાં-હું કહું કે તમે કોણ છો?" એમ કહી તેણે પેલી સ્ત્રીના કાનમાં ધીમેથી કંઇ કહ્યું.

"હા-હા-હવે મારી ખાત્રી થાય છે કે તું મને ઓળખે છે." પેલી

સુંદરી ગભરાટથી અને ગુસ્સાથી કંપતી બોલી. " પણ તારી ધમકીનો હું અનાદર કરૂં છું. તું મારે માટે જે નિંદા કરવાનું કહે છે, તેની દરકાર રાખતી નથી, છોકરી—તું ગમે તે હોય—છતાં હું તને મારી દુશ્મન તરીકે જોઉં છું, અને હું તારી દરકાર કરતી નથી. "

" અહા ! બાઇ સાહેબ ! " રાવજીએ તાણો મારતાં જણાવ્યું. " પણ તમે મારી દરકાર કરશો, કે જ્યારે હું જણાવીશ કે પ્યાર, અંધારૂં, અને ભેદ ભરેલો ઓરડો હું જાણું છું. કારણ કે મેં તે જોયો છે—કે જ્યારે તમે પેલા મોહાંધ અને વિષયલંપટ જયચંદ્રને તેમાં દાખલ કર્યો હતો ત્યારે. "

" ના—ના—એ બધું જૂઠું છે. તારૂં ખોટું અનુમાન છે. તું ખોટી નિંદા કરે છે. " તેણી ગુસ્સામાં અને ધાસ્તીમાં પગ અફાળતી બોલી.

" તે ખરૂં છે, બાઇ. " રાવજી ઠંડે પેટે બોલ્યો. અને પોતાના ગજવામાંથી કંઇ ચીજ કાઢી ને બતાવી. " આ જુઓ, એ ઓરડામાંના પલંગની મચ્છરદાનીના પડદાનો કકડો, અને બારીના પડદાનો કકડો—એ તમારા પેલા ઓરડાની નિશાનીઓ છે. "

" અરે, રે ! મારો નાશ થયો—હું ખરાબ થઇ ! " પેલી કમભાગ્ય સ્ત્રી—કે જેનાં છૂપાં કામ વિલાસનાં કાવત્રાં બીજાના જાણવામાં આવવાથી, અતિશય ગભરાતી બોલી. " અરે ! ઓ ! તું મને ઉઘાડી પાડીશ નહિ. તું મને શરમના ખાડામાં નાખીશ નહિ, અને દુનિઆની અપકીર્તિની ખાઇમાં ધકેલી પાડીશ નહિ. "

" ના. મારો તેવો ઇરાદો નથી. તેમજ તમને તેવી રીતે નુકશાન કરવાથી મને કંઇ ફાયદો નથી. " રાવજીએ જવાબ દીધો. આપણે હજુ સગવડતાની ખાતર—આ બાળાને—રાવજીને નામેજ બોલાવીશું. પાછળથી તેનું ખરૂં નામ જણાશે ત્યારે તે નામ આપીશું. " તે વિષે તમે ખાત્રી રાખો. પણ હવે વખત ઘણો થઇ ગયો છે. માટે હું પૂછું છું કે, હું તમને છોડાવાની ઇચ્છા કરૂં ત્યાં સુધી, તમે અહીં શાંતિથી રહેશો કે કેમ ? "

" બીજો કંઇ ઇલાજ નથી. " તે કંગાલ સ્ત્રી બબડી, અને એક ખુરશીમાં પડીને શોકના ઉદ્ગાર કાઢવા લાગી

પણ રાવજી નિર્દયતાથી, તેણીનું કશું સાંભળ્યા વગર, બહાર નીક-

ળીને, બારણું બંધ કરી તાળું વાસ્યું, અને કુંચી લઈને ચાલ્યો ગયો.

પછી પોતાના ઓરડામાં જઇને, એક નાની સીસીમાંથી કંઈ દવા પાણીમાં નાખીને, નોકર તરીકેનાં મરદનાં લુગડાં કાઢી નાખી, મોઢા તથા હાથ ઉપરનો રંગ ધોઇ નાખ્યો. હવે તે ખૂબસુરત, ગોરી, કુટડી, સુંદરી બની ગઇ–પછી ઉતાવળથી પોતાનાં લગનનાં કન્યા તરીકેનાં કપડાં પહેરી લીધાં–આરશીમાં જોતાં પોતે ઘણી ખૂબસુરત સુંદરી દેખાઇ. અને પછી બુરખો નાખીને, ત્યાંથી નીકળી, લગ્નક્રિયા વાળા ઓરડામાં ગઇ.

તે ઓરડામાં તદ્દન અંધકાર હતો. પણ રેશમી સાડીનો ખડખડાટ સંભળાયાથી, અને અંદર જઇ, બારણું બંધ કરવાથી, જયચંદ્રે જાણ્યું કે પેલી સ્ત્રી આવી–તેથી સામો લેવા ગયો. એક બીજાના હાથ મળ્યા. અને જયચંદ્રે તેણીના કાનમાં કહ્યું " હવે થોડી વારમાંજ તું મારી થઇશ."

"હા, મારા વહાલા જયચંદ્ર." તેણી ઘણાજ ધીમે અવાજે બોલી, કે જેથી જયચંદ્ર ઓળખે નહિ.

પછી જયચંદ્ર તેણીને આગળ લઇ ગયો–અને ગોરને યશોદાબાઇને તેડી લાવવા મોકલ્યો; કે જલદી હાથે વાળો મેળવવાની ક્રિયા થઇ જાય. ગોર તરતજ ગયો–અને જયચંદ્ર પોતાની માની લીધેલી, પેલી અજાણી–ભેદી સ્ત્રીની સાથે એકલો પડયો. તેને બિચારાને બહાર થયેલા છળભેદની કશી ખબર હતીજ નહિ. અને તેણે તો બેશક ધાર્યું–કે તેની પાસે ઉભેલી પેલી અજાણી સ્ત્રીજ હતી. તે સ્ત્રીને બદલે રાવજી સ્ત્રી થઇને આવ્યો હતો; તેતો તેના સ્વપ્નામાં પણ વિચાર આવે એમ હતું નહિ.

હવે રાવજીને પોતાની સ્થિતિ ઘણી કઢંગી જણાઇ પણ તે આગળથી જાણતો હતો. પોતાની સ્થિતિ ઘણી ભયંકર હતી. ઓળખાઇ જવાની દર પળે ધાસ્તી હતી–છતાં પોતાની યુકિત પૂરી પાડવામાં–તે બધી હરકતોને ઓળંગી જવાની તેને જરૂર હતી; તેથી પૂરતી રીતે તૈયાર થઇ રહ્યો હતો.

ત્યારે હાલ એવી શી ધાસ્તી હતી કે તેને ઓળખાઇ જવા જેવું લાગતું હતું? વાંચનારને યાદ હશે કે પેલી અજાણી સ્ત્રી ઉંચા તથા કાસત બાંધાની અને ઉમરે મોટી હોવાથી શરીરના અવયવો પરિપક્વતાને પામેલી;

એવી હતી–જ્યારે રાવજીનું કદ નીચું; અને શરીર પાતળું હતું–તથા ઉમર નાની હોવાથી અવયવો નાજુક હતા. તેથી, જો કદાચ, જયચંદ્ર હાલ એકાંતના પ્રસંગમાં–પ્રેમના ઉછાળામાં–તેણીને પોતાની બાથમાં લઇ વહાલ કરવા જાય, તો તરત તેની ઠગાઇ પકડાઇ જાય–વળી જો તેને વધારે બોલવાની ફરજ પડે તો તેના સ્વરથી પણ પકડાઇ જવાની ધાસ્તી હતી.

આ બધાં કારણોથી, જેવો ગોર બહાર ગયો કે તરતજ રાવજીએ ઝીણા મૃદુ અવાજે કહ્યું. " હું કંઇ ભૂલી આવી છું. એક પળવારમાં તે લઇને પાછી આવું છું, વહાલા જયચંદ્ર. " તેનો હાથ છોડી દઇને રાવજી બારણા તરફ ગયો. અને તે ઉઘાડયું. કપડાંનો અવાજ થાય એમ ઢોંગ કર્યો કે જાણે પેલી સ્ત્રી બહાર ગઈ હોય અને બારણું બંધ કર્યું હોય–પણ ખરી રીતે તો તે બહાર નહિ જતાં–પાછું બારણું બંધ કરીને ઉંચે શ્વાસે તે ઓરડામાંજ બારણા પાછળ રાવજી ઉભો રહ્યો.

" અહા ! મનહર રમણી ! " જયચંદ્ર એકલો પડયો. જાણીને તે પોતાના મન સાથે પણ મોટેથી બોલ્યો. " રાવજી આ સ્ત્રીનો ચહેરો ઘણોજ ખૂબસુરત હોવાનું કહે છે, તે જોવાને હું કેટલોબધો આતુર થઇ રહ્યો છું–પણ મારી તો હમેશાં ખાત્રીજ હતી કે આ રમણી અપૂર્વ ખૂબસુરતીનો ભંડાર છે, તે વિષે મને કદી શક હતોજ નહિ–અને હવે તમામ ભેદ ખૂલ્લો થઇ જવાની તૈયારી છે. હવે હું તે મનોહર ચહેરો જોઇશ; અને નામ પણ જાણીશ–સ્થિતિ પણ જાણીશ–અને ઓ ! ભેદી પરી ! વારંવાર તેં મને જે ખાત્રી આપી છે, તેથી મારે કોઇ પણ રીતે શરમાવા જેવું થાય, તેવી ધાસ્તી નથી. અહા ! તેં કેવી જાતની મારા ઉપર જાળ પાથરી દીધી છે ? તું ખરેખર, કોઇ સાધારણ સ્ત્રીના કરતાં ઉંચા પ્રકારની છે; કોઇ દેવી અથવા પરી છે–પણ હવે થોડી પળમાંજ હું સઘળું જાણીશ, અને હવે અમોઘ સુખસાગરમાં નાહવાના ભણકારા વાગી રહ્યા છે. "

આ પ્રમાણે બબડતો હતો; તે જ્યારે એકાએક ગોરે યશોદાબાઇ સાથે આવીને બારણું ઉઘાડયું, ત્યારે અટકયો–તરતજ રાવજીએ બારણું ઉઘાડી, સાડીનો ખખડાટ કરી, બારણું બંધ કર્યું–કે જેથી એમ જણાય કે તે બહારથી આવે છે.

હવે ક્રિયા શરૂ થઇ—કે જ્યાં તદ્દન અંધકાર હતો. બીજો દીવો કરવો પડે, તે પણ ગોરને અગાઉથી સમજાવી રાખ્યા પ્રમાણે, જોડેના ઓરડામાં મૂકાવ્યો હતો—ગોરે શ્લોક બોલવા માંડ્યા, અને આ ભેદી લગ્નની ક્રિયા અંધારામાં ઝપાટા બંધ થવા લાગી.

પ્રકરણ ૮૩ મું.

આજારી ગુમાન.

ભેદ ફૂટ્યો—લગ્નમાં ભંગાણ.

વાંચનારને યાદ હશે કે ગઇ રાત્રે ગુમાન જ્યારે સૂવા ગયો, ત્યારે ઘણો માંદા જેવો થઇ ગયો હતો. તેની હમેશની ટેવ મુજબ સવારે મોડા સુધી નિરાંતે ઉંઘ્યો. જ્યારે સવારે જાગ્યો, ત્યારે પ્રથમ તો તેને લાગ્યું કે તે તદ્દન સારો થઇ ગયો છે—છતાં તે પથારીમાંથી ઉઠ્યો નહિ; અને પડ્યાં પડ્યાંજ ચા પીવા માગી.

પણ જેવો તે ચાનું પ્યાલું મોં આગળ લઇ ગયો, કે તેજ વખતે કંઇ ઉલટી થવા જેવો ઉબકો થઇ આવ્યો, અને માથાનું દુઃખ જણાયું, તેમજ મગજ ફરતું હોય તેમ લાગ્યું—તેણે ચાનું પ્યાલું એમને એમ પાછું આપ્યું. તેને લાગ્યું કે કદાચ કોઇ એવી ચીજ ખાવામાં કે પીવામાં આવી હશે, અને તેની કંઇ આવી અસર થતી હશે. આખરે તેણે યશોદાબાઇને દવા આપવાનું કહ્યું. તેણીએ દવા આપી, તે તેણે લીધી; અને પછી આખો દિવસ પથારીમાં પડી રહેવાનું તેણે ધાર્યું.

ગઇ રાત્રે તેના સૂતા ગયા પછી શું શું બનાવ બન્યો હતો, તે યશોદાબાઇએ તેને જણાવ્યું—સુરી વગેરે પૈસા કઢાવવા આવ્યાં હતાં, તેમને એક

હજાર રૂપીઆ આપવાની તેણીને ફરજ પડી હતી, જયચંદ્રનો નોકર આવ્યો હતો, અને તેણે જયચંદ્રના લગ્નની તૈયારી કરવા સૂચના આપી હતી, તે તમામ હકીકત ટુંકામાં જણાવી—સુરી, ધની, અને અભાની મુલાકાતથી ગુમાન ઘણો ગુસ્સે થયો, છતાં રાવજીની મુલાકાતથી, પ્રમાણમાં તેને વધારે ખુશાલી થઈ નહિ—કારણ કે પેલા લોકો જેટલા પૈસા કઢાવી ગયા હતા, તેટલા આ કામમાં મળવાનો સંભવ નહોતો. તેથી તેનો ગુસ્સો નરમ પડયો નહિ, અને આખો દિવસ ધુંધવાયલા મગજથી પથારીમાં આળોટતો પડી રહ્યો—સાંજે કંઇક શાંત થયો, અને ઉંઘમાં પડયો—હવે યશોદાબાઇને રાવજી સાથે થયેલી વાર્તાચિત પ્રમાણે ગોઠવણ કરવાની તક મળી.

ઉંઘમાંથી ગુમાન જ્યારે જાગ્યો—ત્યારે દીવો બળતો તેણે જોયો. યશોદાબાઇને બોલાવી, પણ જવાબ મળ્યો નહિ. પલંગમાં ઉંચો થયો, પણ પાછો પડયો—તેના શરીરમાં કંઇ વિચિત્ર પ્રકારની બેચેની થતી હતી—તેની છાતીમાં કંઇ ગભરાટ થતો હતો—માથું સખ્ત દુખતું હતું—તરસ લાગી હતી, તેથી લાંબો હાથ કરી પાસેના મેજ ઉપર મૂકેલા પાણીના વાસણમાંથી પ્યાલું ભરીને પાણી લીધું—પણ તેની છાતીમાં એવા પ્રકારનો ઉછાળો થઇ આવ્યો કે, જેવો પ્યાલું તે મોઢે માંડવા જાય છે કે, તેજ વખતે તેણે પ્યાલું ફેંકી દીધું.

"અરે, આ તે મને શું થયું હશે?" તે ગુસ્સામાં પોતાના મન સાથે બોલ્યો—શરીરે કંપારી છૂટી—પણ તેનું કારણ તેના સમજવામાં આવ્યું નહિ.

છતાં તરસ ખમી શકાય એમ નહોતું, પણ પાણી પાસે હતું, છતાં તે લેવાની હિંમત ચાલતી નહોતી. તેને વિચાર થયો કે ચા હોય તો ઠીક પડે, તેમજ તેની સાથે કંઇક ખાવાનું પણ લીધું હોય તો છાતીનો ઉછાળો બેસે. કારણ કે આખા દિવસમાં તેણે કશું ખાધું નહોતું, અને તેથી ભૂખને લીધે છાતીનો ઉછાળો હોય એમ તેને લાગ્યું.

ફરીથી તેણે યશોદાબાઇને બોલાવી, પણ કંઇ જવાબ મળ્યો નહિ. જેમ તેમ કરતાં ઉઠયો, અને પગ ઘસડતો બારણા સુધી ગયો. ત્યાંથી યશોદાબાઇને મોટેથી બૂમ પાડી, પણ કંઇ જવાબ મળ્યો નહિ.

"અરે! આ શું?" તે ગુસ્સામાં પગ અફાળતો બબડયો. "શું,

આમ કૂતરાની માફક મને મરવાને માટે એકલો નાખી મૂકયો છે ?"

તેને એકાએક યાદ આવ્યું કે રખેને તેની માંદગીનો લાભ લઇને, યશોદાબાઈ પ્રથમની ધારણા પ્રમાણે એકલી દેશાવર ઉપડી ગઇ હોય !

"હા–હા–ખરેખર–તેમજ હશે !" તે ધ્રૂસકીને મોટેથી બોલ્યો–"તેણી ઘણા દિવસથી નાસી જવાનો વિચાર કરતી હતી–અને મને યાદ આવે છે કે, ગઇ રાત્રેજ તેણીએ તે સંબંધી મને વાત કરી હતી–કદાચ સુરી વગેરેની મુલાકાત અને જયચંદ્રના નોકરની વાત, તેણીએજ મને છેતરવા સારૂ, ખોટી જોડી કાઢી હશે. હા–હા–ખરેખર–તેમજ થયું હશે. રાંડ દુષ્ટા, આખરે મને ફસાવીને નાસી ગઇ ! અને હાય ! કોણે જાણ્યું કે મને ઝેર દીધું નહિ હોય ! મને હવે લાગે છે કે તેણીએ મને ઝેરજ દીધું હશે–આ ઉછાળો–ઉબકા–માથાનો દુખાવો–અને આ બધી બેચેની ! હા–હા–એ રાંડ, ડાકયણે મને ઝેરજ દીધું ! હાય, હાય, હવે આવી બન્યું !"

પછી થોડી વાર પાછો પડી રહ્યો, અને તેણે માન્યા પ્રમાણે, યશોદાબાઇએ કરેલા દગા ઉપર વિચારમાં પડયો–તેને લાગ્યું કે હવે તે પોતે કશું કરી શકે એમ નહોતું–છતાં એકદમ ઉઠયો, અને જે બન્યું હોય, તેની ખાત્રી કરવા નિશ્ચય કર્યો. શરીર ઉપર એક ધોતીઉં નાખીને હાથમાં ફાનસ લઇ, ઓરડામાંથી બહાર નીકળ્યો.

ધીમે ધીમે નીચે ઉતર્યો. તેનું દુ:ખ તો કાયમજ હતું–કેટલીક વખત પડતાં પડતાં માંડ માંડ બચતો હતો. દાદરના કઠેરાના લાકડાના ટેકાથી ઉભો રહેતો–આખરે વચલે માળે યશોદાબાઈના દીવાનખાનામાં આવ્યો–ત્યાં દીવો બળતો હતો. તેણીની પેટી ઉઘાડી હતી–તેથી તેણી નાસી ગઇ હોય, એમતો લાગ્યું નહિ–પણ તેણીએ તેને ઝેર દીધું છે, તે વિચાર તો તેના મગજમાં કાયમજ રહ્યો.

ત્યાંથી મોટેથી બૂમ પાડવાથી એક નોકર આવ્યો–તેનાથી તપાસ કરતાં માલમ પડયું કે, હમણાંજ યશોદાબાઇ પાછલા મકાનમાં ગઇ હતી.

"ઠીક છે, તું જા." એમ કહી તેણે નોકરને રજા આપી–પછી મન સાથે બોલ્યો. "હું તેણીને શોધી કાઢીશ. અને ગમે તેવા મોટાં માણસો

લગ્ન ક્રિયામાં આવ્યાં હશે, તો પણ તેમની રૂબરૂ, તેણીના ઉપર, મને ઝેર દીધાનું તહોમત મુકીશ."

આવો વિચાર કરતો, દુઃખથી ગાંડા જેવો બની ગયેલો, ગુમાન પાછલા મકાનમાં ગયો. અને જે વખતે લગ્ન ક્રિયા થતી હતી, તેજ વખતે તે ઓરડાના બારણા આગળ જઈ પહોંચ્યો—પાછલા છેલ્લા પ્રકરણની આખરે જણાવેલી ક્રિયા ચાલવાની વખતેજ ગુમાન ત્યાં જઇ પહોંચ્યો. ગુમાને એકદમ, છેછેડાયેલા વાઘની માફક ઝનુનમાં આવી, બારણાનું એક કમાડ જોરથી લાત મારી ઉઘાડી નાખ્યું. ઓરડાના અંધકારમાં, ગુમાનના હાથમાંના ફાનસે પ્રકાશ આપ્યો, અને તેની સાથેજ ગુમાન ઓરડામાં પેઠો.

કન્યાના મોઢામાંથી એક ચીસ નીકળી પડી—વરના મોઢામાંથી ગુસ્સાના ઉદ્દગાર નીકળ્યા—ગોરનું મોઢું શ્લોક બોલતાં પહોળુંજ રહી ગયું—અને યશોદાબાઇની જીભ બંધ થઇ ગઇ—સ્તબ્ધ થઇ ચિત્રામણની માફક ફાટી આંખે જોવા લાગી.

પણ બીજીજ પળે, જેવું જયચંદ્રે કન્યાના શરીર તરફ જોયું કે, તેના મોઢામાંથી મોટી ચીસ નીકળી ગઇ. કારણ કે તેણે પહેલી નજરેજ જોઇ લીધું કે તેણી, પેલી અજાણી સ્ત્રી નહોતી. આતો નીચી અને પાતળી હતી. અને તેણીના મોઢા ઉપરથી બુરખો ખેંચી લેતાં એકદમ ગભરાટથી ચમકીને ચીસ નાખી. "અરે ! આ કોણ ? ક્રિષ્ણાકુમારી !!"

આ ગભરાટ ભરેલા અને અદ્દભુત બનાવવાળા દેખાવનું વર્ણન કરી શકવું મુશ્કેલ છે. દરેક પાત્રનો ગભરાટ જુદા પ્રકારનો હતો. ગુસ્સો—આશ્ચર્યતા—ધાસ્તી—ધિઃક્કાર—આવી આવી મિશ્ર લાગણીઓવાળો ગભરાટ દરેકને થતો હતો. યશોદાબાઇ પણ ક્રિષ્ણાકુમારીને ઓળખીને આભી થઇ ગઇ, અને એક પલંગમાં મુર્છાગત થઇને પડી. ગોર લોભશંકરે જાણ્યું કે આમાં જયચંદને કંઈ દગો લાગ્યો છે, અને તેમાં પોતે સામેલ છે, એવો તેને શક જશે, તો મોટી પંચાત પડશે. તેથી તે છાનોમાનો, બારણામાંથી ધીમે રહીને પોબારા ગણી ગયો. ગુમાન તો આ સઘળા નાટકના નવા નવા રંગ જોતાં ધીમે પગલે-જાણે એક કાવત્રું રચતી ટોળીમાં, એકાએક, કોઇ રાક્ષ ઓચિંતો આવી પડયો હોય-તેમ ઓરડામાં આગળ વધ્યો.

યશોદાબાઇ, જયચંદ્ર અને ક્રિષ્ણાકુમારી તરફ વારાફરતી નજર ફેરવી.

" અહા ! હવે હું બધું સમજ્યો." ગુસ્સાથી રાતોપીળો થઇ જતો જયચંદ્ર, ક્રિષ્ણાકુમારીને કમરમાંથી પકડીને બોલ્યો. " હું ખરેખર બેવકૂફ હતો—ગાંડપણમાં પડયો હતો—કે આ બધો દગો હું આગળથી પકડી શકયો નહિ, અને આ પ્રમાણે દગાથી મારી સાથે લગ્ન કરવા તેં નોકર-છોકરાનો વેશ લીધો હતો, કેમ ક્રિષ્ણાકુમારી ? અને પેલી અજાણી સ્ત્રી તારીજ સોબતણ હોઇ આ દગામાં સામેલ હશે ? અથવા હજુ કંઇ આકરૂં વેર લેવાનું બાકી હતું ? બોલ, સઘળું કબુલ કરી દે. અરે ! પણ હવે મને લાગે છે કે મારા કાગળો—દસ્તાવેજો—મારા કીંમતી દસ્તાવેજો—તે ચોરનાર તુંજ હોવી જોઇએ."

" અને જો કદાચ, મેં તમારી પાસેથી થોડા એવા ચીંથરીઆ (!) કાગળો લીધા હોય, તો પણ મારા સંબંધમાં તમે જે ભયંકર ચોરી કરી છે, તેના પ્રમાણમાં તે કંઇ વિસાતના નથી." ક્રિષ્ણાકુમારીએ ઠંડે પેટે, તિરસ્કારથી, તેના ઉપર તીક્ષ્ણ આંખો ઠેરવી જવાબ આપ્યો.

" તારા સંબંધમાં મેં શું ચોરી કરી ? " જયચંદ્રે ગુંચવાતાં પૂછ્યું.

" હા—તમે મારી આબરૂ—મારૂં સુખ—મારૂં સતીત્વ—મારૂં અમુલ્ય મણી—એ સઘળાની ચોરી કરી મારૂં સર્વસ્વ લૂટી લીધું છે—મારૂં અંતઃકરણ ચીરી નાખ્યું છે." ક્રિષ્ણાકુમારી બોલી. " તમે મારૂં દિલ જીતી લીધું, અને પછી મને શરમના ખાડામાં ધકેલી દીધી—અરે, રે ! તમે મારા ઉપર ઘણી નીચતા વાપરી છે—હું કે જે તમારે માટે પોતાનો જીવ આપે એટલે દરજ્જે તમને ચાહતી હતી—પણ હજુ હું ભારે વેર લઇશ."

આ છેલ્લા શબ્દો બોલવાની સાથેજ તેણી બારણા તરફ દોડી; જયચંદ્ર તેણીની પાછળ દોડયો. પણ તે તેણીને પકડી પાડે તે પહેલાં તો બહાર નીકળી જઇ બારણું બંધ કરી બહારથી કળમાં કુંચી ફેરવી દીધી. જયચંદ્રે જોયું કે તેને હવે કેદી બનાવ્યો.

અહા ! આમ કરવાનું શું કારણ હશે ? રાવજીમાંથી ફેરવાઇ ગયેલી ક્રિષ્ણાકુમારી હવે શું કરવું ધારતી હશે ? વળી શું નવું દમાકૂટ કાંઇ

કામ કરવું ધાર્યું હશે? આવા આવા સવાલો જયચંદ્રના મગજમાં ઉપરા- ઉપરી ઉભરાવા લાગ્યા. પણ તેના જવાબ તેને સૂઝયા નહિ—બારણા આ- ગળથી પાછો ફર્યો. યશોદાબાઇને તેણે પલંગમાં પડેલી જોઇ; તેણી હવે ભાનમાં આવતી હતી—તેણીના તરફ, ગુમાન એવા જંગલીપણાથી અને ધિઃ- ક્કારથી જોઇ રહ્યો હતો, કે જયચંદ્રને ધાસ્તી લાગી, અને બૂમ પાડી ઉઠયો.

ગુમાન ચમકયો—જાણે કે અત્યાર સુધી તે ઓરડામાં ત્રીજા માણસની હાજરી ભૂલી ગયો હોય, અને તેજ વખતે તે વાત તેના ધ્યાનમાં આવી હોય, તેમ ઝબકી ઉઠયો—તેના ચહેરા ઉપર ભયંકર ફેરફાર થતો દેખાયો. તેણે ફાનસ ફેંકી દીધું. તેના જોરથી ઓલવાઇ ગયું—ઓરડામાં અંધકારનું રાજ્ય પસરી ગયું—અને કૂતરૂં ઘૂરકતું હોય તેવો અવાજ, જયચંદ્ર અને યશોદાબાઇના કાન ઉપર પડયો.

પણ આ દરમિયાન કિષ્ણાકુમારીએ શું કર્યું? તેણી કયાં ગઇ? તેણી બારણે કળ બંધ કરી દોડીને, જે ઓરડામાં પેલી અજાણી સ્ત્રીને કેદ કરી હતી, ત્યાં ગઈ, બારણું ઉઘાડયું, અને ઉતાવળી ભરાઇ ગયેલે શ્વાસે બોલી. "નાસો, બાઇ, નાસો, જો તમારે ઉઘાડાં પડવામાંથી બચવું હોય તો—"

"હેં! હેં! શું થયું? અને શું મારે માટે કંઇ ધાસ્તી છે?" તે સ્ત્રીએ પૂછયું. "તું તો મને ઉઘાડી પાડવા જેવી ખરાબ નહિજ હોય!"

"ના, ના." કિષ્ણાકુમારી અધીરાઇથી બોલી. "માત્ર એટલુંજ કે મારી યુક્તિ નિષ્ફળ ગઇ છે—કે જે ફતેહમંદ થવાની અણી ઉપર હતી—અને બીજીજ પળે તેની પત્નિ થઇ હોત—પણ મારી બાજી અકસ્માત ધૂળ મળી ગઇ—પણ હાલ બધી વાત કરવાનો વખત નથી—બીજી વખત હું તમને બધો ખુલાસો કરીશ—હાલ તો તમારે ઉઘાડાં પડવામાંથી બચવું હોય તો એકદમ નાસી જાઓ."

"તારો આભાર, જુવાન બાળા." તેણી બોલી—અને પછી એક પણ શબ્દ બોલ્યા વગર, અને પોતાની પેટી પણ લીધા વગર, ઘરમાંથી ઉતાવળી નીકળી નાઠી.

આ પ્રમાણે પેલી અજાણી સ્ત્રીને ગભરાવી બીવડાવી—નસાડી મૂકી.

કારણ કે જો તેણી જયચંદ્રને મળે તો તેણીની આગળ ઉપરની વેર લે-વાની યુક્તિમાં ખલેલ પહોંચે, એમ ધારતી હતી. પછી ક્રિષ્ણાકુમારી, પોતે ઉપયોગમાં લીધેલા ઓરડામાં ગઇ, અને લગ્નનો પહેરવેશ કાઢી નાખીને, નોકરનો વેશ ઉતાવળમાં પહેરી લીધો-મોઢા તથા હાથ ઉપર રંગ કરવાનો વખત નહોતો; અને જયચંદ્ર વગેરેને તેણીએ કેદ કર્યાં હતા, તેમાંથી તે લોકો છૂટીને તેના તરફ આવે તે પહેલાં તો ક્રિષ્ણાકુમારી, ઉતાવળમાં પ-રવારી જઇને ઘરમાંથી પોબારા ગણી ગઇ.

પ્રકરણ ૮૪ મું.

ભયંકર બનાવ.

હવે પેલા અંધકારમય ઓરડામાં, કે જ્યાં જયચંદ્ર, યશોદાબાઇ અને ગુમાન કેદ પડેલા છે, તે તરફ નજર ફેરવીએ. ગુમાનના હાથમાંથી ફાનસ પડી જતાં આખા ઓરડામાં અંધકાર વ્યાપી ગયો છે. ગુમાનના ગળામાંથી કૂતરાના ભયંકર ભૂરકવા જેવો અવાજ સંભળાય છે. થોડી વારે ગુમાન જમીન ઉપર પડી તરફડિયાં મારવા લાગ્યો.

"આ કોણ છે? અને શું થયું છે?" ધાસ્તીમાં બેઆકળા બની ગયેલા જયચંદ્રે યશોદાબાઇને પુછ્યું.

"ઓ પ્રભુ! એને શું દુઃખ થતું હશે? આતો ગાંડો થઇ ગયો! ગાંડાના જેવા ચાળા કરે છે!" તે કંગાળ સ્ત્રી બોલી, અને જયચંદ્રના બોલવા તરફ લક્ષ નહિ આપતાં ઘંટની દોરી પકડીને જોરથી ખેંચી; તે એટલે સુધી કે આખરે તે તૂટી ગઇ.

"અરે! તમે ઘંટની દોરી તોડી નાખી!" જયચંદ્ર પોકાર કરી ઉઠયો, કારણ કે તે આવી અંધારી અને ભયંકર દેખાવવાળી જગાએથી જલદી નીક-ળી જવાને આતુર હતો.

"હા—પણ બીજો છે." યશોદાબાઈ બીજા ઘંટની દોરી ખેંચતાં બોલી. "અરે રે! આ ગુમાનને શું થયું છે? તે ગાંડો થઇ ગયો છે, અને તેના ગાંડપણમાં આપણી છૂપી તમામ વાત ભરડી મારશે."

"ખરૂં કહું તો, જ્યાંસુધી મને પોતાને લાગતું વળગતું છે, ત્યાંસુધી તો એ માણસ ગમે તે બોલશે તેની મને દરકાર નથી." જયચંદ્રે સ્વસ્થ થઇને જવાબ દીધો—"પણ બાઇ મને લાગે છે કે આ મારા સંબંધમાં જે દગો ફટકો રમાયો છે તેમાં તમે સામેલ હશો?"

"નહિ—નહિ સાહેબ, હું પ્રતિજ્ઞા ઉપર કહું છું કે તે બાબતમાં હું તદ્દન નિર્દોષ છું." તે દુ:ખી સ્ત્રી બોલી—"અરે રે! આતો લવરીએ ચઢયો! તરફડિયાં મારે છે; પણ સાહેબ, આપે મને અપરાધી ગણવી જોઇએ નહિ. મેં તમારા સંબંધમાં કોઇપણ જાતનો પ્રપંચ કર્યો નથી. આ કામમાં તમારી માફક હું પણ છેતરાઇ છું."

"આપણી પાછલી દોસ્તી યાદ કરતાં હું તમારૂં કહેવું માનું છું." જયચંદ્ર બોલ્યો—"પણ ફરી ઘંટ વગાડો, અને નોકરોને બોલાવી બારણું ઉઘડાવો—નહિતો હું બારણું તોડી નાખીશ."

તેજ વખતે બહાર પગલાંનો અવાજ સંભળાયો. બારણું ઉઘડયું. બે નોકરો આવ્યા. તેઓ નીચેના ચોકમાં હતા અને જોરથી ઘંટ વાગવાનો અવાજ સાંભળી બન્ને જણ ધાસ્તીભર્યા અહીં આવ્યા હતા.

બત્તી મંગાવી—તેના પ્રકાશથી ગુમાન તરફ નજર નાખતાં તેની ભયંકર સ્થિતિની જયચંદ્ર તથા યશોદાબાઇને ખાત્રી થઇ. ગુમાન તરફડિયાં મારતો હતો, અને ગમે તેમ લવતો હતો.

"આ દેખાવ મારાથી સહન થઇ શકતો નથી." જયચંદ્ર ભયથી ધ્રૂજતો બોલ્યો—અને તેની સાથેજ ઓરડામાંથી નીકળી જઈ ત્વરાથી ઘરમાંથી નીકળી ગયો.

તેને ચાલી જતાં યશોદાબાઇએ જોયો નહિ, કારણ કે ગુમાનને તેના સૂવાના ઓરડામાં લઇ જવા તેણી ઘણી ઇન્તેજાર હતી—કે ત્યારપછી પેલા બે નોકરોને રજા આપી, જયચંદ્ર સાથે વાત કરી શકે. વળી ગુમાન થોડી

થોડી વારે લવારીમાં ઘણી ભયંકર વાતો બોલતો હતો, અને કૂતરાના જેવો અવાજ કરી ઘૂરકિયાં મારતો હતો; અને યશોદાબાઇને ધાસ્તી લાગતી હતી કે રખેને એ ખુનની, અને તેમનાં મડદાં ચોકમાં દાટયા વિષે કંઇ વાત લવારીમાં બોલી જાય!

આજુબાજુ નજર પડતાં જયચંદ્રને ચાલ્યો ગયેલો જોયો. પછી પેલા બે નોકરોની મદદથી પેલા ગાંડા ગુમાનને ઉંચકીને પાસેના સૂવાના ઓરડામાં લીધો. પેલા નોકરોને જવાની રજા આપી, પણ યશોદાબાઇએ દાક્તરને બોલાવવાનું કહ્યું નહિ. એક નોકરે પૂછયું, ત્યારેજ તેણીએ નહિ છૂટકે દાક્તરને બોલાવી લાવવાનું હા કહ્યું. પછી યશોદાબાઈ એકલી હડબાયા ગુમાન સાથે તે ઓરડામાં રહી.

હવે ગુમાન કંઇક શાંત થયેલો જણાયો. યશોદાબાઇએ તેને સમજાવીને સૂવાડયો. તેણે ઘણી તરસ લાગેલી હોવાથી પાણી માગ્યું. યશોદાબાઈએ એક પ્યાલામાં આપ્યું, પણ પાણીને જોતાંજ ગુમાનને શું થઇ આવ્યું કે, એક ભયંકર ચીસ નાખી એક આચકાની સાથે પ્યાલું પાછું ધકેલી મૂકયું: એટલુંજ નહિ, પણ યશોદાબાઇના હાથને ઝાપટ મારીને ફેંકી દીધું. હવે તે દુઃખી માણસનો દેખાવ ભયંકર થઇ પડયો. તેને પોતાને ગળું રૂંધાઇ જવાથી જાણે ફાંસો દીધો હોય તેમ લાગવા માંડયું-આખે શરીરે આચકા લાગવા માંડયા-આંખો ફાટેલી રહી-જીભ બહાર નીકળી પડી-અને ઉપલા હોઠ ઉપર સફેદ ફીણ બાઝી ગયું-થોડી વારે પાછો જરા શાંત દેખાયો, ત્યારે તેણે યશોદાબાઇને કાલાવાલા કરીને કહ્યું કે તેને મારી નાખીને ચોકમાં દાટે નહિ.

યશોદાબાઇના મનના દુઃખની હવે સીમા રહી નહોતી. તેણીએ દુઃખમાં હાથ માથા સાથે અફાળ્યા. હાય! હવે તેણીએ શું કરવું?-આ બધાનું પરિણામ શું આવશે? ઝેર આપીને ગુમાનનો નિકાલ લાવવાનો વિચાર તેણીના મગજમાં પેઠો, પણ તરત તેણીને યાદ આવ્યું કે દાક્તરને તેડાવ્યો છે, અને તે આવશે તો તેના મોતનું કારણ શોધી કાઢશે. તેથી તેણીને વળી પાછું આ ત્રીજું ખુન કરવાની હિંમત ચાલી નહિ-જોકે તેણીની તેવી

ધારણા હતી ખરી. હવે અત્યાર સુધી તેને જીવતો રાખવા માટે પસ્તાતી, પોતાની જાતને ગાળો દેવા લાગી.

આ પ્રમાણે યશોદાબાઇની સ્થિતિ પણ ગાંડા જેવી થઇ ગઇ-ફાટી આંખે ચારે તરફ જોવા લાગી-જાણે કે એવું કંઇ શોધતી હોય, કે કંઇ ચીજ તેણીને દેખાય, કે જેનાથી આવી ભયંકર સ્થિતિમાંથી છૂટવાનો રસ્તો સૂઝે, પણ તેવું કંઇ તેણીને જણાયું નહિ. દરેક પળે તેણીની ધાસ્તી વધતી જતી હતી. તેને મારી નાખવાની હિંમત ચાલતી નહોતી-છતાં તેને જીવતો રહેવા દેવાનું પણ તેણીનું મન માનતું નહોતું. જો પેલાને મારી નાખે છે તો તે વાત બહાર પડ્યા વગર રહે નહિ. જો તેને બચાવે છે અને જીવતો રહેવા દે છે, તો તે પોતાની ગાંડપણની લવારીમાં ગમે તેમ બકીને તેણીનાં ભયંકર કૃત્યો બહાર પાડી તેણીને ફાંસીને લાકડે ચઢાવે. એ-માંથી ગમે તે પ્રકારે તેણીનો નાશ નક્કી હતો. ખુની કૃત્યોનો બદલો ઇશ્વરે તેણીના સામે લેવા માંડયાનું તેણીને નક્કી લાગ્યું. તેણીના ગુનાઓ ખૂલ્લા પડવાનો, તથા તેણીને સજા થવાનો વખત પાસે આવતો જણાયો. તેણીનો નાશ, ધીમેધીમે તેણીને, ચારે તરફથી ઘેરી લઇને, તેણીના ઉપર એકાએક હુમલો કરશે, એમ હવે સ્પષ્ટ દેખાયું.

થોડાજ વખતમાં આ દુષ્ટાના અંતઃકરણમાં હજારો પ્રકારના ધાસ્તી ભરેલા અને ભયંકર વિચારો વિંછીની માફક ડંખવા લાગ્યા, કે જેનું વર્ણન કરવું મુશ્કેલ છે. તેણીના ચહેરા ઉપર અપાર દુઃખની અને ગારફતારીની નિશાનીઓ જણાતી હતી. તેનો ચિતાર લખવાથી બતાવી શકાય તેમ નથી. ખાટલા ઉપર પેલો ગુમાન તરફડિયાં મારતો હતો:-કે જે પાછલા થોડા દિવસથી તેણીનો આશક-તેણીનો મુરબ્બી-ધણી-જે કહો તે-બન્યો હતો, આ બાઇ પાસે ઉભી હતી અને ચહેરો મડદા જેવો ફીક્કો થઇ ગ-યેલો હતો.

આખરે ગુમાન કંઇક શાંત થયો. જોકે તેનો બકબકાટ કંઇક ઓછો થયો હતો, પણ તેનું મગજ ઠેકાણે આવ્યું નહોતું; તેતો ભમતુંજ રહ્યું હતું. ફાટી આંખે યશોદાબાઇ તરફ એકીટશે જોઇ રહ્યો હતો. તેણીને તે ઓળખી

શક્યો નહિ, પણ તેણીના સામે ધાસ્તી અને ધિક્કારની નજરથી જોતો હતો.

આવી સ્થિતિમાં તે હતો, તે વખતે બારણું ઉઘડયું, અને એક નોકર એક દાક્તરને લઇને આવ્યો. આ દાક્તર જરૂરને પ્રસંગે યશોદાબાઇને ત્યાં આવતો હતો. જેવો દાક્તર ગુમાનના ખાટલા પાસે ગયો કે ગુમાનનો જુસ્સો ઉશ્કેરાયો, અને તેનાં તરફડિયાં અને ધ્રૂજારીથી ખાટલો કડકડ બોલવા લાગ્યો. દાક્તરે તેનો હાથ લઇને નાડી જોવા માંડી, ત્યારે તે ધાસ્તીથી ધ્રૂજી ઉઠયો; અને દાક્તરની સામે કડકપણે જોઇ રહ્યો. નાડી જોયા પછી દાક્તર જરા આઘો ખસ્યો, મચ્છરદાનીનો પડદો ખાટલા ઉપર નાખી દીધો. પછી યશોદાબાઇને કેટલાક સવાલો પૂછ્યા-તેણીએ ગુમાનના રોગનાં ચિન્હ વિષે ખુલાસો કર્યો. દાક્તર જ્યારે, બની શકે તેવી રીતે હકીકતથી વાકેફ થયો, ત્યારે બોલ્યો-"આ માણસને કોઇ વખત કાંઇ ઇજા થઇ હતી?"

"મારા જાણવા પ્રમાણે તેવું કંઇ થયું નથી." યશોદાબાઇએ જવાબ દીધો.

"તે કોઇ પણ જાતનો કૂતરો રાખે છે?" દાક્તરે પૂછ્યું.

"કદી નહિ." યશોદાબાઇએ કહ્યું.

"ત્યારે હવે ખૂલ્લા શબ્દોમાં પૂછું છું કે એને કદી કોઇ કૂતરાએ કરડયો હતો?" દાક્તરે પૂછ્યું.

"ઓ પ્રભુ!" યશોદાબાઇને થોડા દિવસ ઉપર બનેલી હકીકત યાદ આવતાં બોલી ઉઠી-"હા, મને યાદ આવે છે કે એક અમુક વખતે એક કૂતરૂં ઘરમાં પેસી ગયું હતું, અને આ માણસ તેને ખાટલા તળેથી ખેંચી કાઢતો હતો, તેવામાં કૂતરાએ તેના હાથે બચકું ભર્યું હતું."

"ત્યારે બાઇ," દાક્તરે કહ્યું-"હવે આ માણસને માટે કંઇ આશા નથી. થોડા કલાકમાં તેની જીંદગીનો અંત આવી જશે. એના મોતની ઘણી ભયંકર ઘડી તમારે જોવી પડશે, કારણ કે હડખવાના જેવું બીજું કોઇપણ ભયંકર દુઃખ નથી."

"અરે! ત્યારે શું આ માણસના રોગનું કારણ તેજ છે?" યશોદાબાઇએ ધાસ્તીથી ધ્રૂજી ઉઠતાં પૂછ્યું.

"હા-આ હડખવા છે," દાક્તરે જવાબ દીધો અને કોઇપણ ઉપાય

થી એ બચે તેમ નથી. એની ઘડી ગણાઇ ચૂકી છે, કારણ કે થોડા કલાક માંજ એનો જીવ જશે."

"પણ, ડાક્તરસાહેબ, એ ચેપી રોગ છે?" યશોદાબાઇએ ગભરાતાં પૂછ્યું-"એની પાસે રહેવાથી મને કાંઇ હરકત થાય એવું છે? જો કદાચ એ મને બચકું ભરે-અથવા જો એના મોઢાની લાળ મારા શરીરને અડકે તો......"

"તમને કંઇ હરકત થશે નહિ બાઇ," દાક્તરે ધીરજ આપી-"તમારે કંઇ ધાસ્તી રાખવાની નથી, પણ જુઓ, હવે તેનાં તરફડિયાં વધે છે, માટે કંઇ દવા આપવી જોઇએ. હું હમણાંજ પાછો આવું છું."

દાક્તર દવા લેવાને માટે ગયો. અને તેની ગેરહાજરીમાં ગુમાને પાછી લવારી કરવા માંડી. તે એવી લવારીએ ચઢયો કે તે સાંભળતાં કંપારી છૂટે. ખાટલામાં આમથી તેમ તરફડવા લાગ્યો. ઘડીમાં યશોદાબાઇને કાલાવાલા કરે કે તેણી તેને મારી નાખે નહિ-તો ઘડીમાં તેણીને ગાળોથી વધાવી લેતો. છતાં તેણે તેણીને કંઇ મારવા કે ઇજા કરવા જેવું કશું કર્યું નહોતું, તેમ ખાટલામાંથી ઉઠયો પણ નહોતો.

દાક્તર પાછો આવ્યો, ત્યારે ગુમાન કંઇક શાંત થયો હતો. દાક્તરે તેના ગળામાં અફીણવાળી દવા જોરથી રેડી. ધમકીથી અને પટાવવાથી તે ફાવ્યો, અને તરત શાંતિની અસર જણાઇ. થોડીવાર ઉંઘમાં પડયો.

"જ્યારે તે પાછો જાગી ઉઠે, બાઇ, ત્યારે બીજી વખત દવા આપજો." દાક્તરે યશોદાબાઇને કહ્યું-"જો દવા આપતાં તમને મુશ્કેલી પડે તો મને બોલાવવા મોકલજો-પણ એટલી ખાત્રી રાખજો કે આ દવાથી તે શાંતિમાં મરશે, પણ કંઇ જીવવાની આશા નથી-એનો વખત પૂરાઇ ગયો છે-અને કોઇ પણ ઉપાયથી એ બચી શકે એમ નથી."

દાક્તર ચાલ્યો ગયો, અને કહેતો ગયો કે વચ્ચે કોઇ બોલાવવા નહિ આવે, તો મધરાત્રે તે પાછો આવશે.

"તેણે ખાત્રી રાખવી કે હું તો હવે બોલાવવા મોકલવાનીજ નથી." દાક્તરના ગયા પછી યશોદાબાઇ મનમાં બબડી. "અહા! મારૂં નસીબ

ચળકતું છે, કે આ માણુસ હવે મરવાની તૈયારીમાં છે, અને એક વધારે ખુનના ગુનામાંથી મને બચાવી છે."

યશોદાબાઇ ઉંડા વિચારમાં ઉતરી ગઇ. તેણીની પાછલી, છેલ્લાં વીસ વરસની જીંદગીમાં બનેલા તમામ બનાવો, જાણે ગઇ કાલે બની ગયા હોય, એમ તેણીની આંખો આગળ તરી આવ્યા. જે વખતે તેણી ખરા ભભકામાં દીપી નીકળતી હતી, તે વખતને યાદ કર્યો-તેણી ધીમે ધીમે બદફેલીમાં પડતી ગઇ, તે સ્થિતિ પણ યાદ આવી-અને આખરે સખ્ત અંતઃકરણની નિર્દય અને દુષ્ટ થઇ ગઇ તે પણ સ્મૃતિમાં આવ્યું. આગળ વિચાર કરતાં હાલ આ ભયાનક માંદા માણુસની પથારી પાસે બેઠી છે, ત્યાં સુધીની તમામ હકીકત તાજી થઇ-હવે તેણીને મુશ્કેલીથી પણ માનવું પડયું કે જો તેણી શરૂઆતથી નીતિને રસ્તે રહી સદ્‌ગુણથી ચાલી હોત, તો તેણી વધારે સુખી થાત, અને આનંદમાં દહાડા કાઢતી હોત-પણ તેણીએ નીતિનો રસ્તો છોડી અનીતિમાં કૂદી પડવાથી, અને દુર્ગુણોને પોતાના અંતઃકરણમાં સ્થાન આપવાથી, ધીમે ધીમે તેમાં ગરકાવ થતાં છેવટ ખુન કરવા સુધી ઉંડા ખાડામાં ધસી પડી.

આ પ્રમાણે તેણી વિચારમાં હતી, તેવામાં ગુમાન એકાએક જાગી ઉઠયો, અને પ્રથમના કરતાં વધારે જોરથી તરફડિયાં મારવા લાગ્યો.

"મને જવા દે-મને જવા દે." તે બૂમ પાડી ઉઠયો. "આ યમદુતો મને લઇ જવા આવ્યા છે-જો, આ મારી આસપાસ ઝેરી સાપો વીંટળાઇ વળ્યા છે-માટે મને જવા દે-મારે માટે નર્કનો ખાડો તૈયાર થયો છે! જો-આ કોઈ રાક્ષસ મારા માથામાં ઝીણા સળીઆ ઘોંચે છે! હાય! હાય! ઓ મારા બાપરે! હવે મારાથી સહન થતું નથી! નર્ક-રાક્ષસો-ભૂત-પિશાચો-યમદુતો-વિકાળ સાપ-આ બધાં મને વળગી પડયાં છે! મને કોઇ છોડાવો-ઓ! મને કોઇ બચાવો!" આ પ્રમાણે અનેક પ્રકારની ચીચીયારીઓ પાડવા લાગ્યો-થોડીવાર છાનો રહી પાછો લવારીએ ચઢયો-"અરે! આ બધા મને ખેંચી જાય છે! અરે! પેલાં મડદાં મારી પાસેથી દૂર લઇ જાઓ! મેં તે કામ કર્યું નથી! ના-ના-મેં પેલા પહેલાને મારી

નાખ્યો નથી ! કોણ કહે છે કે મેં માર્યો છે ? ના–ના–તું જૂઠું બોલે છે ! મેં નથી માર્યો–પેલીએ એ કામ કર્યું –પેલી યશોદાબાઇ–જેને હું ચાહતો હતો–જેને મેં ભોગવી છે–જેને હવે હું ધિઃક્કારૂં છું–તેણીએ એ કામ કર્યું છે. હા–તેણીને લઇ જાઓ–તેણીએ મને લલચાવ્યો–પહેલા માણસને તેણીએ મારી નાખ્યો–મેં તેને પાછલા ચોકમાં દાટયો–જાઓ ત્યાંથી મડદુ શોધી કાઢો–અને બીજું પણ ત્યાંજ છે–બન્ને જણનાં મડદાં ત્યાં છે."

કૂતરાના ભયંકર રડવા જેવા અવાજમાં, પછીના તેના શબ્દો ઢંકાઇ ગયા. યશોદાબાઇ તો આ બધું સાંભળીને સજ્જડ થઇ ગઇ હતી–હવે તેના તરફથી આંખો ખસેડી, ધાસ્તીમાં ધ્રૂજતાં ધ્રૂજતાં આજુબાજુ જોયું તો પાછળ દાક્તરને ઉભેલો દીઠો.

"અહા ! બાઇ, મેં તમને ચેતાવી મૂક્યું હતું કે એની સ્થિતિ ભયંકર થશે." દાક્તર બોલ્યો. "અફસોસ ! ગરીબ બિચારો ! મિથ્યાભિમાની માણસ પોતાની જાતે મગરૂબીમાં ખુશી થાય છે–છતાં આખરે આવી સ્થિતિમાં આવી પડે છે–અરે, રે ! મનુષ્યની જીંદગી આવીજ છે, બાઇ–ગમે તેવા કર્મ કરે, ગમે તેટલું મેળવે, ગમે તેટલી મોજમઝા ભોગવે–પણ આખરે આ સ્થિતિ ! પણ બાઇ, આવા દેખાવથી તમારા મગજ ઉપર કંઇ અસર થવા દેશો નહિ." એમ કહી યશોદાબાઇને ફાટી આંખોએ જોઈ રહેલી જોઇને દિલાસો આપ્યો.

"અરે ! પણ આ શું બોલ્યો, તે તમે સાંભળ્યું નહિ ?" આખરે ધાડા અને ખોખરા અવાજે તેણીએ પૂછ્યું.

"હા, બાઇ, એ માણસ લવારીમાં ભયાનક વાતો બોલતો હતો, તે મેં સાંભળ્યું છે." દાક્તરે જવાબ દીધો. "પણ મને તો એવા રોગીઓનો બકબકાટ સાંભળવાની ટેવ પડી ગઇ છે, તેથી મને કંઇ તેની અસર થતી નથી–આવા રોગી માણસો પોતાના બેભાનપણાની લવારીમાં પોતાને ગુનેગાર ઠરાવે, અને બીજાને પણ ઠરાવે, એવું એવું બોલે, તે કંઇ નવાઇ જેવું નથી."

"હેં ! કેમ ત્યારે, એવું બનેજ છે કે ?" દાક્તરે સ્વાભાવિક રીતે પુ-

લાસો કર્યો તે શબ્દોને પકડીને યશોદાબાઇ બોલી.

પાછો ગુમાન લવારીએ ચઢયો, "તેણીને લઇ જાઓ–તેણીને લઇ જાઓ–તેણીએજ મને શીખવ્યું હતું–તેણીએજ મારી પાસે એ કામ કરાવ્યું હતું–પહેલા માણસને તેણીએ જાતેજ મારી નાખ્યો હતો."

"ઓ ! દાક્તર ! એને પાછી અફીણવાળી દવા આપો." યશોદાબાઇ ગભરાટમાં બોલી.

"લાવો દવાની સીસી." યશોદાબાઇ પાસે દાક્તરે સીસી માગી.

પણ જેવી દાક્તરે દવાની સીસી લીધી કે ગુમાને એકદમ બન્ને હાથ લાંબા કરી દાક્તરના હાથને ઝાપટ મારી સીસી ફેંકી દીધી.

"મને ફાંસી ચઢાવતા નહિ–ના, મને તેની તમે ફરજ પાડી શકશો નહિ." ગુમાન ઉશ્કેરાઇ જઇને બોલ્યો–"ના–ના–મારા ગળામાં દોરડું ના નાખો ! હું ગુનેગાર નથી ! મેં બન્નેને માર્યા નથી–માત્ર એકનેજ–પેલીએ માર્યો હતો–તેણીએ પહેલાને ઝેર દીધું હતું–અને બીજાને ફાંસો દઇ મારી નાખવામાં તેણીએ મને મદદ કરી હતી–પછી અમે પત્થર ઉંચક્યા–પાછલા ચોકમાં–પગથીઆની તળે–પાછલા ઘરવાળા ચોકમાં–અને–પછી–અમે–ઘોર અંધારી રાત્રે–તે બન્નેને ત્યાં દાટયા–પણ બન્નેને એકી વખતે નહિ–જો કે બન્નેને દાટયા છે તો ભેગાજ."

"દાક્તર સાહેબ." યશોદાબાઇને માટે આ બધી લવારી અસહ્ય થઇ પડી હતી, તેણીએ આખરે દાક્તરને કહ્યું–"આના કરતાં આનો છેડો લાવો–નહિ તો મને પણ તે ગાંડી કરી મૂકશે."

એટલામાં તો પાછો ગુમાનનો બકબકાટ ચાલુ થયો–ભૂત–પ્રેત–પિશાચ–રાક્ષસ–યમદુત–ખુન–ચોક–ફાંસી–બધું જેમ તે જોતો હોય તેમ બકવા લાગ્યો, અને એમને એમ બકતાં બકતાં એક સખ્ત આંચકા સાથે નરમ પડી ગયો–શાંત થઇ ગયો–હમેશને માટે શાંત થયો–તેના પાપી ખોળીઆમાંથી અમર આત્મા નીકળી ગયો.

યશોદાબાઇ, અર્ધબેભાન અવસ્થામાં એક ખુરશીમાં પડી હતી–તેણીને સહેજ યાદ હતું કે ગુમાનો તેણીનો સોબતી મરી ગયો–બે વખત દાક્તરે

તેણીના કાનમાં કહ્યું કે તે મરી ગયો છે-પણ તેણી પૂરૂં સમજી નહિ-આ- ખરે એકદમ ભાનમાં આવતાં છૂટકારાનો દમ ખેંચી મનમાં બોલી-'હવે મારો દુશ્મન જીવતો નથી-હવે હું છૂટી થઇ છું." અને જાણે તેણીના મગજ ઉપરથી ભારે બોજો નીકળી ગયો હોય તેમ તેણીને લાગ્યું.

હવે તેણીને હિંમત આવી-ખુરશી ઉપરથી ઉઠીને મડદા ઉપર નજર કરી-દેખાવ ઘણો ભયંકર હતો.

"તેની છેલ્લી સ્થિતિમાં તે ઘણો લવારીએ ચઢયો હતો." તેણી બોલી.

"આવું ભયંકર મેં ભાગ્યેજ કદી સાંભળ્યું હશે?" દાકતરે કહ્યું-પણ તેના દેખાવથી યશોદાબાઇની ખાત્રી થઇ કે ગુમાનની લવારીને તેણે કંઇ મહત્વતા આપી નહોતી.

"કેવી ભયંકર વાતો એના મગજ ઉપર આવી હતી?" યશોદાબાઇ હવે દયાળુ લાગણી બતાવતાં બોલી.

"ગાંડા અથવા આવા હડખવાવાળા માણસો, તેમના મગજમાં જે વિચારો આવે, તે ઉપર વારંવાર લવવા માંડે છે." દાકતરે જવાબ દીધો. "પણ હવે મારૂં અહીં કંઇ કામ નથી, તેથી હું જઇશ."

દાકતર ગયો-યશોદાબાઇ પોતાના દીવાનખાનામાં ગઇ. જલદ દારૂનું એક પ્યાલું અડાવી ગઇ-પછી મોડા સુધી બની ગયેલા બનાવ ઉપર વિચાર ક- રતી બેઠી.

પ્રકરણ ૮૫ મું.

સુરેશચંદ્રને ઘેર.

કૃષ્ણાકુમારી, યશોદાબાઇના ઘરમાંથી, પોતાની ઉંડી યુક્તિમાં નિષ્ફળ થતાં, અને અચાનક ઉઘાડી પડી જતાં, એકદમ નીક- ળી નાઠી છે, તેણીની પાછળ હવે આપણે જઇએ.

તેણીએ પોતાનો 'રાવજી'નો પહેરવેશ પહેરી લીધો હતો, કારણ કે પરણનારી કન્યાના વેશમાં બહાર જવું એ રાતને વખતે સહી સલામત નહોતું. વાંચનારને યાદ હશે કે ગંગાબાઇના ખુનનું તહોમત તેણીને માથે હતું, અને રસુલખાંના પહેરામાંથી ગંગાબાઇના ઘરની પાછલી બારીએથી નદીમાં નંખાવી દીધાની વાત પાછલા એક પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે બધે પ્રસિદ્ધ થઇ ચૂકી હતી, અને તેથી તેણીના ઉપરનો આરોપ વધારે મજબૂત થયો હતો. કારણ કે બીજું કોઇ જાણતું નહોતું કે રસુલખાંએ તેણીને નાસી જવામાં મદદ કરી હતી. કદાચ તરતજ રસુલખાંના ગુમ થવાથી તેના ઉપર તેવો શક ઉત્પન્ન થાય, તોપણ તેથી ગંગાબાઇના ખુનના આરોપમાંથી ક્રિષ્ણાકુમારીના વિરૂદ્ધના દેખીતા પુરાવામાંથી તેણીનો બચાવ થાય તેમ નહોતું.

આટલું છતાં લોકોમાં તો એવીજ માન્યતા હતી કે ક્રિષ્ણાકુમારી નદીમાં પડીને ડૂબી ગઇ છે. તોપણ ખુલ્લી રીતે તેણી શહેરમાં ફરી શકે એ તો સહી સલામત હતુંજ નહિ. ઘણા લોકોએ તેણીને ન્યાયાધીશની કચેરીમાં જોઇ હતી. વળી તુરંગના તથા પોલિસના કેટલાક અમલદારો તેણીને ઓળખી શકે એમ હતું. આ બધા ઉપરાંત યશોદાબાઇને ત્યાં તેણી નોકરી ઉપર હતી, ત્યારે યશોદાબાઇના ઘણા ઘરાકોના સંબંધમાં તેણી આવી હતી, તેથી તે લોકો પણ તેણીને ઓળખી શકે—વળી જયચંદ્ર પોતાની સાથે, તેણી જે દગો ફટકો રમી ગઈ હતી, તેથી ગુસ્સે થઇ, તેવા આવેશમાંજ પોલિસમાં જઇને, ગંગાબાઇના ખુનની ગુનેગાર તરીકે તેણીને પકડાવવાની કોશિસ કરે, તો તે પણ બનવા જોગ હતું. આ બધાં કારણોથી આ યુવાન બાળા ઘણી ધાસ્તી ભરેલા સંજોગોમાં હવે ઘેરાઇ ગઇ હતી.

પણ તેથી કંઇ તેણી જરાપણ નિરાશ થાય કે ડગે તેમ નહોતું. તેણીની પાસે પૂરતા પૈસા હતા. કેટલાક પૈસા તેણીને જયચંદ્ર પાસેથી પગાર તરીકે મળેલા તેણીએ સાચવી રાખ્યા હતા. અને જયચંદ્રે તેણીને મુંબાઇથી અહીં સઘળી ગોઠવણ કરવા આગળથી મોકલી ત્યારે મોટી રકમ આપેલી, તેમાંનો ઘણો ભાગ બચ્યો હતો. તેથી હવે પૈસાના સંબંધમાં હાલ

તો તેણીને કંઇ ફિકર રાખવા જેવું હતું નહિ. આ બધાં કારણોને લીધે, તેણીએ બજારમાં એક ગલીમાં, જુદી જુદી જાતના પહેરવેશનાં લૂગડાં વેચવાની તથા ભાડે આપવાની દુકાન હતી, ત્યાં આવીને બારણું ઠોકયું. કારણ કે રાતના દશ વાગી ગયેલા હોવાથી દુકાન બંધ થઇ હતી. ઘર ધણીએ બારણું ઉઘાડયું. ક્રિષ્ણાકુમારીએ પોતાનું ઓળખાણ પાડવા પૂછ્યું. "એક શામ વર્ણના છોકરા જેવા નોકરે તમારી પાસેથી દાસીનો પોશાક, કેટલાક વખત ઉપર, એક રાત્રે ભાડે લીધો હતો, તે યાદ છે ?"

"થોડા મહિના પહેલાં—નાટકશાળામાં જવાને માટે—કેમ ?" ઘર ધણીએ યાદ કરતાં કહ્યું.

"હા—તેજ." ક્રિષ્ણાકુમારી બોલી. "ઠીક ત્યારે, તમે મને ઓળખો છો, ખરા, કેમ ?"

"ખાત્રી પૂર્વક." દુકાનદારે કહ્યું. "ચાલો ત્યારે, અંદર આવો."

ક્રિષ્ણાકુમારી દુકાનમાં ગઇ, અને બોલી. "તમે મને શામ વર્ણના નોકરના પોશાકમાં જોઈ છે, દાસી તરીકેના પોશાકમાં પણ જોઇ છે. હાલ ગૌરવર્ણના નોકર તરીકે જુઓ છો, તો હવે મને બીજો કયો પોશાક બંધ બેસતો આવશે ?"

"ખલાસીનો પોશાક તમને સારો લાગે ખરો, પણ તેને માટે તમારૂં કદ કંઇક નીચું છે." ઘરધણી થોડીવાર વિચાર કરીને બોલ્યો. "તોપણ હું જોઉં કે, તમને બરોબર આવી રહે એવો પોશાક નીકળે તો શોધી કાઢીશ."

દુકાનદારે બધા પોશાક જોવા વાળ્યા, અને છેવટે ક્રિષ્ણાકુમારીને બંધ બેસતો આવે એવો પોશાક શોધી કાઢીને તે ક્રિષ્ણાકુમારીને પહેરવા આપ્યો. તેણીએ એક ખુણામાં જઇને પહેર્યો. બરોબર બેસતો આવી રહ્યો. પછી તેની કિંમતના પૈસા આપીને ત્યાંથી નીકળી. એક ચા વાળાની દુકાને ગઈ. આવી દુકાનો રાત્રે મોડા સુધી ઉઘાડી રહે, તેમાં કંઇ નવાઇ નથી, કારણ કે આજકાલ ઘણા જુવાનીઆ અને સહેલાણીઓનું તે તો રાત્રિ દિવસ આશ્રમસ્થાન થઇ પડેલું છે. દુકાનમાં જઇને એક બાજુ ઉપરની ખુરશી ઉપર બેસી કૉફીનું એક પ્યાલું માગ્યું, અને લખવાનાં સાધન માગ્યાં. માગેલાં

ચીજે તેણીને મળી. તેણીએ બે કાગળો લખ્યા—એક સૂરજદેવીને, અને બીજો ન્યાયાધીશને. ત્યારબાદ તે દુકાનમાંથી નીકળીને બન્ને કાગળો ટીકીટ ચોઢી ટપાલમાં નાખ્યા–પછી પાછી ચા વાળાની દુકાને આવી તેને કંઇ પૈસા આપીને એક બાજુ એકાંતમાં સૂવાની જગા મેળવી. તેણી હવે મરદના પોશાકમાં હતી, એટલે તેણીને કોઇ પ્રકારની બીક નહોતી.

બીજે દિવસે સવારે દશેક વાગે ક્રિષ્ણાકુમારી ખલાસીના પોશાકમાં સુરેશચંદ્ર વકીલને ઘેર થઇ. આગલા ઓરડામાં ત્રણ ચાર કારકુનો લખતા હતા, તેમનાથી વકીલ ઘરમાં છે કે કેમ તે વિષે તપાસ કરી. બધાનો ઉપરી એક કારકુન હતો, તેણે પોતાની પાસેના બીજા કારકુનને કહ્યું. "કાળીદાસ, જાઓ તો, શેઠને જણાવો કે જો તેમને ફૂરસદ હોય તો એક વહાણના અધિકારી આપને મળવા માગે છે."

"તમે જાણો છો કે શેઠ અત્યારે મોટા કામમાં રોકાયેલા છે, અને તેમને અડચણ નહિ કરવી, એવું તેમણે ફરમાવ્યું છે." કાળીદાસે કહ્યું.

"હા-મને યાદ આવે છે." તે ઉપરી કારકુન બોલ્યો–"તે હાલ 'પ્રતાપરાય વિરૂદ્ધ જયચંદ્ર' ના કામની હકીકતનું ટીપ્પણ કરવામાં રોકાયા છે."

"ખરેખર!" કાળીદાસ એકદમ ચમકીને બોલ્યો—ક્રિષ્ણાકુમારીએ તે જોયું.

"હા." ઉપરી કારકુન, કાળીદાસને થયેલી અસર ઉપર ધ્યાન નહિ હોવાથી, બોલ્યો. "સુરેશચંદ્ર એ કામમાં ઘણા ઉંડા ઉતર્યા છે, અને તે કામ ઘણું મહત્વનું છે–તેથી હું નથી ધારતો કે ખાસ કામ વગર તે હાલ બીજા કોઇને મળી શકશે."

"મારૂં કામ ખાસ મહત્વનું છે." ક્રિષ્ણાકુમારી બોલી. પછી કાળીદાસ તરફ વળીને અરજ કરતાં કહ્યું. "મહેરબાની કરીને મને તમારા શેઠની મુલાકાત કરાવો."

આ કાળીદાસ કારકુન લગભગ ઓગણીસ વીસ વરસનો ફીકા ચહેરાનો, માંદા જેવા દેખાવનો, અને નાજુક તબિયતનો છોકરો હતો.

કાળીદાસે ઉપરી કારકુન તરફ જોયું-તેણે હા કહી-પછી તે સુરેશચંદ્રના ખાનગી ઓરડામાં ગયો. થોડીવારમાં તેણે પાછા આવીને ક્રિષ્ણાકુમારીને અંદર જવાનું કહ્યું. તેણીએ ઓરડામાં જઇને બારણું બંધ કર્યું. જ્યારે ક્રિષ્ણાકુમારી, ખલાસીના પોશાકમાં સુરેશચંદ્રની સામે ઉભી રહી, ત્યારે તે કેટલીકવાર સુધી તો તેના સામે જોઇ રહ્યો-જાણે કે તે ચહેરો તેણે કોઇ વખત જોયો હોય, પણ યાદ આવતો ન હોય.

"કેમ સાહેબ, તમે મને ઓળખતા નથી ?" ક્રિષ્ણાકુમારીએ હસતાં હસતાં કહ્યું-"પણ આપને યાદ હશે કે, થોડા મહિના ઉપર એક જુવાન સ્ત્રી તમારી પાસે કંઇ મહત્વના દસ્તાવેજો લાવી હતી."

"હા-હા-હવે હું ઓળખું છું." વકીલ પણ હસતો હસતો બોલી ઉઠયો. "પણ આ પ્રમાણે વેશ બદલવાનું શું કારણ ?"

"તે મારૂં કામ છે-આપને જાણવાની જરૂર નથી." ક્રિષ્ણાકુમારીએ જવાબ આપ્યો. "હું તમને એવું જણાવવા આવી છું કે જયચંદ્ર શહેરમાં પાછા આવ્યા છે-અને વધારામાં કે તેના દસ્તાવેજો કોણે ચોર્યા છે, તે તેણે જાણ્યું છે, પણ તે ચોરનાર માણસને તે પકડી શકે તેમ નથી."

"ત્યારે આપણી તે સંબંધી સ્થિતિમાં કંઇ ફેરફાર થયો નથી, કેમ?" વકીલે પુછ્યું.

"જયચંદ્રના સંબંધમાં તેમ છે." ક્રિષ્ણાકુમારીએ જવાબમાં કહ્યું. "પણ એક મોટા ખાનદાન કુટુંબની સ્ત્રી છે, કે જે પ્રતાપરાય ઉપર ઘણો વગ ધરાવે છે; અને મને એમ માનવાને કારણ મળે છે કે, તેણી પોતાનું કામ સાધવાને માટે પ્રતાપરાયને ભોળવી નાખશે."

"તમે સૂરજદેવી વિષે કહો છો ?" વકીલ બોલ્યો. "પણ ખાત્રી રાખો કે તમારો તે તરફનો વહેમ ખરો નથી-સૂરજદેવી સદ્ગુણી, પવિત્ર, અને ધર્મિષ્ટ છે; અને આખી દુનિઆ ઉથલપાથલ થાય તોપણ તેણી જરા પણ ખોટું પગલું ભરે તેવી નથી. હાં ! હજુ તમને ભરોસો આવતો નથી, કેમ ?"

"કદાચ હું વધારે વહેમી હોઇશ." ક્રિષ્ણાકુમારીએ કહ્યું. "પણ હું

ધારૂં છું કે જો કદાપિ પ્રતાપરાયને કોઇ સમજાવીને દાવો ખેંચી લેવા દબાણ કરે તો તેમ કરવાની તેને સત્તા છે, અને તમે તે વિરૂદ્ધ કંઇ કરી શકો નહિ, કેમ એ વાત તો ખરી કે નહિ ?"

"હા-તેતો ખરૂંજ છે." વકીલે જવાબ દીધો-"પણ તમે એમતો નહિજ ધારી શકો કે જે દાવામાં આખરે તેને જીતવાની આશા છે, તે દાવો પ્રતાપરાય છોડી દેશે."

"એક સુશીલા નામની છોકરી સૂરજદેવીને ત્યાં રહે છે, તે તમે જાણો છો ?" ક્રિષ્ણાકુમારીએ પૂછ્યું. "વળી તે બાળાની સાથે પ્રતાપરાય પ્યારમાં પડયો છે, તે પણ તમે જાણો છો ?"

"હા, તે સઘળું હું જાણું છું." વકીલે જવાબ દીધો. "પણ તેથી શું થયું ?"

"ફક્ત એટલુંજ કે સુશીલા, સૂરજદેવીના ભારે ઉપકાર તળે છે, અને તેથી સૂરજદેવી, તેણીના ઉપર ભારે વગ ચલાવી શકે." ક્રિષ્ણાકુમારીએ ખુલાસો કર્યો. "અને તે વગ પ્રતાપરાય સુધી લંબાય-હવે હું તમને પૂછું છું, વકીલ સાહેબ, કે ગયા થોડા દિવસથી શું પ્રતાપરાય કંઇ તેના દાવાના કામમાં નરમ નથી જણાતો ?"

"હવે જ્યારે તમે આવો સવાલ પૂછો છો, ત્યારે મારે કબુલ કરવું જોઇએ કે, શરૂઆતમાં પ્રતાપરાય જેવી રીતે તાકીદ કરતો હતો, અને આ કામમાં મન ઘાલતો હતો, તેવું હાલ થોડા વખતથી નથી." વકીલે વિચારમાં પડી જવાબ દીધો. "અને વળી તે એવું પણ બોલી ગયો હતો કે જયચંદ્રની શાંતિમાં તે ખલેલ પહોંચાડવા માગતો નથી, અને તેની સાથે ખાનગી નીકાલ લાવવાને તે ખુશી છે."

"ત્યારે હવે તમે માનશો, વકીલ સાહેબ, કે તેના ઉપર કોઇ જાતનો છૂપો વગ ચાલે છે ?" ક્રિષ્ણાકુમારીએ પૂછ્યું.

"પણ સૂરજદેવીને એમ વચ્ચે પડવાનું શું કારણ હશે ?" વકીલ બોલ્યો. "શું હું શીવપ્રસાદનો વકીલ છું-કે જેનો દાવો તેણીની વિરૂદ્ધ છે, તેથી એમ હશે ? હું ભાગ્યેજ માની શકું કે આવી સદ્‌ગુણી, એકાંત-

વાસનાવાળી, માયાળુ અને ઉમદા દિલની ભલી બાઇ, માત્ર હું તેણીના વિરૂદ્ધ પક્ષનો વકીલ હોવાથી, પ્રતાપરાયે મને કામ સોંપ્યું, તેથી પ્રતાપરાયના ઉપર વગ ચલાવી તેનો દાવો ખેંચાવી લેવા જેવી હલકાઇ વાપરે !"

"આપણે એ વિષે હેતુઓ ઉપર વિચાર કરવા અટકવાની જરૂર નથી, વકીલ સાહેબ." ક્રિષ્ણાકુમારી વકીલે કરેલા અનુમાન ઉપર મનમાં હસતી બોલી. "પણ આપણે હકીકત તપાસવી જોઇએ. હવે જુઓ, કે એ ખુલ્લું દેખાય છે કે સૂરજદેવીએ પોતાનો કંઇક વગ પ્રતાપરાય ઉપર, તેના દાવામાં ઢીલ નાખવા જેવો ચલાવ્યો છે."

"પણ સૂરજદેવી તો ઘણા દિવસથી બહાર ગામ ગયેલી છે." વકીલે કહ્યું.

"એ વાત ખરી છે." ક્રિષ્ણાકુમારીએ જવાબ દીધો. "પણ સુશીલા અહીં રહે છે, અને પ્રતાપરાય વારંવાર તેણીની પાસે જાય છે. સૂરજદેવીને સુશીલા સાથે પત્રવ્યવહાર ચાલતો હશે; અને સૂરજદેવીના કાગળમાં લખ્યા પ્રમાણે, સુશીલા પોતાનો વગ, પ્રતાપરાય ઉપર ચલાવતી હશે—આવી હકીકતથી આપણને ઉંડા ઉતરીને જોવામાં હરકત પડે એમ નથી."

"અમુક જગોએ શું થાય છે, તે બધી બાબતથી તમે સારી રીતે જાણીતાં હો એમ જણાય છે." વકીલ તેણીના તરફ આતુરતા ભરેલી નજરથી જોતો બોલ્યો. "પણ કોઇ એવું માની શકે નહિ કે સૂરજદેવી જેવી પવિત્ર આચરણની અને એકમાર્ગી, સાધુ જેવી વૈરાગ્ય વૃત્તિની બાઇ, આવા હલકા વિચારની હશે!"

"કદાચ તેણીની ચાલચલગત વિષે તમે પાછળથી વધારે જાણશો." ક્રિષ્ણાકુમારી બોલી. "ગમે તેમ હોય, પણ પ્રતાપરાય ઉપર વગ ચલાવવામાં આવે છે, તે બાબતથી મેં તમને વાકેફ કર્યા છે. મારા તરફથી તો મેં ચોક્કસ ઉપાયો લીધા છે, કે જેથી સૂરજદેવીને પોતાની રીતભાત બદલવી પડશે. છતાં મને એમ લાગ્યું કે તમને કંઈ સૂચના આપવી જોઇએ; કારણ કે પ્રતાપરાયની તેના દાવા તરફ બેકાળજી તમે જુઓ, તો તેનું કારણ તમે

સમજી શકો. હું ધારૂં છું કે તમે તે કામમાં ઉંડા ઉતર્યા છો." તેણીએ તેના મેજ ઉપર પથરાયેલા કાગળો જોતાં કહ્યું.

"હા," સુરેશચંદ્રે જવાબ દીધો. "શીવપ્રસાદ વિરૂદ્ધ સૂરજદેવી, અને પ્રતાપરાય વિરૂદ્ધ જયચંદ્રનાં કામોને લીધે મને ખાવાની પણ ફૂરસદ મળતી નથી."

"ત્યારે પહેલા દાવામાં તમારા ધારવા પ્રમાણે કોણ જીતશે?" ક્રિષ્ણાકુમારીએ પૂછ્યું.

"અત્યારે એ કહેવું ઘણું મુશ્કેલ છે," સાવધ વકીલે જવાબ આપ્યો "હું પણ ઘણો ગુંચવાઇ ગયો છું. શીવપ્રસાદના નાના ભાઇની હાજરીની આ દાવામાં ખાસ જરૂર છે. છતાં તે હજુ બહારગામથી આવતો નથી, તેમ મારા કાગળોનો જવાબ પણ આપતો નથી. તેની વર્ત્તણુક ઘણી વિચિત્ર છે. પ્યારમાં નિરાશ થવાથી એકાંત વાસ ભોગવે છે, છતાં હું થોડા દિવસમાં બહારગામ નીકળી પડીને તેને શોધી કાઢીશ."

"હું જોઉં છું કે આ જયચંદ્રના કામના બધા દસ્તાવેજો તમારી પાસે છે." તેણીએ ઉઠતાં ઉઠતાં કહ્યું.

"ચૂપ" વકીલ ધીમેથી બોલ્યો. કારણકે ક્રિષ્ણાકુમારી જ્યારે બોલતી હતી ત્યારે કાળીદાસ કારકુન બહારના ઓરડામાંથી આ ઓરડામાં આવતો હતો; અને ક્રિષ્ણાકુમારીની નજર પેલા દસ્તાવેજો ઉપર હતી. તેથી તેણીએ તેને જોયો નહોતો.

વકીલે એકાએક તેણીને ચૂપ રહેવા કહેવાથી ક્રિષ્ણાકુમારીએ ચમકીને પાછળ જોયું, તો કાળીદાસને દીઠો. તેના ચહેરા ઉપર કંઇક ખુશાલીનો ચમકાટ જોતાં તેણીને કંઇક શક લાગ્યો.

ક્રિષ્ણાકુમારીના અંતઃકરણમાં વિચિત્ર પ્રકારના શકનો ઉદ્ભવ થયો, અને તેણીને કંઇક બેચેની થઇ, પણ તેનું કારણ સમજી શકી નહિ.

કાળીદાસને પોતાના શેઠ પાસે કંઇ પુછવાનું કામ હતું, તે કરીને તે તરત ચાલ્યો ગયો.

"આ છોકરો કોણ છે?" ક્રિષ્ણાકુમારીએ કાળીદાસના ગયા પછી વકીલને પૂછ્યું.

"એતો હાલ થોડા દિવસથીજ મારી નોકરીમાં છે," વકીલે જવાબ દીધો. "પણ શા ઉપરથી આવો સવાલ પૂછવો પડયો?"

"તે મનેજ ખબર પડતી નથી," ક્રિષ્ણાકુમારીએ પોતાની બેચેની જણાવતાં કહ્યું. "છતાં મને સારો લાગતો નથી. તેના ચહેરામાં અને તેની નજરમાં કંઇક વિચિત્ર મને લાગ્યું. તેનાથી સંભાળમાં રહેજો—એટલુંજ બસ છે."

"તમે મને ધાસ્તીમાં નાખો છો," વકીલ બોલ્યો. "કારણ કે, મેં તેને, તેની પાછલી વર્તણુકની તપાસ કર્યાવગર મારી નોકરીમાં લીધો છે."

"અહા!' ક્રિષ્ણાકુમારીના મોઢામાંથી ઉદ્ગાર નીકળ્યો—અને પછી મનમાંજ બોલી—"તેજ પ્રમાણે શરૂઆતમાં મને જયચંદ્રે પોતાની નોકરીમાં રાવજી તરીકે લીધી હતી."

"મારા હમેશના રિવાજ કરતાં એ કામ મેં ઉલટુંજ કર્યું છે." થોડી વારે સુરેશચંદ્ર બોલ્યો. "તેણે પોતાની દુઃખી હાલતની વાત મને કહીને દયા ઉત્પન્ન કરાવી, તેને નોકરીમાં રાખવાની ફરજ પાડી હતી. વળી તે વખતે મારે એક માણસની જરૂર પણ હતી. તેથી મેં તેને રાખી લીધો હતો. પણ એ છોકરો એના કામમાં ચાલાક, બુદ્ધિશાળી અને બધી વાતે સારો જણાય છે."

"હું ફરીથી કહું છું કે તેનાથી સંભાળમાં રહેજો," ક્રિષ્ણાકુમારી બોલી. "મને તેનો દેખાવજ સારો લાગતો નથી—જો કે તે ખરેખર પ્રમાણિક હોય તો તેના વિરૂદ્ધ અભિપ્રાય બાંધીને તેને નુકસાન થાય એવું બોલવાને હું દિલગીર છું. કદાચ જોવામાં હું ઠગાતી પણ હોઉં, છતાં હું ફરીથી કહું છું કે, તમે સાવધ રહેજો."

એમ કહીને ક્રિષ્ણાકુમારી ત્યાંથી ચાલી નીકળી.

પ્રકરણ ૮૬ મું.

પાપનો ઘડો ફૂટ્યો.

ખુનનો પુરાવો.

સુરેશચંદ્રને ત્યાં કિશોરીકુમારીની મુલાકાત થતી હતી, તે વખતે ન્યાયાધીશની કચેરીમાં, ન્યાયાધીશે પોતાની ટપાલ વાંચતાં એક અમુક કાગળ વાંચીને, તે ઘણો અચંબામાં પડયો. તે કાગળ નનામો હતો, કોઈની સહી અથવા નામ ઠામ નહોતું. કાગળના અક્ષર કોઈ સ્ત્રીના જેવા હતા. તેમાં એવી બાબત લખેલી હતી કે, તે બાબત સાચી માનવી કે કેમ, અને તે વિષે શું કરવું. તે કંઈ ન્યાયાધીશને સૂઝતું નહોતું. થોડીવાર વિચાર કરીને પોતાના ખાનગી ઓરડામાં ગયો, અને ફોજદાર સદાશિવરાવને બોલાવ્યો. કારણ કે તેની સાથે ખાનગી મસલત કરવાની જરૂર હતી.

" મી. સદાશિવરાવ, તમે આ વિષે શું ધારો છો ?" એમ કહેતાં ન્યાયાધીશે તેને પેલો કાગળ આપ્યો.

તેણે તે વાંચ્યો, થોડીવાર વિચારમાં પડયો, અને પછી બોલ્યો. "મને તો ખરેખર આમાં ગુંચવાડો લાગે છે, સાહેબ."

" એ કાગળમાં જે બાઈનું નામ લખ્યું છે, તે બાઈ કેવી છે, વારૂ?" ન્યાયાધીશે પૂછયું.

" લહેરી અને છેલછબીલી બાઈ છે, અને નીતિની બાબતમાં બહુ ચોક્કસ નથી, સાહેબ." ફોજદારે પોતાનો અનુભવ જણાવ્યો. " અને મોટા મોટા ખાનદાન કુટુંબના લહેરી જુવાનીઆઓના આશ્રયમાં છે. પણ હું નથી ધારતો કે આ કાગળમાં એ બાઈ વિષે જે લખ્યું છે, તેમાં કંઈ સત્યતા હોય !"

"છતાં ઘણું વિચિત્ર છે !" ન્યાયાધીશ બોલ્યો. "જો કોઇ જોખમદાર માણસે આવીને આપણને આવી ખબર આપી હોત, તો આપણે આ બાબત એકદમ હાથમાં લઇ, કાયદાનો અમલ કરવાને શક્તિવાન થાત, અને ઝડતી લેવાની તજવીજ કરી શકત. પણ આ નનામો કાગળ-કે જે કદાચ મશ્કરીમાં બનાવટ કરવા, અથવા કોઇએ ઇર્ષાથી કોઇની આબરૂને નુકસાન પહોંચાડવા, લખ્યો હોય, તો તે ઉપરથી આપણા તરફથી ભારે પગલાં લેવાનું સલામત ભરેલું ગણાય નહિ."

"હા. તે ખરૂં છે," ફોજદારે વિચાર કરીને પોતાનો અભિપ્રાય જણાવ્યો. "પણ મને લાગે છે કે આ બાબત કંઇ છૂપી તજવીજ તો કરવી જોઇએ. ધારો કે હું ફરતો ફરતો તે તરફ જાઉં, અને બની શકે તો કોઇને વહેમ ન પડે તેવી રીતે કંઇક છૂપી તપાસ કરૂં, તો કેમ ?"

"હા. તે ઠીક પડશે, મી. સદાશિવરાવ." ન્યાયાધીશે પોતાની સંમતિ આપી. "અને તે દરમિયાન આવો નનામો કાગળ આવ્યાની વાત છૂપી રાખજો. કદાચ તમારી તપાસમાં કંઇ નીકળી આવે નહિ, તો માત્ર ઇર્ષાને લીધે, એક નિર્દોષ માણસની આબરૂને નુકસાન કરવાના ઇરાદાથી લખેલા આવા કાગળથી મૂકાયલા તહોમતની વાત બહાર પડે, તો તે ઠીક ગણાય નહિ."

"તે બરોબર છે, સાહેબ." ફોજદારે જણાવ્યું, અને પેલો કાગળ તેણે પોતાના ગજવામાં મૂકયો, અને તપાસ કરવા નીકળી પડયો.

આશરે પા કલાક પછી ફોજદાર સદાશિવરાવ, યશોદાબાઇના મકાનના મોટા રસ્તા ઉપર ફરતો હતો, તેવામાં એક નબળો પડી ગયેલો કૂતરો-કે જે ઘણો જબરો હોય એમ લાગતું હતું-તે તેની પાછળ આવતો તેણે જોયો. ઘણીવાર સુધી તે કૂતરો તેની પાછળ ને પાછળ ફરતો હતો, તેથી તેને હાંકી કાઢવાની તૈયારીમાં તે હતો, પણ તેવામાં તેને કંઇક એવું લાગ્યું કે તે કૂતરો તેને તદન અજાણ્યો નહોતો.

"ખરેખર ! આ તો પેલા બિચારા લતિબખાંને પગલે પગલે ચાલનારો તેનો વિશ્વાસુ કૂતરો હોવો જોઇએ." તે પોતાના મનમાં વિચાર ક-

રીને બોલતો હતો, અને તેટલામાં તે લતિબખાંના કૂતરાનું નામ યાદ આ-વવાથી તેને "સુલતાન, સુલતાન–" એમ કહી બોલાવ્યો.

અહા ! તે ગરીબડા પશુ નિમકહલાલ પ્રાણીએ ઘણી મુદતે પોતાનું નામ બોલાવતાં સાંભળવાથી તે ખુશાલીમાં પૂછડી પટપટાવવા લાગ્યું, અને સદાશિવરાવની પાસે જઇ બે પગે ઉભો રહી તેના હાથ ચાટવા માંડયા.

સદાશિવરાવે હવે બારીકીથી કૂતરાને જોયો, અને તેની ખાત્રી થઇ કે તે લતિબખાં વાળોજ કૂતરો હતો. આ બનાવથી તે ઘણો ગંભીર વિચારમાં પડી ગયો. અને ધીમે પગલે ચાલતો મનમાં બબડયો. "ખરેખર આમાં કંઇક ભેદ જેવું છે. આ પુરાવાની સાંકળની પહેલી કડી જેવું છે. અને હવે પ્રથમના કરતાં નનામા કાગળમાં લખેલી હકીકતને વધારે મહત્વતા આપવા જેવું મને લાગે છે."

આ પ્રમાણે વિચાર કરતો કરતો રસ્તે ધીમેધીમે ચાલ્યો. યશોદાબા-ઇના મકાન આગળ થઇને જતાં, દુકાનમાં તેણે લાંબી નજર નાખી. પછી એક ભઠીઆરાની દુકાને જઇ પેલા કૂતરાને પેટ ભરીને ખવડાવ્યું, અને પાણી પાયું. પછી સુલતાન પગ ઉપર ઉભો રહી, પોતાનો આભાર તથા ખુશાલીની લાગણી બતાવવા, સદાશિવરાવના હાથ ચાટવા લાગ્યો.

"ત્યારે હવે તો આ કામની કંઇક વધારે તપાસ કરવી જોઇએ ખરી." રસ્તે ચાલતાં ફોજદાર મનમાં વિચાર કરવા લાગ્યો. આગળ જતાં વિચા-રમાં ગરક થઇ ગયેલો હોવાથી સામેથી આવતા એક માણસને અથડાયો.

"માફ કરજો, સાહેબ, મેં તમને જોયા નહિ." ફોજદારે પેલા મા-ણસને કહ્યું.

"કંઇ હરકત નહિ." પેલો માણસ કે જે ગૃહસ્થ જેવો દેખાતો હતો તે બોલ્યો. પછી તેની નજર પેલા કૂતરા તરફ પડતાં કહ્યું "તમારે આવાં પ્રાણીઓને બહાર ફેરવતાં મોઢે જાળી બાંધી રાખવી જોઇએ."

"હું કૂતરાથી બીતો નથી." ફોજદારે કહ્યું. "પણ હું તેમને વ-ધારે પ્યારથી ચાહું છું. જો કે એક બે વખત મને કૂતરાં કરડયાં હતાં

ખરાં, છતાં મને કંઇ થયું નથી. કૂતરાં કરડવાથી પેલું શું થાય છે? તમે તેને શું કહો છો?"

"હડખવું તમે કહેવા માગો છો?" તે ગૃહસ્થ બોલ્યો. હવે જણાયું કે તે દાક્તર હતો. તેણે ગંભીર બની જઇ કહ્યું. "આવી બાબત નજીવી ગણશો નહિ. ગઇ રાત્રે જે ભયંકર બનાવ મેં જોયો છે, તે જો તમે જોયો હોય તો કદી ભૂલો નહિ."

"શું તે એવો બનાવ હતો? પાછું હું પેલું નામ ભૂલી ગયો. તમે શું કહ્યું હતું?" ફોજદારે પૂછયું.

"હડખવું." તે ગૃહસ્થ બોલ્યો. "મારે ઘણું કામ છે, તેમ તમારે પણ હશે. પણ એક મનુષ્ય જાત તરીકે અને ધંધાદારી દાક્તર તરીકે મારી ફરજ છે કે, તમને કંઈ ઉપયોગી થઇ પડે તેવી સૂચના મારે આપવી જોઇએ. ગઇ રાત્રે એક માણસ, કે જે ગાંડો થઇ ગયો હતો, એમ માનવામાં આવતું હતું, તેને તપાસવા મને બોલાવ્યો હતો. હું ત્યાં ગયો, અને તે માણસને જોતાં, તરતજ હું ચેતી ગયો કે તેને હડખવું લાગ્યું હતું. તેનો દેખાવ ગમે તેવા ઘાડી છાતીના માણસને પણ કંપારી છૂટે તેવો હતો. અને તે તેની લવારીમાં એવું એવું ભયંકર બકતો હતો કે, જો કે મને તેવા બનાવો જોવાના ઘણા પ્રસંગો આવે છે—છતાં હજુ મને ગઇ રાતના બનાવના ભણકારા વાગે છે."

"ત્યારે એ બનાવ એટલો બધો ભયંકર હતો સાહેબ?" ફોજદારે પૂછયું.

"મેં કદી પણ નહિ જોયેલો એવો ભયંકર બનાવ હતો, અને તેનું પરિણામ તાત્કાળિક મોતમાં આવ્યું." દાક્તરે જવાબ દીધો. "તે કંગાળ માણસને મરતી વખતે એવું લાગતું હતું કે—જાણે ફાંસી જવાની જે કાયદાની છેલ્લી સજા—તે તે ભોગવતો હતો. તે પોતાને અને તેની પાસે એક બાઇ હતી, તે બન્નેને બે ભયંકર ખુનોના અપરાધી ગણાતો હતો—અને જાણે તે કોઇ ન્યાયાધીશની આગળ પોતાના ગુનાની કબુલાત કરતો હોય, એમ દરેક વાત, લવારીમાં બકતો હતો, અને બોલતો હતો કે તેનાં અનુ-

માનિક ખુનવાળાં મડદાં પાછલા ચોકમાં પત્થર નીચે દાટેલાં હતાં."

"હેં! તમે શું કહ્યું?" ફોજદારને પેલા કાગળની હકીકત મગજમાં તરી આવતાં, ચોકમાં દાટેલાં મડદાં વિષે સાંભળતાં તે એકદમ અજાયબીમાં બોલી ઉઠયો. "તમે કહો છો તે બનાવ કયાં બન્યો હતો?"

"પાસેનાજ એક ઘરમાં." દાક્તરે જવાબ દીધો. "અને હમણાજ તે બાઇને હું જોવા ગયો હતો, કારણ કે તેણી રાતના બનાવથી ઘણી ધાસ્તીમાં પડી ગઇ હતી—અને તેણી હવે સારી સ્થિતિમાં આવી કે કેમ તેને માટે ગયો હતો હતો-અરે, પણ તમે મારી સામે આમ કેમ વિચિત્ર રીતે જુઓ છો?" ફોજદાર તેના સામે એકીટશે વિચિત્ર નજરથી અજાયબીમાં જોઇ રહ્યો હતો, તેથી દાક્તરે શંકાશીળ થતાં પૂછયું.

"કારણ કે મને માનવાને કારણ છે કે તમે જે હકીકત કહી, તે હાલ મારી પાસે જે કામ છે તેના પુરાવાની સાંકળીની બીજી કડી હાથ લાગી હોય, એમ મને જણાય છે." ફોજદારે જવાબ દીધો.

"આ તમે શું કહેવા માગો છો?" હવે અજાયબીથી જોવાનો દાકતરનો વારો આવ્યો—તે અજાયબી મિશ્રિત ગભરાટમાં પડતાં બોલ્યો. "તમે એમ તો નહિજ કહેવા માગતા હો કે પેલા હડખવું લાગેલા માણસના બકવાદ વાળાં એ ખુનની વાત ખરી છે?"

"આ વાંચો, સાહેબ." એમ કહી સદાશિવરાવે પેલો નનામો કાગળ, પોતાના ગજવામાંથી કાઢીને દાકતરને આપ્યો.

તે કાગળમાં નીચે પ્રમાણે લખેલું હતું.

"ન્યાયાધીશ સાહેબ,

વશોદાબાઇના મકાનમાં પાછલા ચોકમાં પગથિયાંના પત્થર નીચે, ગુમ થએલા બે પોલિસ અમલદારો, રસુલખાં અને લતિબખાંનાં મડદાં દટાયેલાં છે. તેમનું મોત કેવી રીતે થયું હશે, તે શોધી કાઢવાનું કામ આપ સાહેબનું છે."

જેવો દાકતરે આ કાગળ વાંચ્યો કે તેણે એક જબરૂં લથડિયું ખાધું, અને પાસેની ભીંતને ટેકો દેવાથી પડતો બચ્યો. તેને ખરેખર ઘણો ગભરાટ

થયો કે, જે સ્રીને ત્યાં કેટલાંક વરસોથી, તે પોતાના ધંધાની રૂઇએ જતો હતો, તે સ્રી આવા ભયંકર ગુના કરે, અથવા તેમાં સામેલ રહે, એ ઘણું આશ્ચર્યકારક અને ભયંકર કહેવાય. દાક્તર એમતો જાણતો હતો કે યશોદાબાઇ પોતાની નીતિની બાબતમાં બહુ ચોક્કસ નહોતી, છતાં આવા ભયંકર ગુના તેણી કરી શકે, એવું એકાએક માનવાને તે પોતે તૈયાર થયો નહોતો.

"તમે બહુ અચંબો પામ્યા છો, કેમ દાક્તર?" કાગળ પાછો લઇ ગજવામાં મૂકતાં ફોજદાર બોલ્યો. "હું પણ પહેલાં માનતો નહોતો. જો કે હું નામનીજ તજવીજ કરવા નીકળ્યો હતો. પણ પુરાવાની સાંકળની એક પછી એક કડી મળતી જાય છે. મને સમજ નથી પડતી કે આમાં કંઇ આકસ્મિક સંજોગો હશે કે કુદરતી બનાવ હશે; કે જે આપણે કદી માની શકીએ નહિ, તે પણ માનવા જેવા પુરાવા અકસ્માત મળી જાય છે!"

"હા—કુદરતી બનાવને લીધેજ એ બધું થાય છે. કહેવત છે કે 'પાપનો ઘડો જ્યારે ત્યારે પણ ફૂટે'." દાક્તરે જવાબ દીધો. "હું ધારૂં છું કે આપ પોલિસઅમલદાર હશો?"

"હા." ફોજદારે જવાબ દીધો. "મને આપનું ઠેકાણું બતાવો, કારણ કે મારે તમારા પુરાવાની જરૂર પડશે."

"કંગાળ સ્રી!" પોતાનું ઠેકાણું આપતાં દાક્તરે ધિક્કાર મિશ્રિત દયાનો ઉદ્‌ગાર કાઢ્યો. "અરે, રે! કેવા ઉંડા ખાડામાં તેણીએ પોતાની જાતને ઉતારી છે! અહા! હવે મને તેણીનો ગભરાયેલો ચહેરો યાદ આવે છે. પણ તે વખતે તેણીના ગભરાટનું અને ધાસ્તીનું આ ખરૂં કારણ હું બિલકુલ સમજતો નહોતો. ખરેખર આવી સ્રીને આવા ભયંકર અપરાધ ઉપર પકડવાની તમારી ઘણી દુ:ખભરી ફરજ છે!"

"અમે પોલિસવાળા તો એવા થઇ રહેલા છીએ, સાહેબ." ફોજદારે કહ્યું. "અમારાં અંત:કરણ સખ્ત બંધાઇ રહેલાં હોય છે, પણ હવે હું મારે કામે જઇશ—તમારા પુરાવાની જ્યારે જરૂર પડશે, ત્યારે હું તમને ખબર આપીશ."

દાક્તર અને ફોજદાર છૂટા પડયા-દાક્તર બિચારો મનમાં દુઃખી થતાં ઉંડા વિચારમાં ધીમે પગલે પોતાના ઘર તરફ ગયો-અને ફોજદાર ન્યાયાધીશની પાસે, પોતાને મળેલી હકીકત જણાવવા, તથા ઝડતી લેવાનું વારંટ માગવા ગયો.

ત્યાર પછી લગભગ અડધા કલાકમાં સદાશિવરાવ ઝડતીનું વારંટ લઇ, બીજા બે ત્રણ પોલિસ અમલદારોને લઇને યશોદાબાઇના મકાનમાં આવ્યો. લતિબખાંનો કૂતરો 'સુલતાન' પણ હવે તો તેની સાથેજ રહેતો હતો, તે પણ આવ્યો.

યશોદાબાઇની દુકાનમાં જે ત્રણ સ્ત્રી-નોકરો રહેલી હતી, તે આ કાળી ડગલીની ફોજ જોઇને ગભરાઇ ગઇ. તે વખતે યશોદાબાઇ પોતાના ખાનગી દીવાનખાનામાં ગયા બાર કલાકમાં બની ગયેલા બનાવો વિષે વિચાર કરતી, અને ગુમાન મરી જવાથી, પોતાનો છૂટકારો થયો સમજી, મનમાં ખુશી થતી બેઠી હતી.

"આ મકાનની માલિક બાઈ ક્યાં છે?" ફોજદારે દુકાનમાંની એક સ્ત્રીને પૂછયું-"હું પોલિસ અમલદાર છું, અને મારી પાસે વારંટ છે."

તે સ્ત્રીઓ તો આ હકીકત સાંભળીને વધારે ગભરાઇ, અને જવાબ પણ દઇ શકી નહિ. પોલિસ અમલદારોને જવાબ નહિ મળવાથી દુકાનમાં આગળ ધસ્યા. યશોદાબાઇએ પોતાના ઓરડામાંથી આ ગરબડ થતી સાંભળી, અને બહાર નીકળી આવી.

પણ જેવી તેણીની નજર પોલિસ અમલદારો ઉપર પડી, કે તેના પાપી અંતઃકરણમાં તેઓ શું કામને માટે આવ્યા હશે, તે વિષે શક જતાં જબરો ધ્રાસ્કો પેઠો. અને માત્ર "હાય હાય" એટલોજ શબ્દ ઉચ્ચારી શકી, અને એકદમ મુર્છા ખાઇને પોલિસ વાળાના પગ આગળ લથડિયું ખાતાં પડી.

તેજ વખતે સુલતાન તેણીના તરફ ઉછળ્યો, અને જાણે દુસ્મનને ઓળખતો હોય તેમ તેણીના તરફ ઘૂરકી ઘૂરકીને ભસવા લાગ્યો. તેણીના પગે બચકું ભરતાં ફોજદારે જેમ તેમ કરતાં અટકાવ્યો. પછી એક પોલિસ અ-

મલદારને બેભાન પડેલી યશોદાબાઇની પાસે રાખી, બીજા બેને અને સુલતાનને લઇને પાછલા ચોકમાં ગયો. જે નોકરો મળ્યા તેમને તેમની શેઠાણીની સારવાર કરવા મોકલ્યા.

યશોદાબાઇ પાસે ઉભેલા પોલિસ અમલદારથી ભયંકર હકીકત જ્યારે નોકરોએ સાંભળી, ત્યારે તેમની અજાયબીનો અને ધાસ્તીનો પાર રહ્યો નહિ.

ફોજદાર વિગેરે પોલિસ અમલદારો પાછલા ચોકમાં જોવા ગયા કે તેજ વખતે સુલતાન એક કૂદકાથી પગથિઆના પત્થર પાસે ગયો, અને ચારે બાજુ સુંઘવા લાગ્યો.

" જુઓ, આ ગરીબડા નિમકહલાલ પ્રાણીની શોધ!" ફોજદાર બોલ્યો. " તેણે જાણ્યું કે તેનો શેઠ એ પત્થર નીચે દટાયેલો છે, વળી તેને એવું પણ જણાયું કે યશોદાબાઈ ઉપર તેને કંઇ વેર લેવાનું છે; કારણ કે જો મેં તેને ખેંચી લીધો ન હોત તો જરૂર તે તેણીને બચકું ભરત. ખાત્રી રાખો કે આ કૂતરાએ ખુન થતાં જોયેલું છે."

" બેશક" એક અમલદાર બોલ્યો. પછી કોદાળી, પાવડો, કોશ વગેરે ખોદવાનાં હથિયારો સાથે લાવ્યા હતા, તે કાઢીને કહ્યું–" હવે કામ શરૂ કરીએ સાહેબ ? "

" અલબત, તેમ કરવુંજ જોઇએ." ફોજદારે જવાબ આપ્યો. "પુરાવાની સાંકળની છેલ્લી કડી, એ પત્થરની તળે દટાયેલી છે, અને જો તેમ ન હોય તો મેં મારી આટલી લાંબી નોકરીમાં આવી ભારે છક્કડ કદી ખાધી નથી."

બન્ને માણસો કામે લાગ્યા. પત્થર તાજો બેસાડેલો જણાયાથી તે ખસેડેલો હશે એમ ખાત્રી થઇ. વળી ખોદતાં માટી જલદી જલદી નીકળવાથી એમ પણ જણાયું કે એ જમીન થોડા વખતમાંજ ખોદાયેલી છે. નનામા કાગળની અને દાકતરે પેલા હડખવું લાગેલા માણસના લવારાની કહેલી વાત ખરી પડશે એમ ખાત્રી થવા માંડી. અને અડધા કલાકમાંજ તમામ શક દૂર કરવાની આશા પડી. જરૂરનું હતું તેટલું ખોદાઇ રહ્યું. લતિ-

અખ્ખાં અને રસુલખાંના મડદાં બહાર ખેંચી કાઢયાં. અને પુરાવાની સાંકળ પૂરેપૂરી સંધાઇ ગઇ.

તે દરમિયાન પેલી દુષ્ટ યશોદાબાઇની મુર્છા વળવા લાગી હતી, અને તેણીને તેણીના દીવાનખાનામાં નોકરો લઇ ગયા હતા. તેણીની આંખ આગળ હવે કેવા દેખાવો તરવરવા લાગ્યા! થોડી વાર સુધી તો તેણીને લાગ્યું કે તેણી કંઇ ભ્રમમાં પડી છે. પણ જ્યારે આંખો ઉઘાડી અને આજુ બાજુ જોયું તો પોલિસવાળાને અને પોતાના નોકરોને જોતાં તેણીને લાગ્યું કે આ કંઈ ભ્રાંતિ નથી, કારણ કે તેમના ચહેરા ભયભિત થયેલા જણાતા હતા. હવે તેને બધું ખરૂં લાગ્યું, અને ફાંસીના લાકડાનો ભયાનક દેખાવ તેણીની નજર આગળ ખડો થયો.

વાંચનાર જાણે છે કે ગુનાનાં કૃત્ય કરતાં, તે પછીથી તેના વિચારો ગુનેગારના અંતઃકરણમાં ઘણા ભયાનક થઈ પડેછે. નઠારાં અને કાળાં કૃત્યથી થતા વિચારોના કરતાં બીજા કોઇપણ વિચારો વધારે ભયંકર હોતા નથી. અને તે કૃત્ય થયા પછીજ તે ભયંકર દેખાય છે. કદાચ ગુનાથી કોઇ માણુસ પૈસાદાર થશે, પણ શું તે કાળાં કૃત્યથી મેળવેલો પૈસો તેને સુખી બનાવી શકશે ? કદી નહિ. કદાચ કોઇ કઠોર હૃદયનો માણુસ અંતઃકરણને માનશે નહિ, તો પણ પાછળથી તેને જે ડંખ દે છે, તે દુઃખ તેનાથી ખસેડી શકાતું નથી. જે માણસ ગુનો કરે છે, તે માણુસ હમેશાં ધાસ્તીમાં અને પકડાઇ જવાની બીકમાં રહે છે. એક ગરીબમાં ગરીબ માણુસ પોતાના નિર્દોષપણાથી મેળવેલો એક રોટલાનો ટુકડો ખાઇને જે સુખ ભોગવે છે, તે પેલો ગુનેગાર માણુસ ગુનાથી મેળવેલા લાખો રૂપીઆની દોલતથી, મનભાવતાં ભોજન મોં આગળ હોય, તોપણ તેના જીવને ચેન પડતું નથી, અને જરાપણ સુખી જણાતો નથી—કારણ કે હમેશાં તેનું અંતર તેને ડંખ્યા કરે છે. એક ભિખારી એક ટુકડા રોટલા સારૂ, બારણે બારણે રખડે છે છતાં તેના અંતઃકરણમાં કોઇ પણ જાતની ધાસ્તી નથી, તેમજ તેને એવો કોઇ પણ વિચાર ડંખતો નથી—જ્યારે એક ગુનેગાર પણ શ્રીમંત માણુસ પોતાની બે ઘોડાની ભભકાદાર ગાડીમાં આજુબાજુ પગે ચાલનારા માણસોની સલામતીની દરકાર ન રાખતાં, પૂર જોસમાં દોડાવતો

જાય છે, છતાં તેનું અંતઃકરણ ગુનેગાર હોય છે, તો એક પોલિસના માણસને અથવા તેવા બીજા કોઇ માણસને પોતાના તરફ ધારી ધારીને જોતાં જૂએ, તો તરત બીકથી અંતર દબાઇ જાય છે, અને પળે પળે ધાસ્તી રહે છે કે રખેને તેને તેના ભભકા ભરેલા વાહનમાંથી કોઇ ખેંચી કાઢે. ગુનેગારનું સ્વરૂપ અને સુખ હમેશાં આવુંજ હોય છે.

હવે જો તેવા ગુનેગાર માણસના અંતરમાં જોઇશું તો જણાશે કે તે ઘણું સખ્ત બની ગયેલું હોય છે. પાછળથી શું થશે તેનું તેને ભાન રહેતું નથી. તે પોતાની જાતની સંભાળની પણ કાળજી રાખી શકતો નથી, અને આંધળો બનીને ધારેલું ભયંકર કૃત્ય કરવા આગળ ધપે છે. ખરી વાત છે કે સઘળા ગુનેગારો, માણસ જાતથી પકડાતા નથી, તેમ જાહેરમાં આવતા નથી, છતાં સેંકડે પોણોસો ટકા જેટલા તો વહેલે મોડે પકડાય છે, અને પકડાઇ જવાની ધાસ્તી તો સોએ સોને, હોય છે, છતાં તેમાંના કોને ખાત્રી છે કે, પકડાયા વગરના પચીસ ટકામાં તેનો પોતાનો નંબર આવશે ?

લગભગ બેભાન અવસ્થામાં યશોદાબાઇને પોલિસ કચેરીમાં લઇ જવા માટે, ભાડાની ગાડીમાં ઉંચકીને બેસાડી, અને લઇ ગયા. એક બે કલાકમાં તો આખા શહેરમાં અને મુખ્યત્વે કરીને મોટા મોટા લોકોમાં વાત ફેલાઇ કે છેલછબીલી અને ભભકાદાર યશોદાબાઇને ગુમ થયેલા બે પોલિસ અમલદારોના ખુનને માટે પકડી છે. વાંચનારને યાદ તો હશે કે યશોદાબાઇની ઘરાકી મોટે ભાગે, મોટાં મોટાં ઘરોમાં હતી, તેથી તેણીને કોઇ ન ઓળખે એમતો હતુંજ નહિ.

જ્યારે કચેરીમાં તેણીને ઉભી રાખી, ત્યારે તેણી ભાનમાં આવી હતી, અને પોતે કેવી ભયભરેલી અને નાશકારક સ્થિતિમાં આવી પડી છે, તેનો ખ્યાલ થયો. એટલે છેવટ સુધી આશાને વળગી રહી, પોતે બીનગુનેગાર છે એમ રડતાં રડતાં દયા ઉપજાવે એવી રીતે બોલી.

દાકતરની સાક્ષી લેવાઇ—ફોજદારે મડદાં કેવી રીતે મળી આવ્યાં તે વિષે સાક્ષી આપી. પછી મડદાં ઉપર પંચક્યાસ થઇ પંચનો અભિપ્રાય આવે ત્યાં સુધી ન્યાયાધીશે કામ મુલતવી રાખ્યું. યશોદાબાઇને તુરંગમાં

મોકલવાની તૈયારીમાં ન્યાયાધીશ હતો, તેવામાં એક સિપાઇએ આવીને જાહેર કર્યું કે એક સ્ત્રી આ કામમાં કંઇ મુદ્દાની સાહેદી આપવા આવી છે. ન્યાયાધીશે આ નવી આવનાર સ્ત્રીને બોલાવી–તે એક જુવાન, પણ ફીકા અને ફિકરમંદ ચહેરાની, તથા માંદગીના ખાટલામાંથી તરતની ઉઠેલી જણાતી સ્ત્રી હતી યશોદાબાઇએ તેણીને તરત ઓળખી, કે તે સ્ત્રી બીજી કોઇ નહિ પણ તેણીએ કાઢી મુકેલી યમુના હતી.

થોડીવાર સુધી તો યમુના એટલી બધી દુઃખમાં ગિરફતાર થઇ ગયેલી જણાઇ કે તેણીનાથી એક શબ્દ પણ બોલી શકાયો નહિ. પછી ધીમે ધીમે શાંતિ વળતાં, ભાગ્યાતૂટયા શબ્દોમાં પોતાની સાક્ષી આપવા માંડી. રસુલખાંના ખુન વિષે તેણી જે જાણતી હતી તે બધી હકીકત તેણીએ કહી. તેમાં તેણીએ જણાવ્યું કે એક રાત્રે તેણીની શેઠાણીએ પોતાના સૂવાના ઓરડામાં તેણીને લઇ જઇને પાસેની નાહવાની ઓરડીમાં એક મડદું હતું, તેને વગે કરવામાં મદદ માગી, અને ગુમાનની મદદ લેવાનો ઠરાવ કર્યો. ગુમાને તે મડદાને પાછલા ચોકમાં દાટયું. પછી તેણીએ ખરી રીતે જણાવ્યું કે લતિબખાંના ખુન વિષે તેણી તદ્દન અજાણી હતી. પણ હમણાંજ તેણી, પોતાની શેઠાણીના મકાન ઉપર ગઇ ત્યારે, એક કલાક ઉપરજ, એ મડદાં નીકળ્યા વિષેની તેણીને ખબર પડી. વળી એક દિવસ સવારે પોતાની શેઠાણીના સૂવાના ઓરડામાં તેણીની સાથે ગુમાનને જોયા વિષે, તથા ગુમાનને કૂતરાએ બચકું ભર્યા વિષેની હકીકત પણ જણાવી. છેવટમાં તેણીએ જણાવ્યું કે કોઇ પણ જાતથી ઇર્ષા કે વરની લાગણીથી પોતાની શેઠાણીની સામે તેણી સાક્ષી આપવા આવી નથી, પણ રસુલખાંનું મડદું વગે કરવામાં તેણીએ પોતે જે ભાગ લીધો હતો, તે વાત તેણીના મગજ ઉપર ભારે બોજારૂપ થઇ પડી હતી, અને પોતે કોઇ ગુનામાં મદદગાર થઇ હોય, એવો વિચાર આવવાથી, પોતાના મગજ ઉપરનો બોજો ઓછો કરવાને તેણી કબુલાત આપવા આવી હતી.

ન્યાયાધીશે આ બધી હકીકત ધ્યાન પૂર્વક સાંભળી, પછી તેણે પૂછયું કે આ ગુનાની ખબર આપવાનો નનામો કાગળ તેણીએ લખ્યો હતો

કે કેમ? તેના જવાબમાં યમુનાએ તેવો કોઇ પણ કાગળ લખ્યો નહોતો એમ જણાવ્યું. પછી શીરસ્તેદારે પેલો નનામો કાગળ વાંચી સંભળાવ્યો, અને તે લખનાર હાજર હોય, તો તેણે આ વખતે ન્યાયાધીશની રૂબરૂ હાજર થવું, એવી સિપાઇ પાસે બૂમ પડાવી–પણ તેવું કોઇ માણસ હાજર થયું નહિ. પછી તે નનામો કાગળ લખનારને શોધી કાઢવા ન્યાયાધીશે ફો-જદાર સદાશિવરાવને સૂચના આપી.

ત્યાર બાદ ન્યાયાધીશે નરમ અવાજથી અને દયાળુપણાથી, યમુનાને જણાવ્યું કે, તેણીની પોતાની કબુલાતથી, રસુલખાંનું ખુન થયા પછી, તેનું મડદું વગે કરવામાં મદદગાર તરીકે, તેણીને ગણવાની કાયદો ફરજ પાડે છે; પણ તેની સાથે તેણે એવું જણાવ્યું કે, હવે તેણીને પોતાના કૃત્ય બ-દલ જે પસ્તાવો થાય છે, અને ઇનસાફના કામમાં મદદ કરવાના હેતુથી પોતાની ખુશીથી જે કબુલાત આપવા આવી છે, તેથી ઇનસાફ વખતે તે-ણીના લાભમાં, તે હકીકતનો વિચાર કરવામાં આવશે. યમુનાએ જવાબ આપતાં જણાવ્યું કે, જ્યારે કબુલાત આપવા હાજર થવા તેણીએ નિશ્ચય કર્યો, ત્યારે તેણી કેવા જોખમમાં ઉતરે છે, તેનો પૂરતો વિચાર કર્યો હતો, તેથી હવે ગમે તે થાય તોપણ તેણીનું મગજ હલકું પડયું છે.

પણ પેલી દુષ્ટા–ખુની–એક વખતની ભભકાદાર સુંદરી યશોદાબાઇ–અર્જુનકુમારની પ્રિયતમા–તેમજ બીજા જુવાનીઆઓની માનીતી–તેતો ય-મુનાને જોઇને, અને તેણીએ કરેલી કબુલાત સાંભળીને માથાથી પગ સુધી બળી ગઇ. જો તેણીને કોઇ પણ જાતની બચવાની આશા હોય, તો તે હવે તદ્દન નાશ પામી ગઇ. તેણીના ઉપરનો ગુનો સાબીત થવા જેવો પૂરતો પુ-રાવો થયો હતો–અને પોતાના બળતા અંતઃકરણમાં પોતાના નાશની સ્થિતિ નિહાળવા લાગી.

ન્યાયાધીશે યશોદાબાઇને તથા યમુનાને ઇનસાફ થવા સારૂ સદર ફો-જદારી અદાલતમાં મોકલવાનો હુકમ કર્યો–યશોદાબાઇ ઉપર બે ખુનના ગુનાનાં બે તહોમતો મૂકયાં, અને યમુના ઉપર એક ખુનમાં, તે ખુન થયા પછી મડદાને વગે કરવામાં મદદ કરવાનું તહોમત મૂકયું.

બન્ને કેદીઓને તુરંગમાં લઇ જવા સારૂ બીજા ઓરડામાં લઇ ગયા. પણ યશોદાબાઇએ અંદર જતાં પહેલાં ફોજદાર સદાશિવરાવને પૂછ્યું. "જે નનામા કાગળ વિષે હમણા વાત થતી હતી, તે કાગળ મને બતાવવાને હરકત છે ?"

"બિલકુલ નહિ." ફોજદારે જવાબ દીધો. "તમને તેની નકલ પણ મળી શકે. લ્યો, જુઓ." એમ કહી પેલો કાગળ આપ્યો.

"અરે ! આતો ક્રિષ્ણાકુમારીના અક્ષર છે!" કાગળના લખાણ ઉપર નજર પડતાંજ યશોદાબાઇ બોલી ઉઠી, અને તેણીના ફીકા ચહેરા ઉપર વેરની તથા ઇર્ષ્યાની લાગણીની નિશાનીઓ જણાઇ.

"ક્રિષ્ણાકુમારી !" ફોજદાર બોલ્યો. "અરે ! એ નામ તો હું જાણું છું."

"ગંગાબાઈ દાયણને જેણે મારી નાખી હતી તે એ સ્ત્રી છે." યશોદાબાઇએ દાંત પીસીને ગુસ્સામાં કહ્યું.

"હા—અને તેણી રસુલખાંના તાબામાંથી નાસી ગઇ હતી." ફોજદારે કહ્યું. "ત્યારે તો તેણી શહેરમાં આજુબાજુ છૂપાતી ફરતી હશે !"

"ગઇ રાત્રેજ તેણી મારે ઘેર આવી હતી. પ્રથમ તેણી એક શામ વર્ણના છોકરા તરીકે એક ગૃહસ્થના નોકરનો પહેરવેશ પહેરતી હતી." યશોદાબાઇએ વેર લેવાને ઇરાદે ગુસ્સામાં કહેવા માંડયું. "અને પછી લગ્ન કરનારી કુંવારિકાના જેવો પહેરવેશ પહેર્યો હતો—પણ બેશક, હવે તો તેણીએ, પોતે નહિ ઓળખાય તેવો બીજો વેશ કર્યો હશે."

"બહુ સારૂ. જો તેણી આ શહેરમાંજ હશે, તો બાર કલાક પહેલાં હું તેણીને કેદ પકડીશ." ફોજદારે કહ્યું. "હું ધારૂં છું કે તમે જે મુશ્કેલીમાં આવી પડયાં છો, તેમાં પણ તેણી મદદગાર હશે ?"

"ના—બિલકુલ નહિ." યશોદાબાઇએ જવાબ દીધો. "હું તદ્દન અંધારામાં છું કે આ હકીકત તેણી શી રીતે જાણવા પામી—પણ હશે, હવે તેની જરૂર નથી—તેણીને શોધી કાઢવામાં ઢીલ કરશો નહિ—તેણીને શોધી કાઢો—કેદ પકડો—ફાંસી ચઢાવો—કારણકે તેણીજ મને ફાંસીને રસ્તે મોકલે છે."

એ પ્રમાણે જુસ્સાબંધ બોલતાં થાકી જવાથી યશોદાબાઇ એક ખુરશીમાં પડી, છતાં પોતાનો ગુસ્સો તથા બળાપો કાઢવા લાગી. એક કલાક પછી તેણીને અને યમુનાને તુરંગમાં જુદી જુદી કોટડીમાં પૂર્યાં.

પ્રકરણ ૮૭ મું.

જુની સખીઓ.

ક્રિષ્ણાકુમારી સુરેશચંદ્ર વકીલને ત્યાંથી નીકળ્યા પછી, આપણે તેણીનાથી છૂટા પડયા છીએ, માટે હવે તેણી શું કરે છે, તે જોઇએ.

વકીલને ત્યાંથી નીકળીને ક્રિષ્ણાકુમારી પાછી પેલા ચા વાળાની દુકાને આવી, અને એક ખૂણામાં બેસીને ચા મંગાવી. અને એક ચોપડી ઉઘાડી, જાણે તે વાંચવામાં ઉંડી ઉતરી ગઇ હોય તેમ, તેમાં મોં ઘાલીને બેઠી. પણ તેણીનું મગજ બીજે ઠેકાણે ભમતું હતું—અને ત્યાં આવેલા માણસો જે આજુબાજુ બેઠા હતા, તેમની વાત સાંભળવામાં કાન રોકાયલા હતા. થોડીવાર પછી તેણીની ખાત્રી થઈ કે તેણીએ ગઇ રાત્રે લખેલો કાગળ ન્યાયાધીશને પહોંચ્યો હતો.

"કેમ ભાઇઓ, કંઈ સાંભળ્યું કે?" એક માણસ હાંફતો હાંફતો દુકાનમાં આવીને પોતાના ત્રણ ચાર ઓળખીતા માણસો બેઠા હતા તેમની સાથે બોલ્યો. "હું ફરી પૂછું છું કે તમે કોઇએ કંઇ સાંભળ્યું કે, ભાઇઓ? અહા! શું ભયંકર વાત બહાર આવી છે, અને શોધ ચાલી રહી છે? આખું બજાર તળે ઉપર થઇ રહ્યું છે!"

"હેં! હેં! એવું શું છે વળી?" પેલા સાંભળનારા માણસો એકે અવાજે બોલી ઉઠ્યા.

"તમને યાદ તો હશે કે પેલા રસુલખાં ફોજદાર અને લતિબખાં

જમાદાર કેટલાક દિવસથી ગુમ થઇ ગયાની બૂમ પડી હતી." પેલા નવા આવનાર માણસે ખુલાસામાં જણાવ્યું. "આજ તેમનું છેવટ જણાઇ આવ્યું છે-અને સંભળાય છે કે તે બન્નેનાં ખુન થયાં છે."

"હેં! શું બોલો છો? ખુન?" સાંભળનારાઓ વળી પાછા એકે અવાજે અજાયબીમાં બોલી ઉઠયા.

"હા-હા-ખુન-અને તે પણ ઘણી ભેદ ભરેલી રીતે." પેલો નવો માણસ બોલ્યો. "ગમે તેમ હોય, પણ તેમનાં મડદાં પાછલા ચોકમાંથી પત્થર તળેથી ખોદી કાઢ્યાં છે. શી રીતે તેતો મને ચોક્કસ ખબર નથી."

"પણ ક્યાં? કોણે તેમનું ખુન કર્યું?" વધારે ને વધારે ઇન્તેજારીથી ઉપરા ઉપરી સવાલો નીકળ્યા.

"તે વળી હું તમને કહીશ, ત્યારે તો તમારી અજાયબીનો પારજ નહિ રહે, અને તમે ધ્રૂજી ઉઠશો-હરેકે દરેક અજાયબ થાય છે, એટલુંજ નહિ, પણ કોઇ માની શકે એવું પણ નથી!"

"અરે, પણ ભલા માણસ કહે તો ખરો કે કોણે અને ક્યાં ખુન કર્યો?" ફરી વધુ ઇન્તેજારીમાં સવાલ થયો.

"યશોદાબાઇ-બજારની ભભકાદાર દુકાનવાળી-હમણાજ તેણી ન્યાયાધીશની સન્મુખ કેદીના પાંજરામાં ઉભી છે!" પેલા માણસે જવાબ દીધો.

"શું? યશોદાબાઇ? અરે! કોણ એવું ધારે?" સાંભળનારાઓ બોલી ઉઠયા. 'પણ શું એ ચોક્કસ છે કે તેણીએજ કર્યું? અરે પણ એ કેવી રીતે થયું?"

"એ ખુન કેવી રીતે થયાં, તે વાત હજુ બહાર આવી નથી. હમણાજ હું કચેરી આગળથી આવતો હતો, ત્યારે ત્યાં ઘણા લોકો ભેગા થયા હતા." પેલા માણસે કહ્યું. "મેં કારણ પૂછતાં હમણા મેં તમને કહી તે હકીકત માલમ પડી. મેં કચેરીમાં જવા બારણામાં પેસવા માંડયું. પણ ઓ હો! હો! શું ભીડ! શ્વાસ રૂંધાઇ જાય એટલી બધી માણસોની અથાગ ગીરદી! અને સિપાઇઓ અંદર જવા દેતા નહોતા. માત્ર એટલુંજ મેં જાણ્યું કે યશોદાબાઇ ગુનેગાર હોવા વિષે કંઇ શક નથી."

" પણ એ બધું હાલ શી રીતે નીકળી આવ્યું ?" લોકોએ પૂછ્યું.

" તે વિષે મેં કંઇ સાંભળ્યું નહિ." જવાબ મળ્યો. " પણ સાંજ સુધીમાં તો બધી ખબર પડી જશે."

ક્રિષ્ણાકુમારીએ આ વાતચિતનો એક પણ અક્ષર જવા દીધો ન-હોતો—તે બધું કાન માંડીને સાંભળતી હતી. ખુશાલી—જીત—ઇર્ષ્યા અને વેર—આ બધી લાગણીઓ એકે સામટી તેણીના અંતઃકરણમાં ઉછળી રહી હતી, અને તેણીની યુક્તિમાં ફતેહ પામવાથી ઘણી રાજી થઇ.

" ખરેખર, ઓ, દુષ્ટ કુલટા, તારે માટે એ દિવસ અવળો અને તારી ખરાબીનો હતો—કે જ્યારે તેં મને—એક નિરાધાર—અને તારા વિશ્વાસે પડેલી બાળાને—દગાખોર, ચંચળ મનના, અને વિષયલંપટ જયચંદ્રને વેચી હતી." ક્રિષ્ણાકુમારી પોતાના મનમાં ઉભરો કાઢવા લાગી. " મારો સ્વ-ભાવ ખરા દિલના પ્યારથી ચાહવાનો—તેમજ ભયંકર વેર લેવાનો છે. જ્યારે ગંગાબાઇના ઘરમાં એકાંત વાસમાં હું પડી હતી, ત્યારે—મને યાદ આવે છે કે—પ્યારને માટે નહિ—પણ વેર લેવાને માટે હું જીવવા માગતી હતી. પણ આટલું બધું જલદી મારૂં વેર વાળવાનો પ્રસંગ મળશે એવું હું ધારતી નહોતી. હવે જ્યારે આ દુષ્ટા, ફાંસીને લાકડે ચઢશે, અને મને ખરાબ કરનાર પેલો ધુતારો જયચંદ્ર, પોતાની મિલકત અને જાગીર ખોઇ બેસશે, ત્યારે, પછી હું આ દુઃખી દુનિઆ કેટલી જલદી છોડી જાઉં, તેની મને દરકાર નથી—હા—હા—પહેલું વેર—અને પછી આપઘાત !"

આ પ્રમાણે વિચાર કરતી બેઠી હતી, તેણીની આંખો તો ચોપડી-માંજ હતી, બહાર કશું જોતી નહોતી—મગજ વિચારમાં ગરક થઇ ગયું હતું.

આખરે થોડી વારે સ્વસ્થ થઇને, અમુક કામ કરવાનું બાકી રહ્યું છે, એમ તેણીને યાદ આવ્યું, કે જેથી તેણીની સ્ત્રી જાત ઓળખાઇ જ-વાની બીક રહે નહિ. આજુબાજુ નજર નાખતાં તેણીના તરફ કોઇ ખાસ ધ્યાનપૂર્વક જોતું જણાયું નહિ.

બપોર પછી આશરે ત્રણ વાગવાનો વખત થયો હતો—તેથી થોડું ખાઇને પાણી પીધું—પછી થોડી વારે બહાર નીકળી પડી.

હવે તેણીનો ઈરાદો એક એકાંત જગાએ એક નાનું સરખું ઘર ભાડે રાખીને, ત્યાં રહીને, પોતાની યુક્તિઓ કેવી રીતે આગળ ચાલે છે, તેની તપાસ રાખવાનો હતો. અમુકજ જગાએ જવું એવો કંઇ ખાસ ઇરાદો નહોતો. તેથી ચા વાળાની દુકાનેથી નીકળીને ગમે તે એક બાજુ ઉપર ચાલવા માંડયું. તે રસ્તો મહોબતરાય અને મંજુલા રહેતાં હતાં, તે ઘર તરફનો હતો—ચાલતાં ચાલતાં એક જુવાન ખૂબસુરત, ખાનદાન કુટુંબની સ્ત્રી એક ગૃહસ્થની સાથે જતી હતી, તેણીનાં ચહેરા ઉપર ક્રિષ્ણાકુમારીની નજર પડી. તે રસ્તા ઉપર એક ઘરમાં તે બન્ને સ્ત્રી પુરૂષ પેસવાની તૈયારી-માં હતાં, તેવામાં તે સ્ત્રીનો ચહેરો ફરીથી ક્રિષ્ણાકુમારીના જોવામાં આવતાં તેણી ચમકી—તેણીની પાસે ઉતાવળી ગઇ, અને બોલી. "મને માફ કરશો, બાઇ, પણ તમને ફરીથી મળવાને માટે હું ઘણી ખુશી થઇ છું."

"તમારી મને યાદ આવતી નથી, તમે કોણ છો?" પેલી સ્ત્રીએ મગરૂબીથી તોછડાઇ ભરેલો જવાબ આપ્યો—પણ થોડી વારે તેણીના મગજમાં કંઇક યાદદાસ્ત તાજી થવાથી તેણીના સામે વધારે બારીકીથી જોઇને પાછી બોલી. "છતાં તમારો ચહેરો મને તદ્દન અજાણ્યો હોય, એમ લાગતું નથી."

"એક વખત આપણે મિત્રતાના સોગન લીધા હતા." ક્રિષ્ણા-કુમારીએ પાછલી વાત યાદ અણાવી. "અને તે પેલી ગંગાબાઇના ઘરમાં."

"અહા! હવે મને યાદ આવે છે, કે તમે ક્રિષ્ણાકુમારી છો!" મંજુલા બોલી. વાંચનારે જાણવું જોઇએ કે તે સ્ત્રી મંજુલા હતી, અને તે-ણીની સાથેનો પુરૂષ તેણીનો પતિ મહોબતરાય હતો. આ મુલાકાતથી મંજુલા કંઇ ખુશી થઇ હોય એમ જણાતું નહોતું.

"શું! ક્રિષ્ણાકુમારી!" મહોબતરાય એકદમ ચમકીને બોલી ઉઠયો. "જે પેલી જુવાન સ્ત્રીને એક વખત કેદ પકડવામાં આવી હતી——"

"અને ગંગાબાઇના ખુનને માટે ખોટું તહોમત મૂકયું હતું." વચ્ચેથી અટકાવીને ક્રિષ્ણાકુમારી દઢ અવાજે બોલી. "બાઇ, હું જાણતી નથી કે તમે કોણ છો? આપણે તે ઘરમાં રહેતાં હતાં, ત્યારે તમે તમારૂં નામ અને તમારી સ્થિતિ વિષે તમે છૂપું રાખ્યું હતું."

"ઇશ્વરને લેખે અમને રોકાણ કર નહિ." મહોબતરાયે તેણીને આગળ બોલતાં અટકાવી, અને મંજુલાને આગળ ધકેલી, અંદર જઇ એકદમ દરવાજાનું બારણું બંધ કરી દીધું. ક્રિષ્ણાકુમારી ભારે ગુંચવણમાં પડી, બહાર ઉભી રહી.

પણ મહોબતરાય અને મંજુલા ઘરમાં ગયાં, ત્યારે તેમણે એક બીજા તરફ અંદર અંદર બેચેનીથી જોયું. મંજુલાએ બોલવાની પહેલ કરી. "આ છોકરીની મુલાકાત પસંદ કરવા લાયક નહોતી."

"મને પણ એમજ લાગે છે." મહોબતરાય બોલ્યો. "કંઇક ખરાબ થવાના ભણકારા મને સંભળાય છે."

"પણ મને લાગતું નથી કે આપણે શું બીવાનું છે?" મંજુલાએ કહ્યું–તેણી પોતાની હમેશની ટેવ મુજબ, હિંમતમાં આવી ગઇ હતી–"આ છોકરીએ કંઇપણ પત્તો મેળવ્યો હોય, એવો સંભવ નથી."

"તે શી રીતે કહી શકાય?" મહોબતરાય ગભરાટ ભરેલી નજર નાખતો બોલ્યો. "અહા! મંજુલા, આપણુંજ અંતઃકરણ આપણને બીકણ બનાવે છે."

"બલકે એમજ કહોને કે અંતઃકરણ તમનેજ બીકણ બનાવે છે." મંજુલા તિરસ્કારયુક્ત બોલી. "હું તો અંતઃકરણ જેવું કશું માનતીજ નથી."

"કેટલીકવાર હું તને કહી ચૂક્યો કે ધર્મની નિંદા કરીને, ગુનામાં વધારો કર નહિ." મહોબતરાય ધ્રૂજતો બોલ્યો.

"હા–તે ગુના આપણે–બન્નેએ થઇને કર્યા છે, નહિ કે?" તે સખ્ત અંતઃકરણની ભાર્યા બોલી–"પણ અમથા નકામા બી મરો નહિ–પ્રથમતો હું આ મુલાકાત, કે જેથી કંઇ પણ લાભ થવાનો નહોતો, પણ બલકે કંઇ નુકશાન થાય, તેથી હું સારી ગણતી નહોતી. પણ હું તો ધારૂં છું કે હવે ક્રિષ્ણાકુમારી પોતાને રસ્તે ગઇ હશે; અને ફરી તેણી આપણને મળશે નહિ. વળી તેણી મારી વિરૂદ્ધ શું કહી શકે એમ છે? માત્ર એટલુંજ કે અમુક પ્રસંગે હું ગંગાબાઇને ઘેર હતી. પણ મારી પાછળ, મારી નિંદા કરવાથી મને નુકશાન કરવાને બદલે તેણીના પોતાનાજ ઉપર શક ઉત્પન્ન

કરાવશે, અને તેણી જે વેશ બદલીને ફરે છે, તેથી તેણીનેજ ધારતી છે. નહિ, નહિ, તમે મારા ઉપર ભરોસો રાખો કે તેણીના તરફથી આપણુને કંઇ બીવાનું નથી."

ભાગ્યેજ આ શબ્દો બોલાઇ રહ્યા હશે કે, આગલો દરવાજો જોરથી ઉઘડયો, અને તરતજ ક્રિષ્ણાકુમારી તેમની પાસે આવીને ઉભી.

"આમ એકદમ ઘરમાં પેસવાનો શું સબબ?" મંજુલાએ મગરૂબીથી અને ઉદ્ધતાઇથી પૂછયું.

"શું, ગંગાબાઇને ત્યાં આપણે હમેશની મિત્રતાના સોગન નથી લીધા?" ક્રિષ્ણાકુમારીએ જવાબ દીધો.

"પણ શું તું એમ ધારે છે કે, તે બાઇના ખુનનું તહોમત તારા ઉપર છે તે હું જાણુતી નથી?" મંજુલા જોરથી બોલી, કારણ કે તેણીએ ધાર્યું કે ગભરાવી, બીવડાવીને ક્રિષ્ણાકુમારીને હલકી પાડવી.

"કદાચ તેમ હોય." ક્રિષ્ણાકુમારી શાંતિથી ઠંડે પેટે બોલી; જે જોઇને મંજુલા અજાયબ થઇ ગઇ. "પણ હું નિર્દોષ છું. મંજુલાબાઇ, હવે હું જાણું છું કે તમે કોણ છો? વળી આ તમારા પતિ છે, તે પણ હું જાણું છું. અને જો તેમના સાંભળતાં મેં કંઇ નાખુશ વાત કહી હોય તો તેમાં તમારીજ ભૂલ છે; કારણ કે તમે મને ગુસ્સે કરી હતી. પ્રથમ જ્યારે આ ઘર આગળ હું તમને મળી, ત્યારે સાધારણ માયાળુપણેથી તમે મારી સાથે, જો વાત કરી હોત, તો હું સંતોષ થાત; અને ફરીથી તમારી પાસે આવવાનું મને કારણ રહેતજ નહિ. પાછલી મિત્રતાના બદલા તરીકે એક માયાળુ શબ્દ મને બસ હતો. પણ તમે મારી સાથે મગરૂબીથી—તિરસ્કારથી—અને અપમાન ભરેલી રીતે વર્ત્યા—તેથી મારા દુઃખાયલા અંતઃકરણે તમારી પાસે ફરીથી આવવાની મને ફરજ પાડી છે."

"ત્યારે મેં જે કર્યું, તેને માટે તારી પાસે મારી માફી મગાવવી છે?" મંજુલાએ વળી મગરૂબીથી પૂછયું, જો કે તેણી અંદરથી તો બે-ચેન થતી હતી.

"માફી!" ક્રિષ્ણાકુમારી તાણો મારતાં તિરસ્કારથી બોલી. "તમારા

જેવી મોટા ઘરની બાયડીઓની મારા જેવી ગરીબ બાઇની તરફ ખરા દિલની માફી માગવાની હોયજ નહિ. અને તેથી હું તે ધિઃક્કારથી પાછી વાળુ. પણ હવે થોડી વાર હું કહું તે સાંભળો—તમારા ઘરનો દરવાજો મારા ઉપર એકદમ બંધ થવાને હજુ પા કલાક પણ થયો નથી. તિરસ્કાર અને અપમાનથી મારી નસે નસે લોહી ઉછળી આવ્યું, અને મારા અંતરમાં ઝાળેઝાળ ઉઠી—પાસેની દુકાનમાં હું દોડી ગઇ, અને ત્યાં નજીવી ખરીદી કરતાં, પાસેના અમુક ઘરમાં કોણ રહે છે, એ વિષે હકીકત પૂછી. દુકાનદાર વાતોડિયો હતો—અને તમારા વિષે જે હકીકત હું એક કલાકમાં પણ મેળવી ન શકું તે થોડી પળમાં મેં મેળવી."

"અને તેં શું હકીકત મેળવી?" મંજુલાએ હજુ તેવીજ મગરૂબીની ઢબે પૂછ્યું, જ્યારે તેનો ધણી બારી તરફ જઇ ગભરાટમાં ઉભો રહયો. મંજુલા પણ અંદરથી વધારે બેચેન થતી હતી.

"તેનો હું તમને જવાબ આપું છું." ક્રિષ્ણાકુમારી બોલી. "દુકાનદારથી મેં સાંભળ્યું કે મહોબતરાય અને મંજુલાબાઇ આ ઘરમાં રહે છે. મહોબતરાયને કુસુમ અને કળા નામની બે છોકરીઓ છે. તે અહીં રહેતી નથી. અને મંજુલાબાઈ, કરણરાય અને પ્રમિલાદેવીની ભાણેજ થાય છે."

"એટલુંજ સાંભળ્યું છે, ને?" મંજુલાએ ક્રિષ્ણાકુમારીને ધારી ધારીને જોતાં પૂછ્યું.

"ના, હજુ તો છે." જવાબ મળ્યો. "થોડા દિવસ પહેલાં એવી અફવા ચાલતી હતી કે ધરણીધરરાયના એકના એક પુત્ર આણંદરાયની સાથે મંજુલાબાઈ પરણવાને માટે જોડાયાં હતાં. પણ પાછળથી તે સંબંધ તૂટી ગયો હતો. આણંદરાયને અસાધ્ય રોગ લાગુ પડયો હતો, અને મંજુલાબાઇ બહાર ગામ ઉપડી ગયાં, એમ કહેવાતું હતું. પણ ખરી રીતે, મંજુલાબાઇ શહેર છોડીને ગયાં નહોતાં. પણ તે તો ગંગાબાઈના ઘરમાં એકાંતવાસમાં છૂપાં રહ્યાં હતાં; જ્યાં મારે તેમની સાથે ઓળખાણ થઇ હતી. અને તે વખતે તેમણે મને ઘણી વાતો—કે જેમાં મને તે વખતે સમજ ન પડે તેવી, કહી હતી. મંજુલાબાઇએ પોતાનું વેર લેવા સંબંધી મુખ્ય કરીને ઘણી

વાતો કહી હતી. વળી કહ્યું હતું કે તે વેર લેવાનું શરૂ થઇ ચૂક્યું હતું. પણ તે વેરનો ભોગ કોણ થતું હતું, તેની મને ખબર નહોતી. હવે બધી હકીકતની મને સમજ પડી ગઇ છે. તમે કોણ છો, તે જાણ્યા પછી, ગંગાબાઇને ત્યાં થયેલી બધી વાતચિત યાદ લાવતાં, તમારો બધો ભેદ મને જાણવાને મુશ્કેલી પડે એમ નથી. આણંદરાયે તમને ભ્રષ્ટ કર્યાં, અને તમારા વેરનો તે ભોગ થયો હતો. તેને અસાધ્ય રોગ લાગુ પડયો હતો. પણ તે એકાએક સારો થવા લાગ્યો. અહા ! બાઇ, ગમે તે કારણથી તેમાં તમે નિષ્ફળ થયાં. પણ જુઓ ! હજુ નહિ દેખી શકાય એવું નિર્દય વેર તેના ઉપર ચાલુજ છે. તે તેના વ્યાધિમાંથી મુક્ત થયો, ત્યારે જે ગુનો તે કરી શકે એમ નથી, તે ગુનાને માટે તે પોતે તુરંગમાં પડયો છે. !"

"તેવું કહેવાની કોણ હિંમત કરે છે ?" એટલું બોલી મંજુલા અટકી ગઇ.

"કોણ કહે છે ?" ક્રિષ્ણાકુમારી બોલી. "હું કહું છું. મને જરા પણ બાકું મળે તો હું તમામ હકીકતમાં ઉંડી ઉતરવાને ઘણી ઝીણી છું. અને વળી વધારે શું કહું ! ઓ ! મગરૂબ બાઇ ! હું જાણું છું કે તમે દરેક વાત સઘળી રીતે કરવાને શક્તિવાન છો !"

"તું શું કહેવા માગે છે ?" મંજુલાએ પૂછયું. હવે તેણી ગભરાઇ.

"હું એમ કહેવા માગું છું," ક્રિષ્ણાકુમારીએ ઠંડે પેટે શાંતિથી જવાબ દીધો. "કે કેટલાક મહિના ઉપર એક રાત્રે-કે જ્યારે વાદળ અને વરસાદનું તોફાન હતું, એવી ભયંકર રાત્રે-કે જ્યારે ભયંકર કૃત્યો વધારે ભયંકર રીતે થઇ શકે, તેવે વખતે-ગંગાબાઇના ઘરમાં એક ઓરડાની પાછલી બારી-કે જે નદીમાં પડે છે, તે ઉઘડે છે. એક તરતનું અવતરેલું જીવતું બચ્ચું, જે ઓરડામાં તેની મા સુતેલી છે, તેમાંથી તે ડાયણના ખુની હાથ બારીમાંથી નદીમાં ફેંકી દે છે."

"ચૂપ. મોટેથી બોલ નહિ." મહોબતરાય ભયભિત થઇ ધ્રૂજતો ધ્રૂજતો બોલ્યો. તેણે આ વાત પહેલીજ સાંભળી હતી, પણ તે તેની સ્ત્રીના સંબંધમાં હોવા વિષે તેને શક રહ્યો નહિ.

“ ક્રિષ્ણાકુમારી, આ બધું શા માટે કહે છે ?” મંજુલા, જેમ તેમ કરતાં, અંદર થતી ધ્રૂજારી છૂપાવતાં બોલી. “ વળી એ બધું માત્ર તારૂં અનુમાનજ છે.”

“ અનુમાન ! ” ક્રિષ્ણાકુમારી બોલી. “ તે બચ્ચાની ચીસો–તમારા બચ્ચાની ચીસો–હજુ મારા કાનમાં સંભળાય છે, અને મારા કાનમાં ગણુ ગણે છે. ઓ ! તે વખતે પણ મને લાગતું હતું–હાલ પણ મને લાગે છે કે, જાણે હું એ ગુનાના કામમાં મદદગાર હોઉં. ?”

“ મંજુલા–મંજુલા–” મહોબતરાય ઉંડા અવાજે બોલ્યો. “ આની સાથે શું કરવું છે ? તેણીને શું જોઇએ છીએ ? તેણી જલદી જાય તેમ કર. ”

“ હા–હા–” મંજુલા બોલી. “ પણ આપણે બીએ છીએ, એમ તેણીને બતાવવું નહિ.” પછી ક્રિષ્ણાકુમારી તરફ વળતાં બોલી. “ તારી ઇર્ષાને લીધે મારા ઉપર અનુમાનિક ઉપરા ઉપરી તહોમતો તું મૂકે છે. માત્ર એટલાજ માટે કે તું પ્રથમ મને મળી ત્યારે મેં તને મમતાથી ભેટીને બોલાવી નહિ. પણ હવે એવી રીતભાત છોડી દે. તહોમત પાછાં સામાં તહોમત લાવે છે. અને તેમાંથી કંઇ સારૂં ફળ આવશે નહિ. કારણ કે મારા વિષે તું જે જાણતી હશે, અથવા ધારતી હશે, તે તારાથી ખૂલ્લું પાડી શકાશે નહિ; અને મને એવો જરાપણ ઇરાદો નથી કે એક પોલિસના સિપાઇને બોલાવીને કહું કે આ ક્રિષ્ણાકુમારી વેશ બદલીને ફરે છે.”

“ અહા ! તમે મને ધમકી આપો છો ? ” ક્રિષ્ણાકુમારી ગુસ્સે થતી બોલી.

“ ત્યારે તેં મારી સાથે તકરાર કરવાનું નક્કી કર્યું છે ?” મંજુલા હવે પોતાની વલણ બદલી કંઇક હસતાં બોલી. “ પણ એ ઠીક નહિ. આપણે એક બીજા ઉપર આરોપો મૂકવાથી શું ફળ નીકળશે ? મને કહે, હું તને શું મદદ કરૂં ? કંઈ પૈસા જોઇએ છીએ ? કંઇ સલાહની જરૂર છે ?”

“ મારે કશું જોઇતું નથી. ” ક્રિષ્ણાકુમારી બોલી. “ પણ હું ખુશી થઇછું કે આપણે મળ્યાં. કારણ કે એક અમુક બનાવ વિષે સઘળું ભેદ ભરેલું રહ્યું હતું, તે હવે એકાએક હું સમજી શકી છું. ”

"અને તે કયો બનાવ ?" મંજુલાએ પૂછ્યું. તેણી આવી મજબૂત મગજની હોવા છતાં તેના આખે શરીરે કંપારી છૂટી.

"કયો બનાવ ?" ક્રિષ્ણાકુમારી બોલી. "શું તે કહેવાની જરૂર છે? કે જેવી રીતે ગંગાબાઇના ખુનની બાબતમાં હું તદ્દન નિર્દોષ છું, તેવીજ રીતે મોતીના ખૂનની બાબતમાં આણંદરાય તદ્દન નિર્દોષ છે."

એમ કહીને ક્રિષ્ણાકુમારી એકદમ જવાને ઉઠી, અને બારણા તરફ ગઇ, પણ મંજુલાએ તેણીનો હાથ પકડીને અટકાવી, અને બોલી-"આ રીતે આપણે છૂટાં નહિ પડવું જોઇએ."

છતાં ક્રિષ્ણાકુમારીએ મહોબતરાયને ધીમે ધીમે ડુસકાં લેતો નહિ સાંભળ્યો હોત તો તેણીના હાથમાંથી છટકી જાત. તેણીએ મહોબતરાયને એક પલંગમાં ડુસકાં ભરતો અને તરફડિયાં ખાતો જોયો.

"તમારે મને શું કહેવું છે? અને મને શું કરવા અટકાવો છો ?" ક્રિષ્ણાકુમારીએ પૂછ્યું.

"આપણે સખીઓ થઇએ-વહાલી સખીઓ-હમેશને માટે બેનો થઇ રહીએ." મંજુલાએ કહ્યું.

"બાઇ, તમારી માગણી ઘણી મોડી થઇ છે." ક્રિષ્ણાકુમારીએ જવાબ દીધો-"તમારી મગરૂબીમાં તમે મને દાટી દેવા માગી. પણ એક નાના જંતુથી તમે ચમક્યાં-ધબક્યાં-પણ સંભાળજો કે તે નાનો જંતુ એક ઝેરી સાપ થઇને તમને ડંખે નહિ."

આવી ભયંકર ધમકીથી મંજુલા ગભરાઇને ખુરશીમાં પડી, અને તે તકનો લાભ લઇને ક્રિષ્ણાકુમારી ઘરમાંથી નીકળી ગઇ.

તેણીને ખરેખરો મુદ્દો હાથ લાગ્યો હતો, અને થોડા વખતમાં ઘણી ભેદી બાબતોનો પડદો ખૂલી ગયો હતો.

કોઇ અમુક જગોએ એકાંતમાં થોડો વખત રહેવાની તેણીને ઇચ્છા થઇ-કે બનેલી બાબતો ઉપર નિરાંતે વિચાર થાય. અને આવી મનની સ્થિતિમાં તેણી ભાડાનું ઘર શોધી શકે એમ નહોતું, તેથી પેલી ચાની દુકાને પાછી આવી-કે જ્યાં ઘણા માણસો યશોદાબાઇવિષે વાત કરવામાં મશગુલ થયાં હતાં.

ક્રિષ્ણાકુમારી, થોડી વાર ત્યાં વિગતવાર હકીકત સાંભળવા ઉભી રહી. યમુનાએ સાક્ષી આપ્યાનું, તથા યશોદાબાઇ અને તેણીને બન્નેને ઇનસાફ થવા મોકલવા તુરંગમાં મોકલ્યાનું તેણીએ જાણ્યું. નનામા કાગળ વિષે પણ કંઇક વાત થઈ, પણ આ લોકો એ વિષે તદ્દન અજાણ્યા હતા.

તેથી તેણી પોતાના નનામા કાગળથી કંઇ ધાસ્તીમાં આવી પડનાની છે, તે વાતથી તદ્દન અજાણી હતી. પણ ઉલટું યશોદાબાઇના નાશથી ખુશી થતી, પોતે આગલી રાત્રે જે ઓરડીમાં સૂઇ રહી હતી તે ઓરડી તરફ વળી.

" આ કોઇ ચાલાક માણસ જણાય છે. " પેલા માણસોમાંથી એકે બીજાને કહ્યું.

"કોણ ? પેલો ખલાસીનો પહેરવેશ પહેર્યો છે તે કે?" બીજાએ કહ્યું " જો મને પૂછો તો હું કહીશ કે જો તે વેશ બદલેલી છોકરી ન હોય તો હું મોટી ભૂલ કરૂં છું. તેની ચાલ અને તેના ચહેરામાં ખાસ જોવા જેવું છે. "

" વેશ બદલેલી છોકરી? " ફોજદાર સદાશિવરાવ—જે તેજ વખતે ચાની તે દુકાનમાં આવી પહોંચ્યો હતો. તેણે છેલ્લા શબ્દો સાંભળતાં કહ્યું. "કોણ એ શબ્દો બોલ્યું હતું?"

" તમારે તેવું માણસ જોઇએ છે? " પ્રથમ બોલનાર માણસ બોલ્યો.

" હું એક જુવાન સ્ત્રીને શોધું છું. તેણીએ વેશબદલો કર્યો હશે. " ફોજદારે જવાબ દીધો. "હમણાજ હું યશોદાબાઇવાળા કામમાંથી પરવાર્યો છું—તેણીને તુરંગમાં પહોંચતી કરી, અને હવે બીજી સ્ત્રીને હું શોધું છું. "

" અહા ! આતો ખરેખર છોકરીજ છે—જો તે કોઇ છોકરો ન હોય તો—" પ્રથમના બોલનારે કહ્યું, અને બધા હસી પડયા.

" ચાલો ત્યારે, તમે જેને માટે કહો છો તેના શરીરનું વર્ણન કરી બતાવો. " ફોજદારે ગજવામાંથી એક કાગળ કાઢીને પૂછયું. " જે છોકરીને હું શોધું છું, તેનું આ વર્ણન છે. "

" ઠીક ત્યારે, " પેલો માણસ બોલ્યો. " હું જે જુવાનને માટે કહું છું

તેની એકવીસ-બાવીસ વરસની ઉમર હશે, જો તે મરદ હોય તો–પણ જો તે સ્ત્રી હોય તો સોળ સત્તરથી વધારે નહિ."

"ઉમર, સાડાસોળ," ફોજદારે કાગળમાં જોઇને કહ્યું." ટુંકા કદની સારા મરોડદાર ઘાટની, કાળી આંખો, સુંદર દાંત, રાતા હોઠ, અને ખૂબ-સુરત ચહેરો."

"અરે, ત્યારે એતો એજ." કેટલાએક માણુસો બોલી ઉઠયા. "પણ તેણી કોણ છે? તેણીએ શું કર્યું છે? ગરીબ બિચારી! કોણ એવું ધારી શકે?"

ફોજદાર સદાશિવરાવ વધારે સાંભળવા અથવા જવાબ આપવા ઉભો રહ્યો નહિ; પણ જે ઓરડામાં ક્રિષ્ણાકુમારી ગઇ હતી, તે ઓરડો શોધી કાઢી તેમાં તરત દાખલ થઇ ગયો.

ક્રિષ્ણાકુમારીએ તરતજ જાણ્યું કે તેણી ઓળખાઇ ગઇ છે. તે માણુસનો દેખાવ તેણીએ ઓળખ્યો, અને તે કમનસીબ બાળા, તે માણુસનું કામ સમજી શકયા વગર રહી નહિ. થોડીવાર તેણીને ધ્રૂજારી છૂટી, ફીકી પડી ગઇ, અને ગભરાઇ ગઇ; પણ પાછી સ્વસ્થ થઇને ફોજદારને શું કામ છે તે પૂછયું. તેણીએ ધાર્યું હતું, તેવોજ જવાબ મળ્યો. ક્રિષ્ણાકુમારીએ પોતાને મરદ હોવા છતાં સ્ત્રી હોવાનું ધારવા બદલ હસવાનો ડોળ કર્યો, પણ ફોજદારને ખાત્રી હતી કે તે ભૂલમાં નહોતો, અને તેણે, તેણીને કચેરીમાં આવવા આગ્રહ કર્યો. ક્રિષ્ણાકુમારીને તાબે થવાની ફરજ પડી.

કચેરીમાં ગયા પછી ક્રિષ્ણાકુમારી તરીકે ઓળખાઇ, અને ટુંકામાં જુબાની લીધા પછી, ગંગાબાઇના ખુનના તહોમત ઉપર તેણીને તુરંગમાં મોકલી.

પ્રકરણ ૮૮ મું.

કાળીદાસ.

પ્રિય વાંચનાર, હવે મારી સાથે સુરેશચંદ વકીલના ઘર સુધી જરા ચાલો. ત્યાં શું બનાવ બને છે તે જોઇ લઇએ.

ક્રિષ્ણાકુમારી અહીંથી ગઇ, ત્યાર પછી પહેલી તક પેલા કાળીદાસ કારકુને એક કાગળની કાપલી ઉપર લખ્યું કે, "આખરે હું ફતેહમંદ થયો છું. આજ રાત્રે તમે મારી રાહ જોજો " પછી ઉપરી કારકુન તથા બીજા કારકુનોની નજર ચૂકાવીને પેલી કાગળની કાપલી વાળીને એક પરબીડિયામાં મૂકીને તે બંધ કરી તેના ઉપર ઉતાવળે કંઇ શીરનામું લખ્યું. થોડીવાર પછી કંઇ બહાનું કાઢી તે બહાર નીકળી પડયો, અને પાસેની ટપાલની પેટીમાં પેલો કાગળ નાખી દીધો; અને પછી પાછો પોતાની જગાએ આવી ગુપચૂપ બેસી જઇ પોતાનું કામ કરવા લાગ્યો.

આ વખતે સુરેશચંદ્ર, પોતાના ખાનગી ઓરડામાં, પોતાની પાસે પડેલા કાગળો વાંચવામાં તથા તેમાંની હકીકત ટુંકામાં ટાંકી લેવામાં ઉંડો રોકાઇ ગયો હતો. તેમાંથી, જ્યારે તેનો અસીલ શીવપ્રસાદ આવ્યો, ત્યારે ઉંચું જોયું.

"આપ આવ્યા તેથી હું ખુશી થયો છું, સાહેબ." વકીલે કહ્યું. "આપને મળવાને હું ઘણો ઇન્તેજાર હતો."

"કંઇ નવું નીકળી આવ્યું છે, વારૂ ?" શીવપ્રસાદે અધીરાઇથી પૂછયું.

"કંઇ ખાસ મહત્વનું નથી, સાહેબ." વકીલે પોતાના હમેશની ઠાવકી રીતે જવાબ દીધો. "પણ આપ જાણો છો કે, આપના નાના ભાઇની બાબતમાં હું કેટલોબધો ગુંચવણમાં પડયો છું. અને હવે જ્યારે આપણું કામ આટલે સુધી આવી પહોંચ્યું છે, ત્યારે હું ઇચ્છું છું કે, હું અથવા આપ, તેનું રહેઠાણ શોધી કાઢી, તેને મળીને તેને લાવવાની તજ-

વીજ કરીએ તો ઠીક. જ્યારે હવે દાવાનો નીકાલ થવાનો વખત પાસે આવ્યો છે, ત્યારે તેણે કંઈક ધ્યાન આપવું જોઇએ. હું ધારૂં છું કે આપને તેના તરફથી કંઇ ખબર મળી નહિ હોય ?"

"કંઇપણ નહિ." શીવપ્રસાદે ઉદાસીનપણે જવાબ આપ્યો.

"લગભગ બે મહિના થવા આવ્યા છે, સાહેબ." વકીલે આગળ ચલાવ્યું. "જ્યારથી 'શીવપ્રસાદ વિરૂદ્ધ સૂરજદેવી, વગેરે'ના દાવાના કામનો પુરાવો લેવાઇ ગયો છે, ત્યારથી, આપણે આપના ભાઇને શોધી કાઢીને, તેને હાજર કરી શકયા નહિ, તેથી થોડી મુદત માગવાની જરૂર પડી હતી."

"અને બે મહિનાની મુદત મળી હતી, નહિ વારૂ ?" શીવપ્રસાદે પૂછયું.

"હા-અને તે આ મહિનાની આખર સુધી પહોંચે છે-" જવાબ મળ્યો-"હવે માત્ર પાંચ દિવસ બાકી રહ્યા છે."

"હા-હવે તો પાંચજ દિવસ રહ્યા." શીવપ્રસાદ ગણગણતો બોલ્યો. પછી વકીલને કહ્યું. "વારૂ ત્યારે, તમારા માણસને મારો ભાઇ જ્યાં રહે છે, ત્યાં મોકલો-જો તે ત્યાં ન મળે તો પછી તેને ક્યાં શોધવો, તેની મને પણ સમજ પડતી નથી."

"છતાં તેણે હાજર થવું ઘણું જરૂરનું છે." વકીલે આગ્રહ કર્યો.

"તે વાત ખરી છે." શીવપ્રસાદે જવાબમાં કહ્યું. "પણ મારા ભાઇની ઘણી ભૂલ છે, કે આટલોબધો વખત, કોઇને પણ કોઇ જાતની ખબર આપ્યા વગર ગમે ત્યાં ભરાઇ બેઠો છે. ખરી વાત છે કે તે મંજુલા-કે જે હાલ મહોબતરાય સાથે પરણી છે-તેણીના પ્યારમાં પડયો હતો, અને તેમાં મંજુલાએ તેને નિષ્ફળ કર્યો હતો, તેથી તેને ઘણી લાગણી થઇ આવવાથી, તે ગમગીનીમાં આ પ્રમાણે એકાંત વાસ ભોગવે છે. પણ તેણે પોતાનું મગજ મજબૂત બનાવવું જોઇએ. તમે હમણાજ તમારા માણસને મોકલો-અને હું કાગળ લખી આપું છું, તે તેણે લઇ જવો-પણ વારૂ, કદાચ, એમ ધારો કે, આ પાંચ દિવસમાં તેનો પત્તો ન લાગે તો આ દાવાનું શું પરિણામ આવે ?"

"તમે તો તમારા દાવામાં જીતવાનાજ છો." વકીલે જવાબ દીધો.

"પણ તમારા ભાઇ જો આ પાંચ દિવસમાં ન આવે તો, તેના દાવાવાળી મિલકત પછી તેને મળે નહિ; અને તેના બે ભાગ મંજુલાબાઇને મળે, અને એક ભાગ આપને મળે. એટલે તમારા ભાઇને ભારે નુકશાન થાય "

"ત્યારે તો તેને, ગમે તેમ કરીને બે ત્રણ દિવસમાં શોધી કાઢવો જોઇએ–" એમ કહીને શીવપ્રસાદે પોતાના ભાઇના ઉપરનો કાગળ લખીને વકીલને આપ્યો.

"આ કાગળ તો તમે ઘણો સારો લખ્યો છે." વકીલે પેલો કાગળ વાંચીને જણાવ્યું. "અત્યાર સૂધી મને એવો શક હતો કે, આપના ભાઇ હાજર ન થાય, એમ આપ ઇચ્છતા હશો, કે જેથી તેની મિલકતના ભાગ પડી જઇ બે ભાગ મંજુલાબાઇને, અને એક ભાગ આપને મળવાનો લાભ થાય–પણ હવે આ કાગળ વાંચવાથી મારો તે શક દૂર થયો છે."

"અરે, રે ! એવા હલકા વિચારનો હું નથી, મી. સુરેશચંદ્ર." શીવપ્રસાદે જવાબ દીધો. પણ એટલું કહેવામાં તો એનો ચહેરો ફીકો ફચ થઇ ગયો, અને હોઠ ધ્રૂજતા હોય એવું લાગ્યું. ઇશ્વર જાણનાર છે કે, એમાં શું ભેદ હશે ! પણ શીવપ્રસાદના ચહેરા ઉપર થયેલો ફેરફાર વકીલના જોવામાં આવ્યો નહિ.

"મને જરા પણ શક, આપની વિરૂદ્ધ ગયો, તેને માટે આપ માફી આપશો." વકીલે કહ્યું.

"ઘણી ખુશીથી." શીવપ્રસાદ સ્વસ્થ થઇને બોલ્યો. "ત્યારે તમારા માણસને બોલાવીને આ કાગળ આપીને રવાના કરો."

વકીલે પોતાના તાબાના મુખ્ય કારકુનને બોલાવીને તેને પેલો કાગળ આપીને, શીવપ્રસાદના ભાઇનું રહેઠાણુ બતાવીને કહ્યું કે ત્યાં જઇ, આજુબાજુ ફરીને તેનો પત્તો મેળવી લાવવો. પછી કારકુનને રવાના કર્યો.

શીવપ્રસાદ પણ ઉઠીને ચાલ્યો ગયો.

"આમાં કંઇ પણ ભેદ છે." વકીલ એકલો પડયા પછી વિચારમાં ગુંચવાયો "આ જાગીરદારની ચાલચલણુમાં મને શક તો રહે છેજ–એના

ભાઇની બાબતમાં એ ગમે તેટલા પ્યાર અને લાગણી ભરેલું બોલેછે, પણ અંદરખાને કંઈ જુદોજ પ્રકાર હોય, એમ મને તો લાગે છે–પણ ભલે, ગમે તેમ હોય! શીવપ્રસાદ તરફથી મને સારી પેદાશ છે, એજ મુદ્દો મારે સાચવવાનો છે."

આખો દિવસ સુરેશચંદ્ર, કાગળો જોવામાં, અને નોંધ કરવામાં રોકાયેલો રહ્યો–અને સાંજે પાંચ વાગતા પછી પણ બેસી રહ્યો. ઉપરી કારકુનને તો, ઉપર જણાવ્યા પ્રમાણે મોકલી દીધો હતો. હવે વખત પૂરો થવાથી બીજા કારકુનો પણ પોતાનું કામ બંધ કરીને ચાલ્યા ગયા હતા. ફક્ત પેલો માંદા જેવો દેખાતો, છોકરવાદ ઉમરનો કાળીદાસ એકલો, પોતાનો શેઠ ઉઠી ગયા પછી કચેરીના બધા ઓરડા બંધ કરવા સારૂ બેસી રહ્યો હતો. વાંચનારે જાણવું જોઇએ કે સુરેશચંદ્રનું રહેવાનું મકાન પાછલા ભાગમાં હતું. આ આગલો ભાગ તેની કચેરી તરીકે વપરાતો હતો.

લગભગ રાત્રે નવના સુમારે સુરેશચંદ્ર પોતાની કચેરીમાંમાંથી નીકળ્યો. તે આખો દિવસ કાગળો સાથે માથાફોડ કરવાથી તે વખતે ઘણો થાકીને કંટાળી ગયેલો જણાતો હતો. જેવો તે બહાર નીકળ્યો કે, કાળીદાસે ખુશાલીમાં આવી જઇ, પોતાના હાથ ચોળ્યા. પણ આટલો બધો ખુશીમાં આવ્યા છતાં પોતાના મનમાં જે કામ ધારી રાખ્યું હતું, તે કરવાને માટે ઉઠતા પહેલાં લગભગ અડધો કલાક પોતાની જગાએ બેસી રહ્યો–પછી જ્યારે ખાત્રી થઈ કે હવે સુરેશચંદ્ર, ત્યાં પાછો આવવાનો નથી, ત્યારે તે પોતાની જગાએથી ઉઠયો, અને મન સાથે બબડયો. " ચાલો, હવે વખત થયો છે."

સુરેશચંદ્ર હમેશાં પોતાના ખાનગી ઓરડાને પોતે જાય ત્યારે, તાળું વાસીને કુંચી પોતાની સાથે લઇ જતો હતો. કાળીદાસ આ હકીકત જાણતો હતો, અને તેને માટે શું કરવું, તે માટે તૈયાર રહ્યો હતો. પોતાના ગજવામાંથી કુંચીઓનો એક ઝુમખો કાઢીને, વકીલના ખાનગી ઓરડાના બારણાનું તાળું ઉઘાડીને અંદર પેઠો. તેણે જોયું કે તમામ મહત્વના દસ્તાવેજો મેજ ઉપરથી ઠેકાણે મૂકેલા હતા. થોડીવાર તો તે ગભરાયો કે રખેને

મુદ્દાના દસ્તાવેજો—કે જેની તેને જરૂર હતી તે, વકીલ પોતાની સાથે તો નહિ લઇ ગયો હોય ! પણ તરતજ તેને લાગ્યું કે એ પ્રમાણે કરવાની વકીલને ટેવ નથી. તેથી તેણે તે ઓરડામાંનાં કબાટો, ભંડારીઆં અને પેટીઓ ઉઘાડીને તપાસ કરવા નિશ્ચય કર્યો—અને પોતાની પાસે પૂરતાં સાધનો હાજર હતાં, તેથી તે કામ શરૂ કર્યું.

લગભગ વીસેક પતરાની પેટીઓ હતી, અને કેટલીએક ઉપર અસીલોનાં નામ લખેલાં હતાં, જ્યારે કેટલીએક ઉપર કોઇનાં પણ નામ નહોતાં. શીવપ્રસાદનું નામ કોઇપણ પેટી ઉપર નહોતું, તેથી નામ વગરની પેટીઓ જોવાનું શરૂ કર્યું. અને તેમાં તે ફતેહ પામ્યો, અને જેને માટે તે ઘણો આતુર હતો, તે દસ્તાવેજો તેના હાથમાં આવ્યા.

હા—તેજ દસ્તાવેજોની તેને જરૂર હતી—અને તેજ દસ્તાવેજો મેળવવાને માટે તેને સૂચના મળી હતી. અને તેજ દસ્તાવેજો સંબંધી ક્રિષ્ણાકુમારીને વકીલ સાથે તેજ સવારે વાત કરતાં તેણે સાંભળી હતી.

પછી તે દસ્તાવેજો પોતાના બદનના અંદરના ગજવામાં સંતાડીને, કાળીદાસ ઓરડાની બહાર નીકળ્યો. તે બારણું ઉઘાડું રહેવા દીધું. આગલે બારણે નીકળીને તે બારણું બંધ કરીને તાળામાં કુંચી રહેવા દીધી. અને પછી જેટલી થાય તેટલી ઝડપથી દોડયો. અને લગભગ સાડા દશ વાગે જાણીતા બદમાશોના અખાડામાં જઇ પહોંચ્યો.

ત્યાં કાળીદાસને આવકાર આપવાને ધની અને સુરી હાજર હતી. આ વખતે તેને ઘણો ભારે આવકાર મળ્યો. આ બે બાઇઓએ પોતાની અપાર ખુશાલીમાં તે છોકરાને ઉપરા ઉપરી ચુંબનો કર્યાં, અને સુરી, કે જે હમેશાં ઠાવકી જણાતી હતી, તેપણ અત્યારે અસાધારણ ખુશીના આવેશમાં આવી ગઇ હતી. "વાહ ! વાહ ! આજ આપણી યુક્તિ પાર પડી છે, તે અત્યાર સુધીનાં આપણાં સઘળાં કામોમાં ઘણું ચઢીઆતું કામ થયું છે." કાળીદાસે પોતાના ગજવામાંથી દસ્તાવેજો કાઢીને આપ્યા, તે જોતાં સુરી બોલી. "જયચંદ્ર આપણને ઘણું ભારે ઇનામ આપશે."

"ખચીત." ધની બોલી. "હવે કાળીઆ, લે, આ ચા પી, અને જરા ખાઈ લે. પછી જે બન્યું હોય તે અમને કહે."

" હું ધારૂં છું કે મારી ચિઠ્ઠી તમને મળી હશે ? " કાળીઆએ પૂછ્યું. હવે આ છોકરો પોતાનો નરમપણાનો અને માંદા જેવો દેખાવ સુરેશચંદ્ર વકીલને ઘેર મૂકી આવ્યો હતો—કે જે દેખાવથી તે ઘણે ભાગે ફતેહમંદ થવા પામ્યો હતો.

" હા. અમને તે કાગળ મળ્યો હતો. " ધનીએ જવાબ દીધો. "અને અમે ઘણાં ખુશી થયાં હતાં. ફકત અમને એટલીજ ધાસ્તી હતી કે રખેને આખરને વખતે તું નિષ્ફળ થાય ! અથવા પકડાઇ જાય !"

" ત્યારે તમે મને એવો બેવકૂફ ધારો છો ? " કાળીઆએ લાડ કરતાં એક હાથ ધનીના ગળામાં અને બીજો સુરીના ગળામાં નાખીને કહ્યું. " નહિ, નહિ—મારો ભાગ મેં સંપૂર્ણ ફતેહમંદીથી બજાવ્યો છે. બુઢ્ઢો સુરેશચંદ્ર ઘણો લુચ્ચો અને ખંધો છે. અને મને લાગતું હતું કે દિવસમાં એક બે વખત તે મારા તરફ શકની નજરથી જોતો હતો. પણ કદીપણ તેને એવો શક તો આવ્યોજ નહોતો કે મારામાં કંઇપણ પ્રપંચ છે ! "

" હવે કહે કે, આજ આ દસ્તાવેજો તને કેવી રીતે મળી આવ્યા ? " ધનીએ પૂછ્યું.

" અહા ! એક જુવાન માણસ—ખલાસીનાં લૂગડાં પહેરીને—છોકરવાદ જેવો દેખાતો—વકીલને મળવા આવ્યો હતો. " કાળીઆએ જવાબ દીધો. "અને ખરેખરી અણીની વખતેજ મારે વકીલને કંઇ સંદેશો કહેવા તેની પાસે જવું પડયું—કે જે વખતે પેલો માણસ વકીલને કહેતો હતો કે ' હું જોઉં છું કે જયચંદ્રના કામના બધા દસ્તાવેજો તમારી પાસે છે.' એટલે આ પહેલીજ વખતે મારી ખાત્રી થઇ કે, આપણે જે કાગળોની જરૂર છે, તે ત્યાંજ હતા. અને હું માનું છું કે મારા ચહેરા ઉપર સંતોષ જણાયો, અને તે પેલા ખલાસીના જોવામાં પણ કદાચ આવ્યું હશે. આ પ્રમાણે સુરેશચંદ્રને ત્યાં નોકરીમાં રહેવાનો મુદ્દો એક વખત હાથ લાગ્યા પછીનું કામ તો ઘણું સહેલું હતું. ત્યાર પછી મેં તમને એક ટુંકી ચિઠ્ઠી લખી તમને ખબર આપવાની તક મેળવી—હવે ટુંકામાં એટલુંજ કે મેં મારૂં કામ પૂરતું બજાવ્યું છે. "

" અહા ! તારા જેવા સાધારણ ભણેલા માણસો અમારા મંડળમાં

આવવાથી કેટલો ફાયદો થયો છે!" ધની બોલી–" જો તું નિશાળમાંથી નાસી ગયો હોત નહિ, અને અમારી સોબતમાં આવ્યો હોત નહિ, તો આવું મહાભારત કામ બજાવવા જેટલો તું શક્તિવાન થાત નહિ. અને મેં તને જે પચાસ રૂપીઆ ઇનામના આપવાના કહ્યા છે, તે તું મેળવી શકત નહિ."

" હા, હવે તારે મને તે રૂપીઆ આપવા જોઇએ, ધની." તે છોકરો બોલ્યો–" કારણ કે, મારે હવે અભા સાથે તે રૂપીઆ પૂરા થતાં સુધી પૂરેપૂરી મઝા ભોગવવી છે. અને આ રૂપીઆ થઇ રહે ત્યારે, વળી તું એવું કામ શોધી કાઢજે."

" ખચીત " ધની બોલી. " પણ અલ્યા કાળીઆ, તારે થોડા દિવસ છૂપા રહેવું પડશે, કારણ કે સુરેશચંદ્ર હો હા કરી મૂકશે, અને તેના દસ્તાવેજો ચોરનારને પકડવાનાં જાહેરનામાં કાઢશે. છતાં તારા પૈસા તો તને હમણાજ મળશે."

" તો પછી બસ છે." કાળીઓ બોલ્યો. ધનીએ પચાસ રૂપીઆ ગણી આપ્યા, તે કાળીઆએ લઇને ગજવામાં મૂક્યા.

" હવે આ દસ્તાવેજો અત્યારે તો પેટીમાં તાળું વાસીને સંતાડી મૂકીએ." સુરી બોલી–" અને કાલે સવારે જયચંદ્રને ત્યાં તેના આવ્યાની ખબર કાઢીશું. તે જો નહિ આવ્યા હોય તો, તેને મળવા આપણે મુંબાઇ ઉપડી જઇશું."

પ્રકરણ ૮૯ મું.

તૂટેલું સંધાયું.

હવે આપણે કુસુમ અને કળા, એ બન્ને બેનોને પાછી ભેગી થએલી જોઇએ છીએ. કુસુમને દીવાનાશાળામાંથી છોડાવવા વિષે અભાએ જે સૂચના કરી હતી, તે પ્રમાણે કળાએ દીવાનાશાળાના

ઉપરીની મુલાકાત લીધી; અને તેને આ હિંમતવાન અને બહાદુર બાળાએ ખૂલ્લેખૂલ્લું જણાવી દીધું કે, જો તે કુસુમને એકદમ છૂટી નહિ કરશે તો, ન્યાયાધીશની રૂબરૂ તેણી ફરીઆદ કરશે–તે ઉપરથી દાક્તરે, પોતાની લુચ્ચાઇ ઉઘાડી પડવાની બીકથી, અને કુસુમને જુલમથી તેણીના સામાવાળાઓએ ફસાવી હતી, તેથી કળાની માગણી કબુલ રાખી; એટલુંજ નહિ પણ એ કામમાં તેણે પોતે જે ભાગ લીધો હતો, તેની માફી માગી. કળા પોતાની બેનનો છૂટકારો થવાથી ઘણી રાજી થઇ હતી; અને તેણીએ પોતાના ઉદાર દિલથી દાકતરને માફી બક્ષી. વળી પોતાની બેન વિષેની કંઇ પણ હકીકત બહાર ઉઘાડી પાડવાને તેણી ખુશી નહોતી.

આ પ્રમાણે એક મહિના કરતાં વધારે દિવસ સુધી, નિર્દયતાભરેલા પ્રપંચને લીધે છૂટી પડી ગયેલી બેનો પાછી ભેગી થઇ, અને થોડા દિવસ પોતાના ઘરમાં શાંતિમાં રહેવાથી, તથા પોતાની વહાલી બેન કળાની માયા ભરેલી સારવારથી કુસુમના મગજની સ્થિતિમાં ચમત્કારિક રીતે સુધારો થવા માંડયો. પણ હજુ તેણીના ચહેરા ઉપર દિલગીરી જણાતી હતી, અને કેટલીક વખત એકી નજરે જોઇ રહેતી. જાણે કે તેણીની યાદશક્તિ તાજી કરવાને મહેનત કરતી હોય.

પાછલા ચાર પ્રકરણોમાં જે જે બનાવોનું વર્ણન કર્યું છે, તે બનાવો એકજ દિવસે બન્યા હતા, તે ખૂલ્લું છે. તેને બીજે દિવસે બપોરે બન્ને બેનો પોતાના કુસુમોદ્યાનવાળા ઘરમાં દીવાનખાનામાં બેઠી હતી–કુસુમ પોતાના મગજમાં, ગુંચવાડા ભરેલા વિચારોમાં નિમગ્ન થઇ ગઇ હતી; જ્યારે કળા જયચંદ્રના વિચારમાં પડી હતી–કે જેણે, તેણીએ લખેલા કાગળોનો મુંબાઇથી હજુ સુધી જવાબ આપ્યો નહોતો.

તેવામાં એકાએક આગલા બાગના દરવાજાનાં બારણાં ઉઘડયાનો અવાજ સંભળાયો–કળાએ બારીમાંથી દરવાજા તરફ લાંબી નજરે જોયું, તો જયચંદ્રની આકૃતિ દીઠી–ખુશાલી, આશા અને સંશય, આ બધાની મિશ્રિત છાયા, તેના ચહેરા ઉપર પથરાઇ રહી હતી–પણ કળાના ગાલ ઉપરથી એકદમ રંગ ઉડી ગયો, અને ચક્કર આવવા લાગ્યાં–કારણ કે જે પળની તેણી આતુરતાથી રાહ જોતી હતી, તે પળ હવે પાસે આવી લાગી હતી–

કે જ્યારે તેઓ બન્ને આખરે મળવાનો વખત આવ્યો હતો. તેણીએ તેને શી રીતે, કેવે પ્રકારે, આવકાર આપવો, તે તેણી સમજી શકી નહિ. નાટકશાળાવાળો બનાવ તેણીની આંખો આગળ તરી આવ્યો. તેણીએ તેને દગાખોર માન્યો, છતાં તેણીને લાગ્યું કે તેણીએ તેને માફી આપવી જોઇએ. દરવાજાનાં બારણાંના ખખડાટથી કુસુમ પણ ચમકી ઉઠી હતી.

" અહા ! જો કદાપિ આ આવનાર અજબકુમાર હોય ! અને તે મારી માફી માગવા આવતો હોય !" કુસુમને આખે શરીરે કંપારી છૂટતાં તેણી બોલી.

" નહિ, મારી વહાલી બેન, તેમ તો કદી બનવાનું નથી, અને એવી ખોટી આશામાં ફાંફાં મારવાં એ તારી ભૂલ છે, બેન." કળાએ કહ્યું. "પણ જો તે હોય તો——"

" તો હું તેને માફ કરીશ." કુસુમ અધીરાઇથી બોલી ઉઠી.

જાણે કોઇ દેવીએ કુસુમના મોઢામાંથી આ અવાજ કાઢયો હોય, એવું કળાને લાગ્યું. કારણ કે જયચંદ્રના વિષે જે સવાલ પોતાના મનમાં કળા વારંવાર પૂછતી હતી, અને તેનો જવાબ તેણી નક્કી કરી શકતી નહોતી; અને તે જવાબજ તે ક્ષણે તેણીને મળી ગયો–તેણીના મગજમાં વિચાર થયો કે, તેણીની બેન, જેણે તેણીને ઘણું નુકશાન કર્યું છે, તેને માફ કરવા તૈયાર થઇ છે; તો તેના પ્રમાણમાં જયચંદ્રે તેણીના વિરૂદ્ધ ઘણોજ નજીવો ગુનો કરેલો ગણાય, તેને તેણી શા માટે માફ ન કરી શકે ?

વીજળીના ચમકારાની માફક આ વિચાર તેણીના મગજમાં આવ્યો, અને બીજીજ પળે, ખૂબસુરત અને નાજુક દેખાવનો જયચંદ્ર, તે ઓરડામાં દાખલ થયો–આ ક્ષણે કળાને જે આવેશ થઇ આવ્યો, તે જયચંદ્રના લાભમાં હતો. કુસુમના ખૂલ્લા દિલના નિર્દોષ શબ્દોએ કળાનો તમામ શક કાઢી નાખ્યો હતો, અને આ પ્યારનું પ્રેમી જોડું એક બીજાની બાથમાં લપેટાઈ ગયું.

" વહાલી કળા," જયચંદ્ર બોલ્યો. " આપણે આખરે ફરીથી મળ્યાં છીએ."

"અને પાછલું ભૂલી જવાયું છે, વહાલા જયચંદ્ર." કળાએ જવાબ દીધો.

કુસુમે ખુશાલીમાં આવી જઇ પોતાના હાથ ચોળ્યા, અને તેણીને ખુશીનાં આંસુ આવ્યાં. અને જે દિવસે કુસુમની અજબકુમાર સાથે છેલ્લી મુલાકાત થઇ હતી, તે દિવસે તેણીનું મગજ ખસી ગયું હતું, ત્યાર પછી આજજ પહેલવહેલી તેણીને ખુશાલીની લાગણી થઇ હતી.

જયચંદ્ર અને કળાની મુલાકાતની પહેલી આવેશ ભરી લાગણી જ્યારે શાંત થઇ, ત્યારે જયચંદ્ર કુસુમને માનથી મળ્યો—કારણ કે તેણીને તે ઉંડી લાગણીથી, કળાની બેન, તે પોતાની બેન—ગણીને ચાહતો હતો. પછી કળાની પાસે બેસીને તેણીનો હાથ લઇ પોતાના હોઠે દાબ્યો, અને તેણીના સામે મોહ ભરેલી નજરથી જોઇ રહ્યો.

"ઓ ! મારી વહાલી !" તે બોલ્યો. "આપણે બેની વચ્ચે ઘણી ભયંકર ગેરસમજુતી થઇ હતી, તેનો હવે ખુલાસો કરી નાખીએ, અને પછી ભૂલી જઇએ. મને પેલા લોકોએ કહ્યું કે તું પરણી ગઇ હતી—તારા લગ્નની હકીકત બધે સંભળાતી હતી."

"આ પ્રમાણે તમને કોણે છેતર્યા હશે, વહાલા જયચંદ્ર ?" કળાએ અજાયબીથી પૂછ્યું.

"એક માણસ મને ભૂલાવામાં નાખીને મને દુઃખ દેવા મારી પાછળ લાગ્યું હતું, વહાલી." જયચંદ્રે જવાબ દીધો—અને તે કળાના સુંદર ચહેરા તરફ પ્યારથી જોતો મનમાં વિચાર કરતો હતો, કે પેલી અજાણી વિષયી સ્ત્રીને ખાતર, આવી નિર્દોષ અને પવિત્ર સ્વરૂપ સુંદર રમણીને છોડી દેવા તે કેવો ગાંડો અને બેવકૂફ બની ગયો હતો ! "પણ મને કહે કે, આપણો સંબંધ તોડી નાખવા, તેં એકાએક કેમ આવું પગલું ભર્યું હતું ?"

"તમને તમારૂં અંતઃકરણ એ સવાલનો જવાબ આપતું નથી, જયચંદ્ર ?" કળાએ દિલગીરી ભરેલા ચહેરાએ ઠપકાની ઢબે પૂછ્યું. "પણ તમને આ છેલ્લીજ વખત માફી આપવાને મેં મારૂં મન વાળ્યું છે—પણ પશ્ચાતાપને બદલે અજાણપણાનો ડોળ ઘાલશો નહિ."

"કળા," જયચંદ્ર ખૂલ્લા દિલથી ભારપૂર્વક બોલ્યો. "તારા શબ્દો એવા ભેદ ભરેલા છે કે જે ભેદ જાણવાને હું ઘણી મહેનત કરતો હતો, પણ તેનો પાર નહિ પામવાથી નિરાશામાં ગાંડા જેવો થઇ ગયો હતો–જો કદાપિ, તેં મને આપણો સંબંધ તોડી નાખવા વિષે છેલ્લો કાગળ લખ્યો હતો, ત્યાર પછી મેં કંઇ ભૂલ કરી હોય, તો તે મારો ગુનો દયાપાત્ર ગણી શકાશે–કારણ કે તારી પોતાનીજ ભેદ ભરેલી વર્ત્તણુકે મારૂં ગુંચવાયેલું મન કોઇ પણ જાતની મોજમઝામાં નાખવાને માટે મને પૂરતું કારણ હતું. પણ તે કાગળ મને મળ્યો ત્યાં સુધીને માટે તો, હું ઇશ્વરને સાક્ષી રાખીને કહું છું કે, મન, વચન, અને કર્મથી તારી સાથે વફાદાર અને સાચો રહ્યો હતો."

"ઓ! જયચંદ્ર! તમારા બીજા ગુનાઓમાં આવા ખોટા સોગનના ગુનાનો વધારો કરો નહિ." કળા ભારપૂર્વક બોલી. "નહિ તો મેં માફ કરવા આપેલું વચન હું પાછું ખેંચી લઇશ–આપણો સંબંધ પાછો જોડાવા દઇશ નહિ."

"ત્યારે, ઇશ્વરને લેખે હું કહું છું કે ખુલાસાથી બધી વિગત કહે," જયચંદ્ર અધીરાઇથી બોલ્યો. "કે હું તેનો પૂરતો ખુલાસો કરી શકું–આ મારી માગણી તું નાકબુલ નહિ કરે."

"ફક્ત એકજ શબ્દ બસ છે; જયચંદ્ર." કળા દિલગીરીથી ધીમે સાદે બોલી. "હું ધારૂં છું કે, તે દિવસે રાત્રે નાટકશાળામાં ફૂલની ટોપી-વાળી છોકરી કોણ હતી, તે તમને ઓળખવાને મુશ્કેલી નડી નહિ હોય."

"ખરેખર! આ ભેદ તો અસહ્ય છે–આ છૂપો ભેદ મારાથી સહન ન થાય તેવો છે." જયચંદ્ર ધાસ્તીમાં બોલી ઉઠયો. "અહા! મને યાદ આવે છે." તેના મનમાં કંઇક યાદ આવવાથી આગળ બોલ્યો. "કેટલાક મહિના ઉપર મને એક દિવસે નાટકશાળામાં જવાનું નિમંત્રણ આવ્યું હતું, પણ હું ઇશ્વરને સાક્ષી રાખીને કહું છું કે મેં તે સ્વીકાર્યું નહોતું, અને હું ત્યાં ગયો નહોતો."

"ત્યારે મારા ઉપર જબરો દગાફટકાનો પ્રપંચ રચાયો હશે." જયચંદ્રના ખરા દિલના બોલવાથી કળા ગુંચવાડાથી ગભરાઇ જઇ બોલી.

" અને ખૂલ્લી રીતે કહું તો મને તેજ વખતે નવાઈ લાગી હતી, કે આસમાની રંગના ડગલાવાળો માણસ તમારા કરતાં કંઇક ઉંચો હતો."

"આસમાની-રંગનો ડગલો?" જયચંદ્ર વધારે ગુંચવાતો અને ભેદી બનાવથી ગભરાતો બોલ્યો. "હા-હું તે ડગલાની વાત જાણું છું. તે મારે માટે કોઇએ મારી પાસે મોકલ્યો હતો; પણ મારા નોકરને તે ડગલો બાળી મૂકવા મેં આપ્યો હતો. ઓ! હવે હું આ બધી ભયંકર ગેરસમજુતીનો ભેદ સમજી શકું છું."

જયચંદ્રને હવે જણાયું કે રાવજી ઉર્ફે ક્રિષ્ણાકુમારીએ આસમાની રંગના ડગલા મારફતે, તેને પોતાને શક ન પડે, તેવી રીતે તેના તરફ દગો રમવાનો કેવો ભયંકર પ્રપંચ રચ્યો હતો! પછી તે બોલ્યો. "કદાપિ તે બાળી મૂક્યો નહિ હોય, અને બીજા માણસે તેનો ઉપયોગ કર્યો હશે."

"અરે! જો તેમજ બન્યું હોય; જયચંદ્ર!" કળા ગુંચવાડાથી ગભરાતી બોલી. "તો મેં તમને મોટો ગેરઇનસાફ આપ્યો છે-નઠારામાં નઠારા શકથી મેં તમારી તરફ જોયું છે-અને ઘણી ઉતાવળથી અને વગર વિચારે હું તમારી સાથે નિર્દયતાથી વર્તી છું કે જે તમે દરગુજર કરશો નહિ."

"દરગુજર નહિ કરૂં!" જયચંદ્ર અધીરતાથી બોલ્યો. "કોઇ પણ ચીજ એવી નથી કે જે તું કરે અને હું માફ ન કરૂં! કારણ કે મારે તારી પાસે ઘણી માફી માગવાની છે."

અને જયચંદ્ર ઉઠીને તેણીની આગળ ઘુંટણ મંડીએ પડયો." ઉઠો, વહાલા જયચંદ્ર, ઉઠો." રૂપ સુંદર બાળા ઉભી થઇને ઘણા આવેશ પૂર્વક બોલી. "અરે, રે! હું ઘણી ઉતાવળી થઇ-મેં ઘણું બેવકૂફી ભરેલું પગલું ભર્યું હતું-અને જે વખતે હું તમારા સુખનો નાશ કરતી હતી, તેજ વખતે હું મારા સુખી સ્વપ્નાને પણ હમેશને માટે તાળું વાસતી હતી. પણ વહાલા જયચંદ્ર, તમે મને માફ કરશો?"

"ઓ! આપણે બન્ને અરસપરસ માફી આપીએ છીએ, મારી વહાલી." જયચંદ્ર ઉઠીને તે સ્વર્ગ સુંદરીને પોતાની છાતી સાથે દાબીને બોલ્યો.

"હા—તમે બન્ને એકબીજાને માફી આપો; ભલે, ગમે ને કર્યું હોય." કુસુમ પોતાની બેઠક ઉપરથી ઉઠીને તેમની પાસે આવતાં બોલી. પછી એકાએક પોતાની છાતીમાં ડીમો ભરાઇ આવવાથી રડતાં રડતાં બોલી. "ઓ! પેલો જૂઠો અજબકુમાર આવે, અને મારી માફી માગે !"

કળા અને જયચંદ્ર, હવે કુસુમના અંતરમાં જાગૃત થએલું દુઃખ શાંત કરવામાં રોકાયાં, અને તેણીને પાછી પલંગમાં બેસાડી સમજાવવા માંડી. થોડીવારે તેણી શાંત થઇ.

"અને હવે, મારી વહાલી કળા," જયચંદ્ર બોલ્યો. "પેલા આસમાની ડગલા વિષે હજુ જે ભેદ રહેલો છે, તે વિષે પૂરી હકીકત મને કહે."

"આ કાગળ વાંચો." એમ કહી કળાએ એક કાગળ જયચંદ્રને આપ્યો—અને બોલી. "પછી વિચાર કરો કે, આનાથી મારી લાગણી કેવી દુઃખાઈ હશે !"

"અહા ! મેં ધાર્યું હતું તેમજ છે." જયચંદ્રે પેલા કાગળમાં ક્રિષ્ણાકુમારીના અક્ષર ઓળખતાં કહ્યું.

પછી તે ઉતાવળો ઉતાવળો કાગળ ઉપર નજર ફેરવી ગયો. આ કાગળ પુષ્પાવતીદેવીએ વાંચેલો, ગયા ૬૦ મા પ્રકરણમાં આપણે સાંભળ્યો છે.

"આ કાગળના છેલ્લા ભાગનું લખાણ તેં જો ધ્યાનપૂર્વક વાંચ્યું હોત, તો કળા, તારી ખાત્રી થાત, કે નાટકશાળામાં તે આસમાની ડગલાવાળો માણસ હું નહોતો." કાગળ વાંચી ગયા પછી જયચંદ્રે કહ્યું. "જો, ફરી વાંચ—તપાસી જો—કે તેમાં કેવું સુંભાળપૂર્વક લખ્યું છે. અને તેમાં સાવધતા વાપરવા વિષે, લખનાર કેટલીબધી આતુરતા બતાવે છે ? પેલા આસમાની ડગલાવાળા માણસને જવાબ દેવાની જરૂર પડે, તેથી તને તેની સાથે વાત કરવાની શા માટે મના કરી હતી ? કારણ કે તમે બે વચ્ચે વાતચિત થાય, તો તારા ઉપર જે પ્રપંચની જાળ પાથરી હતી, તે તું જાણી જાય, અને તું જોઇ શકે કે જેને તું મળે છે, તે આસમાની ડગલાવાળો માણસ હું નહોતો."

"હા. હવે સત્ય સમજાય છે, વહાલા." કળાએ તેના તરફ માયાળુ

નજર નાખી જવાબ દીધો. "અને જે ખરાબ રીતે હું ખોટી ઉશ્કેરણીને તાબે થઇ, તમારા ઉપર શક લઇ ગઇ, તેને માટે ફરીથી હું તમારી પાસે માફી માગું છું. હવે મને યાદ આવે છે કે, તે નાટકશાળામાં એક દાસીના પહેરવેશમાં એક સ્ત્રી હતી, તેણી તેજ વખતે મને ત્યાં મળી, અને નનામો કાગળ લખનાર તેજ હતી, એમ કબુલ કર્યું. પેલા આસમાની ડગલાવાળા માણસ સાથે વાતચિત કરવાની મને મના કરવા તેણીએ સૂચના આપી હતી, તેનું કારણ મેં પૂછયું, તેના જવાબમાં તેણીએ સખ્ત ઇર્ષા, વેર અને ઉદ્ધતાઇ ભરેલી રીતે કહ્યું કે તે, તેણીનો પોતાનો ગુપ્ત ભેદ છે. વળી તમને મેં જે કાગળ લખ્યો હતો, તે કેવી રીતે ટુંકામાં લખવો, તે પણ તેણીએજ મને સમજાવ્યું હતું."

"ખરેખરી દુષ્ટ!" જયચંદ્ર દાંત કચકચાવતો બોલ્યો. "પણ તેં તેણીનો ચહેરો જોયો હતો?",

"મેં જોયું હતું કે, સુંદર કાળી આંખો, તેના બુરખામાંથી ચકચકતી હતી." કળાએ જવાબ દીધો. "સફેદ અને એક સરખા દાંત—કાળા વાળ—કદમાં ઉંચાઇમાં નીચી—પણ મરોડદાર ઘાટની—અને ઘણી નાની ઉમરની જુવાન બાળા હતી."

"બસ." જયચંદ્ર બોલ્યો. "એતો એજ કમનસીબ છોકરી! અને તેણીના વેરને હું લાયક છું. પણ ફરીથી હું તારે પગે પડીને માફી માગું છું, કળા." તે અધીરાઇથી બોલ્યો." અને પહેલાં કદી પણ મેં મારી પાછલી ભૂલો તથા કૃત્યો વિષે તારી પાસે કબુલ કરી આ પ્રમાણે માફી માગી હોત નહિ."

"નહિ, જયચંદ્ર. મારા આગળ તમારે કશું કબુલ કરવાનું નથી." ઉદાર દિલની બાળા બોલી. "ઉઠો—તમે પોતાને અપરાધી ઠરાવવા વિષેનો એકપણ શબ્દ બોલશો, તો તે હું સાંભળીશ નહિ. હું સખ્ત થઇ હતી—ઉતાવળી બની ગઇ હતી—અને તમારા તરફ નિર્દયતાથી વર્તી હતી—અને તમે મને માફી આપી છે—તો તમારે માટે હું વિચાર શુન્ય થઇશ? વળી તે બાળા કે જે દાસીના પોશાકમાં આવી હતી, અને તમારા તરફ વેર

.રાખે છે, તેનું કારણ હું સમજી શકી છું. તેણીને આપેલું વચન તમે તોડ્યું હશે, એમાં શક નથી. અને હવે આપણી ફરજ છે કે, આપણે તેણીને શોધી કાઢીને શાંત કરવી જોઇએ; અને તેણી સુખી થાય તેમ કરવું જોઇએ. જો તેણી ગરીબ હોય તો, તેણી પોતાની જીંદગી સુધી સારી રીતે દહાડા કાઢે એવી મદદ આપવી જોઇએ."

"અરે ! તું જાણુતી નથી, કળા, કે તું કોને માટે આવી દયા ખાય છે ?" જયચંદ્ર બોલ્યો. "બે ત્રણ મહિના ઉપર પેલી ગંગાબાઇ દાયણનું ખુન થયું હતું, તે તને યાદ છે ? વારૂ, તેજ ક્રિષ્ણાકુમારી–તે ખુન કરનારી આ છોકરી છે–કે જેને તું શાંત અને સુખી કરવાની વાત કરે છે. તેણીને ગઇ કાલે સાંજેજ પાછી કેદ પકડવામાં આવી છે."

"હેં ! બિચારી દુઃખી બાળા !" કળા હાથ જોડી ધ્રૂજતી બોલી. "વળી મેં સાંભળ્યું છે કે પેલી દુષ્ટ યશોદાબાઇ પણ મોટા ભયંકર ગુનાને માટે કેદ પકડાઇ છે."

"અને વળી તે અપરાધો ખરા હોય, એમ જણાઇ આવ્યું છે." જયચંદ્ર બોલ્યો–"પણ હવે આપણા પોતાના કામ સિવાય બીજાની વાતમાં આપણે મન ઘાલવાની જરૂર નથી. હા, કળા–મેં તને કહ્યું તેમ મેં તે બાળાને–ક્રિષ્ણાકુમારીને–ભ્રષ્ટ કરી હતી, અને તેના વેરમાં તેણીએ તારાથી મને છૂટા પાડવાનું આવું નીચ પગલું ભર્યું હતું–એ વાત ખરી છે કે તેણી મારો ભોગ થઇ પડી હતી–કે જ્યારે હું તને ઓળખતો પણ નહોતો–પણ હું–કે જેણે આવી ભયંકર ભૂલો કરી છે–તેની સાથે તું લગ્ન કરીશ, વારૂ ?"

"તમારી ખૂલા દિલની કબુલતથી, વહાલા જયચંદ્ર, મારે શું જવાબ આપવો, તેને માટે હું બિલકુલ અચકાતી નથી." કળા બોલી. "મને ખાત્રી છે કે તમને તમારી પાછલી ભૂલો બદલ પશ્ચાતાપ થાય છે."

"ઇશ્વર જાણનાર છે કે કેટલો પશ્ચાતાપ મને થાય છે !" જયચંદ્ર પ્રમાણિકપણાથી બોલ્યો–"પણ એ તારૂં કામ છે, કળા, કે મને ખરે રસ્તે દોરવનાર મારી દેવી બની, મને અનીતિને રસ્તે જતાં અટકાવીને

બચાવવો, અને હું તને, તારા સદ્‌ગુણોને લાયક, એવા ખરા પ્યારથી તેનો બદલો આપીશ. ”

“ ઉઠો, વહાલા જયચંદ્ર, અને સુખી રહો ! ” જયચંદ્રને ઉઠાડીને પોતાની પાસે બેસાડતાં કળા બોલી. “ હવે સ્વસ્થ થાઓ; પાછલું સંભારવાથી કંઇ ફળ નથી. ”

“ ખરેખર, તું સ્વર્ગની દેવી છે, કળા. ” જયચંદ્ર બોલ્યો. “ પણ તું નથી જાણતી કે છેલ્લાં આપણે મળ્યાં ત્યાર પછી કેવા વિચિત્ર સંજોગોમાં હું ગુંચવાઇ પડયો હતો? શામળા વર્ણના નોકર છોકરાના જેવો વેશ લઇને કૃષ્ણાકુમારી મારી નોકરીમાં રહી-તે માત્ર કોઇપણ ઉપાયે, તેને જે મળી આવે તે સાધનથી, મને ખરાબ કરવાને માટે-તેણીએ મારી પાસેથી કેટલાક મહત્વના દસ્તાવેજોની ચોરી કરી, કે જેથી મારી મિલકત અને જાગીર, ધાસ્તીમાં આવી પડયાં હતાં-પણ તે દસ્તાવેજો આજ સવારે મને પાછા મળ્યા છે, કળા, અને હજુ હું જાગીરદાર રહીશ, અને મારી દોલતની તને હું ભાગીયણ કરીશ. અને હવે મને યાદ આવે છે કે જે માણસોની મારફતે મેં મારા દસ્તાવેજો પાછા મેળવ્યા છે, તે માણસોએ તને એક અમુક રાત્રે પેલા બદમાશ અજબકુમારના પંજામાંથી છોડાવી હતી. હા-આજ સવારે, મને બધી ખબર પડી ગઇ છે, કે તારા ઘરની પાસે ગરબડ નામના માણસે અને તેની બાયડી રામીએ કેવા દગાફટકાથી તને દુ:ખી કરીને ફસાવી હતી? અને હું એવું સાંભળીને કેટલો ખુશી થયો હોઇશ, કે પાછી તું તારા અસલના ઘરમાં રહેવા આવી છે? તેનો ખ્યાલ પણ તને આવી શકશે નહિ. આ બધું સાંભળીને જરા પણ ઢીલ કર્યા વગર હું તને મળવાને દોડતો આવ્યો, અને હું જોઉં છું કે મારી આશામાં હું નિરાશ થયો નથી. તે બાબત ઇશ્વરનો આભાર માનવાનો છે કે આપણું અંત:કરણ તૂટેલું સંધાયું છે. ”

“ અને હવે, મારા વહાલા જયચંદ્ર, જો આપણા વચ્ચે કંઇપણ ગેરસમજુત થશે, તો તેમાં તમારીજ ભૂલ સમજવી. ” કળા માયાળુપણે બોલી. “ કારણ કે હું તો વચન આપું છું કે, હવેથી કદી પણ આવી

રીતે ખાત્રી કર્યા સિવાય ખોટા વહેમથી, હું દોરવાઇ જઇશ નહિ."

"અહા ! ઇર્ષ્યાળુ સ્વભાવની સાથે ઘણી ઉમદા અને ઉદારતાભરેલી લાગણી, મારી વહાલી કળા !" જયચંદ્ર બોલ્યો. "અને જો તું મને ખરા પ્યારથી ચાહતી ન હોત તો મારી કાલ્પનિક બીનવફાદારી તરફ આટલો બધો તિરસ્કાર તું બતાવત નહિ."

"હું તમારી આભારી છું, વહાલા." કળા બોલી. "કારણ કે મારા ઉતાવળા અને ઉદ્ધત સ્વભાવનો આવો ઉંચો અર્થ લ્યો છો. પણ મને કહો કે તે આસમાની ડગલાવાળો ઉંચો માણસ—કે જેને મેં તમે હોવાનું ધાર્યું હતું તે કોણ હતો ?"

"બેશક, કોઇ ક્રિષ્ણાકુમારીની વેર લેવાની યુક્તિમાં તેણીનો સહાયક હોવો જોઇએ." જયચંદ્રે કહ્યું. "પણ હવે પાછલી વાત મનમાંથી કાઢી નાખો—અને હાલની અને ભવિષ્યની વાત ઉપર ધ્યાન આપો—આપણા લગ્નનો દિવસ નકી કરવાનું તારૂં કામ છે, વહાલી, કે જેથી પછી આપણે કદી છૂટાં પડી શકીએ નહિ. અને મને તારો હકદાર ધણી થવાનો હક આપીને, તારી વહાલી બેન કુસુમના ભાઇ તરીકે રક્ષણ કરવાની તક આપ."

જવાબમાં કળા આંખમાં આનંદાશ્રુસાથે કંઇ બબડી—બેશક તે આશાજનક જવાબ હોવો જોઇએ; કારણ કે તેણે તેણીને પોતાની છાતી સાથે ચાંપી અત્યંત વહાલ બતાવ્યું.

પ્રકરણ ૯૦ મું.

તુરંગમાં મુલાકાત.

આણંદરાય લગભગ બે અઢી મહિનાથી, તેના નોકર મોતીના ખુનના તહોમત ઉપર, કાચા કામના કેદી તરીકે તુરંગમાં હતો.

વાંચનારને યાદ હશે કે, જ્યારે સુશીલા ઉપરના તહોમતનું કામ પૂરૂં થયું, અને તેણીને નિર્દોષ ઠરાવી છોડી મૂકી, તેજ વખતે આણંદરાયના ઉપર તે ખુનનું તહોમત મૂકવામાં આવ્યું હતું—તે વખતે આણંદરાયે ન્યાયાધીશને કહ્યું હતું કે " હું આપ નામદાર સાહેબને ફક્ત એટલુંજ કહીશ કે, આ ભયંકર કૃત્ય—કે જેનો આરોપ મારા ઉપર મુકવામાં આવ્યો છે—તેને માટે હું તદ્દન બીન ગુનેગાર છું. હમણાં જે પેલી યુવાન બાળાને આ કેદીના પાંજરામાંથી મુક્ત કરી, તેણીને જેવી રીતે હું નિર્દોષ માનું છું, તેવીજ રીતે હું પોતે નિર્દોષ છું. છતાં આજુબાજુના સંજોગોનો પુરાવો મારા ઉપર ભેગો થયો છે, તો તેને હાલ હું તાબે થાઉં છું. પણ આ ગુપ્ત ભેદ ખુલ્લો કરવાની એક અજાયબ જેવી ભેદ ભરેલી ચાવી છે—જે કે હાલને માટે હું છૂપી રાખવા માગું છું; કારણ કે હાલ આ જગાએ મારો કંઇપણ ખુલાસો આપવો તદ્દન નિરૂપયોગી છે—વધારે ઉંચા દરજ્જાની અને, ધર્મરાજાના ન્યાયી દરબાર જેવી સદર અદાલતને માટે હું મારો તે ખુલાસો રાખી મૂકીશ—કે જ્યાં તે ખુલાસો થવાથી હાલ આ બધા લોકો, જે મારા તરફ ધિઃક્કાર અને તિરસ્કારથી જુએ છે, તેને બદલે દયા અને માયાળુ લાગણીથી જોશે." આ ઉપરથી ખૂલ્લી રીતે સમજાય છે કે, ઉપર પ્રમાણે આણંરાયે જે કહ્યું હતું, તેમાં મંજુલા તરફથી તેને જેજે દુઃખ આપવામાં આવ્યું હતું, તે બાબતનો ઇસારો હતો; અને જ્યારે પોતાનો બચાવ કરવાનો યોગ્ય પ્રસંગ આવે, ત્યારે તે તમામ હકીકત ખૂલ્લી કરવાનો તેનો ઈરાદો હતો.

પણ તે વખતે લોકોની લાગણી એવી થઈ ગઇ હતી કે, આણંદરાયના તે બોલવા ઉપર કોઇએ ધ્યાન આપ્યું નહોતું, અને તેથી આગળ ઉપર જે ગુપ્ત ભેદ ખૂલ્લો પાડવાનું તે બોલ્યો હતો, તે ઉપર કોઇનું લક્ષ રહ્યું નહોતું. પણ આણંદરાયને કચેરીમાંથી તુરંગમાં લઇ જતી વખતે, લોકોના મન ઉપર તે અર્ધ ગાંડો થઇ ગયો, એવી લાગણીની અસર થઇ હતી.

તે વખતે જે લોકો કચેરીમાં હાજર હતા, અને જેમણે બધું નજરે જોયું હતું, અને કાનોકાન સાંભળ્યું હતું, તેમની આવી લાગણી અને સમજ હતી, તો પછી બીજા લોકો, કે જે કચેરીમાં હાજર નહોતા, તે

લોકો બીજાની કહેલી અને સાંભળેલી હકીકત ઉપરથી ખોટી ધારણા ઉપર આવે, એમાં કંઇ નવાઇ જેવું નહોતું. તેથી એવી વાત ચાલતી હતી કે, આણંદરાય અર્ધ ગાંડો થઇ ગયો હતો, અને તેને પોતાના બચાવમાં કંઇ કહેવાનું હતું નહિ. ઘણાખરા લોકો આવુંજ ધારતા હતા—માત્ર થોડાજ માણસો જુદો અભિપ્રાય ધરાવનારા હતા. દાખલા તરીકે આણંદરાયનો પિતા ધરણીધરરાય પોતાનો છોકરો, તેના ઉપર મૂકાયેલા તહોમતનો અપરાધી હોય, એવું ધારી શકેજ નહિ. તેતો આ આફતની હકીકત સાંભળીને, તેની અસરથી માંદો થઇ જઇ પથારીવશ થઇ પડયો હતો, અને તે મરવા જેવી સ્થિતિમાં આવી લાગ્યો હતો. તેવોજ બીજો દાખલો આણંદરાયની પિત્રાઇ બેન કળા, કે જેણીને આણંદરાયના ઉપર પૂરતો વિશ્વાસ હતો, એટલુંજ નહિ, પણ તેને બીન ગુનેગાર માની, તેના મગજ ઉપર કોઇપણ જાતનો વિકાર થઇ આવ્યો હોય, એવું માનતી નહોતી. મહોબતરાય અને મંજુલાનો પણ તેવોજ અભિપ્રાય હતો. પણ ક્રિષ્ણાકુમારી તેમને મળી ત્યાં સુધી તેઓ બન્ને એમજ માનતાં હતાં કે, આજુબાજુના સંજોગોના વિરૂદ્ધ પુરાવાથી, આણંદરાયનો જ્યારે ઇનસાફ થશે ત્યારે તે તેનો ભોગ થઇ પડશે.

આપણે જોઇ ગયા તેમ લગભગ અઢી મહિના થઇ ગયા હતા, પણ સદર અદાલતમાં ચાલતાં બીજા કામોને લીધે, આણંદરાયને તુરંગમાં પડી રહેવું પડયું હતું. આ દરમિયાન આણંદરાયને જે ભયંકર ધક્કો લાગ્યો હતો, કે જેની અસરથી તે અર્ધ ગાંડો ગણાતો હતો, તેમાંથી ધીમે ધીમે સ્વસ્થ થયો—અને છેલ્લા બે ત્રણ અઠવાડિયાંથી તેના વકીલે તેની વારંવાર મુલાકાત લીધી હતી—છતાં પોતાના કમનસીબને લીધે આવી પડેલા દુઃખથી અને અપમાનથી ઘણો લેવાઇ ગયો હતો—ચહેરો ફીકો પડી જઇ, લોહી ઉડી ગયું હતું; અને છૂપા ઝેરની અસરથી જેવો પ્રથમ મરવા જેવો થઇ ગયો હતો, તેવો હાલ દેખાતો હતો—અને તેને લાગતું હતું કે, તે ઘણો નબળો પડી ગયો હતો.

તન અને મનની આવી નબળી સ્થિતિમાં આણંદરાય હતો, તેવામાં

એક દિવસ સવારે તુરંગમાંના પહેરેગીરે તેને ખબર આપી કે, ગઇ સાંજે એક જણને કેદ પકડવામાં આવ્યું છે, અને તે આણંદરાયને મળવા ઘણી ઇન્તેજારી ધરાવે છે. આ બાબત વધારે ખાત્રી કરવા આણંદરાયે પૂછેલા સવાલોના જવાબમાં પહેરેગીરે ખુલાસો કર્યો કે તે કેદી ક્રિષ્ણાકુમારી નામની એક યુવાન બાળા છે, કે જેના ઉપર ગંગાબાઇના ખુનનું તહોમત હતું. આ સાંભળીને એકાએક વીજળીના ચમકારાની માફક આણંદરાયના મગજ ઉપર અજવાળું પડયું, કે કદાચ આ બાઇની મુલાકાતનો હેતુ થોડા યા વધારે પ્રમાણમાં, તેના પોતાના કામને સંબંધ કર્તા હશે. અને તેની કલ્પનાની લાગણીને તાબે થઇને એકદમ તેણે પહેરેગીરને, પેલી બાઇ કેદીને, તેની ઓરડીમાં, મુલાકાતને માટે લાવવા હા કહી.

પહેરેગીરો પૈસાને વશ થઇને આવી મુલાકાતો કરવાની સગવડ કરી આપતા. પહેરેગીરને આણંદરાયે પેલી સ્ત્રી કેદીને લાવવાનું હા કહેવાથી, તેણીને તેડી લાવવા તે ગયો.

હવે તો ક્રિષ્ણાકુમારી પોતાની જાતના સ્ત્રીના ખરા પોશાકમાં હતી, અને જ્યારે તેણી આણંદરાયની કોટડીમાં આવી, ત્યારે તેની તેણીના ઉપર નજર પડતાંજ, તેને વિચાર આવ્યો કે આવી છોકરી ગંગાબાઇનું ખુન કરે એ તદન અસંભવિત જણાય છે. પણ તેણે તેણીના ચહેરા ઉપર વધારે બારીકાઇથી જોયું તો, તે ઉપર દૃઢ નિશ્ચયતાનાં ચિન્હ માલમ પડયાં. તેથી તેણે ધાર્યું કે મોટી ઉમરની સ્ત્રીના જેવા દૃઢ નિશ્ચયવાળી આ છોકરી છે.

પહેરેગીર, એક કલાકમાં પાછો આવવાનું કહીને, તે કોટડી બંધ કરીને ગયો, આણંદરાયે ક્રિષ્ણાકુમારીને બેસવાનું કહ્યું, અને તેણીના બોલવાની રાહ જોઇને બેસી રહ્યો.

" આણંદરાય, " ક્રિષ્ણાકુમારી થોડીવારે ધીમેથી, પણ ભરોસો પડે એવા અવાજથી બોલી. " આપણો હાલ એકજ હેતુ છે. મેં જે શોધ કરી છે તે ઉપરથી તેવો હેતુ જણાય છે, તેજ માત્ર, આ પ્રમાણે મારે તમારી પાસે આવવાની માફી માગવાને પૂરતો છે. ટુંકામાં એટલુંજ કે તમે નિર્દોષ છો—હું પણ નિર્દોષ છું—અને આપણે એક બીજાને નિરપરાધી ઠરાવવાને

અરસ્પરસ મદદ કરવી જોઇએ. એટલુંજ નહિ, પણ ખરા ગુનેગારને ઇન-સાફ થવા ખૂલ્લા પાડવાની જરૂર છે."

"કયા ગુનાના કામમાં ખરો ગુનેગાર?" આણંદરાય, સ્વાભાવિક રીતે, અજાણ્યા માણસ સાથે વાત કરતાં સાવધગીરી વાપરતાં બોલ્યો.

"બન્ને ગુનામાં." મર્મમાં જવાબ મળ્યો.

"અરે! એ શું સંભવિત છે?" આણંદરાયે ચમકીને પૂછ્યું.

"શું, તમને તેમાં શક છે?" ક્રિષ્ણાકુમારીએ તરત સવાલ કર્યો.

"મારાથી જે આશ્ચર્યતાનો ઉદ્ગાર નીકળી ગયો, તેનો ભૂલ ભરેલો અર્થ તમે લીધો હોય એમ જણાય છે." આણંદરાયે જવાબ દીધો. "ખરી હકીકત એવી છે કે મને પોતાને કંઇ અમુક પ્રકારનો શક છે, પણ તે ઘણે કાચે પાયે. પણ હવે તમે તે શક વિષે આટલું વિશ્વાસ પૂર્વક બોલો છો, ત્યારે મને અજાયબી થાય છે."

"તે હું સમજું છું." ક્રિષ્ણાકુમારી બોલી. "કેટલીક વખત તમે એમ ધાર્યું હશે કે જે હાથથી મોતીનું ખુન થયું, તેજ હાથથી ગંગાબાઇનું પણ ખુન થયું હશે. પણ તે ખાત્રી પૂર્વક હોવાનું હજુ સુધી તમે તમારા મનમાં નક્કી કરી શક્યા નહિ હશો."

"મારા વિચાર તમે પૂરતી રીતે સમજ્યાં છો, ક્રિષ્ણાકુમારી." આ-ણંદરાય બોલ્યો. "પણ તમે શા ઉપરથી ખાત્રી કરી?"

"કે બન્ને કામમાં મંજુલા ખુની છે, તે?" ક્રિષ્ણાકુમારી મર્મમાં બોલી. "અરે! સાહેબ! તેણીની વિરૂદ્ધ સખ્ત પુરાવો છે. તમારા સંબં-ધની, અને તે દાંભિક અને પ્રપંચી મંજુલાના સંબંધની, તમામ હકીકતની મને ખબર છે. કારણ કે ગંગાબાઇને ઘેર તેણી જ્યારે સુવાવડમાં હતી, ત્યારે હું પણ ત્યાંજ હતી. અને તેણીની ગેર આબરૂથી અવતરેલું જીવતું બચ્ચું, એક તોફાની રાત્રે મારી નાખ્યું હતું."

"મારી નાખ્યું હતું?" આણંદરાય ખરેખરી ધાસ્તીમાં ફાળ મા-રતો બોલ્યો.

"હા—હા—મારી નાખ્યું હતું—અને તે પણ ઘણી દુષ્ટતાથી." ક્રિષ્ણા-

કુમારી બોલી. "તે ગરીબડા બચ્ચાની ચીસો મેં સાંભળી હતી, કે જે તોફાની પવનના સુસવાટાની આરપાર નીકળતી હતી."

"બસ. બસ." આણંદરાય બોલ્યો. "તે બચ્ચું, મારૂં છોકરૂં હતું. અમારા પ્યારનું બચ્ચું-અમારી અનીતિનું પરિણામ-પણ તે ગેર આબરૂથી જન્મ્યું ન હોય તે પ્રમાણે મેં તેને ઉછેર્યું હોત. અરે, રે! દુષ્ટ, ખુની સ્ત્રી! ઓ! પ્રભુ! હવે હું તેણીના ઉપર દયા નહિ બતાવું. કેટલીક પળો એવી પણ આવતી કે, જ્યારે મને તેણીના ઉપરે દયા આવી, તેણીનાં કૃત્યો ઉઘાડાં પાડવાના વિચારોમાંથી હું અટકતો; અને હું મારી જાતે ફાંસીનું લાકડું વહોરી લેવા, અથવા અર્ધ ગાંડામાં ગણાઇ, દીવાનાશાળામાં પડી રહેવા તૈયાર હતો. કારણ કે મને યાદ આવતું કે મેં તેણીને ભ્રષ્ટ કરી હતી. અને તેથી તેણીનું સ્ત્રી તરીકેનું મારા ઉપર વેર લેવાનો તેણીને હક હતો. પણ હવે જ્યારે તમે મારી ખાત્રી કરો છો કે તેણી પોતાના-મારા-બચ્ચાની ખુની હતી-"

"ઇશ્વરને સાક્ષી રાખીને હું કહું છું કે તે સત્ય છે." ક્રિષ્ણાકુમારી બોલી. "ગંગાબાઇના ઘરમાં જે ઓરડામાં મંજુલા હતી, તે ઓરડાની જોડેના ઓરડામાં હું હતી. અને એ ભયંકર કૃત્યના સંબંધમાં બધું મેં પૂરેપૂરૂં સાંભળ્યું હતું. કારણ કે તે બચ્ચાને જન્મ થયા પછી તરત પાછલી બારીએ નદીના ઉંડા પાણીમાં ફેંકી દેવામાં આવ્યું હતું."

"ઓ! પ્રભુ! શું તે રાત્રે તું ઉંઘી ગયો હતો?" આણંદરાય નિરાશા અને દુઃખ મિશ્રિત અવાજે બોલ્યો. "મંજુલા નિર્દય, ઘાતકી અને સાહસિક હતી, તે હું સારી પેઠે જાણતો હતો. પણ હાય! અફસોસ! કે તેણી મનુષ્યાકારમાં એક દુષ્ટ રાક્ષસી-પિશાચણી હતી-તે મારે જાણવાનું બાકી હતું."

"અને હવે તમે નહિ માનશો કે, જે સ્ત્રી પોતાનાજ બચ્ચાના ખુનને માટે કબુલ થઈ, તે પોતાની સલામતીના રસ્તામાં જે કોઇ આડે આવતું હોય, તેનું મોત લાવવાને જરાપણ આનાકાની કરે નહિ? હું પૂછું છું કે, શું એ સંભવિત નથી કે જે હાથે મોતીનું ખુન કર્યું તેજ હાથે ગંગાબાઇનો પણ અંત આણ્યો હોય? ધ્યાન પૂર્વક સાંભળો. બન્ને ગુના એકજ રાત્રે

થયા હતા—અન્ને ગુના ઘણા ભેદ ભરેલી રીતે થયા હતા—અન્ને ગુનાના અ-પરાધો નિર્દોષ માણસોના માથા ઉપર આવ્યા હતા. તે નિર્દોષ માણસોમાં એક તમે—અને બીજી હું છું." ક્રિષ્ણાકુમારી એટલું બોલીને બંધ રહી.

"ચલાવો, આગળ ચલાવો," આણંદરાય ઉશ્કેરાઈને બોલ્યો કે, જેનો ઉદાર અને ઉમદા સ્વભાવ વેરમાં બદલાઇ ગયો હતો.

"મેં આપને જણાવ્યું છે, સાહેબ," ક્રિષ્ણાકુમારી બોલી—"કે હું અને મંજુલા એકજ વખતે ગંગાબાઇના ઘરમાં રહેતાં હતાં, પણ તેણી કોણ હતી, તે તે વખતે હું જાણતી નહોતી. એટલુંજ નહિ, પણ તે વિષે ગઇ કાલ સુધી હું અજાણી હતી. છતાં ગંગાબાઈના ગેરઆબરૂ ભરેલા ઘર-માં મેં મંજુલાની સાથે ઓળખાણ કર્યું હતું, અને તેણી પોતાનું ભયંકર વેર લેવાની ભેદભરેલી વાત કરતી હતી. તે વેર એવું કે, જેના ઉપર તે લેવામાં આવતું હતું, તેને બિલકુલ શક જાય નહિ. અને હું પણ તેણીની માફક મને નીતિભ્રષ્ટ કરનારના ઉપર વેર લેવાને ઘણી આતુર હતી. તેણીએ પોતાનો છૂપો ભેદ મને કહેવાનું કબુલ કર્યું હતું—કે જે ભેદ ભરેલી રીતે તેણી ત્યાં એકાંતવાસમાં રહીને પણ પોતાને ભ્રષ્ટ કરનારના ઉપર પોતાનું વેર લેવાનું શરૂ કરી ચૂકી હતી. પણ પછી તેણી એકાએક છાનીમાની ત્યાંથી ચાલી ગઇ, અને ત્યારપછી ગઇ કાલ સુધી મેં તેણીને જોઇજ નહિ. ગઈ કાલે તેણીના ધણીની સાથે તેમના ઘર આગળ મેં તેણીને જોઇ. હું તેણીની પાસે ગઈ, પણ તેણી મારો તિરસ્કાર કરીને મગરૂબી ભરેલી રીતે કડકપણાથી મારી સાથે વર્તી—મારા ઉપર તેણીએ તે મહેલ જેવા ઘરનાં બારણાં બંધ કર્યાં. અને તેજ વખતે મારા ઉંડા અંતઃકરણમાં તે મગરૂબ સ્ત્રીના ઉપર દ્વેષ આવ્યો, અને આજુબાજુથી મેં તેણીના વિષે જરૂરી બા-તમી મેળવી. અહા! મારા મગજમાં એકાએક કેવું અજવાળું પડી ગયું? તે ગંગાબાઇના ઘરમાં મારી પાસેના ઓરડામાં રહેનારી સ્ત્રી મંજુલા હતી, અને તેણી હાલ મહોબતરાય સાથે પરણેલી હતી. આગળ તમારી સાથે પરણવાની હતી, પણ તે સંબંધ તૂટી ગયો હતો. તેનું કારણ કોઇ જાણતું નહોતું, અને તમે અસાધ્ય અને છૂપા વ્યાધિનો ભોગ થઇ પડ્યા.

હતા. પણ એકાએક તે રોગમાંથી તમે મુકત થવા લાગ્યા-તનદુરસ્ત થયા. ત્યારપછી તમારા નોકર મોતીનું ભેદભરેલી રીતે-કમકમાટ ઉપજાવે એવું ખુન થયું, અને તમે તુરંગમાં પડયા. આ હકીકતો-કેટલીક મારી તપાસમાં મને મળી-અને કેટલીક હું જાણુતી હતી, અને તેથી મારા મગજમાં નવા વિચારો ઉત્પન્ન થયા. કંઇક ગુપ્ત ભેદની ચાવી મને મળી હોય એમ લાગ્યું. ત્યારે બીજાની બાબતમાં શક ભરેલું અજવાળું મારા અંતરમાં પડયું. મને તરત જણાયું કે ગંગાબાઇને ઘેર મંજુલાએ પોતાનું વેર લેવા વિષે જે વાત મને કરી હતી તે તમારાજ સંબંધમાં હતી. અને મને લાગ્યું કે ધીમા ઝેર ની અસરથી તમે પીડાતા હતા. પણ તે ઝેર કોણ આપતું હતું ? શું તે ભેદ, મોતીના ખુનથી ખૂલ્લો નથી પડતો? હા, તેજ તમારા ખાનગી નોકર ની મારફત તે રાક્ષસી-વરૂ જેવી સ્ત્રી તમને ઝેર આપતી હતી-અને તે માણસ દુનિઆમાંથી હમેશને માટે દૂર થવાથી તેણીના વિરૂદ્ધ કંઇ પણ વાત કરી શકે તેવું એક માણસ ઓછું થયું હતું. અને બીજો હેતુ એ કે, તે ખુનનું તહોમત તમારા ઉપર આવવાથી તે પિશાચણીની ધારણા પ્રમાણે તમે ફાંસીને લાકડે લટકો. આ સઘળા વિચારો મારા મનમાં મજબૂત થઇ, દરેક બાબતની એક પછી એક કડી ગુંથતાં સંપૂર્ણ સાંકળી જોડાઇ. હેતુ, કૃત્ય, અને તેમની અસરનો પૂરતો ખ્યાલ મારા મગજમાં આવી ગયો. પછી જ્યારે મારા વિચારો એક બાબતમાં દૃઢ થયા, ત્યારે હું અડધે રસ્તેથી અટકી શકી નહિ, અને ત્યારેજ મારા અંતઃકરણમાં બીજો શક ઉત્પન્ન થયો. જે રાત્રે મોતીનું ખુન થયું હતું, તેજ રાત્રે ગંગાબાઇનું ખુન પણ થયું હતું. તો એકજ હાથથી બન્ને ખુન કેમ ન થયાં હોય? હા, કારણ કે જે હેતુથી મોતીને તેણીના સલામતીના રસ્તામાંથી દૂર કરવાની જરૂર હતી, તેજ હેતુથી ગંગાબાઇને પણ દૂર કરવાની ડહાપણ ભરેલી સૂચના તેણીના મગજમાં થઇ હોય. બન્ને જણ તેણીના ગુપ્ત ભેદથી જાણીતાં હશે, અને તેથી તેમાંથી કોઇ પણ ગમે તે વખતે પશ્ચાતાપથી અથવા વિરૂદ્ધતાથી તેણીનો ભેદ ખુલ્લો પાડી શકે એમ હતું. અને તેણીનો નાશ અથવા તેણીની જીંદગી-એ બે જીભો ઉપર લટકેલી હતી. તે બન્નેને દૂર કરવાં જોઇએ-હમેશને માટે ચૂપ

કરવાં જોઇએ—અને ત્યારેજ મંજુલા સલામત રહે. આવાંજ કારણો, બેશક, પાપીણી મંજુલાના મનમાં હોવાં જોઇએ, કે જે દુષ્ટ માતાએ પોતાનાજ તરતના જન્મેલા બચ્ચાનું ખુન કરાવ્યું હતું. તમે અધીરા થઈ ગયેલા જણાઓ છો, આણંદરાય, પણ હવે મારી હકીકતથી તમને વધારે ખોટી નહિ કરૂં."

"ના—ના—તમે જે કહો છો, તે સાંભળવામાં હું અધીરો થઇ ગયો નથી, ક્રિષ્ણાબાઇ." આણંદરાયે કહ્યું—"પણ હું ઉશ્કેરાઇ ગયો છું. મારી રગે રગે ગુસ્સો વ્યાપી ગયો છે—અને મારા મનની નબળાઇ અને મારી બેવકૂફી ઉપર મને તિરસ્કાર છૂટે છે—કે આવી દુષ્ટ રાક્ષસીને બચાવવાને ખાતર મેં પોતે ફાંસીની સજા ભોગવવાનો વિચાર એક પળ પણ કર્યો!"

"અહા! તમારી આવી ખોટી દયાને માટે તમને ભલે પસ્તાવો થાય!" ક્રિષ્ણાકુમારી બોલી. "પણ તમને હું એવો ખુલાસો કરતી હતી કે ગઇ કાલે મંજુલાના ઘરની નજીક મારી કરેલી તપાસથી, બન્ને ભયંકર ખુન મંજુલાએ કરીને, મારા અને તમારા ઉપર ખોટા આરોપો અણાવ્યા, તે ઉપર હું વિચાર કરતી હતી—મારામાં એકાએક ફેરફાર થઇ ગયો—મારા ઉપર જે ભયંકર તહોમત આવ્યું હતું, તેમાંથી મોકળા થવાનો સંભવ મને લાગ્યો—અને તે ખુની સ્ત્રીની ગેરઆબરૂ કરવાને, અને થોડી પળ પહેલાં તેણીએ મગરૂબીથી મારૂં જે અપમાન કર્યું હતું, તેનું વેર લેવાને, મને ઉશ્કેરણી થઇ આવી—હું તે ઘરમાં પાછી ગઇ—ત્યાં મારે તેણીની સાથે જે વાતચિત થઇ તે ઉપરથી મારો શક ખરો પડયો—મેં હિંમતથી મારાં અનુમાનો કહી બતાવ્યાં, અને જે જે તહોમતો મેં તેણીના ઉપર મૂક્યાં, તે તેણીને અને તેણીના ધણીને તેમના અંતરમાં કારી જખમ જેવાં લાગ્યાં. પણ હવે મારે વધારે કહેવાની જરૂર નથી—માત્ર એટલુંજ કે મોતી અને ગંગાબાઇનું ખુન કરનાર મંજુલા છે, અને હું તથા તમે નિર્દોષ છીએ."

"હા—તેમજ હોવું જોઇએ." આણંદરાય બોલ્યો. "અને હવે તેણી ફાંસીને લાકડે પોતાના ગુનાઓનું પ્રાયશ્ચિત કરશે. તેનો ધણી પણ તેણીની સાથે—કે જે પેલી સુકુમાર બાળાઓ—કુસુમ અને કળાનો પિતા થાય છે—તે પણ કદાચ સામેલ હશે."

"અને આપણું નિર્દોષપણું સાબીત થશે." ક્રિષ્ણાકુમારી બોલી. "ત્યારે હવે, આણુંદરાય, આપણા માથા ઉપર આવેલું આ કાળું, અને ખોટું તહોમત ખસેડી નાખવાની આપણે સાથે મહેનત કરી શકીશું?"

"ખચીત, ક્રિષ્ણાબાઈ." આણુંદરાયે દઢતાથી જવાબ દીધો. "કારણકે તમારાજ કહેવા પ્રમાણે આપણા હેતુ એકજ છે. અને તમારી સાથે જોડાવાને હું પ્રમાણિકપણે કબુલ છું, તેની સાબીતિને માટે મંજુલાને હાથે, મેં જે જે દુ:ખ ભોગવ્યું છે, તે હું તમને વિગતવાર કહી બતાવીશ."

પછી આણુંદરાયે પોતાની હકીકત—કે જે વાંચનાર જાણે છે તે—તમામ કહી બતાવી. ઝેર અને તેના ઉતારવાળી દવાની નોધો ગંગાબાઇના ઘરમાંથી તેણે શી રીતે મેળવી—દાક્તરે તેની પરીક્ષા કેવી રીતે કરી—ઉતારવાળી દવાથી તેને કેવી રીતે ફાયદો થયો—મંજુલા અને મોતી એક રાત્રે તેના સુવાના ઓરડામાં તેને મારી નાખવા કેવી રીતે દાખલ થયાં હતાં—અને મોતીએ તમામ હકીકત કબુલ કરી, તેનો પશ્ચાતાપ કરી કેવી રીતે સુધરી ગયો હતો—એ તમામ હકીકત ટુંકાણમાં કહી સંભળાવી.

ક્રિષ્ણાકુમારી ઉંડી જીજ્ઞાસાની તમામ વાત સાંભળી રહી, અને મંજુલા વિષે તેણીનો જે અભિપ્રાય હતો, તે આ દરેક શબ્દથી કાયમ ને કાયમ થતો ગયો.

પહેરેગીર આવ્યો—ક્રિષ્ણાકુમારીને તેણીની કોટડીમાં લઇ ગયો—પણ પૈસાની લાલચને વશ થઇને તેણે પાછી બીજી વખત મુલાકાત કરાવી આપવાનું કબુલ કર્યું.

પ્રકરણ ૯૧ મું.

તુરંગમાં બનેલા બનાવો.

ગયા પ્રકરણમાં કહેલો બનાવ બન્યા પછી બે ત્રણ દિવસે, એક દિવસ ક્રિષ્ણાકુમારી પોતાની કોટડીની બહારના ચોગાનમાં ફરતી હતી. તુરંગના ધારા પ્રમાણે કેદીઓને કોટડીની બહાર,

તેને લગતા ચોગાનમાં—કે જેને ચારેબાજુ દિવાલ હોય છે—પણ ઉપરથી ખુલ્લું હોય છે—ત્યાં અમુક વખતે ખુલ્લી હવામાં ફરવાની રજા મળતી હતી.

આ વખતે કેદીઓને બપોરનું ખાવાનો વખત થયો હતો. જે કેદીઓને પોતાનું ખાનગી ખાવાનું મળવાનાં સાધન અથવા સવડ નહોતી, તેમને તુરંગના ધારા પ્રમાણે તુરંગ તરફથી ખાવાનું મળતું હતું અને જેમને પોતાના મિત્રો. અથવા સગાંવહાલાં તરફથી ખાનગી ખાવાનું આવતું હતું, તે કેદીઓ આ વખતે ટોળે મળીને ચોગાનમાં બારણા પાસે પોતપોતાનું ખાવાનું આવવાની વાટ જોતા ફરતા હતા.

ક્રિષ્ણાકુમારી આ બધો તમાસો જોતી ઉભી હતી, અને પાસેની કોટડીઓમાંના કેદીઓને તેણી જોઇ શકતી હતી. તેમાં કેટલાક કેદીઓ તો એવા ભયંકર દેખાવના દેખાતા હતા, કે તેમને જોતાં બીક લાગે. આવા બે કેદીઓ ભયંકર ગુના કરે એવા ચહેરાના, તેણીના જોવામાં આવ્યા.

ક્રિષ્ણાકુમારીને જે પહેરેગીર સાથે પૈસાને લીધે ઓળખાણ થયું હતું, તે પહેરેગીર ત્યાં આગળ ઉભો હતો. તેની પાસે જઇને ક્રિષ્ણાકુમારીએ પેલા બે ભયંકર દેખાવના કેદીઓ કોણ હતા, તે વિષે પૂછયું.

"કેમ બાઇ, તમે આ કેદીઓને ઓળખતાં નથી ?" પહેરેગીરે જવાબ આપતાં કહ્યું. "આખો દેશ એમના ત્રાસથી બીએ છે—પેલો તો પ્રખ્યાત લૂટારો જાલમસિંહ છે, અને બીજો તેનો સોબતી ક્રૂરસિંહ છે. પણ જુઓ, હજુ તેમનું ખાવાનું આવ્યું નથી, તેથી કેવી અધીરાઇથી વાટ જોઇ રહ્યા છે ? લ્યો, આ પેલી ધની એમનું ખાવાનું લઇને આવે છે."

"એ ધની કોણ છે ?" ક્રિષ્ણાકુમારીએ પૂછયું.

"એ પેલા ક્રૂરસિંહની છોકરી છે." પહેરેગીરે જવાબ દીધો. "હવે જો તમારે એમની વાતો સાંભળવી હોય, તો પેલા ખૂણામાં સંતાઇ જાઓ, એટલે તમને એમની વિચિત્ર વાતો સાંભળવાની રમુજ પડશે."

ક્રિષ્ણાકુમારીની જીજ્ઞાસા વધી—અને ધની તથા પેલા બે કેદી વચ્ચે ચાલતી વાતચિત સાંભળવા તેણી ખૂણામાં છૂપાઇને ઉભી રહી.

"કેમ ધની, આજ કેમ તને મોડું થયું?" ક્રુરસિંહે પૂછયું.

"કારણ કે ગઇ કાલે તમે મને જે બાબત કહી હતી તેની તપાસ કરતી હતી." ધનીએ જવાબ દીધો.

"તે તપાસનું શું પરિણામ આવ્યું?" તેણીના બાપે પૂછ્યું.

"એક વિલક્ષણ નામ મને જણાઇ આવ્યું." ધનીએ જવાબ દીધો.

"પણ તે શું નામ?" જાલમસિંહે પૂછ્યું-"અરે આ છોકરી ખુલાસો કરતાં વાર કેટલી લગાડે છે?"

"કારણ કે, મને મોડું થવાથી ઉતાવળે આવતાં શ્વાસ ભરાઇ આવ્યો છે, માટે મને શ્વાસ નીચે બેસવા દો." તેણીએ જવાબ દીધો.

"વારૂ, ધીમેથી કહે ત્યારે." જાલમસિંહ બોલ્યો.

"પહેલું તો એ કે," ધનીએ કહ્યું-"મારી સાથે પેલા છોકરા કાળીઆને મેં લીધો. એ છોકરાને જયચંદ્રવાળું કામ કરવા, સુરેશ વકીલને ત્યાં રાખ્યો હતો."

"હા-હા, તે અમે જાણીએ છીએ." જાલમસિંહ બોલ્યો-"તેં અમને તે વિષે કહ્યું હતું. પણ મને લાગે છે કે જયચંદ્રને તેના દસ્તાવેજો સુરેશચંદ્ર વકીલને ત્યાંથી પાછા આણી આપવા બદલ તને કંઇ ભારે ઇનામ મળ્યું હતું."

"હા, તેને માટે બસેં રૂપીઆ-અને કળાને અજબકુમારના પંજામાંથી છોડાવવા બદલ પાંચસેં રૂપીઆ-એ પ્રમાણે બધા થઇને સાતસેં રૂપીઆ મળ્યા હતા;" ધની બોલી-"હવે આપણે દૂર દેશાવર જઇ, ઠામ પડવાને માટે થોડી રકમ ભેગી થઇ છે."

"ખરૂં છે." જાલમસિંહ ખુશી થતો બોલ્યો. "અને વળી આપણે ભૂલી જવું નહિ જોઇએ કે, મોજમઝામાં ગરકાવ થયેલી મારી ધણીઆણી કે જે પોતાને યશોદાબાઇના નામથી ઓળખાવે છે-તેણીએ પણ એક હજાર રૂપીઆ આપી, આપણા ભંડોળમાં ઉમેરો કર્યો છે. આપણું નસીબ એટલું ચઢતું હતું કે, તેણી ખુનના ગુના માટે પકડાતાં પહેલાં, તમે તે રકમ તેણીની પાસેથી કઢાવી શક્યાં. અહા! કોણ જાણતું હતું કે તેણી આવાં કામ કરી શકે એવી હતી?"

પછી તેમની વચ્ચે કેટલીક ખાનગી વાતચિત થઇ, અને ધની ચાલી ગઇ.

ક્રિષ્ણાકુમારી ધીમે પગલે વિચાર કરતી કરતી પોતાની કોટડીમાં ગઇ—અને એક ચિઠ્ઠી સુરેશચંદ્ર વકીલને લખી; તેમાં નીચે પ્રમાણે લખ્યું હતું.

"પેલો કાળીદાસ નામનો છોકરો, તમારે ત્યાં કારકૂન હતો—કે જે પેલા દસ્તાવેજો ચોરી ગયો છે—તેને એક બદમાશોના ટોળામાંની એક બાઇએ તમારે ત્યાં એ ચોરી કરવાને માટે ખાસ મૂકયો હતો—તે ટોળામાંના કેટલાક હાલ તુરંગમાં છે. તે બાઇનું નામ ધની છે. કદાચ, તે દસ્તાવેજો ચોરાઇ ગયા બદલ, તમે તે દુષ્ટોના ઉપર વેર લેવાને કંઇ ઉપાય કરશો."

તે ચિઠ્ઠી એક પરબીડિયામાં બીડીને તેના ઉપર શિરનામું કરીને, પેલા પહેરેગીર માર્ફતે ટપાલમાં મોકલી; અને જ્યારે તે પાછો આવ્યો, ત્યારે આણંદરાયની પાસે તેણીને લઇ જવા તેણીએ તેને અરજ કરી. પહેરેગીરે તે અરજ કબુલ કરી.

આણંદરાયની પાસે જઇ ક્રિષ્ણાકુમારીએ, મંજુલા વિષે કેટલીક વાતચિત કરી—આણંદરાયે બધી હકીકત એક કાગળ ઉપર લખી લીધી—પછી તે બન્ને છૂટાં પડયાં. પહેરેગીરની સાથે ક્રિષ્ણાકુમારી પોતાની કોટડી તરફ જતી હતી, તેવામાં સામેથી યશોદાબાઇ આવતી હતી, તે રસ્તે મળી. યશોદાબાઇ આ વખતે, તેજ ચોગાનમાં પોતાની કોટડીમાંથી પહેરેગીરની સાથે ફરવા નીકળી હતી.

"અહા! દુષ્ટ ભડવી! આ વખતે આવી સ્થિતિમાં તને જોઇને હું ખુશી થઇ છું." ક્રિષ્ણાકુમારી ધિઃક્કારથી બોલી. "તું ફાંસીએ લટકીશ. અને તેવી સ્થિતિમાં તને મૂકનાર હુંજ છું."

"હરામખોર! તું પણ ફાંસીને લાકડે લટકવાની છું." યશોદાબાઇ ગુસ્સાથી લાલચોળ થઇ જઇ બોલી. "જેવી તેં મારી વિરૂદ્ધ ખબર આપી, તેવીજ મેં પણ તારી વિરૂદ્ધ ખબર આપીને તને પકડાવી હતી."

"અરે! પિશાચણી! પણ હું તો ફાંસી જવાની નથી." ક્રિષ્ણા-

કુમારી તાણો મારતાં બોલી. "કારણ કે હું મારૂં નિરપરાધીપણું સાબીત કરી શકીશ. અને તારાથી તેમ થઇ શકે એમ નથી."

"અરે, દુષ્ટા! જો તું ફાંસીએ નહિ જાય, તો પણ બીજી રીતે તું મરીશજ." યશોદાબાઇ ગુસ્સામાં આખું શરીર કંપાવતાં ભયંકર જુસ્સાથી બોલી.

"ઓ! દુષ્ટ અને નીચ ભડવી! રાંડ કુલટા! તને ફાંસીને લાકડે લટકતાં અને તરફડિયાં મારતાં જોઇ, ખુશી થવાને માટે હું જીવીશ." ક્રિષ્ણાકુમારી દાંત કચકચાવતાં બોલી.

"નાની સરખી વેશ્યા! રાંડ છીનાળ! તેં ગંગાબાઇને મારી નાખી!" સામી યશોદાબાઇ પણ ગુસ્સાથી દાંત કચકચાવી બોલી.

"રાંડ દુષ્ટા, જાલમસિંહ લૂટારાની બાયડી!" અપૂર્વ ધિક્કાર વરસાવતી ક્રિષ્ણાકુમારી બોલી. "દમણાજ તે તારો માંટી તારી વાત કરતો હતો."

"હેં! તું મને છેલ્લે પગથીએ લઇ જવા ઉશ્કેરે છે, કેમ?" યશોદાબાઇ ધાટા અવાજે બોલી—અને તેજ વખતે તેણીએ પોતાની કમરમાંથી કંઇક ચીજ ખેંચી કાઢી—કે જે ક્રિષ્ણાકુમારીની આંખો આગળ ચમકી રહી.

"ખુની! રાક્ષસી!" ક્રિષ્ણાકુમારીએ પોતાની તરફ ઘા આવતો જોઇ ધારતીથી પાછી ખસી જતાં બૂમ પાડી—પણ બીજીજ પળે એક લાંબી અને ઝીણી ધારવાળી, અણીદાર કાતર, યશોદાબાઇએ એક કૂદકો મારી ક્રિષ્ણાકુમારીની છાતીમાં જોરથી ઘોંચી ઘાલી.

એક ઝીણી ચીચીયારી સાથે ક્રિષ્ણાકુમારી યશોદાબાઇના પગ પાસે ધબ દઇને પડી—અને પાસે જે પહેરેગીર બીજી તરફ નજર રાખી ફરતો હતો, તેણે ચીસ સાંભળતાં પાછું ફરીને જોતાં, જે બન્યું હતું, તે તેના ખ્યાલમાં આવી જતાં, યશોદાબાઇને પકડી લીધી—અને જ્યારે તે ઝેરીલી નાગણને તેણીની કોટડીમાં ખેંચી જતા હતા, ત્યારે ઘાયલ થયેલી ક્રિષ્ણાકુમારીને સંભાળ પૂર્વક ઉચકીને તુરંગમાંના દવાખાનામાં લઇ જવામાં આવી.

પ્રકરણ ૯૨ મું.

મરણ પથારી.

તેજ દિવસે સાંજે જયચંદ્રના મકાનમાં, તુરંગનો એક અધીકારી જઈને, જયચંદ્રને મળ્યો; અને કહ્યું કે, ક્રિષ્ણાકુમારી સખ્ત ઘાયલ થઇ છે, અને મરવાની તૈયારીમાં છે, પણ મરતાં પહેલાં તેણી જયચંદ્રની મુલાકાત લેવા ઘણી ઇન્તેજાર છે.

કુદરતી રીતે ઉમદા દિલનો જયચંદ્ર આવી અરજ સ્વીકારે નહિ, તેવો નહોતો. તે એકદમ તુરંગના અધિકારી સાથે જવાને તૈયાર થયો. રસ્તે જતાં જયચંદ્રને પેલા અધિકારી સાથે વાતચિત કરતાં ખબર પડી કે, યશોદાબાઇએ ક્રિષ્ણાકુમારીને મરણતુલ્ય ઘા કર્યો હતો–આ સાંભળીને, આ તરૂણ ગૃહસ્થને, પોતાને એક વખત આ દુષ્ટ યશોદાબાઇ સાથે મિત્રતાનો ઘાડો સંબંધ હતો, એવું યાદ આવતાં, અંદરથી કમકમી છૂટી.

તુરંગમાં આવ્યા પછી, દવાખાનામાં જ્યાં ક્રિષ્ણાકુમારીને રાખવામાં આવી હતી, ત્યાં જયચંદ્રને લઈ જવામાં આવ્યો. ક્રિષ્ણાકુમારીના ચહેરા ઉપર મરણનાં ચિન્હ ફરી વળ્યાં હતાં–લોહી ઉડી ગયું હતું, અને શ્વાસ ચાલતો હતો.

જેવો જયચંદ્ર તે ઓરડામાં પેઠો, કે તેના અંતઃકરણમાં પશ્ચાતાપનો ડંખ લાગ્યો. કારણ કે તેના અંતઃકરણે તેને જણાવ્યું કે, તેણીના તરફ તે પોતે વિશ્વાસઘાતથી વર્ત્યો હતો, અને તેના પરિણામમાં તેણી આ સ્થિતિમાં આવી પડી હતી; અને છેલ્લે અકસ્માત રીતે ઘાતકી મોતના પંજામાં સપડાઇ હતી.

હવે આજુબાજુ ક્રિષ્ણાકુમારીએ જેવો જયચંદ્રને શોકાતુર ચહેરે પોતાની પાસે આવતો જોયો, કે તેણીના ચહેરા ઉપર પશ્ચાતાપ અને પાછલો પ્યાર ઉભરાઇ આવ્યો. આ જોઇને જયચંદ્રને લાગ્યું કે તેણીએ મરતી વખતે

તેને ઠપકો આપવા બોલાવ્યો નહોતો. જયચંદ્રને લાવનાર તુરંગનો અધીકારી અને ક્રિષ્ણાકુમારીની સારવારમાં દવાખાનાની જે બાઈ હતી, તે બન્ને જયચંદ્રને ક્રિષ્ણાકુમારી પાસે રહેવા દઇને ઓરડામાંથી બહાર ગયાં.

જયચંદ્રે બેચેનીથી તે ઓરડાના નાખુશ દેખાવ તરફ, ચારે બાજુ નજર ફેરવી, અને આ સ્વરૂપવાન બાળાને આવી જગાએ મરણ પથારીમાં જોઇ, તેને ધ્રુજારી છૂટી—પછી તેણે ક્રિષ્ણાકુમારીના સામું જોયું, તો તેણીની આતુર આંખો તેના તરફ ઠરી રહેલી દેખાઇ—તે આંખોમાં અપાર શોક મિશ્રિત માયાળુ લાગણી દેખાતી હતી. તે બાળાએ પોતાનો હાથ લાંબો કરી, નબળા અને ધીમા અવાજે કહ્યું. "મારી પાસે બેસો—મારે મરતા અગાઉ તમને ઘણું કહેવાનું છે.

આ શોકજનક અવાજમાંથી નીકળેલા કરૂણાળુ શબ્દો જયચંદ્રના ઉંડા અંતઃકરણમાં પેઠા—તેની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં—તેણે ક્રિષ્ણાકુમારીનો હાથ પોતાના હાથમાં લીધો, અને તેણીની પથારી પાસે ઘુંટણે પડીને બોલ્યો. "મને માફ કર, ક્રિષ્ણા—મેં તારા તરફ જે નિર્દયતા વાપરી છે, તેને માટે મને માફ કર."

"આપણે બન્નેને અરસપરસ માફી માગવાનો તથા આપવાનો આ પ્રસંગ છે, જયચંદ્ર." ક્રિષ્ણાકુમારી પોતાના અસલના રૂપેરી ઘંટડી જેવા ઝીણા અને મૃદુ સ્વરે ધીમેથી બોલી. "થોડા કલાક અગાઉ સુધી, પહેલાં આપણી ઓળખાણની શરૂઆતમાં જેવી ઉંડી લાગણીથી તમને ચાહતી હતી, તેવાજ ઉંડા ધિક્કારથી હું તમારા તરફ જોતી હતી. પણ હવે મારૂ મૃત્યુ સમીપ આવ્યું છે, અને મારા અંતરમાં નહિ જણાય તેવો અવાજ પ્રેરણા કરે છે, કે જેથી આપણે એક બીજાને માફી આપીએ, તો મારૂં મૃત્યુ શાંતિમાં થશે, એમ મને લાગે છે."

"તેં કોઇપણ પ્રકારે મને નુકસાન કરવાના જે જે પ્રયત્નો કર્યો હતા, તેને માટે હું કેવી ખુશીથી, અને કેવા ખરા દિલથી તને માફી આપું છું, તે મારો ઇશ્વર જાણનાર છે." જયચંદ્ર અંતઃકરણની ઉંડી લાગણીથી બોલ્યો. "પણ, ક્રિષ્ણાકુમારી, મેં તારા તરફ પ્રથમથી જે નિર્દયતાભરી

અને દગાખોર વર્તણુક ચલાવી છે, તે માટે તું મને ખરા દિલથી માફી આપીશ. ?"

"હા—હું માફ કરૂં છું—ખૂલ્લા દિલથી ,માફ કરૂં છું, જયચંદ્ર." ક્રિષ્ણાકુમારીએ જવાબ દીધો. તેણીના ચહેરા ઉપરથી તેણીના બોલવાનું પ્રમાણિકપણું જણાઇ આવતું હતું.

"ત્યારે તારા અંતઃકરણ ઉપર જે ખોટાં કામનો બોજો હોય તેને માટે ઇશ્વર તને માફ કરે !" જયચંદ્રે કદી નહિ જાણેલી એવી સંપૂર્ણ ધાર્મિક લાગણીથી તે મરતી બાળાનો હાથ, પોતાને હોઠે દાબી, કહ્યું, અને પથારીની પાસે બેઠો.

"ઇશ્વરની માફીને માટે મને નિરાશા નથી, જયચંદ્ર." ક્રિષ્ણાકુમારી બોલી. "કારણ કે તમારા ઉપરના મારા પ્યારને લીધે હું તમારાથી નીતિ ભ્રષ્ટ થવા પામી, અને તેનું તમારા 'ઉપર વેર લેવા મેં જે કંઇ કર્યું, તે સિવાય બીજું કંઇ પણ ખોટું કામ મેં કર્યું નથી."

"એમ શી રીતે બને ? તું શું કહેવા માગે છે ?" જયચંદ્ર ખુશાલી અને અજાયબીની લાગણીથી બોલ્યો. "જે ગુનાનો તારા ઉપર આરોપ છે—જેને લીધે તું આવી નર્કયાતના જેવી તુરંગમાં આવી પડી છે—અહા ! તેમાં તું નિર્દોષ હોય, એવું જાણવાને હું કેવો ખુશી થાઉં ?"

"હું નિર્દોષ છું, જયચંદ્ર." તેણીએ જવાબ દીધો, અને તેણીના બોલવાના સાચાપણા વિષે તેણીનો ચહેરો સાક્ષી આપતો હતો. "હા—નિરપરાધી છું—અને મારૂં નિર્દોષપણું ઘણા ટુંકા વખતમાં દુનિઆને જાહેર થશે. જો પરમાત્મા, મને તે પરિણામ જોવા, તેટલો વખત જીવાડે, તો હું ઘણી સંતોષમાં અને સુખમાં મરૂં !"

"પણ ત્યારે ખરૂં ખુની કોણ ? ગંગાબાઇને કોણે મારી નાખી ?" જયચંદ્રે અજાયબીમાં પડીને પૂછયું—જો કે તે મરતી બાળાના બોલવા ઉપર તેને પૂરનો વિશ્વાસ બેઠો હતો.

"જે આશુદાસ આજુબાજુના સંજોગોને લીધે મોતીના ખુનના આરોપનો ભોગ થઇ પડયા છે, તે સઘળું જાણે છે." ક્રિષ્ણાકુમારી બોલી.

"અને તે મારૂં અને તેનું પોતાનું નિર્દોષપણું એકજ વખતે જાહેરમાં લાવશે-માટે હવે એ બાબત ઉપર આપણે વધારે વાત કરવાની જરૂર નથી. માત્ર તમારે એટલી ખાત્રી રાખવી બસ છે કે મારા ઉપર જે આરોપ મૂકવામાં આવ્યો છે, તેને માટે હું નિરપરાધી છું; અને તેથી કંઇ પણ ગભરાટ કે તિરસ્કાર વગર તમે મારી પાસે બેસીને, હું જે કબુલત કરવા માગું છું, તે ધ્યાનપૂર્વક સાંભળો."

"જો તે કામમાં તું ગુનેગાર હોત, તો પણ હાલ હું તારા તરફ બિલકુલ તિરસ્કાર વૃત્તિથી વર્ત્યો ન હોત." જયચંદ્રે કહ્યું. "પણ હું મને પોતાનેજ વધારેને વધારે ઠપકા પાત્ર અને તિરસ્કાર પાત્ર ગણત, કારણ કે તને એવે રસ્તે ચઢાવનાર-ચઢવાની જરૂર પાડનાર-હુંજ પ્રથમ કારણરૂપ થયો હતો-પણ હવે તું જે કબુલ કરવાનું કહે છે તે-"

"સાંભળો." તેણી બોલી. "મારી નજીક આવો-હજુ પાસે આવો-કે જેથી મારે મોટેથી બોલવું પડે નહિ, અને બનતા સુધી મને વચ્ચે રોકતા નહિ. તમને જે જે દુઃખ આપવાને મેં ધાર્યું હતું, અને મહેનત કરી હતી, તે સઘળાની કબુલત કરવાથી હું સુખથી મરી શકીશ. કારણ કે હવે મને જણાય છે કે, મારૂં મૃત્યુ પાસે આવી પહોંચ્યું છે." તેણી પોતાને નીતિ ભ્રષ્ટ કરનારના ઉપર પ્યારથી જોતાં બોલી-"અને તમારે માટે શરૂઆતમાં જે ઉંડો પ્યાર હતો, તે હવે મારા અંતરમાં પાછો ઉભરાઇ આવ્યો છે-ખરેખર! પાસે આવતું મૃત્યુ, માણસના અંતરમાં ઘણો ખૂબી ભરેલો ફેરફાર કરે છે-વેરની લાગણી કાઢી નાખી, તે પવિત્ર પ્યારની લાગણીમાં ફેરવી નાખે છે. તમારી સાથે ગુસ્સા ભરેલી લાગણીથી હું આ દુનિઆ છોડી જવા ઇચ્છતી નથી મારીનો શબ્દ તમારા કાનમાં નાખવાને, અને તેવો શબ્દ તમારી પાસેથી સાંભળવાને હું ઘણી આતુર હતી-હવે મારી તે આશા પૂર્ણ થઇ છે, અને હું સુખી થઇ હોઉં એમ મને લાગે છે-અરે, અપાર સુખી-પણ મારી લાગણી બતાવવામાં અમૂલ્ય વખત ગુમાવવાનો નથી, પણ મુદ્દાની હકીકત હું એકદમ કહેવા માંડીશ. જયચંદ્ર, શામળાવર્ણના નોકર છોકરાના વેશમાં રાવજીના નામથી તમારી નોકરીમાં

મારો રહેવાનો હેતુ, તમે સારી રીતે સમજી શકશો. હવે હું કબુલ કરીશ કે કોઇ પણ જાતના સારા હેતુથી મેં તે ભાગ ભજવ્યો નહોતો. તમને યાદ હશે કે, મારા તમારે ત્યાં રહ્યા પછી તરતજ થોડા દિવસમાં શીવપ્રસાદ તમારે ત્યાં આવ્યા હતા. તમે બન્ને જ્યારે વાતમાં બેઠા હતા, ત્યારે એક કાગળ આપવા મારે તમારી પાસે આવવું પડ્યું હતું. અને મેં બારણું ઉઘાડયું તેજ વખતે તમારા કીમતી દસ્તાવેજો, તમે તમારા પલંગ નીચેની પેટીમાં રાખો છે, એવું તમે શીવપ્રસાદને કહેતા હતા, તે મેં સાંભળ્યું—આ શબ્દો મને કોઇ અમુક જાતની ભેદભરેલી ચાવીની માફક મળ્યા હોય, તેમ લાગ્યું—કે જેની તે વખતે મને ખબર નહોતી. પણ થોડા વખતમાં તે ભેદ ખોળી કાઢવાનું મેં ધાર્યું હતું. પછી તમે અને શીવપ્રસાદ કંઇ મહત્વની વાત કરતા હશો, એમ ધારીને, બારણા પાછળ સંતાઇ રહી બધું મેં સાંભળ્યું. પહેલું તો એકે મારે માટે શીવપ્રસાદે અવિશ્વાસ બતાવ્યો, અને પછી પ્યારની ભેદ ભરેલી લાંબી વાત તમે તેને કહી..એ વાતનું સંધાણ મેં પેલી નાટકશાળાની ટીકીટ અને આસમાની ડગલા તથા ફેંટા સાથે જોડયું. જ્યારે તમે મને બોલાવીને, તે ડગલો તથા ફેંટો બાળી મૂકવા હુકમ આપ્યો ત્યારે મેં જોયું કે તેનો ઉપયોગ કરવાને શીવપ્રસાદ ઘણો ઇન્તેજાર હતો, અને મને વધારે શક ગયો કે નાટકશાળામાં તમારે બદલે તમારો વેશ ધારણ કરીને જવા તે ઇચ્છતો હતો- તેજ વખતે મને વિચાર આવ્યો કે શીવપ્રસાદની ઇચ્છા પૂરી પાડવામાં તમારા ઉપર મારો વેર લેવાનો હેતુ કેટલેક અંશે સફળ થશે. તેથી મેં, ગમે તે જોખમે પણ તે કપડાં નહિ બાળી નાખવાનો નિશ્ચય કર્યો. શીવપ્રસાદ ઘેર જવા નીકળ્યો, ત્યારે મારે તેની સાથે વાત થઇ, અને તેણે રાત્રે મને પોતાને ઘેર બોલાવી. હું રાત્રે તેને ત્યાં ગઇ—ત્યાં અકસ્માત રીતે તેના અને સુરેશચંદ્ર વકીલની વચ્ચેની વાતચિત મારા સાંભળવામાં આવી. તમારા વિરૂદ્ધ જે દાવો થવાનો હતો તે સંબંધી તે વાતચિત હતી. અને તેથી તમારો પૂરો નાશ કદાચ ન થાય તો તમને ઘણું નુકસાન ખમવું પડે, એમ કરવું મારા હાથમાં હતું એમ મને લાગ્યું. જ્યારે સુરેશચંદ્ર વકીલ ગયો, ત્યારે પેલા

ના કશાળાના પોશાક વિષે મારે શીવપ્રસાદ સાથે વાત થઇ, અને તેણે ખુશીથી મારી માગણી કબુલ કરી કે પેલો કાગલો અને ફોટો તમે મને બાળી મૂકવા આપેલો છતાં મેં રાખી મૂકેલો, તે મારે તેને આપવો.''

"અહા! ત્યારે શું, એ શીવપ્રસાદ હતો કે જેણે તારા સહાયક તરીકે, નાટકશાળામાં ભાગ ભજવ્યો?" જયચંદ્ર બોલી ઉઠયો. "પણ ત્યારે તે તે વખતે પેલી અજાણી સ્ત્રીને મળ્યો હતો?"

"અલબત્-અને તે તેટલાજ માટે ત્યાં ગયો હતો." ક્રિષ્ણાકુમારીએ જવાબ દીધો. "તે અરસામાં કળાને માટે મેં પાથરેલી જાળમાં તેણી સપડાઇ, અને તેણીની ઇર્ષ્યા એક નનામા કાગળથી ઉશ્કેરાઇ."

"તે હકીકતથી હું વાકેફ છું; ક્રિષ્ણા." જયચંદ્ર બોલ્યો. પછી થોડીવારે ફરીથી બોલ્યો. "કળા અને હું પાછાં જોડાયાં છીએ, અને નાટકશાળામાં જે ભાગ ભજવવાને તે તેણીને લલચાવી હતી, તે સઘળી હકીકત તેણીએ મને કહી છે."

"હું સાંભળીને ખુશી થઇ છું કે, તમે બે વચ્ચે સમાધાન થયું, અને પાછાં જોડાઇ ગયાં છો-ખરેખર, હું મારા ખરા દિલથી કહું છું કે હું ઘણી ખુશી થઇ છું-" તે બાળા ઉંડા અંતરની લાગણીથી બોલી-"તમે બન્ને સુખી રહો! ઇશ્વર તમને સુખી રાખે!" એમ બોલતાં તેણીના ગાલ ઉપર આંસુની ધારા ચાલી.

"તેં તે વખતે દાસીનો ભાગ ભજવ્યો હતો." થોડીવારે જયચંદ્ર બોલ્યો. "પણ હવે તારૂં વૃતાંત આગળ ચલાવ."

"તમે હવે સમજ્યા હશો કે, કળાથી તમને તદન છૂટા પાડી નાખવાનો મારો ઇરાદો હતો." એકદમ ક્રિષ્ણાકુમારી બોલી ઉઠી-કારણ કે જાણે કોઇ નાખુશ વાતનો તેણી એકદમ છેડો લાવવા માગતી હોય, એવી ઇન્તેજારીમાં હતી "મેં જોયું કે તમે તેણીને ચાહતા હતા-અને, હાય! અફસોસ! હું, અભાગણીનો હેતુ એજ હતો કે તમારા સુખનો બધી તરફથી નાશ કરવો અને તેથી તે બિચારી નિર્દોષ કુમારિકા અને તમારી વચ્ચે તુટ પડાવવાને માટે, નાટકશાળાનો મેં ઉપયોગ કર્યો. પણ હજુ મેં

તમને જે નુકશાન કર્યું હતું, તે આટલેથી પૂરૂં થયું નથી. જયચંદ્ર, હું તમારા સૂવાના ઓરડામાં એક રાત્રે પેઠી તમે ઉંઘતા હતા, ત્યારે તમારા ઉસીકાની તળેથી કુંચીઓ મેં કાઢી લીધી, અને પછી પલંગ નીચેની પેટી-માંથી તમારા દસ્તાવેજો ચોરી લીધા-કે જે મેં બીજેજ દિવસે સુરેશચંદ્ર વકીલને આપ્યા; તેણે તે લેવા બિલકુલ આનાકાની કરી નહોતી. અરે! રે! તે વખતે તમારા ઉપર મારૂં વેર પૂર જોસમાં ઉછળતું હતું, અને તે વેર લેવાને ગમે તેવું કાળું કૃત્ય કરવાને હું તૈયાર થઇ રહી હતી-અને શું, તુમને યાદ નથી કે, એક દિવસે મારી બેનને કોઇએ ભ્રષ્ટ કર્યા વિષે જોડી કાઢેલી વાત મેં તમને કરી હતી? અહા! તે વખતે મેં તમને ગભરાતાં જોયા હતા-અને હું નિર્દયપણે જે શબ્દ પ્રહાર કરતી હતી, તે તમને ઝેરી વીંછીની માફક ડંખતા હતા, એમ હું જોતી હતી."

"અને ખરેખર, તે વખતે મને લાગતું હતું કે એ વાતમાં કંઇક લુચ્ચાઇ ભરેલો ભેદી મુદ્દો હતો." જયચંદ્ર બોલ્યો. "અને ખરી વાત છે કે, તારા શબ્દોથી અને તારી ભય ભરેલી નજરથી હું ગભરાતો હતો-અને ઓ! ક્રિષ્ણાકુમારી! તે વખતે તેં તારૂં વેર ખરેખરૂં વાળ્યું હતું."

"એ વાત તમારા વકીલ રમણીકલાલના આવવાથી બંધ થઇ હતી." ક્રિષ્ણાકુમારી બોલી. "તે દાવા વિષેની વાત લાવ્યો હતો, અને તમે દ-સ્તાવેજો લેવા તમારા ઓરડામાં ગયા-હું તમારી સાથે હતી-અને હાલ જ્યારે મને યાદ આવે છે કે, તમારા મોઢામાંથી 'નાશ' એ શબ્દ નીકળ્યો હતો, ત્યારે મને કેવો ખુશાલી ભરેલો સંતોષ થયો હતો! હવે આ વખતે મારા અંતરમાં મારા એ કૃત્ય બદલ પશ્ચાતાપનો ડંખ કરડે છે-પણ દસ્તા-વેજો ગયાની વાત, તેજ દિવસે મેં દયારહિતપણે સુરેશચંદ્ર વકીલને જ-ણાવી હતી. તેજ રાત્રે તમે બહાર ગયા હતા."

"હા-મને યાદ છે." જયચંદ્ર મન સાથે બોલ્યો. "પણ આગળ ચલાવ."

"તમારી ગેરહાજરીમાં, તે રાત્રે, એક ઉંચા દેખાવનો નોકર એક ચિઠ્ઠી લાવ્યો." ક્રિષ્ણાકુમારી બોલી. "અને મેં ધાર્યું કે, તમે તમારી વા-

તમાં શીવપ્રસાદને જે ઉંચા નોકર વિષે જણાવ્યું, તેજ આ માણસ હશે. તેણે પોતાનો ચહેરો છૂપાવવાને સાવચેતી વાપરી હતી. પછી તમે ઘેર આવ્યા, ત્યારે તમે મને તેના વિષે જે જે સવાલો પૂછયા, તે ઉપરથી મારી ખાત્રી થઇ. તે ઉંચો નોકર મધરાત્રે પાછો આવ્યો–તમે તેની સાથે ગયા. મેં તમારો પીછો લેવા નિશ્ચય કર્યો–અને ટુંકામાં એટલુંજ કે, તમને જે વખતે પેલા અંધારા ઓરડામાં, પેસી અજાણી સ્ત્રી લઇ ગઇ, તેજ વખતે હું પણ તે ઓરડામાં દાખલ થઇ હતી.”

“ઓ, મારા પ્રભુ! ત્યારે તું જાણતી હોવી જોઇએ કે તેણી કોણ હતી?” જયચંદ્રે અજાયબી અને ઇન્તેજારીથી પૂછયું. “મને કહે, ક્રિષ્ણા-કુમારી, કે એ સ્ત્રી કોણ હતી, કે જેણે મને કેટલાક વખત સુધી મને આંધળો બનાવી પોતાની મોહજાળમાં ફસાવી રાખ્યો હતો?”

“ધીરજ રાખો, જયચંદ્ર, તમે બધું ધીમે ધીમે જાણશો.” ક્રિષ્ણા-કુમારીએ જવાબ દીધો. “તે વખતે તમારે અને તે સ્ત્રીને જે વાત થઇ, તે તમને, બેશક, યાદ તો હશે. તેણી તમને કેવા ઉંડા પ્યારથી ચાહે છે, તે તેણીએ કહ્યું. હવે મેં જાણ્યું કે આ મારી બીજી શોક હતી–અને મેં જોયું કે તમે આંધળા થઇને આ અંધકાર ભરેલા ભેદમાં તેણીને તાબે થઇ ગયા હતા. જ્યારે તમે તેણીના મોહપાશમાં પૂરેપૂરા જકડાઇ ગયેલા છો, એમ તેણીએ જોયું, ત્યારે ધીમે ધીમે તેણીએ તમારી સાથે લગ્ન કરવાની પોતાની આશા જણાવી. અને તે વિષે શરત કરી કે ‘મને તમારી પરણિયત સ્ત્રી કરો, અને તમારા ઉપર જે દિવાની દાવો થયો છે, કે જેથી તમારી મિલકત, જાગીર, અને તમારી પ્રતિષ્ઠાનો નાશ થવા જેવું છે, તે દાવા સામે હું લ-ઢીને તમારો સઘળી રીતે બચાવ કરીશ.’ મેં જોયું કે તમે કબુલ થશોજ–કારણ કે તેણીના શબ્દો, તેણીનો હાવભાવ, તેણીનો આવેશ, એ બધું એ-ટલું બધું મોહક અને વશીકરણ ભરેલું હતું, કે તમે–કે જે નબળા મનના હતા–તે તાબે થયા વગર રહો નહિ–મળસકે ચાર વાગે એ મકાન છોડતી વખતે હું તે ફરી ઓળખી શકું, એવી રીતે ધારી ધારીને મેં જોયું.”

" ત્યારે તે મકાન ક્યાં આવ્યું ?" જયચંદ્રે પૂછ્યું. " મને કહે, ક્રિષ્ણાકુમારી, હું જાણવાને ઘણો અધીરો થઇ રહ્યો છું. "

" તમારે તે ભેદ ભરેલા ઓરડામાં પાછા જવું છે ?" તે બાળા નમ્ર પણ શોકાતુર અવાજે બોલી કે જે ઉપરથી એવું લાગતું હતું કે જયચંદ્રને માટે તેણીને હવે ઘણી લાગણી હતી.

" કદી નહિ. " જયચંદ્ર દઢતાથી બોલ્યો. "હવે એ અજાણી સ્ત્રીની મોહજાળમાં, અને વશીકરણ વિદ્યામાં હું ફસાઇને, એક ભોળી અને પવિત્ર બાળાને છેતરવાનું મહાન્ પાપ માથે લઇશ નહિ—ના—ના—એ સ્વપ્નું હવે ઉડી ગયું છે. હવે હમેશને માટે એ વશીકરણ નાશ પામ્યું છે, અને ફરી કદી મને વળગશે નહિ. કળાના પ્યાર અને સદ્ગુણરૂપી માદળીઆથી, તે જાદુઇ અસર નાશ પામી છે. "

" આવી રીતે દઢતાથી તમને બોલતા સાંભળીને હું ખુશી થાઉં છું." ક્રિષ્ણાકુમારી બોલી. " કારણ કે મારી જીભ ઉપર તમારૂં નામ રાખીને હું મરીશ—તમારો આશિર્વાદ લઇ જઇશ. અને ઇશ્વર તમને એવી વશીકરણ વાળી બલાના મોહપાશમાં ફરીથી ફસાતાં બચાવે ! પણ હવે મારી વાતનો મને છેડો લાવવા દો. અને ત્યારે હું તમારા કાનમાં તે અજાણી સ્ત્રીનું નામ કહીશ, કે જે પછીથી તમને અજાણ્યું રહેશે નહિ. "

" ચલાવ, ક્રિષ્ણાકુમારી. " જયચંદ્ર કંઇક અધીરાઇથી બોલ્યો.

" તમને યાદ હશે કે, એક દિવસ સ્ત્રીના પોશાકમાં તમે એક રસ્તે જતા હતા. " ક્રિષ્ણાકુમારીએ કહ્યું. " તે વખતે કેટલાએક તોફાની લોકોએ તમને ખરેખર સ્ત્રી જાણીને તમારૂં અપમાન કરવા માંડયું હતું. ત્યાંથી તમે પ્રમિલાદેવીની સાથે તેણીની ગાડીમાં બેઠા. પ્રમિલાદેવી તમને ખરેખર સ્ત્રી જાણતી ન હોય, તો તેણી સતીપણાનો દાંભિક ડોળ દેખાડનારી હોવી જોઇએ, એમ હું ધારૂં છું. "

"નહિ, નહિ—તેણીએ તો મને સ્ત્રી તરીકે કાન્તા નામથી જાણી હતી." જયચંદ્રે ખુલાસો કર્યો.

"હું હમેશાં ઘણેભાગે, તમારી પાછળ પાછળ, તમારી હીલચાલ જોતી

ફરતી હતી–તે પ્રમાણે આ વખતે પણ તમારી પાછળ છૂપી રીતે આવી હતી." ક્રિષ્ણાકુમારીએ પોતાનું વૃત્તાંત આગળ ચલાવ્યું. "તમે પ્રમિલાદેવીની સાથે સૂરજદેવીને મહેલે ગયા, હું પણ એક ભાડાની ગાડીમાં પાછળ પાછળ ત્યાં આવી."

"વારૂ, પછી ?" ક્રિષ્ણાકુમારી બોલતાં બોલતાં શ્વાસ લેવા અટકી, એટલે જયચંદ્ર અધીરાઇથી બોલી ઉઠયો.

"ધીરજ રાખો, જયચંદ્ર." ક્રિષ્ણાકુમારી બોલી. "તે બનાવ બન્યાને ત્રણ દિવસ થયા, પણ તમે ઘેર પાછા આવ્યા નહિ. મને ખાત્રીપૂર્વક લાગ્યું કે પેલી અજાણી સ્ત્રીએ તમને તેણીની મોહજાળમાં પાછા ફસાવ્યા હશે–તથી હું પણ ફરીથી છૂપી રીતે તમારા પેલા મોજમઝાના અંધારા ઓરડામાં દાખલ થઇ–કે જયાં તમે હતા, અને તમારી સાથે પેલી અજાણી બલા પણ હતી. આ વખતે તમે બે વચ્ચે ઘણી મહત્વની વાતચિત થઇ હતી. પેલી બલાએ પોતાની સઘળી વશીકરણ વિદ્યાની જાદુઇ અસરનો ઉપયોગ કરી તમને સંપૂર્ણ રીતે તેણીની મોહજાળમાં સપડાવ્યા, અને તમે પડી જવાથી વાગેલું, તેની ઇજાથી નબળા પડી ગયા હતા, તેથી તેણીની ફસાવણીને તાબે થવાને તમને વધારે વાર લાગી નહિ. તેણીની પાથરેલી મોહજાળમાં તમે આંધળા થઇ, તેણી જે કહે તે કરવાને ગુલામની માફક કબુલ થઇ ગયા. શું, તમને તે વખતે એટલું પણ ભાન ન રહ્યું કે, જ્યારે તેણીએ તમને આ શહેર છોડીને મુંબાઇ જઇને રહેવાનું કહ્યું, ત્યારે, તમે પાછા કળાની સાથે જોડાઇ જાઓ નહિ, એવી ધાસ્તીથી તમને કળાથી દૂર રાખવા તેણી માગતી હતી ?"

"અરે, રે ! મને તે વખતે કશો વિચારજ નહોતો, અને હું ભાનવગરનોજ થઇ ગયો હતો." જયચંદ્ર બોલ્યો. "મારૂં મગજ ગુંચવાઇ ગયું હતું. તેણીની મોહજાળમાં–કામવિલાસમાં–અને તેણીના હાવભાવમાં હું પૂરેપૂરો ફસાઇ ગયો હતો. પણ શું, તે વખતે મારે તેણીની સાથે જે વાતચિત થઇ, તે તું સાંભળતી હતી, કે જે વાતચિત, મને ખરેખર ઉદ્ધત, આંધળો અને ગાંડોજ ગણી કાઢે એવી હતી ?"

"તમારી વાતચિતનો અક્ષરેઅક્ષર મેં સાંભળ્યો હતો " કિષ્ણાકુમારી બોલી. " અને મેં ધારી રાખ્યું હતું કે, મારૂં વેર લેવાનો મોટામાં મોટો મુદ્દો મારા મગજમાં લાંબા વખતથી ગોઠવાઇ ગયો હતો, તે મુદ્દો હાથ કરવાનો પ્રસંગ, તમારા તે અજાણી સ્ત્રી સાથેના આ સંબંધથી મને ઘણી સહેલાઇથી મળશે. તેથી તે અજાણી સ્ત્રીને હું ઓળખું છું, અને તેણીની સઘળી હીલચાલ હું જાણું છું, એવી જ્યારે જરૂર પડે ત્યારે, તેણીની ખાત્રી કરી આપવાને પુરાવા તરીકે મચ્છરદાનીનો, તથા બારીના પડદાનો—એ પ્રમાણે બે કકડા મેં કાપી લીધા. પછી તમે જ્યારે ઉંઘમાં પડ્યા હતા, અને તે સ્ત્રી તમારી પાસેથી બહાર ગઇ હતી, ત્યારે હું છૂપી રીતે તે ઓરડામાંથી નીકળી ગઇ. હવે પછીની બાકીની હકીકત ટુંકાણમાં પતાવીશ. તમે મુંબાઇ ગયા—મને ત્યાં તેડાવવા તમે તમારે ઘેર કાગળ લખ્યો. મેં તરત તપાસ કરી ખાત્રી કરી કે, પેલી સ્ત્રી પણ ત્યાંજ ગઇ હતી. હું ત્યાં આવી. તમારી તે સ્ત્રીની સાથેની મુલાકાત અહીંની માફકજ ત્યાં પણ છૂપી રીતે અંધારામાં ચાલુ રહી હતી. રાતની વખતે દરિઆ કિનારે, એકાંત જગામાં, તમને પેલો ઉંચો નોકર મળતો હતો; અને તમારી આંખે પાટો બાંધીને, એક એકાંત જગામાં પેલી સ્ત્રી એક બંગલામાં રહેતી હતી, ત્યાં તમને લઇ જતો હતો—થોડા દિવસમાં તમે મને તમારા વિશ્વાસમાં લીધી—તમે મને જણાવ્યું કે તમે પેલી અજાણી સ્ત્રીને પરણવાનો ઇરાદો રાખ્યો છે. વળી તમે મને એમ પણ જણાવ્યું કે, તેણી જે ભેદ રાખતી હતી, તે લગ્ન થયા પછી ઉઘાડો થશે, અને તેણીનું નામ વગેરે જણાવશે. તે વખતે મને એક વિચાર સુઝયો કે આવી ગોઠવણથી મારૂં પોતાનું કામ, ચોક્કસ રીતે ફતેહમંદીથી હું કાઢી શકીશ—અને તે કામ પાર પાડવાને મેં મારા મગજ સાથે લાંબો વિચાર કરી દરેક જાતની યુક્તિઓ ઘડી કાઢી—તે મારૂં કામ એજ હતું કે. પેલી અજાણી સ્ત્રીને બદલે મારે તમારી સાથે લગ્ન કરવું. જ્યારે મારા મનમાં આ વિચાર પાકે પાયે થયો, ત્યારે મારા મનમાં મને હસવું આવ્યું કે, જ્યારે બધું થઇ ગયા પછી તમારા જાણવામાં મારી ઠગાઇ આવશે, અને પેલી તમારી મનમોહનાને બદલે

મારી સાથે પરણેલા તમે પોતે પોતાને જોશો, ત્યારે તમને કેટલી બધી નિરાશા, દુઃખ, અને ગુસ્સો થશે ? મારૂં વેર, ત્યારેજ પૂરેપૂરૂં વળી રહેશે, એમ મને નિશ્ચયપૂર્વક લાગ્યું. વખત પાસે આવ્યો. આગળથી લગ્ન સંબંધી ગોઠવણ કરવા તમે મને મુંબાઇથી અહીં મોકલી–અને હવે મારે વધારે લંબાણથી જણાવવાની જરૂર નથી કે પૂરેપૂરી રીતે, કદી પણ છૂટું પડી શકાય નહિ એવી રીતે, હું તમારી થવાને લગભગ ફતેહમંદ થવા પામી હતી–જો પેલો કંગાળ, ગાંડો અને હડખત્રા વાળો માણસ–કે જે પાછળથી મરી ગયો–તે તેજ વખતે આવ્યો ન હોત–અથવા થોડીવાર પછી આવ્યો હોત–તો મારો સઘળો પાસો સવળો પડી ચૂકયો હતો–પણ નસીબ દેવી અવળી થઇ હતી–છતાં પાછળથી જે પરિણામ આવ્યું, તે હવે મને લાગે છે કે, બેશક, સારાને માટે આવ્યું હતું."

"પણ પેલી અજાણી સ્ત્રી ?" જયચંદ્રે પૂછયું. "તેણીની પરણનારી કન્યા તરીકેની જગા લેવાની ગોઠવણ તેં શી રીતે કરી ? તેણીનું શું થયું ? તેણી કોણ હતી ?"

"સાંભળો–ઉતાવળા ન થાઓ" ક્રિષ્ણાકુમારી બોલી. "તેણીનો છૂપો ભેદ અને કામવિલાસી હીલચાલ હું જાણતી હોવાથી, અને પેલા ઓરડામાંથી નિશાની તરીકે મચ્છરદાની તથા બારીના પડદાના કકડા કાપી લીધેલા, તે બતાવવાથી, તેણીને મારી મરજી પ્રમાણે ચાલવાની મેં ફરજ પાડી હતી. મારો પ્રપંચ નિષ્ફળ જવા પછી, અને પેલી કુલટા યશોદાબા-ઇના મકાનમાંથી હું નાસી છૂટયા પછી, મેં પેલી અજાણી સ્ત્રીને તરત કાગળ લખીને જણાવ્યું કે, જો તેણી પોતાની આબરૂની જરા પણ દરકાર રાખતી હોય, તો કોઇ પણ રીતે તમારી સાથે ફરીથી પ્રસંગમાં આવવાથી તદ્દન દૂર રહેવું–અને છતાં જો તેણી મારી મરજી વિરૂદ્ધ તેમ કરશે તો હું બિલકુલ દયા રાખ્યા સિવાય તેણીનું ભોપાળુ ઉઘાડું પાડીશ."

"આમ કરવાનું તારે શું કારણ હતું, ક્રિષ્ણાકુમારી ?" જયચંદ્રે પૂછયું. "ખરી રીતે તો, તારા અંતઃકરણમાં હાલ જે ફેરફાર થઇ વેરની લાગણી અસલના પ્યારના રૂપમાં બદલાઇ ગઇ છે, તે ફેરફાર થતા સુધી તો

તું મને એ અજાણી સ્ત્રી સાથે મોહાંધપણામાં ફસાઇ, તેણીને પરણું, તે તારી વેર ભરેલી લાગણીને ખુશી થવા જેવું હતું."

"નહિ, જયચંદ્ર–મને ધાસ્તી લાગી કે જો તેણી તમારી સાથે લગ્ન કરશે તો, પ્રતાપરાયને, તમારા ઉપરનો દાવો ખેંચી લેવા પોતાની વગ વાપરી ફરજ પાડશે. અને તે વખતે તો સુરેશચંદ્ર વકીલની પાસેથી તમે તમારા દસ્તાવેજો પાછા મેળવ્યા નહોતા, ત્યાં સુધી તમારે દાવામાં જીતવાની આશા નકામી હતી. મેં હવે તમને સઘળું કહ્યું છે. કેટલાક વખત સુધી, હું વગર થાકે, અને વગર આચકે તમારી પાછળ લાગી હતી. તમારા સુખના રસ્તામાં કાંટા વાવવા, અને મુસ્કેલીઓ ઉભી કરવા, મેં દરેક તક હાથમાં લીધી હતી–હવે જ્યારે હું મરણ પથારીમાં પડી છું, ત્યારે મને ખરા દિલથી પસ્તાવો થાય છે–જો કે તમારે હાથે મારૂં અપાર નુકશાન થયું છે–છતાં મારે તમને માફ કરવા મારા અંતઃકરણને કેળવવું જોઇતું હતું, અથવા ધિઃક્કાર લાયક વેર લેવાને બદલે મારૂં દુઃખ સહન કરવા માટે સહનશીળ થવાની જરૂર હતી."

"નહિ, ક્રિષ્ણાકુમારી–હવે તું હદપાર બોલે છે." જયચંદ્ર બોલ્યો. "મેં તારી સાથે ઘણી નીચ વર્ત્તણુક ચલાવી હતી. અને જો તેં મારા ઉપર વેર લેવા વિચાર ન કર્યો હોત તો, તારી સ્ત્રી તરીકેની લાગણીમાં ખામી ગણાત–પણ હજુ તેં તારો ખુલાસો પૂરો કર્યો નથી. તેં હજુ પેલી અજાણી સ્ત્રીનું નામ કહ્યું નથી."

"હું હવે નબળી પડી ગઈ છું, જયચંદ્ર, મારામાં બિલકુલ શક્તિ રહી નથી." ક્રિષ્ણાકુમારી ધીમેથી ધ્રૂજતે અવાજે બોલી. "મારી આંખે અંધારાં આવે છે."

"પણ પેલું નામ? ક્રિષ્ણાકુમારી પેલી અજાણી સ્ત્રીનું નામ?" જયચંદ્રે અધીરતાથી, પણ તેવા પ્રસંગે બતાવવી જોઇતી સાવચેતીથી ઉતાવળે પૂછ્યું.

"તમારૂં મોહું નીચું લાવો–હજુ મારા મોંઢા પાસે લાવો." તેણી નબળા પડતા ધીમે અવાજે બોલી. "મને તમારા ગાલ ઉપર વહાલનું

છેલ્લું ચુંબન લેવા દો–જો આ વખતે કળા જાતે હાજર હોત તો પણ તેણી નાખુશ થાત નહિ–લ્યો–હવે આ ચુંબન આપણી પૂરી સલાહ અને મરજીનું છે. ”

“ અને તેં મને માફ કર્યું, ક્રિષ્ણાકુમારી ! ” જયચંદ્રે પૂછ્યું. પણ તે મનમાં ગભરાતો હતો કે રખેને તેનો પેલો સવાલ જવાબ દેવાયા વગર રહી જાય.

“ હા–ઇશ્વર જાણનાર છે કે, કેવા ખરા દિલથી હું માફ કરૂં છું. ” નમ્ર, અને ભાગ્યેજ સાંભળી શકાય એવા અવાજે તેણીએ જવાબ દીધો. અને જયચંદ્ર તરફ તેણી પ્યાર ભરેલી નજરથી જોઇ રહી.

“ પણ પેલું નામ–પેલી અજાણી સ્ત્રીનું નામ ?” જયચંદ્રે અધીરતાથી દુઃખી અવાજે પૂછ્યું.

“ હા–હું તે કહેવાનું ભૂલી ગઇ. ” તે મરતી બાળાની જીભ ઉપર છેલ્લા શબ્દો ફરક્યા, અને છેલ્લી વખતે, મહા મહેનતે જયચંદ્રના કાનમાં કંઇક નામ કહ્યું, અને તેની સાથે બેભાન થઇ ઉસીકે માથું નાખી દીધું.

તેજ વખતે દાક્તર, અને સારવાર કરનારી બાઇ તે ઓરડામાં આવ્યાં. અને ક્રિષ્ણાકુમારીની સ્થિતિ જોઇને તેણીને ભાનમાં આણવાના ઉપાયો કરવા માંડ્યા. આથી તેણીનામાં પાછું ચૈતન્ય આવતું જણાયું, પણ ભાનમાં આવી નહિ. પછી જયચંદ્રે ધીમેથી પૂછેલા સવાલના જવાબમાં દાક્તરે જણાવ્યું કે કદાચ તેણી થોડા કલાક જીવી શકે, પણ હવે તેણીની જીંદગી દિવસો સુધી લંબાય તેમ નથી.

જયચંદ્ર–કે જેણે આ કમનસીબ બાળાને તેણીની ખૂબસુરતીના પૂરબહારમાં જોઇ હતી, અને આ વખતે તમામ લોહી ઉડી ગયું હતું તેવી સ્થિતિમાં જોઇ–તેણે એની આ મરતી બાળાના ચહેરા ઉપર છેલ્લી નજર નાખી, જે ઘણી શોકપૂર્ણ હતી, અને તેજ વખતે તેણીને–કે જેને તેણે એક વખત પ્યારના પૂર આવેશમાં પોતાની છાતી સાથે ચાંપી હતી–તેને આવી રીતે ઉછરતી વયમાં મરતી જોઇ, તેના અંતઃકરણમાં ઉંડો જખમ લાગ્યો. તેને હવે વિચાર આવ્યો કે, જો તેણે તેણીને બિલકુલ જોઈ ન હોત–તેમજ

તેણીને ઓળખી ન હોત–તો તેણીની આવી દશા થાત નહિ, અને પવિત્ર-પણે સુખી જીંદગી પૂરતી તનદુરસ્તીમાં ગુજારતી હોત. અને તેની પાછળજ બીજો વિચાર–અંતરમાં બળતો–ઝળઝળતો–ઝેરી ડંખ જેવો આવ્યો કે, તે-ણીને આવી અધમ દશામાં લાવનાર–આવી રીતે કમોતે મરવાનો વખત લાવનાર–તે પોતેજ હતો, જે અનીતિનું કામ તેણે પોતે પહેલું કર્યું હતું, તેના પરિણામમાં આ બધું થવા પામ્યું હતું.

તેને માત્ર પસ્તાવો થતો હતો, એટલુંજ નહિ, પણ તેણીએ તેને માફી બક્ષી હતી, તેથી તેને ઘણું લાગી આવ્યું હતું. હા–તે ગરીબડી–ભ્રષ્ટ-તાને પામેલી–અને મૃત્યુ શય્યા ઉપર સૂતેલી બાળા, પોતાના પાછલા–પહે-લાજ–પ્યારને ખાતર પોતાનું તમામ વેર–તમામ દુઃખ ભૂલી ગઇ હતી–વે-રના વિચારો કાઢી નાખી, પાછલા પ્યારના સુખી દિવસોને યાદ લાવી હતી. અને આવી પવિત્ર લાગણીથી તેણીએ તેને શુભાશિષ આપી હતી–અને તેનુંજ (જયચંદ્રનું) નામ પોતાની જીભ ઉપર રાખી મરવાનું તેણીએ વચન આપ્યું હતું. હા–ખરેખર–આ બધો દેખાવ, આ તરૂણ ગૃહસ્થને ઉંડી લા-ગણી કરાવે તેવો હતો. તેને લાગ્યું કે તેના અંતઃકરણના ઉંડાણમાં તેને ઠપકો આપવાને કંઇ ભેદી અવાજ થતો હતો, અને હવેજ તે સમજ્યો કે પશ્ચાતાપ શું છે ? અને અંતઃકરણ કોને કહે છે ?

"દાક્તર સાહેબ." તેણે દાક્તરને બાજુ ઉપર બોલાવી શોકાતુરપણે કહ્યું, "આપ આપની તમામ કાળજી આ ગરીબડી છોકરી ઉપર વાપરશો. અને જો તેણી થોડા વધારે કલાક જીવવા પામશે," તેણે આંખમાં આંસુ સાથે ડુસકાં જેમ તેમ સમાવતાં કહ્યું. "તો હું કાલે સવારે પાછો આ-વીશ, અને તેણીને મળીશ."

"સાહેબ." દાક્તરે જવાબ દીધો. "દરેક જાતની કાળજી રાખવામાં આવશે." જયચંદ્રે દાક્તરનો આભાર માન્યો.

પછી ક્રિષ્ણાકુમારીના બેભાનપણે પડેલા શરીર ઉપર છેલ્લી લાંબી ન-જર નાખીને શોકાતુર ચહેરે અને ધીમે પગલે ત્યાંથી નીકળીને ચાલ્યો.

અને હવે જયચંદ્રને અંદરખાને કંઇક એવી ચમત્કારિક અસર જણાઇ

કે, જેથી તેની ખાત્રી થઇ કે હવે તે પહેલાંનો જયચંદ્ર નહોતો; પણ હવે તદ્દન બદલાયલો તે માણસ હતો.

પ્રકરણ ૯૩ મું.

ખુની.

રાત પડી હતી—ખરેખરી મધરાત થઇ હતી. ઘડિઆળમાં બારના ટકોરા થતા હતા—અને યશોદાબાઇને તેણીની કોટડીમાં ભયંકર ધાસ્તી લાગતી હતી.

તે દુષ્ટાને લાગ્યું કે, એક અંધારી કોટડીમાં તેણી પૂરાએલી છે—કે જ્યાં સ્મશાનવત્ ચૂપકીદી ફેલાઇ ગઇ છે. તેણી ભયભરેલી રીતે બેબાકળી બની ગઇ હતી—ભયંકર વિચારોમાં તેણીનું મગજ રોકાઇ ગયું હતું વિકાળ દેખાવો તેણીની આંખે જણાવા લાગ્યા.

રાત એટલી તો અંધારી હતી કે, તેણીની કોટડીમાં અજવાળાની છાંટ સુદ્ધાં પ્રવેશ કરતી નહોતી. તેથી તેણી એક કાળ અંધકારમાં પડી હતી. બહારથી પગલાંના અવાજ ભીંતોની સાથે અથડાઇને પાછા જતા. તુરંગની બીજી કોટડીઓમાં રડવાના—વાતો કરવાના—હસવાના—એવા કોઇપણ પ્રકારના અવાજ થતા, પણ તે યશોદાબાઇની કોટડીમાં આવી શકતા નહિ—માત્ર ઘડિઆળના ટકોરાના અવાજ તેણીને કાને પડતા.

જે દિવસે યશોદાબાઇએ, ક્રિષ્ણાકુમારી ઉપર જીવલેણ વેર લીધું હતું, તે દિવસની આ રાત્રિ હતી. તે બનાવ બન્યાને હમણાં બાર કલાક થયા હતા—અને તે વખતનો યશોદાબાઇનો રાક્ષસી ગુસ્સો, અને ઝેરી લાગણી આ વખતે ઉંડી દિલગીરી અને ભયંકર પશ્ચાતાપમાં ફેરવાઇ ગયાં હતાં—ખુની કૃત્ય થયા પછી પહેરેગીરે ત્રણ વખત તેણીની હાજરી લીધી હતી. અને

દરેક વખતે તેણીએ આતુરતાથી પુછ્યું હતું કે, કિષ્ણાકુમારીને કેમ છે ? તેણીને નિરાંત વળે, એવો જવાબ મળતો નહિ. દાક્તરે જણાવ્યું હતું કે ઘા જીવલેણ હતો, અને જો તેણી કદાચ થોડા કલાક કરતાં વધારે જીવશે, તોપણ વધારે દિવસ કાઢી શકે એમ નહોતું. આ પ્રમાણે તેણીને કહેવામાં આવ્યું હતું.

યશોદાબાઇએ જાણ્યું કે, તેણીએ જે ઘા કર્યો હતો, તે વહેલો મોડો નાશકારક નીવડશે; તેથી તેણી વળી પાછી ત્રીજા ખુનની અપરાધી થઇ હતી. અરે, રે ! ' ખુની ' એ શબ્દ તેણીના અંતરમાં નીકળ્યો, ત્યારે તેણીને કેવો ભયંકર લાગ્યો ! તે શબ્દ બહાર કાઢવાની, હોઠોએ ચોકખી ના પાડી—છતાં વિચાર કરવામાંથી મનને અટકાવી શકી નહિ. ' ખુની ' કે જે શબ્દથી મનુષ્ય જાત, જેમ એક ઝેરી નાગને જોઇને નાસે છે, તેમ ભયભિત થઇ દૂર નાસી જાય છે ! ખુની કે જેની સાથે કુદરત જાતેજ બંડ મચાવે છે—જાણે કે તે કૃત્યથી ચંદ્ર રાતો દેખાતો હોય—સૂર્ય ઉપર લોહી તરી આવ્યું હોય—તારાનું અજવાળું ઝાંખું પડી ગયું હોય !

આપણે જોયું કે ઘડિઆળમાં મધરાતના બારના ટકોરા થયા હતા. તે ટકોરાનો અવાજ પણ આ કોટડીમાં ભયાનક રીતે સંભળાતો હતો. તે અવાજ બંધ થયા પછી આ કોટડીમાં પાછી ચૂપકીદી પથરાઇ રહી—અને યશોદાબાઇના પાપી અંતઃકરણમાં ગભરાટ વધતો ગયો. આ અંધારી ભયાનક કોટડીમાં કાળ રાત્રિએ, તેણી એકલીજ હતી, એ વિચાર તેણીના મનમાં આવતાંજ, તેણીનું અંતઃકરણ દબાઇ ગયું. ખરેખરી ઘોરમાં દટાઇ હોય એવો તેણીને ભાસ થયો.

ધીમે ધીમે તુરંગનો ભયંકર આકાર તેણીના મગજમાં તરવરવા લાગ્યો. તેણીની આંખ બિલકુલ મીંચાતી નહોતી. ફાટી આંખોએ બેસી રહી હતી. મગજમાં હજારો જાતના ભયંકર વિચારો દોડાદોડ કરી રહ્યા હતા, અને તેની સાથે તેણીની આગળ જાણે ભયંકર આકારો વિચિત્ર અવાજે કરી નૃત્ય કરી રહ્યા હોય એમ તેણીને લાગતું હતું.

જોકે અપૂર્વ ધારસ્તીથી તેણી જકડાઇ ગઇ હતી—હાલીચાલી શકતી

નહોતી-જીભ ચોંટી ગઇ હતી-ઘુંટણ અકડાઇ ગયા હતા-છતાં તેણીનું મગજ, અને લાગણીઓ સારી રીતે કામે લાગેલાં હતાં-મગજમાં ભયાનક નર્કનો દેખાવ આવી રહ્યો હતો-અને તે જગાએ તેણીના ઉપર પડતી વેદનાઓથી-કહો કે તેવા કાલ્પનિક વિચારથી-તેણીનું મગજ ભરાઇ ગયું હતું. કપાળે પરસેવો થઇ ગયો-ધાસ્તીથી શરીરે કંપવા લાગી. તેણીને લાગ્યું કે તેણીની ગોરી ગોરી અને સુંવાળી રેશમ જેવી ચામડીમાં ટાંકણીઓ ઘોંચાય છે-મગજમાં લોઢાના સળીઆ તપાવીને ખોસે છે-આંખમાંથી ડોળા ખેંચી કાઢે છે-અને તેણીને એક ખાડામાં નાખી, તેમાં ઉનું ઉનું તપાવેલું ખળખળતું તેલ રેડે છે! આ પ્રમાણે યમપુરીમાં એક પાપી માણસને તેનાં કૃત્ય પ્રમાણે જે જે સજા થવાનું તેણીએ સાંભળેલું, તે બધું તેણીને પોતાને થતું હોય એમ લાગ્યું.

આવા ભયંકર વિચારોમાંથી પોતાનું મગજ ખસેડી શકી નહિ-તેણીનો પોતાનો કાબુ, પોતાનાજ મગજ ઉપર રહ્યો નહોતો. તેણીના વિચારો બીજે રસ્તે-સારે રસ્તે-ઇશ્વર સ્મરણમાં-વાળવાની તેણીનામાં શક્તિ નહોતી-અથવા કહો કે તેવા વિચારો ધારણ કરવાને તેણી પાત્ર નહોતી-દરેક ભયંકર વાત તેણીને ખરી લાગી, અને લાગ્યું કે તેણીને આ ભાસ થાય છે, તે ભયંકર આકારો અને અવાજો ખરા છે.

હવે પેલા ભયંકર આકારો, અંધારામાં ધીમે પગલે તેણીના તરફ આવતા હોય-તેઓ જાણે કોઇ અંધારી ઉંડી ખોમાંથી નીકળીને વધતા હોય એમ તેણીને લાગ્યું. આકારો વધારે વધારે દેખાવા લાગ્યા-અને તેણીની સામે, ભીંતની સાથે જાણે હારબંધ ગોઠવાઇ ઉભા હોય એમ જણાયું. ધીમે ધીમે તેણીની કલ્પના ભયંકર આકારો જોવામાં વધી-તેણીને લાગ્યું કે, તેમના બધાના ગળામાં ફાંસીનાં દોરડાં હતાં-જાણે તે મુએલા માણસોના આકારો હોય-કે જેમણે જીવતાં ભયંકર ગુનાઓ કરી ફાંસીએ લટકી જેઓ યમપુરીને પ્રાપ્ત થયા હોય-તમામ આકારો ઉંચા અને મડદારૂપે હતા. બધા આ દુષ્ટ સ્ત્રી તરફ લાંબા હાથ કરી રહ્યા હતા-જાણે તેણીને બીવરાવતા હોય-તેમાંનો જે આકાર સૌથી આગળ હતો, તે જાણે તેણીના તરફ લાંબે

હાથ કરી કંઇ કહેતો હોય તેમ લાગ્યું. તેણીનું શરીર કંપી ઉઠયું—છતાં જાણે કે મડદાનો અવાજ તેણીના કાનમાં આવતો હોય તેમ તેણીને સંભળાવા લાગ્યું કે " અમે અમારી ઘોરમાંથી, તને અમારી પાસે આવતી જોઇ આવકાર આપવા નીકળી આવ્યા છીએ—તારો વખત પૂરાઇ ગયો છે—પળો ગણાય છે—અને નર્કકુંડમાં તારે માટે જગા થઇ છે. આ જીવતાં માણસની દુનિઆમાં તારે હવે કંઇ કરવાનું રહ્યું નથી—તેં ઘણું કર્યું છે. ધણીથી વિમુખ થઇ છું—વેશ્યાનો ધંધો ચલાવ્યો છે—ઘણી પવિત્ર કુમારિકાઓને તેં તારા પેટને માટે લંપટ માણસોને વેચી છે—ઘણી બાળાઓના જન્મારો ધૂળધાણી કર્યો છે—દગોફટકો—પ્રપંચ—છળકપટ—એવા દરેક જાતના દુર્ગુણોનો તું ઉપયોગ કરી ચૂકી છું. છેવટે દુનિઆમાં મોટામાં મોટો ગુનો ખુનનો ગણાય છે, તે પણ એક ખુન નહિ—પણ એક—બે—અને બાકી હતું તે ત્રીજું—હમણા પેલી બિચારી ક્રિષ્ણાકુમારી—કે જેનો અવતાર તેંજ ખરાબ કર્યો હતો—તેનું ખુન કર્યું. હવે તારે માટે ધગધગતો અગ્નિ, અંગારા તૈયાર કરી રહ્યા છે—તને દંશ દેવાને ઝીણા ઝીણા લાખો કીડા ભૂખ્યા ડાંસ જેવા તૈયાર થઇ રહ્યા છે—હવે તારે થોડીજવાર રહી છે—અને તારે તે બધા અનુભવો લેવા જવાનું છે."

આ પ્રમાણે વારાફરતી પેલા ભયંકર આકારોનો જુદો જુદો અવાજ જાણે તેણીના કાનમાં ખરેખર આવતોજ હોય એવી તેણીને ભ્રમણા થઇ. એમ કરતાં કરતાં પેલા આકારો તેણીની પાસે પાસે આવતા ગયા—તેમના બરફ જેવા ઠંડાગાર હાથ તેણીના ખભા ઉપર મૂક્યા હોય—એમ લાગતાંજ તેણીના મોંઢામાંથી એક ઝીણી ચીસ નીકળી પડી—પછી ધીમે ધીમે પેલા આકારો એક પછી એક અદ્રશ્ય થઇ જતા હોય એમ લાગ્યું—અને આખરે તેણી એકલી તે અંધારી કોટડીમાં—તે ઘોરમાં—હોય તેમ તેણીને લાગ્યું.

હવે તેણી એકદમ ઉભી થઇ—કપાળે હાથ મૂક્યો—પરસેવાના રેલા ઉતરતા જણાયા. પછી લાંબા હાથ કરીને બોલી. " નહિ, નહિ, એતો માત્ર મારી ભ્રમણા—ભ્રાંતિજ હતી—અરે! ખરેખરી ભયંકર ભ્રમણા !! "

પાછી નીચે બેઠી-પડી-હાથ બાજુ ઉપર પડ્યા.-દુઃખ અને નિરાશાથી અંતર ઝગઝગ બળવા લાગ્યું.

" હાય, હાય ! હું ખરેખર દુષ્ટ છું. " તેણી છાતી ઉપર હાથ પછાડતી રડતાં રડતાં બોલી. " મારી જીંદગીમાં મેં કેવો ભયંકર ફેરફાર કરી નાખ્યો-થોડા દિવસ પહેલાં હું પૈસાદાર હતી-સુખી હતી-અને મોજમઝામાં અમનચમન કરી લહેર ઉડાવતી હતી-અને હાલ એક ભયંકર-નર્કાગારના જેવી તુરંગની અંધારી કોટડીમાં પડી છું. હાય ! ઓ ! પ્રભુ ! મારૂં શું થશે ? જો કે હજુ હું પૂરી તનદુરસ્તીમાં અને શક્તિવાન છું-છતાં મોતનો ઠંડો હાથ મારા ખભા ઉપર પડ્યો છે. ઓ ! પ્રભુ ! ઓ ! પરમાત્મા ! હાય ! મેં શું કર્યું ? કેવી ભયંકર સ્થિતિ મેં વહોરી લીધી ? કેવી ઉંડી ખાઇમાં મેં મારી જાતને ધકેલી મૂકી ? અરે, રે ! શું હવે તેમાંથી પાછું નીકળી શકાય નહિ ? શું, હવે થોડાં અઠવાડિયાં-થોડા દિવસ-હું વધારે જીવવાને પાછી નીકળી શકું, એવો રસ્તો નથી ? શું, હું તુરંગમાં પડી છું ? શું મારા ઉપર ખુનના ગુનાનું કામ ચાલશે ? શું, મને ફાંસીએ લટકાવશે ? કે હું શું ભયંકર સ્વપ્નમાં છું ? ચાલ, જોઉં-ખાત્રી કરૂં. " એવી રીતે મન સાથે એકલી એકલી બોલતી ઘુંટણ ઉપર હાથ રાખી, તે ઉપર માથું રાખી, જાણે ઠરેલપણે વિચાર કરતી હોય, તેમ મગજ સ્થિર કરતાં બોલી. " હા, હું ખરેખર તેજ માણસ-તેજ બાઇ-તેજ સ્ત્રી-તેજ સુંદરી છું કે જેને લોકો ભભકાદાર યશોદાબાઇ કહેતા હતા. મારી આવી મધ્યમ ઉમર પછી પણ હું એક યુવાન ખૂબસુરત રમણી જેવી છું; એમાં કંઇ શક નથી. વળી હું અજબકુમારની માનીતી પ્રિયતમા છું-તેમજ બીજા તેવા મોટા આબરૂદાર વર્ગના ખૂબસુરત જુવાન ગૃહસ્થોની પણ માનીતી છું. આટલું આટલું છતાં, જ્યારે હું મારી પાછલી જીંદગી ઉપર નજર નાખું છું, ત્યારે તે માત્ર સ્વપ્નું હોય તેમ લાગે છે-એક લાંબુ-મોજમઝાનું-કામવિલાસનું સ્વપ્નું-ખરૂં નહિ. છતાં મારી જીંદગીના કેટલાક બનાવો તરફ હું ખુશીની લાગણીથી જોઉં છું. હા-અજબકુમાર સાથે મારી પહેલી મુલાકાત થઇ-કે જ્યારે મારા ધણીને છોડીને હું નામ બદલીને અહીં આવી હતી-તે વખતની મઝા-ગમ્મત-કામ-

વિલાસ—વળી શિવપ્રસાદ સાથે ગાળેલી કેટલીક મોજમઝાની રાત્રિઓ—અહા ! કેવા સુખમાં તે દિવસો જતા હતા ! હવે પાછી બીજી વાત યાદ આવે છે. હાલ થોડા દિવસ પહેલાંથી ધીમે ધીમે બધું ઉલટું ચાલવા માંડયું હતું—કમનસીબે મારા સુખ ઉપર ઓચિંતો હલ્લો કર્યો—અને આખરે એવો વખત આવી પહોંચ્યો કે, હું શું કરૂં છું, તેનો વિચાર કરવાની, એક પળ પણ મળ્યા પહેલાં, ગુનાઓની જાળમાં હું ફસાઇ પડી—તે પણ ભયંકર ગુના—જીવલેણ ગુના—કદી માફ ન થઇ શકે તેવા ગુના—મને ફાંસીને લાકડે ચઢાવશે તેવા ગુના—હાય ! કેવો ભયંકર વિચાર ! એ શબ્દ માત્રથીજ કમકમી વછૂટે છે ! શું, હું પૂરેપૂરી ભાનમાં છું ? આ સઘળું મેં કર્યું તે ખરૂં છે ? અને મારે શું ફાંસીને લાકડે જવું પડશે ! ઓ ! બાપ રે ! હાય ! હાય ! આવી બન્યું ! હવે મારો કયાં છૂટકો ! ફાંસી ! ! કોણે આવો વિકરાળ શબ્દ મારા કાનમાં મૂકયો ? હા—હા—હમણાંજ પેલા ભયંકર આકારો મારી પાસે હતા—તે બોલતા હતા. ઓ ! પ્રભુ ! ત્યારે શું, હું અત્યારથીજ મરી ગયા જેવી ગણાતી હોઇશ ? હા—તેઓ એમ કહેતા હતા—પણ નહિ, હું કદી ફાંસીએ ચઢીને મરીશ નહિ." એકદમ આવેશમાં આવી જઇ પગ ઠોકતી ઉભી થતાં બોલી. "શું ભંગીના ખડબચડા હાથે, મારા સુંવાળા ગળામાં દોરડું નાખવા દઇશ ? અરે ! બધા લોકોના દેખતાં ફાંસીવાળી જગાએ જવું—ત્યાં લાકડા ઉપર ચઢવું—ચારેબાજુથી હજારો માણસો—કે જેમણે મને મારી જાહોજલાલીમાં એક ભભકાદાર રમણી તરીકે જોઇ હોય—તેઓ જોતા હોય—પછી પેલો બેબદામનો ભંગી—કે જેને જોઇએ તો નાહવું પડે—તે ગળામાં દોરડું નાખે—ખેંચે—અને આખરે શરીર લટકી રહે—પછી ધબ દઇને નીચે પડે—હાય, હાય ! એવું કદી નહિ થવા દઉં."

તેણીએ ભારે દુઃખના આવેશમાં હાથથી કપાળ ઠોકયું—પણ તેથી તો તેણીનો જુસ્સો વધ્યો—લવારીએ ચઢી—વાસ્તીથી ગાંડા જેવી થઈ ગઇ—માથાના વાળ ચુંટી નાખવા લાગી—છાતી કૂટવા લાગી—કપાળ કૂટી નાખ્યું, અને ચીસો ઉપર ચીસો નાખવા માંડી. દુઃખનો જુસ્સો સખ્ત ઉછળી આવ્યો હતો. તેણીની શોકાતુર ચીસો ખરેખર ઘણી દયાજનક હતી. જો કે તેણી

તુરંગની અંધારી કોટડીમાં હતી-છતાં ફાંસીનું લાકડું આંખ આગળ જોતી હતી-જાણે ત્યાં તેણીને લઇ જાય છે-ઉભી રાખે છે-પાટીઆ ઉપર ચઢાવે છે-ગળામાં દોરડું નાખે છે-આ બધો દેખાવ તેણીની નજર આગળ તરવા લાગ્યો.

પ્રિય વાંચનાર-શું, ગુનેગાર માણસને ફાંસી કરતાં આ ઓછી સજા છે ? ફાંસીથી મૃત્યુ પામ્યા પછી તો તેને કશા પ્રકારની લાગણી થતી નથી, પણ જીવતાં તેને જે પસ્તાવો થાય છે-જે લાગણી થાય છે-જે દુઃખ થાય છે-તે આ યશોદાબાઇના ટળવળાટથી ખૂલ્લું દેખાઇ આવે છે, તો પછી તેથી ભારે કઇ સજા હોઇ શકે ? જેવા તેણીના ગુના ઘણા ભારે-ભયંકર-હતા-તેના પ્રમાણમાં તેણીની સ્થિતિ-અને તેણીના મનની વેદના-એ બધું જોતાં કંઇ ઓછું દુઃખ કારક લેખાશે નહિ-આ દુઃખના કરતાં તો ખરેખર મોતથી એકદમ આવા દુઃખથી છૂટવાનું વધારે આવકારદાયક લેખાય.

નિરાશા અને ધાસ્તીથી ગાંડી થયેલી તે પાપી સ્ત્રી આવા ભયંકર દેખાવથી છૂટવા તે કોટડીમાં આમથી તેમ દોડાદોડ કરવા લાગી. પણ તેમ કરતાં અંધારામાં એક લાકડાની ઉંચી બાજઠ સાથે અથડાઇ પડી ગઇ અને ઈજા પામી-તેથી વધારે ગાંડી બની ગઇ. મગજ ભમવા લાગ્યું-જીંદગીની દોરી તૂટવાની તૈયારી હોય, એમ જણાયું-હજુ આ દુષ્ટાને પોતાની જીંદગી અકારી નહોતી, પણ તે જીંદગીનો અંત ફાંસીને લાકડે આવે તે વિચારથીજ ગાંડા જેવી બની ગઇ હતી.

તેણીએ શું કરવું ? શું, હવે કંઇપણ આશા નહોતી ? આ બીજો સવાલ તેના અંતરમાં ચોગરદમ ફરી વળ્યો, પણ આખરે જવાબ નકારમાં આવ્યો. ના-બિલકુલ આશા નહોતી-તેણીનો નાશ નક્કી થઇ ચૂકયો હતો. તેણીનુ મોત નક્કી હતું અને મનુષ્ય જાતના ઇનસાફની ભયંકરમાં ભયંકર સજા તેણીએ ભોગવવાની હતી. આ વિચાર તેણીના મગજમાં ઘૂમવા લાગ્યો અને આખરે આ ગાંડા જેવી બની ગયેલી દુષ્ટાએ આપઘાત કરવાનો નિશ્ચય કર્યો.

પ્રિય વાંચનાર, હવે શું નથી લાગતું કે ફાંસીની આખરની સજા

કરતાં, અપરાધીને તેના કૃત્યનો પસ્તાવો કરવા, અને તે પસ્તાવાના દુઃખથીજ તે સજા ભોગવે, તેને માટે તેને જીવતો રહેવા દેવાની જરૂર છે? ફાંસીથી એકદમ મૃત્યુ નીપજવાથી તેને પસ્તાવો કરવા, અથવા સુવિચાર લાવવાનો વખતજ રહેતો નથી, તો પછી તેના આત્માનું કલ્યાણ થવાનો રસ્તો ક્યાંથી હોય? અનુભવ એમ જણાવશે કે પોતાના કૃત્યના પસ્તાવાથી સેંકડે પોણોસો ટકા જેટલા માણસો સદ્‌વિચારો ગ્રહણ કરી સુધરી શકે છે. હા—પણું તેમાં એટલું ખરૂં કે તે પસ્તાવો ઉંડામાં ઉંડા અંતઃકરણનો હોવો જોઇએ.

યશોદાબાઇના મગજમાં ભયંકર વિચારો એવા ઝડપબંધ દોડાદોડ કરી રહ્યા હતા, કે તેણીએ છેવટ જે નિશ્ચય કર્યો, તેના ઉપર વિચાર કરવાને, તે અટકી નહિ. હવે તેણીના મગજનો કબજો તેણી રાખી શકી નહોતી. તેણીનું ભાન ઠેકાણે નહોતું—મરણિયાની માફક તેણીએ પહેરેલાં કપડાં કાઢવા માંડયાં, સાડીને બેવડી રેશમી કોર હતી, તે ઉખેડી કાઢી. અને તેને આમળીને દોરડીની માફક વણી—અને જો કે તેણીના હાથ ધાસ્તીથી ધ્રૂજતા હતા, તો પણ વિલક્ષણ ત્વરાથી આ કામ પૂરૂં કર્યું.

દોરડું તૈયાર થયું—પછી બારીના લોખંડના સળીઆ તથા પેલા ઉંચા બાજઠનો ઉપયોગ કરવાનો વિચાર કર્યો. આ પ્રમાણે આપઘાત કરવાનાં સાધનો તેણીની પાસે તૈયાર હતાં. હવે તેણીએ બિલકુલ આંચકો ખાધો નહિ. કાળ અંધકારમાં તેણી ઝડપબંધ કામ કરતી હતી—રસ્તો જડતો હતો.

પછી દોરડાની એક ગાંઠ વાળીને ગાળો કર્યો—તે ગાળો પોતાના ગળામાં નાખ્યો—લાકડાનો બાજઠ બારી પાસે લઇ ગઇ—તેના ઉપર ચઢી—દોરડાના બીજા છેડાની, બારીના સળીઆ સાથે મજબુત ગાંઠ મારી—અને પછી—

હવે તેણીના આપઘાતની તમામ તૈયારી પૂરી થઇ—પણ—કોણજાણે શાથી—એકાએક ગભરાટ થઇ આવવાથી અટકી—પેલા બાજઠ ઉપરજ ઉભી હતી—ગળામાં દોરડાનો ગાળો હતો. આ પ્રમાણે મોતને આમંત્રણ કરી, તેને સામે ઉભેલું જોયું,. ત્યારે આખર વખતે, આ દુષ્ટ સ્ત્રી ધબકી—નર્કની

ખાઇ તેણીના પગ નીચે ઉથડતી જણાઇ. આ પ્રમાણે ઘોર અંધકારમાં, આવી સ્થિતિમાં તેણી ઉભી રહી-ધાસ્તી વધતી જતી હતી-ગભરાટ વધતો હતો-આપઘાતનાં સાધનો તૈયાર કરવાને તેણી જેવી ઝડપબંધ ત્વરાથી કામ કરતી હતી, તેવી હવે આખર વખતે તેણીને આપઘાત કરવાને હિંમત ચાલી નહિ. આવા ગભરાટ ભરેલા વિચારમાં ગળામાંથી દોરડું કાઢી નાખી, નીચે ઉતરવાનો વિચાર કરતી હતી, તેવામાં ઘડિઆળમાં એકનો ટકોરો સંભળાયો.

એકાએક, આ ભયાનક અંધકારમાં, ગંભીર ચૂપકીદીમાં, આ અવાજ રણકી રહ્યો, અને તેનો પડઘો આ ખુની સ્ત્રીના કાનમાં ગણગણવા લાગ્યો. તે ભયાનક અસરથી તેણી એટલી બધી જોરથી કંપી ઉઠી કે, દોરડાનો ગાળો ગળામાં ખેંચાઇ સજ્જડ થઇ ગયો, અને શ્વાસ રૂંધાવા લાગ્યો. આ પ્રમાણે વધતા જતા ભયંકર ગભરાટમાં, બાજઠ ઉપરથી એક પગ ખસતાં, દોરડું ખેંચાવાથી ગળામાં વધારે પેઠું-બાજઠ ઉપર ટકી રહેવા પ્રયત્ન કર્યો-પણ નિષ્ફળ-ઘણું મોડું થઇ ગયું હતું-એક ઝીણી ચીસની સાથે નીચે ગબડી પડી-બાજઠ ઉથલાઈ ગયો.

પણ છેક નીચે પડતાં દોરડું વધારે ખેંચાયું. અધર લટકી-તેણીએ એક હાથ લાંબો કરી દોરડું પકડી ઢીલું પાડવા, જીવતોડ મહેનત કરી, પણ દોરડાનો ફાંસો ગળામાં સજ્જડ બેસી ગયો હતો, તેથી તેણી તોડી શકી નહિ, તેમ ઢીલું પણ કરી શકી નહિ. હવે મોત પાસે આવતાં, અપાર ધાસ્તીથી, જીવવાની આશા વધારે ને વધારે થઇ. બાજઠ ઉપર ચઢવા પ્રયત્ન કર્યો, પણ તે તો ઉથલાઇ દૂર જઇ પડયો હતો-ત્યાં તેણીનો હાથ પહોંચી શકયો નહિ-ત્યારે હવે છેલ્લા ઉપાય તરીકે ભીંતની સાથે, તેને ટેકે ઉભી રહેવા પ્રયત્ન કર્યો, પણ તેમાં પણ તેણી ફાવી નહિ. તેણીની આંખે અંધારાં આવ્યાં-મગજ બહેર મારી ગયું-નબળાઇ વધતી ગઇ-તેણીએ દોરડું કાઢવાની મહેનત કરવામાં ઘણાં તરફડિયાં માર્યાં-આખરે થાકી-નરમ પડી-તરફડિયાં બંધ પડયાં-શરીરના અવયવો પોતાનું કામ કરતા બંધ પડયા-અને તેણીનો જીવ, પોતાના કીરતારની હજુરમાં-કરેલા દુષ્ટ કૃત્યોનો જવાબ આપવા ઉડી ગયો. એક વખતની છેલછબીલી-મોટા મોટ

ગૃહસ્થોની પ્રિયત્તમા-ભભકાદાર રમણી-ખુબસુરત યશોદાબાઇનો આ પ્રમાણે અંત આવ્યો. તેણીએ ફાંસીની વેદનામાંથી બચવા આપઘાત કર્યો, પણ તે પણ ફાંસીથીજ-માત્ર ફેર એટલોજ કે-પેલી ફાંસી ખુલા મેદાનમાં-ઘણા લોકોની મેદનીમાં-બીજાને હાથે હતી-જ્યારે આ ફાંસી-તેણીને પોતાને હાથે-અંધારી રાત્રે-અંધારી એકાંત કોટડીમાં-કોઇપણ જુએ નહિ-એમ થઇ હતી.

સવાર થઇ-પહેરેગીરે હમેશના રિવાજ પ્રમાણે આ કોટડીમાં તપાસ કરવા આવવાનું હતું, તે પ્રમાણે આવ્યો, ત્યારે યશોદાબાઇને બારીના સળીઆ સાથે બાંધેલા દોરડાએ લટકતી જોઇ-દોરડું એકદમ કાપી નાખ્યું-દાકતરને બોલાવ્યો-તેના જોવામાં તદ્દન ઠંડુ ગાર મડદું જોવામાં આવ્યું. તેણે અભિપ્રાય આપ્યો કે આ ખુની સ્ત્રી કેટલાક કલાકથી મરી ગયેલી હોવી જોઇએ.

પ્રકરણ ૯૪ મું.

સુંવાળી સફેદ ચામડીની ઝેરી નાગણ.

ગયા પ્રકરણવાળી હકીકત બન્યા પછી ને ત્રીજે દિવસે બપોરે મંજુલા અને મહોબતરાય પોતાના દીવાનખાનામાં કંઇ ઉંડી વાતોમાં ગુંથાયેલાં જોવામાં આવે છે.

તેઓ બન્ને જોડે જોડે બેઠાં છે-મંજુલાના હાથમાં એક વર્તમાનપત્ર છે-તેણીના ચહેરા ઉપર નજર કરી શું તો, નફટાઇ મિશ્રિત જાણે જીત થઇ હોય એવાં નિશાન જણાય છે. જ્યારે મહોબતરાય બેચેન અને ગભરાયેલો દેખાય છે-પણ તે પોતાનો તેવો દેખાવ છુપાવવાનો પ્રયત્ન કરતો જણાય છે-કારણ ખૂલ્લું છે કે તે પોતાની જુવાન-ક્રોધી-અને જુસ્સાદાર પત્નીથી બીતો હતો. જ્યારે તેને આવી રીતે શોકાતુર તેણી જુએ, ત્યારે તેણી તેને ધિક્કાર ભરેલા શબ્દોથી ડામ દઇ બાળતી હતી; તેથી તે બિચારો

કરતો રહેતો હતો–તેણીએ તેને પોતાની સાથે પ્રપંચમાં અને ગુનામાં પ-ડવાની ફરજ પાડી હતી, અને તેથી હવે રાત દિવસ તે પોતાના મનની શાંતિને માટે એક બચ્ચાની માફક તેણીને એક ફરજીઆત તરીકે વળગી રહેતો હતો.

"કેમ, મહોબત, હજુ તમને મારા કહેવાથી સંતોષ થતો નથી?" મંજુલાએ કંઇ વાત કરતાં થોડી વાર અટકીને હવે પૂછ્યું. "હજુ તમારો ચહેરો શોકાતુર દેખાય છે, અને તમે બેચેન જણાઓ છો."

"મને ઠપકો આપ નહિ, મંજુલા." મહોબતરાય આજીજી કરતો બોલ્યો. "જો હજુ મારો દેખાવ બેચેનીવાળો દેખાતો હોય, તો તેમાં મારો ઇલાજ નથી. પણ થોડા દિવસ પછી–કે જ્યારે તોફાનનું વાદળ તમામ વેરાઇ જશે, ત્યારે મને તું પ્રથમના જેવો આનંદી અને સુખી જોઇ શકશે."

"શા માટે તમે તોફાનનું વાદળ કહો છો?" મંજુલાએ અધી-રાઇથી પૂછ્યું.

"વારૂ–ત્યારે મારૂં એમ કહેવું છે કે, જે જે બનાવથી આપણને ધાસ્તી છે, તે તમામનો નીકાલ થઇ જશે, ત્યારે તમામ ધાસ્તી જતી રહેશે." મહોબતરાયે ડરતાં ડરતાં બીજા રૂપમાં કહેવાની હિંમત કરી.

"મને તે વિષે બિલકુલ શક નથી." મંજુલા તાણો મારતાં બોલી. "ખુલ્લી રીતે એમજ કહોને કે, જ્યારે કોઇપણ પ્રકારનો ભય રહેશે નહિ, ત્યારે તમારી ધાસ્તી જતી રહેશે. આજ તમારી હિંમતનો નમુનો છે–મારા મહોબતરાય! અને તમારી એવી હિંમતને માટે હું તમને મુબારકબાદી આપું છું!"

"અરે,રે! શા માટે આવી નિર્દયતાથી મારી મશ્કરી કરે છે? ઓ! મંજુલા!" મહોબતરાય દુઃખમાં ગરક થઇ જતાં બોલ્યો. "તારા તરફથી હું સારા શબ્દો સાંભળવાની આશા રાખું છું, કારણ કે તને ધા-સ્તીમાંથી બચાવવાની ખાતર મેં મને પોતાને ગુનાની જાળમાં ફસાવ્યો છે."

"એમ પણ કહોને કે, તમારો પોતાનો હેતુ પણ પાર પાડવાને માટે–" મંજુલા ઠપકારૂપે બોલી.

"પેલી બુઢ્ઢી ગંગાબાઇનો જીવ લેવામાં તને મદદ કરવામાં મારો શું હેતુ હતો વારૂ?" મહોબતરાય હવે જરા આવેશમાં આવીને બોલ્યો.

"શું તમારી બાયડીને કજેતીમાંથી, અને પછી મોતની સજામાંથી બચાવવાની તમારી મતલબ નહોતી?" મંજુલા ગુસ્સામાં બોલી.

"હા–તેંતો ખરૂં છે." પાછો મહોબતરાય દબાઇ ગયો. અને તે સ્વર્ગની પરી જેવી સુંદર–પણ જેનું અંતઃકરણ કાળ અંધકાર જેવું હતું–એવી પોતાની પત્ની સામે જોઇ રહ્યો.

"અને મોતીનું ખુન કરવાથી આપણો બેવડો હેતુ પાર નથી પડયો?" તેણી તેના તરફ ઝીણી નજર નાખતાં બોલી. "એક તો એ કે તે માણસ મારો છૂપો ભેદ બહાર પાડી મારો નાશ કરવામાં સહાયભૂત થાય એવો હતો, તે દૂર થયો–અને બીજો એકે તે ગુનો થવાથી આજુ-બાજુનો પુરાવો આણંદરાયની વિરૂદ્ધ ઉતર્યો."

"ખરી વાત છે." મહોબતરાય બોલ્યો. "પણ જો કાલે સવારે–કે જ્યારે આણંદરાય તુરંગમાં છે ત્યારે–એ બધો પુરાવો આપણીજ વિરૂદ્ધ ઉતરે, તો પછી શું?"

"તેમ થવાનું અસંભવિતપણું મેં તમને બતાવી આપ્યું છે–" મં-જુલાએ જવાબ દીધો–"જુઓ, આ વર્તમાનપત્રમાં ક્રિષ્ણાકુમારીના મોતની ખુશખબર આવી છે, અને જ્યારે તેણી તુરંગમાં ગઇ કાલે મરી ગઇ, ત્યારે જે એક માણસના તરફની, આપણને ઉઘાડા પડવાની બીક હતી, તે હવે દૂર થઇ છે."

"પણ ધારો કે, ક્રિષ્ણાકુમારી અને આણંદરાય તુરંગમાં એકબીજાને મળ્યાં હોય તો? મહોબતરાયે પોતાનો સંશય બતાવ્યો. "ખાત્રી રાખ, મંજુલા, કે જો આણંદરાય કદાચ મારા ઉપર શક નહિ રાખતો હોય, તો પણ તેનો શક તારા ઉપરતો હશેજ–અને તેમાં જો ક્રિષ્ણાકુમારીએ તેને પોતાનો શક જણાવ્યો હશે તો——"

"પણ તે બન્ને મળ્યાં હોય એવો સંભવ નથી." મંજુલા હવે જરા બેચેન થતી બોલી. "છતાં કદાચ તેઓ બન્ને મળ્યાં હોય, તો તેવી કંઇ પણ હકીકત વર્ત્તમાનપત્રમાં આવી હોય—અથવા આપણને ક્યારનાં કેદ પકડયાં હોય."

"છતાં આણંદરાય ઉપરનું કામ પૂરૂં થઇ, તેનો ઇનસાફ થતાં સુધી આપણે સહીસલામત નથી." મહોબતરાયે ધ્રૂજતાં ધ્રૂજતાં પોતાનો અંતિમ અભિપ્રાય બતાવ્યો. "હું ઇચ્છું છું કે એ દિવસ પૂરા થઇ ગયા હોત!"

"એ દિવસમાં આપણે કદાચ સલામત અને સુખી થયેલાં આપણને જોઇશું." મંજુલા ગંભીરપણે બોલી. "અથવા આપણે મરી ગયેલાં હોઇશું"

"મરી ગયેલાં?" મહોબતરાયે ચમકીને ઉદ્ગાર કાઢ્યો. "તું શું કહેવા માગે છે, મંજુલા?"

"કે જો આપણે ઉઘાડા પડીશું, અને આપણી સલામતી નથી એવું આપણને જણાશે, તો આપણે આપણું મોત ચેતી જઇશું." મંજુલાએ ઠંડે પેટે જવાબ દીધો.

"આપઘાતથી?" મહોબતરાયે ગભરાટ અને ધાસ્તીથી પૂછ્યું.

"ખચીત." મંજુલાએ જવાબ દીધો. "તમે શું, તેથી ડરો છો? અથવા શું, તમે ફાંસીએ મરવાનું પસંદ કરો છો?"

"ઓ! પ્રભુ! આ કેવા ભયંકર શબ્દો?" કંગાળ મહોબતરાય પગથી માથા સુધી ધ્રૂજતો બોલ્યો. "પણ તને કંઇ ધાસ્તી હોય એવું તો લાગતું નહિજ હોય, કેમ મંજુલા?" આશાની દોરીએ ટીંગાતાં પૂછ્યું. "તેંજ મને ખાત્રી આપી હતી કે બિલકુલ ધાસ્તી રાખવા જેવું નથી. અને હવે તને પણ ધાસ્તી લાગતી હોય એમ જણાય છે, માટે ખૂલી રીતે કહે કે, તું ધારે છે, કે આણંદરાય, આ બેવડા ખુન વિષે ખુલાસો કરી, આપણા ઉપર ભયંકર તહોમત લાવવા શક્તિવાન થશે?"

"આપણી સલામતી વિષે, મારી ધારણાની હું તમને ખાત્રી આપી ચૂકી છું." મંજુલા બોલી. "પણ જ્યારે તમે વહેમ ઘાલ્યો, ત્યારે હવે

મારે ખૂલ્લો રીતે કબુલ કરવું જોઇએ કે—ક્રિષ્ણાકુમારી, મરતા અગાઉ, આણંદરાયને મળી કે કેમ, તે ઉપર એ બધો આધાર છે. ચપ્પુ વિષેના પુરાવો આણંદરાયની વિરૂદ્ધ ઘણો સખ્ત છે. અને જ્યારે તેને ન્યાયાધીશની કચેરીમાંથી પહેલવહેલો તુરંગમાં મોકલ્યો, ત્યારે જેવું કામનું રૂપ હતું, તેવું હજુ કાયમ હશે, તો તેનો નાશ નક્કી છે."

"પણ ચપ્પુવાળા બનાવ વિષે તે કંઇ ખુલાસો નહિ કરી શકશે?" મહોબતરાયે પૂછ્યું. તે બિચારાના મનમાં દરેક પળે ધાસ્તી ભરેલા વિચારો જુદે જુદે રૂપે પેસતા હતા. "અથવા ધારો કે જે લુહાર પાસેથી મેં તે ચપ્પુ વેચાતું લીધું હતું, તેજ સાક્ષી આપવા નીકળી આવે તો?"

"તેને શોધી કાઢીને બોલાવ્યા વગર તે શી રીતે આવે?" મંજુલા બોલી. "વળી બેમાંથી એક પણ પાના ઉપર બનાવનારનું નામ નહોતું, એવું ચપ્પુ તમે ખરીદ કર્યું હતું, નહિ વારૂ?"

"હા—તેતો ખરૂં છે." મહોબતરાયે જવાબ આપ્યો. "પણ ચપ્પુની બાબતમાં બીજો એક મુદ્દો છે, કે જેથી મને ઘણો ગુંચવાડો થાય છે."

"તે શું છે?" મંજુલાએ પૂછ્યું.

"તે એ કે," મહોબતરાયે ખુલાસો કર્યો. "મને ધાસ્તી લાગેછે કે, જ્યારે એક બનાવ વિષે, આણંદરાય માની શકાય એવો ખુલાસો કરશે, ત્યારે તેના લાંબા વખતના કેદખાનામાં, પાછલા બનાવો યાદ કરતાં, આપણાં લગ્ન થયા પછી આપણે તેને ઘેર ગયાં હતાં, તે બનાવ તેને યાદ આવ્યા વગર રહેશે નહિ."

"પણ તે એ ભૂલી ગયો નહિ હોય?" મંજુલા આશામાં ટીંગાતી બોલી.

"ના." મહોબતરાયે પોતાનો ખુલાસો આગળ ચલાવ્યો. "અને તેને તે બનાવ યાદ કરતાં મગજમાં અજવાળું પડશે, કે જ્યારે તું તેની સાથે એકલી બેઠી હતી, ત્યારે હું તેના વાંચવાના ઓરડામાં ચિઠ્ઠી લખવાનું બહાનું કાઢી એકલો ગયો હતો. પછી તેને એવું ધારતાં મુશ્કેલી પડશે નહિ કે, ત્યાંથી મારે તેના સૂવાના ઓરડામાં છાનામાના જવું સહેલું હતું,

અને તે ચપ્પુનું બીજું પાનું મેં જાણી જોઇને ભાગીને મારી પાસે રાખ્યું હતું, તે, તેના ભંડારીઆમાં, કપડાંમાં, મેં સંતાડયું હતું. આ પ્રમાણે મારી હીલચાલ વિષે તેને એક વખત શક જાય, તો તેને એવા અનુમાન ઉપર આવતાં વાર નહિ લાગે, કે જે હાથથી એ પાનું, તેના ભંડારીઆમાં સંતાડયું હશે, તેજ હાથથી, તે ચપ્પુના પાના ઉપર 'મોતી' એવા અક્ષર કોતરાયા હશે."

"ખરેખર! તમારી કાલ્પનિક ધાસ્તી ઘણી આગળ વધતી જાયછે!" મંજુલા બોલી. "તમે તો હદપાર બીકણ છો."

આ વખતે એક નોકરે આવીને ખબર આપી કે, એક માણસ આવીને બહાર ઉભો રહ્યો છે, અને તે તેમને મળવા માગે છે.

"આ ઓરડામાં તેને મોકલ." મંજુલાએ તદ્દન સ્વસ્થ બની જઇ કહ્યું.

નોકર ગયો—પછી મંજુલાએ તેના ધણી તરફ નજર કરી, તો તે તદ્દન સફેદ પુણી જેવો થઇ ગયેલો, અને થરથર ધ્રૂજતો જણાયો.

"તમે પેલા ઓરડામાં જાઓ, મહોબત." મંજુલાએ—જાણે એક બચ્ચાને હુકમ કરતી હોય—તેમ કહ્યું, અને તેની સાથેજ તેને જોડેના ઓરડામાં હડસેલી ઘાલ્યો—અને પછી બોલી. "જો કોઇ પણ જાતની ધાસ્તી જેવું માલમ પડશે, તો શું કરવું તે આપણે જોઇશું—પણ જો માત્ર આપણી વિરૂદ્ધ સાધારણ શક જેવું હોય, તો તમારો ગભરાટ ભરેલો દેખાવ તે શકને મજબૂત કરે તેવો છે."

તેણીએ તે ઓરડાનું બારણું બંધ કર્યું—કે જેમાં તેનો ધણી અર્ધમુઆ જેવી હાલતમાં પલંગમાં પડયો—પછી બારીએ તેણી ઉભી રહી. દરવાજા પાસે એક માણસ—કે જેનો સારો દેખાવ નહોતો—તે ઉભેલો હતો—તેવોજ બીજો એક માણસ થોડે દૂરથી ફરતો હતો—વળી એક ત્રીજો માણસ તેની પાસે પાસે જરા દૂરથી ઉભો હતો.

મંજુલા બારીએથી પાછી ફરી. તેણીના અંતરમાં ધાસ્તીનો ભયંકર શેરડો પડયો—કારણ કે તેણીએ જાણ્યું કે, તેણીની જીત અને સલામતીની તમામ આશાઓ નાશ પામી હતી—અને તેણીના ધણીના ધાસ્તી ભરેલા

વિચારો ખરા પડયા છે—આટલું છતાં આ બૈરી-કે જે ગુના કરવામાં ભારે હિંમત વાળી હતી, અને ધાસ્તીની વખતે મજબુત છાતીથી કામ લેતી હતી, તેણીએ ઘણી મહેનતે પોતાનો ચહેરો સ્વસ્થ જેવો રાખ્યો, અને પેલો માણસ—કે જેને નોકર લાવતો હતો—તેને મળવા આગળ પગલું ભર્યું.

"તમારે શું કામ છે?" તેણીએ પેલો માણસ આવ્યો કે એકદમ તેને પુછયું. પણ તે પહેલાં નોકરને રજા આપી હતી. તેણીનો અવાજ થડકયો નહિ—તેણીના પગ ધ્રૂજતા નહોતા—જો કે તેણીએ પહેલીજ નજરે પેલા માણસને પોલિસ અમલદાર તરીકે ઓળખ્યો હતો, અને તેણીનું અંતઃકરણ ઠંડુ ગાર થઇ ગયું હતું.

"આપને મારે કંઇ ખાસ બાબતને માટે કહેવું છે." પેલો માણસ બોલ્યો. "પણ જો મહોબતરાયજી ઘરમાં હોય તો, તેમણે પણ હાજર રહેવું જોઇએ—"

"શું, તમને, અમારા નોકરે કહ્યું નહિ કે તેઓ ઘરમાંજ છે?" મંજુલાએ પૂછયું.

"હા, બાઇસાહેબ, નોકરે તેમજ કહ્યું હતું." પોલિસ અમલદારે જવાબ દીધો—કારણ કે પેલો નવો આવનાર માણસ ખરેખર પોલિસનો અમલદારજ હતો. તે ઘણો ચપળ અને અનુભવી હોવા છતાં, આ બાઇ-સાહેબની અસાધારણ દેખાતી સ્વસ્થતા—કે જે ગુનેગાર માણસનામાં હોય નહિ, અને તેવું માણસ આવું ગંભીરપણું લાવી શકે નહિ, તેવી જોઇને પૂરેપૂરો ગુંચવણમાં પડયો.

"અને જે કામને માટે તમે અહીં આવ્યા છો, તે શી બાબતનું કામ છે?" મંજુલા ખરેખરી ગંભીરતાથી, પોતાના મોભા પ્રમાણે અજાયબી ભરેલી શાંતિથી બોલી.

"આપને ખરૂં કહું તો," પોલિસ અમલદારે જવાબમાં જણાવ્યું. "મારૂં કામ ખુશકારક નથી—પણ હું વધારે ખુલાસો મહોબતરાયજીની હાજરીમાં કરૂં તો ઠીક—કારણ કે મારૂં કામ આપ બન્નેને લગતું છે."

"ત્યારે જરા બેસો." મંજુલા એક ખુરશી તરફ આંગળી કરતાં બોલી—"અને હું હમણાજ તેમને બોલાવી લાવું છું."

પછી, જરા પણ દેખીતા ગભરાટ સિવાય, તેણી જોડેના ઓરડામાં ગઇ. અને તેનું બારણું બંધ કર્યું.

મહોબતરાયે આ ટુંકી વાતચિત બારણા પાસે ઉભા રહીને સાંભળી હતી. તે હવે હિંમતવાન દેખાતો હતો—કે જે જોઇને આ લુચ્ચી સ્ત્રી અજાયબીમાં રાજી થઇ—જો કદાચ આવે પ્રસંગે તેણી રાજી થઇ શકતી હોય તો—કે જે ફેરફાર તેણીએ પોતાના બીકણ ધણીનામાં આખરની વખતે જોયો હતો.

"બધું ઉઘાડું પડી ગયું છે." મંજુલાએ તેના કાનમાં કહ્યું. અને તેનામાં થએલા હિંમતવાન ફેરફારથી, પોતાનું સંતોષપણું બતાવવા તેનો હાથ દાબ્યો.

"હું તે જાણું છું, મંજુલા." મહોબતરાય દ્રઢ, પણ ખોખરા અવાજે બોલ્યો. "મેં સાંભળ્યું—"

"અને આ માણસ પોલીસ અમલદાર છે, તે જાણવા પૂરતું તમે સાંભળ્યું." મંજુલાએ વાક્ય પૂરૂં કર્યું. "વળી હું તમને વધારે કહું છું કે બીજા પોલીસના માણસો બહાર છે—આપણા બન્નેને કેદ પકડવાનું નક્કી થયેલું જણાય છે."

"ચાલો, આપણે આપઘાત કરીએ, મંજુલા—ઉતાવળ કર." મહોબતરાય નિરાશામાં હાથ ચોળતો બોલ્યો—"અરે રે! મારી ગરીબડી, અને મા વગરની છોડીઓ—તજી દીધેલી બાળાઓ—દુઃખી કરેલી પુત્રીઓ!"

"આવો નકામો ટળવળાટ કરવો હવે છોડી દો, મહોબતરાય." મંજુલાએ સખ્ત અવાજે કહ્યું—"દરેક પળ અમુલ્ય છે,"

"હા—હા." મહોબતરાય બોલ્યો—"થોડા દિવસો પછી ભયંકર રીતે મરવા કરતાં હાલજ નિરાંતમાં મરવું જોઇએ. પણ તેનું સાધન—ઉપાય—ક્યાં છે?"

"આ રહ્યો." એમ કહીને મંજુલાએ પોતાના ગજવામાંથી બે

નાની સીસીઓ કાઢી. " હું ઘણા વખતથી ખરાબ પરિણામને માટે તૈયાર થઇ રહી હતી—અને મારે પોતાને માટે સાધન તૈયાર રાખવામાં, તમને ભૂલી જવા જેટલી હું સ્વાર્થી બની નથી."

" હવે છેલ્લું આલિંગન, મંજુલા, એક છેલ્લું ચુંબન ! " મહોબતરાયે એક સીસી હાથમાં લેતાં ઘણાજ નરમ અવાજે કહ્યું. " અરે,રે ! જો તેં મને ખરાબ કામ કરવા લલચાવ્યો ન હોત, તો આપણે કેવાં સુખી થાત ! કારણ કે હવે હું જ્યારે તારી સાથે મોતના પંજામાં છું, ત્યારે તું પહેલાના કરતાં ઘણી ખૂબસુરત દેખાય છે—જો કે હમેશાં તું ખૂબસુરત તો હતીજ—"

એમ બોલીને પેલી સુંદર ચામડીવાળી ઝેરી નાગણને પોતાની છાતી સાથે દાબીને, તેણીને ઉપરાઉપરી ચુંબનોથી અકળાવી દીધી.

પણ મંજુલા તેની બાથમાંથી છૂટી પડી. અને જુસ્સા અને ગભરાટથી, ઝળઝળની આંખોથી બોલી. " હવે મહોબતરાય, જ્યારે આપણામાં હિંમત છે, ત્યારે આજ વખતે આપણા સાધનનો ઉપયોગ કરીએ." પછી તેણી પલંગ ઉપર બેઠી—મહોબતરાય પણ તેણીની સાથે બેઠો

" આપણે સાથેજ પીશું, મંજુલા." મહોબતરાયે મંજુલાને ધીમે અવાજે કહ્યું અને તેણીને હિંમતવાન જોઇ પોતે પણ હિંમતવાન બન્યો. પછી બન્નેએ એક બીજા ઉપર આંખો ઠેરવી રાખી, દરેક સીસી પોતપોતાને મોઢે મૂકી.

જોડેના ઓરડામાં પોલિસ અમલદાર ઘણી અધીરાઇથી તેમની રાહ જોતો હતો, કારણ કે તે બન્નેને કેદ પકડવા તૈયાર થઇ રહ્યો હતો. તેવામાં એકાએક જોડેના ઓરડામાં કંઇક પડવાનો ધબકારો સાંભળીને તે ચમક્યો.

કોઇપણ માણસ પડવાના જેવો અવાજ સંભળાયો, કારણ કે તે વખતે બીજો કોઇ જાતનો અવાજ થતો નહોતો—આમાં કંઇક ખરાબ પરિણામ છે, એવો શક પોલીસ અમલદારના મગજમાં પેઠો.

તે એકદમ પોતાની ખુરશી ઉપરથી ઉઠી, કૂદકો મારી, જોડેના ઓરડાનું બારણું ઉઘાડી નાખી, ધસારા બંધ તેમાં પેઠો.

અહા ! ત્યાં શું દેખાવ તેની નજરે પડયો ? પલંગ ઉપર મંજુલા પડી હતી. તેણીનું માથું બાજુ ઉપર લટકી રહ્યું હતું. તેણીનામાં જીંદગીનું કશું ચિન્હ નહોતું. પલંગની નીચે-પાસેજ-જમીન ઉપર પાથરેલી શેતરંજી ઉપર તેણીનો ધણી મહોબતરાય પણ મરી ગયેલો પડયો હતો.

ખાલી સીસીઓએ પુરાવો આપ્યો કે તાત્કાળિક જીવ લે, એવા ઝેરથી બન્નેજણે આપઘાત કર્યો હતો. અને તે ઝેર તેજ હતું કે જે, મંજુલા, ગંગાબાઇ પાસેથી, આણંદરાયનું તાત્કાળિક મોત આણવા લાવી હતી. -નો આ છેલ્લો ઉપયોગ આ ગુનેગાર-રાક્ષસી-સુંવાળી સફેદ ચામડીની ઝેરી નાગણે-પોતાનું અને પોતાના ધણીનું મોત આણવામાં કર્યો હતો.

પ્રકરણ ૯૫ મું.

ઉપસંહાર.

બીજે દીવસે આણંદરાય ઉપરનું કામ સદર અદાલતમાં નીકળ્યું, અને તેને કેદીના પાંજરામાં ઉભો કરવામાં આવ્યો-પણ ન્યાયાધીશની પાસે તેના ઉપર જે ઢબમાં કામ ચાલતું હતું, તેના કરતાં અહીં જુદીજ ઢબમાં ચાલતું જોવામાં આવતું હતું.

આણંદરાયના વકીલે, આણંદરાયના મંજુલા સાથેના પાછલા સંબંધની સઘળી હકીકત કહી સંભળાવી. આણંદરાય તથા મંજુલા બન્ને અરસ્પરસ પ્યારમાં પડયાં હતાં-મંજુલાને તેણે નીતિ ભ્રષ્ટ કરી હતી-પછી લગ્ન સંબંધ થતા પહેલાં બન્નેનો પ્યાર તૂટયો હતો-મંજુલાએ તેના ઉપર ભયંકર વેર લેવા, અને તેની જીંદગીનો ધીમી રીતે અંત આણવા છૂપો ઉપાય લીધો હતો-અને ધીમે ધીમે ઝેર નસેનસમાં પસરી આખરે જીવ લે એવી દવા

આપવા માંડી હતી—આખરે આણંદરાયે પોતાના ગુપ્ત વ્યાધિનું કારણ શોધી કાઢયું હતું—પ્રખ્યાત દાક્તરે તે ઝેરી દવા તપાસી હતી—અને પછી ઉતારની દવા લેવાથી તે સારો થયો હતો—મોતીને આણંદરાયે, પોતાને ઝેરી દવા આપતાં પકડયો હતો—તેને માફી આપી હતી—કે જે વખતે તે અને મંજુલા તેને મારી નાખવા તેના સૂવાના ઓરડામાં રાત્રે ભરાયાં હતાં—મંજુલાને જવા દીધી હતી—પછી મંજુલા મહોબતરાય સાથે પરણી હતી—બન્ને ધણી ધણીઆણી આણંદરાયને ઘેર આવ્યાં હતાં—અને પાછલું બધું ભૂલી જઇ દોસ્તી રાખવા સલાહ કરી હતી. પછી વકીલ, ક્રિષ્ણાકુમારી સાથે ગંગાબાઇના ઘરમાં મંજુલાનું ઓળખાણ થવાની હકીકત ઉપર આવ્યો. તે એવું જણાવવા માટે કે મંજુલા, પોતાના તરતના જન્મેલા જીવતા બચ્ચાને મારી નાખવામાં સહાયક થઇ હતી. પછી વકીલે, મંજુલાને, મોતી તથા ગંગાબાઇને, દુનિઆમાંથી દૂર કરવાને માટે કેવાં મજબુત કારણો હતાં, તે મુખ્તેસર જણાવીને, છેવટ મંજુલાએ અને મહોબતરાયે—કે જેમને કેદ પકડવા આગલે દિવસે વારંટ મેળવ્યાં હતાં—તેમણે એકી વખતે કરેલા આપઘાતનો, તેમણે મોતી અને ગંગાબાઇના કરેલા ખુનનો પૂરતો પુરાવો હોવાનું જણાવી, આણંદરાયના ઉપર ખોટું તહોમત આણ્યું છે, એમ ખૂલ્લે ખુલ્લું દેખાડી આપ્યું. પછી વકીલે પેલા દાક્તરને સાક્ષી તરીકે બોલાવી ઝેરી દવાની તેની તપાસણીની હકીકત વિષે જુબાની લીધી. વળી એક લુહારની સાક્ષીથી, તેની પાસેથી, તેણે વર્ણન કરેલા એક ગૃહસ્થે, એક ચપ્પુ ખરીદ કરેલું તે હકીકત કઢાવી. તે લુહારે ચપ્પુ ઓળખ્યું. તેણે કરેલા વર્ણન ઉપરથી તે ગૃહસ્થ, મહોબતરાય હોવાની ખાત્રી થઇ. હવે ફરીઆદ તરફના સરકારી વકીલે આ કામ આગળ લંબાવવા ના કહ્યું, અને તેજ વખતે આણંદરાયને બીનગુનેગાર જાહેર કરી છોડી દેવામાં આવ્યો.

વાંચનારને યાદ હશે કે, ક્રિષ્ણાકુમારીએ તુરંગમાંથી, ધનીની બાલમસિંહ તથા ક્રુરસિંહ સાથે થયેલી વાત સાંભળ્યા પછી, સુરેશચંદ્ર વકીલની પાસેથી જયચંદ્રવાળા દસ્તાવેજો કાળીદાસ નામનો છોકરો લઇ ગયેલો, તેને ધનીએ મોકલ્યો હતો, તે તમામ હકીકત સુરેશચંદ્રને એક ચિઠ્ઠી

લખીને જણાવી હતી, આ વકીલ પોતાને થયેલા નુકશાન વિષે દરગુજર કરે તેવો નહોતો. અને વળી તે આવા દાંભિક દેખાવના છોકરા ઉપર ઘણો ગુસ્સે થયો હતો—કે જેણે તેને અજાયબી રીતે છેતર્યો હતો. તે ઉપરથી તેણે પોલિસમાં ફરીઆદ કરી કે, કાળીઆ નામનો છોકરો—જે બદમાશોના અખાડામાં ધની નામની બાઇ સાથે રહે છે, તે તેની પાસેથી નાણુંની મોટી રકમ ચોરી ગયો હતો. જો કે આ તહોમત ખોટું હતું—તો પણ સુરેશચંદ્રને જે દસ્તાવેજો ચોરી કરી આણેલા મળ્યા હતા, તે વિષે ઉઘાડું પાડવું વાજબી લાગ્યું નહોતું. વકીલની ફરિઆદને આધારે કાળીઆ અને ધનીને પકડવાનાં વારંટ નીકળ્યાં. પોલિસે તેમને પકડયાં. તેમની સાથે, તે ટોળામાંનાં ઘણાં માણસો ગુના કરી પકડાતાં નહોતાં, અને પોલિસના દફ્તર ઉપર ઘણાં કામો પડત ગુને રહ્યાં હતાં, તેવાં ઘણો માણસો તે અખાડામાં પોલિસને મળી આવ્યાં; તે તમામને કેદ પકડયાં. તેમાં સુરી તથા અબો પણ આવી ગયાં હતાં. અખાડાવાળા મકાનની ઝડતી લેતાં, ઘણી ચોરીએ ગયેલી મિલકત મળી આવી હતી.

તેજ દિવસે રાત્રે શીવપ્રસાદ સૂરજદેવીને મહેલથી આવતો હતો, તેવામાં એક ખૂણામાં સંતાઇ રહેલા એક અજાણ્યા છોકરાને શક ઉપરથી પકડતાં, તે છોકરો કંઇ સંતાડતો હોય એમ જણાયું. તેથી તે ચીજ શું છે તે લેવાની ગરબડમાં તે છોકરાના હાથમાંની તે ચીજ નીચેના પથ્થર ઉપર પડતાં, તે અફળાતાં મોટો અવાજ થયો—અને તેની સાથે તે છોકરો તથા શીવપ્રસાદ બન્ને બળીને, લોહી વહેતા જીવ રહિત થઇને પડયા.

કાળીઓ, સુરી, ધની તથા અબો એ વગેરે જે માણસો બદમાશોના અખાડામાંથી પકડાયાં હતાં, તેમના ઉપર કામ ચાલી દરેકને વધતી ઓછી કેદની સજા થઇ. જામલસિંહ અને ફૂરસિંહના ઉપર ખુનનાં તહોમતો હોવાથી, અને તે સાબીત થવાથી, તે બન્નેને ફાંસીની સજા થઇ, અને તે અમલમાં આવી.

બદમાશોના અખાડામાંની ભુરી, કે જેને વાંચનારે ગરબડ અને રામીની

નોકરડી તરીકે જોઇ છે, અને જે કળાને અજબકુમારના પંજામાંથી બચાવવામાં મુખ્ય સાધનરૂપ હતી, તેણીના ઉપર કંઇપણ ગુનાનું તહોમત નહિ હોવાથી તેણીને પકડવામાં આવી નહોતી. હવે તેણી એક ચાની દુકાન કાઢીને રહી છે, પણ પોતાના અસલ સ્વભાવ પ્રમાણે તેમાં કંઇ છૂપી રીતે ચોરીનો માલ આવે તો તે લેવાને કંઇ હરકત ધારતી નથી. વળી બીજા કેટલાક બદમાશોનો અવરજવર પણ આ દુકાનમાં છે.

ગંગ્યડ અને રામીએ અજબકુમારને કેટલાંક કામોમાં મદદ કરેલી હોવાથી, અને તેઓ પાસે રહે તો અજબકુમારનું ભોપાળું ઉઘાડું પડવાની ધાસ્તીને લીધે, અજબકુમારે તે બન્નેને અમુક રકમ આપીને બીજે દૂરને ગામ રહેવા મોકલી દીધાં હતાં. ત્યાં પણ તેમના સ્વભાવ પ્રમાણે રહેતાં થોડા દિવસમાં પૈસા ખૂટી જતાં આખરે ઘણી દુઃખદાયક સ્થિતિમાં તેમનો અંત આવે છે.

યમુના, રસુલખાંનું ખુન થયા પછી તેનું મડદું વગે કરવામાં મદદ કરવાના તહોમતમાંથી છૂટી ગઇ હતી. પણ તેણીની સુવાવડ વખતે તેણીનું શરીર એટલું બધું લથડી ગયું હતું કે, તુરંગમાંથી છૂટયા પછી તેણી થોડા દિવસમાંજ મરણ પામી.

હવે પેલી, જયચંદ્રને ફસાવનાર, અજાણી સ્ત્રી—બલા—કોણ હતી, તે જો કે જયચંદ્રને કૃષ્ણાકુમારીએ પોતાની મરણ શય્યામાંથી કહ્યું હતું, પણ તે આપણે હજુ જાણ્યું નથી. તો હવે છેવટને વખતે જાણવું જોઇએ કે તે સ્ત્રી—તે પેલાં વિધવા—એકાંતવાસી-સાધુ જેવી પવિત્રતા દેખાડનારાં બાઇ—સૂરજદેવી—હતાં. તેણીએ પોતાના કામવિલાસના પ્રપંચોમાં પોતાના નોકરો પૈકી બે પુરૂષ નોકરોને તથા એક દાસીને પોતાના વિશ્વાસમાં લીધાં હતાં. આ બન્ને નોકરો—જે કે જુવાન અને ખુબસુરત હતા—તેઓ પણ કોઇ કોઇ વખત પોતાની ખૂબસુરત વિધવા શેઠાણીની સાથે, સઘળા પ્રકારની છૂટથી વર્તતા હતા. તેમજ તેમને પૈસાપણ પુષ્કળ મળતા હતા, તેથી પોતાની

આ દાંભિક શેઠાણીના પ્રપંચો તેઓ છૂપા રાખતા હતા. સૂરજદેવીએ જયચંદ્ર સાથે લગ્ન કરવાના પ્રપંચમાં નિષ્ફળ થયા પછી શીવપ્રસાદની સાથે લગ્ન કરવાનું ચોકઠું ગોઠવ્યું હતું, પણ તેનો અમલ થાય તે પહેલાં તો ઉપર કહ્યા પ્રમાણે શીવપ્રસાદની અનીતિ ભરેલી જીંદગીનો અંત આવી ગયો. સૂરજદેવી એમને એમ વિધવાવસ્થામાંજ શારીરિક દુઃખમાં પૂરી થઈ.

પ્રમિલાદેવીનો ધણી કરણરાય થોડા દિવસ ઉપર અગાસીમાંથી પડીને મરી ગયો હતો:–ત્યાર પછી પ્રમિલાદેવી ઘણા શોકમાં એકાંત વાસ ભોગવતી હતી, આ પ્રમાણે ત્રણ ચાર વરસ જીવી ભરયુવાન વયે આ ફાની દુનિઆ છોડી ચાલતી થઈ.

મહોબતરાયનો આપઘાત, અને તેની સાથે જોડાયેલી ભેદ ભરેલી ભયંકર હકીકત–એ બન્ને બાબતો કળા અને કુસુમ–કે જેમનાથી તે છાની રાખવી બને તેમ નહોતું–ને બન્નેને માટે ભયંકર ઘા રૂપ હતી. પણ સાબાશ છે, જયચંદ્ર તથા આણંદરાયના ઉમદા અને ઉદાર સ્વભાવને કે જેમણે ઘણી સાવચેતીથી અને ધીમે ધીમે, તમામ હકીકત કળાને પહેલી તકે જણાવી; અને પછી આ માયાળુ બાળાએ, પોતાની દુઃખી બેન કુસુમને તેવીજ રીતે જણાવી. આ બે બાળાઓને આ હકીકત સાંભળતાં ઉપજેલું દુઃખ, અને તેમણે કરેલો કળાપીટ અસહ્ય હતાં–પણ તે વર્ણવવાની જરૂર જણાતી નથી. કારણ કે વાંચનાર–કે જે આ સદ્‌ગુણી બાળાઓને હવે સારી રીતે ઓળખે છે, તેણે, તેમને માયાળુ લાગણીથી કેટલું દુઃખ ઉપજ્યું હશે, તે વિષે અનુમાન કરી લેવું. માત્ર એટલુંજ કહેવું બસ થશે કે તેમનું દુઃખ શાંત પાડવાનું કામ જયચંદ્ર અને આણંદરાયને માટે કંઈ સહેલું નહોતું–છતાં, આ બન્ને જુવાનો પોતાની અસાધારણ મમતા, ઠરેલપણું, અને ઉમદાપણાથી કેટલાક વખતની મહેનત પછી તેમને શાંત કરવામાં ફતેહ પામ્યા.

થોડા વખત પછી કુસુમે એક બાળકીને જન્મ આપ્યો. તે બાળકી

જીવેછે—કે જે અજબકુમારની સાથેના કુસુમના પ્યારની નિશાની હતી. ધીમે ધીમે કુસુમની તનદુરસ્તી, કળાની અપાર કાળજી અને સાવચેતીથી, સુધરવા પામી; અને તેણીનું મગજ સંપૂર્ણ ઠેકાણે આવ્યું. કેટલાએક દિવસો ગયા પછી આણંદરાયે તેણીને પોતાની સાથે લગ્ન કરવાની ફરી માગણી કરી. જો કે તેણીનો પ્રથમનો અજબકુમાર સાથેનો પ્યાર, અને તેથી થયેલી ગેર આબરૂ તે જાણતો હતો, અને જે માગણીનો કુસુમે પ્રથમ સ્વીકાર કર્યો નહોતો, તેજ માગણી પોતાની ઉદારતા અને આ મા બાપ વગરની નિરાધાર છોકરીઓ તરફ દયા અને મમતાને લીધે ફરી કરી. કુસુમે આ વખતે તે માગણી ઠરેલપણે સાંભળી, અને છેવટે કબુલ રાખી. મહોબતરાયના મરણને દોઢેક વરસ થઇ ગયા બાદ, એકજ દિવસે કુસુમનું આણંદરાય સાથે, અને કળાનું જયચંદ્ર સાથે—એ પ્રમાણે બન્ને લગ્ન સાથે થયાં.

આજ વખતના અરસામાં સુશીલા અને પ્રતાપરાયનાં પણ લગ્ન થયાં. વાંચનારને યાદ હશે કે, પ્રતાપરાય પ્રથમથી સુશીલા સાથે પ્યારમાં પડયો હતો. અને તેણીને સુરજદેવીને ત્યાં રાખી હતી. આ વખતે ઈનસાફને ખાતર કહેવું જોઇએ કે સુરજદેવી—કે જે પોતાની ખાનગી ચાલચલણ છૂપી રીતે ગમે તેવી અનીતિ ભરેલી ચલાવતી હતી—છતાં સુશીલાને તેણીએ પૂરા પ્યારથી અને નીતિને રસ્તે રાખી હતી. વાંચનારે જાણવું જોઇએ કે જયચંદ્રના ચોરાઇ ગયેલા દસ્તાવેજો સુરેશચંદ્ર વકીલ પાસેથી, ધની અને કાળીઆ માર્ફતે જયચંદ્રને પાછા મળ્યા હતા. તેથી પ્રતાપરાય, પોતાના જયચંદ્ર સામેના દાવામાં જીતે, તેમ હતું નહિ. પરિણામે તેણે પોતાનો દાવો પાછો ખેંચી લીધો હતો. પણ સુરજદેવીએ પોતાની દેખીતી પવિત્રતા અને ઉદારતા બતાવવાને માટે સુશીલાને કન્યાદાનમાં દશ હજાર રૂપીઆ આપ્યા હતા, જેથી પ્રતાપરાય આબરૂભેર ઘર માંડી રહેવા લાગ્યો, અને પોતાના ચિતારાના ધંધામાં વધારે પ્રખ્યાતી મેળવી.

પુષ્પાવતીદેવી પોતાની હમેશની રીત પ્રમાણે મોજમઝામાં દહાડા કાઢેછે. અજબકુમારને આટલી આટલી વિટંબણાઓ પડયા છતાં વિષય-

વાસનાનો કુછંદ છૂટયો નહિ, અને તેમાંને તેમાં બે ધડક રીતે ગમે ત્યાં પગ ઘાલવાને ચૂકતો નહોતો. આખરે એક ઠેકાણે પકડાતાં ફજેતી સાથે બહાર કાઢયો, અને પછી તરતજ આપઘાત કરી પોતાની વિષયી જીંદગીનો અંત લાવવાનો ઉપાય કામે લગાડયો.

પ્રિય વાંચનાર, હવે આપણે કુસુમ-કળાની વાર્તાનો છેડો આણ્યો છે. અને હાલ તો આપણે છૂટા પડીએ છીએ. પણ હવે પછી થોડે વખતે તારા-લક્ષ્મી નામની મનોભેદક-કરૂણારસથી ભરપૂર-અને રસિક વાર્તા, ઇશ્વરકૃપા હશે, તો આપણી મુલાકાત કરાવશે.

સમાપ્ત.

શુદ્ધિપત્રક.

પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૧	૧૯	તેમતા	તેમના
૧૯	૨૫	અ	આ
૨૩	૧૪	બંધ કરીને	કરીને
૨૪	૨	ભ લી	ભરેલી
૨૯	૨૪	મશ લ	મશગુલ
૩૦	૧૦	છનાં	છતાં
૩૬	૮	અજીતરાયની	અજીત-રાયના
૪૩	૨	કેટલીકએક	કેટલીએક
	૬	નાહ	નહિ
૪૫	૧	ઠરાઠેથી	ઠઠેરાથી
૫૧	૨	તરાય આવો,	તરાય, આવો
૬૦	૭	યશોબાઇ	યશોદાબાઇ
૬૩	૧૨	યશોદાભાઇ	યશોદાબાઈ
૬૬	પ્રકરણ ૭ લીટી. ૪	બપોરતું	બપોરનું
૬૮	૧૫	ભાથે	સાથે
૭૦	૨૦	અપમામનો	અપમાનનો
૭૨	૮	પાતે	પોતે
૭૩	૪	તણીએ	તેણીએ
	૨૩	બેન્ને	બેનને
૭૫	૧૨	ફેરતાં	ફેરવતાં
૯૫	૨૬	પિત	પિતા
	૨૭	અ	અરે
૯૬	૮	બતાવ્ય	બતાવ્યાં
૯૯	૨૩	ભલ ભરેલી	ભૂલ ભરેલી
૧૦૩	૧૭	આસ્તાથી	આતુરતાથી
૧૨૮	૨૭	સઘળીજ	સઘળાજ
૧૨૯	૨૬	ગઇ	થઇ
૧૩૫	૭	તમોને	તમને
૧૩૬	૭	સુઘી	સુધી
૧૪૪	૧	પુનલગ્ન	પુનર્લગ્ન
૧૪૬	૯	અવે	અને
૧૫૫	૭	પછી	પાછી
૧૬૨	૫	ત ફ	તરફ
૧૬૫	૩	આવકાદાયક	આવકારદા-યક
૧૬૮	૫	નાખવું	નાખતું
૧૬૯	૧૫	જાણવા ાં	જાણવામાં
૧૭૩	૧૬	બીજા	બીજી
૧૭૬	૨	ના	નાખી
	૨૫	નદુરસ્તી	તનદુરસ્તી
૧૭૮	૨	ાસાધારણ	અસાધારણ
	૪	પસ્તાવા	પસ્તાવો
૧૭૯	૩	ત ફ	તરફ
૧૮૦	૪	ખ ી	ખરી
	૧૯	સમજી શકે	સમજીશ કે
૧૮૬	૧૯	અ ી	અહીં
૧૮૭	૧૭	ણીના	તેણીની
૧૯૦	૧૩	ઇરા ા	ઇરાદો
૧૯૧	૩	તરી	તારી
૧૯૨	૨૦	જાણતાં	જાણીતાં
૨૦૦	૧૩	ત.	તે
૨૦૫	૨૭	આવનાં	આવતાં
૨૦૭	૧૦	પાછે	પાછો
૨૦૯	૧૦	કવચિવજ	કવચિતજ
૨૧૦	૨	ફ્રજે છે	ધ્રૂજે છે
૨૧૬	૨૭	અંતઃકરણમ	અંતઃકરણમાં
૨૨૪	૨૪	ચલાવવી	ચલાવી.

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૨૬	૧૬	દુકાન	દુકાને
૨૨૭	૨૬	તણીએ	તેણીએ
૨૩૬	૬	ઉઠીન	ઉઠીને
૨૩૭	૨	તેણી ।	તેણીને
૨૪૭	૮	અગાલો	આગલો
૨૬૨	૭	દેખાતો	દેખતો
૨૭૮	૧૮	તખત	વખત
૨૭૯	૧૪	પૂર	પૂરી
૨૮૧	૧૭	બંધ	બંધ થઇ
૨૮૯	૨	બાલ્યા	બોલ્યાં
	,,	જા	જો
૩૦૨	૨૭	स्वात्र्यंत	स्वातन्त्र्य
૩૨૪	૪	તેજ	તેજ વખતે
૩૨૮	૪	સ્વ્નું	સ્વપ્નું
	૧૧	સ્ ૂરી	સ્ફૂરી
૩૩૦	૧૦	નો	ળાનો
૩૩૨	૯	ઇન્તેરજાર	ઇન્તેજાર
પૃષ્ઠ		૨૪૭	૩૪૭
૩૪૭	૧૬	જોઇએ	જોઇએ
૩૫૪	૧૩	વારણાવાળી	ધારણાવાળી
૩૬૪	૮	ક વું	કરવું
૩૬૫	૧૭	ચૂ	ચૂપ
૩૭૯	પ્રકરણ ૪૪ ૮	એજે	એજ
૩૮૬	૧૬	પ	પણ
૩૯૬	૨	જતો ન હતો	જતો હતો
૪૦૧	૧૫	અપ	આપ
૪૦૩	૨૦	અદાલતમ	અદાલતમાં
૪૩૨	૨૬	પત્તા	પત્તો
૪૪૦	૧૪	રસુલલખાં	રસુલખાં
૪૪૧	૨૩	પેટ	પેટે
૪૪૪	૧૯	છટી	છૂટી
૪૪૫	૧૦	ચમકારીની	ચમકારાની
૪૫૭	૨૨	કહું છું	કરૂં છું
૪૬૪	૧૫	કયો	કર્યો
૪૬૬	૮	નાટકમાં	નાટકશાળામાં
૪૮૩	પ્રકરણ ૫૬		
	૬	કટા	કંટાળા
૪૯૦	૯	બનો	બન્નો
	૧૦	લની	ફૂલની
	૧૦	બયો	બન્યો
૪૯૧	૨૭	ગ	ભોગ
૫૦૭	૨૦	કૂદકે	કૂદકો
૫૨૦	૧૪	હાથમાં	હાથમાંથી
૫૩૪	૨૭	માર	મારાં
૫૫૯	૨૫	પખે	પળે
૫૬૩	પ્રકરણ ૬૪		
	૭	જાતો	જાતનો
૫૬૭	૨૭	થી	તેથી
૫૭૨	૧	ઠેકાણા ો	ઠેકાણાનો
૫૮૦	૧૪	જોઇચે	જોઇએ
૫૮૪	૮	કે જો	કે જે
૫૯૪	૧૯	સુરેરીચંદ્ર	સુરેશચંદ્ર
૬૧૯	૨૩	થઇ ગતો	થઇ જતો
૬૨૦	૧૮	બાલારૂપી	બલારૂપી
૬૨૧	૧૦	થિલકત	મિલકત
૬૨૩	૨૭	ચાલે	ચાલો,
૬૪૨	૫	છપા	છૂપા
૬૫૨	૨૩	શ્કેરાયેલી	ઉશ્કેરાયેલી
૬૬૮	૨૫	આપી	આવી
૬૭૨	૨૦	રામ્યો છે ?	રમ્યો છે ?
૬૭૫	૧૨	કળ	કળા
૬૮૦	૧૦	દીવાનશાળા	દીવાનાશાળા
૬૮૪	૪	મોટ	મોટા

પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ.
૬૯૯	પ્રકરણ ૮૦		
	૧૫	યશોરાબાઇ	યશોદાબાઇ
૭૦૪	૧૪	આવવાવું	આવવાનું
	૨૫	મગું છું	માગું છું
૭૨૧	૧૭	આ ત	આ તે
૭૩૯	૩	ઓરડમાં	ઓરડામાં
૭૪૫	૨૭	[illegible]	હતો
૭૫૫	૨૬	ઉમર	ઉપર
૭૬૯	૨૨	નેને	તેને
૭૮૬	૧૬	આણુંરાયે	આણુંદરાયે
૮૦૧	૧૫	ઓઘો	ઓળઘો
૮૨૯	૨૬	બન્ને	બન્નેને
૮૩૦	૧૭	આપણા	આપણે

અગાઉથી ગ્રાહક થનારનાં મુબારક નામની ટીપ.

પ્રત.	નામ.	ઠેકાણું.
૧૫	નેકનામદાર શ્રી મહારાજા સાહેબ બહાદુર	ભાવનગર
૧૦	રા. વસનજી પરમાનંદ ચાહેવાળા	મુંબાઇ
૪	ડો. બાલાભાઇ ઉમેદચંદ પટવા ઠે. સારંગપુર તળીઆનીપોળ	અમદાવાદ
૨	મી. ભગુભાઇ ગોવીંદલાલ વકીલ ઠે. ધનાસુતારનીપોળ	અમદાવાદ
૧	રા. લલુભાઇ વલ્લભદાસ ડગલી ઝવેરીવાડા	અમદાવાદ
૧	રા. નર્મદાશંકર પ્રભાશંકર કલાર્ક સેન્ટ્રલ રેકર્ડ ઓફીસ	અમદાવાદ
૧	રા. પ્રભાશંકર શંકરજી સરવેયર ,,	અમદાવાદ
૧	રા. મહાસુખરામ ગીરજાશંકર જોશી કલાર્ક ,,	અમદાવાદ
૧	રા. ગોરધનદાસ શામળદાસ ઇજનેર	નંદરબાર
૧	રા. પરભુદાસ નરોતમદાસ ઠક્કર	નંદરબાર
૧	રા. દામોદર બહેચર	વડોદરા
૧	રા. ભાઇદાસ નાનાલાલ મોદી	મુંબાઇ
૧	રા. ગણુપતરામ કાશીરામ અધ્વર્યું	મુંબાઇ
૧	રા. જેઠાલાલ નાથાલાલ પરીખ	મુંબાઇ
૧	રા. માણેકલાલ મગનલાલ પરીખ	મુંબાઇ
૧	દરબાર શ્રી શિવસિંહજી રાહાભાઇ	પરબડી તા. ધંધુકા
૧	દરબાર શ્રી ભોજરાજજી કેશરીસિંહજી	,,

૧ દરબાર શ્રી જાલમસિંહજી નારસિંહજી પરબડી; તા. ધંધુકા.
૧ દરબાર શ્રી દીપસિંહજી વાઘાભાઇ ,,
૧ દરબાર શ્રી હરીસિંહજી ભીમાભાઇ ,,
૧ દરબાર શ્રી ગનુભા રામસિંહજી ,,
૧ રા. જગજીવનદાસ નારણદાસ પટવારી ,,
૧ રા. દાદામીયાં અચ્છામીયાં તલાટી ,,
૧ રા. રૂપચંદ વીરચંદ માંડવી જીલ્લે સુરત
૧ રા. કીકાભાઇ મોતીરામ ચીખલી જીલ્લે સુરત
૧ રા. ઘેલાભાઇ પ્રેમાનંદદાસ કાપડીઆ ,,
૧ રા. ત્રીભોવનદાસ પ્રાણજીવનદાસ મહેતા ,,
૧ રા. ભગવાનદાસ હરગોવનદાસ પરીખ ,,
૧ જેશંકર કૃષ્ણારામ વ્યાસ માંડવી હા. જમીયતરામ જેશંકર ,,
૧ રા. નરભેરામ ગીરજાશંકર ,,
૧ રા. ઝીણાભાઇ ખંડુભાઇ પે. આ. માસ્તર ,,
૧ રા. વેણીલાલ કાસીદાસ ,,
૧ શેઠ. વ્રીજભુખણદાસ ગોકળદાસ બીન વનમાળીદાસ ,,
૧ રા. જીવણરામ ગોવીંદરામ સ્કૂલમાસ્તર ઘેજ તા. ચીખલી
૧ રા. માણેકલાલ ગોકળદાસ વલસાડ
૧ રા. ગીરધરલાલ મોતીરામ ,,
૧ રા. ચુનીલાલ ગોકળદાસ ગાંધી ,,
૧ રા. નગીનદાસ ગોરધનદાસ ,,
૧ રા. બ્રીજમોહનદાસ નરસીદાસ ,,
૧ મે. દુલેરાય ગીરધરલાલ મહેતા
રીટાયર્ડ ડે-આ-પોલી-એજન્ટ સાહેબ. અમદાવાદ
૧ રા. ચંદુલાલ બાપાલાલ બી. એ. ,,
૧ રા. મફતલાલ નાનાલાલ ,,
૧ રા. મગનલાલ નરભેરામ રીટાયર્ડ સબરજીસ્ટ્રાર
અને ઓનરરી મેજીસ્ટ્રેટ મહુધા
૧ શા. નરોતમદાસ નથુભાઇ દીસી
૧ શા. કેશવલાલ ભાઇચંદ ,,
૧ પા. નગીનદાસ કેશવલાલ ,,

સારાં અને ઉપયોગી લોકપ્રિય પુસ્તકો.

પ્રાણાયામ.

પ્રાણાયામ સંબંધી સંપૂર્ણ માહિતી આપનાર સર્વોત્તમ પુસ્તક. તેમાં પ્રાણાયામ કોણ કરી શકે છે, પ્રાણાયામથી જીવનની વૃદ્ધિ શી રીતે થઇ શકે છે, પ્રાણાયામનું સ્વરૂપ, પ્રાણાયામ કેવી રીતે કરવો વિગેરે બીજી સેંકડો ઉપયોગી બાબતનો સમાવેશ કરવામાં આવ્યો છે. અઢીસેં પૃષ્ટના સચિત્ર પુસ્તકની કિંમત માત્ર આઠ આના. થોડીજ નકલો બાકી છે.

ગૃહસ્થાશ્રમ.

ગૃહસ્થાશ્રમ સંબંધી દરેક બાબતોને ચર્ચનાર, સ્ત્રીપુરૂપ, બાળક વગેરે સર્વના હાથમાં મૂકવા લાયક તદન નવીન પુસ્તક. સંસારને સુધારવા આ પુસ્તક અવશ્ય વાંચવું જોઇએ, તમે તેની એકજ પ્રત ખરીદશો તો પણ તમે પ્રસન્ન થશો. પૃષ્ટ ૪૦૦, પુંઠું પાકું, સચિત્ર ગ્રંથ, મૂલ્ય રૂા. ૧–૪–૦. તાકીદે મંગાવો.

આરોગ્ય.

આરોગ્ય સંબંધી છેલ્લામાં છેલ્લી શોધ મુજબ તૈયાર કરેલું સચિત્ર પુસ્તક. આ પુસ્તકમાં આરોગ્ય રહેવાના કુદરતી ઉપાયો, સરળ કસરતો, દરેક રોગની ચિકિત્સા તે મટાડવાના કુદરતી, વૈદ્યકીય અને બાયોકેમીસ્ટ શાસ્ત્રના આધારે લખેલા સર્વોતમ ઉપાયો વનસ્પતિના ગુણદોષ, ઘરગતુ દવાઓ વગેરે સેંકડો ઉપયોગી બાબતો સમાવી છે. મૂલ્ય ફક્ત દશ આના.

સંસાર દર્પણ.

સંસારનું આબેહુબ ચિત્ર દર્શાવનારી વિદ્વાનો સુધારકો સર્વએ વાંચવા વિચારવા યોગ્ય નવલકથા. આ પુસ્તક વડોદરા રાજ્યના કેળવણીખાતામાં મંજુર થયું છે. સ્વ. બાબુ રમેશચંદ્રદત્તની સુપ્રસિદ્ધ નવલકથા. સમાજનો અનુવાદ સર્વ અનુવાદોમાં ઉત્તમ. મૂલ્ય રૂા. એક. પાકુ પુંઠું. ઉંચા કાગળ સારી છપાઇ.